जैन साईट

JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

**JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA**
**JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY**

And Many More Books in Gujarati, Hindi & English

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

नमो नमो निम्मल दंसणस्स

# આગમદીપ

## ૪૫ આગમ ગુર્જર છાયાઃ-

ज्योतिषाचार्य
मुनिराज श्री जयप्रभविजयजी 'श्रमण'
श्री मोहनखेडा तीर्थ
पोस्ट : राजगढ़ (धार) पिन : 454116 (म.प्र.)



जैन साईट
JAINSITE.com

આગમ :- ૬ થી ૧૩

નાયાધમ્મકહાઓ, ઉવાસગદસાઓ, અંતગડદસાઓ અનુત્તરોવવાઈયં-
દસાઓ, પણ્હાવાગરણં, વિવાગસૂયં, ઉવવાઈયં, રાયપ્પસેણિયં

-: ગુર્જર છાયા કર્તા :-

## મુનિ દીપરત્ન-સાગર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मल दंसणस्स　　　　　　　　ह्रीँ पद्मावती देव्यै नमः

શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમ-દીપ

વિભાગ ત્રીજો આગમ-૬ થી ૧૩ - ગુર્જરછાયા

## નાયાધમ્મ કહાઓ-ઉવાસગદસાઓ-અંતગડ દસાઓ-અનુત્તરોવવાઈયદસાઓ--પણ્હાવાગરણં -વિવાગસૂયં-ઉવવાઈયં-રાયપ્પસેણીયં

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

-: ગુર્જર છાયા કર્તા :-

**મુનિ દીપરત્નસાગર**

તા. ૩૧/૩/૯૭ સોમવાર ૨૦૫૩ ફા. વ. ૭

૪૫ આગમ - ગુર્જર છાયાનું મૂલ્ય રૂ. ૨૦૦૦/-

**આગમ દીપ પ્રકાશન**



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ॐ ह्रीँ अर्हं श्री पार्श्वनाथाय नमः
ॐ नमो अभिनव नाणस्स

(મુદ્રક)
**નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ**
ઘીકાંટા રોડ, અમદાવાદ

(કમ્પોઝ)
**શ્રી ગ્રાફિક્સ** ૨૧, સુભાષનગર, ગિરધરનગર, શાહિબાગ, અમદાવાદ.

-: આ આગમદીપ-સંપુટના મુખ્ય દ્રવ્ય સહાયક :-

**પ્રશાંતમૂર્તિ સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજીના તપસ્વી શિષ્યા**
**સાધ્વીશ્રી સમજ્ઞાશ્રીજીના ભદ્રતપ નિમિત્તે**
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, જૈન સંઘ તુલસી શ્યામ,**
**નવા વાડજ, અમદાવાદ.**

જૈનમ્ જયતિ શાસનમ્

## ★ ૪૫ આગમદીપ-ગુર્જર છાયા - પ્રાપ્તિ સ્થાન ★

| | |
|---|---|
| શ્રી ડી.કે. ઠક્કર<br>૧૬, અલકાનગર, પ્રિયલક્ષ્મી મિલ્સ પાસે<br>એલેમ્બિક રોડ, વડોદરા. | શ્રી જગદીશભાઈ એમ. શાહ<br>૧, અલકનંદા સોસાયટી, આઝાદ સ્વીટ<br>સામે, આશ્રમરોડ, વાડજ, અમદાવાદ. |
| શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ<br>૨૦, ગૌતમનગર સોસાયટી,<br>રેસકોર્સ સર્કલ પાસે, વડોદરા | ડૉ. પિનાકીન એન. શાહ<br>૨૧, સુભાષનગર, ગિરધરનગર,<br>શાહીબાગ, અમદાવાદ. |

**નોંધ :-** ૪૫ આગમ - "ગુર્જર છાયા" માટે આગમ દીપ પ્રકાશન અમદાવાદનો રૂા. ૨૦૦૦/-ની કિંમતનો ડ્રાફ્ટ આપીને જ સેટ મેળવી શકાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આગમદીપ - વિભાગ-૩ - અનુક્રમ

## ૬ નાયાધમ્મકહાઓ - છટ્ઠું અંગસૂત્ર - ગુર્જરછાયા

### 卐 શ્રુતસ્કંધ-૧ 卐


| ક્રમ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | ઉત્ક્ષિપ્ત | ૧-૪૧ | ૧-૪૭ |
| ૨ | સંઘાટ | ૪૨-૫૪ | ૪૭-૫૫ |
| ૩ | અંડક | ૫૫-૬૧ | ૫૫-૫૯ |
| ૪ | કર્મ | ૬૨- | ૫૯-૬૧ |
| ૫ | શૈલક | ૬૩-૭૩ | ૬૧-૭૨ |
| ૬ | તુંબક | ૭૪- | ૭૨-૭૩ |
| ૭ | રોહિણી | ૭૫- | ૭૩-૭૭ |
| ૮ | મલ્લી | ૭૬-૧૦૯ | ૭૭-૧૦૧ |
| ૯ | માકંદી | ૧૧૦-૧૪૦ | ૧૦૧-૧૧૦ |
| ૧૦ | ચંદ્ર | ૧૪૧- | ૧૧૦-૧૧૧ |
| ૧૧ | દાવદવ | ૧૪૨- | ૧૧૧-૧૧૨ |
| ૧૨ | ઉદક | ૧૪૩-૧૪૪ | ૧૧૨-૧૧૬ |
| ૧૩ | દર્દુર | ૧૪૫-૧૪૭ | ૧૧૬-૧૨૧ |
| ૧૪ | તેતલીપુત્ર | ૧૪૮-૧૫૬ | ૧૨૧-૧૨૯ |
| ૧૫ | નંદીફલ | ૧૫૭- | ૧૨૯-૧૩૧ |
| ૧૬ | અમરકંકા | ૧૫૮-૧૮૩ | ૧૩૧-૧૫૯ |
| ૧૭ | અશ્વજ્ઞાત | ૧૮૪-૨૦૭ | ૧૫૯-૧૬૩ |
| ૧૮ | સુંસુમા | ૨૦૮-૨૧૨ | ૧૬૩-૧૬૮ |
| ૧૯ | પુંડરીક | ૨૧૩-૨૧૯ | ૧૬૮-૧૭૨ |


### 卐 શ્રુતસ્કંધ-૨ 卐


| વર્ગ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | ૫ | ૨૨૦-૨૨૪ | ૧૭૨-૧૭૬ |
| ૨ | ૫ | ૨૨૫- | ૧૭૬- |


JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| વર્ગ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૩ | ૫૪ | ૨૨૬- | ૧૭૬- |
| ૪ | ૫૪ | ૨૨૭- | ૧૭૭- |
| ૫ | ૩૨ | ૨૨૮-૨૩૩ | ૧૭૭- |
| ૬ | ૩૨ | ૨૩૪- | ૧૭૭-૧૭૮ |
| ૭ | ૪ | ૨૩૫- | ૧૭૮- |
| ૮ | ૪ | ૨૩૬- | ૧૭૮- |
| ૯ | ૩૭ | ૨૩૭- | ૧૭૮-૧૭૯ |
| ૧૦ | ૮ | ૨૩૮-૨૪૧ | ૧૭૯- |


## ૭ ઉવાસગ દસાઓ - સાતમું અંગસૂત્ર - ગુર્જરછાયા


| ક્રમ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | આનંદ | ૧-૧૯ | ૧૮૦-૧૮૮ |
| ૨ | કામદેવ | ૨૦-૨૮ | ૧૮૮-૧૯૩ |
| ૩ | ચુલની પિતા | ૨૯-૩૧ | ૧૯૩-૧૯૫ |
| ૪ | સુરાદેવ | ૩૨-૩૩ | ૧૯૫-૧૯૬ |
| ૫ | ચુલ્લ શતક | ૩૪-૩૬ | ૧૯૬-૧૯૭ |
| ૬ | કુંડલોલિક | ૩૭-૪૦ | ૧૯૭-૧૯૯ |
| ૭ | સદ્દાલપુત્ર | ૪૧-૪૭ | ૧૯૯-૨૦૫ |
| ૮ | મહાશતક | ૪૮-૫૬ | ૨૦૫-૨૦૮ |
| ૯ | નંદીની પિતા | ૫૭- | ૨૦૮-૨૦૯ |
| ૧૦ | લેઈયા પિતા | ૫૮-૭૩ | ૨૦૯-૨૧૧ |


## ૮ અંતગડ દસાઓ - આઠમું અંગસૂત્ર - ગુર્જરછાયા


| ક્રમ | વર્ગ | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | પહેલો | ૧-૬ | ૨૧૨-૨૧૩ |
| ૨ | બીજો | ૭-૯ | ૨૧૪- |
| ૩ | ત્રીજો | ૧૦-૧૪ | ૨૧૪-૨૨૩ |
| ૪ | ચોથો | ૧૫-૧૭ | ૨૨૪- |


JAINSITE.com जैन साईट जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ક્રમ | વર્ગ | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૫ | પાંચમો | ૧૮-૨૨ | ૨૨૫-૨૨૭ |
| ૬ | છઠ્ઠો | ૨૩-૪૦ | ૨૨૭-૨૩૪ |
| ૭ | સાતમો | ૪૧-૪૫ | ૨૩૫- |
| ૮ | આઠમો | ૪૬-૬૨ | ૨૩૫-૨૪૧ |



## ૯ અનુત્તરોવવાઇય દસાઓ - નવમું અંગસૂત્ર - ગુર્જરછાયા



| ક્રમ | વર્ગ | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | પહેલો | ૧-૨ | ૨૪૨-૨૪૩ |
| ૨ | બીજો | ૩-૬ | ૨૪૩- |
| ૩ | ત્રીજો | ૭-૧૩ | ૨૪૪-૨૪૯ |



## ૧૦ પણ્હાવાગરણં - દસમું અંગસૂત્ર - ગુર્જરછાયા



| ક્રમ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | પહેલું આશ્રવદ્વાર-હિંસા | ૧-૮ | ૨૫૦-૨૫૭ |
| ૨ | બીજું આશ્રવદ્વાર-મૃષા | ૯-૧૨ | ૨૫૭-૨૬૧ |
| ૩ | ત્રીજું આશ્રવદ્વાર-અદત્તાદાન | ૧૩-૧૬ | ૨૬૧-૨૬૮ |
| ૪ | ચોથું આશ્રવદ્વાર-અબ્રહ્મચર્ય | ૧૭-૨૦ | ૨૬૮-૨૭૫ |
| ૫ | પાંચમું આશ્રવદ્વાર-પરીગ્રહ | ૨૧-૨૯ | ૨૭૫-૨૭૭ |
| ૬ | પહેલું સંવરદ્વાર-અહિંસા | ૩૦-૩૫ | ૨૭૭-૨૮૦ |
| ૭ | બીજું સંવરદ્વાર-સત્ય | ૩૬-૩૭ | ૨૮૦-૨૮૨ |
| ૮ | ત્રીજું સંવરદ્વાર-અચૌર્ય | ૩૮- | ૨૮૩-૨૮૫ |
| ૯ | ચોથું સંવરદ્વાર-બ્રહ્મચર્ય | ૩૯-૪૩ | ૨૮૫-૨૮૭ |
| ૧૦ | પાંચમું સંવરદ્વાર-અપરીગ્રહ | ૪૪-૪૭ | ૨૮૭-૨૯૧ |



## ૧૧ વિવાગસૂયં - અગીયારમું અંગસૂત્ર - ગુર્જરછાયા

###卐 શ્રુતસ્કંધ-૧ 卐



| ક્રમ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | મૃગાપુત્ર | ૧-૧૦ | ૨૯૨-૨૯૮ |
| ૨ | ઉજ્ઝિતક | ૧૧-૧૭ | ૨૯૮-૩૦૩ |
| ૩ | અભગ્નસેન | ૧૮-૨૩ | ૩૦૩-૩૦૯ |



જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ક્રમ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૪ | સગડ | ૨૪-૨૬ | ૩૦૯-૩૧૨ |
| ૫ | બૃહસ્પતિદત્ત | ૨૭-૨૮ | ૩૧૨-૩૧૪ |
| ૬ | નંદીવર્દ્ધન | ૨૯-૩૦ | ૩૧૪-૩૧૬ |
| ૭ | ઊંબરદત્ત | ૩૧- | ૩૧૭-૩૨૦ |
| ૮ | શૌર્યદત્ત | ૩૨- | ૩૨૧-૩૨૩ |
| ૯ | દેવદત્તા | ૩૩- | ૩૨૩-૩૨૮ |
| ૧૦ | જંબૂ | ૩૪- | ૩૨૮-૨૩૯ |


卐 શ્રુતસ્કંધ-૨ 卐


| ક્રમ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | સુહાબુ | ૩૫-૩૭ | ૩૨૯-૩૩૩ |
| ૨ | ભદ્રનંદી | ૩૮- | ૩૩૩- |
| ૩ | સુજાત | ૩૯- | ૩૩૩-૩૩૪ |
| ૪ | સુવાસવ | ૪૦- | ૩૩૪- |
| ૫ | જિનદાસ | ૪૧- | ૩૩૪- |
| ૬ | વૈશ્રમણ | ૪૨- | ૩૩૪-૩૩૫ |
| ૭ | મહાબલ | ૪૩- | ૩૩૫- |
| ૮ | ભદ્રનંદી | ૪૪- | ૩૩૫- |
| ૯ | મહચ્ચંદ | ૪૫- | ૩૩૫- |
| ૧૦ | વરદત્ત | ૪૬-૪૭ | ૩૩૬- |


## (૧૨) ઉવવાઇયં - પહેલું ઉપાંગસૂત્ર - ગુર્જરછાયા


| ક્રમ | અધ્યયન | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | સમવસરણ | ૧-૪૩ | ૩૩૭-૩૬૨ |
| ૨ | ઉપપાત | ૪૪-૭૭ | ૩૬૩-૩૭૭ |


## (૧૩) રાયપ્પસેણીયં - બીજું ઉપાંગસૂત્ર - ગુર્જરછાયા


| ક્રમ | વર્ગ | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | સૂર્યાભદેવ-વિવરણ | ૧-૪૭ | ૩૭૮-૪૦૯ |
| ૨ | પ્રદેશીરાજા-વિવરણ | ૪૮-૮૫ | ૪૦૯-૪૩૦ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આર્થિક અનુદાતા

## આગમ-દીપ-સંપુટના મુખ્ય દ્રવ્યસહાયકો

| | |
|---|---|
| ભાગ - ૧ | સમ્યગ્ શ્રુતાનુરાગી શ્રમણોપાસિકા<br>શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ - પરિવાર, વડોદરા |
| ભાગ - ૨ | રત્નત્રયારાધકા સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજીની પ્રેરણાથી પૂ. ગુરુમાતા રત્નત્રયાશ્રીજી મ.સા.ની તૃતીય પુન્યતિથિ નિમિત્તે<br>(૧) શાંતાબેન મનસુખલાલ બાબરીયા, અમદાવાદ<br>(૨) શાંતાબેન શાંતિલાલ પી. દામાણી, મુંબઈ<br>(૩) મંજુલાબેન ગુણવંતલાલ વોરા. હ.નીતીનભાઈ, અમદાવાદ |
| ભાગ - ૩ | સ્વનામધન્યા સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજીના શિષ્યા તપસ્વીરત્ના સાધ્વી શ્રી.સમજ્ઞાશ્રીજીના ભદ્રતપનિમિત્તે તથા સંવત ૨૦૫૨ના ચાતુર્માસની સ્મૃતિમાં શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથ જૈનસંઘ, તુલશીશ્યામ, નવાવાડજ અમદાવાદ. |
| ભાગ - ૪ | (૧) શ્રી ખાનપુર જૈન શ્વે. મૂ. સંઘ, અમદાવાદ<br>(૨) શ્રી ગગન વિહાર શ્વે. મૂ.જૈન.દે. ટ્રસ્ટ, અમદાવાદ |
| ભાગ - ૫ | શ્રી ભીડભંજન પાર્શ્વનાથ શ્વે.મૂર્તિ. સંઘ, પારૂલનગર શોલારોડ, અમદાવાદ |
| ભાગ - ૬ તથા ભાગ - ૭ | સમ્યગ્ શ્રુતાનુરાગી શ્રમણોપાસિકા<br>શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ. પરિવાર, વડોદરા |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કોઈ એક આગમના મુખ્ય દ્રવ્ય સહાયક

| | |
|---|---|
| (૧) આયારો<br>(૨) સૂયગડો | વ્યાખ્યાન વાચસ્પતિ **પ.પૂ.આ. દેવશ્રી મહાયશ સાગરસૂરીશ્વરજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે.મૂર્તિ. સંઘ. ગોદાવરીનગર, વાસણા, અમદાવાદ |
| (૧) ઠાણં<br>(૨) સમવાઓ | ક્રિયાનુરાગી **સા.શ્રી રત્નત્રયાશ્રીજી મ.**ની તૃતીય પુન્યતિથિ નિમિત્તે તેમના શિષ્યરત્ના તપસ્વીની **સા.શ્રી મોક્ષરત્ના શ્રીજી** ની પ્રેરણાથી **શાહ ખીમચંદ છગનલાલ** પરિવાર-ખેરવાવાળા હસ્તે **મંજુલાબેન**. |
| (૧) જંબુદ્દીવપન્નત્તિ<br>(૨) સૂરપન્નત્તિ | અ.સૌ. **સુમિત્રાબેન હસમુખભાઈ સંઘવી**, ઈન્દ્રોડાવાળા. |
| (૧) નિસીહ<br>(૨) મહાનિસીહ | **ચંદુબેન કેશવલાલ હરગોવનદાસ વારૈયા** પરિવાર-કોરડાવાળા. |
| (૧) નાયાધમ્મકહા :- | મૃદુભાષી **સાધ્વી શ્રી સૌમ્યગુણાશ્રીજી**ની પ્રેરણાથી ડૉ. **પ્રદીપકુમાર રસિકલાલ કામદાર** હસ્તે **પ્રજ્ઞાબેન પ્રદીપકુમાર કામદાર**, કલકત્તા |
| (૧) પણ્હાવાગરણં :- | **સ્વ.પૂ.આગમોદ્ધારકશ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તી **સ્વ. પૂ. પદ્મલતાશ્રીજી** તથા **સ્વ. પૂ. મયણાશ્રી** ની સ્મૃતિ નિમિત્તે શતાવધાની **સા.શ્રી અમિતગુણાશ્રીજી**ની પ્રેરણાથી શેઠ **શ્રી ઘેલાભાઈ કરમચંદ** ટ્રસ્ટ, પાર્લા વેસ્ટ, મુંબઈ |
| (૧) વિવાગસૂયં :- | કાર્યદક્ષા સા. પૂ. **મલયાશ્રીજી** મ.ના પ્રશિષ્યા, **સા. ભવ્યાનંદશ્રીજી**ના શિ. મીલનસાર. **સા.પૂર્ણપ્રજ્ઞાશ્રીજી** તથા કોકીલકંઠી **સા.કૈરવપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી- મેહૂલજૈન ઉપાશ્રય. જ્ઞાનખાતું |

**શેષ રકમ આગમ સુત્તાણિ ના સેટના બદલામાં મળી છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## -: અ-મા-રા - પ્ર-કા-શનો :-

[१] अभिनव हेम लघुप्रक्रिया - १ - सप्ताङ्ग विवरणम्

[२] अभिनव हेम लघुप्रक्रिया - २ - सप्ताङ्ग विवरणम्

[३] अभिनव हेम लघुप्रक्रिया - ३ - सप्ताङ्ग विवरणम्

[४] अभिनव हेम लघुप्रक्रिया - ४ - सप्ताङ्ग विवरणम्

[५] कृदन्तमाला

[६] चैत्यवन्दन पर्वमाला

[७] चैत्यवन्दन सङ्ग्रह - तीर्थजिनविशेष

[८] चैत्यवन्दन चोविशी

[९] शत्रुञ्जय भक्ति आवृत्ति-दो

[१०] अभिनव जैन पञ्चाङ्ग - २०४६

[૧૧] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૧. શ્રાવક કર્તવ્ય - ૧ થી ૧૧

[૧૨] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૨. શ્રાવક કર્તવ્ય - ૧૨ થી ૧૫

[૧૩] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૩. શ્રાવક કર્તવ્ય - ૧૬ થી ૩૬

[૧૪] નવપદ - શ્રીપાલ (શાશ્વતી ઓળીના વ્યાખ્યાન રૂપે)

[૧૫] સમાધિ મરણ [વિધિ - સૂત્ર - પદ્ય - આરાધના - મરણભેદ સંગ્રહ]

[૧૬] ચૈત્યવંદન માળા [૭૭૯ ચૈત્યવંદનોનો સંગ્રહ]

[૧૭] તત્ત્વાર્થ સૂત્ર પ્રબોધટીકા [અધ્યાય-૧]

[૧૮] તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો

[૧૯] સિદ્ધાચલનો સાથી [આવૃત્તિ - બે]

[૨૦] ચૈત્ય પરિપાટી

[૨૧] અમદાવાદ જિનમંદિર ઉપાશ્રય આદિ ડિરેક્ટરી

[૨૨] શત્રુંજય ભક્તિ [આવૃત્તિ - બે]

[૨૩] શ્રી નવકારમંત્ર નવલાખ જાપ નોંધપોથી

[૨૪] શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી

[૨૫] શ્રી બારવ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો - [આવૃત્તિ - ચાર]

[૨૬] અભિનવ જૈન પંચાંગ - ૨૦૪૨ [સર્વપ્રથમ ૧૩ વિભાગોમાં]

[૨૭] શ્રી જ્ઞાનપદ પૂજા

[૨૮] અંતિમ આરાધના તથા સાધુ સાધ્વી કાળધર્મ વિધિ

[૨૯] શ્રાવક અંતિમ આરાધના [આવૃત્તિ ત્રણ]

[૩૦] વીતરાગ સ્તુતિ સંચય [૧૧૫૧ ભાવવાહી સ્તુતિઓ]

[૩૧] (પૂજ્ય આગમોદ્ધારક શ્રી ના સમુદાયના) કાયમી સંપર્ક સ્થળો

[૩૨] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૧

[૩૩] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૨

[૩૪] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૩

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૩૫] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૪
[૩૬] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૫
[૩૭] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૬
[૩૮] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૭
[૩૯] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૮
[૪૦] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૯
[૪૧] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૧૦

o———×———o———×———o

| | | | |
|---|---|---|---|
| [४२] | आयारो | [आगमसुत्ताणि-१ ] | पढमं अंगसुत्तं |
| [४३] | सूयगडो | [आगमसुत्ताणि-२ ] | बीअं अंगसुत्तं |
| [४४] | ठाणं | [आगमसुत्ताणि-३ ] | तइयं अंगसुत्तं |
| [४५] | समवाओ | [आगमसुत्ताणि-४ ] | चउत्थं अंगसुत्तं |
| [४६] | विवाहपन्नति | [आगमसुत्ताणि-५ ] | पंचमं अंगसुत्तं |
| [४७] | नायाधम्मकहाओ | [आगमसुत्ताणि-६ ] | छट्ठं अंगसुत्तं |
| [४८] | उवासगदसाओ | [आगमसुत्ताणि-७ ] | सत्तमं अंगसुत्तं |
| [४९] | अंतगडदसाओ | [आगमसुत्ताणि-८ ] | अट्ठमं अंगसुत्तं |
| [५०] | अनुत्तरोववाइयदसाओ | [आगमसुत्ताणि-९ ] | नवमं अंगसुत्तं |
| [५१] | पण्हावागरणं | [आगमसुत्ताणि-१० ] | दसमं अंगसुत्तं |
| [५२] | विवागसूयं | [आगमसुत्ताणि-११ ] | एक्कारसमं अंगसुत्तं |
| [५३] | उववाइयं | [आगमसुत्ताणि-१२ ] | पढमं उवंगसुत्तं |
| [५४] | रायप्पसेणियं | [आगमसुत्ताणि-१३ ] | बीअं उवंगसुत्तं |
| [५५] | जीवाजीवाभिगमं | [आगमसुत्ताणि-१४ ] | तइयं उवंगसुत्तं |
| [५६] | पन्नवणासुत्तं | [आगमसुत्ताणि-१५ ] | चउत्थं उवंगसुत्तं |
| [५७] | सूरपन्नति | [आगमसुत्ताणि-१६ ] | पंचमं उवंगसुत्तं |
| [५८] | चंदपन्नत्ति | [आगमसुत्ताणि-१७ ] | छट्ठं उवंगसुत्तं |
| [५९] | जंबूद्दीवपन्नति | [आगमसुत्ताणि-१८ ] | सातमं उवंगसुत्तं |
| [६०] | निरयावलियाणं | [आगमसुत्ताणि-१९ ] | अट्ठमं उवंगसुत्तं |
| [६१] | कप्पवडिंसियाणं | [आगमसुत्ताणि-२० ] | नवमं उवंगसुत्तं |
| [६२] | पुप्फियाणं | [आगमसुत्ताणि-२१ ] | दसमं उवंगसुत्तं |
| [६३] | पुप्फचूलियाणं | [आगमसुत्ताणि-२२ ] | एक्कारसमं उवंगसुत्तं |
| [६४] | वण्हिदसाणं | [आगमसुत्ताणि-२३ ] | बारसमं उवंगसुत्तं |
| [६५] | चउसरणं | [आगमसुत्ताणि-२४ ] | पढमं पईण्णगं |
| [६६] | आउरपच्चक्खाणं | [आगमसुत्ताणि-२५ ] | बीअं पईण्णगं |
| [६७] | महापच्चक्खाणं | [आगमसुत्ताणि-२६ ] | तीइयं पईण्णगं |
| [६८] | भत्तपरिण्णा | [आगमसुत्ताणि-२७ ] | चउत्थं पईण्णगं |
| [६९] | तंदुलवेयालियं | [आगमसुत्ताणि-२८ ] | पंचमं पईण्णगं |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| [७०] | संथारगं | [आगमसुत्ताणि-२९ ] | छट्ठं पईण्णगं |
| [७१] | गच्छायार | [आगमसुत्ताणि-३० ] | सत्तमं पईण्णगं-१ |
| [७२] | चंदावेज्झयं | [आगमसुत्ताणि-३० ] | सत्तमं पईण्णगं-२ |
| [७३] | गणिविज्जा | [आगमसुत्ताणि-३१ ] | अट्ठमं पईण्णगं |
| [७४] | देविंदत्थओ | [आगमसुत्ताणि-३२ ] | नवमं पईण्णगं |
| [७५] | मरणसमाहि | [आगमसुत्ताणि-३३ ] | दसमं पईण्णगं-१ |
| [७६] | वीरत्थव | [आगमसुत्ताणि-३३ ] | दसमं पईण्णगं-२ |
| [७७] | निसीह | [आगमसुत्ताणि-३४ ] | पढमं छेयसुत्तं |
| [७८] | बुहत्कप्पो | [आगमसुत्ताणि-३५ ] | बीअं छेयसुत्तं |
| [७९] | ववहार | [आगमसुत्ताणि-३६ ] | तइयं छेयसुत्तं |
| [८०] | दसासुयक्खंधं | [आगमसुत्ताणि-३७ ] | चउत्थं छेयसुत्तं |
| [८१] | जीयकप्पो | [आगमसुत्ताणि-३८ ] | पंचमं छेयसुत्तं-१ |
| [८२] | पंचकप्पभास | [आगमसुत्ताणि-३८ ] | पंचमं छेयसुत्तं-२ |
| [८३] | महानिसीहं | [आगमसुत्ताणि-३९ ] | छट्ठं छेयसुत्तं |
| [८४] | आवसस्सयं | [आगमसुत्ताणि-४० ] | पढमं मूलसुत्तं |
| [८५] | ओहनिज्जुत्ति | [आगमसुत्ताणि-४१ ] | बीअं मूलसुत्तं-१ |
| [८६] | पिंडनिज्जुत्ति | [आगमसुत्ताणि-४१ ] | बीअं मूलसुत्तं-२ |
| [८७] | दसवेयालियं | [आगमसुत्ताणि-४२ ] | तइयं मुलसुत्तं |
| [८८] | उतरज्झयणं | [आगमसुत्ताणि-४३ ] | चउत्थं मूलसुत्तं |
| [८९] | नंदीसूयं | [आगमसुत्ताणि-४४ ] | पढमा चूलिया |
| [९०] | अणुओगदारं | [आगमसुत्ताणि-४५ ] | बितिया चूलिया |

o———×———o———×———o

| | | | | |
|---|---|---|---|---|
| [૯૧] | આયારો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧ ] | પહેલું અંગસૂત્ર |
| [૯૨] | સૂયગડો - | ગુર્જર છાયા | [ આગમદીપ-૨ ] | બીજું અંગસૂત્ર |
| [૯૩] | ઠાણં - | ગુર્જર છાયા | [ આગમદીપ-૩ ] | ત્રીજું અંગસૂત્ર |
| [૯૪] | સમવાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪ ] | ચોથું અંગસૂત્ર |
| [૯૫] | વિવાહપન્નત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૫ ] | પાંચમું અંગસૂત્ર |
| [૯૬] | નાયાધમ્મકહાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૬ ] | છઠ્ઠું અંગસૂત્ર |
| [૯૭] | ઉવાસગદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૭ ] | સાતમું અંગસૂત્ર |
| [૯૮] | અંતગડદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૮ ] | આઠમું અંગસૂત્ર |
| [૯૯] | અનુત્તરોવવાઈયદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૯ ] | નવમું અંગસૂત્ર |
| [૧૦૦] | પણ્હાવાગરણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૦ ] | દશમું અંગસૂત્ર |
| [૧૦૧] | વિવાગસૂયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૧ ] | અગિયારમું અંગસૂત્ર |
| [૧૦૨] | ઉવવાઈયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૨ ] | પહેલું ઉપાંગસૂત્ર |
| [૧૦૩] | રાયપ્પસેણિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૩ ] | બીજું ઉપાંગસૂત્ર |
| [૧૦૪] | જીવાજીવાભિગમં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૪ ] | ત્રીજું ઉપાંગસૂત્ર |

Jain Site जैन साईट जैनाणि, प्रति शास्त्रम्

| | | | |
|---|---|---|---|
| [૧૦૫] પન્નવણા સુત્તં- | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૫ ] | ચોથું ઉપાંગસૂત્ર |
| [૧૦૬] સૂરપન્નત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૬ ] | પાંચમું ઉપાંગસૂત્ર |
| [૧૦૭] ચંદપન્નતિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૭ ] | છઠ્ઠું ઉપાંગસૂત્ર |
| [૧૦૮] જંબુદ્દીવપન્નતિ- | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૮ ] | સાતમું ઉપાંગસૂત્ર |
| [૧૦૯] નિરયાવલિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૯ ] | આઠમું ઉપાગંસૂત્ર |
| [૧૧૦] કપ્પવડિંસિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૦ ] | નવમું ઉપાગંસૂત્ર |
| [૧૧૧] પુપ્ફિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૧ ] | દશમું ઉપાંગસૂત્ર |
| [૧૧૨] પુપ્ફચૂલિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૨ ] | અગિયારમું ઉપાંગસૂત્ર |
| [૧૧૩] વણ્હિદસાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૩ ] | બારમું ઉપાંગસૂત્ર |
| [૧૧૪] ચઉસરણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૪ ] | પહેલો પયન્નો |
| [૧૧૫] આઉરપચ્ચક્ખાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૫ ] | બીજો પયન્નો |
| [૧૧૬] મહાપચ્ચક્ખાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૬ ] | ત્રીજો પયન્નો |
| [૧૧૭] ભત્તપરિણ્ણા - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૭ ] | ચોથો પયન્નો |
| [૧૧૮] તંદુલવેયાલિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૮ ] | પાંચમો પયન્નો |
| [૧૧૯] સંથારગં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૯ ] | છઠ્ઠો પયન્નો |
| [૧૨૦] ગચ્છાયાર - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૦ ] | સાતમો પયન્નો-૧ |
| [૧૨૧] ચંદાવેજ્ઝયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૦ ] | સાતમો પયન્નો-૨ |
| [૧૨૨] ગણિવિજ્જા - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૧ ] | આઠમો પયન્નો |
| [૧૨૩] દેવિંદત્થઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૨ ] | નવમો પયન્નો |
| [૧૨૪] વીરત્થવ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૩ ] | દશમો પયન્નો |
| [૧૨૫] નિસીહં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૪ ] | પહેલું છેદસૂત્ર |
| [૧૨૬] બુહતકપ્પો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૫ ] | બીજું છેદસૂત્ર |
| [૧૨૭] વવહાર - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૬ ] | ત્રીજું છેદસૂત્ર |
| [૧૨૮] દસાસુયક્ખંધં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૭ ] | ચોથું છેદસૂત્ર |
| [૧૨૯] જીયકપ્પો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૮ ] | પાંચમું છેદસૂત્ર |
| [૧૩૦] મહાનિસીહં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૯ ] | છઠ્ઠું છેદસૂત્ર |
| [૧૩૧] આવસ્સયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૦ ] | પહેલું મૂલસુત્ર |
| [૧૩૨] ઓહનિજ્જુત્તિ- | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૧ ] | બીજું મૂલસુત્ર-૧ |
| [૧૩૩] પિંડનિજ્જુત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૧ ] | બીજું મૂલસુત્ર-૨ |
| [૧૩૪] દસવેયાલિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૨ ] | ત્રીજું મૂલસુત્ર |
| [૧૩૫] ઉત્તરજ્ઝયણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૩ ] | ચોથું મૂલસુત્ર |
| [૧૩૬] નંદીસુત્તં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૪ ] | પહેલી ચૂલિકા |
| [૧૩૭] અનુયોગદ્દારાઇં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૫ ] | બીજી ચૂલિકા |

o———x———o———x———o

**નોંધ :-** **પ્રકાશન ૧ થી ૩૧ અભિનવ શ્રુત પ્રકાશને પ્રગટ કરેલ છે.**
**પ્રકાશન ૪૨ થી ૯૦ આગમશ્રુત પ્રકાશને પ્રગટ કરેલ છે.**
**પ્રકાશન ૯૧ થી ૧૩૭ આગમદીપ પ્રકાશને પ્રગટ કરે છે.**

JAINSITE જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૬ નાયા ધમ્મ કહાઓ

## છટ્ઠું અંગસૂત્ર-ગુર્જરછાયા

### શ્રુતસ્કંધ-૧

### -: અધ્યયન-૧-ઉત્ક્ષિપ્ત :-

[૧] સર્વજ્ઞ ભગવંતને નમસ્કાર તે કાલે અને તે સમયે ચમ્પા નામક નગરી હતી.

[૨-૪] તે ચમ્પા નગરીની બહાર ઈશાન ભાગમાં પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું. તે ચમ્પા નગરીમાં કોણિક નામનો રાજા હતો. તેનું વર્ણન પણ ઉવવાઈ સૂત્ર પ્રમાણે જાણવું. તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીરના અંતેવાસી આર્યસુધર્મા સ્થવિર હતા. તે જાતિ સંપન્ન, કુલસંપન્ન, રુપસંપન્ન, બલસંપન્ન, રુપસંપન્ન, વિનય- સંપન્ન, જ્ઞાદ-દર્શન-ચારિત્રસંપન્ન. લાઘવસંપન્ન ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશવાળા, ક્રોધ, માન, માયા, લોભ, ચાર કષાયોને જીતેલા, જીતેંદ્રિય, નિન્દ્રાવિજેતા, પરિષહને જીતેલા, જીવવાની આશા અને મરણના ભયથી રહિત, તપપ્રધાન, ગુણ પ્રધાન, તે જ પ્રમાણે ચરણ, કરણ, નિગ્રહ, નિશ્ચય, સરળ અમાની, લાઘ ક્ષમા, ગુપ્તિ, નિર્લોભી, વિદ્યા,મંત્ર, બ્રહ્મ, વેદ,નય, નિયમ સત્ય, શૌર્ય, જ્ઞાન, દર્શન, ચારિત્ર, ઉદાર, ઘોર, ઘોરવ્રત, ઘોરતપસ્વી, ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય, શરીરનો સત્કાર નહી કરનાર, વિપુલ તેજોલેશ્યાને પોતાના શરીરમાં જ ધારણ કરનાર, ચૌદ પૂર્વના ધારક, મતિ આદિ ચાર જ્ઞાનોના ધારક, પાંચસો સાધુઓ સાથે વિચરતા, અનુક્રમે ચાલતા એક ગામથી બીજા ગામ જતાં, સુખ પૂર્વક વિચરતાં જ્યાં ચંપા નામની નગરી અને પૂર્ણભદ્ર ચૈત્ય છે ત્યાં પધાર્યા, પધારીને યથા યોગ્ય યાચનાપૂર્વક અવગ્રહ ગ્રહણ કર્યો; ગ્રહણ કરીને સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

[૫-૮] તે ચંપા નગરીમાંથી પરિષદ નીકળી કોણિક રાજા નીકળ્યો સુધર્મા સ્વામીએ ધર્મ કહ્યો જે દિશાથી પરિષદ આવેલ હતી તે દિશા તરફ પાછી ફરી. તે કાળ અને તે સમયે આર્યસુધર્માસ્વામી અણગારના જ્યેષ્ઠ અંતેવાસી આર્ય જંબૂનામના અણગાર હતા. તે કાશ્યપગોત્રી, સાત હાથ ઉંચા શરીરવાળા યાવત્ આર્ય સુધર્મા સ્થવિરની અતિદૂર નહીં તેમજ અતિ નજીક નહીં તેમ એક ઢીંચણ નમાવી એક ઉંચો રાખી નીચું મુખ રાખી ધ્યાન રુપી કોષ્ઠકમાં રહ્યાં સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતાં વિચરતા હતા. ત્યારપછી આર્ય જંબૂ નામક અણગાર, કે જેને તત્ત્વજ્ઞાનની ઈચ્છા થયેલ છે, સંશય થયો છે, કૌતુક થયેલ છે; જેને પૂછવાની વિશેષ શ્રદ્ધા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયેલ છે, જેને શ્રદ્ધો, સંશય, કુતૂહલ વિશેષ પ્રકારે શ્રદ્ધા, વિશેષ પ્રકારે સંશય, તેવા જંબૂસ્વામી ઉભા થયા, ઉભા થઈને જે સ્થળે આર્ય સુધર્મા સ્થવિર હતા ત્યાં આવે છે, આવીને આર્ય સુધર્મા સ્થવિરની ત્રણ વખત દક્ષિણ દિશાથી પ્રદક્ષિણા કરે છે. વંદન નમીને આર્યસુધર્મા સ્થવિરની ન અતિ દૂર કે ન અતિ નજદીક, સાંભળવાની ઈચ્છાવાળા નમસ્કાર કરી, તેમની સન્મુખ બે હાથ જોડી વિનય પૂર્વક પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલે છે. હે ભગવંત ! શ્રુત ધર્મની આદિના કરનારા, ચતુર્વિધ તીર્થની સ્થાપના કરનારા, પોતાની મેળે જ બોધ પામેલા, પુરુષોમાં ઉત્તમ, પુરુષોમાં સિંહ સમાન શૂરવીર, પુરુષોમાં ઉત્તમ કમલ જેવા સુંદર, પુરુષોમાં ઉત્તમ ગંધ હસ્તિ સમાન, લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકહિત કરનારા; લોકમાં પ્રદીપ સમાન, લોકમાં પ્રદ્યોતના કરનારા, અભયદાન આપનારા, શરણને આપનારા, જીવોને શ્રદ્ધા રૂપ ચક્ષુને આપનારા, ધર્મમાર્ગને બતાવનારા, બોધિને આપનારા, ધર્મને આપનારા, ધર્મની દેશના આપનારા, ધર્મના નાયક, ધર્મના સારથિ, ધર્મને વિષે શ્રેષ્ઠ, ચાર ગતિનો અંત કરનાર ચક્રવર્તી સમાન, અપ્રહિત શ્રેષ્ઠ કેવલજ્ઞાન દર્શનના ધારક, રાગાદિને જીતનારા, બીજા પ્રાણીને જીતાડનારા, સંસાર સાગરથી પોતે તરેલા, બીજા પ્રાણીઓને તારનારા, તત્ત્વને જાણનારા, બોધ કરાવનારા, કર્મ બંધનથી મુકાયેલા, અન્ય પ્રાણીઓને કર્મથી મુક્ત કરાવનારા, સર્વજ્ઞ સર્વદર્શી સર્વ ઉપદ્રવ રહિત, અચલ, અરોગી, અનંત,અવ્યાબાધ જ્યાંથી પાછું આવવાનું નથી એવી સિદ્ધ ગતિને પામેલા એવા શ્રમણ ભગવાન્ મહાવીરે છઠ્ઠા અંગનો એટલે કે જ્ઞાતા ધર્મકથાનો શું અર્થ કહ્યો છે ?

જંબૂ ! છઠ્ઠા અંગના બે શ્રુતસ્કંધ પ્રરૂપેલા છે. તે આપ્રમાણે જ્ઞાતા અને ધર્મકથા. જો શ્રમણ ભગવંત મહાવીર યાવત્ મોક્ષને પામેલા પ્રભુએ છઠ્ઠા અંગના બે શ્રુતસ્કંધો પ્રરૂપેલ છે જેમ કે જ્ઞાત ઉદાહરણો અને ધર્મકથા તો હે ભગવંત ! પ્રથમ શ્રુતસ્કંધ જ્ઞાતાના કેટલા અધ્યયનો કહ્યાં છે ? હે જંબૂ ! શ્રમણ યાવત્ શાશ્વત સ્થાનને પામેલા ભગવાન્ મહાવીર સ્વામીએ જ્ઞાતાના ઓગણીશ અધ્યયન કહેલા છે તે આ પ્રમાણે-ઉત્ક્ષિપ્ત જ્ઞાત સંઘાટક અંડક કૂર્મ શૈલક તુંબ રોહિણી મલ્લી માકંદી ચંદ્રમા દાવદ્રવ ઉદક મંડૂક તેતલી નંદીફૂલ અવરકંકા આકીર્ણ સુષમા પુંડરીક જ્ઞાત.

[૯-૧૦] ભગવંત ! જો શ્રમણ યાવત્ શાશ્વત સ્થાનને પામેલા ભગવાન મહાવીર સ્વામીએ જ્ઞાત શ્રુતસ્કન્ધના ઓગણીશ અધ્યયનનો કહ્યાં છે તે આ પ્રમાણે ઉત્ક્ષિપ્ત-જ્ઞાત યાવત્ પુંડરીકજ્ઞાત સુધી તો પ્રથમ અધ્યયનનો હે ભગવંત ! શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! તે કાળ અને તે સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારત નામના વર્ષ (ક્ષેત્ર) માં દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રમાં રાજગૃહનગર હતું. ગુણશૈલચૈત્ય હતું. તે રાજગૃહ નગરમાં શ્રેણિક નામનો રાજા હતો, તે મોટા હિમવંત પર્વત સમાન હતો ઈત્યાદિ વર્ણન સમજી લેવું. તે શ્રેણિક રાજાને નંદાનામની દેવી હતી. તેના હાથ-પગ અતિ કોમળ હતાં વગેરે તે શ્રેણિકનો પુત્ર અને નંદાદેવીનો આત્મજ અભય કુમાર હતો. સંપૂર્ણ પાંચ ઈન્દ્રિયોથી યુક્ત યાવત્ સ્વરૂપવાન હતો. તે કુમાર સામ, દંડ, ભેદ, દાન આ ચાર પ્રકારની રાજનીતિને અને વ્યાપાર નીતિની વિધિને સારી રીતે જાણનારો હતો. નૈગમાદિ નયને જાણનારો, ઈહા, અવાય, માર્ગણા, વેષણા તથા અર્થ શાસ્ત્રમાં કુશલ હતો. ઔત્પત્તિક, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી બુદ્ધિવાળો હતો. શ્રેણિક રાજાના ઘણા કાર્યોમાં;

જૈન સાઈટ JAINSITE .com

કુટુંબને વિષે, મંત્ર, ગુપ્ત કાર્ય, એકાંત કાર્યને, નિશ્ચયને, વિષે એકવાર અને વારંવાર પૂછવા લાયક હતો. મેઢીભૂત, પ્રમાણભૂત, આધારભૂત, અલંબનભૂત, ચક્ષુભૂત, સર્વ કાર્યોમાં સર્વ ભૂમિકાઓમાં અવિસંવાદી વચનવાળો, રાજ્યની ધુરાને ધારણ કરનારા હતો. શ્રેણિક રાજાના રાજ્ય, દેશ, કોશ, કોઠાર, સૈન્ય, વાહન, નગર અને અંતઃપુર વગેરેની સંભાળ રાખતો હતો.

[૧૧-૧૨] તે શ્રેણિક રાજાને ધારિણી નામની દેવી હતી તે શ્રેણિક રાજાને ઇષ્ટ હતી યાવત્ સુખ ભોગવતી સુખે રહેતી હતી. ત્યાર પછી તે ધારિણી દેવી કોઇ સમયે પોતાના ભવનમાં ઉત્તમ શય્યા ઉપર સૂતી હતી તેમાં ઘરની બહારનાં ભાગમાં સુંદર કોમળ વિશિષ્ટ સંસ્થાનવળા ઉપર થાંભલા શ્રેષ્ઠ શાલભંજિકા - પુતળીઓ બનેલી હતી. ઉજ્જવળ ચંદ્રકાન્તાદિક મણિઓ, સુવર્ણ અને કર્કેતનાદિક રત્નોના શિખર, કપોત પાલી, ગવાક્ષ અર્ધચંદ્ર આકારવાળા પગથિયા; નિર્યુહક, અંતર, કણકાલી, ચંદ્રશાળા આદિ ઘરના વિભાગોની સુંદર રચનાથી યુક્ત ભવન હતું. સ્વચ્છ ગેરુથી તેમાં ઉત્તમ રંગ કરેલ હતો. બહારથી ધોળેલું અને કોમળ પથ્થર વગેરે વડે ઘસીને કોમળ કરેલ હતું. જેના અંદરના ભાગમાં ઉત્તમ અને પવિત્ર ચિત્રકર્મ કરવામાં આવેલ હતું. વિવિધ પ્રકારના પચરંગી મણિઓ અને રત્નોથી ભૂમિતલ બાંધેલ હતું. પદ્મનાઆકારવાળી, અશોકાદિક, પુષ્પપ્રધાન લતાઓ વડે અને માલતી વગેરે શ્રેષ્ઠ પુષ્પોની જાતિ વડે તેના ઉલ્લોચનું તળીયું ચિતરેલું હતું. તેના દ્વાર ભાગોમાં માંગલિક શ્રેષ્ઠ સુવર્ણના કળશો સારી રીતે સ્થાપિત કરેલા અને ચંદનથી ચર્ચિત અને મુખ ઉપર સરસ પદ્મવડે આચ્છાદિત કરેલા હતા. પ્રતરક સુવર્ણના અલંકારોથી અને મણિ તથા મોતીની માળાઓથી સારી રીતે તેના દ્વાર સુશોભિત હતા. તે ભવનમાં સુગંધી શ્રેષ્ઠ પુષ્પોવડે કોમળ અને પક્ષ્મલ શય્યાનો ઉપચાર કરવામાં આવેલો હતો. તે મન અને હૃદયને આનંદ આપનાર હતો. કપૂર, લવિંગ, મલયજ, ચંદન, કાળા ગુરૂ, ઉત્તમકંદુક, તરૂષ્ક અને અનેક સુગંધિત દ્રવ્યોના સંયોગથી બનેલ ધૂપનાં જલવાથી ઉત્પન્ન થયેલ મઘમઘાતી ગંધથી રમણીય હતો. તેમાં ઉત્તમ ચૂર્ણની ગંધ પણ વિદ્યમાન હતી. સુગંધની અધિકતાના કારણે તે ગંધ દ્રવ્યની ગુટિકાની જેમ દેખાતો હતો. મણિ-ઓના કિરણોવડે ત્યાંનો અંધકાર નષ્ટ થઈ ગયો હતો. ઘણું કહેવાથી શું ? તે વાસગૃહ કાંતિ અને ગુણવડે દેવના ઉત્તમ વિમાનનો પરાજય કરનારો હતો.

તે વાસગૃહમાં એક ઉત્તમ શય્યા હતી. તેમાં શરીર પ્રમાણ લાંબુ ઓશિકું હતું બન્ને બાજુ ઓશીકા મુકેલા હતાં તેથી બન્ને બાજુએ તે શય્યા ઊંચી હતી. મધ્યભાગમાં નમેલી હોવાથી ગંભીર ઉંડી હતી. ગંગા નદીના કાંઠાની રેતીની જેમ તેમાં પગ મુકવાથી પગ ઉંડો ખુંચી જાય તેવી કોમળ હતી. સાફ ધોયેલું ક્ષૌમ-રેશમી અને દુકૂલ-રૂના કે અતસીના વસ્ત્રનો જોટો તેના પર આચ્છાદન કરેલો હતો. આસ્તરક, મલક, નવત, કુશક્ત, લિંબ અને સિંહ કેસર વગેરે વિવિધ ઓછાડ વડે તે આચ્છાદિત હતી. જ્યાં સુધી તેનું સેવન ન કરવામાં આવે ત્યાં સુધી તેનાં ઉપર સુંદર બનાવેલ રજસ્ત્રાણ રહેતું હતું. તેના ઉપર મચ્છરદાની હતી. તે અતિશય રમણીય હતી. તેનો સ્પર્શ આજિનક ચામડાનું વસ્ત્ર, રૂબૂર, માખણ, અને આકડાના રૂ જેવો કોમલ હતો; આવા પ્રકારની શય્યામાં, મધ્યરાત્રિના સમયે કાંઇક સૂતેલી અને કાંઇક જાગેલી હોવાથી વારંવાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અલ્પનિદ્રાને લેતી તે ધારિણી દેવી એક મોટો, સાત હાથ ઉંચો રુપાના પર્વત જેવો શ્વેત સૌમ્ય, સૌમ્ય, આકારવાળો, ક્રિયા કરતો અને આળસથી બગાસું ખાતો, એવો હાથી આકાશ તલથી ઉતરી મુખમાં પ્રવેશ કરતો જોઈને જાગી ગઈ.

ત્યાર પછી તે ધારિણી દેવી આ આવા સ્વરૂપવાળા ઉદાર, પ્રધાન કલ્યાણકારી, શિવ, ધન્ય, માંગલિક, સુશોભિત એવા મહાસ્વપ્નને જોઈને જાગી. તેને હર્ષ અને સંતોષ થયો; ચિત્તમાં આનંદ થયો, મનમાં પ્રીતિ ઉત્પન્ન થઈ, અત્યંત પ્રસન્નતા પામી હર્ષનો લીધે તેનું હૃદય વિકસિત થઈ ગયું, મેઘની ધારાઓથી આઘાત પામેલ કદંબ વૃક્ષના પુષ્પની જેમ તેના રોમતૂપ રુંવાડા વિકસીત થઈ ગયા. એવી તે રાણીએ સ્વપ્નો વિચાર કરીને શય્યામાંથી ઉભી થઈ, પાદપીઠથી નીચે ઉતરી,માનસિક ત્વરાથી રહિત શારીરિક ચપળતાથી રહિત, સ્ખલના રહિત, વિલંબથી રહિત રાહજં- હસ જેવી ગતિથી જ્યાં શ્રેણિક મહારાજા હતા ત્યાં આવે છે; શ્રેણિક રાજાને ઈષ્ટ કાન્ત; પ્રિય મનોજ્ઞ, મણામ ઉદાર-શ્રેષ્ઠ સ્વર એવં ઉચ્ચારથી યુક્ત કલ્યાણ સમૃદ્ધિકારક; શિવ નિરુપદ્રવ, ધન્ય,મંગલકારી,સશ્રીક,અલંકારોથી સુશોભિત,હૃદયનેપ્રિયલાગનાર,હૃદયને આહ્લાદ કરનાર, પરિમિત અક્ષરોવાળી, મધુર સ્વરોથી મીઠી, રિભિતશબ્દ અને અર્થથી ગંભીર તાવાળી; અને અનેક ગુણરુપ લક્ષ્મીથી યુક્ત વાણી બોલી શ્રેણીક રાજાને જગાડે છે. શ્રેણિક રાજાની અનુમતિ મેળવીને વિવિધ પ્રકારના મણિ સુવર્ણ અને અને રત્નોની રચનાવડે વિચિત્ર એવા ભદ્રાસન પર બેસે છે. આશ્વસ્ત વિશ્વસ્ત સુખદ અને શ્રેષ્ઠ આસન ઉપર બેસે છે. બન્ને હાથેથી ગ્રહણ કરેલી અને મસ્તકની ચારે તરફ ભમતી અંજલીને મસ્તક પર ધારણ કરીને શ્રેણિક રાજાને આ પ્રમાણે કહે છે.- દેવાનુંપ્રિય ! આજે હું તે પૂર્વવર્ણિત યાવત્ પોતાના મુખમાં પ્રવેશ કરતાં હાથીને સ્વપ્નમાં જોઈને જાગી ગઈ તો હે દેવાનુંપ્રિય ! આ ઉદાર યાવત્ સ્વપ્નનું વિશેષ ફળ શું હશે ?

[૧૩-૧૪] ત્યાર પછી શ્રેણિક રાજા ધારિણી દેવી પાસેથી આ અર્થને સાંભળી અને હૃદયમાં અવધારી; હર્ષ પામ્યો. સન્તુષ્ટ થયો; આનંદ પામ્યો, યાવત્ મેઘની ધારા થી હણાયેલા કદંબ વૃક્ષના સુગંધી પુષ્પની જેમ તેનું શરીર પુલકિત થયું એટલે હર્ષના કારણે તેની રોમરાજિ ઉભી થઈ. રાજા તે સ્વપ્નને અવગ્રહણ કરે છે બુદ્ધિથી સ્વપ્નના ફળનો વિચાર કરે છે. વિચાર કરીને પોતાના સ્વાભાવિક મતિપૂર્વક બુદ્ધિવિજ્ઞા નથી તે સ્વપ્નના ફળનો નિશ્ચય કરે છે ધારિણી દેવીને તેવા પ્રકારની યાવત્ હૃદયને આહ્લાદ કરાનારી મૃદુ, મધુર, રિભિત ગંભીર અને સશ્રીક અલંકારાદિકની શોભા વાળી વાણી વડે પ્રશંસા કરતાં આ પ્રમાણે કહે છે. હે દેવાનુપ્રિયે ! તમો એ ઉદાર-સ્વપ્ન જોયેલ છે. કલ્યાણકારી,શિવ,ધન્ય,મંગલમય,સુશોભન સ્વપ્ન જોયું છે.દેવી! આરોગ્ય, તુષ્ટિ દીર્ઘાયુષ્ય, કલ્યાણ અને માંગલ્યકારક સ્વપ્ન તમે જોયું છે હે દેવાનુપ્રિયે ! આ સ્વપ્નથી તમને અર્થનો, પુત્રનો, રાજ્યનો, તથા ભોગ અને સુખનો લાભ થશે. નિશ્ચય થી હે દેવાનુ પ્રિયે ! તમે બરાબર નવ માસ અને સાડા સાત રાત્રિ દિવસ વ્યતીત થવા પર અમારા કુળનાં કેતુ ધ્વજા સમાન; કુળના દીપક સમાન, કુળમાં પર્વત સમાન; કુળનો ભૂષણ કુલની કીર્તિ વધારનાર, કુળની વૃત્તિ-આજીવિકા વધારનાર, કુળને આનંદ આપ નાર, કુળની યશોવૃદ્ધિ કરનાર, કુળના આધારરૂપ, કુળમાં વૃક્ષ સમાન આશ્રય કરવા લાયક અને કુળની વૃદ્ધિ કરનાર તથા અતિકોમળ હાથ-પગવાળો યાવત્ પુત્રને જન્મ આપશો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પુત્ર બાલ્યાવસ્થાને પસાર કરીને, કળા આદિના જ્ઞાનમાં પરિપકવ થઈને, યૌવનને પ્રાપ્ત થઈને શૂર-વીર અને પરાક્રમી થશે. તે વિપુલ બળ - સૈન્ય તથા વાહન વાળો થશે. રાજ્યનો અધિપતિ રાજા થશે તેથી દેવી ! તમે ઉદાર સ્વપ્ન જોયેલ છે. દેવી ! તમે આરોગ્યકારી, તુષ્ટકારી, દીર્ઘાયુષ્યકારી, અને કલ્યાણકારી સ્વપ્ન જોયેલ છે. એ પ્રમાણે કહીને રાજા વારંવાર તેની પ્રશંસા કરવા લાગ્યો. ત્યાર પછી તે ધારિણી દેવી શ્રેણિક રાજાના આ પ્રમાણે કહેવાથી હર્ષિત થઈ. સંતોષ પામી. તેના હૃદયમાં આનંદ થયો. બંને હાથના તળીયાં ભેગા કરી યાવત્ હાથ જોડી આ પ્રમાણે બોલી. હે દેવાનુપ્રિય ! તમે કહો છો તેમજ છે. આપનું કથન સત્યજ છે. સંશય રહિત છે. મને ઈષ્ટ તથા અત્યંત ઈષ્ટ છે. આપે મને જે અર્થ કહ્યો છે તે અર્થ સત્ય છે. આ પ્રમાણે કહીને ધારિણી દેવી સ્વપ્નને સમ્યક્ પ્રકારે અંગીકાર કરે છેશ્રેણિક રાજાની આજ્ઞા મેળવીને ઉઠે છે. ઉઠીને જ્યાં પોતાની પથારી છે ત્યાં આવે છે. બેસીને આ પ્રમાણે વિચારે છે. મારું આસ્વપ્ન બીજા અશુભ સ્વપ્ન વડે હણાય ન જાઓ. એમ વિચારી, તે ધારિણી દેવી દેવ અને ગુરુજનના સંબંધવાળી પ્રશસ્ત ધાર્મિક કથાઓ વડે શુભ સ્વપ્નનું રક્ષણ કરવા માટે જાગરણ કરતી વિચરવા લાગી.

[૧૫] ત્યાર પછી શ્રેણિક રાજાએ પ્રભાત કાળના સમયે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. કહ્યું- તે દેવાનુપ્રિય ! આજે બહારની ઉપસ્થાનશાળામાં શીઘ્ર વિશેષે કરીને અત્યંત રમણીય ગંધોદકથી સિંચિત સાફસુફ લીંપેલી પંચવર્ણના સરસ સુગંધિત વિખરેલા પુષ્પોના સમુહ રૂપ, ઊપચારથી યુક્ત, કાલાગુરુ, ઉત્તમ કચૂક, તુરુષ્ક તથા ધૂપના મહેકતાં ગંધથી વ્યાપ્ત થવાના કારણે મનોહર, શ્રેષ્ઠ સુગંધના ચૂર્ણથી સુગંધિત તથા સુગંધની ગુટિકાની સમાન કરો અને કરાવો. આજ્ઞાનુસાર કાર્ય થઈ જવાની સૂચના કરો. ત્યાર પછી કૌટુમ્બિક પુરુષો શ્રેણિક રાજા દ્વારા આ પ્રમાણે કહેવા પર હર્ષિત તથા સંતુષ્ટ થયા તેની આજ્ઞા પાછી સોંપી. તદનન્તર રાત્રિ પ્રકશમાન પ્રભાત રૂપ થઈ પ્રફુલ્લિત કમળોના પત્રો વિકસિત થયા, કાળા મૃગના નેત્રો નિદ્રારહિત હોવાથી વિકસ્વર થયા. પછી તે પ્રભાત પાણ્ડુર થયું. લાલ અશોકની કાંતિ, પલાશના પુષ્પ; પોપટની ચાંચ, ચણોઠીનો રાતો, અર્ધો ભાગ,બપોરીયાનું પુષ્પ કપોતના પગ અને આંખ, કોકિલાના નેત્ર, જાસુદના પુષ્પ, જાજ્વલ્યમાન અગ્નિ, સુવર્ણ કળશ, તથા હિંગળોકના સમૂહની લાલિમાથી પણ અધિક શોભાયમાન છે. એવો સુર્ય ક્રમથી ઉદિત થયો. સૂર્યના કિરણોનો સમૂહ નીચે ઉતરીને અંધકારનો વિનાશ કરવા લાગ્યો. બાળ-સૂર્ય રૂપી કુંકુમથી માનો જીવ લોક વ્યાપ્ત થઈ ગયો. નેત્રોના વિષયનો પ્રચાર થવાથી વિકસિત થનાર લોક સ્પષ્ટ રૂપથી દેખાવા લાગ્યો. સરોવરોમાં સ્થિત કમળના વનને વિકસિત કરનાર તથા હજાર કિરણોવાળો દિવસને કરનાર સૂર્ય તેજ વડે જાજ્વલ્યમાન થયો. તે સમયે રાજા શ્રેણિક શય્યામાંથી ઊભા થયા.

શય્યામાંથી ઊઠીને રાજા શ્રેણિક જ્યાં વ્યાયામશાળા છે ત્યાં આવે છે. પ્રવેશ કરીને અનેક પ્રકારની વ્યાયામ યોગ્ય, કૂદવું વ્યામર્દન, કુસ્તી તથા કરણ અને ખૂબ શ્રમ કર્યો. ત્યાર પછી શતપાક, તથા સહસ્ત્રીપાક આદિ સુગંધિત તેલ આદિના અભ્યંગણોથી, જે પ્રીતિ ઉત્પન્ન કરનાર, જઠરાગ્નિને દીપ્ત કરનાર દર્પણીય મદનીય બૃહણીય તથા સમસ્ત ઈન્દ્રિયોને એવં શરીરને આહ્લાદિત કરનાર હતા. રાજા શ્રેણિકે અભ્યંગન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાવ્યું. ત્યાર પછી તે તેલ ચોપડેલા શરીરના ચર્મને, પરિપૂર્ણ હાથ-પગવાળા તથા કોમળ તલવાળા, છેક, દક્ષ,મર્દન કરવામાં ચતુર, મેધાવી, નિપુણ, પરિશ્રમના જીતનાર, અભ્યંગન મર્દન અને ઉદ્વર્તન કરવાના ગુણમાં પૂર્ણ પુરુષોદ્વારા અસ્થિઓને સુખકારી, માંસને સુખકારી, ત્વચાને સુખકારી; તથા રોમોને સુખકારી આપ્રમાણે ચાર પ્રકારની સંબાધના (મર્દન)વડે શ્રેણિક રાજાએ શરીરનું મર્દન કરાવ્યું રાજાનો પરિશ્રમ દૂર થયો.

વ્યાયામશાળાની બહાર નીકળીને રાજા શ્રેણિક જ્યાં મજ્જનગૃહ છે. ત્યાં આવે છે.મજ્જન ગૃહમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરીને ચારે તરફ સરીખો મનોહર, વિચિત્ર પ્રકારના મણીઓ અને રત્નોના તળીયાવાળા અને રમણીય સ્નાન મંડપની અન્દર વિવિધ પ્રકારના મણિ અને રત્નોની રચના વડે ચિત્ર વિચિત્ર સ્નાન કરવાની પીઠ ઉપર સુખે કરીને બેઠેલા રાજાએ પવિત્ર સ્થાનથી આણેલા શુભ જળથી, પુષ્પમિશ્રિત, ગંધ મિશ્રિત, અને શુદ્ધ જળવડે વારંવાર કલ્યાણ- કારક શ્રેષ્ઠ સ્નાનની વિધિએસ્નાન કર્યું. તે કલ્યાણકારી અને માંગલિક સ્નાનને અંતે કૌતુક કરવામાં આવ્યાં. એવી રીતે શ્રેષ્ઠ સ્નાન કર્યા પછી પક્ષીની પાંખ જેવા અત્યંત કોમળ સુગંધવાળા અને કષાય રંગથી રંગેલા વસ્ત્રવડે શરીરને લુંછ્યું. પછી કોરા બહુમુલ્ય અને શ્રેષ્ઠ વસ્ત્ર ધારણ કર્યા સરસ ને સુગંધિત ગોશીર્ષ ચંદનથી તેના શરીર પર વિલેપન કરવામાં આવ્યું. શુચિપુષ્પોની માળા પહેરી, કેસર આદિનું લેપન કર્યું. મણિઓ અને સુવર્ણના અલંકાર ધારણ કર્યા. આઢાર સરો હાર નવ સરો અર્ધહાર, ત્રણ સરો નાના હાર, તથા લાંબા લટકતા કટિ સૂત્રથી શરીરની સુંદર શોભા વધારી. કંઠમાં કંઠા પહેર્યા, આંગળીઓમાં વીંટી પહેરી, સુંદર અંગપર અન્યાન્ય સુંદર આભરણો ધારણ કર્યા અનેક મણિઓના બનેલ કટક અને ત્રુટિક નામક આભૂષણોથી તેના હાથ સ્તંભિત જેવા પ્રતીત થવા લાગ્યા. અધિક રૂપને લીધે તે રાજા અત્યંત શોભવા લાગ્યા. તેમનું મુખ દેદીપ્યમાન થયું. મસ્તક દીપવા લાગ્યું તેમનું વક્ષસ્થળ હારવડે આચ્છાદિત હોવાથી અત્યંત પ્રીતિને ઉત્પન્ન કરવા લાગ્યું. લાંબા લટકતા દુપટ્ટાવડે તેમણે સારી રીતે ઊત્તરાસંગ કર્યું. મુદ્રિકાઓથી તેમની આંગળીઓ પીળી દેખાવા લાગી.વિવિધ પ્રકારના મણિઓસુવર્ણઅનેરત્નોવડે નિર્મળ મહામૂલ્યવાળા, નિપુણ કારીગરો વડે બનાવેલ દેદીપ્યમાન સુરચિતા સારી રીતે મળી ગયેલા સાંધવાળા; વિશેષ પ્રકારના, મનોહર, સુંદર આકારવાળા અને પ્રશસ્ત એવા વીરવલય ધારણ કર્યા. સુંદર, મુકુટ આદિ આભૂષણોથી અલંકૃત અને વસ્ત્રોથી વિભૂષિત રાજા શ્રેણિક કલ્પવૃક્ષ સમાન દેખાવા લાગ્યા. કોરંટ વૃક્ષના પુષ્પોની માળાવાળું છત્ર તેના મસ્તક પર ધારણ કરવામાં આવ્યું. આજુબાજુ ચાર ચામરોથી તેનું શરીર વિંઝવા લાગ્યું. તેનું દર્શન થતાંજ લોકો માંગલિક જય જય શબ્દ બોલવા લાગ્યા તથા અનેક ગણ નાયક, દંડનાયક રાજાઓ ઈશ્વર તલવર, માંડલિક; કૌટુંબિક, મંત્રીઓ,મહામંત્રીઓ ગણક દ્વારપાળ અમાત્ય ચેટ પીઠમર્દ નાગર વેપારીઓ શ્રેષ્ઠીઓ, સેનાપતિ, સાર્થવાહ, દૂત, અને સંધિપાલએ સર્વની સાથે પરિવરેલો, અઠ્યાસી ગ્રહગણમાં દેદીપ્યમાન અને અઠ્ઠાવીસ નક્ષત્રો અને કોટાકોટી તારાઓના મધ્યમાં ચંદ્રની જેવા પ્રિય દર્શનવાળો તે નરપતિ ઉજ્વલ મહામેઘમાંથી જેમ ચંદ્ર નીકળે તેમ સ્નાનગૃહ માંથી બહાર નીકળ્યો. નીકળીને જ્યાં બહારની ઉપસ્થાનશાળા (સભા) હતી ત્યાં આવ્યો. આવીને શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મુખ રાખીને બેઠો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી શ્રેણિક રાજા, પોતાની સમીપ ઈશાન ખુણામાં શ્વેત વસ્ત્રથી આચ્છાદિત તથા સરસોના માંગલિક ઉપચારથી જેમાં શાંતિ કર્મ કરેલ છે. એવા આઠ ભદ્રાસનો રખાવે છે. રખાવીને સભાના અંદરના ભાગમાં જવનિકા [પડદો] બંધાવે છે તે જવનિકા વિવિધ પ્રકારના મણિ અને રત્નોથી મંડિત હતી. અત્યંત દર્શનીય હતી. મોટા મૂલ્યવાળી હતી. મોટા નગરમાં બનેલી હતી. કોમલ અને સેંકડો પ્રકારની રચનાવાળા ચિત્રોના સ્થાનભૂત હતી. તેમાં ઈહામૃગવૃષભ, અશ્વ, નર, મગર, પક્ષી, સર્વ, કિંનર, રુરુ જાતિના મૃગ, સરજા, ચમરી, ગાય, હાથી, વનલતા પદ્મલતા, વિગેરના ચિત્રો આલેખેલા હતાં, તથા તેના છેડા ઊત્તમ સુવર્ણના તારોથી ભરેલા હોવાથી શોભતા હતા. તેની અંદરના ભાગમાં ધારિણી દેવીને માટે આસ્તરક વડે અને કોમળ આંકડાવડે ઢાંકેલું, શ્વેત વસ્ત્રવડે આચ્છાદન કરેલું સુંદર સ્પર્શવાળું હોવાથી આખા અંગને સુખ ઉપજાવે તેવું અને અત્યંત કોમળ ભદ્રાસન સ્થાપિત કર્યું ત્યાર પછી કૌટુમ્બિક પુરુષોને બોલાવીને કહ્યું. હે દેવાનુપ્રિયો ! અષ્ટાંગ મહાનિમિત્ત જ્યોતિષના સૂત્ર અને અર્થના પાઠક તથા વિવિધ શાસ્ત્રોમાં કુશલ સ્વપ્ન પાઠકોને શીઘ્ર બોલાવો.

ત્યાર પછી તે કૌટુંબિક પુરુષો શ્રેણિક રાજાના આ પ્રમાણે કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થયા. યાવત્ આનંદિત હૃદયવાળા થયા અને બંને હાથ જોડી દેશે નખ ને એકઠા કરી મસ્તક પર ફેરવી અંજલિ જોડીને 'હે દેવ ! એમ જ થાઓ એ પ્રમાણે કહીને વિનય વડે તે આજ્ઞાને અંગીકાર કરી. રાજગૃહ નગરના મધ્યભાગમાં થઈને જ્યાં સ્વપ્નપાઠકોના ઘર હતાં ત્યાં આવ્યા, તત્પશ્ચાત્ તે સ્વપ્નપાઠકો શ્રેણિક રાજાના કૌટુમ્બિક પુરુષોદ્વારા બોલાવવા પર હૃષ્ટ તુષ્ટ યાવત્ આનંદિત હૃદયવાળા થયા. તેઓ એ સ્નાન કર્યું. બલિકર્મ કર્યું યાવત્ કૌતુક મંગલ અને પ્રાયશ્ચિત કર્યો અલ્પ કિન્તુ મૂલ્યવાળા આભરણ વડે શરીરને અલંકૃત કર્યું. મસ્તકપરદૂર્વા અને સરસવ ધારણ કર્યા. એ પ્રમાણે કરીને પોત પોતાના ઘરેથી નીકળ્યા. નીકળીને રાજગૃહની વચ્ચોવચ્ચ થઈને જ્યાં શ્રેણિક રાજાના મુખ્ય મહેલનું દ્વાર હતું ત્યાં આવ્યા.આવીને શ્રેણિક રાજાને જય વિજય શબ્દોથી વધાવ્યા. શ્રેણિક રાજાએ ચંદન આદિ વડે તેમની અર્ચના કરી, ગુણોની પ્રશંસા કરીને વંદન કર્યા. પુષ્પોદ્વારા પૂજા કરી, આદરપૂર્ણ દૃષ્ટિથી જોઈને અને નમસ્કાર કરીને માન કર્યું સત્કાર કર્યો. સન્માન કર્યું તે સ્વપ્ન પાઠકો પહેલાથી બીછાવેલ ભદ્રાસનો ઉપર અલગ અલગ બેઠા.

ત્યાર પછી શ્રેણિક રાજાએ જવનિકાની પાછળ ધારિણી દેવીને બેસાડી. પછી હાથમાં પુષ્પ અને ફળ લઈને અત્યંત વિનયની સાથે તે સ્વપ્ન પાઠકોને આ પ્રમાણે કહ્યું-હે દેવાનુપ્રિયો!આજે ધારિણી દેવી યાવત્ મહા સ્વપ્નને જોઈને જાગી છે.તો હે દેવાનુપ્રિયો ! એ ઉદાર યાવત્ સશ્રીક મહાસ્વપ્નનું કેવું કલ્યાણકારી વિશેષ પ્રકારનું ફળ થશે. ? ત્યારે તે સ્વપ્નપાઠકો શ્રેણિકરાજાની પાસેથી આ અર્થને સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ આનંદિત હૃદયવાળા થયા. તેઓએ તે સ્વપ્નને સમ્યક્ પ્રકારે અવગ્રહણ કર્યું.કરીને પરસ્પર એક બીજા સાથે વિચાર કર્યો વિચાર વિમર્શ કરીને સ્વપ્નનો અર્થ પોતાની મેળે પ્રાપ્ત કર્યો. તેનો વિશેષઅર્થ બીજાનો અભિપ્રાય લઈ ગ્રહણ કર્યો અર્થનો નિશ્ચય કર્યો. તે સ્વપ્ન પાઠકોશ્રેણિકરાજાનીસામેસ્વપ્નશાસ્ત્રનુંવારંવાર ઉચ્ચારણ કરતાં આ પ્રમાણે બોલ્યા. હે સ્વામિન્ ! આ પ્રકારે અમારા સ્વપ્ન શાસ્ત્રમાં બેંતાલીશ


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વપ્ન અનેત્રીસ મહાસ્વપ્નમળી કુલ બોતેર સ્વપ્નો કહેલા અમે જોયા છે તેમાં હે સ્વામી ! અરિહંતની માતા કે ચક્રવર્તીની માતા અરિહંત કે ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે આ ત્રીશ મહાસ્વપ્નોમાંથી આ ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગે છે. તે આ પ્રમાણે :-

[૧૬] હાથી વૃષભસિંહ અભિષેક પુષ્પોની માળા ચંદ્ર સૂર્ય ધ્વજા પૂર્ણ કુંભ પદ્મ યુક્ત સરોવર ક્ષીર સાગર વિમાન અથવા ભવનરત્નોનીરાશિ ધૂમવિહીન અગ્નિ.

[૧૭] જ્યારે વાસુદેવ ગર્ભમાં આવે છે ત્યારે વાસુદેવની માતા આ ચૌદ મહા સ્વપ્નોમાંથી કોઈ પણ સાત મહાસ્વપ્નોને જોઈને જાગૃત થાય છે જ્યારે બલદેવ ગર્ભમાં આવે છે ત્યારે બલદેવની માતા આ ચૌદ સ્વપ્નોમાંથી કોઈ પણ ચાર સ્વપ્નોને જોઈને જાગૃત થાય છે. જ્યારે માંડલિક રાજા ગર્ભમાં આવે છે. ત્યારે માંડલિક રાજાની માતા આ ચૌદ સ્વપ્નોમાંથી કોઇ પણ એક સ્વપ્નને જોઈને જાગૃત થાય છે. હે સ્વામિન્ ! ધારિણી દેવીએ આ મહાસ્વપ્નોમાંથી એક મહાસ્વપ્ન જોયેલ છે. તેથી સ્વામિન્ ! ધારિણી દેવીએ ઉદાર સ્વપ્ન જોયેલ છે, મંગલકારી, સ્વપ્ન જોયેલ છે. તેનાથી આપને અર્થનો, સુખનો, ભોગનો, પુત્રનો લાભ થશે ધારિણી દેવી પૂરા નવ માસ વ્યતીત થવા પર યાવત્ પુત્રને જન્મ આપશે તે પુત્ર પણ બાલ વયને પાર કરીને ગુરુની સાક્ષી માત્રથી પોતાનાજ બુદ્ધિ વૈભવથી સમસ્ત કળાઓનો જ્ઞાતા થઈને યુવાવસ્થાને પ્રાપ્ત કરીને સંગ્રામમાં શુર, આક્રમણ કરવામાં વીર અને પરાક્રમી થશે વિસ્તીર્ણ અને વિપુલ બળવાહનવાળા થશે રાજ્યનો અધિપતિ રાજા થશે. અથવા પોતાના આત્માને ભાવિત કરનાર અણગાર થશે. તેથી હે સ્વામિન્ ! ધારિણી દેવીએ ઉદાર, યાવત્ સ્વપ્ન જોયેલ છે. આ પ્રમાણે કહી-ને સ્વપ્ન પાઠકો વારંવાર તે સ્વપ્નની પ્રશંસા કરવા લાગ્યા. તદનન્તર શ્રેણિક રાજા તે સ્વપ્નપાઠકો પાસેથી આ અર્થ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ, તુષ્ટ યાવત્ આનંદિત-હૃદયવાળો થઇ ગયો અને હાથ જોડીને આ પ્રમાણે બોલ્યો.

હે દેવાનુપ્રિયો ! જે તમે કહો છો, તે તેમ જ છે સત્ય છે, એ પ્રમાણે કહીને તે સ્વપ્ન ના ફળને સમ્યક પ્રકારે સ્વીકાર કરીને સ્વપ્નપાઠકોનો વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, અને વસ્ત્ર, ગંધ માળા, અને અલંકારોથી સત્કાર કરે છે. સન્માન કરે છે. સત્કાર સન્માન કરીને જીવિકાને યોગ્ય પ્રીતિદાન કરે છે અને પ્રીતિદાન આપીને વિદાય કરે છે. ત્યાર પછી શ્રેણિક રાજા સિંહાસનથી ઉઠ્યો. અને જ્યાં ધારિણી દેવી હતી ત્યાં આવ્યો આવીને સ્વપ્નપાઠકોના કથનાનુસાર બધુ કહે છે અને વારંવાર તેની અનુમોદના કરે છે. ત્યાર પછી ધારિણી દેવી શ્રેણિક રાજા પાસેથી આ અર્થને સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ તુષ્ટ થઈ યાવત્ આનંદિત હૃદય વાળી થઈ. તેણીએ તે સ્વપ્નને સમ્યક્ પ્રકારે અંગીકાર કર્યું, પોતાનું વાસગૃહ હતું ત્યાં આવી, સ્નાન કરીને તથા બલિકર્મ કરી-ને યાવત્ વિપુલ ભોગ ભોગવતી થકી રહેવા લાગી.

[૧૮] ત્યાર પછી ધારિણી દેવીના બે માસ વ્યતીત થવા પર જ્યારે ત્રીજો માસ ચાલતો હતો ત્યારે તે ગર્ભના દોહન કાળ અવસર પર આ પ્રકારનો અકાળ મેઘનો દોહદ ઉત્પન્ન થયો. જે માતાઓ પોતાના અકાળ મેઘના દોહદને પૂર્ણ કરે છે તે માતાઓ ધન્ય છે, તે પુણ્યવતી છે, કૃતાર્થ છે, તેમણે પૂર્વજન્મમાં પુણ્યનું ઉપાર્જન કરેલ છે, તે કૃતલક્ષણ છે, તેમનો વૈભવ સફળ છે, તેમને મનુષ્ય સંબંધી જન્મ અને જીવનનું ફળ પ્રાપ્ત થએલ છે, આકાશમાં મેઘ ઉત્પન્ન થવા પર, ક્રમશઃ વૃદ્ધિને પ્રાપ્ત થવાપુર, વરસવાની તૈયારીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થવાપર, ગર્જના યુક્ત થતાં. વિદ્યુતથી યુક્ત થવા પર, ધીમેધીમે વરસતા બુંદથી યુક્ત હોવાપર, મંદમંદ ધ્વનીથી યુક્ત હોવાપર, અગ્નિ જલાવીને શુદ્ધ કરેલ ચાંદીના પતરાના સમાન, અંક નામક રત્ન, શંખ, ચંદ્રમા, કુન્દ પુષ્પ, અને ચોખાના લોટની સમાન શુકલ વર્ણવાળા, ચિકુર નામનો રંગ, હડતાલના કટકા ચંપાના ફૂલ, સણના ફૂલ કોરંટ પુષ્પ, સરસવના ફૂલ, અને કમલની રજની સમાન પીળા વર્ણવાળા, લાખના રસ, સરસ રક્તવર્ણ કિંશુકના પુષ્પ, જાસુના પુષ્પ, લાલ રંગના બંધુજીવકના પુષ્પ, ઉત્તમ જાતિનો હિંગળો; સરસ કંકુ, બકરા અને ઘેટાના લોહી અને ઈન્દ્રગોપની સમાન લાલ વર્ણવાળા; મયૂર, નીલમ, મણિ, ગુલિકા પોપટની પાંખ, ચાષ પક્ષીના પાંખ; ભમરાની પાંખ, સૌસક અથવા શ્યામા નીલ કમલના સમૂહ, નવીન શિરીષ કુસુમ અને ઘાસની સમાન નીલવર્ણવાળા; ઉત્તમ અંજન કાળા ભમરા અથવા કોયલ; રિષ્ટરત્ન, ભમર સમૂહ, ભેંસના શીંગડાની ગોળી અને કજલ સમાન કાળા વર્ણવાળા આ પ્રમાણે પાંચે વર્ણવાળા મેઘ હોય; વિજળી ચમકી રહી હોય, ગર્જનાની ધ્વનિ થઈ રહી હોય, વિસ્તીર્ણ આકાશમાં વાયુના કારણે ચપળ બનેલ વાદળ આમતેમ ચાલતા હોય, નિર્મળ શ્રેષ્ઠ ધારાઓથી ગલિત, પ્રચંડવાયુથી હણાયેલો અને પૃથ્વીતલને ભીંજાવી દેતો વરસાદ ઉપરા ઉપર વરસતો હોય, જલધારાના સમૂહથી ભૂતલ શીતલ થઈ ગયેલ હોય, પૃથ્વીરૂપી રમણીએ ઘાસરૂપી કંચુકને ધારણ કરેલ હોય, વૃક્ષોનો સમૂહ નવીન પલ્લવોથી સુશોભિત થઈ ગયો હોય, વેલાનો સમૂહ વિસ્તાર પામ્યા હોય પૃથ્વીના ઉંચા પ્રદેશો સૌભાગ્યને પામ્યા હોય, વૈભારગિરિના પ્રપાતતટ અને કટકથી નિર્ઝર નીકળીને વહેતા હોય, પર્વતીય નદીઓમાં તીવ્રગામી પ્રવાહના કારણે ઉત્પન્ન થયેલ ફીણોવડે વ્યાપ્ત પાણી વહી રહ્યું હોય ઉદ્યાન સર્જ અર્જુન નીપ, અને કુટજ નામક વૃક્ષોના અંકુરોથી અને છત્રાકારથી યુક્ત થઈ ગયેલ હોય મેઘની ગર્જનાને કારણે હૃષ્ટ તુષ્ટ થઈ નાચવાની ચેષ્ટા કરનાર મયૂરો હર્ષના કારણે મુક્ત કંઠથી કેકારવ કરી રહ્યા હોય, અને વર્ષા ઋતુના કારણે ઉત્પન્ન થયેલ મદથી તરુણ મયૂરીઓ નૃત્ય કરી રહી હોય, ઉપવન શિલીંધ્ર, કુટજ, કંદલ, અને કદંબ વૃક્ષના પુષ્પોનાં નવીન અને સુરભિત ગંધની તૃપ્તિને ધારણ કરી રહ્યા હોય, નગરના બહારની ઉદ્યાનો કોયલોના સ્વરથી વ્યાપ્ત હોય, અને રક્તવર્ણ ઈન્દ્ર ગોપ નામના કીટોથી શોભાયમાન થઈ રહેલ હોય, તેમાં ચાતક પક્ષીઓ કરુણ સ્વરથી બોલી રહ્યા હોય, તે ઉદ્યાનો નમી ગયેલા તૃણોથી સુશોભિત હોય, તેમાં દેડકાઓ ઉંચા સ્વરે શબ્દ કરતા હોય, મન્દોન્મત્ત ભમરાઓ અને ભમરીઓના સમૂહો એકઠા થયા હોય, તથા તે ઉદ્યાન પ્રદેશોમાં પુષ્પરસના લોલુપ એવા મધુર ગુંજાર કરનાર મદોન્મત્ત ભમરા લીન થઈ રહ્યા હોય, આકાશ તળમાં ચન્દ્રમાં સૂર્ય અને ગ્રહો ના સમૂહ મેઘોથી આચ્છાદિત થવાના કારણે શ્યામ વર્ણના દૃષ્ટિ ગોચર થઈ રહેલ હોય હોય, ઈન્દ્રધનુષ રૂપી ધ્વજપટ ફરફરી રહેલ હોય, અને તેમાં રહેલાં મેઘ સમૂહ બગલાઓના સમૂહો વડે શોભતો હોય, આવીરીતે કારંડક, ચકવાક, અને રાજહંસ પક્ષીઓને માનસ સરોવર તરફ જવા માટે ઉત્સુક કરનાર વર્ષાઋતુનો સમય પ્રાપ્ત થયેલ હોય, એવા વર્ષાકાળમાં જે માતાઓ સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક મંગલ અને પ્રાયશ્ચિત્ત કરીને.

વિચરતી હોય તે માતાઓ ધન્ય છે જે પગમાં ઉત્તમ નૂપુર ધારણ કરે છે, કમરમાં રત્નની કટીમેખલા પહેરે કરે છે, વૃક્ષસ્થલ ઉપર હાર પહેરે છે, હાથોમાં ઉચિત કડાં પહરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, આંગળીઓમાં અંગુઠીઓ પહેરે છે, પોતાની બાહુઓને વિચિત્ર અને શ્રેષ્ઠ વલયોવડે સ્તંભિત કરે છે, જેઓનું મુખ કુંડલોથી ચમકી રહ્યું છે, અંગ રત્નોથી ભૂષિત થઈ રહેલ છે, જેઓ એવા વસ્ત્રો પહેર્યા હોય કે જે નાસિકાના નિશ્વાસથી પણ ઉડી જાય ઉત્તમ વર્ણ અને સ્પર્શવાળા હોય, ઘોડાના મુખમાંથી નીકળતા ફેણથી પણ કોમળ અને હળવા હોય, ઉજ્જવળ હોય, જેની કિનારી ઓ સુવર્ણના તારોથી વણી હોય શ્વેત હોવાના કારણે જે આકાશ સ્ફટિકની સમાન કાન્તિવાળા હોય, અને શ્રેષ્ટ હોય, જે માતાઓનું મસ્તક સમસ્ત ઋતુઓ સંબધી પુષ્પો અને શ્રેષ્ઠ ફૂલમાળઓથી સુશોભિત હોય, ઉત્તમ ધૂપથી ધૂપિત હોય, અને જે લક્ષ્મીની સમાન વેષ વાળી હોય, આ પ્રમાણે સજ્જ થઈને જે સેચનક નામના ગંધહસ્તીરત્ન પર આરુઢ થઈ કોરંટ પુષ્પોની માળાથી સૂશોભિત છત્રને ધારણ કરે છે. ચન્દ્રપ્રભ વજ્ર અને વૈડૂર્ય રત્નના નિર્મળ દંડવાળા એવં શંખ, કુંદ, પુંષ્પ, જલકણ અને અમૃતનું મંથન કરવાથી ઉત્પન્ન થયેલ ફેનના સમૂહની સમાન (શ્વેત) ચાર ચામરો જેના ઉપર ઢોળાય રહ્યા હોય, જે હસ્તીરત્નના સ્કંધપર રાજા શ્રેણિકની સાથે બેઠેલ હોય. તેમની પાછળચતુરંગિણી સેના ચાલી રહેલહોયછત્રઆદિ રાજ ચિહ્નોરૂપ સમસ્ત ઋદ્ધિની સાથે, આભૂષણો આદિની કાન્તિની સાથે યાવત્ વાદ્યોના નિર્ઘોષ શબ્દની સાથે, રાજગૃહ નગરના શ્રૃંગાટક ત્રિક, ચતુષ્ક ચત્વર, ચર્તુમુખ મહાપથ, તથા સામાન્ય માર્ગમાં ગંધોદક એકવાર છાંટેલ, અનેકવાર છાંટેલા, પવિત્ર કરેલા, કચરો દૂર કરવાથી સંમાર્જન કરેલાં, છાણ વગેરેથી લીંપેલા યાવત્ ઉત્તમ ગંધના ચુર્ણવડે સુગંધ વાળા એવા તે રાજગૃહ નગરને જોતી જઈ રહી હોય. નગરના લોકોવડે સ્તુતિ કરાતી તથા વૃંતાકી વગેરેના ગુચ્છાઓ, સહકારાદિકની લતાઓ, વૃક્ષો, ગુલ્મો અનેવેલોના સમૂહ વડે વ્યાપ્ત થયેલા, મનોહર વૈભારગિરિના પ્રદેશના નીચલા ભાગોની સમીપે ચારે તરફ સર્વત્ર ફરતી ફરતી પોતાના દોહલાને દૂર કરે છે પૂર્ણ કરે છે. તો હું પણ મારો દોહલો પૂર્ણ કરૂં !

[૧૯] ત્યાર પછી તે ધારિણી દેવી તે દોહદના પૂર્ણ ન કરવાના કારણે, સંપન્ન ન થવાના કારણે, સંપૂર્ણ ન થવાના કારણે, મેઘ આદિનો અનુભવ ન થવાના કારણે, સમ્માનિત ન થવાના કારણે, માનસિક સંતાપ દ્વારા રક્તનું શોષણ થઈ જવાથી શુલ્ક થઈ ગઈ ભૂખથી વ્યાપ્ત થઇ ગઈ, માંસથી રહિત થઈ ગઇ, તેમજ જીર્ણ શરીરવાળી થઇ, સ્નાનનો ત્યાગ કરવાથી મલિન શરીરવાળી, ભોજન ત્યાગી દેવાથી દુબળી તથા થાકેલી જેવી થઈ ગઈ, તેણે મુખ અને નયનરૂપી કમળ નીચા કરી દીધા. તેનું મુખ ફિક્કું થઈ ગયું, હથેળીઓથી મસળેલ ચંપક પુષ્પની માળા સમાન નિસ્તેજ થઈ ગઈ, તેનું મુખ દીન અને વિવર્ણ થઈ ગયું. તે યથોચિત પુષ્પ, ગંધ, માળા, અલંકાર અને હારના વિષયમાં રૂચિરહિત થઈ ગઈ, જળ આદિની ક્રીડા અને ચોપાટ આદિ રમતની ક્રિયાનો પરિત્યાગ કરી દીધો. તે દીન દુઃખી મનવાળી આનંદહીન તેમજ ભૂમિની તરફ દૃષ્ટિ કરીને બેઠી. તેના મનનો સંકલ્પ નષ્ટ થઈ ગયો. તે યાવત્ આર્તધ્યાન કરવા લાગી. ત્યાર પછી તે ધારિણી દેવીની અંગ પરિચારિકાઓ, શરીરની સેવા શૂશ્રૂષા કરવાવાળી આભ્યંતર દાસીઓ ધારિણી દેવીને જીર્ણ શરીરવાળી યાવત્ આર્તધ્યાન કરતી જુએ છે, જોઈને આ પ્રમાણે કહે છે. દેવાનુપ્રિયે ! તમે યાવત્ આર્તધ્યાન કેમ કરો છો ?

ત્યાર પછી ધારિણી દેવી અંગપરિચારિકા આભ્યંતર દાસીઓ દ્વારા આ પ્રમાણે કહેવા પર તેમનો આદર કરતી નથી અને તેમને જાણતી પણ નથી તે મૌન જ રહે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ત્યાર પછી તે અંગપરિચારિકા આભ્યં- તર દાસીઓ બે વાર ત્રણવાર આ પ્રમાણે કહેવા લાગી યાવત્ આર્તધ્યાન કરો છો ? ત્યાર પછી ધારિણી દેવી યાવત્ મૌન રહે છે. તત્પશ્ચાત્ તે અંગપરિચારિકા આભ્યંતર દાસીઓ ધારિણી દેવી દ્વારા નહી આદર કરેલ નહી જાણેલી તે જ પ્રકારે સભ્રાન્ત થતી જ્યાં શ્રેણિક રાજા હતા ત્યાં આવે છે. આવીને બંને હાથ એકઠા કરીને યાવત્ મસ્તક પર અંજલિ કરીને જય-વિજયથી વધાવે છે.અને વધાવીને આ પ્રમાણે કહે છે : સ્વામિન્ ! આજે ધારિણી દેવી જીર્ણ જેવી તેમજ જીર્ણ શરીરવાળી થઈને યાવત્ આર્તધ્યાનથી યુક્ત થઈને કંઈક ચિંતા કરે છે.

[૨૦] તદનન્તર શ્રેણિક રાજા તે અંગપચારિકાઓ પાસેથી તે અર્થ સાંભળીને, મનમાં ધારણ કરીને, તેવા પ્રકારે વ્યાકુળ થતા થકા, શીઘ્ર ત્વરાની સાથે તેમજ અત્યંત શીઘ્રતાથી જ્યાં ધારિણી દેવી હતી ત્યાં આવે છે. આવીને ધારિણી દેવીને જીર્ણ જેવી જીર્ણ શરીરવાળી યાવત્ આર્તધ્યનથી યુક્ત ચિન્તા કરતી જુવે છે. જોઈને આ પ્રમાણે કહે છે :- દેવાનુપ્રિયે ! તમે યાવત્ આર્તધ્યાનથી યુક્ત થઈને કેમ ચિંતા કરી રહી છો ? ત્યાર પછી તે ધારિણી દેવી, યાવત્ મૌન રહે છે. પછી તે શ્રેણિક રાજા ધારિણી દેવીને બીજી વાર અને ત્રીજીવાર પણ આ પ્રકારે કહે છે :- તો પણ મૌન રહે છે. ત્યાર પછી શ્રેણિક રાજા ધારિણી દેવીને કહે છે દેવાનુપ્રિયે ! હું તમારા મનની વાત સાંભળવા માટે અયોગ્ય છું ? જેથી તું તારા મનમાં રહેલ આ માનસિક દુઃખને છુપાવે છે ? ત્યાર પછી ધારિણી-દેવીએ શ્રેણિક રાજાને આ પ્રમાણે કહ્યું : સ્વામિન્ ! મને તે ઉદાર આદિ વિશેષણોથી યુક્ત મહાસ્વપ્ન આવેલ હતું. તેને ત્રણ માસ પૂરા થઈ ગયેલ છે. તેથી આવા પ્રકારનો અકાળ મેઘ સંબંધી દોહદ ઉત્પન્ન થયેલ છે કેઆ પ્રમાણે આ દોહદના પૂર્ણ ન થવાના કારણે જીર્ણ જેવી, યાવત્ આર્તધ્યાનથી યુક્ત થઈને ચિંતાગ્રસ્ત થઈ રહી છું.

ત્યાર પછી શ્રેણિક રાજાએ ધારિણી દેવી પાસેથી આ વાત સાંભળીને અને સમજીને ધારિણી દેવીને આ પ્રમાણે કહ્યું. દેવાનુપ્રિયે ! તમે જીર્ણ શરીરવાળા ન થાઓ. યાવત્ ચિંતા ન કરો. હું કોઈ એવો ઉપાય કરીશ. જેથી તમારા આ અકાળ દોહદની પૂર્તિ થઈ જશે. આ પ્રમાણે કહીને ધારિણી દેવીને ઈષ્ટ કાન્ત, મનોજ્ઞ અને મણામ વાણીથી આશ્વાસન આપે છે. બહારની ઉપસ્થાન શાળા છે. ત્યાં આવે છે, આવીને શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ દિશાની તરફ મુખ રાખીને બેસે છે. ધારિણી દેવીના આ અકાળ દોહદની પૂર્તિ કરવાને માટે ઘણા લાભોથી, ઘણા ઉપાયોથી, ઔત્પાત્તિકી, વૈનયિક, કાર્મિકી, અને પારિણામિકી બુદ્ધિથી વારંવાર વિચાર કરે છે પરંતુ દોહદ પૂર્તિમાટે કોઈ ઉપાય નથી સુઝતો. તેથી શ્રેણિક રાજાના મનના સંકલ્પ નષ્ટ થઈ ગયા. તે યાવત્ ચિંતા- ગ્રસ્ત થઈ જાય છે. ત્યાર પછી અભયકુમાર સ્નાન કરીને, બલિકર્મ કરીને યાવત્ સમસ્ત અલંકારોથી વિભૂષિત થઈને જ્યાં શ્રેણિક રાજા છે ત્યાં આવે છે આવીને શ્રેણિક રાજાને જુવે છે, કે તેના મનના સંકલ્પોને આઘાત પહોંચેલ છે. તે જોઈને અભયકુમારના મનમાં આ પ્રકારનો આત્મા સંબંધી, ચિંતિત, પ્રાર્થિત અને મનોગત સંકલ્પ ઉત્પન્ન થાય છે. અન્ય સમયે શ્રેણિક રાજા મને આવતા જોતા હતા તો જોઈને આદર કરતા સત્કાર કરતા, સન્માન કરતા, તથા આલાપ, સંલાપ કરતા હતા, અર્ધા આસન ઉપર બેસવાને માટે નિમંત્રણ કરતા અને મારા મસ્તકને સુંઘતા હતા. પરંતુ આજે શ્રેણિક રાજા મને આદર આપતા નથી, યાવત્ મારા મસ્તકને સૂંઘતા નથી. તેમના મનના સંકલ્પને કંઈક આઘાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહોંચેલ છે તેથી ચિંતિત થઈ રહ્યા છે, એનું કંઈ કારણ હોવું જોઈએ, મારે શ્રેણિક રાજાને આ વાત પૂછવી યોગ્ય છે. અભયકુમાર આ પ્રમાણે વિચાર કરે છે, અને વિચાર કરીને જ્યાં શ્રેણિક રાજા છે ત્યાં આવે છે. આવીને બંને હાથ જોડીને મસ્તક પર આવર્ત કરીને અંજલિ કરીને જય વિજયથી વધાવે છે, વધાવીને આ પ્રમાણે કહે છે.

હે તાત ! આપ અન્ય સમયે મને આવતા જોઈને આદર કરતા, યાવત્ નિમંત્રણ કરતા. પરંતુ હે તાત ! આજે મને આદર આપતા નથી. યાવત્ આસન પર બેસવાને માટે નિમંત્રણ કરતા નથી અને મનનો સંકલ્પ નષ્ટ થઈ જવાને કારણે કાંઈક ચિંતા કરી રહ્યા છો તો આ વિષયમાં કાંઈક કારણ હોવું જોઈએ તો હે તાત ! આપ આ કારણને છુપાવ્યા વિના, ઈષ્ટ પ્રાપ્તિમાં શંકા રાખ્યા વિના, અપલાપ કર્યા વિના, દબાવ્યા વિના જેવું હોય તેવું સત્ય તેમજ સંદેહ રહિત કહો પછી હું તે કારણના અન્ત સુધી પહોંચવાનો પ્રયત્ન કરીશ. ત્યારપછી શ્રેણિક રાજાએ અભય કુમારને આ પ્રમાણે કહ્યું પુત્ર ! તમારી નાની માતા ધારિણી દેવીના ગર્ભને બે માસ વ્યતીત થવા છે અને તૃતીય માસ ચાલી રહ્યો છે. તેને દોહદ કાળના સમયે આ પ્રમાણેનો દોહદ ઉત્પન્ન થયેલ છે-યાવત્ પોતાના દોહદને પૂર્ણ કરે છે. ત્યારે હે પુત્ર ! હું ધારિણી દેવીના આ અકાળ દોહદના પૂર્તિના ઉપાયને જાણી શકતો નથી. તેથી મારા મનનો સંકલ્પ નષ્ટ થઇ ગયો છે, અને હું ચિંતા કરું છું. મેં એ પણ ન જાણ્યું કે તું આવ્યો છે તેથી હે પુત્ર ! ચિંતા કરી રહ્યો છું. અભયકુમાર શ્રેણિક રાજા પાસે-થી આ અર્થ સાંભળીને અને સમજીને હૃષ્ટ તુષ્ટ અને આનંદિત હૃદય થયો તેણે શ્રેણિક રાજાને આ પ્રમાણે કહ્યું હે તાત ! આપ ભગ્ન-મનોરથ થઈને ચિંતા ન કરો હું તેવો કોઈ ઉપાય કરીશ જેથી મારી નાની માતા ધારિણી દેવીના આ પ્રકારના આ અકાળ દોહદના મનોરથની પૂર્તિ થાય. ત્યાર પછી શ્રેણિક રાજા અભય કુમારના આ પ્રમાણે કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થયા, તે અભય કુમારનો સત્કાર કરે છે સન્માન કરે છે. વિદાય આપે છે.

[૨૧] ત્યાર પછી તે અભયકુમાર શ્રેણિક રાજાની પાસેથી નીકળે છે, નિકળીને જ્યાં પોતા નું ભવન છે, ત્યાં આવે છે, આવીને સિંહાસન ઉપર બેસે છે. ત્યાર પછી તે અભય કુમારને આ પ્રકારનો આ આંતરિક સંકલ્પ ઉત્પન્ન થયો, દિવ્ય ઉપાય વિના કેવળ માનવીય ઉપાયથી મારી નાની માતા ધારિણી દેવીના અકાળ દોહદના મનોરથની પૂર્તિ થવી શક્ય નથી. સૌધર્મ કલ્પમાં રહેનાર દેવ મારો પૂર્વનો મિત્ર છે. જે મહાન ઋદ્ધિ નો ધારક યાવત્ મહાન સુખ ભોગવનાર છે. તો મારા માટે તે શ્રેયસ્કર છે. કે હું પૌષધ શાળામાં પૌષધ ગ્રહણ કરીને,બ્રહ્મચર્ય ધારણ કરીને,મણિ-સુવર્ણઆદિના અલંકારોનો ત્યાગ કરીને, માલા વર્ણક, અને વિલેપનનો ત્યાગ કરીને, શસ્ત્ર મૂસલ આદિ છોડીને, એકાકી અને અદ્વિતીય થઈને, ડાભના સંથારા પર સ્થિત થઈને, અઠમની તપસ્યા ગ્રહણ કરીને, પહેલાના મિત્ર દેવનું મનમાં ચિંતન કરૂં. એમ કરવાથી તે પૂર્વનો મિત્ર દેવ મારી લઘુમાતા ધારિણી દેવીના આ પ્રકારના આ અકાળ મેઘો સંબંધી દોહદને પૂર્ણ કરી દેશે.

અભયકુમાર આ પ્રમાણે વિચાર કરીને જ્યાં પૌષધશાળા છે, ત્યાં આવેછે. આવીને પૌષધશાળાનું પ્રમાર્જન કરે છે પ્રમાર્જન કરીને ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિનું પ્રતિ-લેખન કરે છે. ડાભના સચારાનું પ્રતિલેખન કરે છે. બેસીને અઠમ ભક્ત તપને ગ્રહણ કરે છે. પૌષધ યુક્ત થઈને બ્રહ્મચર્ય અંગીકાર કરીને યાવત્ પહેલાના મિત્ર દેવનું મનમાં પુનઃ પુનઃ ચિંતન કરે છે. ત્યાર પછી અભયકુમારને અઠમ ભક્ત તપ પ્રાયઃપૂર્ણ થવા આવ્યું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે પૂર્વભવના મિત્ર દેવનું આસન ચલાયમાન થયું. તે દેવ અવધિજ્ઞાનનો ઉપયોગ લગાવે છે. ત્યારે પૂર્વભવના મિત્રદેવને આ પ્રકારનો આંતરિક વિચાર ઉત્પન્ન થાય છે. - "આ પ્રમાણે મારા પૂર્વ ભવનો મિત્ર અભયકુમાર જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં, ભારત વર્ષ માં, દક્ષિણાર્ધ ભરતમાં, રાજગૃહ નગરમાં, પૌષધ શાળામાં અષ્ઠમભક્ત ગ્રહણ કરીને, મનમાં વારંવાર મારું સ્મરણ કરી રહ્યો છે. તેથી મારે અભય કુમારની પાસે પ્રગટ થવું યોગ્ય છે." દેવ આ પ્રમાણે વિચારકરીને ઉત્તરપૂર્વ દિગ્ભારમાં જાય છે, અને વૈક્રિય સમુદ્‌ઘાતથી સમુદ્‌ઘાત કરે છે, જીવ પ્રદેશોને બહાર કાઢીને સંખ્યાત યોજનનો દંડ બનાવે છે. તે આ પ્રમાણે છે. કર્કેતનરત્ન, વજ્રરત્ન, વૈડૂર્યરત્ન, લોહિતાક્ષરત્ન, મસાર ગલ્લરત્ન હંસગર્ભરત્ન, પુલાકરત્ન, સૌગંધિકરત્ન, જ્યોતિસરત્ન, અંકરત્ન, અંજન રત્ન,રજતરત્ન,જાતરૂપરત્ન, અંજનપુલકરત્ન, સ્ફટિકરત્ન, અને રિષ્ટરત્ન આ રત્નોના યથા બાદર પુદ્‌ગલોનો પરિત્યાગ કરે છે, યથાસૂક્ષ્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. પછી અભય કુમાર ઉપર અનુકંપા કરતો પૂર્વભવમાં ઉત્પન્ન થયેલ સ્નેહજનિત પ્રીતિના કારણે ને ગૂણાનુરાગ કારણે તે ખેદ કરવા લાગ્યો. પછી તે દેવ રત્નમય ઉત્તમ વિમાનથી નિકળીને પૃથ્વીતળ પર જવાને માટે શીઘ્ર ગતિનો પ્રચાર કર્યો, તે સમયે ચલાયમાન થતા, નિર્મળ સુવર્ણના પ્રતાર જેવા કર્ણપૂર અને મુગુટના ઉત્કૃષ્ટના આડંબરથી તે દર્શનીય લાગતો હતો. અનેક મણિઓ, સુવર્ણ અને રત્નોના સમૂહથી શોભિત અને વિચિત્ર રચનાવાળા પહેરેલ કટિસૂત્રથી તેને હર્ષ ઉત્પન્ન થતો હતો. ચલાયમાન એવા શ્રેષ્ઠ અને મનોહર કુંડલોવડે ઉજ્જવળ મુખની કાંતિથી તેનું રુપ અતિશય મનોહર હતું. કાર્તિકી પૂર્ણિમાની રાત્રિએ શનિ અને મંગળગ્રહના મધ્યભાગમાં સ્થિત અને ઉદય પામેલા શરદ ઋતુના ચંદ્રની જેમ તે દેવ જોનારાઓના નેત્રોને આનંદ આપી રહ્યો હતો. દિવ્ય ઔષધિઓની સમાન મુકુટ આદિના તેજથી દેદીપ્યમાન રૂપથી મનોહર, સમસ્ત ઋતુ ઓની પુષ્પાદિક લક્ષ્મીવડે જેની શોભા વૃદ્ધિ પામી છે, એવો તથા પ્રકૃષ્ટ ગંધના પ્રસાર થી મનોહર મેરુપર્વતની સમાન તે દેવ શોભતો હતો. આવું વિચિત્ર રુપ વિકુર્વી દિવ્ય રૂપને ધારણ કરતો, તે દેવ અસંખ્ય સંખ્યાવાળા અસંખ્ય નામવાળા દ્વીપો અને સમુદ્રોની મધ્યમાં થઈને જવા લાગ્યો. પોતાની વિમળ પ્રભાથી તિર્છા લોકને તથા નગરવર રાજ ગૃહને પ્રકાશિત કરતો થકી દિવ્યરૂપ ધારી તે દેવ અભયકુમારની પાસે આવી પહોંચ્યો.

[૨૨] ત્યાર પછી પાંચ વર્ણવાળા તથા ઘુંઘરુવાળા ઉત્તમવસ્ત્ર ધારણ કરેલ તે દેવ આકાશમાં સ્થિત થઈને(અભયકુમારને આ પ્રમાણે કહે છે.)હે દેવાનુપ્રિય! હું તમારા પૂર્વભવનો મિત્ર સૌધર્મકલ્પવાસી મહાન્ ઋદ્ધિનો ધારક દેવ છું. કેમકે તમે પૌષધ શાળામાં અષ્ઠમભક્ત તપ કરીને મને મનમાં રાખીને સ્થિત થયા છો, એ કારણે હે દેવાનુ પ્રિય ! હું શીઘ્ર અહીં આવેલ છું. હે દેવાનુપ્રિય ! બતાવો તમારું શું ઈષ્ટ કાર્ય કરું ? તમને શું આપું ? તમારા સંબંધિઓને શું કરું શું આપું ? તમારા મનની ઈચ્છા શું છે ? અભયકુમારે આકાશમાં સ્થિત પૂર્વભવના મિત્ર દેવને જોઈને હૃષ્ટ-તુષ્ટ થયો. પૌષધને પાર્યો.

હે દેવાનુપ્રિય ! મારી લઘુમાતા ધારિણી દેવીને આ પ્રમાણે અકાલ દોહદ ઉત્પન્ન થયો છે કે તે માતાઓ ધન્ય છે. યાવત્ હું પણ મારા દોહદને પૂર્ણ કરું. તમે મારી લઘુમાતા ધારિણી દેવીના આ પ્રકારના દોહદને પૂર્ણ કરી દો. ત્યાર પછી અભયકુમારના આ પ્રમાણે કહેવા પર હૃષ્ટ, તુષ્ટ થઈને તે દેવે અભયકુમારને કહ્યું-હે દેવાનુપ્રિય ! તમે

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિશ્ચિન્ત રહો, અને વિશ્વાસ રાખો. હું આ દોહદની પૂર્તિ કરી આપીશ. એમ કહીને દેવ અભયકુમાર પાસેથી નીકળે છે. નીકળીને ઉત્તર પૂર્વ દિશામાં વૈભારગિરિવર જઈને વૈક્રિય સમુદ્ઘાત કરે છે સંખ્યાત યોજન પ્રમાણવાળો દંડ બનાવે છે, યાવત્ બીજીવાર પણ વૈક્રિયસમુદ્ ઘાત કરે છે. અને ગર્જનાથી યુક્ત, વિજળીથી યુક્ત અને જળ બિંદુ ઓથી યુક્ત, પાંચ વર્ણવાળો મેઘોની ધ્વનિથી શોભિત દિવ્ય વર્ષાઋતુની લક્ષ્મીની વિક્રિયા કરે છે. વિક્રિયા કરીને જ્યાં અભયકુમાર છે ત્યાં આવે છે આવીને અભય કુમારને આ પ્રમાણે કહે છે. દેવાનુપ્રિય ! મેં તમારી પ્રીતિને માટે વર્ષાલક્ષ્મીની વિક્રિયા કરી છે તેથી તમારી લઘુમાતા ધારિણીદેવી આ પ્રકારના આ દોહદની પૂર્તિ કરે.

ત્યાર પછી અભયકુમાર આ સૌધર્મ કલ્પવાસી પૂર્વના મિત્ર દેવથી આ વાત સાંભળી સમજીને હૃષ્ટ-તુષ્ટ થઈને પોતાના ભવનમાંથી બહાર નીકળે છે. નીકળીને જ્યાં શ્રેણિક રાજા છે ત્યાં આવે છે આવીને મસ્તક પરબંને હાથજોડીને પ્રમાણે કહે છે, હે તાત ! આ પ્રકારે મારા પૂર્વભવના મિત્ર સૌધર્મવાસી દેવે યાવત્ વર્ષાઋતુની શોભાની વિક્રિયા કરી છે. તેથી મારી લઘુ માતા ધારિણી દેવી પોતાના અકાળ દોહદને પૂર્ણ કરે. ત્યાર પછી શ્રેણિક રાજા, અભયકુમાર પાસેથી આ વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હર્ષિત અને સંતુષ્ઠ થયા યાવત્ તેણે કોટુમ્બિક પુરુષોને બોલાવ્યા બોલાવીને આ પ્રમાણે કહ્યું :- હે દેવાનુપ્રિયો ! શીઘ્રજ રાજગૃહ નગરમાં શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક અને ચબુતરા આદિને સીંચન કરીને, યાવત્ ઉત્તમ સુગંધથી સુગંધિત કરીને અને ગંધની વર્તી હોય તેવું કરો, ત્યાર પછી તે કૌટુમ્બિક પુરુષો આજ્ઞાનું પાલન કરીને યાવત્ તે આજ્ઞાને પાછી સોંપે છે, તત્પશ્ચાત્ શ્રેણિક રાજા બીજીવાર કૌટુમ્બિક પુરુષોને બોલાવે છે અને બોલાવી- ને આ પ્રમાણે કહે છે હે દેવાનુપ્રિયો ! ચતુરંગી સેનાને તૈયાર કરો અને સેચનક નામના ગંધહસ્તીને પણ તૈયાર કરો તે કૌટુમ્બિક પુરુષો પણ આજ્ઞા પાલન કરે છે. ત્યાર પછી તે શ્રેણિક રાજા જ્યાં ધારિણી દેવી હતાં ત્યાં આવે છે. આ આવીને ધારિણી દેવીને આ પ્રમાણે કહે છે-દેવાનુપ્રિયો ! આ પ્રકારે ગર્જનાની ધ્વનિથી યુક્તયાવત્ વર્ષાની સુષુમા પ્રાદુર્ભૂત થયેલ છે. તેથી તમે તમારા અકાળ દોહદની નિવૃત્તિ કરો.

ત્યાર પછી તે ધારિણી દેવી શ્રેણિક રાજાના આ પ્રમાણના કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થઈ અને જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં ગઈ. સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક મંગલ અને પ્રાય શ્ચિત કર્યું. પછી પગમાં ઉત્તમ નૂપુર પહેરીનેયાવત્ આકાશ અને સ્ફટિક મણિની સમાન પ્રભાવાળા વસ્ત્રો ધારણ કરીને સેચનક નામના ગંધહસ્તી પર આરુઢ થઈને અમૃતમંથ નથી ઉત્પન્ન થયેલ ફેણના સમૂહની સમાન શ્વેત ચામરનાબાલો રૂપી વિજણા થી વિંજાતી થકી રવાના થઈ. ત્યાર પછી શ્રેણિકરાજાએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, યાવત્ તે સુસજ્જિત થઈને, શ્રેષ્ઠ ગંધહસ્તીના સ્કંધ પર આરુઢ થઈને, કોરંટવૃક્ષના પુષ્પની માળા વાળા છત્રને મસ્તક પર ધારણ કરીને, ચાર ચામરોથી વિંઝાતા ધારિણી દેવીની પાછળ ચાલ્યા. શ્રેષ્ઠ હાથીના સ્કંધપર બેસીને ચાલ્યા ધારિણી દેવી અશ્વ હાથી, રથ અને યોદ્ધાઓ સહિત ચતુરંગી સેનાથી પરિવૃત્ત હતી. તેની ફરતા મહાન સુભટોનો સમૂહ ઘેરાયેલ હતો. આ પ્રમાણે સંપૂર્ણ સમૃદ્ધિની સાથે, યાવત્ દુંદુભિના નિર્ઘોષની સાથે રાજગૃહ નગરના શ્રૃંગાટક, યાવત્ રાજમાર્ગમાં થઈને નીકળી નાગરિક લોકોએ પુનઃ પુનઃ તેનું અભિનંદન કર્યું ત્યાર પછી તે જ્યાં વૈભારગિરિપર્વત હતો, તે તરફ આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવીને વૈભારગિરિના કટતટમાં અને તળેટી માં દંપતિઓના ક્રીડાસ્થાન આરા મોમાં. પુષ્પફળથી સંપન્ન ઉદ્યાનોમાં,સામાન્ય વૃક્ષો થી યુક્ત કાનનોમાં, નગરથી દુર વર્તી વનો માં, એક જાતિના વૃક્ષોના સમૂહ વાળા વનખંડમાં, વૃક્ષોમાં વૃન્તાકી આદિના ગુચ્છાઓ માં, વાંસની ઝાડી આદિ ગુલ્મો માં, આમ્ર આદિની લતાઓમાં, નાગરવેલ આદિની વલ્લીઓમાં ગુફાઓમાં,તળાવોમાં, થોડા પાણીવાળા કચ્છોમાં, નદીઓમાં, અને અન્ય જલાશયોમાં સ્નાન કરતી પત્રો પુષ્પો, ફળો, અને પલ્લવોને ગ્રહણ કરતી પુષ્પાદિકને સુંઘતી, ફળાદિકનું આસ્વાદન કરતી અને બીજાને આપતી, વૈભાર ગિરિની સમીપની ભૂમિમાં પોતાનો દોહદ પૂર્ણ કરતી ચારે તરફ પરિભ્રમણ કરવા લાગી. ધારિણી દેવીએ દોહદને દૂર કર્યો, દોહદને, પૂર્ણ કર્યો અને દોહદને સંપન્ન કર્યો. ત્યાર પછી ધારિણી દેવી સેચનક નામના ગંધ હસ્તી ઉપર આરુઢ થઈ. યાવત્ રાજગૃહ નગર ની વચ્ચોવચ્ચ થઈને જ્યાં પોતાનું ભવન છે, ત્યાં આવે છે. ત્યાં આવીને મનુષ્ય સંબંધી વિપુલ ભોગ ભોગવતો વિચરે છે.

[૨૩] ત્યાર પછી અભયકુમાર જ્યાં પૌષધશાળા છે, ત્યાં આવીને પૂર્વના મિત્ર દેવનો સત્કાર-સન્માન કરે છે. વિદાય કરે છે. ત્યાર પછી અભયકુમાર દ્વારા વિદાય કરેલ તે દેવ ગર્જનાથી યુક્ત, પચરંગી મેઘોથી સુશોભિત દિવ્ય વર્ષા-લક્ષ્મીનો પ્રતિ-સંહરણ કરે છે, જે દિશાથી, પ્રગટ થયેલ હતો, તે દિશા તરફ ચાલ્યો ગયો,

[૨૫] ત્યારપછી ધારિણી દેવીએ પોતાનો તે અકાળ દોહદ પૂર્ણ થવા પર દોહદને સમ્માનિત કર્યો. ગર્ભની અનુકંપાને માટે, ગર્ભને બાધા ન પહોંચે તે રીતે યતનાથી ઊભી થતી, યતનાથી બેસતી અને યતનાથી શયન કરતી, આહાર કરતી થકી એવો આહાર કરતી કે જે અધિક તીખો ન હોય, અધિક કડવો ન હોય, કષાય ન હોય, અધિક ખાટો ન હોય અને અધિક મીઠો પણ ન હોય, દેશ અને કાળના અનુસાર જો તે ગર્ભને માટે હિત કારી હોય, મિત હોય, પથ્ય હોય તે ચિંતા, શોક, મોહ, ભય અને ત્રાસથી રહિત થઈને બધી ઋતુઓમાં સુખપ્રદ ભોજન, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકાર આદિથી સુખપૂર્વક તે ગર્ભનું વહન કરે છે. ત્યાર પછી ધારિણી દેવીએ નવમાસ પરિપૂર્ણ થવા પર અને સાડા સાત રાત્રિ-દિવસ વ્યતીત થવા પર, અર્ધ રાત્રિના સમયે, અત્યંત કોમળ હાથ-પગવાળા યાવત્ સર્વાંગ સુંદર બાળકનો પ્રસવ કર્યો.

ત્યારે દાસીઓ ધારિણી દેવીને પુત્ર ઉત્પન્ન થયો જુએ છે જોઈને હર્ષના કારણે શીઘ્ર, મનથી ત્વરાવાળી, કાયાથી ચપળ, અને વેગવાળી તે દાસીઓ જ્યાં શ્રેણિક રાજા છે, ત્યાં આવે છે. આવીને શ્રેણિક રાજાને જય-વિજય શબ્દ કહીને વધાઈ આપે છે, બંને હાથ જોડીને મસ્તક પર આવર્તન કરીને અંજલિ કરીને આ પ્રમાણે કહે છે. હે દેવાનુપ્રિય ! ધારિણી દેવીએ પુત્રને જન્મ આપેલ છે. તે અમે દેવાનુપ્રિયને પ્રિય નિવેદન કરીએ છીએ તમને પ્રિય થાઓ. ત્યાર પછી શ્રેણિક રાજા તે અંગપરિચારિકાઓની પાસેથી તે અર્થ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ થયા તેણે તે દાસીઓનું મધુર વચનોથી તથા વિપુલ પુષ્પો ગંધો માળાઓ અને આભૂષણોથી સત્કાર સન્માન કર્યું. તેમને દાસી પણથી મુક્ત કરી દીધી. તેમને એવી આજીવિકા કરી આપી કે તેમના પુત્ર પૌત્ર સુધી ચાલે.આ પ્રમાણે આજીવિકા કરીને વિપુલ દ્રવ્ય આપીને વિદાય કરી. ત્યાર પછી શ્રેણિક રાજા કૌટુમ્બિક પુરુષોને બોલાવે છે આદેશ આપે છે-હે દેવાનુપ્રિયો ! શીઘ્ર જ રાજગૃહ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરમાં સુગંધિત જળ છાંટે,યાવત્‌સર્વત્ર મંગળવાનકરવો.કારાગારથીકેદીઓને મુક્ત કરો તોલ અને માપની વૃદ્ધિ કરો. આ પ્રમાણે બધુ કરીને મારી આજ્ઞા મને પાછી આપો.

ત્યાર પછી શ્રેણિક રાજા કુંભકાર આદિ જાતિ રુપ અઢાર શ્રેણિઓને અને તેના ઉપવિભાગરુપઅઢારપ્રશ્રેણિઓનેબોલાવેછે.બોલાવીનેઆ પ્રમાણે કહે છેઃ-હે દેવાનુ પ્રિયો ! તમે જાઓ અને રાજગૃહ નગરની અંદર અને બહાર દશ દિવસની સ્થિતિપતિકા કરાવો.તે આ પ્રકારે દશ દિવસ સુધી શુલ્ક બંધ કરવામાં આવે, કર માફ કરવામાં આવે, વેઠ લેવાતો નિષેધ કરવામા આવે. દંડ તથા કુંદડ બંધ થાય. રાજા તરફથી બધો ઋણ ચુકવી દેવામાં આવે. કોઈ દેવાદારને પકડવામા આવે નહિ, આ પ્રમાણે ઘોષણા કરો. તથા સર્વત્ર મૃદંગ વગેરે વાજિંત્રો વગડાવો. ચારે તરફ વિકસ્વર પુષ્પોની માળાઓ લટકાવો.ઉત્તમ ગણીકાઓ જેમાં મુખ્ય છે.એવોપાત્રોથીનૃત્યાદિક કરાવો.અનેક તાલા ચરો પાસે નાટક કરાવો એવું કરો કે લોક હર્ષિત થઈને ક્રીડા કરે. આ પ્રમાણે યથાયોગ્ય દસ દિવસની સ્થિતિપતિકા કરો અને કરાવો અને મારી આજ્ઞા મને પાછી સોંપો.

ત્યાર પછી શ્રેણિક રાજા બહારની ઉપસ્થાન શાળામાં, પૂર્વની તરફ મુખ રાખીને શ્રેષ્ઠ સિંહાસન ઉપર બેઠા અને સેંકડો, હજારો, લાખોના દ્રવ્યથી યાન એવં દાન આપ્યું. આવકમાંથી અમુક ભાગઆપ્યો અને પ્રાપ્ત થયેલ દ્રવ્યને ગ્રહણ કરતો વિચરવા લાગ્યો. ત્યાર પછી તેના (બાળકના) માતા પિતાએ પહેલા દિવસે જાત કર્મ કર્યું. બીજે દિવસે જાગરિકા કરી. ત્રીજા દિવસે સૂર્ય-ચંદ્રનું દર્શન કરાવ્યું. આ પ્રકારે અશુચિ જાત કર્મની ક્રિયા સંપન્ન થઈ. પછી બારમો દિવસ આવ્યો વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમ વસ્તુઓ તૈયાર કરવી. તૈયાર કરાવીને મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધિ, પરિજન, સેના અને બીજા ઘણા ગણનાયક દંડ નાયક આદિને આમંત્રણ આપ્યું. ત્યાર પછી સ્નાન કર્યું, બલિકર્મ કર્યું. મસિતિલક આદિ કૌતુક કર્યું, યાવત્ સમસ્ત અલં કારોથી વિભૂષિત થયો. પછી વિશાળ ભોજન મંડપમાં તે અશન, પાન, ખાદિમ અન્ય સ્વાદિમ ભોજનનો મિત્ર જ્ઞાતિ આદિ તથા ગણનાયક આદિની સાથે આસ્વાદન, વિસ્વાદન, પરસ્પર વિભાજન અને પરિભોગ કરતો વિચરવા લાગ્યો.આ પ્રમાણે ભોજન કર્યા પછી શુદ્ધ જળથી આચમન કર્યું. હાથ મોઢું ધોઇને સ્વચ્છ થયા, પરમ શુચિ થયા. પછી તે મિત્ર, આદિનો વિપુલ વસ્ત્ર ગંધ,માળાઅનેઅલંકારથીસત્કાર-સન્માનકર્યું.સત્કાર-સન્માન કરીને આ પ્રમાણે કહ્યું કેમકે અમારો આ પુત્ર જ્યારે ગર્ભમાં સ્થિત હતો. ત્યારે તેની માતાને અકાલ-મેઘ સંબંધી દોહદ ઉત્પન્ન થયો હતો. તેથી અમારા આ પુત્રનું નામ મેઘકુમાર હોવું જોઈએ આ પ્રમાણે માતા પિતાએ બાળકનું ગુણનિષ્પન્ન નામ રાખ્યું.

ત્યાર પછી મેઘકુમાર પાંચ ધાયમાતા દ્વારા ગ્રહણ કરાયો, તે આ પ્રમાણે હતી ક્ષીરધાત્રી-દુગ્ધપાન કરાવના ધાય મંડનધાત્રી-મજ્જનધાત્રી-ક્રીડાપનધાત્રી-અંક-ધાત્રી - આ સિવાય અન્યાન્ય કુબ્જ ચિલાતિક, વામન, વડભી [મોટી પેટવાળી], બર્બરી, બકુશ દેશની, યોનક, પલ્હવિક, ઈસિનીક, ઘોરુ કિન અને લ્હાસક દેશની, લકુશ, દ્રવિડ, સિંહલ, અરબ, પુલિંદ, પક્કણ, વહલ, મુરુંડ, શબર, પારસ, આ પ્રમાણે વિવિધ દેશોની રાજગૃહને સુશોભિત કરનાર, ઈંગિત, ચિન્તિત અને પ્રાર્થિત પોત પોતાના દેશમાં વેષને ધારણ કરનાર, અતિનિપુણ, વિનયયુક્ત દાસીઓના દ્વારા તથા સ્વદેશીય દાસીઓ દ્વારા અને વર્ષધરો, કંચુ- કીયો અને મહત્તરોના સમુદાય થી તે મેઘ કુમાર ઘેરાયેલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેવા લાગ્યો તે એકના હાથથી બીજાના હાથમાં જતો એકની ગોદમાંથી બીજાની ગોદમાં જતો, બાળની ઉચિત એવા ગીતોવડે ગવાતો હતો આંગળી પકડીને ચલાવતો હતો, ક્રીડા આદિથી લાલન-પાલન કરવામાં આવતો, મનોહર મણિજડિત પૃથ્વીતલ ઉપર ચાલતો તથા વાયુ રહિત અને વ્યાઘાત રહિત એવી ગિરિની ગુફામાં સ્થિત ચંપક ના વૃક્ષની જેમ સુખે સુખે વૃદ્ધિ પામવા લાગ્યો. ત્યાર પછી મેઘકુમારના માતા-પિતા અનુક્રમથી નામકરણ, પારણામાં સુવાડવું, પગેથી ચલાવવું, ચોટી રાખવી આદિ સંસ્કારો મહાન્ ઋદ્ધિ અને સત્કાર પૂર્વક કરે છે. ત્યાર પછી તે મેઘકુમાર આઠ વર્ષથી અધિક વયનો થયો ત્યારે માતા-પિતાએ શુભ તિથિ કરણ અને મુહૂર્તમાં તેને કલાચાર્ય પાસે મોકલ્યો. કલાચાર્યે મેઘકુમારને લેખ આદિ શકુનિરૂત પક્ષીના શબ્દ પર્યંતની બહોંતર કળાઓ સૂત્રથી, અર્થથી, અને પ્રયોગથી સિદ્ધ કરાવી તથા શીખવાડી.

તે બહોંતેર કળાઓ આ પ્રમાણે. લેખન ગણિત રૂપ બદલવું નાટક ગાયન વાદ્ય વગાડવું સ્વરજાણવા વાજિંત્રસમારવું. સમાન તાલ જાણવા દ્યૂત રમવું લોકોની સાથે વાદ વિવાદ કરવું પાસાથી રમવું ચોપાટ રમવી નગરની રક્ષા કરવી. જળ અને માટીના સંયોગથી વસ્તુનું નિર્માણ કરવું ધાન્ય નિપજાવવું નવુ પાણી ઉત્પન્ન કરવું, પાણીને સંસ્કાર કરી શુદ્ધ બનાવવુંતેમ જ ગરમ કરવું. નવીન વસ્ત્ર બનાવવા, રંગવા શીવવાની તથા પહેરવાની કળા વિલેપનની વસ્તુને જાણવી, તૈયાર કરવી, લેપન કરવી આદિ શય્યા બનાવવી, શયન કરવાની વિધિને જાણવી આદિ આર્ય છંદને ઓળખવો તથા બનાવવો પહેલિકાઓ બનાવવી, બુઝાવવી માગધિકા બનાવવી. પ્રાકૃત ભાષામાં ગાથા આદિ બનાવવું. ગીતિ છંદની રચના કરવી શ્લોક બનાવવો સુવર્ણ બનાવવું તેના આભૂષણ બનાવવા, પહેરવા આદિ નવી ચાંદિ બનાવવી, તેના આભૂષણ બનાવવા. ચૂર્ણ ગુલાબ અબીલ આદિ બનાવવું, તથા તેનો ઉપયોગ કરવો. ઘરેણા ઘડવા, પહેરવા આદિ તરુણીની સેવા કરવી પ્રસાધન કરવું સ્ત્રીનાલક્ષણ જાણવા પુરુષનાલક્ષણ જાણવા અશ્વનાલક્ષણ જાણવા હાથીનાલક્ષણ જાણવા ગાય-બળદના લક્ષણ જાણવા કુકડાના લક્ષણ જાણવા. છત્રલક્ષણ જાણવા દંડ-લક્ષણ જાણવા. તલવારનું લક્ષણ જાણવું મણિનુંલક્ષણ જાણળું. કાકણીરત્નનુંલક્ષણ જાણવું વાસ્તુવિદ્યા-જાણવી. નવું નગર વસાવ વાની કળા વ્યૂહ-મોર્ચા બનાવવો. વિરોધીના વ્યૂહની સામે પોતાની સેના નો મોર્ચો રચવો સૈન્ય સંચાલન કરવું શત્રુસૈન્યના સમક્ષ પોતાની સેનાને ચલાવવી. ચક્રવ્યૂહ ગરુડનાવ્યૂહ શકટ વ્યૂહ સામાન્ય યુદ્ધ કરવાની કળા વિશેષ યુદ્ધ કરવું અત્યંત વિશેષ યુદ્ધ કરવું યષ્ટિયુદ્ધ મુષ્ટિયુદ્ધ બાહુયુદ્ધ લતાયુદ્ધ થોડાનું બહુ અને બહુનું થોડુ બતાવવાની કળા ખડ્ગની મૂઠ બનાવવી. ધનુષ બાણ સંબંધી કળા ચાંદીનો પાક બનાવવો સોનાનો પાક બનાવવો સુતર છેદવાની કળા ક્ષેત્ર ખેડવાની કળા કમળના નાલ છેદવાની કળા પત્ર છેદન મૃત ને જીવિત કરવું. જીવિતને મૃત કરવું અને કાગડા, ઘુવડ આદિ પક્ષીઓની બોલી પહેચાનવી.

[૨૬] ત્યાર પછી તે કલાચાર્ય, મેઘકુમારોને બહોતેર કળાઓ સૂત્રથી અર્થથી અને પ્રયોગથી સિદ્ધ કરાવી તથા શીખવાડીને પછી તેના માતા પિતા પાસે લઈને આવ્યા. ત્યારે મેઘ કુમારના માતા-પિતાએ કલાચાર્યનું મધુર વચનોથી તથા વિપુલ વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારોથી સત્કાર કર્યો સન્માન કર્યો, સત્કાર-સન્માન કરીને જીવિકાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગ્ય વિપુલ પ્રીતિદાન આપ્યું. વિદાય કર્યા.

[૨૭] ત્યાર પછી મેઘકુમાર બહોંતેર કળાઓમાં પંડિત થઈ ગયો. તેના નવ જાગૃત થઈ ગયા તે અઠાર પ્રકારની દેશી ભાષા ઓમાં કુશળ થઈ ગયો. ગીતિમાં પ્રીતિ વાળો થયો. ગંધર્વ એટલે ગીત અને નાટ્યને વિશે કુશળ થયો. અશ્વયુદ્ધ, હાથીયુદ્ધ, ભોગ ભોગવવામાં અત્યંત સમર્થ, સાહસિક હોવાથી વિકાલચારી-થયો. ત્યાર પછી મેઘકુમારના માતા પિતાએ આઠ ઉત્તમ પ્રાસાદો કરાવ્યા. તે પ્રાસાદ અત્યંત ઉંચા હતા તેમની ઉજ્જવલ કાંતિના સમૂહને લીધે જાણે હસતા હોય તેવા દેખાતા હતા, મણિ, સુવર્ણ અને રત્નોની રચનાઓ વડે વિચિત્ર હતા. વાયુવડે ફરકતી અને વિજયને સૂચ વતી વૈજયંતી પતાકાઓ તથા છત્રાતિછત્ર વડે યુક્ત હતા, તેમના શિખરો ગગનને ઓળંગી જતાં. તેના જાળીયાની મધ્યમાં રત્નના પાંજરાઓ નેત્રો હોય તેમ શોભતાં હતાં. તેઓમાં મણિ અને સુવર્ણની સ્તૂપિકાઓ હતી. તેઓમાં સાક્ષાત્ અથવા ચિત રેલા શતપત્ર અને પુંડરીક જાતિના કમલો વિકસ્વર હતા તિલક રત્ન અને અર્ધચંદ્ર વડે સહિત પગથિયાથી યુક્ત હતા અથવા ભીંતમાં ચંદનાદિથી ચર્ચીત થયા હતા. વિવિધ પ્રકારની મણિમય માળાઓથી અલંકૃત હતા. અંદર અને બહાર ચિકણા હતા, તેમના આંગણામાં સુવર્ણની રેતી પાથરેલી હતી. તેનો સ્પર્શ સુખપ્રદ હતો તેમનું રૂપ અતીવ શોભન હતું જોતાં જ ચિત્તમાં પ્રસન્નતા થતી હતી.યાવત્ તે મહેલ અત્યંત મનોહર હતા.

તથા એક મહાન્ ભવન મેઘકુમાર માટે નિર્માણ કરાવવામાં આવ્યું. તે સેંકડો સ્થંભોથી બનેલ હતું. તેમાં લીલા યુક્ત પુતળીઓ સ્થાપિત કરી હતી. તેમાં ઉંચા અને સુનિર્મિત વજ્રરત્નની વેદિકા અને તોરણો હતાં. મનોહર નિર્મિત્ત પુતળી ઓ સહિત ઉત્તમ જાડા અને પ્રશસ્ત વૈડૂર્ય રત્નના સ્તંભો હતા તે વિવિધ પ્રકારના મણિ સુવર્ણ અને રત્નોવડે ખચિત હોવાના કારણે ઉજ્જવલ દેખાતું હતું તેનો ભૂમિભાગ બિલકુલ સમ, વિશાળ, પાકો તેમજ રમણીય હતો. તે ભવનમાં ઈહામૃગ, વૃષભ, તુરગ, મનુષ્ય, મકર, આદિના ચિત્રો હતા. સ્તંભો ઉપર રહેલ વજ્રરત્નની વેદિકા વડે સહિત હોવાથી રમ ણીય દેખાતું હતું. તેમાં સમશ્રેણિએ રહેલા વિદ્યાધરોના યુગલો યંત્ર દ્વારા ચાલતા દેખાતા હતા તે ભવન હજારો કિરણોથી વ્યાપ્ત તેમજ હજારો ચિત્રોથી યુક્ત હોવાથી દેદીપ્યમાન હતું. તેને જોવા માત્રથી દર્શકની આંખ તેમાં ચોંટી જતી હતી. તેનો સ્પર્શ સુખપ્રદ હતો. અને રૂપ શોભા સંપન્ન હતું તેમાં સુવર્ણ, મણિઓ, તેમજ રત્નોની સ્તૂપિકાઓ બનાવેલી હતી. તેનું પ્રધાન શિખર વિવિધ પ્રકારની પાંચ વર્ણોની તેમજ ઘંટાઓ સહિત પતાકાઓથી સુશોભિત હતું. તે ચારે તરફ દેદીપ્યમાન કિરણોના સમુહને ફેલાવતું હતું. તે લિંપેલ હતું. ઘોળેલ હતું. ચંદરવાથી યુક્ત હતું યાવત તે ભવન ગંધનીવર્તી હોય તેવું દેખાતું હતું. તે ચિત્તને પ્રસન્ન કરનાર દર્શનીય, અભિરુપ, અને પ્રતિરૂપ હતું અતીવ મનોહર હતું.

[૨૮] ત્યાર પછી મેઘકુમારના માતા પિતાએ મેઘકુમારના શુભ તિથી કરણ નક્ષત્ર અને મુહૂર્તમાં શરીર પરિમાણથી સદૃશ, સમાન ઉંમરવાળી, સમાન ત્વચાવાળી સમાન લાવણ્યવાળી સમાન રૂપવાળી, સમાન યૌવન અને ગુણોવાળી તથા પોતાના કુળની સમાન રાજકુળોમાંથી લાવેલ આઠ શ્રેષ્ઠ રાજકન્યાઓની સાથે એકજ દિવસે એકજ સાથે, આઠે અંગમાં અલંકાર ધારણ કરવાવાળી એવી સુહાગણ સ્ત્રીઓ દ્વારા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરેલ મંગલગાન સાથે એવં એવં માંગલિક પદાર્થોના પ્રયોગ દ્વારા પાણિ ગ્રહણ કરાવ્યું. ત્યાર પછી મેઘકુમારના માતા પિતાએ આઠ કન્યાઓને આ પ્રમાણે પ્રીતિદાન આપ્યું. આઠ કરોડ હિરણ્ય, આઠ કરોડ સુવર્ણ આદિ યાવત્ આઠ આઠ પ્રેક્ષણકારી અથવા પેષણાકારિણી તથા તેથી પણ વધારે ધન કનક, રત્ન, મણિ, મોતી, શંખ, શિલાપ્રવાલ, રક્ત, રત્ન આદિ ઉત્તમ સારભૂત દ્રવ્ય આપ્યું જે સાત પેઢી સુધી દાન દેવાને માટે, ભોગ વવાને માટે, ઉપયોગ કરવાને માટે અને વહેંચણી કરીને દેવાને માટે પર્યાપ્ત હતું. ત્યાર પછી તે મેઘકુમારે પ્રત્યેક પત્નીને એક એક ક્રોડ હિરણ્ય આપ્યું. એક એક ક્રોડ સુવર્ણ આપ્યું. યાવત્ એક એક પ્રેક્ષણકારિણી યા પેષણ કારિણી આપી તે સિવાય અન્ય વિપુલ ધન, કનક આદિ આપ્યું. જે યાવત્ દાન દેતા ભોગોપભોગ કરતા અને વહેંચણી કરતાં સાત પેઢી સુધી પર્યાપ્ત હતું. ત્યાર પછી મેઘકુમાર શ્રેષ્ઠ પ્રાસાદોની ઉપર રહ્યો એ પ્રમાણે ઉત્તમ સ્ત્રીઓ દ્વારા કરેલ બત્રિસ બદ્ધ નાટકો દ્વારા ગાયન કરાતો તથા ક્રીડા કરતો મનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ રૂપ, અને ગંધની વિપુલતા વાળા મનુષ્ય સંબંધી કામ ભોગોને ભોગવતો વિચરવા લાગ્યો.

[૨૯] તે કાળ તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીર અનુક્રમથી. એક ગામથી બીજા ગામ જાતા વિહાર કરતા રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યે પધાર્યા.

[૩૦] ત્યારે રાજગૃહ નગરમાં શ્રૃંગાટક-માર્ગ આદિમાં ઘણા માણસોનો અવાજ થવા લાગ્યો. યાવત્ ઘણા ઉગ્રકુળ ભોગકુળ આદિના બધા લોકો યાવત રાજગૃહ નગર ના મધ્ય ભાગમાં થઈને એક જ દિશામાં એક જ તરફ મુખ રાખીને નીકળવા લાગ્યા તે સમયે મેઘકુમાર પોતાના પ્રાસાદ ઉપર હતો. યાવત્ મનુષ્ય સંબંધી કામ ભોગ ભોગવી રહ્યો હતો. અને રાજ માર્ગનું અવલોકન કરતો કરતો વિચરી રહ્યો હતો. ત્યાર પછી તે મેઘકુમાર તે બહુસંખ્યક ઉગ્રકુલીન, ભોગકુલીન યાવત્ બધા લોકોને એક જ દિશામાં મુખ રાખી જતાં જોવે છે. જોઈને કંચુકી પુરુષને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે દેવાનુપ્રિય!શું આજે રાજગૃહ નગરમાં ઈન્દ્ર મહોત્સવ છે?સ્કંદ મહોત્સવ છે ? યા રુદ્ર, શિવ,વૈશ્રમણ,નાગ,યક્ષ,ભૂત,નદી,તળાવ,વૃક્ષ,ચૈત્ય,પર્વત ઉદ્યાનયાગિરિનીયાત્રા છે?

ત્યારે તે કંચુકી પુરુષે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના આગમનનો વૃતાંત જાણીને મેઘકુમારને આ પ્રમાણે કહ્યું, 'હે દેવાનુપ્રિય ! આજે રાજગૃહ નગરમાં ઈન્દ્ર મહોત્સવ યાવત્ ગિરિયાત્રા આદિ નથી પરંતુ દેવાનુ પ્રિય ! શ્રમણ ભગવાન મહાવીર ધર્મ તીર્થની આદિના કરનારા, તીર્થની સ્થાપના કરાવાવાળા અહિં સમવસૃત થયા છે. અને આ રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહની યાચના કરીને યાવત્ વિચરી રહ્યા છે. ત્યાર પછી મેઘકુમાર કંચુકી પુરુષ પાસેથી આ વાત સાંભળીને તેમજ હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ, તુષ્ટ હોઈ કૌટુમ્બિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહે છે- હે દેવાનુપ્રિયો ! શીઘ્ર જ ચાર ઘંટાઓવાળા અશ્વરથને જોડીને ઉપસ્થિત કરો તે કૌટુમ્બિક પુરુષો 'તહત્તિ' એમ કહીને રથ જોડીને લાવે છે.

ત્યાર પછી મેઘકુમારને સ્નાન કર્યું. તે સર્વ અલંકારોથી વિભૂષિત થયો. પછી ચાર ઘંટાવાળા અશ્વરથ પર આરૂઢ થયો. કોરંટવૃક્ષની ફૂલોની માળા વાળા છત્રને ધારણ કર્યો. સુભટોના વિપુલ સમૂહવાળા પરિવારથી ઘેરાયેલ રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યો. નીકળીને જ્યાં ગુણશીલ નામનું ચૈત્ય હતું ત્યાં આવ્યો આવીને ભગવાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાવીરના છત્રપર છત્ર,પતાકા ઉપર પતાકા આદિઅતિશયોને જોયા.તથા વિદ્યાધરો, ચારણમુનિઓ તેમજ જૃંભક દેવોને નીચે ઉતરતા દેખ્યા. તેમજ આકાશમાં ઉપર ચડતા જોયા. જોઈને ચારઘંટાવાળા અશ્વયુક્ત રથથી નીચે ઉતર્યો ઉતરીને પાંચ પ્રકાર ના અભિ ગમ જાળવીશ્રમણભગવાન મહાવીરનીસામે ચાલ્યો તે પાંચ અભિ ગમ આ પ્રમાણે છેઃ- પુષ્પ,સચિત્તદ્રવ્યોનોત્યાગ,અચિત્તદ્રવ્યોનોઅત્યાગએક શાટિ કાનું ઉત્તરા સણ, ભગ વાનને ચક્ષુવડે જોતાંજ બે હાથ જોડવા અને મનને એકાગ્ર કરવું. આવીને શ્રમણ ભગ વાન મહાવીરનેદક્ષિણદિશાથીઆરંભકરીને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વંદન કર્યું નમ- સ્કાર કર્યો શ્રમણ ભગવાન મહાવીરના અત્યંત સમીપ નહીં અને અત્યંત દૂર પણ નહીં એવા સમુચિત સ્થાન પર બેસીને ધર્મોપદેશ સાંભળવાની ઈચ્છા કરતો બંને હાથ જોડી ને સન્મુખ રહીને પ્રભુની ઉપા સના કરવા લાગ્યા. ત્યાર પછી શ્રમણ ભગ વાન મહાવીરે મેઘકુમાર અને તે મોટી પરિ ષદને મધ્યમાં સ્થિત થઈને શ્રુતધર્મ અને ચા રિત્ર ધર્મ કહ્યો. જે પ્રકારે જીવ કર્મથી બદ્ધ થાય છે, જે પ્રકારે મુક્ત થાય છે અને જે પ્રકારે સંકલેશને પ્રાપ્ત થાય છે તે બધી ધર્મકથા. યાવત ધર્મદેશના સાંભળીને પરિષદ પાછી ગઈ.

[૩૧] શ્રમણ ભગવાન મહાવીરની પાસેથી મેઘકુમારે ધર્મ શ્રવણ કરીને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ તુષ્ટ થઈને પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યા. આ પ્રમાણે કહ્યું ભગવંત ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરૂં છું. તેને સર્વોત્તમ સ્વીકાર કરું છું. હું તેના પર પ્રતીતિ કરું છું. મને નિર્ગ્રંથ પ્રવચન રુચે છે. હું નિર્ગ્રંથ પ્રવચનને અંગીકાર કરવા ઈચ્છું છું. ભગવંત ! તે તેમજ છે. તે તેજ પ્રકારે છે. ભગવન્ ! મેં તેની ઈચ્છા કરી છે. વારંવાર ઈચ્છા કરી છે. તે ઈચ્છિત છે. વારંવાર ઈચ્છિત છે. તે તેમજ છે જેમ આપ ફરમાવો છો. વિશેષ આ કે હે દેવાનુપ્રિયો ! હું મારા માતા-પિતાની આજ્ઞા લઈ લઉં ત્યાર પછી મુંડિત થઈને દીક્ષા ગ્રહણ કરીશ. ભગવાને કહ્યું 'હે દેવાનુપ્રિય ! જેથી તને સુખ ઉપજે તેમ કર. તેમાં વિલંબ ન કરવો !

ત્યાર પછી મેઘકુમારે શ્રમણભગવાન મહાવીરને વંદન કર્યું.નમસ્કાર કર્યો. ચાર ઘંટાવાળા અશ્વરથ પર આરૂઢ થયો.આરુઢ થઈને મહાન સુભટો અને વિપુલ સમૂહવાળા પરિવારની સાથે આવીને ચાર ઘંટવાળા અશ્વરથ ઉપરથી ઉતર્યો. માતા પિતાને પ્રણામ કરીને આ પ્રમાણે કહ્યું :- હે માતા પિતા ! મેં શ્રમણ ભગવાન્ મહાવીર પાસેથી આ પ્રમાણે ધર્મ શ્રવણ કરેલ છે. અને મેં તે ધર્મની ઈચ્છા કરી છે. ત્યાર પછી મેઘકુમારના માતા-પિતા આ પ્રમાણે બોલ્યા :- 'પુત્ર ! તું ધન્ય છે, હે પુત્ર ! તું પુણ્યવાન છે, હે પુત્ર ! તું કૃતાર્થ છે કે તેં શ્રમણ ભગવાન મહાવીરના નિકટ ધર્મ શ્રવણ કરેલ છે અને તે ધર્મ પણ તને ઈષ્ટ અને રુચિકર થયો છે.'ત્યાર પછી મેઘકુમાર માતા પિતાને બીજીવાર અને ત્રીજી વાર આ પ્રમાણે કહેવા લાગ્યો-'હે માતા-પિતા ! મેં શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મ શ્રવણ કરેલ છે. તે ધર્મની મેં ઈચ્છા કરી છે. વારંવાર ઈચ્છા કરેલ છે, તે મને રુચિકર થયો છે. તેથી હે માતાપિતા ! હું તમારી અનુમતિ મેળવીને શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડ થઈને ગૃહવાસ ત્યાગીને અનગારિતા પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું.

ત્યારે ધારિણી દેવી તે અનિષ્ટ અપ્રિય, અમનોજ્ઞ, અને અમણામ પહેલા ક્યારેય નહિ સાંભળેલ કઠોર વાણીને સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને આવા પ્રકારના મનમાં ઉત્પન્ન થયેલા મોટા પુત્રવિયોગના દુઃખ વડે પરાભવ પામી, રોમકૂપોમાં પર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેવો આવવાથી તેના અંગોથી પરસેવો ઝરવા લાગ્યો, શોકની અધિકતાથી તેનું શરીર કંપવા લાગ્યું તે તેજરહિત થઈ ગઈ તેનું મુખ અથવા વચન દીનતાવાળું થયું. હસ્તતલ વડે મસળેલી કમળની માળાની જેમ તે ઝાંખી થઈ ગઈ. તત્ક્ષણ એટલે "હું દીક્ષા ગ્રહણ કરું" એવું વચન સાંભળ્યું તે જ વખતે તેનું શરીર મ્લાન થઈ ગયું. તે લાવણ્ય રહિત થઈ, કાંતિ રહિત થઈ, લક્ષ્મી (શોભા) રહિત થઈ, એકદમ શરીર દુર્બળ થઈ જવાથી તેના પહેરેલા અલંકારો અત્યંત ઢીલા થઈ ગયા, હાથે પહેરેલા ઉજ્વલ વલય સરી જઈને ભૂમિપર પડી ગયા અને ચૂર્ણરૂપ થઈ ગયા. તેનું ઉત્તરીય વસ્ત્ર નીકળી ગયું, તેનો સુકોમળ કેશ કલાપ વિખરાઈ ગયો, મૂર્છાના વશથી ચિત્ત નાશ પામવાને લીધે તેનું શરીર-ગુરુભારવાળું થયું. પરશુવડે કાપેલી ચંપકલતાની જેમ તથા મહોત્સવ પૂર્ણથયે ઈન્દ્રધ્વજની જેમ શ્રી વિહીન થઈ ગઈ, શરીરના સાંધા જેના શિથિલ થઈ ગયા છે. એવી તે ધારિણી દેવી સર્વ અંગોવડે "ધસ" શબ્દ પૂર્વક પૃથ્વીતલ ઉપર પડી ગઈ. ત્યાર પછી તે ધારિણી દેવી સંભ્રમની સાથે શીઘ્રતાથી સુવર્ણ કળશના મુખથી નીકળેલી શીતળ જળની નિર્મળ ધારાવડે સિંચન કરાઈ. તેથી તેનું શરીર શીતળ થઈ ગયું. ઉત્ક્ષેપ તાલવૃંત અને વીંઝ નકથી ઉત્પન્ન થયેલા તથા જલકણ સહિત વાયરાવડે અંતઃપુરના પરિવાર જનોએ આશ્વાસન પમાડી ત્યારે તે દેવી મોતીના દાણા જેવી પડતી અશ્રુધારા વડે પોતાના સ્તનોને ભીંજવવા લાગી. તે દયનીય વિમનસ્ક અને દીન થઈ ગઈ. તે રુદન કરતી, કંદન કરતી, પસીના તેમજ લાળ ટપકાવતી, હૃદયમાં શોક કરતી અને વિલાપ કરતી મેઘ કુમારને આ પ્રમાણે કહેવા લાગી-

[૩૨] હે પુત્ર ! તું અમારે એક જ પુત્ર છે. તું અમને ઈષ્ટ છે, કાન્ત છે, પ્રિય છે, મનોજ્ઞ છે, મણામ છે, ધૈર્ય તેમજ વિશ્વાસનું સ્થાન છે. કાર્ય કરવામાં સમ્મત છે, ઘણાં કાર્યોમાં ઘણો માનલો છે. અનુમત છે. આભરણના કરંડીયા સમાન છે, મનુષ્ય જાતિ માં ઉત્તમ હોવાથી તું રત્ન છે, જીવનના ઉચ્છ્વાસ સમાન છે, અમારા હૃદયમાં આનંદ ઉત્પન્ન કરનાર છે, ગૂલરના ફૂલની સમાન તારા નામનું શ્રવણ કરવું પણ દુર્લભ છે તો પછી દર્શનની તો વાત જ ક્યાં રહી ! હે પુત્ર ! અમે ક્ષણભર પણ તારો વિયોગ સહન કરવા ઈચ્છતા નથી. તેથી હે પુત્ર ! પહેલાં તો અમે જ્યાં સુધી જીવિત છીએ, ત્યાં સુધી મનુષ્ય સંબંધી વિપુલ કામ ભોગોને ભોગવ. જ્યારે અમે મૃત્યુ પામી જઈએ અને તું પરિપક્વ ઉંમરનો થઈ જાય અને તારી યુવાવસ્થા પૂર્ણ થઈ જાય કુલવંશ- રૂપ તંતુનું કાર્ય વૃદ્ધિને પ્રાપ્ત થઈ જાય, જ્યારે સાંસારિક કાર્યની અપેક્ષા ન રહે, ત્યારે તું પ્રવ્રજ્યા અંગી કાર કરી લેજે. ત્યારે માતાપિતાના દ્વારા આ પ્રમાણે કહેવા પર મેઘકુમારે કહ્યું :- 'હે માતા-પિતા ! આપ મને જે કહો છો કે હે પુત્ર ! તું અમારો એક જ પુત્ર છે. યાવત્ પ્રવ્રજ્યા અંગીકાર કરી લેજે-તે ઠીક છે. પરંતુ 'હે માતા-પિતા ! આ મનુષ્ય ભવ ધ્રુવ નથી. નિયત નથી. અશાશ્વતછે ઉપદ્રવોથી વ્યાપ્ત છે. ચંચળ છે, અનિત્ય છે. તૃણની અણી પર લટ- કતા પાણીના બુંદની સમાન છે. સંધ્યા સમયના વાદળની સમાન છે, સ્વપ્ન દર્શનની સમાન છે, સડવાનો પડવાનો અને નાશ થવાનો સ્વભાવ છે, તેમજ આગળ અથવા પાછળ અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે. હે માતા પિતા ! કોણ જાણે છે કે કોણ પહેલા જશે અ કોણ પછી જશે ? તેથી હે માતા પિતા ! હું આપની આજ્ઞા પ્રાપ્ત કરીને શ્રમણ ભગવાન મહાવીરની પાસે યાવત્ પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી માતા પિતાએ મેઘકુમારને આ પ્રમાણે કહ્યું :- હે પુત્ર ! આ પત્નીઓ સમાનશરીરવાળી, સમાનત્વચાવાળી સમાનલાવણ્ય, રૂપ, યૌવન અને ગુણોથી યુક્ત તથા સમાન રાજકુલોમાંથી લાવેલ છે. તેથી હે પુત્ર ! તેમની સાથે વિપુલ મનુષ્ય સંબંધી કામભોગોને ભોગવ. ત્યાર પછી ભુક્ત ભોગી થઈને શ્રમણ ભગવાન મહાવીરની પાસે યાવત્ દીક્ષા લઈ લેજે. ત્યાર પછી મેઘકુમારે કહ્યું :- 'હે માતા પિતા ! આપ મને આ જે કહો છો તે ઠીક છે. પરંતુ હે માતા પિતા મનુષ્યના આ કામભોગો અશુચિ, છે અશાશ્વત છે, વમનને, પિત્તને, કફને, શુક્રને, તથા શોણિતને કાઢનાર, ખરાબ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ વાળાં છે. ખરાબ મૂત્ર, મળ અને પરુથી અત્યંત પરિપૂર્ણ છે. મલ, મૂત્ર, કફ, નાસિકામલ, વમન, પિત્ત, શુક્ર અને શોણિતથી ઉત્પન થનાર છે. તે ધ્રુવ નથી, નિયત નથી, શાશ્વત નથી, સડવા, પડવા અને નાશ થવાના સ્વભાવવાળાં છે, અને આગળ યા પાછળ અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે. હે માતા-પિતા ! કોણ જાણે છે કે પહેલા કોણ જશે અને પાછળ કોણ જશે ? તેથી હે માતા-પિતા ? હું યાવત્ અત્યારે દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું.' ત્યાર પછી માતા પિતાએ મેઘ કુમારને આ પ્રમાણેકહ્યું :- હે પુત્ર ! તમારા પિતામહ, તમારા પિતાના દાદા અને તેના દાદાથી આવેલ આ ઘણું હિરણ્ય, સુવર્ણ, કાંસુ, દૂષ્ય વસ્ત્ર, મણિ, મોતી, શંખ, શિલા, પ્રવાલ, લાલ રત્ન આદિ સારભૂત દ્રવ્ય વિદ્યમાન છે, તે એટલું છે કે સાત પેઢીઓ સુધી સમાપ્ત ન થાય, તેનું તમે ખુબ દાન કરો. ભોગ કરો અને વિભાગ કરો, હે પુત્ર ! આ જેટલો મનુષ્ય સંબંધી ઋદ્ધિ-સત્કારનો સમુદાય છે, તે બધો તમે ભોગવો, ત્યાર પછી અનુભૂત કલ્યાણ થઈને તું શ્રમણ ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈ લે જે. ત્યાર પછી મેઘકુમારે કહ્યું :- 'હે માતા-પિતા ! તમે જે કહો છો તે ઠીક છે. પરંતુ હે માતા-પિતા ! આ હિરણ્ય, સુવર્ણ, યાવત્ સ્વાપતેય (દ્રવ્ય) બધુ અગ્નિ સાધ્ય છે- તેને અગ્નિ ભસ્મ કરી શકે છે, ચોર ચોરી શકે છે, રાજા અપહરણ કરી શકે છે, ભાગીદાર ભાગ કરાવી શકે છે અને મૃત્યુ આવવા પર તે આપણું રહેતું નથી આ પ્રમાણે આ દ્રવ્ય અગ્નિને માટે સમાન છે. તેવી જ રીતે ચોર, રાજા, ભાગીદાર અને મૃત્યુને માટે સમાન છે. તે સડવા, પડવા, અને નાશ થવાના સ્વભાવવાળું છે. પછી કે પહેલા અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે, હે માતા-પિતા ! કોને ખબર છે કે પહેલા કોણ જશે અને પછી કોણ જશે. તેથી હું યાવત્ દીક્ષા અંગીકાર કરવા ઈચ્છું છું.'

[૩૩] ત્યાર પછી મેઘકુમારના માતા પિતા વિષયોના અનુકુળ આખ્યાપનાથી પ્રજ્ઞાપનાથી સંજ્ઞાપનાથી વિજ્ઞાપનાથી સમજાવી, બૂઝાવી ન શક્યા. સંબોધન અને અનુનય કરીને સમજાવવામાં સમર્થ ન થયા ત્યારે વિષયોના પ્રતિકૂલ અને સંયમ પ્રત્યે ભય અને ઉદ્વેગ ઉત્પન્ન કરાવનાર પ્રજ્ઞાપનાથી આ પ્રમાણે કહેવા લાગ્યા.

'હે પુત્ર ! આ નિર્ગ્રંથ પ્રવચન સત્ય છે. અનુત્તર છે. કેવળી સર્વજ્ઞ કથિત અથવા અદ્વિતીય છે, પ્રતિપૂર્ણ છે, ન્યાયયુક્ત છે. સંશુદ્ધ શલ્યોનો નાશ કરનાર છે. સિદ્ધિનો માર્ગ છે. મુક્તિનો માર્ગ છે. નિર્યાણનો માર્ગ છે. નિર્વાણનો માર્ગ છે. અને સમસ્ત દુઃખો ને દૂર કરવાનો માર્ગ છે. જેમ સર્પ પોતાના ભક્ષ્ય ગ્રહણ કરવામાં નિશ્ચલ દૃષ્ટિ રાખે છે. એવી રીતે આ પ્રવચનમાં દૃષ્ટિ નિશ્ચલ રાખવી પડે છે. તે છરાની સમાન એક ધારાવાળી છે. આ પ્રવચન અનુસાર ચાલવું તે લોખંડના ચણા ચાવવા સમાન છે. તે રેતીના કવલની સમાન સ્વાદ રહીત છે. વિષય સુખથી રહિત છે. તેનું પાલન કરવું તે ગંગા નામની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાનદીના પૂરની સામે તરવા સમાન કઠીન છે. તીક્ષ્ણ તલવાર પર આક્રમણ કરવા સમાન છે. મહાશિલા જેવી ભારે વસ્તુને ગળામાં બાંધવા સમાન છે. તલવારની ધાર પર ચાલવા સમાન છે.' 'હે પુત્ર ! નિર્ગ્રંથ શ્રમણોને આધાકર્મી ઔદેશિક ખરીદીને લાવેલું, સાધુને માટે રાખેલું, સાધુ માટે બનાવેલું દુર્ભિક્ષ ભક્ત વર્દલિકા ભક્ત, ગ્લાન ભક્ત આદિ દૂષિત આહાર ગ્રહણ કરવો કલ્પતો નથી. એજ રીતે મૂલનું, કંદનું, ફળનું, બીજોનું, અને હરિતનું ભોજન પણ કલ્પતું નથી. તે સિવાય હે પુત્ર ! તું સુખ ભોગવવા યોગ્ય છે. દુઃખો સહવા યોગ્ય નથી. તું ઠંડી, તાપ, ભૂખ, તરસ, વાત, પિત, કફ, અને સન્નિપાતથી થનાર વિવિધ રોગો અને આતંકો અને આતંકો થનાર બાવીસ પરિષહો અને ઉપસર્ગોને સમ્યક પ્રકારે નહી સહન કરી શકે, તેથી હે બાલ ! તું મનુષ્ય સંબંધી ભોગોને ભોગવ પછી ભુક્ત ભોગી થઈને શ્રમણ ભગવાન મહાવીરની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરજે.'

ત્યાર પછી માતા-પિતાના આ પ્રમાણે કહેવા પર મેઘકુમારે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું 'હે માતા-પિતા ! તમે મને જે કહો છો તે ઠીક છે, પરંતુ હે માતા પિતા ! આ પ્રમાણે આ નિર્ગ્રંથ પ્રવચન કલીબ, હીનસંહનનવાળા કાયર કુત્સિત, આ લોક સંબંધી વિષયસુખની અભિલાષા કરાવાવાળા, પરલોકના સુખની ઈચ્છા ન કરનાર, સામાન્ય જનને માટે જ દુષ્કર છે. ધીર અને દૃઢ સંકલ્પ વાળા પુરુષને તેનું પાલન કરવું કઠીન નથી. તેથી હે માતા-પિતા ! આપની અનુમતિ મેળવીને હું શ્રમણ ભગવાન મહાવીરની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઈચ્છું છું. ત્યાર પછી માતા પિતા જ્યારે મેઘકુમારને સમજાવવામાં સમર્થ ન થયા, ત્યારે ઈચ્છા વિના પણ મેઘકુમારને આ પ્રમાણે કહ્યું-હે પુત્ર ! અમે એક દિવસ પણ તારી રાજ્યલક્ષ્મી જોવા ઈચ્છીએ છીએ. ત્યાર પછી મેઘકુમાર માતા પિતાની ઈચ્છાનું અનુસરણ કરતો મૌન રહ્યો.

ત્યારપછી શ્રેણિક રાજાએ કૌટુંબિકપુરુષોનેબોલાવ્યા.બોલાવીને કહ્યું-'હે દેવાનુ પ્રિયો! મેઘકુમારના મહાન અર્થવાળા બહુમૂલ્ય અને મહાન પુરુષોને યોગ્ય રાજ્યાભિષેકની સામગ્રી તૈયાર કરો; ત્યાર પછી તે કૌટુમ્બિક પુરુષોએ યાવત્ તે પ્રમાણે સામગ્રી તૈયાર કરી. ત્યારપછી શ્રેણિક રાજાએ ઘણાં ગણનાયકો એવં દંડ નાયકોથી પરીવૃત્ત થઈને મેઘકુમારને એકસો આઠ સુવર્ણ કળશો, એકસો આઠ ચાંદીના કળસો, એકસો આઠ સ્વર્ણ રજતના કળશો, એકસો આઠ સ્વર્ણ-મણિના કળશો, એક- સો આઠ સ્વર્ણ રજત-મણિના કળશો અને એકસો આઠ માટીના કળશો-આ પ્રમાણે આઠસો ચોસઠ કળશોમાં બધા પ્રકારનું પાણી ભરીને તથા મૃત્તિકાથી, બધા પ્રકારના માળાઓથી તથા બધા પ્રકારની ઔષધિઓથી, તેમજ સરસવથી તેમને પરીપૂર્ણ કરીને સર્વ સમૃદ્ધિ, દ્યુતિ તથા સર્વ સૈન્યની સાથે દુંદુભિ નિર્ઘોષની ધ્વનિના સાથે ઉચ્ચકોટિના રાજ્યભિષેકથી અભિસિક્ત કર્યા. અભિષેક કરીને શ્રેણિક રાજાએ બંને હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું. હે નંદ ! તમારી જય હો, જય હો. હે ભદ્ર ! તમારી જય હો, જય હો. જગન્નન્દ ! તમારું ભદ્ર હો. તમે ન જીતેલાને જીતો, અને જીતેલાનું પાલન કરો. જિત આચારવાનના મધ્યમાં નિવાસ કરો. ન જીતેલા શત્રુપક્ષને જીતો. જીતેલા મિત્ર પક્ષનું પાલન કરો યાવત્ મનુષ્યોમાં ભરત ચક્રીની જેમ રાજગૃહ નગરનું તથા બીજા ઘણાં ગામો, આકરો, નગરો યાવત્ સન્નિવેશોનું આધિપત્ય કરતા થકા યાવત્ વિચરણ કરો. આ પ્રમાણે કહીને શ્રેણિક મહારાજાએ જય જય શબ્દ ઉચ્ચાર્યો. ત્યાર પછી તે મેઘ રાજા

3

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ ગયા અને પર્વતોમાં મહાહિમવાનની જેમ શોભા પામતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી માતા-પિતાએ રાજા મેઘને આ પ્રમાણે કહ્યું કે હે પુત્ર ! બતાવો તમારા ક્યાં અનિષ્ટોને દૂર કરીએ અથવા તમારા ઈષ્ટ જનને શું આપીએ ? તમને શું આપીએ ? તમારા ચિત્તમાં શું વિચાર છે ? ત્યાર પછી રાજા મેઘે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું-હે માતા પિતા ! હું ઈચ્છું છું કે કૃત્રિકાપણથી રજોહરણ અને પાત્ર મંગાવી આપો અને કાશ્યપ બોલાવી આપો. ત્યાર પછી શ્રેણિક રાજાએ પોતાના કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને શ્રીગૃહ માંથી ત્રણ લાખ સુવર્ણમોહર લઈ લો તેમાંથી બે લાખના કૃત્રિકાપણમાંથી રજોહરણ અને પાતરા લઈ આવો અને એક લાખ આપીને નાવિને બોલાવી લાવો. કૌટુમ્બિક પુરુષો રાજા શ્રેણિકના આ પ્રમાણે કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થઈને શ્રીગૃહમાંથી ત્રણ લાખ મહોરો લઈને કૃત્રિકા પણથી બે લાખના રજોહરણ અને પાત્ર લાવ્યા અને એક લાખ મહોરો આપીને નાવિ (વાણંદ)ને બોલાવી લાવ્યા. તે નાવિ હૃષ્ટ તુષ્ટ યાવત્ આનંદિત હૃદય થયો, તેણે સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, મષિ-તિલક આદિ કૌતુક, દહી તૃણ આદિ મંગલ, તેમજ દુઃસ્વપ્નના નિવારણ રૂપ પ્રાયશ્ચિત્ત કર્યું, રાજસભામાં પ્રવેશ કરવા યોગ્ય માંગલિક અને શ્રેષ્ઠ વસ્ત્રો ધારણ કર્યા. થોડા પરંતુ બહુમૂલ્ય આભૂષણોથી શરીરને વિભૂષિત કર્યું. પછી જ્યાં શ્રેણિક રાજા હતા ત્યાં આવ્યો, ત્યારે શ્રેણિક રાજાએ નાવિને આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિય ! તમે જાઓ અને સુગંધિત પાણીથી સારી રીતે હાથ પગ ધોઈ લો. ચાર પડવાળા શ્વેત વસ્ત્રથી મુખ બાંધીને મેઘકુમારના વાળ દીક્ષાને યોગ્ય ચાર અંગુળ છોડીને કાપી નાખો.'

JAINSITE.com જૈન જયતિ શાસનમ્

ત્યાર પછી તે નાવિ શ્રેણિક રાજાના એ પ્રમાણે કહેવા પર હૃષ્ટ-તુષ્ટ અને આનંદિત હૃદય થયો. તેણે યાવત્ શ્રેણિક રાજાનો આદેશ સ્વીકાર કર્યો. સુગંધિત પાણીથી હાથ પગ ધોયા. શુદ્ધ વસ્ત્રથી મુખ બાંધ્યું. ખૂબ સાવધાનીથી મેઘકુમારના ચાર અંગુળ છોડીને દીક્ષાને યોગ્ય વાળ કાપ્યા. ત્યાર પછી મેઘકુમારની માતાએ તે વાળોને બહુ મૂલ્ય અને હંસના ચિત્રવાળા ઉજ્જવળ વસ્ત્રમાં ગ્રહણ કર્યા. તેને સુગંધિત પાણીથી ધોયા. સરસ ગોશીર્ષ ચંદન તેમના ઉપર છાંટ્યું. શ્વેત વસ્ત્રમાં બાંધ્યા. તેને રત્નની ડબીમાં રાખ્યા. તે ડબીને પેટીમાં રાખી પછી જળની ધારા, નિર્ગુંડી ના ફૂલ તેમજ તુટેલા મોતીઓના હારની સમાન અશ્રુ ત્યાગ કરતી કરતી, આક્રંદન કરતી. વિલાપ કરતી-આ પ્રમાણે કહેવા લાગી 'મેઘકુમારના વાળોનું દર્શન રાજ્યપ્રાપ્તિ આદિ અભ્યુદય, પુત્ર જન્મના, તિથિઓના, ઈન્દ્ર મહોત્સવ આદિના, નાગ પૂજા આદિના, તથા કાર્તિક પૂર્ણિમા આદિ પર્વના અવસર પર મને અંતિમ દર્શન રૂપ થશે. આ પ્રમાણે કહીને તે પેટીને માતા ધારિણીએ પોતાના ઓશીકા નીચે રાખી મૂકી.

ત્યાર પછી મેઘકુમારના માતા-પિતાએ ઉત્તરાભિમુખ સિંહાસન રખાવ્યું પછી મેઘકુમારને બે ત્રણવાર ચાંદી અને સોનાના કળશોથી નવડાવ્યો. નવડાવીને, રુચ્છાવાળો અને અંતિમ કોમળ ગંધકાષાય વસ્ત્રથી તેનું શરીર. લુંછીને સરસ ગોશીર્ષ ચંદનથી શરીર પર વિલેપન કર્યું. નાસિકના નિઃશ્વાસના વાયુથી પણ ઉડવા યોગ્ય અતિ બારીકઅને હંસ લક્ષણવાળા વસ્ત્ર પહેરાવ્યા.અઢારસરનો,નવાસરનો,હાર પહેરાવ્યો, પછી એકાવલી, મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, પાલંબ પાદપ્રલંબ કડુ, તુટિક કેયૂર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંગદ, દસ આંગળીઓમાં દસ વીંટીઓ, કંદોરા, કુંડિલ, ચુડામણિ તથા રત્ન જડિત મુગટ પહેરાવ્યો. આ બધા અલંકાર પહેરાવીને પુષ્પમાળા પહેરાવી. પછી દર્દરથમાં પકાવેલ ચંદનના સુગંધિત તેલની ગંધ શરીર પર લગાવી. ત્યારપછી મેઘકુમારને દોરાથી ગુંથેલ પુષ્પા આદિથી વીંટળાયેલ વાંસની સળી આદિથી પૂરિત કરેલ તથા વસ્તુના યોગથી પરસ્પર સંઘાત રૂપ કરેલ-આ પ્રમાણે ચાર પ્રકારની પુષ્પમાળાઓથી કલ્પવૃક્ષની સમાન અલંકૃત અને વિભૂષિત કર્યો.

ત્યાર પછી શ્રેણિક મહારાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવીને કહ્યું તમે શીઘ્ર એક શિબિકા તૈયાર કરો જે અનેક સેંકડો સ્તંભોથી બનેલ હોય, જેમાં ક્રીડા કરતી પુતળીઓ બનાવી હોય, જે ઈહામૃગ, પદ્મલતા આદિ ચિત્રોની રચનાથી યુક્ત હોય,જેનો ઘંટની સમાન મધુર અને મનોહર શબ્દ હોય, જે શુભ, મનોહર અને દર્શનીય હોય જે કુશળ કારીગરો દ્વારા બનાવેલ, દેદીપ્યમાન મણિઓ અને રત્નોની ઘૂઘરીઓના સમૂહથી વ્યાપ્ત હોય, સ્તંભ પર બનાવેલ વેદિકાથી યુક્ત હોવાના કારણે જે મનોહર દેખાતી હોય જે ચિત્રિત વિદ્યાધર યુગલોથી યુક્ત હોય, ચિત્રિત સૂર્યના હજારો કિરણો થી શોભિત હોય. આ પ્રમાણે હજારો રૂપોવાળી, દેદીપ્યમાન, અતિશય દેદીપ્યમાન, જેને જોવાથી નેત્રને તૃપ્તિ ન થાય, જે સુખદ સ્પર્શવાળી હોય, સશ્રીક સ્વરૂપવાળી હોય, શીઘ્ર, ત્વરિત, ચપલ અને અતિશય ચપલ હોય અને જે એક હજાર પુરૂષોદ્વારા વહન કરી શકાય. ત્યાર પછી તે કોટુમ્બિક પુરૂષો હૃષ્ટ-તુષ્ટ થઈને યાવત્ શિબિકા, ઉપસ્થિત કરે છે. ત્યાર પછી મેઘકુમાર શિબિકા ઉપર આરૂઢ થયો અને સિંહાસન પાસે પહોંચીને પૂર્વ દિશામાં મુખરાખી બેસી ગયો. ત્યાર પછી જેને સ્નાન કરી લીધું છે, બલિકર્મ કરી લીધું છે યાવત્ અલ્પ કિન્તુ ઘણામૂલ્યવાળા આભૂષણો પહેરી લીધા છે, એવી મેઘ- કુમારની માતા તે શિબિકામાં આરૂઢ થઈ, આરૂઢ થઈને મેઘકુમારની જમણી તરફ ભદ્રાસન પર બેઠી. ત્યાર પછી મેઘકુમારની ધાવમાતા રજોહરણ અને પાતરા લઈને શિબિકાપર આરૂઢ થઈને ડાબી બાજુમાં ભદ્રાસન પર બેસી ગઈ.

ત્યાર પછી મેઘકુમારની પાછળ શ્રૃંગારના ઘર રૂપ, મનોહર વેષવાળી, સુંદર ગતિ, હાસ્ય, વચન, ચેષ્ટા, વિલાસ, સંલાપ ઉલાપ કરવામાં કુશળ, યોગ્ય ઉપચાર કર વામાં કુશળ, પરસ્પર મળેલા સમયશ્રેણીમાં સ્થિત ગોળ ઉંચા પુષ્ટ પ્રીતિજનક અને ઉત્તમ આકારના સ્તનવાળી એક ઉત્તમતરુણી,હિમ ચાંદી કંદપુષ્પઅનેચંદ્રમાની સમાન ઉજ્જવલ વર્ણવાળા, કોરંટ પુષ્પની માળાથી યુક્ત શ્વેત છત્રને ધારણ કરતી લીલાપૂર્વક ઉભી થઈ. ત્યાર પછી મેઘકુમારની પાસે શ્રૃંગારના ઘરની સમાન સુંદર વેષવાળી યાવત્ ઉચિત ઉપચાર કરવામાં કુશળ બે શ્રેષ્ઠ તરુણીઓ શિબિકા ઉપર આરૂઢ થિને મેઘ કુમારના બંને પડખામાં વિવિધ પ્રકારના મણિ સુવર્ણ રત્ન અને મહાન પુરુષને યોગ્ય અથવા બહુમૂલ્ય તપનીયમય ઉજ્જવલ તેમજ વિચિત્ર દંડીવાળા, ચમકતા, પાતળા, ઉત્તમ, અને લાંબા વાળ વાળા, શંખ કંદપુષ્પ જલકણ, રજત અને વલો વલ અમૃતના ફેણસમૂહના સમાન બે ચારો ધારણ કરીને લીલાપૂર્વક વીંઝતી વીંઝતી ઉભી થઈ. ત્યાર પછી મેઘકુમારની સમીપ શ્રૃંગારના ઘર રૂપ યાવત્ ઉચિત ઉપચાર કરવામા કુશળ એક ઉત્તમ તરુણી યાવત્ શિબિકા ઉપર આરૂઢ થઈને મેઘકુમારની પાસે પૂર્વ દિશાની સન્મુખ ચંદ્રકાંત મણિ વજરત્ન અને વૈડૂર્યમય નિર્મળ દાંડીવાળા પંખાને ગ્રહણ કરીને ઉભી થઈ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી મેઘકુમારની પાસે એક ઉત્તમ તરુણી યાવત્ સુંદર રૂપવાળી શિબિકામાં આરૂઢ થઈને મેઘકુમારની પૂર્વ દક્ષિણ-દિશામાં શ્વેત રજતમય નિર્મળજળથી પરિપૂર્ણ, મદોન્મત હાથીના મોટા મુખની સમાન આકૃતિવાળા ભૃંગાર ગ્રહણ કરીને ઊભી થઈ.

ત્યાર પછી મેઘકુમારના પિતાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવીને કહ્યું- શીઘ્ર એક સરખા. એક સરખી ત્વચા, એક સરખી ઉંમરવાળા તથા એક સરખા આભૂષણોથી સમાન વેષ ધારણ કરનાર એક હજાર ઉત્તમ તરુણ કૌટુંબિક પુરુષોને બોલાવો." યાવત્ તેણે એક હજાર પુરુષોને બોલાવ્યા. ત્યાર પછી શ્રેણિક રાજાના કોટુંબિક પુરુષો એ બોલાવેલ તે શ્રેષ્ઠ તરુણ સેવક પુરુષો હૃષ્ટ-તુષ્ટ થયા તેમણે સ્નાન કર્યું. યાવત્ આવીને શ્રેણિક રાજાએ કહ્યું કે- હે દેવાનુપ્રિય ! અમને જે કરવા યોગ્ય હોય તેને માટે આજ્ઞા આપો. ત્યાર પછી શ્રેણિક રાજાએ કહ્યું. હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને હજાર પુરુષ વડે વહન કરાય તેવી મેઘ કુમારના શિબિકાને વહન કરો. ત્યાર પછી તે હજાર તરુણ કૌટુમ્બિક પુરુષો શ્રેણિક રાજાના આ પ્રમાણે કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થયા અને મેઘકુમારની શિબિકાને વહન કરવા લાગ્યા.

ત્યાર પછી પુરુષસહસ્રવાહિની શિબિકા પર મેઘકુમારના આરૂઢ થવા પર સર્વપ્રથમ આ આઠ મંગલદ્રવ્ય તેની સામે અનુક્રમથી ચાલ્યા. સ્વસ્તિક શ્રીવત્સ નંદાવર્ત વર્ધમાન ભદ્રાસન કળશ મત્સ્ય અને દર્પણ યાવત્ ઘણા ધનના અર્થી જન યાવત્ ઈષ્ટ કાન્ત આદિ વિશેષણો વાળી વાણીથી યાવત્ નિરંતર અભિનંદન તેમજ સ્તુતિ કરતા કહેવા લાગ્યા. "હે નન્દ ! જય હો જય હો, હે ભદ્ર જય હો, જય હો ! હે જગતને આનંદ આપનાર ! તમારું કલ્યાણ થાઓ. તમે ન જીતેલ પાંચ ઈંદ્રિયોને જીતો અને જીતેલ સાધુ ધર્મનું પાલન કરો. હે દેવ ! વિઘ્નોને જીતીને સિદ્ધિમાં નિવાસ કરો. ધૈર્યપૂર્વક કમર કસીને, તપના દ્વારા રાગ દ્વેષ રૂપી મલ્લોનો નાશ કરો. પ્રમાદરહિત થઈને ઉત્તમ શુક્લ ધ્યાન દ્વારા આઠ કર્મરૂપી શત્રુઓનું મર્દન કરો. આજ્ઞાન-રહિત સર્વોત્તમ કેવળ જ્ઞાનને પ્રાપ્ત કરો. પરીષહ રૂપ સેનાને પરાજિત કરીને, પરીષહ અને ઉપસર્ગથી નિર્ભય બની શાશ્વત એવં અચળ પરમ પદરૂપ મોક્ષને પ્રાપ્ત કરો. તમારી ધર્મ સાધનામાં વિઘ્ન ન થાય." આ પ્રમાણે કહીને તે પુનઃ પુનઃ મંગલમય જાય જય શબ્દ કરવા લાગ્યા. ત્યાર પછી મેઘકુમાર રાજગૃહની વચોવચ થઈને નીકળ્યા. જ્યાં ગુણશીલ ચૈત્ય હતું. ત્યાં આવીને પુરુષ સહસ્ર વાહિની શિબિકા માંથી નીચે ઉતર્યા

[૩૪] ત્યાંર પછી મેઘકુમારના માતા-પિતા મેઘકુમારને સામે રાખી જ્યાં શ્રમણ મહાવીર છે, ત્યાં આવીને ત્રણ વખત દક્ષિણ તરફથી આરંભ કરીને પ્રદક્ષિણા કરે છે. વંદન કરે છે. નમસ્કાર કરે છે આ પ્રમાણે કહે છે :- "હે દેવાનુપ્રિય ! આ મેઘકુમાર અમારો એકનોએક' પુત્ર છે. તે અમને ઈષ્ટ છે, કાંત છે. પ્રાણની સમાન અને ઉચ્છ્- વાસની સમાન છે. હૃદયને આનંદ પ્રદાન કરનાર છે. ઉંબરના પુષ્પની સમાન તેનું નામ શ્રવણ કરવું પણ દુર્લભ છે તો દર્શનની તો વાત જ શી ? જેમ ઉત્પલ પદ્મ, અથવા કુમુદ કાદવમાં ઉત્પન્ન થાય છે અને પાણીમાં વૃદ્ધિ પામે છે, તો પણ કાદવ કે પાણીની રજથી લિપ્ત થતાં નથી, તે પ્રમાણે મેઘકુમાર કામોમાં ઉત્પન્ન થયો છે. અને ભોગોમાં વૃદ્ધિ પામેલ છે. તો પણ કામરજથી લિપ્ત થયો નથી, ભોગ રજથી લિપ્ત નથી થયો. હે દેવાનુ પ્રિય ! મેઘ કુમાર સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છે અને જન્મ જરા મરણથી ભયભીત બન્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી હે દેવાનુપ્રિય ! આપની પાસે મુંડિત થઇને, ગૃહત્યાગ કરીને સાધુત્વની પ્રવ્રજ્યા અંગીકારકરવા ઈચ્છે છે.અમે દેવાનુપ્રિયને શિષ્યભિક્ષા આપીએ છીએ.હે દેવાનુપ્રિય ! આપ શિષ્યભિક્ષા અંગીકાર કરો. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે મેઘકુમારના માતા પિતાદ્વારા આ પ્રમાણે કહેવા પર તે અર્થ ને સમ્યક્ પ્રકારથી સ્વીકાર કર્યો.

ત્યાર પછી મેઘકુમાર શ્રમણ ભગવાન મહાવીરની પાસેથી ઈશાન દિશામાં ગયા.જઇનેસ્વયંજઆભૂષણમાળા,અને વસ્ત્ર ઉતાર્યા.ત્યારપછી મેઘકુમારની માતાએ હંસના લક્ષણવાળા વસ્ત્રમાં આભૂષણ માળા અને અલં કાર ગ્રહણ કર્યા. જલની ધારા, નિર્ગુંડીના પુષ્પ અને ટૂટેલ મુક્તાવલી હારની સમાન આંસૂ ટપકાવતી, આક્રંદન કરતી અને વિલાપ કરતી કરતી આ પ્રમાણે કહેવા લાગી. હે લાલ ! પ્રાપ્ત ચરિત્રયોગમાં યતના કરવી. હે પુત્ર ! અપ્રાપ્ત ચારિત્રયોગને માટે ઘટના કરવી હે પુત્ર ! પરાક્રમ કરવો. સંયમ સાધનામાં પ્રમાદ ન કરવો અમારે માટે પણ આ જ માર્ગ થાય. આ પ્રમાણે કહીને મેઘ કુમારોના માતા પિતાએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરીને જે દિશા માંથી આવ્યા હતા તે દિશામાં પાછા ગયા.

[૩૫] ત્યાર પછી મેઘકુમારે સ્વયં જ પંચમુષ્ઠિ લોચ કર્યા. લોચ કરીને શ્રમણ ભગવાન્ મહાવીર જ્યાં હતા ત્યાં આવ્યા. આવીને શ્રમણ ભગવાન મહાવીરની જમણી તરફથી આરંભ કરીને પ્રદક્ષિણા કરી. ફરી વંદન નમસ્કાર કર્યા અને કહ્યું- 'ભગવન્ ! આ સંસાર જરા અને મરણથી આદીપ્ત છે, હે ભગવન્ ! આ સંસાર આદીપ્ત-પ્રદીપ્ત છે. જેમ કોઈ ગાથાપતિ ઘરમાં આગ લાગવાપર તે ઘરમાં જે અલ્પ ભારવાળી અને બહુમૂલ્ય વસ્તુ હોય છે તેને, ગ્રહણ કરીને સ્વયં એકાંતમાં ચાલ્યો જાય છે. તે વિચારે છે કે- 'અગ્નિમાં બળવાથી બચાવેલ આ પદાર્થો મારે માટે આગળ-પાછળ હિતને માટે, સુખને માટે, ક્ષમાને માટે, કલ્યાણને માટે અને ભવિષ્યમાં ઉપયોગી થશે. એવીજ રીતે મારે પણ આત્મા રૂપી વસ્તુ છે, જે મને ઈષ્ટ છે, કાન્ત છે, પ્રિય છે, મનોજ્ઞ છે અને અતિશય મનોહર છે. આ આત્માને હું ભસ્મ થતાં બચાવી લઈશ, તો તે સંસારનો ઉચ્છેદ કરનાર થશે. તેથી હું ઈચ્છું કે દેવાનુપ્રિય ! આપ સ્વયંજ મને પ્રવ્રજિત કરો-સ્વયંજ મને મુંડિત કરો-સ્વયંજ પ્રતિલેખન આદિની શિક્ષા આપો. સ્વયંજ સૂત્ર-અર્થ પ્રદાન કરીને શિક્ષા આપો. સ્વયંજ જ્ઞાનાદિક આચાર, ગોચરી, વિનય, વૈનયિક, ચરણ, કરણ, સંયમ યાત્રા અને માત્રા આદિ રૂપ ધર્મનું પ્રરૂપણ કરો.

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે મેઘકુમારને સ્વયંજ પ્રવ્રજ્યા પ્રદાન કરી અને સ્વયંજ યાવત્ આચાર ગોચર આદિ ધર્મની શિક્ષા આપી કે-હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે પૃથ્વી પર યુગ માત્ર દૃષ્ટિ રાખીને ચાલવું જોઈએ. આ પ્રમાણે નિર્જિવ ભૂમિપર ઉભા રહેવું જોઈએ.આપ્રમાણેભૂમિનુંપ્રમાર્જનકરીનેબેસવું જોઈએ.આ પ્રમાણે સામાયિ કનું ઉચ્ચારણ કરીને શરીરનું પ્રમાર્જન કરીને શયન કરવું જોઈએ. પ્રમાણે વેદના આદિ કારણોથી નિર્દોષ આહાર કરવો જોઈએ આ પ્રમાણે હિત, મિત અને મધુર ભા ષણ કરવું જોઈએ. આ પ્રમાણે અપ્રમત્ત અને સાવધાન થઇને પ્રાણ [વિકલેન્દ્રિય] ભૂત [વનસ્પતિ કાય]જીવ[પંચેન્દ્રિય]અને સત્વ [શેષએકેન્દ્રિય]ની રક્ષા કરીને સંયમનું પાલન કરવું જોઈએ આ વિષયમાં જરા માત્ર પણ પ્રમાદ ન કરવો જોઈએ. ત્યાર પછી મેઘકુમારે શ્રમણ ભગવાન મહાવીરની પાસેથી આ પ્રમાણેનો ધર્મનો ઉપદેશ સાંભ ળીને અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હૃદયમાં ધારણ કરીને સમ્યક પ્રકારે તેને અંગીકાર કર્યો. તે ભગવાનની આજ્ઞા પ્રમાણે ગમન કરતા તેજ પ્રમાણે બેસતા, યાવત્ ઉઠીને અર્થાત્ પ્રમાદ અને નિદ્રાનો ત્યાગ કરી પ્રાણો, ભૂતો જીવો અને સત્વોની યતના કરી સંયમની આરાધના કરવા લાગ્યા.

[૩૬] જે દિવસે મેઘકુમાર મુંડિત થઈને ગૃહત્યાગ કરીને ચારિત્ર અંગીકાર કર્યું તેજ દિવસે, સંધ્યા કાળના સમયે, રાત્નિક અનુક્રમથી શ્રમણ નિર્ગ્રંથોની શય્યાસંસ્તાર-કોનું વિભાજન કરતાં સમયે મેઘકુમારનો શય્યાસંસ્તારક દ્વાર ની પાસે થયો. ત્યાર પછી શ્રમણ નિર્ગ્રંથ રાત્રિના પહેલા અને પાછલા સમયમા વાચના, પૃચ્છના, પરાવર્તન, ધર્મના વ્યાખ્યાનના ચિંતન, ઉચ્ચાર, પાસવણને માટે પ્રવેશ કરતા હતા અને બહાર નિકળતા હતા, તેમા કેટલાક સાધુઓના હાથનો મેઘકુમારની સાથે સંઘટ્ટન થતું એજ રીતે કોઈના પગનો, કોઈના મસ્તકનો તો કોઈના પેટનો ટક્કર થયો. કોઈ કોઈ તો મેઘ કુમારની ઉપરથી ટપીને જતાં કોઈ કોઈએ તો પોતાના પગની રજથી મેઘકુમારને ભરી દીધો. આ પ્રમાણે લાંબી રાત્રિમાં મેઘકુમાર ક્ષણભર પણ આંખ બંધ ન કરી શક્યો.

ત્યારે મેઘકુમારને મનમાં આ પ્રમાણે અધ્યવસાય ઉત્પન્ન થયો. 'હું શ્રેણિક રાજાનો પુત્ર અને ધારિણી દેવીનો આત્મજ મેઘકુમાર છું યાવત્ જ્યારે હું, ઘરમાં હતો ત્યારે શ્રમણ નિર્ગ્રંથ મારો આદર કરતા હતા. આ કુમાર આવો છે. આ પ્રમાણે જાણતા હતા. સત્કાર સન્માન કરતા હતા. જીવાદિ પદાર્થોને તેણે સિદ્ધ કરવાવાળા હેતુઓને પ્રશ્નોને, કારણોને અને વ્યાકરણો ને કહેતા હતા. ઇષ્ટ અને મનોહર વાણીથી આલાપ-સંલાપ કરતા હતા. પરંતુ જ્યારથી મે મુંડિત થઈ ગૃહવાસથી નિકળીને સાધુ દીક્ષા અંગીકાર કરેલ છે. ત્યારથી સાધુ મારો આદર નથી કરતા યાવત્ આલાપ સંલાપ નથી કરતા અને આ શ્રમણ નિર્ગ્રંથો જતાં આવતાં મારા સંસ્તારકને ઓળંગે છે અને હું આટલી લાંબી રાત્રિમાં આંખ પણ બંધ ન કરી શક્યો તેથી કાલે રાત્રિના પ્રભાત રૂપ થવા પર યાવત્ સૂર્ય તેજથી જાજ્વલ્યમાન થવાપર શ્રમણ ભગવાન મહા વીરની આજ્ઞા લઈને ફરીથી ગૃહવાસમાં રહેવું મારા માટે શ્રેયસ્કર છે, વિચાર કરીને આર્તધ્યાનના કારણે દુઃખથી પીડીત અને વિકલ્પ યુક્ત થઈને તે રાત્રિ મેઘકુમારે નરકની જેમ વ્યતીત કરી. રાત્રિ, વ્યતીત કરીને પ્રભાત થવા પર, સૂર્યનું તેજ જાજ્વલ્યમાન થવા પર જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને ત્રણવાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી. વંદન નમસ્કાર કરીને યાવત્ ભગ વાનની પર્યુપાસના કરવા લાગ્યા.

[૩૭] શ્રમણ ભગવાન મહાવીરે મેઘકુમારને આ પ્રમાણે કહ્યું :- 'હે મેઘ' તું રાત્રિના પહેલા અને પાછલા કાળના અવસર પર શ્રમણ નિર્ગ્રંથોના આવાગમન કર વાના કારણે લાંબી રાત્રિ પર્યંત થોડા સમય માટે પણ આખ ન મીંચી શક્યો મેઘ ! ત્યારે તારા મનમાં આ પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો યાવત્ જ્યારથી મુંડિત થઈને ગૃહ વાસથી નિકળીને મેં સાધુતાની દીક્ષા લીધી છે. ત્યારથી શ્રમણ નિર્ગ્રંથો નથી મારો આદર કરતા કે નથી મને જાણતા. તેને બદલે યાવત્ પગની ધૂળથી ભરી દે છે. તેથી મારા માટે એ જ શ્રેયસ્કર છે કે કાલે પ્રભાત થવા પર શ્રમણ ભગવાન મહાવીરને પૂછીને ગૃહવાસમાં રહેવા લાગુ તમે તે પ્રમાણે વિચાર કર્યો છે અને વિચાર કરીને અર્તધ્યાનના કારણે દુઃખથી પીડિત તેમજ સંકલ્પ વિકલ્પ યુક્ત માનસ વાળા થઈને યાવત્ રાત્રિ વ્યતીત કરી-ને જ્યાં હું છું ત્યાં શીઘ્રતાપૂર્વક આવ્યા છો. હે મેઘ ! આ અર્થ સમર્થ છે ? મેઘકુમારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જવાબ આપ્યો હા, એ અર્થ સમર્થ છે.

ભગવાન્ બોલ્યા-'હે મેઘ ! આના પહેલાના ત્રીજા ભવમાં વૈતાઢ્ય પર્વતની પાદમૂળમાં તું ગજરાજ હતો વનચરોએ તારું નામ 'સુમેરુપ્રભ' રાખેલ હતું. તે સુમેરુ પ્રભાનો વર્ણ શ્વેત હતો. શંખના ચૂર્ણની સમાન ઉજ્જવલ, વિમલ, નિર્મળ; દહીના ફોદા ની સમાન, ગાયના દૂધના ફેણની સમાન અને ચંદ્રમાના સમાન રૂપ હતું તે સાત હાથ ઊંચો અને નવ હાથ લાંબો હતો મધ્યભાગમાં દસ હાથના પરિમાણ વાળો હતો ચાર પગ, સૂંઢ પૂંછડું અને લિંગ- આ સાત અંગ પ્રતિષ્ઠિત હતા. સૌમ્ય, પ્રમાણોપેત અંગ વાળો, સુંદર રૂપવાળો, આગળથી ઉંચા મસ્તકવાળો શુભ સ્કંધાદિવાળો હતો તેને પાછળનો ભાગ શૂકરની સમાન નીચે નમેલ હતો. તેની કુંખ બકરીની જેવી હતી. અને તે છિદ્રહીન હતી. તેમાં ખાડો પડેલ ન હતો. તેમજ લાંબી ન હતી. તે લાંબા ઉદરવાળો, લાંબા હોઠ વાળો, લાંબી સૂંઢવાળો હતો. તેની પીઠ ખેંચેલ ધનુષના પૃષ્ઠ જેવી આકૃત્તિ વાળી હતી. તેના અન્ય અવયવ સારી રીતે મળેલ હતા, પ્રમાણ યુક્ત ગોળ અને પુષ્ટ હતા. પૂંછડી ચોંટેલી અને પ્રમાણો પેત હતી. પગ કાચબાની જેમ પરિપૂર્ણ અને મનોહર હતાં. વીસ નખો શ્વેત, નિર્મળ, ચીકણાં અને નિરુપહત હતા, છ દાંત હતા. હે મેઘ ! ત્યાં તમે ઘણાં હાથીઓ હાથીણીઓ, અને કુમાર અવસ્થાને પ્રાપ્ત કરેલ કલભો ને કલભિકાયઓથી ઘેરાયેલો રહીને એક હજાર હાથીઓનો નાયક, માર્ગદર્શક, અગ્રિમ, પ્રસ્થાપક યૂથપતિ અને યૂથની વૃદ્ધિ કરનાર હતા. તે સિવાય ઘણા અન્ય એકલા હાથીઓના બચ્ચાઓનું પાલન કરતો યાવત્ વિચરણ કરતો હતો. હે મેઘ ! તું હંમેશા પ્રમાદી, ક્રીડા પરાયણ, કંદર્પરતિક્રીડા કરવામાં પ્રીતિવાળો, મૈથુનપ્રિય, કામ ભોગમાં અતૃપ્ત અને કામ ભોગમાં તૃષ્ણાવાળો હતો. ઘણાં હાથીઓથી ઘેરાયેલ થઈને વૈતાઢ્ય પર્વતની તળેટીમાં પર્વતોમાં, દરીઓ માં પર્વતોના અંતરાલમાં, કંદરાઓમાં, ઉજ્ઝરોમાં, ઝરણાઓમાં, નહેરોમાં, ખાડાઓમાં, પલ્લવોમાં, કાદવવાળા ખાબોચિયામાં, કટક, માં કટપલ્લવો પર્વતની સમીપવર્તી ખાબોચિયામાં, તટોમાં, અટવીમાં, ટૂંકો કૂટો ઉપરથી સાંકડા અને નીચે પહોળા પર્વતોમાં, પર્વતના શિખરોપર પ્રાગ્ભારોમાં મંચોમાં, કાનનમાં,વનોમાં,વનખંડોમાં,વનોની શ્રેણીઓમાં,નદીઓમાં,નદીકક્ષોમાં,યૂથો ચોરસ વાવડીઓમાં, ગોળ અથવા કમળોવાળી વાવડીઓમાં, દીર્ઘીકામાં, ગુંજાલિકામાં, સરોવરમા સરોવરનીપંક્તિઓમાં સરસરપંક્તિઓમાં, વનચરો દ્વારા વિચાર જેને આપેલ છે એવો તું બહુસંખ્યક હાથીઓની સાથે વિવિધ પ્રકારના તરુપલ્લવો, પાણી અને ઘાસનો ઉપભોગ કરતો નિર્ભય અને ઉદ્વેગ રહિત થઈને સુખે સુખે વિચરતો હતો.

ત્યાર પછી એકવાર કદાચિત પ્રાવૃટ્ વર્ષા, શરદ, હેમન્ત અને વસન્ત એ પાંચ ઋતુઓ ક્રમશઃ વ્યતીત થઈ જવા પર ગ્રીષ્મ ઋતુનો સમય આવ્યો ત્યારે જેઠ માસમાં વૃક્ષોના પરસ્પરના સંઘર્ષથી અગ્નિ ઉત્પન્ન થઈ તથા શુષ્ક ઘાસ, પાંદડા, કચરા અને વાયુથી દીપ્ત થયેલ અત્યંત ભયાનક અગ્નિથી ઉત્પન્ન વનના દાવાનળની જ્વાળા ઓથી વનનો મધ્યભાગ સળગી ઉઠ્યો. દિશાઓ ધુંમાડાથી વ્યાપ્ત થઈ ગઈ. પ્રચંડ વાયુના વેગથી અગ્નિની જ્વાળાઓ તૂટવા લાગી અને ચારે તરફ પડવા લાગી. પોલા વૃક્ષો અંદર અદર જ બળવા લાગ્યા. વનપ્રદેશોની નદી નાળાનું પાણી મૃતગાદિના શબો થી સડવા લાગ્યું-તેનું કીચડ કીડાવાળું થઈ ગયું. તેમના કિનારાનું પાણી સુકાય ગયું.

ભૃંગારક પક્ષી દીનતા પૂર્વક આક્રંદન કરવા લાગ્યાં. વૃક્ષોપર રહેલ કાગડા અત્યંત કઠોર અને અનિષ્ટ શબ્દ કરવા લાગ્યા. વૃક્ષોનો અગ્રભાગો અગ્નિ કણોના કારણે પર વાળા સમાન લાલ-દેખાવા લાગ્યા, પક્ષીઓના સમૂહ તરસથી પીડિત થઇને પાંખો ઢીલી કરીને, જીહવા અને તાલુને પ્રગટ કરીને અને મુખ ખોલીને શ્વાસ લેવા લાગ્યા ગ્રીષ્મ કાળની ઉષ્ણતા, સૂર્યનો તાપ અત્યંત કઠોર તેમજ પ્રચંડ વાયુ તથા સુકું ઘાસ, પાંદડા અને કચરાથી યુક્ત વંટોળીયાના કારણે ભાગ દોડ કરવાવાળા મન્દોન્મત્ત તથા સંભ્રમણવાળા સિંહ આદિ શ્વાપદોના કારણે શ્રેષ્ઠ પર્વત આકુળ વ્યાકુળ થઈ ગયો. એવું પ્રતીત થવા લાગ્યું કે તે પર્વત ઉપર મૃગતૃષ્ણા રૂપ પટ્ટબંધ બાંધેલ છે. ત્રાસને પ્રાપ્ત મૃગ અન્યપશુ અને સરીસૃપ આમ તેમ તરફડવા લાગ્યા. એવા ભયાનક અવસરે હે મેઘ ! તમારૂ મુખનું દ્વાર ફાટી ગયું. જીહવાને અગ્રભાગ બહાર નીકળી ગયો. મોટા મોટા બંને કાનો ભયથી સ્તબ્ધ અને વ્યાકુળતાના કારણે શબ્દ ગ્રહણ કરવામાં તત્પર થયા જાડી અને મોટી સૂંઢ સુકાઈ ગઈ. તેણે પૂંછને ઉંચી કરી લીધી. ભૃંગારની સમાન વિરસ આર્ત નાદના ચીત્કારથી જાણે તે આકાશતલને ફોડતો હતો. જાણે પગોના આઘાતથી પૃથ્વી તલને કંપિત કરતો હતો. સીત્કાર કરતો, વલ્લરીઓના ચારે તરફ સર્વત્ર સમૂહને છેદતો, ત્રાસ પામેલ અને ઘણીસંખ્યાવાળા હજારો વૃક્ષોને ઉખેડતો, રાજ્યથી ભ્રષ્ટ થયેલા રાજાની જેમ, વાયુથી ડોલતા જહાજની જેમ અને વંટોળિયાની જેમ આમતેમ ભ્રમણ કરતો અને વારંવાર લીંડી ત્યાગતો, ઘણા હાથીઓ અને હાથણીઓની સાથે દિશાઓ અને વિદિશાઓમાં આમ તેમ ભાગદોડ કરવા લાગ્યો. હે મેઘ! તું ત્યાં જીર્ણ, જરાથી જર્જરિત શરીરવાળો, વ્યાકુળ, ભૂખ્યો, તરસ્યો, દુર્બળ, થાકેલ, માંદો, બહેરો તથા દિગમૂઢ થઈને પોતાના યુથથી છૂટો પડી ગયો. વનની દાવાવળની જ્વાળાઓથી પરાભૂત થયો. ગર્મીથી, તરસથી, ભૂખથી પીડિત થઈને ભયને પ્રાપ્ત થયો. દુઃખી થયો. તારો આનંદ રસ શુષ્ક થઇ ગયો. આ વિપત્તિથી કેમ છુટકારો મેળવું એ પ્રમાણે વિચાર કરીને ઉદ્વિગ્ન થયો. તને પૂરી રીતે ભય ઉત્પન્ન થયો. તેથી તું આમ તેમ દોડવા લાગ્યો. તે સમયે એક થોડા પાણી વાળુ અને ઘણાં કાદવવાળું સરોવર દેખાયું તેમાં પાણી પીવાને માટે ઘાટ વિના તું ઉતર્યો. ત્યાં કિનારાથી દૂર ચાલ્યા ગયા પણ પાણી સુધી ન પહોંચી શક્યા અને વચ્ચોવચ કીચડમાં ફસાઇ ગયા 'હું પાણી પીવું' એમ વિચારીને ત્યાં તે સૂંઢ ફેલાવી પરંતુ તમારી સૂંઢ પણ પાણી સુધી ન પહોંચી ત્યારે હે મેઘ ! તમે ફરી "શરીરને બહાર કાઢું" એમ વિચારીને જોર કર્યું તો ગાઢ કીચડમાં ફસાઈ પડ્યા. ત્યારે હે મેઘ ! એક વખત એક નવજવાન શ્રેષ્ઠ હાથીને તમોએ સૂંઢ, પગ અને દાંત રૂપ મસૂલોથી પ્રહાર કરીને માર્યો હતો. અને તમારા ટોળા માંથી ઘણાં સમય પહેલા તેને કાઢી મૂકેલ હતો. તે હાથી પાણી પીવાને માટે તેજ સરોવરમાં ઉતર્યો. ત્યાર પછી તે નવજવાન હાથીએ તમને જોયો. જોતાની સાથે જ તમારા પૂર્વના વેરનું સ્મરણ થયું. સ્મરણ થતાની સાથે જ તેને ક્રોધના ચિન્હ પ્રગટ થયા તેનો ક્રોધ વધી ગયો. તેણે રૌદ્ર રૂપ ધારણ કર્યું અને ક્રોધાગ્નિ થી જલી ઉઠ્યો. તેથી તે તમારી પાસે આવ્યો આવીને તીક્ષ્ણદાંત રૂપી મુસલોથી ત્રણ વાર તમારી પીઠ વીંધી નાખી.અને વીંધીને પૂર્વના વેરનો બદલો લીધો.બદલો લઈને હૃષ્ટ તુષ્ટ થઈને પાણી પીધું. પાણી પી ને જે દિશાથી આવેલ હતો તે દિશા તરફ પાછો ચાલ્યો ગયો.

ત્યાર પછી હે મેઘ ! તમારા શરીરમાં વેદના ઉત્પન્ન થઈ, એ વેદના એવી હતી કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમને જરા પણ ચેન ન હતું. તે સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત હતી. અને ત્રિતુલા હતી કઠોર અને દુસ્સહ હતી. તે વેદનાના કારણે તમારું શરીર પિત્ત જ્વરથી વ્યાપ્ત થઈ ગયું અને શરીર માં દાહ ઉત્પન્ન થઈ ગયો હતો. તે સમયે તમે એવી સ્થિતિમાં રહ્યા. ત્યાર પછી હે મેઘ ! તમે તે ઉજ્જવલ-યાવત્ દુસ્સહ વેદનાને સાત દિવસ-રાત સુધી ભોગવી. એક સો વીસ વર્ષનું આયુષ્ય ભોગવીને આર્તધ્યાનના વશીભૂત તેમજ દુઃખથી પીડિત થયા, કાળ માસમાં કાળ કરીને આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં દક્ષિણાર્ધ ભરતમાં ગંગા નામની મહાનદીના દક્ષિણ કિનારા પર વિન્ધ્યાચલની પાસે એક મન્દોન્મત્ત અને શ્રેષ્ઠ હાથીની એક શ્રેષ્ઠ હાથીણીની કુખમાં હાથીના બચ્ચાના રૂપમાં ઉત્પન્ન થયા ત્યાર પછી તે હાથ ણીએ નવ માસ પૂર્ણ થતાં વસંત ઋતુમાં તમને જન્મ આપ્યો. ત્યાર પછી હે મેઘ ! તું ગર્ભાવાસથી મુક્ત થઈને ગજલકભક થઈ ગયો. લાલ કમળની સમાન, લાલ અને સુકો મળ થયો. રક્ત વર્ણ, પારિજાત નામક વૃક્ષ, લાખના રસ, સરસ કુંકુમ અને સંધ્યા કાળના વાદળાના રંગ સમાન રક્ત વર્ણ થયો. પોતાના યૂથપતિને પ્રિય થયો. ગણિકાની સમાન યુવતી હાથણીઓનાં ઉદર પ્રદેશમાં પોતાની સૂંઢ નાખતો થકો કામ ક્રીડામાં તત્પર રહેવા લાગ્યો આ પ્રમાણે સેંકડો હાથીઓથી ઘેરાયેલ થઈને તું પર્વતના રમણીય કાનનો માં સુખ પૂર્વક વિચરવા લાગ્યો. ત્યાર પછી હે મેઘ ! તું બાલ્યાવસ્થાં પાર કરીને યૌવનને પ્રાપ્ત થયો. પછી યૂથપતિના કાળધર્મને પ્રાપ્ત થવા પર તું પોતે જ તે યૂથને વહન કરવા લાગ્યો. ત્યાર પછી હે મેઘ ! વનચરોએ તારું નામ મેરુપ્રભ રાખ્યું. તું ચાર દાંતવાળો હસ્તિરત્ન થયો. હે મેઘ ! તું સાતે અંગોથી ભુમિને સ્પર્શ કરનાર, આદિ પૂર્વોક્ત વિશેષ ણોથી યુક્ત યાવત્ સુંદર રૂપવાળો થયો.

ત્યાર પછી અન્યદા કોઈ વખતે ગ્રીષ્મકાળના અવસર પર જ્યેષ્ઠ માસમાં વનના દાવાનલની જ્વાલાઓથી વન પ્રદેશ બળવા લાગ્યો. દિશાઓ ધૂમાડાથી ભરાઈ ગઈ. તે સમયે તું વંટોળિયાની જેમ આમ તેમ ભાગદોડ કરવા લાગ્યો, ભયભીત થયો, વ્યાકુળ થયો અને બહુ ફરવા લાયો. ત્યારે હાથીઓ અને હાથણીઓની સાથે તેમનાથી ઘેરાયેલો ચારે બાજૂ એક દિશામાંથી બીજી દિશામાં ભાગ્યો. હે મેઘ ! તે સમયે તે વનના દાવા નળને જોઈને તને આ પ્રમાણેનો અધ્યવસાય યાવત્ ઉત્પન્ન થયો “લાગે છે કે આ પ્રકારની અગ્નીની ઉત્પત્તિ મેં પહેલા ક્યારેક અનુભવેલ છે” ત્યાર પછી હે મેઘ ! વિશુદ્ધ થતી લેશ્યાઓ, શુભ અધ્યવસાય, શુભ પરિણામ અને જાતિસ્મરણને આવરણે કરનાર કર્મોનો ક્ષયોપશમ થવાથી ઈહા, અપોહ, માર્ગણા, અને ગવેસણા કરતા તને સંજ્ઞી જીવોને પ્રાપ્ત થવાવાળું જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાર પછી હે મેઘ ! તૂ આ અર્થને સમ્યક પ્રકારે જાણવા લાગ્યો કે ‘નિશ્ચય જ હું વ્યતીત થયેલ બીજા ભવમાં આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની તલાટીમાં સુખપૂર્વક વિચરતો હતો. ત્યાં આ પ્રકારની મહાન અગ્નિનો સંભવ અનુભવ કરેલ હતો ‘તદન્તર હે મેઘ ! તું તે ભવમાં તે દિવસના અંતિમ પ્રહર સુધી પોતાના યુથ સાથે વિચરણ કરતો હતો.હેમેઘ ! ત્યાર પછી તૂ કાળ કરીને બીજા ભવમાં સાત હાથ પ્રમાણ ઉંચો યાવત્ જાતિસ્મરણથી યુક્ત, ચાર દાતવાળા મેરુપ્રભ નામનો હાથી થયો. ત્યાર પછી હે મેઘ ! તમને આ પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો કે મારે માટે શ્રેયસ્કર છે કે આ સમયે ગંગા નામની મહાનદીના દક્ષિણ કિનારા વિન્ધ્યાચલની તળાટીમાં દાવાનલથી રક્ષા કરવા માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના યૂથની સાથે એક મોટું મંડલ બનાવું. આ પ્રમાણે વિચાર કરીને તમે સુખપૂર્વક વિચરવા લાગ્યા.

ત્યાર પછી હે મેઘ ! તમોએ કોઈ વખત એકવાર પ્રથમ વર્ષાકાળમાં ખૂબ વર્ષા થવા પર ગંગા મહાનદીની પાસે ઘણાં હાથીઓ યાવત્ નાની હાથણીઓથી ઘેરાયેલ થઈને એક યોજન પરિમિત મોટા ઘેરાવાળા અત્યંત વિશાળ મંડળ બનાવ્યું. તે મંડળમાં જે કાઇ પણ ઘાસ. પાંદડા કાષ્ઠ, કાંટા, લતા, વેલ, ઠુંઠા, વૃક્ષ અથવા છોડવા આદિ હતા. તે બધાને ત્રણવાર હલાવી હલાવીને પગથી ઉખેડ્યા, સૂંઢથી પકડ્યા અને એક તરફ લઈ જઈને ફેંકી દીધા. ત્યાર પછી હે મેઘ ! તમે મંડલની સમીપ ગંગા મહાનદીના દક્ષિણ કિનારે, પૂર્વોક્ત સ્થાનોમાં વિચરણ કરવા લાગ્યો. ત્યાર પછી હે મેઘ ! કોઇ અન્ય સમયે મધ્ય વર્ષાઋતુમાં તમે તે સ્થાન પર આવ્યા જ્યાં મંડલ હતું. ત્યાં આવીને બીજીવાર તે મંડળને સાફ કરીને ઠીક કર્યું. એ પ્રમાણે અંતિમ વર્ષા રાત્રિમાં ઘોર વૃષ્ટિ થવા પર જ્યાં મંડલ હતું ત્યા આવ્યા. આવીને ત્રીજી વાર તે મંડલને સાફ કર્યું.

હે મેઘ ! કોઈ અન્ય સમયે પાંચ ઋતુ વ્યતીત થઈ જવા પર ગ્રીષ્મ કાળના અવસર પર જ્યેષ્ઠ માસમાં વૃક્ષોના પરસ્પર અથડાવાથી ઉત્પન્ન થયેલ દાવાનલના કારણે યાવત્ અગ્નિ ફેલાઇ ગઈ અને મૃગ, પશુ, પક્ષી, તથા સરીસૃપ આદિ ભાગ દૌડ કરવા લાગ્યા. ત્યારે તું ઘણા હાથીઓની સાથે જ્યાં તે મંડલ હતું ત્યાં જવાને માટે દોડ્યો તે મંડલમાં ઘણાં સિંહ, વાઘ, વરુ, દીપડા, રીછ, તરચ્છ, પારાસર, શરભ, શિયાળ, બિલાડા, કુતરા, સસલા, લોમડી, ચિતા અને ચિલ્લલ આદિ પશુઓ અગ્નિના ભયથી પરાભૂત થઈને પહેલથી જ આવીને ઘુસી ગયા હતા. અને એકી સાથે બીલધર્મથી રહેતા હતા. ત્યાર પછી હે મેઘ ! તું જ્યાં મંડલ હતું ત્યાં આવ્યો. હે મેઘ ! તે પગથી શરીર ખંજવાળું, એમ વિચારીને એક પગ ઉંચો કર્યો તે સમયે તે ખાલી થયેલ જગ્યામાં અન્ય બલવાન પ્રાણી ઓ દ્વારા પ્રેરિત એક સસલું પ્રવિષ્ટ થઇ ગયું. તે ખંજવાળીને વિચાર્યું કે હું પગ નીચે મુકું. પરંતુ સસલાને પગની જગ્યામાં ઘુસેલું જોયું. જોઈને પ્રાણીઓની, ભૂતોની, જીવોના, તથા સત્વોની અનુકંપાથી તે પગ અદ્ધર જ રાખ્યો નીચે ન મુક્યો. હે મેઘ ! તે પ્રાણી-અનુકંપા યાવત્ સત્વાનુકંપાથી તમે એ સંસાર પરીત કર્યો. અને મનુષ્યના આયુનો બંધ કર્યો.

ત્યાર પછી તે દાવાનલ અઢી અહો-રાત્રિ પર્યન્ત તે વનને બાળીને પૂર્ણ થઇ ગયો, ઉપરત થઈ ગયો, ઉપશાન્ત થઈ ગયો અને બુઝાઇ ગયો. ત્યારે તે ઘણા સિંહ યાવત્ ચિલ્લલક આદિ પ્રાણીઓએ વનના દાવાનળને પૂરો થયેલો યાવત્ બુઝાયેલો જોયે. અને જોઈને તે અગ્નિના ભયથી મુક્ત થયા. તે ભૂખ અને તરસથી પીડિત થતાં તે મંડલથી બહાર નીકળ્યા. અને નીકળીને ચારે તરફ ફેલાઇ ગયા. હે મેઘ ! તે સમયે તું વૃદ્ધ જરાથી જર્જરિત શરીરવાળો તેમજ શિથિલ અને કરચલી વાળી ચામડીથી વ્યાપ્ત ગાત્રવાળો, દુર્બળ, થાકેલો, ભુખ્યો, શારીરીક શક્તિથી હીન, સહારો ન હોવાથી, નિર્બળ, સામર્થ્યથી અને ચાલવા-ફરવાની શક્તિથી રહિત અને ઠુંઠાની જેમ સ્તબ્ધ થઈ ગયો. હું વેગથી ચાલું' એવો વિચાર કરીને જ્યાં પગ પસાર્યો કે વિદ્યુતથી આઘાત પામેલ રજતગિરિના શિખરની સમાન બધા અંગોથી તુંધડામકરતો ધરતી પર પડી ગયો.ત્યાર પછીહે મેઘ ! તારા શરીરમાં વેદના ઉત્પન્ન થઈ તથા દાહજ્વર ઉત્પન્ન થયો તું તેવી સ્થિતિમાં રહ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે હે મેઘ ! તું તે ઉત્કટ યાવત્ દુસ્સહ વેદનાને ત્રણ રાત્રિ-દિવસ સુધી ભોગવતો રહ્યો. અંતમાં સો વર્ષના પૂરા આયુષ્યને ભોગવીને જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભરત વર્ષમાં રાજગૃહ નગરમાં શ્રેણિક રાજાની ધારિણી દેવીની કુક્ષીએ કુમારના રૂપમાં ઉત્પન્ન થયો.

[૩૮] ત્યાર પછી હે મેઘ ! તું અનુક્રમથી ગર્ભવાસથી બહાર આવ્યો તારો જન્મ થયો. બાલ્યાવસ્થાથી મુક્ત થયો અને યુવાવસ્થાને પ્રાપ્ત થયો. ત્યારે મારી પાસે મુંડિત થઈને ગૃહવાસથી મુક્ત થઈને અણગાર થયો તો હે મેઘ ! તું જ્યારે તિર્યંચયોનિ પર્યાયને પ્રાપ્ત હતો. અને જ્યારે તને સમ્યકત્વ રત્નનો લાભ પણ થયો ન હતો, ત્યારે પણ તે પ્રાણીઓની અનુકંપાથી પ્રેરિત થઈને યાવત્ પોતાનો પગ અધર જ રાખ્યો હતો, તો પછી હે મેઘ ! આ જન્મમાં તો તું વિશાળ કુળમાં જન્મેલોછે. તને ઉપ ઘાતથી રહિત શરીર પ્રાપ્ત થયું છે. પાંચે ઇન્દ્રિયોનું તે દમન કરેલ છે. અને ઉત્થાન, બળ, વીર્ય, પુરુષ કાર અને પરાક્રમથી યુક્ત છે. અને મારી પાસે મુંડિત થઈને ઘરવાસ ત્યાગીને અણગાર બન્યો છે તો પણ પહેલી અને પાછલી રાત્રિના સમયે યાવત્ રજકણોથી તારૂં શરીર ભરાઇ ગયું તેને તું સમ્યક્ પ્રકારથી સહન ન કરી શક્યો ? ક્ષુબ્ધ થયા વિના સહન ન કરી શક્યો ? અદીન ભાવથી તિતિક્ષા ન કરી શક્યો?અને શરીરને નિશ્ચલ રાખી સહન ન કરીશક્યો ?

ત્યાર પછી મેઘ કુમાર અણગારને શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી આ વૃતાંત સાંભળી, સમજીને શુભ પરિણામો, પ્રશસ્ત અધ્યવસાયના વિશુદ્ધ થતી લેશ્યા ઓ અને જાતિસ્મરણને રોકનાર જ્ઞાનાવરણના ક્ષયોપ શમના કારણે ઈહા, અપોહ, માર્ગણ, અને ગવેષણા કરતા થકા સંજ્ઞી જીવોને પ્રાપ્ત થનાર જાતિસ્મરણ પ્રાપ્ત થયું તેથી મેઘમુનિએ પોતાનો પૂર્વોક્ત વૃતાંત સમ્યક પ્રકારે જાણી લીધો. તેથી તેને દ્વિગુણિત સંવેગ પ્રાપ્ત થયો. તેનું મુખ આસુ ઓથી ભરાઈ ગયું. હર્ષના કારણે મેઘ ધારાથી આહત, કદંબ પુષ્પની જેમ તેના રોમાંચ વિકસિત થઇ ગયા તેણે શ્રમણ ભગવાન મહાવીરને વંદન કર્યા નમસ્કાર કર્યા. આ પ્રમાણે કહ્યું- "ભંતે ! આજથી હું મારા બે નેત્રને છોડીને શેષ સમસ્ત શરીર શ્રમણનિર્ગ્રંથોને માટે સમર્પિતકરુંછું."આ પ્રમાણે કહીને મેઘકુમારેફરીશ્રમણ ભગવંત મહાવીરને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું ભગ વંત ! મારી ઈચ્છા છે કે આપ સ્વયં મને બીજીવાર પ્રવ્રજિત કરો. સ્વયંજ મુંડિત કરો યાવત્ સ્વ યંજ જ્ઞાનાદિક આચાર ગોચર-માટે ભ્રમણ, યાત્રા-પિંડ વિશુદ્ધિ આદિ સંયમ યાત્રા તથા માત્ર-આદિ રૂપ શ્રમણ ધર્મનો ઉપદેશ આપો.

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે મેઘકુમારને સ્વયં દીક્ષિત કર્યો યાવત્ સ્વયમેવયાત્રા-માત્રા રૂપ ધર્મનો ઉપદેશ આપ્યો, ત્યાર પછી મેઘકુમાર મુનિએ શ્રમણ ભગવાન મહા વીરનો આ ધાર્મિક ઉપદેશ સમ્યક્ પ્રકારે અંગીકાર કર્યો, અંગીકાર કરી-ને તેજ પ્રમાણે વર્તન કરવા લાગ્યા યાવત્ સંયમમાં ઉદ્યમ કરવા લાગ્યા. ત્યારે મેઘ ઈર્યાસમિતિથી યુક્ત અણગાર બન્યા. ત્યાર પછી તે મેઘમુનિઓ શ્રમણ ભગવાન મહા વીરની પાસે રહીને તથા પ્રકારના સ્થવિર મુનિઓ પાસેથી સામાયિકથી પ્રારંભ કરીને અગીયાર અંગ શાસ્ત્રોનું અધ્યયન કર્યું. અધ્યયન કરીને તે ઘણાં ઉપવાસ, બેલા, તેલા, ચોલા, પંચોલા, આદિથી તથા અર્ધમાસખમણ તેમજ માસખમણ આદિ તપસ્યાથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૩૯] ત્યાર પછી તે મેઘ અણગારે કોઈ એક સમય શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું- "ભગવન્ ! હું આપની અનુમતિ મેળવીને એક માસની મર્યાદાવાળી ભિક્ષુ પ્રતિમાને અંગીકાર કરીને વિચરવાની ઈચ્છા કરું છું. ભગવાને કહ્યું- દેવાનુપ્રિય ! તમને જેમ સુખ ઉપજે તેમ કરો. પ્રતિબન્ધ ન કરો શ્રમણ ભગવાન મહાવીર દ્વારા અનુમતિ મેળવેલ એવા મેઘ અણગાર એક માસની ભિક્ષુપ્રતિમાને અંગીકાર કરીને વિચરવા લાગ્યા. એક માસની ભિક્ષુપ્રતિમાને યથાસૂત્ર કલ્પ અનુસાર, માર્ગ અનુસાર સમ્યક્ પ્રકારે કાયાથી ગ્રહણ કરી, નિરંતર સાવધાન રહીને તેનું પાલન કર્યું. શોધન કર્યું. પાર કરી, કીર્તન કર્યું. આ પ્રમાણે યથાયોગ્ય રૂપે કાયાથી સ્પર્શ કરીને, પાલન કરીને શોધિત કરીને, પાર કરીને તેમજ કીર્તન કરીને ફરી ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું.

ભગવંત ! આપની અનુમતિ પ્રાપ્ત કરીને હું બે માસની બીજી ભિક્ષુ પ્રતિમાને અંગીકાર કરીને વિચરવા ઈચ્છું છું. ભગવાને કહ્યું - દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો પ્રતિબંધ ન કરો. જે પ્રમાણે પહેલી પ્રતિમામાં છે તે પ્રમાણે બીજી પ્રતિમા બે માસની, ત્રીજી પ્રતિમા ત્રણ માસની, ચોથી ચાર માસની, પાંચમી પાંચ માસની, છઠ્ઠી છ માસની, સાતમી સાત માસની, આઠમી સાત અહોરાત્રિની, નવમી સાત અહો રાત્રિની દશમી પણ સાત અહોરાત્રિની અને અગીયારમી તથા બારમી પ્રતિમા એક એક અહોરાત્રિની કહેવી જોઈએ. ત્યાર પછી મેઘ અણગારે બારે ભિક્ષુપ્રતિમાઓને સમ્યક્ પ્રકારે કાયાથી સ્પર્શ કરીને, યાવત્ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા. આ પ્રમાણે કહ્યું ભગવાન હું આપની આજ્ઞા મેળવીને ગુણરત્ન સંવત્સર નામક તપઃકર્મ અંગીકાર કરીને વિચરવા ઈચ્છું છું. ભગવાન બોલ્યા-હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. ગુણરત્ન સંવત્સર નામક તપમાં તેર માસ સત્તર દિવસ ઉપવાસના હોય છે અને તોતેર દિવસ પારણાના હોય છે, આ પ્રમાણે સોળ માસમાં આ તપનું અનુષ્ઠાન કરવામાં આવે છે.

ત્યાર પછી મેઘ અણગાર પહેલા માસમાં નિરંતર ચતુર્થ ભક્ત સાથે વિચરવા લાગ્યા. દિવસમાં ઉત્કટ આસનથી રહેતા અને સૂર્યની આતાપના લેવાની ભૂમિમાં આતાપના લેતા. રાત્રિમાં પ્રાવરણ રહિત થઈને વીરાસનથી સ્થિત રહેતા. આ પ્રમાણે બીજા મહિને નિરંતર છઠ્ઠ ભક્ત તપ, ત્રીજા મહિને અઠ્ઠમ ભક્ત, ચોથા મહિને દશમ ભક્ત તપ કરતા વિચરવા લાગ્યા. પાંચમા માસમાં બાર-બારનો નિરંતર તપ કરવા લાગ્યા. આ પ્રમાણે છઠ્ઠા માસમાં છ-છ ઉપવાસની, યાવત્ સોળમાં માસમાં સોળ-સોળ ઉપવાસની, નિરંતર તપશ્ચર્યા કરતા વિચરવા લાગ્યા. ત્યાર પછી મેઘ અણગારે ગુણ રત્ન સંવત્સરક નામના તપઃકર્મનું પાલન સૂત્રના અનુસારે યાવત્ સમ્યક્ પ્રકારથી કાયા દ્વારા સ્પર્શ કર્યું, યાવત્ કીર્તિત કર્યું. શ્રમણ ભગવાન મહાવીરને વંદન કર્યા, યાવત્ વિચિત્ર પ્રકારના તપઃકર્મ કરીને આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

[૪૦] ત્યાર પછી તે મેઘ અણગાર તે ઉરાલ-, વિપુલ-, સશ્રીક-, ગુરુદ્વારા પ્રદત્ત બહુમાન પૂર્વકગ્રહીત,કલ્યાણકારી,નીરોગતાજનક,શિવમુક્તિનું કારણ,ધન્ય, માંગલ્ય -ઉદગ્ર-ઉદાર- ઉત્તમ- અને મહાન પ્રભાવવાળા તપકર્મથી શુષ્કનીરસ શરીર વાળા, ભૂખ્યા, રુક્ષ, માંસ રહિત અને લોહી રહિત થઈ ગયા ઉઠતા-બેસતાં તેનાં હાડકા ખખ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉવા લાગ્યા તેના હાડકા ફક્ત ચામડાથી મઢેલ હોય તેવા થઈ ગયા. શરીરકૃશ અને નસોથી વ્યાપ્ત થઈ ગયું. તે પોતાના આત્મ બળથી જ ચાલતા. આત્મ બળથી જ ઉભા રહેતા, ભાષા બોલતા થાકી જતા. વાત કરતાં કરતાં થાકી જતા. ત્યાં સુધી કે 'હું બોલીશ એવો વિચાર કરતાં પણ થાકી જતા. કોલસાથી, લાકડાથી, પાંદડાથી, તલથી, અથવા એરંડના લાકડાથી ભરેલ ગાડી હોય. તડકામાં રાખીને સુકવેલ હોય અથવા કોલસા, લાકડી, પાંદડા આદિ ખૂબ સુકવી લીધા હોય. અને પછી ગાડીમાં ભરેલ હોય. તો તે ગાડી ખડખડ અવાજ કરતી ચાલતી હોય. અને અવાજ કરતી ઉભી રહે, તે પ્રમાણે મેઘ અણગાર હાડકાના ખડખડાટની સાથે ચાલે છે. અને ખડખડાટની સાથે બેસે છે. તે તપ સ્યાથી તો ઉપચિત-હતા. અને માંસ રુધિરથી અપચિત હતા. તે ભસ્મનાં સમૂહથી આચ્છાદિત અગ્નિની સમાન તપસ્યાના તેજથી દેદીપ્યમાન હતા.

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર ધર્મની આદિ કરનાર, તીર્થની સ્થાપના કરનાર યાવત્ અનુક્રમથી ચાલતા એક ગામથી બીજા ગામ ઉલ્લંઘન કરતા જ્યાં રાજગૃહ નગર હતું, ગુણશીલ ચૈત્ય હતું ત્યાં પધાર્યા. પધારીને યથોચિત અવગ્રહ ની આજ્ઞા લઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. ત્યાર પછી તે મેઘ અણગારને મધ્યરાત્રિમાં ધર્મ જાગરણ કરતાં આ પ્રમાણે અધ્યવ સાય ઉત્પન્ન થયો.- 'હું આ પ્રધાન તપના કારણે' યાવત્ ભાષા બોલીશ, એવો વિચાર કરવા માત્રથી પણ થાકી જાઉં છું. તો અત્યારે મને ઉઠવાની શક્તિ છે. બલ, વીર્ય, પુરુષકાર, પરાક્રમ,શ્રદ્ધા,ધૃતિ,અનેસંવેગછે.તોજ્યાંસુધીમારાધર્માચાર્ય,ધર્મોપદેશકશ્રમણ ભગ વાન મહાવીર ગંધહસ્તીના સમાન જિનેશ્વર વિચરી રહ્યા છે. ત્યાં સુધી કાલે રાત્રિ ના પ્રભાવ રૂપમાં પ્રગટ થવા પર યાવત્ સૂર્યના તેજથી જાજ્વલ્યમાન થવાપર હું શ્રમણ ભગ વાન મહાવીરને વંદન-નમસ્કાર કરીને,આજ્ઞા લઈને સ્વયં જ પાંચ મહા વ્રતોને પુનઃ અંગી કાર કરીને, ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રંથોને તથા નિર્ગ્રંથી ઓની ક્ષમા યાચી સ્થવિર સાધુઓની સાથે ધીમે ધીમે વિપુલાચલ પર આરૂઢ થઈને સ્વયંજ સઘન મેઘની સમાન પૃથ્વીશિલાપટ્ટકરનુંપ્રતિલેખન કરીને,સંલેખનાસ્વીકાર કરીને, આહાર પાણી નો ત્યાગ કરીને, પાદોપગમન અણસણ ધારણ કરીને મૃત્યુની પણ આકાંક્ષા નહિ કરતાં વિચરું.

મેઘમુનિએ આ પ્રમાણેનો વિચાર કર્યો. વિચાર કરીને બીજા દિવસની રાત્રિ પ્રભાત રૂપમાં પરિણત હોવાપર યાવત સૂર્ય જાજ્વલ્યમાન થવાપર જ્યાં શ્રમણ ભગ વાન હતા ત્યાં પહોંચીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર જમણી તરફથી શરૂ કરીને પ્રદક્ષિણા કરી. પ્રદક્ષિણા કરીને વંદન કર્યા. નમસ્કાર કર્યા. યોગ્ય સ્થાન પર રહીને ભગ વાનની સેવા કરતા, સન્મુખ, વિનયની સાથે બંને હાથ જોડીને ઉપાસના કરવા લાગ્યા શ્રમણભગવાન મહા વીરે મેઘ અણગારને આ પ્રમાણે કહ્યું - નિશ્ચયથી મેઘ ! મધ્ય રાત્રિના સમયે ધર્મ જાગરણ જાગતાં થકા તેમને આ પ્રમાણેનો વિચાર ઉત્પન્ન થયો યાવત્ જ્યાં હું છું ત્યાં તું તુરત આવ્યો છે. હે મેઘ ! શું આ પ્રમાણેનો અર્થ સમર્થ છે ? મેઘમુનિ બોલ્યા - હા, એ વાત સત્ય છે ત્યારે ભગવાને કહ્યું - 'દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો. પ્રતિબંધ ન કરો.'

ત્યાર પછી મેઘ અણગાર શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા પ્રાપ્ત કરીને હૃષ્ટ-તુષ્ટ થયા. તેમના હૃદયમાં આનંદ થયો. તે ઉત્થાન કરીને ઉઠ્યા. અને ઉઠીને શ્રમણ ભગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાન મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરીને વંદના કરી. નમસ્કાર કર્યો. સ્વયં પાંચ મહા વ્રતોનું ઉચ્ચારણ કર્યું અને ગૌતમ આદિ સાધુઓને તથા સાધ્વીઓને ખમાવ્યા. સ્થવિર સાથે ધીમે ધીમે વિપુલ નામક પર્વતપર આરુઢ થયા. સ્વયં સઘન મેઘની સમાન કાળા પૃથ્વીશિલા પટ્ટકની પ્રતિલેખના કરી. દર્ભનો સંથારો બીછાવ્યો અને તેનાપર આરુઢ થઈ ગયા. પૂર્વ દિશાની સન્મુખ પદ્માસનથી બેસીને, બંને હાથ જોડીને અને મસ્તકથી સ્પર્શ કરીને આ પ્રમાણે બોલ્યા. અરિહંત ભગવંતોને યાવત્ સિદ્ધ ગતિ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાને નમસ્કાર હો. ત્યાં સ્થિત ભગવાને હું વંદના કરૂં છું. ત્યાં સ્થિત ભગવાન અહિં સ્થિત મને જુઓ. આ પ્રમાણે કહીને ભગવાનને. વંદના નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું :- પહેલા પણ મેં શ્રમણ ભગવાન મહાવીરની પાસે સમસ્ત પ્રાણાતિપાતનો ત્યાગ કર્યો છે. મૃષાવાદ,અદત્તાદાન,મૈથુન,પરિગ્રહ,ક્રોધ,માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યા ખ્યાન, પૈશુન્ય પરપરિવાદ ધર્મમાં અરતિ, અધર્મમાં રતિ, માયા મૃષા અને મિથ્યાદર્શન-શલ્ય, આ બધાના પ્રત્યાખ્યાન કરેલા છે. અત્યારે પણ હું તે ભગવાનની સામે સંપૂર્ણ પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાન કરું છું યાવત્ મિથ્યાદર્શનશલ્યના પ્રત્યાખ્યાન કરું છું. તથા બધા પ્રકારના અશન, પાન, ખાદિમ, અને સ્વાદિમ રૂપ, ચારે પ્રકારના આહારના જીવન પર્યંત પ્રત્યાખ્યાન કરું છું. અને આ શરીર જે ઈષ્ટ છે. કાન્ત અને પ્રિય છે. યાવત્ રોગ શૂલાદિક આતંક, બાવીસ પરિષહ અને ઉપસર્ગથી જેની રક્ષા કરાય છે તેવા આ શરીરનો પણ હું અંતિમ શ્વાસોચ્છ્‌વાસે પરિત્યાગ કરું છું. આ પ્રમાણે કહીને સંલેખનાને અંગીકાર કરીને કરીને મૃત્યુની પણ કામના ન કરતા થકા મેઘમુનિ વિચરવા લાગ્યા.

ત્યારે તે સ્થવિર ભગવંત ગ્લાનિ રહિત થઈને મેઘ અણગારની વૈયાવૃત્ય કરવા લાગ્યા. ત્યાર પછી તે મેઘ અણગાર ત્રીસ દિવસ ઉપવાસ કરીને આલોચના-પ્રતિક્રમણ કરીને શલ્યને હટાવીને સમાધિને પ્રાપ્ત થઈને અનુક્રમથી કાળધર્મને પ્રાપ્ત થયા. ત્યાર પછી મેઘ અણગારની સાથે ગયેલા સ્થવિર ભગવંતોએ મેઘ અણગારને ક્રમશઃ કાળ ગત જોયા. જોઈને પરિનિર્વાણ નિમિત્તક કાયોત્સર્ગ કર્યો. મેઘ મુનિના ઉપકરણને ગ્રહણ કર્યા અને વિપુલ પર્વતથી ધીમે ધીમે નીચે ઉતર્યા. ઉતરીને જ્યાં ગુણશીલ ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા. આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદના કરી, નમસ્કાર કર્યા. આ પ્રમાણે બોલ્યા. આપ દેવાનુપ્રિયના અંતેવાસી મેઘ અણ ગાર સ્વભાવથી ભદ્ર અને યાવત્ વિનીત હતા, તે દેવાનુપ્રિય ની અનુમતિ લઈને યાવત્ ભક્ત-પાનના પ્રત્યાખ્યાન કરીને અનુક્રમથી કાળ ધર્મને પ્રાપ્ત થયા. હે દેવાનુપ્રિય ! આ છે મેઘ અણગારના ઉપકરણ.

[૪૧] ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદના કરી, નમસ્કાર કર્યા. વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું. મેઘ અણગાર કાળના અવસરે કાળ કરીને કઈ ગતિમાં ગયા ? અને કયા સ્થાને ઉત્પન્ન થયા ? હે ગૌતમ ! તે મેઘમુનિ સમાધિને પ્રાપ્ત થઈને, ઉપર ચંદ્ર,સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારા રૂપ જ્યોતિષચક્રથી ઘણાં યોજન,ઘણાં સેંકડો યોજન, ઘણાં હજારો યોજન, ઘણાં લાખો યોજન, કરોડો યોજન, ઘણાં ક્રોડાક્રોડી યોજન ઓળંગીને ઉપર જઈને સૌધર્મ, યાવત્ અચ્યુત, દેવલોકને તથા ત્રણસો અઢાર નવગ્રૈ-વેયકના વિમાનોને ઓળંગીને વિજય નામના મહાવિમાનમાં દેવ રૂપ ઉત્પન્નથયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેઘનામના દેવની પણ તેત્રીસ સાગરોપમની સ્થિતિ કહી છે. 'ભગવાન' તે મેઘદેવ તે દેવલોકથી આયુનો ક્ષય કરી, દેવ ભવના કારણા ભૂત કર્મોનો ક્ષય કરીને અથવા દેવ ભવના શરીરનો ત્યાગ કરીને થવા દેવલોકથી ચ્યવન કરીને કઇ ગતિમાં જશે ? ક્યા સ્થાનપર ઉત્પન્ન થશે ? 'હે ગૌતમ ! મહાવિદેહ વર્ષમાં સિદ્ધિ પ્રાપ્ત કરશે. સમસ્ત મનોરથોને સંપન્ન કરશે. કેવળ જ્ઞાન દ્વારા સમસ્ત પદાર્થોને જાણશે. સમસ્ત કર્મોથી મુક્ત થશે અને પરિનિર્વાણને પ્રાપ્ત કરશે અને સમસ્ત દુઃખોનો અંત કરશે. 'આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે જે પ્રવચ નની આદિ કરનાર, તીર્થની સ્થાપના કરનાર યાવત્ મુક્તિને પ્રાપ્ત થયા છે. આપ્ત ગુરુએ અવિનીત શિષ્યને ઉપાલંભ દેવો જોઈએ. આ પ્રયોજનથી પ્રથમ જ્ઞાતાધ્યયનનો આ અર્થ કહ્યો છે. એમ હું કહું છું.

**અધ્યયન : ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન : ૨ - સંઘાટ

[૪૨] જો શ્રમણ ભગવાન મહાવીરે પ્રથમ જ્ઞાતાધ્યાનનો આ અર્થ કહ્યો છે તો હે ભગવાન ! બીજા અધ્યયનનો શું અર્થ કહ્યો છે ? હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજ ગૃહ નામનું હતું.તે રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા હતા.તેમહાન હિમવન્ત પર્વત સમાન હતા, ઈત્યાદિ તે ગુણશીલ ચૈત્યની ન અધિક દૂર કે ન અતિ નજીક એક ભાગમાં એક પડી ગયેલું જીર્ણ ઉદ્યાન હતું. તે ઉદ્યાનના દેવકુલ વિનષ્ટ થઇ ગયા હતા. તેમના દ્વારો આદિના તોરણ અને બીજા ગૃહ ભગ્ન થઇ ગયા હતા. વિવિધ પ્રકારના ગુચ્છા ગુલ્મો, અશોક આદિની લતાઓ, કાકડી આદિની વેલો અને આંબા આદિના વૃક્ષોથી તે ઉદ્યાન વ્યાપ્ત હતું સેંકડો વન્ય પશુઓના કારણે તે ભય ઉત્પન્ન કરતું હતું. તે જીર્ણ ઉદ્યાનના બહુ મધ્ય દેશ ભાગમાં એક તુટેલ કૂવો પણ હતો. તે ભગ્ન કુવાથી ન અતિ દૂર કે ન અતિ નજીક એક જગ્યાએ એક મોટું માલુકાકચ્છ હતું. તે અંજનની સમાન કાળા વર્ણવાળું હતું અને જોનારને કૃષ્ણવર્ણજ જોવામાં આવતું યાવત્ રમણીય અને મહામેઘના સમૂહ જેવું હતું. તે ઘણા વૃક્ષો, ગુચ્છો, ગુલ્મો, લત્તાઓ, વેલો, તૃણો, કુશો, અને ઠુંઠાથી વ્યાપ્ત હતું અને ચારે તરફથી ઢાંકેલ હતું તે અંદરથી પોલું અર્થાત્ અંદર દૃષ્ટિનો સંચાર ન હોઇ શકવાને કારણે સઘન હતું. અનેક સેંકડો હિંસક પશુઓ અથવા સર્પોના કારણે શંકા જનક હતું.

[૪૩] તે રાજગૃહ નગરમાં ધન્યસાર્થવાહ હતો. તે સમૃદ્ધિશાળી હતો. તેજસ્વી હતો. અને તેના ઘરે ઘણું ભોજન પાણી તૈયાર થતું હતું. તે ધન્ય સાર્થવાહની ભદ્રાપત્ની હતી. તેના હાથ પગ સુકુમાળ હતા. પાંચ ઈન્દ્રિયો હીનતાથી રહિત અને પરિપૂર્ણ હતી. તે સ્વસ્તિક આદિ લક્ષણો અને તલ, મસા આદિ વ્યંજનના ગુણોથી યુક્ત હતી. માન, ઉન્માન અને પ્રમાણથી પરિપૂર્ણ હતી. સારી રીતે ઉત્પન્ન થયેલ સુંદર બધા અવયવોને કારણે તે સુંદરાંગી હતી. તેનો આકાર ચંદ્રમાની સમાન સૌમ્ય હતો. તે પોતાના પતિને માટે મનોહર હતી. જોવામાં પ્રિય લાગતી હતી. મુઠ્ઠીમાં સમાય જાય તેવો તેનો મધ્યભાગ ત્રિવલીથી સુશોભિત હતો. કુંડલોથી તેના ગંડસ્થલની રેખાઓ ઘસાતી રહેતી હતી. તેનું મુખ પૂર્ણિમાના ચંદ્ર સમાન સૌમ્ય હતું તે શ્રૃંગારનું આવાસ હતી. તેનો વેષ સુંદર હતો. યાવત્ તે પ્રતિરૂપ હતી. પરંતુ તે વંધ્યા હતી. પ્રસવના સ્વભાવથી રહિત હતી. જાનુ અને કૂર્પરનીજ માતા હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૪૪] તે ધન્ય સાર્થવાહને પંથક નામનો દાસ ચેટક હતો. તે સર્વાંગ સુંદર હતો. માંસથી પુષ્ટ અને બાળકોને રમાડવામાં કુશળ હતો. તે ધન્ય સાર્થવાહ રાજગૃહ નગર માં નગરના ઘણા વ્યાપારીઓ, શ્રેષ્ઠિઓ અને સાર્થવાહોના તથા અઢાર શ્રેણિયો અને પ્રશ્રેણિઓના ઘણા કાર્યોમાં કુટુંબોમાં અને મંત્રણાઓમાં યાવત્ ચક્ષુની સમાન માર્ગ-દર્શક હતો અને પોતાના કુટુંબમાં પણ ઘણા કાર્યોમાં યાવત્ ચક્ષુની સમાન હતો.

[૪૫] તે રાજગૃહ નગરમાં વિજય નામનો એક ચોર હતો. તે પાપકર્મ કરનાર, ચંડાલ જેવા રૂપવાળો, અત્યંત ભયાનક અને ક્રૂર કર્મ કરનાર હતો. ક્રુદ્ધ થયેલ પુરુષ સમાન દેદીપ્યમાન અને લાલ નેત્રવાળો હતો. તેમની દાઢી અત્યંત કઠોર, મોટી, વિકૃત, અને બીભત્સ હતી તેના હોઠ આપસમાં મળતા ન હતા. તેના માથાના વાળ હવામાં ઉડતા હતા. વિખરા યેલા અને લાંબા હતા ભ્રમર અથવા રાહુ સમાન કાળા હતા. તે દયા અને પશ્ચાત્તાપથી રહિત હતો. દારુણ હતો. તે કારણે ભય ઉત્પન્ન કરતો હતો. નર ઘાતક હતો. તેને પ્રાણીઓ ઉપર અનુકંપા ન હતી. તે સાપની જેમ એકાંત દૃષ્ટિવાળો હતો, તે છૂરાની જેમ એક ધારવાળો હતો, તે ગીધની સમાન માંસનો લોલુપી અને અગ્નિ સમાન સર્વ ભક્ષી હતો,જળની સમાન સર્વગ્રાહી હતો. તે ઉત્કંચનમાં વંચનમાં-માયામાં, નિકૃતિ માં ફૂડ, કપટ કરવામાં સાતિસંપ્રયોગ કરવામાં અતિ નિપુણ હતો. તે લાંબા કાળથી નગરમાં ઉપદ્રવ કરતો હતો. તેનું શીલ, આચાર, ચારિત્ર અત્યંત જૂષિત હતું. તે દ્યૂતમાં આસક્ત હતો, મદિરા પાનમાં અનુરક્ત હતો,ગૃદ્ધ હતો,અને માંસમાંલોલુપહતો.લોકો ના હૃદયને વિદારણ કરી દેનાર, સાહસિક, ગુપ્ત કાર્ય કરનાર, વિશ્વાસઘાતી અને આગ લગાડનાર, દેવદ્રોણી આદિને ભેદનાર અને હાથની ચતુરાઈથી યુક્ત હતો. પરદ્રવ્ય હરણ કરવામાં હંમેશ તૈયાર રહેતો હતો. તીવ્ર વૈરવાળો હતો.

તે વિજય ચોર રાજગૃહ નગરમાં પ્રવેશ કરવાના માર્ગો, નીકળવાના માર્ગો. દ્વારો, પાછળની બારીઓ, છિંડીઓ, કિલ્લાની નાની બારીઓ, ગટર, રસ્તા મળવાની જગ્યાઓ, રસ્તા અલગ-અલગ થવાના સ્થાનો. જુગારના અડ્ડાઓ, મદિરાપાનના સ્થ નો વેશ્યાના ઘરો, ચોરોના ઘરો શ્રૃંગાટકો-ચોક, અનેક માર્ગ મળવાના સ્થાનો, નાગ દેવના ઘરો, ભૂતોના ઘરો, યજ્ઞગૃહો, સભાસ્થાનો, પરબો, દુકાનો અને શૂન્યગૃહોને જોતો ફરતો હતો તે સ્થા નોના ગુણાવગુણની માર્ગણા કરતો હતો, ગવેષણ કરતો હતો. ઘણા માણશોના છિદ્રોનો વિચાર કરતો હતો, રોગની તીવ્રતા, ઈષ્ટ જનોનો વિયોગ, વ્યસન રાજ્ય આદિ તરફથી આવેલ સંકટ, ઉત્સવ, પ્રસવમદનત્રયોદશી આદિ તિથી ઓ, ક્ષણ-યજ્ઞ-કૌમુદી આદિ પર્વોમાં ઘણા લોકો મદ્યપાનથી મત્ત થઈ ગયા હોય, પ્રમત્ત થયા હોય, કોઈ કાર્યમાં વ્યસ્ત હોય, વિવિધ કાર્યોમાં આકુળ-વ્યાકુળ હોય, સુખમાં કે દુઃખમાં હોય, પરદેશ ગયા હોય કે પરદેશ જવા માટે તૈયારીમાં હોય, એવા અવસર પર તે લોકોના છિદ્રનો, એકાંત અવસરનો વિચાર કરતો હતો. તે વિજય ચોર રાજગૃહ નગરની બહાર પણ આરામોમાં, ઉદ્યાનોમાં, વાવડીમાં, પુષ્કરણીઓમાં દીર્ઘિકા-ઓમાં, ગુંજાલિકાઓમાં સરોવરોમાં, સરોવરની પંક્તિઓમાં, સરમાં, જીર્ણ ઉદ્યા નોમા, ભગ્ન કૂપોમાં, માલુકાકચ્છની ઝાડીમાં સ્મશાનોમાં, પર્વતની ગુફાઓમાં લયનો-તથા ઉપસ્થાનોમાં લોકોના છિદ્રો આદિ જોતો વિચરતો હતો.

[૪૬] ધન્ય સાર્થવાહની પત્ની ભદ્રા એકવાર કદાચિત્ મધ્યરાત્રિના સમયે કુટુંબ

જૈન સાઈટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબંધી ચિંતા કરી રહી હતી, કે તેને આ પ્રકારનો વિચાર-યાવત્ ઉત્પન્ન થયો-ઘણાં વર્ષો થી હું ધન્ય સાર્થવાહની સાથે શબ્દ, સ્પર્શ, રસ, ગન્ધ અને રૂપ આ પાંચે પ્રકારના મનુષ્ય સંબંધીકામભોગ ભોગવતી થકી વિચરું છું, પરંતુ મેં એક પણ પુત્ર કે પુત્રીને જન્મ આપ્યો નથી. તે માતાઓ ધન્ય છે યાવત્ તે માતાઓને મનુષ્ય જન્મ અને જીવનનું ફળ સારું પ્રાપ્ત થયું છે.જે માતાઓ, હું માનું છું કે,પોતાની કુંખથી ઉત્પન્ન થયેલ, સ્તનોનું દૂધ પીવા માં લુબ્ધ, મીઠા બોલ બોલનાર, તોતડું તોતડું બોલનાર અને મુગ્ધ બાળકોને સ્તનપાન કરાવે છે અને પછી કોમળ કમળ સમાન હાથોથી તેમને તેડીને પોતાની ગોદ માં બેસાડે છે. અને વારંવાર અતિશય પ્રિય વચનમય મધુર ઉલ્લાપ કરે છે. હું અધન્ય છું, પુણ્યહીન છું, કુલક્ષણા છું અને પાપિણી છું કે તેમાંથી એક પણ વિશેષણ ન પામી શકી.

તેથી મારા માટે એજ શ્રેયસ્કર છે કે આગામી કાલે રાત્રિના પ્રભાત રૂપમાં પ્રગટ થવા પર અને સૂર્યોદય થવા પર ધન્ય સાર્થવાહને પૂછીને, આજ્ઞા લઈને હું ઘણો અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર તૈયાર કરાવીને, ઘણાં પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકાર ગ્રહણ કરીને, ઘણી સંખ્યામાં મિત્રો, જ્ઞાતિજનો નિજજનનો, સ્વજનો, સંબંધી ઓ તથા પરિજનોની મહિલાઓથી પરિવૃત થઈને રાજગૃહ નગરની બહાર જે નાગ, ભૂત, યક્ષ ઈન્દ્ર, સ્કંદ, રુદ્ર, શિવ, અને વૈશ્રમણ આદિ દેવોના આયાતન છે અને તેમાં જે નાગની પ્રતિમા યાવત્ વૈશ્રમણની પ્રતિમા છે, તેમની બહુમૂલ્ય પુષ્પા દિથી પૂજા કરીને ઘુંટણ અને પગ નમાવીને કહું કે-હે દેવાનુપ્રિય ! જો હું એક પુત્ર અથવા પુત્રીને જન્મ આપુ તો હું તમારી પૂજા કરીશ, પર્વના દિવસે દાન આપીશ. ભાગ- આપીશ અને તમારા અક્ષય નિધિની વૃદ્ધિ કરીશ આ પ્રમાણે મારી ઈષ્ટ વસ્તુની યાચના કરું. ભદ્રાએ આ પ્રમાણે. વિચાર કરીને બીજા દિવસે યાવત્ સૂર્યોદય થવાપર જ્યાં ધન્ય સાર્થવાહ હતો, ત્યાં. આવીને બોલી- દેવાનુપ્રિય ! મેં આપની સાથે ઘણા વર્ષો સુધી કામભોગ ભોગવેલ છે. યાવત્ હું અધન્ય પુણ્યહીન, લક્ષણહીન છું. તો હે દેવાનુપ્રિય ! હું ઈચ્છું છું કે આપની આજ્ઞા લઈને વિપુલ અશન આદિ તૈયાર કરાવીને નાગ આદિદેવોની પૂજા કરું યાવત્ તેના અક્ષય નિધિની વૃદ્ધિ કરીશ.

ત્યાર પછી ધન્ય સાર્થવાહે ભદ્રા ભાર્યાને કહેવું-હે દેવાનુપ્રિયે ! નિશ્ચયથી મારો પણ તે જ મનોરથ છે કે કોઈ પણ પ્રકારે તમે પુત્ર અથવા પુત્રીને જન્મ આપો. આ પ્રમાણે કહીને ભદ્રા સાર્થવાહીને અનુમતિ આપી. ત્યાર પછી ભદ્રા સાર્થવાહી હૃષ્ટ તુષ્ટ યાવત્ પ્રફુલ્લિત હૃદયવાળી થઈને વિપુલ અશન પાનખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવે છે. તૈયાર કરાવીને ઘણાં પુષ્પ, ગંધ, વસ્ત્ર, માળા અને અલંકારોને ગ્રહણ કરે છે, અને પોતાના ઘરથી બહાર નીકળે છે. રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને, નીકળીને જ્યાં પુષ્કરણી છે ત્યાં પહોંચે છે. ત્યાં પહોંચીને પુષ્કરણીના કિનારે તે ઘણાં પુષ્પ યાવત્ માળા અને અલંકાર રાખી દીધા. રાખીને પુષ્કરણીમાં પ્રવેશ કર્યો જલમજ્જન કર્યું, જળ ક્રિડા કરી, સ્નાન કર્યું અને બલિકર્મ કર્યું. ત્યાર પછી ઓઢવા-પહેરવાના બંને ભીના વસ્ત્રો ધારણ કરેલ ભદ્રા સાર્થવાહીએ ત્યા જે ઉત્પલ કમળ અને સહસ્ર પત્ર કમળ આદિ હતા તે ગ્રહણ કર્યા. પછી પુષ્કરણીથી બહારની નીકળી. નીકળીને પહેલા રાખેલ ઘણાં પુષ્પ ગંધ, માળા આદિને લીધા. અને લઈને જ્યાં નાગગૃહ હતું, યાવત વૈશ્રમણ ગૃહ હતું ત્યાં. પહોંચીને તેમાં સ્થિત નાગની પ્રતિમા યાવત્ વૈશ્રમણની પ્રતિમા પર દૃષ્ટિ પડતાં જ તેને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નમસ્કાર કર્યા. કાંઈક નીચે નમી. મોર પીછી લઈને તેનાથી નાગ પ્રતિમા યાવત્ વૈશ્રમણ પ્રતિમાનું પ્રમાર્જન કર્યું. જળની ધારાથી અભિષેક કર્યો. અભિષેક કરીને રુછાવાળા અને કોમળ કષાય રંગવાળા સુગંધિત વસ્ત્રથી પ્રતિમાનું અંગ લુછ્યું. લુછીને બહુમૂલ્ય વસ્ત્રો પહેરાવ્યા, પુષ્પમાળા પહેરાવી, ગંધનું લેપન કર્યું, ચૂર્ણ ચડાવ્યું અને શોભા જનક વર્ણનું સ્થાપન કર્યું. યાવત્ ધૂપ જલાવ્યો ત્યાર પછી ઘુંટણ અને બંને પગ ટેકાવીને બંને હાથ જોડીને આ પ્રમાણે કહ્યું- 'જો હું પુત્ર અથવા પુત્રીને જન્મ આપીશ તો તમારી પૂજા કરીશ, યાવત્ અક્ષય નિધિની વૃદ્ધિ કરીશ, આ પ્રમાણે ભદ્રા સાર્થવાહી માનતા કરીને જ્યાં પુષ્કરણી હતી ત્યાં આવે છે, અને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનું આસ્વાદન કરતી થકી યાવત્ વિચરવા લાગી. ભોજન કરીને પછી શુચિ થઈને પોતાના ઘરે આવી. ત્યાર પછી ભદ્રા સાર્થવાહી ચતુર્દશી અષ્ટમી, અમાવાસ્યા અને પર્ણિમાના દિવસે વિપુલ અશન, પાન ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરતી અને તૈયાર કરીને ઘણાં નાગાયતનોમાં યાવત્ વૈશ્રમણ આયતનોમાં દેવોનો ભોગ ચડાવતી અને નમસ્કાર કરતી થકી વિચરતી હતી.

[૪૭] ત્યાર પછી ભદ્રા સાર્થવાહી કંઈક સમય વ્યતીત થઈ જવા પર એકદા ગર્ભવતી થઈ. ભદ્રા સાર્થવાહીને. ત્રીજો મહિનો ચાલતો હતો, ત્યારે તેને આ પ્રમાણે દોહદ ઉત્પન્ન થયો 'તે માતાઓ ધન્ય છે, યાવત્ તે માતાઓ શુભ લક્ષણવાળી છે જે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહાર તથા ઘણાં પુષ્પ, ગંધ, વસ્ત્ર અને માળા તથા અલંકાર ગ્રહણ કરીને મિત્ર, જ્ઞાતિ, નિજક સ્વજન સંબંધી અને પરિજનોની સ્ત્રીઓની સાથે ઘેરાયેલી થઈને રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે. નીકળીને જ્યાં પુષ્કરણી છે ત્યાં જાય છે અને પુષ્ક રણીમાં અવગાહન કરીને સ્નાન કરે છે, બલિકર્મ કરે છે અને બધા અલંકારોથી વિભૂષિત થાય છે. પછી વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહારનું આસ્વાદન કરતી થકી તથા પરિભોગ કરતી થકી પોતાના દોહદને પૂર્ણ કરે છે.' આ પ્રમાણે ભદ્રા સાર્થ વાહીએ વિચાર કર્યો. ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિય ! મને ગર્ભના પ્રભાવથી આવો દોહદ ઉત્પન્ન થયો છે, કે તે માતાઓ ધન્ય છે યાવત્ સુલક્ષણા છે કે જેપોતાના દોહદને પૂર્ણ કરે છે ઈત્યાદિ, તેથી હે દેવાનુપ્રિય ! આપની આજ્ઞા હોય તો હું પણ આ રીતે દોહદ પૂર્ણ કરતી વિચરું.' સાર્થવાહે કહ્યું-'દેવાનુપ્રિયે ! જે પ્રમાણે સુખ ઉપજે તેમ કરો. તેમાં ઢીલ ન કરો.'

ત્યાર પછી ધન્ય સાર્થવાહની આજ્ઞા મેળવેલ ભદ્રા સાર્થવાહી હૃષ્ટ તુષ્ટ થઈ યાવત્ ભદ્રા સાર્થવાહીએ તે મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજન અને નગરની સ્ત્રીઓની સાથે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનો યાવત્ ઉપભોગ કરીને પોતાના દોહદને પૂર્ણ કર્યો. પૂર્ણ કરીને જે દિશા થી આવેલ હતી તે દિશામાં ચાલી ગઈ. યાવત્ તે ગર્ભને સુખપૂર્વક વહન કરવા લાગી. ત્યાર પછી તે ભદ્રા સાર્થવાહીએ નવ માસ અને સાડા સાત દિવસ-રાત્રિ પૂર્ણ થવા પર સુકુમાર હાથ પગ વાળા બાળકને જન્મ આપ્યો. ત્યાર પછી તે બાળકની માતા-પિતાએ પ્રથમ દિવસે જાતકર્મ નામક સંસ્કાર કર્યો. કરીને તેજ પ્રકારે યાવત્ અશન, પાન, ખાદિમ આહાર તૈયાર કરાવ્યો. તૈયાર કરાવી મિત્ર, જ્ઞાતિજનો આદિને ભોજન કરાવીને આ પ્રકારે ગુણનિષ્પન્ન 'દેવદત્ત' નામ રાખ્યું ત્યાર પછી તે બાળકના માતા-પિતાએ તે દેવતાઓની પૂજા કરી તેમને દાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ્યું પ્રાપ્ત ધનનો વિભાગ કર્યો અને અક્ષય નિધિની વૃદ્ધિ કરી.

[૪૮] ત્યાર પછી પંથક નામક દાસચેટક દેવદત્ત બાળકનો બાળગ્રાહી નિયુક્ત થયો. તે દેવદત્ત બાળકને કમરમાં લઈ લેતો. અને લઈને ઘણાં બાળકો, બાલીકાઓ, કુમારો અને કુમારીઓની સાથે ઘેરાયેલો થઈને બાળકને રમાડતો. ત્યાર પછી ભદ્રા સાર્થવાહીએ કોઈ સમય સ્નાન કરેલ, બલિકર્મ, કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત કરેલ તથા સમસ્ત અલંકારોથી વિભૂષિત કરેલ દેવદત્ત બાળકને દાસચેટક પંથકના હાથમાં સોંપ્યો. ત્યાર પછી પંથક દાસચેટકે બાળકને લઈને પોતાની કમરમાં ગ્રહણ કર્યો તે પોતા ના ઘરથી બહાર નીકળ્યો. બહાર નીકળીને ઘણાં બાળકો, બાળીકાઓ યાવત્ કુમારી-કાઓથી ઘેરાયેલો તે જ્યાં રાજમાર્ગ હતો ત્યાં આવ્યો. આવીને દેવદત્ત બાળકને એકાંત માં એક તરફ બેસાડી દીધો. બેસાડીને ઘણી સંખ્યામાં બાળકો યાવત્ કુમારીકા ઓની સાથે અસાવધાન થઈને રમવા લાગ્યો.

આ સમયે વિજય ચોર રાજગૃહ નગરના ઘણાં દ્વારો તેમજ અપદ્વારો આદિને યાવત્ દેખતો, તેમની માર્ગણા કરતો, ગવેષણા કરતો જ્યાં દેવદત્ત હતો, ત્યાં આવ્યો. આવીને દેવદત્ત બાળકને બધા આભૂષણોથી વિભૂષિત જોયો. જોઈને દેવદત્ત બાળકના આભરણો અને અલંકારોમાં મૂર્છિત, ગૃદ્ધ અને અધ્યુપપન્ન થઈ ગયો. તેણે દાસચેટક પંથકને બેખબર જોયો અને ચારે તરફ દિશાઓનું આલોકન કર્યું. પછી બાળક દેવદત્તને ઉઠાવ્યો. અને ઉઠાવીને કાંખમાં લઈ લીધો ઓઢવાના કપડાથી તેને ઢાંકી લીધો. પછી શીઘ્ર, ત્વરિત, ચપળતા અને ઉતાવળની સાથે રાજગૃહ નગરના અપદ્વારોથી બહાર નીકળી ગયો. નીકળીને જ્યાં જીર્ણ ઉદ્યાન હતું અને જ્યાં તૂટ્યો-ફૂટ્યો કુવો હતો, ત્યાં પહોંચ્યો. ત્યાં પહોંચીને. દેવદત્ત બાળકને જીવનથી રહિત કરી દીધો. તેને નિર્જીવ કરીને તેના બધા આભરણો અને અલંકારો ઉતારી લીધા. પછી બાળક દેવદત્તના પ્રાણહીન ચેષ્ટાહીન અને નિર્જીવ શરીરને તે ભગ્ન કુવામાં ફેંકી દીધું. ત્યાર પછી તે ચોર માલુ કાકચ્છમાં ચાલ્યો ગયો અને નિશ્ચલ એટલે ગમનાગમન રહિત, નિષ્પન્દ હાથ પગને પણ ન હલાવતો, મૌન રહીને દિવસની સમાપ્તિ થવાની રાહ જોવા લાગ્યો.

[૪૯] ત્યાર પછી તે પંથક નામક દાસચેટક થોડા સમય પછી જ્યાં બાળક દેવદત્તને બેસાડેલ હતો, ત્યાં પહોંચ્યો. પહોંચવા પર તેણે દેવદત્ત બાળકને તે સ્થાન પર ન જોયો. તે રોતો, ચિલ્લાતો અને વિલાપ કરતો દરેક જગ્યાએ તેની શોધ કરવા લાગ્યો. પરંતુ ક્યાંય પણ બાળક દેવદત્તની ખબર ન મળી છીંક વગેરેના શબ્દ પણ ન સંભળાયા, ન પતો લાગ્યો. ત્યારે ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહેવા લાગ્યો - સ્વામિન્ ! યાવત્ દરેક જગ્યાએ તેની શોધ કરી પરંતુ ખબર ન પડી કે સ્વામિન્ ! બાળક દેવદત્તને કોઈ મિત્રાદિ પોતાના ઘરે લઈ ગયો, ચોર અપહરણ કરી ગયો, અથવા કોઈએ લલચાવેલ છે ! આ પ્રમાણે ધન્ય સાર્થવાહના પગમાં પડીને તેને આ વાત કહી. ત્યાર પછી ધન્ય સાર્થ વાહ પંથક દાસચેટકની વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને મહાન પુત્ર શોકથી વ્યાકુળ થઈને, કુહાડાથી કાપેલ ચંપક વૃક્ષની જેમ ધડામ કરતો પૃથ્વી ઉપર બધા અંગો થી પડી ગયો મૂર્છિત થઈ ગયો. ત્યાર પછી ધન્ય સાર્થવાહ થોડીવાર પછી હોંશમાં આવ્યો. માનો કે તેના પ્રાણ પાછા આવ્યા. તેણે દેવદત્ત બાળકની ચારે તરફ તપાસ કરી. પરંતુ ક્યાંયથી દેવદત્ત બાળકને પતો ન લાગ્યો. ત્યારે તે પોતાના ઘરે આવ્યો. આવીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહુમૂલ્ય ભેટ લીધી અને જ્યાં નગર રક્ષકકોટ વાળા હતો, ત્યાં પહોંચ્યો. પહોંચીને તે બહુમૂલ્ય ભેટ સામે રાખી અને આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિય ! મારો પુત્ર અને ભદ્રા ભાર્યાનો આત્મજ દેવદત્ત નામનો બાળક અમને ઈષ્ટ છે, યાવત્ ઉંબરના ફૂલની જેમ તેનું નામ શ્રવણ કરવું પણ દુર્લભ છે તો પછી દર્શનનું તો કહેવું જ શું ? એવા બાળક દેવદત્તને ભદ્રાએ સ્નાન કરાવીને અને સમસ્ત અલંકારોથી વિભૂષિત કરીને પંથકના હાથમાં સોંપી દીધો. યાવત્ પંથકે મારા પગમાં પડીને મને નિવેદન કર્યું. હું ઈચ્છું છું કે આપ દેવદત્ત બાળકની બધી જગ્યાએ માર્ગણા-ગવેષણા કરો. ત્યાર પછી તે નગરરક્ષકોએ ધન્ય સાર્થવાહના આ પ્રમાણે કહેવા પર કવચ તૈયાર કર્યું, તેને કસોથી બાંધ્યું અને શરીર પર ધારણ કર્યું. ધનુષ રૂપી પટ્ટીકા ઉપર પ્રત્યંચા ચઢાવી. અથવા ભુજાઓ પર ચામડાનો પટ્ટો બાંધ્યો. આયુધ અને પ્રહરણ ગ્રહણ કર્યા. પછી ધન્ય સાર્થવાહની સાથે રાજગૃહ નગરના ઘણાં નીકળવાંના માર્ગો યાવત્ પરબ આદિમાં શોધ કરીને રાજગૃહ નગરની બહાર નીકળ્યા નીકળીને જ્યાં જીર્ણ ઉદ્યાન અને ભગ્ન કુવો છે ત્યાં આવ્યા. આવીને તે કુવામાં નિષ્પ્રાણ, નિશ્ચેષ્ટ, તેમજ નિર્જીવ દેવદત્તના શરીરને જોયું. જોઈને 'હા, હા, અહો અકાર્ય ?' આ પ્રમાણે કહીને તેઓએ દેવદત્ત કુમારને તે ભગ્ન કુવામાંથી બહાર કાઢ્યો અને ધન્ય સાર્થવાહના હાથમાં સોંપી દીધો.

[૫૦] ત્યાર પછી તે નગરરક્ષક વિજય ચોરના પગના નિશાનોનું અનુસરણ કરતા માલુકાકચ્છમાં પહોંચ્યા. તેની અંદર પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને વિજય ચોરને પંચની સાક્ષી પૂર્વક, ચોરીના માલની સાથે, ગર્દનમાં બાંધ્યો. અને જીવતો પકડી લીધો. પછી હાડકાની લાકડી, મુષ્ટિ, ઘુંટણો અને કોણીઓના પ્રહાર કરીને તેના શરીરને ભગ્ન અને મથિત કરી દીધું-એવો માર માર્યો કે તેનું શરીર સાવ ઢીલું પડી ગયું. તેની ગર્દન અને બંને હાથ પીઠ તરફ બાંધી દીધા. પછી બાળક દેવદત્તના આભરણ કબ્જામાં કર્યા. ત્યાર પછી વિજય ચોરને ગર્દનથી બાંધ્યો, અને માલુકાકચ્છથી બહાર નીકળ્યા.જ્યાં રાજગૃહ નગર હતું, ત્યાં આવીને રાજગૃહ નગરમાં પ્રવેશ કર્યો, અને નગરના ત્રિક, ચતુષ્ક, ચત્વર તેમજ મહાપથ આદિ માર્ગોમાં કોરડાનો પ્રહાર, છડીઓના પ્રહાર, કંબાથી પરહાર કરતા કરતા અને તેના ઉપર રાખ, ધૂળ અને કચરા નાખતા થકા મોટા અવાજથી ઘોષણા કરતા આ પ્રમાણે બોલ્યા-

હે દેવાનુપ્રિયો ! આ વિજય નામનો ચોર યાવત્ ગીધની સમાન માંસભક્ષી, બાળ ઘાતક તેમજ બાળકનો હત્યારો છે. હે દેવાનુપ્રિય ! કોઈ રાજા, રાજપુત્ર અથવા રાજાનો અમાત્ય તેના માટે અપરાધી નથી એટલે કોઈ નિષ્કારણ તેને દંડ નથી આપતું. આ વિષયમાં તેણે પોતે કરેલ કર્મ જ અપરાધી છે. આ પ્રમાણે કહીને જ્યાં ચારક શાળા હતી, ત્યાં પહોંચીને તેને બેડીઓથી જકડી લીધો. ભોજન પાણી બંધ કરી દીધા. અને ત્રણે સંધ્યા કાળોમાં ચાબુક આદિનો પ્રહાર કરતા વિચરવા લાગ્યા. ત્યાર પછી ધન્ય સાર્થ વાહે મિત્ર, જ્ઞાતિ નિજક, સ્વજન, સંબંધી, પરિજનોની સાથે રોતા રોતાં યાવત્ વિલાપ કરતાં કરતાં બાળક દેવદત્તના શરીરના ઋદ્ધિ, સત્કારના સમૂહની સાથે નીહરણ કર્યું, મૃતકકૃત્ય કરીને કાળાન્તરમાં તે શોકથી રહિત થઈ ગયા.

[૫૧] ત્યાર પછી કોઈ સમયે ચાડી કરનારાઓએ ધન્ય સાર્થવાહને નાનો એવો રાજકીય અપરાધ લગાડ્યો. ત્યારે પકડીને જ્યાં કારાગાર હતું ત્યાં લઈ ગયા. લઈ જઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારાગારમાં પ્રવેશ કર્યો અને પ્રવેશ કરીને વિજય ચોરની સાથે એકજ બેડીમાં બાંધી દીધો. ત્યાર પછી ભદ્રા ભાર્યાએ બીજે દિવસે યાવત્ સૂર્યના જાજ્વલ્યમાન થવા પર વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કર્યા. ભોજન તૈયાર કરીને, ભોજન, રાખવાનું પિટક બરાબર કર્યું-અને તેમાં ભોજનનું પાત્ર રાખી દીધું. પછી તે પિટકને લાંછિત કર્યું અને તેના ઉપર મહોર લગાવી. સુગંધિ પાણીથી પરિપૂર્ણ નાનો એવો ઘડો તૈયાર કર્યો. પછી પંથક દાસચેટકને અવાજ કર્યો, અને કહ્યું-હે દેવાનુપ્રિય ! તું જા અને આઅશનાદિકારાગૃહમાં ધન્યસાર્થવાહની પાસે લઇ જા.ત્યારે પંથકે ભદ્રા સાર્થવાહીના આ પ્રમાણે કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થઈને જ્યાં કારાગૃહ હતું અને જ્યાં ધન્ય સાર્થવાહ હતો. ત્યાં પહોંચ્યો. પહોંચીને ભોજનનો પિટક રાખ્યો. તેને ચિહ્ન અને મહોરથી રહિત કર્યા પછી ભોજનનાં. પાત્રો લીધા. તેને ધોયા. પછી હાથ ધોવાનું પાણી આપ્યું, અને ત્યાર પછી ધન્ય સાર્થવાહને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન પિરસ્યુ.

તે સમયે વિજય ચોરે ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહ્યું- 'દેવાનું પ્રિય ! તમે મને આ વિપુલ અશનાદિ હિસ્સો આપો.' ત્યારે ધન્ય સાર્થવાહે વિજય ચોરને આ પ્રમાણે કહ્યું - હે વિજય ! ભલે હું આ વિપુલ અશનાદિ કાગડા કુતરાને આપું પણ તું પુત્રઘાતક, પુત્રહન્તા શત્રુ વેરી, પ્રતિકૂલ આચરણ કરનાર અને પ્રત્યેક વાતમાં વિરોધી છે. તને હિસ્સો ન આપું ત્યાર પછી ધન્ય સાર્થવાહે તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વા દિમનો આહાર કર્યો. ધન્ય સાર્થવાહને મળ-મૂત્રની બાધા ઉત્પન્ન થઈ. ત્યારે ધન્ય સાર્થ વાહે વિજય ચોરને કહ્યું-વિજય, ચાલો, એકાંતમાં ચાલો. જેથી હું મળમૂત્રનો ત્યાગ કરી શકું. ત્યારે વિજય ચોરે ધન્ય સાર્થવાહને કહ્યું- દેવાનુપ્રિય ! તમે આહાર કરેલ છે. તેથી તમને મળ અને મૂત્રની બાધા ઉત્પન્ન થયેલ છે. દેવાનુપ્રિય ! હું તો બહુ ચાબુકોના પ્રહારો યાવત્ લતાના પ્રહારોથી તથા તરસ અને ભૂખથી પીડિત થઈ રહ્યો છું. મને મળ મૂત્રની બાધા નથી. દેવાનુપ્રિય ! જવું હોય તો તમે એકાંતમાં જઈને મળ મુત્રનો ત્યાગ કરો.જો તમે તે વિપુલ અશન, પાન, ખાદિમ સ્વાદિમમાંથી સંવિભાગ કરો તો હું તમારી સાથે એકાંતમાં ચાલું. ત્યાર પછી ધન્ય સાર્થવાહે વિજય ચોરને કહ્યું હું તમને તે વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમમાંથી સંવિભાગ કરીશ.

ત્યાર પછી વિજયે ધન્ય સાર્થવાહના આ અર્થનો સ્વીકાર કર્યો. પછી વિજય ધન્ય સાર્થવાહની સાથે એકાંતમાં ગયો. ધન્ય સાર્થવાહે મલ મુત્રનો પરિત્યાગ કર્યો. પછી જળથી ચોખ્ખા અને પવિત્ર થઈને તે સ્થાન પર આવીને રહ્યા. ત્યાર પછી બીજા દિવસે ભદ્રા સાર્થવાહીએ અશનાદિ તૈયાર કરીને પંથકની સાથે મોકલ્યા. યાવત્ પંથકે ધન્યને પિરસ્યું ત્યારે ધન્ય સાર્થવાહે વિજય ચોરને તેમાંથી ભાગ આપ્યો. પછી ધન્ય સાર્થવાહે પંથક દાસચેટકને રવાના કર્યો. તદનન્તર તે પંથક ભોજનપિટક લઈને કારાગૃહથી બહાર નીકળ્યો. તેણે ભદ્રા સાર્થવાહીને કહ્યું 'દેવાનુપ્રિય ! ધન્ય સાર્થવાહે તમારા પુત્રના ઘાતક યાવત્ પ્રત્યમિત્રને તે વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમમાંથી હિસ્સોઆપ્યો છે.'

[૫૨] ત્યારે ભદ્રા સાર્થવાહી દાસ ચેટક પંથકની પાસેથી આ અર્થ સાંભળીને તુરત લાલ થઈ ગઈ, રુષ્ટ થઈ યાવત્ ખીજાતી થકી ધન્ય સાર્થવાહ પર પ્રદ્વેષ કરવા લાગી. ત્યાર પછી ધન્ય સાર્થવાહને કોઈ સમયે મિત્ર જ્ઞાતિ નિજક સ્વજન સંબંધી અને પરિવારના લોકોએ પોતાના સારભૂત અર્થથી, રાજદંડથી મુક્ત કરાવ્યો. મુક્ત થઈને તે

કારાગૃહથી બહાર નીકળ્યો. નીકળીને જ્યાં આલંકારિક સભા હતી ત્યાં પહોંચ્યા. પહોંચીને આલંકારિક કર્મ કર્યું. પછી જ્યાં પુસ્કરિણી હતી ત્યાં આવ્યા. આવીને નીચેની ધોવાની માટી લીધી. અને પુસ્કરિણીમાં અવ ગાહન કર્યું.જળમાં ડૂબકી મારી સ્નાન કર્યું.બલિકર્મ કર્યું.યાવત્ રાજગૃહનગરમાં પ્રવેશ કર્યો. રાજગૃહ નગરની વચમાં થઈને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં જવાને માટે રવાના થયા.

ત્યાર પછી ધન્ય સાર્થવાહને આવતા જોઈને રાજગૃહ નગરમાં ઘણાં આત્મીય શ્રેષ્ઠીઓએ ધન્ય સાર્થવાહનો આદર કર્યો સન્માનથી બોલાવ્યો. સત્કાર કર્યો, સન્માન કર્યું, માન કર્યું અને શરીરની કુશળ પૂછી. ત્યાર પછી ધન્ય સાર્થવાહ પોતાના ઘરે પહોંચ્યો. ત્યાં જે બહારની સભા હતી તેમણે પણ ધન્ય સાર્થવાહને આવતાં જોયો, જોઈને પગમાં પડીને કુશળ પૂછ્યા. અને ત્યાં જે આભ્યંતર સભા હતી તેમણે પણ ધન્ય સાર્થવાહને આવતાં જોયો જોઈને આસન ઉપરથી તેઓ ઉભા થયા. ઉભા થઈને એક બીજાએ ગળામાં ગળુમિલાવ્યું અને હર્ષના આંસુ વહાવ્યા.

ત્યાર પછી ધન્ય સાર્થવાહ ભદ્રા ભાર્યા પાસે પહોંચ્યા. ત્યારે ભદ્રા સાર્થવાહીએ ધન્ય સાર્થવાહને આવતા જોયો. જોઈને તેમણે તેનો ન સત્કાર કર્યો ન માન આપ્યું. ન આદર કરતી કે ન જાણતી થકી તે મૌન રહીને વિમુખ થઈને બેસી રહી. ત્યારે ધન્ય સાર્થવાહે ભદ્રા ભાર્યાને આ પ્રમાણે કહ્યું-દેવાનુપ્રિયે ! મારા આવવાથી તમને શું સંતોષ નથી થયો ? હર્ષ અને આનંદ કેમ નથી ? મે પોતાના સારભૂત અર્થથી રાજકાર્ય થી પોતે પોતાને છોડાવ્યો છે. ત્યારે ભદ્રાએ ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહ્યું- દેવાનુ પ્રિય ! મને કેમ સંતોષ અથવા આનંદ થાય ? કે મારા પુત્રના ઘાતક યાવત્ પ્રત્યમિત્રને તમે વિપુલ અશનાદિથી સંવિભાગ કર્યો ? ત્યારે ધન્ય સાર્થવાહે ભદ્રાને કહ્યું-હે દેવાનુપ્રિયે ! ધર્મ, તપ , લોકયાત્રા, ન્યાય, સહચર, સહા યક, અથવા મિત્ર સમજીને મેં તે વિપુલ અશન, આદિ માંથી સંવિભાગ નથી કરેલ. સિવાય શરીર ચિંતા. ધન્ય સાર્થવાહે આ પ્રમાણે કહ્યું. તેથી ભદ્રા હૃષ્ટ તુષ્ટ થઈ યાવત્ આસન ઉપરથી ઉઠી, કંઠ સાથે કંઠ મેળવ્યો. અને ક્ષેમ કુશળ પૂછ્યું પછી સ્નાન કર્યું યાવત્ પ્રાયશ્ચિત્ત કર્યું અને પાંચે ઈન્દ્રિયોથી વિપુલ ભોગ ભોગવતી રહેવા લાગી. ત્યાર પછી વિજય ચોર કારાગારમાં બંધ વધ ચાબુકોનો પ્રહાર યાવત્ તરસ અને ભૂખથી પીડિત હોતો મૃત્યુ પામીને નરકમાં ઉત્પન્ન થયો. નરકમાં ઉત્પન્ન થયેલો તે કાળો, વિશેષ કાળો દેખાતો હતો. યાવત્ વેદનાનો અનુભવ કરતો હતો. તે નરકથી નીકળીને અનાદિ, અનંત દીર્ઘ કાળવાળા ચતુર્ગતિ રૂપ સંસાર અટવીમાં પર્યટન કરશે.

હે જંબૂ ! આ પ્રમાણે આપણા સાધુ અથવા સાધ્વી. આચાર્ય અથવા ઉપાધ્યાયની પાસે મુંડીત થઈ ગૃહત્યાગ કરીને સાધુત્વની દીક્ષા અંગીકાર કરીને વિપુલ ધન, મણિ, મૌક્તિક કનક અને રત્નોના સારમાં લુબ્ધ થાય છે. તે પણ તેવાજ થાય છે.

[૫૩] તે કાળ અને તે સમયમાં ધર્મઘોષ નામના સ્થવિર ભગવંત જાતિથી સંપન્ન યાવત્ અનુક્રમથી ચાલતા જ્યાં રાજગૃહ નગર હતું અને જ્યાં ગુણશીલ ચૈત્ય હતું ત્યાં આવ્યા યાવત્ યથાયોગ્ય અવગ્રહની યાચના કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. તેમનું આગમન જાણી પરિષદ નીકળી. ધર્મઘોષ સ્થવિરે ધર્મદેશના આપી. ત્યાર પછી ધન્ય સાર્થવાહને ઘણાં લોકો પાસેથી આ વૃતાન્તને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંભળીને અને સમજીને આ પ્રમાણેનો અધ્યવસાય ઉત્પન્ન થયો ઉત્તમ જાતિથી સંપન્ન સ્થવિર ભગવાન અહીં આવ્યા છે તો હું ઈચ્છું છું કે સ્થવિર ભગવાનને વંદન કરું, નમસ્કાર કરૂં.' આ પ્રમાણે વિચારીને ધન્ય સાર્થવાહે સ્નાન કર્યું યાવત્ શુદ્ધ, બહુમૂલ્ય, અલ્પ, માંગલિક વસ્ત્ર ધારણ કર્યા પછી પગે ચાલીને જ્યાં ગુણશીલ ચૈત્ય હતું, જ્યાં સ્થવિર ભગવાન્ હતા ત્યાં પહોંચીને તેમને વંદના કરી. નમસ્કાર કર્યા. ત્યાર પછી સ્થવિર ભગવાને ધન્ય સાર્થવાહને વિચિત્ર ધર્મને ઉપદેશ આપ્યો.

ત્યાર પછી ધન્ય સાર્થવાહ ધર્મ ઉપદેશ સાંભળીને યાવત્ બોલ્યો 'ભગવંત ! હું નિર્ગ્રંથ પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું' યાવત્ તે પ્રવ્રજિત થઈ ગયો. યાવત્ ઘણાં વર્ષ સુધી શ્રામણ્ય-પર્યાય પાળીને ભોજનના પ્રત્યાખ્યાન કરીને એક માસની સંલેખના કરીને અનશનથી સાઠ ભક્તોને છેદીને કાળ સમયે કાળ કરીને સૌધર્મ દેવલોકમાં ચાર પલ્યોપમની સ્થિતિવાળો દેવરૂપે ઉત્પન્ન થયો. તે ધન્ય નામનો દેવ આયુના દલિકોને ક્ષય કરીને, આયુકર્મની સ્થિતિનો ક્ષય કરીને તથા•ભવનો ક્ષય કરીને તરતજ દેહનો ત્યાગ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

[૫૪] હે જંબૂ ! જેમ ધન્ય સાર્થવાહે 'ધર્મ છે' એવું સમજીને યાવત્ વિજય ચોરને તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમમાંથી સંવિભાગ કર્યો ન હતો. સિવાય શરીરની રક્ષા કરવા માટે. આ પ્રમાણે હે જમ્બૂ ! આપણા જે સાધુ યા સાધ્વી યાવત્ પ્રવ્રજિત થઈને, સ્નાન, ઉપમર્દન પુષ્પ, ગંધ, માળા અલંકાર આદિ શ્રૃંગારનો ત્યાગ કરીને અશન, આદિઆહાર કરે છે. તે ઔદારિક શરીરના વર્ણના માટે, રૂપના માટે, યા વિષય સુખનો માટે નથી કરતાં સિવાય જ્ઞાન દર્શનચારિત્રને વહન કરવા. તે સાધુઓ સાધ્વીઓ શ્રાવકો શ્રાવિકાઓ દ્વારા આ લોકમાં અર્ચનીય યાવત્ ઉપાસનીય હોય છે પરલોકમાં પણ તે હસ્તછેદન, કર્ણછેદન અને નાસિકા છેદન તથા તેવી રીતે હૃદયના ઉત્પાટન તેમજ વૃષણોના ઉત્પાટન અને ઉત્બંધનઆદિ કષ્ટોને પ્રાપ્ત નહી કરે તે અનાદિ અનંત દીર્ઘમાર્ગવાળા સંસારને યાવત્ પાર કરશે જેમ ધન્ય સાર્થવાહે કર્યો. આ પ્રમાણે હે જમ્બૂ ! શ્રમણ ભગવાન મહાવીરે બીજા જ્ઞાતાધ્યનનો આ અર્થ કહ્યો છે.

**અધ્યનનઃ ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન : ૩ - અંડ

[૫૫] હે ભગવન્ ! જે શ્રમણ ભગવાન મહાવીરે જ્ઞાતાધર્મ કથાના બીજા અધ્યયનનો પૂર્વોક્ત અર્થ કહેલ છે તો તૃતીય અધ્યયનનો શો અર્થ ફરમાવેલ છે ? હે જમ્બૂ તે કાળ અને તે સમયમાં ચંપા નામની નગરી હતી. તે ચંપાનગરીની બહાર ઉત્તર પૂર્વ દિશામાં સુભૂમિભાગ નામનું ઉદ્યાન હતું. તે ઉદ્યાન સર્વ ઋતુના ફળો અને ફૂલોથી યુક્ત હતું, રમણીય હતું નંદનવનની સમાન સુખ આપનાર હતું તથા સુગંધયુક્ત અને શીતલ છાયાથી વ્યાપ્ત હતું. તે સુભૂમિભાગ ઉદ્યાનના ઉત્તરમાં એક પ્રદેશમાં, એક માલુકાકચ્છ હતો. તે માલુકાકચ્છમાં એક શ્રેષ્ઠ મયૂરીએ પુષ્ટ, પ્રાપ્ત થયેલ પ્રસવકાલના અનુક્રમથી પ્રાપ્ત, ચોખાના પીંડ સમાન શ્વેત વર્ણવાળા, છિદ્ર રહિત, વાયુ આદિના ઉપદ્રવથી રહિત તથા પોલી મુટ્ઠીની બરાબર બે ઈંડાને જન્મ આપ્યો. જન્મ આપીને તે પોતાની પાંખોના વાયુથી તેમની રક્ષા કરતી. અને પોષણ કરતી રહેતી હતી. તે ચંપા નગરીમાં બે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાર્થવાહના પુત્રો નિવાસ કરતાં હતાં તે જિનદત્ત અને સાગરદત્તના પુત્ર હતા. તે બંને સાથે જન્મેલા, સાથે મોટા થયેલા, સાથે જ લગ્ન કરેલા અથવા એક સાથે રહેતા એક બીજાના દ્વારને જોનારા હતા બંનેમાં પરસ્પર અનુરાગ હતો. એક બીજાનું અનુસરણ કરતા હતા.એક બીજાની ઈચ્છાનુકુળચાલતાહતા.બંનેએકબીજાનાહૃદયને ઈચ્છિત કાર્ય કરતાહતા.અને એક બીજાના ઘરોમાં નિત્યકૃત્ય અને નૈમિત્તિક કાર્ય કરતા રહેતા હતા.

[૫૬] ત્યાર પછી તે સાર્થવાહ પુત્રો કોઈ સમયે એકઠા થયા. એકના ઘરે આવ્યા અને એક સાથે બેઠા હતા તે સમયે તેઓને આપસમાં આ પ્રમાણે વાર્તાલાપ થયો-હે દેવાનુપ્રિય, જે કઈ આપણને સુખદુઃખ, પ્રવ્રજ્યા અથવા વિદેશગમન પ્રાપ્ત થાય તે બધા માં આપણે એક બીજાની સાથે જ નિર્વાહ કરવો જોઈએ. આ પ્રમાણે કહીને બંનેએ આપ સમાં આ પ્રમાણેની પ્રતિજ્ઞા અંગીકાર કરી. પોતાના કાર્યમાં લાગી ગયા.

[૫૭] તે ચંપા નગરીમાં દેવદત્તા નામની ગણિકા રહેતી હતી. તે સમૃદ્ધ હતી યાવત્ બહુ ભોજન પાનવાળી હતી, ચોસઠ કળાઓમાં પંડિતા હતી. ગણિકાના ગુણોથી યુક્ત હતી. ઓગણત્રીસ પ્રકારની વિશેષ ક્રીડાથી ક્રીડા કરનારી હતી. કામ ક્રીડાના એકવીસ ગુણોથી યુક્ત હતી. પુરુષના બત્રીસ પ્રકારના ઉપચાર કરવામાં કુશળ હતી. સુતેલા નવ અંગોને જાગૃત કરનારી અઢાર પ્રકારની દેશી ભાષા ઓમાં નિપુણ હતી. તે એવો સુંદર વેષ ધારણ કરતી હતી જાણે મુર્તિમંત શ્રૃંગાર રસ હોય. સુંદર ગતિ ઉપહાસ, વચન, ચેષ્ટા, વિલાસ તેમજ સુંદર વાર્તા લાપ કરવામાં કુશળ હતી. યોગ્ય વ્યવહાર કરવામાં ચતુર હતી. તેના ઘર પર ધ્વજા ફરકતી હતી. એક હજાર આપનારને તે પ્રાપ્ત થતીરાજા દ્વારા તેને છત્ર, ચામર અને બાલવ્યજન આપવામાં આવેલ હતાં. તે કર્ણીરથ નામના વાહન પર આરુઢ થઈને આવતી જતી હતી યાવત્ હજાર ગણિકાઓ પર આધિ પત્ય કરતી રહેતી હતી.

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યાર પછી તે સાર્થવાહપુત્રો કોઈ સમયે મધ્યાહ્ન કાળમાં ભોજન કર્યા પછી આચમન કરીને હાથ પગ ધોઈને સ્વચ્છ અને પરમ પવિત્ર થઈને સુખદ આસન ઉપર બેઠા. તે સમયે તે બંનેને પરસ્પર આ પ્રમાણે વાત થઈ- 'હે દેવાનુપ્રિય ! આપણા માટે તે સારું થશે કે કાલે યાવત્ સૂર્યના દેદીપ્યમાન થવાપર વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તથા ધૂપ, પુષ્પ, ગંધ અને વસ્ત્ર સાથે લઈને દેવદત્તા ગણિકાની સાથે સૂભૂમિ ભાગ નામના ઉદ્યાનમાં ઉદ્યાનની શોભાનો અનુભવ કરતા વિચરીએ, આ પ્રમાણેએક બીજાની વાતનો સ્વીકાર કરીને બીજા દિવસે સૂર્યોદય થવાપર કૌટુમ્બિક પુરુષોને બોલા વીને આ પ્રમાણે કહ્યું-હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરો.સુભૂમિભાગ નામનું ઉદ્યાન છે અને જ્યાં નંદા પુષ્કરણિ છે ત્યાં જાઓ જઈને નંદા પુષ્કરણીની બાજુમાં થૂણા મંડપ તૈયાર કરી. પાણી છાંટીને વાળીને લીપીને યાવત્ સુગંધી યુક્ત બનાવો. તે સાંભળીને કોટુમ્બિક પુરુષ આદેશાનુસાર કાર્ય કરીને યાવત્ તેમની રાહ જોતા લાગ્યા. ત્યાર પછી સાર્થવાહ પુત્રોએ બીજીવાર કૌટુ મ્બિક પુરુષોનેબોલાવીને કહ્યું- શીઘ્રતાથી સમાનખુર, સમાન પૂંછવાળા એક સરખા ચિત્રિત, તીક્ષ્ણ શીંગડાંવાળા, ચાંદીની ઘંટડીવાળા, સુવર્ણ જડિત, સૂતરની દોરીની નાથથી બાંધેલા તથા નીલકમલની કલ ગીથી યુક્ત શ્રેષ્ઠ યુવાન બળદો જેમા જોડેલા હોય, વિવિધ પ્રકારના મણિઓની રત્નો ની અને સુવર્ણની ઘંટીઓ ના સમૂહથી યુક્ત

તથા શ્રેષ્ઠ લક્ષણોથી યુક્ત એવો રથ લઈ આવો. ત્યાર પછી તે સાર્થવાહ પુત્રોએ સ્નાન કર્યું યાવત્ શરીરને વસ્ત્રાભરણોથી અલંકૃત કર્યા અને તે રથ પર આરુઢ થઈને જ્યાં દેવદત્તા ગણિકાનું ઘર છે ત્યાં આવ્યાં. આવીને વાહનથી નીચે ઉતર્યા અને ઉતરીને દેવદત્તા ગણિકાના ઘરમાં પ્રવેશ કર્યો.

તે સમયે દેવદત્તા ગણિકાએ સાર્થવાહ પુત્રોને આવતા જોયા. જોઈને તે હૃષ્ટ-તુષ્ટ થઈને આસન ઉપરથી ઉઠી અને ઉઠીને સાત આઠ પગલા સામે ગઈ. તેણે સાર્થવાહ પુત્રોને આ પ્રમાણે કહ્યું-દેવાનુપ્રિયો ! આજ્ઞા આપો. આપનું અહીં આવવાનું શું પ્રયો જન છે ? હે દેવાનુપ્રિયે અમે તમારી સાથે સુભૂમિભાગ નામના ઉદ્યાનની ઉદ્યાનશ્રીનો અનુભવ કરતા વિચરવા ઈચ્છીએ છીએ ! ત્યાર પછી દેવદત્તાએ તે સાર્થવાહ પુત્રોની એ વાતનો સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને સ્નાન કર્યું. મંગલ કૃત્ય કર્યું યાવત્ લક્ષ્મીની સમાન શ્રેષ્ઠ વેશને ધારણ કર્યું અને જ્યાં સાર્થવાહ પુત્રો હતા ત્યાં આવી. ત્યાર પછી તે સાર્થવાહ પુત્રો દેવદત્તા ગણિકાની સાથેસુભૂમિભાગ ઉદ્યાન હતું અને જ્યાં નંદાપુષ્ક-રિણી હતી ત્યાં પહોંચ્યા. પહોંચીને યાનથી ઉતર્યા. ઉતરીને નંદા પુષ્કરિણીમાં અવગા હન કર્યું. અવ ગાહન કરીને જલ મજ્જન કર્યું જલક્રીડા કરી, સ્નાન કર્યું. અને ફરી દેવદ ત્તાની સાથે બહાર નીકળ્યા જ્યાં સ્થૂણામંડપ હતો ત્યાં આવ્યા.બધા અલંકારોથી વિભૂ-ષિત થયા. સ્વસ્થ થયા નિશ્વસ્ત થયા શ્રેષ્ઠ આસન ઉપર બેઠા દેવદત્તા ગણિકાની સાથે તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તથા ધૂપ, પુષ્પ, ગંધ અને વસ્ત્રનું આસ્વા દન કરતા થકા. એવં ભોગવતા વિચરવા લાગ્યા.

[૫૮] ત્યારપછી તે સાર્થવાહપુત્રો દિવસના પાછળના પ્રહરમાં દેવદત્તા સાથે સ્થૂણામંડપની બહાર નીકળ્યા. હાથમાં હાથ મીલાવીને સુભૂમિભાગઉદ્યાનમાં બના વેલા આલિવૃક્ષોનાગૃહોમાં, કદલીગૃહોમાં, લતાગૃહોમાં, આસનગૃહોમાં પ્રેક્ષણગૃહો માં, મંડનગૃહોમાં મૈથુનગૃહોમાં, શાલવૃક્ષોના ગૃહોમાં, જાલીવાલા ગૃહોમાં, પુષ્પગૃહો માં, ઉદ્યાનની શોભાનો અનુભવ કરતા વિચરવા લાગ્યા.

[૫૯] ત્યાર પછી તે સાર્થવાહ જ્યાં માલૂકાકચ્છ હતો ત્યાં જવાને માટે પ્રવૃત્ત થયા. ત્યારે તે વનમયૂરીએ સાર્થવાહ પુત્રોને આવતા જોયા. જોઈને તે ડરી ગઈ તે જોર જોરથી અવાજ કરીને કેકારવ કરતી થકી માલુકાકચ્છથી બહાર નીકળી, નીકળીને એક વૃક્ષની ડાળી પર સ્થિત થઈ ને તે સાર્થવાહ પુત્રોને તથા માલુકા કચ્છને ઉપલી દૃષ્ટિથી જોવા લાગી. ત્યાર પછી તે સાર્થવાહ પુત્રોએ આપસમાં એક બીજાને બોલાવીને આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિય ! આ વનમયૂરી આપ ણને આવતા જોઈને ભયભીત થઈ સ્તબ્ધ થઈ ગઈ, ત્રાસને પ્રાપ્ત થઈ, ઉદ્વિગ્ન થઈ, ભાગી ગઈ અને જોર જોરથી અવાજ કરીને યાવત્ આપણને અને માલુકાકચ્છને વારંવાર જોતી થકી ઉભી છે એનું કંઈક કારણ હોવું જોઈએ આમ કહીને તે માલુકાકચ્છની અંદર ગયા. જઈને તેઓએ ત્યાં બે પુષ્ટ અને અનુક્રમથી વૃદ્ધિ પ્રાપ્ત મયૂરીનાં ઈંડા યાવત્ જોઈને એક બીજાનેબોલાવીને કહ્યું.

હે દેવાનુપ્રિય ! આ વનમયૂરીના ઈંડાને આપણી ઉત્તમ જાતિની મુર્ગીના ઈંડામાં રાખી દેવા તે આપણા માટે સારું રહેશે. આમ કરવાથી પોતાના જાતિવન્ત મુર્ગીઓ તે ઈંડાઓને અને પોતાનાં ઈંડાને પોતાની પાંખોની હવાથી રક્ષણ કરતી અને સંભાળતી રહેશે તો આપણે બે ક્રીડા કરવાના મયૂર બાળક થઈ જશે. આમ વિચારીને તેઓએ એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજાની વાત સ્વીકારી. સ્વીકાર કરીને પોત પોતાના દાસ પુત્રોને બોલાવ્યા. - હે દેવાનુ પ્રિયો ! તમે જાઓ આ ઈંડાઓને લઈને આપણી ઉત્તમ જાતિની મુરઘીઓનાં ઈંડામાં રાખી દો. ત્યાર પછી તે સાર્થવાહપુત્રો દેવદત્તા ગણિકાની સાથે સુભૂમિભાગ ઉદ્યાનમાં ઉદ્યાનની શોભાનો અનુભવ કરતા થકા વિચરણ કરીને તે યાનપર આરુઢ થઈને દેવદત્તાના ઘરમાં પ્રવેશ કર્યો. પ્રવેશીને દેવદત્તા ગણિકાને વિપુલ જીવિકાનો યોગ્ય પ્રીતિદાન આપ્યું. સત્કાર કર્યો.સન્માન કર્યું. દેવદત્તાના ઘરથી બહાર નીકળ્યા. નીક ળીને જ્યાં પોત પોતાના ઘર હતા ત્યાં આવ્યા.

[૬૦] ત્યાર પછી તેમાં સાગરદત્તનો પુત્ર સાર્થવાહ દારક હતો. તે બીજા દિવસે સૂર્યના દેદીપ્યમાન થવા પર જ્યાં વનમયૂરીના ઈંડા હતા. ત્યાં આવ્યો. આવીને તે મયૂરીના ઈંડામાં શંકિત થયો. તેના ફળની આકાંક્ષા કરવા લાગ્યો કે ક્યારે ઈચ્છિત ફળની પ્રાપ્તિ થશે ? વિચિકિત્સાને પ્રાપ્ત થયો ભેદને પ્રાપ્ત થયો. કલુષિતતાને પ્રાપ્ત થયો.એટલેકે તે વિચાર કરવા લાગ્યો કે મારા આ ઈંડામાંથી ક્રીડા કરવાના મયુરી બાળક ઉત્પન્ન થશે નહિ થાય !' આ પ્રમાણે વિચાર કરીને તે વારંવાર તે ઈંડાને ઉદ્વર્તન કરવા લાગ્યો એક જગ્યાથી બીજી જગ્યાએ રાખવા લાગ્યો, સંસારણ કરવા લાગ્યો ચલાવા લાગ્યો, હાથથી સ્પર્શ કરવા લાગ્યો. ભુમિને કંઈક ખોદીને તેમાં રાખવા લાગ્યો. અને વારંવાર તેને કાન પાસે લઈને વગાડવા લાગ્યો. ત્યાર પછી તે મયૂરીઈંડા વારંવાર ઉદ્વર્તન કરવાથી યાવત્ વગાડવાથી પોચું થઈ ગયું. ત્યાર પછી સાગરદત્તનો પુત્ર સાર્થ વાહ દારક કોઈ એક સમયે જ્યાં મયૂરીનાઈંડા હતાં ત્યાં આવે છે. આવીને તે મયૂરી ઈંડાને તેણે પોચું જોયું. જોઈને ઓહ ! આ મયૂરીનું બચ્ચું મને ક્રીડા કરવાને માટે ન થયું, એમ વિચાર કરીને ખેદખિન્ન ચિત્ત થઈને ચિંતા કરવા લાગ્યો.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આયુષ્યમન્ શ્રમણો ! આ પ્રમાણે આપણા જે સાધુ અથવા સાધ્વીદીક્ષા ગ્રહણ કરીને પાંચ મહાવ્રતોના વિષયમાં યાવત્ છ જીવની કાયાના વિષયમાંનિર્ગ્રન્થપ્રવચનના વિષયમાં શંકા કરે છે યાવત્ કલુષિતતાને પ્રાપ્ત થાય છે તે તેજ ભવમાં ઘણાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ દ્વારા નિંદાનું પાત્ર, ગચ્છથી પૃથક્ કરવા યોગ્ય, મનથી નિંદા કરવા યોગ્ય, લોક નિન્દનીય, જ ગર્હા યોગ્ય અને અનાદરને યોગ્ય થાય છે. પરભવમાં પણ બહુ દંડ મેળવે છે, યાવત્ અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

[૬૧] ત્યાર પછી તે જિનદત્તનો પુત્ર જ્યાં મયુરીનાં ઈંડા છે ત્યાં આવે છે. આવીને તે મયૂરીના ઈંડાના વિષયમાં નિઃશંક રહ્યો મારા આ ઈંડામાંથી ક્રીડા કરવાને માટે મોટું ગોળાકાર મયૂરી બાળક થશે, આ પ્રમાણે નિશ્ચય કરીને તે મયૂરીના ઈંડાને તેણે વારંવાર ઉલટાવ્યું પલટાવ્યું નહિ. યાવત્ બજાવ્યું નહિ. આ પ્રમાણે ઉલટ સુલટ ન કરવાથી અને ન વગાડવાથી તે કાળ અને તે સમયમાં તે ઈંડું ફુટ્યું અને મયુરીના બાળકનો જન્મ થયો. ત્યાર પછી તે જિનદત્તના પુત્ર તે મયૂરીના બચ્ચાંને જોયું. જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈને મયૂર પોષકને બોલાવ્યા. 'દેવાનુ પ્રિયો ! તમે મયુરના આ બચ્ચાને મયૂરને પોષણ દેવા યોગ્ય અનેક પદાર્થોથી, અનુક્ર મથી સંરક્ષણ કરતા થકા અને સંગોપમન કરતા થકા મોટાં કરો અને નૃત્યકળા શીખ વાડો ! ત્યારે તે મયૂરપોષકોએ જિનદત્તદારકની તે વાત સ્વીકારી. તે મયૂર-બાલકને ગ્રહણ કર્યું. તે મયૂર-બાલકને યાવત્ નૃત્યકળા શીખાડવવા લાગ્યા.

ત્યાર પછી મયૂરીનું તે બચ્ચું બચપણથી મુક્ત થયું. તેનામાં વિજ્ઞાનનું પરિણમન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયું. યુવાવસ્થાને પ્રાપ્ત થયું. પહોળાઈરૂપ માન, સ્થૂલતા રૂપ ઉન્માન અને લંબાઇ રૂપ પ્રમાણથી તેની પાંખ અને પીછાંઓનો સમૂહ પરિપૂર્ણ થયો. તેના પીછાં રંગ બેરંગી થયાં. તેમાં સેંકડો ચન્દ્રક હતા. તે નીલ કંઠવાળું અને નૃત્ય કરવાના સ્વભાવ વાળું થયું. એક ચપટી વગાડતાં અનેક પ્રકારના સેંકડો કેકારવ કરતું વિચરણ કરવા લાગ્યું. ત્યાર પછી તે મયૂરપાલકોએ તે મયૂર પોતાને બચપણથી મુક્ત યાવત્ કેકારવ કરતું જોઈને તે ગ્રહણ કર્યું ગ્રહણ કરીને જિનદત્તના પુત્રની પાસે લઈ આવ્યા. ત્યારે જિનદત્તના પુત્રની પાસે લઈ આવ્યા. ત્યારે જિનદત્તના પુત્ર સાર્થવાહદારકે મયૂર બાલકને બચપ ણથી મુક્ત યાવત્ કેકારવ કરતું જોઈને હૃષ્ટ-તુષ્ટ થઇને તેમને જીવિકાને યોગ્ય વિપુલ પ્રીતિદાન આપ્યું. યાવત્ વિદાય કર્યા. તત્પશ્ચાત્ તે મયૂરબાલક જિનદત્તના પુત્ર દ્વારા એક ચપટી વગાડતાં લાંગૂલ ભંગની સમાન પોતાની ગરદન વાંકી કરતો હતો. તેના શરીર પર પરસેવો આવી જતો હતો, અથવા તેની આંખોના ખૂણા શ્વેત વર્ણના થઈ જતા. તે વિખાયેલા પીંછાવાળી બંને પાંખોને શરીરથી અલગ કરતો હતો તે ચંદ્રક આદિથી યુક્ત પીંછાના સમૂહને ઉંચા કરી લેતો હતો અને સેંકડો કેકારવ કરતો થકો નૃત્ય કરતો હતો. ત્યાર પછી તે જિનદત્તનો પુત્ર તે મયૂર બાલક દ્વારા ચંપાનગરના શૃંગાટક આદિ માગો-'માં સેંકડો હજારો અને લાખોની હરીફાઈમાં વિજય પ્રાપ્ત કરતો વિચરતો હતો.

હે આયુષ્યમાન્ શ્રમણો ! આ પ્રમાણે અમારા જે સાધુ સાધ્વી દીક્ષિત થઈને પાંચ મહાવ્રતોમાં, છ જીવનિકાયમાં તથા નિર્ગ્રંથ પ્રવચનમાં શંકાથી રહિત, કાંક્ષાથી રહિત, એવં વિચિકિત્સાથી રહિત થાય છે તે આજ ભવમાં ઘણા શ્રમણો અને શ્રમણીઓમાં માન સન્માન પ્રાપ્ત કરીને યાવત્ સંસાર રૂપ અટવીને પાર કરશે.

**અધ્યયનન : ૩ - ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન - ૪ - કાચબો

[૬૨] ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીરે જ્ઞાતા અંગના તૃતીય અધ્યયનનો આ અધિકાર કહ્યો તે હવે ચોથા અધ્યનનો શો અર્થ ફરમાવેલ છે ? 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં વાણારસી નામની નગરી હતી. તે સુંદર અને વર્ણનીય હતી.

તે વાણારસી નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં ગંગાનામની મહાનદીમાં મૃતગંગાતીર દ્રહ નામનો એક દ્રહ હતો. તેનો અનુક્રમથી સુન્દર સુશોભિત તટ હતો. તેનું પાણી ઊંડુ અને શીતળ હતું તે દ્રહ સ્વચ્છ અને નિર્મળ જળથી પરિપૂર્ણ હતું કમલિનીઓના પાંદડાં અને ફૂલોની પાંખડીઓથી આચ્છાદિત હતો. ઘણાં ઉત્પલો. પદ્મો, કુમુદો નલિનો તથા સુભગ સૌગંધિક, પુંદરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્ર પત્ર આદિ કમલોથી તથા કેશર પ્રધાન અન્ય પુષ્પોથી સમૃદ્ધ હતા. તેથી તે આનંદ જનક, દર્શનીય, અભિરૂપ, અને પ્રતિરૂપ હતો. તે દ્રહમાં સેંકડો, સહસ્રો અને લાખો મચ્છ, કચ્છ, ગ્રાહ, મગર અને સુંસુમાર જાતિના જલચર જીવોના સમૂહ ભયથી રહિત, ઉદ્વે ગથી રહીત, સુખ પૂર્વક રમતા રમતા વિચરણ કરતા હતા.

તે મૃતગંગાતીર દ્રહની સમીપે એક મોટો માલુકાકચ્છ હતો. તે માલુકાકચ્છમાં બે પાપી શૃંગાલ નિવાસ કરતા હતા. તે પાપી, ચંડ રૌદ્ર ઈષ્ટ વસ્તુને પ્રાપ્ત કરવામાં દત્તચિત્ત અને સાંહસિક હતા. તેમના હાથ રક્તરંજિત હતા. તે માંસનાઅર્થી માંસાહરી

માંસ પ્રિય તેમજ માંસલોલુપી હતા. માંસની શોધ કરતાં રાત્રિ અને સંધ્યામાં ફરતા હતા અને દિવસમાં છૂપાઈ રહેતા હતા. ત્યાર પછી મૃગગંગાતીર નામક દ્રહમાંથી કોઈ વખત સૂર્યના ઘણા સમય પહેલાં અસ્ત થવા પર, સંધ્યાકાલ વ્યતીત થવા પર, જ્યારે કોઈક જ વિરલ મનુષ્ય ચાલતા હતા અને બધા મનુષ્ય પોતપોતાના ઘરમાં વિશ્રામ કરતા હતા, અને બધા લોકો ચાલવા ફરવાથી વિરત થઇ ગયા હતા ત્યારે આહારના અભિલાષી તે બે કાચબા નીકળ્યા તે મૃગતીર દ્રહની આસપાસ ચારે તરફ ફરતા પોતાની આજીવિકા કરતા વિચરવા લાગ્યા. ત્યાર પછી આહારના અર્થી તે બંને પાપી શૃંગાલો માલુકાકચ્છથી બહાર નીકળ્યા. નીકળીને જ્યા મૃગગંગાનામનું દ્રહ હતું, ત્યાં આવ્યા. આવીને તે મૃગગંગાતીર દ્રહની પાસે આમ-તેમ ચારે તરફ ફરવા લાગ્યા. તે પાપી શૃંગાલોએ તે બંને કાચબાને જોયા. જોઇને જ્યાં બંને કાચબા હતા, ત્યાં આવવા માટે પ્રવૃત્ત થયા. ત્યાર પછી તે કાચબાઓએ તે બંને પાપી શૃંગાલોને આવતા જોયા. જોઈને તેઓ ડર્યા, ત્રાસને પ્રાપ્ત થયા, ભાગવા લાગ્યા, ઉદ્વેગને પ્રાપ્ત થયા અને બહુજ ભયભીત થયા. તેઓએ પોતાના હાથ પગ અને ગ્રીવાને પોતાના શરીરમાં ગોપિત કરી દીધા, છૂપાવી દીધા, ગોપન કરીને નિશ્ચલ નિસ્પંદ અને મૌન રહી ગયા. ત્યાર પછી તે બંને પાપી શિયાળો જ્યાં કાચબા હતા ત્યાં આવ્યા. આવીને તે બંને કાચબાઓને ચારે તરફથી ફેરવવા લાગ્યા, સ્થાનાન્તરિત કરવા લાગ્યા, સરકાવવા લાગ્યા, હટાવવા લાગ્યા, ચલાવવા લાગ્યા. સ્પર્શ કરવા લાગ્યા, ક્ષુબ્ધ કરવા લાગ્યા, નખોથી ફાડવા લાગ્યા, અને દાંતોથી ચીરવાલાગ્યા, પરંતુ તે કાચબાઓના શરીરને બાધા ઉત્પન્ન કરવામાં અથવા તેની ચામડી છેદવામાં સમર્થ ન થયા. ત્યારે તેઓ થાકી ગયા, શ્રાન્ત થઇ ગયા, ગ્લાનિને પ્રાપ્ત થયા, શરીર તથા મન બંનેથી થાકી ગયા, ખેદને પ્રાપ્ત થયા ધીમે ધીમે પાછા ફરવા લાગ્યા, એકાંતમાં ચાલ્યા ગયા અને નિશ્ચલ, નિસ્પંદ તથા મૌન થઈને ઉભા રહ્યાં.

તે બંને કાચબામાંથી એક કાચબાએ પેલા પાપી શિયાળોને ઘણા સમય પહેલાં અને દૂર ગયેલા જાણી પોતાનો એક પગ ધીમે-ધીમે બહાર કાઢ્યો. ત્યાર પછી પેલા શિયાળોએ જોયું કે કાચબાએ ધીમે ધીમે એક પગ બહાર કાઢેલ છે. તે જોઇને તે બંને ઉત્કૃષ્ટ ગતિથી શીઘ્ર, ચપલ, ત્વરિત, ચંડ, જય અને વેગ યુક્ત રૂપથી જ્યાં તે કાચબા છે, ત્યાં આવ્યાં. આવીને તેઓએ કાચબાનો તે પગ નખોથી વિદારણ કર્યો અને દાંતોથી તોડ્યો. ત્યાર પછી તેના માંસ અને રક્તનો આહાર કર્યો આહાર કરીને જોવા લાગ્યા, પરંતુ યાવત્ તેની ચામડી ઉતારવામાં સમર્થ ન થયા. ત્યારે તેઓ બીજીવાર દૂર ચાલ્યાં ગયા આ પ્રમાણે ક્રમથી ચારે પગોના વિષયમાં કહેવું જોઈએ. પછી તે કાચબાએ ગ્રીવા બહાર કાઢી. તે જોઇને તે શીઘ્રતાથી તેની પાસે આવ્યાં. તેઓએ નખોથી વિદારણ કર્યું, દાંતોથી તોડવા લાગ્યા. અને તેના કપાળને અલગ કરી દીધું. કાચબાને જીવનરહિત કરીને તેના માંસ અને રુધિરનો આહાર કર્યો.

આ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! આપણા જે નિર્ગ્રન્થ અથવા નિર્ગ્રન્થીઓ આચાર્ય યા ઉપાધ્યાયના નિકટ દીક્ષિત થઈને પાંચે ઇન્દ્રિયોનું ગોપન કરતાં નથી, તે તેજ ભવમાં ઘણા સાધુ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ દ્વારા હીલના કરવા યોગ્ય થાય છે અને પરલોકમાં પણ ઘણો દંડ પામે છે યાવત્ અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી તે બંને પાપી શિયાળો જ્યાં બીજો કાચબો હતો ત્યાં આવે છે. આવીને તે કાચબાને ચારે તરફથી બધી દિશાઓથી ઉલટપલટ કરીને જોવા લાગ્યા, યાવત્ દાંતોથી તોડવા લાગ્યાં, પરંતુ યાવત્ તેની ચામડીને છેદવામાં સમર્થ ન થયા. ત્યાર પછી તે શિયાળો બીજી વાર અને ત્રીજી વાર દૂર ચાલ્યા ગયાં પરંતુ કાચબાએ પોતાના અંગો-ને બહાર ન કાઢ્યા. તેથી તેઓ તે કાચબાને જરા પણ પીડા કરી ન શક્યાં. યાવત્ તેની ચામડી છેદવામાં પણ સમર્થ ન થયા. ત્યારે શ્રાન્ત, તાન્ત અને પરિતાન્ત થઈને તથા ખિન્ન થઈને જે દિશામાંથી આવ્યા હતાં તે દિશામાં ચાલ્યા ગયા. ત્યાર પછી તે કાચબ-ાએ તે પાપી શિયાળોને લાંબા સમયથી ગયેલા અને દૂર ગયેલા જાણીને ધીમે ધીમે પોતાની ગ્રીવા બહાર કાઢી. ગ્રીવા બહાર કાઢીને ચારે દિશામાં અવલોકન કર્યું. અવલોકન કરીને એક સાથે ચારે પગો બહાર કાઢ્યા અને ઉત્કૃષ્ટ કૂર્મગતિથી દોડતાં જ્યાં મૃતગંગાતીર નામનો દ્રહ છે, ત્યાં આવી પહોંચ્યો. ત્યાં આવીને મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન સંબંધી અને પરિજનોની સાથે મળી ગયો.

હે આયુષ્મન્ શ્રમણો ! આપણાં જે શ્રમણો યા શ્રમણીઓ પાંચે ઈન્દ્રિયોનું ગોપન કરે છે, જેમ કાચબાએ પોતાની ઈન્દ્રિયોને ગુપ્ત રાખી હતી, તે આ સંસારથી તરી જાય છે.

**અધ્યયન-૪-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -અધ્યયન:૫-શૈલક-

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

[૬૩] ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીરે ચોથા જ્ઞાતા અધ્યયનનો આ અર્થ કહ્યો છે તો ભગવન્ ! જ્ઞાતાના પાંચમાં અધ્યનનો શો અધિકાર ફરમાવેલ છે હે જમ્બૂ ! તે કાળે અને તે સમયે દ્વારાવતી નામક નગરી હતી. નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી હતી. તે કુબેરની મતિથી બનાવેલ હતી. સુવર્ણના શ્રેષ્ઠ પ્રાકારથી અને પચરંગી વિવિધ મણિ-ઓના બનાવેલા કાંગરાઓથી શોભિત હતી. અલકાપુરી સમાન દેખાતી હતી. તેના રહેવાસી જન પ્રમોદયુક્ત તેમજ ક્રીડા કરવામાં તત્પર રહેતા હતા. તે સાક્ષાત્ દેવલોક સરખી હતી.

તે દ્વારિકા નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં રૈવતક નામનો પર્વત હતો. તે ઘણો ઉંચો હતો તેના શિખરો ગગન તલને સ્પર્શ કરતા હતા. તે વિવિધ પ્રકારના ગુચ્છો, ગુલ્મો, લતાઓ અને વલ્લીઓથી વ્યાપ્ત હતો. હંસ, મૃગ, મયૂર, ક્રૌંચ, સારસ, ચક્રવાક, મદનસારિકા અને કોયલ આદિ પક્ષીઓના ઝુંડોથી વ્યાપ્ત હતો તેમાં અનેક તટ અને ગંડશૈલ હતા. ઘણી સંખ્યામાં ગુફાઓ, ઝરણા, પ્રપાત, પ્રાગભાર અને શિખર હતા. તે પર્વત અપ્સરાઓના સમૂહો. દેવોના સમૂહો, ચારણ મુનિઓ અને વિદ્યાધરોના મિથુનોથી યુક્ત હતો તેમાં દશાર વંશના સમુદ્રવિજય આદિ વીર પુરુષો લોકમાં અધિક બળવાન હતા, તે પર્વત સૌમ્ય, સુભગ, જોવામાં પ્રિય, સુરુપ, પ્રસન્નતા પ્રદાન કરનાર, દર્શનીય, અભિરુપ તથા પ્રતિ રુપ હતો. તે રૈવત પર્વતથી ન અતિદૂર કે ન અતિ નજીક એક નંદનવન નામનું ઉદ્યાન હતું. તે બધી ઋતુઓ સંબંધી પુષ્પો અને ફળોથી સમૃદ્ધ હતું,મનોહર હતું,નંદનવનની સમાન આનંદપ્રદ, દર્શનીય, અભિરુપ, અને પ્રતિરુપ હતું. તે ઉદ્યાનની ઠીક વચ્ચોવચ્ચ સુરપ્રિય નામક યક્ષનું દિવ્ય આયતન હતું.

દ્વારિકા નગરીમાં કૃષ્ણ નામના વાસુદેવ રાજા નિવાસ કરતા હતા. તે વાસુદેવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં સમુદ્રવિજય આદિ દશ દશારો, બલદેવ આદિ પાંચ મહાવીરો, ઉગ્રસેન આદિ ૧૬૦૦૦ રાજાઓ, પ્રદ્યુમ્ન આદિ સાડાત્રણ કરોડ કુમારો, શામ્બ આદિ ૬૦૦૦૦ દુર્દાન્ત યોદ્ધાઓ, વીરસેન આદિ ૨૧૦૦૦ પુરુષો, મહાસેન આદિ ૫૬૦૦૦ બળવાન પુરુષો, રુકિમણી આદિ બત્રીસ હજાર રાણીઓ, અનંગસેના આદિ અનેક હજાર ગણિ કાઓ તથા અન્ય ઘણા ઈશ્વરો, તલવરો યાવત્ સાર્થવાહ આદિનું તથા ઉત્તર દિશામાં વૈતાઢ્ય પર્વત પર્યન્ત તથા અન્ય ત્રણ દિશાઓમાં લવણ સમુદ્ર પર્યન્ત દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રના અને દ્વારિકા નગરીનું અધિપતિત્વ કરતા વિચરતા હતા.

[૬૪] દ્વારિકા નગરીમાં થાવચ્ચા નામની એક ગાથાપત્ની નિવાસ કરતી હતી. તે સમૃદ્ધિવાળી હતી, યાવત્ કોઇથી પરાભવ પામનારી ન હતી તે થાવચ્ચા ગાથા પત્નીનો થાવચ્ચા પુત્ર નામનો સાર્થવાહનો પુત્ર હતો. તેના હાથ પગ અત્યંત સુકુમાળ હતા. યાવત્ તે સુંદર રૂપવાન હતો. ત્યાર પછી તે થાવચ્ચા ગાથા પત્નીઓ તે પુત્રને કંઇક અધિક આઠ વર્ષનો થયેલો જાણીને શુભ તિથિ, કરણ, નક્ષત્ર અને મુહૂર્તમાં કલાચાર્યની પાસે મોકલ્યો. પછી ભોગ ભોગવવામાં સમર્થ થયેલો જાણીને ઇભ્યકુળની બત્રીસ કુમારિકાઓની સાથે એકજ દિવસે પાણી ગ્રહણ કરાવ્યું. પ્રાસાદ આદિ બત્રીસ બત્રી સનો દાયજો આપ્યો તે ઇભ્યકુળની બત્રીસ કુમારિ કાઓની સાથે વિપુલ શબ્દ, સ્પર્શ, રસ, રુપ, વર્ણ, અને ગંધનો ભોગ યાવત્ કરતો વિચરવા લાગ્યો.

તે કાળે અને તે સમયે અરિહંત અરિષ્ટનેમિ પધાર્યા. ધર્મની આદિ કરનાર, તીર્થ ની સ્થાપના કરનાર, આદિ વર્ણન કરવું જોઇએ. વિશેષ આ કે ભગવાન અરિષ્ટનેમિ દશ ધનુષઉંચાહતા.નીલકમલભેંસનાશીંગડા,ગુલિકા અનેઅળસીનાફૂલની સમાન શ્યામ કાન્તિવાળા હતા. અઢાર હજાર સાધુઓથી પરિવૃત્ત હતા અને ચાલીસ હજાર સાધ્વી ઓથી પરિ વૃત્ત હતા. તે ભગવાન અરિષ્ટનેમિ અનુક્રમથી વિહાર કરતા યાવત્ જ્યાં દ્વારિકા નગરી હતી, જ્યાં ગિરનાર પર્વત હતો, જ્યાં નંદનવન નામનું ઉદ્યાન હતું, જ્યાં સુરપ્રિય નામક યક્ષનું યક્ષાયતન હતું અને જ્યાં અશોક વૃક્ષ હતું ત્યાં પધાર્યા. પધારીને યથોચિત અવગ્રહને ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. નગરીથી પરિષદ્ નીકળી, ભગવાને પરિષદને ધર્મોપદેશ દીધો. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે આ કથા સાંભળીને કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું :- 'હે દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી સુધર્મા સભામાં જઈને મેઘોના સમૂહ જેવા શબ્દવાળી ગંભીર તથા મધુર શબ્દાળી કૌમુદી નામની ભેરી વગાડો.' ત્યારે તે કૌટુમ્બિક પુરુષોએ મેઘ સમૂહના સમાન શબ્દવાળી ગંભીર તેમજ મધુર ધ્વનિવાળી ભેરી વગાડી.

તે સમયે સ્નિગ્ધ, મધુર અને ગંભીર પ્રતિધ્વનિ કરતો, શરદ ઋતુના મેઘ સમાન ભેરીનો શબ્દ થયો. ત્યાર પછી તે કૌમુદી ભેરીના તાડન કરવા પર નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી દ્વારિકા નગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક ચત્વર, કંદરા, ગુફા, વિવર, કુહર, ગિરીશિખર, નગરના ગોપુર, પ્રાસાદ, દ્વારા ભવન, દેવકુલ આદિ સમસ્ત સ્થાનોમાં લાખો પ્રતિધ્વનિઓથી યુક્ત, અંદર અને બહારના વિભાગો સહિત દ્વારિકા નગરને શબ્દાયમાન કરતો ચારે તરફ તે શબ્દ ફેલાઇ ગયો.સમુદ્રવિજય આદિ દસ હજાર યાવત્ અનેક હજાર ગણિકાઓ તે કૌમુદી ભેરીનો શબ્દ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ થયા. યાવત્ દરેક સ્નાન કર્યું. લાંબી લટકતી ફૂલમાળાઓના

જૈન સાઈટ JAINSITE

સમૂહને ધારણ કરીને નવીન વસ્ત્ર ધારણ કર્યા. શરીરપર ચંદનનો લેપ કર્યો, કોઈ અશ્વ પર આરુઢ થયા. આ પ્રમાણે કોઈ હાથીપર, કોઈ રથપર, કોઈ પાલખીમાં, કોઈ મ્યાનમાં બેઠાં. કોઈ-કોઈ પૈદલજ પુરુષોના સમૂહની સાથે ચાલ્યા અને કૃષ્ણ વાસુદેવની પાસે આવ્યા.ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે સમુદ્રવિજય વગેરે દશ દશારોને યાવત્ પોતાની નિકટ આવેલા જોયા.જોઈને તે હૃષ્ટ-તુષ્ટ થયા.યાવત્ કૌટુમ્બિક પુરુષોનેબોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું :- 'દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી ચતુરંગિણી સેના સજાવો અને વિજય નામના ગંધહસ્તીને ઉપસ્થિત કરો યાવત્ કૃષ્ણ વાસુદેવ બધાની સાથે ભગવાન અરિષ્ટ નેમિને વંદન કરવા ગયા. વંદન નમસ્કાર કરીને ભગવાનની ઉપાસના કરવા લાગ્યા.

[૬૫] મેઘકુમારની જેમ થાવચ્ચા પુત્ર પણ વંદન કરવા જાય છે. તેની જેમ જ ધર્મને, શ્રવણ કરીને અને તેને હૃદયમાં ધારણ કરીને, જ્યાં થાવચ્ચા ગાથાપત્ની હતી, ત્યાં આવ્યો. આવીને માતાના ચરણોને ગ્રહણ કર્યા જેમ મેઘકુમારે પોતાનું વૈરાગ્ય નિવેદન કર્યું તેજ પ્રમાણે થાવચ્ચા પુત્રનું પણ વૈરાગ્ય નિવેદન સમજી લેવું માતાએ થાવચ્ચા પુત્રનું નિષ્ક્રમણ સ્વીકાર કર્યું. વિશેષમાં કહ્યું કે-'હું તમારો દીક્ષામહોત્સવ જોવા ઈચ્છું છું. ત્યારે થાવચ્ચાપુત્ર મૌન રહ્યો ત્યારે તે થાવચ્ચા સાર્થવાહી આસન ઉપરથી ઊઠી. ઉઠીને મહાન અર્થવાળી, મહામૂલ્યવાળી, મહાન પુરુષોને યોગ્ય તથા રાજાને યોગ્ય ભેટ ગ્રહણ કરીને મિત્ર, જ્ઞાતિ આદિથી પરિવૃત થઈને જ્યાં કૃષ્ણ વાસુદેવના શ્રેષ્ઠ ભવનનો મુખ્ય દ્વારનો દેશભાગ હતો, ત્યાં આવી. પ્રતીહાર દ્વારા બતાવેલા માર્ગથી જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા, ત્યાં આવી. બંને હાથ જોડીને કૃષ્ણ વાસુદેવને વધાવ્યા. વધાવીને તે મહા અર્થવાળી, મહામૂલ્યવાળી, મહાન પુરુષોને યોગ્ય અને રાજાને યોગ્ય ભેટ સામે રાખી સામે રાખીને આ પ્રમાણે કહ્યું-

'દેવાનુપ્રિય ! મારે થાવચ્ચા પુત્ર નામનો એકજ પુત્ર છે. તે મને ઈષ્ટ છે, પ્રિય છે, યાવત્ તે સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈને અરિહંત અરિષ્ટનેમિ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છે છે. હું તેનું નિષ્ક્રમણ કરવા ઈચ્છું છું. તેથી હે દેવાનુપ્રિય ! પ્રવ્રજ્યા અંગીકાર કરનાર થાવચ્ચાપુત્ર માટે છત્ર, મુકુટ અને ચામર પ્રદાન કરો. એવી મારી અભિલાષા છે.' ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ થાવચ્ચા સાર્થવાહીને આ પ્રમાણે કહ્યું- 'દેવાનુપ્રિયે ! તમે નિશ્ચિત રહો અને વિશ્વસ્ત રહો. હું પોતેજ થાવચ્ચા પુત્ર બાળકનો દીક્ષા સત્કાર કરીશ.' ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ ચતુરંગિણી સેનાની સાથે વિજય નામના ઉત્તમ હાથી ઉપર આરુઢ થઈને જ્યાં થાવચ્ચા સાર્થવાહીનું ભવન હતું ત્યાં આવ્યા. આવીને થાવચ્ચાપુત્રને આ પ્રમાણે કહ્યું- 'દેવાનુપ્રિય ! તમે મુંડિત થઈને પ્રવ્રજ્યા ગ્રહણ ન કરો. મારી ભુજાઓની છાયાની નીચે રહીને મનુષ્ય સંબંધી વિપુલ કામભોગોને ભોગવો. હું કેવળ તમારી ઉપર થઈને જનાર વાયુકાયને રોકવામાં સમર્થ નથી. તે સિવાય જે કંઈ સામાન્ય પીડા કે વિશેષ પીડા ઉત્પન્ન થશે તે દરેકને નિવારણ કરીશ.'

થાવચ્ચા પુત્રે કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું-હે 'દેવાનુપ્રિય ! તમે મારા જીવનનો અંત કરનાર આવતા મરણને રોકી આપો અને શરીરં પર આક્રમણ કરનાર અને શરીરના રૂપનો વિનાશ કરનાર જરાને રોકી દો, તો હું તમારી ભુજાઓની છાયાની નીચે રહીને મનુષ્ય સંબંધી વિપુલ કામ ભોગ ભોગવતા વિચરું' ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે થાવચ્ચા પુત્રને કહ્યું - 'હે દેવાનુપ્રિય ! મરણ અને જરાનુ ઉલ્લંઘન કરી શકાતું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. અત્યંત બળવાન દેવ અને દાનવ વડે પણ તેનું નિવારણ કરી શકાતું નથી. પોતાના કર્મોનો ક્ષય જ તેને રોકી શકે છે.' હેરાજન્ ! તે કારણથી હું અજ્ઞાન, મિથ્યાત્વ, અવિરતિ અને કષાયથી સંચિત આત્માના કર્મોનો ક્ષય કરવા ઈચ્છું છું.'

થાવચ્ચા પુત્ર દ્વારા આ પ્રમાણે કહેવા પર કૃષ્ણ વાસુદેવે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા તમે જાવો અને દ્વારિકા નગરીના શ્રૃંગાટક ત્રિક, ચતુષ્ક આદિ સ્થાનોમાં યાવત્ શ્રેષ્ઠ હાથીના સ્કંધપર આરૂઢ થઈને ઊંચી ઊંચી ધ્વનિથી ઉદ્‌ઘોષ કરતાં, એવી ઉદ્‌ઘોષણા કરો 'આ પ્રમાણે હે દેવાનુપ્રિયો ! સંસારના ભયથી ઉદ્વિગ્ન અને જન્મ મરણથી ભયભીત થાવચ્ચાપુત્ર અરિહંત અરિષ્ટનેમિ પાસે મુંડિત થઈને દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છે છે. તો જે રાજા, યુવરાજ, સાર્થવાહ થા વચ્ચા પુત્રની સાથે દીક્ષા ગ્રહણ કરશે. તેને કૃષ્ણ વાસુદેવ અનુજ્ઞા આપે છે અને પાછળ રહેલા તેના મિત્ર, જ્ઞાતિ, નિજક, સંબંધી યા પરિવારમાં કોઈ પણ દુઃખી થશે તો તેને વર્તમાન કાળ સંબંધી યોગઅને ક્ષેમનો નિર્વાહ કરશે. આ પ્રમાણે ઘોષણા કરો. ત્યાર પછી થાવચ્ચા પુત્ર પર અનુરાગ હોવાના કારણે એક હજાર પુરુષો દીક્ષા લેવા માટે તૈયાર થયા. તેઓ સ્નાન કરીને, અલંકૃત અને વિભૂષિત થઈને અલગ-અલગ હજાર પુરુષોદ્વારા વહન કરી શકાય તેવી પાલખીઓ પર સવાર થઈને, મિત્રો અને જ્ઞાતિજનોથી પરિવૃત થઈને થાવચ્ચાપુત્રની પાસે આવ્યા. ત્યારે કૃષ્ણ વાસુદેવે એક હજાર પુરુષોને આવેલા જોયા, જોઈને કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું જાઓ થાવચ્ચાપુત્રને સ્નાન કરાવો, અલંકારથી વિભૂષિત કરો અને પુરુષ સહસ્રવાહિની શિબિકા પર આરૂઢ કરો ઈત્યાદિ.

ત્યાર પછી થાવચ્ચા પુત્ર તે હજાર પુરુષોની સાથે શિબિકા પર આરૂઢ થઈને યાવત્ વાદ્યોની ધ્વનિની સાથે દ્વારિકા નગરીની વચ્ચોવચ્ચ થઈને જ્યાં અરિહંત અરિષ્ટનેમિના છત્ર પર છત્ર, પતાકા પર પતાકાજોવે છે તથા વિદ્યાધર અને ચારણમુનિઓ વગેરેને જોવે છે. ત્યાંજ શિબિકા ઉપરથી ઉત્તરી જાય છે. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ થાવચ્ચા પુત્રને આગળ કરીને જ્યાં ભગવાન અરિષ્ટનેમિ છે ઈત્યાદિ બધું વર્ણન પહેલાની જેમ સમજવું જોઈએ, યાવત્ 'હે પુત્ર ! આ પ્રવ્રજ્યાનાં વિષયમાં યત્ન કરવો, હે પુત્ર ! શુદ્ધ ક્રિયા કરવામાં પુરુષાર્થ કરવો અને ચારિત્રના પાલન માં પરાક્રમ કરવું, આ અર્થમાં જરા પણ પ્રમાદ ન કરવો. આ પ્રમાણે કહીને તે જે દિશાથી આવી હતી તે દિશામાં ચાલી ગઈ. ત્યાર પછી થાવચ્ચા પુત્રે હજાર પુરુષોની સાથે સ્વયં પંચમુષ્ટિ લોચ કર્યો યાવત્ પ્રવ્રજ્યા અંગીકાર કરી. ત્યાર પછી થાવચ્ચા પુત્ર અણગાર થઈ ગયા. ઈર્યા સમિતિથી યુક્ત યુક્ત થઈને યાવત્ વિચરવા લાગ્યા.

તત્પશ્ચાત્ થાવચ્ચા પુત્રે અરિહંત અરિષ્ટનેમિના તથારૂપ સ્થવિરોની પાસેથી સામાયિકથી આરંભીને ચૌદ પૂર્વોનું અધ્યયન કર્યું. અધ્યયન કરીને તે અષ્ટમભક્ત, ષષ્ઠ ભક્ત યાવત્ ચઉત્થભક્ત આદિ કરતા વિચરવા લાગ્યા. ત્યાર પછી અરિહંત અરિષ્ટનેમિએ થાવચ્ચાપુત્ર અણગારને તે ઈભ્ય આદિ એક હજાર અણગાર શિષ્યોના રૂપમાં પ્રદાન કર્યા. ત્યાર પછી થાવચ્ચાપુત્રે અન્યદા કદાચિત અરિહંત અરીષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને આપ્રમાણે કહ્યું 'ભગવન્ ! આપની આજ્ઞા હોય તો હું હજાર સાધુઓની સાથે જનપદમાં વિહાર કરવા ઈચ્છું છું.ભગવાને ઉત્તરઆપ્યો :- 'દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો.' ત્યાર પછી થાવચ્ચા પુત્ર એક હજાર

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અણગારોની સાથે પ્રધાન, તીવ્ર, પ્રમાદ રહિત અને બહુમાન પૂર્વક ગ્રહણ કરેલ ચારિત્ર અને તપથી યુક્ત થઈનેજનપદોમાં વિચરવા લાગ્યા.

[૬૬] તે કાળે અને તે સમયે શૈલેકપુર નામનું નગર હતું. સુભૂમિભાગનામનું ઉદ્યાન હતું. શૈલક ત્યાંનો રાજા હતો. પદ્માવતી રાણી હતી. તેનો મંડુક નામનો કુમાર હતો તે યુવરાજ હતો તે શૈલેક રાજાને પંથક આદિ પાંચસો મંત્રી હતા. તે ઔત્પત્તિકી, આદિ ચાર પ્રકારની બુદ્ધિથી સંપન્ન હતા અને રાજ્યની ધુરાના ચિંતક પણ હતા. ત્યાર પછી થાવચ્ચાપુત્ર અણગાર હજાર મુનિઓની સાથે જ્યાં શૈલેકપુર હતું. જ્યાં સુભૂમિ ભાગ નામનું ઉદ્યાન હતું, ત્યાં પધાર્યા. શૈલક નામના રાજા પણ તેને વંદન કરવા માટે નીકળ્યા. થાવચ્ચાપુત્રે ઉપદેશ કર્યો. ધર્મ સાંભળીને શૈલક રાજાએ કહ્યું :- જેમ દેવાનુપ્રિયની પાસે ઘણા ઉગ્રકુલના, ભોગકુળના તથા અન્ય કુળના પુરુષોએ હિરણ્ય સુવર્ણ આદિનો ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરી છે, એ પ્રમાણે હું દીક્ષિત થવામાં સમર્થ નથી. તેથી આપ દેવાનુપ્રિયની પાસે પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતોને યાવત્ ધારણ કરીને શ્રાવક બનવા ઈચ્છું છું. યાવત્ તે રાજા શ્રમણોપાસક યાવત્ જીવ અજીવનો જ્ઞાતા થઈ ગયો, યાવત્ પોતાના આત્માને ભાવિત કરતો થકો વિચારવા લાગ્યો. આ પ્રમાણે પંથક આદિ પાંચસો મંત્રી પણ શ્રમણોપાસક થઈ ગયા. ત્યાર પછી થાવચ્ચા પુત્રઅણગાર ત્યાંથી વિહાર કરીને જનપદમાં વિચરણ કરવા લાગ્યા.

[૬૭] તે કાળ અને તે સમયમાં સૌગંધિકા નામની નગરી હતી. તે નગરીની બહાર નીલાશોક નામનું ઉદ્યાન હતું તે સૌગંધિકા નગરીમાં સુદર્શન નગરશ્રેષ્ઠી હતા. તે સમૃદ્ધિશાળી હતા, યાવત્ તે કોઈથી પરાભૂત થતા ન હતા.

તે કાળે અને તે સમયે શુક નામનો એક પરિવ્રાજક હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ તથા ષષ્ઠિતંત્રમાં કુશળ હતો. સાંખ્યમતના શાસ્ત્રોમાં કુશળ હતો. પાંચ યમો અને પાંચ નિયમોથી યુક્ત દશ પ્રકારના શૌચમૂલક પરિવ્રાજક ધર્મનો, દાન ધર્મનો, શૌચ ધર્મનો અને તીર્થસ્નાનનો ઉપદેશ અને પ્રરૂપણા કરતો હતો. ગેરુથી રંગેલા શ્રેષ્ઠ વસ્ત્રોને ધારણ કરતો હતો. ત્રિદંડ, કુણ્ડિકા,મયૂરપિંછનું છત્ર છન્નાલિ અંકુશ, પવિત્રી, આ સાત ઉપકરણો તેના હાથમાં રહેતા હતાં એક હજાર પરિવ્રાજકોથી પરિવૃત તે શુક પરિવ્રાજક જ્યાં સૌગંધિક નગરી હતી જ્યાં આવસથ હતો, ત્યાં આવ્યો. આવીને પરિવ્રાજકોના તે મઠમાં તેણે પોતાના ઉપકરણો રાખ્યા અને સાંખ્યમત પ્રમાણે પોતાના આત્માને ભાવિત કરતો થકો વિચરવા લાગ્યો. ત્યારે તે સૌગંધિક નગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક અને ચત્વર આદિ સ્થાનોમાં અનેક મનુષ્યો એકત્રિત થઈને પરસ્પર એમ કહેવા લાગ્યા-'આ પ્રકારે નિશ્ચિતરૂપે શુક પરિવ્રાજક અહીં આવ્યા છે યાવત્ આત્માને ભાવિત કરતા થકા વિચરે છે.' પર્ષદા નીકળી સુદર્શન પણ નીકળ્યો. ત્યાર પછી શુક પરિવ્રાજકે તે પરિષદ્‌ને સુદર્શનને તથા અન્ય ઘણા શ્રોતાજનોને સાંખ્યમતનો ઉપદેશ આપ્યો. જેમ-હે સુદર્શન ! અમારો ધર્મ શૌચમૂલક છે તે શૌચ બે પ્રકારનો છે-દ્રવ્યશૌચ અને ભાવશૌચ. દ્રવ્યશૌચ જળથી અને માટીથી થાય છે. ભાવ શૌચ દર્ભથી અને મંત્રથી થાય છે.અમારે ત્યાં જે કોઈ વસ્તુ અશુચિ થઇ હોય તે બધી તત્કાળ પૃથ્વીથી માંજવામાં આવે છે અને પછી શુદ્ધ પાણીથી ધોવાય જાય છે. ત્યારે અશુચિ શુચિ થઈ જાય છે. આ પ્રમાણે નિશ્ચયથી જીવ જળ સ્નાનથી પોતાના આત્માને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પવિત્ર કરીને વિઘ્ન વિના સ્વર્ગને પ્રાપ્ત કરે છે.

ત્યાર પછી સુદર્શન શુક પરિવ્રાજકની પાસે ધર્મને શ્રવણ કરીને હર્ષિત થયો. તેને શુક પાસેથી શૌચમૂલક ધર્મ ગ્રહણ કર્યો. ગ્રહણ કરીને પરિવ્રાજકોને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ અને વસ્ત્રથી પડિલાભિત કરતો વચરવા લાગ્યો. ત્યાર પછી તે શુક પરિવ્રાજક સૌગંધિકા નગરીની બહાર નીકળ્યો, નીકળીને જનપદમાં વિહાર કરવા લાગ્યો. તે કાળ અને તે સમયમાં થાવચ્ચાપુત્રઅણગાર એક હજાર અણ ગારોની સાથે અનુક્રમથી વિહાર કરતા, એક ગામથી બીજા ગામમાં જાતા અને સુખ પૂર્વક વિચરતા જ્યાં સૌગન્ધિકાનગરી હતી અને જ્યાં નીલાશોક ઉદ્યાન હતું, ત્યાં પધાર્યા. થાવચ્ચાપુત્ર અણગારનું આગમન જાણીને પરિષદ્ નીકળી. સુદર્શન પણ નીકળ્યો તેણે થાવચ્ચા પુત્ર અણગારને પ્રદક્ષિણા કરીને વંદન કર્યા, નમસ્કાર કર્યા. કહ્યું- 'આપના ધર્મનું મૂળ શું છે ?' ત્યારે સુદર્શનના આ પ્રમાણે કહેવા પર થાવચ્ચાપુત્ર અણ ગારે સુદર્શનને આ પ્રમાણે કહ્યું-'હે સુદર્શન ! ધર્મ વિનયમૂલક કહેલ છે. તે વિનય [ચારિત્ર] પણ બે પ્રકારનો છે. અગારવિનય, અણગારવિનય તેમાં જે અગારવિનય છે તે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત અને અગીયાર ઉપાસક પ્રતિમારૂપ છે. જે અણગાર વિનય છે તે પાંચ મહાવ્રત રૂપ છે, જેમકે-સમસ્ત પ્રાણાતિપાતથીવિરમણ, યાવત્ વિર મણ અને સમસ્ત પરિગ્રહથી વિરમણ યાવત્ સમસ્ત મિથ્યા દર્શન શલ્યથી વિરમણ, દશપ્રકારની પ્રત્યાખ્યાન અને બાર પ્રકારની ભિક્ષુની પ્રતિમાઓ. આ પ્રમાણે બંને પ્રકારના વિનયમૂલક ધર્મથી આઠ કર્મની પ્રકૃતિનો ક્ષય કરીને જીવ લોકના અગ્રભાગ માં પ્રતિષ્ઠિત થાય છે. ત્યાર પછી થાવચ્ચાપુત્રે સુદર્શનને કહ્યું હે સુદર્શન ! તમારા ધર્મનું મૂળ શું છે ? હે દેવાનુપ્રિય ! અમારો ધર્મ શૌચમૂલક છે. આ ધર્મથી યાવત્ જીવ સ્વર્ગમાં જાય છે. ત્યાર પછી થાવચ્ચા પુત્ર અણગારે સુદર્શનને આ પ્રમાણે કહ્યું-'હે સુદર્શન ! જેમ કોઈ પણ નામવાળો કોઇ પુરુષ એક મોટા રુધિરથી લિપ્ત વસ્ત્રને રુધિરથી જ ધોવે તો વસ્ત્રની કઇ શુદ્ધિ થશે ? તેમ થઇ શકતું નથી. એવીજ રીતે હે સુદર્શન ! તમારા મતાનુસાર પણ પ્રાણાતિપાતથી યાવત્ મિથ્યાદર્શન શલ્યથી શુદ્ધિ થઇ શકતી નથી, હે સુદર્શન ! જેમ કોઈ પણ નામવાળો કોઇ પુરુષ એક મોટા રુધિરથી લિપ્ત વસ્ત્રને સાજીના ખારના પાણીમાં પલાળે, પછી પાકસ્થાન પર ચઢાવે, ચઢાવીને ઉષ્ણતાને ગ્રહણ કરાવે અને પછી સ્વચ્છ પાણીથી ધોવે, તો નિશ્ચયથી હે સુદર્શન ! તે રુધિરથી લિપ્ત વસ્ત્ર, સાજી ખારના પાણીમાં પલળીને, ચૂલે ચઢીને, અને શુદ્ધ જલથી પ્રક્ષાલિત થઇને શુદ્ધ થાય છે ?' સુદર્શન કહે છે 'હા, શુદ્ધ થાય છે.' આ પ્રમાણે હે સુદર્શન ! અમારા ધર્મ પ્રમાણે પ્રાણા તિપાત વિરમણથી યાવત્ મિથ્યાદર્શન શલ્યના વિરમણથી શુદ્ધિ થાય છે.

આ કથન સાંભળી સુદર્શન પ્રતિબોધ પામ્યો. તેણે થાવચ્ચાપુત્રને વંદન કર્યા, નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું- 'ભગવન્ ! હું ધર્મને સાંભળીને જાણવા-અંગીકાર કરવા ઇચ્છું છું.' યાવત્ તે શ્રમણોપાસક થઇ ગયો, જીવાજીવનો જ્ઞાતા થઇ ગયો, યાવત્ નિર્ગ્રન્થ શ્રમણોને આહારાદિનું દાન કરતો વિચરવા લાગ્યો. ત્યાર પછી શુક પરિવ્રાજકને આ સમાચાર જાણીને, આ પ્રમાણેનો વિચાર ઉત્પન્ન થયો- 'સુદર્શને શૌચમૂલક ધર્મનો પરિત્યાગ કરીને વિનયમૂલ ધર્મ અંગીકાર કરેલ છે તેથી સૂદર્શનની દૃષ્ટિ-શ્રદ્ધાનું વમન કરાવીને પુનઃ શૌચમૂલક ધર્મનો ઉપદેશ આપવો મારા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે શ્રેયસ્કર છે.' એક હજાર પરિવ્રાજકોની સાથે જ્યાં સૌગંધિકા નગરી હતી, જ્યાં પરિવ્રાજકોનો મઠ હતો, ત્યાં આવ્યો. આવીને તેણે પરિવ્રાજકોના મઠમાં ઉપકરણ રાખ્યા. રાખીને ગેરુના રંગેલા વસ્ત્રોને ધારણ કરેલ તે થોડા પરિવ્રાવજકોથી ઘેરાયેલો પરિવ્રાજક મઠમાંથી નીકળ્યો.જ્યાં સુદર્શન હતો ત્યાં આવ્યો. ત્યારે તે સુદર્શને તે શુકને આવતો જોયો જોઇને તે ઉભો ન થયો, સામે ન ગયો, તેનો આદર ન કર્યો, તેને જાણ્યો નહિ, વંદન ન કર્યા, પરંતુ મૌન રહ્યો. ત્યારે તે પરિવ્રાજકે સુદર્શનને ઉભો ન થતા જોઈને આ પ્રમાણે કહ્યું- 'હે સુદર્શન ! પહેલાં તુ મને આવતો જોઇને ઉભો થતો, યાવત્ વંદના કરતો હતો. પરંતુ હે સુદર્શન ! અત્યારે તું મને આવતો જોઇને નથી ઉભો થતો કે નથી વંદન કરતો, તો કોની પાસે તે વિનયમૂલક ધર્મને અંગીકાર કરેલ છે ?

ત્યાર પછી શુક પરિવ્રાજકના આ પ્રમાણે કહેવા પર સુદર્શન આસન ઉપરથી ઉભો થયો.બંને હાથ જોડ્યા અને શુક પરિવ્રાજકને આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિય ! અરિહંતઅરિષ્ટનેમિના અંતેવાસી થાવચ્ચાપુત્રઅણગાર અહીં નીલાશોક ઉદ્યાનમાં વિચરી રહ્યા છે. તેમની પાસેથી મેં વિનયમૂલક ધર્મને અંગીકાર કરેલ છે. ત્યાર પછી શુક પરિવ્રાજકે સુદર્શનને આ પ્રમાણે કહ્યું-હે સુદર્શન ! અમે તમારા ધર્માચાર્ય થવાચ્ચા પુત્રની પાસે ચાલીએ. અને આ પ્રમાણેના આ અર્થોને, હેતુઓને, પ્રશ્નોને, કારણોને અને વ્યાકરણોને પૂછીશું. જો તે મારા અર્થ આદિનો ઉત્તર આપશે તો હું તેમને વંદના કરીશ, નમસ્કાર કરીશ. અને જો તે મારા આ અર્થોનો યાવત્ વ્યાકરણોનો ઉત્તર નહીં આપે તો હું તેમને આ અર્થો તથા હેતુઓ આદિથી નિરુત્તર કરીશ. ત્યાર પછી તે શુક પરિવ્રાજક એક હજાર પરિવ્રાજકો અને સુદર્શન શેઠની સાથેજ્યાં થાવચ્ચાપુત્ર અણગાર હતા ત્યાં આવ્યા. આવીને થાવચ્ચા પુત્રને કહેવા લાગ્યા-ભગવન્ ! તમારી યાત્રા સુખપૂર્વક છે ? યાપની છે ? તમને અવ્યાબાધ છે ? અને તમારો પ્રાસુક વિહાર થઇ રહ્યો છે ? ત્યારે થાવચ્ચા પુત્રે કહ્યું-'હે શુક ! મારી યાત્રા સુખપૂર્વક છે. યાપનીય પણ વર્તી રહેલ છે. અવ્યાબાધ પણ છે અને પ્રાસુક વિહાર પણ થઈ રહ્યો છે.'

ત્યારે પછી શુક પરિવ્રાજકે થાવચ્ચા પુત્રને આ પ્રમાણે કહ્યું-'ભગવન્ ! આપની યાત્રા શું છે ?' 'હે શુક જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સંયમ આદિ યોગોથી ષટ્કાયના જીવોની યતના કરવી તે અમારી યાત્રા છે.' 'ભગવન્ ! યાપનીય શું છે ?' 'શૂક ! યાપનીય બે પ્રકારે છે. ઇન્દ્રિય યાપનીય અને નો ઇન્દ્રિય યાપનીય.' 'આપણી શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય કોઇ પણ ઉપદ્રવ વિના વશીભૂત રહે છે તે અમારું ઇન્દ્રિય યાપનીય છે.' ક્રોધ, માન, માયા લોભ રૂપ કષાય ઉપશાંત થયેલ હોય, ઉદયમાં ન આવતા હોય, તે અમારું નો ઇન્દ્રિય યાપનીય કહેવાય છે.' શુકે કહ્યું 'ભગવન ! અવ્યાબાધ શું છે ?' 'હે શુક !વાત, પિત્ત, કફ, અનેસન્નિ પાતઆદિ સંબંધી વિવિધ પ્રકારનારોગ અને આતંક ઉદયમાં ન આવે તે અમારો અવ્યા બાધ છે.' 'ભગવન્ ! પ્રાસૂક વિહાર શું છે ?' 'હે શુક ! અમે જે આરામમાં, ઉદ્યાનમાં દેવ કુલમાં, સભામાં, સ્ત્રી, પુરુષ, નપુંસક રહિત ઉપાશ્રયમાં, પાઢિહારી પીઢ, ફલક, શય્યા, સંસ્તારક, આદિ ગ્રહણ કરીને વિચરીએ છીએ. તે અમારો પ્રાસુક વિહાર છે.' શુક પરિવ્રાજકે પ્રશ્ન કર્યો - 'ભગવન્ ! આપને માટ 'સરિ સવ' ભક્ષ્ય છે કે અભક્ષ્ય છે ?' 'હે શુક ! 'સરિસવ' અમારા માટે ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે,' શુકે પુનઃ પ્રશ્ન કર્યો-'ભગવન્ ! ક્યા અભિપ્રાયથી એમ કહો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છો 'હે શુક ! 'સરિસવ' બે પ્રકારે કહેલ છે. મિત્ર સરિસવ, અને ધાન્ય સરિસવ, તેમાં જે મિત્ર-સરિસવય છે તે ત્રણ પ્રકારે છે- સાથે જન્મેલા. સાથે વૃધ્ધિ પામેલા, સાથે ધૂળમાં રમેલા. તે ત્રણ પ્રકારના મિત્ર સરિસવ શ્રમણ નિર્ગ્રન્થોને માટે અભક્ષ્ય છે. તેમાં જે ધાન્ય સરિસવ છે તે બે પ્રકારે છે.શસ્ત્ર પરિણત અને અશસ્ત્ર પરિણત તેમાં જે અશસ્ત્ર પરિણત છે તે શ્રમણ નિર્ગ્રંથોને માટે અભક્ષ્ય છે. તેમાં જે શસ્ત્ર પરિણત છે તે બે પ્રકારે છે. પ્રાસુક અને અપ્રાસુક હે શુક ! અપ્રાસુક, ભક્ષ્ય નથી. તેમાં જે પ્રાસુક છે તે આ પ્રમાણે યાચિત,અનેઅયાચિત.તેમાં જે અયાચિત છેતે અભક્ષ્ય છે યાચિતપણ બે પ્રકારે છે. એષણીય અને અનેષણીય તેમાં અનેષીણય છે તે અભક્ષ્ય છે. એષણીય પણ બે પ્રકારે છે- લબ્ધ અને અલબ્ધ તેમાં જે અલબ્ધ છે તે અભક્ષ્ય છે. જે લબ્ધ છે તે નિર્ગ્રન્થોને માટે ભક્ષ્ય છે.હે શુક!આ અભિપ્રાયથી કરેલ છેકેસરિસવભક્ષ્યપણછેઅને અભક્ષ્ય પણ છે.'

આ પ્રમાણે 'કુલત્થા' પણ કહેવા જોઈએ. વિશેષતા આ પ્રમાણે છે. કુલત્થાના બે ભેદ છે. સ્ત્રી કુલત્થા અને ધાન્ય કુલત્થા સ્ત્રી કુલત્થા ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે કુલ વધૂ, કુલમાતા અને કુલપૂત્રી તે અભક્ષ્ય છે. ધાન્ય કુલત્થા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે ઈત્યાદિ સરિસવની સમાન જાણવું જોઈએ. માસ સંબંધી પ્રશ્નોત્તર પણ આજ પ્રમાણે જાણવું જોઈએ. વિશેષતા આ પ્રમાણે છે. માસ ત્રણ પ્રકારે છે-કાળમાસ, અર્થ માસ, ધાન્યમાસ, તેમાં કાલમાસ બાર પ્રકારના છે.શ્રાવણ યાવત્ આષાઢતે બધા અભક્ષ્ય છે. અર્થમાસ બે પ્રકારના છે-ચાંદીના માશા અને સોનાના માશા, તે પણ અભક્ષ્ય છે. ધાન્યમાસ અર્થાત્ અડદ ભક્ષ્ય પણ છે ઈત્યાદિ સરિસવની સમાન જાણવું જોઈએ.

શુક પરિવ્રાજકે પુનઃ પ્રશ્ન કર્યો-'આપ એક છો ? બે છો ? અનેક છો ? અક્ષય છો ? આપ અવ્યય છો ? આપ અવસ્થિત છો ? આપ ભૂત ભાવ અને ભાવીવાળા છો?'હે શુક ! હું એકપણ છું - બે પણ છું યાવત્ અનેક ભૂત-ભાવિવાળા પણ હું છું. તે કઈ રીતે ? હે શુક ! હું દ્રવ્યની અપેક્ષાથી એક છું કેમકે જીવદ્રવ્ય એક જ છે. જ્ઞાન અને દર્શનની અપેક્ષાથી હું બે પણ છું. પ્રદેશોની અપેક્ષાથી હું અક્ષય પણ છું, અવ્યય પણ છું, અવસ્થિત પણ છું. અને ઉપયોગની અપેક્ષાથી અનેક ભૂત,ભાવઅને ભાવિ પણ છું.

થાવચ્ચા પુત્રના ઉત્તરથી શુક પરિવ્રાજકને પ્રતિબોધ પ્રાપ્ત થયો. તેણે થાવચ્ચા પુત્રને વંદન કર્યા, નમસ્કાર કર્યા. કહ્યું- 'ભગવન્ ! હું આપની પાસેથી કેવળી પ્રરુપિત ધર્મ સાંભળવાની અભિલાષા કરું છું.' ત્યાર પછી શુક પરિવ્રાજક થાવચ્ચા પુત્ર પાસેથી ધર્મ સાંભળીને અને હ્દયમાં ધારણ કરીને આ પ્રમાણે બોલ્યા-'ભગવન્ ! હું એક હજાર પરિવ્રાજકોની સાથે દેવાનુપ્રિયની પાસે મુંડિત થઈને પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું.' થાવચ્ચાપુત્ર અણ ગાર બોલ્યા - 'દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો.' તે સાંભળીને યાવત્ ઉત્તરપૂર્વ દિશામાં જઈને શુક પરિવ્રાજકે ત્રિદંડ યાવત્ ગેરુના રંગેલા વસ્ત્રો એકાંતમાં ઉતારી નાખ્યાં. પોતાનાજ હાથથી શિખા ઉખેડી નાખી. ઉખેડીને જ્યાં થાવચ્ચા પુત્ર હતા ત્યાં આવ્યા. મુંડિત થઈને યાવત્ દીક્ષિત થઇ ગયા. પછી સામાયિકથી આરંભ કરીને ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો. ત્યાર પછી થાવચ્ચાપુત્રે શુકને એક હજાર અણગાર શિષ્યના રૂપમાં પ્રદાન કર્યા.

ત્યારપછી થાવચ્ચાપુત્ર અણગાર સૌગંધિકા નગરીથી અને નીલાશોક ઉદ્યાનથી નીકળ્યા. નીકળીને જનપદ વિહારવિચરવા લાગ્યા. ત્યાર પછી થાવચ્ચા પુત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હજાર સાધુઓની સાથે જ્યાં પુંડરીક- શત્રુંજય પર્વત હતો ત્યાં આવ્યા. આવીને ધીમે ધીમે પુંડરીકગિરિ પર્વત પર આરુઢ થયા. આરુઢ થઈને તેઓએ મેઘઘડાની સમાન શ્યામ અને જ્યાં દેવોનું આગમન થતું હતું એવા પૃથ્વીશિલાપટ્ટ પર આરૂઢ થઈને યાવત્ પાદોપગમન અનશન અંગીકાર કર્યો. ત્યાર પછી તે થાવચ્ચાપુત્ર ઘણાં વર્ષો સુધી સંયમ પર્યાયને પાળીને,એક માસની સંલેખનાકરીને,સાંઠભક્તનોઅનશનકરીને યાવત્ કેવળ જ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરીને સિદ્ધ થયા, યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયા.

[૬૮] ત્યાર પછી શુક અણગાર કોઈ સમયે જ્યાં શૈલકપુર નગર હતું, જ્યા સુભૂમિ ભાગઉદ્યાન હતું, ત્યાં પધાર્યા. તેમને વંદના કરવાને માટે પરિષદ નીકળી. શૈલક રાજા પણ નીકળ્યો. ધર્મ સાંભળીને તેને પ્રતિબોધ પ્રાપ્ત થયો. વિશેષ આ કે રાજાએ નિવેદન કર્યું-'હે દેવાનુપ્રિય ! હું પંથક આદિ પાંચસો મંત્રીઓને પૂછી લઉં-તેમની અનુમતિ લઈ લઉં અને મંડુક કુમારને રાજ્ય પર સ્થાપિત કરી દઉં. ત્યાર પછી આપ દેવાનુપ્રિયની પાસે મુંડિતથઈનેગૃહવાસથીનીકળીને અણગાર દીક્ષા અંગીકાર કરીશ.' તે સાંભળીને શુક અણગારે કહ્યું-'જેમ સુખ ઉપજે તેમ કરો.' ત્યાર પછી શૈલક રાજાએ શૈલકપુર નગરમાં પ્રવેશ કર્યો. આવીને સિંહાસન ઉપર બેઠા. ત્યાર પછી શૈલક રાજાએ પંથક આદિ પાંચસો મંત્રીઓને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! મેં શુક અણગાર પાસેથી ધર્મ સાંભળેલો છે અને તે ધર્મની મેં ઈચ્છા કરી છે. તે ધર્મ મને રુચ્યો છે.' તેથી હે દેવાનુપ્રિયો હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈને યાવત્ દીક્ષા ગ્રહણ કરી રહ્યો છું. દેવાનુપ્રિયો ! તમે શું કરશો ? ક્યાં રહેશો ! અને તમારું હિત અને ઈચ્છિત શું છે ?' ત્યાર પછી પંથક આદિ મંત્રી શૈલક રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા-'હે દેવાનુપ્રિય ! જો તમે સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ યાવત્ પ્રવ્રજિત થવા ઈચ્છો છો, તો હે દેવાનુપ્રિય ! અમારો બીજો આધાર કોણ છે ? અમારું આલંબન કોણ છે ? અમે પણ સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈને દીક્ષા અંગીકાર કરશું. હે દેવાનુપ્રિય ! જેમ અમે અહીં ગૃહસ્થાવાસમાં ઘણાં કાર્યોમાં તથા કારણોમાં યાવત્ આપના માર્ગદર્શક છીએ, તે જ પ્રમાણે દીક્ષિત થઈને પણ આપના ઘણાં કાર્ય - કારણોમાં યાવત્ ચક્ષુભૂત થશું.'

ત્યાર પછી શૈલક રાજાએ પંથક આદિ પાંચસો મંત્રીઓને આ પ્રમાણે કહ્યું 'હે દેવાનુપ્રિયો ! તમે જો સંસારના ભયથી ઉદ્વિગ્ન થયા હો, યાવત્ દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છો છો તો, દેવાનુપ્રિયો ! જાઓ. પોત પોતાના કુટુંબીજનોમાં પોત-પોતાના જ્યેષ્ઠ પુત્રોને કુટુમ્બમાં સ્થાપિત કરીને હજાર પુરુષોદ્વારા વહન કરવા યોગ્ય શિબિકા, પર આરૂઢ થઈને મારી પાસે પ્રગટ થાઓ. ત્યાર પછી રાજાએ પાંચસો મંત્રીઓને પોતાની પાસે આવેલા જોયા. જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈને કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણેકહ્યું-'હે દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી મંડુકકુમારના મહાન અર્થવાળા રાજ્યાભિષેકની તૈયારી કરો.શૈલક રાજાએ રાજ્યાભિષેક કર્યો. મંડુક રાજા થઈ ગયા યાવત્ સુખ પૂર્વક વિચરવા લાગ્યો. ત્યાર પછી શૈલક રાજાએ મંડુક રાજા પાસેથી દીક્ષા લેવાની આજ્ઞા માંગી. ત્યારે મંડુક રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-'શીઘ્રજ શૈલકપુર નગરને સ્વચ્છ અને સિંચિત કરીને સુગંધી કરો અને કરાવો. ત્યાર પછી મંડુક રાજાએ બીજી વાર કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-'શીઘ્રતાથી શૈલક મહારાજાના મહાન અર્થવાળી યાવત્ દીક્ષાભિષેકની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તૈયારી કરો.' 'જે પ્રમાણે મેઘકુમારના અધ્યયનમાં કહ્યું હતું, તે પ્રમાણે અહીં પણ કહેવું જોઈએ. વિશેષતા તે છે કે પદ્માવતીદેવીએ શૈલકના અગ્રકેશ ગ્રહણ કર્યા. બધા દીક્ષાર્થી પ્રતિગ્રહ-પાત્ર આદિ ગ્રહણ કરીને શિબિકાપર આરૂઢ થયા. શેષ વર્ણન પૂર્વવત્.

ત્યાર પછી શુક અણગારે શૈલક અણગારને પંથક આદિ પાંચસો અણગાર શિષ્યના રૂપમાં પ્રદાન કર્યા. ત્યાર પછી શુક મુનિ કોઇ સમયે શૈલકપુર નગરથી અને સુભૂમિભાગ ઉદ્યાનથી નીકળ્યા. નીકળીને બહાર જનપદોમાં વિચરવા લાગ્યા. ત્યાર પછી શુક અણગાર એક હજાર અણગારોની સાથે અનુક્રમથી વિચરતા થકા,અંતિમ સમય નજીક આવેલો જાણીને પુંડરીક પર્વત પર પધાર્યા યાવત્ સિદ્ધ થયા.

[૬૯] ત્યાર પછી પ્રકૃતિથી સુકુમાર અને સુખ ભોગના યોગ્ય શૈલક રાજર્ષિના શરીરમાં અન્ત પ્રાન્તતુચ્છ, રૂક્ષ, અરસ, વિરસ, ઠંડા ગરમ, કાલાતિ કાન્ત,અને પ્રમા ણાતિકાન્ત, ભોજન હંમેશા મળવાથી વેદના ઉત્પન્ન થઇ ગઇ. તે વેદના ઉત્કટ યાવત્ દુઃસહ હતી. તેમનું શરીર ખુજલી અને દાહ ઉત્પન્ન કરનાર પિત્તજ્વરથી વ્યાપ્ત થઇ ગયું. ત્યારે તે શૈલક રાજર્ષિ તે રોગાતંકથી શુષ્ક થઇ ગયા ત્યાર પછી શૈલક રાજર્ષિ કોઇ સમયે અનુક્રમથી વિચરતા યાવત્ જ્યાં સુભૂમિભાગ નામનું ઉદ્યાન હતું, ત્યાં આવીને વિચરવા લાગ્યા. તેમને વંદના કરવાને માટે પરિષદ નીકળી. મંડૂક રાજા પણ નીકળ્યા શૈલક અણગારને બધાએ વંદન નમસ્કાર કર્યા. ઉપાસના કરી. તે સમયે મંડુક રાજાએ શૈલક અણગારનું શરીર શુષ્ક નિસ્તેજ યાવત્ દરેક પ્રકારની પીડાવાળું અને રોગયુક્ત જોયું. જોઇને આ પ્રમાણે કહ્યું. 'ભગવન્ ! હું આપની સાધુતાને યોગ્ય ચિકિત્સકો પાસેથી સાધુને યોગ્ય ઔષધ અને ભેષજ દ્વારા તથાભોજન-પાન દ્વારા ચિકિત્સા કરાવું.હે ભગવાન ! આપ મારી યાનશાળામાં પધારો. અને પ્રાસુક તેમજ એષણીય પીઠ, ફલગ, શય્યા તથા સંસ્તારક ગ્રહણ કરીને વિચરો.

ત્યાર પછી શૈલક અણગારે મંડુક રાજાના આ અર્થને 'ઠીક છે.' એમ કહીને સ્વીકાર કર્યો. ત્યારે મંડુક રાજાએ શૈલકમુનિને વંદન નમસ્કાર કર્યા. પાછા ગયા. ત્યાર પછી શેલક રાજર્ષિ બીજા દિવસે સૂર્યના દેદીપ્યમાન થવા પર ભંડપાત્ર અને ઉપકરણ લઇને પંથક આદિ પાંચસો મુનિઓની સાથે શૈલકપુરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને જ્યાં મંડુક રાજાની યાનશાળા હતી, ત્યાં આવ્યા. આવીને પ્રાસુક પીઠ, ફલક આદિ ગ્રહણ કરીને વિચરવા લાગ્યા. ત્યાર પછી મંડુક રાજાએ ચિકિત્સકોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે શૈલક રાજર્ષિની પ્રાસુક અને એષણીય ઔષધ આદિથી યાવત્ ચિકિત્સા કરો.' ત્યારે ચિકિત્સક મંડુક રાજાના આ પ્રમાણે કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થયા તેમણે સાધુતાને યોગ્ય ઔષધ, ભેષજ તેમજ ભોજન-પાનથી ચિકિત્સા કરી અને મદ્યપાન કરવા માટે કહ્યું. ત્યાર પછી સાધુને યોગ્ય ઔષધ આદિથી અને મદ્યપાનથી શૈલક રાજર્ષિનો રોગાંતક શાંત થઇ ગયો. તે હૃષ્ટ-તુષ્ટ યાવત્ બળવાન શરીરવાળા થઇ ગયા. તેનો રોગાતંક પૂરી રીતે દૂર થઇ ગયો.

ત્યાર પછી શૈલક રાજર્ષિ તે રોગાતંકના ઉપશાંત થઇ જવા પર તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમમાં અને મદ્યપાનમાં મૂર્છિત, મત્ત, ગૃદ્ધ અને અત્યંત આ સક્ત થઇ ગયા. તે આળસુ અવસન્ન વિહારી થઇ ગયા. એ પ્રમાણે પાર્શ્વસ્થ તથા પાર્શ્વસ્થ વિહારી કુશીલ કુશીલવિહારી તથા પ્રમત્ત પ્રમત્તવિહારી, સંસક્ત તથા સંસક્તવિહારી

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ ગયા. શેષ કાળમાં પણ શય્યા સંસ્તારકને માટે પીઢ, ફલગ રાખનાર પ્રમાદી થઈ ગયા. તે પ્રાસુક તેમજ એષણીય પીઢ, ફલગ આદિને પાછા આપીને અને મંડુક રાજાની અનુમતિ લઈને બહાર યાવત્ જનપદમાં વિહાર કરવામાં અસમર્થ થઈ ગયા.

[૭૦] ત્યાર પછી પંથકને તે પાંચસો અણગાર કોઈ સમયે એકઠા થયા. યાવત્ મધ્યરાત્રિમાં ધર્મ જાગરણ કરતાં કરતાં તેઓને એવો વિચાર ઉત્પન્ન થયો, કે શૈલક રાજર્ષિ રાજ્યનો ત્યાગ કરીને યાવત્ દીક્ષિત થયા, પરંતુ અત્યારે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તેમજ મદ્યપાનમાં મૂર્ચ્છિત થયા છે. તે જનપદ વિહાર કરવામાં સમર્થ નથી. 'હે દેવાનુપ્રિયો ! શ્રમણોને પ્રમાદી થઈને રહેવું કલ્પતું નથી. તેથી આપણા માટે શ્રેષ્ઠ છે કે આવતી કાલે શૈલક રાજર્ષિની આજ્ઞા લઈને અને પાઢિયારી પીઢ, ફલગ શય્યા તેમજ સંસ્તારક પાછા સોંપીને પંથક અણગારને શૈલક અણગારના વૈયાવૃત્યકારી સ્થાપિત કરીને બહાર જનપદમાં અભ્યુદ્યત વિચરીએ. તે મુનિઓ એ એવો વિચાર કર્યો. વિચાર કરીને બીજા દિવસે શૈલક રાજર્ષિની પાસે જઈને તેમની આજ્ઞા લઈને પાઢિયારી પીઢ, ફલગ, શય્યા સંસ્તારક પાછા સોંપી દીધા અને પંથક અણ ગારને વૈય્યાવૃત્યકારી સ્થાપિત કર્યા. સ્થાપિત કરીને બહાર યાવત્ વિચરવા લાગ્યા.

[૭૧] ત્યાર પછી તે પંથક અણગાર શૈલક રાજર્ષિની શય્યા, સંસ્તારક, ઉચ્ચાર, પ્રસ્રવણ, શ્લેષ્મ સંઘાણના પાત્ર, ઔષધ, ભેષજ, આહાર, પાણી આદિ થી ગ્લાની વિના વિનયપૂર્વક વૈયાવૃત્ય કરવા લાગ્યા. ત્યાર પછી શૈલક રાજર્ષિ કોઈ સમયે કાર્તિક ચૌમાસીના દિવસે વિપુલ આહાર કરીને અને બહુજ અધિક મદ્યપાન કરીને સાયંકાલના સમયે આરામથી સૂતા હતા. તે સમયે પંથક મુનિએ કાર્તિક ચૌમાસીના દિવસે કાયોત્સર્ગ કરીને, દેવસી પ્રતિક્રમણ કરીને, ચાતુર્માસિક પ્રતિક્રમણ કરવાની ઈચ્છાથી, શૈલક રાજર્ષિને ખમાવવા માટે પોતાના મસ્તકથી તેના ચરણોનો સ્પર્શ કર્યો. ચરણોનો સ્પર્શ થતા શૈલક રાજર્ષિ તત્કાળ રુષ્ટ થયા યાવત્ ક્રોધથી ધમધમાયમાન થયા અને ઉઠ્યા. બોલ્યા, 'અરે કોણ છે અપ્રાર્થિતની ઈચ્છા કરનાર યાવત્ લજ્જા આદિથી રહિત જેણે સુખ પૂર્વક સુતેલા મારા પગનો સ્પર્શ કર્યો ?'

શૈલક ઋષિના આ પ્રમાણે કહેવાથી પંથક ભયભીત થઈ ગયો, ત્રાસ અને ખેદને પ્રાપ્ત થયો. બંને હાથ જોડીને કહેવા લાગ્યા, 'ભગવન ! હું પંથક છું. ચૌમાસી ક્ષમાપના દેવાને માટે આપ દેવાનુપ્રિયને વંદના કરતા સમયે, મેં મારા મસ્તકથી આપના ચરણોનો સ્પર્શ કર્યો છે. તેથી દેવાનુપ્રિય ! ક્ષમા કરો મારો અપરાધ ક્ષમા કરો. ફરી તેમ નહિ કરું; એ પ્રમાણે કહીને શૈલક અણગારને સમ્યક્ રૂપથી વિનયપૂર્વક આ અર્થને માટે વારંવાર ખમાવવા લાગ્યા. પંથક દ્વારા આ પ્રમણે કહેવા પર તે શૈલક રાજર્ષિને આવા પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો-મેં રાજ્ય આદિનો ત્યાગ કરીને પણ યાવત્ આળસુ આદિ થઈને શેષ કાળમાં પણ પીઢ, ફલગ, આદિ રાખીને વિચરી રહ્યો છું - શ્રમણ નિર્ગ્રન્થોને શિથિલાચારી થઈને રહેવું ન કલ્પે, તેથી આવતી કાલે મંડુક રાજાને પુછીને પડિહારી પીઢ, ફલગ, શય્યા અને સંસ્તારક પાછા આપીને, પંથક અણ ગારની સાથે, બહાર અભ્યુદ્યત વિહારથી વિચરવું તે મારા માટે શ્રેયસ્કર છે.' યાવત્ તે પ્રમાણે કરીને વિહાર કર્યો.

[૭૨] હે આયુષ્મન્ શ્રમણ ! તે પ્રમાણે જે સાધુ યા સાધ્વી આળસુ થઈને, સંસ્તારકના વિષયમાં પ્રમાદી થઈને રહે છે, તે આ લોકમાં ઘણા શ્રમણો અને ઘણી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રમણીઓ, ઘણા શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓની હીલનાનું પાત્ર થાય છે. યાવત્ તે લાંબા સમય સુધી સંસારમાં ભ્રમણ કરે છે.' ત્યાર પછી પંથકને છોડીને પાંચસો અણગારોએ આ વૃત્તાન્ત જાણ્યો. ત્યારે તેઓએ એક બીજાને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું. શૈલક રાજર્ષિ પંથકની સાથે બહાર વિચરી રહ્યા છે. તો હે દેવાનુપ્રિયો ! આપણે શૈલક રાજર્ષિની પાસે જઈને વિચરવું ઉચિત છે.' તેઓએ એવો વિચાર કર્યો. વિચાર કરીને રાજર્ષિ શૈલકની પાસે જઈને વિચરવા લાગ્યા.

[૭૩] ત્યાર પછી શૈલક રાજર્ષિ-પંથક આદિ પાંચસો મુનિ ઘણાં વર્ષો સુધી સંયમ પર્યાય પાળીને જ્યાં પુંડરીક પર્વત હતો, ત્યાં આવ્યા. આવીને થાવચ્ચા પુત્રની જેમ સિદ્ધ થયા. જે સાધુ યા સાધ્વી આ પ્રમાણે વિચરશે. તે સિદ્ધિ પ્રાપ્ત કરશે.'

**અધ્યયન : ૫ - ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન - ૬ - તુંબ

[૭૪] શ્રમણ ભગવાન મહાવીર યાવત્ સિદ્ધિને પ્રાપ્ત થયેલાએ પાંચમા જ્ઞાતાધ્યનનો આ અર્થ ફરમાવેલ છે તો હે ભગવન્ ! છઠ્ઠા જ્ઞાતાધ્યાનનો શું અર્થ ફરમાવેલ છે ?' 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહનગર હતું.શ્રેણિક રાજા હતો. ત્યાં ઉત્તરપૂર્વ દિશામાં ગુણશીલ ચૈત્ય હતું.

તે કાળ અને તે સમયમાં ભગવાન્ મહાવીર અનુક્રમથી વિચરતા થકા જ્યાં રાજગૃહ નગર હતું, જ્યાં ગુણશીલ ચૈત્ય હતું ત્યાં પધાર્યા. યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા થકા વિચરવા લાગ્યા. ભગવાનને વંદન કરવા પરિષદ્ નીકળી.શ્રેણિક રાજા પણ નીકળ્યા. ભગવાને ધર્મ કહ્યો. તે સાંભળી પરિષદ્ પાછી ચાલી ગઈ. તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહા વીરના જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ નામના અણગાર ન અતિદૂર, ન અતિ નજીક સ્થાન પર યાવત્ શુકલ ધ્યાનમાં લીન થઈને વિચરતા હતા. તે સમયે જેને શ્રદ્ધા ઉત્પન્ન થયેલ છે એવા ઈન્દ્રભૂતિ અણગારે શ્રમણ ભગવાન્ મહાવીરને આ પ્રમાણે કહ્યું- 'હે ભગવન્ ! જીવ કયા કારણે શીઘ્ર ગુરુતા અથવા લઘુતાને પ્રાપ્ત થાય છે ?'

ભગવંતે કહ્યું - 'હે ગૌતમ ! જેમ કોઈ પણ નામવાળો, એક પુરુષ એક મોટું સૂકાયેલ, છિદ્રરહિત અને અખંડિત તૂંબડાને દર્ભથી અને કુશથી લપેટ્યું હોય. પછી માટીના લેપથી લીપે. પછી તાપમાં રાખી દે. સુકાઈ જવાપર ફરીથી દર્ભ અને કુશથી લપેટે, પછી માટીના લેપથી લપેટે અને પછી તાપમાં સૂકવે. યાવત્ આઠ માટીના લેપ તે તૂંબડા પર ચઢાવે પછી તેને અથાહઅપૌરુષિક એવા જળમાં નાખવામાં આવે તો નિશ્ચય થી હે ગૌતમ ! તે તૂંબડું માટીના આઠ લેપના કારણે ગુરુતાને પ્રાપ્ત થઈને ઉપર રહેલા પાણીને ઓળંગીને નીચે ધરતીના તલ ભાગમાં સ્થિત થઈ જાય છે.'

એ પ્રમાણે 'હે ગૌતમ ! જીવ પણ પ્રાણાતિપાતથી યાવત્ મિથ્યાદર્શન શલ્યથી યાવત્ અઢાર પાપસ્થાનોના સેવનથી ક્રમશઃ આઠ કર્મ પ્રકૃતિઓનું ઉપાર્જન કરે છે. તે કર્મ પ્રકૃતિઓની ગુરુતાના કારણે, મૃત્યુના સમયે મૃત્યુને પ્રાપ્ત થઈને આ પૃથ્વીતલને લાંઘીને નીચે નરક તલમાં સ્થિત થાય છે. આ પ્રમાણે હે ગૌતમ ! જીવ શીઘ્ર ગુરુત્વને પ્રાપ્ત થાય છે.' હવે 'હે ગૌતમ ! તે તૂંબડાને પહેલો માટીનો લેપ ભીનો થઈ જાય. ગળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય અને નષ્ટ થઇ જાય તો તે તૂંબડું પૃથ્વીતલથી કંઇક ઉપર આવી સ્થિર થાય છે. ત્યાર પછી બીજો માટીનો લેપ દૂર થઇ જાય તો કંઇક વધારે ઉપર આવી જાય છે. આ પ્રમાણે તે આઠેય મૃત્તિકા લેપના ભીના થવા પર યાવત્ હટી જવાપર તૂંબડું બંધનમુક્ત થઇને ધરતી તલને લાંઘીને ઉપર જળના તલ પર સ્થિત થાય છે.'

એ પ્રમાણે 'હે ગૌતમ ! પ્રાણાતિપાત વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્યવિરમણથી ક્રમશઃ આઠ કર્મ પ્રકૃતિઓને ખપાવીને આકાશ તલની તરફ જઇને લોકાગ્ર ભાગમાં સ્થિત થઇ જાય છે' આ પ્રમાણે 'હે ગૌતમ ! જીવ શીઘ્ર લઘુત્વને પામે છે.

**અધ્યયન - ૬ - ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન - ૭ - રોહિણી

[૭૫] 'ભગવન્ ! જે શ્રમણ ભગવાન મહાવીરે યાવત્ નિર્વાણને પ્રાપ્ત થયેલાએ છટ્ઠા જ્ઞાતાધ્યયનનો આ અધિકાર ફરમાવ્યો છે તો હે ભગવન્ ! સાતમા જ્ઞાત-અધ્યયનનો શું અર્થ ફરમાવેલ છે ?' હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગર હતું.શ્રેણિક રાજા હતા.નગરની બહાર ઉત્તરપૂર્વ દિશામાં ગુણશિલક ચૈત્ય હતું.'

તે રાજગૃહ નગરમાં ધન્ય નામનો સાર્થવાહ નિવાસ કરતો હતો. તે સમૃદ્ધિશાળી હતો અને કોઈથી પરાભૂત થનાર ન હતો. તે સાર્થવાહની ભદ્રા નામની ભાર્યા હતી. તેની પાંચે ઈન્દ્રિયો અને અવયવો પરિપૂર્ણ હતા યાવત્ તે સુંદર રૂપવાળી હતી. તે ધન્ય સાર્થવાહના પુત્ર અને ભદ્રા ભાર્યાનો આત્મજ ચાર સાર્થવાહપુત્ર હતા. તે આ પ્રમાણે - ધનપાલ, ધનદેવ, ધનગોપ, અને ધનરક્ષિત. તે ધન્ય સાર્થવાહના ચાર પુત્રોની આ ભાર્યાઓ હતી. તે આ પ્રમાણે-ઉજ્ઝિકા ભોગવતી, રક્ષિકા અને રોહિણી.

ત્યાર પછી ધન્ય સાર્થવાહને કોઇ સમયે મધ્યરાત્રિના સમયે આ પ્રમાણે અધ્યવસાય ઉત્પન્ન થયો-'આ પ્રમાણે નિશ્ચયથી હું રાજગૃહ નગરમાં રાજા, ઈશ્વર યાવત્ તલવર આદિના અને મારા કુટુમ્બના અનેક કાર્યોમાં, કરણીઓમાં, કુટુમ્બો માં, મંત્રણાઓમાં, ગુપ્તવાતોમાં, રહસ્યમયવાતોમાં, નિશ્ચયકરવામાં, વ્યવહારોમાં પૂછવા યોગ્ય, મેઢીસમાન, પ્રમાણભૂત, આધાર, આલમ્બન, ચક્ષુ-સમાન પથદર્શક, મેઢીભૂત અને બધા કાર્યોની પ્રવૃત્તિ કરાવ નાર છું. પરંતુ ન જાણે મારા ક્યાંયા બીજે જવાપર કોઇ અનાચારના કારણે મારા સ્થાનથી ચ્યુત થવાપર, મરી જવાપર, ભગ્ન થઈ જવાપર રુગ્ણ થઈ જવા પર, કોઈ રોગ વિશેષથી વિશીર્ણ થઇ જવા પર, પ્રાસાદ આદિથી પડી જવા પર તથા બિમારીથી પથારીવશ થવા પર, પરદેશમાં જવા પર તથા ઘરથી નીકળીને વિદેશ જવા માટે પ્રવૃત્ત થવા પર, મારા કુટુમ્બના પૃથ્વીની જેમ આધાર, રસ્સીના સમાન અવલમ્બન તથા બધામાં એકતા રાખનાર કોણ થશે ? તેથી મારા માટે તે ઉચિત હશે કે કાલે યાવત્ સૂર્યોદય થવા પર વિપુલઆ ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવીને મિત્ર, આદિને તથા ચાર વધૂઓના કુલગૃહના સમુદાયને આમંત્રણ કરીને અને તે મિત્ર, જ્ઞાતિ, સ્વજન, આદિ ચારે પુત્રવધુઓના કુલગૃહ વર્ગનો અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી તથા ધૂપ, પૂષ્પ, વસ્ત્ર તેમજ ગંધ આદિથી સત્કાર કરીને, સન્માન કરીને તેના સમક્ષ તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહ વર્ગની સમક્ષ પુત્રવધૂઓની પરીક્ષા કરવાને માટે પાંચ પાંચ સાલિઆપું. તેથી જાણી શકાય કે કોણ પુત્રવધૂ કેવા પ્રકારે તેની રક્ષા કરે છે, સારસંભાળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખે છે અથવા વધારે છે.

ત્યાર પછી ધન્ય સાર્થવાહે સ્નાન કર્યું. તે ભોજન મંડપમાં ઉત્તમ સુખાસન ઉપર બેઠો. પછી મિત્ર, જ્ઞાતિ આદિની તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહવર્ગની સાથે તે વિપુલ અશન,આદિનું ભોજન કરીને યાવત્ તે દરેકનો સત્કાર કર્યો. સન્માન કર્યું, સત્કાર-સન્માન કરીને મિત્રો, જ્ઞાતિજનો આદિની તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહ વર્ગની સામે પાંચ ચોખાના દાણા લીધા.લઈનેમોટીપુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવી કહ્યું-'હે પુત્રી ! તું મારા હાથથી આ પાંચ દાણા લે. તેને લઈને અનુક્રમથી તેનું સંરક્ષણ અને સંગોપન કરતી રહે. હે પુત્રી ! જ્યારે હું તારી પાસે તે પાંચ દાણા માંગુ ત્યારે તું મને પાછા આપજે ત્યાર પછી તે ઉજ્ઝિકાએ ધન્ય સાર્થવાહના આ અર્થ આદેશને 'બહુસારું' આ પ્રમાણે કહીને અંગીકાર પાંચ શાલિઅક્ષત ગ્રહણ કર્યા. એકાંતમાં ગઈ. ત્યાં જઈને તેને આ પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો-'આ પ્રકારે નિશ્ચયથી પિતાના કોઠારમાં શાલિથી ભરેલા ઘણાં પલ્ય વિદ્યમાન છે. તેથી જ્યારે પિતા મારી પાસેથી પાંચ શાલિમાંગશે ત્યારે હું બીજા શાલિ લઈને આપી દઈશ. તેણે એવો વિચાર કર્યો. આ પ્રમાણે વિચાર કરીને તેણે તે પાંચ દાણા એકાંતમાં ફેંકી દીધા આ પ્રમાણે બીજી પુત્રવધૂ ભોગવતીને બોલાવીને પાંચ દાણા આપ્યા ઈત્યાદિ. વિશેષ તે છે કે તેણીએ તે દાણા છોલ્યા. છોલીને ગળી ગઈ. ગળીને પોતાના કામમાં લાગી ગઈ. આજ પ્રમાણે રક્ષિકાના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેણે તે દાણા લીધા પછી તેને તે વિચાર ઉત્પન્ન થયો કે મારા પિતાએ મિત્ર જ્ઞાતિ આદિની તથા ચારે વધૂઓના કુલગૃહવર્ગની સામે મને બોલાવીને આમ કહ્યું છે કે-'હે પુત્રી ! તું મારા હાથમાંથી આ દાણા લે. યાવત્ જ્યારે હું માંગું ત્યારે પાછા આપી દેવા. તો અહીં કાંઈ કારણ હોવું જોઈએ તેણીએ તે પ્રમાણેનો વિચાર કર્યો. વિચાર કરીને તે ચાવલના દાણા શુદ્ધ વસ્ત્રમાં બાંધી લીધા. બાંધીને રત્નની ડબીમાંરાખીને ઓસીકા નીચે મુકી દીધા.ત્રણે સંધ્યાઓના સમયે સાર સંભાલ કરતી થકી રહેવા લાગી. ત્યાર પછી તે ધન્ય સાર્થવાહે તે મિત્રો આદિની સમક્ષ ચોથી પુત્રવધૂ રોહિણીને બોલાવીને તેને પણ તેમ કહીને પાંચ દાણા આપ્યા. યાવત્ તેણે વિચાર્યું-આ પ્રમાણે પાંચ દાણા આપવામાં કોઈ કારણ હશે. તેથી મારા માટે ઉચિત છે કે આ પાંચ શાલીના દાણાનું સંરક્ષણ કરું, સંગોપન કરું, વિચાર કરીને પોતાના કુલગૃહના પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-

દેવાનુપ્રિયો ! તમે આ પાંચ શાલિને ગ્રહણ કરો. ગ્રહણ કરીને પહેલી વર્ષાઋતુમાં જ્યારે ખૂબ વર્ષા હોય ત્યારે એક નાની એવી ક્યારીને સારી રીતો સાફ કરીને આ પાંચ શાલિ વાવી દેવા. વાવીને બીજીવાર, ત્રીજીવાર ઉત્ક્ષેપ-નિક્ષેપ કરવા, પછી ક્યારીની ચારે તરફ વાડ કરવી તેની રક્ષા અને સંગોપન કરતા તેને વધારવા. ત્યાર પછી કૌટુમ્બિક પુરુષોએ પાંચ દાણા ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને અનુક્રમથી તેનું સંરક્ષણ સંગોપાંગ કરતા રહેવા લાગ્યા. ત્યાર પછી તે કૌટુમ્બિક પુરુષોએ વર્ષા ઋતુના પ્રારંભમાં મહાવૃષ્ટિ થવા પર નાની એવી ક્યારી સાફ કરી. સાફ કરીને પાંચ ચાવલના દાણા વાવ્યા. વાવીને બીજાવાર ત્રીજીવાર તેનો ઉત્ક્ષેપ-નિક્ષેપ કર્યો કરીને વાડનો પરિક્ષેપ કર્યો.અનુક્રમથી સંરક્ષણ, સંગોપન અને સંવર્ધન કરતા વિચરવા લાગ્યા. ત્યાર પછી સંરક્ષિત, સંગોપિત, અને સંવર્ધિત કરેલા શ્યામ, શ્યામ કાન્તિવાળા યાવત્ સમુહ રૂપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈને પ્રસન્નતા પ્રદાન કરનાર, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ થઈ ગયા. ત્યાર પછી તે શાલિના છોડમાં પાન આવી ગયા, ડુંડા આવી ગયા, દાણા બહાર આવી ગયા, સુગંધ વાળા થયા, દૂધવાળા થયા, બાંધેલા ફળવાળા થયા,પાકી ગયા, તૈયાર થઈ ગયા, આ પ્રમાણે તે શાલિ ઉત્પન્ન થયા. ત્યાર પછી કૌટુમ્બિક પુરુષોએ તે શિલા પત્રવાળા યાવત્ શલાકાવાળા તથા વિરલ પત્રવાળા જાણીને તીક્ષ્ણ અને ધારવાળા દાંતરડાથી કાપ્યા. કાપીને તેને હથેલીઓથી મર્દન કર્યા. મર્દન કરીને સાફ કર્યા. તેથી તે નિર્મલ, પવિત્ર, અખંડ અને અસ્ફોટિત તુટ્યા વિનાના અને સુપડાથી સાફ કરેલા થઈ ગયા.એક પ્રસ્થક પ્રમાણ થઈ ગયા. ત્યાર પછી તે કૌટુમ્બિક પુરુષોએ તે પ્રસ્થ પ્રમાણ શાલિ-અક્ષતોને નવા ઘડામાં ભર્યા. ભરીને તેના પર માટીનો લેપ કરી દીધો મુદ્રિત કરી દીધો પછી તેને કોઠારના એક ભાગમાં રાખી દીધા. રાખીને તેનું સંગોપન કરતા થકા વિચરવા લાગ્યા. ત્યાર પછી તે કૌટુમ્બિક પુરુષોએ બીજી વર્ષા ઋતુમાં વર્ષાકાળના પ્રારંભમાં મહાવૃષ્ટિ પડવા પર એક નાની ક્યારીને સાફ કરી. સાફ કરીને તે શાલિ વાવી દીધા યાવત્ તેને કોઠારના એક ભાગમાં રાખી દીધા કોઠારના એક ભાગમાં રાખીને તેનું સંરક્ષણ અને સંગોપન કરતા વિચરવા લાગ્યા. ત્યાર પછી તે કૌટુમ્બિક પુરુષોએ ત્રીજી વર્ષાઋતુમાં મહાવૃષ્ટિ થવા પર એ પ્રમાણે કરતા યાવત્ ઘણાંજ કુમ્ભ પ્રમાણ શાલિ થઈ ગયા. ત્યાર પછી તે કોટુમ્બિક પુરુષોએ તે શાલિ કોઠારમાં રાખી, યાવત્ તેની રક્ષા કરવા લાગ્યા. ચોથી વર્ષાઋતુમાં એ પ્રમાણે કરવાથી સેંકડો કુંભ પ્રમાણ શાલિ થઈ ગયા. ત્યાર પછી જ્યારે પાંચમી વર્ષાઋતુ ચાલી રહી હતી. ત્યારે ધન્ય સાર્થવાહને મધ્ય રાત્રિનાં સમયે આ પ્રમાણેનો વિચાર ઉત્પન્ન થયો.

મેં આજથી પહેલાંના પાંચમા વર્ષમાં ચારે પુત્રવધૂઓની પરીક્ષા કરવા માટે તે પાંચ પાંચ ચાવલના દાણા હાથમાં આપ્યા છે. તો કાલે યાવત્ સૂર્યોદય થવાપર પાંચ ચાવલના દાણા માંગવા મારા માટે ઉચિત થશે. યાવત્ જાણુ તો ખરો કે કોણે કેવા પ્રકારે તેનું સંરક્ષણ, સંગોપન અને સંવર્ધન કરેલ છે ? ધન્ય સાર્થવાહે આ પ્રમાણે વિચાર કર્યો. વિચાર કરીને બીજા દિવસે સૂર્યોદય થવા પર વિપુલ અશનાદિ,બનાવ્યા. મિત્રો, જ્ઞાતિ જનો આદિને તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહ વર્ગને આમંત્રિત યાવત્ સંમાનિત કરીને તે મિત્રો, જ્ઞાતિજનો આદિ તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહવર્ગની સમક્ષ મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવી. હે પુત્રી ! આજથી પહેલાં પાંચમાં વર્ષમાં આ મિત્રો, જ્ઞાતિજનો આદિ તથા ચારે પુત્ર વધૂઓના કુલગૃહ વર્ગની સમક્ષ મે તમારા હાથમાં પાંચ શાલિ આપ્યા હતા. આ વાત સત્ય છે ? ઉજ્ઝિકાએ કહ્યું-હા, સત્ય છે. ધન્ય સાર્થવાહ બોલ્યા- 'તો હે પુત્રી ! મારા તે શાલી અક્ષત પાછા આપો.' ત્યાર પછી ઉજ્ઝિકાએ તે ધન્ય સાર્થવાહની વાતને સ્વીકારી. સ્વીકારીને જ્યાં કોઠાર હતો ત્યાં પહોંચી. પહોંચીને પાંચ શાલિઅક્ષત ગ્રહણ કર્યા, ગ્રહણ કરીને ધન્ય સાર્થે વાહને બોલી 'આ છે પાંચ શાલિ અક્ષત.' ત્યારે ધન્ય સાર્થવાહે ઉજ્ઝિકાને સોગંદ અપાવ્યા અને કહ્યું પુત્રી ! આ તે જ શાલિના દાણા છે અથવા બીજા છે ? ત્યારે ઉજ્ઝિકાએ ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહ્યું :- હે તાત ! આ તે શાલિના દાણા નથી, બીજા છે. ત્યારે પછી ધન્ય સાર્થવાહ ઉજ્ઝિકાની પાસેથી તે અર્થ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને ક્રુદ્ધ થયા. યાવત્ ક્રોધમાં આવીને ધ્રુજવા લાગ્યા. તેઓએ ઉજ્ઝિકાને તે મિત્રો, જ્ઞાતિજનો આદિની તથા ચારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુત્રવધૂઓના કુલગૃહવર્ગની સામે પોતાના કુલગૃહની રાખ ફેક-નારી છાણા નાખનારી, કચરા કાઢવાવાળી, પગધોવાના પાણી આપ નારી સ્નાનને માટે પાણી દેવાવાળી અને બહારનું દાસીનું કાર્ય કરનારી નિયુક્ત કરી

આ પ્રમાણે જે સાધુ અને સાધ્વી યાવત્ પ્રવ્રજ્યા લઈને પાંચ મહાવ્રતોનો પરિત્યાગ કરી દે છે, તે આ જ ભવમાં ઘણાં શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાનું અવહેલનાનું પાત્ર બને છે. યાવત્ અનંત સંસાર ભમે છે.

આ પ્રમાણે ભોગવતીના વિષયમાં જાણવું. વિશેષતા તે છે કે તેને ખાંડવાવાળી, કુટવાવાળી, પીસવાવાળી, ઘંટલામાં દળીને ધાન્યના છીલકા ઉતારનારી, રાંધવાવાળી, પીરસવાવાળી, તહેવારના પ્રસંગ પર સ્વજનોના ઘરે જઈને લાણી આપવાવાળી, ઘરમાં અંદરનું દાસીનું કામ કરવાવાળી તેમજ રસોઈનું કાર્ય કરવાવાળીના રૂપમાં નિયુક્ત કરી. આ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! આપણા જે સાધુ અથવા સાધ્વી પાંચ મહા વ્રતોને ફોડવાવાળા હોય છે. તે આ જ ભવમાં ઘણા સાધુઓ સાધ્વીઓ, શ્રાવકો શ્રાવિ કાઓની અવહેલનાનું પાત્ર બને છે.

આ પ્રમાણેજ રક્ષિકાના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તે પોતાના નિવાસગૃહમાં આવીને તેણે મંજૂષા ખોલી. ખોલીને રત્નની ડબ્બીમાંથી પાંચ શાલિના દાણા ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને જ્યાં ધન્ય સાર્થવાહ હતા, ત્યાં આવી. આવીને ધન્ય સાર્થવાહના હાથમાં તે પાંચ દાણા આપી દીધા. ત્યાર પછી ધન્ય સાર્થવાહે રક્ષિકાને આ પ્રમાણે કહ્યું કે-હે પુત્રી ! આ તેજ પાંચ શાલિ અક્ષત છે કે બીજા ? ત્યારે રક્ષિકાએ ધન્ય સાર્થવાહને કહ્યું-તાત ! આ તે જ શાલિઅક્ષત છે, બીજા નથી. ત્યાર પછી ધન્ય સાર્થવાહ રક્ષિકાની પાસેથી તે અર્થ સાંભળીને હર્ષિત અને સંતુષ્ટ થયો. તેને પોતાના ઘરના હિરણ્ય, કાસા આદિના વાસણોની, દૂષ્ય રેશમી વસ્ત્રની, વિપુલ ધન, ધાન્ય, કનક, મુક્તા આદિ સ્વાપતેયની ભાંડાગારિણીના રૂપમાં નિયુક્ત કરી દીધી. એ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો!આપણા જે સાધુ યા સાધ્વી પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે તે આ જ ભવમાં ઘણા સાધુ સાધ્વીઓઘણા શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓના અર્ચનીય હોય છે,

રોહિણના વિષયમાં પણ એમ જ કહેવું જોઈએ વિશેષ તે કે જ્યારે ધન્ય સાર્થવાહે પાંચ દાણા માંગ્યા ત્યારે તેણીએ કહ્યું તાત આપ મને ઘણાં ગાડા-ગાડીઓ આપો. જેથી હું આપને આપના પાંચ શાલિ-અક્ષતના દાણા પાછા આપું.' ત્યારે ધન્ય સાર્થવાહે રોહિણીને કહ્યું પુત્રી !તું મને તે પાંચ શાલિના દાણા ગાડા ગાડીમાં ભરીને કેમઆપીશ ? ત્યારે રોહિણીએ ધન્ય સાર્થવાહને કહ્યું-તાત ! આજથી પહેલાં પાંચમા વર્ષે આ મિત્રો, જ્ઞાતિજનો આદિની સમક્ષ આપે પાંચ દાણા આપ્યાં હતાં. યાવત્ તે આજે સેંકડો કુમ્ભ થઇ ગયા છે. ઈત્યાદિ પૂર્વોક્ત ક્રમાનુસાર કહેવું, આ પ્રમાણે હે તાત ! હું આપને તે પાંચ શાલિના દાણા ગાડા-ગાડીઓમાં ભરીને આપું છું.'ત્યારે રાજગૃહ નગરમાં શ્રૃંગાટક આદિ માર્ગોમાં ઘણા લોકો આપસમાં આ પ્રમાણે કહેવા લાગ્યા-'દેવાનુપ્રિયો ! ધન્ય સાર્થવાહ ધન્ય છે, જેની પૂત્રવધુ રોહિણી છે, જેણે પાંચ શાલિની દાણા ગાડા-ગાડીઓ ભરીને પાછા આપ્યા. ત્યાર પછી ધન્યસાર્થવાહ તે પાંચ શાલીના દાણાને ગાડા ગાડી ઓ દ્વારા પાછા આવતા જુએ છે. જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈને તેને સ્વીકારે છે. સ્વીકાર કરીને તેને તે મિત્રો તેમજ જ્ઞાતિજનો આદિની તથા ચારે પુત્ર વધૂના તે કુલગૃહવર્ગની સમક્ષ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોહિણી પુત્રવધૂને, તે કુલગૃહવર્ગના અનેક કાર્યોમાં યાવત્ રહસ્યોમાં પૂછવા યોગ્ય યાવત્ ઘરનું કાર્ય ચલાવનારી અને પ્રમાણભૂત નિયુક્ત કરી આ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! જે સાધુ સાધ્વી પોતાના પાંચ મહાવ્રતોને વધારે છે તે આ જ ભવમાં ઘણા શ્રમણો આદિના પૂજ્ય થઈને યાવત્ સંસારથી મુક્ત થઈ જાય છે.

**અધ્યયન-૭-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન-૮-મલ્લી

[૭૬] 'ભગવન્ ! જો ભગવાન મહાવીરે સાતમાં જ્ઞાતાધ્યનનો આ અર્થ કહ્યો છે તો આઠમાંનો કયો અર્થ ફરમાવેલ છે ?' જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં આ જમ્બૂદ્વીપ મહાવિદેહ વર્ષમાં મેરુપર્વતથી પશ્ચિમમાં નિષધ વર્ષધરપર્વતથી ઉત્તરમાં, શિતોદા મહાનદીથી દક્ષિણમાં, સુખાવહ વક્ષસ્કા પર્વતથી પશ્ચિમમાં અને પશ્ચિમ લવણ સમુદ્રથી પૂર્વમાં- આ સ્થાન પર સલિલા વતી નામે વિજય કહેલ છે. તે સલિલાવતી વિજયમાં વીતશોકા નામની રાજધાની કહેલ છે. તે નવ યોજન પહોળી યાવત્ સાક્ષાત્ દેવલોકની સમાન હતી. તે વીતશોકા રાજધાનીમાં ઉત્તરપૂર્વ દિશાના ભાગમાં ઈન્દ્ર કુમ્ભ નામનું ઉદ્યાન હતું. તે વીતશોકા રાજધાનીમાં બલ રાજા હતો. તે બલરાજાના અંતઃપુરમાં ધારિણી પ્રભૃતિ એક હજાર દેવીઓ હતી.

તે ધારિણીદેવી કોઈ સમયે સિંહને સ્વપ્નમાં જોઈને જાગૃત થઈ. યાવત્ યથા સમય મહાબલ નામના પુત્રનો જન્મ થયો તે બાળક ક્રમશઃ બાલ્યાવસ્થાને ત્યાગીને ભોગ ભોગવવામાં સમર્થ થઈ ગયો. ત્યારે માતા પિતાએ સમાન રૂપ વયવાળી કમલશ્રી આદિ પાંચસો શ્રેષ્ઠ રાજકુમારીઓની સાથે એક જ દિવસમાં મહાબલનું પાણિગ્રહણ કરાવ્યું. પાંચસો પ્રાસાદ આદિ પાંચ પાંચસોનો દહેજ આપ્યો. યાવત્ મહાબલ કુમાર મનુષ્ય સંબંધી કામ ભોગ ભોગવતો વિચરવા લાગ્યો.

તે કાળ અને તે સમયમાં ધર્મઘોષ નામના સ્થવિર પાંચસો શિષ્યોથી પરિવૃત થઈને અનુક્રમથી વિચરતા જ્યાં ઈન્દ્રકુંભ નામનું ઉદ્યાન હતું, ત્યાં પધાર્યા અને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં રહ્યા. સ્થવિર મુનિરાજને વંદન કરવાને માટે જન સમૂહ નીકળ્યો. બલ રાજા પણ નીકળ્યો. ધર્મ સાંભળીને રાજાને વૈરાગ્ય થયો. વિશેષ એ કે તેણે મહાબલ કુમારને રાજ્ય પર પ્રતિષ્ઠિત કર્યો. પ્રતિષ્ઠિત કરીને સ્વયં જ બલરાજાએ આવીને સ્થવિરની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી. તે અગ્યાર અંગોના જ્ઞાતા થયા. ઘણા વર્ષો સુધી સંયમ પાળીને જ્યાં ચારુપર્વરત હતો, ત્યાં ગયા. એક માસનો નિર્જલ અનશન કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને યાવત્ સિદ્ધ થયા. ત્યાર પછી અન્યદા કદાચિત્ કમલશ્રી યાવત્ સ્વપ્નમાં સિંહને જોઈને જાગૃત થઈ. યાવત્ બલભદ્ર કુમારનો જન્મ થયો. તે યુવરાજ પણ થઈ ગયો.

તે મહાબલ રાજાના આ છ રાજા મિત્ર હતા. તે આ પ્રમાણે અચલ ધરણ પૂરણ વસુ વૈશ્રમણે અને અભિચન્દ્ર. તેઓ સાથેજ જન્મ્યા હતા અને સાથેજ વૃદ્ધિ પામ્યા હતા. તેઓએ 'સાથે સાથે વિદેશ જવું, સાથે સાથે સુખ દુઃખ ભોગવવુંઅને સાથેજ આત્માનો નિસ્તાર કરવો એવો નિર્ણય કરીને પરસ્પરમાં આ અર્થનો સ્વીકાર કર્યો હતો.

તે કાળ અને તે સમયમાં ધર્મઘોષ નામના સ્થવિર જ્યાં ઈન્દ્રકુંભ ઉદ્યાન હતું, ત્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પધાર્યા. પરિષદ વંદના કરવા નીકળી. મહાબલ રાજા પણ નીકળ્યો સ્થવિરમહારાજે ધર્મ કહ્યો. મહાબલ રાજાને ધર્મ શ્રવણ કરવાથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. વિશેષ એ કે રાજાએ કહ્યું - 'હે દેવાનુપ્રિય ! હું મારા છ બાલ મિત્રોને પૂછી લઉં અને બલભદ્ર કુમારને રાજ્યપર સ્થાપિત્ત કરી દઉં.' આ પ્રમાણે કહીને તેણે છએ બાલ મિત્રોને પૂછ્યું. ત્યારે તે છએ બાલમિત્રો મહાબલ રાજાને કહેવા લાગ્યા 'દેવાનુપ્રિય ! જો તમે પ્રવ્રજિત થાઓ છો તો અમારો માટે બીજું કોણ આધાર છે ? યાવત્ અમે પણ દીક્ષિત થઈએ છીએ. ત્યાર પછી મહાબલ રાજાએ તે છએ મિત્રોને કહ્યું-'હે દેવાનુપ્રિયો ! જો તમે મારી સાથે યાવત્ પ્રવ્રજિત હો તો તમે જાઓ અને પોત પોતાના જ્યેષ્ઠ પુત્રને પોત પોતાના રાજ્ય પર પ્રતિષ્ઠિત કરો અને પછી હજાર પુરુષોદ્વારા વહન કરવા યોગ્ય શિબિકાઓ પર આરુઢ થઈને અહીં પ્રગટ થાઓ.'મહાબલ રાજાએ છએ બાલમિત્રોને આવેલા જોયા. જોઈને તે હર્ષિત અને સંતુષ્ટ થયા. તેને કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને કહ્યું - 'દેવાનુપ્રિયો ! જાઓ અને બલભદ્ર કુમારનો મહાન્ રાજ્યાભિષેક કરો. ત્યાર પછી મહાબલ રાજાએ બલભદ્રકુમારની આજ્ઞા લીધી. પછી મહાબલરાજા છએ મિત્રોની સાથે હજાર પુરુષોદ્વારા વહન કરવા યોગ્ય શિબિકા પર આરૂઢ થઈને વીતશોકા નગરી માં જ્યાં ઈન્દ્રકુંભ ઉદ્યાન હતું અને જ્યાં સ્થવિર ભગવંતો હતા, ત્યાં આવ્યાં. આવીને તેઓએ સ્વયં પંચમુષ્ટિક લોચ કર્યો. લોચ કરીને યાવત્ દિક્ષિત થયા. અગ્યાર અંગોનું અધ્યયન કરીને, ઘણાં ઉપવાસ બેલા, તેલા આદિ તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી તે મહાબલ આદિ સાતે અણગાર કોઈ સમયે એકઠા થયા તે સમયે તેઓમાં પરસ્પર આ પ્રમાણે વાતચીત થઈ 'હે દેવાનુપ્રિયો ! આપણે બધાને એક સાથેજ તપક્રિયા ગ્રહણ કરીને વિચરવું ઊચિત છે.' આ પ્રમાણે કહીને બધાએ તે વાત અંગીકાર કરીને અનેક ચતુર્થભક્ત આદિ યાવત્ એક સરખી તપસ્યા કરતા વિચરવા લાગ્યા. ત્યાર પછી તે મહાબલ અણગારે આ કારણથી સ્ત્રીનામગોત્ર કર્મનું ઉપાર્જન કર્યું તેઓ મહાબલને છોડીને શેષ છ અણગાર જો ચતુર્થભક્ત ગ્રહણ કરીને વિચરે, તો તે મહાબલ અણગાર ષષ્ઠભક્ત ગ્રહણ કરીને વિચરે. અગર મહાબલના સિવાય છ અણગારો ષષ્ઠભક્ત અંગીકાર કરીને વિચરે તો મહાબલ અણગાર અષ્ટમભક્ત ગ્રહણ કરીને વિચરે. એ પ્રમાણે આ કારણોનું એકવાર અથવા વારંવાર સેવન કરવાથી તીર્થંકરનામગોત્ર કર્મનું પણ ઉપાર્જન તેમણે કરેલું.

[૭૭-૭૯] અરિહંત સિદ્ધ પ્રવચન શ્રુતજ્ઞાન, ગુરુ-ધર્મોપદેશક સ્થવિર સાધુ બહુશ્રુત તપસ્વી, આ સાતે પ્રતિ વત્સલતા ધારણ કરવી ગુણોત્કીર્તન કરવું વારંવાર જ્ઞાનનો ઉપયોગ કરવો. દર્શન-સમ્યકત્વ અને જ્ઞાનાદિકનો વિનય કરવો. આવશ્યક કરવા, ઉત્તરગુણો અને મૂળગુણોનું નિરતિચાર પાલન કરવું. ક્ષણલવ પ્રમાણ કાળમાં પણ સંવેગ, ભાવના તેમજ ધ્યાનનું સેવન કરવું તપ કરવો. ત્યાગ વૈયાવચ્ચ કરવી. સમાધિ ઉપજાવવી. નવું નવું જ્ઞાન ગ્રહણ કરવું. શ્રુતની ભક્તિ કરવી અને પ્રવચનની પ્રભાવના કરવી, આ ૨૦ કારણોથી જીવ તીર્થંકરત્વની પ્રાપ્તિ કરે છે.

[૮૦] ત્યાર પછી મહાબલ આદિ સાતે અણગાર એક માસની પહેલી ભિક્ષુ પ્રતિમા અંગીકાર કરીને વિચરે છે. યાવત્ બારમી એક રાત્રિની ભિક્ષુ પ્રતિમા અંગીકાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને વિચારે છે. ત્યાર પછી તે મહાબલ આદિ સાતે અણગાર ક્ષુલ્લક નિષ્ક્રીડિત નામક તપઃકર્મ અંગીકાર કરીને વિચરે છે. તે તપ આ પ્રમાણે કરાય છે- સર્વ પ્રથમ એક ઉપવાસ કરે, ઉપવાસ કરીને સર્વકામગુણિત પારણા કરે; પારણા, કરીને બે ઉપવાસ કરે, પછી એક ઉપવાસ કરે, કરીને ત્રણ ઉપવાસ, કરે, કરીને બે ઉપવાસ કરે, કરીને ચાર ઉપવાસ કરે કરીને ત્રણ ઉપવાસ કરે. કરીને પાંચ ઉપવાસ કરે, કરીને ચાર ઉપવાસ કરે, કરીને છ ઉપવાસ કરે, કરીને પાંચ ઉપવાસ કરે, કરીને સાત કરે, કરીને પાંચ ઉપવાસ કરે, કરીને આ આઠ ઉપવાસ કરે, કરીને સાત ઉપવાસ કરે, કરીને નવ ઉપવાસ કરે, કરી-ને આઠ ઉપવાસ કરે કરીને નવ ઉપવાસ કરે, કરીને સાત ઉપવાસ કરે, કરીને આઠ ઉપવાસ કરે, કરીને છ ઉપવાસ કરે, કરીને સાત ઉપવાસ કરે, કરીને પાંચ ઉપવાસ કરે, કરીને છ ઉપવાસ કરે, કરીને ચાર ઉપવાસ કરે, કરીને પાંચ ઉપવાસ કરે, કરીને ત્રણ ઉપવાસ કરે, કરીને ચાર ઉપવાસ કરે, કરીને બે ઉપવાસ કરે, કરીને ત્રણ ઉપવાસ કરે, કરીને એક ઉપવાસ કરે, કરીને બે ઉપવાસ કરે, કરીને એક ઉપવાસ કરે સર્વ જગ્યાએ પારણાના દિવસે સર્વ કામગુણિત પારણા કરીને ઉપવાસ પૂર્ણ કરવો એમ સમજવું.

આ પ્રમાણે ક્ષુલ્લક સિંહનિષ્ક્રીડિત તપની પહેલી પરિપાટી છ માસ અને સાત અહોરાત્રમાં સૂત્રનુંસાર યાવત્ આરાધિત થાય છે. ત્યાર પછી બીજી પરિપાટીમાં એક ઉપવાસ કરે છે, ઈત્યાદિ બધુ પહેલાની સમાન સમજવું. વિશેષતા તે છે કે તેમાં વિકૃતિ રહિત પારણા કરે છે આ પ્રમાણે ત્રીજી પરિપાટી પણ સમજવી વિશેષતા તે છે કે અલેપકૃતથી પારણા કરે છે. ચોથી પરિપાટીમાં પણ તેમજ સમજવું જોઈએ. તેમાં આયંબીલથી પારણા થાય છે. ત્યાર પછી તે મહાબલ આદિ સાતે અણગાર ક્ષુલ્લક સિંહ નિષ્ક્રીડિત તપની બે વર્ષ અને અઠ્યાવીસ અહોરાત્રીમા સૂત્રના કથનાનુસાર યાવત્ તીર્થંકરની આજ્ઞાથી આરાધના કરીને જ્યાં સ્થવિર ભગવાન હતા, ત્યાં આવ્યા. આવી-ને તેઓને વંદના કરી, નમસ્કાર કર્યા.

ભગવન્ ! અમે મહત્ સિંહનિષ્ક્રીડિત નામનો તપકર્મ કરવા ઈચ્છીએ છીએ તે તપ ક્ષુલ્લક સિંહનિષ્ક્રીડિત તપના સમાન જ જાણવો જોઈએ. વિશેષતા તે છે કે તેમાં ચોત્રીસ ભક્ત સુધી પહોંચી પાછા ફરાય છે. એક પરિપાટી એક વર્ષ, છ માસ, અઢાર અહોરાત્રીમાં સમાપ્ત થાય છે. સંપૂર્ણ મહાસિંહનિષ્ક્રીડિત તપ છ વર્ષ, બે માસ અને બાર અહોરાત્રીમાં સમાપ્ત થાય છે.ત્યાર પછી તે મહાબલ પ્રમુખ સાતે અણગાર મહાસિંહનિષ્ક્રીડિત તપકર્મનો સુત્રાનુસાર યાવત્ આરાધન કરીને જ્યાં સ્થવિર ભગવાન્ હતા, ત્યાં આવે છે. આવીને સ્થવિર ભગવાનને વંદન નમસ્કાર કરીને ઘણાંજ ઉપવાસ બેલા આદિ કરતાં વિચરે છે. ત્યાર પછી તે મહાબલ પ્રભૃતિ અણગાર તે પ્રધાન તપના કારણે શુષ્ક હીન તથા રુક્ષ થઈ ગયા, જેમ ભગવતી સૂત્રમાં કહેલ સ્કંદક મુનિ-વિશેષતા એ છે કે સ્કંદક મુનિએ ભગવાન મહાવીર પાસેથી આજ્ઞા પ્રાપ્ત કરેલ હતી, પરંતુ આ સાત મુનિઓએ સ્થવિર ભગવાન પાસેથી આજ્ઞા લીધી. આજ્ઞા લઈને ચારુ નામક પર્વત પર આરૂઢ થયા. આરૂઢ થઈને યાવત્ બે માંસની સંલેખના કરીને એકસો વીસ ભક્તના અનશન કરીને, ચોરાસીલાખ વર્ષ સુધી સંયમ પાળીને ચોરાસી લાખ પૂર્વનું કુલ આયુષ્ય ભોગવીને જયંત નામક ત્રીજા અનુત્તર વિમાનમાં દેવ-પર્યાયથી ઉત્પન્ન થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૮૧] તે જયંત વિમાનમાં કેટલાક દેવોની બત્રીસ સાગરોપમની સ્થિતિ કહેલ છે. તેઓમાંથી મહાબલને છોડીને બીજા છ દેવોની કંઈક ન્યૂન બત્રીસ સાગરોપમની સ્થિતિ અને મહાબલની પૂરી બત્રીસાગરોપમની સ્થિતિ કહેલ છે. ત્યાર પછી મહાબલ સિવાય છ એ દેવો જયંત દેવલોકથી, દેવ સંબંધી આયુષ્ય પૂર્ણ કરીને, દેવલોક માં રહેવા સંબંધી સ્થિતિનો ક્ષય થવાથી અને દેવ સંબંધી ભવનો ક્ષય થવાથી, અન્તર રહિત, શરીરનો ત્યાગ કરીને આ જમ્બૂદ્વીપમાં ભરત વર્ષમાં વિશુદ્ધ માતા-પિતાના વાશવાળા રાજકુળોમાં અલગ અલગ કુમારના રૂપમાં ઉત્પન્ન થયા. તે આ પ્રમાણે પહેલો મિત્ર પ્રતિબુદ્ધિ ઈક્ષ્વાકુ દેશનો રાજા થયો. ચંદ્રચ્છાય અંગ દેશનો રાજા થયો, જેની રાજધાની ચંપા હતી. ત્રીજો મિત્ર શંખ કાશી દેશનો રાજા થયો, જેની રાજધાની વાણારસી નગરી હતી. ચોથો રૂકમી કુણાલ દેશનો રાજા થયો, જેની નગરી શ્રાવસ્તી હતી. પાંચમો અદીનશત્રુ કુરુક્ષેત્રનો રાજા થયો, જેની રાજધાની હસ્તીનાપુર હતી. છઠ્ઠો જિતશત્રુ પંચાલ દેશનો રાજા થયો, જેની રાજધાની કાંપિલ્યપુર હતી.

ત્યાર પછી તે મહાબલ દેવ-ત્રણ જ્ઞાનથી યુક્ત થઈને, જ્યારે સમસ્ત ગ્રહ ઉચ્ચ સ્થાનમાં રહેલા હતા, દરેક દિશાઓ સૌમ્ય વિતિમિર અને વિશુદ્ધ હતી, પક્ષિઓના શબ્દ આદિ શકુન વિજયકારક હતા, વાયુ દક્ષિણ તરફ ચાલી રહ્યો હતો અને અનુકૂળ અર્થાત્ શીત મંદ અને સુગંધ રૂપ થઈને પૃથ્વી પર પ્રસાર કરી રહ્યો હતો, પૃથ્વી પર ધાન્ય નિષ્પન્ન થઈ ગયું હતું અને આ કારણે લોકો અત્યંત હર્ષ યુક્ત થઈને ક્રીડા કરી રહ્યા હતા, એવા સમયમાં, અર્ધ રાત્રિના અવસર પર, અશ્વિની નક્ષત્રનો ચંદ્રમાની સાથે યોગ થવા પર, હેમન્ત ઋતુના ચોથા માસ, આઠમા પક્ષમાં અર્થાત્ ફાલ્ગુન માસના શુક્લ પક્ષમાં, ચોથની તિથિના પાછલા ભાગે રાત્રિ ભાગમાં, બત્રીસ સાગરોપમની સ્થિતિવાળા જયન્ત નામક વિમાનથી, અનન્તર, શરીર ત્યાગ કરીને, આ જમ્બૂદ્વીપ નામના દ્વીપના ભરત ક્ષેત્રમાં, મિથિલા નામની રાજધાનીમાં, કુંભરાજાની પ્રભાવતી દેવીની કુક્ષીએ, દેવગતિ સંબંધી આહારનો ત્યાગ કરીને વૈક્રિય શરીરનો ત્યાગ કરીને તેમજ દેવભવનો ત્યાગ કરીને, ગર્ભના રૂપમાં ઉત્પન્ન થયા.

તે રાત્રિમાં પ્રભાવતી દેવી તેવા પ્રકારના પહેલા કહેલા વાસભાવનમાં પૂર્વવર્ણિત શય્યા પર યાવત્ અર્ધરાત્રિના સમયે, જ્યારે તે એકદમ ન સુતી હતી કે ન જાગતી હતી, વારંવાર ઉંઘતી હતી ત્યારે તે આ પ્રકારના પ્રધાન, કલ્યાણ રૂપ, શિવ ધન્ય, માંગલિક અને સશ્રીક ચૌદ મહાસ્વપ્ન જોઈને જાગી. ગજ વૃષભ સિંહ અભિષેક પુષ્પમાળા ચંદ્રમા સૂર્ય ધ્વજા કુંભ પદ્મ સરોવર ક્ષીર સાગર વિમાન રત્નરાશિ નિર્ધૂમ અગ્નિ આ ૧૪ સ્વપ્ન જોયા પછી પ્રભાવતી રાણી જ્યાં રાજા કુમ્ભ હતાં, ત્યાં આવી. આવીને પતિને સ્વપ્નનો વૃત્તાન્ત કહ્યો. કુમ્ભરાજાએ સ્વપ્ન પાઠકોને બોલાવીને સ્વપ્નના ફળ પૂછ્યા. યાવત્ પ્રભાવતી દેવી હર્ષિત તેમજ સંતુષ્ટ થઈને વિચરવા લાગી.

ત્યાર પછી પ્રભાવતી દેવીને ત્રણ માસ બરાબર પૂર્ણ થયા ત્યારે આ પ્રમાણેનો દોહદ ઉત્પન્ન થયો-તે માતાઓ ધન્ય છે કે જે જળ અને સ્થલમાં ઉત્પન્ન થયેલ, દેદીપ્ય માન, અનેક પચરંગી પુષ્પોથી આચ્છાદિત શય્યા પર સુખપૂર્વક બેઠેલી અને સુખપૂર્વક સુતેલી વિચરે છે. તથા પાટલા, માલતી, ચમ્પા, અશોક, પુંનાગના ફૂલો, મરવાના પાન, દમનકના ફુલો, નિર્દોષ શતપ ત્રિકાના ફુલો તેમજ કોરંટના ઉત્તમ પત્રોથી ગુંથેલ, પરમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુખદાયક સ્પર્શવાળા, જોવામાં સુંદર તથા અત્યંત સૌરભ છોડનાર શ્રીદામકાન્ડના સમૂહને સૂંઘતી થકી પોતાનો દોહદ પૂર્ણ કરે છે. ત્યાર પછી તે પ્રભાવતી દેવીને આવા પ્રકારનો દોહદ ઉત્પન્ન થયેલો જાણીને પાસે રહેલ વાણવ્યંતર દેવોએ શીઘ્રજ જલ અને થલમાં ઉત્પન્ન થયેલ યાવત્ પાંચ વર્ણવાળા પુષ્પ કુમ્ભો અને ભારોના પ્રમાણમાં કુંભ રાજાના ભવનમાં લાવીને રાખી દીધા. તે સિવાય સુખપ્રદ તેમજ સુગંધ ફેલાવતા થકા એ શ્રીદામકાન્ડ પણ લાવીને રાખી દીધો. ત્યાર પછી પ્રભાવતી દેવીએ જલ અને સ્થલમાં ઉત્પન્ન યાવત્ ફૂલોની માળાથી પોતાનો દોહદ પૂર્ણ કર્યો. ત્યારે પ્રભાવતી દેવી પ્રશસ્તદોહદવાળી થઈને વિચરવા લાગી. ત્યાર પછી પ્રભાવતી દેવીએ નવ માસ અને સાડા સાત દિવસ પૂર્ણ થવા પર, હેમન્તના પ્રથમ માંસમાં, બીજા પક્ષમાં અર્થાત્ માર્ગશીર્ષ માસના શુકલ પક્ષમાં, એકાદશીના દિવસે, મધ્યરાત્રિમાં, અશ્વિની નક્ષત્ર નો ચંદ્રમાની સાથે યોગ થવાપર, દરેક ગ્રહોના ઉચ્ચસ્થાન પર સ્થિત થયા પર, જ્યારે દેશના દરેક લોકો પ્રમુદિત થઈને ક્રીડા કરી રહ્યા હતા એવા સમયે, આરોગ્ય પૂર્વક ઓગણીસમા તીર્થંકરને જન્મ દીધો.

[૮૨] તે કાળ અને તે સમયમાં અધોલોકમાં રહેનારી મહત્તરીકા દિશાકુમારી કાઓ આવી, ઈત્યાદી જન્મનું વર્ણન જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં આવેલ છે, તે અહીં સમજી લેવું જોઈએ, વિશેષતા એ છે કે મિથિલા નગરીમાં, કુમ્ભ રાજાના ભવનમાં, પ્રભાવતી દેવીનું નામ કહેવું જોઈએ. યાવત્ દેવોએ જન્માભિષેક કરીને નંદીશ્વર દ્વીપમાં જઈને મહોત્સવ કર્યો. ત્યાર પછી કુમ્ભ રાજાએ તેમજ ઘણા ભવન પતિઓ, વાણવ્યંતરો, જ્યોતિષ્યો એવ વૈમાનિક દેવોએ તીર્થંકરનો જન્માભિષેક કર્યો. પછી જાતકર્મ આદિ સંસ્કાર કર્યા, યાવત્ નામકરણ કર્યું કે અમારી આ પુત્રી માતાના ગર્ભમાં આવી હતી ત્યારે માલ્યની શય્યામાં સુવાનો દોહદ ઉત્પન્ન થયો હતો અને તે પૂર્ણ થયો હતો, તેથી તેનું નામ 'મલ્લી' હોય એમ કહીને તેનું 'મલ્લી' નામ રાખ્યું. જેમ ભગવતી સૂત્રમાં મહાબલ નામ રાખવાનું વર્ણન છે, તેમજ અહીં જાણવું.

[૮૩-૮૪] દેવલોકથી ચ્યુત થયેલી તે ભગવતી મલ્લી વૃદ્ધિને પ્રાપ્ત થઈને અનુપમ શોભાવાળી થઈ, દાસી દાસોથી પરિવૃત્ત થઈ અને પીઠમર્દોથી ઘેરાયેલી રહેવા લાગી. તેના મસ્તકના કેશ કાળા હતા, નયન સુન્દર હતા, હોઠ બિમ્બફલ સમાન લાલ હતા, દાંતોની કતાર હતી અને શરીર શ્રેષ્ઠ કમળના ગર્ભની સમાન ગૌર હતું. તેના શ્વાસોશ્વાસ વિકસિત કમળના સમાન ગંધવાળા હતા-

[૮૫] ત્યાર પછી વિદેહરાજાની તે શ્રેષ્ઠ કન્યા બાલ્યાવસ્થાથી મુક્ત થઈ યાવત્ રૂપ-યૌવન લાવણ્યથી અતીવ અતીવ ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ શરીરવાળી થઈ. તત્પશ્ચાત્ વિદેહરાજની તે ઉત્તમ કન્યા મલ્લી કંઈક ન્યુનમસો વર્ષની થઈ, ત્યારે તે છ રાજાઓને પોતાના વિપુલ અવધિજ્ઞાનથી જોતી રહેવા લાગી. ત્યાર પછી વિદેહરાજની ઉત્તમ કન્યા મલ્લીએ કૌટુમ્બીક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું 'દેવાનુપ્રિયો ! જાઓ અને અશોકવાટિકામાં એક મોટું મોહનગૃહ બનાવો, જે અનેક સેંકડો ખંભોથી બનાવેલો હોય, તે મોહનગૃહના એકદમ મધ્યભાગમાં છ ગર્ભગૃહ બનાવો. તે છ ગર્ભ ગૃહોની વચમાં એક જાલગૃહ બનાવો. તે જાલગૃહની મધ્યમાં એક મણિમય પીઠિકા બનાવો' તે સાંભળી કૌટુમ્બિક પુરુષોએ તે પ્રમાણે બનાવીને આજ્ઞા પાછી આપી.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી તે મલ્લી કુમારીએ મણિપીઠિકા ઉપર પોતાના જેવી, પોતાના જેવી ત્વચાવાળી, પોતાના જેટલી ઉમરવાળી, સમાન લાવણ્ય, યૌવન અને ગુણોથી યુક્ત એક સુવર્ણની પ્રતિમાનું નિર્માણ કરાવ્યું. તે પ્રતિમાના મસ્તક પર છિદ્ર હતો અને તેનાપર કમળનું ઢાંકણ હતું. આ પ્રમાણેની પ્રતિમા બનાવરાવીને જે વિપુલ, અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય જે તે ખાતી હતી તે મનોજ્ઞ અશનાદિનો પ્રતિદિન એક-એક પિણ્ડ લઈને તે સુવર્ણમય, મસ્તકમાં છેદવાળી યાવત્ પ્રતિમામાં મસ્તકમાંથી નાંખતી રહી. તેથી તેમાં એવી દુર્ગંધ ઉત્પન્ન થતી હતી કે જેમ સર્પના મૃતકલેવરની હોય, યાવત્ તેનાથી પણ અધિક અનિષ્ટ અને અમનોજ્ઞ હોય.

[૮૬] તે કાળ અને તે સમયમાં કૌશલ નામનો દેશ હતો. તેમાં સાકેત નામનું નગર હતું. તે નગરના ઉત્તરપૂર્વ દિશામાં એક નાગગૃહ હતું. તે પ્રધાન હતું, સત્ય હતું તેની સેવા સફલ થતી હતી અને તે દેવાધિષ્ઠિત હતું. તે સાકેત નગરમાં પ્રતિબુદ્ધિ નામક ઈક્ષ્વાકુ વંશનો રાજા નિવાસ કરતો હતો. પદ્માવતી તેની પટરાણી હતી. સુબુદ્ધિ નામક અમાત્ય હતો, જે સામ, સામ, ભેદ અને દંડ નીતિઓમાં કુશળ હતો યાવત્ રાજ્યધુરાની ચિંતા કરનાર હતો. કોઈ સમયે પદ્માવતી દેવીને નાગપૂજાનો ઉત્સવ આવ્યો. તે પદ્માવતી દેવી નાગ પૂજાનો ઉત્સવ આવેલો જાણીને પ્રતિબુદ્ધિ રાજાની પાસે ગઈ. પાસે જઈને બંને હાથ જોડીને આ પ્રમાણે બોલી-'સ્વામિન્ ! કાલે મારે નાગપૂજા કરવી છે. તેથી આપની અનુમતિ મેળવીને નાગપૂજા કરવા માટે જવા ઈચ્છું છું. સ્વામિન્ ! આપ પણ મારી નાગપૂજામાં પધારો. એવી મારી ઈચ્છા છે.' ત્યારે પ્રતિબુદ્ધિ રાજાએ પદ્માવતી દેવીની તે વાત સ્વીકાર કરી. ત્યાર પછી પદ્માવતી દેવી પ્રતિબુદ્ધિ રાજાની અનુમતિ મેળવીને હૃષ્ટ-તુષ્ટ થઈ. તેણે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું 'દેવાનુપ્રિયો ! કાલે મારી નાગ પૂજા થશે. તો તમે માલાકારોને બોલાવો અને તેને આ પ્રકારે કહો-

"આ પ્રમાણે નિશ્ચયથી પદ્માવતી દેવીની કાલે નાગપૂજા થશે.તેથી દેવાનુપ્રિયો ! તમે જલ અને સ્થલમાં ઉત્પન્ન થયેલ પાંચ રંગના ફુલ નાગપૂજામાં લઈ જાઓ અને એક શ્રીદામકાન્ડ બનાવીને લાવો. ત્યાર પછી જલ અને સ્થલમાં ઉત્પન્ન થનાર પાંચ વર્ણોના ફૂલોથી વિવિધ રચના કરીને તેને સજાવો. તે રચનામાં હંસ, મૃગ, મયૂર, ક્રૌંચ, સારસ, ચક્રવાક, મદનશાલઅને કોટલના સમૂહથી યુક્ત તથા ઈહામૃગ, વૃષભ, તુરગ, આદિની રચનાવાળા ચિત્રો બનાવીને મહા મૂલ્યવાન, મહાન જનોને યોગ્ય અને એક વિશાળ પુષ્પમંડપ બનાવો. તે પુષ્પ મંડપના મધ્યભાગમાં એકમહાન અને ગંધનાસમૂહને છોડનાર શ્રીદામકાન્ડ ઉલ્લોચ પર લટકાવો. લટકાવીને પદ્માવતી દેવીની રાહ જોતા રહો' ત્યાર પછી પદ્માવતી દેવીએ બીજા દિવસે પ્રાતઃકાલ સૂર્યોદય થવા પર કૌટુમ્બિક પુરુષોને બોલાવીને કહ્યું-'દેવાનુપ્રિયો ! શીઘ્ર જ સાકેતનગરમાં અંદર અને બહાર પાણી છાંટો, સફાઈ કરો અને લિપાઈ કરો.' યાવત્ તે કૌટુમ્બિક પુરુષોએ તે પ્રમાણે કાર્ય કરીને આજ્ઞા પાછા આપી. ત્યાર પછી પદ્માવતી દેવીએ કૌટુમ્બિક પુરુષોને બીજીવાર બોલાવીને આ પ્રમાણે કહ્યું- 'દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી લઘુકરણથી યુક્ત યાવત્ રથને જોડીને ઉપસ્થિત કરો' ત્યારે તેઓ પણ તે પ્રમાણે રથ ઉપસ્થિત કરે છે. ત્યાર પછી પદ્માવતી દેવી અંતઃપુરની અંદર સ્નાન કરીને યાવત્ ધાર્મિક યાન પર આરૂઢ થઈ.

ત્યાર પછી પદ્માવતી દેવી પોતાના પરિવારથી પરિવૃત્ત થઈને સાકેત નગરીની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વચ્ચમાં થઈને નીકળી.નીકળીને જ્યાં પૂષ્કરિણી હતી, ત્યાં આવી.આવીને પુષ્કરિણીમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને સ્નાન કર્યું. યાવત્ અત્યંત પવિત્ર થઈને ભીની સાડી પહેરીને ત્યાં જે કમલ આદિ હતા તેમને યાવત્ ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને જ્યાં નાગગૃહ હતું, ત્યાં જવાનો માટે વિચાર કર્યો. ત્યાર પછી પદ્માવતી દેવીની ઘણીજ દાસ-દાસીઓ ફૂલોની છાબડી લઈને તથાં ધૂપની કુડછિયાં હાથમાં લઈને પાછળ ચાલવા લાગી. ત્યાર પછી પદ્માવતી દેવી સર્વ ઋદ્ધિની સાથે જ્યાં નાગગૃહ હતું, ત્યાં આવી. આવીને નાગગૃહમાં પ્રવેશ કર્યો. પ્રવિષ્ટ થઈને રોમહસ્તક લઈને પ્રતિમાને પૂજી યાવત્ ધૂપ કર્યો. ધૂપ કરીને પ્રતિબુદ્ધિ રાજાની પ્રતીક્ષા કરવા લાગી.ત્યાર પછી પ્રતિબુદ્ધિ રાજા સ્નાન કરીને શ્રેષ્ઠ હાથીના સ્કંધ પર આસીન થયા. કોરંટનાં ફૂલો સહિત અન્ય પુષ્પોની માળાઓ જેમાં લપેટીહતી,એવું છત્ર તેણેમસ્તકપરધારણકરેલહતું.યાવત્ઉત્તમશ્વેત ચામર ઢોળ વામાં આવતા હતા. તેની આગળ આગળ વિશાળ ઘોડા, હાથી, રથ અને પૈદલ યોદ્ધા- આમ ચતુરંગી સેના ચાલી. સુભટોનો સમૂહ ચાલ્યો તે જ્યાં નાગગૃહ હતું ત્યાં આવ્યો. આવી-ને હાથીના સ્કંધ પરથી નીચે ઉતર્યો. ઉતરીને પ્રતિમા પર દૃષ્ટિ પડતાં જ તેને પ્રણામ કર્યા. પ્રણામ કરીને પૂષ્પમંડપમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને ત્યાં એક મહાનશ્રીદામકાન્ડ જોયું.

ત્યાર પછી પ્રતિબુદ્ધિ રાજા તે શ્રીદામકાંડને ઘણા સમય સુધી જોતો રહ્યો. જોઈને તેશ્રીદામકાન્ડના વિષયમાં તેને આશ્ચર્ય ઉત્પન્ન થયું.તેણે સુબુદ્ધિઅમાત્યને આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિયો ! તમે મારા દૌત્ય કાર્ય માટે ઘણા ગ્રામો, આકરો, નગરો યાવત્ સન્નિવેશમાં ઘૂમો છો, અને ઘણાં રાજાઓ ઈશ્વરો આદિના ગૃહમાં પ્રવેશ કરો છો. તો શું તમે આવું સુંદર શ્રીદામકાન્ડ પહેલાં ક્યાંય જોયું છે જેવું પદ્માવતી દેવીનું આ શ્રીદામકાંડ છે ? ત્યારે સુબુદ્ધિ અમાત્યે પ્રતિબુદ્ધિ રાજાને કહ્યું- હે સ્વામિન્ ! મેં એકવાર કોઈ સમયે આપના દૌત્યકાર્ય માટે મિથિલા રાજધાનીમાં ગયો હતો. ત્યાં મેં કુંભરાજાની પુત્રી અને પ્રભાવતી દેવીની આત્મજા વિદેહની ઉત્તમ રાજકુમારી મલ્લીના સંવત્સર પ્રતિલેખન ઉત્સવના સમયે દિવ્ય શ્રીદામકાંડ જોયો હતો. તે શ્રીદામકાંડની સામે પદ્મા વતી દેવીનું આ શ્રીદામકાંડ લાખમોં અંશ પણ નથી લાગતો. ત્યાર પછી પ્રતિબુદ્ધિ રાજા એ સુબુદ્ધિ મંત્રીને આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિયે ! વિદેહની શ્રેષ્ઠ રાજકુમારી મલ્લી કેવી છે, ત્યારે સુબુદ્ધિ મંત્રીએ ઈક્ષ્વાકુરાજા પ્રતિબુદ્ધિને કહ્યું- સ્વામિન્ ! વિદેહની શ્રેષ્ઠ રાજકુમારી મલ્લી સુપ્રતિષ્ઠિત અને કાચબાની સમાન ઉન્નત અને સુંદર ચરણ વાળી છે. ઈત્યાદિ વર્ણન જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ આદિના સમાન જાણી લેવું જોઈએ.

ત્યાર પછી પ્રતિબુદ્ધિ રાજાએ સુબુદ્ધિ અમાત્યની પાસેથી આ અર્થ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને અને શ્રીદામકાન્ડની વાતથી હર્ષિત થઈને દૂતને બોલાવ્યો. બોલાવી આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિય ! તમે મિથિલા રાજધાની જાઓ ત્યાં કુંભ રાજા ની પુત્રી પ્રભાવતી દેવીની આત્મજા અને વિદેહની પ્રધાન રાજકુમારી મલ્લીની મારી પત્નીના રૂપમાં માંગણી કરો પછી ભલે તેના માટે આખું રાજ્ય શુલ્કમાં દેવું પડે. ત્યાર પછી તે દૂતે પ્રતિબુદ્ધિ રાજાના આ પ્રમાણે કહેવા પર હર્ષિત અને સંતુષ્ટ થઈને તેની આજ્ઞા અંગીકાર કરી. મિથિલા રાજધાની જવાનો વિચાર કર્યો.

[૮૭] તે કાળ અને તે સમયમાં અંગ નામક જનપદ હતું. તેમાં ચંપાનામક નગરી હતી. તે ચંપાનગરીમાં ચંદ્રછાય નામક અંગરાજ અંગદેશના રાજા હતા. તે ચંપા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરીમાં અર્હન્નક પ્રભૃતિ ઘણા સાંયાત્રિક નૌવાણિક રહેતા હતા. તે વણિકો ઋદ્ધિ સંપન્ન હતા અને કોઈથી પરાભવ પામનાર ન હતા. તેમાં અર્હન્નક શ્રમણોપાસક પણ હતો તે જીવ અજીવ આદિ તત્ત્વોનો જ્ઞાતા હતો. ત્યાર પછી અર્હન્નક આદિ સાંયાત્રિક નૌવાણિક કોઈ સમયે એક વાર એક સ્થાન પર એકઠા થયા, ત્યારે તેમાં આપસમાં આ પ્રમાણે કથા સંલાપ થયો.-'આપણે ગણિ મધારિમ મેય અને પરિચ્છેદ્ય આ ચાર પ્રકારનું કરિયાણું લઈને જહાજ દ્વારા લવણસમુદ્રમાં પ્રવેશ કરવો યોગ્ય છે. આ પ્રમાણે વિચાર કરીને તેઓએ પરસ્પરમાં આ વાત અંગીકાર કરી. અંગીકાર કરીને ગણિમ, ધરિમ, મેય અને પારિચ્છેદ્ય કરિયાણું ગ્રહણ કર્યું. ગ્રહણ કરીને છકડા-છકડી તૈયાર કર્યા. ભરી-ને શુભ તિથિ, કરણ, નક્ષત્ર, અને મુહૂર્તમાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ બનાવ્યા. બનાવીને ભોજનના સમયે મિત્રો અને જ્ઞાતિ જનોને જમાડ્યા, યાવત્ તેમની અનુમતિ લીધી. અનુમતિ લઈને ગાડી-ગાડા જોડ્યા. જોડીને ચમ્પાનગરીની વચ્ચોવચ થઈને નીકળ્યા. નીકળીનેજ્યાં ગંભીર નામક પોતપટ્ટન હતો, ત્યાં આવ્યા. ગંભીર નામક પોત પટ્ટનમાં આવીને તેઓએ ગાડી-ગાડા છોડી દીધા. છોડીને જહાજ સજ્જિત કર્યા. ચાર પ્રકારના ભાંડ ભર્યા. ભરીને તેમાં ચાવલ-ચોખા, લોટ, તેલ, ઘી, ગોરસ પાણી, પાણીના વાસણ,ઔષધ,ભેષજ, ઘાસ, લાકડી, વસ્ત્ર, શસ્ત્ર અને તે સિવાયની જહાજ મા રાખવા યોગ્ય વસ્તુઓને જહાજમાં ભરી. ભરીને પ્રશસ્ત તિથિ, કરણ, નક્ષત્ર, અને મુહૂર્તમાં વિપુલ, અસન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરાવ્યા. મિત્રો તેમજ જ્ઞાતિજનો આદિને જમાડીને તેઓની અનુમતિની લીધી. નૌકાના સ્થાને આવ્યા. ત્યાર પછી તે અર્હન્નક આદિ યાવત્ નૌકા વણી કોના પરિજન યાવત્ તે પ્રકારના મનોહર વચનોથી અભિનંદન કરતા થકા અને તેમની પ્રશંસા કરતા થકા આ પ્રકારે બોલ્યા :-

'હે આર્ય [પિતામહ] ! હે તાત ! હે ભ્રાતા ! હે મામા ! ભાગિનેય ! આપ આ ભગવાન્ સમુદ્ર દ્વારા પુનઃ પુનઃ રક્ષણ કરાતા ચિરંજીવી થાઓ. આપનું મંગલ થાય. અમે આપને અર્થનો લાભ કરીને, ઈષ્ટ કાર્ય કરીને નિર્દોષ ઘર પર આવેલા શીઘ્ર જોઈએ' આ પ્રમાણે કહીને નિર્વિકાર સ્નેહમય, દીર્ઘ, સતૃષ્ણા અને અશ્રુપ્લાવિત દૃષ્ટિથી જોતા જોતા તે લોકો થોડા સમય સુધી ત્યાં ઉભા રહ્યા. ત્યાર પછી નૌકામાં પુષ્પબલિ કાર્ય સમાપ્ત થવા પર, સરસ રક્તચંદનથી પાંચે આંગળી યોના થાપાં લગાવવા પર, ધૂપ કર્યા પછી, સમુદ્રના વાયુની પૂજા થઈ જવા પર, બલય વાહા યથાસ્થાન સંભાળીને, શ્વેત પતાકા ઉપર ફરકાવી દેવા પર, વાદ્યોની મધુર ધ્વનિ થવા પર, વિજય કારક બધા શકુન થવા પર યાત્રા માટે રાજાનો આદેશ પત્ર પ્રાપ્ત થઈ જવા પર, મહાન અને ઉત્કૃષ્ટ સિંહ-નાદ યાવત્ ધ્વનિથી, અત્યંત ક્ષુબ્ધ થયેલ મહાસમુદ્રની ગર્જનાની સમાન પૃથ્વીને શબ્દ મય કરતા થકા યાવત્ તે વણિક એક તરફથી નૌકા પર ચઢ્યો. ત્યારે પછી વંદી જને આ પ્રમાણે કહ્યું :- હે વ્યાપારીઓ ! તમને બધાને અર્થની સિદ્ધિ થાય ! તમને કલ્યાણ પ્રાપ્ત થયેલ છે. તમારું સમસ્ત પાપ નષ્ટ થયું છે. આ સમય પુષ્ય નક્ષત્ર ચંદ્રમાંથી યુક્ત છે અને વિજય નામક મુહૂર્ત છે, તેથી આ દેશ અને કાળ યાત્રાને માટે ઉત્તમ છે. ત્યાર પછી વંદી જનના દ્વારા આ પ્રમાણે વાક્ય કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થયા. કુક્ષિધાર કર્ણધાર તે સાંયા ત્રિક નૌકાવણિક પોત પોતાના કાર્યમાં લાગી ગયા. પછી ભાંડોથી પરિપૂર્ણ મધ્ય ભાગ વાળી અને મંગલથી પરિપૂર્ણ અગ્રભાગવાળી તે નૌકાને બંધનોથી મુક્ત કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી તે નૌકા બંધનોથી મુક્ત થઈ અને પવનના બળથી પ્રેરિત થઈ. તેના પર સફેદ કપડાનો પાલ ચઢેલ હતો તેથી એવું લાગતું હતું કે જાણે પાંખ ફેલાવેલી કોઈ ગરુડયુવતી હોય ! વહેતા ગંગાના જળના તીવ્ર પ્રવાહના વેગથી ક્ષુબ્ધ થતી થતી હજારો મોટા તરંગો અને નાના તરંગોના સમૂહને ઉલ્લંઘન કરતી થકી તે કેટલાક અહોરાત્રમાં લવણ સમુદ્રમાં અનેક સો યોજન દૂર ચાલી ગઈ. ત્યાર પછી અનેક સો યોજન લવણ સમુદ્રમાં પહોંચેલ તે અર્હન્નક આદિ સાંયાત્રિક નૌકાવણિકોને ઘણાજ સેંકડો ઉત્પાત પ્રાદુર્ભૂત થયા. ઉત્પાત આ પ્રમાણે હતો- અકાલમાં ગર્જના થવા લાગી, અકાલમાં વિજળી ચમકવા લાગી, અકાલમાં ગંભીર ગડગડાટ થવા લાગ્યો, વારંવાર આકાશમાં દેવતા નૃત્ય કરવા લાગ્યા.

ત્યાર પછી અર્હન્નક સિવાય બીજા સાંયાત્રિક નૌકા વણિકોએ એક મોટા તાલ પિશાચને જોયો. તેની જાંઘ તાડ વૃક્ષની સમાન લાંબી હતી અને બાહુઓ આકાશ સુધી પહોંચેલ ખૂબ લાંબી હતી. તેનું મસ્તક ફૂટેલ હતું, ભમરોના સમૂહ, ઉત્તમ અડદનો ઢગલો અને ભેંસની સમાન કાળો હતો જલથી પરિપૂર્ણ મેઘોના સમાન શ્યામ હતો. તેના નખ છાજલી સમાન હતા. તેની જીભ હળની ફાલ સમાન હતી તેના હોઠ લાંબા હતા. તેનું મુખ સફેદ, ગોળ, પૃથક-પૃથક તીખી, સ્થિર, મોટી અને વાંકી દાઢોથી વ્યાપ્ત હતું. તેની બે જિહ્વાઓના અગ્ર ભાગ મ્યાન વિનાની ધારદાર તલવાર-યુગલના સમાન હતા, પાતલા હતા, ચપલ હતા, તેમાંથી નિરંતર લાળ ટપકી રહી હતી. તે રસ-લોલુપ હતા. ચંચલ હતા; લપલપાઈ રહ્યા હતા અને મુખથી બહાર નીકળ્યા હતા. મુખ ફાડેલ હોવાથી તેનું લાલ લાલ તાળવું ખુલું દેખાતું હતું અને તે મોટું વિકૃત બીભત્સ અને લાળ ઝરાવનાર હતું. તેના મુખમાંથી અગ્નિની જ્વાલાઓ નીકળી રહી હતી. તેથી તે એવો દેખાતો હતો, જેમ હિંગળથી વ્યાપ્ત અંજનગિરિની ગુફા રૂપ બિલ હોય. સંકોચાયેલ મોડ સમાન તેના ગાલ સંકોચાયેલા હતા, અથવા તેની ઈન્દ્રિયો, શરીરની ચામડી, હોઠ અને ગાલ બધા કરચલી વાળા હતા. તેનું નાક નાનું હતું ચપટું હતું વાંકુ હતું અને ભગ્ન હતું તેના બંને નાસિકા પુટોથી ક્રોધના કારણે નીકળતો શ્વાસવાયુ અત્યંત નિષ્ઠુર અને કર્કશ હતો. તેનું મુખ મનુષ્ય આદિના ઘાતને માટે રચિત હોવાથી ભીષણ દેખાતું હતું. તેના બન્ને કાન ચપલ અને લાંબા હતા, શષ્કુલી તેમની ઉંચા મુખવાળી હતી. તેના પર લાંબા લાંબા અને વિકૃત બાલ હતા. અને તે કાન નેત્રની પાસેના હાડકા સુધીને અડતા હતા. તેના નેત્રો પીળા અને ચમકદાર હતા. તેના લલાટ પર ભ્રકુટિ ચઢી હતી જે વિજળી જેવી દેખાતી હતી. તેમની ધ્વજાની ચારે તરફ મનુષ્યોના મુંડોની માળા લપેટી હતી. વિચિત્ર પ્રકારના ગોનસ જાતિના સર્પોનું તેમણે બખ્તર બનાવી રાખેલ હતું.તેણે આમ-તેમ ફરતા ફુંફાડા મારતા સર્પો, વિંછિઓ,ગોહો, ઉંદરો, નોળીયા અને કાકીડાની વિચિત્ર પ્રકારની ઉત્તરાસગ જેવી માળા પહેરી હતી. ભયાનક ફેણાવાળા અને ધમ ધમતા બે કાળા સર્પોના લાંબા લટકતા કુંડલ કાનમાં ધારણ કર્યા હતા. પોતાના બંને કંધો પર બિલાડી અને શિયાળ રાખેલ હતા. પોતાના મસ્તક પર દેદીપ્યમાન અને ઘૂ ઘૂ ધ્વનિ કરનાર ઘૂવડોનો મુગુટ બનાવ્યો હતો. તે ઘંટાના શબ્દના કારણે ભયંકર અને ભયાનક પ્રતીત થતો હતો. કાયરજનોના હૃદયને દળનાર હતો. તે દેદીપ્યમાન અટ્ટહાસ્ય કરી રહ્યો હતો. તેનું શરીર ચર્બી, રક્ત, મેદ, માંસ અને મળથી મલિન અને લિપ્ત હતું. તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાણીઓને ત્રાસ ઉત્પન્ન કરતો હતો. તેની છાતી પહોળી હતી. તેણે શ્રેષ્ઠ વ્યાઘ્રનું એવું ચિત્ર વિચિત્ર ચામડું પહેરી રાખેલ હતું, જેમાં નખ, રોમ, મુખ, નેત્ર ને કાન આદિ અવયવ પરિપૂર્ણ અને સાફ દેખાતા હતા. તેણે ઉંચા કરેલા બંને હાથો ઉપર રસ અને રુધિરથી લિપ્ત હાથીનું ચામડું ફેલાવેલું હતું. તે પિશાચ નૌકાપર બેઠેલા લોકોની અત્યંત કઠોર, સ્નેહહીન, અનિષ્ટ, ત્રાસ ઉત્પન્ન કરનાર, સ્વરૂપથી જ અશુભ, અપ્રિય તથા અકાન્ત સ્વરવાળી વાણીથી તર્જના કરી રહ્યો હતો. એવો ભયાનક પિશાચ તે લોકોને દેખાયો.

તે લોકોએ તાલ પિશાચના રૂપને નૌકાની તરફ આવતો જોયો. જોઇને તેઓ ડરી ગયા, અત્યંત ભયભીત થયા, એક બીજાના શરીરને ચોંટી ગયા અને ઘણા ઈન્દ્રોની, સ્કંદોની તથા રૂદ્ર, શિવ, વૈશ્રમણ અને નાગદેવની ભૂતોની, યક્ષોની દુર્ગાની, તથા કોટ્ટ ક્રિયા દેવીની ઘણી ઘણી સેંકડો માનતા માનવા લાગ્યા. તે સમયે અર્હન્નક શ્રમણો પાસકે તે દિવ્ય પિશાચ રૂપને આવતો જોયો. તેને જોઇને તે જરા પણ ભયભીત ન થયો, ત્રાસને પ્રાપ્ત ન થયો, ચલાયમાન ન થયો, સંભ્રાન્ત ન થયો, વ્યા કુલ ન થયો, ઉદ્વિગ્ન ન થયો. તેના મુખનો રાગ અને નેત્રનો વર્ણ બદલાયો નહીં. તેના મનમાં દીનતા કે ખિન્નતા ઉત્પન્ન ન થઈ. તેણે એક ભાગમાં જઇને વસ્ત્રના છેડાથી ભૂમિનું પ્રમાર્જન કર્યું. તે સ્થાન પર બેસી ગયો. અને બંને હાથ જોડીને આ પ્રમાણે બોલ્યા :-

'અરિહંત ભગવંત યાવત્ સિદ્ધિને પ્રાપ્ત થયેલ પ્રભુને નમસ્કાર હો ! પછી કહ્યું :- જો હું આ ઉપસર્ગથી મુક્ત થઇ જાઉં તો મને આ કાયોત્સર્ગ પાળવો કલ્પે અને જો આ ઉપસર્ગથી મુક્ત ન થાઉં તો મને, આ પ્રત્યા ખ્યાન કલ્પે છે આ પ્રમાણે કહીને તેણે સાગારી અનશન ગ્રહણ કર્યો.

જૈન સાઇટ JAINSITE

ત્યાર પછી તે પિશાચરૂપ ત્યાં આવ્યું, જ્યાં અર્હન્નક શ્રમણોપાસક હતો. આવીને અર્હન્નકને આ પ્રમાણે કહ્યું :- અરે અપ્રાર્થિત યાવત્ લજ્જા, કીર્તિ બુદ્ધિ લક્ષ્મીથી પરિવર્જિત ! શીલવ્રત અણુવ્રત, ગુણવ્રત, વિરમણ પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસથી ચલાયમાન થવું ક્ષોભયુક્ત થવું ખંડિત કરવું, સંપૂર્ણ ભંગ કરવો, કલ્પતો નથી. પરંતુ જો તું શીલવ્રત આદિનો પરિત્યાગ નથી કરતો તો હું તારા આ પોતવહનને બે આંગળીઓ પર ઉઠાવી લઉં છું અને સાત આઠ તલની ઉંચાઈ સુધી આકાશમાં ઉછાળી દઉં છું અને ઉછાળીને તેને જળની અંદર ડુબાડી દઉં છું, જેથી તું આર્તધ્યાનના વશીભૂત થઈને, અસમાધિને પ્રાપ્ત થઈને, જીવનથી રહિત થઇ જઇશ. ત્યારે અર્હન્નક શ્રમણોપાસકે તે દેવને મનોમન આ પ્રમાણે કહ્યું "હે દેવાનુપ્રિય ! હું અર્હન્નક નામનો શ્રાવક છું અને જડ ચેતનના સ્વરૂપનો જ્ઞાતા છું. નિશ્ચયથી મને કોઇ દેવ યા દાનવ નિર્ગ્રંથ પ્રવચનથી ચલાયમાન કરી શકે નહિ, ક્ષુબ્ધ કરી શકે નહિ. તમારી જે શ્રદ્ધા હોય તો કરો.' આ પ્રમાણે કહીને અર્હન્નક નિર્ભય, અપરિવર્ત્તિત મુખના રંગ અને નેત્રના વર્ણવાળો. દૈન્ય અને માનસિક ખેદથી રહિત, નિશ્ચલ, નિષ્પંદ, મૌન અને ધર્મધ્યાનમાં લીન બની ગયો. ત્યાર પછી તે દિવ્ય પિશાચરૂપ અર્હન્નક શ્રમણોપાસકને બીજી વાર ત્રીજીવાર કહેવા લાગ્યા. તે દિવ્ય પિશાચરૂપે અર્હન્નકને ધર્મધ્યાનમાં લીન જોયો. જોઇને તેણે અધિક કુપિત થઇને તે પોત વાહનને બે આંગળીઓથી ગ્રહણ કરીને સાત-આઠ મંજીલની યા તાડવૃક્ષની ઊંચાઇ સુધી ઉપર ઉઠાવીને લીધું અર્હન્નક કિંચિત્ માત્ર ચલાયમાન ન થયો અને ધર્મધ્યાન માંજ લીન રહ્યો. ત્યાર પછી તે પિશાચરૂપ જ્યારે અર્હન્નકને નિર્ગ્રંથ પ્રવચનથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચલાયમાન કરવામાં સમર્થ ન થયો ત્યારે તે ઉપશાન્ત થઇ ગયો, યાવત્ મનમાં ખેદને પ્રાપ્ત થયો. પછી તેણે તે પોતવાહનને ધીરે-ધીરે ઉતારીને જલની ઉપર રાખ્યું. પિશાચના દિવ્ય રૂપનું સંહરણ કર્યું અને દિવ્ય દેવના રૂપની વિક્રિયા કરી. અધર સ્થિર થઈને ઘુઘરાની છમ-છમ ધ્વનિથી યુક્ત વસ્ત્રાભૂષણ ધારણ કરીને અર્હન્નક શ્રમણોપાસક ને આ પ્રમાણે કહ્યું :-

હે અર્હન્નક ! તને ધન્ય છે. હે દેવાનુપ્રિય ! તારું જીવન સફલ છે કે જેને નિર્ગ્રન્થ પ્રવચનમાં આ પ્રમાણેની પ્રતિપત્તિ પ્રાપ્ત થઇ છે અને આચરણમાં લાવવાના કારણે સમ્યક્ પ્રકારથી સન્મુખ આવી છે. હે દેવાનુપ્રિય ! દેવોના ઈન્દ્ર અને દેવોના રાજા શક્રે સૌધર્મકલ્પમાં, સૌધર્માસભામાં ઘણાં દેવોની મધ્યમાં સ્થિત થઈને મહાન શબ્દો થી આ પ્રમાણે કહ્યું :- 'નિઃસંદેશ જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભરત ક્ષેત્રમાં, ચંપા નગરીમાં અર્હન્નક નામનો શ્રમણોપાસક જીવ અજીવ આદિ તત્વોનો જ્ઞાતા છે. તેને નિશ્ચયથી કોઈ દેવ યા દાનવ નિર્ગ્રંથ પ્રવચનથી ચલાયમાન કરવામાં યાવત્ સમ્ય કત્વથી ચ્યુત કરવામાં સમર્થ નથી.' ત્યારે હે દેવાનુપ્રિય ! દેવેંદ્ર શક્રની આ વાતપર મને શ્રદ્ધા ન થઈ. તે વાત મને ગમી નહિ. ત્યારે મને આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો :- 'હું જાઉં અને અર્હન્નકને ધર્મ પ્રિય છે કે ધર્મ પ્રિય નથી ? તે દૃઢ ધર્મી છે કે દૃઢ ધર્મી નથી ? તે શીલવ્રત અને ગુણવ્રત આદિથી ચલાયમાન થાય છે યાવત્ તેનો પરિત્યાગ કરે છે અથવા નથી કરતો ? અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. મેં જાણ્યું-જાણીને ઈશાન ખુણામાં જઈને વૈક્રિય સમુદ્દ્ઘાત કર્યો. ત્યાર પછી ઉત્કૃષ્ટ યાવત્ શીઘ્ર ગતિથી જ્યાં લવણ સમુદ્ર હતો જ્યાં દેવાનુપ્રિય [તમે] હતા, ત્યાં આવ્યો. આવીને મેં ઉપસર્ગ કર્યો. પરંતુ દેવાનુપ્રિય ભય ભીત ન થયા, ત્રાસને પ્રાપ્ત ન થયા. મેં જોયું કે દેવાનુપ્રિયને ૠદ્ધિ ગુણ રૂપ સમૃદ્ધિ દ્યુતિ તેજસ્વિતા, યશ, શારીરિક બલ યાવત્ પરાક્રમ લબ્ધ થયો છે, પ્રાપ્ત થયો છે અને તેનું સારી રીતે સેવન કરેલ છે. તો હે દેવાનુપ્રિય ! હું આપને ખમાવુ છું. આપ ક્ષમા કરો. હે દેવાનુપ્રિય ! પુનઃ પુનઃ હું એવું નહિ કરૂં.' આ પ્રમાણે કહીને બંને હાથ જોડીને દેવ અર્હન્નકના પગમાં પડી ગયો અને આ ઘટનાને માટે વારંવાર ક્ષમાયાચના કરવા લાગ્યો, ક્ષમા યાચના કરીને અર્હન્નકને બે કુંડલયુગલ ભેટ કર્યા. ભેટ કરીને જે દિશાથી પ્રગટ થયો હતો તે દિશામાં પાછો ગયો.

[૮૮] ત્યાર પછી અર્હન્નકે ઉપસર્ગ ટળી ગયો, એમ જાણીને પ્રતિમા પાળી. ત્યાર પછી તે અર્હન્નક આદિ યાવત્ નૌકાવણિક દક્ષિણ દિશાના અનુકૂળ પવનના કારણે જ્યાં ગંભીર નામક પોતપટ્ટન હતો ત્યાં આવ્યા, આવીને તે પોત નૌકાને રોકીને ગાડા-ગાડી તૈયાર કર્યા. તૈયાર કરીને તે ગણિમ, ધરિમ, મેય અને પારિચ્છેદ્ય ભાંડને ગાડા-ગાડીમાં ભર્યા. જ્યાં મિથિલા નગરી હતી ત્યાં આવ્યા. આવીને મિથિલા નગરીની બહાર ઉત્તમ ઉદ્યાનમાં ગાડા-ગાડી છોડ્યા. છોડીને તે મિથિલા નગરીમાં જવાને માટે તે મહાન અર્થવાળા મહામુલ્યવાળા, મહાન જનોને યોગ્ય વિપુલ અને રાજાને યોગ્ય ભેટ અને કુંડલની જોડી લીધી. લઈને મિથિલા નગરીમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને જ્યાં કુમ્ભ રાજા હતો ત્યાં આવ્યો. આવીને બંને હાથ જોડીને મસ્તક પર અંજલી કરીને યાવત્ તે મહાન અર્થવાળી ભેટ અને તે દિવ્ય કુંડલ યુગલ રાજાની પાસે લઇ ગયો યાવત્ રાજાની સામે રાખી દીધા. ત્યાર પછી કુંભ રાજાએ તે નૌકાવણિકોની તે ભેટ યાવત્ અંગીકાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી. અંગીકાર કરીને વિદેહની ઉત્તમ રાજકુમારી મલ્લીને બોલાવી. બોલાવીને તે દિવ્ય કુંડલયુગલ વિદેહની શ્રેષ્ઠ રાજકુમારી મલ્લીને પહેરાવીને તેને વિદાય કરી. ત્યાર પછી તે કુંભ રાજાએ તે અર્હન્નક આદિ યાવત્ વણિકોના વિપુલ અશન, પાન આદિથી તથા વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારથી સત્કાર કર્યો. તેનું શુલ્ક માફ કરી દીધું. રાજમાર્ગની મધ્યમાં તેમને ઉતારો આપ્યો અને પછી વિદાય કર્યા.

ત્યાર પછી તે અર્હન્નક આદિ સાંયાત્રિક વણિક, જ્યાં રાજમાર્ગના મધ્યમાં આવાસ હતો, ત્યાં આવ્યા. આવીને ભાંડનો વ્યાપાર કરવા લાગ્યા. વ્યાપાર કરીને તેઓએ પ્રતિ ભાંડ લીધું. તેઓએ ગાડા-ગાડી ભર્યા. ભરીને જ્યાં ગંભીર પોતપટ્ટન હતું ત્યાં આવ્યા. આવીને પોતવહન તૈયાર કરીને તેમાં બધો માલ ભર્યો. ભરીને દક્ષિણ દિશાના અનુકૂળ વાયુના કારણે જ્યાં ચંપા નગરીનું પોતસ્થાન હતું ત્યાં આવ્યા. આવી-ને પોતને રોકીને ગાડી-ગાડી ઠીક કર્યા. ચાર પ્રકારનો સોદો તેમાં ભર્યો. ભરીને યાવત્ મોટી ભેટ અને દિવ્ય કુંડલયુગલ ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને જ્યાં અંગરાજા ચંદ્રચ્છાય હતા, ત્યાં આવ્યા. આવીને તે મોટી ભેટ યાવત્ રાજાની સામે રાખી. ત્યાર પછી ચંદ્રછાય અંગરાજાએ તે દિવ્ય તેમજ મહાર્થ કુંડલયુગલ આદિનો સ્વીકાર કર્યો. તે અર્હન્નક આદિને આ પ્રમાણે કહ્યું :- 'હે દેવાનુપ્રિયો ! આપ ઘણાં ગ્રામો, આકરો આદિમાં ભ્રમણ કરો છો તથા વારંવાર લવણ સમુદ્રમાં જહાજ દ્વારા પ્રવેશ કરો છો તો આપે કોઈ જગ્યાએ કોઈ પણ આશ્ચર્ય જોયું છે ? ત્યારે અર્હન્નકે કહ્યું :- હે સ્વામિન્ ! અમે અર્હન્નક આદિ ઘણા સાંયાત્રિક નૌકાવણિકો આ ચંપા નગરીમાં નિવાસ કરીએ છીએ. એકવાર કોઈ સમયે અમે યાવત્ કુંભ રાજાની પાસે પહોંચ્યા અને ભેટ તેમની સામે રાખી. તે સમયે કુંભ રાજાએ મલ્લી નામક વિદેહરાજાની શ્રેષ્ઠ કન્યાને તે દિવ્ય કુંડલયુગલ પહેરાવ્યા. પહેરાવીને તેને વિદાય કરી દીધી.તો હે સ્વામિન્ ! અમે કુંભ રાજાના ભવનમાં વિદેહ રાજાની શ્રેષ્ઠ કન્યા મલ્લી આશ્ચર્ય રૂપમાં જોયેલ છે. ત્યાર પછી ચંદ્રચ્છાય રાજાએ અર્હન્નક આદિનો સત્કાર-સન્માન કર્યો. સત્કાર સન્માન કરીને વિદાય કર્યા. ત્યાર પછી ચંદ્રચ્છાયે દૂતને બોલાવીને કહ્યું :- ઈત્યાદિ બધુ પહેલાની સમાનજ કહેવું.

[૮૯] તે કાલ અને તે સમયમાં કુણાલ નામક જનપદ હતું. તે જનપદમાં શ્રાવસ્તી નામની નગરી હતી. તેમાં કુણાલ દેશના અધિપતિ રુક્મિ નામક રાજા હતા. તે રુક્મિ રાજાની પુત્રી અને ધારિણીદેવીની કૂંખથી જન્મેલ સુબાહુ નામક કન્યા હતી. તેના હાથ-પગ આદિ બધા અવયવ સુંદર હતા. તે રુપમાં, યૌવનમાં અને લાવણ્યમાં ઉત્કૃષ્ટ શરીર વાળી હતી. તે સુબાહુ બાલિકાનો કોઈ સમયે ચાતુર્માસિક સ્નાનને ઉત્સવ આવ્યો. તે કુણાલાધિપતિ રુક્મિ રાજાએ સુબાહુ બાલિકા ! ચાતુર્માસિક સ્નાન નો ઉત્સવ આવેલો જાણ્યો. કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને એ પ્રમાણે કહ્યું :- 'હે દેવાનુપ્રિયો ! કાલે સુબાહુ બાલિકાને ચાતુર્માસિક સ્નાનનો ઉત્સવ થશે. તેથી તમે રાજમાર્ગની મધ્યમાં, ચોકમાંજલ અને સ્થલમાં ઉત્પન્ન થનાર પાંચ વર્ણોના ફૂલો લાઓ. અને એક શ્રીદામ કાંડ લટકાવો' ત્યાર પછી કુણાલાધિપતિ રુક્મિ રાજાએ સુવર્ણકારોની શ્રેણીને બોલા-વી. બોલાવીને કહ્યું :- 'હે દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી રાજમાર્ગની મધ્યમાં, પુષ્પમંડપમાં વિવિધ પ્રકારના પંચરંગી ચાવલોથી નગરનું આલેખન કરો. તેની ઠીક મધ્ય ભાગમાં એક પાટ રાખો.'ત્યાર પછી કુણાલાધિપતિ રુક્મિ હાથીના શ્રેષ્ઠ સ્કંધ ઉપર આરૂઢ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયો. ચતુ રંગી સેના, મોટા મોટા યોદ્ધાઓ અને અંતઃપુરના પરિવારથી પરિવૃત થઈને. સુબાહુ કુમારીને આગળ કરીને, જ્યાં રાજમાર્ગ હતો, જ્યાં પુષ્પમંડપ હતો ત્યાં આવ્યા. આવીને હાથીના સ્કંધ ઉપરથી નીચે ઉતરીને પુષ્પમંડપમાં પ્રવેશ કર્યો. પૂર્વ દિશા તરફ મુખ કરીને ઉત્તમ સિંહાસન ઉપર આસીન થયા.

ત્યાર પછી અંતઃપુરની સ્ત્રીઓએ સુબાહુ કુમારીને તે પાટ પર બેસાડીને સોના ચાંદીના કળશોથી તેને સ્નાન કરાવ્યું. સ્નાન કરાવીને બધા અલંકારોથી વિભૂષિત કરી. પછી પિતાના ચરણોમાં પ્રણામ કરવાને માટે લઈ ગયા. તે સમયે સુબાહુ કુમારી રુકિમ રાજાની પાસે આવી. આવીને તેને પિતાના ચરણોનો સ્પર્શ કર્યો. રુકિમ રાજાએ સુબાહુ કુમારીને પોતાની ગોદમાં બેસાડી લીધી. બેસાડીને સુબાહુ કુમારીના રુપ યૌવન અને લાવણ્ય જોઈને તે વિસ્મય પામ્યો, વિસ્મિત થઈને તેણે વર્ષધરને બોલાવ્યો બોલાવીને આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિય ! તમે મારા દૌત્યકાર્યોથી ઘણા ગ્રામો, આકરો, નગરો અને ગૃહોમાં પ્રવેશ કરો છો, તો તમે ક્યાંય પણ કોઈ રાજા યા ઈશ્વરને ત્યાં પહેલાં આવો સ્નાન મહોત્સવ જોયો છે. ત્યાર પછી વર્ષધરે રુકિમ રાજાને હાથે જોડીને આ પ્રમાણે કહ્યું :- 'હે સ્વામિન્ ! એકવાર હું આપના દૂતના રુપમાં મિથિલા ગયો હતો. મેં ત્યાં કુંભ રાજાની પુત્રી અને પ્રભાવતી દેવીની આત્મજા વિદેહરાજની ઉત્તમ કન્યા મલ્લીનો સ્નાનમહોત્સવ જોયો હતો. સુબાહુ કુમારીનો આ મહોત્સવ તે સ્નાન મહોત્સવના લાખમાં અંશોના પણ નથી આવી શકતો.' વર્ષધર પાસેથી તે આ વાર્તા સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને રુકિમ રાજાએ દૂતને બોલાવ્યો. શેષ સર્વ વૃત્તાન્ત પહેલાની જેમ સમજવું.

[૯૦] તે કાળ અને તે સમયમાં કાશી નામક જનપદ હતું. જનપદમાં વાણારસી નામની નગરી હતી. તેમાં કાશીરાજ શંખ નામક રાજા હતા. કોઈ સમયે વિદેહરાજની ઉત્તમ કન્યા મલ્લીનાં તે દિવ્ય કુંડલયુગની જોડ ખુલી ગઈ. ત્યારે કુંભરાજાએ સુવર્ણ કારોની શ્રેણીને બોલાવી અને કહ્યું - 'દેવાનુપ્રિયો ! આ દિવ્ય કુંડલ યુગલની જોડને સાંધી આપો. ત્યાર પછી સુવર્ણકારોની શ્રેણીઓ 'તથાઠીક છે' ઘણા ઉપાયોથી તે કુંડલ યુગલને પરિણત કરતા થકા તેની જોડ સાંધવા પ્રયત્નો કર્યા પરંતુ તેને સાંધવામાં સમર્થ ન થયા. ત્યાર પછી તે સુવર્ણકારશ્રેણી, કુંભ રાજાની પાસે આવી. આવીને બંને હાથ જોડીને અને જય-વિજય શબ્દથી વધાવીને આ પ્રમાણે કહ્યું- 'સ્વામિન્ ! ઘણા ઉપાયો કર્યા, પરંતુ તે સંધિને જોડવા માટે શક્તિમાન ન થયા. તેથી હે સ્વામિન્ ! અમે તે દિવ્ય કુંડલ યુગલ સમાન બીજા કુંડલ યુગલ બનાવી દઈએ.' સુવર્ણકારોનું કથન સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને કુમ્ભરાજા ક્રુદ્ધ થયો. લલાટમાં ત્રણ સલવટ નાખીને આ પ્રમાણે બોલ્યા - 'તમે કેવા સોની છો કે આ કુંડલ યુગલની જોડ પણ સાંધી ન શક્યા ? આમ કહીને તેમને દેશ નિવાર્સનની આજ્ઞા આપી.

ત્યાર પછી કુંભ રાજા દ્વારા દેશ નિકાલની આજ્ઞા પામેલા તે સુવર્ણકારો પોતાના ઘરે આવ્યા. આવીને પોતાના ભાંડ, પાત્ર અને ઉપકરણ આદિ લઈને મિથિલા નગરીની વચ્ચોવચ થઈને નીકળ્યા. નીકળીને વિદેહ જનપદની મધ્યમાં થઈને જ્યાં કાશી જનપદ અને જ્યાં વાણારસી નગરી હતી, ત્યાં આવ્યા. ત્યાં આવીને અગ્ર ઉદ્યાનમાં ગાડી-ગાડી છોડ્યા. છોડીને મહાન્ અર્થવાળી યાવત્ ઉપહાર લઈને, વાણારસી નગરીની વચ્ચોવચ થઈને જ્યાં કાશીરાજ શંખ હતા, ત્યાં આવ્યા. આવીને બંને હાથ જોડીને યાવત્ જય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજય શબ્દોથી વધાવ્યા. વધાવીને તે ઉપહાર રાજાની સામે રાખીને શંખ રાજાને આ પ્રમાણે નિવેદન કર્યું.- હે સ્વામિન્ ! રાજા કુંભના દ્વારા મિથિલા નગરીથી નિકાસિત્ કરેલ અમો અહીં આવ્યા છીએ. હે સ્વામિન્ ! અમે આપની ભૂજાઓની છાયાને ગ્રહણ કરીને સુખપૂર્વક નિવાસ કરવા ઈચ્છીએ છીએ.' ત્યારે કાશીરાજ શંખે તે સુવર્ણકારોને કહ્યું- 'દેવાનુપ્રિયો ! કુંભ રાજાએ તમને દેશનિકાલની આજ્ઞા કેમ આપી ?' ત્યારે સુવર્ણ કારોએ શંખ રાજાને સર્વવાન કહી ત્યાર પછી શંખ રાજાએ સુવર્ણકારોને કહ્યું : 'દેવાનુપ્રિયો ! કુંભ રાજાની પુત્રી અને પ્રભાવતીની આત્મજા મલ્લી વિદેહરાજાની શ્રેષ્ઠ કન્યા કેવી છે ?' ત્યારે સુવર્ણકારોએ શંખ રાજાને કહ્યું- 'સ્વામિન્ ! જેવી વિદેહરાજની શ્રેષ્ઠ કન્યા મલ્લી છે તેવી દેવ કન્યા કે ગંધર્વ કન્યા પણ ન હોય.' ત્યાર પછી શંખ રાજાએ દૂતને બોલાવ્યો ઈત્યાદિ બધો વૃત્તાન્ત પહેલાની જેમ જાણવો.

[૯૧] તે કાળ અને તે સમયમાં કુરુ નામક જનપદ હતું. તેમાં હસ્તીનાપુર નામક નગર હતું, અદીનશત્રુ રાજા હતો, યાવત્ તે સુખ પૂર્વક વિચરતો હતો. તે મિથિલા નગરીમાં કુંભ રાજાનો પુત્રઅને પ્રભાવતી દેવીનો આત્મજ અને મલ્લી કુમારીનો અનુજ મલ્લદિન્ન કુમાર યાવત્ યુવરાજ હતો. તે સમયે એકવાર મલ્લદિન્ન કુમારે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું- 'તમે જાઓ અને મારા પ્રમાદ વન માં એક મોટી ચિત્ર સભાનું નિર્માણ કરો, જે અનેક સ્તંભોથી યુક્ત હોય ઈત્યાદિ ત્યાર પછી મલ્લદિન્ન કુમારે ચિત્રકારોની શ્રેણીને બોલાવી. બોલાવીને આ પ્રમાણે કહ્યું :- દેવાનુ પ્રિયો ! તમે લોકો ચિત્ર સભાને હાવ, ભાવ, વિલાસ અને વિમ્બોક યુક્ત ચિત્રોથી ચિત્રિત કરો. ઘરે જઈને તેઓએ પીંછી અને રંગ લીધો. લઈને જ્યાં ચિત્રસભા હતી, ત્યાં આવ્યા. આવીને ચિત્રસભામાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને ભૂમિના વિભાગોનું વિભાજન કર્યું. વિભાજન કરીને પોત પોતાની ભૂમિને સજ્જિત કરી. ચિત્રને યોગ્ય બનાવી. સજ્જિત કરીને ચિત્ર સભામાં હાવ-ભાવ આદિથી યુક્ત ચિત્ર અંકિત કરવામાં લાગી ગયા.

તે ચિત્રકારોમાંથી એક ચિત્રકારને એવી ચિત્રકળાલબ્ધિ પ્રાપ્ત થઈ હતી અને વારંવાર ઉપયોગમાં આવી હતી કે જે કોઈ દ્વિપદ, ચતુષ્પદ અથવા અપદનું એક અવયવ પણ જોઈ લે તો તે અવયવના આધારે તેનું આખું ચિત્ર બનાવી શકે. તે સમયે એકવાર એક ચિત્રકાર દારકે યવનિકાની ઓટમાં રહેલ મલ્લી કુમારીના પગનો અંગુઠો જાળી માંથી જોયો. ત્યાર પછી તે ચિત્રકારદારકને એવો વિચાર આવ્યો. યાવત્ તેનું આબેહૂબ યાવત્ ગુણયુક્ત સુંદર ચિત્ર બનાવવું ઉચિત છે. તેણે તેવો વિચાર કર્યો વિચાર કરીને ભૂમિના પગના અંગુઠાનુ અનુસરણ કરીને યાવત્ ચિત્ર બનાવ્યું. ત્યાર પછી ચિત્રકા રોની તે મંડલીએ ચિત્રભાસાને યાવત્ હાવ-ભાવ આદિથી ચિત્રિત કરી. ચિત્રિત કરીને જ્યાં મલ્લદિન્ન કુમાર હતો, ત્યાં ગઈ. ત્યાર પછી મલ્લદિન્ન કુમારે ચિત્રકારોની મંડલી નો સત્કાર સન્માન કર્યું.સત્કાર સન્માનકરીનેજીવિકાનેયોગ્ય વિપુલ પ્રીતિદાન આપ્યું. આપીને વિદાય કર્યા. ત્યાર પછી સમયે મલ્લદિન્ન કુમાર સ્નાન કરીને વસ્ત્રાભૂષણ ધારણ કરીને, અંતઃપુર તેમજ પરિવાર સહિત, ધાયમાતાને સાથે લઈને, જ્યાં ચિત્રસભા, હતી, ત્યાં આવ્યા. આવીને ચિત્રસભાની અંદર પ્રવેશ કર્યો પ્રવેશ કરીને હાવ, ભાવ, વિલાસ અને વિબ્બોક યુક્ત ચિત્રો જોતાં-જોતાં જ્યાં વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા મલ્લીનું, તેના અનુરુપ ચિત્ર હતું, ત્યાં આવવાને માટે તૈયાર થયા. ત્યારે મલ્લદિન્ન કુમારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિદેહની ઉત્તમ રાજકુમારી મલ્લીનું, તેનું અનુરુપ ચિત્ર બનાવેલ જોયું જોઈને તેને આ પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો; - 'અરે આ તો વિદેહની શ્રેષ્ઠ રાજકુમારી મલ્લી છે' તે વિચાર આવતાં જ તે લજ્જિત થયો, પ્રીડિત થઈ ગયો. અને વ્યર્દિત થઈ ગયો; તેથી તે ધીરે ધીરે ત્યાંથી હટી ગયો. ત્યાર પછી હટતા થકા મલ્લદિન્નને જોઈને ધાય માતાએ કહ્યું - 'હે પુત્ર ! તમે લજ્જિત, વ્રીપડિત અને વ્યર્દિત થઈને ધીમે ધીમે કેમ હટ્યા ? ત્યારે મલ્લદિન્ને ધાય માતાને આ પ્રમાણે કહ્યું- 'માતા ! મારી ગુરુ અને દેવતા સમાન મોટી બ્હેનની કે જેનાથી મારે લજ્જિત થવું જોઈએ, સામે, ચિત્રકારોએ બનાવેલ આ સભામાં પ્રવેશ કરવો શું યોગ્ય છે ?' ત્યારે ધાય માતાએ મલ્લદિન્ન કુમારને આ પ્રમાણે કહ્યું - 'હે પુત્ર ! નિશ્ચયથી તે સાક્ષાત્ મલ્લી નથી; પરંતુ તે વિદેહની ઉત્તમ કુમારી મલ્લી ચિત્રકારે તેના અનુરુપ ચિત્રિત કરી છે.' ત્યારે મલ્લદિન્ન કુમાર ધાય માતાના તે અર્થને સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને એકદમ ક્રોધિત થયો અને બોલ્યો - 'કોણ છે તે ચિત્રકાર કે જે મોતની ઈચ્છા કરે છે, યાવત્ લજ્જા બુદ્ધિ આદિથી રહિત છે, જેણે ગુરુ અને દેવતાની સમાન મારી જ્યેષ્ઠ બહેનનું યાવત્ ચિત્રક બનાવેલ છે ? આ પ્રમાણે કહીને તેણે ચિત્રકારને વધની આજ્ઞા આપી દીધી.

ત્યાર પછી ચિત્રકારોની તે શ્રેણી આ વૃત્તાન્ત ને સાંભળી અને સમજીને જ્યાં મલ્લદિન્ન કુમાર હતો, ત્યાં આવી. આવીને બંને હાથ જોડીને યાવત્ મસ્તક પર અંજલિ કરીને કુમારને વધાવ્યો. વધાવીને આ પ્રમાણે કહ્યું- સ્વામિન્ ! નિશ્ચયથી તે ચિત્રકારને આ પ્રકારની ચિત્રકારલબ્ધિ લબ્ધ થઈ, પ્રાપ્ત થઈ અને અભ્યાસમાં આવી છે તેથી હે સ્વામિ ! આપ તે ચિત્રકારને વધની આજ્ઞા ન આપો. હે સ્વામિન્ ! આપ તે ચિત્રકારને બીજો કોઈ દંડ આપ્યો. ત્યાર પછી મલ્લદિન્ન કુમારે તે ચિત્રકારને સંડાસકનો છેદ કરાવી દીધો અને તેને દેશનિકાલની આજ્ઞા આપી. ત્યાર પછી મલ્લદિન્ન દ્વારા દેશનિકાલની આજ્ઞા પામેલ તે ચિત્રકાર પોતાના ભાંડ, પાત્ર અને ઉપકરણ આદિ લઈને મિથિલા નગરીથી નીકળ્યો. વિદેહની શ્રેષ્ઠ રાજકુમારી મલ્લીના પગના અંગૂઠાના અનુસારે તેનું સમગ્ર રૂપ ચિત્રિત કર્યું. ચિત્રિત કરીને તે ચિત્રફલક પોતાની કાંખમાં દબાવી લીધું. પછી મહાન અર્થવાળો યાવત્ ઉપહાર ગ્રહણ કર્યો. ગ્રહણ કરીને હસ્તિનાપુર નગરની મધ્યમાં થઈને અદીનશત્રુ રાજાની પાસે આવ્યો. આવીને તેને બંને હાથ જોડીને વધાવ્યા. વધાવીને ઉપહાર તેની સામે મૂક્યો, પછી ચિત્રકારે કહ્યું- 'સ્વામિન્ ! મિથિલા રાજધાની માં કુંભ રાજાના પુત્ર અને પ્રભાવતી દેવીના આત્મજ મલ્લદિન્ન કુમારે મને દેશકાલની આજ્ઞા આપી છે. તે કારણે હું અહીં આવ્યો છું. હે સ્વામિન્ આપની બાહુઓની છાયાને પરિગૃહીત કરીને યાવત્ હું અહીં રહેવા ઈચ્છું છું.'

ત્યાર પછી અદીનશત્રુ રાજાએ ચિત્રકાર પુત્રને કહ્યું - 'હે દેવાનુપ્રિય ! મલ્લદિન્ન કુમારે કયા કારણે તમને દેશ નિકાલની આજ્ઞા આપી છે ?' ત્યાર પછી ચિત્રકાર પુત્રે અદીનશત્રુ રાજાને સર્વવાત કહી. ત્યાર પછી અદીનશત્રુ રાજાએ તે ચિત્રકારને આ પ્રમાણે કહ્યું- 'દેવાનુપ્રિય ! તમે મલ્લી કુમારીનું અનુરુપ ચિત્ર કેવું બનાવ્યું હતું ?' ત્યારે ચિત્રકારે પોતાની કાંખમાંથી ચિત્રફલક કાઢ્યું. કાઢીને અદીનશત્રુ રાજાની પાસે રાખ્યુ રાખીને કહ્યું- 'હે સ્વામિન્ ! વિદેહરાજાની શ્રેષ્ઠ કન્યા મલ્લીનું અનુરુપ આ ચિત્ર મેં કંઈક આકાર, ભાવ અને પ્રતિ બિમ્બના રૂપમાં ચિત્રિત કરેલ છે. વિદેહરાજની શ્રેષ્ઠ કુમારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મલ્લીનું આબેહૂબ રૂપ તો કોઈ દેવતા અથવા દાનવ પણ ચિત્રિત કરી ન શકે. અદીનશત્રુ રાજાએ દૂતને બોલાવ્યો. ઈત્યાદિ બધો વૃત્તાન્ત પૂર્વવત્ કહેવો.

[૯૨] તે કાળ અને સમયમાં પંચાલ નામક જનપદમાં કામ્પિલ્યપુર નામનું નગર હતું. ત્યાં જિતશત્રુ નામનો રાજા હતો. તે પંચાલ દેશનો અધિપતિ હતો. તે જિતશત્રુ રાજાના અંતઃપુરમાં એક હજાર રાણીઓ હતી. મિથિલા નગરીમાં ચોક્ખા નામની પરિવ્રાજિકા રહેતી હતી. તે ચોક્ખા પરિવ્રાજિકા મિથિલા નગરીમાં ઘણાં રાજા, ઈશ્વર યા યુવરાજ યાવત્ સાર્થવાહ આદિની સામે દાનધર્મ શૌચધર્મ અને તીર્થસ્નાનનું કથન કરતી, પ્રજ્ઞાપના કરતી, પ્રરૂપણા કરતી અને ઉપદેશ કરતી થકી રહેતી હતી. એકવાર કોઈ સમયે તે ચોક્ખા પરિવ્રાજિકા ત્રિદંડ કુંડિકા યાવત્ ગેરુથી રંગેલા વસ્ત્રલઈને પરિવ્રાજિકાઓના મઠથી નીકળી. નીકળીને થોડી-પરિવ્રાજા કિઓથી ઘેરાયેલી મિથિલા નગરીની રાજધાનીની મધ્યમાં થઈને જ્યાં કુંભ રાજાનો ભવન હતો,જ્યાં કન્યાઓનો અંતપુર હતો, જ્યાં વિદેહની ઉત્તમ કન્યા મલ્લી હતી ત્યાં આવી. આવીને ભૂમિ પર પાણી છાંટ્યું તેનાપર ડાભ પાથર્યો. અને તેના પર આસન રાખીને બેઠી બેસીને વિદેહવરરાજકન્યા મલ્લી સામે દાનધર્મ આદિનો ઉપદેશ દેવા લાગી. તે વિદેહવરરાજકન્યાએ ચોક્ખા પરિવ્રાજિકાને પૂછ્યું- 'હે ચોક્ખા તમારા ધર્મનું મૂળ શું કહેલ છે ?' ત્યારે ચોક્ખા પરિવ્રાજિકાને ઉત્તર આપ્યો- દેવાનુપ્રિયે હું શૌચમુલક ધર્મનો ઉપદેશ આપું છું. અમારા મતમાં જે કોઈ પણ વસ્તુ અશુચિવાળી હોય તને પાણીથી અને માટીથી શુદ્ધ કરાય છે, યાવત્ આ ધર્મનું પાલન કરવાથી અમે નિર્વિઘ્ને સ્વર્ગે જઈએ છીએ.

ત્યાર પછી વિદેહરરાજકન્યા મલ્લીએ ચોક્ખા પરિવ્રાજિકાને કહ્યું-'ચોક્ખા ! જેમ કોઈ અમુક નામધારી પુરુષ રુધિરથી લિપ્ત વસ્ત્રને રુધિરથી જ ધોવે તો હે ચોક્ખા ! તે રુધિરથીજ ધોયેલ વસ્ત્રની કાંઈ શુદ્ધિ થાય છે ? પરિવ્રાજિકાએ ઉત્તર આપ્યો 'નહીં, તે અર્થ સમર્થ નથી. મલ્લીએ કહ્યું - 'આ પ્રમાણે ચોક્ખા ! તમારા મતમાં પ્રાણાતિપાતથી યાવત્ મિથ્યાદર્શનશલ્યથી કોઈ શુદ્ધિ નથી થતી, ત્યાર પછી વિદેહવરરાજકન્યા મલ્લીના આ પ્રમાણે કહેવાપર તે ચોક્ખા પરિ વ્રાજિકાને શંકા ઉત્પન્ન થઈ, કાંક્ષા થઈ અને વિચિકિત્સા થઈ અને તે ભેદને પ્રાપ્ત થઈ તે મલ્લીને કંઈ પણ ઉત્તર દેવામાં સમર્થ ન થઈ શકી તેથી મૌન રહી ગઈ. ત્યાર પછી મલ્લીની ઘણી દાસીઓ ચોક્ખા પરિવ્રાજિકાની હીલના કરવા લાગી, મનમાં નિંદા કરવા લાગી, વચનથી નિંદા કરવા લાગી. ગર્હા કરવા લાગી. કેટલીક દાસીઓ તેને ક્રોધિત કરવા લાગી-ચિડાવા લાગી, કોઈ કોઈ મુખ મચકાવવા લાગી, કોઈ કોઈ ઉપહાસ કરવા લાગી, કોઈ આંગળીઓથી તર્જના કરવા લાગી, કોઈ તાડના કરવા લાગી અને કોઈએ અર્ધચન્દ્ર દઈને તેને બહાર કાઢી દીધી.

ત્યાર પછી વિદેહરાજની ઉત્તમ કન્યા મલ્લીની દાસીઓ દ્વારા યાવત્ અવહેલના કરાયેલી તે ચોક્ખા એકદમ ક્રોધિત થઈ ગઈ અને ક્રોધથી ભભૂકતી થકી વિદેહવર રાજકન્યા મલ્લીના પ્રતિદ્વેષને પ્રાપ્ત થઈ. તેણે પોતાનું આસન ઉપાડ્યું અને કન્યાઓના અંતપુરમાંથી નીકળી ગઈ. ત્યાંથી નીકળીને મિથિલા નગરી માંથી પણ નીકળી અને પરિવ્રાજિકાઓની સાથે જ્યાં પંચાલ જનપદ હતું અને જ્યાં કાંપિલ્યપુર નગર હતું, ત્યાં આવી અને ઘણા રાજાઓ અને ઈશ્વરો આદિની સામે યાવત્ પોતાના ધર્મની પ્રરૂપણા કરવા લાગી. જિતશત્રુ રાજા એકવાર પોતાના અંતઃપુર અને પરિવારથી પરિવૃત થઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ બેઠો હતો. ત્યાર પછી પારિવ્રાજિકાઓથી પરિવૃત્ત તે ચોક્ખા જ્યાં જિતશત્રુ રાજા હતો, ત્યાં આવી. આવીને અંદર પ્રવેશ કરીને જય-વિજયના શબ્દોથી જિતશત્રુને અભિનંદન કરી તેને વધાવ્યો. ત્યારે જિતશત્રૂ રાજાએ ચોક્ખા પરિવ્રાજિકાનો સત્કાર કર્યો, સન્માન કર્યું, આસન માટે નિમંત્રણ કર્યું -ત્યારે પછી તે ચોક્ખા પરિવ્રાજિકા પાણી છંટીને પોતાના આસન પર બેઠી. પછી તેણે જિતશત્રુ રાજા, રાજ્ય અને અંતપુરના કુશલ સમાચાર પૂછ્યાં. ત્યાર પછી ચોક્ખા પરિવ્રાજિકાએ જિતશત્રુ રાજાને દાનધર્મ આદિનો ઉપદેશ આપ્યો. જિતશત્રુ રાજા પોતાની રાણીવાસની રાણીઓના સૌંદર્ય આદિમાં વિસ્મય યુક્ત હતો તેથી તેણે ચોક્ખા પરિવ્રાજિકાને પૂછ્યું - હે દેવાનુપ્રિયે ! તમે ઘણા ગામો, આકરો આદિમાં યાવત્ પર્યટન કરો છો અને ઈશ્વરોનાં ઘરમાં પ્રવેશ કરો છો તો કોઇ પણ રાજા આદિનું આવું અંતઃપુર પહેલાં ક્યારેય જોયું છે ત્યારે ચોક્ખા પરિ વ્રાજિકાએ જિતશત્રુ રાજાની તરફ હસતા-હસતા કહ્યું-'હે દેવાનુપ્રિય આ પ્રમાણે કહેતા તમે તે કૂપમંડૂક સમાન છો.' કૂવાને દેડકો હતો. તે દેડકો તે કૂવામાં ઉત્પન્ન થયો હતો અને વધ્યો હતો. તેણે બીજો કૂવો, તળાવ, દ્રહ, સર અથવા સમુદ્ર જોયો ન હતો, તેથી તે માનતો હતો કે આ જ કૂવો છે અને આજ સમુદ્ર છે આના સિવાય બીજું કંઇ નથી. ત્યાર પછી કોઇ સમયે તે કૂવામાં સમુદ્રનો દેડકો એકદમ આવી ગયો. ત્યારે કૂવાના દેડકાએ કહ્યું હે દેવાનુપ્રિય ! તમે કોણ છો અને ક્યાંથી એકદમ અહીં આવી ગયા ! ત્યારે સમુદ્રના દેડકાએ કૂવાના દેડકાને કહ્યું દેવાનુપ્રિય ! હું સમુદ્રનો દેડકો છું. ત્યારે કૂવાના દેડકાએ સમુદ્રના દેડકાનો કહ્યું- દેવાનુપ્રિય ! તે સમુદ્ર કેવડો મોટો છે ! ત્યારે સમુદ્રના દેડકાએ કૂવાના દેડકાને કહ્યું-દેવાનુપ્રિય ! તે સમુદ્ર ઘણો મોટો છે. ત્યારે કૂવાના દેડકાએ પોતાના પગથી એક લીટી ખેંચી અને કહ્યું- દેવાનુપ્રિય ! શું આટલો મોટો છે ! સમુદ્રના દેડકાએ કહ્યું- એ અર્થ સમર્થ નથી. ત્યારે કૂવાના દેડકો પૂર્વ દિશાના કિનારાથી ઉછળીને દૂર ગયો અને પછી બોલ્યો - 'દેવાનુપ્રિય ! તે સમુદ્ર શું આટલો મોટો છે ? સમુદ્રના દેડકાએ કહ્યું - 'તે અર્થ સમર્થ નથી.

તે પ્રમાણે હે જિતશત્રુ ! બીજા ઘણાં રાજાઓ તેમજ ઈશ્વરો યાવત્ સાર્થવાહ આદિની પત્નીઓ, બહેનો, પુત્રીઓ અથવા પુત્રવધૂઓને તમે જોયેલ નથી. એ કારણે સમજો છો કે જેવું મારું અંતઃપુર છે તેવું બીજા કોઇનું નથી. હે જિતશત્રુ ! મિથિલા નગરીમાં કુંભ રાજાની પુત્રી અને પ્રભાવતીની આત્મજા મલ્લી નામની કુમારી રુપ અને યૌવનમાં જેવી છે તેવી બીજા કોઈ દેવકન્યા વગેરે પણ નથી. વિદેહરાજની શ્રેષ્ઠ કન્યાના કાપેલા પગના અંગુષ્ઠના લાખમાં અંશ બરાબર પણ તમારું આ અંતઃપુર નથી. આ પ્રમાણેકહીને તે પરિવ્રાજિકા જે દિશાથી પ્રગટ થઇ હતી તે દિશામાં પાછી ચાલી ગઈ. જિતશત્રુ રાજાએ દૂતને બોલાવીને પહેલાની સમાન જ બધું કહ્યું.

[૯૩] આ પ્રમાણે તે જિતશત્રુ આદિ છ એ રાજાઓના દૂતો જ્યાં મિથિલા નગરી હતી ત્યાં જવાને માટે રવાના થઇ ગયા. મિથિલા રાજધાનીમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને કુંભ રાજાની પાસે આવ્યા. આવીને દરેકે બંને હાથ જોડ્યા અને પોતપોતાના રાજાઓના વચન નિવેદન કર્યા. કુંભ રાજા તે દૂતો પાસેથી આ વાત સાંભળીને એકદમ ક્રોધિત થયો યાવત્ લલાટ પર ત્રણ કરચલી પાડીને તેમને કહ્યું- 'હું તમને વિદેહરાજની ઉત્તમ કન્યા મલ્લીને નહી આપું.' એમ કહીને છએ દૂતોને સત્કાર-સન્માન કર્યા વિના પાછળના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વારથી કાઢી મુક્યા. કુંભ રાજા દ્વારા અસત્કારિત-અસન્માનિત અને અપદ્વારથી કઢાયેલા તે છએ રાજદૂતો પોતપોતાના રાજા હતા ત્યાં પહોંચ્યા. પહોંચીને બે હાથ જોડીને તેમજ મસ્તક પર અંજલિ કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા.

'હે સ્વામિન્ ! અમે જિતશત્રુ વગેરે છએ રાજાઓના દૂતો એક જ સાથે જ્યાં મિથિલા નગરી હતી ત્યાં પહોંચ્યા. પરંતુ યાવત્ કુંભ રાજા વિદેહવરરાજકન્યા મલ્લી આપને નહી આપે' દૂતોએ પોત-પોતાના રાજાઓને આ અર્થ વૃત્તાન્ત નિવેદિત કર્યો. ત્યાર પછી તે જિતશત્રુ વગેરે છએ રાજાઓ દૂતો પાસેથી આ અર્થને સાંભળીને અને સમજીને એકદમ કોપિત થયા. તેઓએ એક બીજાની પાસે દૂત મોકલ્યા અને આ પ્રમાણે કહેવડાવ્યુ-'હે દેવાનુપ્રિય ! આપણે છએ રાજાઓના દૂતો એક સાથે યાવત્ કાઢવામાં આવ્યા. તેથી આપણે લોકોએ કુંભ રાજાની તરફ પ્રયાણ કરવું યોગ્ય છે.' આ પ્રમાણે કહીને તેઓએ એક બીજાની વાત સ્વીકાર કરી. સ્વીકાર કરીને સ્નાન કર્યું. સન્નદ્ધ થયા હાથીના સ્કંધ ઉપર આરૂઢ થયા. કોરંટ વૃક્ષના ફૂલોની માળાવાળુ છત્ર ધારણ કર્યું. શ્વેત ચામર તેના ઉપર ઢોળાવા લાગ્યા. મોટા મોટા ઘોડાઓ, હાથીઓ, રથો, અને ઉત્તમ યોદ્ધાઓ સહિત ચતુરંગિણી સેનાથી પરિવૃત્ત થઈને સર્વ ઋદ્ધિની સાથે યાવત્ વાદ્યોના ધ્વનિની સાથે પોત પોતાના નગરોથી નીકળ્યા.એકઠા થઈને જ્યાં મિથિલા નગરી હતી ત્યાં જવાને માટે તૈયાર થયા. ત્યાર પછી કુંભ રાજાએ આ કથાનો અર્થ જાણીને પોતાના સૈનિક કર્મચારીને બોલાવ્યા. બોલાવીને કહ્યું-દેવાનુપ્રિય ! શીઘ્ર ઘોડા, હાથી, આદિથી યુક્ત ચતુરંગિણી સેના તૈયાર કરો. યાવત્ સેનાપતિએ સેના તૈયાર કરીને આજ્ઞા પાછી આપી.

ત્યાર પછી કુંભ રાજાએ સ્નાન કર્યું. કવચ ધારણ કરીને સન્નદ્ધ થયો. શ્રેષ્ઠ હાથીના સ્કંધ પર આરૂઢ થયા કોરંટના ફૂલોની માળાવાળું છત્ર ધારણ કર્યું. તેના ઉપર શ્રેષ્ઠ અને શ્વેત ચામર ઢોળવામાં આવ્યા યાવત્ વિશાળ ચતુરંગિણી સેનાની સાથે મિથિલા રાજધાનીની મધ્યમાં થઈને નીકળ્યા.નીકળીને વિદેહ જનપદની મધ્યમાં થઈને જ્યાં પોતાના દેશનો અંત હતો ત્યાં આવ્યા. આવીને ત્યાં પડાવ નાખ્યો. પડાવ નાખીને જિતશત્રુ પ્રભૃતિ છએ રાજાઓની પ્રતીક્ષા કરતો યુદ્ધને માટે સજ્જ થઈને રહ્યો. ત્યારે પછી જિતશત્રુ પ્રભૃતિ છએ રાજાઓએ જ્યાં કુંભ રાજા હતા ત્યાં આવ્યા. આવીને કુંભ રાજાની સાથે યુદ્ધ કરવાને માટે પ્રવૃત્ત થઈ ગયા. ત્યાર પછી તે જિતશત્રુ પ્રભૃતિ છએ રાજાઓએ કુંભ રાજાનું હનન કર્યું મથન કર્યું તેની ચિહ્ન રૂપ ધ્વજા પતાકાને છિન્નભિન્ન કરીને નીચે ફેંકી દીધી. તેના પ્રાણ સંકટમાં આવી ગયા. તેની સેના ચારે દિશાઓમાં ભાગી ગઈ. ત્યાર પછી તે કુંભરાજા જિતશત્રુ આદિ છએ રાજાઓના દ્વારા હત માન મર્દિત યાવત્ સામર્થ્યહીન, બલહીન, પરાક્રમહીન, યાવત્ શત્રુસેનાનો સામનો કરવામાં અસમર્થ થઈ ગયો. તેથી તે શીઘ્રતાપૂર્વક, ત્વરાની સાથે યાવત્ મિથિલા નગરીમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને મિથિ લાના દ્વાર બંધ કરી દીધા. દ્વાર બંધ કરીને કિલ્લાનો રોધ કરવામાં સજ્જ થઈને રહ્યો. ત્યાર પછી જિતશત્રુ પ્રભૃતિ છએ નરેશો જ્યાં મિથિલા નગરી હતી ત્યાં આવ્યા. આવીને મિથિલા રાજધાનીને મનુષ્યોના ગમનાગમનથી રહિત કરી દીધી ત્યાં સુધી કે કોટની ઉપરથી પણ આવાગમન રોકી દીધું. અથવા મલ ત્યાગવાને માટે પણ આવવા જવાનું રોકી દીધું. તેઓએ નગરીને ચારે તરફથી ઘેરી લીધી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી કુંભ રાજા મિથિલા રાજધાનીને ઘેરેલી જાણી અભ્યંતર ઉપસ્થાન શાળામાં શ્રેષ્ઠ સિંહાસન પર બેઠા. તે જિતશત્રુ આદિ છએ રાજાઓના છિદ્રોને, વિવરોને, મર્મને પામી ન શક્યો તેથી ઘણાં આયોથી, ઉપાયોથી તથા ઔત્પાત્તિકી આદિ ચારે પ્રકારોની બુદ્ધિથી વિચાર કરતાં કરતાં કોઇ પણ આય યા ઉપાય ન પામી શકાયા. ત્યારે તેના મનનો સંકલ્પ ક્ષીણ થઈ ગયો યાવત્ તે આર્તધ્યાન કરવા લાગ્યો. આ તરફ વિદેહરાજ-કન્યા મલ્લીઓ સ્નાન કર્યું. યાવત્ ઘણી કુબ્જાદિ દાસીઓથી પરિવૃત્ત થઈને તે જ્યાં કુંભ રાજા હતા ત્યાં આવી. આવીને તેણીએ કુંભ રાજાના ચરણોને ગ્રહણ કર્યા ત્યારે કુંભ રાજાએ વિદેહવરરાજકન્યા મલ્લીનો આદર ન કર્યો. તે મૌનજ રહ્યો. ત્યાર પછી વિદેહવરરાજકન્યા મલ્લીએ રાજા કુંભને આ પ્રમાણે કહ્યું- 'હે તાત ! બીજા સમયે મને આવેલી જોઈને આપ યાવત્ ગોદમાં બેસાડતા હતા. પરંતુ શું કારણ છે કે આજે આપ અપહત માનસિક સંકલ્પવાળા થઈને ચિંતા કરી રહ્યા છો ?' ત્યારે કુંભ રાજાએ વિદેહરાજવર કન્યાને કહ્યું-'હે પુત્રી ! તમારે માટે તમારી માંગણી કરવાને માટે જિતશત્રુ પ્રભૃતિ છએ રાજાઓએ દૂત મોકલ્યા હતા. યાવત્ તેઓ ચારે તરફ ઘેરો નાંખીને બેઠા છે. તેથી હે પુત્રી ! જિતશત્રુ પ્રભૃતિ નરેશોના અંતર-છિદ્રને જાણી શકતો નથી. યાવત્ ચિંતિત થઈ રહ્યો છું.' ત્યારે પછી વિદેહરાજવર કન્યા મલ્લીએ રાજા કુંભને આ પ્રમાણે કહ્યું- 'તાત ! આપ અવહત માનસિક સંકલ્પવાળા થઈને ચિંતા ન કરો. હે તાત ! આપ તે જિતશત્રુ આદિ પ્રત્યેક રાજાની પાસે ગુપ્ત રુપમાં દૂતોને મોકલો. અને પ્રત્યેકને કહેવડાવી આપો કે વિદેહરાજવરકન્યા હું તમને આપું છું.' એમ કહેવડાવીને સંધ્યાકાલના અવસર પર જ્યારે વિરલ મનુષ્યો ગમનાગમન કરતા હોય અને વિશ્રામને માટે પોત-પોતાના ઘરમાં મનુષ્ય બેઠા હોય, તે સમયે પ્રત્યેક રાજાને મિથિલા નગરીની રાજધાનીમાં પ્રવેશ કરાવો. પ્રવેશ કરાવીને તેને ગર્ભગૃહની અંદર લઈ જાવો. પછી મિથિલા રાજધાનીના દ્વાર બંધ કરાવી દેવા, અને નગરીના રોધમાં સજ્જ થઈને રહેવું. ત્યાર પછી કુંભ રાજાએ એ પ્રમાણે કર્યું.

ત્યાર પછી જિતશત્રુ આદિ છએ રાજાઓ કાલે અર્થાત્ બીજા દિવસે જાળિઓમાંથી તે સુવર્ણમય મસ્તક પર છિદ્રવાળી અને કમળના ઢાંકણવાળી મલ્લીની પ્રતિમા જોવા લાગ્યા. 'આ વિદેહરાજની શ્રેષ્ઠ કન્યા મલ્લી છે' એમ જાણીને વિદેહરાજ કન્યા મલ્લીના રૂપ, યૌવન અને લાવણ્ય માં મૂર્છિત, ગૃદ્ધ યાવત્ અત્યંત લાલાયિત થઈને અનિમેષ દૃષ્ટિથી વારંવાર તેને જોવા લાગ્યા. ત્યાર પછી વિદેહરાજવરકન્યા મલ્લીએ સ્નાન કર્યું. યાવત્ પ્રાયશ્ચિત્ત કર્યુ તે સમસ્ત અલંકારોથી વિભૂષિત થઈને ઘણી કુબ્જા આદિદાસીઓથી યાવત્ પરિવૃત્ત થઈને જ્યાં જાલગૃહ હતું અને જ્યાં સુવર્ણની તે પ્રતિમા હતી ત્યાં આવી. આવીને તે સુવર્ણપ્રતિમાના મસ્તકથી તે કમળનું ઢાંકણું, હટાવી દીધું. ઢાંકણ હટાવતાની સાથે જ તેમાંથી એવી દુર્ગંધ છૂટી કે જેવા મરેલ સર્પની દુર્ગન્ધ હોય. યાવત્ તેનાથી પણ અધિક અશુભ ! ત્યાર પછી જિતશત્રુ વગેરેએ તે અશુભ ગંધથી અભિભૂત પોત-પોતાના ઉત્તરીય વસ્ત્રોથી મુખ ઢાંકી લીધું, મુખ ઢાંકીને તેઓ મુખ ફેરવીને ઉભા રહ્યા.ત્યારે જિતશત્રુ આદિએ વિદેહરાજવરકન્યામલ્લીનેકહ્યું- 'દેવાનુપ્રિયે ! અમે આ અશુભ ગંધથી ગભરાઈને યાવત્ વિમુખ થયા છીએ.' ત્યાર પછી વિદેહરાજ કન્યા મલ્લીએ તે જિતશત્રુ આદિને આ પ્રમાણે કહ્યું- દેવાનુપ્રિયો ! શા કારણે આપ પોત-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના ઉત્તરીય વસ્ત્રથી મુખ ઢાંકીને યાવત્ મોઢું ફેરવીને ઉભા છો ?'

ત્યાર પછી વિદેહરાજવરકન્યા મલ્લીઓ તે જિતશત્રુ આદિ રાજાઓને આ પ્રમાણેકહ્યું-'હે દેવાનુપ્રિય ! આ સુવર્ણમયી યાવત્ પ્રતિમામાં પ્રતિદિન મનોજ્ઞ અશન પાન ખાદિમઅનેસ્વાદિમ આહારમાંથી એક એક એક પિંડ નાંખતા નાંખતા આ અશુભ પુદ્ગલોનું પરિણમન થયું છે. તો આ ઔદારિક શરીર તો કફને. પિત્તને.શુક્ર, શોણીત અને મેદને ઝરાવનાર છે. ખરાબ ઉચ્છ્વાસ અને નિશ્વાસને કાઢનાર છે. અમનોજ્ઞ મૂત્ર અને દુર્ગંધિત મળથી પરિપૂર્ણ છે. સડવું [પડવું નષ્ટ થવું] તેનો સ્વભાવ છે. તો તેનું પરિણમન કેવું હશે ? તેથી હે દેવાનુપ્રિયો ! આપ મનુષ્ય સંબંધી કામભોગોમાં રાગ ન કરો, ગૃદ્ધિ ન કરો, મોહ ન કરો અને અત્યંત આસક્ત ન થાઓ.' મલ્લી કુમારીએ પૂર્વભવનું સ્મરણ કરાવતાં આગળ કહ્યું- આ પ્રમાણે ! હે દેવાનુપ્રિયો ! તમે અને હું આની પહેલાના ત્રીજા ભવમાં પશ્ચિમ મહાવિદેહ વર્ષમાં સલિલાવતી વિજયમાં વીતશોકા નામક રાજધાનીમાં મહાબલ આદિ સાતે મિત્ર રાજા હતા. આપણે બધા સાથે જન્મ્યા હતા યાવત્ દીક્ષિત થયા હતા.' હે દેવાનુ પ્રિયો ! તે સમયે આ કારણથી મેં સ્ત્રીનામગોત્ર કર્મનું ઉપાર્જન કર્યું હતું. ત્યાર પછી 'હે દેવાનુપ્રિયો ! તમે કાળ માસમાં કાળ કરીને જયન્ત વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાં તમારી કંઈક ન્યૂન બત્રીસ સાગરોપમની સ્થિતિ હતી. ત્યાર પછી તમે તે દેવલોકથી અનંતર શરીર ત્યાગ કરીને આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં ઉત્પન્ન થયા યાવત્ પોત-પોતાના રાજ્ય પ્રાપ્ત કરીને વિચરી રહ્યો છો. ત્યાર પછી હું તે દેવલો- કથી આયુનો ક્ષય થવાથી કન્યાના રુપમાં જન્મી છું.'

[૯૪] 'શું તમે તે ભૂલી ગયા ? જે સમયે હે દેવાનુપ્રિયો ! તમે જયન્ત નામના અનુંત્તર વિમાનમાં વાસ કરતા હતા ત્યાં કહેતા થકી 'આપણે એક બીજાને પ્રતિબોધ દેવો જોઈએ' એવો પરસ્પરમાં સંકેત કર્યો હતો. તો તમે તે દેવભવનું સ્મરણ કરો.'

[૯૫] ત્યાર પછી વિદેહરાજની ઉત્તમ કન્યા મલ્લી પાસેથી આ પૂર્વભવનો વૃત્તાન્ત સાંભળી અને હૃદયમાં ધારણ કરવાથી શુભ પરિણામો, પ્રશસ્ત અધ્યવસાયો, વિશુદ્ધ થતી લેશ્યાઓ અને જાતિસ્મરણને આચ્છાદિત કરનાર કર્મના ક્ષયોપશમના કારણે ઇહા અપોહ કરવાથી જિતશત્રુ પ્રભૃતિ છએ રાજાઓને એવું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું કે જેથી તે સંજ્ઞી અવસ્થાના પોતાના ભવ જોઇ શકે. આ જ્ઞાનના ઉત્પન્ન થવા પર મલ્લી કુમારી દ્વારા કથિત અર્થને તેઓએ સમ્યક્ પ્રકારે જાણી લીધો. ત્યાર પછી મલ્લી અરિહંતે ગર્ભગૃહના દ્વારો ખોલાવી નાંખ્યા. ત્યારે જિતશત્રુ આદિ છએ રાજાઓ મલ્લી અરિહંતની પાસે આવ્યા. આ સમયે [પૂર્વ ભવના] મહાબલ આદિ સાતેય બાલ મિત્રોનું મિલન થયું.

ત્યાર પછી અરિહંત મલ્લીએ જિતશત્રુ આદિ છએ રાજાઓને કહ્યુંદેવાનુપ્રિયો ! આ પ્રમાણે નિશ્ચિત રુપથી હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થયેલ છું. યાવત્ પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઇચ્છું છું. તો તમે શું કરશો ? કેમ રહેશો ? આપના હૃદયનું સામર્થ્ય કેવું છે ? ત્યાર પછી જિતશત્રુ આદિ છએ રાજાઓએ મલ્લી અરિહંતને આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિયે ! અગર આપ સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈને યાવત્ દીક્ષા લેતા હો તો હે દેવાનુપ્રિયે ! અમારા માટે બીજુ શું આલંબન, આધાર કે પ્રતિબંધ છે ? જેમ આપ આ ભવથી પૂર્વના ત્રીજા ભવમાં ઘણાંજ કાર્યોમાં મેઢીભૂત, પ્રમાણભૂત અને ધર્મની ધુરાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપમાં હતા, તે પ્રમાણે હવે [આ ભવમાં] પણ થાવો. હે દેવાનુપ્રિયે ! અમે પણ આ સંસાર ના ભયથી ઉદ્વિગ્ન થયા છીએ. યાવત્ જન્મ મરણથી ભય પામ્યા છીએ. તેથી દેવાનુ પ્રિયાની સાથે મુંડિત થઈને યાવત્ દીક્ષા ગ્રહણ કરીએ છીએ.' ત્યાર પછી મલ્લી અરિહંતે જિતશત્રુ પ્રભૃતિ છએ રાજા ઓને કહ્યું-'જો તમે સંસારના ભયથી ઉદ્વિગ્ન થયા છો અને મારી સાથે દીક્ષિત થવા ઇચ્છોછો તો જાઓ, દેવાનુપ્રિયો ! પોત-પોતાના રાજ્યમાં અને જ્યેષ્ઠ પુત્રને રાજ્ય પર પ્રતિષ્ઠિત કરો. પ્રતિષ્ઠિત કરીને હજાર પુરુષો દ્વારા વહન કરવા યોગ્ય શિબિકાઓ પર આરૂઢ થઈને મારી સમીપે આવો.' ત્યાર પછી જિતશત્રુ પ્રભૃતિ છએ રાજાઓએ મલ્લી અરિહંતના આ અર્થને અંગીકાર કર્યો.

ત્યાર પછી મલ્લી અરિહંત જિતશત્રુ વગેરેને સાથે લઈને જ્યાં કુંભરાજા હતા ત્યાં આવી. આવીને તેણે કુંભ રાજાના ચરણોમાં નમસ્કાર કરાવ્યા. ત્યારે કુંભ રાજાએ તે જિતશત્રુ વગેરેનું વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમથી અને પુષ્પ, ગંધ, માળા, વસ્ત્ર અને અલંકારોથી સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કારસન્માન કરીને યાવત્ તેમને વિદાય કર્યા. ત્યાર પછી કુંભ રાજા દ્વારા વિદાય કરાયેલા જિતશત્રુ આદિ જ્યાં પોત-પોતાનું રાજ્ય હતું, જ્યાં પોત પોતાનું નગર હતું. ત્યાં આવ્યા. આવીને પોત-પોતાના રાજ્યને ભોગવતા થકા વિચરવા લાગ્યા. ત્યારે મલ્લી અરિહંતે પોતાના મનમાં એવી ધારણા કરી હતી કે-'એક વર્ષના અંતમાં હું દીક્ષા ગ્રહણ કરીશ.

[૯૬] તે કાળ અને તે સમયમાં શકેન્દ્રનું આસન ચલાયમાન થયું. ત્યારે દેવેન્દ્ર દેવરાજ શક્રે પોતાનું આસન ચલાયમાન થયેલ જોયું, જોઇને અવધિજ્ઞાનથી જાણ્યું, જાણીને ઇન્દ્રને આ પ્રમાણેનો વિચાર ઉત્પન્ન થયો જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતવર્ષમાં મિથિલા રાજધાનીમાં કુંભ રાજાની [પુત્રી] મલ્લી અરિહંતે એક વર્ષના અંતમાં દીક્ષા લઇશ એવો વિચાર કર્યો છે. અતીતકાળ, વર્તમાન કાળ અને ભવિષ્યકાળના શક્ર દેવેન્દ્ર દેવરાજાનો એવો પરંપરાગત આચાર છે કે-અરિહંત ભગવંત જ્યારે દીક્ષા અંગીકાર કરવાના હોય, ત્યારે તેને એટલી અર્થ સંપદા આપવી જોઇ, તે આ પ્રમાણે

[૯૭] 'ત્રણસો કરોડ, અઠ્ઠાયાસી કરોડ અને એંસી લાખ દ્રવ્ય.

[૯૮] શકેન્દ્રે એવો વિચાર કર્યો. વિચાર કરીને તેણે વૈશ્રમણ દેવને બોલાવ્યો, અને બોલાવીને કહ્યું- 'દેવાનુપ્રિય ! જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં ભરતવર્ષમાં યાવત્ ત્રણસો અઠ્ઠાયાસી કરોડ અને એંસી લાખ મુદ્રાઓ આપવી છે. તેથી હે દેવાનુપ્રિય ! તમે જાઓ અને જમ્બૂદ્વીપમાં ભારતવર્ષમાં કુંભરાજાના ભવનમાં એટલા દ્રવ્યનું સંહરણ કરો ત્યારે પછી વૈશ્રમણ દેવ, શક્ર દેવેન્દ્ર દેવરાજના આ પ્રમાણે કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થયો. હાથ જોડીને તેણે યાવત્ આજ્ઞા સ્વીકાર કરીને જૃમ્ભક દેવને બોલાવ્યા. બોલાવીને તેમને કહ્યું :- 'હે દેવાનુપ્રિયો ! તમે જમ્બૂદ્વીપમાં ભારતવર્ષમાં મિથિલા રાજધાનીમાં જાઓ અને કુંભ રાજાના ભવનમાં ત્રણસો કરોડ અઠ્ઠાસી કરોડએસી લાખ અર્થસંપ દાનું સંહરણ કરો. ત્યાર પછી જૃમ્ભક દેવો, વૈશ્રમણ દેવની આજ્ઞા સાંભળીને ઉત્તરપૂર્વ દિશામાં ગયા. જઈને ઉત્તર વૈક્રિય રૂપની વિકુર્વણા કરી. વિકુર્વણા કરીને દેવ સંબંધી ઉત્કૃષ્ટ ગતિથી જતા જ્યાં જમ્બૂદ્વીપ નામનો દ્વીપ હતો, ભરતક્ષેત્ર હતું. જ્યાં મિથિલા રાજધાની હતી અને જ્યાં કુંભ રાજાનો ભવન હતો, ત્યાં પહોંચ્યો. પહોંચીને કુંભ રાજાના ભવનમાં દ્રવ્ય-સંપત્તિ પહોંચાડી.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી મલ્લિ અરિહંતે પ્રતિદિન પ્રાતઃકાળથી આરંભીને મગધ દેશના પ્રાત રાશના સમયસુધી ઘણાં સનાથો,અનાથો, પાંથિકો-નિરંતરમાર્ગપર ચાલનારા પથિકો, રાહગીરો અથવા કોઈના દ્વારા કોઈ પ્રયોજનથી મોકલેલ પુરુષો, કરોટિકો વિશેષો' ને પૂરા એક કરોડ અને આઠ લાખ સુવર્ણ મહોર દાનમાં દેવાનો આરંભ કર્યો. ત્યાર પછી કુંભ રાજાએ મિથિલા રાજધાનીમાં વિભિન્ન મહોલ્લાઓ યા ઉપનગરોમાં, મહામાર્ગો-માં તથા અન્ય એક સ્થાનોમાં, દેશ દેશનાં સ્થાનોમાં ઘણીજ ભોજનશાળાઓ બનાવી. તે ભોજનશાળાઓમાં ઘણા મનુષ્યો, જેને ભૃતિ, ભક્ત વેતન દેવામાં આવે છે, વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન બનાવે છે. બનાવીને જે લોકો જેમ જેમ આવતા જતા હતા જેમકે પાંથિક પથિક કરોટિક કાર્પટિક પાખંડી અથવા ગૃહસ્થ, તેઓને આશ્વાસન આપીને, વિશ્રામ આપીને અને સુખદ આસન પર બેસાડીને વિપુલ અશનાદિ, પીરસવામાં આવતા. તે મનુષ્યો ત્યાં ભોજન આદિ આપતા હતા. ત્યાર પછી મિથિલા રાજધાનીમાં શ્રૃંગાટક, ત્રિક આદિ માર્ગોમાં ઘણા લોકો પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા, 'હે દેવાનુપ્રિયો ! કુંભ રાજાના ભવનમાં સર્વકામ ગુણિત મનોવાંછિત રસ પર્યાયવાળા તથા ઈચ્છાનુસાર આપવામાં આવતા વિપુલ, આહાર ઘણા શ્રમણો આદિને યાવત્ પીરસવામાં આવે છે.

[૯૯] વૈમાનિક, ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષ્ક દેવો તથા નરેન્દ્રો અર્થાત્ ચક્રવર્તી રાજાઓ દ્વારા પૂજિત તીર્થંકરોની દીક્ષાના અવસર પર વરવરિકાની ઘોષણા કરવામાં આવે છે. અને યાચકાને ઈચ્છાનુસાર દાન આપવામાંઆવે છે.

[૧૦૦] ત્યાર પછી અરિહંત મલ્લીએ ત્રણસો કરોડ અઠ્ઠયાસી કરોડ અને એંસી લાખ જેટલી અર્થ-સંપત્તિ દાન દઈને 'હું દીક્ષા ગ્રહણ કરું એવો મનમાં નિશ્ચય કર્યો.'

[૧૦૧] તે કાળ અને તે સમયમાં લોકાંતિક દેવ બ્રહ્મલોક નામક પાંચમા સ્વર્ગમાં, અરિષ્ટવિમાનના પાથડામાં પોત-પોતાના વિમાનથી, પોત-પોતાના ઉત્તમ પ્રસાદોથી, પ્રત્યેક-પ્રત્યેક ચાર-ચાર હજાર સામાનિક દેવોથી, ત્રણ-ત્રણ પરિ ષદથી, સાત-સાત અનીકોથી, સાત સાત અનિકાધિપતિઓથી, સોળસોળ હજાર આત્મરક્ષક દેવોથી તથા અન્ય અનેક લોકાંતિક દેવોથી યુક્ત થઈને ખુબ જોરથી બજાવેલ નૃત્ય-ગીતના વાદ્યોના યાવત્ શબ્દોને માણતા વિચરી રહ્યા હતાં. તે લોકાંતિક દેવોના નામ આ પ્રમાણે છે

[૧૦૨] સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, દુષિત, અવ્યાબાધ, આગ્નેય અને રિષ્ટ.

[૧૦૩] ત્યાર પછી તે લોકાંતિક દેવોમાંથી પ્રત્યેકનું આસન ચલાયમાન થયું. ઈત્યાદિ તે પ્રમાણે જાણવું. યાવત્ દીક્ષા લેવાની ઈચ્છા કરનાર તીર્થંકરોને સંબોધન કરવું તેથી અમે જઈએ તેઓ દિશામાં જઈને વૈક્રિય સમુદ્ઘાતથી વિકુર્વણા કરી. સમુદ્ઘાત કરીને સંખ્યાત યોજન ઉલ્લંઘન કરીને જ્યાં મલ્લી નામક અરિહંત હતા ત્યાં આવ્યા આવીને આકાશમાં અદ્ધર સ્થિત રહેલા ઘુંઘરુઓના શબ્દો સહિત યાવત્ શ્રેષ્ઠ વસ્ત્ર ધારણ કરીને બંને હાથ જોડીને ઈષ્ટ યાવત્ વાણીથી આ પ્રમાણે બોલ્યા :- 'હે લોકનાથ ! હે ભગવંત ! બોધ પામો ધર્મતીર્થની પ્રવૃત્તિ કરો. તે ધર્મતીર્થ જીવોનો માટે હિતકારી સુખકારી અને નિશ્રેય સકારી થશે 'આ પ્રમાણે કહીને અરિહંત મલ્લીને વંદના કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નમસ્કાર કર્યા. જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ચાલ્યા ગયા. ત્યાર પછી લૌકાંતિક દેવો દ્વારા સંબોધિત કરાયેલ તે મલ્લી અરિહંત જ્યાં માતા-પિતા હતા ત્યાં આવ્યા. આવીને બંને હાથ જોડીને કહ્યું- હે માતા-પિતા ! આપની આજ્ઞાથી મુંડિત થઈને યાવત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની મારી ઈચ્છા છે.

ત્યારે માતા-પિતાએ કહ્યું 'હે દેવાનુપ્રિયે ! જેમ સુખ ઉપજે તેમ કરો. પ્રતિબન્ધ ન કરો. ત્યાર પછી કુંભ રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા બોલાવીને કહ્યું- શીઘ્રતાથી એક હજાર આઠ સુવર્ણ કળશ યાવત્ એક હજાર આઠ માટીના કળશ લાવા તે સિવાય મહાન્ અર્થવાળી અર્થાત્ મહામૂલ્ય યાવત્ તીર્થંકરના અભિષેકની દરેક સામગ્રા તૈયાર કરો. તે સાંભળીને કૌટુમ્બિક પુરુષોએ તેમજ કર્યું. તે કાળ અને તે સમયમાં ચમર નામના અસુરેન્દ્રથી લઈને અચ્યુત સ્વર્ગ સુધીના બધા ઈન્દ્રો આવી ગયા. ત્યારે દેવેન્દ્ર દેવરાજ શક્રે આભિયોગિક દેવોને બોલાવ્યા બોલાવીને આ પ્રમાણે કહ્યું :- શીઘ્રતાથી એક હજાર આઠ સુવર્ણ કળશઆદિ યાવત્ બીજી અભિષેકને યોગ્ય સામગ્રી ઉપસ્થિત કરો તે સાંભળીને અભિયોગિક દેવોએ પણ બધી સામગ્રી ઉપસ્થિત કરી. તે દેવોના કળશો તે મનુષ્યોના કળશોમાં [દિવીમાયાથી] સમાઈ ગયા.

ત્યાર પછી દેવેન્દ્ર દેવરાજ શક્ર અને કુંભ રાજાએ મલ્લી અરિહંતને પૂર્વાભિમુખ બેસાડ્યા પછી સુવર્ણ આદિનાં એક હજાર આઠ કળશોથી યાવત્ અભિષેક કર્યો. ત્યાર પછી જ્યારે મલ્લી ભગવાનનો અભિષેક ચાલતો હતો. ત્યારે કોઈ-કોઈ દેવ મિથિલા નગરીની અંદર અને બહાર યાવત્ બધી દિશાઓ અને વિદિશાઓમાં દોડવા લાગ્યા આમ તેમ ફરવા લાગ્યા. ત્યાર પછી કુંભ રાજાએ બીજી વાર ઉત્તર દિશામાં જઈને યાવત્ ભગવાન્ મલ્લીને સર્વ અલંકારોથી વિભુષિત કર્યા. વિભુષિત કરીને કૌટુમ્બિક પુરુષો ને બોલાવીને આ પ્રમાણે કહ્યું- "શીઘ્રતાથી મનોરમા નામની શિબિકા લાવો." ત્યાર પછી દેવન્દ્ર દેવરાજ શક્રે આભિયોગિક દેવોને બોલાવ્યા. બોલાવીને કહ્યું- શીઘ્રતાથી અનેક સ્થંભોવાળી યાવત્ મનોરમા નામની શિબિકા ઉપસ્થિત કરો.' ત્યારે તે દેવો પણ મનોરમા શિબિકા લાવ્યા અને તે શિબિકા પણ તે મનુષ્યોની શિબિકામાં સમાઈ ગઈ.

ત્યારે મલ્લી અરિહંત સિંહાસન ઉપરથી ઉઠ્યા. ઉઠીને જ્યાં મનોરમા નામની શિબિકા હતી ત્યાં આવ્યા. આવીને મનોરમા શિબિકાને પ્રદક્ષિણા કરીને મનોરમા શિબિકા ઉપર આરૂઢ થયા. આરૂઢ થઈને પૂર્વદિશાની તરફ મુખ રાખીને સિંહાસન પર વિરાજમાન થયા. ત્યારે પછી કુંભ રાજાએ અઢાર જાતિઓ ઉપજાતિઓને બોલાવ્યા. બોલાવીને કહ્યું- 'હે દેવાનુપ્રિયો ! તમે લોકો સ્નાન કરીને યાવત્ સર્વ અલંકારોથી વિભૂષિત થઈને મલ્લી કૂમારીની શિબિકાને વહન કરો.' શક્ર દેવેન્દ્ર દેવરાજે મનોરમા શિબિકાની દક્ષિણ તરફની ઉપરની બાહાને ગ્રહણ કરી. ઈશાન ઈન્દ્રે ઉત્તર તરફથી ઉપરની બાહાને ગ્રહણ કરી, ચમરેન્દ્રે દક્ષિણ તરફથી નીચેની બાહા ગ્રહણ કરી. બલીન્દ્રે ઉત્તર દિશાની નીચેની બાહા ગ્રહણ કરી. શેષ દેવોએ યથાયોગ્યવહન કરી.

[૧૦૪-૧૦૫] જેમના રોમકૂપ હર્ષના કારણે વિકસ્વર થઇ ગયા હતા એવા મનુષ્યોએ સર્વ પ્રથમ તે શિબિકા ઉપાડી. ત્યાર પછી અસુરેન્દ્ર સુરેન્દ્ર અને નાગેન્દ્રે તેને વહન કરી. ચલાયમાન ચપળ કુંડલોને, તથા વિક્રિયાથી બનાવેલ આભરણોને ધારણ કરનાર દેવેન્દ્રો અને દાનવેન્દ્રોએ જિનેશ્વરની શિબિકા વહન કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૦૬] ત્યાર પછી જ્યારે મલ્લી અરિહંત મનોરમા શિબિકા ઉપર આરૂઢ થયા તે સમયે તેમની આગળ આઠ-આઠ મંગલ અનુક્રમથી ચાલ્યા. જમાલિના નિર્ગમનની જેમ વર્ણન કરવું જોઈએ. ત્યાર પછી મલ્લી અરિહંત જ્યારે દીક્ષા ધારણ કરવાને માટે નીકળ્યા ત્યારે કોઈ કોઈ દેવોએ મિથિલા નગરીને પાણીથી સિંચી દીધી. સાફ કરી દીધી અને અંદર તથા બહાર ની વિધિ કરીને યાવત્ ચારે તરફ દોડધામ કરવા લાગ્યા. મલ્લી અરિહંત જ્યાં સહસામ્રવન નામક ઉદ્યાન હતું અને જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતું. આવીને શિબિકાથી નીચે ઉતર્યા. નીચે ઉતરીને સમસ્ત આભરણોનો ત્યાગ કર્યો. પ્રભાવતી દેવીએ તે આભરણો ગ્રહણ કર્યો. ત્યાર પછી મલ્લી અરિહંતે સ્વયં જ પંચમુષ્ટિ લોચ કર્યો. ત્યારે શક્ર, દેવેન્દ્ર, દેવરાજે મલ્લીના કેશોને ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને ક્ષીરોદક સમુદ્રમાં પ્રક્ષેપ કરી દીધા.

મલ્લી અરિહંતે સિદ્ધોને નમસ્કાર હો, આ પ્રમાણે કહીને સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું જે સમયે અરિહંત મલ્લીએ ચારિત્ર અંગીકાર કર્યું. તે સમયે દેવો અને મનુષ્યોના નિર્ઘોષ વાદ્યો ની ધ્વનિ અને ગાવા-વગાડવાના શબ્દો શકેન્દ્રના આદેશથી એકદમ બંધ થઈ ગયા. તેથી ચારિત્રગ્રહણ સમયે પૂર્ણ નીરવતા વ્યાપ્ત થઈ ગઈ. જે સમયે મલ્લી અરિહંતે સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું. તે સમયે મલ્લી અરિહંતને મનુષ્ય ધર્મથી ઉપરનું મનુષ્ય ક્ષેત્ર સંબંધી ઉત્તમ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. મલ્લી અરિહંતે હેમવન્ત ઋતુના બીજા માસમાં, ચોથા પખવાડીયામાં, અર્થાત્ પોષ માસના શુકલ પક્ષ માં અને પોષ માસની પક્ષની એકાદશીના પક્ષમાં પૂર્વાહ્ણ કાળના સમયમાં, નિર્જલ અષ્ટમ ભક્ત તપ કરીને આશ્વિની નક્ષત્રની સાથે ચંદ્રનો યોગ પ્રાપ્ત થવા પર ત્રણસો અભ્યંતર પરિષદ્ની સ્ત્રીઓની સાથે અને ત્રણસો બાહ્ય પરિષદ્ના પુરૂષોની સાથે મુંડિત થઈને દીક્ષા અંગીકાર કરી. મલ્લી અરિહંતનું અનુસરણ કરીને આ આઠ જ્ઞાત કુમારો દીક્ષિત થયા, તે આ પ્રમાણે છે :-

[૧૦૭] નન્દ, નન્દિમિત્ર, સુમિત્ર, બલમિત્ર, ભાનુમિત્ર, અમરપતિ, અમરસેન અને આઠમા મહાસેન આ આઠ જ્ઞાત કુમારો એ દીક્ષા અંગીકાર કરી.

[૧૦૮] ત્યાર પછી ભવનપતિ, વાણવ્યંતર જ્યોતિષ્ક, અને વૈમાનિક આ નિકાય નાદેવોએ મલ્લી અરિહંતોને દીક્ષામહોત્સવ કર્યો. મહોત્સવ કરીને જ્યાં નંદીશ્વર દ્વીપ હતો. ત્યાં આવ્યા.આવીને અષ્ટાહ્નિકામહોત્સવ કર્યો,યાવત્પોત-પોતાનાસ્થાને ચાલ્યા ગયા. મલ્લી અરિહંતને જે દિવસે દીક્ષા અંગીકાર કરી તેજ દિવસે દિવસના અંતિમ ભાગમાં શ્રેષ્ઠ અશોક વૃક્ષની નીચે પૃથ્વી શિલાપટ્ટકની ઉપર બેઠા હતા. તે સમયે શુભ પરિણામોના કારણે પ્રશસ્ત અધ્યવસાયોના કારણે વિશુદ્ધ અને પ્રશસ્ત લેશ્યાઓના કારણે તદાવરણ કર્મની રજને દૂર કરનાર અપૂર્વ કરણને પ્રાપ્ત થયેલા અરિહંત મલ્લીને અનન્ત યાવત્ કેવળજ્ઞાન અને કેવળ દર્શનની ઉત્પત્તિ થઈ.

[૧૦૯] તે કાળ અને તે સમયમાં બધા દેવોના આસન ચલાયમાન થયા. ત્યાર તે બધા ત્યાં આવ્યા. બધાએ ધર્મોપદેશ શ્રવણ કર્યો. નંદીશ્વર દ્વીપમાં જઈને અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. પછી જે દિશાથી પ્રગટ થયા હતા દિશામાંપાછા ગયા. કુંભ રાજા પણ વંદના કરવાને માટે નીકળ્યો. ત્યાર પછી તે જિતશત્રુ વગેરે છએ રાજાઓ પોત-પોતાના જ્યેષ્ઠ પુત્રને રાજ્ય પર સ્થાપિત કરીને હજાર પુરુષોદ્વાર વહન કરાય તેવી શિબિકાઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર આરૂઢ થઈને સમસ્ત ઋદ્ધિની સાથે યાવત્ ગીત વાજિંત્રના શબ્દોની સાથે જ્યાં મલ્લી અરિહંત હતા ત્યાં આવ્યા યાવત્ તેની ઉપાસના કરવા લાગ્યા. ત્યાર પછી મલ્લી અરિહંતે તે મોટી પરિષદને. કુંભ રાજાને અને જિતશત્રુ પ્રભૃતિ રાજાઓને ધર્મનો ઉપદેશ આપ્યો. પરિષદ જે દિશામાંથી આવી હતી તે દિશામાં ચાલી ગઈ, કુંભરાજા શ્રમણોપાસક થયા તે પણ પાછા ગયા. પ્રભાવતી દેવી શ્રમણોપાસિકા બની તે પણ પાછી ગઈ.

ત્યાર પછી જિતશત્રુ આદિ છએ રાજાઓએ ધર્મ શ્રવણ કરીને કહ્યું- ભંતે ! આ સંસાર આદીપ્ત છે પ્રદીપ્ત છે.' ઈત્યાદિ યાવત્ તે દીક્ષિત થઈ ગયા ચૌદ પૂર્વના જ્ઞાની થયા પછી અનન્ત કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને યાવત્ સિદ્ધ થયા. ત્યાર પછી મલ્લી અરિહંત સહસ્રામ્રવન ઉદ્યાનથી બહાર નીકળ્યા. નીકળીને જનપદમાં વિહાર કરવા લાગ્યા. મલ્લી અરિહંતના ભિષક આદિ અઠ્ઠાવીસ ગણ અને અઠ્ઠાવીસ ગણધર થયા. મલ્લી અરિહંતની ચાલીસ હજાર સાધુઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. બંધુમતી આદિ પંચાવન હજાર આર્યિકાઓની સંપદા હતી. મલ્લી અરિહંતોની ૧૮૪૦૦૦ શ્રાવકોની ઉત્કૃષ્ટ સંપદા હતી. મલ્લી અરિહંતની ૩૬૫૦૦૦ શ્રાવિકાઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. મલ્લી અરિહંતની છસો ચૌદપૂર્વી સાધુઓની, ૨૦૦૦ અવધિજ્ઞાનીઓની ૩૨૦૦ કેવળજ્ઞાની ૩૫૦૦ વૈક્રિયલબ્ધિધારી, આઠસો મનઃપર્યવજ્ઞાની ચૌદસો વાદી અને ૨૦૦૦ અનુત્તરોપપાતિક સાધુઓની સંપદા હતી.

મલ્લી અરિહંતના તીર્થમાં બે પ્રકારની અંતકર ભૂમિ થઈ. તેમાંથી શિષ્ય-પ્રશિષ્ય આદિ વીસ પુરુષો રુપ યુગો સુધી અર્થાત્ વીસમા પાટ સુધી યુગાંતકર ભુમિ થઈ. અને બે વર્ષની પર્યાય થવા પર પર્યાયાન્તકર ભુમિ થઈ ભવ પર્યાયનો અંતકરનાર મોક્ષે જનાર સાધુ થયા. મલ્લી અરિહંત પચ્ચીસ ધનુષ્ય ઉંચા હતા તેમના શરીરનો વર્ણપ્રિયંગુની સમાન હતો. સમચતુરસ્ર સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંહનન હતું. તે મધ્ય દેશમાં સુખે-સુખે વિચરીને જ્યાં સમ્મતશેખર પર્વત હતો ત્યાં આવ્યા. આવીને તેઓએ સમ્મેદશૈલના શિખરપર પાદોપગમન અનશન અંગીકાર કર્યો. મલ્લી અરિહંત એકસો વર્ષ ગૃહવાસમાં રહ્યા સો વર્ષ કમ પંચાવન હજાર વર્ષ કેવળી પર્યાય પાળીને આ પ્રમાણે કુલ પંચાવન હજાર વર્ષનું આયુષ્ય પાળીને-પૂર્ણ કરીને ગ્રીષ્મ ઋતુના પ્રથમ માસ, બીજા પક્ષમાં અર્થાત્ ચૈત્ર માસના શુકલ પક્ષ અને ચૈત્રમાસની શુકલ પક્ષની ચોથની તીથિમાં ભરણી નક્ષત્રનો યોગ ચંદ્રની સાથે થવાપર અર્ધરાત્રિના સમયે અભ્યંતર પરિષદ્‌ની પાંચસો સાધ્વીઓ અને બાહ્ય પરિષદના પાંચસો સાધુઓની સાથે નિર્જલ એક માસના અનેશન પૂર્વક બંને હાથ લાંબા રાખીને વેદનીય આયુ નામ અને ગોત્ર કર્મ ક્ષીણ થવા પર સિદ્ધ થયા. જમ્બૂદ્વીપ- પ્રજ્ઞાપ્તિમાં વર્ણિત નિર્વાણ મહોત્સવ અહીં પણ કહેવો. જોઈએ .

**અધ્યયન-૮-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન-૯-માકંદી

[૧૧૦]શ્રમણ યાવત્ નિર્વાણને પ્રાપ્ત ભગવાન્ મહાવીરે આઠમા જ્ઞાતાધ્યાયનનો આ અર્થ કહ્યો છે, તો હે ભગવાન્ ! નવમા જ્ઞાત અધ્યયનો શું અર્થ પ્રરૂપેલું છે ? હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં ચંપાનગરી હતી. કોણિક રાજા હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે ચંપા નગરીની બહાર ઉત્તરપૂર્વ દિશામાં પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું. તે ચંપા નગરીમાં માકંદી નામનો સાર્થવાહ રહેતો હતો. તે યાવત્ સમૃદ્ધિશાળી હતો. તેની ભદ્રા નામની ભાર્યા હતી. તે ભદ્રાભાર્યાની કુક્ષીએ ઉત્પન્ન બે સાર્થવાહ પુત્રો હતા. જિનપાલિત ને જિનરક્ષિત તે બંને માકંદી પુત્ર એક વાર કોઈ સમયે એકઠા થયા. તો આપસમાં આ પ્રમાણે કથા સમુલ્લાપ થયો. આપણે લોકોએ પોતાવહનથી લવણ સમુદ્રને અગી યાર વાર અવગાહન કરેલ છે. દરેક વખતે આપણે અર્થ-ધનની પ્રાપ્તિ કરેલ છે. કરવાં યોગ્ય કાર્ય કયું અને પછી શીઘ્રતાથી વિઘ્ન વિના પોતાના ઘરે આવ્યાં.તોહેદેવાનુપ્રિયા ! બારમીવાર પણ પોતવહનથી લવણ સમુદ્રમાં અવગાહન કરવું આપણા માટે સારું રહે-શે. આ પ્રમાણે વિચાર કરીને હે માતા-પિતાઃ અમે આપની અનુમતિ લઈ બારમી વાર લવણસમુદ્રમાં જવા ઈચ્છીએ છીએ. ઈત્યાદિ.

તયાર પછી માતા-પિતાએ તે માકંદી પુત્રોને આ પ્રમાણે કહ્યું - હે પુત્રો ! આ તમારા બાપ-દાદા આદિના દ્વારા ઉપાર્જિત પ્રચુરધન છે. તે યાવત્ ભોગવવા તેમજ વહેં-ચવા કરવાને માટે પર્યાપ્ત છે, તેથી પુત્રો ! મનુષ્ય સંબંધી વિપુલ ઋદ્ધિ સત્કારના સમુદાયવાળા ભોગોને ભોગવો, વિઘ્ન-બાધાઓથી યુક્ત અને જેમાં કંઈ આલંબન નથી, એવા લવણ-સમુદ્રમાં ઉતરવાથી શું લાભ છે ? હે પુત્રો બારમી યાત્રા સોપસર્ગ પણ હોય છે. તેથી હે પુત્રો ! તમે બંને બારમી વાર લવણ સમુદ્રમાં પ્રવેશ કરો નહી. જેથી તમારા શરીરને વ્યાપત્તિ ન થાય. ત્યાર પછી માકંદી પુત્રઓએ માતા-પિતાને બીજીવાર અને ત્રીજીવારપણઆ પ્રમાણે કહ્યું માતા પિતા જ્યારે તે માકંદી પુત્રોને સામાન્ય કથન અને વિશેષ કથનના દ્વારા સમજાવવામાં સમર્થ ન થયા ત્યારે ઈચ્છા ન હોવા છતાં તેઓએ તેની અનુમતિ આપી. ત્યારે પછી માતા-પિતાના અનુમતિ પામેલ માકંદીપુત્રો ગણિમ ધરિમ, મેય અને પરિચ્છેદ ચાર પ્રકારનો માલ જહાજમાં ભરીને અર્હન્નકની જેમ લવણ સમુદ્રમાં અનેક સેંકડોં યોજન સુધી ચાલ્યા ગયા

[૧૧૧] ત્યાર પછી તે માકંદી પુત્રોનો અનેક સેંકડો યોજન સુધી અવગાહન કરી જવા પર સેંકડો ઉત્પાત ઊત્પન્ન થયા. તે ઉત્પાત્ત આ પ્રમાણે છે - અકાળમાં ગર્જના થવા લાગી. યાવત્ અકાલમાં સ્તનિત શબ્દ થવા લાગી. પ્રતિકૂળ તેજ હવા ચાલવા લાગી. ત્યાર પછી તે નૌકા પ્રતિકૂળ તોફાની વાયુથી વારંવાર કાંપવા લાગી. વારંવાર એક જગ્યાએથી બીજી જગ્યાએ ચલાયમાન થવા લાગી. વારં વાર સંક્ષુબ્ધ થવા લાગી. પાણીના તીક્ષ્ણ વેગથી વારંવાર ટકરાવા લાગી. હાથથી જેમ જમીન પર દડો પછડાય તેમ જગ્યાએ - જગ્યાએ ઉંચી નીચી થવા લાગી. જેને વિદ્યા સિદ્ધ થઈ છે એવી વિદ્યાધર કન્યા જેમ પૃથ્વીતલથી ઉપર ઉછળે છે તે પ્રમાણે તે ઉપર ઉછળવા લાગી. અને વિદ્યાથી ભ્રષ્ઠ વિદ્યાધર કન્યા જેમ આકાશ તલથી નીચે પડે છે તે પ્રમાણે તે નૌકા પણ નીચે પડવા લાગી. જેમ મહાન ગરુડના વેગથી ત્રાસ પામેલી નાગની ઉત્તમ કન્યા ભયના મારી ભાગે છે, તે જ રીતે તે પણ આમ તેમ દોડવા લાગી. માતા-પિતાદ્વારા જેનો અપરાધ-દુરાચાર જાણી લીધો છે એવા સજ્જન પુરુષના કૂળની કન્યાની જેમ નીચે નમવા લાગી. તરંગોના સેંકડો પ્રહારોથી તાડિત થઈને તે થરથરવા લાગી જેને પતિ મૃત્યુ પામ્યો હોય તેવી નવવધૂ જેમ આંસુ વહાવે છે તેમ પાણીથી ભીંજાયેલ ગ્રંથિઓમાંથી ઝરનારી જળધારાના કારણે તે નૌકા પણ જાણે અશ્રુપાત કરતી હોય તેમ લાગતું હતું. પર ચક્રી-

જૈન સાઈટ JAINSITE જૈન ધર્મ ઉદ્ધરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શત્રુ રાજાના દ્વારા અવરુદ્ધ-ઘેરાયેલ અને તે કારણે ઘોર મહા ભયથી પીડિત કોઇ ઉત્તમ મહા નગરીની સમાન તે નૌકા વિલાપ કરતી હોય તેમ લાગતું હતુંજેમ મોટા જંગલ માંથી ચાલીને નીકળેલી અને થાકેલી મોટી ઉંમરવાળી માતા જેમ હાંફે છે તેમ તે નૌકા પણ વિશ્વાસને જાણે છોડવા લાગી. તપશ્ચરણના ફળ સ્વરૂપ પ્રાપ્ત સ્વર્ગના ભોગ ક્ષીણ થવાના કારણે જેમ શ્રેષ્ઠ દેવી પોતાના ચ્યવના સમયે શોક કરે છે તેમ તે નૌકા પણ જાણે શોક કરતી હોય તેમ લાગતું હતું. તેના કાષ્ઠ અને મુખભાગ ચુરેચુરા થઈ ગયા. તેની મેઢી ભંગ થઇ ગયેલ છે અને માળ સહસા મરડાઈ ગયો. તેને પાણીનો સ્પર્શ વક્ર થવા લાગ્યો એક-બીજા સાથે જોડાયેલા પાટિમાં તડ તડ શબ્દ થવા લાગ્યા તેની જોડ તૂટવા લાગી લોઢાના ખીલા નીકળવા લાગ્યા તેના બધા ભાગ અલગ અલગ થઇ ગયા તેની પટ્ટીઓ સાથે બાંધેલી રસ્સી ભીની થવાથી તૂટી ગઇ. તેથી તેના બધા હિસ્સા વિખરાઇ ગયા તે કાચા શકોરા જેવી થઇ ગઈ. પાણીમાં વિલીન થઇ ગઇ અભાગી મનુષ્યોના મનોરથની સમાન તે અત્યંત ચિંતનીય થઇ ગઇ. નૌકા પર આરૂઢ કર્ણધાર, મલ્લાહ, વણિક અને કર્મચારીઓ હાય હાય કરી વિલાપ કરવા લાગ્યા તે વિવિધ પ્રકારના રત્નો અને માલથી ભરેલી હતી. આ વિપદાના સમયે સેંકડો મનુષ્ય રુદન કરવા લાગ્યા. આક્રંદન કરવા લાગ્યા શોક કરવા લાગ્યા વિલાપ કરવા લાગ્યા. તે સમયે જળની અંદર વિદ્યમાન એક મોટા પર્વતના શિખરની સાથે ટકરાઈને નૌકાનો મસ્તૂલ અને તોરણ ભગ્ન થઇ ગયા. અને ધ્વજ દંડ વાંકોવળી ગયો. નૌકાના વલય જેવા સેંકડો ટુકડા થઇ ગયા તે નૌકા 'કડાક'ના શબ્દ કરીને તે જ સ્થઆને નષ્ટ થઈ ગઈ.

[૧૧૨] બંને માકંદીપુત્રો ચતુર. દક્ષ, અર્થને પ્રાપ્ત કરેલ, કુશળ, બુદ્ધિમાન્, નિપુણ,શિલ્પને પ્રાપ્તકરેલ,ઘણાં જહાજના યુદ્ધ જેવા ખતરનાક કાર્યોમાં કૃતાર્થ, વિજયી, મૂઢતા રહિત. અને સ્ફુર્તિવાળા હતા. તેથી તેઓએ એક મોટું પાટિયું મેળવી લીધું. જે પ્રદેશમાં તે જહાજ નષ્ટ થયું હતું તેજ પ્રદેશમાં-તેની પાસેજ એક રત્નદ્વીપ નામનો મોટો દ્વીપ હતો. તે અનેક યોજન લાંબો પહોળો અને અનેક યોજનના ઘેરાવાળો હતો. તેનો પ્રદેશ અનેક પ્રકારના વૃક્ષોના વનોથી મંડિત હતો. તે દ્વીપ સુંદર સુષમા વાળો પ્રસન્નતા ઉત્પન્ન કરનાર, દર્શનીય, મનોહર અને પ્રતિરૂપ હતો. તે દ્વીપના એકદમ મધ્યભાગમાં એક ઉત્તમ પ્રાસાદ હતો. તેની ઊંચાઇ ઘણી હતી તે પણ સશ્રીક, પ્રસન્નતા પ્રદાયી, દર્શ-નીય, મનોહર રુપવાળો અને પ્રતિરુપ હતો. તે ઉત્તમ પ્રાસાદમાં રત્નદ્વીપદેવતા નામની એક દેવી રહેતી હતી. તે પાપીણી, અતિ પાપીણી ચંડા ભયંકર તુચ્છસ્વભાવવાળી અને સાહસિક હતી તે ઉત્તમ પ્રાસાદોની ચારે દિશાઓમાં ચાર વનખંડ હતા. તે શ્યામ વર્ણ વાળા અને શ્યામ કાન્તિવાળા હતા. ત્યાર પછી તે બંને માકંદીપુત્રો પાટિયાના સહારે તરતાં તરતા રત્ન દ્વીપની સમીપ આવી પહોંચ્યા. રત્નદ્વીપમાં ઉતર્યા. ઉતરીને ફળોની માર્ગણા ગવેષણા કરી. પછી ફૂલોને ગ્રહણ કર્યા. ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને ફળ ખાધા. ફળ ખાઈને નાળિયેરોની ગવેષણા કરી. નાળીયેર ફોડ્યાં. પછી તે તેલથી બંનેએ આપ સમાં માલિશ કરીને વાવડીમાં પ્રવેશ કર્યો. સ્નાન કરીને વાવડીથી બહાર નીકળ્યા. એક પૃથ્વી શિલા પટ્ટપર બેઠા. બેસીને શાંત થયા. વિશ્રામ લીધો અને શ્રેષ્ઠ સુખાસન પર આસીન થયા ત્યાં બેઠા બેઠા ચંપા નગરી, માતા-પિતાની આજ્ઞા લેવી, લવણ સમુદ્રમાં ઉતરવું તોફાની વાયુનું ઉત્પન્ન થવું, નૌકાનું ભાંગીને ડૂબી જવું., પાટિયાના ટુકડાનું મળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જવું અને અંતમાં રત્નદ્વીપમાં આવવું-આ બધી વાતોનો વારંવાર વિચાર કરતા થકા ભગ્નમન થઈ ચિંતામા ડૂબી ગયા.

ત્યાર પછી તે રત્નદ્વીપની દેવીએ તે માકંદીપુત્રોને અવધિજ્ઞાનથી જોયા. જોઈને તેણે હાથમાં ઢાલ અને તલવાર લીધી. સાત-આઠ તાડ જેટલી ઉંચાઈ પર આકાશમાં ઉડી ઉડીને ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી ચાલતી જ્યાં માકંદી પુત્રો હતા ત્યાં આવી. આવી-ને તે જ સમયે કુપિત થઇ અને માકંદી પુત્રોને તીખા કઠોર અને નિષ્ઠુર વચનોથી આ પ્રમાણે કહેવા લાગી- 'અરે માકંદીના પુત્રો ! અપ્રાર્થિતની ઇચ્છા કરનાર ! જો તમે મારી સાથે વિપુલ કામ ભોગ ભોગવતા થકા રહેશો તો તમારું જીવન છે.જો તમે મારી સાથે વિપુલ કામ ભોગ નહીં ભોગવો તો આ નીલ કમલ, ભેંસના શીંગડા અને નીલ દ્રવ્યની ગુટિકાની સમાન કાળી અને છુરાની ધારની સમાન તીક્ષ્ણ તલવારથી તમારા મસ્તકોને તાડફળની જેમ કાપીને એકાંતમાં ફેંકી દઈશ, જે ગંડસ્થલોને અને ડાઢી મૂછોને લાલ કરનાર છે અને મૂછોથી સુશોભિત છે. અથવા જે માતા આદિના દ્વારા સંભારીને સુશોભિત કરેલી કેશોથી શોભાયમાન છે.' ત્યાર પછી તે માકંદી પુત્રો રત્નદ્વીપની દેવીનો આ અર્થ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને ભયભીત થયા.જે કહો તે અમે આપની આજ્ઞા, ઉપપાત, સેવા વચન-આદેશ અને નિર્દેશમાં તત્પર રહેશું ત્યાર પછી રત્નદ્વીપની દેવીએ તે માકંદીપુત્રોને ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને જ્યાં પોતાનો ઉત્તમ પ્રાસાદ હતો ત્યાં આવી. આવીને અશુભ પુદ્ગલોનો દુર કર્યા અને શુભ પુદ્ગલોનો પ્રક્ષેપણ કર્યો અને પછી તેમની સાથે વિપુલ કામ-ભોગોનું સેવન કરવા લાગી. હંમેશા તેમના માટે અમૃત જેવા મધુર ફળ લાવવા લાગી.

[૧૧૩] ત્યાર પછી રત્નદ્વીપની તે દેવીને શક્રેન્દ્રના વચન-આદેશથી સુસ્થિત નામક લવણ સમુદ્રના અધિપતિ દેવે કહ્યું-'તમારે એકવીસ વાર લવણ-સમુદ્રના ચક્કર કાપવાના છે. તે એટલા માટે કે ત્યાં જે કંઈ પણ તૃણ પાંદડા, કાષ્ટ, અશુચિ સડેલી વસ્તુ યા દુર્ગંધિત વસ્તુ આદિ ગંદી ચીજ હોય તે બધી એકવીસ વખત હલાવીને સમુદ્રમાંથી કાઢીને એક તરફ ફેકી દેવાની છે' ત્યાર પછી તે રત્નદ્વીપની દેવીએ તે માકંદી પુત્રોને કહ્યું-હે દેવાનુપ્રિયો ! હું શક્રેન્દ્રના વચનાનુસાર સુસ્થિત નામક લવણ સમુદ્રના અધિપતિ દેવ દ્વારા યાવત્ કચરા આદિ દૂર કરવા જાઉં ત્યાં સુધી તમારે આ ઉત્તમ પ્રાસાદમાં આનંદની સાથે રમણ રહેવું. જો તમને વચ્ચે ઉદ્વેગ થાય, ઉત્સુકતા થાય. અથવા કોઇ ઉપદ્રવ આવે તો તમારે પૂર્વ દિશાનાં વનખંડમાં ચાલ્યા જવું. તે પૂર્વદિશાના વનખંડમાં બે ઋતુઓ સદા સ્વાધીન છે.

[૧૧૪-૧૧૫] પ્રાવૃષ્ ઋતુ તથા વર્ષાઋતુ તેમાંથી પ્રાવૃષ ઋતુ રૂપી હાથી સ્વાધીન છે કંદલ-નવીન લત્તાઓ અને સિલિંધ્ર તે પ્રાવૃષ-હાથીના દાંત છે. નિઉર નામક વૃક્ષના ઉત્તમ પુષ્પ જ તેની ઉત્તમ સૂંઢ છે. કુટજ અર્જુન અને નીપ વૃક્ષોના પુષ્પો જ તેના સુગંધિત મદજળ છે. અને તે વનખંડમાં વર્ષાઋતુ રૂપી પર્વત પણ હંમેશા વિદ્યમાન રહે છે.કારણ કે તે ઇન્દ્રગોપરૂપી પદ્મરાગ આદિ મણિઓથી વિચિત્ર વર્ણવાળા રહે છે. અને તેમાં દેડકાઓના સમૂહના શબ્દ રૂપી ઝરણાની ધ્વનિ થતી. રહે છે ત્યાં મયૂરોના સમૂહ હંમેશા શિખરો પર વિચરતા રહે છે.

[૧૧૬] હે દેવાનુપ્રિયો ! તે પૂર્વ દિશાના ઉદ્યાનમાં તમે ઘણી વાવડીઓમાં યાવત્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણી સરોવરની શ્રેણીઓમાં ઘણાં લતા મંડપોમાં વલ્લીઓના મંડપમા યાવત્ ઘણાંજ પુષ્પમંડપોમાં સુખે સુખે રમણ કરતાં કરતાં સમય વ્યતીત કરજો. કદાચિત્ તમને ત્યાં પણ ઉદ્વેગાદિ થાય તો તમારે ઉત્તર દિશાના વનખંડમાં ચાલ્યા જવું ત્યાં બે ઋતુઓ હંમેશા સ્વાધીન રહે છે. તે આ છે. - શરદ્ અને હેમન્ત. તેમાં શરદ્ [કાર્તિક, માગસર] આ પ્રમાણે છે.-

[૧૧૭-૧૧૮] શરદ્ઋતુ રૂપી ગોપતિ સદા સ્વાધીન છે. સપ્તચ્છદ વૃક્ષોના પુષ્પો તેના કકુંદ છે. નીલોત્પલ પદ્મ અને નલિન તેના શીંગડા છે. સારસ અને ચક્રવાક પક્ષીઓના કુંજન જ તેના ઘોષ છે. તેમાં હેમન્તઋતુ રૂપી ચંદ્રમાં તે વનમાં સદા સ્વાધીન છે. શ્વેત કંદના ફૂલ તેની ધવલ જ્યોત્સના છે. પ્રફુલ્લિત લોધ્રવાળા વન પ્રદેશ તેના મંડલતલછે અને તુષારના જલબિન્દુની ધારાઓ તેના સ્થૂલ કિરણો છે.

[૧૧૯] હે દેવાનુપ્રિયો ! તમારે ઉત્તર દિશાના વનખંડમાં યાવત્ ક્રીડા કરવી. જો તમે ઉત્તર દિશાના વનખંડમાં પણ ઉદ્વેગાદિ પામો તો તમારે પશ્ચિમ દિશાના વનખંડમાં ચાલ્યા જવું. તે વનખંડમાં પણ બે ઋતુઓ સદા સ્વાધિન છે વસન્ત અને ગ્રીષ્મ

[૧૨૦-૧૨૧] તેમાં વસંત ઋતુ રૂપી રાજા સદા વિદ્યમાન રહે છે. વસંત રાજાના આમ્રના પુષ્પોના મનોહર હાર છે. કિંશુક, કર્ણિકાર અને અશોકાના પુષ્પોનો મુકુટ છે. તથા ઉંચા ઉંચા તિલક અને બકુલના ફૂલોનું છત્ર છે. તે વનખંડમાં ગ્રીષ્મ ઋતુ રૂપી સાગર સદા વિદ્યમાન રહે છે. તે ગ્રીષ્મ-સાગર પાટલ અને શિરીષના પુષ્પો રૂપી જલથી પરિપૂર્ણ રહે છે. મલ્લિકા અને વાસન્તિકી લતાઓના કુસુમ જ તેની ઉજ્જવલવેલા જ્વાર છે. તેમાં જે શીતલ અને સુરભિત પવન છે તે જ મગરોનું વિચરણ છે.

[૧૨૨] દેવાનુપ્રિયો ! તમે ત્યાં પણ ઉદ્વેગાદિ પામો. તો આ ઉત્તમ પ્રાસાદમાં જ આવી જવું. અહીં આવીને મારી પ્રતીક્ષા કરવી, પણ દક્ષિણ દિશાના વનખંડ તરફ ન જવું. દક્ષિણ દિશાના વનખંડમાં એક મોટો સર્પ રહે છે. તેનું વિષ ઉગ્ર છે. પ્રચંડ છે. ઘોર છે તેનું વિષ મહાન છે અન્ય બીજા સર્પો કરતાં તેનું શરીર મોટું છે. તે સર્પના અન્ય બીજા વિશેષણો ગોશાલકના વર્ણનમાં કહ્યા પ્રમાણે જાણી લેવા જેમ લુહારની ભઠ્ઠીમાં નાખવામાં આવતું લોઢું 'ધમ ધમ' શબ્દ કરે છે તેમ તે સર્પ પણ તેવો જ 'ધમ ધમ' શબ્દ કરતો રહે છે. તેના પ્રચંડ અને તીવ્ર રોષને કોઈ રોકી શકતો નથી કૂતરીનાં ભસવા સમાન શીઘ્રતા અને ચપલ તાથી તે ધમ ધમ શબ્દ કરતો રહે છે. તેની દૃષ્ટિમાં વિષ છે. તેથી ક્યારેય તમારે ત્યાં જવું નહિ. અન્યથા તમારા શરીર નો વિનાશ થઈ જાય. રત્નદ્વીપની દેવીએ તે વાત બે વાર અને ત્રણ વાર માકંદી પુત્રોને કહી કહીને તેણે વૈક્રિય સમુદ્ઘાતથી વિક્રિયા કરી વિક્રિયા કરીને ઉત્કૃષ્ટ ઉતાવળી દેવગતિથી એકવીસવાર લવણ સમુદ્રના ચક્કર કાપવાને માટે પ્રવૃત્ત થઈ ગઈ.

[૧૨૩] ત્યાર પછી તે માકંદીપુત્રો દેવીના ચાલ્યા જવા પર એક મુહુર્તમાંજ આ ઉત્તમ પ્રાસાદમાં સુખદ સ્મૃતિ, રતિ અને ધૃતિ નહી પામતાં આ પ્રમાણે કહેવા લાગ્યા આપણે પૂર્વ દિશાના વનખંડમાં ચાલવું જોઈએ બંને ભાઈઓએ આપસમાં તે વિચારને અંગીકાર કર્યો તેઓ પૂર્વ દિશાના વનખંડમાં આવ્યા આવીને તે વનખંડની અંદર વાવડી આદિમાં યાવત્ ક્રીડા કરતાં વલ્લીમંડપ આદિમાં વિહાર કરવા લાગ્યા. થોડી સમય પછી તે માકંદીપુત્રો ત્યાં પણ સુખદ સ્મૃતિ યાવત્ શાન્તિ ન પામતા ઉત્તર દિશાના વન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખંડમાં ગયા. પછી પશ્ચિમ દિશાના વનખંડમાં ગયા. જઈને યાવત્ વિહાર કરવા લાગ્યા.

ત્યારે તે માકંદીપૂત્રો ત્યાં પણ સ્મૃતિ યાવત્ શાંતિ ન પામતા કહેવા લાગ્યા - હે દેવાનુપ્રિયો ! આપણે દક્ષિણ દિશાના વનખંડમાં પણ જવું જોઈએ. આ પ્રમાણે કહીને તેઓ દક્ષિણ દિશાના વનખંડમાં જવાનો સંકલ્પ કર્યો રવાના થયા. ત્યારે દક્ષિણ દિશાથી દુર્ગંધ છુટવા લાગી જેમ કોઈ સર્પનું ક્લેવર હોય યાવત્ તેનાથી પણ અધિક દુર્ગંધ આવવા લાગી. ત્યાર પછી તે માકંદીપુત્રોએ તે અશુભ દુર્ગંધથી ગભરાઈને પોત-પોતાના ઉત્તરીયા વસ્ત્રોથી મુખ ઢાંકી લીધું. મુખ ઢાંકીને તેઓ દક્ષિણ દિશાના વનખંડમાં પહોંચ્યા.

ત્યાં તેઓએ એક વધસ્થાન જોયું. જોઈને સેંકડો હાડકાઓના સમૂહથી વ્યાપ્ત અને જોવામાં ભયંકર તે સ્થાન પર શૂલી પર ચઢાવેલ એક પુરૂષને કરુણ, વિરસ અને કષ્ટમય શબ્દ કરતો જોયો. તેને જોઈને તેઓ ડરી ગયા તેઓને મોટો ભય ઉત્પન્ન થયો. પછી તેઓ ત્યાં શૂલી પર ચઢાવેલ પુરૂષ હતો ત્યાં પહોંચ્યાં અને શૂલી પર ચઢાવેલ પુરુષને આ પ્રમાણે કહ્યું - હે દેવાનુપ્રિયે ! આ વધસ્થાન કોનું છે ? તમે કોણ છો ? શા માટે અહીં આવ્યા હતા ? કોણે તમને આ વિપત્તિમાં નાખેલ છે ? ત્યારે શૂલીપર ચઢેલ પુરુષે માકંદીપૂત્રોને આ પ્રમાણે કહ્યું - હે દેવાનુપ્રિયો ! આ રત્નદ્વીપની દેવીનું વધ સ્થાન છે. હું જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં કાકંદી નગરીના નિવાસી અશ્વોનો વ્યાપારી છું. હું ઘણાં અશ્વો અને ભાંડોપકરણ પોત-વહનમાં ભરીને લવણ સમુદ્રમાં ચાલ્યો. ત્યાર પછી પોત વાહન ભાંગી જવાથી મારું બધું ઉત્તમ ભાંડોપકરણ સમુદ્રમાં ડૂબી ગયું મને પાટિયાનો એક ટુકડો મળી ગયો. તેનાં સહારે તરતાં-તરતાં હું રત્નદ્વીપની સમીપમાં આવી ગયો તે સમયે રત્નદ્વીપની દેવીએ મને અવધિજ્ઞાનથી જોયો. જોઈને તેણે મને ગ્રહણ કરી લીધો તે મારી સાથે વિપુલ કામ-ભોગ ભોગવવા લાગી. ત્યાર પછી તે દેવી એકવાર કોઈ સમય મારા નાના અપરાધથી કુપિત થઈ ગઈ અને મને આ વિપત્તિ પહોંચાડેલ છે; ખબર નથી તમારા શરીરને પણ કઈ આપત્તિમાં મૂકશે !

[૧૨૪] ત્યાર પછી તે માકંદીપુત્રો શૂલી પર ચઢેલ તે પુરુષ પાસેથી આ અર્થને સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને અતીવ ભયભીત થઈ ગયા. ત્યારે શૂલી ઉપર ચઢેલ પુરુષને આ પ્રમાણે કહ્યું- દેવાનુપ્રિય ! અમે લોકો રત્નદ્વીપની દેવીના હાથેથી કેવી રીતે છુટકારો પામી શકીએ ? દેવાનુપ્રિયો ! આ પૂર્વદિશાના વનખંડમાં શૈલક યક્ષનું યક્ષાયતન છે. તેમાં અશ્વનું રૂપ ધારણ કરેલ શૈલક નામક યક્ષ નિવાસ કરે છે. તે શૈલક યક્ષ ચૌદસ, અષ્ટમી, અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે એક નિયત સમય આવવા પર જોરથી શબ્દ કહીને આ પ્રમાણે બોલે છે- "કોને તારું કોને પાલૂં ?" તો હે દેવાનુપ્રિયો ! તમે પૂર્વ દિશાના વનખંડમાં જાઓ અને શૈલક યક્ષની મહાન જનોને યોગ્ય પુષ્પોથી પૂજા કરજો. પૂજા કરીને ઘુટણ અને પગ નમાવીને. બંને હાથ જોડીને વિનયની સાથે તેની સેવા કરતાં તમારે ઉભા રહેવું. જ્યારે શૈલક યક્ષ કહે કે-"કોને તારું, કોને પાલૂં, ત્યારે તમારે કહેવું અમને તારો અમને પાલો" આ પ્રમાણે શેલક યક્ષ જ કેવળ રત્નદ્વીપની દેવીના હાથથી પોતાના હાથે સ્વયં તમારો નિસ્તાર કરશે.

ત્યાર પછી તે માકંદીપુત્રો શૂલી પર ચઢેલ પુરુષના તે અર્થને સાંભળીને, અને મનમાં ધારણ કરીને શીઘ્ર, પ્રચંડ, ચપલ, ત્વરાવાળી અને વેગવાળી ગતિથી જ્યાં પૂર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિશાનો વનખંડ હતો અને જ્યાં પુષ્કરિણી હતી ત્યાં આવ્યા આવીને પુષ્કરિણીમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને સ્નાન કર્યું. સ્નાન કર્યા પછી ત્યાં જે કમલ આદિ હતાં તેમને ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને શૈલક યક્ષના યક્ષાયતનમાં આવ્યા યક્ષ પર દૃષ્ટિપડતાં જ તેને પ્રમાણ કર્યા. પછી મહાન જનોને યોગ્ય પૂજા કરી. તેઓ ઘુટણ અને પગ નમાવીને યક્ષની સેવા કરતા થકા, નમસ્કાર કરતા થકા ઉપાસના કરવા લાગ્યા. જેનો સમય સમીપ આવેલો છે. એવા યક્ષે કહ્યું - 'કોને તારૂં કોને પાલૂં' ? ત્યાર પછી માકંદી પુત્રોએ ઉભા થઈને હાથ જોડીને કહ્યું : 'અમને તારો અમને પાલો' ત્યારે શૈલક યક્ષે માકંદીપુત્રોને કહ્યું દેવાનુ પ્રિયો ! તમે મારી સાથે લવણ સમુદ્રની વચ્ચોવચ ગમન કરશો. ત્યારે તે પાપીણી. રુદ્રા, ચણ્ડા, ક્ષુદ્રા અને સાહસિકા, રત્નદ્વિપની દેવી તમને કઠોર, કોમળ, અનુકૂળ, શ્રૃંગારમય અને મોહજનક ઉપસર્ગોથી ઉપસર્ગ કરશે. હે દેવાનુપ્રિયો ! અગર તમે રત્નદ્વિપની દેવી ના તે કથન નો આદર કરશો તેને અંગીકાર કરશો યા અપેક્ષા કરશો તો હું તમને મારી પીઠ ઉપરથી નીચે ફેંકી દઈશ અને જો તમે રત્નદ્વિપના દેવતાનો તે કથનનો આદર આદિ નહિ કરો, મારા હાથથી રત્નદ્વિપની દેવીથી તમારો નિસ્તારકરી દઈશ.

ત્યાર માકંદીપુત્રોએ શૈલક યક્ષને કહ્યું- દેવાનુપ્રિય ! આપ જે કહેશો અમે તેના ઉપપાત - સેવન, વચન - આદેશ. અને નિર્દેશમાં રહીશુંત્યાર પછી શૈલક યક્ષ ઉત્તરપૂર્વ દિશામાં ગયા ત્યાં જઈને તેણે વૈક્રિય સમુદ્ઘાત કરીને એક મોટા અશ્વનારુપની વિક્રિયા કરી અને પછી માકંદી પુત્રોને આ પ્રમાણે કહ્યું તમે મારે પીઠ ઉપર ચઢી જાઓ. ત્યારે માકંદીપુત્રોએ હર્ષિત અને સંતુષ્ટ થઈને શૈલક યક્ષને પ્રણામ કર્યા. તેઓ શૈલકની પીઠ ઉપર આરૂઢ થઈ ગયા. ત્યાર પછી અશ્વરુપધારી શૈલક યક્ષ માકંદીપુત્રોને પીઠ પર આરૂઢ થયેલ જાણીને સાત-આઠ તાડની બરાબર આકાશમાં ઉંચે ઉડ્યો. ઉડીને ઉત્કૃષ્ટ શીઘ્રતાવાળી દેવ સંબંધી દિવ્ય ગતિથી લવણ સમુદ્રની વચ્ચોવચ થઈને જ્યાં જંબુદ્વીપ હતો, ભરતક્ષેત્ર હતું. અને જ્યાં ચંપા નગરી હતી. તે તરફ રવાના થયો.

[૧૨૫] ત્યાર પછી રત્નદ્વીપની દેવીએ લવણ સમુદ્રની ચારે તરફ ચક્કર લગા વીને તેમાં જે કંઈ તૃણ આદિ હતું તે બધું યાવત્ દૂર કર્યું. દૂર કરીને પોતાના ઉત્તમ પ્રાસાદમાં આવી. આવીને તેણીએ માકંદીપુત્રોને ઉત્તમ પ્રાસાદમાં ન જોવાથી પૂર્ણ દિશાના વનખંડમાં ગઈ. ત્યાં જઈને ત્યાં દરેક સ્થળે તેઓની ગવેષણા કરી. ગવેષણા કરવા પર તે માકંદીપુત્રોની ક્યાંય પણશ્રુતિ આદિ ન પામવાથી ઉત્તરદિશાના વનખંડ માં ગઈ. પરંતુ તે ક્યાંય ન દેખાયા ત્યારે તેણીએ અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. પ્રયોગ કરીને તેણીએ માકંદીપુત્રોને શૈલકની સાથે લવણ સમુદ્રની વચ્ચોવચ થઈને ચાલ્યા જતા જોયા જોતાંજ તે તત્કાળ રૂદ્ધ થઈ. તેણીએ ઢાલ તલવાર લઈ અને સાત આઠ તાડ જેટલી ઉંચાઈ પર આકાશમાં ઉડીને ઉત્કૃષ્ટ અને શીઘ્ર ગતિ કરીને જ્યાં માકંદીપુત્રો હતા ત્યાં આવી આવીને આ પ્રમાણે કહેવા લાગી. અરે માકંદીના પુત્રો ! અરે મોતની કામના કરનારા ! શું તમે સમજો છો કે મારો ત્યાગ કરીને, શૈલક યક્ષની સાથે લવણ સમુદ્રની મધ્યમાં થઈને તમે ચાલ્યા જશો ? આટલે ચાલ્યા જવા પર પણ જો તમે મારી અપેક્ષા રાખશો તો તમે જીવતાં રહેશો અને જો મારી અપેક્ષા નહીં કરો તો તો આ નીલ કમલ અને ભેંસના શીંગડા જેવી કાળી તલવારથી યાવત્ તમારું મસ્તક કાપીને ફેંકી દઈશ.

ત્યાર પછી તે માકંદીપુત્રો રત્નદ્વીપની દેવીના આ કથનને સાંભળી ને અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હૃદયમાં ધારણ કરીને ભયભીત ન થયા. ત્રાસ ન પામ્યા ઉદ્વિગ્ન ન થાય. સંભ્રાન્ત ન થયા. તે રત્નદ્વીપની દેવીના આ અર્થનો આદર ન કર્યો. તેને અંગીકાર ન કર્યો, તેની પરવા ન કરી. ત્યાર પછી તે રત્નદ્વીપની દેવી જ્યારે તે માકંદીપુત્રોને ઘણાં પ્રતિકુલ ઉપ સર્ગો દ્વારા ચલિત કરવામાં, ક્ષુબ્ધ કરવામાં. પલટવામાં અને લોભાવવામાં સમર્થ ન થઈ ત્યારે પોતાના મધુર શ્રૃંગારમય અને અનુરાગજનક અનુકૂળ ઉપસર્ગોથી તેમના ઉપર ઉપસર્ગ કરવામાં પ્રવૃત્ત થઈ. દેવી કહેવા લાગી તમે મારી સાથે હાસ્ય કરેલ છે. ચોપાટ આદિ રમેલ છે. મનોવાંછિત કરેલ છે. ઝુલા આદિ પર ઝૂલીને મનોરંજન કરેલ છે. ઉદ્યાન આદિમાં ભ્રમણ કરેલ છે. અને રતિક્રિડા કરી છે. તે બધાને કાંઈ પણ ન ગણતાં મને છોડીને તમે શૈલક યક્ષની સાથે લવણ સમુદ્રની મધ્યમાં જાઓ છો ! ત્યાર પછી રત્નદ્વીપની દેવીએ જિનરક્ષિતનું મન અવધિજ્ઞાનથી (કંઈક શિથીલ) જોયું. તે જોઇને દેવી આ પ્રમાણે કહેવા લાગી-હું હંમેશા જિનપાલિતને માટે અનિષ્ટ અકાન્ત આદિ હતી અને જિનપાલિત મારા માટે અનિષ્ટ અકાન્ત આદિ હતો. પરંતુ જિનરક્ષિતને માટે હું હંમેશા ઈષ્ટ આદિ હતી. અને જિનરક્ષિત મને ઈષ્ટ હતો તેથી જિનપાલિત રોતી આક્રન્દન કરતી. શોક કરતી, અનુતાપ કરતી. અને અલાપ કરતી એવી મારી પરવાહ ન કરે તે હે જિનરક્ષિત ! તું પણ રોતી એવી મારી યાવત્ પરવાહ નથી કરતો ?

[૧૨૬-૧૩૩] ત્યાર પછી તે શ્રેષ્ઠ રત્નદ્વીપની દેવી અવધિજ્ઞાન દ્વારા જિનર ક્ષિતનું મન જાણીને બંને માકંદીપુત્રો પ્રતિ તેમના વધ કરવાના નિમિતે દ્વેષથી યુક્ત તે દેવી લીલા સહિત વિવિધ પ્રકારના ચૂર્ણવાસથી મિશ્રિત દિવ્ય નાસિકા અને મનને તૃપ્તિ દેનાર અને સર્વ ઋતુઓ સંબંધી સુગંધિત પુષ્પોની વૃષ્ટિ કરતી વિવિધ પ્રકારના મણિ સુવર્ણ અને રત્નોની ઘંટડીઓ, ઘુઘરાનુપુર અને મેખલા તે બધા આભૂષણોના શબ્દોથી સમસ્ત દિશાઓ અને વિદિશાઓને વ્યાપ્ત કરતી તે પાપીણી દેવી આ પ્રમાણે કહેવા લાગી. હે હોલ ! વસુલ ગોલ હે નાથ ! હે દપિત હે પ્રિય ! હે રમણ ! હે કાન્ત ! હે સ્વામિન્ હે નિર્ઘૃણ ! હે નિત્થકકા ! હે સ્ત્યાન ! હે નિષ્કૃપ હે અકૃતજ્ઞ હે શિથિલભાવ હે રુક્ષ ! હે અકરુણ ! હે જિનરક્ષિત ! હે મારા હૃદયના રક્ષક મને એકલી, અનાથ, બાંધવવિહીન. તમારા ચરણોની સેવા કરનારી અને અધન્યા ને ત્યાગી દેવી તે તમારે માટે યોગ્ય નથી. હે ગુણોના સમૂહ ! તમારા વિના એક ક્ષણ પણ હું જીવિત રહેવા સમર્થ નથી. સેંકડો મત્સ્ય, આદિના ઘર-સ્વરૂપ આ રત્નાકરની મધ્યમાં, તમારી સામે હું મારો વધ કરૂં છુંઆવો, પાછા આવે. જો તમે કુપિત થયા છો. તો મારો એક અપરાધ ક્ષમા કરો. તમારું મુખ મેઘરહિત નિર્મળ ચંદ્રમા સમાન છે. તમારા નેત્રો શરદ્ઋતુના સદ્યઃ વિકસિત કમલ કુમુદ અને કુવલયના પાંદડાની સમાન અત્યંત શોભાયમાન છે. એવા નેત્રવાળા તમારા મુખના દર્શનની ઈચ્છાથી હું અહીં આવી છું. તમારા મુખને જોવાની મારી અભિલાષા છે. હે નાથ ! તમે મારી તરફ જુઓ, જેથી હું તમારા મુખ કમળને જોઈ લઉં. આ પ્રમાણે પ્રેમપૂર્ણ. સરલ અને મધુર વચન વારં વાર બોલતી તેપાપિની અને પાપપૂર્ણહૃદયવાળીદેવી માર્ગમાં તેની પાછળ પાછળ ચાલી.

[૧૩૪] ત્યાર પછી પૂર્વોક્ત કાનોને સુખ દેનાર અને મનને હરણ કરનાર આભૂષણોના શબ્દોથી તથા તે પ્રણયયુક્ત, સરળ અને મધુર વચનોથી જિનરક્ષિતનું મન ચલાયમાન થઇ ગયું. તેને પહેલાં કરતા તેણી પર દ્વિગુણિત રાગ ઉત્પન્ન થયો. તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રત્નદ્વીપનીદેવીના સુંદર સ્તન, જાંઘ, મુખ, હાથ, પગ, નેત્રના લાવણ્યની, રૂપની અને યૌવનની લક્ષ્મીનું સ્મરણ કરવા લાગ્યો. તેની સાથે હર્ષ અને ઉતાવળથી કરેલ આલિંગનોને, ચેષ્ટાઓને, નેત્રના વિકારોને, વિહસિતને, કટાક્ષને, કામક્રીડાજનિત નિઃશ્વાસોને, સ્ત્રીના ઈચ્છિત અંગના મર્દનને, ઉપલલિતને, સ્થિત ને. ગતિને પ્રણયદોષને, તથા પ્રસાદિમને, સ્મરણ કરતાં જિનરક્ષિતની મતિરાગથી મોહિત થઈ, તે વિવશ થઈ. ગયો-પોતાના પર કાબુ ન રાખી શક્યો, કર્મને આધિન થઈ ગયો અને તે લજ્જાની સાથે પાછળ, તેણીનું મુખ જોવા લાગ્યો. જિનરક્ષિતને દેવી ઉપર અનુરાગ ઉત્પન્ન થયો. તેથી મૃત્યુ રૂપી રાક્ષસે તેના ગળામાં હાથ નાખીને તેની મતિ ફેરવી દીધી, તેણે દેવીની તરફ જોયું, તે શૈલક યક્ષે અવધિજ્ઞાનથી જાણી લીધું અને સ્વસ્થતાથી રહિત તેને ધીરે ધીરે પોતાની પીઠ ઉપરથી ફેંકી દીધો. ત્યાર પછી તે નિર્દય અને પાપિણી રત્ન દ્વીપની દેવીએ દયનીય જિનરક્ષિતને શૈલકની પીઠ ઉપરથી પડતો જોઈને કહ્યું 'રે દાસ ! તું મર્યો.' આ પ્રમાણે કહીને સમુદ્રના પાણી સુધી પહેંચો, તે પહેલા જ બન્ને હાથોવડે પકડીને, ચિલ્લાતા જિન-રક્ષિતને ઉપર ઉછળ્યો, જ્યારે તે નીચે આવ્યો ત્યારે તેને તલવારના ધાર પર ઝીલી લીધો.જિનરક્ષિતનાટુકડે-ટુકડા કરી નાંખ્યા. રુધિરથી વ્યાપ્ત અંગોપાંગોને ગ્રહણ કરી-ને, બંને હાથની અંજલિ કરીને, હર્ષિત થઈને તેના ઉત્ક્ષિપ્તબલિ-દેવતાને ઉદ્દેશ્ય કરીને આકાશમાં ફેંકેલી બલિની જેમ, ચારે દિશાઓને બલિદાન આપ્યું.

[૧૩૫] આ પ્રમાણે હે આયુષ્યમન શ્રમણો ! આપણ નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓની પાસે પ્રવ્રજિત થઈને, ફરીથી મનુષ્ય સંબંધી કામભોગોનો આશ્રય લે છે, યાચના કરે છે, સ્પૃહા કરે છે, એવી અભિલાષા કરે છે, યા દૃષ્ટઅદૃષ્ટ શબ્દાદિના ભોગની ઈચ્છા કરે છે, તે મનુષ્ય આ જ ભવમાં ઘણા સાધુઓ, ઘણી સાધ્વીઓ, ઘણા શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓ દ્વારા નિંદનીય થાય છે, યાવત્ અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

[૧૩૬-૧૩૭] પાછળ જોનાર જિનરક્ષિત છેતરાઈ ગયો અને પાછળ ન જોનાર જિનપાલિત નિર્વિઘ્ને પોતાના સ્થાન પર પહોંચી ગયો. તેથી પ્રવચનસારમાં આસક્તિ રાખવી જોઈએ. ચારિત્ર ગ્રહણ કરીને પણ જે ભોગોની ઈચ્છા કરે છે, તે ઘોર સંસાર-સાગરમાં પડે છે અને જે ભોગની ઈચ્છા નથી કરતો, તે સંસાર રૂપી વનને પાર કરે છે.

[૧૩૮] ત્યાર પછી રત્નદ્વીપની તે દેવી જિનપાલિતની પાસે આવી. આવીને ઘણાં અનુકૂળ, પ્રતિકૂળ, કઠોર, મધુર, શ્રૃઙ્ગારવાળા અને કરુણા જનક ઉપસર્ગો દ્વારા જ્યારે તેને ચલાયમાન કરવામાં, ક્ષુબ્ધ કરવામા અને મનને પલટાવવામાં અસમર્થ રહી ત્યારે તે મનથી થાકી ગઈ, શરીરથી થાકી ગઈ અને ગ્લાનિને પ્રાપ્ત થઈ અને અતિશય ખિન્ન થઈ ગઈ. ત્યારે જે દિશાથી આવી હતી, તે દિશામાં પાછી ચાલી ગઈ. તે શૈલક યક્ષ, જિનપાલિતની સાથે, લવણસમુદ્રની વચ્ચોવચ થઈને ચાલ્યો. ચાલીને જ્યાં ચંપાનગરી હતી, ત્યાં આવ્યો. આવીને ચંપાનગરીની બહાર શ્રેષ્ઠ ઉદ્યાનમાં પોતાની પીઠ ઉપરથી જિનપાલિતને નીચે ઉતાર્યો. ઉતારીને કહ્યું-હે દેવાનુપ્રિય ! જુઓ, આ ચંપા નગરી દેખાય છે. આમ કહીને તેણે જિનપાલિત પાસેથી રજા લીધી અને પાછો ગયો.

[૧૩૯] ત્યાર પછી જિનપાલિતે ચંપા નગરીમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને જ્યાં પોતાનું ઘર હતું. જ્યાં માતા-પિતા હતા, ત્યાં આવે છે. આવીને રોતાં-રોતાં યાવત્ વિલાપ કરતાં માતા પિતાને જિનરક્ષિતનો વૃત્તાન્ત કહે છે. ત્યાર પછી જિનપાલિતે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના માતા પિતાએ મિત્ર, જ્ઞાતિ, સ્વજન યાવત્ પરિવારની સાથે રોતાં-રોતાં ઘણાં લૌકિક મૃતકૃત્ય કર્યા. મૃતકૃત્ય કરીને તેઓ કેટલાંક સમય પછી શોક રહિત થયા. ત્યાર પછી કોઈ સમયે સુખાસન પર સ્થિત જિનપાલિતને માતા-પિતાએ આ પ્રમાણે પ્રશ્ન કર્યો-'હે પુત્ર ! જિનરક્ષિત કેવી રીતે કાળધર્મ (મૃત્યુ)ને પ્રાપ્ત થયો ?' ત્યારે જિનપાલિતે માતા-પિતાને પોતાનો સર્વ વૃત્તાન્ત જેવો હતો તેવો સત્ય અને અસંદિગ્ધ કહી સંભળાવ્યો. ત્યાર પછી જિનપાલિત યાવત્ શોક રહિત થઈને યાવત્ વિપુલ કામ-ભોગ ભોગવતો રહેવા લાગ્યો.

[૧૪૦] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર, જ્યાં ચંપા નગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું, ત્યાં પધાર્યા. ભગવાનની ધર્મદેશના સાંભળવા પરિષદ્ નીકળી. કોણિકરાજા પણ નિકળ્યો જિનપાલિતે ધર્મોપદેશ શ્રવણ કરીને દીક્ષા અંગીકાર કરી. ક્રમશઃ અંગીયાર અંગના જ્ઞાતા થઈને, અંતમાં એક માસનું અનશન કરીને યાવત્ સૌધર્મ કલ્પમાં દેવના રૂપમાં ઉત્પન્ન થયો. ત્યાં બે સાગરની તેની સ્થિતિ કહેલ છે. ત્યાંથી ચ્યવન કરીને યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધિ પ્રાપ્ત કરશે. આ પ્રમાણે હે આયુષ્યમન શ્રમણો ! જે મનુષ્યો યાવત્ મનુષ્ય સંબંધી કામ ભોગોની પુનઃઅભિલાષા નથી કરતા, તે જિનપાલિતની જેમ યાવત્ સંસાર સમુદ્રને પાર કરશે.

**અધ્યયન-૯-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## [અધ્યયન-૧૦-ચંદ્રમા]

JAINSITE જૈન સાઈટ જૈન જાગૃતિ શાસનમ્

[૧૪૧] શ્રમણ ભગવાન મહાવીરે નવમ જ્ઞાતાધ્યયનનો આ અર્થ ફરમાવેલ છે, તો દશમ જ્ઞાતાધયયનનો શું અર્થ ફરમાવેલ છે ? જમ્બૂ ! આ પ્રમાણે નિશ્ચયથી તે કાળ અને તે સમયમાં રાજગૃહ નામનું નગર હતું. શ્રેણિક રાજા હતો. નગરની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં ગુણશીલ ચૈત્ય હતું.

તેકાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી અનુક્રમથી વિચરતાં. એક ગામથી બીજા ગામ જતાંજ્યાં ગુણશીલ ઉદ્યાન હતું, ત્યાં પધાર્યા, ભગવાનની ધર્મ દેશના સાંભળવા માટે પરિષદ્ નીકળી. શ્રેણિકરાજા પણ નીકળ્યો. ધર્મોપદેશ સાંભળીને પરિષદ્ પાછી ગઈ. ત્યાર પછી ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન્ મહાવીરને આ પ્રમાણે કહ્યું - ભગવન્ ! જીવ કયા કારણે હાનિને પામે છે ? જીવ શાશ્વત, અનાદિ અને અનંત છે તેથી તેની સંખ્યામાં હાનિ વૃદ્ધિ થતી નથી. એક એક જીવના પ્રદેશ અસંખ્યાત છે. તે પ્રદેશોમાં પણ હાનિ વૃદ્ધિ થતી નથી. જીવના ગુણોનો વિકાસ તે જીવની વૃદ્ધિ અને ગુણોને હ્રજ જીવની હાની છે. ભગવાન્,ગૌતમ સ્વામીના પ્રશ્નો ઉત્તરઆપેછે-હે ગૌતમ ! જેમ કૃષ્ણ પક્ષની પ્રતિપદાનો ચન્દ્ર, પૂર્ણિમ ના ચન્દ્રની અપેક્ષાએ વર્ણથી હીન, સૌમ્યતાથી હીન, સ્નિગ્ધતાથી હીન હોય છે, કાન્તિથી હીન હોય છે, તેમજ દીપ્તિથી, યુક્તિથી, છાયાથી, પ્રભાથી, ઓજસ્થી, લેશ્યાથી અને મંડલથી હીન હોય છે. કૃષ્ણપક્ષની બીજનો ચંદ્ર, એકમના ચંદ્ર કરતાં વર્ણથી હીન હોય છે યાવત્ મંડલથી હીન હોય છે. ત્યાર પછી તૃતીયાનો ચંદ્રમાં, બીજના ચંદ્રમાં કરતાં વર્ણથી યાવત્ મંડલથી પણ હીન હોય છે આ પ્રમાણે યાવત્ અમાવસ્યાનો ચંદ્ર ચૌદશના ચંદ્રની અપેક્ષાથી, વર્ણ આદિથી સર્વથા માટે થાય છે, યાવત્ મંડલથી નષ્ટ થાય છે.

આ પ્રમાણે હે આયુષ્મમન્ શ્રમણો ! અમારાં જે સાધુ અથવા સાધ્વી પ્રવ્રજિત થઈને ક્ષાન્તિથી હીન હોય છે, તેમજ મુક્તિથી આર્જવથી, માર્દવથી, લાઘવથી, સત્યથી, તપથી, ત્યાગથી, આકિંચન્યથી અને બ્રહ્મચર્યથી, આ દશ મુનિધર્મોથી હીન થાય છે. તે પછી ક્રમશઃ ક્ષાન્તિથી હીન અને અધિક હીન થતો જાય છે, યાવત્ બ્રહ્મચર્યથી, આ પ્રમાણે આ ક્રમથી હીન-હીનતર થતો તેના ક્ષમા આદિ ગુણો નષ્ટ થઈ જાય છે. જેમ શુકલ પક્ષની પ્રતિપદાનો ચંદ્ર અમાવસ્યાના ચંદ્રની અપેક્ષાએ વર્ણથી યાવત્ મંડલથી અધિક હોય છે. આ પ્રમાણે ક્રમથી પરિવૃદ્ધિ પામતો યાવત્ પૂર્ણિમાનો ચંદ્ર ચૌદશના ચંદ્રની અપેક્ષાથી અધિકતર વર્ણવાળો અને પ્રતિપૂર્ણ મંડળવાળો હોય છે.

આ પ્રમાણે હે આયુષ્યમાન શ્રમણો ! જે અમારા સાધુ અથવા સાધ્વી યાવત્ દીક્ષિત થઈને ક્ષમાથી અધિક વૃદ્ધિ પામે છે યાવત્ બ્રહ્મચર્યથી પણ અધિક થાય છે, તે ક્રમશઃ ક્ષમાથી યાવત્ બ્રહ્મચર્યથી અધિક અધિક થતા જાય છે. નિશ્ચયથી તે ક્રમશઃ વધતાં વધતા યાવત્ તે ક્ષમા આદિ તેમજ બ્રહ્મચર્યથી પરિપૂર્ણ થઈ જાય છે. આ પ્રમાણે જીવ વૃદ્ધિને પામે છે અને હાનિને પામે છે.

**અધ્યયન-૧૦-નીમુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૧૧-દાવદવ

[૧૪૨] દશમાં જ્ઞાત અધ્યયનનો શ્રમણ ભગવાન્ મહાવીરે આ અર્થ કહ્યો છે તો હે ભગવન્ ! અગીયારમાં અધ્યયનનો શું અર્થ ફરમાવેલ છે ?' હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નામનું નગર હતું શ્રેણિક નામનો રાજા હતો. તે રાજગૃહની નગર બહાર ઉત્તર-પૂર્વ દિશામાં ગુણશીલ નામક ઉદ્યાન હતું.

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીર અનુક્રમથી વિચરતાં, યાવત્ ગુણશીલનામકઉદ્યાનમાં સમવસૃત થયા. ધર્મશ્રવણ કરવા માટે રાજા શ્રેણિક નીકળ્યો. લોકો નીકળ્યા ભગવાનને ધર્મને ઉપદેશ આપ્યો. જનસમૂહ પાછો ફરી ગયો. ત્યારે પછી ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને કહ્યું-ભગવાન ! જીવ કેવી રીતે આરાધક અથવા વિરાધક થાય છે. 'હે ગૌતમ ! જેમ કોઈ સમુદ્રના કિનારા ઉપર દાવદ્રવ નામક વૃક્ષોકહેલ છે. તે કૃષ્ણવર્ણવાળા યાવત્ ગુચ્છારૂપ છે. પાંદડાવાળાં, ફૂલવાળાં, ફળવાળાં, પોની હરિયાળીના કારણે મનોહરઅને શ્રી થીઅત્યંત શોભિત થઈને સ્થિત છે.

જ્યારે દ્વીપ સંબંધી કંઈક સ્નિગ્ધ અથવા પૂર્વ દિશા સંબંધી વાયુ, પથ્યવાત યા પશ્ચિમી વાયુ, મંદવાયુ અને મહાવાત ચાલે છે ત્યારે ઘણા દાવદ્રવ વૃક્ષો પત્રયુક્ત થઈને યાવત્ ઉભાં રહે છે. તેમાંથી કેટલાક દાવદ્રવ વૃક્ષો જીર્ણ જેવા થઈ જાય છે. સડેલા પાંદડાવાળા થઈ જાય છે. તેથી તે ખરેલાં પીળા પાંદડા પુષ્પો અને ફળો વાળાં થઈ જાય છે અને સુકાયેલા વૃક્ષની જેમ કરમાયેલ થઈને ઉભાં રહે છે. આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! અમારા જે સાધુ અથવા સાધ્વી યાવત્ દીક્ષિત થઈને ઘણા સાધુઓ અને ઘણા સાધ્વીઓ ઘણા શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓના પ્રતિકૂળ વચનોને સહન કરે છે, પરંતુ અન્ય તીર્થિકોના તથા ગૃહસ્થોના દુર્વચનને સમ્યક પ્રકારે સહન નથી કરતા એવા પુરુષને હે આયુષ્યમન્ શ્રમણો ! મેં દેશ વિરાધક કહેલ છે.

જ્યારે સમુદ્ર સંબંધી ઈષત પુરોવાત, પથ્ય યા પશ્ચાત્ વાત, મંદવાત અને

મહાવાત વાય છે. ત્યારે ઘણા દાવદ્રવ વૃક્ષો જીર્ણ થઈ જાય છે, મૃતપ્રાય થઈ જાય છે યાવત્ કરમાતા કરમાતા ઉભા રહે છે. પરંતુ કોઈ કોઈ દાવદ્રવ વૃક્ષ પવિત્ર, પુષ્પિત, યાવત્ અત્યંત શોભાયમાન ઉભા રહે છે. આ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! જે અમારા સાધુ યા સાધ્વી દીક્ષિત થઈને ઘણા અન્ય તીર્થિકો અને ઘણા ગૃહસ્થોના દુર્વચનોને સમ્યક્ પ્રકારે સહન કરે છે અને ઘણા સાધુઓ, ઘણી સાધ્વીઓ, ઘણા શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓના દુર્વચનને સમ્યક્ પ્રકારે સહન કરતા નથી તેને હું દેશથી આરાધક કહું છું.

જ્યારે દ્વીપ સંબંધી અને સમુદ્ર સંબંધી એક પણ ઈષત પુરોવાત, પથ્ય વાત અથવા પશ્ચાત્ વાત, યાવત્ મહાવાત નથી વાતો, ત્યારે બધા દાવદ્રવ વૃક્ષશ્રી જીર્ણ જેવા થઈ જાય છે યાવત્ કરમાતા-કરમાતા રહે છે. આ પ્રમાણે આયુષ્મન શ્રમણો ! અમારા જે સાધુ યા સાધ્વી યાવત્ પ્રવ્રજિત થઈને ઘણા સાધુઓ, ઘણી સાધ્વીઓ, ઘણા શ્રાવકો, ઘણી શ્રાવિકાઓ, ઘણા અન્ય તીર્થિઓ અને ઘણા ગૃહસ્થોનાદુર્વચન શબ્દોને સમ્યક્ પ્રકારે સહન નથી કરતા, તે પુરુષને હે આયુષ્મન્ શ્રમણો ! હું સર્વ વિરાધક કહું છું.

જ્યારે દ્વીપ સંબંધી પણ અને સમુદ્ર સંબંધી પણ ઈષત્ પુરોવાત, પથ્ય યા પશ્ચાત્ વાત યાવત્ વાય છે. ત્યારે બધા દાવદ્રવ વૃક્ષો પત્રિત, પુષ્પિત યાવત્ સુશોભિત રહે છે. એજ પ્રમાણે અમારા જે સાધુ અથવા સાધ્વીઓ ઘણા શ્રમણોના, ઘણી શ્રાવિકાઓના, ઘણા શ્રાવકોના, ઘણી શ્રાવિકાઓના, ઘણા અન્ય તીર્થીકોના અને ઘણા ગ્રહસ્થોના દુર્વચનોને સમ્યક્ પ્રકારથી સહન કરે છે, તે પુરુષને મેં સર્વારાધક કહેલ છે.

**અધ્યયન-૧૧-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન-૧૨-ઉદક

[૧૪૩]શ્રમણ ભગવાન મહાવીરે અગીયારમાં જ્ઞાતાધ્યયનનો આ અર્થ ફરમાવેલ છે બારમાં જ્ઞાતધ્યયનનો શું અર્થ ફરમાવેલ છે ? હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં ચંપા નામની નગરી હતી. તેની બહાર પૂર્ણભદ્રચૈત્ય હતું જિતશત્રુ રાજા હતો. જિતશત્રુ રાજાને ધારિણીરાણી હતી. તે પરિપૂર્ણ પાંચે ઈન્દ્રિયોવાળી યાવત્ સુંદર રૂપવાળી હતી. જિતશત્રુ રાજાનો પુત્ર અને ધારિણી દેવીનો આત્મજ અદીનશત્રુ કુમાર યુવરાજ હતો. સુબુદ્ધિમંત્રી હતો. તે યાવત્ રાજ્યની ધુરાનો ચિંતક, શ્રમણોપાસક અને જીવ અજીવ આદિ તત્ત્વોનો જ્ઞાતા હતો.

ચંપા નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં એક ખાઈનું પાણી હતું. તે પાણી ચર્બી, નસો, માંસ, લોહી, અને પરુથી યુક્ત હતું. મૃતક શરીરોથી વ્યાપ્ત હતું. વર્ણથી યાવત્ સ્પર્શથી અમનોજ્ઞ હતું. જેમ કોઈ સર્પનું મૃતક કલેવર હોય, ગાયનું કલેવર હોય, યાવત્ મરેલ, સડેલ, ગળેલ, કૃમીઓથી વ્યાપ્ત, જીવાતના સમૂહથી ભરેલું હતું. જીવોથી વ્યાપ્ત હતું. અશુચિ, વિકૃત, બિભત્સ બીક લાગે તેવું. દેખાતું હતું. શું તે પાણી એવા સ્વરૂપ વાળું હતું ? નહી, તે અર્થ સમર્થ નથી. તે પાણી એનાથી પણ વધારે અમનોજ્ઞ રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળું હતું. જિતશત્રુ રાજા એકવાર કોઈ સમયે સ્નાન કરીને, બલિકર્મ કરીને, યાવત્ અલ્પ પણ બહુમૂલ્યવાન્ આભરણોથી શરીરને અલંકૃત કરીને, અનેક રાજા ઈશ્વર યાવત્ સાર્થવાહ આદિની સાથે ભોજનના સમયે સુખદ આસન પર બેસીને, વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન કરી રહ્યો હતો, યાવત્ ભોજન લઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી હાથ મુખ ધોઈને, પવિત્ર થઈને તે વિપુલ અશન, પાન આદિના વિષયમાં તે વિસ્મયને પામ્યો. તેથી તે ઘણા ઈશ્વર યાવત્ સાર્થવાહ આદિને આપ્રમાણે કહેવા લાગ્યો.

અહો દેવાનુપ્રિયો ! તે મનોજ્ઞ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, ઉત્તમ વર્ણથી યુક્ત યાવત્ ઉત્તમ સ્પર્શથી યુક્ત છે. યાવત્ ઉત્તમ રસ, રૂપ, ગંધ અને વર્ણથી શ્રેષ્ઠ છે. તેથી આસ્વાદન કરવા યોગ્ય, છે. પુષ્ટિકારક છે, બળને દીપ્ત કરનાર છે, દર્પ ઉત્પન્ન કરનાર છે, મદનું જનક છે. અને બળવર્ધક છે. સમસ્ત ઈન્દ્રિયોને અને ગાત્રને વિશિષ્ટ આહ્લાદ ઉત્પન્ન કરનાર છે. ત્યાર પછી તે ઘણા ઈશ્વર યાવત્ સાર્થવાહ પ્રભૃતિ જિતશત્રુને આ પ્રમાણે કહેવા લાગ્યા- આપ જેમ કહો છો તેમ જ છે. ત્યાર પછી જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્યને પણ એ પ્રમાણે કહ્યું ત્યારે સુબુદ્ધિ અમાત્યે જિતશત્રુના આ કથનનું આદર ન કર્યું યાવત્ તે મૌન રહ્યો.

જિતશત્રુ રાજાએ જ્યારે બીજીવાર ત્રીજીવાર પણ આ પ્રમાણે કહ્યું ત્યારે સુબુદ્ધિ અમાત્યે કહ્યું- સ્વામિન્ ! હું આ મનોજ્ઞ અશન. આદિથી જરા પણ વિસ્મિત થતો નથી સુરભિ શબ્દ વાળા પુદ્ગલો પણ દુરભિ શબ્દના રૂપમાં પરિણત થાય છે. દુરભિ શબ્દવાળા પુદ્ગલો પણ ઉત્તમ શબ્દના રૂપમાં પરિણત થાય છે.યાવત્ શુભ સ્પર્શવાળા પુદ્ગલો અશુભ સ્પર્શવાળા બની જાય છે. અને અશુભ સ્પર્શવાળા પુદ્ગલો શુભ સ્પર્શવાળા બની જાય છે. હે સ્વામિન્ દરેક પુદ્ગલોમાં પ્રયોગથીઅને વિશ્રસા પરિવર્તન થયા કરે છે. આ સમયે જિતશત્રુ રાજાએ એમ કહેતા સુબુદ્ધિ અમાત્યના વચનને આદર ન આપ્યો, અનુમોદન ન આપ્યું, પરંતુ તે ચુપચાપ બેસી રહ્યો. ત્યાર પછી એકવાર કોઈ સમયે જિતશત્રુ સ્નાન કરીને ઉત્તમ અશ્વની પીઠ પર સવાર થઈને બહુસંખ્યક ભટો અને સુભટોની સાથે અશ્વવાહનિકા ઘોડા સવારી માટે નીકળ્યો અને તે ખાઈ પાસે પહોંચ્યો. ત્યાર પછી જિતશત્રુ રાજાએ ખાઈના પાણીની અશુભ ગંધથી ગભરાઈને પોતાના ઉતરીય વસ્ત્રથી પોતાનું મુખ ઢાંકી લીધું તે એક તરફ ચાલ્યો ગયા અને સાથેના રાજા ઈશ્વર યાવત્ સાર્થવાહ વગેરેને આ પ્રમાણે કહેવા લાગ્યા અહો દેવાનુપ્રિયો ! આ ખાઈનું પાણી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી અમનોજ્ઞ અત્યંત અશુભ છે. જેમ સર્પનું મૃત કલેવર હોય તેનાથી પણ અધિક અશુભ અમનોજ્ઞ છે. ત્યાર પછી તે રાજા, ઈશ્વર, સાર્થવાહ વગેરે આ પ્રમાણે બોલ્યા : 'હે સ્વામિન્ આપ જે આવું કહો છો તે સત્ય જ છે.

ત્યારે રાજાએ સુબુદ્ધિ અમાત્યને પણ તે પ્રમાણે કહ્યું ત્યારે સુબુદ્ધિ અમાત્ય મૌન રહ્યો. ત્યારે પછી જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્યને બીજીવાર અને ત્રીજીવાર પણ આ પ્રમાણે કહ્યું - ત્યારે સુબુદ્ધિ અમાત્યે કહ્યું-'હે સ્વામિન્ મને આ ખાઈના પાણીના વિષયમાં તેના મનોજ્ઞ અને અમનોજ્ઞ થવામાં કંઇ વિસ્મય નથી. કેમકે શુભ શબ્દના પુદ્ગલો પણ અશુભ શબ્દના રૂપમાં પરિણત થઈ જાય છે.' ઈત્યાદિ યાવત્ મનુષ્યોના પ્રયત્નથી કે સ્વાભાવિક રૂપથી પણ પુદ્ગલોમાં પરિણમન થતું રહે છે એમ કહેલ છે. ત્યાર પછી જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્યને આ પ્રમાણે કહ્યું - 'દેવાનુપ્રિય ! તમે પોતે પોતાને, બીજાને અને સ્વ-પર બંનેને, અસત્ વસ્તુ યા વસ્તુધર્મની ઉદ્ભાવના કરી-ને ભ્રમમાં ન નાંખો. ચતુર ન સમજો.'

જિતશત્રુની વાત સાંભળીને પછી સુબુદ્ધિ ને આ પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો-અહો જિતશત્રુ રાજા સત્, તત્ત્વરૂપ, તથ્ય, અવિતથ્ય અને સદ્ભૂત જિનભગવાન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વારા પ્રરૂપિત ભાવોને નથી જાણતા તેથી મારા માટે તે શ્રેયસ્કર છે કે હું જિતશત્રુ રાજાને સત્ તત્ત્વરૂપ તથ્ય, અવિતથ અને સદ્‌ભૂત જિનેન્દ્ર પ્રરૂપિત ભાવોને સમજાવુંઅને તે વાતને અંગીકાર કરાવું. સુબુદ્ધિ અમાત્યે આ પ્રમાણે વિચાર કર્યો. વિચાર કરીને વિશ્વાસપાત્ર પુરુષ પાસેથી ખાઈના માર્ગના વચ્ચેની કુંભારની દુકાનેથી નવાઘડાઓનો સમૂહ લીધો. ઘડા લઈને જ્યારે કોઈ વિરલ મનુષ્ય ચાલતા હતા. અને જ્યારે લોકો પોતપોતાના ઘરે વિશ્રામ લેવા લાગ્યા, એવા સંધ્યાકાળના અવસરે જ્યાં ખાઈનું પાણી હતું ત્યાં આવ્યા. આવીને ખાઈનું તે પાણી ગ્રહણ કરાવ્યું. તેને નવા ઘડામાં ગળાવ્યું. નંખાવીને તે ઘડાને લાંછિત-મુદ્રિત કરાવ્યા પછી સાત રાત દિવસ તેને રહેવા દીધો. સાત રાત્રિ-દિવસ પછી તે પાણીને બીજીવાર કોરા ઘડામાં ગળાવ્યું તેમાં તાજી રાખ નંખાવી. અને પાછો તે ઘડાને લાંછિત-મુદ્રિત કરાવી દીધો. સાત રાત્રિ દિવસ તેને રહેવા દીધો. ત્રીજી વાર નવીન ઘડામાં તે પાણી નંખાવ્યું. યાવત્ સાત રાત દિવસ તેને રહેવા દીધું. આ પ્રમાણે આ ઉપાયથી વચવચમાં ગળાવ્યું વચ્ચે વચ્ચે કોરા ઘડામાં નંખાવ્યું. અને વચ્ચે-વચ્ચે રખાવેલ તે પાણી સાત સાત રાત્રિ-દિવસ રાખી મૂકવામાં આવ્યું. ત્યાર પછી પરિણત થતું તે ખાઈનું પાણી સાત સપ્તાહમાં ઉદકરત્ન બની ગયું, તે સ્વચ્છ, પથ્ય, આરોગ્યકારી, જાત્ય હલકું થઈ ગયું. મનોજ્ઞ વર્ણથી યુક્ત, ગંધથી યુક્ત, રસથી યુક્ત અને સ્પર્શથી યુક્ત આસ્વાદન કરવા યોગ્ય યાવત્ દરેક ઈન્દ્રિયો તથા ગાત્રને અતિ આહ્લાદ ઉત્પન્ન કરનાર થઈ ગયું. ત્યાર પછી સુબુદ્ધિ અમાત્ય તે ઉદક રત્નની પાસે પહોંચ્યો. પહોંચીને હથેલીમાં લઈને તેનું આસ્વાદન કર્યું. આસ્વાદન કરીને તેને મનોજ્ઞ વર્ણથી યુક્ત, ગંધથી યુક્ત, રસથી યુક્ત અને સ્પર્શથી યુક્ત આસ્વાદન કરવા યોગ્ય યાવત્ દરેક ઈન્દ્રીયને અને ગાત્રને અતિશય આહ્લાદજનક જાણીને હૃષ્ટ-તુષ્ટ થયો. પછી તે પાણીને સુસ્વાદિષ્ટ બનાવનાર દ્રવ્યોથી સ્વાદિષ્ટ અને સુગંધિત બનાવ્યું. સ્વાદિષ્ટ બનાવીને પછી જિતશત્રુ રાજાના કર્મચારીને બોલાવીને કહ્યું- 'દેવાનુપ્રિય ! તમે આ ઉદકરત્ન લ્યો. તેને લઈને રાજાના ભોજન સમયે તે પાણી આપવું.' ત્યાર પછી પાણીગૃહનાકર્મચારીઓએ જિતશત્રુ રાજાના ભોજન સમયે ઉપસ્થિત કર્યું.

ત્યાર પછી જિતશત્રુ રાજા તે વિપુલ અશનઆદિનું આસ્વાદન કરતો વિચરતો હતો. જમ્યા પછી અત્યંત સ્વચ્છ થઈને તે જલરત્નનું પાન કરવાથી રાજાને વિસ્મય થયો. તેણે ઘણા રાજા, ઈશ્વર, આદિને યાવત્ કહ્યું, 'અહો દેવાનુપ્રિયો ! આ પાણી સ્વચ્છ છે. યાવત્ સમસ્ત ઈન્દ્રિયો અને ગાત્રને આહ્લાદ ઉત્પન્ન કરનાર છે.' ત્યારે ઘણા રાજા, ઈશ્વર આદિ યાવત્ આ પ્રમાણે કહેવા લાગ્યા-'સ્વામિન્ ! આપ જેમ કહો છો તે તેમજ છે.પછી જિતશત્રુ રાજાએ જલગૃહના કર્મચારીને બોલાવ્યો. બોલાવીને તેને પૂછ્યું 'દેવાનુ પ્રિય ! આ જલરત્ન તમે ક્યાંથી મેળવેલ છે ? ત્યારે જલગૃહના કર્મચારીએ કહ્યું 'સ્વા મિન્ ! મને તે પાણી સુબુદ્ધિ અમાત્ય પાસેથી મળેલ છે.' 'અહો સુબૂદ્ધિ ! કયા કારણે તમે મારા ઉપર અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞ અને અમણામ છો. જેથી મારા માટે હંમેશા ભોજન સમયે આ ઉદકરત્ન મોકલતાં નથી ? દેવાનુપ્રિય!આ ઉદકરત્નતમે ક્યાંથી મેળવેલ છે ?' 'સ્વામિન્ ! આ તે ખાઈનું જ પાણી છે. ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને કહ્યું-'હે સ્વામિન્ ! તે સમયે મેં આપને પુદ્‌ગલોનું પરિણમન કહેલ હતું. પરંતુ તેના પર આપને શ્રદ્ધા ન હતી. ત્યારે મને આ પ્રમાણે અધ્યવસાય ઉત્પન્ન થયો-યાવત્ સદ્‌ભૂત જિનભાષિત ભાવોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજાવીને પુદ્ગલોના પરિણમન રૂપ, અર્થને અંગીકાર કરાવું. પહેલા કહેલ અનુસાર પાણીને સ્વાદિષ્ટ બનાવીને તૈયાર કરાવ્યું.આપ્રમાણેહેસ્વામિન્!આતેખાઈનુંપાણી છે.'

ત્યાર પછી જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્યના કહેલા પૂર્વોક્ત અર્થ પર શ્રદ્ધા ન કરી, પ્રતીતિ ન કરી, રુચિ ન કરી. શ્રદ્ધા ન કરતા, પ્રતીતિ ન કરતા, રુચિ ન કરતા તેણે પોતાના આભ્યંતર પરિષદ્ના પુરુષોને બોલાવ્યા. તેને બોલાવીને કહ્યું-'દેવાનુ પ્રિયો ! તમે જાઓ અને ખાઈના જલના રસ્તાવાળી કુંભારની દુકાનેથી નવા ઘડા લાવો અને પાણીને સ્વાદિષ્ટ સુંદર બનાવનાર દ્રવ્યોથી તે પાણીને સ્વાદિષ્ટ બનાવો, તે પુરુષોએ રાજાના કથનાનુસાર પૂર્વોક્ત વિધિથી પાણીને સ્વાદિષ્ટ કર્યું. સ્વાદિષ્ટ કરીને તેઓ જિતશત્રુની સમીપ લાવ્યા.' ત્યારે જિતશત્રુ રાજાએ તે ઉદકરત્નને હથેળીમાં લઈને આસ્વાદન કરવા યોગ્ય યાવત્ બધી ઈન્દ્રિયોને અને ગાત્રને આહ્લાદકારી જાણીને સુબુદ્ધિ અમાત્યને બોલાવ્યો. બોલાવીને કહ્યું-'હે સુબુદ્ધિ ! તમે આ સત્ તથ્ય યાવત્ સદ્ભૂત ભાવોને ક્યાંથી જાણ્યા ?' ત્યારે સુબુદ્ધિ અમાત્યે જિતશત્રુ રાજાને કહ્યું-'સ્વામિન્ ! મેં સત્ યાવત્ ભાવો જિનેશ્વર ભગવાનના વચનોવડે જાણ્યા.'

ત્યાર પછી જિતશત્રુ રાજાએ સુબુદ્ધિને કહ્યું, 'દેવાનુપ્રિય ! તો હું તમારી પાસેથી જિનવચન સાંભળવા ઈચ્છું છું.' ત્યારે સુબુદ્ધિ મંત્રીએ જિતશત્રુ રાજાને કેવળી ભાષિત ચાતુર્યામ રૂપ અદ્ભુત ધર્મ કહ્યો. જે કારણે જીવ કર્મ બંધન કરે છે. યાવત્ પાંચ અણુવ્રત છે. ઈત્યાદિ ધર્મનું કથન કર્યું. ત્યાર પછી જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્ય પાસેથી ધર્મ સાંભળીને અને મનમાં ધારણ કરીને હર્ષિત અને સંતુષ્ટ થઈને સુબુદ્ધિ અમાત્યને કહ્યું-'દેવાનુપ્રિય ! હું નિર્ગ્રંથ પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું. જેમ તમે કહો તે તેમ જ છે. તેથી હું તમારી પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતોને ગ્રહણ કરીને વિચરવા માંગું છું ! હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો, તેમાં પ્રતિબંધ ન કરો. ત્યાર પછી જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્ય પાસેથી પાંચ અણુવ્રત યાવત્ બારવ્રત યુક્ત શ્રાવક ધર્મને અંગીકાર થઈ ગયો. જીવ અજીવનો જ્ઞાતા થઈ ગયો, યાવત્ નિર્ગ્રંથ સાધુ-સાધ્વીઓને આહાર આદિનો પ્રતિલાભ દેતો રહેવા લાગ્યો.

તે કાળ અને તે સમયમાં જ્યાં ચંપા નગરી અને પૂર્ણભદ્ર ચૈત્ય હતું. ત્યાં સ્થવિરો પધાર્યા. જિતશત્રુ રાજા અને સુબુદ્ધિ અમાત્ય તેમને વંદના કરવા માટે નીકળ્યા. સુબુદ્ધિએ ધર્મોપદેશ સાંભળીને (નિવેદન કર્યું.) હું જિતશત્રુ રાજાને પૂછીને તેમની આજ્ઞા લઈને પછી પ્રવ્રજ્યા અંગીકાર કરીશ. ત્યારે સ્થવિર મુનિએ કહ્યું 'દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો.' ત્યાર પછી સુબુદ્ધિ અમાત્ય જિતશત્રુ રાજા પાસે આવ્યો અને બોલ્યો-'સ્વામિન્ ! મેં સ્થવિર મુનિઓ પાસેથી ધર્મોપદેશ શ્રવણ કરેલ છે. અને તે ધર્મની મેં પુનઃ પુનઃ ઈચ્છા કરી છે. આ કારણે હે સ્વામીન્ ! હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છું. તથા જન્મ મરણથી ભયભીત થયો છું. યાવત્ આપની આજ્ઞા મેળવીને યાવત્ પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છા છું.' ત્યારે જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્યને આ પ્રમાણે કહ્યું-'દેવાનુ પ્રિયો ! અત્યારે તો થોડા વર્ષો સુધી યાવત્ ભોગ ભોગવતા થકા રહો. ત્યાર પછી આપણે બંને એક સાથે સ્થવિર મુનિઓની પાસે મુંડિત થઈને પ્રવ્રજ્યા અંગીકાર કરશું.' ત્યારે સુબુદ્ધિ અમાત્યે જિતશત્રુ રાજાનાં આ અર્થને સ્વીકાર લીધો. ત્યાર પછી સુબુદ્ધિ પ્રધાનની સાથે જિતશત્રુ રાજાને મનુષ્ય સંબંધી કામભોગ ભોગવતાં બાર વર્ષ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યતીત થઈ ગયા.

ત્યાર પછી તે કાળ અને તે સમયમાં સ્થવિર મુનિનું આગમન થયું. ત્યારે જિતશત્રુ ધર્મોપદેશ સાંભળીને પ્રતિબોધ પામ્યો. પરંતુ તેણે કહ્યું-'હે દેવાનુપ્રિય ! હું સુબુદ્ધિ અમાત્યને દીક્ષાને માટે આમંત્રિત કરું છું અને જ્યેષ્ઠ પુત્રને રાજસિંહાસન ઉપર સ્થાપિત કરું છું પછી આપની પાસે સંયમ અંગીકાર કરીશ. ત્યારે સ્થવિર મુનિઓએ કહ્યું - 'દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો.' ત્યારે જિતશત્રુ રાજા પોતાના ઘરે આવ્યો આવીને સુબુદ્ધિ અમાત્યને બોલાવ્યો અને કહ્યું- 'મે સ્થવિર ભગવાન પાસેથી ધર્મોપદેશ શ્રવણ કરેલ છે. યાવત્ હું પ્રવજ્યા અંગીકાર કરવાની ઈચ્છા કરું છું. તમે શું કરશો તમારી ઈચ્છા શું છે ?' ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને કહ્યું-'યાવત્ આપના સિવાય મારું કોણ આધાર છે ? યાવત્ હું પણ પ્રવજ્યા અંગીકાર કરીશ.' રાજા જિતશત્રુએ કહ્યું- 'દેવાનુપ્રિય ! જો તમારે પ્રવજ્યા અંગીકાર કરવી હોય તો જાઓ. દેવાનુપ્રિય ! અને આપના જ્યેષ્ઠ પુત્રને કુટુમ્બમાં સ્થાપિત કરો. અને શિબિકા ઉપર આરૂઢ થઈને મારી પાસે પ્રગટ થાઓ ત્યારે સુબુદ્ધિ અમાત્ય શિબિકા ઉપર આરૂઢ થઈને યાવત્ આવી ગયો. ત્યાર પછી જિતશત્રુ રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને તેમને કહ્યું દેવાનુપ્રિયો ! જાઓ, અદીનશત્રુકુમારના રાજ્યાભિષેકની સામગ્રી તૈયાર કરો. કૌટુમ્બિક પુરુષે સામગ્રી તૈયાર કરી યાવત્ કુમારનો અભિષેક કર્યો. યાવત્ જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્યની સાથે દીક્ષા અંગીકાર કરી લીધી.

દીક્ષા અંગીકાર કરીને પછી જિતશત્રુ અણગારે અગીયાર અંગોનું અધ્યયન કર્યું. ઘણાં વર્ષો સુધી સંયમ પર્યાય પાળીને અંતમાં એક માસની સંલેખનાકરીને સિદ્ધિ પ્રાપ્ત કરી. સુબુદ્ધિ અણગારે પણ અગીયાર અંગોનું અધ્યયન કર્યું ઘણા વર્ષો સુધી દીક્ષા પર્યાય પાળીને અંતમાં એક માસની સંલેખના કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી.

**અધ્યયન-૧૨-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન-૧૩-મંડુક

[૧૪૫] જો શ્રમણ ભગવાન મહાવીર યાવત્ સિદ્ધિને પ્રાપ્ત થયેલાએ બારમા જ્ઞાતાધ્યયનો આ અર્થ ફરમાવેલ છે તો ભગવન્ ! તેરમા જ્ઞાતાધ્યયનનો શું અર્થ બતાવેલ છે ? હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગર હતું. તેમાં શ્રેણિક રાજા હતો. રાજગૃહની બહાર ઉત્તર પૂર્વ દિશામાં ગુણશીલ ઉદ્યાન હતું.

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીર પોતાના ચૌદ હજાર સાધુઓની સાથે યાવત્ અનુક્રમથી વિચારતા એક ગામથી બીજા ગામ જતા, જ્યાં રાજ ગૃહ નગર હતું, જ્યાં ગુણશીલ ઉદ્યાન હતું, ત્યાં પધાર્યા. યથાયોગ્ય અવગ્રહની યાચના કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચારવા લાગ્યા. ધર્મદેશના સાંભળવા માટે પરિષદ્ નીકળી અને ધર્મોપદેશ સાંભળીને પછી ચાલી ગઈ. તે કાળ અને તે સમયમાં સૌધર્મ કલ્પમાં દર્દુરાવતંસક નામક વિમાનમાં, સુધર્મા નામક સભામાં, દર્દુક નામક સિંહાસન પર દર્દુર નામક દેવ ચાર હજાર સામાનિક દેવો, ચાર અગ્રમહિષિઓ અને ત્રણ પરિષદોની સાથે સૂર્યાભ દેવની સમાન દિવ્ય ભોગોપભોગ ભોગવતો થકો વિચારી રહ્યો હતો. તે સમયે તેણે આ સંપૂર્ણ જમ્બુદ્વીપને પોતાના વિપુલ અવધિ જ્ઞાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વડે જોતાં જોતાં ભગવાન મહાવીરને જોયા. ત્યારે તે પરિવારની સાથે ભગવાનની પાસે આવ્યા. અને સૂર્યાભદેવની સમાન નાટ્યવિધિ બતાવીને પાછા ગયા. ગૌતમભગવાને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા. વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું 'હે ભગવન્ ! દર્દુરદેવ મહાન ઋદ્ધિવાળો આદિ છે તો હે ભગવન્ ! તે દર્દુર દેવની વિક્રિયા કરેલી તે દિવ્ય દેવઋદ્ધિ ક્યાં ચાલી ગઇ ? ક્યાં સમાઇ થઇ ?' ભગવાને ઉત્તર આપ્યો-'હે ગૌતમ ! તે દિવ્ય દેવઋદ્ધિ શરીરમાં ચાલી ગઇ, શરીરમાં સમાઇ ગઇ.' આ વિષયમાં કુટાગારનું દૃષ્ટાંત સમજવું જોઇએ.

'ભગવાન્ દર્દુર દેવે તે તે દિવ્ય દેવઋદ્ધિ કેવી રીતે મેળવી હતી ? કયા પ્રકારે તે તેમની સમક્ષ આવી ?' ભગવાન ઉત્તર આપે છે-'હે ગૌતમ ! આ જમ્બૂદ્વીપમાં, ભરત ક્ષેત્રમાં રાજગૃહ નગર હતું. ગુણશીલચૈત્ય હતું. શ્રેણિક નામનો રાજા હતો. નંદ નામક મણિકાર રહેતો હતો. તે સમૃદ્ધ હતો. તેજસ્વી હતો અને કોઇથી પરાભવ પામતો ન હતો.

હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં હું ગુણશીલ ઉદ્યાનમાં આવ્યો. પરિષદ્ વંદના કરવા માટે નીકળી. શ્રેણિક રાજા પણ નીકળ્યો ત્યારે નંદ મણિયાર શેઠ આ કથા નો અર્થને જાણીને સ્નાન કરીને તેમજ વિભૂષિત થઇને, પગપાળા ચાલતો આવ્યો. યાવત્ મારી ઉપાસના કરવા લાગ્યો. પછી તે નંદ મણિયાર શેઠ ધર્મ સાંભળીને શ્રમણો પાસક બની ગયો.ત્યાર પછી હું રાજગૃહ નગરની બહાર નીકળીને જનપદમાં વિચરવા લાગ્યો. નંદ મણિયાર શ્રેષ્ઠી સાધુઓના દર્શન ન થવાથી, તેઓની ઉપાસના ન કરવાથી, તેમનો ઉપદેશ ન સાંભળવાથી અને વીતરાગની વાણી સાંભળવાથી ઇચ્છા ન થવાથી ક્રમશઃ સમ્યકત્વ પર્યાયની હીનતા થતી ગઇ અને મિથ્યાત્વની પર્યાય ક્રમથી વૃદ્ધિ પામતાં, કોઇ સમયે તે મિથ્યાત્વી થઇ ગયો. ત્યાર પછી નંદ મણિયાર શ્રેષ્ઠીએ કોઇ સમયે ગ્રીષ્મઋતુ ના અવસર પર જેઠ માસમાં અષ્ટમ ભક્ત ગ્રહણ કર્યું ગ્રહણ કરીને તે પૌષધ શાળામાં વિચરવા લાગ્યો. ત્યાર પછી નંદ શ્રેષ્ઠીનો અઠ્ઠમભક્ત જ્યારે પૂર્ણ થવા આવ્યું હતું ત્યારે તે ભૂખથી અને તરસથી ખુબ પીડિત થયો. તેના મનમાં આવો વિચાર ઉત્પન્ન થયો કે- તેઓ યાવત્ ઇશ્વર સાર્થવાહ આદિ ધન્ય છે, જેની રાજગૃહ નગરની બહાર ઘણી વાવડીઓ છે, પુષ્કરિણીઓ છે, યાવત્ સરોવરની પંક્તિઓ છે, જેમાં ઘણાં લોકો પાણી પીવે છે, સ્નાન કરે છે અને તેમાંથી પાણી ભરી જાય છે. તો હું પણ કાલે પ્રભાત થવા પર શ્રણિક રાજાની આજ્ઞા લઇને, રાજગૃહ નગરની બહાર, ઉત્તરપૂર્વ દિશામાં, વૈભાર પર્વત ની કંઇક નજીકમાં, વાસ્તુશાસ્ત્રના પાઠકની પસંદ કરેલ ભૂમિ ભાગમાં, યાવત્ નંદા પુષ્કરિણી ખોદાવું, તે મારા માટે ઉચિત છે.

આ પ્રમાણે વિચાર કરીને બીજા દિવસે પ્રભાત થવા પર પૌષધ પાળ્યો. પૌષધ પાળીને સ્નાન કર્યું, પછી બલિકર્મ કર્યું, પછી મિત્રો જ્ઞાતિજનોની સાથે પરિવૃત્ત થઇને બહુમૂલ્ય અને રાજાને યોગ્ય ઉપહાર લીધો અને શ્રેણિક રાજાની પાસે પહોંચ્યો. ઉપહાર રાજાની પાસે રાખીને આ પ્રમાણે બોલ્યો- 'સ્વામિન્ ! આપની અનુમતિ મેળવીને રાજગૃહ નગરની બહાર યાવત્ પુષ્કરિણી ખોદાવા ચાહુ છું.' રાજાએ ઉત્તર આપ્યો - 'દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો. ત્યાર પછી નંદ મણિયાર શેઠ શ્રેણિક રાજા પાસે થી આજ્ઞા મેળવીને હૃષ્ટ-તુષ્ટ થયો. તે રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઇને નીકળ્યો નીકળીને વાસ્તુશાસ્ત્રના પાઠકો દ્વારા પસંદ કરેલ ભૂમિભાગમાં નંદા નામની પુષ્ક રિણી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખોદાવવામાં પ્રવૃત્ત થયો. તેણે પુષ્કરિણી ખોદાવવાનું કામ શરૂ કરાવી દીધું. ચતુષ્કોણ અને સમાન કિનારાવાળી પુરી પુષ્કરિણી થઈ ગઈ. અનુક્રમથી તેના ઉપર ચારે તરફ ફરતો કિલ્લો બનાવ્યો, તેનું પાણી ઠંડુ થયું. પાણી પાંદડા, બિસતંતુ અને મૃણાલથી આચ્છાદિત થઈ ગયું. તે વાવ ઘણા જ ખીલેલાં ઉત્પલ, પદ્મ કુમુદ, નલિની, સુભગ જાતીય કમળ, સૌગંધિક કમળ, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, કમળ, સહસ્ર પત્ર કમળ ની કેસર યુક્ત થઈ. પરિહત્થ નામક જલજંતુ, ભ્રમણ કરતા મન્દોન્મત્ત ભમરો અને અનેક પક્ષીઓના યુગલો દ્વારા કરેલા શબ્દોથી ઉન્નત અને મધુર સ્વરથી તે પુષ્કરિણી ગૂંજવા લાગી. તે પ્રસન્ન કરનાર, દર્શનીય અભિરૂપ અને પ્રતિરૂપ થઈ ગઈ.

ત્યાર પછી તે નંદ મણિયાર શ્રેષ્ઠીએ નંદા પુષ્કરિણીની ચારે દિશાઓમાં ચાર વનખંડ રોપાવ્યા. તે વનખંડની ક્રમશઃ સુંદર રખવાળી કરવામાં આવી,સારસંભાળ લેવામાં આવી સુંદર રીતે તેને વધારવામાં આવ્યા, તેથી તે વનખંડ કૃષ્ણવર્ણવાળા તથા ગુચ્છારૂપ થઈ ગયા. તે પાંદડાથી યુક્ત પુષ્પથી યુક્ત યાવત્ શોભાયમાન બની ગયો. ત્યાર પછી નંદ મણિયાર શેઠે પૂર્વદિશાના વનખંડમાં એક વિશાળ ચિત્રભાષા બનાવી. તે સો સ્તંભોથી બનેલી હતી, પ્રસન્નતા જનક હતી, દર્શનીય, અભિરુપ અને પ્રતિરૂપ હતી. તે ચિત્રસભામાં કૃષ્ણવર્ણવાળી યાવત્ શુકલ વર્ણવાળી અનેક પુતળીઓ બનાવ વામાં આવી હતી. વસ્ત્રના પર્દા આદિ હતાં. ચિત્રકર્મ હતું. માટીની પૂતળીઓ હતી, દોરાથી ગુંથેલ કલાકૃતિઓ હતી, ફૂલોથી બનાવેલ કલાકૃતિઓ હતી, તે જ પ્રમાણે પૂરિમ કર્મ અને સંઘાતિમકર્મજોડી જોડીને બનાવેલ કલાકૃતિઓ હતી. તે કલા કૃતિઓ એટલી સુંદર હતી કે દર્શકગણ તેને એક બીજાને બતાવી બતાવીને વર્ણન કરતા હતા. તે ચિત્રસભામાં ઘણા આસન અને શયન નિરંતર બિછાવેલા રહેતા. ત્યાં ઘણા નાટક કરનાર ઘણા નૃત્ય કરનાર જીવિકા ભોજન તેમજ વેતન આપીને રાખવામાં આવ્યા હતા. તેઓ તાલાચર કરતા હતા. રાજગૃહી નગરથી બહાર ફરવા માટે નીકળેલા લોકો તે સ્થાન પર આવીને પહેલાંથી જ પાથરેલા આસનો અને શયનો પર બેસીને અને સૂઈ ને કથા વાર્તા સાંભળતા હતા અને નાટક આદિ જોતા હતા અને આનંદનો અનુભવ કરતા સુખપૂર્વક વિચરણ કરતા હતા.

ત્યાર પછી નંદ મણિયાર શેઠે દક્ષિણ તરફના વનખંડમાં એક મોટી ભોજનશળા બનાવડાવી. તે પણ અનેક સેંકડો સ્તંભોવાળી યાવત્ પ્રતિરૂપ હતી. ત્યાં પણ ઘણા લો-કોને જીવિકા તેમજ ભોજન અને વેતન આપીને રાખ્યા હતા. વિપુલ અશનાદિ આહાર પકાવતા હતા અને ઘણા શ્રમણો, બ્રાહ્મણો, અતિથિઓ, દરિદ્રો અને ભિક્ષુકોને આપતા હતા. ત્યાર પછી તે નંદ મણિયાર શેઠે પશ્ચિમ દિશાના વનખંડમાં એક ચિકિત્સાલય બનાવ્યું તે પણ અનેક સ્તંભોથી યુક્ત યાવત્ મનોહર હતું. તે ચિકિત્સાલયમાં અનેક વૈદ્યો, વૈદ્ય પુત્રો; જ્ઞાયક-જ્ઞાયકપુત્ર, કુશળ આજીવિકા, ભોજન અને વેતન ઉપર નિયુક્ત કર્યા હતા. તેઓ ઘણા વ્યાધિતોની; ગ્લાનોની રોગીઓની અને દુર્બલોની ચિકિત્સા કરતા હતા. તે ચિકિત્સાલયમાં બીજા પણ ઘણા લોકોને આજિ વિકા ભોજન અને વેતન આપીને રાખ્યા હતા. તેઓ તે વ્યાધિતો, રોગીઓ, ગ્લાનો અને દુર્બલોની ઔષધ, ભેષજ, ભોજન અને પાણી આપીને સેવા કરતાં હતાં. ત્યાર પછી નંદ મણિયાર શેઠે ઉત્તર દિશાના વનખંડમાં એક મોટી અલંકારસભા બનાવડાવી. તે પણ અનેક સેંકડો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્તંભોવાળી યાવત્ મનોહર હતી. તેમાં ઘણા આલંકારિક પુરુષો જીવિકા, ભોજન અને વેતન આપીને રાખવામાં આવ્યા હતા. તેઓ ઘણા શ્રમણો; અનાથો, રોગીઓ, ગ્લાનો અને દુર્બલોનું અલંકાર કર્મ કરતા હતા.

તે નંદા પુષ્કરિણીમાં ઘણા સનાથ, અનાથ પથિક, પાંથિક, કાવડ ઉપાડનારા, કારીગરો, ઘસિયારો, પાંદડાના ભારાવાળા, કઠીયારાઓ આદિ આવતા હતા. તેમાંથી કોઈ કોઈ સ્નાન કરતા, કોઈ પાણી પીતા, કોઈ પાણી ભરીને લઈ જતા, કોઈ કોઈ પરસેવા, મેલ, મળ, પરિશ્રમ, નિદ્રા, ક્ષુધા અને પિપાસાને દૂર કરીને સુખપૂર્વક રહેતા હતા. નંદા પુષ્કરિણીમાં રાજગૃહ નગરથી પણ નીકળેલા લોકો પાણીમાં રમણ કરતા હતા, વિવિધ પ્રકારે સ્નાન કરતા હતા, કેળાગૃહ, લતાગૃહ, પુષ્પશય્યા અને અનેક પક્ષીઓના સમૂહ ના મનોહર શબ્દોથી યુક્ત નંદા પુષ્કરિણી અને વનખંડોમાં ક્રીડા કરતા વિચરતાં હતા. નંદા પુષ્કરિણીમાં સ્નાન કરનાર, પાણી પીનાર અને પાણી લઈ જનાર લોકો પરસ્પર આ પ્રમાણે વાતો કરતાં, "હે દેવાનુપ્રિય નંદ મણિયાર શેઠ ધન્ય છે," કૃતાર્થ છે, યાવત્ તેનું જીવન અને જન્મ સફળ છે, જેની ચારે તરફ યાવત્ મનોહર આ નંદા પુષ્કરિણી છે, જેનું પૂર્વ દિશામાં વનખંડ છે. ઈત્યાદિ પૂર્વોક્ત લોકો ! નંદ મણિયારનો મનુષ્ય ભવ સુલબ્ધ છે તથા તેમનો જન્મ અને જીવન પણ સુલબ્ધ છે. તે સમયે રાજ ગૃહમાં પણ શ્રૃંગાટક આદિ માર્ગોમાં;ગલી-ગલીમાં ઘણા લોકોઆપ્રમાણે કહેત હતા-દેવાનુપ્રિય ! નંદા મણિ યાર શેઠ ધન્ય છે,ઈત્યાદિ પૂર્વવત્ ત્યારે નંદ મણિયાર ઘણા લોકો પાસેથી આ વાત સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થયો.મેઘનીધારાથીઆહતકદમ્બ વૃક્ષની સમાન તેના રોમ કૂપ વિકસિત થયા-તેની કલી-કલી ખીલી ઉઠી તે સાતાજનિત પરમ સુખનો અનુભવ કરવા લાગ્યો.

[૧૪૬] પછી નંદમણિયારશ્રેષ્ઠીના શરીરમાં સોળ રોગાંતક ઉત્પન્ન થયા. શ્વાસ ઉધરસ જ્વર, જલન, કુક્ષિનોશુળ, ભગંદર, અર્ષ અજીર્ણ નેત્રશૂલ, મસ્તક શૂળ, ભોજન વિષયક અરુચિ, નેત્રવેદના, કાનની વેદના, ખરજવું જલોદર, અને કોઢ.

[૧૪૭] નંદ મણિયાર શેઠ આ સોળ રોગાતંકોથી પીડિત થયો. ત્યારે તેણે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે જાઓ અને રાજગૃહ નગરમાં શ્રૃંગાટક યાવત્ નાના મોટા માર્ગોમાં ઊંચા અવાજથી ઘોષણા કરતાં કહો કે-'હે દેવાનુપ્રિયો ! નંદ મણિયાર શ્રેષ્ઠીના શરીરમાં સોળ રોગો ઉત્પન્ન થયા છે-જો કોઈ વૈદ્ય યા વૈદ્યપુત્ર, જાણકાર યા જાણકારપુત્ર, કુશળ યા કુશળનો પુત્ર, એક પણ રોગાંતક ઉપ શાંત કરવા ઈચ્છે યા મટાડી દે, તો હે દેવાનુપ્રિયો ! નંદ મણિયાર તેને વિપુલ ધન સંપત્તિ પ્રદાન કરશે.' આ પ્રમાણે બીજીવાર ત્રીજીવાર ઘોષણા કરો ઘોષણા કરીને મારી આજ્ઞા પાછી આપો." રાજગૃહ નગરમાં આ પ્રમાણેની ઘોષણા સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને વૈદ્ય; વૈદ્યપુત્ર; યાવત્ કુશલપુત્ર હાથમાં શસ્ત્રકોશ લઈને કોશકનું પાત્ર હાથમાં લઈને, શિલિકા હાથમાં લઈને, ગોળીઓ હાથમાં લઈને અને ઔષધ તથા ભેષજ હાથમાં લઈને પોત-પોતાના ઘરેથી નીકળ્યાં. નંદ મણિયારના શરીરને જોયુ અને નંદ મણિયાર શેઠને રોગનું કારણ પૂછ્યું. પછી ઉદ્વર્તન દ્વારા; સ્નેહપાન દ્વારા, વમનદ્વારા, રેચનદ્વારા સ્વેદન દ્વારા, અવદહનથી અપસ્નાનથી, અનુવાસનાથી વસ્તિકર્મથી નિરુહ દ્વારા શિરા વેધથી તક્ષણથી શિરોવસ્તિથી,તર્પણથી,પુટપાકથી,રોહિણીઆદિનીછાલોથી, ગિલોય આદિ વેલોથી, મૂલોથી, કંદથી, પાંદડાથી, પુષ્પોથી ફળોથી, બીજથી શિલિકાથી, ગોળી ઓથી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઔષધોથી, ભેષજોથી, તે સોળ રોગાતંક માંથી એક-એક રોગાતકને તેઓએ શાંત કરવા પ્રયાસ કર્યો પરંતુ તેઓ એક પણ રોગાંતકને શાંત કરવા સમર્થ ન થયા.

ત્યાર પછી ઘણા વૈદ્યો, યાવત્ કુશળ પુત્રો જ્યારે તે સોળ રોગોમાંથી એક પણ રોગને ઉપશાંત કરવામાં સમર્થ ન થયા તો થાકી ગયા, ખિન્ન થયા. યાવત્ પોતાના ઘરે ચાલ્યા ગયા. ત્યાર પછી નંદ મણિયાર તે સોળ રોગાતંકોથી અભિભૂત થયો અને નંદ પુષ્કરિણીમાં અત્યંત મૂર્છિત થયો. તે કારણે તેણે તિર્યંચયોનિ સંબંધી આયુષનો બંધ કર્યો, પ્રદેશોનો બંધ કર્યો. આર્ત્તધ્યાનથી યુક્ત થઈને મૃત્યુના સમયે કાળ કરીને, તે જ નંદા પુષ્કરિણીમાં એક દેડકીની કુક્ષિમાં દેડકા રૂપે ઉત્પન્ન થયો. પછી તે નંદ દેડકો ગર્ભથી બહાર નીકળ્યો અને અનુક્રમે બાલ્યાવસ્થાથી મુક્ત થયો તેનું જ્ઞાન પરિણત થયું-તે સમજદાર થઈ ગયો અને તે યૌવન અવસ્થાને પ્રાપ્ત થયો. ત્યારે નંદા પુષ્કરિણીમાં રમણ કરતો વિચરવા લાગ્યો. નંદા પુષ્કરિણીમાં ઘણા લોકો સ્નાન કરતા, પાણી પીતા અને પાણી ભરીને લઈ જતા આપસમાં આ પ્રમાણે કહેવા લાગ્યા- 'દેવાનુપ્રિય ! નંદ મણિ યારને ધન્ય છે. જેની આ ચતુષ્કોણ યાવત્ મનોહર પુષ્કરિણી છે, યાવત્ નંદ મણિ યાર નો જન્મ અને જીવન સફળ છે.

ત્યાર પછી વારંવાર ઘણા લોકોની પાસેથી આ વાત સાંભળીને અને મનમાં સમજીને તે દેડકાને આ પ્રમાણે વિચાર ઊત્પન્ન થયો- 'મેં પહેલાં ક્યાંય આવા શબ્દો સાંભળેલા છે.' આ પ્રમાણે વિચાર કરતાં શુભ પરિણામના કારણે તેને યાવત્ જાતિ સ્મરણ જ્ઞાન ઊત્પન્ન થયું. તેને પોતાનો પૂર્વ જન્મ સારી રીતે યાદ આવી ગયો. ત્યારે પછી તે દેડકાને આ પ્રમાણેનો વિચાર ઉત્પન્ન થયો- હું આજ રાજગૃહ નગરમાં નંદ નામનો મણિયાર શેઠ હતો, ધન ધાન્ય આદિથી સમૃદ્ધ હતો. તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીરનું આગમન થયું. ત્યારે મેં શ્રમણ ભગવાન મહાવીરની પાસે થી પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત યાવત્ અંગીકાર કર્યા હતા. કેટલાક સમય પછી કોઈ સમયે સાધુના દર્શન ન થવાથી હું યાવત્ મિથ્યાત્વને પ્રાપ્ત થયો. યાવત્ પુષ્કરિ ણીમાં આસક્તિના કારણે હું નંદા પુષ્કરિ ણીમાં દેડકાના રૂપમાં ઉત્પન્ન થયો તેથી હું અધન્ય છું, અપુણ્ય છું, મેં પુણ્ય નથી કર્યું, તેથી હું નિર્ગ્રંથપ્રવચનથી નષ્ટ થયો, ભ્રષ્ટ થયો, પૂર્ણરૂપે ભ્રષ્ટ થયો, હવે મારા માટે એજ શ્રેયસ્કર છે કે પહેલાં અંગીકાર કરેલાં પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતો મારી મેળે પુનઃ અંગીકાર કરીને વિચરું. નંદ મણિયારનો જીવ, તે દેડકાએ આ પ્રમાણે વિચાર કર્યો. વિચાર કરીને પહેલાં અંગીકાર કરેલાં પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતોને પુનઃ અંગીકાર કર્યા. અંગીકાર કરીને આ પ્રમાણે અભિગ્રહ ધારણ કર્યો-'આજથી મારે છઠ્ઠ-છઠ્ઠની તપસ્યાથી આત્માને ભાવિત કરતાં વિચરવું કલ્પે છે. છઠ્ઠના પાર ણમાં પણ નંદા પુષ્કરિણીના પર્યંત ભાગમાં પ્રાસુક થયેલ સ્નાનના પાણીથી અને મનુષ્યોના ઉન્મર્દન આદિ દ્વારા ઉતારેલ મેલથી પારણું કરવું અને પોતાનો જીવન નિર્વાહ કરવો કલ્પે છે.' હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં ગુણ શીલ ચૈત્યમાં હું આવ્યો.વંદના કરવા પરિષદ્ નીકળી. તે સમયે નંદા પુષ્કરિણીમાં સ્નાન કરતા, પાણી પીતાઅને વાતો કરવા લાગ્યા-'શ્રમણ ભગવાન મહાવીર અહીં ગુણશીલ ઉદ્યાનમાં સમવસર્યા છે. તો હે દેવાનુપ્રિયો ! આપણે જઈએ અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરીએ, યાવત્ તેની ઉપાસના કરીએ. તે આપણા માટે આ ભવમાં અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરભવમાં હિતકર અને સુખકર થશે અને તે ભવાન્તરમાં સાથે આવશે. ત્યાર પછી ઘણી લોકો પાસેથી તે વૃત્તાન્ત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને તે દેડકાને એવો વિચાર ઉત્પન્ન થયો-'નિશ્ચયથી શ્રમણ ભગવાન્ મહાવીર યાવત્ પધારેલ છે તો હું જાઉં અને ભગવાનને વંદના કરું' નંદા પુષ્કરિણીમાંથી ધીમે ધીમે બહાર નીકળ્યો.નીકળીને જ્યાં રાજમાર્ગ હતો, ત્યાં આવ્યો આવીને તે ઉત્કૃષ્ટ યાવત્ દર્દુર ગતિથી મારી પાસે આવવા માટે કૃતસંકલ્પ થયો.

અહીં બંભસાર અપરનામ શ્રેણિક રાજાએ સ્નાન કર્યું અને કૌતુક-મંગલ કર્યું. યાવત્ તે સર્વ અલંકારોથી અલંકૃત થયો. તે શ્રેષ્ઠ હાથી ઉપર આરૂઢ થયો. કોરંટ વૃક્ષના ફૂલોની માળાવાળું છત્ર ધારણ કરીને, શ્વેત ચામરોથી શોભિત થતો, હાથી, ઘોડા, રથ અને સુભટોની મોટી ચતુરંગિણી સેનાથી પરિવૃત્ત થઈને મારા ચરણોમાં વંદના કરવા માટે શીઘ્ર આવી રહ્યો હતો, ત્યારે તે દેડકો શ્રેણિક રાજાના એક અશ્વકિશોરના ડાબા પગથી કચડાઈ ગયો. તેના આંતરડા બહાર નીકળી ગયા. ઘોડાના પગ નીચે દબાઈ જવાથી તે દેડકો શક્તિહીન, વીર્યહીન અને પુરુષાકાર પરાક્રમથી હીન થઈ ગયો. 'હવે આ જીવનને ધારણ કરવું શક્ય નથી.' એમ જાણીને તે એક તરફ ગયો. તે બંને હાથ જોડી ને, ત્રણવાર, મસ્તકપર આવર્તન કરીને મસ્તક પર અંજલિ કરીને આ પ્રમાણે બોલ્યો- 'અરિહંત યાવત્ નિર્વાણને પ્રાપ્ત સમસ્ત તીર્થંકર ભગવંતોને નમસ્કાર હો. મારા ધર્માચાર્ય યાવત્ મોક્ષપ્રાપ્તિના ઈચ્છુક શ્રમણ ભગવાન મહાવીરને મારા નમસ્કાર હો. પહેલાં પણ મેં સ્થૂલ પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાન કર્યું હતું, આજે પણ હું તેમની પાસે સમસ્ત પ્રાણાતિપાતનું યાવત્ સમસ્ત પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરું છું. જીવન પર્યંત ચારે આહારનું પ્રત્યાખ્યાન કરું છું. આજે મારું ઈષ્ટ અને કાન્ત શરીર છે, જેના વિષયમાં ઈચ્છા કરી હતી કે એને રોગ આદિ સ્પર્શ ન કરે, તેને પણ અંતિમ શ્વાસોચ્છ્વાસ સુધી ત્યાગુ છું આ પ્રમાણે પૂર્ણ પ્રત્યાખ્યાન કર્યું.

ત્યાર પછી તે દેડકો કાળ કરીને, સૌધર્મ કલ્પમાં દર્દુરાવતંસક નામના વિમાનમાં, ઉપપાત સભામાં, દર્દુર દેવ રૂપે ઉત્પન્ન થયો. દર્દુર દેવે આ પ્રમાણે દિવ્ય દેવર્દ્ધિ પ્રાપ્ત કરી, મેળવી, પૂર્ણ રૂપમાં પ્રાપ્ત કરી છે. ભગવન્ ! દર્દુર દેવની તે દેવલોકમાં કેટલી સ્થિતિ છે ? હે ગૌતમ તે દેવની ચાર પલ્યોપમની સ્થિતિ કહેલ છે. ત્યાર પછી તે દર્દુર દેવ આયુના ક્ષયથી, ભવના ક્ષયથી, સ્થિતિના ક્ષયથી, તુરત ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, બુદ્ધ થશે યાવત્ જન્મ-મરણનો અંત કરશે.

**અધ્યયન-૧૩-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન-૧૪-તેતલિપુત્ર

[૧૪૮] શ્રમણ ભગવાન મહાવીરે તેરમાં જ્ઞાતા-અધ્યનનો આ અર્થ ફરમાવેલ છે તો હે ભગવન્ ! ચૌદમાં જ્ઞાતાધ્યયનનો શું અર્થ ફરમાવેલ છે ?' 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં તેતલીપુર નામનું નગર હતું. તે તેતલિપુર નગરની બહાર ઉત્તરપૂર્વ દિશામાં-ઈશાન કોણામાં પ્રમદવન નામનું ઉદ્યાન હતું.'

તે તેતલિપુર નગરમાં કનકરથરાજા હતો. કનકરથ રાજાને પદ્માવતી રાણી હતી. તેતલિપુત્ર અમાત્ય-હતો. તે દામ, સામ, ભેદ અને દંડ આ ચારે નીતિઓમાં નિષ્ણાત

હતો. તેતલિપુર નગરમાં કલાદ નામક એક મુષિકારદારક હતો. તે ધનાઢ્ય હતો અને કોઈથી પરાભવ પામનાર ન હતો. તેની પત્નીનું નામ ભદ્રા હતું. અને પોટ્ટિલા નામની પુત્રી હતી. તે રૂપ, યૌવન, અને લાવણ્યથી ઉત્કૃષ્ટ અને શરીરથી પણ ઉત્કૃષ્ટ હતી. એકદા પોટ્ટિલા દારિકા સ્નાન કરીને અને બધા અલંકારોથી વિભૂષિત થઈને, દાસીઓના સમૂહથી પરિવૃત્ત થઈને, પ્રાસાદની ઉપર રહેલી અગાસીની ભૂમિ ઊપર સોનાના દડાથી ક્રીડા કરી રહી હતી. અહીં તેતલિપુત્ર અમાત્ય સ્નાન કરીને ઊત્તમ અશ્વના સ્કંધ પર આરૂઢ થઈને મોટાં સુભટોના સમૂહની સાથે ઘોડેસવારીને માટે નીકળ્યો. તે કલાદ મુષિકારદારકના ઘરથી કંઈક સમીપ થઈને નીકળ્યો.

તેતલિપુત્રે મૂષિકારદારકની ઘરની કંઈક પાસે જતાં પ્રાસાદની ઊપરની ભૂમિ ઊપર અગાસીમાં સોનાના દડાથી ક્રીડા કરતી પોટ્ટિલા દારિકાને જોઈ. જોઈને પોટ્ટિલા દારિકાના રૂપ, યૌવન અને લાવણ્યમાં યાવત્ અતીવ મોહિત થઈને કૌટુંમ્બિક પુરુષોને બોલાવ્યાઅને પુછ્યું 'દેવાનુપ્રિય! આ કોની પુત્રી છે?તેનું નામ શું છે ?' ત્યારે કૌટુમ્બિક પુરુષોએ તેતલિપુત્રને કહ્યું- 'સ્વામિન્ ! તે કલાદમૂષિકારદારકની પુત્રી, પોટ્ટિલા છે. તેતલિપુત્ર ઘોડેસવારીથી પાછા ફરતાં તેણે અભ્યંતર સ્થાનીય પુરુષોને બોલાવીને કહ્યું- 'દેવાનુપ્રિયો!તમેજાઓઅનેકલાદમૂષિકારદારકનીપુત્રી મારી પત્નીના રૂપમાં માંગણી કરો.' ત્યારે તે અભ્યંતર સ્થાનીયપુરુષો તેતલિપુત્રના આ પ્રમાણે કહેવા પર હૃષ્ટ-તુષ્ટ થયા. યાવત્ બંને હાથ જોડીને અને મસ્તક પર અંજલિ કરીને ઘણું સારું એમ કહીને મુષિકારદારક કલાદના ઘરે આવ્યા. મૂષિકારદારક-કલાદે તે પુરુષોને આવતાં જોયા અને તે હૃષ્ટ-તુષ્ટ થયો. આસન ઉપરથી ઉભો થઈને, સાત-આઠ પગલા સામે ગયો, તેઓને આસન ઉપર બેસવા માટે આમંત્રણ આપ્યું. જ્યારે તેવો આસન ઉપર બેઠા સ્વસ્થ થયા અને વિશ્રામ લઈ લીધો ત્યારે કલાદે પૂછ્યું-'દેવાનુપ્રિયો ! આજ્ઞા આપો ! આપના આવવાનું શું પ્રયોજન છે ?' ત્યારે તે અભ્યંતર સ્થાનીય પુરુષોએ કલાદ મૂષિકાર દારકને પૂર્વવત્ વાત કરી જો તમને એમ લાગે કે આ સંબંધ ઉચિત છે, યોગ્ય છે અને પ્રાપ્ત છે, પ્રશંસનીય છે, બંનેનો સંજોગ સદૃશ છે, તો તેતલિપુત્રને પોટિલા દારિકા પ્રદાન કરો. પ્રદાન કરતા હો તો, હે દેવાનુપ્રિય ! કહો તેના બદલામાં તમને શું ધન આપીએ ?'

ત્યાર પછી કલાદ મૂષિકાર દારકે આભ્યંતર-સ્થાનીય પુરુષોને કહ્યું-'દેવાનુપ્રિયો ! તે જ મારા માટે ધન છે કે તેતલિપુત્ર, દારિકાના નિર્મિત્તથી મારા ઉપર અનુગ્રહ કરી રહ્યા છે.' આ પ્રમાણે કહીને તેણે આભ્યંતરસ્થાનીય પુરુષોનો વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી પુષ્પ, વસ્ત્ર આદિ યાવત્ માળા, અલંકાર આદિથી સત્કાર કર્યો, સન્માન કર્યું. સત્કાર સન્માન કરીને તેઓને વિદાય કર્યા. ત્યાર પછી તે આભ્યંતર સ્થાનીય પુરુષોએ તેતલિપુત્રને તે વૃત્તાન્ત નિવેદન કર્યું. ત્યાર પછી કલાદ મૂષિકાર દારકે અન્યદા કદાચિત્ શુભ તિથિ, નક્ષત્ર અને મુહૂર્તમાં પોટિલા દારિકાને સ્નાન કરાવીને સમસ્ત અલંકારોથી વિભૂષિત કરીને,શિબિકામાં આરૂઢ કરી. તે મિત્રો અને જ્ઞાતિ જનોથી પરિવૃત્ત થઈને પોતાના ઘરેથી નીકળીને, ઐશ્વર્યની સાથે, તેતલિપુરની વચ્ચોવચ્ચ થઈને તેતલિપુત્ર અમાત્યની પાસે પહોંચ્યો. પહોંચીને પોટિલા દારિકાનો સ્વયં તેતલિપુત્રની પત્નીનારૂપમાં પ્રદાન કરી. તેતલિપુત્રે પોટિલા દારિકાને ભાર્યાના રૂપમાં લાવેલી જોઈ. જોઈને તે પોટિલાની સાથે પટ પર બેઠો. બેસીને શ્વેત પીત કલશોથી તેણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વયં સ્નાન કર્યું. સ્નાન કરીને અગ્નિમાં હોમ કર્યો. ત્યાર પછી પોટિલા ભાર્યાના મિત્ર જનો, જ્ઞાતિજનો યાવત્ પરિજનોને અશન, આદિથી સત્કાર-સન્માન કરીને વિદાય કર્યા. ત્યાર પછી તેતલિપુત્ર અમાત્ય પોટિલા ભાર્યામાં અનુરક્ત થઈને, અવિ રક્ત આસક્ત થઈને યાવત્ ઉદાર ભોગ ભોગવવા લાગ્યો.

[૧૪૯] તે કનકરથ રાજા રાજ્યમાં, રાષ્ટ્રમાં, બલમાં, વાહનોમાં, કોશમાં, કોકાર માં તથા અંતઃપુરમાં અત્યંત આસક્ત થયો. તેથી તે જે જે પુત્રો ઉત્પન્ન થતા તે બધાને વિકલાંગ કરી દેતો હતો. કોઈના હાથની આંગળી કાપી નાંખતો, કોઇના હાથનો અંગુઠો, આ પ્રમાણે પગની આંગળીઓ, પગનો અંગુઠો, કર્ણશષ્કુલી અને કોઈનો નાક કાપી નાખતો હતો. આ પ્રમાણે તેણે પોતાના દરેક પુત્રને વિકલાંગ કરી નાખ્યા. ત્યાર પછી પદ્માવતી દેવીને એક વાર મધ્યરાત્રિના સમયે આ પ્રમાણેનો વિચાર ઉત્પન્ન થયો- 'કનકરથ રાજા રાજ્ય આદિમાં આસક્ત થઈને યાવત્ પુત્રોને વિકલાંગ કરી નાંખે છે, તો હવે મારે પુત્ર થાય ત્યારે મારા માટે શ્રેયસ્કર છે કે કનકરથ રાજાથી છુપાવીને તેનું પાલન પોષણ કરું. 'પદ્માવતી દેવીએ તેતલિપુત્ર અમાત્યને બોલાવ્યો. બોલાવીને તેને કહ્યું- 'હે દેવાનુપ્રિય ! કનકરથ રાજા રાજ્ય અને રાષ્ટ્ર આદિમાં અત્યંત અસક્ત થઈને દરેક પુત્રો ને અપંગ કરી દે છે, તેથી હું જો હવે પુત્રને જન્મ આપુ તો તમે કનકરથ રજાથી છૂપાવીને અનુક્રમથી તેનું સંરક્ષણ, સંગોપન અને સંવર્ધન કરજો.એમ કરવાથી તે બાળક બાલ્યાવસ્થા પાર કરીને, યૌવનને પ્રાપ્ત થઈને તમારા માટે અને મારા માટે પણ ભિક્ષાનું ભાજન બનશે. ત્યારે તેતલિપુત્ર અમાત્યે પદ્માવતીના આ અર્થને અંગીકાર કર્યો.

ત્યાર પછી પદ્માવતી દેવીએ અને પોટિલા અમાત્યી એ એકજ સાથે ગર્ભને ધારણ કર્યો. એક જ સાથે ગર્ભને વહન કર્યો અને સાથે સાથે જ ગર્ભની વૃદ્ધિ કરી. ત્યાર પછી પદ્માવતી દેવીએ નવ માસ અને સાડા સાત દિવસ પૂર્ણ થવા પર જોવામાં પ્રિય અને સુંદર રૂપવાળા પુત્રનેજન્મ આપ્યો. જે રાત્રિએ પદ્માવતી દેવીએ પુત્રને જન્મ આપ્યો, તે જ રાત્રિમાં પોટિલા અમાત્યીએ પણ મરેલી બાળકીને જન્મ આપ્યો. ત્યાર પછી પદ્માવતી દેવીએ પોતાની ધાય માતાને બોલાવી અને કહ્યું-'મા, તમે તેતલિપુત્રના ઘરે જાઓ અને તેતલિ પુત્રને ગુપ્ત રૂપથી બોલાવી લાવો.' ત્યાર ધાય માતાએ 'ઘણું સારું' એમ કહીને તેતલિપુત્રના ઘરે ગઈ. તેને યાવત્ આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિય ! આપને પદ્માવતી દેવીએ બોલાવ્યા છે.'

ત્યાર પછી તેતલિપુત્ર ધાય માતાના આ અર્થને સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ થઈને ધાય માતાની સાથે પોતાના ઘરેથી નીકળ્યો. જ્યાં પદ્માવતી દેવી હતી. ત્યાં આવ્યો.આવીને બંને હાથ જોડીને બોલ્યો - 'દેવાનુપ્રિયો ! મને જે કરવાનું હોય, તેની આજ્ઞા આપો. ત્યાર પછી પદ્માવતી દેવીએ તેતલીપુત્રને આ પ્રમાણે કહ્યું- આ બાળકને ગ્રહણ કરો-સંભાળો. યાવત્ આ બાળક તમારા માટે અને મારા માટે ભિક્ષાનું ભાજન સિદ્ધ થશે.' એમ કહીને તે બાળકને તેતલિપુત્રના હાથમાં સોંપી દીધું. ત્યાર પછી તેતલિપુત્રે પદ્માવતી દેવીના હાથેથી તે બાળકને ગ્રહણ કર્યુ અને પોતાના ઉત્તરીય વસ્ત્રથી ઢાંકી દીધું. ઢાંકીને જ્યાં પોતાનું ઘર હતું અને જ્યાં પોટ્ટિલા ભાર્યા હતી, ત્યાં આવ્યો. ત્યાં આવીને પોટિલાને આ પ્રમાણે કહ્યું.-

'આ પ્રમાણે હે દેવાનુપ્રિયે ! આ બાળક કનકરથનોપુત્ર અને પદ્માવતી દેવીનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મજ છે, તેથી દેવાનુપ્રિય ! આ બાળકનું કનકરથ રાજાથી ગુપ્ત રીતે, અનુક્રમથી સંરક્ષણ, સંગોપન અને સંવર્ધન કરવાનું છે. જેથી આ બાળક બાલ્યાવસ્થાથી મુક્ત થઈને તમારા માટે, મારા માટે અને પદ્માવતી દેવીને માટે આધારભૂત થશે.' આ પ્રમાણે કહીને તે બાળકને પોટ્ટિલાને પાસે રાખી દીધો અને પોટ્ટિલાની પાસેથી મરેલી બાળકીને ઉઠાવીને અને ઉત્તરીય વસ્ત્રથી ઢાંકીને અંતઃપુરના પાછળના નાના દ્વારથી પ્રવિષ્ટ થયો. અને પદ્માવતી દેવીની પાસે પહોંચ્યો. મરેલી બાળકી પદ્માવતી દેવીની પાસે રાખી દીધી પદ્માવતીની અંગપરિચારિકાઓએ પદ્માવતી દેવીને અને જન્મેલી બાલિકાને જોઈ. જોઈને તે જ્યાંકનકરથ રાજાહતો ત્યાંઆવ્યા.આવીને બંને હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગી-હે સ્વામિન્ ! પદમાવતી દેવીએ મૃત બાલિકાને જન્મ આપ્યો છે. ત્યાર પછી કન કરથ રાજાએ તે મરેલી બાળકીનું નીહરણ કર્યું. તેને સ્મશાનમાં લઈ ગયા. મૃતક સંબંધી ઘણાં લૌકિક કાર્ય કર્યા. કેટલાક સમય પછી રાજા શોક રહિત થઇ ગયો. ત્યાર પછી બીજા દિવસે તેતલિપુત્રે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું-'હે દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી ચારકશોધનકરો.યાવત્ દશદિવસની સ્થિતિપતિકા-પૂત્ર જન્મનો મહોત્સવ કરો. અમારો આ બાળક રાજા કનકરથના રાજ્યમાં ઉત્પન્ન થયો છે, તેથી આ બાળકનું નામ કનકધ્વજ રહેશે.' ધીમે ધીમે તે બાળક મોટો થયો, કળાઓમાં કુશળ થયો, યૌવનને પ્રાપ્ત થઈને ભોગ ભોગવવામાં સમર્થ થયો.

[૧૫૦] ત્યાર પછી કોઇ સમયે પોટ્ટિલા તેતલિપુત્રને અપ્રિય થઇ ગઇ. તેતલિપુત્ર તેનું નામ કે ગોત્ર સાંભળવું પણ પસંદ ન કરતો. તો દર્શન અને ભોગ-ભોગવવાની તો વાત જ ક્યાં ? ત્યારે એકવાર મધ્યરાત્રિના સમયે પોટ્ટિલાને મનમાં આ વિચાર આવ્યો- કે તેતલિપુત્રને હું પહેલાં પ્રિય હતી-પરંતુ હવે અપ્રિય થઈ ગઇ છું. આ પ્રમાણે જેના મનનો સંકલ્પ નષ્ટ થઇ ગયો છે, એવી તે પોટ્ટિલા ચિંતામાં ડૂબી ગઇ. ત્યાર પછી તેતલિપુત્રને તે ભગ્નમનોરથા પોટ્ટિલાને ચિંતામાં ડૂબેલી જોઇને આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિયે ! ભગ્ન મનોરથવાળી ન થાવ તું મારી ભોજનશાળામાં આ વિપુલ અશનઆદિ તૈયાર કરાવીને ઘણાં શ્રમણો બ્રાહ્મણો યાવત્ ભિખારીઓને દાન દેતી દેવરાવતી રહો. તેતલિપુત્રના આમ કહેવા પર પોટ્ટિલા હર્ષિત અને સંતુષ્ટ થઇ દાન આપવા અને અપાવવા લાગી.

[૧૫૧]તે કાળ અને તે સમયમાં,ઈર્યા સમિતિથી યુક્ત યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી, બહુશ્રુત બહુપરિવારવાળી સુવ્રતા નામક આર્યા અનુક્રમથી વિહાર કરતી-કરતી તેતલિ પુરનગરમાંઆવી.આવીને યથોચિત્તઉપાશ્રયનેગ્રહણકરીને સંયમ અને તપથી આત્મા ને ભાવિત કરતી વિચરવા લાગી. ત્યાર પછી સુવ્રતા આર્યાના એક સંઘાડાએ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કર્યો અને બીજા પ્રહરમાં ધ્યાન કર્યું. ત્રીજા પ્રહરમાં ભિક્ષાને માટે યાવત્ ભ્રમણ કરતી થકી તે સાધ્વીઓએ તેતલિપુત્રના ઘરમાં પ્રવેશ કર્યો. પોટ્ટિલા તે આર્યાઓને આવતી જોઇને હૃષ્ટ-તુષ્ટ થઇ, પોતાના આસન ઉપરથી ઉભી થઇ વંદન કર્યા, નમસ્કાર કર્યા અને વિપુલ આહાર વહોરાવ્યો. આહાર વહોરાવીને તેણીએ કહ્યું- 'આ પ્રમાણે હે આર્યાઓ ! હું પહેલાં તેતલિપુત્રને ઈષ્ટ હતી. પરંતુ આજે અનિષ્ટ થઈ ગઇ છું. હે આર્યાઓ ! તમે શિક્ષિત છો, ઘણું જાણો છો, ઘણા ભણેલી છો, ઘણા નગરો અને ગામો માં યાવત્ ભ્રમણ કરો છો, રાજાઓ અને ઈશ્વરોના ઘરમાં પ્રવેશ કરો છો તોહે આર્યાઓ ! તમારી પાસે કોઇ ચૂર્ણયોગ, મંત્રયોગ, કામણ યોગ, હૃદયોકાયન-હૃદયને હરણ કરનાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયાને આકર્ષણ કરનાર, આભિયોગિક પરાભવ કરનાર, વશી કરણ, કૌતુક કર્મ, સૌ ભાગ્ય પ્રદાન કરનાર સ્નાન આદિ, ભૂતિકર્મ ભભૂતિનો પ્રયોગ, અથવા કોઇ મૂળ, કંદ, છાલ, વેલ, શિલિકા ગોળી, ઔષધ અથવા ભેષજ એવી છે કે જે પહેલા જાણેલ હોય ? જેથી હું તેતલિપુત્રને ફરી ઇષ્ટ બની શકું ?'

પોટ્ટિલાના દ્વારા આ પ્રમાણે કહેવા પર તે આર્યાઓએ પોતાના બંને કાન બંધ કરી લીધા. કાન બંધ કરીને તેણે પોટ્ટિલાને કહ્યું 'દેવાનુપ્રિયે ! અમે નિર્ગ્રંથો શ્રમણીઓ છીએ યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી છીએ. તો એવા વચનો અમારે કાનથી સાંભળવા પણ કલ્પે નહિં તો આ વિષયમાં ઉપદેશ આપવો કે આચરણ કરવું તો કલ્પે જ કેમ ? હે દેવાનુ પ્રિયે ! અમે તમને અદ્ભુત યા અનેક પ્રકારનો કેવલિપ્રરૂપિત ધર્મ સારી રીતે ઉપદેશથી શકીએ.' ત્યાર પછી પોટ્ટિલએ કહ્યું-'હે આર્યાઓ ! હું તમારી પાસેથી કેવલિપ્રરૂપિત ધર્મ સાંભળવાઇચ્છુંછું.'ત્યારેતેઆર્યાઓએ પોટ્ટિલાનેઅદ્ભુત ધર્મનો ઉપદેશ આપ્યો. પોટ્ટિલા ધર્મનો ઉપદેશ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ થઇને બોલી- 'આર્યાઓ ! હું નિર્ગ્રંથ પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું. જેમ તમે કહ્યું. તે તેમજ છે. તેથી હું આપની પાસેથી પાંચ અણુવ્રતોને યાવત્ શ્રાવકના ધર્મને અંગીકાર કરવા ઇચ્છું છું. ત્યારે આર્યાઓએ કહ્યું-'જેમ સુખ ઉપજે તેમ કરો.' ત્યારે તે પોટ્ટિલાએ તે આર્યાઓ પાસેથી પાંચ અણુવ્રત યાવત્ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો તે આર્યાઓને વંદના કરી. નમસ્કાર કર્યા. પછી તે પોટ્ટિલા શ્રમણોપાસિકા બની ગઇ. યાવત્ સાધુ-સાધ્વીઓને આહાર આદિ પ્રદાન કરતી થકી વિચરતી રહેવા લાગી.

[૧૫૨]એકદા મધ્યરાત્રિના સમયે જ્યારે તે કુટુમ્બના વિષયમાં ચિંતા કરતી તેને સંકલ ઉત્પન્ન થયો, કે-પહેલાં હું તેતલિપુત્રને ઇષ્ટ હતી હવે અનિષ્ટ થઇ ગઇ છું. તેથી મારા માટે તો સુવ્રતા આર્યાની પાસે દીક્ષા અંગીકાર કરવી તે શ્રેયસ્કર છે.' પોટ્ટિલાએ એવો વિચાર કર્યો. વિચાર કરીને બીજા દિવસે તે તેતલિપુત્ર પાસે ગઇ. જઇને બંને હાથ જોડીને બોલી-'હે દેવાનુપ્રિય ! મેં સુવ્રતા આર્યા પાસેથી ધર્મ સાંભળેલ છે યાવત્ આપની આજ્ઞા મેળવીને હું પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઇચ્છું છું. ત્યારે તેતલિપુત્રે પોટ્ટિલાને કહ્યું 'હે દેવાનુપ્રિયે ! તમે મુંડિત થઇ, પ્રવજિત થઇને મૃત્યુના સમયે કાળ કરીને કોઇ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થશો, તો હે દેવાનુપ્રિયે ! તમે મને દેવલોકથી આવીને કેવલિપ્રરૂપિત ધર્મ નો બોધ કરાવો તો હું તમને આજ્ઞા આપુ અગર તમે મને પ્રતિબોધ ન કરવો તો હું આજ્ઞા આપતો નથી. ત્યારે પોટ્ટિલાએ તેતલિપુત્રના એ અર્થનો સ્વીકાર કર્યો.

ત્યાર પછી તેતલિપુત્રે વિપુલ અશન, પાન, ખાદિમ સ્વાદિમનો આહાર બના રાવ્યો. મિત્રો, જ્ઞાતિજનો આદિને આમંત્રિત કર્યા. યાવત્ તેઓનું યથોચિત સન્માન કર્યું. પોટ્ટિલાને સ્નાન કરાવ્યું. યાવત્ હજાર પુરુષોથી વહન કરવા યોગ્ય શિબિકા ઉપર આરૂઢ કરાવીને મિત્રો તથા જ્ઞાતિજનોથી પરિવૃત્ત થઇને, સમસ્ત ઋદ્ધિની સાથે, યાવત્ વાદ્યોની સાથે, તેણીને તેતલીપુર નગરની મધ્યમાં થઇને સુવ્રતા આર્યાની પાસે ઉપા શ્રયમાં લાવ્યો. ત્યાં આવીને સુવ્રતા આર્યાને વંદન કર્યા. નમસ્કાર કર્યા. 'હે દેવાનુપ્રિયે ! આ મારી પોટ્ટિલા ભાર્યા મને ઇષ્ટ છે. તે સંસારના ભયથી ઉદ્વેગને પ્રાપ્ત થઇ છે, યાવત્ દીક્ષા અંગીકાર કરવા ઇચ્છે છે. તેથી હે દેવાનુપ્રિયે ! હું આપને શિષ્યા રૂપે ભિક્ષા આપું છું. તેને આપ અંગીકાર કરો.' સુવ્રતા આર્યાએ કહ્યું-'દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરો, તેમાં પ્રતિબંધ વિલંબ ન કરો.' ત્યાર પછી સુવ્રતા આર્યાએ આ પ્રમાણે કહેવા પર પોટ્ટિલા હૃષ્ટ-તુષ્ટ થઇ અને ઉત્તર-પૂર્વ- દિશામાં જઇને પોતે પોતાના આભારણ, માળા અને અલંકાર ઉતાર્યા. ઉતારીને સ્વયં પંચમુષ્ટિ લોચ કર્યો. આ બધુ કરીને, જ્યાં સુવ્રતા આર્યા હતી, ત્યાં આવી. આવીને સુવ્રતા આર્યાને વંદન નમસ્કાર કર્યા. -'હે ભગવતી ! હે પૂજ્ય ! આ સંસાર ચારે તરફથી બળી રહ્યો છે. ઇત્યાદિ ભગવતી સૂત્રમાં કથિત દેવાનંદાની સમાન દીક્ષાનું વર્ણન કરવું. યાવત્ પોટ્ટિલાએ દીક્ષા લઇને અગ્યાર અંગોનું અધ્યયન કર્યુ. ઘણાં વર્ષો સુધી ચારિત્રનું પાલન કર્યુ. પાળીને એક માસની સંલેખના કરીને, પોતાના શરીરને કૃશ કરીને, સાઠ ભક્તનું અનશન કરીને, પાપકર્મની આલો-ચના અને પ્રતિક્રમણ કરીને, સમાધિપૂર્વક, મૃત્યુના અવસરે કાળ કરીને કોઈ દેવલોકમાં દેવતા રૂપે ઉત્પન્ન થઈ.

[૧૫૩] ત્યાર પછી કનકરથ રાજા કોઇ સમયે કાળ ધર્મ પામ્યો. ત્યારે રાજા, ઈશ્વરો આદિએ તેમનું નીહરણ- કર્યું. મૃતકકૃત્ય કરીને તેઓ પર સ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા. - 'દેવાનુપ્રિય કનકરથ રાજાએ રાજ્ય આદિમાં આસક્ત થઇને પોતાના પુત્રોને વિકલાંગ કરી દીધા છે. દેવાનુપ્રિયો ! આપણે તો રાજાને અધીન છીએ. રાજાને અધિ ષ્ઠિત થઇને રહેનારા છીએ, અને રાજાને અધીન થઇને કાર્ય કરનાર છીએ, તેતલિપુત્ર અમાત્ય, રાજા કનરથના બધા સ્થાનોમાં અને બધી ભૂમિકાઓમાં વિશ્વાસપાત્ર રહેલ છે, -વિચારક છે અને બધું કામ ચલાવનાર છે. તેથી આપણે તેતલિપુત્ર અમાત્ય પાસેથી પુત્રની યાચના કરવી ઉચિત છે. તેતલિપુત્રને આ પ્રમાણે કહેવા લાગ્યા. 'હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે કનકરથ રાજા રાજ્યમાં તથા રાષ્ટ્ર આદિમાં આસક્ત હતા. તેથી તેમણે દરેક પુત્રને વિકલાંગ કરી દીધો છે અને હે દેવાનુપ્રિય ! અમે તો રાજાને અધીન રહેનાર યાવત્ રાજાને અધીન રહીને કાર્ય કરનાર છીએ. હે દેવાનુપ્રિય ! તમે કનકરથ રાજાના દરેક સ્થાનમાં વિશ્વાસપાત્ર રહેતા હતા. યાવત્ રાજ્યની ધુરાના ચિંતક છો. તેથી હે દેવાનુ પ્રિય ! જો કોઇ કુમાર રાજલક્ષણોથી યુક્ત અને અભિષેકને યોગ્ય હોય તો અમને આપો. જેથી તેનો રાજ્યાભિષેક કરીએ.

ત્યાર પછી તેતલિપુત્રે કનકધ્વજ કુમારને સ્નાન કરાવ્યું અને વિભૂષિત કર્યો. પછી તેને ઈશ્વર આદિની પાસે લાવ્યા. લાવીને કહ્યું- 'દેવાનુપ્રિય ! આ કનકરથ રાજાનો પુત્ર અને પદ્માવતી દેવીનો આત્મજ કનકધ્વજ કુમાર રાજ્યનેયોગ્ય છે અને રાજલક્ષ ણોથી સંપન્ન છે મેં કનકરથ રાજાથી છુપાવીને તેનું સંરક્ષણ કર્યું છે. તમે લોકો મહાન્ અભિષેકથી તેનો રાજ્યાભિષેક કરો.' ત્યારે પછી ઈશ્વર આદિએ તે કનકધ્વજકુમારનો મહાન્ મહાન્ અભિષેક કર્યો. કનકધ્વજ કુમાર રાજા થઇ ગયો. મહાહિમવાન અને મલય પર્વતની સમાન, ઈત્યાદિ રાજાનું વર્ણન અહીં કરવું જોઇએ.

ત્યાર પછી ઈશ્વર આદિએ તે કનકધ્વજ કુમારનો મહાન્ અભિષેક કર્યો. કનક ધ્વજ કુમાર રાજા થઇ ગયો. ત્યાર પછી કનકધ્વજ રાજાને પદ્માવતી દેવીએ બોલાવ્યો બોલાવીને કહ્યું-હે પુત્ર ! તમારું આ રાજ્ય યાવત્ અંતઃપુર અને સ્વયં તું પણ તેતલિ પુત્રના પ્રભાવથી જ છો. તેથી તારે તેતલિપુત્ર અમાત્યને આદર કરવો. તેને તારો હિતૈષી માનવો. તેનો સત્કાર કરવો, સન્માન આપવું, તેને આવતો જોઇ ઉભા થવું, તેની ઉપા સના કરવી, તેના જવા પર પાછળ પાછળ જવું, બોલવા પર તેના વચનોની પ્રસંશા કરવી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેને અર્ધા આસનપર બેસાડવા, તેના ભોગોની વૃદ્ધિ કરવી.' ત્યાર પછી કનકધ્વજે પદ્માવતી દેવીના કથનને 'ઘણું સારું' કહીને અંગીકાર કર્યું.

[૧૫૪] ત્યાર પછી પોટ્ટિલા દેવે વારંવાર તેતલિપુત્રને કેવલિપ્રરૂપિત ધર્મથી પ્રતિબોધ્યો, પરંતુ તેતલિપુત્રને પ્રતિબોધ થયો જ નહિ. ત્યારે પોટ્ટિલા દેવને આ પ્રમાણેનો વિચાર ઉત્પન્ન થયો-કનકધ્વજ રાજા તેતલિપુત્રનો આદર કરે છે. યાવત્ તેનો ભોગ વધારી દીધો છે, આ કારણે તેતલિપુત્ર વારંવાર પ્રતિબોધ આપવા છતાં ધર્મમાં પ્રતિબુદ્ધ થતો નથી. તેથી ઉચિત છે કે કનકધ્વજ રાજાને તેતલિપુત્રથી વિરુદ્ધ (વિમુખ) કરી દેવો જોઈએ. ત્યારે પછી તેતલિપુત્ર અમાત્ય બીજા દિવસે સ્નાન કરીને યાવત્ અમંગલ-નિવારણનો માટે પ્રાયશ્ચિત્ત કરીને શ્રેષ્ઠ અશ્વની પીઠ પર સવાર થઈને અને ઘણા પુરુષોથી પરિવૃત થઈને પોતાના ઘરેથી નીકળ્યો. તેતલિપુત્ર અમાત્યને (માર્ગમાં) જે જે ઘણા રાજા, ઈશ્વર યા તલવર આદિ જોવે છે તે પહેલાની જેમ તેનો આદર કરે છે, તેને હિતકારક માને છે અને ઉભા થાય છે. ઉભા થઈને હાથ જોડીને ઈષ્ટ તેમજ કાન્ત વાણીથી બોલે છે અને વારંવાર બોલે છે. તેઓ બધા તેની આગળ, પાછળ અને આજુબાજુમાં અનુસરણ કરીને ચાલે છે.

ત્યાર પછી તેતલિપુત્ર જ્યાં કનકધ્વજ હતો ત્યાં આવ્યો. કનકધ્વજે તેતલિપુત્રને આવતો જોયો પરંતુ તેનો આદર ન કર્યો, તેને હિતૈષી ન માન્યો, ઉભો ન થયો. એનાથી વિપરીત આદર ન કરતાં, નહીં જાણતાં, નહિ ઉભા થતાં પરાંગમુખ થઈને બેસી ગયો. ત્યાર પછી તેતલિપુત્ર કનકધ્વજને વિપરીત થયેલો જાણીને ભયભીત થયો. તેના હૃદયમાં અત્યન્ત ભય ઉત્પન્ન થયો. તે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો-'કનકધ્વજ રાજા મારા ઉપર રુષ્ટ થયા છે, હીન થઈ ગયા છે, મારું ખરાબ વિચાર્યું છે. તેથી કોણ જાણે તે મને કયા ખરાબ મોતથી મારશે.' આ પ્રમાણે વિચાર કરીને તે ડરી ગયો, ત્રાસને પ્રાપ્ત થયો, અને ધીમે-ધીમે ત્યાંથી ખસી ગયો. ખસીને તે અશ્વની પીઠ પર સવાર થયો. સવાર થઈને તે તેતલિપુરની મધ્યભાગમાં થઈને પોતાના ઘરની તરફ રવાના થયો. ત્યાર પછી તેતલિપુત્રને તે ઈશ્વરં આદિ જુએ છે તો તેઓ પણ પહેલાની જેમ તેનો આદર ન કરતાં, તેમને ન જાણતાં, તેમની સામે ઉભા ન થતાં. હાથ ન જોડતાં અને ઈષ્ટ યાવત્ વાણીથી સત્કાર નહિ કરતાં, આગળ, પાછળ, આજુબાજુમાં તેની સાથે ચાલતાં નહીં. ત્યાર પછી તેતલિપુત્ર જ્યાં પોતાનું ઘર હતું, ત્યાં આવ્યો. બાહરની જે પરિષદ્ હોય છે, જેમકે દાસ, પ્રેષ્ય તથા ભાગીદાર આદિ, તે બહારની પરિષદે પણ તેનો આદર ન કર્યો. તેને ન જાણ્યો, અને ન ઉભા થયા અને જે અભ્યંતર પરિષદ્ હોય છે, જેમકે માતા, પિતા, પુત્રવધૂ આદિ, તેને પણ તેનો આદર ન કર્યો, તેને ન જાણ્યો અને તેને જોઈ કોઈ ઉભા ન થયા.

ત્યાર પછી તેતલિપુત્ર જ્યાં પોતાનું વાસગૃહ હતું અને જ્યાં શય્યા હતી. ત્યાં આવ્યો. આવીને શય્યા પર બેઠો. બેસીને આ પ્રમાણે બોલ્યો-'આ રીતે હુ મારા ઘરેથી નીકળ્યો અને રાજા પાસે ગયો પરંતુ રાજાએ આદર-સત્કાર ન કર્યો. પાછા ફરતાં માર્ગ માં પણ કોઈએ આદર-સત્કાર ન કર્યો. ઘરે આવ્યો તે બાહ્ય પરિષદે પણ આદર-સત્કાર ન કર્યો. એવી દશામાં મારે પોતાને જીવનથી રહિત થઈ જવું તે જ શ્રેયસ્કર છે.' આ પ્રમાણે તેતલિપુત્રે વિચાર કર્યો. વિચાર કરીને તાલપુટવિષ પોતાના મુખમાં નાંખ્યું. પરંતુ તે વિષની અસર ન થઈ. ત્યાર પછી તેતલિપુત્રે નીલ કમલની સમાન શ્યામ યાવત્ તલવાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના સ્કંધ પર વહન કરી. તલવારનો પ્રહાર કર્યો. પરંતુ તે પણ ખંડિત થઈ ગઈ. ત્યાર પછી તેતલિપુત્ર અશોક વાટિકામાં ગયો. ત્યાં જઈને તેણે પોતાને પાશમાં બાંધ્યો. પછી વૃક્ષ પર ચઢ્યો, ચઢીને તે વૃક્ષમાં પાશને બાંધ્યો. પછી પોતાના શરીરને લટકાવ્યું. ત્યાં પણ તે દોરી તૂટી ગઈ. ત્યાર પછી તેણે એકદમ મોટી શિલા ગળામાં બાંધી. બાંધીને અથાગ, તરી ન શકાય અને અપૌરુષેય પાણીમાં પોતાનું શરીર છોડી દીધું. પરંતુ ત્યાં પણ તે પાણી છીછરું થઈ ગયું. ત્યાર પછી તેતલિપુત્રે સુકા ઘાસમાં આગ લગાડી અને પોતાના શરીરને તેમાં નાંખ્યું. પરંતુ તે અગ્નિકાય પણ બુઝાય ગયો.

ત્યાર પછી તેતલિપુત્ર મનમાંને મનમાં બોલ્યો-'શ્રમણ શ્રદ્ધા કરવા યોગ્ય વચન બોલે છે, માહણ શ્રદ્ધા કરવા યોગ્ય વચન બોલે છે, હું જ એક એવો છું કે જે અશ્રદ્ધેય વચન બોલું છું. હું પુત્રો સહિત હોવા છતાં પુત્રરહિત છું. મિત્રો સહિત હોવા છતાં મિત્રહીન છું, આ પ્રમાણે ધન, સ્ત્રી, દાસ, દાસી અને પરિવારથી સહિત હોવા છતાં પણ હું તેનાથી રહિત છું, કોણ મારી આ વાત પર વિશ્વાસ કરશે ? શ્રદ્ધા કરશે ? આ પ્રમાણે રાજા કનકધ્વજે જેનો અનિષ્ટ ચિન્તન કર્યું છે, એવા તેતલિપુત્રે પોતાના મુખમાં વિષ નાખ્યું. પરંતુ તે વિષનો કંઈ પ્રભાવ ન થયો, મારા આ કથર ઉપર કોણ વિશ્વાસ કરશે ? યાવત્ તેતલિપુત્રે સૂકુંઘાસ સળગાવીને તેમાં કૂદી પડ્યો, પરંતુઆગ બુઝાઈ ગઈ, કોણ આ વાત પર વિશ્વાસ કરશે ?' આ પ્રમાણે તેતલિપુત્રે ભગ્નમનોરથ થઈને ચિંતન કરવા લાગો. ત્યાર પછી પોટ્ટિલ દેવે પોટ્ટિલાના રૂપની વિકુર્વણા કરી. વિકુર્વણા કરીને તેતલિપુત્રથી ન બહુ દૂર કે ન બહુ નજીક સ્થિત થઈને તેને આ પ્રમાણે કહ્યું-હે તેતલિપુત્ર ! આગળ ખાડો છે અને પાછળ હાથીનો ભય છે. બંને બાજુ એટલો ઘોર અંધકાર છે કે કંઈ દેખાતું નથી. મધ્ય ભાગમાં બાણોની વર્ષા થઈ રહી છે. ગામમાં આગ લાગી છે અને વન સળગી રહ્યું છે. તો હે આયુષ્યમાન્ તેતલીપુત્ર ! અમે ક્યાં જઈએ ? કોનું શરણ લઈએ. ત્યારે તેતલિપુત્રે પોટ્ટિલા દેવને આ પ્રમાણે કહ્યું-'અહો ! આ પ્રમાણે સર્વત્ર ભયગ્રસ્ત પુરુષને માટે દીક્ષા જ શરણભૂત છે. જેમ ઉત્કંઠીત પુરુષને માટે સ્વદેશગમન શરણભૂત છે ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, બીમારને ઔષધ, માયાવીને ગુપ્તતા, અભિયુક્ત પર વિશ્વાસ ઉપજાવવો. થાકેલા માંદાને વાહન પર ચઢીને ગમન કરવું, તરવાના ઈચ્છુકને જહાજ અને શત્રુનો પરાભવ કરનારની ઈચ્છા કરનારને સહાયકૃત્ય શરણભૂત છે. ક્ષાંત, દાંત અને જિતેન્દ્રિય પુરૂષને તેમાંનો એક પણ ભય નથી. ત્યાર પછી તેતલિપુત્ર અમાત્યને પોટ્ટિલા દેવે કહ્યું- 'તેતલિપુત્ર ! તુ બરાબર કહે છે. પરંતુ આ અર્થને તમે સારીરીતે જાણો, દીક્ષા ગ્રહણ કરો.' આ પ્રમાણે કહીને દેવે બીજીવાર પણ એમ જ કહ્યું. કહીને દેવ જે દિશાથી પ્રગટ થયો હતો તે દિશામાં પાછો ચાલ્યો ગયો.

[૧૫૫] ત્યાર પછી તેતલિપુત્રને શુભ પરિણામ ઉત્પન્ન થવાથી જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થઈ. ત્યારે તેતલિપુત્રના મનમાં આ પ્રમાણોનો વિચાર યાવત્ ઉત્પન્ન થયો-'નિશ્ચયથી હું જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં, મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં, પુંડરીગિરી રાજધાનીમાં મહાપદ્મ નામનો રાજા હતો. પછી મેં સ્થવિર મુનિની પાસે મુંડિત થઈને યાવત્ ૧૪ પૂર્વનું અધ્યયન કરીને, ઘણા વર્ષો સુધી સંયમ પર્યાય પાળીને, અંતમાં એક માસની સંલેખના કરીને, મહાશુક્ર વિમાનમાં દેવ રુપે ઉત્પન્ન થયો. ત્યાર પછી આયુનો ક્ષય થવા પર હું તે દેવલોકથી (ચ્યવીને) અહીં તેતલિપુર નગરમાં તેતલિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમાત્યની ભદ્રા ભાર્યાની કુક્ષીએ પુત્રના રૂપમાં ઉત્પન્ન થયો છું. તો મારા માટે પહેલાં કરેલમહાવ્રતોનેસ્વયંસ્વીકારકરવાંતેશ્રેયસ્કર છે.એમ તેતલિપુત્રને વિચાર કર્યો વિચાર કરીને સ્વયં મહાવ્રતોનેજ અંગીકાર કર્યા. અંગીકાર કરીને જ્યાં પ્રમદવન ઉદ્યાન હતું, ત્યાંઆવ્યા.આવીનેશ્રેષ્ઠઅશોકવૃક્ષનીનીચેપૃથ્વીશિલાપટ્ટકપરસુખપૂર્વક બેઠેલ વિચારણાં કરતાં તેણે પહેલાં કરેલા ચૌદ પૂર્વનું સ્વયં જ સ્મરણ થયું. ત્યાર પછી તેતલિ પુત્ર અણગારનેશુભપરિણામથીયાવત્‌તદાવરણીય-કર્મોના ક્ષયોપશમથી, કર્મરજનો નાશ કરનાર અપૂર્વ કરણમાં પ્રવેશ કર્યો ઉત્તમ કેવળજ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન્ન થયા.

[૧૫૬] ત્યાર પછી તેતલિપુર નગરીની સમીપ દેવ અને દેવીઓએ દેવદુંદુભિ વગાડી. પાંચવર્ણ પુષ્પોની વર્ષા કરી અને દિવ્ય ગીતનો ધ્વનિ કર્યો કનકધ્વજ રાજા આ કથાના અર્થને જાણીને બોલ્યો :- 'નિઃસંદેશ મારા દ્વારા અપમાનિત થઈને તેતલિપુત્રે મુંડિત થઈને દીક્ષા અંગીકાર કરી છે. તેથી હું જઈને તેતલિપુત્ર અણગારને વંદન કરું, નમસ્કાર કરું. વિનયપૂર્વક ખમાવું.' કનકધ્વજે એ પ્રમાણે વિચાર કર્યો. વિચાર કરીને સ્નાન કર્યું. પછી ચતુરંગી સેના સાથે જ્યાં પ્રમદવન ઉદ્યાન હતું, જ્યાં તેતલિપુત્ર અણ ગાર હતા, ત્યાંઆવ્યો.આવીને તેતલિપુત્ર અણ ગારને વંદન કર્યા,નમસ્કાર કર્યા. વિનય ની સાથે પુનઃ પુનઃ ક્ષમા યાચના કરી, ન અતિ દૂર કે ન નજીક એવા સ્થાન પર બેસીને તેની ઉપા સના કરવા લાગ્યા. ત્યાર પછી તેતલિપુત્ર અણગારે કનકધ્વજ રાજાને અને મોટી પરિષદને ધર્મનો ઉપદેશ આપ્યો. ત્યાર પછી કનકધ્વજ તેતલિપુત્ર કેવલી પાસેથી ધર્મ સાંભળીને હૃદયમાં ધારણ કરીને પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. શ્રાવક ધર્મ અંગીકાર કરીને તે યાવત્ જીવ અજીવ આદિ તત્ત્વોનો જ્ઞાતા શ્રમણોપાસક થઈ ગયો. ત્યાર પછી તેતલિપુત્ર કેવલી ઘણાં વર્ષો સુધી કેવલી અવસ્થામાં રહીને યાવત્ સિદ્ધ થયા.

જૈનમ્ જયતિ શાસનમ્

**અધ્યયન-૧૪-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન-૧૫-નંદીફળ

[૧૫૭] જો શ્રમણ ભગવાન મહાવીરે ચૌદમાં જ્ઞાતાધ્યયનનો આ અર્થ કહ્યો છે પંદરમાં જ્ઞાતાધ્યનનો શું અર્થ ફરમાવેલ છે ?' 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં ચંપા નગરી હતી. તેની બહાર પૂર્ણભદ્ર ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો. ધન્ય સાર્થવાહ હતો. તે ઋદ્ધિસંપન્ન હતો યાવત્ કોઈથી પરાભવ પામતો નહીં.'

તે ચંપા નગરીથી ઉત્તરપૂર્વ દિશામાં અહિછત્રા નામની નગરી હતી. તે ભવનો આદિથી યુક્ત તથા સમૃદ્ધિથી પરિપૂર્ણ હતી. તે અહિ છત્રા નગરમાં કનકકેતુ નામનો રાજા હતો. તે મહાહિમવંત પર્વતની સમાન આદિ વિશેષણોથી યુક્ત હતો. એકદા ધન્ય સાર્થવાહના મનમાં મધ્યરાત્રિના સમયે આ પ્રકારનો અધ્યવ સાય, ચિંતિત, પ્રાર્થિત, મનોગત, સંકલ્પ, ઉત્પન્ન થયો-'વિપુલ ઘી, તેલ, ખાંડ, ગોળ, આદિ માલ લઈને મારે અહિછત્રા નગરીમાં વ્યાપાર કરવા માટે જવું શ્રેયસ્કર છે.' વિચાર કરીને ગણિમ, ધરિમ, મેય, અને પારિચ્છેદ્ય માલને ગ્રહણ કર્યો. ગ્રહણ કરીને ગાડા-ગાડી તૈયાર કર્યા. કૌટુમ્બિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું-

દેવાનુપ્રિયો ! તમે જાઓ. ચંપાના શ્રૃંગાટક યાવત્ બધા માર્ગોમાં ઘોષણા કરી દો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે-'હે દેવાનુપ્રિયો ! ધન્ય સાર્થવાહ વિપુલ માલ ભરીને અહિછત્રાનગરમાં વાણિજ્યના નિમિત્તે જવાની ઇચ્છા કરે છે. તેથી હે દેવાનુપ્રિયો ! જે કોઇ ચરક, ચીરિક, ચર્મખડિક, ભિક્ષાંડ, પાંડુરક, ગોતમ, ગોવ્રતી, ગૃહધર્મી, ગૃહસ્થ ધર્મનું ચિંતન કરનારા, અવિરુદ્ધ, વિરુદ્ધ વૃદ્ધતાપસ, શ્રાવક-બ્રાહ્મણ અથવા વૃદ્ધ શ્રાવક અર્થાત્ બ્રાહ્મણ; રક્તપટ નિર્ગ્રંથ આદિ વ્રતવાન યા ગૃહસ્થ જે કોઈ પણ ધન્ય સાર્થવાહની સાથે અહિછત્રા નગરીમાં જવા ઇચ્છે, તેને ધન્ય સાર્થવાહ પોતાની સાથે લઇ જશે. જેની પાસે છત્ર ન હોય તેને છત્ર આપશે, જેની પાસે જૂતા ન હોય તેને જૂતા આપશે, જેની પાસે કમંડલુ ન હોય તેને કમંડલુ અપાવશે, જેની પાસે પથ્યોદન ન હોય તેને પથ્યોદન અપાવશે, જેની પાસે પ્રક્ષેપ ન હોય તેને પ્રક્ષેપ આપશે, જે પડી જશે, જે ભગ્ન થઈ જશે, જે રુગ્ણ થઈ જશે, તેને સહાયતા આપશે અને સુખપૂર્વક અહિછત્રા નગરી સુધી પહોંચાડશે. બે વાર અને ત્રણવાર એવી ઘોષણા કરી દો. કૌટુમ્બિક પુરુષોએ યાવત્ તે પ્રમાણેની ઘોષણા કરી.

ત્યાર પછી કૌટુમ્બિક પુરુષોની ઘોષણા સાંભળીને ચંપા નગરીના ઘણા ચરક યાવત્ ગૃહસ્થ ધન્ય સાર્થવાહની પાસે પહોંચ્યા. ત્યાર પછી ધન્ય સાર્થવાહે ચરક આદિ ગૃહસ્થોને જેની પાસે જૂતા ન હતાં તેને જૂતા અપાવ્યાં, યાવત્ પથ્યોદન અપાવ્યા પછી તેને કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે જાઓ અને ચંપા નગરીની બહાર પ્રધાન ઉદ્યાનમાં મારી પ્રતીક્ષા કરો.' ત્યાર પછી ધન્ય સાર્થવાહે શુભ તિથિ, કરણ અને નક્ષત્રમાં વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ બનાવડાવ્યા. બનાવડાવીને મિત્રો, જ્ઞાતિજનો આદિને આમંત્રિત કરીને તેઓને ભોજન કરાવ્યું. જમાડીને તેઓની અનુમતિ લીધી. અનુમતિ લઇને તેને ગાડી ગાડા જોડાવ્યા. જોડાવીને ચંપા નગરીની બહાર નીકળ્યો. ઘણે દૂર દૂર પડાવ ન કરતાં સુખજનક વસતિ અને પ્રાતરાશ કરતાં અંગદેશની વચ્ચો વચ્ચ થઇને દેશની સીમા પર જઈ પહોંચ્યા.ત્યાં જઇને ગાડા-ગાડી ખોલ્યા. પડાવ નાંખ્યો અને પછી કૌટુમ્બિક પુરુષોને બોલાવીને આ પ્રમાણેકહ્યું-

'હે દેવાનુપ્રિયો ! તમે લોકો મારી સાથેના પડાવમાં ઊંચા ઊંચા શબ્દથી વારંવાર ઉદ્‌ઘોષણા કરતા એમ કહો કે 'હે દેવાનુપ્રિયો ! આગળ આવનાર અટવીમાં મનુષ્યોનું આવાગમન નથી અને તે ઘણી લાંબી છે.તે અટવીના મધ્યભાગમાં નંદીફળ નામક વૃક્ષો છે. તે ઘેરા લીલા વર્ણવાળા યાવત્ પાંદડાવાળા, પુષ્પોવાળા ફળો વાળા, લીલા શોભાય માન અને સૌન્દર્યથી અત્યંત શોભિત છે. પરંતુ હે દેવાનુપ્રિયો ! કોઈ જો તે નંદીફલ વૃક્ષો ના ફળ, મૂલિ કંદ, છાલ, પુષ્પ, બીજ યા રહિતનું ભક્ષણ કરશે અથવા તેની છાયામાં પણ બેસસે તેને આપાતતઃ સારું લાગશે, પરંતુ પછી તેનું પરિણમન થવા પર અકાળમાં તે મૃત્યુને પ્રાપ્ત થશે. તેથી હે દેવાનુપ્રિયો ! કોઈ તે નંદીફલોના મૂલ આદિનું સેવન ન કરતાં યાવત્ તેમની છાયામાં વિશ્રામ પણ ન કરતા. જેથી અકાલમાંજ જીવનનો નાશ ન થાય. બીજા વૃક્ષોની છાયામાં બેસજો અને બીજા વૃક્ષોના મૂલ, ફળ આદિનું ભક્ષણ કરજો.

ત્યાર પછી ધન્ય સાર્થવાહે ગાડા-ગાડી જોડાવ્યા. જોડાવીને જ્યાં નંદીફળ વૃક્ષો હતાં ત્યાં આવ્યા. તે નંદીફળ વૃક્ષોથી ન અતિદૂર કે ન અતિ નજીક પડાવ નાંખ્યો પછી બીજીવાર અને ત્રીજીવાર પૂર્વવત્ ઉદ્‌ઘોષણા કરી. તેમાંથી કેટલાક પુરુષોએ ધન્ય સાર્થ વાહની વાત પર શ્રદ્ધા કરી, યાવત રુચિ કરી. તેઓ તે વાતની શ્રદ્ધા કરતાં તે નંદીફલોનો દૂરથી જ ત્યાગ કરીને, બીજા વૃક્ષોના મૂલ આદિનું સેવન કરતા અને તેની છાયામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશ્રામ કરતા. તેઓને તાત્કાલિક સુખ તો પ્રાપ્ત ન થયું પરંતુ તેની પછી જેમ જેમ પરિણમન થતું ગયું તેમ તેમ તે વારંવાર સુખ રૂપ જ પરિણમન થતું ગયું. આ પ્રમાણે હે આયુષ્યમાન શ્રમણો ! અમારા જે નિર્ગ્રંથ યા નિર્ગ્રંથીઓ સંયમ લઇને પાંચ ઇન્દ્રિયોના કામભોગોમાં આસક્ત નથી થતા અને અનુરક્ત નથી થતા, તે આ જ ભવમાં ઘણા શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓના પૂજનીય થાય છે અને પરલોકમાં પણ દુઃખ નથી પામતા, યાવત્ અનુ ક્રમથી સંસારરૂપ અટવીથી પાર પામે છે.

તેમાંથી કેટલાક પુરુષોએ ધન્યસાર્થવાહની આ વાત પર શ્રદ્ધા ન કરી, રુચિ ન કરી. તેઓ ધન્ય સાર્થવાહની વાત પર શ્રદ્ધા ન કરતાં જ્યાં નંદીફલ વૃક્ષો હતા, ત્યાં ગયા. જઇને તેઓએ તે નંદીફલ વૃક્ષોના મૂલ, ફળ આદિનું સેવન કર્યું અને તેની છાયામાં વિશ્રામ કર્યો. તેઓને તાત્કાલિક તો સુખ થયું, પરંતુ પછી તેનું પરિણમન થતાં યાવત્ જીવનથી રહિત થવું પડ્યું. તે પ્રમાણે હે આયુષ્યમાન શ્રમણો ! અમારા જે સાધુ અથવા સાધ્વી પ્રવ્રજિત થઇને પાંચ ઇન્દ્રિયોના વિષય ભોગમાં આસક્ત થાય છે તેઓ આ પુરુષોની જેમ ચતુર્ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. ત્યાર પછી ધન્ય સાર્થવાહે ગાડા-ગાડી જોડાવ્યા. જોડાવીને તે જ્યાં અહિછત્રા નગરી હતી, ત્યાં પહોંચ્યા. પહોંચીને અહિછત્રા નગરીની બહાર પ્રધાન ઉદ્યાનમાં પડાવ નાંખ્યો અને ગાડા-ગાડી છોડાવ્યા. ત્યાર પછી ધન્ય સાર્થવાહે મહામૂલ્ય અને રાજાને યોગ્ય ઉપહાર લીધો અને ઘણા પુરુષોની સાથે, તેઓથી પરિવૃત થઇને તે અહિચ્છત્રા નગરીની મધ્યમાં થઇને પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને કનકકેતુ રાજાની પાસે ગયા. ત્યાં જઇને બંને હાથ જોડીને યાવત્ રાજાને અભિનંદન કર્યું. અભિનંદન કરીને પછી તે બહુમૂલ્ય ઉપહાર તેની પાસે રાખી દીધો. ત્યાર પછી રાજા કનકકેતુ હર્ષિત તેમજ સંતુષ્ટ થયો. તેણે ધન્ય સાર્થવાહના તે મૂલ્યવાન ઉપહારને. સ્વીકાર કરીને ધન્ય સાર્થવાહનો સત્કાર-સન્માન કર્યા. શુલ્ક માફ કરી દીધી. પછી ધન્ય સાર્થવાહે પોતાના ભાન્ડનો વિનિમય કર્યો. વિનિમય કરીને તેણે પોતાના માલની બદલેબીજોમાલલીધો.પછી સુખપૂર્વક ચંપાનગરીમાં આવી પહોંચ્યો. પોતાના મિત્રો તેમજ જ્ઞાતિજનો આદિને મળ્યો અને મનુષ્ય સંબધી વિપુલ ભોગોપભોગ ભોગતો થકો રહેવા લાગ્યો. તે કાળ અને તે સમયમાં સ્થવિર ભગવંતોનું આગમન થયું. ધન્ય સાર્થવાહે ધર્મ દેશના સાંભળીને અને પોતાના જ્યેષ્ઠ પુત્રને કુટુમ્બમાં સ્થાપિત કરીને દીક્ષિત થઇ ગયો. સામાયિકથી લઇને અગ્યાર અંગોનું અધ્યયન કરીને અને ઘણા વર્ષો સુધી સંયમનુ પાલન કરીને, એક માસની સંલેખના કરીને, સાઠ ભક્તનું અનશન કરીને, કોઈ એક દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થયો તે દેવલોકથી, આયુ ક્ષય થવા પર, અવીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિને પ્રાપ્ત કરશે. યાવત્ જન્મ મરણનો અંત કરશે.

**અધ્યયન-૧૫-નીમુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન-૧૬-અવરકંકા

[૧૫૮] જો શ્રમણ ભગવાન મહાવીરે પંદરમા જ્ઞાતાધ્યયનનો આ અર્થ ફરમાવેલ છે તો સોલમા અધ્યયનનો શું અર્થ ફરમાવેલ છે ?' 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં ચંપા નગરી હતી. ઉત્તર પૂર્વ દિશામાં સુભૂમિભાગ ઉદ્યાન હતું.

તે ચંપા નગરીમાં ત્રણ બ્રાહ્મણ બંધુઓ નિવાસ કરતા હતા. તે આ પ્રમાણે-સોમ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોમદત્ત અને સોમભૂતિ. તેઓ ધનાઢ્ય હતા યાવત્ ઋગ્વેદ આદિ બ્રાહ્મણ શાસ્ત્રોમાં યાવત્ અત્યંત પ્રવીણ હતા. તે ત્રણ બ્રાહ્મણોને ત્રણ પત્નીઓ હતી તે આ પ્રમાણે-નાગ શ્રી, ભૂતશ્રીઅને યક્ષશ્રી.તે સૂકુમાર હાથ-પગઆદિઅવયવોથીપરિપૂર્ણ યાવત્ તે બ્રાહ્મ ણોને ઈષ્ટ હતી. તે મનુષ્ય સંબંધી વિપુલ યાવત્ કામભોગ ભોગવતી થકી રહેતી હતી. ત્યાર પછી કોઈ સમયે તે ત્રણે બ્રાહ્મણો એક સાથે મળ્યા અને પરસ્પરમાં આ પ્રમાણેનો કથા સમુલ્લાપ થયો 'હે દેવાનુપ્રિયો ! આપણી પાસે ઘણું ધન યાવત્ સુવર્ણ આદિ છે. સાત પેઢી સુધી ખુબ દેવામાં આવે, ભોગવવામાં આવે, વેંચવામાં આવે તો પણ પર્યાપ્ત છે. તો આપણા એક બીજાના ઘરમાં વારા પ્રમાણે; વિપુલ આહાર બનાવડાવી-બનાવ ડાવીને એકી સાથે બેસીને જમવું તે સારૂં છે."

ત્રણે બ્રાહ્મણ બંધુઓએ તે વાત પરસ્પર સ્વીકાર કરી તેઓ હંમેશા એક બીજાના ઘરમાં પ્રચુર અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહાર બનાવડવા લાગ્યા અને સાથે બેસી ભોજન કરવા લાગ્યા. ત્યાર પછી એકવાર નાગશ્રી બ્રાહ્મણીને ત્યાં ભોજનનો વારો આવ્યા. ત્યાર નાગશ્રી બ્રાહ્મણીએ વિપુલ અશનાદિ બનાવ્યું. ભોજન બનાવીને એક મોટું શરદ ઋતું સંબંધી અથવા સાર યુક્ત તુંબાનું ઘણાં મશાલા નાંખીને અને તેલથી વ્યાપ્ત કરીને તૈયાર કર્યું. પછી પોતાની હથેળીમાં એક બુંદ લીધું અને તેને ચાખ્યું તો ખબર પડી કે તે શાક ખારૂં, કડવું, અખાદ્ય અને અને વિષ જેવું છે. આ જાણી ને તે મનોમન વિચારવા લાગી "મને અધન્યા, પુણ્યહીના, અભાગિની, ભાગ્યહીન સત્ત્વ વાળી અને લિંબોડીની સમાન અનાદરણીય, નાગશ્રીને ધિક્કાર છે ! કે જે (મેં) શરદ ઋતુ સંબંધી યા રસયુક્ત તુંબડું ઘણાં મસાલાથી યુક્ત તેમજ તેલથી વઘારી તૈયાર કરેલ છે. તેના માટે ઘણું દ્રવ્ય બગાડ્યું અને તેલનો સત્યનાશ કર્યો. જો મારી દેરાણીઓ જાણશે તો મારી નિંદા કરશે તેથી મારે માટે ઉચિત છે કે મારી દેરાણીઓ જાણે તે પહેલાં જ શાક આ કોઈ સ્થાને છૂપાવી દેવામાં આવે અને બીજુ શરદ ઋતુ સંબંધી અને સારથી યુક્ત મીઠાતૂંબા યાવત્ ઘણા તેલથી વધારેલ તૈયાર કરાય તો સારું આ પ્રમાણે નાગ શ્રીને વિચાર આવ્યો. વિચાર કરીને મીઠું તૂંબડું તૈયાર કર્યું. ત્યાર પછી તે બ્રાહ્મણો સ્નાન કરીને યાવત્ સુખાસન પર બેઠા. તેઓને તે વિપુલ અશનાદિ, પીરસવામાં આવ્યું. તે બ્રાહ્મણો ભોજન કરી લીધા પછી પાણીથી હાથ ધોઈને, સ્વચ્છ થઈને, પવિત્ર થઈને, પોત પોતાના કામમાં લાગી ગયા. ત્યાર પછી સ્નાન કરેલી તે બ્રાહ્મણીઓએ યાવત્ શ્રૃંગાર કર્યો પછી તે વિપુલ અશનાદિ, આહાર જમ્યાં પછી તે પોતપોતાના ઘરે ચાલી ગઈ.

[૧૫૯] તે કાળે અને તે સમયે ધર્મઘોષ નામના સ્થવિરના શિષ્ય ધર્મરુચિ નામ ના અણગાર હતા. તે ઉદાર, પ્રધાન યાવત્ તેજોલેશ્યાથી સંપન્ન હતા અને માસ માસનું તપ કરીને વિચરતા હતા, ત્યાર પછી તે ધર્મરુચિ અણગારને પારણાનો દિવસ આવ્યો. ત્યારે તેણે માસખમણના દિવસે પ્રથમ પોરસીએ સ્વાધ્યાય કર્યો. બીજી પોરસીએ ધ્યાન કર્યું. ઈત્યાદિ બધો વૃત્તાન્ત ગૌતમસ્વામીની સમાન જાણી લેવો જોઈએ. ત્રીજા પ્રહરમાં પાત્રનું પ્રતિલેખન કર્યું. પછી ધર્મઘોષ સ્થવિર પાસેથી આજ્ઞા પ્રાપ્ત કરી. યાવત્ ચંપા નગરીમાં ઉંચ, નીચ અને મધ્યમ કુળોમાં ભ્રમણ કરતાં તેઓએ નાગશ્રી બ્રાહ્મણીના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાર પછી તે નાગશ્રીને ધર્મઘોષ મુનિને આવતાં જોયા. જોઈને તે શરદ્ ઋતુ સંબંધી, ઘણાં મસાલાવાળું અને તેલથી યુક્ત તૂંબનું શાક કાઢી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાખવાને માટે હૃષ્ટ-તુષ્ટ થઇ અને તે ઉભી થઇ. ઉભી થઇને તે ભોજનગૃહમાં ગઇ. ત્યાં જઇને તેણીએ તે શરદ ઋતુ સંબંધી તીખું અને કડવું ઘણાં તેલવાળું બધું જ શાક મુનિના પાત્રમાં વહોરાવી દીધું. ત્યાર પછી તે ધર્મરુચિ અણગાર આહાર પર્યાપ્ત છે' એમ જાણીને નાગશ્રી બ્રાહ્મણીના ઘરેથી બહાર નીકળ્યા. તેણે ધર્મઘોષ સ્થવિર પાસે ઈર્યાપથ પ્રતિક્રમણ કર્યું. અન્નપાનનું પ્રતિલેખન કર્યું અને ગ્રહને બતાવ્યું ત્યારે ધર્મઘોષ સ્થવીરે તે સુભૂમિ ઋતુ સંબંધી તેમજ તેલથી વ્યાપ્ત શાકમાંથી એક બુંદ હાથમાં લઈને ચાખ્યું. ત્યારે તે શાક તીખું, ખારું, કડવું, અખાદ્ય, અભોજ્ય અને વિષની સમાન જાણીને ધર્મ-રુચિ અણગારને આ પ્રમાણે કહ્યું.-'હે દેવાનુપ્રિય, જો તમે આ તૂંબડાનું શાક ખાશો તો તમે અસમય માંજ જીવથી રહિત જાશો. તેથી હે દેવાનુપ્રિય ! તમે જાઓ અને આ શરદ ઋતુ સંબધી તૂંબડાનું શાક એકાંતમાં, આવાગમનથી રહિત, અચિત્તભૂમિમાં પરઠવી દો. તેને પરઠવીને પછી બીજા પ્રાસુક અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારને ગ્રહણ કરીને તેને ભોગવો. ત્યાર પછી ધર્મઘોષ સ્થવિરને એમ કહેવા પર ધર્મરુચિ અણગાર ધર્મઘોષસ્થવિર પાસેથી. નીકળીને સુભૂમિભાગ ઉદ્યાનની અધિક દૂર નહીં તેમજ અધિક અધિક નજીક નહીં એવા સ્થંડીલની પ્રતિલેખના કરીને શાકની એક બુંદ લીધી અને તે ભુભાગ ઉપર નાંખી. ત્યાર પછી તે તીખા કડવા અને તેલથી વ્યાપ્ત શરદ સંબંધી શાકની ગંધથી ઘણી હજારો કીડીઓ ત્યાં આવી ગઇ. તેમાંથી જે કીડીઓએ શાક ખાધું. કે તરતજ તે અસમયમાં મૃત્યુ પામી.

ત્યાર પછી ધર્મરુચિ અણગારના મનમાં આ પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો. કે જો શાકનું એક બુંદ નાંખવા પર અનેક હજાર કીડીઓ મરી ગઇ તો હું બધું જ શાક ભુમિ ઉપર નાંખીશ તો તો તે ઘણા પ્રાણીઓ, જીવો, ભુતો અને સત્ત્વોના વધનું કારણ થશે. તેથી શાકને ખાઇ જવું મારા માટે શ્રેયસ્કર છે. આ શાક મારા શરીરને જ સમાપ્ત કરશે. અણગારે એવો વિચાર કરીને મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કર્યું પ્રતિલેખન કરીને મસ્તક સહિત ઉપરના શરીરનું પ્રમાર્જન કર્યું. તે શરદ સંબંધી તૂંબડાનું તીખું કડવું અને ઘણાં તેલથી વ્યાપ્ત શાક સ્વયંજ બિલમાં સર્પની જેમ પોતાના શરીરના કોઠામાં નાંખી દીધું. ધર્મરુચિ અણગારના શરીરમાં એક મુહૂર્તમાં જ વેદના ઉત્પન્ન થઇ તે વેદના ઉત્કૃષ્ટ હતી યાવત્ દુસ્સહ હતી. શાક પેટમાં નાંખ્યા પછી ધર્મરુચિ અણગાર સ્થાનથી રહિત, બલ હીન, વીર્યથી રહિત, તથા પુરુષકાર અને પરાક્રમથી હીન થઇ ગયા હવે આ શરીર ધારણ નહિ કરી શકાય, એમ જાણીને તેણે આચારનું પાત્ર એક સ્થાન પર રાખી દીધું. તેણે રાખીને સ્થંડિલભૂમિનું પ્રતિલેખન કર્યું. પ્રતિલેખન કરીને તેણે દર્ભનો સંથારો કર્યો. અને તે તેના પર બેસી ગયા. પૂર્વ દિશાની તરફ મુખ રાખીને પર્યંક આસનથી બેસીને બંને હાથ જોડીને મસ્તકપર આવર્તન કરીને અંજલી કરીને આ પ્રમાણે કહ્યું-

'અરિહંતો યાવત્ સિદ્ધ ગતિને પ્રાપ્ત ભગવંતોને નમસ્કાર. મારા ધર્મગુરુ ધર્મા ચાર્ય સ્થવિરભગવંત ધર્મઘોષમુનિને નમસ્કાર. પહેલાં મેં સ્થવિર ભગવાન ધર્મઘોષની પાસે સંપૂર્ણ પ્રાણાતિપાતનું જીવન પર્યંતને માટે પ્રત્યાખ્યાન કરેલ છે. યાવત્ પરિગ્રહના પણ, આ સમયે પણ હું તેજ ભગવંતોની પાસે સંપૂર્ણ પ્રાણાત્તિપાતના પ્રત્યાખ્યાન કરું છું યાવત્ પરિગ્રહના પ્રત્યાખ્યાન કરું છું. જીવન પર્યંત જેમ સ્કંધક મુનિએ કર્યો તેમ અહીં પણ જાણી લેવું. યાવત્ અંતિમ શ્વાસોચ્છ્વાસ સાથે આ શરીરનો પણ પરિત્યાગ કરું

જૈન સાઈટ JAINSITE

છું.' આ પ્રમાણે કહીને આલોચના અને પ્રતિક્રમણ કરીને સમાધિને પ્રાપ્ત થઈને તે મૃત્યુને પ્રાપ્ત થયા. ત્યાર પછી ધર્મઘોષ મુનિએ ધર્મરુચિ અણગારને લાંબા સમયથી ગયેલા જાણીને નિર્ગ્રંથ શ્રમણોને બોલાવ્યા; બોલાવીને કહ્યું-'હે દેવાનુપ્રિયો ! ધર્મરુચિ અણગારને યાવત્ તેલાવાળું કડવા તૂંબડાનું શાક મળ્યું હતું તેને પરઠવા માટે તે બહાર ગયા છે. ઘણો સમય થઇ ગયો છે તેથી હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને ધર્મરુચિ અણગારની સર્વ સ્થાને માર્ગણા- કરો. ત્યારે શ્રમણનિર્ગ્રંથોએ પોતાના ગુરુના આદેશને અંગીકાર કર્યો.બહાર નીકળ્યા નીકળીને ચારેતરફધર્મરુચિ અણગારની માર્ગણા-ગવેષણા કરતાં થકાં જ્યાં સ્થંડિલ ભૂમિ હતી ત્યાં આવ્યા. આવીને જોયું તો ધર્મરુચિ અણગારનું શરીર નિષ્પ્રાણ, નિષ્ચેષ્ટ અને નિર્જીવ પડ્યું હતું તેનેજોઇનેતેઓના મુખમાંથી સહજ શબ્દો નીકળી ગયા'હાહા ! અહો ! આ અકાર્ય થયું છે, ખરાબ થયું છે.'' આમ કહીને તેઓએ ધર્મરુચિ અણગારના કાળધર્મ નિમિત્તે કાયોત્સર્ગ કર્યો. કાયોત્સર્ગ કરીને ધર્મરુચિ અણગારના આચાર ભાંડક (પાત્ર) ગ્રહણ કર્યાં અને જ્યાં ધર્મઘોષ નામના સ્થવિર હતા ત્યાં પહોંચ્યા, પહોંચીને ગમનાગમનનું પ્રતિક્રમણ કર્યું, પ્રતિક્રમણ કરીને બોલ્યા-

આપનો આદેશ મેળવીને અમે સુભૂમિભાગ ઉદ્યાનની ચારે તરફ ધર્મરુચિ અણગારની યાવત્ દરેક રીતે તપાસ કરતાં સ્થંડિલ ભૂમિમાં ગયા, જઈને યાવત્ જલ્દીથીજ અહીં પાછા આવ્યા. હે ભગવન્ ! ધર્મરુચિ અણગાર કાળ ધર્મને પ્રાપ્ત થયા છે. આ તેમના આચાર પાત્ર છે. ત્યાર પછી સ્થવિર ધર્મઘોષે પૂર્વ દિશામાં ઉપયોગ લગાડ્યો. ઉપયોગ લગાડીને શ્રમણ નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓને બોલાવ્યા. બોલાવીને તેઓને કહ્યું-હે આર્યો ! આ પ્રમાણે મારો અંતેવાસી ધર્મરુચિ નામક અણગાર સ્વભાવથી ભદ્ર યાવત્ વિનીત હતા. તે માસખમણની તપસ્યા કરી રહ્યા હતા. યાવત્ તે નાગશ્રી બ્રાહ્મણીના ઘરે પારણાને માટે ગયા. ત્યારે નાગશ્રી બ્રાહ્મણીએ તેમને પાત્રમાં યાવત્ બધુજ કડવું વિષ સમાન તૂંબનુંશાક નાખી દીધું. ત્યારે ધર્મરુચિ અણગાર પોતાના માટે પર્યાપ્ત આહાર જાણીને યાવત્ કાલની આકાંક્ષા ન કરતા થકા વિચરવા લાગ્યા. ધર્મ-રુચિ અણગાર ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાય પાળીને આલોચના પ્રતિક્રમણ કરીને સમાધિમાં લીન થઈને કાલ માસમાં કાળ કરીને, ઉપર સૌધર્મ આદિ દેવલોકને ઓળંગીને યાવત્ સર્વાર્થસિદ્ધ નામના દેવલોકમાં દેવરુપે ઉત્પન્ન થયા છે. ત્યાં જઘન્ય અને ઉત્કૃષ્ટના ભેદથી રહિત એક જ તેત્રીસ સાગરોપમની સ્થિતિ કહેલ છે. તે ધર્મરુચિ દેવ ત્યાંથી ચ્યુત થઈને યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સિદ્ધિ પ્રાપ્ત કરશે.

[૧૬૦] તેથી હે આર્યો ! તે અધન્ય, અપુણ્ય, યાવત્ લિંબોળીની સમાન કડવી નાગશ્રી બ્રાહ્મણીને ધિક્કાર છે, જેણે તથારૂપ સાધુ ધર્મરુચિ અણગારને માસખમણના પારણામાં શરદ્ સંબંધી યાવત્ તેલથી વ્યાપ્ત કડવા તુંબનું શાક આપીને અસમયમાં જ મારી નાંખ્યા. ત્યારે તે નિર્ગ્રંથ શ્રમણોએ ધર્મઘોષ સ્થવિરની પાસેથી આ વૃત્તાન્ત સાંભળીને અને સમજીને ચંપા નગરીના શ્રૃંગાટક આદિ માર્ગોમાં જઈને યાવત્ ઘણા લોકોને આ વાત કહી ઘણા લોકો પણ આપસમાં આ વાતચીત કરવા લાગ્યા. તે બ્રાહ્મણો ચંપા નગરીમાં ઘણા લોકો પાસેથી તે વૃત્તાન્ત સાંભળીને અને સમજીને કુપિત થયા યાવત્ ક્રોધથી લાલ થઇ ગયા - બળવા લાગ્યા. તેઓ જ્યા નાગશ્રી હતી ત્યાં પહોંચ્યા. તેઓએ નાગશ્રીને આ પ્રમાણે કહ્યું-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'અરે નાગશ્રી ! અપ્રાર્થિતની પ્રાર્થનાકરનારી !દુષ્ટ,અશુભ લક્ષણોવાળી ! નિકૃષ્ટ કૃષ્ણ ચતુર્દશીમાં જન્મેલી ! તું અધન્ય. અપુણ્ય યાવત્ લિંબોળીની સમાન કડવી છે, તને ધિક્કાર છે ! જેને તથારુપ સાધ્ને માસખમણાના પારણે શરદ્ સંબંધી યાવત્ શાક વહો રાવીને મારી નાખ્યા.' આ પ્રમાણે કહીને તે બ્રાહ્મણોએ ઊંચા. નીચા, આક્રોશ આક્રોશ વચન કહીને આક્રોશ કરી તેને ફીટકાર કર્યો. ભર્ત્સના કરી. તેને નિચ્છોટન કરી. હે પાપિણી ! તારે તારા કર્મનું ફળ ભોગવવાનું જ છે, ઈત્યાદિ વચનોથી તર્જના કરી અને થપ્પડ આદિથી મારા મારી તાડન કરી. આ પ્રમાણે તર્જના અને તાડના કરીને તેણીને ઘરમાંથી કાઢી મુકી. ત્યાર પછી નાગશ્રી પોતાના ઘરેથી કઢાયેલી ચંપા નગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્કમાં ચત્વર (ચબુતર)માં, તથા ચતુર્મુખ દેવકુલોમાં ઘણાં લોકો વડે અવહેલના કરાતી કુત્સા કરાતી, નિંદા કરાતી, ગર્હા પામતી આંગળી બતાવીને તર્જના કરાતી, દંડ આદિથી માર મારીને વ્યથિત કરાતી, ધિક્કારાતી, થુંકાતી ક્યાંય પણ સ્થાન પામી નહીં તેમજ ક્યાંય રહેવાની જગ્યા મેળવી શકી નહીં. ટુકડા-ટુકડા જોડેલા વસ્ત્ર પહેરીને, ભોજન માટે શકોરાનો ટુકડો લીધો, પાણી પીવાને માટે ઘડાનો ટુકડો હાથમાં લીધો, મસ્તકપર અત્યંત વિખરાયેલા વાળને ધારણ કર્યા, જેની પાછળ માખીઓનું ટોળું ગુનગુન કરે છે તેવી તે નાગશ્રી ઘેર-ઘેર દેહવલિનાં દ્વારા પોતાની આજીવિકા ચલાવતી ભટકવા લાગી.

ત્યાર પછી તે નાગશ્રી બ્રાહ્મણીને તે જ ભવમાં સોળ રોગાતંક ઉત્પન્ન થયા. ત્યારપછી નાગશ્રી બ્રાહ્મણી સોળ રોગાતંકથી પીડિત થતી, અત્યંત દુઃખથી પીડિત થઈને કાળ સમયે કાલ કરીને છઠ્ઠી નરકપૃથ્વીમાં ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિથી નારકના રૂપે ઉત્પન્ન થઈ. ત્યાર પછી નરકમાંથી નીકળીને તે નાગશ્રી મત્સ્ય યોનિમાં ઉત્પન્ન થઈ. ત્યાં તેનો શસ્ત્રથી વધ થયો. તેથી દાહની ઉત્પત્તિથી કાલ માસમાં કાલ કરીને નીચે સાતમી નરકમાં ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિવાળા નારકના રૂપે ઉત્પન્ન થઈ. નાગશ્રી સાતમી નરકમાંથી નીકળીને સીધી બીજીવાર મત્સ્ય યોનિમાં ઉત્પન્ન થઈ ત્યાં પણ તેનો શસ્ત્રથી વધ થયો અને દાહની ઉત્પત્તિ થવાથી મૃત્યને પ્રાપ્ત થઈને પુનઃ નીચે સાતમી નરકમાં ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમના આયુષ્યવાળા નારક રૂપે ઉત્પન્ન થઈ. સાતમા નરકમાંથી નીકળીને ત્રીજીવાર પણ મત્સ્ય યોનિમાં ઉત્પન્ન થઈ. ત્યાં પણ તે શસ્ત્રથી વધ કરવા યોગ્ય થઈ યાવત્ કાળ કરીને બીજીવાર છઠ્ઠા નરકમાં બાવીસ સાગરોપમની સ્થિતિવાળા નારક રૂપે ઉત્પન્ન થઈ. ત્યાંથી નીકળીને ઉરગયોનિ સર્પમાં ઉત્પન્ન થઈ. આ પ્રમાણે જેમ ગોશાલકના વિષયમાં કહેલ છે તેમ જાણી લેવું. યાવત્ રત્નપ્રભા આદિ સાતે નરકોમાં ઉત્પન્ન થઈ ત્યાંથી નીકળીને યાવત્ તે જે ખેચર-ની યોનિ છે તેમાં ઉત્પન્ન થઈ. ત્યાર પછી ખર (કઠીન) બાદર પૃથ્વીકાયના રૂપમાં અનેક લાખ વખત ઉત્પન્ન થઈ.

[૧૬૧] ત્યાર પછી તે પૃથ્વીકાયમાંથી નીકળીને આ જમ્બૂદ્વીપમાં, ભારત વર્ષ માં, ચંપાનગરીમાં, સાગરદત્ત સાર્થવાહની ભદ્રાભાર્યાની કુક્ષિમા ઉત્પન્ન થઈ. ત્યારે ભદ્રાસાર્થવાહીએ નવ માસ પૂર્ણ કરીને બાલિકાને જન્મ આપ્યો. તે બાલિકા હાથીના તાલુની સમાન અત્યંત સુકોમળ હતી. તે બાલિકાના બાર દિવસ વ્યતીત થવા પર માતા-પિતાએ તેનું ગુણવાળું અને ગુણથી નિષ્પન્ન નામ 'સુકુમાલિકા' રાખ્યું. ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી સુકુમાલિકા બાલિકને પાંચ ધાયમાતાએ ગ્રહણ કરી પર્વતની ગુફામાં રહેલી ચંપકલતા જેમ વાયુ વિહીન પ્રદેશમાં વ્યાઘાત રહિત વધે છે તેમ તે પણ વધવા લાગી. ત્યાર પછી તે સુકુમાલિકા બાલ્યાવસ્થાથી મુક્ત થઇ. યાવત્ રૂપથી, યૌવનથી, લાવણ્યથી ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ શરીરવાલી થઇ.

[૧૬૨] ચંપા નગરીમાં જિનદત્ત નામક એક ધનિક સાર્થવાહ નિવાસ કરતો હતો. તે જિનદત્તની ભદ્રા નામની પત્ની હતી. તે સુકુમારી હતી, જિનદાસને પ્રિય હતી યાવત્ મનુષ્ય સંબંધી કામભોગોનું આસ્વાદન કરતી તે રહેલી હતી. તે જિનદત્ત સાર્થવાહનો પુત્ર અને ભદ્રા ભાર્યાનો આત્મજ સાગર નામનો દીકરો હતો. તે પણ સુકુમાર યાવત્ સુંદર રૂપથી સંપન્ન હતો. એકવાર જિનદત્ત સાર્થવાહ પોતાના ઘરેથી નીકળ્યો નીકળીને સાગરદત્તના ઘરની પાસેથી જતો હતો. અહીં સુકુમાલિકા છોકરી સ્નાન કરી, દાસીઓના સમૂહથી ઘેરાયેલી; ભવનની ઉપરના છત પર સુવર્ણના દડાથી ક્રીડા કરતી વિચરતી હતી. ત્યારે જિનદત્ત સાર્થવાહે સુકુમાલિકા છોકરીને જોઇ. જોઇને તેને સુકુમાલિકા છોકરીના રૂપ પર યૌવન પર અને લાવણ્ય પર આશ્ચર્ય થયું તેને કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને પૂછ્યું દેવાનુપ્રિયો આ કોની છોકરી છે ? તેનું નામ શું છે ? જિનદત્ત સાર્થવાહના એ પ્રમાણે કહેવા પર તે કૌટુમ્બિક પુરુષો હર્ષિત અને સંતુષ્ટ થયા તેઓએ હાથ જોડીને આ પ્રમાણે ઉત્તર આપ્યો-'દેવાનુપ્રિય ! તે સાગરદત્ત સાર્થવાહની પુત્રી ભદ્રાની આત્મજા સુકુમાલિકા નામની છોકરી છે.

જિનદત્ત સાર્થવાહ તે કૌટુમ્બિક પુરુષો પાસેથી તે અર્થને સાંભળી પોતાના ઘરે ચાલ્યો ગયો. પછી નાહી-ધોઇને તથા મિત્રજનો અને જ્ઞાતિજનોથી પરિવૃત્ત થઇને ચંપા નગરીની મધ્યભાગમાં થઇને જ્યાં સાગરદત્તનું ઘર હતું, ત્યાં આવ્યા. ત્યારે સાગરદત્ત સાર્થવાહે જિનદત્ત સાર્થવાહને આવતો જોયો. આવતા જોઇને તે આસન ઉપરથી ઉભો થયો. ઉઠીને તેણે જિનદત્તને આસન ગ્રહણ કરવાનું નિમંત્રણ આપ્યું. વિશ્રાન્ત અને વિશ્વસ્ત થયેલા અને સુખદ આસન પર આસીન થયેલા જિનદત્તને પૂછ્યું ! દેવાનુપ્રિય ! આપના આગમનું શું પ્રયોજન છે ? ત્યારે જિનદત્ત સાર્થવાહે કહ્યું- 'દેવાનુપ્રિય ! હું આપની પુત્રી, સુકુમાલિકાની સાગરદત્તની પત્નીના રૂપમાં માંગણી કરું છું. અગર આપ આ યુક્ત સમજો, પાત્ર સમજો, પ્રશંસનીય સમજો અને એમ સમજો કે આ સંયોગ સમાન છે, તો સુકુમાલિકા સાગરદત્તને આપો. અગર આપ આ સંયોગ ઈષ્ટ સમજો છો, તો સુકુમાલિકાને માટે શું મૂલ્ય આપીએ ? ત્યાર પછી સાગરદત્ત કહ્યું- સુકુમાલિકા અમારી એકની એક પુત્રી છે, એક જ ઉત્પન્ન થઇ છે, અમને પ્રિય છે. તેનું નામ સાંભળવાથી જ અમને હર્ષ થાય છે તો જોવાની તો શું વાત કરવી ? તેથી હું સુકુમાલિ કાનો એક ક્ષણ માટે પણ વિયોગ ઈચ્છતો નથી. જો સાગરપુત્ર અમારા ઘરનો જમાઇ બની જાય તો હું સુકુમાલિકા આપું.'

ત્યાર પછી જિનદત્ત સાર્થવાહ, સાગરદત્ત સાર્થવાહના આ પ્રમાણે કહેવા પર પોતાના ઘરે ગયો. ઘરે જઇને સાગર નામના પુત્રને બોલાવ્યો અને કહ્યું-'હે પુત્ર ! સાગર દત્ત સાર્થવાહે મને આ પ્રમાણે કહ્યું છે કે' સાગરપુત્ર મૌન રહ્યો. ત્યાર પછી એકવાર કોઇ સમયે શુભ તિથિ અને કરણમાં જિનદત્ત સાર્થવાહે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરાવ્યા. યાવત્ જમાડીને પછી સન્માનિત કર્યા. પછી સાગરપુત્રને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્નાન કરાવીને યાવત્ બધા અલંકારોથી વિભૂષિત કર્યો હજાર પુરુષોથી વહન કરાય તેવી પાલખી તૈયાર કરાવી. તેના પર આરૂઢ કર્યો. ત્યાર પછી મિત્રો તેમજ જ્ઞાતિજનોથી પરિવૃત્ત થઈને યાવત્ પુરા ઠાઠથી પોતાના ઘરેથી નીકળ્યો. તેને સાગરદત્ત સાર્થવાહની પાસે લઈ ગયો. ત્યાર પછી સાગર સાર્થવાહે વિપુલ અશનાદિ, તૈયાર કરાવીને યાવત્ તેનું સન્માન કરીને સાગરપુત્રને સુકુમાલિકા પુત્રી સાથે પાટ પર બેસાડ્યો. બેસાડીને ચાંદી અને સોનાના કલશોથી સ્નાન કરાવ્યું. સ્નાન કરાવીને હોમ કરાવ્યું. હોમ પછી સાગરપુત્રને સુકુમાલિકા પુત્રી સાથે પાણિગ્રહણ કરાવ્યું.

[૧૬૪] તે સમયે સાગરપુત્ર સુકુમાલિકા પુત્રીના આ પ્રમાણેના હાથના સ્પર્શને એવો અનુભવ કરવા લાગ્યો, જાણે કોઈ તલવાર હોય અથવા મુર્મુર અગ્નિ હોય. તેનાથી પણ અધિક અનિષ્ટ હાથના સ્પર્શનો અનુભવ કરવા લાગ્યો. પરંતુ તે સમયે તે સાગર ઇચ્છા વિના વિવશ થઈને, તે હાથના સ્પર્શનો અનુભવ કરતો થકો મુહૂર્ત માત્ર બેસી રહ્યો. ત્યાર પછી સાગરદત્ત સાર્થવાહે સાગર પુત્રના માતા-પિતાને તથા મિત્રો તેમજ જ્ઞાતિજનો આદિને વિપુલ, ભોજનથી તથા પુષ્પ વસ્ત્ર આદિથી યાવત્ સન્માનિત કરીને વિદાય કર્યા. ત્યાર પછી સાગરપુત્ર સુકુમાલિકાની સાથે જ્યાં વાસગૃહ હતું ત્યાં આવ્યો. આવીને સુકુમાલિકા પુત્રીની સાથે શય્યા પર સુતો.

ત્યાર પછી સાગરપુત્રે સુકુમાલિકા પુત્રીનો આ પ્રકારનો અંગસ્પર્શનો અનુભવ કર્યો કે જાણે કોઈ તલવાર હોય યાવત્ તે અત્યંત અમનોજ્ઞ અંગસ્પર્શનો અનુભવ કરતો રહ્યો. ત્યાર પછી તે સાગરપુત્ર તેણીના અંગ સ્પર્શને સહન ન કરતો વિવશ થઈને મુહૂર્ત માત્ર-ત્યાં રહ્યો. ત્યાર પછી તે સાગર પુત્ર સુકુમાલિકા દારીકાને સુખપૂર્વક સુતેલી જાણીને તેની પાસેથી ઉઠ્યો અને જ્યાં પોતાની શય્યા હતી, ત્યાં આવ્યો. આવીને પોતાની શય્યા પર સુઈ ગયો. ત્યાર પછી સુકુમાલિકા પુત્રી એક મુહૂર્ત્તમાં જાગી ગઈ તે પતિવ્રતા હતી અને પતિમાં અનુરાગવાળી હતી. તેથી પતિને પોતાની પાસે ન જોવાથી પથારીમાં બેઠી થઈ. પછી તે પોતાના પતિની શય્યા હતી ત્યાં ગઈ. ત્યાં જઈને તે સાગરની પાસે સૂઈ ગઈ. ત્યાર પછી સાગર દારકે બીજીવાર પણ સુકુમાલિકાના તે પ્રમાણેના અંગસ્પર્શનો અનુભવ કર્યો. યાવત્ તે ઇચ્છા વિના પરાધીન થઈને થોડો સમય ત્યાં રહ્યો. ત્યાર પછી સાગરદારક સુકુમાલિકાને સુખપૂર્વક સૂતેલી જાણીને શય્યા પરથી ઉઠ્યો તેણે શયનાગારનું દ્વારા ઉઘાડ્યું. બારણું ખોલીને તે મરણથી છૂટકારો પામેલ કાગડાની જેમ શીઘ્રતાથી જે દિશાથી આવ્યો હતો તે દિશામાં ચાલ્યો ગયો. ત્યાર પછી સુકુમાલિકા દારિકા થોડીવારમાં જાગી. તે પતિવ્રતા યાવત્ પતિને પોતાની પાસે ન જોવાથી પથારીમાંથી ઉઠી. તેણીએ સાગર દારકની સર્વ રીતે ગવેષણા કરી. ગવેષણા કરતાં કરતાં તેણીએ શયનગૃહના દ્વાર ખુલ્લા જોયા. તો કહ્યું-'તે સાગરતો ચાલ્યો ગયો.' તેના મનનો સંકલ્પ મરી ગયો તેથી તે ચિંતા કરવા લાગી.

[૧૬૫] ત્યાર પછી તે ભદ્રા સાર્થવાહીએ કાલ પ્રભાત થવા પર દાસચેટીને બોલાવી અને તેને કહ્યું-'હે દેવાનુપ્રિયે ! તું જા અને વધૂ-વરના માટે મુખ-શોધનિકા લઈ જા. તેથી તે દાસચેટીએ ભદ્રા સાર્થવાહીના આ પ્રમાણે કહેવા પર આ અર્થને 'ઘણું સારું' કહીને અંગીકાર કર્યો. જ્યાં વાસગૃહ-શયનગૃહ હતું, ત્યાં આવી. ત્યાં આવીને સુકુમાલિકાને દાસીએ ચિંતા કરતા જોઈ તેથી પૂછ્યું. 'દેવાનુપ્રિયે ! તું ભગ્ન મનોરથ વાળી થઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિંતા કેમ કરે છે ?' ત્યાર પછી સુકુમાલિકા દારિકાએ દાસચેટીકાને આ પ્રમાણે કહ્યું - 'દેવાનુપ્રિયે ! સાગરદારક મને સુખે સૂતેલી જાણીને મારી પાસેથી ઉઠ્યો અને વાસ ગૃહનું દ્વાર ઉઘાડીને યાવત્ ચાલ્યો ગયો. ત્યાર પછી હું થોડી વારે ઉઠી, યાવત્ બારણું ઉઘાડું જોયું તો મેં વિચાર્યું : 'સાગર ચાલ્યો ગયો.' તે કારણે ભગ્ન મનોરથ થઇને ચિંતા કરી રહી છું. ત્યાર પછી તે દાસચેટી સુકુમાલિકા દારિકાના આ અર્થને સાંભળીને સાગરદત્ત સાર્થવાહને તે વૃત્તાન્ત કહ્યો.

ત્યારપછી તે દાસચેટી પાસેથી આ વૃત્તાન્ત સાંભળી-સમજીને સાગરદત્ત કુપિત થયો અને જ્યાં જિનદત્ત સાર્થવાહ હતો, ત્યાં ગયો. આવીને તેણે જિનદત્ત સાર્થવાહને આ પ્રમાણે કહ્યું :- 'હે દેવાનુપ્રિય ! શું આ યોગ્ય છે ? પ્રાપ્ત-ઉચિત છે ? આ કુલને અનુરુપ અને કુલના સદૃશ છે ? કે જે સાગરદારક, સુકુમાલિકા દારિકાનો કંઇ પણ દોષ ન હોવા છતાં અને પતિવ્રતા હોવા છતાં છોડીને અહીં આવી ગયો ? આમ કહીને ખુબ ખેદ યુક્ત ક્રિયાઓ કરીને તથા રુદનની ચેષ્ટા કરીને તેને ઠપકો આપ્યો. ત્યારે જિનદત્ત; સાગર દત્તના અર્થને સાંભળીને જ્યાં સાગરદારક હતો. ત્યાં આવ્યો. આવીને સાગરદારકને કહ્યું હે પુત્ર ! તે ખરાબ કર્યું છે જે સાગરદત્તના ઘરેથી અહીં એકદમ ચાલ્યો આવ્યો. તેથી હે પુત્ર ! એવું થવા છતાં પણ તૂ સાગરદત્તની સાથે તેના ઘરે જા.' ત્યારે સાગરપુત્રે જિનદત્તને આ પ્રમાણે કહ્યું-'હે પિતા ! મને પર્વત પરથી પડવું સ્વીકૃત છે, વૃક્ષ ઉપરથી પડવું સ્વીકૃત છે, પાણીમાં ડુબવું, આગમાં બળવું, વિષ ભક્ષણ કરવું, પોતાના શરીરને સ્મશાન યા જંગલમાં છોડી દેવું કે જેથી જાનવર યા પ્રેત ખાય જાય, ગૃધ્રપૃષ્ઠ મરણ અથવા દીક્ષા લેવી યા પરદેશમાં ચાલ્યા જવું માન્ય છે પરંતુ નિશ્ચયથી હું સાગરદત્તના ઘરે જવાનો નથી.

તે સમયે સાગરદત્ત સાર્થવાહે દીવાલની પાછળ રહીને સાગરપુત્રના આ અર્થને સાંભળ્યો. સાંભળીને તે એવો લજ્જિત થયો કે જો ધરતી ફાટી જાય તો હું તેમાં સમાઇ જાઉં. તે જિનદત્તના ઘરેથી બહાર નીકળ્યો. નીકળીને પોતાના ઘરે આવ્યો. આવીને સુકુમાલિકા પુત્રીને બોલાવી અને તેને પોતાની ગોદમાં બેસાડી પછી તેને આ પ્રમાણે કહ્યું. 'હે પુત્રી ! સાગરદારકે તને ત્યાગી દીધી તો શું થઇ ગયું ? હવે હું તને એવા પુરુષને આપીશ જેને તું ઈષ્ટ અને મનોજ્ઞ થઈશ.' આ પ્રમાણે કહીને સુકુમાલિકા દારિકાને ઈષ્ટ વાણીથી આશ્વાસન આપ્યું અને આશ્વાસન આપીને વિદાય કરી. ત્યાર પછી સાગરદત્ત સાર્થવાહ કોઇ સમયે ભવનની ઉપરની અગાસી ઉપર સુખ પૂર્વક બેસીને વારંવાર રાજમાર્ગને જોઈ રહ્યો હતો. તે સમયે સાગરદત્તે એક મોટો ભિખારી પુરૂષ જોયો. તેણે સાંધેલા ટુકડાનું વસ્ત્ર પહેર્યુ હતું હાથમાં શકોરું અને પાણીનો ઘડો હતો. હજારો માખીઓ તેના માર્ગનું અનુસરણ કરતી હતી સાગરદત્તે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને તેને કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે જાઓ અને તે દ્રમક પુરુષને વિપુલ અશનાદિ, લાલચ આપીને ઘરની અંદર લઈ આવો. ઘરમાં લાવીને તેના શકોરાના ટૂકડાને અને ઘટને એક તરફ ફેંકી દો. ફેકીને આલંકારિક કર્મ કરાવો. પછી સ્નાન કરાવીને, બલિકર્મ કરાવીને, યાવત્ સર્વ અલંકારોથી વિભૂષિત કરો. પછી મનોજ્ઞ અશનાદિ, ભોજન કરાવીને મારી પાસે લઇ આવો.

ત્યારે તે કૌટુમ્બિક પુરુષોએ યાવત્ આજ્ઞા સ્વીકાર કરી. તે રીતે ઘરે લાવ્યા ત્યાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી સાગરદત્તે તે ભિખારી પુરુષના ઊંચા સ્વરથી રોવાના શબ્દો સાંભળીને અને સમજીને કૌટુમ્બિક પુરુષોને કહ્યું 'દેવાનુપ્રિયો ! આ ભિખારી પુરુષ કેમ જોર જોરથી રુદન કરે છે ?' ત્યારે કૌટુમ્બિક પુરુષોએ આ પ્રમાણે કહ્યું-'સ્વામિન્ ! તે શકોરાનો ટૂકડો અને ઘડાનો ટૂકડો એક તરફ ફેંકી દેવાથી તે જોર-જોરથી રડી રહ્યો છે'. ત્યારે સાગરદત્ત સાર્થવાહે તે કૌટુમ્બિક પુરુષોને કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે તે ભિખારીના શકોરાના ટૂકડાને અને ઘટને એક તરફ ન ફેંકો પરંતુ તેની પાસે રાખી દો, જેથી તેને પ્રતીતિ રહે' આ સાંભળીને તે ટૂકડા તેની પાસે રાખી દીધા. ત્યાર પછી તે કૌટુમ્બિક પુરુષોએ તે ભિખારીને અલંકારકર્મ કરાવ્યાં. પછી શતપાક અને સહસ્રપાક તેલથી અભ્યંગન કર્યું. અભ્યંગન થઈ ગયા પછી સુવાસિત ગંધદ્રવ્યના ઉબટનથી તેના શરીરનું ઉબટન કર્યું. પછી ગરમપાણીથી,સુગંધીપાણીઅનેશીતલ પાણીથી સ્નાન કરાવ્યું. સ્નાન કરાવીને બારીક અને સુકોમળ ગંધકષાય વસ્ત્રથી શરીર લૂછ્યું. પછી હંસ લક્ષણ વસ્ત્ર પહેરાવ્યાં. વસ્ત્ર પહેરાવીને તેને સર્વ અલંકારોથી અલંકૃત કર્યો. ભોજન કરાવીને સાગરદત્ત સાર્થવાહની પાસે લઈ ગયા.

ત્યાર પછી સાગરદત્ત સાર્થવાહે સુકુમાલિકા દારિકાને સ્નાન કરાવ્યું યાવત્ સર્વ અલંકારોથી વિભૂષિત કરી, તે ભિખારી પુરુષને આ પ્રમાણે કહ્યું-દેવાનુપ્રિય ! આ મારી પુત્રી મને ઈષ્ટ છે. તેને હું તને તારી ભાર્યાના રૂપે આપું છું. તમે આ કલ્યાકારિણીને માટે કલ્યાણકારી થાઓ ! ત્યાર પછી તે દ્રમુક પુરુષે સાગરદત્તની વાત સ્વીકાર કરી. સ્વીકાર કરીને સુકુમાલિકા દારિકાની સાથે વાસગૃહમાં પ્રવેશ કર્યો અને સુકુમાલિકા દારિકાની સાથે શય્યામાં સૂતો. તે સમયે તે દ્રમક પુરુષ સુકુમાલિકાનો તેવા પ્રકારના અંગ સ્પર્શનો અનુભવ થયો. શેષ વૃત્તાન્ત સાગર દારકની જેમ જાણી લેવું યાવત્. નીકળીને તેણે પોતાના પેલા શકોરાના ટૂકડા અને ઘડાનો ટૂકડો ગ્રહણ કરીને જે તરફથી આવ્યો હતો, તે તરફ ચાલ્યો ગયો. એ એવો ગયો કે જેમ કોઈ કસાયખાનેથી છૂટેલ હોય યા મારનાર પુરુષની પાસેથી છૂટકારો પામીને ભાગ્યો હોય ! તે દ્રમક પુરુષ ચાલ્યો ગયો એમ વિચારીને સુકુમાલિકા ભગ્ન મનોરથ થઈને યાવત્ ચિંતા કરવા લાગી.

ત્યાર પછી ભદ્રાસાર્થવાહીએ બીજા દિવસે પ્રભાત થવા પર દાસચેટીને બોલાવી. બોલાવીને કહ્યું, ઈત્યાદિ પૂર્વવત્ જાણવું, યાવત્ દાસચેટીએ સાગરદત્ત સાર્થવાહને આ અર્થ નિવેદન કર્યું. ત્યારે સાગરદત્ત તેવી રીતે સંભ્રાન્ત થઈને વાસગૃહમાં આવ્યો. આવીને સુકુમાલિકાને ગોદમાં બેસાડીને આ પ્રમાણેકહ્યું-'હે પુત્રી ! તું પૂર્વકૃત યાવત્ પાપકર્મને ભોગવી રહી છે. તેથી બેટી!ભગ્ન મનોરથ થઈને યાવત્ ચિંતા ન કરો. હે પુત્રી ! તું મારી ભોજન શાળામાં તૈયાર થયેલ વિપુલ, આહારને શ્રમણો આદિને દાન દેતી રહે.' ત્યારે સુકુમાલિકા દારિકાએ તે વાતનો સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને વિપુલ આહાર દાન દેતી રહેવા લાગી. તે કાળ અને તે સમયમાં ગોપાલિકા નામની બહુશ્રુત આર્યા, પધારી. તેવી રીતે તેણીના સંઘાડાઓ યાવત્ સુકુમારિકાના ઘરમાં પ્રવેશ કર્યો. આહાર વહોરાવીને આ પ્રમાણે કહ્યું-'હે આર્યાઓ ! હું સાગરને માટે અનિષ્ટ છું યાવત્ અમનોજ્ઞ છું સાગર મારું નામ પણ સાંભળવા ઈચ્છતો નથી યાવત્ પરિભોગ પણ નથી ઈચ્છતો જેને જેને મને આપવામાં આવે તેને તેને હું અનિષ્ટ યાવત્ અમનોજ્ઞ બનું છું. હે આર્યાઓ ! તમે બહુ જ્ઞાની છો. યાવત્ આપે કોઈ મંત્ર-તંત્ર આદિ પ્રાપ્ત કરેલ છે ? જેથી હું સાગર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દારકને ઈષ્ટ કાન્ત યાવત્ પ્રિય બનું ?' અમારે તેવી વાત સાંભળવી ન કલ્પે તો તેનો ઉપાય બતાવવો દૂર રહ્યો. ત્યારે તે શ્રાવિકા થઇ. યાવત્ ગોપાલિકા આર્યાની પાસે દીક્ષા લીધી. ત્યાર પછી સુકૂમાલિકા સાધ્વી બની ગઈ. ઈર્યાસમિતિથી સંપન્ન યાવત્ બ્રહ્મ ચારિણી થઇને ઘણા ઉપવાસ, બેલા, તેલા આદિ તપસ્યા કરતી થકી વિચરવા લાગી.

ત્યાર પછી સૂકુમાલિકા આર્યા કોઇ સમયે ગોપાલિકા આર્યાની પાસે ગઇ. જઇને તેને વંદન કર્યા; નમસ્કાર કર્યા. 'હે આર્યા ! આપની આજ્ઞા પ્રાપ્ત કરીને હું ચંપા નગરીની બહાર સુભૂમિભાગ ઉદ્યાનથી બહુ દૂર નહિ તેમજ બહુ નજીક નહિ એવા સ્થાનમાં, બેલા-બેલાની તપસ્યા કરતાં સૂર્યની સન્મુખ આતાપના લેતી થકી વિચારવા ઈચ્છું છું.' ત્યારે તે ગોપાલિકા આર્યાએ કહ્યું- હે આર્યા ! આપણે નિર્ગ્રંથ શ્રમણીઓ છીએ અને ગુપ્ત બ્રહ્મચારિણી છીએ. યાવત્ ઈર્યાસમિતિના શોધનાર છીએ. તેથી આપણને ગામ અને સન્નિવેશથી બહાર જઇને બેલા બેલાની તપસ્યા કરીને વિચરવું યોગ્ય નથી પરંતુ વાડથી ઘેરાયેલ ઉપાશ્રયની અંદર જ શરીરને વસ્ત્રથી આચ્છાદિત કરીને યા સાધ્વીના પરિવારની સાથે રહીને તથા પૃથ્વી પર પદ-તલ સમાન રાખીને આતાપના લેવી કલ્પે છે. ત્યારે સુકુમાલિકા આર્યાને ગોપાલિકા આર્યાની આ વાત ઉપર શ્રદ્ધા ન બેઠી, પ્રતીતિ ન થઈ, રુચિ ન થઇ. તે સુભૂમિભાગ ઉદ્યાનની કંઇક સમીપમાં નિરંતર બેલા બેલાના પારણા કરતી યાવત્ વિચરવા લાગી.

[૧૬૬] ચંપા નગરીમાં લલિતા નિવાસ કરતી હતી. રાજાએ તેને ઈચ્છાનુસાર વિહાર કરવાની છૂટ આપી હતી. તે ટોળી માતા-પિતા સ્વજનો આદિની પરવાહ કરતી ન હતી. વેશ્યાનું ઘર એ જ તેનું ઘર હતું. તે વિવિધ પ્રકારનો અવિનય કરવામાં ઉદ્ધત હતી. ધનાઢ્ય હતી અને યાવત્ કોઇથી દબાતી નહી, તે ચંપા નગરીમાં દેવદત્તા નામની ગણિકા રહેતી હતી. તે સુકુમાર હતી. એક વાર તે લલિતા ગોષ્ઠીનાં પાંચ ગોષ્ઠિક પુરૂષો દેવદત્ત ગણિકાની સાથે, સુભૂમિભાગ ઉદ્યાનની લક્ષ્મીનો અનુભવ કરતા થકા વિચરતા હતા. તેમાંથી એક ગોષ્ઠી પુરૂષે દેવદત્તા ગણિકાને પોતાની ગોદમાં બેસાડી હતી. એકે પાછળ છત્ર ધારણ કર્યું, એકે તેણીના મસ્તક પર ફૂલોની કલગી રચી, એક તેણીના પગ રંગવા લાગ્યો અને એક તેણી પર ચામર ઢોળવા લાગ્યો. ત્યાર પછી તે સુકુમાલિકા આર્યાએ દેવગણિકાને પાંચ ગોષ્ઠિક પુરૂષોની સાથે ઉદાર મનુષ્ય સંબંધી કામ-ભોગ ભોગવતા જોયા. જોઇને તેણીને આ પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો અહા ! આ સ્ત્રી પૂર્વમાં આચરણ કરેલ શુભ કર્મ અનુભવી રહી છે. તેથી જો સુઆચરીત તપ, નિયમ અને બ્રહ્મચર્યનું કંઈ પણ કલ્યાણકારી ફળ હોય તો હું પણ આગામી ભવમાં તેની જેમ જ કામભોગોને ભોગવતી વિચરું.' તેણીએ તે પ્રમાણેનું નિદાન-નિયાણ કર્યું અને નિયાણું કરીને આતાપના ભૂમિથી પાછી ફરી.

[૧૬૭] ત્યાર પછી તે સુકુમાલિકા આર્યા શરીરબકુશ થઇ ગઇ. તે વારંવાર હાથ ધોતી, પગ ધોતી, મસ્તક ધોતી, મુખ ધોતી, સ્તનાન્તર ધોતી, બગલ ધોતી તથા ગુપ્ત અંગ ધોતી હતી. જે સ્થાન પર તે ઉભી રહેતી, કાયોત્સર્ગ કરતી, સૂતી, સ્વાધ્યાય કરતી ત્યાં પહેલેથી જ ભૂમિ પર પાણી છાંટતી હતી અને પછી જ ઉભી રહેતી, કાયોત્સર્ગ કરતી, સૂતી યા સ્વાધ્યાય કરતી હતી. ત્યારે તે ગોપાલિકા આર્યાએ સુકુમાલિકા આર્યા- ને કહ્યું-'હે દેવાનુપ્રિયે ! આર્યે ! આપણે નિર્ગ્રંથ સાધ્વીઓ છીએ. ઈર્યાસમિતિથી સંપન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી છીએ આપણને શરીરબકુશ થવું કલ્પે નહિ. પરંતુ હે આર્યે ! તું શરીરબકુશ બની ગઈ છે, તેથી દેવાનુપ્રિયે ! તું બકુશ ચારિત્રરૂપ સ્થાનની આલોચના કર, યાવત્ પ્રાયશ્ચિત્ત અંગીકાર કર. ત્યારે સુકુમાલિકા આર્યાએ ગોપાલિકા આર્યાના આ અર્થનો આદર ન કર્યો, તેને અંગીકાર ન કર્યો. ઉલટુંઅનાદર કરતી,અસ્વીકાર કરતી થકી વિચરવા લાગી. ત્યારે બીજી આર્યાઓ સુકુમાલિકા આર્યાની વારંવાર અવહેલના કરવા લાગી, યાવત્ અનાદર કરવા લાગી અને વારંવાર આ અર્થ માટે રોકવા લાગી.

નિર્ગ્રંથ શ્રમણીઓ દ્વારા અવહેલના કરાયેલી અને વારંવાર રોકાવામાં આવેલી તે સુકુમાલિકાના મનમાં આવો યાવત્ વિચાર ઉત્પન્ન થયો-જ્યારે હું ગૃહસ્થવાસમાં હતી, ત્યારે સ્વાધીન હતી. અને જ્યારે હું મુંડિત થઇને દીક્ષિત થઇ ત્યારે પરાધીન બની ગઇ. પહેલાં આ શ્રમણીઓ મારો આદર કરતી હતી, હવે આદર કરતી નથી. તેથી કાલે પ્રભાત થવા પર ગોપાલિકા આર્યાની પાસેથી નીકળીને અલગ ઉપાશ્રયમાં જઇને મારે રહેવું. તે જ મારા માટે શ્રેયસ્કર છે.' તેણીએ આવો વિચાર કર્યો. વિચાર કરીને બીજા દિવસે પ્રભાત થવા પર ગોપાલિકા આર્યાની પાસેથી નીકળીને અલગ ઉપાશ્રયમાં જઇને રહેવા લાગી. ત્યાર પછી કોઈ રોકનાર ન હોવાથી સુકુમાલિકા સ્વચ્છંદબુદ્ધિ થઇને શિથિલાચારી બની ગઇ. પાર્શ્વસ્થની જેમ વિહાર કરવા લાગી. તે અવસન્ન અને આલસ્યમય વિહારવાળી થઇ ગઇ. કુશીલા થઇ ગઇ. સંસકતા સંસક્ત વિહારિણી થઈ ગઈ. આ રીતે તેણીએ ઘણાં વર્ષો સુધી સાધ્વી પર્યાયનું પાલન કર્યું. અંતમાં અર્ધમાસની સંલેખના કરીને, પોતાના અનુચિત આચરણની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના જ કાળના અવસરે કાળ કરીને ઈશાન કલ્પમાં, કોઇ વિમાનમાં નવ પલ્યોપમની સ્થિતિ વાળી દેવગણિકાના રૂપમાં ઉત્પન્ન થઈ. ત્યાં

જૈન સાઈટ JAINSITE .com જૈન જ્ઞાન પ્રસાર

[૧૬૮] તે કાળ અને તે સમયમાં, આ જમ્બુદ્વીપ નામના દ્વીપમાં, ભરત ક્ષેત્રમાં, પંચાલ દેશમાં કાંપિલ્યપુર નામનું નગર હતું. ત્યાં દ્રુપદનામનો રાજા હતો. દ્રુપદ રાજાને ચુલણી પટરાણી હતી અને ધૃષ્ટદ્યુમ્ન કુમાર યુવરાજ હતો. ત્યાર પછી સુકુ માલિકા દેવી તે દેવલોકથી આયુનો ક્ષય કરીને યાવત્ દેવીના શરીરનો ત્યાગ કરીને આ દ્રુપદ રાજાની ચુલણીરાણીની કુક્ષિમાં પુત્રી રૂપે ઉત્પન્ન થઇ. ત્યાર પછી ચુલણી રાણીએ નવ માસ પૂર્ણ થતાં યાવત્ પુત્રીને જન્મ આપ્યો. ત્યાર પછી બાર દિવસ વ્યતીત થવા પર તે બાલિકાનું ગુણનિષ્પન્ન દ્રૌપદી નામ રાખ્યું. ત્યાર પછી પાંચ ધાયો દ્વારા ગ્રહણ કરાયેલ તે દ્રૌપદી દારિકા પર્વતની ગુફામાં સ્થિત ચંપકલતાની સમાન વાયુ આદિના વ્યાઘાતથી રહિત થઈને સુખપૂર્વક વધવા લાગી. ત્યાર પછી તે શ્રેષ્ઠ રાજકન્યા બાલ્યાવસ્થાથી મુક્ત થઈને યાવત્ ઉત્કૃષ્ટ શરીરવાળી થઈ ગઈ. ત્યાર પછી રાજવરકન્યા દ્રૌપદીને એકવાર અંતઃપુરની રાણીઓએ સ્નાન કરાવ્યું યાવત્ અલંકારોથી વિભૂષિત કરી. પછી દ્રુપદ રાજાના ચરણોની વંદના કરવાને માટે તેની પાસે મોકલી. ત્યારે તે શ્રેષ્ઠ રાજકુમારી દ્રુપદ રાજાની પાસે ગઈ. ત્યાં જઈને દ્રુપદ રાજાના ચરણોને સ્પર્શ કર્યો.

[૧૬૯] ત્યાર પછી દ્રુપદ રાજાએ દ્રૌપદી દારિકાને પોતાના ખોળામાં બેસાડી. પછી રાજવરકન્યા દ્રૌપદીના રૂપ, યૌવન અને લાવણ્યને જોઈને તે વિસ્મય પામ્યો. તેણે રાજવરકન્યા દ્રૌપદીને કહ્યું-'હે પુત્રી ! હું સ્વયં તને કોઈ રાજા અથવા યુવરાજની ભાર્યા રૂપમાં દઈશ અને ત્યાં તું સુખી યા દુઃખી થઈશ તો મને જીંદગીભર હૃદયમાં દાહ થશે. તેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે પુત્રી ! આજથી હું તારો સ્વયંવર રચું છું. તેથી તું પોતાની ઈચ્છાથી જે રાજા અથવા યુવરાજનું વરણ કરીશ તે તારો પતિ થશે.' આ પ્રમાણે કહીને યાવત્ દ્રૌપદીને આશ્વાસન આપ્યું. આશ્વાસન આપીને તેણીને વિદાય કરી. ત્યાર પછી દ્રુપદ રાજાએ દૂત બોલાવ્યો. બોલાવીને તેને કહ્યું-'દેવાનુપ્રિય ! તમે દ્વારવતી નગરી જાઓ. ત્યાં તમે કૃષ્ણ વાસુદેવને અને સમુદ્રવિજય આદિ દશ દસારોને, બળદેવ આદિ પાંચ મહાવીરોને, ઉગ્રસેન આદિ સોળહજાર રાજાઓને, પ્રદ્યુમ્ન આદિ સાડાત્રણકરોડ કુમારોને, શાંબ આદિ સાઠહજાર દુર્દાન્તોને, વીરસેન આદિ એકવીસ હજાર વીર પુરૂષોને, મહાસેન આદિ છપ્પન હજાર બલવાન વર્ગને તથા અન્ય ઘણા રાજા યુવરાજ, તલવર, માડંબિક, કૌટુમ્બિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહ પ્રભૃતિને બંને હાથ જોડીને, દશે નખ મિલાવીને મસ્તક પર આવર્ત્તન કરીને અંજલિ કરીને અને 'જય-વિજય' શબ્દ કહીને બધાનું અભિનંદન કરજો. અભિનંદન કરીને આ પ્રમાણે કહેવું.-

'આ પ્રમાણે હે દેવાનુપ્રિયો ! કામ્પિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી દેવીની આત્મજા અને ધૃષ્ટદ્યુમ્ન કુમારની ભગિની શ્રેષ્ઠ રાજકુમારી દ્રૌપદીનો સ્વયંવર થવાનો છે. તેથી હે દેવાનુપ્રિયો ! તમે બધા દ્રુપદ રાજા પર અનુગ્રહ કરીને કાળ-સમયનો વિલંબ કર્યા વિના-ઉચિત સમયે કામ્પિલ્યપુર નગરમાં પધારજો.' ત્યાર પછી દૂતે બંને હાથ જોડીને યાવત્ મસ્તક પર અંજલિ જોડીને દ્રુપદ રાજાનો આ અર્થ (વૃત્તાન્ત) વિનય ની સાથે સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને પોતાના ઘરે આવ્યો. ઘરે આવીને કૌટુમ્બિક પુરૂષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું :- 'દેવાનુપ્રિયો ! ચાર ઘંટા વાળો અશ્વરથ જોડીને શીઘ્ર ઉપસ્થિત કરો !' કૌટુમ્બિક પુરુષોએ યાવત્ રથ ઉપસ્થિત કર્યો. ત્યારે પછી સ્નાન કરેલ અને અલંકારોથી વિભૂષિત થયેલ તે દૂતે ચાર ઘંટાવાળા અશ્વરથ ઉપર આરોહણ કર્યું. આરોહણ કરીને, કવચ આદિ ધારણ કરીને તૈયાર થયો અને અસ્ત્ર શસ્ત્રધારી ઘણા પુરૂષોની સાથે સુરાષ્ટ્ર જનપદની મધ્યમાં થઈને જ્યાં દ્વારવતી નગરી હતી, તેની તરફ ચાલ્યો, જ્યાં કૃષ્ણ વાસુદેવના બહારની સભા હતી, ત્યાં આવ્યો. ચાર ઘંટવાળો અશ્વરથ રોક્યો. રથથી નીચે ઉતર્યો પછી મનુષ્યોના સમહૂથી પરિવૃત થઈને પગે ચાલતો ચાલતો કૃષ્ણ વાસુદેવની પાસે પહોંચ્યો. ત્યાં પહોંચીને કૃષ્ણ વાસુદેવને, સમુદ્ર વિજય આદિ દસ દસારોને યાવત્ મહાસેન આદિ છપ્પન હજાર બલવાન વર્ગને બંને હાથ જોડીને દ્રુપદરાજાના કથનાનુસાર અભિનંદન કરીને યાવત્ સ્વયંવરમાં પધારવાનું નિમંત્રણ આપ્યું.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ તે દૂતનો આ વૃત્તાન્ત સાંભળીને અને સમજીને પ્રસન્ન થયા યાવત્ તેમના હ્રદયમાં સંતોષ થયો. તેમણે તે દૂતનો સત્કાર કર્યો, સન્માન કર્યું. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે કૌટુમ્બિક પુરૂષોને બોલાવ્યા, બોલાવીને કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે જાઓ અને સુધર્મા સભામાં રહેલી સામુદાનિક ભેરીને વગાડો.' ત્યારે તે કૌટુમ્બિક પુરુષોએ ભેરી વગાડી સામુદાનિક ભેરીના તાડનથી સમુદ્રવિજય આદિ દસ દસાર યાવત્ મહાસેન આદિ છપ્પન હજાર બલવાન, સ્નાન કરીને યાવત્ વિભૂષિત થઈને, પોત-પોતાના વૈભવ અનુસારે ઠાઠ તેમજ સત્કારના સમુદાય પ્રમાણે, કોઈ કોઈ રથ ઉપર તથા કોઈ કોઈ અશ્વ આદિ ઉપર આરૂઢ થઈને અને કોઈ કોઈ પગે ચાલીને જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા, ત્યાં આવ્યા. આવીને બંને હાથ જોડીને બધાએ કૃષ્ણ વાસુદેવને જય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયના શબ્દથી અભિનંદિત કર્યા.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી પટ્ટાભિષેક કરેલ હસ્તિરત્નને તૈયાર કરો તથા ઘોડા, હાથી, રથો અને પદાતિઓની ચતુરંગી સેના સજ્જિત કરીને મારી આજ્ઞા પાછી સોંપો. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ મજ્જનગૃહમાં ગયા. મોતીઓના ગુચ્છાથી મનોહર તે મજ્જ નગૃહમાં સ્નાન કરીને વિભૂષિત થઈને તથા ભોજન કરીને યાવત્ અંજનગિરિના શિખરની સમાન ગજપતિ પર તે નરપતિ આરૂઢ થયા. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ, સમુદ્ર વિજય આદિ દસારોની સાથે યાવત્ અનંગસેના આદિ કેટલાક હજાર ગણિકાઓની સાથે, પરિવૃત થઈને પૂરા ઠાઠની સાથે યાવત્ વાદ્યોની ધ્વનિની સાથે દ્વારવતી નગરીની મધ્યમાં થઈને નીકળ્યા. જે તરફ કાંપિલ્યપુર નગર હતું, તે તરફ જવાને માટે ઉદ્યત થયા.

[૧૭૦] ત્યાર પછી પહેલા દૂતને દ્વારિકા મોકલ્યા પછી તરતજ દ્રુપદ રાજાએ બીજા દૂતને બોલાવ્યો, બોલાવીને તેને કહ્યું-દેવાનુપ્રિય ! તમે હસ્તિનાપુર નગરમાં જાઓ. ત્યાં તમે પુત્રો સહિત પાંડુરાજાને, તેના પુત્ર યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવને, સો ભાઈઓ સહિત દુર્યોધનને, ગાંગેય, વિદુર, દ્રોણ, જયરથ, શકુનિ, કર્ણ અને અશ્વત્થામાને બંને હાથ જોડીને યાવત્ મસ્તક પર અંજલિ કરીને તેજ પ્રકારે કહેવું ત્યાર પછી દૂતે હસ્તિનાપુર જઈને તેજ પ્રકારે કહ્યું. ત્યારે જેમ કૃષ્ણ વાસુદેવે કર્યું, તેમ જ પાંડુ રાજાએ કર્યું. વિશેષતા એટલી કે હસ્તિનાપુરમાં ભેરી ન હતી. પાંડુરાજા પણ કાંપિલ્ય પુર નગરની તરફ ગમન કરવાને ઉદ્યત થયા. આજ ક્રમથી ત્રીજા દૂતને ચંપા નગરી મોકલ્યો અને તેને કહ્યું-'તમે ત્યાં જઈને અંગરાજ કૃષ્ણને, સેલ્લક રાજાને અને નંદિરાજને બંને હાથ જોડીને યાવત્ કહેજો કે સ્વયંવરમાં પધારજો.' ચોથો દૂત શુક્તિમતી નગરી મોકલ્યો અને તેને આદેશ આપ્યો-'તમે દમઘોષના પુત્રને અને ભાઈઓથી પરિવૃત શિશુપાલ રાજાને હાથ જોડીને પૂર્વવત્ કહેવું, પાંચમો દૂત હસ્તિશીર્ષ નગર મોકલ્યો અને કહ્યું - 'તમે દમદંત રાજાને હાથ જોડીને કહેવું યાવત્ પધારજો.' છઠ્ઠો દૂત મથુરા નગરી મોકલ્યો અને કહ્યું- તમે ધર રાજાને હાથ જોડીને કહેજો યાવત્ સ્વયંવરમાં પધારજો. સાતમો દૂત રાજગૃહ નગર મોકલ્યો અને કહ્યું-'તમે જરાસિન્ધુના પુત્ર સહદેવ રાજાને હાથ જોડીને કહેવું યાવત્ સ્વયંવરમાં પધારજો.' આઠમો દૂત કૌડિન્ય નગર મોકલ્યો અને કહ્યું :- 'તમે ભીષ્મકના પુત્ર રુકિમ રાજાને હાથ જોડીને પૂર્વવત્ કહેવું યાવત્ સ્વયંવરમાં પધારજો.' ત્યાર પછી નવમો દૂત વિરાટ નગર મોકલ્યો અને કહ્યું-'તમે સો ભાઈઓ સહિત કીચક રાજાને હાથ જોડીને કહેજો યાવત્ સ્વયંવરમાં પધારજો.' દશમો દૂત શેષગ્રામ, આકર, નગર આદિમાં મોકલ્યો અને કહ્યું તમે ત્યાંના અનેક હજાર રાજા ઓને પૂર્વવત્ કહેવું.

ત્યાર પછી તે દૂત તેજ પ્રમાણે નીકળ્યો અને જ્યાં ગ્રામ, આકર, નગર આદિ હતાં, ત્યાં જઈને દરેક રાજાને આમંત્રણ આપ્યું યાવત્ સ્વયંવરમાં પધારો. ત્યાર પછી અનેક હજાર રાજાઓએ તે દૂતના આ અર્થને સાંભળીને અને સમજીને હૃષ્ટ-તુષ્ટ થઈને તે દૂતોનો સત્કાર-સન્માન કરીને વિદાય કર્યા. ત્યાર પછી આમંત્રિત કરેલ વાસુદેવ આદિ ઘણી સંખ્યામાં હજારો રાજાઓમાંથી દરેકે સ્નાન કર્યું. તેઓ સજાવેલ શ્રેષ્ઠ હાથીના સ્કંધ પર આરૂઢ થયા. પછી ઘોડાઓ, હાથીઓ, રથો અને મોટા મોટા ભટોના સમૂહના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમૂહરૂપ ચતુરંગિણી સેનાની સાથે પોત-પોતાના નગરથી નીકળ્યા. નીકળીને પંચાલ જનપદ તરફ જવાને માટે ઉદ્યત થયા. ત્યાર પછી દ્રુપદ રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે જાઓ અને કાંપિલ્યપુર નગરની બહાર, ગંગા નદીથી ન અધિક દૂર કે ન અધિક નજીક, એક વિશાલ સ્વયંવર મંડપ બનાવો, જે અનેક સેંકડો સ્તંભોથી બનેલ હોય અને જેમાં લીલા કરતી પુતળીઓ હોય, ત્યાર પછી દ્રુપદ રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવીને કહ્યું-શીઘ્રતાથી વાસુદેવ આદિ અનેક સંખ્યક હજારો રાજાને માટે આવાસ તૈયાર કરો. તેઓએ તે પ્રમાણે કરીને આજ્ઞા પાછી સોંપી. ત્યાર પછી દ્રુપદ રાજાએ વાસુદેવ પ્રભૃતિ ઘણા હજારો રાજાઓનું આગમન જાણીને, પ્રત્યેક રાજાના સ્વાગત માટે, હાથીના સ્કંધ પર આરૂઢ થઈને યાવત્ સુભટોના પરિવારથી પરિવૃત થઈને, અર્ધ્ય અને પાદ્ય લઈને, સંપૂર્ણ ઋદ્ધિની સાથે કાંપિલ્યપુર નગરની બહાર નીકળ્યો. નીકળીને જ્યાં વાસુદેવ આદિ બહુસંખ્યક હજારો રાજાઓ હતા, ત્યાં આવ્યો. ત્યાં વાસુદેવ પ્રભૃતિનો અર્ધ્ય અને પાદ્યથી સત્કાર-સન્માન કર્યો. સત્કાર-સન્માન કરીને તે વાસુદેવ આદિને અલગ અલગ આવાસ આપ્યા.

ત્યાર પછી તે વાસુદેવ પ્રભૃતિ પોતપોતાના આવાસમાં પહોંચીને હાથીઓના સ્કંધ ઉપરથી નીચે ઉતર્યા. બધાએ પોતપોતાનો પડાવ નાંખ્યો અને પોત-પોતાના આવાસોમાં પ્રવેશ કર્યો. આસનો પર બેઠા અને શય્યા પર સૂતા થકા ઘણાં જ ગંધર્વો પાસે ગાન કરાવતાં અને નટો પાસે નાટક કરાવતાં વિચરવા લાગ્યા. ત્યાર પછી દ્રુપદ રાજાએ કાંપિલ્યપુર નગરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરાવ્યા. પછી કૌટુમ્બિક પુરુષોને બોલાવીને કહ્યું-'દેવાનુપ્રિયો ! જાઓ અને તે વિપુલ અશનાદિ, સુરા, મદ્ય, માંસ, સીધુ અને પ્રસન્ના તથા પ્રચુર પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલાઓ અને અલંકારો વાસુદેવ આદિ હજારો રાજાઓના આવાસમાં લઈ જાઓ.' તે સાંભળીને તે બધી વસ્તુઓ લઈ ગયા. ત્યાર પછી વાસુદેવ આદિ રાજા તે વિપુલ અશનાદિનું પુનઃ પુનઃ આસ્વાદન કરતા વિચરવા લાગ્યા. ભોજન કરીને પછી આચમન કરીને યાવત્ સુખદ આસનોપર આસીને થઈને યાવત્ ઘણા ગંધર્વોથી સંગીત કરાવતાં વિચરવા લાગ્યા. ત્યાર પછી દ્રુપદ રાજાએ પૂર્વાપરાહણકાળ સમયે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું- 'દેવાનુપ્રિયો ! તમે જાઓ અને કામ્પિલ્યપુર નગરના શ્રૃંગાટક આદિ માર્ગોમાં તથા વાસુદેવ આદિ હજારો રાજાઓના આવાસોમાં, હાથીના સ્કંધપર આરૂઢ થઈને બુલંદ અવાજથી યાવત્ વારંવાર ઉદ્‌ઘોષણા કરતાં આ પ્રમાણે કહો-'હે દેવાનુપ્રિયો ! કાલે પ્રભાત કાળમાં દ્રૌપદીનો રાજવરકન્યાનો સ્વયંવર થશે. તેથી હે દેવાનુપ્રિયો ! આપ બધા દ્રુપદ રાજા પર અનુગ્રહ કરતાં થકાં, સ્નાન કરીને યાવત્ વિભૂષિત થઈને, હાથીના સ્કંધ પર આરૂઢ થઈને, કોરંટ વૃક્ષની પુષ્પમાલા સહિત છત્રને ધારણ કરીને, ઉત્તમ શ્વેત ચામરોથી વિંજાતા થકા, ઘોડા, હાથીઓ, રથો અને સુભટોના સમૂહથી પરિવૃત થઈને જ્યાં સ્વયં વર-મંડપ છે ત્યાં પહોંચો. ત્યાં પહોંચીને અલગ-અલગ પોતાના નામાંકિત આસન ઉપર બેસો અને રાજવરકન્યા દ્રૌપદીની પ્રતીક્ષા કરો.'

ત્યાર પછી દ્રુપદ રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું- 'દેવાનુપ્રિયો ! તમે સ્વયંવરમંડપમાં જાઓ અને તેમાં પાણી છાંટો, તેને વાળો. લીંપો અને શ્રેષ્ઠ

જૈનસાઈટ JAINSITE

સુગંધિત દ્રવ્યોથી સુગંધિત્ત કરો. પંચવર્ણ પુષ્પોના સમૂહથી વ્યાપ્ત કરો. કૃષ્ણ અગર શ્રેષ્ઠ કંદુક અને તરુષ્ક આદિના ધૂપથી ગંધની વાટ જેવું કરો. તેને મંચોથી યુક્ત્ત કરો. પછી વાસુદેવ આદિ હજાર રાજાઓના નામોથી અંકિત અલગ-અલગ આસન શ્વેત વસ્ત્રોથી આચ્છાદિત કરીને તૈયાર કરો. ત્યાર પછી વાસુદેવ પ્રભૃતિ ઘણા હજાર રાજાઓ કાલે પ્રભાત થવા પર સ્નાન કરીને યાવત્ વિભૂષિત થયા. શ્રેષ્ઠ હાથીના સ્કંધ પર આરૂઢ થયા. કોરંટ વૃક્ષોના ફૂલોની માળાવાળા છત્રને છારણ કર્યાં. તેમના પર ચામર ઢોળાવા લાગ્યાં. અશ્વ, હાથી, ભટોં આદિથી પરિવૃત થઈને સંપૂર્ણ ઋદ્ધિની સાથે યાવત્ વાદ્યધ્વનિની સાથે જ્યાં સ્વયંવરમંડપ હતો, ત્યાં પહોંચ્યા. મંડપમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને પૃથક્-પૃથક્ પોત-પોતાના નામોથી અંકિત આસન પર બેસી ગયા અને રાજવર કન્યા દ્રૌપદીની પ્રતીક્ષા કરવા લાગ્યા. ત્યાર પછી દ્રુપદ રાજા પણ બીજા દિવસે સ્નાન કરીને યાવત્. આવીને વાસુદેવ આદિને હાથ જોડીને અભિનંદન કરીને કૃષ્ણ વાસુદેવ પર શ્રેષ્ઠ શ્વેત ચામર ઢોળાવા લાગ્યો.

[૧૭૧] ત્યાર પછી તે રાજવરકન્યા દ્રૌપદી બીજા દિવસે પ્રાતઃકાળ થવા પર સ્નાનગૃહની તરફ ગઈ. ત્યાં જઈને સ્નાનગૃહમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને સ્નાન કર્યું યાવત્ શુદ્ધ અને સભામાં પ્રવેશ કરવા યોગ્ય માંગલિક ઉત્તમ વસ્ત્ર ધારણ કર્યાં. જિનપ્રતિમાઓનું પૂજન કર્યું. પૂજનકરીને તે અંતઃપુરમાં ચાલી ગઈ.

[૧૭૨] ત્યાર પછી અંતઃપુરની સ્ત્રીઓએ રાજવરકન્યા દ્રૌપદીને સર્વ અલંકારોથી વિભૂષિત કરી. પગમાં શ્રેષ્ઠ નૂપુર પહેરાવ્યા. યાવત્ તે દાસીઓના સમૂહથી પરિવૃત થઈને અંતઃપુરથી બહાર નીકળી. બહાર નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી અને જ્યાં ચારઘંટા વાળો અશ્વરથો હતો, ત્યાં આવી. આવીને ક્રીડા કરાવનારી ધાય અને લેખિકા દાસીની સાથે તે ચાર ઘંટાવાળા રથ પર આરૂઢ થઈ. તે સમયે ધૃષ્ટદ્યુમ્ન કુમારે દ્રૌપદી કુમારીનું સારથિનું કાર્ય કર્યું. ત્યાર પછી રાજવરકન્યા દ્રૌપદી કંપિલ્યપુર નગરની મધ્યમાં થઈને જ્યાં સ્વયંવરમંડપ હતો, ત્યાં ગઈ. સ્વયંવરમંડપમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને બંને હાથે જોડીને વાસુદેવ પ્રભૃતિ બહુસંખ્યક હજારો રાજાઓને પ્રણામ કર્યા. ત્યાર પછી રાજવરકન્યા દ્રૌપદીએ એક મોટા શ્રીદામકાંડ ગ્રહણ કર્યો. પાટલ, મલ્લિકા, ચંપક આદિ યાવત્ સપ્તપર્ણ આદિના ફૂલોથી ગુંથેલ હતો. ગંધ સમૂહને ફેલાવતો હતો. અત્યંત સુખદ સ્પર્શવાળો અને દર્શનીય હતો. ત્યાર પછી તે ક્રીડા કરાવનારી યાવત્ સુંદર રૂપવાળી ધાયે જમણા હાથમાં ચમકતો અરીસો લીધો. તે દર્પણમાં જે જે રાજાનું પ્રતિબિમ્બ પડતું હતું, તે પ્રતિબિમ્બ દ્વારા દેખાતા શ્રેષ્ઠ સિંહના સમાન રાજાને પોતાના ડાબા હાથેથી દ્રૌપદીને બતાવતી હતી. તે ધાય સ્ફુટ, વિશદ, વિશુદ્ધ રિભિત મેઘની ગર્જનાની સમાન ગંભીર અને મધુર વચન બોલતી થકી, તે દરેક રાજાના માતા-પિતાના વંશ, સત્વ, સામર્થ્ય ગોત્ર, પરાક્રમ, કાંતિ, વિવિધ પ્રકારનું જ્ઞાન માહાત્મ્ય, રૂપ, યૌવન, ગુણ, લાવણ્ય, કુળ અને શીલને જાણનાર હોવાથી વખાણ કરવા લાગી.

તેમાંથી સર્વ પ્રથમ વૃષ્ણિ (યાદવો)માં પ્રધાન સમુદ્રવિજય આદિ દશ દસારો જે ત્રણ લોકમાં બળવાન હતા, લાખો શત્રુઓના માન મર્દન કરનાર હતા, ભવ્ય જીવોમાં શ્રેષ્ઠ શ્વેત કમલના સમાન પ્રધાન હતા, તેજથી દેદીપ્યમાન હતા, બલ, વીર્ય, રૂપ, યૌવન, ગુણ અને લાવણ્યનું કીર્તન કરનારી તે ધાયે કીર્તન કર્યું અને પછી કહ્યું કે આ યાદવો


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૌભાગ્ય અને રૂપથી સુશોભિત છે અને શ્રેષ્ઠપુરુષોમાં અને રૂપથી સુશોભિત છે અને શ્રેષ્ઠ પુરુષોમાં ગંધહસ્તી સમાન છે. તેમાંથી કોઈ તારા હૃદયને પ્રિય હોય તો વરણ કરી-લે. ત્યાર પછી રાજવરકન્યા દ્રૌપદી પણ હજાર શ્રેષ્ઠ રાજાઓની મધ્યમાં થઈને, તેઓનું અતિક્રમણ કરતી-કરતી, પૂર્વકૃત નિયાણાથી પ્રેરિત થતી જ્યાં પાંચ પાંડવો હતા, ત્યાં આવી. ત્યાં આવીને તેણીએ તે પાંચે પાંડવોને પંચરંગી કુસુમદામથી ચારે તરફથી વેષ્ટિત કરી દધા. વેષ્ટિત કરીને કહ્યું :- મેં આ પાંચે પાંડવોને વરણ કર્યા છે. ત્યાર પછી તે વાસુદેવ પ્રભૃતિ બહુ હજાર રાજાઓએ ઊંચા-ઊંચા શબ્દોથી વારંવાર ઉદ્‌ઘોષણા કરતાં કહ્યું-'અહો ! રાજવરકન્યા દ્રૌપદીએ સારું વરણ કર્યું.' એ પ્રમાણે કહીને તેઓ સ્વયંવરમંડપથી બહાર નીકળ્યા. નીકળીને પોતપોતાના આવાસોમાં ચાલ્યા ગયા.

ત્યાર પછી ધૃષ્ટદ્યુમ્ન કુમારે પાંચે પાંડવોને, રાજવરકન્યા દ્રૌપદીને ચારઘંટા વાળા અશ્વરથ પર આરૂઢ કર્યા અને કાંપિલ્યપુરની મધ્યમાં થઈને યાવત્ પોતાના ભવન માં પ્રવેશ કર્યો. ત્યાર પછી દ્રુપદ રાજાએ પાંચે પાંડવોને અને રાજવરકન્યા દ્રૌપદીને પટ્ટ પર આસીન કર્યા. આસીન કરીને ચાંદી અને સોનાના કળશોથી સ્નાન કરાવ્યું. અગ્નિ-હોમ કરાવ્યો. પછી પાંચે પાંડવોને દ્રૌપદીની સાથે પાણિગ્રહણ કરાવ્યું. ત્યાર પછી દ્રુપદ રાજાએ રાજવરકન્યા દ્રૌપદીને આ પ્રમાણે પ્રીતિદાન આપ્યું આઠ કરોડ હિરણ્ય આદિ યાવત્ આઠ પ્રેષણ કારિણી દાસ ચેટિકા. તે સિવાય અન્ય પણ ઘણું ધન કનક આદિ યાવત્ પ્રદાન કર્યું. ત્યાર પછી દ્રુપદ રાજાએ વાસુદેવ પ્રભૃતિ રાજાઓને વિપુલ અશન, આદિથી સત્કાર કરીને વિદાય કર્યા.

[૧૭૩] ત્યાર પછી પાણ્ડુ રાજાએ તે વાસુદેવ પ્રભૃતિ ઘણા હજાર રાજાઓને હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિયો ! હસ્તિનાપુર નગરમાં પાંચ પાંડવો અને દ્રૌપદીનો કલ્યાણકારક મહોત્સવ થશે. તેથી દેવાનુપ્રિયો ! તમે અમારા પર અનુ ગ્રહ કરીને બધા યથા સમય-વિલંબ કર્યા વિના પધારજો.' ત્યાર પછી તે વાસુદેવ આદિ સર્વ નૃપતિગણ અલગ અલગ યાવત્ ગમન કરવાને માટે ઉદ્યત થયા. ત્યાર પછી પાંડુ રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને આદેશ આપ્યો- તમે જાઓ અને હસ્તિનાપુર નગરમાં પાંચપાંડવોને માટે પાંચ ઉત્તમપ્રાસાદ બનાવડાવે. તે પ્રાસાદ ઘણા ઊંચા અને સાત મજલાના હોવા જોઈએ. યાવત્ તે ખુબ સુંદર હોવા જોઈએ.' ત્યાર પછી પાંડુરાજા પાંચે પાંડવો અને દ્રૌપદીની સાથે અશ્વસેના, ગજસેના આદથી પરિવૃત થઈને કાંપિલ્ય પુર નગરથી નીકળ્યા. નીકળીને જ્યાં હસ્તિનાપુર નગર હતું, ત્યાં આવી પહોંચ્યા.

ત્યાર પછી પાંડુ રાજાએ તે વાસુદેવ આદિ રાજાઓનું આગમન જાણીને કૌટુ-મ્બિક પુરુષોને બોલાવ્યા અને તેમને કહ્યું-દેવાનુપ્રિયો ! તમે જાઓ અને હસ્તિનાપુર નગરની બહાર વાસુદેવ આદિ ઘણા હજાર રાજાઓને માટે આવાસ તૈયાર કરાવો. જે અનેક સેંકડો સ્તંભોથી યુક્ત હોય, ઈત્યાદિ' તે ત્યાર પછી તે વાસુદેવ વગેરે ઘણા હજાર રાજાઓ હસ્તિનાપુર નગરમાં આવ્યા. ત્યારે પાંડુરાજા તે વાસુદેવ આદિ રાજાઓનું આગમન જાણીને હર્ષિત અને સંતુષ્ટ થયો. તેણે સ્નાન કર્યું, બલિકર્મ કર્યું અને દ્રુપદ રાજાની જેમ તેની સામે જઈને તેમનો સત્કાર કર્યો યાવત્ તેઓને યથાયોગ્ય આવાસ આપ્યો. ત્યાર પછી પાંડુ રાજાએ હસ્તિનાપુર નગરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને કૌટુ મ્બિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું-'હે દેવાનુપ્રિયો ! તમે વિપુલ અશનાદિ તૈયાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાવો.' ત્યારે વાસુદેવ આદિ ઘણા રાજાઓએ સ્નાન તેમજ બલિકર્મ કરીને આહાર કર્યો યાવત્ પહેલાની જેમ વિચરવા લાગ્યા. ત્યાર પછી પાંડુ રાજાએ પાંચ પાંડવોને અને દ્રૌપદીને પાટ ઉપર બેસાડ્યા. બેસાડીને તેમને શ્વેત અને પીત કલશોથી અભિષેક કરાવ્યો. પછી કલ્યાણકારી ઉત્સવ કર્યો. તે વાસુદેવ આદિ ઘણા હજાર રાજાઓનો સત્કાર કર્યો. સન્માન કર્યું.

[૧૭૪] ત્યાર પછી પાંચ પાંડવો, દ્રૌપદીની સાથે, અંતઃપુરના પરિવાર સહિત, એક એક દિવસ વારાના અનુસારે ઉદાર કામભોગ ભોગવતાં યાવત્ રહેવા લાગ્યા. ત્યારે પછી પાંડુ રાજા એકવાર કોઈ સમયે પાંચ પાંડવો, કુંતી દેવી અને દ્રૌપદીની સાથે તથા અંતપુરના અંદરના પરિવાર સાથે પરિવૃત થઈને શ્રેષ્ઠ સિંહાસન ઉપર આસીન થઈને વિચરતા હતા. ત્યારે કચ્છુલ્લ નામક નારદ ત્યાં આવી પહોંચ્યા. તે જોવામાં અત્યંત ભદ્ર અને વિનીત દેખાતા હતા, પરંતુ અંદરથી તેમનું હૃદય કલુષિત હતું. બ્રહ્મ ચર્ય વ્રતના ધારક હોવાથી તે મધ્યસ્થતાને પ્રાપ્ત હતાં. આશ્રિત જનોને તેમનું દર્શન પ્રિય લાગતું હતું. તેનું રૂપ મનોહર હતું તેમણે ઉજ્જવલં તેમજ શકલ પહેરેલ હતું. કાળુ મૃગચર્મ ઉત્તરાસંગના રૂપમાં વક્ષસ્થલપર ધારણ કરેલ હતું. હાથમાં દંડ અને કમંડલું હતાં, જટા રૂપી મુગટથી તેમનું મસ્તક દેદીપ્યમાન હતું. તેમણે યજ્ઞોપવીત, તેમજ રુદ્રાક્ષની માળાનાં આભરણો, મૂંજની કટિમેખલા અને વલ્કલ વસ્ત્ર ધારણ કરેલ હતા. તેમના હાથમાં કચ્છપી નામની વીણા હતી. તેમને સંગીત પર પ્રીતિ હતી. આકાશમાં ગમનકરવાનીશક્તિ હોવાના કારણે તે પૃથ્વીપરબહુઓછું ગમન કરતાં હતા. સંચરણી, આવરણી, અવત રણી ઉત્પતની શ્લેષણી, સંક્રામણી, અભિયોગિની, પ્રજ્ઞપ્તિ ગમની, અને સ્તંભિની, આદિ ઘણીજ વિદ્યાધરો સંબંધી વિદ્યાઓમાં પ્રવીણ હોવાથી તેમની કીર્તિ ફેલાયેલી હતી. તે બલદેવ અને વાસુદેવના પ્રેમપાત્ર હતાં. પ્રદ્યુમ્ન, પ્રદીપ, શાંબ, અનિરુદ્ધ, નિષધ, ઉન્મુખ, સારણ, ગજસુકુમાર, સુમુખ અને દુર્મુખ આદિ યાદવોના સાડાત્રણ કરોડ કુમારોના હૃદયને પ્રિય હતા અને તેઓ વડે પ્રશંસનીય હતા. કલહ, યુદ્ધ અને કોલાહલ તેમને પ્રિય હતો. તે ભાંડની સમાન વચન બોલવાના અભિલાષી હતા. અનેક સમર અને સમ્પરાય જોવાના રસિયા હતા. ચારે તરફ દક્ષિણા આપીને પણ કલહની ખોજ કરતા હતા. કલહ કરાવીને બીજાના ચિત્તમાં અસમાધિ ઉત્પન્ન કરતા હતા. એવા તે નારદ ત્રણે લોકમાં બલવાન શ્રેષ્ઠ દસારવંશના વીરપુરુષોથી વાર્તાલાપ કરીને, તે ભગવતી પ્રાકામ્ય નામક વિદ્યાનું, જે આકાશમાં ગમન કરવામાં દક્ષ હતી, સ્મરણ કરીને ઉડ્યા અને આકાશને ઓળંગતા થકા હજારો ગ્રામ, આકર, નગર, ખેટ, કર્બટ, મંડબ, દ્રોણમુખ, પટ્ટન અને સંબાધથી શોભિત અને ભરપૂર દેશોથી વ્યાપ્ત પૃથ્વીનું અવલોકન કરતા-કરતા રમણીય હસ્તિનાપુર નગરમાં આવ્યા અને વેગની સાથે પાંડુ રાજાના મહેલમાં ઉતર્યા.

• તે સમયે પાંડુરાજાએ કચ્છુલ્લ નારદને આવતા જોયા. જોઈને પાંચ પાંડવો તથા કુંતી દેવી સહિત તે આસન ઉપરથી ઉભા થયા. યાવત્ ઉભા થઈને સાત-આઠ પગલાં કચ્છુલ્લ નારદની સામે ગયા. સામે જઈને ત્રણવાર દક્ષિણ દિશાથી આરંભ કરીને પ્રદ ક્ષિણા કરી. પ્રદક્ષિણા કરીને વંદન કર્યા. નમસ્કાર કર્યો. વંદન-નમસ્કાર કરીને મહાન પુરુષોને યોગ્ય અથવા બહુમૂલ્ય આસન ગ્રહણ કરવાને માટે આમંત્રણ કર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૭૫] ત્યાર પછી તે કચ્છુલ્લ નારદે પાણી છાંટીને અને દર્ભ પાથરીને તેના પર પોતાનું આસન બિછાવ્યું અને તે તેના પર બેઠા. બેસીને પાંડુ રાજા, રાજ્ય, યાવત્ અંતઃપુરના સમાચાર પૂછ્યા. તે સમયે કુંતી દેવીએ અને પાંચે પાંડવોએ કચ્છુલ્લ નારદનો આદર સત્કાર કર્યો. યાવત્ તે તેની પર્યુપાસના સેવા કરવા લાગ્યા. તે સમયે દ્રૌપદી દેવીએ કચ્છુલ્લ નારદને અસંયમી, અવિરત તથા પૂર્વકૃત પાપ કર્મના નિન્દાદિ દ્વારા નાશ ન કરનાર તથા આગળના પાપોનું પ્રત્યાખ્યાન ન કરનાર જાણીને તેનો આદર ન કર્યો. તેને આવ્યો પણ ન જાણ્યો. તેના આવવા પર તે ઉભી ન થઈ અને તેમની ઉપાસના પણ ન કરી. ત્યાર પછી કચ્છુલ્લ નારદને આ પ્રકારનો અધ્યવસાય ચિન્તિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે અહો ! આ દ્રૌપદી દેવી પોતાના રૂપ, લાવણ્ય અને આ પાંચ પાંડવોના કારણે અભિમાનિની થઇ ગઇ છે. તેથી તે મારો આદર નથી કરતી, મારી ઉપાસના નથી કરતી તેથી દ્રૌપદી દેવીનું અનિષ્ટ કરવું મારા માટે શ્રેયસ્કર છે. પાંડુ રાજા પાસેથી જવાની આજ્ઞા લીધી. પછી ઉત્પતની વિદ્યાનું આહવાન કર્યું. આહવાન કરીને તે ઉત્કૃષ્ટ યાવત્ વિદ્યાધર ગતિથી લવણ સમુદ્રની મધ્યમાં થઈને, પૂર્વ દિશાની સન્મુખ, ચાલવાને માટે પ્રયત્નશીલ થયા.

તે કાળે અને તે સમયે ધાતકીખંડ નામક દ્વીપમાં પૂર્વ દિશાની તરફના દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રમાં અમરકંકા નામની રાજધાની હતી. તે અમરકંકા નગરીમાં પદ્મનાભ નામનો રાજા હતો. તે મહાન હિમવંત પર્વતની સમાન સારવાળો હતો, ઈત્યાદિ પૂર્વવત્ વર્ણન સમજી લેવું જોઇએ. તે પદ્મનાભ રાજાના અંતઃપુરમાં સાતસો રાણીઓ હતી. તેના પુત્રનું નામ સુનાભ હતું. તે યુવરાજ પણ હતો. તે સમયે રાજા પદ્મનાભ પોતાની રાણીઓની સાથે ઉત્તમ સિંહાસન ઉપર બેઠો હતો. ત્યાર પછી કચ્છુલ્લ નારદ જ્યાં અમરકંકા રાજધાની હતી અને જ્યાં પદ્મનાભનું ભવન હતું, ત્યાં આવ્યા. આવીને પદ્મનાભ રાજાના ભવનમાં વેગ પૂર્વક શીઘ્રતાની સાથે ઉતર્યા. તે સમયે પદ્મનાભ રાજાએ કચ્છુલ્લ નારદને આવતા જોયા. જોઈને તે આસન ઉપરથી ઉઠ્યા ઉઠીને અર્ધ્યથી તેની પૂજા કરી યાવત્ આસન પર બેસવાને માટે આમંત્રણ કર્યું. ત્યાર પછી કચ્છુલ્લ નારદે પાણી છાંટીને પછી દર્ભ બિછાવી તેના પર આસન બિછાવ્યું. યાવત્ કુશલ-સમાચાર પૂછ્યા.

ત્યાર પછી પદ્મનાભ રાજાએ પોતાની રાણીઓમાં વિસ્મિત થઈને કચ્છુલ્લ નારદને પ્રશ્ન કર્યો. -'હે દેવાનુપ્રિય ! આપ ઘણા ગ્રામો અને ગૃહોમાં પ્રવેશ કરો છો, તો હે દેવાનુપ્રિય ! મારું જેવું અંતઃપુર છે તેવું આપે ક્યારેય પહેલાં જોયું છે ?' કચ્છુલ્લ નારદ જરા હસ્યા હસીને બોલ્યા – હે પદ્મનાભ તમે કૂવાના તે દેડકા સમાન છો ? જમ્બુદ્વીપમાં ભારતવર્ષમાં, હસ્તિનાપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી દેવીની આત્મજા, પાંડુ રાજાની પુત્રવધૂ અને પાંચ પાંડવોની પત્ની દ્રૌપદી દેવી રૂપથી યાવત્ લાવણ્યથી ઉત્કૃષ્ટ શરીરવાળી છે. તમારું આ આખું અંતઃપુર દ્રૌપદી દેવીના કાપેલા પગના અંગૂઠાના સોમી કળા-બરાબર પણ નથી. આ પ્રમાણે કહીને નારદે પદ્મનાભ પાસેથી જવાની અનુમતિ લીધી. અનુમતિ લઈને તે ચાલ્યા ગયા.

ત્યાર પછી પદ્મનાભ રાજા કચ્છુલ્લ નારદ પાસેથી આ અર્થને સાંભળીને અને સમજીને દ્રૌપદી દેવીના રૂપ, લાવણ્ય અને યૌવનમાં મુગ્ધ બની ગયો, ગૃદ્ધ થઇ ગયો, લુબ્ધ થઇ ગયો અને આગ્રાહવાન થઇ ગયો. તે પૌષધશાળામાં પહોંચ્યો. પૌષધશાળાને

જૈન સાઇટ JAINSITE

પૂંજીને, પોતાના પૂર્વના સાથી દેવનું મનમાં ધ્યાન કરીને, અટ્ઠમ કરીને બેસી ગયો. દેવ આવ્યો. રાજાએ પહેલાના સાથી દેવને કહ્યું-'હે ભારતવર્ષમાં, હસ્તિનાપુર નગરમાં યાવત્ દ્રૌપદીદેવી ઉત્કૃષ્ટ શરીરવાળી છે. હે દેવાનુપ્રિય ! હું ઈચ્છું છું કે દ્રૌપદીદેવી ને અહીં લઈ આવો.' ત્યાર પછી પૂર્વસંગતિ દેવે પદ્મનાભને કહ્યું-'દેવાનુપ્રિય ! તે કદી થયું નથી, થતું નથી અને થશે પણ નહિ કે દ્રૌપદીદેવી પાંચ પાંડવોને છોડીને બીજા પુરુષની સાથે ઉદાર કામ ભોગને ભોગવશે. તો પણ હું તમારું પ્રિય કરવાને માટે દ્રૌપદી દેવીને હમણાં અહીં લાવી આપું છું.' એ પ્રમાણે કહીને તે ઉત્કૃષ્ટ દેવગતિથી લવણસમુદ્રની મધ્યમાં થઈને જ્યાં હસ્તિનાપુર નગર હતું તે તરફ ગમન કરવાને માટે ઉદ્યત થયો. તે કાળ અને તે સમયમાં યુધિષ્ઠિર રાજા દ્રૌપદી દેવીની સાથે મહેલની છત પર સુખે સૂતા હતા. ત્યારે તે પૂર્વસંગતિક દેવ જ્યાં રાજા યુધિષ્ઠિર હતા અને જ્યાં દ્રૌપદી દેવી હતી, ત્યાં આવ્યો. આવીને તેણે દ્રૌપદી દેવીને અવસ્વાપિની નિદ્રા આપી. પછી દ્રૌપદી દેવીને ગ્રહણ કરીને ઉત્કૃષ્ટ દેવગતિથી અમરકંકા રાજધાનીમાં પદ્મનાભના ભવનમાં આવી અસોક વાટિકામાં દ્રૌપદી દેવીને રાખી દીધી. રાખીને અવસ્વાપિની નિદ્રાનું સંહરણ કર્યું. સંહરણ કરીને જ્યાં પદ્મનાભ રાજા હતો, ત્યાં આવ્યો. આવીને આ પ્રમાણે બોલ્યો- 'દેવાનુપ્રિય ! હું હસ્તિનાપુરથી દ્રૌપદી દેવીને શીઘ્રતાપૂર્વક અહીં લઈ આવ્યો છું. તે તમારી અશોક વાટિકામાં છે. તેથી આગળ તમે જાણો !'

ત્યાર પછી થોડીવારે દ્રૌપદી દેવીની નિંદ્રા ભંગ થઈ. તેણી તે અશોક વાટિકાને ઓળખી ન શકી તેથી તે મનોમન કહેવા લાગી કે આ ભવન મારું નથી, આ અશોક વાટિકા મારી પોતાની નથી. કોણ જાણે કોઈ દેવે, દાનવે, કિંપુરુષે, કિંનરે, મહોરગે યા ગંધર્વે કોઈ બીજા રાજાની અશોકવાટિકામાં મારું સંહરણ કર્યું છે. આ પ્રમાણે વિચારતી તે ભગ્નમનોરથવાળી થઈને યાવત્ ચિંતા કરવા લાગી. ત્યાર પછી રાજા પદ્મનાભ સ્નાન કરીને યાવત્ સમસ્ત અલંકારોથી વિભૂષિત થઈને તથા અંતઃપુરના પરિવારથી પરિવૃત્ત થઈને, જ્યાં અશોક વાટિકા હતી, જ્યાં દ્રોપદી દેવી હતી, ત્યાં આવ્યો. આવીને તેણે દ્રૌપદી દેવીને ભગ્ન મનોરથ તેમજ ચિંતા કરતી જોઈને કહ્યું-'દેવાનુપ્રિયે ! તું ભગ્ન મનોરથ યુક્ત થઈને ચિંતા શા માટે કરે છે ? દેવાનુપ્રિયે ! મારો પૂર્વસંગતિક દેવ સંહરણ કરીને અહીં લાવ્યો છે. તેથી હે દેવાનુપ્રિયે ! તું હતમનઃસંકલ્પ થઈને ચિંતા ન કર તું મારી સાતે વિપુલ ભોગોપભોગ ભોગવતી રહે.' ત્યારે દ્રૌપદી દેવીએ પદ્મનાભને આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિય ! જમ્બૂદ્વીપમાં, ભારતવર્ષમાં, દ્વારવતી નગરીમાં કૃષ્ણ નામક વાસુદેવ મારા સ્વામીના ભાઈ રહે છે. તે જો છ માસમાં મને લેવાને માટે અહીં ન આવે તો હે દેવાનુપ્રિય ! હું તમારી આજ્ઞા ઉપાય, વચન અને નિર્દેશમાં રહીશ. ત્યારે પદ્મનાભ રાજાએ દ્રૌપદીના આ અર્થને અંગીકાર કર્યો. દ્રૌપદી દેવીને કન્યાઓના અંતઃપુરમાં રાખી દીધી. ત્યાર પછી દ્રૌપદી દેવી છટ્ઠભક્ત અને પારણામાં આયંબીલના તપઃકર્મથી આત્માને ભાવિત કરતી વિચરવા લાગી.

[૧૭૬] અહીં દ્રૌપદી દેવીનું અપહરણ થઇ ગયા પછી થોડા સમયમાં યુધિષ્ઠિર રાજા જાગ્યા. તે દ્રૌપદી દેવીને પોતાની પાસે ન જોવાથી શય્યાથી ઉઠ્યા. ઉઠીને ચારે તરફ દ્રૌપદી દેવીની માર્ગણા-ગવેષણા કરી. પરંતુ દ્રૌપદી દેવીની ક્યાંય પણ શ્રુતિ-ક્ષુતિ-વગેરે યા પ્રવૃત્તિ-ન જણાતાં જ્યાં પાંડુ રાજા હતા, ત્યાં આવ્યા. ત્યાં આવીને પાંડુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાને આ પ્રમાણે કહ્યું- 'આ પ્રમાણે હે તાત ! હું અગાસી ઉપર સુતો હતો. મારી પાસેથી દ્રૌપદી દેવીને ન જાણે કોણ દેવ, દાનવ, કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ, હરણ કરી ગયો, લઈ ગયો, ખેંચી ગયો. તો હે તાત ! હું ઈચ્છું છું કે દ્રૌપદી દેવીની ચારે તરફ માર્ગણા કરાય.' ત્યારે પાંડુ રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું 'હે દેવાનુ પ્રિયો ! હસ્તિનાપુર નગરમાં શ્રૃઙ્ગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ અને પથ આદિમાં ઊંચા ઊંચા શબ્દોની ઘોષણા કરતાં-કરતાં આ પ્રમાણે કહો-'આ પ્રમાણે નિશ્ચયથી આકાશ તલ પર સુખે સુતેલી યુધિષ્ઠિર રાજાની પાસેથી દ્રૌપદી દેવીને ન જાણે કોણ હરણ કરેલ છે, લઈ ગયો છે યા ખેંચી ગયો છે ? તો હે દેવાનુપ્રિયો કોઈ દ્રૌપદી દેવીની શ્રુતિ, ક્ષુતિ યા પ્રવૃત્તિ બતાવશે તે મનુષ્યને પાંડુ રાજા વિપુલ સંપદાનું દાન આપશે, ઈનામ આપશે. આ પ્રમાણેની ઘોષણા કરો.

પૂર્વોક્ત ઘોષણા કરાવવા છતાં પણ પાંડુ રાજા દ્રૌપદી દેવીની ક્યાંય પણ શ્રુતિ યાવત્ સમાચાર ન મેળવી શક્યા. ત્યારે કુંતી દેવીને બોલાવીને કહ્યું-'હે દેવાનુપ્રિયે ! તમે દ્વારવતી નગરી જાઓ અને કૃષ્ણ વાસુદેવને આ અર્થ નિવેદન કરો. કૃષ્ણ વાસુદેવ જ દ્રોપદીદેવીની માર્ગણા-ગવેષણા કરશે. અન્યથા દ્રૌપદી દેવીની શ્રુતિ, ક્ષુતિ યા પ્રવૃત્તિ આપણે જાણી શકીશું. એવું ન માની શકાય. પાંડુ રાજાથી દ્વારિકા જવા માટે કહેવા પર કુન્તી દેવી તેની વાત યાવત્ સ્વીકાર કરીને સ્નાન કરીને, બલિકર્મ કરીને, હાથીના સ્કંધ પર આરૂઢ થઈને હસ્તિનાપુર નગરની મધ્યમાં થઈને નીકળી. નીકળીને કુરુદેશની વચ્ચો વચ્ચ થઈને જ્યાં સૌરાષ્ટ્ર જનપદ હતું જ્યાં દ્વારવતી નગરી હતી અને નગરની બહાર શ્રેષ્ઠ ઉદ્યાન હતું, ત્યાં આવી. આવીને હાથીના સ્કંધથી નીચે ઉતરી. ઉતરીને કૌટુમ્બિક પરુષોને બોલાવ્યા અને તેઓને આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે જ્યાં દ્વારિકા નગરી છેઃ ત્યાં જાઓ. દ્વારિકા નગરીની અંદર પ્રવેશ કરો. પ્રવેશ કરીને કૃષ્ણ વાસુદેવને બંને હાથ જોડી આ પ્રમાણે કહેવું, હે સ્વામિન્ ! આપના પિતાની બહેન કુન્તી દેવી હસ્તિના પુરથી શીઘ્ર અહીં આવેલ છે અને તમારા દર્શનની ઈચ્છા કરે છે. તમને મળવા ઈચ્છે છે.' ત્યારે કૃષ્ણ વાસુદેવે કૌટુમ્બિક પુરુષો પાસેથી કુન્તી દેવીના આગમનના સમાચાર સાંભળીને હાથીના સ્કંધ પર આરૂઢ થઈને ઘોડાઓ, હાથીઓ આદિની સેનાની સાથે યાવત્ દ્વારવતી નગરીની મધ્યમાં થઈને જ્યાં કુન્તી દેવી હતી, ત્યાં આવ્યા. આવીને હાથીના સ્કંધ ઉપરથી ઉતર્યા. નીચે ઉતરીને તેણે કુન્તી દેવીના ચરણને ગ્રહણ કર્યા. ચરણનો સ્પર્શ કર્યો. પછી કુન્તી દેવીની સાથે હાથીના સ્કંધ ઉપર આરૂઢ થયા. આરૂઢ થઈને દ્વારવતી નગરીના મધ્ય ભાગમાં થઈને જ્યાં પોતાનો મહેલ હતો, ત્યાં આવ્યા; આવીને પોતાના મહેલમાં પ્રવેશ કર્યો. કુન્તી દેવી જ્યારે સ્નાન કરીને, બલિકર્મ કરીને અને ભોજન કરીને પછી યાવત્ સુખાસન ઉપર બેઠી, ત્યારે કૃષ્ણ વાસુદેવે આ પ્રમાણે કહ્યું-'હે પિતૃભગિની ! કહો આપનું અહીં આવવાનું શું પ્રયોજન છે ?'

ત્યાર પછી કુન્તી દેવીએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું-'હે પુત્ર ! હસ્તિનાપુર નગરમાં, યુધિષ્ઠિર આકાશતલ પર સુખે સુતો હતો. તેની પાસેથી દ્રૌપદી દેવીને ન જાણે કોણ અપહરણ કરી ગયો હું ઈચ્છું છું કે તેની માર્ગણા કરો-ગવેષણા કરો. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે પોતાની પિતૃભગિની કુન્તીને કહ્યું-જો હું ક્યાંય પણ દ્રૌપદી દેવીની શ્રુતિ આદિ મેળવું તો હું તેને પાતાલથી, ભવનમાંથી યા અર્ધભરત ક્ષેત્રમાંથી, દરેક સ્થાનેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારા હાથેથી જ લઈ આવીશ. આ પ્રમાણે કહીને તેમણે કુન્તી દેવીનો સત્કાર કર્યો, સન્માન કર્યું, યાવત્ તેમને વિદાય કર્યા. કુન્તી દેવીના ગયા પછી કૃષ્ણ વાસુદેવે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું '-દેવાનુપ્રિયો ! તમે દ્વારિકા નગરીમાં જાઓ.' આ પ્રમાણે જેમ પાંડુ રાજાએ ઘોષણા કરાવી હતી, તે પ્રમાણે કૃષ્ણ વાસુદેવે પણ ઘોષણા કરાવી. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ કોઈ સમયે અંતઃપુરની અંદર પોતાની રાણીઓની સાથે હતા. તે સમયે તે કચ્છુલ્લ નારદ યાવત્ ઉતર્યા. યાવત્ આસન પર બેસીને કૃષ્ણ વાસુદેવનો કુશલ વૃત્તાન્ત પૂછ્યો.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે કચ્છુલ્લ નારદને આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિય ! તમે ઘણા ગ્રામો, આકરો, નગરો આદિમાં પ્રવેશ કરો છો. તો ક્યાંય પણ દ્રૌપદી દેવાની શ્રુતિ આદિ કાંઈ મળ્યું છે ?' ત્યારે કચ્છુલ્લ નારદે કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિય ! એક વખત હું ધાતકીખંડ દ્વીપમાં, પૂર્વ દિશાના દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રમાં, અમરંકા નામની રાજધાનીમાં ગયો હતો. ત્યાં મે પદ્મનાભ રાજાના ભવનમાં દ્રૌપદી દેવી જેવી કોઈ દેખી હતી.' ત્યારે કૃષ્ણ વાસુદેવે કચ્છુલ્લ નારદને આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિય ! આ તમારી જ કરતૂત જણાય છે.' કૃષ્ણ વાસુદેવના આ પ્રમાણે કહેવા પર કચ્છુલ્લ નારદે ઉત્પતની વિદ્યાનું સ્મરણ કર્યું. સ્મરણ કરીને જે દિશાઓથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે દૂતનેબોલાવ્યો.બોલાવીને તેને કહ્યું-'દેવાનુપ્રિય ! તમે હસ્તિનાપુર જાઓ અને પાંડુ રાજાને નિવેદન કરો કે હે દેવાનુપ્રિય ! દ્રૌપદી દેવીનો પત્તો લાગ્યો છે. તેથી પાંચે પાંડવો ચતુરંગિણી સેનાની સાથે પરિવૃત્ત થઈને તૈયાર થાઓ, રવાના થાઓ અને પૂર્વ દિશાના વેતાલિક પર લવણ સમુદ્રના તટ પર મારી પ્રતીક્ષા કરો.' ત્યારે પાંચે પાંડવો ત્યાં જઈને યાવત્ પ્રતીક્ષા કરવા લાગ્યા.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે જાઓ અને સાન્નાહિક ભેરી વગાડો.' તે સાંભળીને કૌટુમ્બિક પુરુષોએ ભેરી વગાડી. ત્યાર પછી સાન્નાહિક ભેરીની ધ્વનિ સાંભળીને સમુદ્ર વિજય આદિ દસ દસાર યાવત્ છપ્પન હજાર બલવાન યોદ્ધાઓ કવચ પહેરીને, તૈયાર થઈને, આયુધ અને પ્રહરણ ગ્રહણ કરીને, જ્યાં કૃષ્ણ વાસુદેવની સુધર્મા સભા હતી અને જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા, ત્યાં આવ્યા. આવીને હાથ જોડીને યાવત્ તેમનું અભિનંદન કર્યું. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ શ્રેષ્ઠ હાથીના સ્કંધ પર આરૂઢ થયા. કોરંટ વૃક્ષોના ફૂલોની માળાઓથી યુક્ત છત્ર તેમના મસ્તક ઉપર ધારણ કરવામાં આવ્યું. બંને બાજુએ ઉત્તમ શ્વેત ચામર ઢોળાવા લાગ્યા. તેઓ મોટા મોટા ઘોડાઓ, હાથીઓ, ભટો અને સુભટોના સમૂહથી પરિવૃત્ત થઈને, દ્વારિકા નગરીની મધ્યમાં થઈને નીકળ્યા. નીકળીને જ્યાં પૂર્વ દિશાનો વેતાલિક હતો, ત્યાં આવ્યા. ત્યાં આવીને પાંચ પાંડવોની સાથે એકઠા થયા. પછી પડાવ નાંખીને પૌષધશાળામાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને સુસ્થિત દેવનું મનમાં પુનઃ પુનઃ ચિંતન કરવા લાગ્યા. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવનો અષ્ટમભક્ત પુરો થવા પર સુસ્થિત દેવ યાવત્ તેમની પાસે આવ્યો. તેને કહ્યું-'દેવાનુપ્રિય કહો, મારે શું કરવાનું છે ?' ત્યાર કૃષ્ણ વાસુદેવે સુસ્થિત દેવને કહ્યું, 'હે દેવાનુપ્રિય ! દ્રૌપદી દેવી યાવત્ પદ્મનાભ રાજાના ભવનમાં હરણ કરાઈ છે. તેથી હે દેવાનુપ્રિય ! તમે પાંચ પાંડવો સહિત છઠ્ઠા મારા રથને લવણ સમુદ્રમાં માર્ગ આપો. જેથી હું અમરકંકા નગરીની રાજધાનીમાં દ્રૌપદી દેવીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાછી લાવવા માટે જઇ શકું.'

ત્યાર પછી સુસ્થિત દેવે કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિય ! જેમ પદ્મનાભ રાજાના પૂર્વસંગતિક દેવે દ્રૌપદી દેવીનું સંહરણ કર્યું એવી રીતે હું દ્રૌપદી દેવી-ને ધાતકીખંડ દ્વીપના ભરત ક્ષેત્રથી યાવત્ હસ્તિનાપુર લઇ આવું ? અથવા પદ્મનાભ રાજાને તેના નગર, સૈન્ય અને વાહનોની સાથે લવણસમુદ્રમાં ફેંકી દઉં ? ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે સુસ્થિત દેવને આ પ્રમાણે કહ્યું-તમે તો પાંચ પંડવો સહિત છઠ્ઠા મારા રથને લવણ સમુદ્રમાં જવા માટે માર્ગ કરી આપો. હું પોતે જ દ્રૌપદી દેવીને પાછી લાવવા જઇશ.' ત્યારે સુસ્થિત દેવે કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું-'એમ જ થાય, ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે ચતુરંગિણી સેનાને વિદાય કરીને પાંચ પાંડવોની સાથે છઠ્ઠા પોતે એમ છએ રથોમાં બેસીને, લવણ સમુદ્રની મધ્યમભાગમાં થઈને જવા લાગ્યા. જતાં-જતાં અમરકંકા રાજધાની હતી અને જ્યાં અમરકંકાનું પ્રધાન ઉદ્યાન હતું, ત્યાં પહોંચ્યાં. પહોંચ્યા પછી રથને રોક્યો અને દારૂક નામના સારથીને બોલાવીને કહ્યું-

'હે દેવાનુપ્રિય ! તુ જા અને અમરકંકા રાજધાનીમાં પ્રવેશ કર. પ્રવેશ કરીને પદ્મનાભ રાજાની જઈને તેના પાદપીઠને તારા ડાબા પગથી આક્રાંત કરીને, ભાલાની અણી દ્વારા લેખ-સમાચાર આપ. પછી કપાળ ઉપર ત્રણ બલવાળી ભૃકુટિ ચઢાવીને, આંખ લાલ કરીને, રુષ્ટ થઈને, ક્રોધ કરીને, કુપિત થઈને અને પ્રચંડ થઈને એમ કહેવું-'અરે પદ્મનાભ ! મોતની કામના કરનાર ! અનંત કુલક્ષણોવાળા ! પુણ્યહીન ! ચતુર્દશીનો જન્મેલો ! શ્રી, લજ્જા અને બુદ્ધિથી હીન ! આજ તું નહી બચી શકીશ. શું તું નથી જાણતો કે તું કૃષ્ણ વાસુદેવની બહેન દ્રૌપદી દેવીને અહીં લઈ આવ્યો છે ? ખેર, જે થયું તે થયું, હજુ પણ તું દ્રૌપદી દેવીને કૃષ્ણ વાસુદેવને પાછી સોંપી દે અથવા યુદ્ધને માટે તૈયાર થઈને બહાર નીકળ. તે કૃષ્ણ વાસુદેવ પોતે પાંચ પાંડવો સહિત દ્રૌપદી દેવીને પાછી છીનવવા માટે શીઘ્રતાથી અહીં આવી ગયા છે.' ત્યાર પછી તે દારૂક સારથિ કૃષ્ણ વાસુદેવના આ પ્રમાણે કહેવા પર હર્ષિત અને સંતુષ્ટ થયો. યાવત્ તેણે તે આદેશ અંગીકાર કર્યો. અને પૂર્વ વર્ણિત કાર્ય કર્યું ત્યાર પછી પદ્મનાભ રાજાએ દારુક સારથિના આ પ્રમાણે કહેવા પર નેત્ર લાલ કરીને અને કપાળ પર ત્રણ સલવાળી ભૃકુટિ ચઢાવી કહ્યું-'હે દેવાનુપ્રિય ! હું કૃષ્ણ વાસુદેવને દ્રૌપદી દેવી પાછી નહિં સોપું હું પોતે યુદ્ધ કરવાને માટે સજ્જ થઈને નીકળું છું. આ પ્રમાણે કહીને પછી દારુક સારથિને કહ્યું-'હે દૂત ! રાજનીતિમાં દૂત અવધ્ય છે.આ પ્રમાણે કહીને તેનો સત્કાર-સન્માન ન કર્યો અને અપમાન કરીને પાછલા બારણેથી કાઢી મૂક્યો. ત્યાર પછી પદ્મનાભ રાજાના દ્વારા અસત્કારિત યાવત્ કાઢી મૂખવામાં આવેલ દારુક સારથિ કૃષ્ણ વાસુદેવની પાસે પહોંચ્યો. પહોંચીને બંને હાથ જોડીને કૃષ્ણ વાસુદેવને સર્વ વાત કહી.

કૃષ્ણ વાસુદેવના દૂતને કાઢી મૂક્યા પછી આ તરફ પદ્મનાભ રાજાએ સેનાપતિને બોલાવ્યો. અને કહ્યું-'દેવાનુપ્રિય ! અભિષેક કરેલા હસ્તિરત્નને તૈયાર કરીને લાવો.' એ આદેશ સાંભળીને કુશલ આચાર્યના ઉપદેશથી ઉત્પન્ન થયેલ બુદ્ધિની કલ્પનાના વિક લ્પોથી નિપુણ પુરુષોએ અભિષેક કરેલો હાથી ઉપસ્થિત કર્યો. ત્યાર પછી પદ્મભ રાજા કવચ આદિ ધારણ કરીને સજ્જિત થયો, યાવત્ અભિષેક કરેલા હાથી પર સવાર થયો. સવાર થઈને ઘોડાઓ, હાથીઓ આદિની ચતુરંગિણી સેનાની સાથે જ્યાં કૃષ્ણ વાસુદેવ

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતાં, ત્યાં જવાને માટે ઉદ્યત થયો. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે પદ્મનાભ રાજાને આવતો જોયો. જોઈને તે પાંચ પાંડવો પ્રતિ બોલ્યા-'અરે બાળકો ! તમે પદ્મનાભની સાથે યુદ્ધ કરશો કે જોશો ? ત્યારે પાંચે પાંડવો એ કૃષ્ણ વાસુદેવને કહ્યું 'હે સ્વામિન્ ! અમે યુદ્ધ કરીએ અને આપ અમારું યુદ્ધ જુઓ.' ત્યાર પછી પાંચે પાંડવો તૈયાર થઈને યાવત્ શસ્ત્ર લઈને રથ પર સવાર થયા અને જ્યાં પદ્મનાભ હતો, ત્યાં પહોંચ્યા. પહોંચીને 'આજ અમે છીએ અથવા પદ્મનાભ રાજા છે' એમ કહીને તે યુદ્ધ કરવામાં પ્રવૃત્ત થઈ ગયા. ત્યાર પછી પદ્મનાભ રાજાએ તે પાંચે પાંડવો પર શીઘ્રતાથી શસ્ત્રનો પ્રહાર કર્યો તેના અહંકારને મસળી નાખ્યો અને તેમના ઉત્તમ ચિહ્ન પર પતાકા પાડી દીધી. યાવત્ તેમને આમ-તેમ ભગાડી દીધા. ત્યારે તે પાંચે પાંડવો પદ્મનાભ રાજા દ્વારા શસ્ત્રથી હત થયેલા, મથિત અહંકારવાળા અને પતિત પતાકા વાળા થઈને યાવત્ પદ્મનાભ દ્વારા ભગાડેલા શત્રુ સેનાનો નિરાકરણ કરવામાં અમસર્થ થઈને વાસુદેવ કૃષ્ણ પાસે આવ્યા. ત્યારે કૃષ્ણ વાસુદેવ પાંચ પાંડવોને કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે પદ્મનાભ રાજાની સાથે કેવી રીતે યુદ્ધમાં સંલગ્ન થયા હતા ?' ત્યારે પાંચે પાંડવોએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિય ! અમે આપની આજ્ઞા મેળવીને સૂસજ્જિત્ત થઈને રથ પર આરૂઢ થયા. ઈત્યાદિ બધું પૂર્વવત્ કહેવું. પાંડવોનો ઉત્તર સાંભળીને કૃષ્ણ વાસુદેવે પાંચે પાંડવોને કહ્યું-'દેવાનુપ્રિયો ! અગર તમે એમ બોલ્યા હોત કે 'અમે છીએ, પદ્મનાભ રાજા નથી' આમ કહીને પદ્મનાભ રાજાની સાથે યુદ્ધમાં પ્રવૃત્ત થયા હોત તો પદ્મનાભ રાજા તમારું હનન ન કરી શકત, મથન ન કરી શકત અને તમને યાવત્ દિશાઓમાં ભગાડી ન શકત હવે 'હે દેવાનુપ્રિયો ! તમે જુઓ. 'હું છું, પદ્મનાભ રાજા નહી એમ કહીને હું પદ્મનાભની સાથે યુદ્ધ કરું છું. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ રથ પર આરૂઢ થયા. આરૂઢ થઈને પદ્મનાભ રાજાની પાસે પહોંચ્યા. પહોંચીને તેણે શ્વેત ગાયના દૂધ અને મોતીઓના હારની સમાન ઉજ્જવલ, મલ્લિકાના ફૂલ, માલતી, કુસુમ, સિન્દુરવાર પુષ્પ, કુન્દ પુષ્પ અને ચંદ્રની સમાન શ્વેત, પોતાની સેનાને હર્ષ ઉત્પન્ન કરનાર અને શત્રુ સેનાનો વિનાશ કરનાર પાંચજન્ય શંખ હાથમાં લીધો અને મુખના પવનથી તેને પૂર્ણ કર્યો ફૂંક્યો.

ત્યાર પછી શંખના શબ્દથી પદ્મનાભની સેના ભય પામી યાવત્ દિશા-વિદિશામાં ભાગી ગઈ. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે સારંગ નામનું ધનુષ હાથમાં લીધું, ધનુષ પર પ્રત્યંચા ચઢાવી. પ્રત્યંચા ચઢાવી ટંકાર કર્યો. ત્યારે પદ્મનાભની સેનાનો બીજો કાફલો ભાગ્યો તે ધનુષની ટંકારથી હત-મથિત થઈ ગયો યાવત્ આમ તેમ ભાગવા લાગ્યો. ત્યારે પદ્મનાભની સેનાનો એક કાફલો જ શેષ રહી ગયો. તેથી તે સામર્થ્યહીન, બલ હીન વીર્યહીન અને પરાક્રમથી હીન થઈ ગયો. તે કૃષ્ણના પ્રહારને સહન કરવામાં યા નિવારણ કરવામાં અસમર્થ થઈને શીઘ્રતાપૂર્વક ઉતાવળથી-ત્વરાથી અમરકંકા રાજ ધાનીમાં જઈ પહોંચ્યો. તેણે અમરકંકા રાજધાનીમાં પ્રવેશ કર્યો. અને બારણું બંધ કરી દીધું. દ્વાર બંધ કરીને તે નગરરોધ માટે સજ્જ થઈને સ્થિત થઈ ગયો. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ જ્યાં અમરકંકા રાજધાની હતી, ત્યાં ગયા ત્યાં જઈને રથ ઉભો રાખ્યો. વૈક્રિય સમુદ્ઘાતથી મહાન નરસિંહનું સ્વરૂપ ધારણ કર્યુ. પછી જોરજોરથી શબ્દ કરીને પગો નું આસ્ફાટન કર્યું પછાડ્યા. કૃષ્ણ વાસુદેવના જોર જોરની ગર્જનાની સાથે પગ પછાડવાથી અમરકંકા રાજધાનીના પ્રકાર, ગોપુર, અટ્ટાલિકા ચારિયઅને તોરણ પડી ગયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને શ્રેષ્ઠ મહેલ તથા શ્રીગૃહ ચારે તરફથી ખળભળીને સરસરાટ્ કરતા ધરતી પર આવી પડ્યા. ત્યાર પછી પદ્મનાભ રાજા અમરકંકા રાજધાનીને ખરાબ રીતે ભગ્ન થયેલી યાવત્ જાણીને, ભયભીત થઈને, દ્રૌપદી દેવીના શરણમાં ગયો. ત્યારે દ્રૌપદી દેવીએ પદ્મનાભ રાજાને કહ્યું-'દેવાનુપ્રિય ! શું તું નથી જાણતો કે પુરુષોત્તમ કૃષ્ણ વાસુદેવનું વિપ્રિયકરીનેતમે મને અહીં લાવ્યા છો ? જે થયું તે થયું,પણ હવે હે દેવાનુપ્રિય ! તમે જાઓ. સ્નાન કરો, પહેરવાના અને ઓઢવાના વસ્ત્ર ભીના ધારણ કરો. પહેરેલા વસ્ત્રના છેડા નીચા રાખો અંતઃપુરની રાણીઓ આદિ પરિવારને સાથે લઈ લો. પ્રધાન અને શ્રેષ્ઠ રત્ન ભેટમાં લઈ લો. મને આગળ કરો. આ પ્રમાણે જઈને કૃષ્ણ વાસુદેવને બંને હાથ જોડીને તેમના પગમાં પડો. તેના શરણમાં જાઓ. દેવાનુપ્રિય ! ઉત્તમપુરુષ પ્રણિપતિત વત્સલ હોય છે.

ત્યાર પછી પદ્મનાભ રાજાએ દ્રૌપદીના આ અર્થને સાંભળીને અંગીકાર કર્યો. કૃષ્ણ વાસુદેવાના શરણમાં ગયા. ત્યાં જઈને કૃષ્ણ વાસુદેવને હાથ જોડીને આ પ્રમાણે કહ્યું- 'મેં આપ દેવાનુપ્રિયની ઋદ્ધિ જોઈ લીધી, પરાક્રમ જોઈ લીધું. હે દેવાનુપ્રિય ! હું તમને ખમાવું છું યાવત્ ક્ષમા કરો. યાવત્ પુનઃ હું તેમ નહીં કરું આ પ્રમાણેકહીને તેણે હાથ જોડ્યા પગમાં પડ્યા તેણે પોતાના હાથે દ્રૌપદી દેવીને સોંપી દીધી. ત્યારે કૃષ્ણ વાસુદેવે પદ્મનાભને કહ્યું-'અરે પદ્મનાભ ! અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર ! શું તું નથી જાણતો કે તું મારી બહેન દ્રૌપદી દેવીને જલ્દીથી અહીં લઈ આવ્યો છે ? તો એમ થવા પર પણ હવે તને મારાથી ભય નથી-નિર્ભય થઈજા.' એમ કહીને પદ્મનાભને છુટો કર્યો. તેને છુટકારો આપીને દ્રૌપદી દેવીને ગ્રહણ કરીને રથ પર આરૂઢ થઈને પાંચ પાંડવોની સમીપ આવ્યા. ત્યાં આવીને દ્રૌપદી દેવીને પોતાના હાથેથી પાંચે પાંડવોને દીધી. ત્યાર પછી પાંચ પાંડવોની સાથે છઠ્ઠા પોતે સ્વયં કૃષ્ણ વાસુદેવ છ રથોમાં બેસીને લવણ સમુદ્રની વચ્ચોવચ્ચ થઈને જ્યાં જમ્બૂદ્વીપ હતો, જ્યાં ભરત ક્ષેત્ર હતું તે તરફ જવાને ઉદ્યત થયા.

[૧૭૭] તે કાળ અને તે સમયમાં ધાતકીખંડમાં, પૂર્વાર્ધભાગમાં, ચંપાનગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું. તે ચંપાનગરીમાં કપિલ વાસુદેવ રાજા હતા. તે મહાન હિમવાનની સમાન હતા. તે કાળ અને તે સમયમાં ચંપા નામની નગરીમાં પૂર્ણભદ્ર ઉદ્યાનમાં મુનિ સુવ્રત નામના અરિહંત સમોસર્યા હતા.કપિલવાસુદેવે તેમની પાસે ધર્મોપદેશના સાંભળી તે સમયે મુનિસુવ્રત અરિહંતના ઉપદેશનું શ્રવણ કરતાં કરતાં કપિલ વાસુદેવે કૃષ્ણ વાસુદેવના શંખનો શબ્દ સાંભળ્યો.ત્યારે કપિલ વાસુદેવના ચિત્તમાં આ પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો-'શું ધાતકીખંડ દ્વીપના ભારતવર્ષમાં બીજા વાસુદેવ ઉત્પન્ન થઈ ગયાછે?જેનાશંખનોશબ્દઆમફેલાઈરહ્યો છે,જેમ મારામુખનાવાયુથીપૂરિતથયો હોય, મેંવગાડ્યો હોય;મુનિસુવ્રત અરિહંતેકપિલવાસુદેવને આ પ્રમાણે કહ્યું-'હે કપિલ ! મારી પાસે ધર્મશ્રવણ કરતાં તને આવો વિચાર આવ્યો છે કપિલ વાસુદેવે કહ્યું. હા, સત્ય છે.'

મુનિસુવ્રત અરિહંતે પુનઃ કહ્યું-'કપિલ વાસુદેવ ! એમ ક્યારેય થયું નથી, થતું નથી અને થશે પણ નહી કે એક જ ક્ષેત્રમાં, એકજ યુગમાં અને એકમજ સમયમાં બે તીર્થંકર બે ચક્રવર્તી, બે વાસુદેવ, બે બલદેવ, ઉત્પન્ન થયા હોય, ઉત્પન્ન થતા હોય અથવા ઉત્પન્ન થવાના હોય. આ પ્રમાણે હે વાસુદેવ ! જમ્બૂદ્વીપ નામના દ્વીપમાંથી, ભારત ક્ષેત્રમાંથી, હસ્તિનાપુર નગરમાંથી પાંડુ રાજાની પુત્રવધૂ અને પાંચ પાંડવોની પત્ની દ્રૌપદી દેવીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમારા પદ્મનાભ રાજાના પહેલાનો સાથી દેવ હરણ કરીને લઈ આવ્યો હતો. ત્યારે કૃષ્ણ વાસુદેવ પાંચ પાંડવો સહિત છઠ્ઠા પોતે દ્રૌપદી દેવીને પાછી લેવા માટે શીઘ્રતાથી આવ્યા છે. તે પદ્મનાભ રાજાની સાથે સંગ્રામ કરી રહ્યા છે. તેથી કૃષ્ણ વાસુદેવના શંખનો આ શબ્દ છે. જે એવો લાગે છે કે તમારા મુખના વાયુથી જાણે પૂરિત થયો હોય ! જે ઈષ્ટ છે, કાન્ત છે અને તમને સંભળાય છે.' ત્યાર પછી કપિલ વાસુદેવે મુનિસુવ્રત તીર્થંકરને વંદના કરી, નમસ્કાર કર્યા વંદના નમસ્કાર કરીને કહ્યું-'ભગવન ! હું જાઉં અને પુરુષો ત્તમ કૃષ્ણ વાસુદેવને જોઉં-તેના દર્શન કરું.' ત્યારે મુનિસુવ્રત અરિહંતે કપિલ વાસુદેવને કહ્યું-'હે દેવાનુપ્રિય ! એવું થયું નથી, થતું નથી અને થશે પણ નહિ કે એકતીર્થંકર બીજા તીર્થંકરને જોવે, એક ચક્રવર્તી બીજા ચક્રવર્તીને જોવે, એક બલદેવ બીજા બલદેવને જુઓ, એક વાસુદેવં બીજા વાસુદેવને જોવે. તો પણ તમે લવણ સમુદ્રના મધ્યભાગમાં થઈને જતાં કૃષ્ણ વાસુદેવના શ્વેત અને પીત ધ્વજાના અગ્રભાગને જોશો.

ત્યાર પછી કપિલ વાસુદેવે મુનિસુવ્રત તીર્થંકરને વંદના-નમસ્કાર કર્યા. વંદના નમસ્કાર કરીને તે હાથીના સ્કંધ ઉપર આરૂઢ થયા. આરૂઢ થઈને જલ્દી-જલ્દી જ્યા વેલા કૂલ હતો, ત્યાં આવ્યા. આવીને લવણ સમુદ્રની મધ્યમાં થઈને જતા કૃષ્ણ વાસુદેવની શ્વેત પીત ધ્વજાનો અગ્રભાગ જોયો. જોઈને તે કહેવા લાગ્યા કે 'આ મારા સમાન પુરુષ છે. તે પુરુષોત્તમ કૃષ્ણ વાસુદેવ છે. જે લવણ સમુદ્રની મધ્યમાં થઈને જઈ રહ્યા છે.' એમ કહીને તેણે પાંચજન્ય શંખ હાથમાં લીધો અને મુખથી તેને પૂરિત કર્યો. ત્યારે કૃષ્ણ વાસુદેવે શંખનો શબ્દ સાંભળ્યો. સાંભળીને તેણે પણ પોતાના હાથમાં પાંચજન્ય શંખને લીધો મુખના વાયુથી પૂરિત કર્યો- તે સમયે બંને વાસુદેવોએ શંખ શબ્દની સમાચારી કરી. ત્યાર પછી કપિલ વાસુદેવ જ્યાં અમરકંકા રાજધાની હતી, ત્યાં આવ્યા. આવીને તેમણે જોયું કે અમરકંકા રાજધાનીના તોરણ આદિ તૂટી-ફૂટી ગયા છે. તે જોઈને તેણે પદ્મના ભને કહ્યું- 'દેવાનુપ્રિય ! આ અમરકંકા ભગ્ન તોરણ આદિ વાળી થઈને યાવત્ કેમ પડી ગઈ છે ?' ત્યારે પદ્મનાભે કપિલ વાસુદેવને આ પ્રમાણે કહ્યું-'હે સ્વામિન્ ! જમ્બૂદ્વીપ નામ ના દ્વીપથી, ભારત વર્ષથી, અહીં જલ્દીથી આવીને કૃષ્ણ વાસુદેવને આપનો પરાભવ કરીને, આપનું અપમાન કરીને, અમરકંકાને યાવત્ પાડી દીધી છે કપિલ વાસુદેવે, પદ્મ નાભના આ ઉત્તરને સાંભળી તેને કહ્યું-'અરે પદ્મનાભ ! અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર ! તું શું નથી જાણતો કે તે મારા સમાન પુરુષ કૃષ્ણ વાસુદેવનું અનિષ્ટ કર્યું છે ? આ પ્રમાણે કહીને તે ક્રોધિત થયો. યાવત્ પદ્મનાભને દેશ-નિર્વાસનની આજ્ઞા આપી દીધી. પદ્મના ભના પુત્રને અમરકંકા રાજધાનીમાં મહાન રાજ્યાભિષેકથી અભિષિક્ત કર્યો.

[૧૭૮] અહીં વાસુદેવ લવણ સમુદ્રના મધ્યભાગથી જતા ગંગા નદીની પાસે આવ્યા. ત્યારે તેણે પાંચ પાંડવોને કહ્યું- 'દેવાનુપ્રિયો ! તમે લોકો જાઓ. જ્યાં સુધી તમે ગંગા મહાનદી ઉતરો, ત્યાં સુધી લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવને મળી લઉં.' ત્યારે તે પાંચે પાંડવો કૃષ્ણ વાસુદેવના એમ કહેવા પર જ્યાં ગંગા મહાનદી હતી, ત્યાં આવ્યાં. આવીને એક નૌકાની શોધ કરી શોધ કરીને તે નૌકાથી તે મહાનદી ગંગાને ઉતર્યા. ઉતરીને તેઓ પરસ્પર આ પ્રમાણે વાત કરવા લાગ્યા-'દેવાનુપ્રિય ! કૃષ્ણ વાસુ દેવ ગંગા મહાનદીને પોતાની ભુજાઓથી પાર કરવામાં સમર્થ છે અથવા સમર્થ નથી ? આમ વિચાર કરીને તેઓએ તે નૌકા છૂપાવી દીધી. છૂપાવીને કૃષ્ણ વાસુદેવની પ્રતીક્ષા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતા ઉભા રહ્યા. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ લવણાધિપતિ સુસ્થિત દેવને મળ્યા. મળીને જ્યાં ગંગા મહાનદી હતી, ત્યાં આવ્યા. તેમણે ચારે તરફ નૌકાની શોધ કરી. પરંતુ નૌકા ક્યાંય ન મળી.ત્યારે તેણે પોતાનીએકભુજાથી ઘોડા અને સારથી સહિત રથ ગ્રહણ કર્યો અને બીજી ભુજાથી સાડાબાસઠયોજન વિસ્તારવાળી ગંગા મહાનદીને ઉતરવાને માટે ઉદ્યત થયા.ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ જ્યારે ગંગા મહા નદીની વચ્ચોવચ પહોંચ્યા ત્યારે થાકી ગયાનૌકાનીઈચ્છાવાળાથયાઅનેબહુજખેદયુક્તથયા.તેમનેપસીનોઆવી ગયો.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે વિચાર આવ્યો કે 'અહા ! પાંચ પાંડવો ઘણા બલવાન છે જેમણે સાડા બાસઠ યોજન વિસ્તારવાળી ગંગા મહાનદી પોતાની બાહુઓથી પાર કરી લીધી. પાંચ પાંડવોએ ઈચ્છા કરીને પદ્મનાભ રાજાને પરાજિત નથી કર્યો.' ત્યારે ગંગા દેવીએ કૃષ્ણ વાસુદેવનો એવો અધ્યવસાય યાવત્ જાણીને પાણી માં સ્થલ-જમીન કરી દીધી. ત્યારે કૃષ્ણ વાસુદેવે થોડો સમય ત્યાં વિશ્રાન્તિ કરી. પછી સાડા બાસઠ યોજન ગંગા મહાનદીને પાર કરી. પાર કરીને પાંચ પાંડવોની પાસે પહોં ચ્યા. ત્યાં પહોંચીને પાંચ પાંડવોને કહ્યું અહો-'દેવાનુપ્રિયો ! તમે લોકો મહાબલવાન છો, ઈત્યાદિ. કૃષ્ણ વાસુદેવના આ પ્રમાણે કહેવા પર પાંચ પાંડવોએ કૃષ્ણ વાસુદેવને કહ્યું- 'દેવાનુપ્રિય ! આપના દ્વારા વિસર્જિત-થઈને અમે લોકો જ્યાં ગંગા મહાનદી હતી, ત્યાં આવ્યા. અમે નૌકાની શોધ કરી. યાવત્ તે નૌકાથી પાર ઉતરીને આપના બળની પરીક્ષા કરવા માટેઅમે નૌકા છૂપાવી દીધી.પછી આપનીપ્રતીક્ષાકરતાંઅમેઅહીં ઉભા છીએ.'

પાંચ પાંડવોનું એ કથન સાંભળીને અને સમજીને કૃષ્ણ વાસુદેવ કુપિત થયા. તેમની ત્રણ બલવાળી ભ્રકુટિ લલાટ ઉપર ચઢી ગઈ. તે બોલ્યા ઓહ ! જ્યારે મેં બે લાખ યોજન વિસ્તીર્ણવાળા લવણ સમુદ્રને પાર કરીને પદ્મનાભને હત અને મથિત કરીને યાવત્ પરાજિત કરીને અમરકંકા રાજધાનીને ભયભીત કરી અને મારા હાથે દ્રૌપદીને લઈને તમને સોંપી, ત્યારે તમને મારું માહાત્મ્ય ન જણાયું ! આજ તમે મારું માહાત્મ્ય જાણી લ્યો ! આમ કહીને તેમણે હાથમાં લોહદંડ લીધો અને પાંડવોના રથનો ચૂરેચૂરો કરી નાંખ્યો. રથનો ચુરેચુરો કરીને તેણે દેશ નિર્વાસનોની આજ્ઞા આપી. પછી તે સ્થાન પર રથમર્દન નામનો કોટ સ્થાપિત કર્યો. રથમર્દન તીર્થની સ્થાપના કરી. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ જ્યાં પોતાની સેનાની છાવણી હતી, ત્યાં આવ્યા. આવીને પોતાની સેનાની સાથે મળી ગયા. ત્યાર પછી દ્વારવતી નગરીમાં પ્રવેશ કર્યો.

[૧૭૯] ત્યાર પછી પાંચે પાંડવો જ્યાં હસ્તિનાપુર નગર હતું, ત્યાં આવ્યા. પાંડુ રાજાની પાસે પહોંચ્યા. ત્યાં પહોંચીને અને હાથ જોડીને બોલ્યા-'હે તાત ! કૃષ્ણે અમને દેશનિર્વાસનની આજ્ઞા આપી છે.' ત્યારે પાંડુ રાજાએ પાંચે પાંડવોને પ્રશ્ન કર્યો-'પુત્રો ! કયા કારણથી ?' ત્યારે પાંચ પાંડવોએ સર્વ વાત કહી. ત્યારે પાંડુ રાજાએ કુન્તી દેવીને બોલાવીને કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે દ્વારિકા નગરી જઈને કૃષ્ણ વાસુદેવને નિવેદન કરો કે- 'આ પ્રમાણે હે દેવાનુપ્રિય ! તમે પાંચ પાંડવોને દેશનિર્વાસનની આજ્ઞા આપી છે, પરંતુ હે દેવાનુપ્રિય ! તમે તો સમગ્ર દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રના અધિપતિ છો. તેથી તમે આદેશ આપો કે પાંચ પાંડવો કઈ દિશા અથવા કઈ વિદિશામાં જાય ?'

ત્યાર પછી કુન્તી દેવી પાંડુ રાજાના આ પ્રમાણે કહેવા પર હાથીના સ્કંધ પર આરૂઢ થઈ. આરૂઢ થઈને પૂર્વવત્ દ્વારિકા પહોંચી. અગ્ર ઉદ્યાનમાં રહી. કૃષ્ણ વાસુદેવને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂચના આપી. તે આવ્યા. મહેલમાં લઈ ગયા. યાવત્ પૂછ્યું હે પિતૃભગિની ! આજ્ઞા કરો, આપનું આવવાનું શું પ્રયોજન છે ? ત્યારે કુન્તીએ કૃષ્ણ વાસુદેવને કહ્યું-'હે પુત્ર ! તમોએ પાંચે પાંડવોને દેશનિકાલનો આદેશ આપ્યો છે પણ તમે દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રના સ્વામી છો તો તમે બતાવો કે તે કઈ દિશા અથવા વિદિશામાં જાય ? ત્યારે કૃષ્ણ વાસુદેવે કુન્તીને આ પ્રમાણે કહ્યું-'પિતૃભગિની ! ઉત્તમ પુરુષ, વાસુદેવ, બલદેવ, ચક્રવર્તી અપૂતિવચન હોય છે. તેઓના વચન મિથ્યા થતાં નથી. તેથી હે દેવાનુપ્રિયે ? પાંચે પાંડવો દક્ષિણ દિશાના વેલાતટ જાય અને ત્યાં પાંડુ મથુરા નામની નવી નગરી વસાવે અને મારા અદૃષ્ટ સેવક થઈને રહે.' આ પ્રમાણે કહીને તેણે કુન્તી દેવીનો સત્કાર-સન્માન કર્યો. યાવત્ તેને વિદાય કર્યા. ત્યાર પછી કુન્તી દેવીએ દ્વારવતી નગરીથી આવીને યાવત્ પાંડુ રાજાને આ અર્થ નિવેદન કર્યો. ત્યારે પાંડુ રાજાએ પાંચ પાંડવોને બોલાવીને કહ્યું-'હે પુત્રો ! તમે દક્ષિણી વેલાતટ જાઓ અને ત્યાં પાંડુમથુરા નગરી વસાવીને રહો. ત્યારે પાંચે પાંડવોએ પાંડુ રાજાની વાત યાવત્ 'તથાસ્તુ' સારી વાત છે' એમ કહીને સ્વીકારકરીને બલ અને વાહનોની સાથે તથા ઘોડા અને હાથીઓની સાથે હસ્તિનાપુરની બહાર નીકળ્યા.નીકળીને દક્ષિણ વેલાતટ પર પહોંચ્યા.પાંડુ મથુરા નગરીની સ્થાપના કરીને તેઓ ત્યાં વિપુલ ભોગોના સમૂહથી યુક્ત થઈને સુખપૂર્વક રહેવા લાગ્યા.

[૧૮૦] ત્યાર પછી એક વાર કોઈ સમયે દ્રૌપદી દેવી ગર્ભવતી થઈ. ત્યાર પછી નવ માસ પૂર્ણ થતાં સુંદર રૂપવાળા અને સુકુમાર બાલકને જન્મ આપ્યો. બાર દિવસ વ્યતીત થઈ જવા પર તે બાળકના માતા-પિતાને એવો વિચાર ઉત્પન્ન થયો કે અમારો આ બાળક પાંચ પાંડવોનો પુત્ર છે અને દ્રૌપદી દેવીનો આત્મજ છે, તેથી આ બાળકનું 'પાંડુસેન' નામ રાખ્યું. તે કાળ અને તે સમયમાં ધર્મઘોષ સ્થવિર પધાર્યા. તેમની દેશના સાંભળવા માટે પરિષદ્ નીકળી. પાંડવો પણ નીકળ્યા. ધર્મ શ્રવણ કરીને તેઓએ સ્થવિરને કહ્યું-'દેવાનુપ્રિય ! અમને સંસારથી વિરક્તિ થઈ છે, તેથી અમે દીક્ષિત થવા ઈચ્છીએ છીએ, કેવળ દ્રૌપદી દેવીની આજ્ઞા લઈ અને પાંડુસેન ને રાજ્ય પર સ્થાપિત કરી દઈએ. ત્યાર પછી દેવાનુપ્રિયની પાસે, મુંડિત થઈને યાવત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરશું; ત્યારે સ્થવિર ધર્મઘોષે કહ્યું-'દેવાનુપ્રિયે ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો.' દ્રૌપદી દેવીને બોલાવી કહ્યું-'દેવાનુપ્રિય' ! અમે સ્થવિર સાધુની પાસે ધર્મ સાંભળ્યો છે. યાવત્ અમે પ્રવ્રજ્યા ગ્રહણ કરી રહ્યા છીએ. દેવાનુપ્રિયે ! તારે શું કરવું છે ?' ત્યારે દ્રૌપદી દેવીએ પાંચ પાંડવોને કહ્યું 'જો તમે સંસાર ના ભયથી ઉદ્વિગ્ન થઈને પ્રવ્રજિત થાઓ છો તો મારું બીજું શું અવલંબન યાવત્ થશે ? હું પણ દીક્ષા અંગીકાર કરીશ.

ત્યાર પછી પાંચ પાંડવોએ પાંડુસેનનો રાજ્યાભિષેક કર્યો યાવત્ પાંડુસેન રાજા થઈ ગયો યાવત્ રાજ્યનું પાલન કરવા લાગ્યો. ત્યારે કોઈ સમયે પાંચ પાંડવોએ અને દ્રૌપદીદેવીએ પાંડુસેન રાજાની પાસે દીક્ષાની અનુમતિ માંગી. ત્યારે પાંડુસેન રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું-'દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી દીક્ષામહોત્સવની તૈયારી કરો અને હજાર પુરુષો દ્વારા વહન કરવા યોગ્ય શિબિકાઓ તૈયાર કરો. શેષ વૃત્તાન્ત પૂર્વવત્ જાણવું. યાવત્ પાંચ પાંડવો શ્રમણ બની ગયા. ચૌદ પૂર્વોનું અધ્યયન કર્યું. અધ્યયન કરીને ઘણાં વર્ષો સુધી છઠ્ઠ, અઠ્ઠમ, ચાર, પાંચ ઉપવાસ તથા અર્ધમાસખમણ, માસખમણ આદિ તપસ્યા દ્વારા આત્માને ભાવિત કરતા થકા વિચરવા લાગ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૮૧] ત્યાર પછી દ્રૌપદી દેવી શિબિકા ઉપરથી નીચે ઉતરી. યાવત્ દિક્ષિત થઈ. તે સુવ્રતા આર્યાને શિષ્યાના રૂપમાં સોંપાણી. તેણીએ અગ્યાર અંગોનું અધ્યયન કર્યું. અધ્યયન કરીને ઘણાં વર્ષો સુધી તે છઠ્ઠભક્ત, અષ્ટમભક્ત, દશમભક્ત ને દ્વાદશ ભક્ત આદિ કરતી થકી વિચરવા લાગી.

[૧૮૨] ત્યાર પછી એક વાર કોઈ સમયે સ્થવિર ભગવંત પાંડુમથુરા નગરીના સહસ્રામ્રવન ઉદ્યાનમાંથી નીકળ્યા. નીકળીને બહાર જનપદમાં વિચરણ કરવા લાગ્યા. તે કાળ અને તે સમયમાં અરિહંત અરિષ્ટનેમિ જ્યાં સુરાષ્ટ જનપદ હતું, ત્યાં આવ્યા. આવીને સુરાષ્ટ્ર જનપદમાં સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. તે સમયે ઘણા લોકો પરસ્પર એમ કહેવા લાગ્યા કે-'દેવાનુપ્રિયો ! તીર્થંકર અરિષ્ટનેમિ સુરાષ્ટ્ર જનપદમાં યાવત્ વિચરી રહ્યા છે.' ત્યારે યુધિષ્ઠિર આદિ પાંચે અણગારોએ ઘણા લોકો પાસેથી આ વૃત્તાન્ત સાંભળ્યો. સાંભળીને એક બીજાને બોલાવ્યા અને કહ્યું- સ્થવિર ભગવંતને પૂછીને તીર્થંકર અરિષ્ટનેમિને વંદન કરવાને માટે જવું તે આપણા માટે શ્રેયસ્કર છે.' તેઓ જ્યાં સ્થવિર ભગવંતો હતા, ત્યાં આવ્યા. આવીને સ્થવિર ભગવંતને વંદન કર્યા,નમસ્કારકર્યા.કહ્યું-'ભગવંત્!આપની આજ્ઞા મેળવીને અમે અરિહંત અરિષ્ટ નેમિને વંદના કરવાના હેતુથી જવાની ઈચ્છા કરીએ છીએ.' સ્થવિરે કહ્યું-'દેવાનુપ્રિયો ! જેમ સુખ ઉપજે તેમ કરો.' નિરંતર માસખમણનું તપશ્ચરણ કરતા થકા, એક ગ્રામથી બીજા ગ્રામ જતાં, યાવત્ જ્યાં હસ્તિકલ્પનગર હતું, ત્યાં પહોંચ્યાં. પહોંચીને હસ્તિકલ્પ-નગરની બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં યાવત્ રહ્યા.

ત્યાર પછી યુધિષ્ઠિર સિવાયના ચારે અણગારોએ માસખમણના પારણાના દિવસે, પ્રથમ પ્રહરે સ્વાધ્યાય કર્યો, બીજી પ્રહરમાં ધ્યાન કર્યું. શેષ વર્ણન ગૌતમ સ્વામી ની જેમ જાણવું, વિશેષ એ કે તેઓએ યુધિષ્ઠિર અણગારની આજ્ઞા લીધી-પછી તેઓ ભિક્ષાને માટે ફરી રહ્યા હતાં, ત્યારે તેઓએ ઘણાં લોકો પાસેથી સાંભળ્યું કે-'દેવાનુ પ્રિયો ! તીર્થંકર અરિષ્ટનેમિ ગિરનાર પર્વતના શિખરપર, એક માસના નિર્જલ ઉપવાસ કરીને, પાંચસો છત્રીસ સાધુઓની સાથે, કાલધર્મને પ્રાપ્ત થઈ ગયા યાવત્ સિદ્ધ બુદ્ધ થઈને સમસ્ત દુઃખોથી મુક્ત થઈ ગયા. ત્યારે યુધિષ્ઠિર સિવાય તે ચારે અણગાર ઘણા લોકોની પાસેથી આ અર્થ સાંભળીને હસ્તીકલ્પ નગરથી બહાર નીકળ્યા. નીકળીને જ્યાં સહસ્રામ્રવન હતું, જ્યાં યુધિષ્ઠિર અણગાર હતા, ત્યાં પહોંચ્યા.પહોંચીને આહાર-પાણીની પ્રત્યુપેક્ષણા કરી. પ્રત્યુપેક્ષ ણા કરીને ગમનાગમનનું પ્રતિક્રમણ કર્યું. પછી એષણાઅનેષણાની આલોચના કરી. આલોચના કરીને આહાર પાણી બતાવ્યા. બતા વીને યુધિષ્ઠિર અણગારને કહ્યું- 'હે દેવાનુપ્રિય ! યાવત્ કાળધર્મને પ્રાપ્ત થયા છે.તેથી હે દેવાનુપ્રિય ! અમારે માટે શ્રેયસ્કર છે કે ભગવાનના નિર્વાણના વૃત્તાન્ત સાંભળ્યા પહેલાં ગ્રહણ કરેલ આહાર-પાણીને પરઠવીને ધીરે-ધીરે શત્રુંજ્ય પર્વત પર આરૂઢ થઈએ અને સંલેખના કરીને ઝોષણાનું સેવન કરીને, અને મૃત્યુની આકાંક્ષા ન કરતા થકા વિચરીએ.' શત્રુંજ્ય પર્વત પર આરૂઢ થયાં. આરૂઢ થઈને યાવત્ મૃત્યુની અપેક્ષા ન કરતાં વિચરવા લાગ્યા. ત્યાર પછી તે યુધિષ્ઠિર આદિ પાંચે અણગારોએ સામાયિકથી લઈને ચૌદ પૂર્વોનો અભ્યાસ કરીને ઘણાં વર્ષો સુધી શ્રામણ્યપર્યાય પાળીને, બે માસની સંલેખના કરી આત્માની ઝોષણા કરીને જે પ્રયો જનથી નગ્નતા, મુંડતા આદિ અંગીકાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાય છે યાવત્ તે પ્રયોજનને સિદ્ધ કર્યું. તેમણે અનંત યાવત્ શ્રેષ્ઠ કેવલજ્ઞાન અને કેવલ દર્શન પ્રાપ્ત થયું. યાવત્ તેઓ સિદ્ધ થયા.

[૧૮૩] દીક્ષા અંગીકાર કર્યા પછી દ્રૌપદી આર્યાએ સુવ્રતા આર્યાની પાસે સામાયિકથી લઈને અગ્યાર અંગોનું અધ્યયન કર્યું. અધ્યયન કરીને ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કર્યું. અંતમાં એક માસની સંલેખના કરીને, આલોચના તેમજ પ્રતિક્રમણ કરીને, તથા કાળ માસમાં કાળ કરીને બ્રહ્મલોક નામના સ્વર્ગમાં દશ સાગરોપમની સ્થિતિવાળા દેવરૂપે જન્મ લીધો. 'ભગવાન ! તે દ્રૌપદી દેવ ત્યાંથીપછી ક્યાં જન્મ લેશે ?' 'તે ત્યાંથી ચ્યવીને યાવત્ મહાવિદેહ વર્ષમાં ઉત્પન્ન થઈને યાવત્ કર્મોનો અંત કરશે.'

**અધ્યયન-૧૬-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન-૧૭-અશ્વજ્ઞાન

[૧૮૪] શ્રમણ ભગવાન મહાવીર યાવત્ નિર્વાણને પ્રાપ્ત જિનેશ્વર દેવે સોળમાં જ્ઞાત-અધ્યયનનો પૂર્વોક્ત અર્થ ફરમાવેલ છે તો હે ભગવન્ ! સત્તરમાં જ્ઞાતઅધ્યયનનો શું અર્થ ફરમાવેલ છે ? હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં હસ્તિશીર્ષ નામનું નગર હતું. તે નગરમાં કનકકેતુ નામનો રાજા હતો.

તે હસ્તિશીર્ષ નગરમાં ઘણા સાયંત્રિક નૌકાવણિક રહેતા હતા. તે ધનાઢ્ય હતા યાવત્ કોઈથી પણ પરાભવ પામતા ન હતા. એક વાર કોઈ સમયે તે સાયંત્રિક નૌકાવણિકો આપસમાં મળ્યા. તેમણે અર્હન્નકની જેમ વિચાર કર્યો. યાવત્ લવણસમુદ્રમાં તેઓ સેંકડો યોજન સુધી અવગાહન પણ કરી ગયા. તે સમયે તે વણિકોને માકંદી પુત્રોની સમાન ઘણા સેંકડો ઉત્પાત થયા. યાવત્ તોફાન પણ ઉત્પન્ન થયું. તે સમયે તે નૌકા તે તોફાની વાયુથી વારંવાર કાંપવા લાગી, વારંવાર ચલાયમાન થવા લાગી, વારંવાર ક્ષુબ્ધ થવા લાગી અને તે સ્થાન પર ચક્કર ખાવા લાગી. તે સમયે નૌકાના નિર્યામકની બુદ્ધિ નષ્ટ થઇ ગઇ. શ્રુતિ પણ નષ્ટ થઈ ગઈ અને સંજ્ઞા પણ ગાયબ થઈ ગઈ. તે દિશા મૂઢ-થઈ ગયા. તેમને આ જ્ઞાન પણ ન રહ્યું કે પોતવાહન કયા પ્રદેશમાં અથવા કઈ દિશા-વિદિશામાં ચાલી રહ્યું છે ? તેમના મનનો સંકલ્પ ભાંગી ગયો. યાવત્ તે ચિંતામાં લીન થઈ ગયા. તે સમયે કુક્ષિધાર, કર્ણધાર, ગબ્મિલ્લક. તથા સાયાંત્રિક નૌકાવણિક નિર્યામકની પાસે આવ્યા. આવીને તેને કહ્યું-'દેવાનુપ્રિય!મનમા નષ્ટ સંકલ્પવાળા થઈને ચિંતા કેમ કરી કહ્યા છો ?' ત્યારે તે નિર્યામકે તે ઘણા કુક્ષિધારો ને, કર્ણધારોને, ગબ્મિલ્લકોને તથા સાયાંત્રિક નૌકાવણિકોને કહ્યું-'દેવાનુપ્રિયો ! મારી મતિ નષ્ટ થઇ ગઈ છે. યાવત્ પોતવહન કઈ દિશા યા વિદિશામાં જઈ રહ્યું છે તેની પણ ખબર પડતી નથી. તેથી હું ભગ્નમનોરથ થઈને ચિંતા કરી રહ્યો છું.'

ત્યારે તે કર્ણધાર તે નિર્યામકની તે વાત સાંભળીને અને સમજીને ભયભીત થયા. તેમણે સ્નાન કર્યું, બલિકર્મ કર્યું અને હાથ જોડીને ઘણા ઈન્દ્ર, સ્કંદ, આદિ દેવો ને, જેમ મલ્લિ અધ્યયનમાં કહ્યું છે તેમ મનાવવા લાગ્યા. થોડીવાર પછી તે નિર્યામક લબ્ધમતિ લબ્ધશ્રુતિ, લબ્ધસંજ્ઞા અને અદિગ્મૂઢ થઇ ગયો. ત્યારે તે નિર્યામકે તે બહુસંખ્યક કુક્ષિધારો, આદિને કહ્યું-'દેવાનુપ્રિયો ! મને બુદ્ધિ પ્રાપ્ત થઇ ગઇ છે. યાવત્ મારી દિશા-મૂઢતા નષ્ટ થઇ ગઇ છે. દેવાનુપ્રિયો ! આપણે લોકો કાલિક દ્વીપની નજીક આવી પહોંચ્યા છીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ કાલિક-દ્વીપ દેખાઇ રહ્યો છે.તે સમયે તેકુક્ષિધાર,કર્ણધાર,આદિ તે નિર્યામકની વાત સાંભળીને અને સમજીને હૃષ્ટ-તુષ્ટ થયા. પછી દક્ષિણ દિશાના અનુકૂલ વાયુથી જ્યાં કાલિક દ્વીપ હતો, ત્યાં પહોંચ્યા. ત્યાં પહોંચીને લંગર નાંખ્યું. લંગર નાખીને નાની નૌકા દ્વારા કાલિક દ્વીપમાં ઉતર્યા.

તે કાલિક દ્વીપમાં તેમણે ઘણી ચાંદીની ખાણ, સોનાની ખાણ, રત્નોની ખાણ, હીરાની ખાણ, અને ઘણા અશ્વ જોયા. તે આકીર્ણ હતા. તેનો વેઢ ઉત્તમ જાતિના ઘોડા સમાન જાણવું. તે ઘોડા નીલ વર્ણવાળી રેણુના સમાન વર્ણવાળા અને શ્રોણિસૂત્રક હતા. તે અશ્વોએ તે વણિકોને જોયા. જોઇને તેમની ગંધ સૂંઘી ગંધ સૂંઘીને તેઓ ભયભીત થયા. ત્રાસને પ્રાપ્ત થયા, ઉદ્વિગ્ન થયા. તેથી તેઓ કેટલાય યોજન દૂર ભાગી ગયા. ત્યાં તેઓને ઘણાજ ગોચર પ્રાપ્ત થયા. ખૂબ ઘાસ અને પાણી મળવાથી તેઓ નિર્ભય અને નિરુદ્વેગ થયા અને સુખપૂર્વક ત્યાં ચરવા લાગ્યા. ત્યારે તે નૌકાવણિકોએ આપસમાં આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિયો ! આપણે ઘોડાનું શું પ્રયોજન છે ? અહીં ઘણી જ ચાંદીની ખાણ, સોના ની ખાણ, રત્નોની ખાણ અને હીરાની ખાણો છે. તથી આપણે સોના-ચાંદીથી, રત્નોથી અને હીરાથી જહાજ ભરી લેવું તે શ્રેયસ્કર છે. તેઓએ સુવર્ણથી, ચાંદીથી, હીરાથી, ઘાસથી, અન્નથી, કાષ્ટોથી અને મીઠા પાણીથી પોતાનું જહાજ ભરી લીધું. ભરીને દક્ષિણ દિશાના અનુકૂલ વાયુથી જ્યાં ગંભીર પોતવહનપટ્ટન હતું, ત્યાં આવ્યા. આવીને જહાજને લંગર નાંખ્યું. ગાડી-ગાડા તૈયાર કર્યા, તૈયાર કરીને લાવેલા તે હિરણ્ય, સુવર્ણ યાવત્ હીરાનેનાનીનૌકાઓ દ્વારા સંચાર કર્યો જ્યાં હસ્તીશીર્ષ નગર હતું, ત્યાં પહોંચ્યા. હસ્તિશીર્ષ નગરની બહાર અગ્ર ઉધાનમાં સાર્થને રોક્યો. ગાડા-ગાડી ખોલ્યા. પછી બહુમૂલ્ય ઉપહાર લઇને હસ્તિશીર્ષ નગરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને કનકકેતુ રાજાની પાસે આવ્યા. તે ઉપહાર રાજાની સમક્ષ રાખી દીધો. ત્યારે તે રાજા કનકકેતુએ તે સાંયત્રિક નૌકાવણિકોના તે બહુમૂલ્ય ઉપહારનો યાવત્ સ્વીકાર કર્યો.

[૧૮૫] રાજાએ તે સાંયાત્રિક નૌકાવણિકોને આ પ્રમાણે કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે લોકો ગ્રામોમાં યાવત્ આકરોમાં ફરો છો અને વારંવાર પોતવાહન દ્વારા લવણસમુદ્રમાં અવગાહન કરો છો. ક્યાંય તમે કોઇ આશ્ચર્યજનક વસ્તુ જોયેલી છે ?' ત્યારે સાંયાત્રિક નૌકાવણિકોએ રાજાને કહ્યું-દેવાનુપ્રિય!અમેલોકો હસ્તિશીર્ષ નગરના નિવાસી છીએ. ઈત્યાદિ પૂર્વવત્ જાણવું. યાવત્ અમે કાલિક દ્વીપ સુધી ગયા. તે દ્વીપમાં ઘણીજ ચાંદીની ખાણો યાવત્ અનેક પ્રકારના ઘોડા છે, તે ઘોડા કેવા છે ? નીલ વર્ણવાળા રેણુની સમાન અને શ્રોણિસૂત્રકની સમાન શ્યામ વર્ણવાળા હતા. યાવત્ તે ઘોડાઓ અમારી ગંધથી પણ અનેક સો યોજન દૂર ચાલ્યા ગયા. તેથી દેવાનુપ્રિય ! અમે કાલિક દ્વીપમાં તે ઘોડા-ઓને આશ્ચર્યભૂત જોયા છે.' ત્યારે કનકકેતુ રાજાએ સાંયાત્રિકોની પાસેથી આ અર્થ સાંભળીને તે સાંયાત્રિકોને કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે મારા કૌટુમ્બિક પુરુષોની સાથે જાઓ અને કાલિક દ્વીપના તે ઘોડા અહીં લઈ આવો.'

ત્યાર પછી કનકકેતુ રાજાએ કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. અને તેને કહ્યું-'દેવાનુપ્રિયો ! તમે ! સાંયાત્રિક વણિકોની સાથે જાઓ. કાલિક દ્વીપથી મારા માટે ઘોડા લઈ આવો. ત્યાર પછી કૌટુમ્બિક પુરુષોએ ગાડી ગાડા તૈયાર કર્યા. તૈયાર કરીને તેમણે ઘણી વીણાઓ, વલ્લકી, ભ્રામરી, કચ્છભી, ભંભ, ષટ્ભ્રામરી આદિ વિવિધ પ્રકારની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વીણાઓ તથા વિચિત્ર વીણાઓથી તથા શ્રોત્રેન્દ્રિયને યોગ્ય બીજી અનેક વસ્તુઓથી ગાડા-ગાડી ભર્યા. શ્રોત્રેન્દ્રિયને પ્રિય વસ્તુઓ ભરીને ઘણી કૃષ્ણ વર્ણવાળી યાવત્ શુકલ વર્ણવાળી કાષ્ટ કર્મ, ગ્રંથિમ તથા અન્ય ચક્ષુ-ઈન્દ્રિયને યોગ્ય દ્રવ્ય ગાડી-ગાડીમાં ભર્યા.તેભરીનેઘણાકોષ્ઠપુટ તથા કેતકીપુટ આદિ યાવત્ અન્ય ઘણાં ઘ્રાણેન્દ્રિયને યોગ્ય પદાર્થોથી ગાડા-ગાડી ભર્યા. તે ભરીને ઘણાંજ ખાંડ. ગોળ, સાકર, મત્સંડિકા, પુષ્પોત્તર તથા પદ્મોતર આદિ અનેક જીહ્વા ઈન્દ્રિયને યોગ્ય દ્રવ્યો ગાડી-ગાડામાં ભર્યા. તે ભરીને અનેક પ્રકારના કોયવક, કંબલરત્ન કંબલ, પ્રાવરણ, નવત, મલય, મસૂરક, શિલા પટ્ટક, યાવત્ હંસગર્ભ-તથા બીજા સ્પર્શેન્દ્રિય ને યોગ્ય દ્રવ્યો યાવત્ ગાડી ગાડામાં ભર્યા. ઉક્ત બધા દ્રવ્યો ભરીને તેમણે ગાડાગાડી જોડ્યા. જોડીને જ્યાં ગંભીર પોતપટ્ટન હતું, ત્યાં પહોંચ્યા. પહોંચીને તેમણે ગાડી-ગાડા ખોલ્યા. ખોલીને પોતવહન તૈયાર કર્યા. તૈયાર કરીને તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, ગંધ, રસ અને રૂપના દ્રવ્ય તથા કાષ્ઠ, તૃણ, ચોખા લોટ, ગોરસ યાવત્ અન્ય ઘણા પોતવહન યોગ્ય પદાર્થો પોતવહનમાં ભર્યા.

ઉપર્યુક્ત બધી વસ્તુઓ પોતવહનમાં ભરીને દક્ષિણ દિશાના અનુકૂલ પવનથી જ્યાં કાલિક દ્વીપ હતો, ત્યાં આવ્યા. આવીને લંગર નાખ્યું. લંગર નાખીને તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, અને ગંધના પદાર્થોને નાની-નાની નૌકાઓ દ્વારા કાલિક દ્વીપમાં ઉતર્યા. ઉતારીને તે ઘોડા જ્યાં-જ્યાં બેસતા હતા, સૂતા હતા અને આળોટતા હતા, ત્યાં ત્યાં તે કૌટુમ્બિક પુરુષો તે વીણા, આદિ શ્રોત્રેન્દ્રિયને પ્રિય વાદ્ય વગાડતા રહ્યા અને તેની ચારે તરફ જાલ સ્થાપિત કરી દીધી. ઘણા પ્રકારના કૃષ્ણવર્ણવાળા યાવત્ શુકલવર્ણ વાળા કાષ્ઠ કર્મ યાવત્ સંઘાતિમ તથા અન્ય ઘણા પ્રકારના ચક્ષુઈન્દ્રિયને યોગ્ય પદાર્થો રાખી દીધા. ઘણા પ્રકારના કોષ્ઠપુટ યાવત્ બીજા ઘ્રાણેન્દ્રિયને પ્રિય પદાર્થોનો પુંજ અને નિકર કરી દીધો. ગોળના યાવત્ અન્ય ઘણા રસેન્દ્રિયને યોગ્ય પદાર્થોના પુંજ અને નિકર કરી દીધા. કરીને તે સ્થાન પર ખાડા ખોદયા. ખાડા ખોદીને તેઓમાં ગોળનું પાણી, ખાંડનું પાણી, પોરનું પાણી તથા અન્ય અનેક પ્રકારનું પાણી ભરી દીધું. કોયવક યાવત્ શિલાપટ્ટક તથા અન્ય સ્પર્શેન્દ્રિયને યોગ્ય આસ્તરણ-પ્રત્યાસ્તરણ રાખી દીધાં. રાખીને, તેની પાસે ચારે તરફ નિશ્ચલ, નિષ્પંદ અને મૂક થઈ રહ્યા.

ત્યાર પછી તે ઘોડાઓ ત્યાં આવ્યા, જ્યાં ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધના દ્રવ્યો રાખ્યા હતાં. ત્યાં આવીને તેમાંથી કોઈ-કોઈ ઘોડા 'આ શબ્દ, આદિ અપૂર્વ છે એમ વિચાર કરીને તેમાં આસક્ત ન થતાં દૂર-દૂર ચાલ્યા ગયા. તે ઘોડાઓ ત્યાં જઈને ઘણા જ ગોચર પ્રાપ્ત કરીને તથા પ્રચૂર ઘાસ પાણી પ્રાપ્ત કરીને નિર્ભય થયા, ઉદ્વેગ રહિત થયા અને સુખે-સુખે વિચરવા લાગ્ય. આપ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! અમારા જે સાધુ અથવા સાધ્વી શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, અને ગંધમાં આસક્ત નથી થતા, તે આ લોકમાં અનેક સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓના પૂજનીય બને છે, યાવત્ સંસારથી તરી જાય છે.

[૧૮૬] તે ઘોડાઓમાં કેટલાક ઘોડાઓ જ્યાં તે ઉત્કૃષ્ટ શબ્દ આદિ પદાર્થો હતા, ત્યાં પહોંચ્યા. અત્યંત આસક્ત થયા. અને તેમનું સેવન કરવામાં પ્રવૃત્ત થયા. ત્યાર પછી તેનું સેવન કરનાર તે ઘોડાઓ કૌટુમ્બિક પુરુષો દ્વારા ઘણા કૂટ પાશોથી ગળામાં યાવત્ પગોમાં બંધાયા- ત્યારે તે કૌટુમ્બિક પુરુષોએ તે અશ્વોને પકડી લીધા. પકડીને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ નૌકાઓ દ્વારા પોતવહનમાં લઈ ગયા. લઈ આવીને પોતવહનને તૃણ, કાષ્ઠ આદિ આવશ્યક પદાર્થોથી યાવત્ ભરી લીધું. ત્યાર પછી તે સાંયાત્રિક નૌકાવણિકો દક્ષિણ દિશાના અનુકૂલ પવન દ્વારા જ્યાં ગંભીર પોત પટ્ટન હતું, ત્યાં આવ્યા. આવીને પોત-વહનનું લંગર નાખ્યું. લંગર નાખીને તે ઘોડાને ઉતાર્યા જ્યાં હસ્તિશીર્ષ નગર હતું, જ્યાં કનકકેતુ રાજા હતો, ત્યાં આવ્યા. આવીને બંને હાથ જોડીને રાજાનું અભિનંદન કર્યું. અભિનંદન કરીને તે અશ્વ ઉપસ્થિત કર્યો. ત્યાર પછી રાજા કનકકેતુએ તે સાંયાત્રિક વણિકોનો શુલ્ક માફ કરી દીધો. તેમનો સત્કાર-સન્માન કર્યો અને વિદાય કર્યા.

ત્યારપછી કનકકેતુ રાજાએ કાલિકદ્વીપ મોકલેલા કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને તેનો પણ સત્કાર અને સન્માન કર્યું પછી વિદાય કર્યા. ત્યાર પછી કનકકેતુ રાજાએ અશ્વમર્દકો ને બોલાવ્યા. તેમને કહ્યું- 'દેવાનુપ્રિયો ! તમે મારા ઘોડાઓને વિનીત કરો.' ત્યારે અશ્વમર્દકોએ 'ઘણું સારું' એમ કહીને રાજાનો આદેશ સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને તેઓએ તે ઘોડાઓના મુખ, કાન, નાક, ખુર, કટક, બાંધીને, ચૌકડી ચઢા-વીને, તોબરા ચઢાવીને, પટતાનક લગાવીને, ખસ્સી કરીને, વેલા, વેતોનો, લતા ઓનો, ચાબુકોનો, અને ચામડાના કોરડાનો પ્રહાર કરીને વિનીત કર્યા. ત્યાર પછી કનકકેતુએ તે અશ્વમર્દકોનો સત્કાર કર્યો. સન્માન કર્યું. ત્યાર પછી તે ઘોડાઓ મુખ બંધનથી યાવત્ ચામડાની ચાબુકોના પ્રહારથી ખુબ જ શારીરિક અને માનસિક દુઃખોને પ્રાપ્ત થયા. તેવીજ રીતે હે આયુષ્મન્ શ્રમણો ! આપણા જે નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ દીક્ષિત થઈને પ્રિય શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, અને ગંધમાં ગૃદ્ધ થાય છે અને આસક્ત થાય છે, તે ઘણા શ્રમણો યાવત્ શ્રાવિકાઓના અવહેલનાના પાત્ર બને છે, યાવત્ ભવ ભ્રમણ કરે છે.

[૧૮૭-૧૮૮] કલ રિભિત હાથતાળી અને બાંસુરીના શ્રેષ્ઠ અને મનોહર વાદ્યો ના શબ્દોમાં અનુરક્ત થનાર અને શ્રોત્રેન્દ્રિયના વશવર્તી બનેલ પ્રાણી આનંદ માને છે. પરંતુ શ્રોત્રેન્દ્રિયની દુર્દાન્તતાનો એટલો દોષ હોય છે-જેમ પારધિના પીંજરામાં રહેલ તિત્તિરના શબ્દને સહન ન કરતો તિત્તિર પક્ષી વધ અને બંધનને પીંજરામાં ફસાંયેલ તિત્તિરના શબ્દ ને સાંભળી સ્વાધીન તિત્તિર પોતાના સ્થાનથી બહાર આવે છે અને પારધિ તેને બાંધી લે છે. શ્રોત્રેન્દ્રિયને તે નહિ જીતવાનો આ દુષ્પરિણામ છે.

[૧૮૯-૧૯૦] ચક્ષુઈન્દ્રિયના વશીભૂત અને રૂપમાં અનુરક્ત થનાર પુરુષ, સ્ત્રીઓના સ્તન, જઘન, વદન-, હાથ, પગ અને નેત્રોમાં તથા ગર્વિષ્ઠ બનેલી સ્ત્રીઓની વિલાસ યુક્ત ગતિમાં રમણ કરે છે, આનંદ માને છે. પરંતુ ચક્ષુ-ઈન્દ્રિયની દુર્દાન્તતાથી એટલો દોષ હોય છે કે જેમ બુદ્ધિહીન પતંગિયા બળતી આગમાં જઈ પડે છે.

[૧૯૧-૧૯૨] સુગંધમાં અનુરક્ત ઘ્રાણેન્દ્રિયના વશવર્તી બનેલ પ્રાણી શ્રેષ્ઠ ધૂપ માલ્યનાળા તથા અનુલેપન-ચંદના દિના લેપની વિધિમાં રમણ કરે છે, પરંતુ ઘ્રાણેન્દ્રિ-યની દુર્દન્તતાથી અર્થાત્ ઈન્દ્રિયને દમન ન કરવાથી એટલો દોષ હોય છે કે ઔષધિની ગંધથી સર્પ પોતાના બિલથી બહાર આવે છે અને અનેક કષ્ટ ભોગવે છે.

[૧૯૩-૧૯૪] રસમાં આસક્ત અને જિહ્વા ઈન્દ્રિયના વશવર્તી થયેલ પ્રાણી કડવા, તીખા, કસાયેલા ખાટા તેમજ મધુર રસવાળા ઘણાં ખાદ્ય, પેય, લેહ્ય-ચાટવા યોગ્ય, પદાર્થોમાં આનંદ માને છે. પરંતુ જિહ્વા ઈન્દ્રિયને વશ થયેલને એટલો દોષ ઉત્પન્ન થાય છે કાંટામાં ફસાયેલ અને પાણીથી બહાર ખેંચેલ અને સ્થલમાં ફેંકાતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મત્સ્ય તરફડીયા મારે છે. અને મૃત્યુ પામે છે.

[૧૯૫-૧૯૬] સ્પર્શના સેવનમાં સુખ સમજનાર અને સ્પર્શેન્દ્રિયને વશીભૂત પ્રાણી વિભિન્ન ઋતુઓમાં સેવન કરવાથી સુખ માનનાર તથા વૈભવ સહિત, હિતકારક તથા મનને સુખ દેનાર માળા, શ્રી આદિ પદાર્થોમાં રમણ કરે છે. પરંતુ સ્પર્શેન્દ્રિયના વશ થયેલને એટલો દોષ હોય છે કે લોઢાનો તીક્ષ્ણ અંકુશ હાથીના મસ્તકને પીડા પહોંચાડે છે

[૧૯૭-૨૦૧] કલ, રિભિત તેમજ મધુર તંત્રી, તલતાલ તથા બાંસુરીનાં શ્રેષ્ઠ અને મનોહર વાદ્યોના શબ્દોમાં જે આસક્ત નથી તથાં તે વશાર્તમરણ મરતાં નથી. ઈન્દ્રિયોથી પરાધીન થઈ વિષયો માટે લાલાયિત બની મરવું વશાર્ત્તમરણ કહેવાય છે. સ્ત્રીઓના સ્તન, જઘન, મુખ, હાથ, પગ નયન તથા ગર્વયુક્ત વિલાસવાળી ગતિ આદિ સમસ્ત રૂપોમાં જે આસક્ત નથી થતાં, ઉત્તમઅગર, શ્રેષ્ઠ ધૂપ, વિવિધ ઋતુઓમાં વૃદ્ધિને પ્રાપ્ત થનાર પુષ્પોની માળાઓ તથા શ્રીખંડ આદિના લેપનની ગંધમાં જે આસક્ત નથી થતાં, તીખું, કડવું, કસાયેલ ખાટો અને મીઠો ખાદ્ય, પેય અને લેહ્ય-ચાટવા યોગ્ય, પદાર્થના આસ્વાદમાં જે ગૃદ્ધ નથી થતા, હેમન્ત આદિ વિભિન્ન ઋતુઓમાં સેવન કરવાથી સુખ દેનાર, વૈભવ સહિત, હિતકર અને મનને આનંદ દેનાર સ્પર્શોમાં જે ગૃદ્ધ નથી થતા, એ સર્વે વશાર્તમરણે મરતા નથી.

[૨૦૨-૨૦૬] શ્રોત્રના વિષય બનેલા ભદ્ર શબ્દોથી સાધુએ ક્યારેય તુષ્ટ ન થવું જોઈએ અને પાપક શબ્દ સાંભળવા પર રુષ્ટ ન થવું જોઈએ. શુભ અથવા અશુભ રૂપ ચક્ષુનો વિષય પ્રાપ્ત થવા પર ઘ્રાણેન્દ્રિયને પ્રાપ્ત થયેલ શુભ અથવા અશુભ ગંધમાં જિહ્વા ઈન્દ્રિયને પ્રાપ્ત થયેલ શુભ અથવા અશુભ રસમાં સ્પર્શેન્દ્રિયને પ્રાપ્ત થયેલ શુભ અથવા અશુભ સ્પર્શમાં સાધુએ તુષ્ટ અથવા રુષ્ટ ન થવું જોઈએ.

[૨૦૭] આ પ્રમાણે હે જમ્બૂ ! શ્રમણ ભગવાન મહાવીર યાવત્ મુક્તિને પ્રાપ્ત થયેલાએ સત્તરમાં જ્ઞાત અધ્યયનનો આ અર્થ ફરમાવેલ છે.

**અધ્યયન-૧૭-ની મુનિદીપરત્નસાગેર કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૧૮-સુંસમા

[૨૦૮]જો શ્રમણ ભગવાન મહાવીરે સત્તરમા જ્ઞાત અધ્યયનનો પૂર્વોક્ત અર્થ ફરમાવેલ છે તો અઢારમાં અધ્યયનનો શું અર્થ ફરમાવેલ છે ?' 'હે જમ્બૂ ! તે કાળ અને સમયમાં રાજગૃહ નામનું નગર હતું. તેનું વર્ણન સમજી લેવું. ત્યાં ધન્ય નામક સાર્થવાહ નિવાસ કરતો હતો. ભદ્રા નામની તેની પત્ની હતી. તે ધન્ય સાર્થવાહના પુત્ર અને ભદ્રાના આત્માજ પાંચ સાર્થવા હદારક-પુત્રો હતા. ધન, ધનપાલ, ધનદેવ, ધનગોપ, અને ધન રક્ષિત, પાંચ પુત્રોની પછી જન્મેલી સુંસુમા નામની બાલિકા હતી. તેના હાથ, પગ આદિ અંગોપાંગ સુકુમારહતા. તે ધન્ય સાર્થવાહને ચિલાત નામનો દાસ ચેટક હતો. તેને પાંચે ઈન્દ્રિયો પૂર્ણ હતી અને શરીર પણ પરિપૂર્ણ તેમજ માંસથી ઉપચિત હતું. તે બાળકોને રમાડવામાં કુશળ પણ હતો. તેથી તે દાસચેટક સુંસુમા બાલિકાનો બાલ ગ્રાહક રુપે નિયત કરવામાં આવ્યો. તેથી તે સુંસુમા બાલિકાને કમરમાં લઈ લેતો અને રમતો રહેતો હતો.

તે સમયે તે ચિલાત દાસચેટક તે ઘણા છોકરાઓ, છોકરીઓ બાલકો, બાલિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાઓ, કુમારો, કુમારિકાઓમાંથી કેટલાકની કોડીઓ, વર્તક, આલોડિયા, દડા, કપડા અને સાડોલ્લક,આભરણ,માળા,અલંકાર હરણ કરી લેતો. કોઇને આક્રોશ વચન કહેતો, કોઈની મશ્કરી કરતો, કોઈને ઠગી લેતો, કોઈની ભર્ત્સના કરતો, કોઇની તર્જના કરતો અને કોઈની તાડના કરતો. ત્યારે તે ઘણા છોકરાઓ, છોકરીઓ, બાળકો, બાલિકાઓ, કુમારો અને કુમારિકાઓ રોતાં,અનેપોતાનામાતા-પિતાને ચિલાત દાસનીકરતૂત-વાત કરતાં હતાં. ત્યારે તે ઘણા છોકરાઓ; છોકરીઓ, બાળકો, બાલિકાઓ કુમારો, કુમારિકાઓના માતા-પિતા ધન્ય સાર્થવાહની પાસે આવતા આવીને ધન્ય સાર્થવાહની પાસે ખેદ ભરેલા વચનોથી, ગુસ્સાના વચનથી, ઠપકા ભરેલા વચનથી, ખેદ પ્રગટ કરતા હતા, રોતા હતા અને ઉપાલંભ આપતા હતા અને ધન્ય સાર્થવાહને આ વૃત્તાન્ત કહેતા હતા.

ત્યાર પછી ધન્ય સાર્થવાહે ચિલાત દાસ ચેટકને આ વાતને માટે વારંવાર ના પાડી રોક્યો, પરંતુ ચિલાત દાસચેટક તે માનતો નહીં. ધન્ય સાર્થવાહના રોકવા પર પણ તેમ કરતો રહ્યો. ત્યારે તે માતા-પિતા અત્યન્ત ક્રોધિત થયા, યાવત્ ધન્ય સાર્થવાહની પાસે પહોંચ્યાં. પહોંચીને ઘણાજ ખેદ યુક્ત વચનોથી તેઓએ તે વાત તેમને કહી. ત્યારે તે ધન્ય સાર્થવાહ તે ઘણા છોકરાઓ, છોકરીઓ, બાળકો, બાલિકાઓ, કુમાર અને કુમારિકાઓના માતા-પિતાની આ વાત સાંભળીને અતીવ કુપિત થયો તેણે ઊંચા-નીચા આક્રોશ વચનોથી ચિલાત દાસચેટકનેઆક્રોશ વચન કહ્યા.ભર્ત્સના કરી, ધમકી આપી, તર્જના કરી; ઊંચી-નીચી તાડના ઓથી તાડના કરી અને તેણે પોતાના ઘરેથી બહાર કાઢી મૂક્યો.

[૨૦૯] ત્યારે ધન્ય સાર્થવાહના ઘરેથી કાઢી મૂકાયેલ તે ચિલાત દાસચેટક રાજ ગૃહ નગરમાં, શ્રૃંગાટકોમાં યાવત્ પંથોમાં અર્થાત્ ગલી-ગલીમાં, દેવાલયોમાં સભા-ઓમાં, પરબો પાણગૃહમાં, જુગારી લોકોના અડ્ડાઓમાં, વેશ્યાઓના ઘરોમાં, તથા મદ્યપાન ગૃહોમાં સુખપૂર્વક ભટકવા લાગ્યો અને વધવા લાગ્યો. ત્યાર પછી તે દાસચેટક ચિલાતને કોઇ હાથ પકડીને રોકનાર તથા વચનથી રોકનાર ન રહ્યું, તેથી તે નિરંકુશ બુદ્ધિવાળો, સ્વેચ્છાચારી, મદિરાપાનમાં, ચોરી કરવામાં, માંસભક્ષણોમાં, જુગારમાં, વેશ્યામાં, તથા પરસ્ત્રીઓમાં પણ આસક્ત થઇ ગયો. તે સમયે રાજગૃહ નગરથી ન અતિદૂર કે ન અતિ નજીક પ્રદે શમાં, દક્ષિણ પૂર્વ દિશામાં, સિંહગુફા નામની એક ચોર પલ્લી હતી. તે પલ્લી વિષમ ગિરિનિતંબના પ્રાંત ભાગમાં વસેલી હતી. વાંસની ઝાડીઓના પ્રાકારથી ઘેરાયેલી હતી. અલગ-અલગ ટેકરીઓના પ્રપાત રૂપી પરિખાથી યુક્ત હતી, તેમાં જવા આવવા માટે એક જ દ્વાર હતું, પરંતુ ભાગી છૂટવા માટે નાના-નાના અનેક દરવાજા હતા. જાણકાર જ તેમાંથી નીકળી શકતા અને પ્રવેશ કરી શકતા. તેની અંદર જ પાણી હતું. તે પલ્લીની બહાર નજીકમાં પાણી મળવું અત્યંત મુશ્કેલ હતું. ચોરેલા માલને પાછો છીનવવા માટે આવેલી સેના પણ તે પલ્લીનું કંઇ બગાડી ન શકતી એવી હતી તે ચોરપલ્લી !

તે સિંહનામની ચોરપલ્લીમાં વિજય નામનો ચોરસેનાપતિ રહેતો હતો. તે અધાર્મિક યાવત્ અધર્મની ધ્વજા હતો. ઘણા નગરોમાં તેનો યશ ફેલાયો હતો. તે શૂર હતો, દૃઢ પ્રહાર કરનાર, સાહસી, શબ્દવેધી હતો તે સિંહગુફામાં તે વિજય ચોર પાંચસો ચોરોનું અધિપતિત્વ ભોગવતો રહેતો હતો. ચોરોનો સેનાપતિ તે વિજય ચોર બીજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેક ચોરોને માટે, વ્યભિચારીઓને માટે, ગાંઠ છોડનારાઓ માટે, સંધિ કરનાર માટે, ખાણ ખોદનાર માટે, રાજાના અપકારિઓને માટે, ઋણિઓના માટે, બાલઘાતકો માટે, વિશ્વાસઘાતિઓ માટે, જુગારિઓ માટે તથા ખંડરક્ષકો માટે, મનુષ્યોના હાથ-પગ આદિ અવય વોનું છેદન-ભેદન કરનારા અન્ય લોકોને માટે કુડંગ સમાન આધાર ભૂત હતો. તે સમયે તે ચોર સેનાપતિ વિજય ચોર રાજગૃહ નગરની બહાર દક્ષિણપૂર્વમાં સ્થિત જનપદને, ગ્રામના ઘાત દ્વારા, નગરની ઘાતદ્વારા, ગાયોનું હરણ કરીને, લોકોને કેદ કરીને, પથિકોને મારકૂટ કરીને તથા ગાબડુ પાડીને પુનઃ પુનઃ ઉત્પીડિત કરતો થકો, લોકોને કેદ કરીને સ્થાનહીન તેમજ ધનહીન બનાવતો રહેતો હતો. ત્યાર પછી રાજગૃહ નગરના ઘણા અર્થાભિશંકી, ચૌરાભિચંકી, દારાભિશંકી,ધનિકો અને જુગારિઓ દ્વારા પરાભવ પામેલો તે ચિલાત દાસ ચેટક રાજગૃહ નગરથી બહાર નીકળ્યો. નીકળીને જ્યાં સિંહગુફા નામની ચોર પલ્લી હતી, ત્યાં પહોંચ્યો. ત્યાં પહોંચીને ચોરસેનાપતિ વિજય ચોરની પાસે પહોંચ્યો. પહોંચીને તેના શરણમાં જઈને રહેવા લાગ્યો.

ત્યાર પછી તે દાસચેટક ચિલાતી, વિજય નામક ચોર સેનાપતિની પાસે ખડ્ગ અને યષ્ટિનો ધારક બની ગયો. તેથી જ્યારે પણ તે વિજય ચોરસેનાપતિ ગ્રામનો ઘાત કરવા યાવત્ પથિકોને મારવા-કૂટવા જતો હતો, તે સમયે દાસચેટક ચિલાત ઘણીજ કૂવિય સેનાને હત તેમજ મથિત કરીને રોકતો હતો અને પછી ધન આદિ અર્થને લઈને, પોતાનું કાર્ય કરીને સિંહગુફા ચોરપલ્લીમાં સકુશલ પાછો આવી જતો હતો. ત્યારે તે વિજય ચોરસેનાપતિએ ચિલાત ચોરને ઘણી ચોર વિદ્યાઓ, ચોરમંત્ર, ચોરમાયા અને ચોર નિકૃતિઓ શિખવાડી દીધી ત્યાર પછી વિજય ચોરસેનાપતિ કોઈ સમયે મૃત્યુને પ્રાપ્ત થયો. ત્યારે તે પાંચસો ચોરોએ મોટા ઠાઠ ઘણાં અને સત્કાર સાથે વિજયચોર સેનાપતિનું નીહરણ કર્યું-શ્મશાનમાં લઈ જવાની ક્રિયા કરી. પછી ઘણા પ્રકારે લૌકિક મૃતકકૃત્ય કર્યા. કરીને સમય વ્યતીત થવા પર તે શોકમુક્ત થયા. ત્યાર પછી પાંચસો ચોરોએ એક બીજાને બોલાવ્યા. ચિલાત ચોરને સિંહગુફા નામક ચોરપલ્લીના સેના પતિ રૂપે અભિષેક કર્યો. ત્યારે તે ચિલાત ચોરસેનાપતિ થઈ ગયો તથા અધાર્મિક યાવત્ થઈને વિચરવા લાગ્યો. ત્યાર પછી તે ચિલાત ચોરસેનાપતિ ચોરોનો નાયક યાવત્ કુડંગ ની સમાન ચોરો, વ્યભિ ચારીઓ આદિનો આશ્રયભૂત થઈ ગયો. તે સિંહગુફા નામક ચોરપલ્લીમાં પાંચસો ચોરોનો અધિપતિ થઈ ગયો.

[૨૧૦] ત્યાર પછી ચિલાત ચોરસેનાપતિએ એક વાર કોઈ સમયે વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય તૈયાર કરાવીને, પાંચસો ચોરોને આમંત્રિત કર્યા. ત્યાર પછી સ્નાન કરીને બલિકર્મ કરીને, ભોજન-મંડપમાં તે પાંચસો ચોરોની સાથે વિપુલ અશ નાદિ તથા સુરા યાવત્ પ્રસન્ન નામક મદિરાઓનો આસ્વાદ કરવા લાગ્યો. ભોજન કરી લીધા પછી પાંચસો ચોરોનો વિપુલ ધૂપ,પુષ્પ,ગંધ, માલા અને અલંકારથી સત્કાર કર્યો, સન્માન કર્યું, કહ્યું, 'દેવાનુપ્રિયો ! રાજગૃહ નગરમાં ધન્ય નામક ધનાઢ્ય સાર્થવાહ છે. તો હેદેવાનુપ્રિયો!આપણે જઈએ અનેધન્યસાર્થવાહનુંઘરલૂંટીએ.તેલૂંટમાં મળેલું વિપુલ ધન, કનકસુવર્ણ યાવત્ શિલા, પ્રવાલ વગેરે તમારું અને સુંસુમા નામની છોકરી મારી રહેશે. ત્યારે તે પાંચસો ચોરોએ ચોર સેનાપતિ ચિલાતની આ વાતનો સ્વીકાર કર્યો.

ત્યારે પછી ચિલાત ચોરસેનાપતિ તે પાંચસો ચોરોની સાથે ભીના ચામડા ઉપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેઠો. પછી દિવસના અંતિમ પ્રહરમાં પાંચસો ચોરોની સાથે કવચ ધારણ કરીને તૈયાર થયો. તેમણે આયુધ અને પ્રહરણ-શસ્ત્ર ગ્રહણ કર્યા, કોમલ ગોમુખિત ગાયના મુખની સમાન ફલક ધારણ કર્યું.તલવારો મ્યાનમાંથી બહાર કાઢી, ખંભા ઉપર તર્કશ ધારણ કર્યું. ધનુષજીવાદોરી યુક્ત કરી લીધું. બાણ બહાર કાઢી લીધા. બર્છિઓ અને ભાલા ઉછાળવા લાગ્યા. જંઘાઓ ઉપર બાંધેલી ઘંટડીઓ લટકાવી દીધી. શીઘ્ર વાજિંત્રો વાગવા લાગ્યા મોટા-મોટા ઉત્કૃષ્ટ સિંહનાદ અને ચોરોની કલ-કલ ધ્વનિથી એવું પ્રતીત થવા લાગ્યું જેમ કે સમુદ્રનો ખળ-ખળ અવાજ થતો હોય ! આ પ્રમાણે અવાજ કરતા તેઓ સિંહગુફા નામક ચોરપલ્લીમાંથી બહાર નીકળ્યા. આવીને રાજગૃહ નગરથી કંઈક દૂર એક સઘન વનમાં ઘુસી ગયા. ત્યાં જઈને બાકી રહેલા દિવસને પસાર કર્યો. સૂર્ય અસ્ત થવાની પ્રતીક્ષા કરવા લાગ્યા. ત્યાર પછી ચોરસેનાપતિ ચિલાત અર્ધી રાતના સમયે, જ્યારે દરેક જગ્યાએ પૂર્ણ શાન્તિ થઈ ગઈ, ત્યારે પાંચસો ચોરોની સાથે કોમળ ગોમુખિત બાંધીને ફલક સાથે જાંઘા પર અવાજ કરતી ઘુઘરી લટકાવીને જ્યાં રાજ-ગૃહનો પૂર્વ દરવાજો હતો, ત્યાં પહોંચ્યો. તાળું ઉઘાડવાની વિદ્યાનું આહ્‌વાન કર્યું. આહ્‌વાન કરીને રાજગૃહ નગરના દ્વારના કમાડને પાણી છાંટ્યું. કમાડ ઉઘાડ્યા. રાજ ગૃહ નગરમાં પ્રવેશ કરીને મોટા-મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતો-કરતો આ પ્રમાણે બોલ્યો. 'દેવાનુપ્રિયો ! હું ચિલાત નામક ચોરસેનાપતિ, પાંચસો ચોરોની સાથે સિંહગુફા નામક ચોરપલ્લીથી, ધન્ય સાર્થવાહનું ઘર લૂંટવા આવ્યો છું. જે નવી માતાનું દુધ પીવા ઈચ્છતા હોય, તે નીકળીને મારી સામે આવે.' આ પ્રમાણે કહીને તે ધન્ય સાર્થવાહના ઘરે આવ્યો. ત્યારે ધન્ય સાર્થવાહે જોયું કે પાંચસો ચોરોની સાથે ચિલાત ચોરસેનાપતિ દ્વારા ઘર લૂંટાઈ રહ્યું છે. તે જોઈને તે ભયભીત થયો. ગભરાઈને પાંચે પુત્રોની સાથે એકાંત સ્થાનમાં ચાલ્યો ગયો. ત્યાર પછી ચોરસેનાપતિ ચિલાતે ધન્ય સાર્થવાહનું ઘર લૂંટ્યું. લૂંટીને ઘણું ધન કનક-સોનું યાવત્ સ્વાપતેય તથા સુંસુમા દારિકાને લઈને તે રાજગૃહથી બહાર નીકળી જ્યાં સિંહગુફા હતી તે તરફ જવાને માટે ઉદ્યત થયો.

[૨૧૧] ત્યાર પછી ધન્ય સાર્થવાહ જ્યાં પોતાનું ઘર હતું, ત્યાં આવ્યો. આવીને ઘણું ધન, કનક અને સુંસુમા પુત્રીનું અપહરણ કર્યું છે. એમ જાણીને બહુમૂલ્ય ભેટ લઈને જ્યાં નગરના રક્ષકો હતા, ત્યાં ગયો. જઈને તે બહુ મૂલ્ય ભેટ યાવત્ આપી. સર્વ વાત કહી. તેથી હે દેવાનુપ્રિયો ! અમે સુંસુમા પુત્રીને પાછી લાવવા માટે જવા ઈચ્છીએ છીએ હે દેવાનુપ્રિયો ! તે ધન કનક આદિ તમારૂં અને સુંસુમા પુત્રી મારી રહે.' ત્યાર પછી તે નગરરક્ષકોએ ધન્ય સાર્થવાહની તે વાત સાંભળીને સ્વીકાર કરી. સ્વીકાર કરીને કવચ ધારણ કરીને સન્નદ્ધ થયા. યાવત્ તેમણે આયુધ અને પ્રહરણ લીધા અને જોર-જોરથી ઉત્કૃષ્ટ સિંહનાદથી સમુદ્ર સમાન મોટા અવાજ કરતા થકા રાજગૃહ નગરથી બહાર નીકળ્યા. નીકળીને જ્યાં ચિલાત ચોરસેનાપતિ છે, ત્યાં પહોંચ્યાં. પહોંચીને ચિલાત ચોર સેનાપતિ સાથે યુદ્ધ કરવા લાગ્યા. ત્યાર પછી નગરરક્ષકોએ ચિલાત ચોરસેનાપતિને હત, મથિત કરીને યાવત્ પરાજિત કરી દીધો. ત્યારે તે પાંચસો ચોર નગરરક્ષકો દ્વારા હત, મથિત અને પરાજિત થઈને તે વિપુલ ધનકનક આદિ છોડીને અને ફેંકીને તેઓ આમ તેમ ભાગી ગયા. ત્યારે તે નગરરક્ષકોએ તે વિપુલ ધન. કનક આદિને ગ્રહણ કર્યું.

નગરરક્ષકો દ્વારા ચોર સૈન્યને હત તેમજ મથિત થયેલ જાણીને ચિલાત ચોર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેનાપતિ ભયભીત થઈને ઉદ્વિગ્ન થયો. ત્યારે તે સુંસુમા પુત્રીને લઈને એક મહાન અગ્રામિક અને લાંબા માર્ગવાળી અટવીમાં ઘુસી ગયો. ત્યારે ધન્ય સાર્થવાહે જોયું કે ચિલાત સુંસુમા દારિકાને અટવી સન્મુખ લઈ જાય છે, ત્યારે પાંચે પુત્રોની સાથે છટ્ઠા પોતે કવચ પહેરીને, ચિલાતના પગના માર્ગે ચાલ્યો. તે તેની પાછળ ચાલતો-ચાલતો ગર્જના કરતો થકો, પડકાર કરતો, પુકારતો, તર્જના કરતો અને તેને ત્રસ્ત કરતો તેની પાછળ ચાલ્યો. ત્યાર પછી ચિલાતે જોયું કે ધન્ય સાર્થવાહ પાંચ પુત્રોની સાથે છટ્ઠો પોતે સન્નદ્ધ થઈને મારો પીછો કરી રહ્યો છે. તે જોઈને તે નિસ્તેજ, નિર્બલ, પરાક્રમહીન, વીર્યરહિત થઈ ગયો. જ્યારે તે સુંસુમા દારિકાને લઈ જવામાં અસમર્થ થયો, શ્રાન્ત થઇ ગયો, ગ્લાનિ પામ્યો, અત્યંત શ્રાન્ત થઇ ગયો. તેથી તેણે નીલકમલ સમાન તલવારને હાથમાં લીધી. હાથમાં લઈને સુંસુમા દારિકાનું ઉત્તમઅંગ મસ્તક છેદી નાંખ્યું. છેદીને તેને ગ્રહણ કરીને તે અગ્રામિક અટવીમાં પ્રવેશ કર્યો.

ત્યાર પછી તે ચિલાત અગ્રામિક અટવીમાં તૃષાથી પીડિત થયો અને દિશાને ભૂલી ગયો. તેથી સિંહગુફા ચોરપલ્લીમાં ન પહોંચતાં વચ્ચે માર્ગમાં જ મૃત્યુ પામ્યો. આ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! અમારા જે સાધુ યા સાધ્વી પ્રવ્રજિત થઈને વમનને કાઢનાર યાવત્ ઔદારિક શરીરના વર્ણને માટે આહાર કરે છે, તેઓ આ લોકમાં શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો, શ્રાવિકાઓની અવહેલનાના પાત્ર બને છે, યાવત્ દીર્ઘ સંસારમાં પરિભ્રમણ કરે છે. ત્યાર પછી જ્યારે ધન્ય સાર્થવાહ પાંચ પુત્રોની સાથે છટ્ઠો પોતે ચિલાતની પાછળ દોડતા-દોડતા ભૂખ અને તરસથી શ્રાન્ત થયો, ગ્લાન થયો અને ખૂબ થાકી ગયો અને ચિલાત ચોરસેનાપતિને પોતાના હાથે પકડવામાં સમર્થ ન થયો. ત્યારે ત્યાંથી પાછો ફર્યો. પાછા ફરીને જ્યાં સુંસુમા દારિકાપુત્રીને ચિલાતે જીવનથી રહિત કરી દીધી હતી, ત્યાં આવ્યો. આવીને જોયું કે સુંસુમા દારિકા ચિલાત દ્વારા મરા પેલી છે. તે જોઈને કુહાડાથી કાપેલા ચંપક વૃક્ષની સમાન પૃથ્વી પર પડી ગયો. ત્યાર પછી પાંચ પુત્રો સહિત છટ્ઠો પોતે ધન્ય સાર્થવાહ આશ્વસ્ત થયો,આક્રંદન કરતો વિલાપ, મોટા મોટા શબ્દોથી કુહ કુહ કરતો લાંબા સમય સુધી અશ્રુપાત કરતો રહ્યો.

ત્યાર પછી પાંચ પુત્રો સહિત છટ્ઠા પોતે ધન્ય સાર્થવાહે ચિલાત ચોરની પાછળ અગ્રામિક અટવીમાં ચારે તરફ દોડવાના કારણે ભૂખ અને તરસથી પીડિત થઈ ચારે તરફ અગ્રામિક અટવીમાં પાણીની તપાસ કરી. તપાસ કરીને તેઓ શ્રાન્ત થઇ ગયા, ગ્લાનિ પામ્યા, ખૂબ થાકી ગયા અને ખિન્ન થઈ ગયા. તેઓ અગ્રામિક અટવીમાં પાણીની ગવેષણા કરતા થકા પણ એ પાણી મેળવી શક્યા નહીં. ત્યાર પછી ક્યાંય પણ પાણી ન પામીને ધન્ય સાર્થવાહ જ્યાં સુંસુમાને જીવન રહિત કરેલી હતી, ત્યાં આવ્યો. આવીને તેણે જ્યેષ્ઠ મોટા પુત્રને બોલાવ્યો. પાણી મેળવ્યા વિના આપણે રાજગૃહ નગરમાં નહીં પહોંચી શકીએ. તેથી હે દેવાનુપ્રિયો ! તમે મને જીવનરહિત કરીને બધા ભાઈઓ મારા માંસ અને રુધિરનો આહાર કરો. આહાર કરીને સ્વસ્થ થઈને પછી આ અગ્રામિક અટવીને પાર કરીને રાજગૃહ નગરને પ્રાપ્ત કરો. મિત્ર, જ્ઞાતિજનોને મલો તથા અર્થ, ધર્મ અને પુણ્યના ભાગી બનો.' ત્યારે ધન્ય સાર્થવાહના આ પ્રમાણે કહેવા પર જ્યેષ્ઠ પુત્રે ધન્ય સાર્થવાહને કહ્યું-'તાત ! તમે અમારા પિતા છો. ગુરુ છો, જનક છો, દેવતા સ્વરૂપ છો, સ્થાપક છો, પ્રતિસ્થાપક છો, કષ્ટથી રક્ષા કરનાર છો, દુઃખથી બચાવ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાર છો. તેથી હે તાત ! અમે આપને જીવનરહિત કેમ કરીએ ? અને આપના માંસ તથા રુધિરનો આહાર કેમ કરીએ ? તેથી હે તાત ! મને જીવનરહિત કરીને મારા માંસ અને રુધિરનો આહર કરીને અગ્રામિક અટવીમાંથી બહાર નીકળો, ઇત્યાદિ પૂર્વવત કહેવું. બીજા પુત્રે ધન્ય સાર્થવાહને કહ્યું-'હે તાત ! અમે ગુરુ તેમજ દેવ સમાન જ્યેષ્ઠ બંધુને જીવનથી રહિત નહીં કરીએ. હે તાત ! આપ મને જીવનરહિત કરો, આ પ્રમાણે ત્રીજા, ચોથા અને પાંચમા પુત્રે પણ કહ્યું. ત્યારે ધન્ય સાર્થવાહે કહ્યું- 'હે પુત્રો ! આપણામાંથી કોઇને પણ જીવનરહિત ન કરીએ પરંતુ આ સુંસુમા દારિકાનું શરીર નિષ્પ્રાણ યાવત્ જીવથી ત્યક્ત છે, તેથી હે પુત્રો ! સુંસુમા દારિકાના માંસ અને રુધિરનો આહાર કરવો આપણા માટે ઉચિત થશે. આપણા લોકો તે આહાર કરીને સ્વસ્થ થઇને રાજગૃહ નગર પહોંચી શકશું.' ત્યારે ધન્ય સાર્થવાહે પાંચે પુત્રોની સાથે અરણિ કરી. પછી શર કર્યું મથન કરીને અગ્નિ ઉત્પન્ન કરી. અગ્નિ પ્રજ્વલિત કરીને સુંસુમાં દારિકાનું માંસ પકાવીને તે માંસ તથા રુધિરનો આહાર કર્યો. તે આહારથી તેઓ સ્વસ્થ થઇને રાજગૃહ નગર સુધી પહોંચ્યા. પોતાના મિત્રો તેમજ જ્ઞાતિજનોને મળ્યા અને વિપુલ ધન, કનક રત્ન આદિના તથા પુણ્યના ભાગી બન્યા.

[૨૧૨] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યમાં સમોસર્યા. તે સમયે ધન્ય સાર્થવાહ વંદન કરવા ગયો. ધર્મોપદેશ સાંભળીને દીક્ષિત થયો. ક્રમશઃ અગ્યાર અંગનો જાણકાર થયો. અંત સમયે એક માસની સંલેખના કરી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ચારિત્ર ધારણ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરશે. હે જમ્બૂ ! જેમ ધન્ય સાર્થવાહે વર્ણને માટે, રૂપને માટે, બળને માટે અથવા વિષયને માટે સુંસુમા દારિકાના માંસ અને રુધિરનો આહાર કર્યો ન હતો. પરંતુ કેવળ રાજગૃહ નગરને પ્રાપ્ત કરવા માટે જ આહાર કર્યો હતો. એ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! અમારા જે સાધુ અથવા સાધ્વીઓ વમન, પ્રિત, શુક્ર, શોણિતને કાઢનાર, યાવત્ અવશ્ય ત્યાગવા યોગ્ય આ ઔદારિક શરીરના વર્ણન આદિ માટે, આહાર કરતા નથી. કેવળ સિદ્ધગતિને પ્રાપ્ત કરવાને માટે આહાર કરે છે, તેઓ આ જ ભવમાં અનેક સાધુઓ, સાધ્વીઓ, અનેક શ્રાવકો અનેક શ્રાવિકાઓના પૂજનીય બને છે અને સંસાર કાન્તારને પાર પામે છે.

**અધ્યયન - ૧૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન - ૧૯ - પુંડરીક

[૨૧૩] જો શ્રમણ ભગવાન મહાવીર યાવત્ સિદ્ધિને પ્રાપ્ત એવા ભગવાને જ્ઞાતાના અઢારમા અધ્યયનનો પૂર્વોક્ત અર્થ ફરમાવેલ છે તો હે ભગવન્ ! ઓગણીસમા જ્ઞાત અધ્યયનનો શું અર્થ ફરમાવેલ છે ?' 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં આ જમ્બૂ દ્વીપ નામના દ્વીપમાં, પૂર્વવિદેહ ક્ષેત્રમાં, સીતા નામક મહાનદીના ઉત્તર કિનારે, નીલવંત પર્વતની દક્ષિણમાં, ઉત્તર તરફના સીતામુખ નામક વનખંડથી પશ્ચિમમાં અને એક શૈલ નામક વક્ષસ્કાર પર્વતથી પૂર્વ દિશામાં પુષ્કલાવતી વિજય હતી. તે પુષ્કલા વતી વિજયમાં પુંડરીકિણી રાજધાની હતી. તે નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી યાવત્ સાક્ષાત્ દેવલોક સમાન હતી. મનોહર, દર્શનીય, સુંદર રૂપવાળી અને દર્શકો ને આનંદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રદાન કરનાર હતી. તે પુંડરીકિણી નગરીમાં ઉત્તર-પૂર્વના ભાગમાં નલિનીવન નામક ઉદ્યાન હતું. મહાપદ્મ નામનો રાજા હતો. પદ્માવતી દેવી તેની પટ્ટરાણી હતી. તેમના આત્મજ બે કુમારો હતા. તે આ પ્રમાણે પુંડરીક અને કંડરીક. તેઓ સુકુમાર હતા. તેમાં પુંડરીક યુવરાજ હતો.

તે કાળ અને તે સમયમાં સ્થવિર મુનિનું આગમન થયું. મહાપદ્મ રાજા સ્થવિરોને વંદન કરવા નીકળ્યો. ધર્મોપદેશ સાંભળ્યો. પુંડરીકને રાજ્ય પર સ્થાપિત કરીને તેણે દીક્ષા લીધી. હવે પુંડરીક રાજા બન્યો અને કંડરીક યુવરાજ થયો. મહાપદ્મ અણગારે ચૌદપૂર્વોનું અધ્યયન કર્યું. ત્યાર પછી સ્થવિર મુનિ બહાર જનપદમાં વિચરવા લાગ્યા. મહાપદ્મ મુનિ ઘણાં વર્ષો સુધી સંયમ પાળીને યાવત્ સિદ્ધ થયા.

[૨૧૪] ત્યાર પછી એક વાર કોઈ સમયે પુનઃ સ્થવિરો પુંડરીકિણી રાજધાનીમાં નલિનીવન ઉદ્યાનમાં પધાર્યા. પુંડરીક રાજા તેમને વંદન કરવા નીકળ્યો. કંડરીક પણ મહાજનોના મુખથી સ્થવિરોના આગમનના સમાચાર સાંભળીને મહાબલ કુમારની જેમ નીકળ્યો. યાવત્ સ્થવિરોની ઉપાસના કરવા લાગ્યો. સ્થવિરોએ ધર્મનો ઉપદેશ આપ્યો. ધર્મોપદેશ સાંભળીને પુંડરીક શ્રમણોપાસક થયો યાવત્ પોતાના સ્થાને પાછો ફર્યો. ત્યાર પછી કંડરીક યુવરાજ ઉભો થયો. ઉભા થઈને તેણે આ પ્રમાણે કહ્યું-'ભગવન્ ! આપે જેમ કહ્યું છે તે તેમ જ છે - સત્ય છે. હું પુંડરીક રાજાની અનુમતિ લઈને પછી સંયમ ગ્રહણ કરીશ.' સ્થવિરે કહ્યું-'હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો.' ત્યાર પછી કંડરીકે સ્થવિરોને વંદન કર્યા. વંદન કરીને નમસ્કાર કર્યા. નમસ્કાર કરીને સ્થવિરો પાસેથી નીકળ્યો. નીકળીને તે ચાર ઘંટાવાળા ઘોડાના રથ પર આરૂઢ થયો, યાવત્ રાજભવનમાં આવીને ઉતર્યો. ઉતરીને જ્યાં પુંડરીક રાજા હતો, ત્યાં આવ્યો. આવીને હાથ જોડીને યાવત્ પુંડરીકને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિય ! મેં સ્થવિરોની પાસે ધર્મ સાંભળ્યો છે અને તે ધર્મ મને રુચ્યો છે. તેથી હે દેવાનુપ્રિય ! હું પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું.'

ત્યાર પછી પુંડરીક રાજાએ કુંડરીક યુવરાજને આ પ્રમાણે કહ્યું; હે દેવાનુપ્રિય ! તમે અત્યારે દીક્ષિત ન બનો. હું તમારો મહાન મહાન રાજ્યાભિષેક કરવા ઈચ્છું છું. ત્યારે કુંડરીકે પુંડરીકના આ વચનનો આદર ન કર્યો, યાવત્ તે મૌન રહ્યો. ત્યારે ઈચ્છા ન હોવા છતાં પણ તેણે નિષ્ક્રમણ-અભિષેકથી અભિષિક્ત કર્યો, યાવત્ સ્થવિરોને શિષ્યભિક્ષા પ્રદાન કરી. ત્યારે કંડરીક પ્રવ્રજિત થયો, અણગાર બની ગયો. યાવત્ અગ્યાર અંગોનો વેત્તા થયો. ત્યાર પછી સ્થવિર ભગવંતો અન્યદા કોઈ સમયે પુંડરીકિણી નગરીના નલિનીવન ઉદ્યાનથી બહાર નીકળ્યા. નીકળીને બહાર જનપદમાં વિહાર કરવા લાગ્યા.

[૨૧૫] ત્યાર પછી તે પુંડરીક અણગારને અન્ત, પ્રાન્ત આહારથી શૈલકની જેમ શરીરમાં દાહજ્વર ઉત્પન્ન થયો. તે રુગ્ણ બની વિચરતા હતા. ત્યાર પછી અન્ય એક સમયે સ્થવિરો જ્યાં પુંડરીકિણી રાજધાની હતી, ત્યાં આવ્યા. આવીને નલિનીવન ઉદ્યાનમાં સમોસર્યા. પુંડરીક રાજા વંદન માટે નીકળ્યો. ધર્મ સાંભળ્યો. કંડરીકને વંદન કર્યા, નમસ્કાર કર્યા. વંદન-નમસ્કાર કરીને કંડરીક મુનિના શરીરને સર્વ પ્રકારે બાધાયુક્ત તથા રોગયુક્ત જોયું. જોઈને જ્યાં સ્થવિર ભગવંતો હતા, ત્યાં આવ્યા. આવીને સ્થવિર ભગવંતોને વંદન-નમસ્કાર કર્યા. કહ્યું-'ભગવન્ ! હું કંડરીક અણગાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ની યથાપ્રવૃત્ત ઔષધ-ભેષજ વડે ચિકિત્સા કરાવવા ઈચ્છું છું. તેથી હે ભગવન્ ! આપ મારી યાનશાલામાં પધારો.' ત્યાર પછી સ્થવિર ભગવંતોએ પુંડરીક રાજાનું આ નિવેદન સ્વીકાર કર્યું. ત્યાર પછી જેમ મંડુક રાજાએ શૈલક રાજાની ચિકિત્સા કરાવી હતી તેમ પુંડરીક કંડરીકની ચિકિત્સા કરાવી યાવત્ કંડરીક અણગાર બલવાન શરીરવાળા થઇ ગયા.

ત્યાર પછી સ્થવિર ભગવંતોએ પુંડરીક રાજાને પૂછ્યું, પૂછીને બહાર જનપદમાં વિહાર કરવા લાગ્યા. તે સમયે કંડરીક અણગાર રોગ આંતકથી મુક્ત થઈ જવા પર પણ તે મનોજ્ઞ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, આસક્ત અને તલ્લીન થવાથી પુંડરીક રાજાને પૂછીને બહાર જનપદમાં ઉગ્ર વિહાર કરવામાં સમર્થ ન થયા, શિથિલાચારી થઈને ત્યાંજ રહ્યાં. ત્યાર પછી પુંડરીક રાજાએ આ કથાનો અર્થ જાણ્યો ત્યારે તે સ્નાન કરીને અને વિભૂષિત થઈને તથા અંતઃપુરના પરિવારથી પરિવૃત્ત થઇને જ્યાં કંડરીક અણગાર હતા, ત્યાં આવ્યો, આવીને તેણે ત્રણ વાર આદક્ષિણા પ્રદ ક્ષિણા કરી પછી વંદના કરી, નમસ્કાર કર્યાં. કહ્યું-'દેવાનુપ્રિય ! આપ ધન્ય છો, કૃતાર્થ છો, કૃતપુણ્ય છો અને સુલક્ષણવાળા છો, જે આપ રાજ્યને અને અંતઃપુરને છોડીને, અંત પુરને ધિક્કારીને યાવત્ પ્રવ્રજિત થયા છો અને હું અધન્ય છું, પુણ્યહીન છું, યાવત્ રાજ્ય માં અંતપુરમાં અને માનવીય કામભોગોમાં મૂર્ચ્છિત યાવત્ તલ્લીન છું. યાવત્ દીક્ષિત થવામાં સમર્થ નથી. તેથી હે દેવાનુપ્રિય ! આપ ધન્ય છો યાવત્ આપને જન્મ અને જીવન નું સુંદર ફળ મેળવેલ છે.'

ત્યાર પછી કંડરીક અણગારે પુંડરીકની આ વાતનો આદર ન કર્યો, યાવત્ તે મૌન રહ્યા. ત્યારે બીજીવાર અને ત્રીજીવાર પણ પુંડરીકે કહ્યું. ત્યાર પછી ઈચ્છા ન હોવા છતાં પણ વિવશતાને કારણે લજ્જાથી અને મોટા ભાઈના ગૌરવના કારણે પુંડરીક રાજાને પૂછ્યું. તે સ્થવિરોની સાથે બહાર જનપદમાં વિચરવા લાગ્યા. તે સમયે સ્થવિ રોની સાથે તેમણે થોડો સમય ઉગ્ર વિહાર કર્યો. ત્યાર પછી તે શ્રમણત્વથી થાકી ગયો. શ્રમણત્વથી કંટાળી જવાથી શ્રમણત્વ તરફ તિરસ્કાર પ્રાપ્ત થયો. સાધુતાના ગુણોથી મુક્ત થયો. તેથી તે ધીમે-ધીમે સ્થવિરોની પાસેથી નીકળી ગયા. નીકળીને જ્યાં પુંડરી-કિણી નગરી હતી, જ્યાં પુંડરીક રાજાનું ભવન હતું, ત્યાં આવ્યા. આવીને અશોકવાટિ કામાં શ્રેષ્ટ અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટક ઉપર બેસી ગયા. બેસીને ભગ્નમનો રથ ચિંતા મગ્ન થઈ રહ્યા. ત્યાર પછી પુંડરીક રાજાની ધાયમાતા જ્યાં અશોકવાટિકા હતી ત્યાં આવી. ત્યા આવીને તેણે કંડરીક અણગારને ચિંતામગ્ન જોયો. જોઈને જ્યાં પુંડરીક રાજા હતો, ત્યાં આવીને વાત કરી.

ત્યાર પછી પુંડરીક રાજા, ધાયમાતા પાસેથી આ વાત સાંભળીને અને સમજીને સંભ્રાન્ત થઈને ઉઠ્યા. ઉઠીને અંતઃપુરના પરિવારની સાથે અશોકવાટિકામાં ગયા. જઈને કંડરીક અણગારને ત્રણવાર પેલાની જેમ કહ્યું-'દેવાનુપ્રિય ! તમે ધન્ય છો. યાવત્ દીક્ષિત થયા છો. હું અધન્ય છું કે યાવત્ સંયમ લેવામાં અસમર્થ છું. તેથી હે દેવાનુપ્રિય ! તમે ધન્ય છો યાવત્ માનવીય જન્મ અને જીવનનું સુંદર ફળ મેળવેલ છે.'પણ કંડરીક અણગાર મૌન રહ્યા.ત્યાર પછી પુંડરીકે કંડરીકનેઆપ્રમાણે કહ્યું.'ભગવન્!શુંભોગોનું પ્રયોજન છે ? ત્યાર કંડરીકે કહ્યું - 'હા પ્રયોજન છે ?' ત્યારે પુંડરીક રાજાએ કૌટુમ્બિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરુષોને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું.-'દેવાનુપ્રિય ! શીઘ્રતાથી કંડરીકનો મહાન અર્થવ્યવાળા યાવત્ રાજ્યાભિષેકની તૈયારી કરો.

[૨૧૬] ત્યાર પછી પુંડરીકે સ્વયમેવ પંચમુષ્ટિ લોચ કર્યો. અને સ્વયં ચાતુર્યામ સર્વ ધર્મ અંગીકાર કર્યો. અંગીકાર કરીને કંડરીકના આચારભાંડ ગ્રહણ કર્યા. ગ્રહણ કરીને આ પ્રમાણેનો અભિગ્રહ ગ્રહણ કર્યો.-'સ્થવિર ભગવંતને વંદન નમસ્કાર કરીને, સ્થવિર ભગવંતની પાસે ચાતુર્યામ ધર્મ અંગીકાર કરીનેજ પછી મને આ હાર કરવો કલ્પે.' આ પ્રમાણે કહીને અને આ પ્રમાણેનો અભિગ્રહ ધારણ કરીને પુંડરીક પુંડરી-કિણી નગરીથી બહાર નીકળ્યા. નીકળીને અનુક્રમથી ચાલતા થકા, એક ગામથી બીજે ગામ જતાં, જે તરફ સ્થવિર ભગવંત હતા, તે તરફ ગમન કરવાને ઉદ્યત થયા.

[૨૧૭] ત્યાર પછી કંડરીક રાજાને પ્રણીત આહાર કરવાથી, અતિજાગરણ કરવાથી અને અતિ ભોજનના પ્રસંગથી તે આહાર સારી રીતે પરિણત ન થયો, પચી ન શક્યો. તે આહાર ન પચવાથી મધ્ય રાત્રિના સમયે કંડરીક રાજાના શરીરમાં ઉજ્જવલ, વિપુલ, અત્યંત ગાઢી યાવત્ દુસ્સહ વેદના ઉત્પન્ન થઈ. તેનું શરીર પિત્તજ્વરથી વ્યાપ્ત થઈ ગયું. તેથી તેને દાહ થવા લાગ્યો. કંડરીક એવી રોગમય સ્થિતિમાં રહેવા લાગ્યો. ત્યાર પછી કંડરીક રાજા રાજ્યમાં, રાષ્ટ્રમાં, અને અંતઃપુરમાં યાવત્ અતીવ આસક્ત બની, આર્ત્તધ્યાનના વશીભૂત થઈ, ઇચ્છા વિના જ પરાધીન બનીને કાલ માસમાં કાલ કરીને, નીચે સાતમી પૃથ્વીમાં સર્વોત્કૃષ્ટ સ્થિતિવાળા નરકમાં નારકી રૂપે ઉત્પન્ન થયો. એ પ્રમાણે યાવત્ જે આપણા સાધુ યા સાધ્વી દીક્ષિત થઈને પાછા માનવીય કામ-ભોગોની ઇચ્છા કરે છે તે યાવત્ સંસારમાં પર્યટન કરે છે.

[૨૧૮] ત્યાર પછી પુંડરીક અણગાર જ્યાં સ્થવિર ભગવંતો હતા, ત્યાં આવ્યા. આવીને સ્થવિર ભગવંતને વંદન-નમસ્કાર કર્યા. વંદન-નમસ્કાર કરીને સ્થવિર ભગ-વંતોની પાસે બીજી વાર ચાતુર્યામ ધર્મ અંગીકાર કર્યો. પછી ષષ્ઠભક્તના પારણામાં પ્રથમ પોરસીએ સ્વાધ્યાય કર્યો. યાવત્ અટન કરતાં ઠંડું, રુક્ષ, ભોજન પાણી ગ્રહણ કર્યું. ગ્રહણ કરીને 'આ મારા માટે પર્યાપ્ત છે' એમ વિચારીને પાછા ફર્યા. આવીને ભોજન-પાણી બતાવ્યા. બતાવીને સ્થવિ રોની આજ્ઞા લઈને મૂર્છાર હિત થઈને તથા ગૃદ્ધિ, આસક્તિ, તેમજ તલ્લીનતાથી રહિત થઈને જેમ સર્પ બીલમાં સીધો ચલ્યો જાય છે તેમ સ્વાદિમને શરીર રૂપી કોઠામાં નાખે છે. ત્યાર પછી પુંડરીક અણગારને તે કાલાતિક્રાન્ત રસહીન, ઠંડો અને રુક્ષ ભોજન પાણીનો આહાર સમ્યક્ રૂપે પરિણત ન થયો. તે સમયે તે પુંડરીક અણગારના શરીરમાં ઉજ્જ વલ યાવત્ દુસ્સહ વેદના ઉત્પન્ન થઈ. તેમનું શરીર પિત્તજ્વરથી વ્યાપ્ત થઈ ગયું અને શરીરમાં દાહ થવા લાગ્યો.

ત્યાર પછી પુંડરીક અણગાર નિસ્તેજ, નિર્બલ, વીર્યહીન, અને પુરુષકાર-પરા ક્રમ રહિત થઈ ગયો. તેમણે બંને હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું.- યાવત્ સિદ્ધિને પ્રાપ્ત અરિહંત ભગવંતને નમસ્કાર. હો મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક એવા સ્થવિરોને 'મારા નમસ્કાર હો. સ્થવિરોની પાસે પહેલાં પણ મેં સમસ્ત પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાન કર્યા હતા. યાવત્ મિથ્યાદર્શનશલ્યના પ્રત્યાખ્યાન કર્યા હતા. ઇત્યાદિ કહીને યાવત્ આલોચના પ્રતિક્રમણ કરીને કાલમાસમાં કાલ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી અનન્તર ચ્યુત થઈને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને યાવત્ સિદ્ધિને પ્રાપ્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરશે. સર્વ દુઃખોનો અંત કરશે. એ પ્રમાણે હે આયુષ્મન્ શ્રમણો ! જે સાધુ યા સાધ્વી સંયમ લઈને મનુષ્ય સંબંધી કામ ભોગોમાં આસક્ત થતા નથી, રક્ત થતા નથી, યાવત્ પ્રતિઘાત પામતા નથી, તેઓ આ ભવમાં ઘણા સાધુ, ઘણી સાધ્વીઓ, ઘણા શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓ દ્વારા અર્ચનીય, વંદનીય, પૂજનીક, સત્કારિત સન્માનિત, કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવ અને ચૈત્ય સમાન, ઉપાસના કરવા યોગ્ય થાય છે. તે સિવાય પરલોકમાં પણ રાજદંડ, રાજનિગ્રહ, તર્જના અને તાડનાને પામતા નથી યાવત્ ચતુર્ગતિ રૂપ સંસારની અટવીને પાર કરે છે.

[૨૧૯] આ પ્રથમ શ્રુતસ્કંધના ઓગણીસ અધ્યયન એક એક દિવસે કરવાથી ઓગણીસ દિવસમાં તે પૂર્ણ થયા છે.

**અધ્યયન-૧૯-ની મુનિ દીપરત્નસાગરકરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**શ્રુતસ્કંધ-૧-ગુર્જરછાયા પૂર્ણ**

# ॐ શ્રુતસ્કંધ-૨ ॐ

## ॐ વર્ગ-૧ ॐ

### અધ્યયન-૧-કાલી

[૨૨૦] તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગર હતું. તે રાજગૃહ નગરની બહાર ઉત્તરપૂર્વ દિશામાં ગુણશીલ નામનું ચૈત્ય હતું. તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરના અંતે વાસી શિષ્ય આર્ય સુધર્મા સ્વામી નામક સ્થવિર ભગવંત જાતિસંપન્ન, ઊંચા જાતિના, કુળથી સંપન્ન યાવત્ ચૌદ પૂર્વના વેત્તા અને ચાર જ્ઞાનોથી યુક્ત હતા. તે પાંચસો અણગારોથી પરિવૃત થઈને અનુક્રમથી ચાલતા, એક ગામથી બીજા ગામે વિચરતા, સુખે-સુખે વિહાર કરતા, જ્યાં રાજગૃહ નામક નગર હતું, જ્યાં ગુણશીલ ઉદ્યાન હતું, ત્યાં પધાર્યા. યાવત્ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા થકા વિચરવા લાગ્યા. માટે પરિષદ નીકળી. ધર્મનો ઉપદેશ આપ્યો. પરિષદ પાછી ગઈ. તે કાળે અને તે સમયે આર્ય સુધર્માના અંતેવાસી શિષ્ય આર્યજમ્બૂ નામના અણગાર યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા-'હે ભગવન્ ! જો શ્રમણ ભગવાન મહાવીર યાવત્ સિદ્ધ ગતિને પામેલા જિનેશ્વરે છઠ્ઠા અંગના 'જ્ઞાતશ્રુત' નામક પ્રથમ સ્કંધનો આ અર્થપ્રરૂપેલ છે, તો 'ધર્મકથા' નામક દ્વિતીય શ્રુતસ્કંધનો શું અર્થ ફરમાવેલ છે ?'

'હે જમ્બૂ ! શ્રમણ ભગવાન મહાવીરે યાવત્ સિદ્ધિને પ્રાપ્ત જિનેશ્વરે 'ધર્મકથા' નામક દ્વિતીય શ્રુતસ્કધના દસ વર્ગ કહેલા છે. ચમરેન્દ્રની અગ્રમહિષીઓ, વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિની અગ્રમહિષીઓ, અસુરેન્દ્રને છોડીને નવ દક્ષિણદિશાના ભવન પતિઓની અગ્રમહિષીઓ, અસુરેન્દ્રને છોડીને નવ ઉત્તરદિશાના ભવનપતિઈન્દ્રોની અગ્રમહિષીઓ, દક્ષિણદિશાના વાણવ્યંતરદેવોના ઈન્દ્રોની અગ્રમહિષીઓ, ઉત્તર દિશાના વાણવ્યંત્તરદેવોના ઈન્દ્રોની અગ્રમહિષીઓ, ચંદ્રની અગ્રમહિષીઓ, સૂર્યની અગ્રમહિષી, શક્ર ઈન્દ્રની અગ્રમહિષી, અને ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓ.

'હે જમ્બૂ ! શ્રમણ ભગવાન મહાવીર યાવત્ સિદ્ધિને થયેલાએ, પ્રથમ વર્ગના

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ અધ્યયન કહેલા છે. તે આ પ્રમાણે- કાલી, રાજી, રજની, વિદ્યુત અને મેઘા.

'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગરમાં ગુણશીલ ઉદ્યાન હતું. શ્રેણિક રાજા હતો.ચેલણા રાણી હતી.તેસમયેસ્વામી સમોસર્યા.પરિષદ નીકળી યાવત્ પરિષદ પર્યુપાસના કરવા લાગી. તે કાળ અને તે સમયમાં કાલી નામક દેવી ચરમચંચા રાજધાનીમાં, કાલવંતસક ભવનમાં, કાલ નામક સિંહાસન ઉપર આસીન હતી. ચાર હજાર સામાનિક દેવીઓ, ચાર મહતરિકા દેવીઓ, પરિવાર સહિત ત્રણે પરિષદો, સાત અનીકો, સાત અનિકાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો તથા અન્યાન્ય કાલાવંતસક ભવનના નિવાસી અસુર કુમાર દેવો તથા દેવીઓની સાથે પરિવૃત્ત થઈને જોરથી વાગતા વાજિન્ત્રો આદિથી મનોરંજન કરતી યાવત વિચરતી હતી. તે કાલી દેવી આ કેવલ કલ્પાજમ્બૂદ્વીપને પોતાના વિપુલ અવધિજ્ઞાનનો ઉપયોગ લગાડી જોતી હતી. તેણીએ શ્રમણ ભગવાન મહાવીરને જોયા. જોઈને તે હર્ષિત અને સંતુષ્ટ થઈ તેનું ચિત્ત આનંદિત થયું, મન પ્રીતિયુક્ત થયું, તે અપહૃત હૃદયવાળી થઈને સિંહાસન ઉપરથી ઊઠી. પાદપીઠથી નીચે ઊતરી.તેણીએ પાદુકાઉતારી નાંખી પછી તીર્થંકર ભગવાનની સન્મુખ સાત-આઠ પગલા આગળ વધી. વધીને તેણીએ જમણા ઘુંટણને પૃથ્વી પર રાખ્યો અને ડાબા ઘુંટણને ઉપર રાખ્યો, પછી મસ્તક કંઈક ઊંચું રાખ્યું, ત્યાર પછી કડા અને બાજુ બંધથી સ્તંભિત ભુજાઓ ભેગી કરી, બંને હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહેવા લાગી.

'યાવત્ સિદ્ધિને પ્રાપ્ત અરિહંત ભગવંતને નમસ્કાર હો. યાવત્ સિદ્ધિને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા શ્રમણ ભગવાન મહાવીરને મારા નમસ્કાર. અહીં રહેલી હું ત્યાં સ્થિત ભગવાનને વંદના કરું છું. ત્યાં સ્થિત શ્રમણ ભગવાન મહાવીર અહીં રહેલી મને દેખે.' આ પ્રમાણે કહીને વંદના કરી, નમસ્કાર કર્યા. વંદન-નમસ્કાર કરીને પૂર્વ દિશા તરફ મુખ કરીને પોતાના શ્રેષ્ઠ સિંહાસન ઉપર આરૂઢ થઈ. ત્યાર પછી કાલી દેવીને આ પ્રકારનો અધ્યવસાય યાવત ઉત્પન્ન થયો-'શ્રમણ ભગવાન મહાવીરને વંદના કરીને યાવત્ તેમની પર્યુપાસના કરવી મારા માટે શ્રેયસ્કર છે.' જેમ સૂર્યાભદેવે પોતાના આભિનિયોગિક દેવોને આજ્ઞા આપી હતી, તેવી રીતે કાલી દેવીએ આજ્ઞા આપી કે- શ્રેષ્ઠ દેવતાઓના ગમનને યોગ્ય, યાન-વિમાન બનાવીને તૈયાર કરો, વિશેષતા એ કે હજાર યોજન વિસ્તારવાળુ વિમાન બનાવ્યું. શેષ વર્ણન સૂર્યાભદેવની સમાન જાણવું. પોતાન નામ-ગોત્ર કહ્યું. તેની જેમ નાટક બતાવ્યું. પછી કાલીદેવી પાછી ગઈ. ગૌતમ સ્વામીએ કહ્યું-ભગવન્ ! કાલી દેવીની દિવ્યઋદ્ધિ ક્યાં ચાલી ગઈ ? ભગવાને ઉત્તરમાં કૂટાકાર શાલાનું દૃષ્ટાંત આપ્યું.

કાલી દેવીને આ મનોહર દેવર્દ્ધિ પૂર્વ ભવમાં શું કરવાથી મળી છે ? દેવભવમાં કેવી રીતે પ્રાપ્ત થઈ ? અને કેવી રીતે તેની સામે આવી ? હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં આ જમ્બૂદ્વીપ નામક દ્વીપમાં, ભરત ક્ષેત્રમાં આવલકલ્પા નામે નગરી હતી તે નગર બહાર ઈશાન કોણમાં આમ્રશાલવન નામક ઉદ્યાન હતું. જિતશત્રુ રાજા હતો. તે આમલકલ્પા નગરીમાં કાલ નામનો એક ગાથાપતિ રહેતો હતો. તે ધનાઢ્ય હતા, કોઈથી પરાભવ પામતો ન હતો. તે કાલ નામક ગાથાપતિને કાલશ્રી નામની પત્ની હતી. તેના હાથ પગ સુકુમાર હતા યાવત્ સુંદર અવયવોવાળી મનોહર હતી. તે કાલ ગાથા પતિની પુત્રી અને કાલશ્રીની આત્મજા કાલી નામક દારિક - પુત્રી હતી. ઘણી મોટી વય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવા છતાં કુમારી હતી. તે જીર્ણ હતી અને જીર્ણ હોવા છતાં કુમારી હતી. તેના સ્તનો, નિતંબ અવનત બની ગયા હતા. વર તેનાથી વિરક્ત થઈ ગયા હતા. તે કાળ અને તે સમયમાં પુરુષાદાનીય, તેમજ ધર્મની આદિ કરનાર પાર્શ્વનાથ અરિહંત હતા. તે વર્ધમાન સ્વામીની સમાન હતા. વિશેષતા આ કે પાર્શ્વનાથ નવ હાથ ઊંચા શરીરવાળા, સોળ હજાર સાધુઓ અને આડત્રીસ હજાર સાધ્વીઓથી પરિવૃત હતા.

ત્યાર પછી કાલી દારિકા પાર્શ્વપ્રભુના આવાગમનના સમાચાર સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ સંતુષ્ટ હૃદયવાળી થઈને જ્યાં માતા-પિતા હતા. ત્યાં આવી આવીને બંને હાથજોડીનેયાવત્આ પ્રમાણે બોલીહેમાતાપિતા!જો આપની આજ્ઞાહોય તો મારી પાર્શ્વ પ્રભુના ચરણમાં વંદન કરવાને માટે જવાની ઈચ્છા છે.' માતા પિતાએ કહ્યું-'હે દેવાનુપ્રિયે!તને જેમ સુખ ઉપજે, તેમ કર પરંતુ ધર્મના કાર્યમાં વિલંબ ન કર.' ત્યારે કાલી નામક દારિકા દ્રૌપદીની સમાન ભગવાનને વંદના કરી યાવત્ ઉપાસના કરવા લાગી. ત્યારે પાર્શ્વ અરિહંત પુરુષાદાનીયે કાલી દારિકા તેમજ અન્ય પરિષદને ધર્મોપદેશ આપ્યો.

ત્યાર પછી કાલી દારિકા આ પ્રમાણે બોલી-'હે ભગવાન ! હું નિર્ગ્રંથ પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું. યાવત્ તમે જે કહ્યું છે તે તેમ જ છે. કેવલ હે દેવાનુપ્રિય ! હું મારા માતા-પિતાને પૂછીને આપ દેવાનુપ્રિયની પાસે સંયમ લેવા ઈચ્છું છું.' ભગવાને કહ્યુંઃ 'દેવાનુપ્રિયે ! જેમ સુખ ઉપજે તેમ કરો.' 'હે માતા-પિતા ! મેં પાર્શ્વનાથ અરિહંતની પાસે ધર્મ સાંભળ્યો છે. તે ધર્મની મેં ઈચ્છા પણ કરી છે. પુનઃ પુનઃ ઈચ્છા કરી છે, તેના પર રુચિ કરી છે. તેથી હે માતા-પિતા ! હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થયેલી છું. જન્મ-મરણના ભયથી ભયભીત થઈ છું. તો હું આપની આજ્ઞા મેળવીને પાર્શ્વનાથ અરિહંતની પાસે મુંડિત થઈને ગૃહત્યાગીને અણગારિતા બનાવ ઈચ્છું છું. માતા પિતાએ કહ્યું-દેવાનુપ્રિયે ! જેમ સુખ ઉપજે તેમ કરો. ધર્મ કાર્યમાં વિલંબ ન કરો.' યાવત્ હે દેવાનુપ્રિય !હું આપને શિષ્યાની ભિક્ષા આપું છું. તેથી દેવાનુપ્રિય ! આપ શિષ્યાની ભિક્ષા અંગીકાર કરો. ભગવાન બોલ્યા-'હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો. ધર્મકાર્યમાં વિલંબ ન કરો.' ત્યારે તે કાલી કુમારીએ પાર્શ્વ અરિહંતને વંદન-નમસ્કાર કર્યા. વંદન-નમસ્કાર કરીને તે ઉત્તર પૂર્વ દિશામાં ગઈ. ત્યાં જઈને તેણીએ સ્વયં જ આભૂષણમાલા, અલંકાર ઉતાર્યા અને સ્વયંજ લોચ 'કર્યો. પછી જ્યાં પુરુષાદાનીય અરિહંત પાર્શ્વ હતાં, ત્યાં આવી. આવીને પાર્શ્વ અરિહંતને ત્રણવાર વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલી. 'ભગવન્ ! આ લોક આદિપ્ત છે અર્થાત્ જેન્મ-મરણ આદિના સંતાપથી બળી રહ્યો છે, ઈત્યાદિ દેવાનંદાની સંમાન જાણવું. હું ઈચ્છું છું કે આપ સ્વયં મને દીક્ષા પ્રદાન કરો. ત્યાર પછી પુરુષાદાનીય અરિહંત પાર્શ્વનાથે સ્વયમેવ કાલીકુમારીને પુષ્પચૂલા આર્યાને શિષ્યાના રૂપમાં પ્રદાન કરી. ત્યારે પુષ્પચૂલા આર્યાએ કાલી કુમા રીને સ્વયં દીક્ષિત કરી. યાવત્ કાલી પ્રવ્રજ્યા અંગીકાર કરીને વિચરવા લાગી.ત્યાર પછી તે કાલી આર્યા ઈર્યાસમિતિથી યુક્ત યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી બની ગઈ. ત્યાર પછી તે કાલી આર્યાએ પુષ્પચૂલા આર્યાની પાસે સામાયિકથી લઈને અગ્યાર અંગોનું અધ્યયન કર્યું તથા ઘણા ચતુર્થભકત, ષષ્ઠભકત આદિ તપસ્યા કરતી વિચરવા લાગી.

ત્યાર પછી તે કોઈ સમયે તે કાલીઆર્યા શરીર બાકુશિકા વગેરે સુકુમાલિકાની જેમ જાણવું બની ગઈ. ત્યાર પછી તે કાલી આર્યા પાસત્થા પાસત્થવિહારિણી, અવ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સન્ન,અવસન્નવિહારિણી, કુશીલા. કુશીલવિહારિણી, યથા છંદા, યથાછંદવિહારિણી, સંસકતા, સંસક્તવિહારિણી થઈને, ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને, અર્ધમાસની સંલેખના કરીને, આત્મા ને ક્ષીણ કરીને ત્રીસ ભક્ત અનશનને છેદીને, તે પાપસ્થાનની આલોચના અને પ્રતિ ક્રમણ કર્યા વિના કાળસમયે કાળ કરીને ચમરચંચા રાજધાનીમાં કાલવતંસક નામના વિમાનમાં, ઉપપાત સભામાં, દેવશય્યામાં. દેવદૂષ્ય વસ્ત્રથી અંતરિત થઈને અંગુલની અસંખ્યાતમા ભાગની અવગાહના દ્વારા કાલી દેવીના રૂપે ઉત્પન્ન થઈ.

ત્યાર પછી કાલી દેવી તત્કાલ ઉત્પન્ન થઈને સૂર્યાભદેવની જેમ યાવત્ પાંચ પર્યાપ્તિથી યુક્ત બની ગઈ. ત્યાર પછી તે કાલી દેવી ચાર હજાર સામાનિક દેવો તથા અન્ય ઘણા કાલાવતંસક નામના ભવનમાં નિવાસ કરનાર અસુરકુમાર દેવોનું તથા દેવીઓનું અધિપતિત્વ કરતી થકી રહેવા લાગી. આ પ્રમાણે હે ગૌતમ ! કાલી દેવીએ તે દિવ્ય દેવઋદ્ધિ પ્રાપ્ત કરી. યાવત્ ઉપભોગમાં આવવા યોગ્ય બનાવી છે. 'ભગવન્ ! કાલી દેવીની કેટલા કાલની સ્થિતિ કહી છે ? 'હે ગૌતમ ! અઢી પલ્યોપમની સ્થિતિ કહી છે.' ગૌતમ - 'ભગવન્ ! તે કાલી દેવી તે દેવલોકથી અનંતર ચ્યવીને ક્યાં ઉત્પન્ન થશે ?' ભગવાન - 'હે ગૌતમ ! તે મહાવિદેહ ક્ષેત્રથી સિદ્ધ થશે.'

## વર્ગ:૧ - અધ્યયન:૨ - રાજી

[૨૨૧] જો યાવત્ સિદ્ધિને પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર જિનેશ્વરે પ્રથમ વર્ગના પ્રથમ અધ્યયનનો પૂર્વોક્ત અર્થ ફરમાવેલો છે તો પ્રથમ વર્ગના બીજા અધ્યયનનો શું અર્થ ફરમાવેલ છે ?' 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગર હતું. તેમાં ગુણશીલ ચૈત્ય હતું. સ્વામી સમોસર્યા. પરિષદ નીકળી યાવત્ પર્યુપાસના કરવા લાગી. તે કાળ અને તે સમયમાં રાજી નામક દેવી ચમરચંચા રાજધાનીથી કાલી દેવીની જેમ ભગવાનને વાંદવા આવી. નાટ્યવિધિ બતાવીને યાવત્ પાછી ચાલી ગઈ. તે સમયે ગૌતમે તેણીનો પૂર્વભવ પૂછ્યો. ભગવાને કહ્યું, 'હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં આમલકલ્પા નામની નગરી હતી. આમ્રશાલવન ઉદ્યાન હતું. જિતશત્રુ રાજા હતો. રાજી નામક ગાથાપતિ હતો. તેને રાજીશ્રી ભાર્યા હતી. રાજી તેમની પુત્રી હતી. પાર્શ્વ નાથ પ્રભુ સમોસર્યા.જે રાજી પુત્રી વન્દન કરવા નીકળી.કાલીની જેમ સંયમ લઈને શરીર બાકુશિકા બની ગઈ. ઈત્યાદિ સર્વ વૃત્તાન્ત કાલી સમાન જાણવું યાવત્ અંતે સિદ્ધ થશે.'

## વર્ગ:૧ - અધ્યયન - ૩ - રજની

[૨૨૨] જો બીજા અધ્યયનનો પૂર્વોક્ત અર્થ કહ્યો તો ત્રીજા અધ્યનનો શું અર્થ ફરમાવેલ છે ?' 'આ પ્રમાણે હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહનગર હતું. ગુણશીલ ચૈત્ય હતું. જેમ રાજીના સંબંધમાં કહ્યું તે જ પ્રમાણે રજનીનું પણ જાણવું. વિશેષતા એ કે-આમકલ્પા નગરીમાં રજની ગાથાપતિની રજની શ્રી તેની ભાર્યા હતી. રજની દારિકાપુત્રી હતી. શેષ સર્વ વૃત્તાન્ત પૂર્વવત્, સમજવો.

## વર્ગ:૧ - અધ્યયન - ૪ - વિદ્યુત

[૨૨૩] તે જ પ્રમાણે વિદ્યુતનું વૃત્તાન્ત પણ સમજવું. આમલકલ્પા નગરી, વિદ્યુત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાથાપતિ, વિદ્યુતશ્રી તેની ભાર્યા અને વિદ્યુત નામે પુત્રી હતી. શેષ સર્વ કથા પૂર્વવત્.

## વર્ગઃ૧ - અધ્યયન-૫-મેઘા

[૨૨૪] તે જ પ્રમાણે મેઘાનું પણ વૃત્તાન્ત સમજવો. આમલકલ્પા નગરી, મેઘ નામક ગાથાપતિ, મેઘશ્રી નામે તેની ભાર્યા અને મેઘા પુત્રી શેષ પૂર્વવત્.

**વર્ગઃ૧-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## 卐 વર્ગઃ૨ 卐 અધ્યયનો-૧ થી ૫

[૨૨૫] જમ્બૂ ! યાવત્ સિદ્ધિને પ્રાપ્ત ભગવાન મહાવીરે બીજા વર્ગના પાંચ અધ્યયનો બતાવેલા છે તે આ પ્રમાણે- શુંભા નિશુંભા રંભા નિરંભા મદના.'

'હે જમ્બૂ ! આ પ્રમાણે તે કાળ અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ગુણશીલ નામે ઉદ્યાન હતું. સ્વામી સમોસર્યા. પરિષદ નીરળી યાવત્. પર્યુપાસના કરવા લાગી. તે કાળ અને તે સમયમાં બલિચંચા રાજધાનીમાં શુંભાવતંસક ભવનમાં, શુંભા દેવી શુભં નામે સિંહાસન ઉપર આરૂઢ હતી. ઈત્યાદિ કાલી દેવીની જેમ સર્વ વૃત્તાન્ત જાણવો શ્રી ગૌતમ સ્વામીએ પૂર્વભવ પૂછ્યો. ભગવાને કહ્યું-'શ્રાવસ્તી નગરી હતી. કોષ્ટક નામે ચૈત્ય હતું. જિતશત્રુ નામે રાજા હતો. શ્રાવસ્તીમાં શુંભ નામે ગાથાપતિહતો શુંભશ્રી નામે ભાર્યા હતી. શુંભા નામે તેની પુત્રી હતી. શેષ સર્વ વૃતક્તાન્ત કાલીની સમાન જાણવો. વિશેષ તાએ કે શુંભા દેવીની સાડા ત્રણ પલ્યોપમની સ્થિતિ હતી. શેષ ચારે અધ્યનનો તેજ પ્રમાણે અર્થ જાણવો.

**વર્ગ-૨ની મુનિ દીપરત્નસગારે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## 卐 વર્ગઃ૩ 卐 અધ્યયનઃ૧-૫૪

[૨૨૬] હે જમ્બૂ ! ત્રીજા વર્ગના ચોપન અધ્યયન પ્રરૂપેલા છે. 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગર હતું. ગુણશીલ ચૈત્ય હતું. ભગવાન પધાર્યા. પરિષદ નીકળી યાવત્ પર્યુપાસના કરવા લાગી. તે કાલ અને તે સમય્, ઈલા નામક દેવી ધરણી નામક રાજધાનીમાં, ઈલાવતંસક ભવનમાં, ઈલા નામક સિંહાસન ઉપર બેઠી હતી. કાલી દેવીની સમાન ઈલા દેવી પણ યાવત્ નાટ્યવિધિ બતાવીને પાછી ગઈઃ ગૌતમ સ્વામીએ પૂર્વભવ પૂછ્યો. ભગવાન ઉત્તર આપે છે. વારાણસી નગરી હતી. તેમાં કામ મહાવન નામક ઉદ્યાન હતું. ઈલા નામે ગાથાપતિ હતો. ઈલાશ્રી તેની ભાર્યા હતી. ઈલા નામક પુત્રી હતી. શેષ સર્વ વૃત્તાન્ત કાલીની સમાન જાણવો. વિશેષતા એ કે ઈલા આર્યા ધરણેન્દ્રની અગ્રમહિષીના રૂપમાં ઉત્પન્ન થઈ. અર્ધ પલ્યોપમથી કંઈક અધિક તેની સ્થિતિ જાણવી. શેષ વૃત્તાન્ત પૂર્વવત્. આ પ્રમાણે ક્રમથી સતેરા સૌદામિની ઈન્દ્રા ધના અને વિદ્યુતા, આ પાંચ દેવીઓના પાંચ અધ્યયનો કહેવા જોઈએ આ દરેક ધરણેન્દ્રની અગ્રમહિષી છે. આ પ્રમાણે છ અધ્યયનો. કોઈ પણ વિશેષતા વિના વેણુદેવના જાણવા જોઈએ. તે પ્રમાણે કંઈ પણ વિશેષતા વિના ઘોષના પણ છ-છ અધ્યયનો જાણવા. આ પ્રમાણે દક્ષિણ દિશાના ઈન્દ્રોના ચોપન અધ્યયનો છે. તે બધા વારાણસી નગરીના કામમહાવન ઉદ્યાનમાં કહેવા જોઈએ.

**વર્ગ-૩-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 卐 વર્ગઃ૪ 卐 અધ્યયનઃ૧-૫૪

[૨૨૭] 'હે જમ્બૂ ! ચોથાવર્ગના ચોપન અધ્યયનનો પ્રરૂપેલા છે. 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગરમાં ભગવાન સમોસર્યા. પરિષદ નીકળી યાવત્ પર્યુપાસના કરવા લાગી. તે કાળ અને તે સમયમાં રુચા દેવી, રૂચાનંદા રાજધાનીમાં, રુચકાવતંસક ભવનમાં રૂચક નામના સિંહાસન ઉપર બેઠી હતી. ઈત્યાદિ સર્વ વૃત્તાન્ત કાલીની સમાન જાણવો. વિશેષતા એ કે પૂર્વભવમાં ચંપા નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. ત્યાં રુચક નામે ગાથાપતિ હતો. રુચકશ્રી તેની ભાર્યા હતી. રુચા નામે તેની પુત્રી હતી. શેષ વૃત્તાન્ત પૂર્વવત. વિશેષતા એ કે ભૂતાનન્દ નામના ઈન્દ્રની અગ્રમહિષીના રૂપે ઉત્પન્ન થયેલી. કંઈક ન્યૂન અને પલ્યોપમની સ્થિતિ જાણવી. તે જ પ્રમાણે સુરુચા રુચાંશા રુચકાવતી રુચકાન્તા અને રુચપ્રભા નામે પાંચ અધ્યયનો પાંચ દેવીઓના જાણવા. તેજ પ્રમાણે છ-છ દેવીઓ નવમા મહાઘોષ સુધી ઉતર દિશાના ઈન્દ્રોની કહેવી. આ પ્રમાણે છ છ અધ્યયન નવ ઈન્દ્રોના કહેવાથી ચોપન અધ્યયન થાય છે.

**વર્ગ-૪-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## 卐 વર્ગઃ૫ 卐 અધ્યયનઃ૧-૩૨

[૨૨૮] 'હે જમ્બૂ ! પાંચમા વર્ગના બત્રીસ અધ્યયન કહેલ છે,

[૨૨૯૦-૨૩૨] કમલાદેવી કમલપ્રભા ઉત્પલા દેવી સુદર્શના દેવી રુપવતી બહુરુપા સુરુપા સુભગા પૂર્ણા બહુપુત્રિકા ઉત્તમા ભારિકા પદ્મા વસુમતી કનકા. કનકપ્રભા અવતંસાકેતુમતી વજસેના. રતિપ્રિયા રોહિણી નવમિકા હ્રી પુષ્પવતી ભુજગા ભુજગવતી મહાકચ્છા અપરાજિતા સુઘોષા વિમલા સુસ્વરા અને સરસ્વતી.

[૨૩૩] 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગર હતું. યાવત્ મહાવીર ભગવાન સમોસર્યા. પરિષદ નીકળી યાવત્ પર્યુપાસના કરવા લાગી. તે કાળ અને તે સમયમાં કમલા દેવી કમલા નામક રાજધાનીમાં, કમલાવતંસક ભવનમાં, કમલ નામના સિંહાસન ઉપર આરૂઢ હતી. શેષ સર્વ વૃત્તન્ત કાલી દેવીની સમાન જાણવો. વિશેષતા એ કે પૂર્વભવમાં નાગપુર નગરમાં, સહસ્રામ્રવન ઉદ્યાનમાં,કમલ નામે ગાથાપતિ હતો. તેને કમલશ્રી પત્ની હતી. તેને કમલાનામે પુત્રી હતી. પાર્શ્વનાથ અરિહંતની પાસે સંયમ લીધો. શેષ વૃત્તાન્ત પૂર્વવત. વિશેષતા એ કે કાલ નામના પિશાચકુમારેન્દ્રની અગ્રમહિષી રૂપે ઉત્પન્ન થયેલી. તેની સ્થિતિ અર્ધાપલ્યોપમની જાણવી. એ જ પ્રમાણે શેષ સર્વ અધ્યયનો દક્ષિણ દિશાના વાણવ્યંતર ઈન્દ્રોના કહેવા જોઈએ. કમલાપ્રભા આદિ એકત્રીસ કન્યાઓએ નાગપુર નગરમાં, સહસ્રામ્રવન દીક્ષા લીધી, ઉદ્યાનમાં માતા-પિતાના નામ તે તે પુત્રીઓના નામ સમાન જાણવા, અર્ધા પલ્યોપમની સ્થિતિ જાણવી આ પ્રમાણે પાંચમા વર્ગનો અર્થ બતાવેલો છે.

**વર્ગ-૫-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## 卐 વર્ગઃ૬ 卐 અધ્યયનઃ૧-૩૩

[૨૩૪] છઠ્ઠો વર્ગ પણ પાંચમા વર્ગની સમાન જાણવો. વિશેષતા એ કે આ બધી કુમારીઓ મહાકાલ ઈન્દ્ર આદિ ઉત્તર દિશાના ઈન્દ્રોની અગ્રમહિષીઓ થઈ. પૂર્વ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવમાં તે બધી સાકેત નગરમાં ઉત્પન્ન થઈ હતી. ઉત્તરકુરુ ઉદ્યાનમાં તેમની દીક્ષા થઈ. કુમારીઓના નામની સમાન માતા-પિતાના નામ જાણવા. શેષ સર્વ પૂર્વવત.

**વર્ગ - ૬ - ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## 卐 વર્ગ:૭ 卐 અધ્યયન-૧-૪

[૨૩૫] હે જમ્બૂ ! સાતમા વર્ગનાં ભગવાને ચાર અધ્યયન પ્રરૂપેલા છે. તે આ પ્રમાણે સૂર્યપ્રભા આતપા અર્ચિમાલી અને પ્રભંકરા હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગરમાં યાવત્ ભગવાન સમોસર્યા. યાવત્ પરિષદ નીકળી. પર્યુપાસના કરવા લાગી. તે કાળ અને તે સમયમાં સૂર્યપ્રભાવદેવી સૂર્ય વિમાનમાં, સૂર્યપ્રભ સિંહાસન ઉપર આરૂઢ હતી. શેષ સર્વ વૃત્તાન્ત કાલીની સમાન. વિશેષતા એ કે પૂર્વભવમાં અરક્ખુરી નગરીમાં, સૂર્યપ્રભ ગાથાપતિની સૂર્યશ્રી નામે પત્ની હતી. તેને સૂર્યપ્રભાનામે પુત્રી હતી. યાવત્ તે સૂર્ય નામક ઈન્દ્રની અગ્રમહિષી થઈ. તેની પાંચસો વર્ષ-અધિક અર્ધ પલ્યોપમની સ્થિતિ જાણવી. શેષ સર્વ કાલી દેવી સમાન જાણવું. તે જ પ્રમાણે શેષ સર્વ-ત્રણે દેવીઓનો વૃત્તાંત જાણવો અરક્ખુરી નગરીમાં ઉત્પન્ન થઈ ઈત્યાદિ.

**વર્ગ - ૭ - ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## 卐 વર્ગ:૮ 卐 અધ્યયન:૧-૪

[૨૩૬] 'હે જમ્બૂ ! યાવત્ ભગવાન્ મહાવીરે આઠમા વર્ગના ચાર અધ્યયન કહેલા છે. તે આ પ્રમાણે- ચંદ્રપ્રભા દોષીનાભા અર્ચિમાલી અને પ્રભંકરા. હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગરમાં યાવત્ સ્વામી ભગવાન સમોસર્યા યાવત્ પરિષદ પર્યુપાસના કરવા લાગી.' તે કાળ અને તે સમયમાં ચંદ્રપ્રભા દેવી ચંદ્રપ્રભા નામના વિમાનમાં, ચંદ્રપ્રભા સિંહાસન ઉપર બેઠી હતી. શેષ વૃત્તાન્ત કાલી દેવીની સમાન જાણવો. વિશેષતા એ કે પૂર્વભવમાં મથુરા નગરીમાં, ચંદ્રવતંસક ઉદ્યાન હતું. ત્યાં ચંદ્રપ્રભા ગાથાપતિ હતો. ચંદ્રશ્રી તેની પત્ની હતી ચંદ્રપ્રભા તેમની પુત્રી હતી શેષ પૂર્વવત યાવત્ ચંદ્ર નામક ઈન્દ્રની અગ્રમહિષી થઈ. તેની સ્થિતિ પચાસ હજાર વર્ષ અધિક અર્ધપલ્યોપમની કહેલી છે. શેષ સર્વ કાલીની સમાન જાણવું. તે જ પ્રમાણે શેષ ત્રણે દેવીઓ પણ મથુરા નગરીમાં ઉત્પન્ન થઈ યાવત્ માતા પિતાના નામ તે તે પુત્રીના નામ સમાન જાણવા. શેષ પૂર્વવત્ જાણવું.

**વર્ગ - ૮ - ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## વર્ગ-૯

[૨૩૭] 'હે જમ્બૂ ! નવમા વર્ગનાં આઠ અધ્યયન કહેલા છે. તે આ પ્રમાણે- પદ્મા શિવા સતી અંજૂ રોહિણી નવમિકા અચલા અને અપ્સરા 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગર હતું. ભગવાન સમોસર્યા યાવત્ પરિષદ પર્યુપાસના કરવા લાગી. તે કાળ અને તે સમયમાં પદ્માવતી નામની દેવી હતી. સૌધર્મ કલ્પમાં, પદ્માવતંસક વિમાનમાં, સુધર્મા સભામાં, પદ્મનામક સિંહાસન ઉપર બેઠી. શેષ વૃત્તાન્ત કાલી દેવી સમાન જાણવો. આ પ્રમાણે કાલી દેવીના ગમના વૃત્તાન્ત અનુસારે

આઠ અધ્યયનો જાણવા જોઇએ વિશેષતા એ કે પૂર્વભવમાં બે દેવીઓ શ્રાવસ્તી નગરીમાં, બે જણી હસ્તિનાપુર નગરમાં, બે જણી કાંપિલ્યપુર નગરમાં, બે જણી સાકેત નગરીમાં ઉત્પન્ન થઈ. બધાના પિતાનું નામ પદ્મ અને માતાનું નામ વિજયા હતું. બધી પાર્શ્વ અરિહંતની પાસે પ્રવ્રજિત થઇ અને શુક્ર ઇન્દ્રિની અગ્રમહિષી થઈ. તેમની સ્થિતિ સાત પલ્યોપમની કહી છે. બધી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને યાવત્ સમસ્ત દુઃખોનો અંત કરશે.

**વર્ગ-૯-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## વર્ગઃ ૧૦

[૨૩૮-૨૪૧] 'હે જમ્બૂ ! યાવત્ દસમાં વર્ગના આઠ અધ્યયન પ્રરૂપેલ છે. તે આ પ્રમાણે :- કૃષ્ણા કૃષ્ણરાજી રામા રામરક્ષિતા વસુ વસુગુપ્તા વસુમિત્રા અને વસુંધરા. આ આઠ ઈશાન દેવલોકની અગ્રમહિષીઓ છે. 'હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નગર હતું, યાવત્ ભગવાન સમોસર્યા. પરિષદ નીકળી યાવત્ પર્યુપાસના કરવા લાગી. તે કાળ અને તે સમયમાં કૃષ્ણા દેવી ઈશાન કલ્પમાં, કૃષ્ણાવતંસક વિમાન માં કૃષ્ણ નામના સિંહાસનઉપર સુધર્મા સભામાં બેઠી હતી. શેષ સર્વ વૃત્તાન્ત કાલીના સમાન જાણવો. તે જ પ્રમાણે આઠે અધ્યયનનો પણ કાલીના ગમથી જાણવા. વિશેષતા એ કે પૂર્વભવમાં બે બનારસ નગરીમાં, બે રાજગૃહ નગરમાં, બે શ્રાવસ્તી નગરીમાં, બે કૌશામ્બી નગરીમાં ઉત્પન્ન થઈ. દરેકના પિતાનું નામ રામ અને માતાનું નામ ધર્મા હતું. દરેક પાર્શ્વનાથ અરિહંત પાસે દીક્ષિત થઈ. તેઓ પુષ્પચૂલા આર્યાને શિષ્યાના રૂપે સોપાણી દરેક ઈશાન ઈન્દ્રની અગ્રમહિષી થઇ દરેકની સ્થિતિ નવ પલ્યોપમની કહેલી છે. દરેક મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે અને સર્વ દુઃખોનો અન્ત કરશે. 'આ પ્રમાણે હે જમ્બૂ ! ધર્મની આદિના કર્તા, તીર્થના સ્થાપક, સ્વયંબોધને પ્રાપ્ત, પુરુષોત્તમ યાવત્ સિદ્ધિને પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું છે. ધર્મકથા નામનો બીજો શ્રુતસ્કંધ દશવર્ગોમાં સમાપ્ત થયો.

**વર્ગ-૧૦-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**શ્રુતસ્કંધ-૨-ગુર્જરછાયા પૂર્ણ**

| ૬ | નાયાધમ્મકહાઓ-ગુર્જરછાયાપૂર્ણ |
|---|---|
| | અંગસૂત્ર-૬-ગુર્જરછાયાપૂર્ણ |

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૭ ઉવાસગ દસાઓ

સાતમું અંગસૂત્ર-ગુર્જરછાયા

## -: અધ્યયન-૧-આણંદ :-

[૧] તે કાલે અને તે સમયે ચમ્પા નામક નગરી હતી. તેનું વર્ણન ઉવવાઈ સૂત્ર પ્રમાણે સમજી લેવું, પૂર્ણભદ્ર નામનું ઉદ્યાન હતું.

[૨]તે કાલે અને તે સમયે આર્ય સુધર્માસ્વામી સમોસર્યા- સુધર્મા સ્વામીના જ્યેષ્ઠ અંતેવાસી જંબૂ સ્વામીએ તેમની ઉપાસના કરતાં પૂછ્યું ભગવન્! અર્હન્ત યાવત્ નિર્વાણને પ્રાપ્ત થયેલાં શ્રમણ ભગવાન મહાવીરે જ્ઞાતાધર્મકથા નામક છઠા અંગનો આ અર્થ કહ્યો છે, જે મેં તમારા પાસેથી સાંભળ્યો છે. તો ઉપાસકદશા નામક સાતમા અંગનો શો અર્થ કહ્યો છે? હે જંબૂ! શ્રમણ યાવત્ નિર્વાણને પ્રાપ્ત ઉપાસકદશા નામક સાતમાં અંગના દશ અધયયનો કહેલાં છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

[૩]આનંદ, કામદેવ, ગૃહપતિ ચલુનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક, ગૃહપતિ કુંડકોલિક, સકડાલપુત્ર, મહાશકતક, નંદિનીપિતા અને સાલિહીપિતા.

[૪]હે ભગવાન્! ભગવંત મહાવીરે પ્રથમ અધ્યયનનો શો અર્થ કહ્યો છે?

[૫]હે જંબૂ, તે કાળે અને તે સમયે વાણિજ્યગ્રામનગર હતું. તે વાણિજ્યગ્રામ નગરની બહાર ઈશાનકોણમાં દૂતિપલાશચૈત્ય હતું. જિતશત્રુરાજા હતો. તેનું વર્ણન ઉવવાઈ મુજબ.

તે વાણિજ્યગ્રામમાં આનંદ નામક ગૃહપતિ રહેતો હતો. તે સંપન્ન અને બીજા કોઈથી પરાભવ ન પામનાર હતો. તે આનંદ ગૃહપતિને ચાર હિરણ્યકોટિ નિધાનમાં, ચાર હિરણ્યકોટિ વ્યાજમાં અને ચાર હિરણ્યકોટિ ધનધાન્યાદિના વિસ્તારમાં રોકાયેલી હતી. વળી તેને દશ હજાર ગાયોના એક વજના હિસાબે ચાર વ્રજો હતા. તે આનંદ ગૃહપતી ઘણા રાજા ધનિક વગેરે યાવત્ સાર્થવાહોના ઘણા કાર્યોમાં મંત્ર-વિચારોમાં તથા કુટુંમ્બોમાં ગૃહ્ય રહસ્યો, નિશ્ચયો અને વ્યવહારોમાં પૂછવા યોગ્ય, સલાહ લેવા યોગ્ય હતો. પોતાના કુટુમ્બનો પણ આધાર, પ્રમાણભૂત યાવત્ બધા કાર્યોને વધારનાર હતો. તે આનંદ ગૃહપતિને શિવાનન્દા નામે ભાર્યા હતી. તે પરિપૂર્ણ અંગવાળી, યાવત્ સુંદર રૂપવાળી, આનંદ ગૃહપતિને પ્રિય અને આનંદ ગૃહપતિને સાથે અનુરક્ત અને અવિરક્ત થયેલી ઈષ્ટ શબ્દાદિ મનુષ્ય સંબંધી કામ અને ભોગોનો અનુભવ કરતી

હતી. તે વાણિજ્યગ્રામ નગરની બહાર ઈશાન કોણમાં કોલ્લાક નામે સંનિવેશ- તે સમૃદ્ધિવાળો, નિરુપદ્રવ, દર્શનીય, સુંદર યાવત્ મનને પ્રસન્ન કરનાર હતો. તે કોલ્લાક સંનિવેશમાં આનંદ ગૃહપતિના ઘણા મિત્ર, જ્ઞાતિજનો, સ્વકીય, સ્વજન સંબંધી અને પરિજનો હતાં. તે ધનિક અને સમર્થ હતો.

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર પધાર્યા. પરિષદ નીકળી અને વાંદીને પાછી ગઈ. કોણીકરાજાની પેઠે જિતશત્રુરાજા વંદન કરવાને નીકળ્યો. નીકળીને યાવત્ પર્યુપાસના કરી. ત્યારપછી આનંદ ગૃહપતિ મહાવીર સ્વામી આવ્યાની આ વાત સાંભળી અરિહંત ભગવંતોનું નામશ્રવણ પણ મહાફળવાળું છે તો વંદન-નમસ્કાર વગેરેનું શું કહેવું ? માટે હું જાઉં અને યાવત્ તેમની પર્યુપાસના કરું, એવો વિચાર કરી શુદ્ધ અને સભામાં પ્રવેશ કરવા લાયક વસ્ત્રો ધારણ કરી અલ્પ અને મહામૂલ્ય અલંકારો વડે અલંકૃત શરીરવાળો થઈ પોતાના ઘરથી બહાર નીકળે છે. નીકળીને કોરંટ પુષ્પોથી માળાથી યુક્ત છત્ર ધારણ કરી મનુષ્યોના સમૂહથી વીંટાયેલો, પગે ચાલીને વાણિજ્યગ્રામ નગરના મધ્યભાગમાં થઈને નીકળે છે અને જ્યાં દૂતિપલાશ ચૈત્ય છે અને જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર છે ત્યાં આવે છે. આવીને ત્રણ વાર પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર યાવત્ પુર્યુપાસના કરે છે.

[૬]ત્યારબાદ શ્રમણ ભગવાન્ મહાવીરે આનંદ ગૃહપતિને તથા અત્યંત મોટી પરિષદને ધર્મોપદેશ કર્યો. પરિષદ પાછી ગઈ અને રાજા પણ પાછો ગયો.

[૭]ત્યારબાદ આનંદ ગૃહપતિ શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, અવધારી પ્રસન્ન અને સંતુષ્ટ થઈ આ પ્રમાણે બોલ્યો. હે ભગવન્! નિર્ગ્રન્થ પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું. પ્રતીતિ કરું છું. રુચિ કરું છું. ભગવન્! તમે કહો છો તે એમ જ છે. તેમ જ છે. હે ભગવન્! તે સત્ય છે. હે ભગવન્ ! એ મને ઈષ્ટ છે. એ મને સ્વીકૃત છે અને ઈચ્છિત અને પ્રતીચ્છિત છે. દેવાનુપ્રિય! આપની પાસે જેમ ઘણા રાજા, યુવરાજો, રાજસ્થાનીય પુરુષો, માંડલિકો, કૌટુમ્બિકો, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહો વગેરે મુંડ થઈને ગૃહ નિવાસથી નીકળી મુનિ થયા તેવી રીતે હું પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં સમર્થ નથી. હું પાંચઅણુવ્રત અને સાતશિક્ષાવ્રત આવી રીતે બાર પ્રકારના ગૃહસ્થ ધર્મને સ્વીકાર કરીશ. ભગવાને કહ્યું, જેમ સુખ ઊપજે તેમ કરો- પ્રતિબન્ધ ન કરો.

[૮]ત્યારબાદ આનંદ ગૃહપતિ શ્રમણભગવંતમહાવીરની પાસે પ્રથમ સ્થૂલ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કર્યું કે હું યાવત્ જીવન મન વચન અને કાયા વડે સ્થૂલ પ્રાણાતિપાતનું આચરણ નહિ કરું અને નહિ કરાવું. પછી તે સ્થૂલ મૃષાવાદનું પ્રત્યાખ્યાન કરે છે કે હું યાવત્ જીવન બે કરણ ત્રણ યોગમન વચન કાયા થી મૃષાવાદ કરું નહિ, કરાવું નહિ પછી સ્થૂલ અદત્તાદાનનું પ્રત્યાખ્યાન કરે છે. જીવનપર્યંત દ્વિવિધ ત્રિવિધ-મન વચન અને કાયા વડે અદત્તાદાન નહિ કરું અને નહિ કરાવું.પછી સ્વદારસન્તોષ સંબંધી પ્રત્યાખ્યાન કર્યું. એક શિવાનન્દના પત્ની સિવાય બાકીની સ્ત્રી સાથે મૈથુન વિધિનું પ્રત્યાખ્યાન કરું છું. ત્યારબાદ ઈચ્છાનું પરિમાણ કરતો હિરણ્ય અને સુવર્ણનું પરિમાણ કરે છે. ચાર હિરણ્યકોટિ નિધાનમાં, ચાર હિરણ્યકોટિ વ્યાજમાં અને ચાર હિરણ્યકોટિ ગૃહ અને ગૃહોપકરણના વિસ્તારમાં રોકેલી છે. તે સિવાય બાકીના હિરણ્ય-સુવર્ણ વિધિનો ત્યાગ કરું છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પછી ચતુષ્પદિ વિધિનું પરિમાણ કરે છે. દશ હજાર ગાયનું એક વજ તેવાં ચાર વ્રજ સિવાય બાકીના ચતુષ્પદોનું પ્રત્યાખ્યાન કરું છું. ત્યારબાદ ક્ષેત્ર-વાસ્તુનું પરિમાણ કરે છે. જેનાથી સો વીઘા ખેડી શકાય એવું એક હળ, એવા પાંચસો હળો સિવાય અન્ય બધા-ક્ષેત્ર-વાસ્તુનું પ્રત્યાખ્યાન કરું છું. ત્યારપછી ગાડાનું પરિમાણ કરે છે. બહાર દેશાન્તરમાં ગમન કરવા યોગ્ય પાંચસો ગાડા અને માલને વહન કરનારા પાંચસો ગાડા ઉપરાંત બધા શકટોનું પ્રત્યાખ્યાન કરું છું. ત્યાર બાદ વહાણનું પ્રત્યાખ્યાન કરે છે. દેશાન્તરમાં મોકલવા યોગ્ય વહાણો સિવાય બાકીના વહાણોનું પ્રત્યાખ્યાન કરું છું ત્યારબાદ ઉપભોગ-પરિભોગ વિધિનું પ્રત્યાખ્યાન કરતાં અંગલું ષણ-શરીર લુંછવાના ટુવાલ આદિનું પરિમાણ કરે છે. એક સુગંધી લાલ ટુવાલ સિવાય બાકી બધા શરીર લુંછવાના બધા ટુવાલ આદિના પ્રત્યાખ્યાન કરું છું.

ત્યાર પછી દાતણની વિધિનું પરિમાણ કરે છે. એક લીલા જેઠીમધના દાતણ સિવાય બાકીના દાતણનો ત્યાગ કરું છું. એક મધુર આમળાના ફળ સિવાય બાકીના ફળોનો ત્યાગ કરું છું. શતપાકસૌ વસ્તુઓ ભેળવી અને સૌ વાર ઉકાળીને તૈયાર કરેલ અને સહસ્રપાક તેલ સિવાય બીજાં માલિશ કરવાના તેલોનું પ્રત્યાખ્યાન કરું છું. ત્યાર બાદ ઉદવર્તન વિધિનું પરિમાણ કરે છે. એક સુગન્ધી-ગન્ધ ચૂર્ણ સિવાય બાકીના ઉદ્વર્તન વિધિનો ત્યાગ કરું છું. આઠ ઔષ્ટ્રિક ઘડા પાણી સિવાય વધારે પાણી વડે સ્નાન કરવાનો ત્યાગ કરું છું.

ત્યાર બાદ વસ્ત્રની વિધિનું પરિમાણ કરે છે. એક ક્ષૌમયુગલ સિવાય બાકીનાં વસ્ત્રોનો ત્યાગ કરું છું. અગર-કુંકુમ કેસર અને ચંદનાદિ સિવાય બાકીના વિલેપનનો ત્યાગ કરું છું. એક શુદ્ધ કમળ અને માલતીના પુષ્પોની માળા સિવાય બાકીના પુષ્પ વિધિનો ત્યાગ કરું છું. કાનનાં આભરણ અને નામવાળી મુદ્રિકા સિવાય બાકીના અલંકા રોનો ત્યાગ કરું છું. અગર શિલારસ, લોબાનના ધૂપ વગેરે સિવાય બાકીના ધૂપ વિધિનો ત્યાગ કરું છું.

તેના પછી ભોજનવિધિનું પરિણાણ કરતો પેયવિધિનું પરિમાણ કરે છે. એક કાષ્ઠપેય સિવાય બાકીના પેયવિધિનો ત્યાગ કરું છું. ત્યારપછી પકવાનોનું પરિમાણ કરે છે. એક ઘેવર અને ખાંડનાં ખાજાં સિવાય બીજા ભક્ષ્યનો ત્યાગ કરું છું. એક બાસમતી ચોખા સિવાય બાકીના ચોખાનો ત્યાગ કરું છું. વટાણાનો સૂપ, મગનો સૂપ અને અડદના સૂપ સિવાય બાકીના બધા દાળનો ત્યાગ કરું છું. ત્યાર બાદ ઘીનું પરિમાણ કરે છે. એક શરદ)તુના ગાયના સારભૂત ઘી સિવાય બાકીનાં ઘીનો ત્યાગ કરું છું.

ત્યાર પછી શાકવિધિનું પરિમાણ કરે છે. વાસ્તુ ચૂચૂ અને દુધીના શાક સિવાય શેષને ત્યાગ કરું છું. ત્યાર પછી મધુર રસના પીણાની વિધિનું પરિમાણ કરે છે. પાલકા માધુર સિવાય બાકીના બધા મધુર રસોનો ત્યાગ કરું છું. સેધામ્લ-કાંજીવડા-દાલવડા સિવાય શેષ જેમવિધિનો ત્યાગ કરું છું. એક વરસાદનું પાણી સિવાય બાકીનાં બધાં પાણીનો ત્યાગ કરું છું. પાંચ સુગંધી પદાર્થ સહિત તાંબુલ સિવાય બાકીના બધાં મુખ વાસ વિધિનો ત્યાગ કરું છું. ત્યાર પછી ચાર પ્રકારના અનર્થ દંડનો ત્યાગ કરે છે. તે આ પ્રમાણે અપધ્યાનાચરિત-દુધ્યાર્ન કરવું. પ્રમાદાચરીત-પ્રમાદ સેવવા, હિંસ્ર પ્રદાન-હિંસા કરનાર શસ્ત્રાદિ આપવાં અને પાપકર્મનો ઉપદેશ કરવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૯]શ્રમણભગવાન્‌મહાવીરેઆનંદશ્રમણો પાસકને આ પ્રમાણે કહ્યું,હેઆનંદ ! જેણે જીવાજીવ તત્વને જાણેલા છે એવા અને યાવત્‌ નિર્ગ્રન્થ પ્રવચનથી અનતિક્રમણીય-દેવાદિ વડે પણ ચલાયમાન ન થઈ શકનાર એવા-શ્રમણોપાસકે સમ્યક્ત્વના પ્રધાન-સ્થૂલ પાંચ અતિચારો જાણવા જોઈએ પણ આચરવા જોઈએ નહિ. તે આ પ્રમાણેઃ: શંકા કાંક્ષા વિચિકિત્સા પર પાખંડ પ્રશંસા અને સંસ્તવ-

સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રતના પાંચ પ્રધાન અતિચારો જાણવા, પરંતુ તેનું આચરણ ન કરવું.બન્ધ, વધ-તાડન, છવિચ્છેદ અવયવોનું છેદન ભાર ભરવો અને ભક્ત પાન વ્યચ્છેદ-પાણી અને ખોરાક બંધ કરવો. ત્યાર પછી સ્થૂલમૃષાવાદ વિરમણ વ્રતના પાંચ અતિચારો જાણવા પણ તેનું આચરણ ન કરવું જોઈએ. સહસા કોઈની ઉપર ખોટા દોષનો આરોપ કરવો, રહસા અભ્યાખ્યાન-સ્વદારમંત્રભેદ, મૃષોપદેશ-, કૂટલેખ કરણ- ત્યાર પછી સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રતના પાંચ અતિ ચારો જાણવા પણ આચ રણ ન કરવું. તે આ પ્રમાણેઃ: સ્તેનાહૃત-, તસ્કર પ્રયોગ-, વિરુદ્ધ રાજ્યમાં ગમન કરવું. કૂટતોલ-માપ-, તત્‌ પ્રતિરૂપક વ્યવહાર-મૂળ વસ્તુના જેવી બીજી વસ્તુનો પ્રક્ષેપ કરવો ત્યારબાદ સ્વદારસંતોષવ્રતને વિશે પાંચ અતિચારો જાણવા, પણ આચરવા નહિ. તે આ પ્રમાણેઃ: ઈત્વરપરિગૃહીતાગમન અપરિગૃહીતાગમન કોઈએ નહિ ગ્રહણ કરેલી વેશ્યા વગેરે સાથે ગમન કરવું. અનંગક્રીડા, પરવિવાહકરણ, કામભોગ તીવ્રભિલાષ ત્યાર પછી શ્રમણોપાસકે ઈચ્છા પરિમાણ વ્રતના પાંચ અતિચારો જાણવા પણ આચ-રવા નહિ. તે આ પ્રમાણેઃ: ક્ષેત્ર વાસ્તુ પ્રમાણાતિક્રમ, હિરણ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ, દ્વિપદ ચતુષ્પદ પ્રમાણાતિક્રમ,

ત્યાર પછી દિશાવ્રતન પાંચ અતિચાર જાણવા પણ આચરવા નહિ. તે ઉર્ધ્વ દિશા અધોદિશા અને તિર્છીદિશાના પ્રમાણનું ઉલ્લંઘન કરવું, ક્ષેત્રમાં એક તરફ વદ્ધિ કરવી, સ્મૃત્યન્યર્ધાન- ત્યારપછી ઉપભોગ-પરિભોગ વ્રત બે પ્રકારનું કહેલું છું. તે આ પ્રમાણેઃ: ભોજનને આશ્રયી અને કર્મને આશ્રયી. તેમાં ભોજનને આશ્રયી શ્રમણોપાસકે પાંચ અતિચાર જાણવા પણ આચરવા નહિ. તે આ પ્રમાણેઃ: સચિત્તાહાર, સચિત્ત પ્રતિબદ્ધ આહાર, અપક્વઔષધિભક્ષણ-, દુષ્પક્વઔષધિભક્ષણ- તુચ્છઔષધિ ભક્ષણ. કર્મને આશ્રયી શ્રાવકે પંદર કર્માદાનો જાણવા પણ આચરવા નહિ. તે આ છે. અંગારકર્મ-, વન-કર્મ-, શકટકર્મ-, ભાટક કર્મ, સ્ફોટક કર્મ-, દન્તવાણિજ્ય-, રસવા ણિજ્ય, કેશવાણિજ્ય-, વિષવાણિજ્ય, યંત્ર પીડન કર્મ, નિર્લાછન કર્મ,-દાવાગ્નિ દાપન-, સરોવર તળાવ વગેરેને સૂકવી નાખવા અને અસતીજન પોષણ-

ત્યાર બાદ શ્રણણોપાસકે અનર્થ દંડ વિરમણવ્રતના પાંચ અતિચારો જાણવા પણઆચરવાનહિ.કંદર્પ,-કૌત્કુચ્ય-મૌખર્ય-સંયુક્તાધિકરણ-અને ઉપભોગ-પરિભોગ અતિરિક્ત-શ્રમણોપાસકે સામાયિકવ્રતના પાંચઅતિચારોજાણવા અને તેઓનું આચ-રણ ન કરવું. તે આ પ્રમાણઃ મનોદુષ્પ્રણિધાન-મનમાં દુષ્ટ ચિંતન કરવું. વચન-દુષ્પ્રણિ-ધાન,- કાયા દુષ્પ્રણિધાન, સામાયિક કરવાનું સ્મરણ ન રાખવું અને -અનિયમિત સામાયિક કરવું.

ત્યારબાદ શ્રમણોપાસકે દેશાવકાશિક વ્રતના પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. આનયન પ્રયોગ, - પ્રેષ્યપ્રયોગ, -શબ્દાનુંપાત-અને રુપાનુ પાત-બહિઃ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુદ્દગલપ્રક્ષેપ-ત્યાર પછી શ્રમણોપાસકે પોષધોપવાસમાં પાંચ અતિચાર જાણવા પણ આચરવા નહિ.અપ્રતિલેખિત-દુષ્પ્રતિ લેખિત શય્યા-સંસ્તારક, અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત શય્યા સંસ્તારક અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચારપ્રસવણભૂમિ,અપ્રમા ર્જિત-દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રસવણ ભૂમિ-અને પોષ ધોપવાસનું બરાબર પાલન ન કરવું.

ત્યાર પછી શ્રમણોપાસકે યથાસંવિભાગ(અતિથિસંવિભાગ) વ્રતનાપાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. સચિત્ત નિક્ષેપણ, સચિત્તપિધાન,-કાલાતિક્રમ- પર વ્યપદેશ, મત્સરિતા- ત્યાર પછી અપ શ્ચિમ મારણાન્તિક સંલેખના ઝોષણા આરાધનાના પાંચ અતિચાર જાણવા પણ આચરવા નહિ. આ લોકના સુખોની અભિલાષા કરવી પરલોગાસંસપ્પઓગે-પરલોકના સુખોની અભિલાષા કરવી.-જીવવાની આશંસા કરવી-મરણની આશંસા કરવી અને-ઈન્દ્રિયના વિષયોની ઈચ્છા કરવી.

[૧૦]ત્યાર પછી આનંદ ગાથાપતિ શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના શ્રાવકધર્મનો સ્વીકાર કરે છે. સ્વીકારીને શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરે છે. વંદન અને નમસ્કાર કરી એણે એ પ્રમાણે કહ્યું : ભગવન્ ! આજથી આરંભી મારે અન્ય તીર્થિકોને, અન્ય તીર્થિકોના દેવને, અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલા અરિહંતનાં ચૈત્યોને વંદન-નમસ્કાર કરવા તથા પૂર્વે તેઓ ન બોલ્યા હોય તો તેની સાથે આલાપ,- સંલાપ- કરવી તથા તેઓને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આપવું, ન કલ્પે. પણ એમાં આ પ્રમાણે આગારો છે. રાજાભિયોગ-બલનાઆગ્રહથી,દેવતાભિયોગ-દેવતાનીપરતંત્રતાથી,ગુરુનિગ્રહ અને વૃત્તિ કાંતાર- એ છ આગાર સિવાય ધર્મબુદ્ધિથી ઉપર્યુક્તનો ત્યાગ છે. મારે શ્રમણ નિર્ગ્રન્થોને પ્રાસુક અચિત્ત અને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, આહાર, વસ્ત્ર, પાત્ર, કમ્બલ, પાદપ્રોંછનક પીઠ, આસન, ફલક-પાટિયું, શય્યા, વસતિ, સંસ્તારક તથા ઔષધ અને ભૈષજ્યા વડે સત્કાર કરવો યોગ્ય છે, એમ કહીને આવા પ્રકારનો અભિગ્રહ-ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને તે સંબંધમાં પ્રશ્ન પૂછે છે. પ્રશ્નો પૂછી તેનો અર્થ ગ્રહણ કરે છે. અર્થ ગ્રહણ કરી શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર વંદન કરે છે. વંદન કરી શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી અને દૂતિપલાશ ચૈત્યથી નીકળે છે. નીકળીને જ્યાં વાણિજ્યગ્રામ નગર છે અને જ્યાં પોતાનું ઘર છે ત્યાં આવે છે. ત્યાં આવીને શિવાનંદા ભાર્યાને આ પ્રમાણે કહે છે. દેવાનુપ્રિયે! મેં શ્રમણ ભગવંત મહાવીરની પાસે આ પ્રમાણે ધર્મ સાંભળ્યો અને તે ધર્મ અને ઈષ્ટ છે, પુનઃ પુનઃ ઈષ્ટ છે અને તેની મને રુચિ થઈ છે. માટે દેવાનુપ્રિયે! તું જા અને શ્રમણ ભગવંત મહાવીરને વંદન કર, યાવત્ તેમની પર્યુપાસના કર અને શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના ગૃહસ્થધર્મનો સ્વીકાર કર.'

[૧૧]ત્યાર બાદ તે શિવાનન્દા ભાર્યા આનંદ શ્રાવક દ્વારા એમ કહેવા પર હર્ષિત અને પ્રસન્ન થઈ. તે કૌટુમ્બિક પુરુષોને બોલાવે છે બોલાવીને આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિયો! જલદી લઘુકરણ- ઈત્યાદિ વર્ણનયુક્ત બળદો જેમાં જોડાયેલા હોય એવો શ્રેષ્ઠ ધાર્મિક રથ હાજર કરો. ત્યાર બાદ તે શ્રેષ્ઠ વાહનમાં બેસીને જાય છે અને ભગવાનની યાવત્ પર્યુપાસના કરે છે. ત્યારબાદ શ્રમણ ભગવંત મહાવીર શિવાનન્દાને અને તે મોટી પર્ષદાને ધર્મોપદેશ કરે છે. ત્યાર પછી શિવાનન્દા શ્રમણ ભગવંત મહાવીરની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસે ધર્મને સાંભળી અને વિચારી પ્રસન્ન થઈ અને યાવત્ ગૃહસ્થધર્મનો સ્વીકાર કરે છે. જે દિશાથી આવી હતી તે જ દિશા તરફ પાછી જાય છે.

[૧૨]'ભગવન્!' એમ કહી ભગવાન ગૌતમ, શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરે છે. વંદન ને નમસ્કાર કરીને તેમણે આ પ્રમાણે પૂછ્યું. ભગવન્! આનન્દ શ્રાવક આપની પાસે મુંડ થઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરવા સમર્થ છે? ભગવાને કહ્યું હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી આનંદ શ્રાવક ઘણા વરસ સુધી શ્રાવક અવસ્થાનું પાલન કરશે. પાલન કરીને સૌધર્મ દેવલોકને વિશે અરુણાભ નામક વિમાનમાં ચાર પલ્યોપમ સ્થિતિ વાળા દેવપણે ઉત્પન્ન થશે. ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે બહારના દેશો વિહાર કરે છે.

[૧૩]ત્યાર પછી આનન્દ શ્રાવક થઈ ગયો. જીવ-અજીવનો જ્ઞાતા થયો. યાવત્ શ્રમણ નિર્ગ્રન્થોને અશનાદિ વડે સત્કાર કરતો વિચારવા લાગ્યો. તે શિવાનંદા ભાર્યા પણ શ્રાવિકા થઈ શ્રમણ નિર્ગ્રન્થોનો સત્કાર કરતી વિહરે છે.

[૧૪]ત્યાર પછી આનંદ શ્રાવકના અનેક પ્રકારનાં શીલવ્રત, ગુણવ્રત, વિરમણ-વ્રત, પ્રત્યાખ્યાન અને પોષધોપવાસ વડે આત્માને ભાવિત કરતા ચૌદ વર્ષ વ્યતીત થયા. જ્યારે તે પંદરમાં વર્ષનાં મધ્યભાગમાં વર્તતા હતા ત્યારે કોઈ દિવસે મધ્યરાત્રિના સમયે ધર્મ જાગરિકા કરતા તેને આ આવા પ્રકારનો અધ્યાવસાય, વિચાર, અભિલાષ અને મનોગત સંકલ્પ થયો-હું ખરેખર વાણિજ્યગ્રામ નગરમાં ઘણાં રાજા, ધનાઢ્ય વગે-રેને બહુ માન્ય છું. યાવત્ મારા પોતાના કુટુંબનો આધારભૂત છું. તેથી એ વિક્ષેપ વડે હું શ્રમણ ભગવંત મહાવીરની પાસે સ્વીકારેલી ધર્મપ્રજ્ઞપ્તિને સ્વીકાર કરી પાલન કરવા સમર્થ નથી. તે માટે મારે કાલે સૂર્યોદય થાય ત્યારે પૂરણશેઠની જેમ વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમ આહાર તૈયાર કરાવી, યાવત્ કુટુંબને આમંત્રી યાવત્ જ્યેષ્ઠ પુત્રને કુટુંબમાં પ્રસ્થાપિત કરીને, તે મિત્ર વગેરેની યાવત્ જ્યેષ્ઠ પુત્રની રજા માગીને કોલ્લાક સંનિવેશમાં જ્ઞાતકુલને વિશે પોષધશાલાનું પ્રતિલેખન કરી શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી પ્રાપ્ત કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી ને વિચરવું એ જ શ્રેય છે. આનંદ વિચાર કરીને વિપુલ અશનાદિ તૈયાર કરાવે છે. મિત્ર વગેરેને આમંત્રિત કરે છે. ભોજન કર્યા પછી આવેલા તે મિત્ર જ્ઞાતિ વગેરેનો યાવત્ વિપુલ પુષ્પ વગેરે સત્કાર અને સન્માન કરે છે, યાવત્ તે મિત્ર વગેરેની સમક્ષ જ્યેષ્ઠ પુત્રને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે. હે પુત્ર! એ પ્રમાણે ખરેખર હું વાણિજ્ય ગ્રામમાં ઘણા રાજા, ધનિક વગેરે-ને બહું માન્ય છું, ઈત્યાદિ યાવત્ આ વિક્ષેપના કારણે હું ધર્મ પ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિચરવાને સમર્થ નથી. તો અત્યારે મારા કુટુંબમાં તને પ્રસ્થાપિત કરી યાવત્ ધર્મ પ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરી વિહરવું મ્હારા માટે શ્રેય છે.

ત્યાર બાદ જ્યેષ્ઠ પુત્ર આનંદ શ્રાવકના આ કથનને 'તહત્તિ' કહીને વિનય વડે કબૂલ કરે છે. ત્યાર પછી આનંદ શ્રાવક તે મિત્રો વગેરેની સમક્ષ જ્યેષ્ઠ પુત્રને કુટુંબમાં સ્થાપન કર્યો. સ્થાપના કરીને તેણે એ પ્રમાણે કહ્યુંઃ હે દેવાનુપ્રિય! તમે કોઈ આજથી આરંભીને બહુ કાર્યોમાં મને પૂછશો નહિ, અને મારા માટે અશનાહિ પાન ખાદિમ સ્વાદિમ તૈયાર કરશો નહિ. મારી પાસે લાવશો નહિ. ત્યાર હબાદ આનંદ શ્રાવક જ્યેષ્ઠ પુત્ર અને મિત્ર જ્ઞાતિ વગેરેની રજા લે છે. રજા લઈને પોતાના ઘરથી નીકળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નીકળીને વાણિજ્યગ્રામના મધ્યમાં થઈ જ્યાં કોલ્લાક નામે સંનિવેશ અને જ્યાં જ્ઞાતકુલ છે, જ્યાં પોષધશાલા છે ત્યાં જાય છે. પોષધશાલા પ્રમાર્જે છે. પ્રમાર્જીને ઉચ્ચાર-દિશા એ જવાની અને પેશાબ કરવાની જગ્યાને જુએ છે. ડાભનો સંથારો પાથરે છે. તેના ઉપર બેસે છે. પોષધશાલામાં પોષધ ગ્રહણ કરી ડાભના સંથારાને પ્રાપ્ત થઈ શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ગ્રહણ કરેલી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરે વિચરે છે.

[૧૫] આનંદ, શ્રાવકની પ્રતિમાઓ સ્વીકાર કરીને વિહરે છે. તેમાં પ્રથમ ઉપાસક પ્રતિમાં ને સૂત્ર, કલ્પ,માર્ગ પ્રમાણે યથાર્થપણે, સમ્યક્, કાયાવડે સ્પર્શ કરે છે, પાળે છે, શોભાવે છે, સંપૂર્ણ કરે છે, કીર્તિન કરે છે અને તેનું આરાધન કરે છે.

[૧૬]ત્યાર બાદ આનંદશ્રાવક બીજી શ્રાવકની પ્રતિમાને, એમ ત્રીજી, ચોથી, યાવત્ દસમી, અને અગિયારમી પ્રતિમાનું યાવત્ આરાધન કરે છે. ત્યાર પછી તે આનંદ શ્રાવક આવા પ્રકારના ઉદાર વિપુલ પ્રયત્નરૂપે સ્વીકારેલા તપઃકર્મ વડે શુષ્ક યાવત્ કૃશ થઈ ગયો. તેના શરીરની નાડીઓ દેખાવા લાગી.

ત્યાર પછી તે આનંદ શ્રાવકને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રીએ ધર્મજાગરિકા કરતાં આવો સંકલ્પ થયો હું આ પ્રકારના તપ વડે કૃશ યાવત્ ધમનીથી વ્યાપ્ત શરીર વાળો થઈ ગયો છું, પણ હજી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ તથા શ્રદ્ધા, ધૈર્ય અને સંવેગ છે. જ્યાં સુધી મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણભગવાન મહાવીર જિન સુહસ્તી વિચરે છે ત્યાં સુધી મારે આવતી કાલે સૂર્યોદય થયે સૌથી છેલ્લી મારણાન્તિક સંલેખનાની આરાધનાથી યુક્ત થઈને, આહારપાણીનું પ્રત્યાખ્યાન કરી અને મૃત્યુની દરકાર નહિ કરતાં રહેવું શ્રેયસ્કર છે. બીજે દિવસે પ્રાતઃકાળે યાવત્ અપચ્છિમ મારણાન્તિક સંલેખનાની આરાધના યુક્ત થઈ યાવત્ મૃત્યુની દરકાર નહિ કરતો વિહરે છે. ત્યારબાદ તે આનંદ શ્રાવકને અન્ય કોઈ દિવસે શુભ અધ્યવસાય વડે, શુભ પરિણામ વડે, વિશુદ્ધ લેશ્યાઓ વડે અને અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે પૂર્વ દિશામાં લવણ સમુદ્રને વિશે પાંચશો યોજન પ્રમાણ ક્ષેત્રને, એજ પ્રમાણે દક્ષિણ અને પશ્ચિમ દિશાએ પણ જાણવા લાગ્યો. ઉત્તર દિશાએ ક્ષુદ્રહિમવંત નામક વર્ષધરપર્વત સુધી જાણવા અને દેખવા લાગ્યો. તે ઉપર સૌધર્મ દેવલોક સુધી જાણે છે અને દેખે છે. નીચે રત્નપ્રભા પૃથ્વીના ૮૪૦૦૦ વર્ષની સ્થિતિ વાળા રોરુય નારકાવાસ સુધી જાણે છે અને દેખે છે.

[૧૭]તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. પર્ષદા વાંદવાને નીકળી અને વાંદી તથા ધર્મોપદેશ સાંભળી પાછી ગઈ. તે કાળે અને તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ અન્તેવાસી ગૌતમ ગોત્રીય સાત હાથ શરીરવાળા-ઊંચા, સમચતુરસ્ર સંસ્થાનવાળા વજ્રઋષભનારાચ સંઘયણથી યુક્ત, સુવર્ણની કસોટી ઉપર ઘસેલા સ્વર્ણની રેખા જેવા ગૌરવર્ણ, કઠોર તપવાળા, તેજસ્વી તપવાળા, ઉદાર, ઘોર ગુણવાળા, બ્રહ્મચર્યના ધારક, શરીરના મમત્વનો ત્યાગ કરી દેનાર, પોતાની વિપુલ તેજોલેશ્યાને સંક્ષિપ્ત કરી રાખનાર ઈન્દ્રભૂતિઅણગાર નિરન્તર છઠ-છઠના તપથી તથા સંયમ અને તપશ્ચર્યા દ્વારા આત્માને ભાવિત કરતાં વિચરતાં હતાં. ત્યાર પછી તે ભગવાન ગૌતમ છઠના પારણાને દિવસે પ્રથમ પોરસીમાં સ્વાધ્યાય કરે છે. બીજી પોરસીએ ધ્યાન કરે છે. ત્રીજી પોરસીએ ત્વરા અને ચપલતારહિત સંભ્રમરહિત થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કરે છે. પ્રતિલેખન કરી પાત્ર અને વસ્ત્રનું પ્રતિલેખન કરે છે.પાત્ર અને વસ્ત્રને પ્રમાર્જે છે. પાત્રો ગ્રહણ કરે છે. શ્રમણ ભગવાન મહાવીરની પાસે જઈ વંદન અને નમસ્કાર કરે છે. આ પ્રમાણે કહે છેઃ હે ભગવન્! આપની અનુજ્ઞાથી છઠના ઉપવાસના પારણે વાણિજ્યગ્રામ નગરને વિશે ગૃહસામુદાનિકી ભિક્ષાચર્યા માટે ઉચ્ચ નીચ અને મધ્યમ કુલોમાં ભિક્ષાચર્યાએ જવા ઈચ્છું છું. ભગવાન ઉત્તરમાં કહે છેઃ હે દેવાનુપ્રિય! સુખ થાય તેમ કરો.

ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીરે અનુજ્ઞા આપી એટલે ભગવાન ગૌતમ દૂતિપલાશ ચૈત્યથી નીકળે છે. નીકળીને ત્વરા, ચપલતા અને સંભ્રમ સિવાય યુગપ્રમાણ ભૂમિને જોનારી દૃષ્ટિ વડે ઈર્યામાર્ગને શોધતા જ્યાં વાણિજ્યગ્રામ નગર છે ત્યાં આવે છે. આવીને ગૃહસામુ દાનિકી ભિક્ષાચર્યા માટે ઉચ્ચ નીચ અને મધ્યમ કુલોમાં અટન કરે છે. ત્યાર પછી તે ભગવાન્ ગૌતમ વાણિજ્ય ગ્રામ નગરમાં જેમ ભગવતી-સૂત્રમાં કહ્યું છે તેમ ભિક્ષા ચર્યાએ ભમતા યથાયોગ્ય ભાત-પાણીને સમ્યક્ પ્રકારે ગ્રહણ કરે છે. વાણિજ્યગ્રામથી બહાર નીકળે છે. નીકળીને કોલ્લાક સંનિવેશની પાસેથી જઈ રહ્યા હતા ત્યારે શબ્દ સાંભળે છે. ઘણા માણસો પરસ્પર એ પ્રમાણે કહે છે હે દેવાનુપ્રિયો! શ્રમણ ભગવંત મહાવીરના અન્તેવાસી આનંદ નામ શ્રાવક પોષધશાલામાં અપશ્ચિમ મારણાન્તિક સંલેખનાનું આરાધન કરી રહ્યા છે અને મૃત્યુની દરકાર નહિ કરતા વિહરે છે. ત્યાર બાદ તે ભગવાન્ ગૌતમને ઘણા જણની પાસેથી એ અર્થ સાંભળી, વિચારી આવા પ્રકારનો આ વિચાર થયો. હું જાઉં અને આનંદ શ્રાવકને જોઉં જ્યાં કોલ્લાક સંનિવેશ છે, જ્યાં પોષધશાલા છે અને જ્યાં આનંદ શ્રમણો પાસક છે ત્યાં પહોંચે છે.

[૧૮]ત્યાર બાદ તે આનંદ શ્રાવક ભગવાન ગૌતમને આવતા જુએ છે, જોઈને તે પ્રસન્ન અને સંતુષ્ટ હૃદયવાળો થઈ ભગવાન ગૌતમને વંદન-નમસ્કાર કરે છે, ભગવન્! હું આ ઉગ્રતપના કારણે યાવત્ ધમની-નાડીઓ વડે વ્યાપ્ત શરીરવાળો થયો છું. તેથી આપ દેવાનુપ્રિયની પાસે આવીને વંદન કરવાને સમર્થ નથી, તો ભગવન્ ! આપ જ સ્વેચ્છાથી અનભિ યોગ-અહીં આવો તો વંદન-નમસ્કાર કરું. ત્યારે ભગવાન્ ગૌતમ જ્યાં આનંદ શ્રમણો પાસક હતા ત્યાં આવ્યાં.

ત્યાર પછી તે આનંદ શ્રાવક ભગવાન્ ગૌતમને ત્રણ વાર મસ્તક વડે પગે વંદન નમસ્કાર કરે છે, વંદન-નમસ્કાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું, ભગવન્ ! ગૃહસ્થને ગૃહવાસમાં રહેતો અવધિજ્ઞાન થઈ શકે છે ? ગૌતમ હા, થઈ શકે છે. હે ભગવન્ ! ગૃહવાસમાં રહેતાં ગૃહસ્થ એવા મને પણ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે. હું પૂર્વ દિશામાં લવણ સમુદ્રમાં પાંચસો યોજન સુધી યાવત્ નીચે રોરુયનામક નામકાવાસ સુધી જાણું છું અને દેખું છું. ત્યાર બાદ ભગવાન ગૌતમ આનંદ શ્રમણોપાસકને એ પ્રમાણે કહ્યું, આનંદ! ગૃહસ્થને યાવત્ અવધિજ્ઞાન થાય છે, પરંતુ એટલું મોટું હોતું નથી, માટે આનંદ! તું મૃષાવાદરૂપ એ સ્થાનકની આલોચના કર યાવત્ શુદ્ધિને માટે તપઃકર્મ સ્વીકાર કર. ત્યાર પછી તે આનંદ શ્રમણોપાસકે ભગવન્ ગૌતમને કહ્યું, ભગવન્! જિન પ્રવચનમાં સત્ય, તથ્ય તથા યથાર્થ ભાવોની આલોચના કરાય છે ? યાવત્ પ્રાયશ્ચિતરૂપે તપનો સ્વીકાર કરાય છે? હે આનંદ! એ અર્થ યુક્ત નથી. હે ભગવન્! જો જિન પ્રવચનમાં સદ્‌રૂપ ભાવો સંબંધે આલોચના ન કરાય અને યાવત્ તપરૂપે પ્રાયશ્ચિત ન કરાય તો ભગવન્ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમે જ એ સ્થાનકની આલોચના કરો, યાવત્ તપરૂપ પ્રાયશ્ચિત કરો.

ત્યાર બાદ આનંદ શ્રાવક દ્વારા આ પ્રમાણે કહેવા પર શંકિત-કાંક્ષિત અને વિચિકિત્સા-વાળા ભગવાન ગૌતમ આનંદ શ્રાવક પાસેથી બહાર નીકળે છે. નીકળીને જ્યાં દૂતિપલાશ ચૈત્ય અને શ્રમણ ભગવાન મહા વીર છે ત્યાં આવે છે. ત્યાં આવીને શ્રમણ ભગવાનથી થોડે દૂર રહી ગમનાગમન પડિકમે છે. એષણા-અનેષણાની આલોચના કરે છે. ભગવાનૂને આહાર-પાણી દેખાડે છે. શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરીને એ પ્રમાણે કહે છેઃ ભગવન્! આપની અનુજ્ઞા મેળવી ઈત્યાદિ પૂર્વોક્ત બધું કહે છે. તો હે ભગવન્! આનંદ શ્રમણોપાસકે તે સ્થાનની આલોચના કરવી જોઈએ, યાવત્ પ્રાયશ્ચિત કરવું જોઈએ અથવા મારે કરવું જોઈએ ? શ્રમણ ભગવંત મહાવીરે ભગવાન ગૌતમને એ પ્રમાણે કહ્યુંઃ તું જ તે સ્થાનની આલોચના કર, યાવત્ તપઃકર્મ પ્રાયશ્ચિતને સ્વીકાર કર અને આનંદ શ્રમણોપાસકને આ સંબંધે ખમાવ. ત્યાર બાદ ભગવાન્ ગૌતમ શ્રમણ ભગવાન મહાવીરને 'તહ'ત્તિ કહી આ કથનને વિનય પૂર્વક સ્વીકાર કરીને તે સ્થાનની આલોચના કરે છે. યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે છે અને શ્રમણોપાસકને એ બાબત ખમાવે છે. ત્યાર બાદ ભગવાન મહાવીર અન્ય કોઈ દિવસે ત્યાંથી વિહાર કરી બહારના દેશ-દેશાન્તરમાં વિચરણ કરે છે.

[૧૯]ત્યાર પછી તે આનંદ શ્રમણોપાસક ઘણાં શીલવ્રતો વડે યાવત્ આત્માને ભાવિત કરતાં વીસ વરસ સુધી શ્રમણોપાસકની પર્યાય પાળીને શ્રાવકની અગિયાર પ્રતિમાઓને સમ્યક્ કાયા વડે સ્પર્શીને, માસિક સંલેખના વડે આત્માને શુષ્ક કરી સાઠ ભક્ત અનશન વડે પૂર્ણ કરી આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત થઈ યથાસમય કાળ કરીને સૌધર્મ દેવલોકમાં સૌધર્માવતંસક મહાવિમનના ઉત્તર પૂર્વદિશાએ અરુણ વિમાનને વિશે ચાર પલ્યોપમની સ્થિતિવાળા દેવપણે ઉત્પન્ન થયો. ભગવન્ ! આનંદ દેવ તે દેવલોકથી આયુષ્યના ક્ષય પછી ચ્યવી ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે? હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધિ પદ પામશે. અહીં નિક્ષેપ ઉપસંહાર કરવો

**અધ્યયનઃ૧ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૨-કામદેવ

[૨૦]હે ભગવન્! શ્રમણ યાવત્ નિર્વાણને પ્રાપ્ત ભગવન્ત મહાવીરે જે સાતમા ઉપાસકદશાંગના પ્રથમ અધ્યયનનો આ(પૂર્વોક્ત) અર્થ કહ્યો છે. તો ભગવન્! બીજા અધ્યયનમાં શો અર્થ કહ્યો છે? હે જંબૂનિશ્ચયથી તે કાળે અને તે સમયે ચંપાનગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો. કામદેવ ગૃહપતિ હતો. તેને ભદ્રા નામે ભાર્યા હતી. તેને ત્યાં છ હિરણ્યકોટિ નિધાનમાં મૂકેલી, છ વ્યાજમાં અને છ ધાન્યાદિના વિસ્તારમાં રોકેલી હતી. તેને દશ હજાર ગાયોના એક વ્રજના હિસાબે છ વ્રજો એટલે સાઠ હજાર ગાયો હતી. ભગવાન્ સમોસર્યા. આનંદની જેમ(કામદેવ) વંદન કરવા નીકળ્યો. અને આનંદની જેમ જ શ્રાવકધર્મ સ્વીકાર કરે છે. ઈત્યાદિ

[૨૧]ત્યાર પછી કામદેવ શ્રમણોપાસકની પાસે મધ્યરાત્રિના સમયે એક માયી મિથ્યાદૃષ્ટિ દેવ પ્રગટ થયો. તે દેવે એક મોટા પિશાચના રૂપની વિકિયા કરી. તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પિશાચરૂપધારી દેવનું માથું ટોપલાનું આકાર જેવું હતું. તેનો કેશો ડાંગનાં ડૂંડાઓના જેવા રૂક્ષ, જાડા અને પીળી કાન્તિ વડે દીપતા હતા. મોટા માટીના ઘડાની જેવું તેનું લલાટ હતું તેની મુંગુસના પૂંછડા જેવી ભમરો ફગફગતી હતી. અને તેથી તેનો દેખાવ વિકૃત, બેડોળ અને બીભત્સ હતો. તેની આંખો શીર્ષઘટી-મસ્તકરૂપ ઘટિકાથી બહાર નીકળેલી તથા વિકૃતિ અને જોવમાં બીભત્સ હતી. તેના કાન સૂપડાંના ખંડ જેવા, બેડોળ તથા બીભત્સ દેખાવવાળા હતા. તેની નાસિકા ઘેટાની નાસિકા જેવી હતી. તેની નાસિકા પુટ મોટા મોટા છિદ્રોવાળા અને બે ચુલની સમાન હતા. તેની મૂંછો ઘોડાની પૂછ જેવી, કપિલવર્ણની અને વિકૃત તથા બીભત્સ હતી. તેના ઓષ્ઠ ઊંટના ઓષ્ઠ જેવાં લાંબા હતા. તેના દાંત હળની કોદાળી સરખા હતા. તેની જીભ સૂપડાના ટુકડા સરખી હતી. વિકૃત અને જોવામાં બીભત્સ હતી. તેની બે દાઢો હળના અગ્રભાગ જેવી બહાર નીકળેલી હતી. તેના ગાલો ખાડાથી યુક્ત, ઘાવાળા કઠોળ અને વિકરાળ હતા અને તેની છાતી નગરના કમાડ જેવી પહોળી હતી. તેના બે હાથના અગ્રભાગ દાળ વાટવાની શિલા જેવા હતા. તેના હાથની આંગળીઓ દાળ વાટવાના પથ્થર જેવી હતી. તેના નખો છીપના દળના જેવી આકૃતિવાળા હતો. તેનાં બંને સ્તનો હજામની કોથળીની પેઠે વક્ષઃસ્થળ ઉપર લટકતાં હતાં. તેનું પેટ લોઢાની કોઠી જેવું ગોળ હતું. તેની નાભિ કાંજીના કૂંડા જેવી હતી. તેના નેત્રો શીકાની જેવી આકૃતિવાળા હતા અને તેના બંને વૃષણ-ભરેલી બે ગુણીની આકૃતિવાળા હતા તેના બંને સાથળ સાથે રહેલા બે કોઠીઓની આકૃતિ જેવા હતા તેના ઢીંચણ એક અર્જુન જાતના વૃક્ષના ગુચ્છા જેવા અત્યંત વાંકા વિકૃત અને બીભત્સ દેખાવવાળા હતા. તેની જાંઘ કઠણ અને રોગો વડે વ્યાપ્ત હતી. તેના બંને પગ ચટણી વાટવાના પથ્થર જેવા હતા. નખો છીપના દળ જેવા હતા.

તે ગાડાની પાછળના ભાગનાં લાકડાં સરખા અપ્રશસ્ત ઢીંચણવાળો બેડોળ, ભાંગેલ, અને વાંકી ભમરવાળો હતો. અવદારિત-મુખરૂપી વિવર માંથી એની જીભ બહાર નીકળેલી હતી. એના માથા ઉપર શર્પોની માળા હતા, જેણે નોળિયાના કર્ણપુર-ધારણ કરેલું કરેલું હતું અને સાપનું વૈકક્ષ- કરેલું હતું. તે કરાસ્ફોટ કરી રહ્યો હતો. ભયંકર અટ્ટહાસ્ય કરી રહ્યો હતો. તેનું શરીર અનેક પ્રકારના પાંચ વર્ણવાળા રોમો વડે વ્યાપ્ત હતું. એવો ભયંકર તે પિશાચ એક મોટી નીલકમળ, પાડાનાં શિંગાડાં, ગુલિકા ગળી અને અળસીનાં ફૂલ જેવી, ક્ષુર ધાર તલવારને ગ્રહણ કરીને જ્યાં કામદેવ શ્રમણોપાસક હતો, ત્યાં આવ્યો. આવીને ગુસ્સે થયેલો, કુપિત, તીવ્ર, ક્રોધવાળો અને મીસ-મીસ કરતો કામદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ અરે મરણની કામના કરનાર! દુષ્ટ પરિણામ વાળા કુલક્ષણી હીનપુણ્ય-કાળીચૌદશીએ જન્મેલા, લજ્જા, શોભા, ધૈર્ય અને કીર્તિથી રહિત! ધર્મની ઈચ્છાવાળા! પુણ્યની ઈચ્છાવાળા! સ્વર્ગની ઈચ્છાવાળા! મોક્ષની ઈચ્છાવાળા! ધર્મના કાંક્ષી! પુણ્યના કાંક્ષી ! સ્વર્ગના કાંક્ષી! મોક્ષના કાંક્ષી! ધર્મની પિપાસા રાખનાર, પુણ્યની પિપાસા રાખનાર, સ્વર્ગની પિપાસુ ! મોક્ષના પિપાસુ! કામદેવ શ્રમણોપાસક! દેવાનુપ્રિય! શીલો અણુ વ્રતો, દિશાવ્રત વગેરે વિરમણ, પચ્ચકખાણ-પ્રત્યાખ્યાન અને પોષધોપવાસથી ચલિત થવું. ક્ષોભ પામવું, એમનું ખંડન કરવું, ભાંગવું, મૂકી દેવું, અને સર્વથા ત્યાગ કરવું, તને કલ્પતો નથી. પણ જો તું આજે શીલ યાવત્ પોષધોપવાસ છોડીશ નહિ કે ભાંગીશ નહિ તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજે આ નીલકમલ જેવી યાવત્ તલવાર વડે તારા ટુકડેટુકડા કરી નાખીશ. જેથી હે દેવાનુપ્રિય! તું આર્તધ્યાનની -અત્યંત પરાધીનતાથી પીડિત થઈ અકાળમાં જ જીવનથી રહિત થઈ જશે. ત્યારબાદ તે પિશાચરૂપ દેવે આ પ્રમાણે કહેવા છતાં તે કામદેવ શ્રમણોપાસક -ભયભીત થયા સિવાય,-ત્રાસ પામ્યા વગર, ઉદ્વેગરહિત,-ક્ષોભરહિત, અચલિત, અસંભ્રાન્ત, નિશ્ચલ, તૂષ્ણીક મૌન રહી ધર્મધ્યાનમાં સ્થિર રહે છે.

[૨૨]ત્યારે તે પિશાચરૂપ દેવ, કામદેવ શ્રમણોપાસકને નિર્ભય યાવત્ ધર્મધ્યાન માં સ્થિર જુએ છે. જોઈને બીજી વાર પણ કામદેવને એ પ્રમાણે કહે છે, અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર હે કામદેવ! જો તું આજે શીલવ્રત વગેરેનો ત્યાગ નહિ કરે તો તું યાવત્ જીવનથી મુક્ત થઈશ. ત્યારબાદ તે દેવ બીજી વાર ત્રીજીવાર પણ પ્રમાણે કહે છે. તો પણ કામદેવ ભયભીત થયા સિવાય યાવત્ ધર્મધ્યાનમાં સ્થિર રહે છે.

[૨૩]ત્યાર બાદ તે પિશાચરૂપ દેવ કામદેવ શ્રમણોપાસકને નિર્ભીક રહેલો જુએ છે. જોઈને ગુસ્સે થઈ ત્રિવલીયુક્તભમર લલાટ ઉપર કરીને કામદેવ શ્રમણોપાસકના નીલકમળ જેવી યાવત્ તલવાર વડે ટુકડે-ટુકડા કરે છે. ત્યાર પછી તે કામદેવ શ્રમણો પાસક આ તીવ્ર દુસ્સહ વેદનાને સમ્યક્ પ્રકારે યાવત્ સહન કરે છે. ત્યાર બાદ પણ તે પિશાચરુપ દેવ, કામદેવ શ્રમણોપાસકને નિર્ભય રહેલો જુએ છે. જોઈને જ્યારે તે કામ-દેવશ્રમણોપાસકને નિર્ગ્રન્થ-પ્રવચથી ચલાયમાનકરવાને ક્ષોભપમાડવાને, અન્યથા પરિણામ કરવાને શક્તિમાન થતો નથી. ત્યારે શ્રાન્ત થયેલો- ધીમેધીમે પાછા ફરે છે. પાછો ફરી પોષધશાલાથી બહાર નીકળે છે. બહાર નીકળે છે. બહાર નીકળીને દિવ્ય પિશાચના રૂપનો ત્યાગ કરે છે. ત્યાગ કરીને એક મોટું હાથીનું રૂપ વિકુર્વે છે. તેના સાત અંગ પૃથ્વી પર લાગેલાં હતાં. તે સમ્યક્ સંસ્થિત સુંદર આકૃતિવાળો હતો. પૂરા દિવસે જન્મેલા, આગળથી ઊંચો અને અને પાછળથી વરાહના જેવો હતો. અજાના જેવું પેટ પાળો, અલમ્બ કુક્ષિ- લાંબા હોઠ અને સૂંઢવાલો, અને મુકુલાવસ્થાને પ્રાપ્ત થયેલા મલ્લિકા મોગરાનાં પુષ્પની પેઠે સ્વચ્છ અને ધોળા દાંતવાળો હતો. તેનાં દાંતો સુવર્ણની કોશી ખોળીમાં પ્રવિષ્ટ હતા. તે સૂંઢનો અગ્રભાગ કંઈક નમાવેલ ધનુષની પેઠે-ચેષ્ટા વાળો અને -સંકુચિત હતી. તેના પગો કાચબાની જેમ પરિપૂર્ણ હતા. વીશ નખવાળો સંગત અને પ્રમાણયુક્ત પુચ્છવાળો એવો હાથી હતો.

મન્દોન્મત્ત અને મેઘની પેઠે ગર્જના કરતો હતો. મન અને પવનને તેનો વેગ હતો. એવો દિવ્ય હાથીનું રૂપ તે દેવ વિકુર્વે છે. વિકુર્વીને કામદેવ શ્રમણોપાસકને કહે છે, હે કામદેવ! ઈત્યાદિ તેમ જ કહે છે જેમ પિશાચરૂપે કહ્યું હતું, યાવત્ શીલ વગેરેને ભાંગીશ નહિ તો આજે તને સૂંઢથી ગ્રહણ કરીશ, ગ્રહણ કરીને પોષધાશાલાથી બહાર લઈ જઈશ. લઈને ઉપર આકાશમાં ફેંકીશ. ફેંકીને તીક્ષ્ણ દાંતરૂપી મુશળો વડે ગ્રહણ કરીશ. ગ્રહણ કરીને નીચે પૃથ્વીના તલ ઉપર ત્રણ વાર પગો વડે રોળીશ. જે રીતે તું આર્ત ધ્યાનની દુર્ઘટ પરાધીનતાથી પીડિત થયેલો અકાળે જીવનથી મુક્ત થઈશ. હસ્તી રૂપ દેવ એ પ્રમાણે કહ્યું તો પણ કામદેવ શ્રમણોપાસક ભય પામ્યો નહિ.

[૨૪]ત્યારબાદ તે હસ્તીરૂપ દેવ કામદેવ શ્રમણોપાસકને નિર્ભય રહેલો જુએ છે. જોઈને બીજી વાર અને ત્રીજીવાર પણ કામદેવ શ્રમણોપાસકને એ પ્રમાણે કહે છેઃ હે કામદેવ! ઈત્યાદિ પૂર્વવત્ વધુ કહેવું યાવત્ તે પણ તેમજ નિર્ભય જ રહે છે. ત્યાર પછી તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હસ્તીરૂપ કામદેવ શ્રમણોપાસકને નિર્ભય રહેલો જુએ છે. જોઈને ગુસ્સે થયેલો તે કામદેવ શ્રમણોપાસકને સૂંઢ વડે ગ્રહણ કરે છે. સૂંઢ વડે ગ્રહણ કરીને આકાશમાં ઊંચે ઉછાળે છે. ઉછાળીને તીક્ષ્ણ દન્તરૂપ મુશળો વડે ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને, નીચે, પૃથ્વીતળ ઉપર ત્રણ વાર પગો વડે રોળે છે. તે કામદેવ શ્રમણોપાસકને તે અસહ્ય અસાતારૂપ વેદનાને શાન્તિપૂર્વક સહન કરે છે.

ત્યાર બાદ તે હસ્તીરૂપ કામદેવ શ્રમણોપાસકને જ્યારે વ્રતાદિથી ચલાયમાન કરવા શક્તિમાન થતો નથી ત્યારે તે ધીમેધીમે પાછો ખશે છે, પોષધશાલાથી બહાર નીકળે છે.એક મોટા દિવ્ય સાપના રૂપની વિક્રિયા કરે છે. તે સર્પ ઉગ્રવિષવાળો, ચંડ-તીવ્રવિષવાળો, ઘોરવિષવાળો, મોટા શરીરવાળો, મશી અને મૂસા જેવો કાળો, દૃષ્ટિમાં વિષવાળો અને રોષથી ભરાયેલો હતો. એના શરીરનો વર્ણ અંજનના ઢગલાના સમૂહ જેવો દેખાતો હતો. એની આંખો રાતી હતી. લોચન લાલ હતા. એની સાથે રહેલ જે જિહ્વાઓ અત્યન્ત ચપલ હતી. તે એવો જણાતો હતો. જેમ કે પૃથ્વીની વેણિરૂપ હોય. ઉત્કટ, સ્પષ્ટ, કુટિલવક્ર જટિલ, ભયાનક, કર્કશ, કઠોર, અને વિકટ-વિસ્તીર્ણ-ફણનો આડંબર કરવામાં-નિપુણ હતો-લોઢાની ભઠ્ઠીની જેમ 'ધમ ધમ' એવા પ્રકારનો શબ્દ કરી રહ્યો હતો. તીવ્ર-અત્યન્ત પ્રચંડ રોષથી યુક્ત હતો. તે દેવે આવા સર્પના રૂપની વિક્રિયા કરી. તત્પશ્ચાત્ જ્યાં પોષધશાલા હતી અને જ્યાં કામદેવ શ્રમણોપાસક હતો, ત્યાં આવ્યો. આવીને તેણે કામદેવ શ્રમણોપાસકને એ પ્રમાણે કહ્યું, કામદેવશ્રમણો-પાસક ! જો તું શીલ વગેરેને ભાંગીશ નહિ તો હું આજે તારા શરીર ઉપર સર સર ચડી જઈશ. ચડીને પૂંછડા વડે તારી ગ્રીવાને વીંટી લઈશ. વીંટીને તીક્ષ્ણ અને વિષથી વ્યાપ્ત દાઢો વડે તારી છાતીમાં પ્રહાર કરીશ. જેથી તું આર્તધ્યાનની અત્યન્ત પરાધીન તાથી પીડિત થઈ અકાળે મરણ પામશે. તે કામદેવ શ્રમણોપાસક તે સર્પરૂપ થયેલા દેવે એ પ્રમાણે કહ્યું તો પણ નિર્ભય થઈ યાવત્ વિહરે છે. તે દેવ પણ તેને બીજી વાર અને ત્રીજી વાર પણ એમ જ કહે છે. કામદેવ પણ યાવત્ નિર્ભય રહે છે.

[૨૫]ત્યારબાદ તે સર્પરૂપ દેવ, કામદેવ શ્રમણોપાસકને ભયરહિત જુએ છે. જોઈને ગુસ્સે થયેલો તે યાવત્ કામદેવ શ્રમણોપાસકના શરીર ઉપર સર-સર ચઢે છે. પૂંછડા વડે ડોકને ત્રણ વાર વીંટે છે. વીંટીને તીક્ષ્ણ અને વિષયુક્ત દાઢો વડે છાતીમાં ડંખ મારે છે. ત્યારે કામદેવ શ્રમણોપાસક તે ઉગ્ર અને દુસ્સહ વેદનાને શાન્તિપૂર્વક સહન કરે છે. ત્યાર પછી તે સર્વરૂપ દેવ, કામદેવ શ્રમણોપાસકને નિર્ભય રહેલો જુએ છે. જોઈને જ્યારે તે કામદેવ શ્રમણોપાસકને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન કરવા, ક્ષોભ પમાડવા અને અપરિણીત કરવાને શક્તિમાન થતો નથી ત્યારે તે થાકી જાય છે અને ધીમે ધીમે ત્યાંથી ખસે છે. ખસીને પોષધશાલાની બહાર નીકળે છે. નીકળીને દિવ્ય સર્પરૂપનો ત્યાગ કરે છે અને એક મોટા દિવ્ય દેવ રૂપની વિક્રિયા કરે છે.

તે દેવનું રૂપ આ પ્રમાણે હતું: હાર વડે તેનું વક્ષઃસ્થલ સુશોભિત હતું. યાવત્ તે દશદિશાઓને ઉદ્યોતિત અને પ્રકાશિત કહી રહ્યું હતુ. જોનારને પ્રસન્નતા ઉત્પન્ન કરતું હતું. દર્શનીય, મનોજ્ઞ, પ્રતિરૂપ, વિશિષ્ટ રૂપવાળું હતું. એવું રૂપ વિકુર્વીને તે દેવ કામદેવ શ્રમણોપાસકની પોષધશાલામાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરીને આકાશમાં સ્થિત થાય છે. તેણે ઘૂઘરીઓ સહિત પાંચ વર્ણવાળાં વસ્ત્રો સારી રીતે પહેરેલાં હતાં. તેણે કામદેવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું: કામદેવ શ્રમણોપાસ ! તું ધન્ય છે. દેવાનુપ્રિય! તું પુણ્યશાળી, કૃતાર્થ અને કૃતલક્ષણ છે.તેં મનુષ્યજન્મનું અને જીવનનું ફળ સારી રીતે પ્રાપ્ત કર્યું છે. માનવજન્મ અને જીવનને સફળ બનાવ્યું. તને નિર્ગ્રન્થ પ્રવચન પ્રત્યે આ આવા પ્રકારની શ્રદ્ધા લબ્ધ થઈ, પ્રાપ્ત થઈ અને જીવનમાં ઊતરી. એ પ્રમાણે-ખરેખર કે દેવાનુપ્રિય! શક્ર, દેવેન્દ્ર દેવરાજ યાવત્ શક્રનામક સિંહાસન ઉપર બેસીને ચોરાશી હજાર સામાનિક દેવો યાવત્ બીજા ઘણા દેવો અને દેવીઓના મધ્યમાં આ પ્રમાણે કહે છેઃ હે દેવો! ખરેખર જંબુદ્વીપનામક દ્વીપમાં ભરતક્ષેત્રને વિશે, ચંપાનગરીમાં કામદેવ શ્રમણોપાસ પોષધશાલામાં પોષધ અંગીકાર કરી બ્રહ્મચર્યયુક્ત યાવત્ દર્ભના સંથારા ઉપર બેસીને શ્રમણ ભગવાન્ મહાવીરની પાસેથી પ્રાપ્ત કરેલી ધર્મપ્રજ્ઞપ્તિને સ્વીકારીને વિહરે છે. ખરેખર કો દેવ, દાનવ યાવત્ ગન્ધર્વ પણ તેને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન કરવાને, ક્ષોભ પમાડવાને કે વિપરિણત કરવાને સમર્થ નથી.

આવી તમારી પ્રશંસા સાંભળી હું દેવેન્દ્ર દેવરાજ શક્રની એ વાત ઉપર શ્રદ્ધા, રૂચિ અને પ્રતિતિ નહિ કરતો શીઘ્ર અહીં આવ્યો. તમે મને ક્ષમા આપો. તમે મને ક્ષમા આપવાને યોગ્ય છો. હું ફરીથી એમ કરીશ નહિ, એમ કહીને તે દેવ કામદેવશ્રમણોપાસના પગોમાં પડ્યો અને હાથ જોડીને તેણે જે કર્યું હતું તેને માટે વારંવાર ખમાવ્યું. ખમાવીને જે દિશાથી આવ્યો તો. તે દિશાએ ચાલ્યો ગયો. પછી તે કામદેવ શ્રમણોપાસ કે પોતાને ઉપસર્ગરહિત જાણીને પ્રતિમાને પારે છે. તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ચંપાનગરીથી બહાર ઉદ્યાનમાં બિરાજતા હતા.

[૨૬]ત્યાર બાદ તે કામદેવ શ્રમણોપાસકને આ વાતની જાણ થઈ કે શ્રમણ ભગવાન્ મહાવીર યાવત્ વિચરી રહ્યા છે, તો મારે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરીને અને ત્યાંથી પાછા આવીને પોષધ પારવો જોઈએ, એ જ શ્રેયસ્કર છે, એમ વિચારીને તે શુદ્ધ અને પ્રવેશ યોગ્ય-વસ્ત્રો પહેરે છે, યાવત્ અલ્પ અને મહામૂલ્ય અલંકાર પહેરી જનસમૂહથી વીંટાયેલો પોતાના ઘરથી બહાર નીકળે છે, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે ત્યાં આવે છે, યાવત્ શંખની પેઠે પર્યુપાસના કરે છે. ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીરે કામદેવ શ્રમણોપાસકને અને તે અત્યાંત મોટી પરિષદને ધર્મકથા કહી,

[૨૭]'હે કામદેવ' એમ સંબોધન કરી શ્રમણ ભગવંત મહાવીરે કામદેવશ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું: કામદેવ! ખરેખર મધ્યરાત્રિના સમયે તારી પાસે એક દેવ પ્રગટ થયો હતો. તે પછી તે દેવે એક મોટું પિશાચનું રૂપ યાવત્ તું વિચલિત ન થયો ત્યારે દેવ પાછો ગયો. કામદેવ! આ અર્થ સમર્થ-યથાર્થ છે? કામદેવે કહ્યું: હા, યથાર્થ છે. શ્રમણ ભગવંત મહાવીર ઘણા શ્રમણ નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થીઓને આ પ્રમાણે કહ્યું: હે આર્યો! જો ગૃહવાસમાં રહેતા ગૃહસ્થ શ્રમણોપાસકો દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી ઉપસર્ગો સમ્યક્ પ્રકારે સહન કરવા સમર્થ છે તો દ્વાદશાંગ ગણિપિટકનું અધ્યયન કરનાર શ્રમણ નિર્ગ્રન્થદેવતા, મનુષ્ય અને તિર્યંચો સંબંધી ઉપસર્ગો યાવત્ વિશેષતઃ સહન કરવા યોગ્ય છે.

ત્યારે તે ઘણા શ્રમણ નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થીઓ એ અર્થને 'તહ'ત્તિ કહીને વિનય પૂર્વક સ્વીકારે છે. ત્યાર પછી કાંમદેવ શ્રમણોપાસક પ્રસન્ન થયો, યાવત્ શ્રમણ ભગવંત મહાવીરને પ્રશ્નો પૂછ્યા. તેઓનો અર્થ ગ્રહણ કર્યો, અને શ્રમણ ભગવંતને ત્રણ વાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વંદન નમસ્કાર કરીને જે પાછો ગયો. તદનન્તર શ્રમણ ભગવાન મહાવીર અન્ય કોઈ દિવસે ચંપાનગરીથી નીકળ્યા અને નીકળી બહાર દેશ-દેશાન્તરમાં વિચરવા લાગ્યા.

[૨૮]ત્યાર પછી કામદેવ શ્રમણોપાસક પ્રથમ શ્રાવકની પ્રતિમાને અંગીકાર કરીને વિહરે છે. ત્યાર બાદ તે કામદેવ શ્રમણોપાસક ઘણા શીલવ્રતો વગેરેથી આત્માને ભાવિત કરી વીસ વરસ સુધી શ્રમણોપાસક પર્યાયને પાળી, અગિયાર શ્રાવકની પ્રતિ માઓને સમ્યક્ વિધિપૂર્વક કાયા વડે સ્પર્શી એક માસની સંલેખના વડે આત્માને ક્ષીણ કરી સાઠ ભક્ત અણસણ વડે છેદી-વ્યતીત કરી, આલોચના કરી, પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત થઈ મૃત્યુના અવસરે કાળ કરી સૌધર્મ દેવલોકમાં સૌધર્માવસંતક મહા વિમાનની ઉત્તર-પૂર્વ દિશાએ અરુણાભનામક વિમાનમાં ચાર પલ્યોપમ સ્થિતિ વાળા દેવરૂપે ઉત્પન્ન થયો. હે ભગવન! કામદેવ તે દેવલોકથી આયુષ્યના ક્ષય થવાથી, ભવના ક્ષય થવાથી, સ્થિતિના ક્ષય હોવાથી, અનન્તર ચ્યવી ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્ર ક્ષેત્રમાં જન્મગ્રહણ કરીને સિદ્ધિ પામશે

**અધ્યયન-૨ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૩-ચુલનીપિતા

[૨૯]હે જમ્બૂ ! તે કાળે અને તે સમયે વારાણસી નામક નગરી હતી. કોષ્ઠક ચૈત્ય હતું, જિતશત્રુ રાજા હતો. તે વારાણસી નગરીમાં ચુલનીપિતા નામક ગૃહપતિ રહે છે. તે ધનાઢ્ય યાવત્ કોઈથી પરાભવ ન પામે તેવો છે. તેને શ્યામા નામની ભાર્યા છે. તેણે આઠ હિરણ્યકોટિ નિધાનમાં મૂકેલી હતી. આઠ હિરણ્યકોટિ વૃદ્ધિ-વ્યાજે મૂકેલી હતી અને આઠ હિરણ્યકોટિ ધન-ધાન્યાદિના વિસ્તારમાં રોકેલી હતી. તેને દસ હજાર ગાયોના એક વ્રજના હિસાબે આઠ વ્રજો હતા. તે આનંદની પેઠે રાજા,ઈશ્વર, શેઠ વગેરેને યાવત્ સર્વ કાર્યોનો વધારનાર હતો. મહાવીર સ્વામી તે નગરીમાં પધાર્યા. જનસમૂહ દેશના સાંભળવા નીકળ્યા ચુલનીપિતા પણ આનંદની જેમ નીકળ્યો તેની જ પેઠે ગૃહસ્થ ધર્મ સ્વીકાર કર્યો. ગૌતમ સ્વામીની પૃચ્છા પૂર્વવત્ જાણવી. શેષ બધું કામદેવની જેમ જાણવું. યાવત્ પોષધશાલામાં પોષધસહિત અને બ્રહ્મચારી(ચુલનીપિતા) શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી પ્રાપ્ત ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિહરે છે.

ત્યાર બાદ તે ચુલનિપિતા શ્રમણોપાસકની પાસે મધ્યરાત્રિના સમયે એક દેવ પ્રગટ થયો. તે દેવે નીલકમળ જેવી યાવત્ તલવાર લઈને ચુલનીપિતા શ્રમણોપાસકને એ પ્રમાણે કહ્યું, હે ચુલનીપિતા શ્રમણોપાસક! ઈત્યાદિ જેમ કામદેવને દેવે કહ્યું હતું તે પ્રમાણે કહેવું, યાવત્ વ્રત વગેરેને ભાંગીશ નહિ તો હું આજે મારા જ્યેષ્ઠ પુત્રને તારા પોતાના ઘરથી લાવીશ અને તારા સમક્ષ તેનો ઘાત કરીશ. ઘાત કરીને ત્રણ -માંસના ટુકડા કરીશ અને -તેલથી ભરેલા કઢાઈમાં નાખી ઉકાળીશ. ઉકાળીને તારા શરીર ઉપર માંસ, લોહી છાંટીશ. તું આર્તધ્યાનની પરવશતાથી પીડિત થઈ અકાળમાં જ જીવનથી મુક્ત થઈશ. ત્યાર બાદ તે ચુલનીપિતા શ્રમણોપાસક તે દેવે એ પ્રમાણે કહેવા છતાં પણ પામ્યા સિવાય યાવત્ વિહરે છે. ત્યાર પછી તે દેવ ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય રહેલો યાવત્ જુએ છે. તેણે બીજી વાર, ત્રીજીવાર પણ ચુલનીપિતા શ્રમણોપાસકને એ પ્રમાણે કહ્યુંઃ તે ચુલનીપિતા પણ યાવત્ તેમજ વિચરે છે-નિર્ભય રહે છે. ત્યાર પછી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય રહેલો યાવત્ જોઈને ક્રુદ્ધ થયેલો તે દેવ ચુલનીપિતા શ્રમણોપાસકના જ્યેષ્ઠ પુત્રને ઘરથી નીકાળે છે. નીકાળીને તેના સમક્ષ તેનો ઘાત કરે છે. ઘાત કરીને ત્રણ માંસના ટુકડા કરે છે, ટુકડા કરીને તેલથી ભરેલી કઢાઈમાં ઉકાળે છે. ઉકાળીને ચુલની પિતા શ્રમણોપાસકના શરીર ઉપર માંસ અને રુધિર છાંટે છે.

ત્યારબાદ તે ચુલનીપિતા શ્રમણોપાસક કેવળ દુઃખરૂપ વેદનાનેસહન કરેછે. ત્યાર પછી દેવ ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય રહેલો યાવત્ જુએ છે. જોઈને તેણે બીજી વાર પણ ચુલનીપિતા શ્રમણોપાસકને એ પ્રમાણે કહ્યુંઃ મરણની પ્રાર્થના કરનાર યાવત્ વ્રત વગેરે તું નહિ ભાંગે તો હું આજે તારા -વચલા પુત્રને તારા-પોતાના ઘરથી લઈ જઈશ. લઈને તારા સમક્ષ તેનો ઘાત કરીશ. ઈત્યાદિ જેમ જ્યેષ્ઠ પુત્ર સંબંધે કહ્યું હતું જેમ કહે છે અને તે પ્રમાણેજ કરે છે. એવી જ રીતે ત્રીજા નાના પુત્રના પણ ઘરેથી લાવી ત્રણ ખંડ કરે છે. ચુલની પિતા તે દુસ્સહ વેદનાને સહન કરે છે. અને ચુલનીપિતાના શરીર ઉપર છાંટે છે. તત્પશ્ચાત્ તે દેવ ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય રહેલો જુએ છે. જોઈને તેણે ચોથી વાર પણ ચુલનીપિતા શ્રમણોપાસકને એ પ્રમાણે કહ્યું, મરણની કામના કરનાર જો તું યાવત્ વ્રતાદિને ભાંગીશ નહિ તો આજે હું જે આ તારી માતા ભદ્રા સાર્થવાહી દેવ અને ગુરુસમાન જનની છે. તથા જેણે ગર્ભપાલનાદિ રૂપ અત્યંત દુષ્કર કાર્યો કીધાં છે, તેને તારા ઘરથી લાવીશ. લાવી તારી આગળ તેનો ઘાત કરીશ. ઘાત કરીને ત્રણ માંસના ટુકા કરીશ. અને તેલથી ભરેલા કઢાયામાં ઉકાળીશ. ઉકાળીને તારા શરીરને માંસ અને લોહી વડે છાંટીશ, જેથી તું આર્તધ્યાનની અત્યંત પરાવશતાથી પીડિત થઈને અકાળે જ જીવનથી મુક્ત થઈશ. ત્યારે તે ચુલનીપિતા શ્રમણોપાસક તે દેવના એમ કહેવા છતાં પણ નિર્ભય જ રહે છે. તે દેવ ચુલનીપિતા શ્રમણોપાસકને નિર્ભય રહેલો જુએ છે, જોઈને ચૂલનીપિતા શ્રમણોપાસકને બીજીવાર અને ત્રીજીવાર પણ એ પ્રમાણે કહ્યું, ઈત્યાદિ પૂર્વવત્ સમજવું.

[૩૦]જ્યારે તે દેવે બીજી વાર અને ત્રીજી વાર પણ એ પ્રમાણે કહ્યું, ત્યારે ચુલની પિતા શ્રમણોપાસકને આવા પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો. અહો, આ પુરુષ અનાર્ય છે, અનાર્ય બુદ્ધિવાળો છે અને અનાર્યોચિત પાપકર્મ કરે છે, જે મારા જ્યેષ્ઠ પુત્રને મારા પોતાના ઘરથી લઈ આવ્યો. અને મારી આગળ ઘાત કર્યો. ઈત્યાદિ જે પ્રમાણે દેવે કર્યું હતું તે બધું ચિન્તવે છે. આ પુરુષ હવે મારા માટે દેવ, ગુરુ અને જનની રૂપે જે મારી માતા ભદ્રા સાર્થવાહી છે, અત્યંત દુષ્કરને કરનારી છે, તેને પણ મારા ઘરથી લઈને મારી આગળ ઘાત કરવાને ઈચ્છે છે, માટે મારે એ પુરુષને પકડવો યોગ્ય છે. એમ વિચારી તે પકડવા દોડ્યો પણ તે દેવ આકાશમાં ઊડી ગયો. ચુલનીપિતાના હાથમાં ઘરનો સ્તંભ-આવ્યો અને તે અત્યંત મોટા શબ્દો વડે કોલાહલ કરવા લાગ્યો. ત્યારે તે ભદ્રા સાર્થવાહી તે કોલાહલનો સાંભળી અને સમજીને જ્યાં ચુલનિપિતા શ્રમણોપાસક હતો ત્યાં આવી. આવીને કહ્યુંઃ હે પુત્ર! તેં કેમ ઘણાં મોટા શબ્દ વડે કોલાહલ કર્યો?

તે ચુલનીપિતા શ્રમણોપાસકે પોતાની માતા ભદ્રા સાર્થવાહીને આ પ્રમાણે કહ્યું, હે માતા ! હું જાણતો નથી. પણ કોઈક પુરુષે ગુસ્સે થઈને નીલકમળ જેવી એક મોટી તલવાર ગ્રહણ કરી અને એમ કહ્યું, 'મરણની કામના કરનાર, હ્રી-લજ્જા, શ્રી-લક્ષ્મી, ધૃતિ અને કીર્તિથી રહિત હે ચુલનીપિતા શ્રમણોપાસક! જો તું વ્રતાદિનો ભંગ નહિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીશ તો આજે યાવત્ જીવનથી મુક્ત થઈશ. તે પુરુષે એ પ્રમાણે કહ્યું તો પણ હું નિર્ભય રહ્યો. ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. કરવો. ત્યારે તે પુરુષે મને નિર્ભય રહેલો જોઈને મને ચોથી વાર એ પ્રમાણે કહ્યુંઃ મરણની કામના કરનાર હે ચુલનીપિતા ! યાવત્ તું વ્રતાદિનો ભંગ નહિ કરે તો આજે તારી આ માતા જે દેવ ગુરુ અને જનનીરૂપ છે. તેને જીવનથી મુક્ત થઈશ. તે પુરુષે એમ કહ્યું ત્યારે હું નિર્ભય રહ્યો.

તે પુરુષે જ્યારે બીજી વાર ને ત્રીજી વાર પણ મને આ પ્રમાણે કહ્યું ત્યારે મારા મનમાં આવા પ્રકારનો સંકલ્પ થયો.'અહો આ પુરષ અનાર્ય છે યાવત્ અનાર્ય પાપકર્મ કરનાર છે, જે મારા જ્યેષ્ઠ પુત્રને મારા પોતાના ઘરથી લઈ ગયો, તેમજ મધ્યમ યાવત્ સૌથી નાના પુત્રને લઈ ગયો અને યાવત્ તેના માંસ અને લોહી વડે મારા શરીરને છાંટ્યો અને તમને પણ મારા ઘરથી લઈને મારા આગળ ઘાત કરવા ઈચ્છે છે. માટે તે પુરુષને મારે પકડવો યોગ્ય છે.' એમ વિચારીને હું દોડ્યો, પણ તે પુરુષ આકાશમાં ઊડી ગયો. મેં પણ સ્તંભ પકડ્યો અને ઘણાં મોટા શબ્દ વડે કોલાહલ કર્યો. ત્યાર પછી તે ભદ્રા સાર્થવાહીએ ચુલનીપિતા શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું, ખરેખર કોઈ પુરુષ યાવત્ તારા નાના પુત્રને તારા ઘરથી લઈ ગયો નથી. લઈને તારી સામે ઘાત કર્યો નથી. આ કોઈ પુરુષે તને ઉપસર્ગ કર્યો છે. આ બિહામણું દૃશ્ય જોયું છે માટે તું અત્યારે ભગ્ન વ્રત-વાળો, ભગ્ન નિયમવાળો અને ભગ્ન પોષધવાળો થઈ ગયો છે. તેથી હે પુત્ર ! તું એ સ્થાનની આલોચના કર, યાવત્ તપઃકર્મરૂપ પ્રાયશ્ચિત સ્વીકાર કર. ત્યાર પછી ચુલની-પિતા શ્રમણોપાસક ભદ્રા સાર્થવાહી માતા એ અર્થને 'તહ'ત્તિ કહી વિનયપૂર્વક સ્વીકારે છે. સ્વીકારીને તે સ્થાનની આલોચના કરે છે યાવત્ પ્રાયશ્ચિત સ્વીકારે છે.

[૩૧]ત્યાર પછી ચુલનીપિતા શ્રમણોપાસક પ્રથમ ઉપાસક પ્રતિમાને સ્વીકારી વિહરે છે. પ્રથમ ઉપાસક પ્રતિમાને સૂત્ર પ્રમાણે આનંદ શ્રાવકની જેમ આરાધે છે યાવત્ અગિયારે પ્રતિમાઓનું આરાધન કરે છે. ત્યાર બાદ ચુલનીપિતા શ્રમણોપાસક તે ઉદાર તપ વડે કૃશ થઈ ગયો. અને કામદેવની જેમ યાવત્ સૌધર્મ દેવલોકમાં ઉત્તર પૂર્વ દિશામાં અરુણપ્રભ વિમાનમાં દેવરુપે ઉત્પન્ન થયો. ત્યાં ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. યાવત્ તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ગ્રહણ કરીને સિદ્ધથશે.

**અધ્યયન-૩ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૪-સુરાદેવ

[૩૨]હે જંબૂ! તે કાળે અને તે સમયે વારાણસી નામે નગરી હતી. કોષ્ઠક ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો. ત્યાં સુરાદેવ ગૃહપતિ નિવાસ કરતો હતો. તે ધનિક હતો. તેને છ હિરણ્યકોટિ નિધાનમાં, છ વ્યાજે અને છ ધન-ધાન્યદિના વિસ્તારમાં રોકી હતી. દસ હજાર ગાયોના એક વ્રજના હિસાબે છ વ્રજો હતાં. ધન્યા ભાર્યા હતી. મહાવીરસ્વામી વારાણસી નગરીમાં સમોસર્યા. આનંદની જેમ તેણે ગૃહસ્થધર્મ સ્વીકાર કર્યો. અને કામદેવની પેઠે યાવત્ શ્રમણ ભગવંત મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરવા લાગ્યો. તે સુરાદેવ શ્રમણોપાસકની પાસે રાત્રિના મધ્ય સમયે એક દેવ પ્રકટ થયો. તે દેવે એક મોટી નીલકમળ જેવી તલવાર લઈને સુરાદેવ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું, હે મરણની પ્રાર્થના કરનાર જો તું શીલ વગેરેને ભાંગીશ નહિ તો તારા જ્યેષ્ઠ પુત્રને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તારા પોતાના ઘરથી લઈ આવીશ. લઈને તારી આગળ તેનો ઘાત કરીશ, ઘાત કરીને તેના માંસના પાંચ ટુકડા કરીશ. અને તેને તેલથી ભરેલા કઢાયામાં ઉકાળીશ. ઉકાળીને તારા શરીરને માંસ ને રૂધિર વડે છાંટીશ. જેથી તું આર્તધ્યાનની અત્યંત પરાવશતાથી પીડિત થઈને અકાળે મરમ પામીશ. એ જ પ્રમાણે મધ્યમપુત્ર અને નાના પુત્રના વિષય માં પણ સમજવું. એક-એકના પાંચ-પાંચ ટુકડા કરીશ એમ કહે છે અને તેમ જ કરે છે ઈત્યાદિ સમગ્ર વૃત્તાંત ચુલનીપિતાની જેમ જાણવું. ત્યાર પછી તે દેવે સુરાદેવ શ્રમણોપાસકને ચોથી વાર પણ આ પ્રમાણે કહ્યું, મરણની પ્રાર્થના કરનાર હે સુરાદેવ શ્રમણોપાસક ! જો તું શીલ વગેરેનો ત્યાગ નહિ કરે તો આજે તારા શરીરમાં એક સાથે સોળ રોગો મૂકીશ. તે આ પ્રમાણેઃ શ્વાસ- કાસ- યાવત્ કોઢ. જેથી તું આર્તધ્યાનની અત્યંત પરવશતાથી પીડિત થઈ અકાળે જ જીવનથી મુક્ત થઈશ. પણ તે સુરાદેવ નિર્ભય રહે છે. આ પ્રમાણે બીજી વાત-ત્રીજી વાર પણ કહે છે.

[૩૩] પછી તે સુરાદેવ શ્રમણોપાસકના ચિત્તમાં આવા પ્રકારનો અધ્યવ સાય ઉત્પન્ન થયો. અહો! આ પુરુષ અનાર્ય છે અને યાવત્ અનાર્ય પાપકર્મ કરે છે. જે મારા જ્યેષ્ઠ પુત્રને યાવત્ કનિષ્ઠ પુત્રને ઘરથી લાવી મારી આગળ ઘાત કરીને યાવત્ માંસ અનેરુધિરવડેમારાશરીરનેછાંટ્યુંછે અને જે આ સોળ મહારોગો છે તેને પણ મારા શરીરમાં એકસાથે મૂકવા ઈચ્છે છે. તો મારે આ પુરષને પકડવો એજ યોગ્ય છે. એમ વિચાર કરીને તે દોડ્યો. પણ તે દેવ આકાશમાં ઊડી ગયો. તેના હાથમાં ઘરનો થાંભલો આવી ગયો અને અત્યન્ત મોટા શબ્દોથી તે કોલાહલ કરવા લાગ્યો. ત્યારે સુરાદેવની પત્ની ધન્યા કોલાહલ સાંભળીને અને સમજીને જ્યાં સુરાદેવ શ્રમણોપાસક હતો ત્યાં આવીને તેણે આ પ્રમાણે કહ્યુંઃ હે દેવાનુપ્રિય! તમે અત્યંત મોટા શબ્દ વડે કેમ કોલાહલ કર્યો ?

ત્યારે તે સુરાદેવ શ્રમણોપાસકે ધન્યાભાર્યાને સર્વવૃતાંત કહ્યો ધન્યા પણ ઉત્તર આપે છે કોઈ પુરુષે યાવત્ કનિષ્ઠ પુત્રને ઘરથી લઈને ઘાત કર્યો નથી. દેવાનુપ્રિય ! કોઈ પણ પુરુષ તમારા શરીરમાં એકસાથે સોળ રોગો મૂક્તો નથી. બાકી બધું ચુલની પિતાને તેની માતાએ જેમ કહ્યું હતું તેમ તે ધન્યા ભાર્યા કહે છે. યાવત્ તે સુરાદેવ સૌધર્મ નામક પ્રથમ દેવલોકમાં અરુણકાન્ત વિમાનમાં ઉત્પન્ન થયો. ત્યાં તેની ચાર પલ્યો પમની સ્થિતિ છે. તે દેવલોકથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને મોક્ષે જશે.

**અધ્યયન-૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૫-ચુલ્લશતક

[૩૪]હે જંબૂ! એ પ્રમાણે ખરેખર તે કાળે અને તે સમયે આલભિકા નગરી હતી. ત્યાં શંખવન ઉદ્યાન હતું. જિતશત્રુ રાજા હતો. ચુલ્લશતક ગૃહપતિ ધન-ધાન્યાદિથી સમૃદ્ધ હતો યાવત્ તેને છ હિરણ્યકોટિ નિધાનમાં, છ કોટિ દ્રવ્ય ધન-ધાન્યાદિના વિસ્તારમાં રોકેલ હતી. દસ હજાર ગાયોના એક વ્રજના હિસાબે છ વ્રજો હતાં, મહાવીર સ્વામી ત્યાં સમોસર્યા. આનંદની જેમ તે ગૃહસ્થ ધર્મનો અંગીકાર કરે છે. બાકી બધું કામદેવની પેઠે કહેવું,

[૩૫]ત્યાર બાદ તે ચુલ્લશતક શ્રમણોપાસકની આગળ મધ્યરાત્રિના સમયે એક દેવ પ્રકટ થયો, અને તેણે યાવત્ હાથમાં તલવાર લઈને આ પ્રમાણે કહ્યું, હે ચુલ્લ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શતક ! યાવત્ શીલવ્રતાદિને ભાંગીશ નહિ તો આજે તારા મોટા પુત્રને તારા પોતાના ઘરેથી લઈ જઈશ. ઈત્યાદિ જેમ ચુલનીપિતાને કહ્યું હતું તેમ અહીં પણ બધું કહેવું. પરંતુ વિશેષતા એટલી કે એકના સાત સાત માંસના ટુકડા કરીશ, એમ કહેવા પર પણ ચુલ્લશતક શ્રમણોપાસક નીડર રહે છે. ત્યાર બાદ દેવે ચુલ્લશતક શ્રમણોપાસકને ચોથી વાર પણ આ પ્રમાણે કહ્યું, હે ચુલ્લશતક શ્રમણોપાસક ! યાવત્ તું શીલવ્રતાદિને ભાંગીશ નહિ તો આજે જે તારું છ હિરણ્યકોટિ દ્રવ્ય નિધાનમાં મૂકેલું છે, છ હિરણ્યકોટિ વ્યાજે મૂકેલું છે, અને છ કોટિ ધન-ધાન્યાદિના વિસ્તારમાં છે, તેને તારા પોતાના ઘરેથી લઈ જઈશ અને લઈને આલભિકા નગરીના શૃંગાટક- આદિ યાવત્ રાજમાર્ગમાં ચારે તરફ સર્વત્ર જ્યાં-ત્યાં ફેંકી દઈશ. જેથી તું આર્તધ્યાનની અત્યંત પરવશતાથી પીડિત થઈને અકાળે જ પ્રાણરહિત થઈ જઈશ. ત્યાર પછી તે ચુલ્લશતક શ્રમણોપાસક તે દેવતા દ્વારા એમ કહેવા છતાં પણ નિર્ભય રહ્યો. ત્યાર પછી તે દેવે યાવત્ બીજીવાર ત્રીજીવાર પણ એમ જ કહ્યું, યાવત્ તું મૃત્યું પામીશ. એટલે ચુલ્લશતક શ્રમણોપાસકને આવા પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો. અહો, આ પુરુષ અનાર્ય છે, ઈત્યાદિ તે ચુલની પિતાની જેમ ચિંતવે છે. યાવત્ જે છ હિરણ્યકોટિ નિધાનમાં મૂકેલી, છ વ્યાજે મૂકેલી અને છ ધન-ધાન્યાદિના વિસ્તારમાં રોકેલી છે તેને પણ મારા ઘરેથી લાવી આલભિકા નગરીના શૃંગાટક વગેરે માર્ગોમાં ચારે તરફ જ્યાં-ત્યાં ફેંકી દેવાને ઈચ્છે છે. માટે મારે એ પુરુષને પકડવો યોગ્ય છે. એમ વિચારી તે તેને પકડવાને દોડ્યો-ઈત્યાદિ યાવત્ સુરાદેવની જેમ તેની ભાર્યા આવે છે અને પૂછે છે અને તે તેમ જ ઉત્તર આપે છે.

[૩૬]શેષ સમસ્ત વૃત્તાન્ત ચુલ ની પિતાની જેમ જાણવું. યાવત્ તે સૌધર્મ દેવલો કમાં અરુણ શિષ્ટ વિમાનમાં ઉત્પન્ન થયો. તેની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. શેષ તેમ જ(પૂર્વવત) કહેવું. યાવત્ તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મીને સિદ્ધિપદને પામશે.

**અધ્યયન-૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૬-કુંડકોલિક

[૩૭]હે જંબૂ! તે કાળે અને તે સમયે કાંપિલ્યપુર નગર હતું. સહસ્રામ્રવન હતું. ત્યાં જિતશત્રુ રાજા હતો. કુંડકોલિક ગૃહપતિ હતો. તેની પૂષા નામક પત્ની હતી. તેણે છ હિરણ્યકોટિ નિધાનમાં મૂકેલી. છ વ્યાજે અને છ ધન-ધાન્યાદિના વિસ્તારમાં રોકેલી ૧૦૦૦૦ ગાયોના એક વ્રજના છવ્રજો હતા. મહાવીર સ્વામી સમોસર્યા. કામદેવની જેમ એણે શ્રાવકધર્મ પૂર્વવત્ સ્વીકાર કર્યો. ઈત્યાદિ બધી વક્તવ્યતા પૂર્વવત્ કહેવી

[૩૮]અન્યદા કદાચિત તે કુંડકોલિકશ્રમણોપાસક મધ્યાહ્ન સમયે,જ્યાં અશોક-વનિકા હતી અને જ્યાં પૃથ્વીશિલાપટ્ટ હતો ત્યાં આવ્યો. ત્યાં આવીને પોતાના નામથી અંકિત મુદ્રિકા અને ઉત્તરીય વસ્ત્રને પૃથ્વીશિલાપટ્ટ ઉપર મૂકે છે. મૂકીને શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી સ્વીકારેલ ધર્મપ્રજ્ઞપ્તિ અંગીકાર કરીને વિચરેછે. પછી તે કુંડકોલિક શ્રમણોપાસકની પાસે એક દેવ પ્રકટ થયો. તે દેવ કુંડકોલિક શ્રમણોપાસકની નામવાળી મુદ્રા અને ઉત્તરીય વસ્ત્રને પૃથ્વીશિલાપટ્ટ ઉપરથી ગ્રહણ કરેછે. ગ્રહણ કરીને ઘૂઘરી-ઓ સહિત શ્રેષ્ઠ વસ્ત્રો જેણે પહેરેલાંછે એવા તે દેવે આકાશમાં રહીને કુંડકોલિક શ્રમણો પાસકને આ પ્રમાણે કહ્યુંઃ દેવાનુપ્રિય! મંખલીપુત્ર ગોશાલકની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર છે કે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્થાન કર્મ, બલ વીર્ય પુરુષકાર અને પરાક્રમ નથી. સર્વ ભાવો નિયત છે. શ્રમણ ભગવંતમહાવીરનેધર્મપ્રજ્ઞપ્તિસુંદરનથીકે-ઉત્થાનયાવત્પુરુષાર્થછે,સર્વભાવોઅનિયત છે,

ત્યાર બાદ તે કુંડકોલિક શ્રમણોપાસકે તે દેવને આ પ્રમાણે કહ્યું, હે દેવ! જો મંખલીપુત્ર ગોશાલકની ધર્મપ્રજ્ઞપ્તિ(જેમાં) ઉત્થાન નથી, યાવત્ સર્વભાવો નિયત છે, એ સુંદર હોય અને શ્રમણ ભગવંત મહાવીરની 'ઉત્થાન છે યાવત્ સર્વ ભાવો અનિયત છે.' એ ધર્મપ્રજ્ઞપ્તિ મિથ્યા હોય તો, હે દેવ! તમોએ દિવ્ય ઋદ્ધિ, દિવ્ય દેવદ્યુત દિવ્ય દેવાનું ભાવશાથી મેળવ્યો ? શાથી પ્રાપ્ત કર્યો ? શાથી અભિમુખપણે પ્રાપ્ત કર્યો? કુંડકોલિકનું કથન સાંભળ્યા પછી તે દેવે કુંડકોલિક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું, એ પ્રમાણે ખરેખર હે દેવાનુપ્રિય! મેં આ આવા પ્રકારની દિવ્ય દેવઋદ્ધિ ઉત્થાન વગર જ યાવત્ પરાક્રમ વગર જ મેળવી છે, પ્રાપ્ત કરી છે, અભિમુખપણે પ્રાપ્ત કરી છે.

ત્યારે કુંડકોલિક શ્રાવકે દેવને કહ્યું, હે દેવ! જો તમોએ આ દિવ્ય દેવઋદ્ધિ ઉત્થાન વગર યાવત્ પુરુષાર્થ-પરાક્રમ કર્યા વગર જ પ્રાપ્ત કરી છે યાવત્ તમારી સામે આવી છે તો જે જીવોમાં ઉત્થાન આદિ નથી તે બધા દેવ કેમ ન થયા ? અને હે દેવ ! જો દિવ્યઋદ્ધિ તમને ઉત્થાન યાવત્ પરાક્રમથી લબ્ધ, પ્રાપ્ત અને સમન્વાગત થઈ છે,તો પછી તમે જે કહો છે કે મંખલીપુત્ર ગોશાલકની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર છે, કારણ કે; ઉત્થાન નથી, યાવત્ સર્વ ભાવો નિયત છે, શ્રમણ ભગવંત મહાવીરની પ્રજ્ઞપ્તિ મિથ્યા છે કે ઉત્થાન છે, યાવત્ સર્વ ભાવો અનિયત છે, તે તમારું કથન મિથ્યા થઈ જાય છે. જ્યારે કુંડકોલિક શ્રમણોપાસકે એ પ્રમાણે કહ્યું ત્યારે તે દેવ શંકિત થયો, યાવત્ કલુષને પ્રાપ્ત થયો, કુંડકોડિલ શ્રમણોપાસકને કંઈપણ ઉત્તર આપી ન શક્યો. તેણે નામમુદ્રા અને ઉત્તરીય વસ્ત્રને પૃથ્વીશિલાપટ્ટ ઉપર મૂકી દીધાં અને જે દિશાથી આવ્યો હતો તે દિશા તરફ ચાલ્યો ગયો. તે કાળે અને તે સમયે મહાવીરસ્વામી સમોસર્યા. કુંડકોલિક શ્રમણોપાસક આ સાંભળી પ્રસન્ન થયો અને કામદેવની જેમ ભગવાનની ધર્મદેશના સાંભળવા નીકળ્યો, યાવત્ પર્યુપાસના કીધી.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

[૩૯]'હે કુંડકોલિક' એમ સંબોધી શ્રમણ ભગવાન મહાવીરે કુંડકોલિક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું, કુંડકોલિક! ખરેખર કાલે તારી પાસે મધ્યાહ્ન સમયે અશોક વનિકામાં એક દેવ આવ્યો હતો. આવીને તે દેવે તારી નામમુદ્રા અને ઉત્તરીય વસ્ત્ર લઈ લીધું. યાવત્ તે પાછો ગયો ઈત્યાદિ સમગ્ર વૃત્તાંન્ત કહી સંભળાવ્યો. પછી પૂછ્યું. કુંડકોલિક ! ખરેખલ આ વાત સત્ય છે ? કુંડકોલિક : હા, સત્ય છે. ભગવાન્ : તો કુંડકોલિક ! તું ધન્ય છે, વગેરે કામદેવની પેઠે કહેવું. 'હે આર્યો' એમ સંબોધી શ્રમણ ભગવંત મહાવીરે નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થીઓને આ પ્રમાણે કહ્યું: હે આર્યો ! જો ગૃહસ્થાવાસમાં રહેતો ગૃહસ્થો અર્થ, હેતુ, પ્રશ્ન, કારણ અને ઉત્તર વડે અન્ય તીર્થિકોને નિરુત્તર કરવા સમર્થ છે તો દ્વાદશાંગ ગણિપિટકનું અધ્યયન કરનાર નિર્ગ્રન્થ શ્રમણોને માટે અર્થ, હેતુ, અને યુક્તિઓ દ્વારા અન્ય યૂથિકોને નિરુત્તર કરવું તો શક્ય જ છે.

ત્યાર પછી શ્રમણ નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થીઓ શ્રમણ ભગવંત મહાવીરના એ અર્થને 'તહ'ત્તિ કહી વિનય વડે સ્વીકારે છે. ત્યારબાદ કુંડકોલિક શ્રમણોપાસ શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરે છે. વંદન અને નમસ્કાર કરી પ્રશ્નો પૂછે છે, પૂછીને તેઓના અર્થને ગ્રહણ કરે છે. અર્થ ગ્રહણ કર્યા પછી જે દિશાથી આવ્યો હતો તે

દિશા તરફ ગયો. પછી મહાવીર સ્વામી બહાર દેશોમાં વિહાર કરવા લાગ્યો.

[૪૦]તે કુંડકોલિક શ્રમણોપાસકને ઘણાં શીલવ્રતાદિ વડે યાવત્ આત્માને ભાવિત કરતાં ચૌદ વર્ષ વ્યતીત થઈ ગયા. પંદરમાં વર્ષની વચ્ચે વર્તતા એને કોઈ દિવસે મધ્યરાત્રિના સમયે ધર્મજાગરણ કરતાં આવા પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો, ઈત્યાદિ કામદેવની પેઠે બધું કહેવું. તે જ્યેષ્ઠ પુત્રને પોતાની જગ્યાએ સ્થાપીને અને તેમજ પોષધ-શાલામાં યાવત્ ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચરવા લાગ્યો. એમ અગિયાર ઉપાસકની પ્રતિમાઓ તેમ જ પાળીને યાવત્ સૌધર્મ દેવલોકમાં અરુણધ્વજ વિમાનમાં ઉત્પન્ન થયો. યાવત્ પછી(મહાવિદેહમાં જન્મગ્રહણ કરીને) કર્મોનો અંત કરશે.

**અધ્યયન-૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૭-સદ્દાલપુત્ર

[૪૧] પોશાલપુર નગર હતું. ત્યાં સહસ્રાભવન ઉદ્યાન હતું. જિતશત્રુ રાજા હતો. તે પોલાશપુર નગરમા આજીવિકાના સિદ્ધાન્તનો અર્થ જેણે જાણ્યો છે, જેણે અર્થ ગ્રહણ કર્યો છે, જેણે અર્થ પૂછ્યો છે, જેણે તાત્પર્યથી અર્થને જાણ્યો છે એવો તથા જેની અસ્થિઓ અને મજ્જામાં તે સિદ્ધાન્તનું પ્રેમ તથા અનુરાગ સમાયેલ હતો, એવો આજીવિકાનો ઉપાસક સદ્દાલપુત્ર કુંભાર હતો. તે કહેતોઃ હે આયુષ્મન્ ! આ આજીવિકાનો સમયે એ જ અર્થરૂપ છે, એ જ પરમાર્થરૂપ છે. બાકી બધું. અનર્થરૂપ છે. એમ તે આજીવિકના સમય વડે આત્માને ભાવિક કરતો રહેતો હતો. તે આજીવિકોપાસક સદ્દાલ પુત્રને ત્યાં એક હિરણ્યકોટિ નિધાનમાં રહેલી, એક વ્યાજે મૂકેલી અને એક કોટિ ધન-ધાન્યાદિના વિસ્તારમાં રોકાયેલી હતી. અને દસ હજાર ગાયોનું એક વ્રજ હતું. તે આજીવિકોપાસક સદ્દાલપુત્રની અગ્નિમિત્રા ભાર્યા હતી. તે આજીવિકોપાસક સદ્દાલપુત્રને પોલાશપુર નગરની બહાર કુંભકારના પાંચસો હાટ હતાં. તેમાં ઘણાં પુરુષો કામ કરતાં હતા, જેઓને ભૃતિ- ભોજન અને વેતન આપવામાં આવે છે, એવા ઘણા પુરુષો દરેક પ્રભાતે(પ્રતિદિન) ઘણા પિઠરક ઘડાઓ, અર્ધઘડાઓ, કલશો જંબૂલકો, ઉષ્ટ્રિકાઓ બનાવતાં હતા. બીજા ઘણા પુરુષો વેતન લઈને તે કરકો, યાવત્ ઉષ્ટ્રિકા વડે રાજ માર્ગ માં પોતાની આજી વિકા કરતા હતાં.

[૪૨]ત્યાર પછી આજીવિકોપાસક સદ્દાલપુત્ર અન્ય કોઈ દિવસે મધ્યાહ્ન કાળે જ્યાં અશોકવનિકા છે ત્યાં જાય છે, ત્યાં જઈને મંખલીપુત્ર ગોશાલકની પાસેથી સ્વીકાર કરેલ ધર્મપ્રજ્ઞપ્તિને અંગીકાર કરીને વિહરે છે. ત્યાર પછી આજીવિકોપાસક સકડાલ પુત્રની પાસે એક દેવ પ્રકટ થયો. ઘૂંઘરીઓ સહિત શ્રેષ્ઠ વસ્ત્ર ધારણ કરેલા તે દેવે અંતરિક્ષપ્રતિપન્ન એટલે આકાશમાં રહી આજીવિકોપાસક સદ્દાલપુત્રને આ પ્રમાણે કહ્યુંઃ દેવાનુપ્રિય ! આવતી કાલે અહીં, ઉત્પન્ન થયેલાં જ્ઞાન અને દર્શનને ધારણ કરનાર, અતીત, વર્તમાન અને ભવિષ્યને જાણનાર, અરિહંત, જિન, કેવળી, સર્વજ્ઞ અને સર્વ-દર્શી, ત્રણ લોક વડે અવલોકિત, સ્તુતિ કરાયેલા અને પૂજિત, દેવ, મનુષ્ય અને અસુર સહિત લોકને અર્ચનીય, વન્દનીય, સત્કાર કરવા યોગ્ય, સન્માન કરવા યોગ્ય, કલ્યાણ, મંગલ, દેવ અને ચૈત્યની પેઠે ઉપાસના કરવા યોગ્ય, સત્ય કર્મની સંપત્તિથી યુક્ત મહા માહન આવશે. માટે તું તેમને વંદન કરજે, યાવત્ પર્યુપાસના કરજે, તથા પ્રાતિહારિક

પીઠ-ફલક-શય્યા-વસતિ-સ્થાન અને સંસ્તારક-વડે નિમંત્રિત કરજે. દેવે બીજી વાર અને ત્રીજી વાર પણ એમને કહ્યું કહીને તે દેવ જે દિશાથી આવ્યો હતો તે દિશા તરફ ચાલ્યો ગયો. તે દેવે જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે આજીવિકોપાસક સદ્દાલપુત્રને આવા પ્રકારનો અધ્યવસાય થયો. ખરેખર મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક ગોશાલક મંખલીપુત્ર છે. તે મહામાહન, ઉત્પન્ન જ્ઞાનદર્શનને ધારણ કરનાર યાવત્ સત્ય કર્મની સંપત્તિથી યુક્ત છે. અને તે કાલે અહીં શીઘ્ર આવશે તેથી હું તેમને વંદન કરીશ, યાવત્ તેમની પર્યુપાસના કરીશ અને પ્રાતિહારિક પીઠ આસન વગેરે માટે નિમંત્રિત કરીશ.

[૪૩]તે પછી બીજે દિવસે યાવત્ સૂર્યોદય થયા પછી શ્રમણ ભગવાન મહાવીરનું પદાર્પણ થયું પરિષદ વાંદવા નીકળી, યાવત્ તેમની પર્યુપાસના કરી. ત્યાર બાદ આજીવિકોપાસક સકડાલપુત્ર આ વાતથી વિદિત થઈ 'એ પ્રમાણે ખરેખર શ્રમણ ભગવાન્ મહાવીર યાવત્ વિહરે છે માટે શ્રમણ ભગવંત મહાવીરની પાસે જાઉં, તેમને વાંદું અને તેમની પર્યુપાસના કરું.' વિચાર કરી સ્નાન કરી કૌતુક મંગલ અને પ્રાયશ્ચિત કીધું-ત્યાર પછી જનસમુદાય વડે વીંટાયેલો તે પોતાના ઘરેથી બહાર નીકળ્યો. નીકળીને પોલાશપુર નગરમના મધ્યભાગમાં થઈને જાય છે. જઈને જ્યા સહસ્રાભ્રવન નામ ઉદ્યાન હતું અને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં પહોચ્યો. પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યો. પછી પર્યુપાસના કીધી.

ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરે આજીવિકોપાસક સદ્દાલપુત્રને અને અત્યંત વિશાળ જનસમૂહને ધર્મકથા કહી, યાવત્ ધર્મકથા સમાપ્ત થઈ. શ્રમણ ભગવાન મહાવીરે આજીવિકોપાસક સદ્દાલ પુત્રને આ પ્રમાણે કહ્યું: ગઈ કાલે તું મધ્યાહ્ન સમયે જ્યાં અશોકવનિકા છે ત્યાં યાવત્ રહ્યો હતો, ત્યારે તારી પાસે એક દેવ આવ્યો, તે પછી તેદેવે આકાશમાં રહી આ પ્રમાણે કહ્યું:હે સકડાલપુત્ર! ઈત્યાદિ બધું કહેવું. સકડાલપુત્ર! ખરેખર આ વાત બરોબર છે ? સકડાલપુત્રે કહ્યું. હા, બરોબર છે. ભગવાને કહ્યું: પરંતુ હે સદ્દાલપુત્ર ! તે દેવે મંખલીપુત્ર ગોશાલકને ઉદ્દેશીને એ પ્રમાણએ કહ્યું ન હતું.

પછી શ્રમણભગવંતમહાવીરે એમ કહ્યું ત્યારે આજીવિકોપાસક સદ્દાલપુત્રને આવા પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો. શ્રમણ ભગવંત મહાવીર મહામાહન, ઉત્પન્ન થયેલ જ્ઞાનદર્શનના ધારક યાવત્ સત્યકર્મની સંપત્તિથી સંપન્ન છે, મારે શ્રમણ ભગવંત મહાવીર વંદન-નમસ્કાર કરીને પ્રાતિહારિકપીઠ-આસન, ફલક ઈત્યાદિ વડે નિમંત્રિત કરવું શ્રેયસ્કર છે. એમ વિચાર કરીને પ્રયત્ન વડે ઊઠે છે, ઊઠીને શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરે છે, તેણે કહ્યું: હે ભગવન્ ! પોલાશપુર નગરની બહાર મારા પાંચસો કુંભારની દુકાનો છે. ત્યાંથી તમે પ્રાતિહારિક પીઠ, ફલક યાવત્ સંથારાને ગ્રહણ કરીને વિચરો. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીર, આજીવિકોપાસ સદ્દાલપુત્રની એ વાત સ્વીકારે છે.આજીવિકોપાસક સડકાલપુત્રના પાંચસો કુંભારના દુકાનોથી પીઠ, ફલક યાવત્ સંથારાને ગ્રહણ કરીને વિહરે છે.

[૪૪]ત્યારપછી આજીવિકોપાસક સદ્દાલપુત્ર અન્ય કોઈ દિવસેસવાયુથી સુકાયેલ કુંભારનાં પાત્રો, જે અંદર રહેલાં હતાં તેમને શાલામાંથી બહાર કાઢીને તડકે સુકવે છે. ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે આજીવોકપાસ સકડાલપુત્રને કહ્યું: હે સકડાલપુત્ર ! આ કુંભારનાં પાત્રો કેવી રીતે બને છે ? ત્યારે આજીવિકોપાસક સકડાલ પુત્રે શ્રમણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાન મહાવીરને આ પ્રમાણે કહ્યુંઃ ભગવન્ ! આ પૂર્વે માટી હતી, ત્યાર પછી તે પાણી વડે આર્દ્ર કરાય છે- રાખ અને છાણ વડે એકત્ર મેળવાય છે, મેળવીને ચક્ર ઉપર ચઢાવાય છે, ત્યાર પછી ઘણા કરકો યાવત્ ઉષ્ટ્રિકાબનાવાય છે. ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે આજીવિકોપાસક સદ્દાલપુત્રને આ પ્રમાણે કહ્યુંઃ ત પાત્ર ઉત્થાનાદિ વડે કરાય છે કે તે સિવાય ? ભગવન્! ઉત્થાન સિવાય, યાવત્ પરાક્રમ સિવાય કરાય છે. સર્વભાવો નિયત છે. તદનન્તર શ્રમણ ભગવાન મહાવીરે આજીવિકોપાસક સદ્દાલપુત્રને આ પ્રમાણે કહ્યુંઃ સકડાલપુત્ર ! જો કોઈ પુરુષ તારા વાયુથી સુકાયેલાં અને પાકેલાં કુંભારનાં પાત્રોને હરી જાય, જ્યાં-ત્યાં ફેંકી દે, ફોડી નાખે, બળાત્કારે લે, બહાર મૂકી દે, અથવા તારી સ્ત્રી અગ્નિમિત્રા સાથે વિપુલ ભોગો ભોગવતો વિહરે તો તું તે પુરુષને શું શિક્ષા કરે? ભગવન્ ! હું તે પુરુષનો આક્રોશ કરું, હણું, બાંધું, મારું, તર્જના કરું, તાડના કરું, તેનું બધું ખૂંચવી લઉં, અને તેનો તિરસ્કાર કરું, તથા એને અકાળેજ જીવનથી રહિત કરું-

સદ્દાલપુત્ર! જો ઉત્થાન નથી, યાવત્ પરાક્રમ નથી અને સર્વ ભાવો નિયત છે તો કોઈ પુરુષ તારા વાયુથી સુકાયેલા અને પાકાં કુંભારનાં પાત્રોને હરણ કરતું નથી, યાવત્ બહાર લઈને મૂકતું નથી અને તારી અગ્નિમિત્રા ભાર્યા સાથે વિપુલ ભોગો ભોગવતું નથી, તથા તું તે પુરુષને આક્રોશ કરતો નથી, હણતો નથી યાવત્ અકાળે જીવનથી મુક્ત કરતો નથી, અને જો તારાં વાયુથી સુકાયેલાં પાત્રોને કોઈ પુરષ હરી જાય યાવત્ બહાર મૂકી દે તથા અગ્નિમિત્રાની સાથે વિપુલ ભોગો ભોગવતો વિહરે અને તું તે પુરુષને આક્રોશ કરે યાવત્ જીવનથી મુક્ત કરે તો તું જે કહે છે કે, ઉત્થાન નથી યાવત્ સર્વ ભાવો નિયત છે, તે મિથ્યા છે. ભગવાનના આ કથનથી આજીવિકોપાસક સદ્દાલપુત્રને બોધ પ્રાપ્ત થઈ ગયો. ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરે છે. કહે છેઃ હે ભગવન્ ! હું તમારી પાસે ધર્મ શ્રવણ કરવાને ઈચ્છું છું. ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે તેને તથા મોટી પરિષદને યાવત્ ધર્મદેશના કરી.

[૪૫]ત્યાર બાદ આજીવિકોપાસક સકડાલપુત્રે શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મ સાંભળી, અવધારી, હર્ષિત, પ્રસન્ન અને સંતુષ્ટ ચિત્તવાળો થઈ આનંદની પેઠે ગૃહસ્થધર્મનો અંગીકાર કર્યો. પરંતુ આનંદની વક્તવ્યતાથી અંતર આ છે કે સકડાલપુત્રે એક હિરણ્યકોટિ નિધાનમાં એક હિરણ્યકોટિ વ્યાજે અને એક હિરણ્યકોટિ ધન-ધાન્યાદિના વિસ્તારમાં રાખેલી હતી. તેને ત્યાં દસ હજાર ગાયોનું એક વ્રજ હતું. તે પછી સકડાલપુત્ર યાવત્ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરે છે. વંદન-નમસ્કાર કરીને જ્યાં પોલાશપુર નામક નગર છે ત્યાં આવે છે, આવીને તેણે અગ્નિ મિત્રા ભાર્યાને આ પ્રમાણે કહ્યુંઃ દેવાનુપ્રિયે! શ્રમણ ભગવાન મહાવીર પધારેલા છે તે માટે તું જા અને શ્રમણ ભગવંત મહાવીરને વંદન કર યાવત્ તેમની પર્યુપાસના કર. તથા શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારનો ગૃહસ્થધર્મ અંગીકાર કર. ત્યાર પછી તે અગ્નિમિત્રા ભાર્યા શ્રમણોપાસક સકડાલ પુત્રના એ અર્થને 'તહત્તિ' આ પ્રમાણે કહી વિનયપૂર્વક સ્વીકારે છે.

તત્પાશ્ચાત્ શ્રમણોપાસક સકડાલપુત્ર કૌટુમ્બિક પુરુષોને બોલાવે છે, બોલાવી-ને તે આ પ્રમાણે કહે છેઃ હે દેવાનુપ્રિયો! ધર્મક્રિયા યોગ્ય રથને ઉપસ્થિત કરો. એ રથમાં શીઘ્રગામી બળદ જોડાયેલાં હોવા જોઈએ. બળદોની ખરી અને પૂંછડું સરખું હોવું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઈએ. શિંગડાં રંગાયેલાં હોવાં જોઈએ. એનાં કંઠાભરણ સ્વર્ણમય હોવાં જોઈએ અને દોરડીઓ સ્વર્ણમય તારોથી ખચિત હોવી જોઈએ. રજતમય ઘંટા સૂતરની દોરડીઓ સાથે બદ્ધ જોઈએ અને નાથ સ્વર્ણમંડિત હોવી જોઈએ. બળદોના માથા ઉપર નીલક મલના છોગા હોવા જોઈએ. આ બળદો તરુણ હોવા જોઈએ. રથ નાના પ્રકારની મણિ ઓથી મંડિત અને ઘંટિકાઓથી યુક્ત હોય અને સારા લાકડાના યુગ-ધુરાવાળો હોવો જોઈએ. સારી રીતે રચિત-નિર્મિત હોવો જોઈએ. એવા શ્રેષ્ઠ લક્ષણોથી યુક્ત શ્રેષ્ઠ રથને હાજર કરો, ત્યાર બાદ તે કૌટુમ્બિક પુરુષો તેની આજ્ઞા પાછી આપે છે.

ત્યાર બાદ તે અગ્નિમિત્રા ભાર્યા સ્નાન કરી યાવત્ કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત કરી, શુદ્ધ અને સભામાં પ્રવેશ કરવા યોગ્ય વસ્ત્રો પહેરી, અલ્પ પણ મહામૂલ્ય અલંકાર વડે શરીર શણગારી, દાસીઓના સમૂહથી વીંટાયેલી તે ધાર્મિક શ્રેષ્ઠ રથ ઉપર ચઢે છે. શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં પહોંચે છે. ત્રણ વાર યાવત્ વંદન-નમસ્કાર કરીને, અત્યંત પાસે નહિ તેમ અત્યંત દૂર પણ નહિ એમ, યાવત્ હાથ જોડી ઊભી રહીને પર્યુ પાસના કરે છે. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર અગ્નિમિત્રા ભાર્યાને અને તે મોટી પરિષદને યાવત્ ધર્મોપદેશ કરે છે. ત્યાર પછી તે અગ્નિમિત્રા ભાર્યા શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, અવધારી, પ્રસન્ન અને સંતુષ્ટ થઈ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરે છે. કહે છેઃ ભગવન્! હું નિર્ગ્રન્થ પ્રવચન ઉપર શ્રદ્ધા કરું છું. યાવત્ જે તમે કહો છો તે યથાર્થ છે. જે પ્રકારે દેવાનુપ્રિય એવા આપની પાસે ઘણા ઉગ્રકુળના, ભોગ કુળના ક્ષત્રિયોએ યાવત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે તે પ્રમાણે હું મુંડિત થઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરવા સમર્થ નથી. પરંતુ હું આપ દેવાનુપ્રિય પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારના ગૃહસ્થધર્મને અંગીકાર કરીશ. હે દેવાનુપ્રિયે! તમને સુખ થાય તેમ કરો, પરંતુ પ્રતિબંધ ન કરો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યાર પછી તે અગ્નિમિત્રા શ્રમણ ભગવાન મહાવીરની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારના ગૃહસ્થધર્મને સ્વીકારે છે. સ્વીકાર કરીને શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરે છે, વંદન અને નમસ્કાર કરીને તે જ ધાર્મિક યાન ઉપર આરુઢ થાય છે અને જે દિશાથી આવી હતી તે દિશામાં પાછી જાય છે. તદનન્તર શ્રમણ ભગવાન મહાવીર અન્ય કોઈ દિવસે પોલાશપુર નગરથી અને સહસ્રામ્રવન ઉદ્યાનથી નીકળે છે અને નીકળીને દેશ-દેશાન્તરમાં વિહરે છે.

[૪૬]તત્પશ્ચાત્ સદ્દાલપુત્ર શ્રમણોપાસક થયો અને જીવાજીવનો જ્ઞાતા થઈને જીવન વ્યતીત કરવા લાગ્યો. ત્યાર પછી મંખલીપુત્ર ગોશાલકે આ વૃત્તાન્તને સાંભ ળીને વિચાર કર્યો-ખરેખર સકડાલપુત્રે આજીવિક સમયનો ત્યાગ કરીને શ્રમણ નિર્ગ્રન્થ ની દૃષ્ટિ(શ્રદ્ધા) અંગીકાર કરી છે, તો હું જાઉં અને તેને શ્રમણ નિર્ગ્રન્થોની દૃષ્ટિનો ત્યાગ કરાવી ફરીથી આજીવિકની દૃષ્ટિ સ્વીકાર કરાવું. એમ વિચારી આજીવકોના સંઘ સહિત જ્યાં પોલાશપુર નગર છે અને જ્યાં આજીવિકસભા છે ત્યાં આવે છે, ત્યાં આવી- ને ભાંડ-પાત્રાદિ ઉપકરણ મૂકે છે. મૂકીને કેટલાક આજીવિકો સાથે જ્યાં સદ્દાલપુત્ર શ્રમણોપાસક છે ત્યાં આવે છે. તે વારે સદ્દાલપુત્ર શ્રમણોપાસક મંખલીપુત્ર ગોશાલકને આવતો જુએ છે, આવતો જોઈને તેનો આદર કરતો નથી, તેને જાણતો નથી, તે મૂંગો બેઠો રહે છે. ત્યાર બાદ શ્રમણોપાસક સકડાલપુત્ર વડે નહિ આદર પામેલો અને નહિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણેલો ગોશાલક પીઠ-ફલક, શય્યા અને સંથારા માટે શ્રમણ ભગવંત મહાવીરનાં ગુણ કીર્તન કરતો શ્રમણોપાસક સકડાલપુત્રને આ પ્રમાણે બોલ્યોઃ હે દેવાનુપ્રિય! અહીં મહામાહન આવ્યા હતા ?

ત્યારે તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે કહ્યુંઃ હે દેવાનુપ્રિય! મહામાહન કોણ છે? ત્યારે મંખલીપુત્ર ગોશાલકે કહ્યુંઃ શ્રમણભગવંતમહાવીર મહામાહન છે. દેવાનુપ્રિય ! શા હેતુથી કહો છો કે શ્રમણ ભગવાન મહાવીર મહામાહન છે? સદ્દાલપુત્ર! ખરેખર શ્રમણ ભગવાન મહાવીર, મહામાહન, ઉત્પન્ન જ્ઞાન-દર્શનને ધારણ કરનાર, યાવત્ ભક્તિ-સ્તુતિ કરાયેલા અને પૂજિત છે, યાવત્ તથ્ય-કર્મની સંપત્તિથી યુક્ત છે. તેથી મહામાહન છે. દેવાનુપ્રિય ! અહીં 'મહાગોપ' આવ્યા હતા ? સદ્દાલપુત્ર : દેવાનુપ્રિય ! મહાગોપ કોણ છે. શ્રમણ ભગવાન મહાવીર મહાગોપ છે. સદ્દાલપુત્ર : દેવાનુપ્રિય ! ક્યા હેતુથી કહો છો કે શ્રમણ ભગવાન મહાગોપ છે ? દેવાનુપ્રિય ! શ્રમણ ભગવાન મહાવીર સંસારાટવીમાં નાશ પામતા, વિનાશ પામતા, ભક્ષણ કરાતા, છેદાતા, ભેદાતા, લુપ્ત થતા, વિલુપ્ત થતા ઘણા જીવોને ધર્મરૂપ દંડ વડે સંરક્ષણ કરીને, સંગોપન કરીને નિર્વાણરૂપ મહાવાડામાં પોતાના હાથે પહોંચાડે છે, તેથી તે મહાગોપ છે.

હે દેવાનુપ્રિય ! અહીં મહાસાર્થવાહ આવ્યા હતા ? સદ્દાલપુત્ર : શા હેતુથી એમ કહો છો?દેવાનુપ્રિય!આ પ્રમાણે શ્રમણ ભગવાનમહાવીરસંસારાટવીમાં નાશ પામતા, વિનાશ પામતા યાવત્ વિલુપ્ત થતા ઘણાં જીવોને ધર્મમય માર્ગ વડે સંરક્ષણ કરતાં નિર્વાણરૂપ મહાપટ્ટણ-નગરના સન્મુખ પોતાના હાથે પહોંચાડે છે, તેથી તે મહાસાર્થ-વાહ છે. ગોશાલક : દેવાનુપ્રિય ! અહીં મહાધર્મકથી આવ્યા હતા ? સદ્દાલપુત્ર : દેવાનુ પ્રિય ! મહાધર્મકથી કોણ છે ? શ્રમણ ભગવાન મહાવીર મહાધર્મકથી છે. સદ્દાલપુત્ર : ક્યા અભિપ્રાયથી એમ કહો છો ? અત્યંત વિશાળ સંસારમાં નાશ પામતાં, વિનાશ પામતા, ભક્ષણ કરાતા, છેદાતા, ભેદાતા, લુપ્ત થતા, વિલુપ્ત થતા, ઉન્માર્ગને પ્રાપ્ત થયેલાં, સન્માર્ગથી ભૂલા પડેલા, મિથ્યાત્વના બળ વડે પરાભવ પામેલા, અને આઠ પ્રકારના કર્મરૂપ અંધકારના સમૂહથી ઢંકાયેલા ઘણા જીવોને ઘણા અર્થો યાવત્ ઉત્તરો વડે ચાર ગતિરૂપ સંસારાટ વીથી પોતાના હાથે પાર ઉતારે છે. તે થી તે મહાધર્મકથી છે.

ગોશાલક : દેવાનુપ્રિય ! અહીં મહાનિર્યામક આવ્યા હતા ? દેવાનુપ્રિય ! મહા નિર્યામક કોણ છે ? ગોશાલક : શ્રમણ ભગવાન મહાવીર મહાનિર્યામક છે. સદ્દાલપુત્ર : એમ શા હેતુથી કહો છો ? દેવાનુપ્રિય ! સંસારરૂપ મહા સમુદ્રમાં નાશ પામતા, વિનાશ પામતા, યાવત્ વિલુપ્ત હતા, બુડતા, અત્યંત બુડતા, ગોથાં ખાતા ઘણા જીવોને ધર્મબુદ્ધિ રૂપ નૌકા વડે નિર્વાણરૂપ તીરની સન્મુખ પોતાના હાથે પહોંચાડે છે, તેથી તે મહાનિ-ર્યામક છે.

ત્યાર બાદ સકડાલપુત્ર શ્રમણોપાસકે મંખલીપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિય ! તમે આવા છેક છો. યાવત્ આવા નિપુણ છે ! એ પ્રમાણે નયવાદી-છો. ઉપદેશલબ્ધ-છો અને વિજ્ઞાનપ્રાપ્ત છો. તો તમો મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર સાથે વિવાદ કરવાને સમર્થ છો ? ગોશાલક : એ અર્થ યુક્ત નથી દેવાનુપ્રિય ! એમ શા હેતુથી કહો છો હે સદ્દાલપુત્ર ! જેમ કોઈ પુરુષ તરુણ, બલવાન, યુગવાન, ઉત્તર કાળમાં ઉત્પન્ન થયેલો, યાવત્ નિપુણ શિલ્પને પ્રાપ્ત થયેલો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય, તે એક મોટા અજ, ઘેટા, સૂકર, કૂકડા, તીતર, વર્તક લાવક, કપોત, કપિંજલ, કાગડા અથવા બાજ પક્ષીને હાથે, પગે, ખરીએ, પૂંછડે, પીંછાએ, શિંગડે સૂકરના દાંતો કે રુંવાડે જ્યાં જ્યાં પકડે ત્યાં ત્યાં નિશ્ચલ અને સ્પન્દનરહિતપણે ધારણ કરી શકે છે, એ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર મને પણ અર્થો, હેતુઓ, યાવત્ ઉત્તરો વડે જ્યાં જ્યાં પકડે ત્યાં ત્યાં નિરુત્તર કરે છે. તે હેતુથી હું એમ કહું છું કે હું વિવાદ કરવાને સમર્થ નથી.

ત્યાર બાદ શ્રમણોપાસક સદ્દાલપુત્રે મંખલીપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહ્યું: દેવાનુપ્રિય ! કેમકે તમે મારા ધર્માચાર્ય યાવત્ ભગવાન મહાવીરના વિદ્યમાન, સત્ય તથા પ્રકારના સદ્ભૂત ભાવો વડે ગુણકીર્તન કરો છો, તેથી હું તમને પાછા આપવા યોગ્ય પીઠ, આસન યાવત્ સંસ્તારક વડે આમંત્રણ કરું છું. પરંતુ ધર્મ અથવા તપની બુદ્ધિથી કરતો નથી. તત્પશ્ચાત મંખલીપુત્ર ગોશાલક સકડાલપુત્ર શ્રાવકની આ વાત સ્વીકાર કરે છે અને એની દુકાનોમાંથી પ્રાતિહારક પીઠ આદિ ગ્રહણ કરીને યાવત્ વિહરે છે. ત્યારપછીતેમંખલીપુત્રગોશાલક શ્રમણોપાસક સકડાલપુત્રને જ્યારે સામાન્ય કથનથી પ્રજ્ઞાપના થી પ્રતિબોધ કરીને અને વિજ્ઞાપના કરીને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન કર-વાને ક્ષુબ્ધ કરવાને,વિપરિણત કરવાને સમર્થ થતો નથી ત્યારે થાકેલો, ખિન્ન થયેલો અને અતીવ દુઃખિત થયેલો તે પોલાશપુરનગરથી નીકળે છે અને બહારના દેશોમાં વિહરે છે.

[૪૭]તદનન્તર સદ્દાલપુત્ર શ્રમણોપાસકને ઘણાં શીલવ્રત વગેરે વડે યાવત્ આત્માને ભાવિત કરતાં ચૌદ વર્ષ વ્યતીત થઈ ગયાં. જ્યારે તેનું પંદરમું વર્ષ ચાલતું હતું ત્યારે રાત્રિના મધ્ય સમયે યાવત્ તે પોષધશાલામાં શ્રમણ ભગવંત મહાવીરની પાસે થી ધર્મપ્રજ્ઞપ્તિનો સ્વીકાર કરીને વિચારવા લાગ્યો. ત્યારે સદ્દાલપુત્ર શ્રમણોપાસકની પાસે મધ્યરાત્રિએ એક દેવ આવ્યો. તે દેવે એક મોટી નીલકમલ જેવી તલવાર લઈને સકડાલપુત્ર શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું: જેમ ચુલનીપિતાને કહ્યું હતું તેમ અહીં પણ કહેવું, પરંતુ એક-એક પુત્રના નવ-નવ માંસના ખંડ કરે છે યાવત્ ઘાત કરીને તેના લોહી અને માંસ વડે તેના શરીરને છાંટે છે. ત્યારે તે સદ્દાલપુત્ર શ્રમણોપાસક ભયરહિત થઈ અચલિતભાવે યાવત્ રહે છે.

ત્યાર બાદ તે દેવે સદ્દાલપુત્ર શ્રમણોપાસકને નિર્ભય યાવત્ જોઈને ચોથી વાર પણ સકડાલપુત્ર શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું: અપ્રાર્થિત- હે સકડાલપુત્ર શ્રમણો પાસક ! જો તું શીલવ્રતાદિક ભાંગીશ નહિ તો જે આ તને ધર્મમાં સહાય કરનારી, ધર્મમાં અદ્વિતીય ધર્મના અનુરાગ વડે રંગાયેલી અને સમાનપણે સુખ-દુઃખમાં સહાય કરનારી તારી અગ્નિમિત્રા ભાર્યાને તારા પોતાના ઘરેથી લઈ આવીશ અને લાવીને તારા સામે ઘાત કરીશ, ઘાત કરીને નવ માંસના ટુકડા કરીશ, અને આંધણથી ભરેલા કઢાયમાં ઉકાળીશ, ઉકાળીને તારા શરીરને માંસ અને લોહી વડે છાંટીશ. જેથી તું આર્તધ્યાનની અત્યંત પરાધીનતાથી પીડિત થઈને જીવનથી મુક્ત થઈશ. તે દેવના એ પ્રમાણે કહેવા છતાં પણ તે સદ્દાલપુત્ર શ્રમણોપાસક નિર્ભય થઈને જ વિચરે છે. ત્યાર બાદ તે દેવે બીજીવાર અને ત્રીજીવાર પણ એ પ્રમાણે કહ્યું : એટલે સકડાલપુત્ર શ્રમણોપાસકને આ પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો-તે ચુલનીપિતાની પેઠે વિચાર કરે છે કે જે મારા મોટા પુત્રને, મારા મધ્યમ પુત્રને અને નાના પુત્રને મારી છાંટે છે અને જે આ મારી અગ્નિમિત્રા ભાર્યા છે, જે સુખ-દુઃખમાં સમાન, સહાય કરનારી છે તેને પણ મારા પોતાના ઘરેથી લઈને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવીને મારી સામે ઘાત કરવાને ઈચ્છે છે, તો એ પુરુષને પકડવો યોગ્ય છે, એમ વિચાર કરીને તે પકડવા દોડ્યો. ઈત્યાદિ ચુલનીપિતા સંબંધે કહ્યું છે તેમ બધું કહ્યું. પરંતુ અહીં અગ્નિમિત્રા ભાર્યા કોલાહલ સાંભળીને આવે છે અને તેને કહે છે. વિશેષ એ કે સકડાલ પુત્ર અન્તમાં સંલેખના કરી, શરીર ત્યાગી અરુણભૂત વિમાનમાં ઉત્પન્ન થયો અને યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ગ્રહણ કરીને સિદ્ધિ પદ પામશે.

**અધ્યયન-૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૮-મહાશતક

[૪૮] હે જંબૂ! એ પ્રમાણે ખરેખર તે કાળે અને તે સમયે રાજગૃહ નગર હતું. ત્યારે ગુણશીલ નામ ચૈત્ય હતું. શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તે રાજગૃહ નગરમાં મહાશતક નામે ગૃહપતિ રહેતો હતો. તે ધનવાન અને ધનાઢ્ય હતો. પરંતુ તેણે કાંસમય સહિત આઠ હિરણ્ય કોટિ નિધાનમાં મૂકેલ, કાંસ્ય સહિત આઠ હિરણ્યકોટિ વૃદ્ધિમાં વ્યાજે મૂકેલ અને કાંસ્ય સહિત આઠ હિરણ્યકોટિ ધન-ધાન્યાદિના વિસ્તારમાં રોકેલી હતી. તેને ત્યાં દસ હજાર ગાયોનું એક વ્રજ એવાં આઠ વ્રજો હતાં, તે મહાશતકને રેવતી વગેરે તેર સ્ત્રીઓ હતી. તે પરિપૂર્ણ અંગવાળી અને સુંદર રૂપવાળી હતી. તે મહાશતકની ભાર્યા રેવતીને પિતાના ઘરથી આવેલ આઠ હિરણ્યકોટિ અને દશ હજાર ગાયોનાં એક વ્રજના હિસાબે આઠ વ્રજો હતા. બાકીની બાર સ્ત્રીઓને પોતપોતાના ઘરેથી આવેલ એક એક હિરણ્યકોટિ અને એક-એક વ્રજ હતું.

[૪૯]તે કાળે અને તે સમયે મહાવીર સ્વામી સમોસર્યા. પરિષદ વાંદવાને નીકળી. મહાશતક પણ આનંદની જેમ વંદન કરવાને નીકળે છે અને તેમજ શ્રાવકધર્મને અંગીકાર કરે છે, પરંતુ કાંસ્ય સહિત આઠ હિરણ્યકોટિ અને આઠ વ્રજના પરિમાણનો ઉચ્ચાર કરે છે. આટલી મર્યાદા રાખે છે. તથા રેવતી પ્રમુખ તેર ભાર્યાઓ સિવાય અવશેષ મૈથુનવિધિનો ત્યાગ કરે છે. હંમેશા બે દ્રોણ જેટલી કાંસ્યપાત્રમાં ભરેલી સ્વર્ણ મુદ્રાઓ વડે વ્યવહાર કરવો મને કલ્પે છે. ત્યાર બાદ મહાશતક શ્રમણોપાસક થયો અને તે જીવ અને અજીવ તત્વનો જ્ઞાતા થઈ યાવત્ વિચરવા લાગ્યો. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર વિહાર કરી ગયા. અને અન્ય જનપદોમાં વિચરવા લાગ્યા.

[૫૦]ત્યાર બાદ રેવતી ગૃહપત્નીને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિના સમયે કુટુંબ જાગરણ કરતાં આવા પ્રકારનો વિચાર ઉત્પન્ન થયો-એ પ્રમાણે ખરેખર હું બાર પત્નીઓનાં વિઘ્નનાં કારણે મહાશતક શ્રમણોપાસક સાથે ઉદાર મનુષ્ય સંબંધી ભોગવવા યોગ્ય ભોગોને ભોગવવા સમર્થ થતી નથી. માટે આ બારે સપત્નીઓને અગ્નિપ્રયોગ વડે, શસ્ત્રપ્રયોગ વડે અથવા વિષપ્રયોગ વડે જીવનથી મુક્ત કરીને અને તેઓની એક-એક હિરણ્યકોટિ અને એક-એક ગાયોના વ્રજ ઉપર સ્વયમેવ કબજો કરીને મહાશતક શ્રમણોપાસક સાથે ઉદાર ભોગો યાવત્ ભોગવવા યોગ્ય છે. રેવતી એમ વિચાર કરે છે, વિચાર કરીને તે સપત્નીઓને મારવા માટે અંતર, અવસર, છિદ્રો અને એકાન્ત જોતી રહે છે. ત્યાર બાદ રેવતી ગૃહપત્ની અન્ય કોઈ દિવસે તે બારે સપત્નીઓનાં છિદ્રો જાણીને છ સપત્નીઓને શસ્ત્ર પ્રયોગથી છ ને વિષપ્રયોગથી મારી નાખે છે. મારીને તે બારે સપત્નીઓનાં પિતૃગૃહથી આવેલ એક-એક હિરણ્યકોટિ અને એક-એક વ્રજને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વયમેવ ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને મહાશતક શ્રમણોપાસક સાથે ઉદાર ભોગોને ભોગવતી રહે છે. તે પછી તે રેવતી ગૃહપત્ની માંસને વિષે લોલુપ થયેલી, મૂર્છિત થયેલી યાવત્ અત્યંતઆસક્ત થયેલી, બહુ પ્રકારનાં શેકેલા, તળેલા અને ભૂંજેલા માંસની સાથે સુરા, મધુ, મેરક, મદ્ય, સીધુ અને પ્રસન્ના મદિરાથી આસ્વાદ કરતી, તથા પરિવારને વહેંચતી વિચરે છે.

[૫૧]તત્પશ્ચાત રાજગૃહ નગરમાં અન્ય કોઈ દિવસે અમારિ ઘોષણા થઈ. ત્યારે તે માંસમાં લોલુપ, માંસમાં મૂર્છિત થયેલી રેવતી ગૃહપત્ની કૌલગૃહ- પુરુષોને બોલાવે છે. કહે છેઃ હે દેવાનુપ્રિયો ! તમે મારા પિતૃગૃહ સંબંધી વ્રજોમાંથી દરેક પ્રભાતે બબ્બે વાછરડાંનો વધ કરો અને વધ કરીને મને આપો. તદનન્તર તેના પિયરના તે પુરુષો રેવતીગૃહપત્નીનાએઅર્થને'તહ'ત્તિ કહીને વિનય વડે સ્વીકારે છે,બબ્બેવાછરડાંઓનો વધ કરીને રેવતી ગૃહપત્નીને આપે છે. ત્યાર પછી તે રેવતી ગૃહપત્ની તે શેકેલા તળેલા અને ભૂંજેલા વાછરડાના માંસની સાથે સુરા-મદિરાનો આસ્વાદ કરતી વિચરે છે.

[૫૨]તે મહાશતક શ્રમણોપાસકને ઘણાં શીલવ્રતો વગેરે વડે આત્માને ભાવિત કરતાં ચૌદ વરસ વ્યતીત થયા, ત્યારે તે આનંદની પેઠે પોતાના મોટા પુત્રને કુટુંબનો ભાર સંભળાવે છે. યાવત્ પોષધશાલામાં જઈ ધર્મપ્રજ્ઞપ્તિને સ્વીકારીને વિચરે છે. ત્યાર પછી તે રેવતી ગૃહપત્ની મત્ત-ઉન્મત્ત થયેલી, સ્ખલના પામતી, છૂટા કેશવાળી, ઉપરનાં વસ્ત્રને દૂર કરતી કરતી, જ્યાં પોષધશાલા છે, અને જ્યાં મહાશતક શ્રમણોપાસક છે, ત્યાં આવે છે. ત્યાં આવીને મોહોન્માદ ઉત્પન્ન કરનારા, શૃંગાર રસવાળા સ્ત્રીભાવ-કટાક્ષ આદિને પ્રદર્શિત કરે છે, અને મહાશતક શ્રમણોપાસકને આ પ્રમાણે કહે છે : ધર્મની ઈચ્છાવાળા, પુણ્યની ઈચ્છાવાળા, સ્વર્ગની ઈચ્છાવાળા, મોક્ષની ઈચ્છાવાળા, ધર્મની કાંક્ષાવાળા, ધર્મઆદિની પિપાસાવાળા, હે મહાશતક શ્રમણોપાસક ! હે દેવાનુપ્રિય ! તમારે ધર્મ, પુણ્ય, સ્વર્ગ કે મોક્ષનું શું કામ છે, કે જે તમે મારી સાથે ઉદાર યાવત્ ભોગવવા લાયક ભોગો ભોગવતા નથી ?

[૫૩]તે પછી તે મહાશતક શ્રમણોપાસક રેવતી ગૃહપત્નીની આ વાતનો આદર કરતો નથી અને તે તરફ ધ્યાન આપતો નથી. તે મૌન ધારણ કરી ધર્મધ્યાનમાં સ્થિર રહે છે. ત્યાર બાદ તે રેવતી ગૃહપત્નીએ મહાશતક શ્રમણોપાસકને બીજી વાર અને ત્રીજી વાર આ પ્રમાણે કહ્યું : યાવત્ આદર નહિ કરતો, નહિ ધ્યાન આપતો ધ્યાનમગ્ન રહે છે. તે પછી જ્યારે મહાશતક શ્રમણોપાસકે આદર ન કર્યો અને ધ્યાન ન દીધું ત્યારે તે રેવતી જે દિશા તરફથી આવી હતી તે દિશા તરફ ચાલી ગઈ.

ત્યાર બાદ મહાશતક શ્રમણોપાસક પ્રથમ ઉપાસક પ્રતિમાને સ્વીકારીને વિચરે છે. સૂત્રમાં કહ્યા પ્રમાણે પૂર્ણ કરે છે. એમ અગિયાર પ્રતિમાઓને પૂર્ણ કરે છે. તત્પશ્ચાત મહાશતક શ્રમણોપાસક તે ઉદાર તપ વડે યાવત્ કૃશ-દુર્બળ થયો અને ધમનીઓ વડે વ્યાપ્ત થઈ ગયો ત્યાર પછી તે મહાશતક શ્રમણોપાસકને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિના સમયે ધર્મ જાગરણ કરતાં આવા પ્રકારનો વિચાર થયો : આ ઉદાર તપ વડે હું કૃશ થયો છું. ઈત્યાદિ આનંદની જેમ બધું કહેવું. અને તે છેલ્લી મારણાન્તિક સંલેખના અંગીકાર કરીને, શરીરનો ત્યાગ કરીને અને ભાત-પાણીના પણ પ્રત્યાખ્યાન કરીને કાળની દરકાર કર્યા વિના વિચરવા લાગ્યો. તદન્તર મહાશતક શ્રમણોપાસકે શુભ અધ્યવસાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વડે યાવત્ ક્ષયોપશમ વડે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે અવધિજ્ઞાનથી પૂર્વ દિશાએ લવણ સમુદ્રમાં હજાર યોજન પ્રમાણ ક્ષેત્ર જાણે છે અને દેખે છે. એમ દક્ષિણ અને પશ્ચિમ દિશાએ પણ જાણવું, ઉત્તર દિશાએ યાવત્ ચુલ્લહિમવંત વર્ષધર પર્વતને જાણે છે અને દેખે છે. અધોદિશામાં રત્નપ્રભાપૃથ્વીના ચોરાશીહજારવરસની સ્થિતિવાળા લોલુપાચ્યુત નામના નરકાવાસને જાણે છે અને દેખે છે.

[૫૪]ત્યાર બાદ તે રેવતી ગૃહપત્ની અન્ય કોઈ દિવસે મત્ત-ઉન્મત્ત થયેલી, યાવત્ ઉત્તરીય ઉપરનાં વસ્ત્રને કાઢી નાખતી જ્યાં પોષધશાલા છે અને જ્યાં મહા શતક શ્રમણોપાસક છે, ત્યાં આવે છે. આવીને મહાશતક શ્રમણોપાસકને પૂર્વ પ્રમાણે કહે છે. યાવત્ તેણે બીજી વાર અને ત્રીજી વાર એ પ્રમાણે કહ્યું: ત્યારે મહાશતકે પોતાના અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો, અને અવધિજ્ઞાન વડે જાણ્યું. જાણીને તેણે રેવતી ગૃહપત્નીને આ પ્રમાણે કહ્યું : અપ્રાર્થિત ની પ્રાર્થના કરનાર હે રેવતી ! તું ખરેખર સાત રાતની અંદર અલસક રોગ વડે પીડિત થઈ, આર્તધ્યાનની અત્યંત પરવશતાથી દુઃખી થયેલી અસમાધિને પ્રાપ્ત થઈને મરણ પામીને, રત્નપ્રભા પૃથ્વીના લોલુપાચ્યુત નરકમાં ચોરાશી હજાર વરસની સ્થિતિવાળા નૈરયિકોમાં નારકપણે ઉત્પન્ન થઈશ.

મહાશતક શ્રમણોપાસકનાએપ્રમાણેકહેવાપર તે રેવતી ગૃહપત્ની બોલી : 'મહા શતક શ્રમણોપાસક મારા ઉપર ગુસ્સે થયેલ છે. મહાશતક શ્રમણોપાસક મારા ઉપર હીનવિરક્ત થયો છે હું નથી જાણતી કે હું ક્યાં પ્રકારના મૃત્યુથી મરાઈશ.' એમ વિચારી ભયભીત થઈ, ત્રાસ પામી, ગભરાઈ, ઉદ્વિગ્ન થઈ, અને અત્યંત ભય પામીને ધીમે ધીમે પાછી ચાલી ગઈ. પાછી જઈને જ્યાં પોતાનું ઘર છે ત્યાં આવી, આવીને અપ હત થયેલી છે મનની ઈચ્છા જેની એવી તે યાવત્ ઉદાસ થઈ, ચિન્તામગ્ન થઈ ગઈ. ત્યાર પછી રેવતી ગૃહપત્ની સાત રાતની અંદર અલસક વ્યાધિ વડે પીડિત થઈ આર્તધ્યાનની અત્યંત પરાધીનતા વડે દુઃખી થઈ કાલ સમયે કાલ કરીને રત્નપ્રભા નરકપૃથ્વીના લોલુ પાચ્યુત નરકમાં ચોરાશી હજાર વરસની સ્થિતિવાળા નૈરયિકોમાં નારક રૂપે ઉત્પન્ન થઈ.

[૫૫]તે કાલ તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા, યાવત્ પરિષદ ધર્મદેશના સાંભળી અને વંદન-નમસ્કાર કરી પાછી ગઈ. ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું : હે ગૌતમ ! અહીં રાજગૃહ નગરમાં મારો અન્તે- વાસી શિષ્ય મહાશતક નામે શ્રમણો પાસક પોષધશાલામાં છેલ્લી મારણાન્તિક સંલે ખના વડે કૃશ થયેલાં શરીરવાળો અને જેણે ભાતપાણીનું પ્રત્યાખ્યાન કર્યું છે એવો, કાલની દરકાર નહિ કરતો વિચરે છે. તે મહાશતકની પત્ની રેવતી મદોન્મત્ત થયેલી યાવત્ ઉપરનાં વસ્ત્રને કાઢી નાખતી પૌષધ શાલામાં મહાશતક પાસે આવી, આવીને મોહોન્માદને ઉત્પન્ન કરનારી વાતો અને તે આ પ્રમાણે બોલી : 'હે મહાશતક!' ઈત્યાદિ પૂર્વ તુ કહી લેવું,

ત્યારે મહાશતક શ્રમણોપાસક ગુસ્સે થઈ ગયો, તેણે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને અવધિજ્ઞાન વડે જાણીને રેવતી ગૃહપત્નીને કહ્યું : તોહે ગૌતમ ! અપશ્ચિમ-મારણાન્તિક સંલેખના વડે જેનું શરીર ક્ષીણ થયું છું અને ભક્તપાનનું જેણે પ્રત્યાખ્યાન કર્યું છે એવો શ્રમણોપાસકને સત્ય, તથ્ય અને સદ્દભૂત હોવા છતાં પણ અનિષ્ટ, અનિચ્છનીય, અપ્રિય,અમનોજ્ઞ, અમનામ-અમનોહર શબ્દ વડે બીજાને કહેવું તે યોગ્ય નથી, માટે હે દેવાનુપ્રિય ! તું જા અને મહાશતક શ્રમણોપાસકને આ પ્રમાણે કહે કે : 'હે દેવાનુપ્રિય !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપશ્ચિમ મારણાન્તિક સંલેખના વડે ક્ષીણ શરીરવાળા યાવત્ ભક્ત-પાનનું પ્રત્યાખ્યાન કરનાર શ્રમણોપાસકને સત્ય યાવત્ અનિષ્ટ કથન વડે બીજા ને ઉત્તર આપવો, કલ્પતો નથી. હે દેવાનુપ્રિય ! તે રેવતી ગૃહપત્નીને સત્ય છતાં અનિષ્ટ વચનો વડે ઉત્તર આપ્યોછે.માટેતું એ સ્થાનની આલોચના કર અને યથાયોગ્ય પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કર.

ત્યાર બાદ ભગવાન ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરના એ કથનને 'તહ' ત્તિ કહી વિનયપૂર્વક સ્વીકાર કરે છે, સ્વીકાર કરીને ત્યાંથી નીકળે છે,જ્યાં મહાશતક શ્રમણોપાસક શ્રમણોપાસક છે, ત્યાં પહોંચે છે. ત્યારે તે મહાશતક શ્રમણોપાસક ભગવાન ગૌતમને આવતાં જુએ છે. જોઈને પ્રસન્ન અને સંતુષ્ટ હૃદયવાળો, તે ભગવંત ગૌતમને વંદન-નમસ્કાર કરે છે. ત્યાર પછી ભગવાન ગૌતમે મહાશતક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું : હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવાન મહાવીર આ પ્રમાણે કહે છે, ભાષે છે અને પ્રરૂપે છે. હે દેવાનુપ્રિય ! સૌથી છેલ્લી મારણાન્તિક સંલેખના વડે જેનું શરીર ક્ષીણ થયું છે, એવા શ્રમણોપાસકને સત્ય છતાં અનિષ્ટ ઉત્તર વડે કહેવું યોગ્ય નથી. હે દેવાનુપ્રિય ! તે રેવતી ગૃહપત્નીને અદ્દભુત છતાં અપ્રિય ઉત્તર આપ્યો છે.માટે હે દેવાનુપ્રિય!તુંએ સ્થાનની આલોચના કર,યાવત્ પ્રાયશ્ચિતસ્વીકાર

તે પછી તે મહાશતક શ્રમણોપપાસકે ભગવંત ગૌતમના એ અર્થને 'તહ'ત્તિ કહીને વિનયપૂર્વક સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને તે સ્થાનની આલોચના કરી, યાવત્ યથા યોગ્ય પ્રાયશ્ચિત અંગીકાર કરી, ત્યાર બાદ ભગવાન ગૌતમ, મહાશતક શ્રમણોપાસકની પાસેથી બહાર નીકળ્યા, અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કરીને સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચારવા લાગ્યાં. તે પછી શ્રમણ ભગવાન મહાવીર અન્ય કોઈ દિવસે રાજગૃહ નગરમાંથી નીકળે છે, નીકળીને બહારના દેશોમાં વિચરણ કરવા લાગ્યાં.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

[૫૬]મહાશતક શ્રમણોપાસક ઘણા શીલવ્રત વગેરે વડે યાવત્ આત્માને ભાવિત કરીને વીસ વરસ સુધી શ્રમણોપાસક પર્યાયને પાળીને અગિયાર ઉપાસક પ્રતિમાઓને સમ્યક્ પ્રકારે કાયા વડે સ્પર્શીને માસિક સંલેખના વડે પોતાને કૃશ કરીને સાઠ ભક્ત અનશન વડે પૂર્ણ કરીને આલોચના અને પ્રતિક્રમણ કરીને સમાધિને પ્રાપ્ત થઈ, કાલ કરીને સૌધર્મ દેવલોકમાં અરુણાવસંતક વિમાનમાં દેવ થયો. તેની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ગ્રહણ કરી સિદ્ધિ પામશે.

**અધ્યયન-૮-નીમુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૯-નંદિનીપિતા

[૫૭] હે જંબૂ ! તે કાલે અને તે સમયે શ્રાવસ્તી નામક નગરી હતી. ત્યાં કોષ્ઠક નામક ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો. તે શ્રાવસ્તી નગરીમાં નન્દિનીપિતા નામક ગૃહપતિ રહેતો હતો. તે આઢ્ય- ધનવાન હતો. તેને ચાર હિરણ્યકોટિ નિધાનમાં, ચાર હિરણ્યકોટિ વ્યાજે અને ચાર હિરણ્યકોટિ ધન-ધાન્યાદિના વિસ્તારમાં રોકી હતી. દસ હજાર ગાયોના એક વ્રજના હિસાબે ચાર વ્રજો હતાં. તેનાં પત્નીનું નામ અશ્વિની હતું. મહાવીર સ્વામી સમોસર્યા. આનંદ શ્રાવકની પેઠે તેણે તેમ જ ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો. પછી મહાવીર સ્વામી બહારના દેશોમાં વિચરવા લાગ્યા.નન્દિનીપિતા શ્રાવક

થયો અને યાવત્ વિચરે છે. તે પછી તે નન્દિનીપિતા શ્રમણોપાસકને ઘણાં શીલવ્રતો, ગુણવ્રતો વગેરેથી આત્માને ભાવિત કરતાં ચૌદ વરસ વ્યતીત થયાં. આનંદની જેમ જ તે જ્યેષ્ઠ પુત્રને પોતાના સ્થાનને સ્થાપન કરે છે અને ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકાર કરીને વિચરે છે. વીસ વરસ સુધી શ્રાવક પર્યાય પાળે છે. વિશેષતા એ છે કે તે અરુણ વિમાનમાં ઉત્પન્ન થયો. પછી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ જઈ સાધના કરી મોક્ષ જશે.

**અધ્યયન-૯-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૧૦-લેઈયાપિતા

[૫૮] હે જંબૂ ! તે કાલે, તે સમયે શ્રીવસ્તી નગરી હતી, કોષ્ઠક ચૈત્ય હતું. તે શ્રીવાસ્તવનો રાજા જિતશત્રુ હતો. તે શ્રીવસ્તી નગરીમાં લેઈયાપિતા નામે ગૃહપતિ રહેતો હતો. તે સંપન્ન અને દીપ્ત-તેજસ્વી હતો. તેને ચાર હિરણ્યકોટિ નિધાનમાં મૂકેલી, ચાર હિરણ્યકોટિ વ્યાજે મૂકેલી અને હિરણ્યકોટિ ધન-ધાન્યાદિના વિસ્તારમાં લગાડેલી હતી. તેને દસ-દસ હજાર ગાયોનાં ચાર વ્રજો હતાં. એટલે ચાલીસ હજાર ગાયો હતી. ફાલ્ગુની ભાર્યા હતી. મહા વીર સમોસર્યા. આનંદની પેઠે તે ગૃહસ્થધર્મને સ્વીકારે છે, અને કામદેવની જેમ જ્યેષ્ઠ પુત્રને સ્થાપીને પોષધશાલામાં શ્રમણ ભગવંત મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિહરે છે. પરંતુ અગિયારે શ્રાવકની પ્રતિમાઓ ઉપસર્ગ રહિત તેજ રીતે કહેવી. કામ દેવના વૃત્તાન્તમાં જે સૂત્રપાઠ છે તે પ્રમાણે અહીં કહેવું. યાવત્ સૌધર્મ કલ્પમાં અરુણકીલ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં તેની ચાર પલ્યોપમની સ્થિતિ છે. તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને મોક્ષ પામશે.

[૫૯-૬૦] દસે શ્રાવકોને પંદરમાં વર્ષે ચિન્તા-ધર્મ-પ્રજ્ઞપ્તિ મુજબ વર્તવાનો વિચાર થાય છે. અને દશે શ્રાવકો વીસ વરસ શ્રમણોપાસક પર્યાયમાં રહ્યાં. એ પ્રમાણે હે જંબૂ ! યાવત્ નિર્વાણને પ્રાપ્ત થયેલા શ્રમણ ભગવાન મહાવીરે ઉપાસકદશાંગના દસમા અધ્યયનનો આ અર્થ કહ્યો છે. ઉપાસદશા નામક સાતમાં અંગમાં એક શ્રુતસ્કંધ છે. દશ અધ્યયન છે. એકસરખા સ્વર છે. દશ દિવસમાં તેનો પાઠ પૂરો થાય છે. એમ કરવાથી શ્રુતસ્કંધનો પાઠ થઈ જાય છે, બે દિવસમાં આનો પાઠ પૂરો કરવાની અનુમતિ પણ આપી છે.

**અધ્યયન-૧૦-ની દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સંગ્રહણી-ગાથા

[૬૧-૬૨]વાણિજ્યગામમાં : આનંદ, ચંપામાં : કામદેવ, વારાણસી : ચુલની પિતા અને સુરાદેવ, આલભિકા : ચુલ્લશતક, કામ્પિલ્યપુર : કુંડકોલિક, પોલાશપુર : સડકાલપુત્ર, રાજગૃહ : મહાશતક, શ્રાવસ્તી : નન્દિની પિતા અને સાલિહી પિતા

[૬૩]આનંદની શિવાનંદા, કામદેવની ભદ્રા, ચુલનીપિતાની શ્યામ, સુરાદેવની ધન્યા, ચુલ્લશતકની બહુલા, કુંડકોલિકની પુષ્પા, સકડાલપુત્રની અગ્નિમિત્રા, મહા શતકની રેવતી આદિ તેર, નન્દિનીપિતાની અશ્વિની, સાલિહીપિતાની ફાલ્ગુપત્ની.

[૬૪]આનંદ અવધિજ્ઞાન અને ગૌતમ સ્વામીનો સંદેહ, કામદેવ : પિશાચનો ઉપસર્ગ અને શ્રાવકનું અંત સુધી દૃઢ રહેવું. ચુલનીપિતા : દ્વારા માતા ભદ્રાના વધનું કથન સાંભળીને વિચલિત થવું. સુરાદેવ : પિશાચ દ્વારા ૧૬ ભયંકર રોગ ઉત્પન્ન કર વાની ધમકી અને વિચલિત થવું. ચુલ્લશતક : પિશાચ દ્વારા સમ્પત્તિ નાશ કરવાની ધમકી અને તેનું વિચલિત થવું. કુંડકોલિક : દેવ દ્વારા ઉત્તરીય તથા અંગૂઠી લેવી તથા ગોશાલકના મતની પ્રશંસા કરવી, કુંડકોલિકની દૃઢતા અને દેવનું નિરુત્તર થવું. સદ્દાલ પુત્ર : સુવ્રતા અગ્નિમિત્રા પત્નીએ વ્રતથી સ્ખલિત થવા પર ફરીથી ધર્મમાં સ્થિત કર્યો, ભગવાન મહાવીર દ્વારા નિયતિવાદનું ખંડન અને સકડાલપુત્રના ગોશાલકના મતને છોડીને તેના મતના અનુયાયી થયા. મહાશતક : રેવતીનો ઉપસર્ગ, મહાશતક દ્વારા રેવતીના ભાવિ નરકગમનનું કથન અને ભગવાન મહાવીર દ્વારા તેને અનુચિત બતા વીને પ્રાયશ્ચિત કરવાનો આદેશ. નન્દિનીપિતા સાલિહીપિતા આ બંન્નેને જીવનમાં કંઈ ઉપસર્ગ ન થવો

[૬૫]આનન્દ : અરુણ , કામદેવ, અરુણાભઃ ચુલનીપિતા ,અરુણપ્રભ :સુરા દેવ,અરુણકાન્ત,ચુલ્લશતક,અરુણશ્રેષ્ઠ,કુંડકોલિક, અરુણધ્વજ, સડકાલપુત્ર, અરુણ ભૂત-મહાશતક,અરુણાવંતસક, નન્દિનીપિતા, ·અરુણગવ સાલિહીપિતા, અરુણકીલ

[૬૬]આનંદ : ચાર વ્રજ કામદેવ : છ વ્રજ =૬૦ હજાર ગાયો ચુલનીપિતા : આઠ વ્રજ સુરાદેવ : છ વ્રજ ચુલ્લ શતક : છ વ્રજ કુંડકોલિક : છ વ્રજ સકડાલપુત્ર : એક વ્રજ મહાશતક : આઠ વ્રજ નન્દિનીપિતા : ચાર વ્રજ સાલિહીપિતા : ચાર વ્રજ

[૬૭]આનંદ : ૧૨ કરોડ ત્રણ ક્ષેત્રોમાં વિભક્ત અર્થાત્ (૧)નિધાન (૨)વ્યાપાર (૩)ઘર એવું સામાન રૂપમાં, પ્રત્યેક ચારમાં કરોડ. કામદેવ : ૧૮ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં ૬ કરોડ. ચુલનીપિતા : ૨૪ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં આઠ કરોડ. સુરાદેવ : ૧૮ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં છ કરોડ. ચુલ્લશતક : ૧૮ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં છ કરોડ. કુંડકોલિક : ૧૮ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં છ કરોડ. સકડાલપુત્ર : ૩ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં એક કરોડ. મહાશતક : ૨૪ કરોડ પોતાની, પ્રત્યેક ક્ષેત્રમાં આઠ કરોડ, હતી.નન્દિનીપિતા : ૧૨ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં ચાર કરોડ. સાલિહીપિતા : ૧૨ કરોડ, પ્રત્યેક ક્ષેત્રમાં ચાર કરોડ.

[૬૮-૬૯]આનંદ આદિ શ્રાવકોએ નીચે લખેલી ૨૧ વાતોમાં મર્યાદા રાખી હતી. ઉલ્લણ : દન્તવણ : ફલ : અભ્યંગણ : ઉવ્વટ્ટણ : નહાણ : વસ્ત્ર, વિલેપનઃ પુષ્પ, ,આભરણ : ધૂપ : પેય, ભક્ષ્ય, ઓદન : સૂપ- ઘી. : શાક, : માધુર, જેમણ : દહીંવડા, આદિ વસ્તુઓ. : પાનીય, તમ્બોલ :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૭૦]બે શ્રાવકોને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું પૂર્વ દિશા : લવણ સમુદ્રમાં પાંચસો યોજન સુધી, આ પ્રકારે દક્ષિણ અને પશ્ચિમમાં. ઉત્તર દિશા : ચુલ્લ હિમવંત પર્વત સુધી. ઊર્ધ્વ દિશા : સૌધર્મ દેવલોકમાં સૌધર્મ કલ્પ વિમાન સુધી. અધો દિશા : પ્રથમ રત્નપ્રભા નામની પ્રથમ નરકમાં લોલુપાચ્યુત નામના સ્થાન સુધી જ્યાં૮૪૦૦ વર્ષની આયુવાળા નારકી જીવ રહે છે. મહાશતકે ત્રણે દિશાઓમાં હજાર હજાર યોજન સુધી અવધિ જ્ઞાનથી જાણ્યું અને જોયું.

[૭૧]દરેક શ્રાવકે અગિયાર પ્રતિમાઓ સ્વીકાર કરી. તે આ પ્રમાણે દર્શન, સચિત્તપરિત્યાગ, વ્રત, આરંભપરિત્યાગ, સામાયિક, પ્રેષ્ય પૌષધ, -દિવસ બ્રહ્મચર્ય, ઉદ્દિષ્ટ ભોજનનો પરિત્યાગ, બ્રહ્મચર્ય, શ્રમણતભૂત.

[૭૨]દરેક શ્રાવકે વીસ વર્ષ સુધી વ્રત અને પ્રતિમાનું પાલન કર્યું અને અંતમાં સંલેખના દ્વારા શરીરનો પરિત્યાગ કરીને સૌધર્મ દેવલોકમાં ચાર પલ્યોપમનું આયુષ્ય પ્રાપ્ત કર્યું. ત્યાંથી ચ્યવન કરીને બધા શ્રાવકો મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને સિદ્ધિ પ્રાપ્ત કરશે.

| ૭ | ઉવાસગદસાઓ-ગુર્જરછાયાપૂર્ણ |
|---|---|
| | સાતમું અંગસૂત્ર-ગુર્જરછાયાપૂર્ણ |

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૮ અંતગડ દસાઓ

આઠમું અંગસૂત્ર-ગુર્જરછાયા

##卐 વર્ગ-૧- 卐 -:અધ્યયન-૧-૧૦:-

[૧]તે કાળે અને તે સમયે ચમ્પા નામક નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું તે કાળે અને તે સમયે આર્ય સુધર્મા સ્વામી સમોસર્યા પરિષદ્ નીકળી પાછી ફરી. તે કાળે અને તે સમયે આર્ય સુધર્મા સ્વામીના શિષ્ય આર્ય જ જંબૂસ્વામી, સુધર્મા સ્વામીની પર્યુ-પાસના કરતા બોલ્યા. ભગવન્ ! શ્રુત ધર્મની આદિ કરવાવાળા યાવત્ નિર્વાણને પ્રાપ્ત સ્વામીએ સાતમાં અંગ ઉપાસકદશાંગ સૂત્રનો આ અર્થ પ્રતિપાદન કર્યો છે, આઠમા અંગ અંતકૃદ્દશાંગ સૂત્રનો શું અર્થ કહેલ છે ? -જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે આઠમાં અંગ અંત કૃદ્દશાંગના આઠ વર્ગો પ્રતિપાદન કરેલ છે. હે ભગવન્ ! યાવત્ મોક્ષપ્રાપ્ત મહાવીર સ્વામીએ અંતકૃતદશાંગના પ્રથમ વર્ગના કેટલા અધ્યયનો કહેલ છે ? એ પ્રમાણે જંબૂ ના પ્રથમ વર્ગના દશ અધ્યયનો કહેલ છે.

[૨]ગૌતમ, સમુદ્ર, સાગર, ગંભીર, સ્તિમિત, અચલ, કાંપિલ્ય, અક્ષોભ, પ્રસેન જિત અને વિષ્ણુકુમાર.

[૩] હે ભગવન્ ! શ્રમણ ભગવંત યાવત્ મોક્ષ પ્રાપ્ત ભગવાન મહાવીર સ્વામીએ અંતગડદશાંગના પ્રથમ વર્ગના પ્રથમ અધ્યયનનો શું અર્થ પ્રરૂપેલ છે ? એ પ્રમાણે નિશ્ચયથી હે જંબૂ ! તે કાળે અને તે સમયે દ્વારિકા નામની નગરી હતી. આ નગરી બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી હતી, વૈશ્રમણ દેવ કુબેરની વિલક્ષણ બુદ્ધિથી તેની રચના કરાઈ હતી, તેનો પ્રકાર- સુવર્ણનો બનેલ હતો. તેનાં કાંગારાઓમાં ઈન્દ્રનીલ વૈડૂર્ય આદિ મણિઓ જડવામાં આવેલ હતા. તેથી તેનાં કાંગરાં પંચવર્ણ દેખાતા હતા. તે નગરી રમણીય હતી, કુબેરની નગરીની સમાન પ્રતીત થતી હતી. તે પ્રમોદ અને ક્રીડાનું સ્થાન હતી. પ્રત્યક્ષ દેવલોક જેવી ચિત્તને હરનારી હતી,

દ્વારિકા નગરીની બહાર ઈશાન ખૂણામાં રૈવતક નામનો પર્વત હતો. તેની ઉપર નંદનવન નામનું એક ઉદ્યાન હતું. ત્યાં સુરપ્રિય નામના યક્ષનું એક પ્રાચીન યક્ષાયતન હતું. અને તે એક વનખંડ થી ઘેરાયેલુ હતું. તે વનખંડની મધ્યમાં એક સુંદર શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતું- દ્વારિકા નગરીમાં કૃષ્ણ નામના વાસુદેવ રાજા રાજ્ય કરતા હતા. દ્વારિકા નગરીમાં કૃષ્ણ મહારાજ, સમુદ્રવિજય પ્રમુખ દશ દશાર્ણ, બલદેવ પ્રમુખ પાંચ મહાવીર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રદ્યુમ્ન પ્રમુખ સાડાત્રણ કરોડ રાજકુમાર, શામ્બ પ્રમુખ ૬૦ હજાર દુર્દાન્તકુમાર, મહા સેન પ્રમુખ ૫૬ હજાર સૈનિક, વીરસેન પ્રમુખ ૨૧ હજાર વીર, ઉગ્રસેન પ્રમુખ ૧૬ હજાર રાજા,રુક્મિણીપ્રમુખ ૧૬ હજારરાણીઓ,અનંગસેનાવિગેરેહજારો ગણિકાઓ, તેમજ બીજા પણ અનેક ઐશ્વર્યશાળી યાવત્ શ્રેષ્ઠી આદિ ઉપર તેમજ દ્વારિકા ઉપર તેમજ સંપૂર્ણ અર્ધભારત ઉપર અધિપતિત્વ કરતાં હતા. તે દ્વારિકા નગરીમાં અંધકવૃષ્ણિ નામના રાજા નિવાસ કરતા હતા. તે રાજાની રાણીનું નામ ધારિણી હતું. એકદા સમયે મહારાણી ધારિણી એક ઉત્તમ શય્યા પર શયન કરી રહી હતી. તેણે એક સ્વપ્ન જોયું.

[૪]સ્વપ્નદર્શનનું કહેવું. બાળકનો જન્મ, બાળકનો બાળભાવ, કલાઓનું વર્ણન, યુવાવસ્થાની પ્રાપ્તિ, રાજકુમારીઓ સાથે વિવાહ, મહેલોનું નિર્માણ અને કામભોગોનો ઉપભોગ (આદિ વાતો ભગવતી સૂત્રમાં વર્ણિત મહાબલની જેમ જાણી લેવી જોઈએ.)

[૫]પરંતુ વિશેષ એ છે કે રાજકુમારનું નામ ગૌતમ રાખવામાં આવ્યું અને એક જ દિવસમાં આઠ શ્રેષ્ઠ રાજકુમારીઓ સાથે તેનું પરિગ્રહણ થયું. દહેજમાં આઠ આઠ પ્રકારનીવસ્તુઆપવામાંઆવેલ.તે કાળે અને તે સમયે ધર્મતીર્થનો આરંભ કરવા વાળા, ધર્મના પ્રવર્તકઅરિહંત અરિષ્ટનેમિ ભગવાનવિચરતાહતા.જ્યારે તેઓ દ્વારિકા નગરી થી બહાર ઉદ્યાનમાં પધાર્યા ત્યારે તેના સમવસરણમાં ચાર પ્રકાર ના દેવ ઉપસ્થિત થયા.કૃષ્ણ વાસુદેવ પણ ત્યાં આવ્યા. ત્યાર પછી ગૌતમકુમાર પણ તેઓના દર્શન કરવા માટે તૈયાર થયા. મેઘકુમાર ની જેમ જાણવું ધર્મનું શ્રવણ કરીને તેના પર વિચાર કરતા કહેવા લાગ્યા- ભગવન્ ! હું મારા માતા પિતાને પૂછીને આપની પાસે દીક્ષા ગ્રહણ કરીશ. જેવી રીતે શ્રમણ ભગ વાન મહાવીર સ્વામી પાસે મેઘકુમાર ની જેમ દીક્ષિત થયા. ત્યાર પછી મુનિ ગૌતમકુમાર નિર્ગ્રન્થ પ્રવચનને સન્મુખ રાખીને સાધુના આચર નું પાલન કરવા લાગ્યા.

સાધુ થયા પછી ગૌતમ અણગાર ભગવાન અરિષ્ટનેમિના સ્થવિરોની પાસે સામયિકો આચારાંગ આદિ ૧૧ અંગોનું અધ્યયન કરતા કરતા વિચરવા લાગ્યા. અરિહંત ભગવાન અરિષ્ટ નેમિએ હવે દ્વારિકા નગરીના નંદન વનમાંથી વિહાર કર્યો અને અન્ય જનપદોમાં વિચર વા લાગ્યા. ગૌતમ અણગાર એક દિવસ જ્યાં અરિહંત ભગવાન અરિષ્ટનેમિ બિરાજમાન હતા ત્યાં ગયા. ત્યાં જઈ અરિહંત ભગવાન અરિષ્ટ નેમિને વંદન કર્યા. નમસ્કાર કરીને તેણે કહ્યું. "ભગવન્ ! જો આપ આજ્ઞા આપો તો મારી ભાવના છે કે હું માસિક ભિક્ષુ-પ્રતિમાની આરાધના કરું." ભગવાન પાસેથી આજ્ઞા પ્રાપ્ત કરી તેઓ સાધનામાં લીન બન્યા.તે સર્વે સ્કંધક મુનિ મુજબ જાણવું ગૌતમ અણ ગારે ભિક્ષુની બાર પ્રતિમાઓ તેમજ ગુણરત્ન સંવત્સર તપની આરાધના કરી. મનન કર્યું, ચિંતન કર્યું, અધ્યયન કર્યું, સ્થવિર મુનિરાજો સાથે શત્રુંજય પર્વત પર જઈને એક માસના સંથારા દ્વારા બાર વર્ષ સુધી દીક્ષા પર્યાય પાળી અંતમાં સિદ્ધ થયાં.

[૬] હે જંબૂ ! નિર્વાણ પામેલા શ્રમણ ભગવાન મહાવીરે આઠમાં અંગ અંતગડ સૂત્રનાં પ્રથમ વર્ગના પ્રથમ અધ્યય નનો આ અર્થ કહેલ છે. જેવી રીતે ગૌતમકુમારનું વર્ણન કરેલ છે. તે જ પ્રમાણે બાકીના નવ અધ્યયનોનો અર્થ પણ સમજી લેવો જોઈએ. બધાનાં પિતા મહારાજા વિષ્ણું હતા. માતા ધારિણી હતી. બધાનું વર્ણન એક સરખું છે. આ પ્રમાણે દશ અધ્યયનોનાં સમુ દાય રૂપ પ્રથમ વર્ગનું વર્ણન કરેલ છે.

**વર્ગ-૧-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

卐 વર્ગ-૨ 卐 અધ્યયનઃ૧-૮

[૭] હે જંબૂ ! તે કાળે અને તે સમયે દ્વારિકા નામની નગરી હતી. ત્યાં મહારાજા અંધકવિષ્ણુ રાજ્ય કરતા હતા. રાણીનું નામ ધારિણી દેવી હતું. તેને આઠ પુત્રો હતો.

[૮]સાગર, સમુદ્ર, હિમવન્ત, અચલ, ધરણ, પૂર્ણ, અને અભિચંદ્ર.

[૯]પ્રથમ વર્ગ સમાન આ આઠ અધ્યયનોનું વર્ણન પણ સમજી લેવું "ગુણરત્ન સંવત્સર" તપની આરાધના કરી. અને ૧૬ વર્ષ સુધી સંયમ પાળી શત્રુંજય પર્વત ઉપર એક માસની સંલેખના કરી સિદ્ધ થયા.

વર્ગ-૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ

卐 વર્ગ-૩ 卐 અધ્યયનઃ૧

[૧૦]અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના તેર અધ્યયનો કહ્યા છેઃ - અનિયસ , અનન્ત સેન અનિહતવિદ્વત,દેવયશ,શત્રુસેન,સારણ,ગજ,સુમુખ,દુર્મુખ,કૂપક,દારૂક,અનાદૃષ્ટિ

ભગવન્ ! શ્રમણ યાવત્ મોક્ષપ્રાપ્ત ભગવાન મહાવીર સ્વામીએ અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનનો શું અર્થ પ્રતિપાદન કરેલ છે ? હે જંબૂ ! તે કાળે અને તે સમયે ભદ્દિલપુર નામનું નગર હતું. તેના ઈશાન ખુણામાં શ્રીવન નામનું એક ઉદ્યાન હતું. તે નગરમાં મહારાજા જિતશત્રુ રાજ્ય કરતા હતાં. તે જ નગરમાં નાગ નામનો એક ગાથાપતિ રહેતો હતો. તે ઘણો ધનવાન અને તેજસ્વી હતો. તે ગાથાપતિ ને સુલસા નામની એક પત્ની હતી. સુલસા અત્યંત સુકોમળ યાવત્ સ્વરૂપ વતી હતી. તે નાગ ગૃહ પતિનો પુત્ર અને સુલસા ભાર્યાનો આત્મજ અનિ યસ નામનો પુત્ર હતો. તે પણ ઘણો કોમળઅનેસ્વરૂપવાનહતો.પાંચધાવમાતાઓદ્વારા તે પરિરક્ષિત હતો. તેનું બધું જીવન દૃઢપ્રતિજ્ઞની જેમ સમજી લેવું જોઈએ. તે ગિરિગુફામાં ઉત્પન્ન થતી ચંપકલ તાની જેમ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો અનીયસ કુમાર જ્યારે આઠ વર્ષથી કંઈક-થોડો વધારે મોટો થયો ત્યારે માતા-પિતાએ તેને ભણાવવા માટે કલાચાર્ય પાસે મોકલ્યો. વિદ્યા પ્રાપ્ત કર્યા પછી અને બાલભવને છોડીને જ્યારે અનિયસકુમાર ભોગ ભોગવવાને યોગ્ય થઈ ગયો ત્યારે માતાપિતાએ તેનાં અનુરૂપ બત્રીશશ્રેષ્ઠ કન્યાઓ સાથે એક જ દિવસે લગ્ન કર્યાં.

લગ્ન પછી તે નાગ ગાથાપતિએ અનિયસ કુમારને પ્રીતિદાન દેતી સમયે બત્રીસ કરોડ ચાંદીના સિક્કા તેમજ અન્ય બત્રીશ પ્રકારની અનેક વસ્તુઓ આપી. જે મહાબલ કુમાર સમાન જાણવી તે કાળે અને સમયમાં શ્રીવન નામના ઉદ્યાનમાં ભગવાન અરિષ્ટ નેમિ પધાર્યા. જનતા તેમનો ધર્મોપદેશ સાંભળવા ઉદ્યાનમાં ગઈ અને ધર્મોપદેશ સાંભળી પાછી ફરી. ભગવાન્ના દર્શન કરવા અનિયસકુમાર પણ આવ્યો. યાવત્ ગૌતમ કુમારની જેમ તે ભગવાન પાસે દીક્ષિત થઈ ગયો. સામાયિકથી લઈ ચૌદ પૂર્વોનું અધ્યયન કર્યું, વીસ વર્ષ દીક્ષાનું પાલન કર્યું. અંત સમયે એક માસના સંલેખના દ્વારા શત્રુંજય પર્વત પર મુક્તિ પામ્યા.

વર્ગઃ૩-અધ્યયનઃ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ

વર્ગ-૩-અધ્યયનઃ૨થી૬

[૧૧]આવી રીતે અનન્તસેનથી લઈને શત્રુસેન કુમાર સુધી છ અધ્યયનોનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ણન પણ જાણી લેવું જોઈએ. યાવત્ અંતમાં એક માસની સંલેખના કરી શત્રુંજય પર્વત પર અનન્તસેન આદિ પાંચે સિદ્ધગતિએ પામ્યા.

**વર્ગઃ૩-અધ્યયનઃ૨ થી ૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ૭

[૧૨]તે કાળે અને તે સમયે દ્વારિકા નગરી હતી. તેમાં વસુદેવ રાજા ધારણી રાણી, સીંહ સ્વપ્ન, સારણકુમાર નામે પુત્ર૫૦ કન્યા ઓ સાથે તેના લગ્ન થયા. પિતાએ ૫૦-૫૦ વસ્તુ આણામાં આપી. દીક્ષિત થયા. ચૌદ પૂર્વોનું અધ્યયન કર્યું. વીસ વર્ષનો દીક્ષા પર્યાય પાળી ગૌતમ ની જેમ શત્રુંજ્ય પર્વત પર એક માસની સંલેખના કરી સિદ્ધ ગતિ પામ્યા.

**અધ્યયનઃ૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૩-અધ્યયનઃ૮

[૧૩] આ પ્રમાણે હે જંબૂ ! તે કાળે અને તે સમયે દ્વારિકા નામની નગરી હતી. પહેલાંની જેમ તે નગરીની બહાર ઉદ્યાનમાં અરિહંત અરિષ્ટનેમિ પધાર્યા. તે કાળે અને તે સમયે અર્હંત અરિષ્ટ નેમિ ભગવાનના છ શિષ્યો સહોદર- હતા. તેઓ સમાન હતા. સરખા પ્રતીત થતા હતા. તેઓનો વર્ણ નીલકમલ જેવો, ભેંસના શિંગડાં જેવો અને અળસીનાં ફૂલ જેવો નીલ હતો. તેનું વક્ષ સ્થળ શ્રીવત્સના ચિહ્નથી ચિહ્નિત હતું. તેઓના માથાનાં વાળ પુષ્પ જેવા કોમળ અને કુંડળની જેમ વાંકડીયા હતા. તેઓ વૈશ્રમણ દેવના પુત્રની જેમ પ્રતીત થતા હતા. આ છ એ ભાઈઓ જે દિવસે દીક્ષિત થયા તેજ દિવસે ભગવાનનાં ચરણ-કમળમાં વંદન નમસ્કાર કરી કહેવા લાગ્યા-ભગવન્ ! જો આપશ્રી આજ્ઞા કરો તો અમારી ભાવના છે કે અમે જીવન પર્યંત નિરન્તર છઠ-છઠ ભક્ત કરીને આત્માને સંયમ અને તપથી ભાવિત કરતા વિચરીએ.

હે દેવાનુપ્રિયો ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો. શુભ કાર્યમાં વિલંબ ન કરો. આ પ્રમાણે ભગવાનની આજ્ઞા મળી જવા પર છએ ભાઈઓ જીવનપર્યંત નિરન્તર ષષ્ઠ ભક્ત કરતા આત્માની સાધના કરવા લાગ્યા. ત્યાર પછી તે છએ અણગાર એકદા છઠ્ઠના પારણાના દિવસે પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરે છે. બીજા પ્રહરમાં ધ્યાન કરે છે અને ગૌતમ અણગારની જેમ ચર્યા કરતા થકા ભગવાન અરિષ્ટનેમિને કહે છે::- ભગ-વન્ ! આજે છઠ્ઠના પારમણે આપની અનુજ્ઞાથી અમે છએ ભાઈઓ ત્રણ સંઘાડામાં દ્વારિકા નગરીથી ભિક્ષા માટે નીકળીએ. ભગવાન અરિષ્ટનેમિએ અનુમતિ આપી દેવાનુ- પ્રિયો ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો. ભગવન્ ! અરિષ્ટનેમિની આજ્ઞા પ્રાપ્ત કરીને અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને વંદન કરે છે, નમસ્કાર કરે છે, અરિહંત અરિષ્ટ નેમિ ભગવાન્ પાસેથી સહસ્રામ્ર વનમાંથી નીકળે છે. નીકળીને ત્રણ સંઘાડામાં શીઘ્રતા અને ચપળતા વગર યાવત્ દ્વારિકા નગરીમાં ભિક્ષા માટે ફરે છે. ત્રણે સંઘાટકમાંથી એક સંઘાટકના બે મુનિઓ દ્વારિકા નગરીના સધન, નિર્ધન તેમજ મધ્યમ ઘરોમાં વચ્ચે આવેલાં ઘરોને મૂક્યા વગર ગૌચરી ફરતાં મહારાજા વસુદેવની રાણી દેવકી દેવીના ઘરમાં પધાર્યા. ત્યારે દેવકી દેવી ઘરમાં આવતા મુનિઓને જુએ છે. પ્રસન્ન થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ સાત-આઠ પગલાં સામે જઈને ત્રણવાર પ્રદક્ષિણા કરે છે. વંદના નમસ્કાર કરી ને જ્યાં રસોડું હતું ત્યાં આવી. આવીને સિંહ કેસર લાડવાનો થાળ ભરે છે. ભરીને તે સાધુ ઓને વહોરાવે છે. ત્યાર પછી વંદના નમસ્કાર કરે છે. ત્યાર પછી બીજો સંઘાટક દ્વારિકા નગરીના સધન, નિર્ધનાદિ ઘરો માં યાવત્ ગૌચરી કરતા થકા દેવકીના ઘરમાં પધાર્યા. દેવકી તેઓને પણ સિંહકેસરીયા લાડુ વહોરાવીને વિદાય કરે છે. ત્યાર પછી તે સાધુ ઓનો ત્રીજો સંઘાટક તેજ રીતેના સાધારણ-અસાધારણ તેમજ મધ્યમ શ્રેણીના ઘરોમાં ભિક્ષા માટે ફરતાં-ફરતાં દેવકી દેવીના ઘેરે આવ્યાં. દેવકીદેવી તેઓને પણ વહોરાવે છે. વહોરાવ્યા પછી તે આ પ્રમાણે બોલી- દેવાનુપ્રિય ! કૃષ્ણ વાસુદેવની આ દ્વારિકા નગરી નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી છે. પ્રત્યક્ષ દેવલોક જેવી છે સાધારણ અસા ધારણ તેમજ મધ્યમ શ્રેણીનાં લોકોના ઘરોમાં ભ્રમણ કરતાં થકા શ્રમણ નિર્ગ્રન્થોને શું આહાર-પાણી મળતું નથી ? જેનાથી શ્રમણોને આહાર પાણી માટે વારંવાર એકજ ઘરે આવવુ પડે છે ? ત્યાર પછી તે મુનિ દેવકી દેવીને કહ્યું-

દેવાનુપ્રિયે ! કૃષ્ણ વાસુદેવની નગર ઘણી વિશાળ છે અને દેવલોક સમાન છે. ભિક્ષા માટે ભ્રમણ કરતાં શ્રમણો, સાધુઓને આહાર પાણી નથી મળતું એમ નથી. અને એમ પણ નથી કે સાધુઓ તેને તેજ ઘરોમાં બે વાર અથવા ત્રણ વાર પ્રવેશ કરતા હોય દેવાનુપ્રિયે ! અમે ભદ્દિલપુર નગરનાં નિવાસી નાગ ગૃહપતિના પુત્ર છીએ, તેની સુલસા નામક ધર્મપત્નીના આત્મજ છીએ. અમે, છએ સહોદર ભાઈઓ છીએ. એક સરખી આકૃતિવાળાંછીએ,યાવત્વૈશ્રમણદેવનાપુત્રજેવા છીએ.અરિહંત અરિષ્ટનેમિ પાસેથી ધર્મ સાંભળીને અમે સંસારના ભયથી ઉદ્વિગ્ન બન્યા. જન્મ અને મરણથી ભયભીત થયા. યાવત્ મુંડિત થઈને દીક્ષિત થયા તે જ દિવસે અભિ ગ્રહ ગ્રહણ કર્યો- આ પ્રમાણે અરિહંત ભગવાન્ અરિષ્ટનેમિની આજ્ઞા મલી જવાથી અમે એ ષષ્ઠભક્ત તપ આરંભ કર્યો અને તેનું પાલન કરી રહ્યા છીએ. આજે અમારે છઠ્ઠ નું પારણું હતું પહેલાં પહોરમાં અમે સ્વાધ્યાય કર્યો, બીજા પહોરમાં ધ્યાન કર્યું. ત્રીજા પહોરમાં અમે છએ ભાઈઓ ત્રણ ટોળી બનાવી છઠનાં પારણા નિમિત્તે ગોચરી માટે દ્વારિકા નગરીના સાધારણ અસા-ધારણ આદિ બધા ઘરોમાં ભ્રમણ કરતાં આપનાં ઘરે આવી ગયા છીએ. તેથી હે દેવાનુપ્રિયે ! અમે બીજા છીએ. આ પ્રમાણે દેવકી દેવીને પોતાની વાત કહી જે દિશા માંથી બંને મુનિ આવ્યા હતા તે જ દિશામાં પાછા ચાલ્યા ગયા.

મુનિઓ ચાલ્યા ગયા પછી દેવકી દેવીનાં મનમાં આવા પ્રકારનો આધ્યાત્મિક માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે મને પોલાસપુર નગરમાં અતિમુક્તકુમાર શ્રમણે બાલ્યાવસ્થામાં કહ્યું હતું કે-દેવાનુપ્રિયે ! તું વૈશ્રમણ કુમાર જેવા અને સમાન આકૃતિ અને વર્ણવાળા આઠ એવા પુત્રોનો જન્મ આપીશ કે ભારત વર્ષમાં બીજી માતા આવા પ્રકારના પુત્રોને જન્મ નહી આપે, તે કથન તો મિથ્યા થયું. કારણકે આ પ્રત્યક્ષ દેખાઈ રહ્યું છે કે ભારત વર્ષમાં અન્ય માતાઓએ પણ એવા પ્રકારના પુત્રોને જન્મ આપ્યો છે. તો હવે હું અરિહંત અરિષ્ટનેમિ ભગવાન પાસે જાઉં અને તેમને વંદના નમ સ્કાર કરીને પ્રશ્ન પૂછું.જેવી રીતે દેવાનંદા બ્રાહ્મણી ભગવાન મહાવીરના ચરણોમાં ઉપસ્થિત થઈ હતી. તેવી રીતે દેવકી દેવી પણ ગઈ અને ઉપાસના કરવા લાગી. અરિહંત અરિષ્ટનેમિ દેવકી દેવીને જોતાં જ બોલ્યા-હે દેવકી ! આ છ અણગારોને જોઈને તમારા મનમાં આ સંકલ્પ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પન્ન થયો છે કે મને પોલાસપુર નગરમાં અતિમુક્તકુમારે કહ્યું હતું ઈત્યાદિ યાવત્ તું ઘરેથી નીકળી ઘણી ઉતાવળથી મારી પાસે આવી છો, શું આ વાત સત્ય છે ?

હા ભગવન્ત સત્ય છે.-દેવાનુપ્રિયોતે કાળે અને તે સમયે ભદ્દિલપુર નામક નગરમાં નાગ નામક શેઠ નિવાસ કરતો હતો. તે સમ્પન્ન હતો. તે નાગ ગાથાપતિને સુલસા નામની પત્ની હતી. તેને બાલ્યાવસ્થામાં કોઈ નૈમિતિકે-કહ્યું હતું કે આ છોકરી નિંદુ-થશે. ત્યાર પછી તે સુલસા બાલ્યાવસ્થાથી જ હરિણગમૈષી દેવની ભક્તિ કરતી હતી. તેણે હરિણગમૈષી દેવની મૂર્તિ બનાવી. મૂર્તિ બનાવીને હંમેશા સ્નાન કરીને યાવત્ પ્રાયશ્ચિત્ત કરીને ભીનું કપડું અને સાડી પહેરીને તેની પૂજા કરતી હતી. પ્રણામ કરતી. ત્યાર પછી જ તે આહાર-નિહાર અથવા બીજી ક્રિયાઓ કરતી હતી. ત્યાર પછી સુલસાની ભક્તિ, અત્યંત સત્કાર તેમજ સેવાથી હરિણગમૈષી દેવ પ્રસન્ન થઈ ગયો. તે હરિણમૈષી દેવે સુલસા શેઠાણી પર અનુકંપા આવવાથી સુલસા શેઠા ણીને અને તમને બંનેને સમઋતુવાળા કરે છે. પછી તમે બંનેએ એક જ સમયે ગર્ભ ધારણ કર્યો. એકજ સમયે બાળકોને જન્મ આપ્યા. પણ સુલસા મરેલા બાળકોને જન્મ આપે છે. ત્યારે સુલસા પર દયા લાવીને હરિણગમૈષી દેવે તેના બાળકોને પોતાના બંને હાથોમાં ઉપાડીને તમારી પાસે મૂકી દીધા. તે સમયે તમે પણ કંઈક અધિક નવ માસ પસાર થવા પર સુકુમાર બાળકોને જન્મ આપ્યો. હે દેવાનુપ્રિયે ! તમારા જે પુત્રો હતા તેઓને તમારી પાસેથી બંને હાથોથી ઊંચકી સુલસા શેઠાણી પાસે મૂકી દીધા. માટે હે દેવકી ! આ છએ અણગાર ખરેખર તમારાજ પુત્રો છે,

ત્યારે દેવકી અર્હત અરિષ્ટનેમિ પાસેતી આ વૃત્તાન્તને સાંભળીને, વિચારીને, ઘણી હર્ષિત થઈ, સંતુષ્ટ થઈ યાવત્ તેનુ હૃદય ખીલી ઊઠ્યું. પછી તેણે અર્હત અરિષ્ટ નેમિને વંદન નમસ્કાર કર્યા. છએ સાધુઓને વંદન, નમસ્કાર કરે છે. ત્યાર પછી પ્રગાઢ પુત્રસ્નેહને કારણે તેના સ્તનોમાં દૂધ આવી ગયું. તેની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ગઈ. અત્યંત હર્ષના કારણે તેની કંચુકીના બંધ તૂટી ગયા, હર્ષ અને રોમાં ચથી શરીર ફૂલી જવાથી કંકણ ટૂંકા પડવા લાગ્યા, તેના રૂંવાડા મેઘધારાથી આહત થયેલ કંદક પુષ્પની જેમ ખીલી ઊઠ્યા. તે છએ અણગારોને અનિમેષ દૃષ્ટિથી જુએ છે. જોઈને વંદન, નમસ્કાર કરે છે. જ્યાં અરિષ્ટનેમિ ભગવાન છે ત્યાં આવે છે. પ્રદક્ષિણા કરીને વંદના કરે છે. નમસ્કાર કરે છે. જ્યાં પોતાનું વાસગૃહ હતું, શય્યા હતી ત્યાં આવે છે. આવીને તે શય્યા પર બેસે છે. ત્યાર પછી દેવકી દેવીની હૃદયમાં આ વિચાર ચિંતન અભિલાષારૂપ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે-મેં એક સરખા યાવત્ ધનપતિ કુબેરના પુત્ર જેવા સાત પુત્રોને જન્મ આપ્યો છતાં પણ મેં એકનાય બાલભાવનો અનુ ભવ ન કર્યો. આ કૃષ્ણ વાસુદેવ પણ છ છ મહિના પછી મને પાયવંદન માટે શીઘ્રતાથી આવે છે. ખરેખર ધન્ય છે તે માતાઓ કે જેના પુત્રો પોતાની કુક્ષિમાં ઉત્પન્ન થયા છે, સ્તનના દૂધના લોભી છે, મધુર, તોતડા અને થોડા વચન બોલનાર છે અને કક્ષ ભાગમાં રમણ કરે છે. જે મુગ્ધ-સરળ છે. જેને માતાને કમળ જેવા કોમળ હાથોથી ઊંચકીને પોતાનાં ખોળામાં બેસાડેલ છે. જે બાળકો માતાઓને મનોહર અને મધુર વચન સંભળાવે છે. પરંતુ હું અધન્ય છું, પુણ્યહીન છું, મેં પૂર્વે કાંઈ પુણ્ય કરેલ નથી કારણકે આવા પુત્ર જન્મના સુખોમાંથી એક પણ સુખ મને મળ્યું નથી, આ પ્રમાણે વિચાર કરીને દેવીક ઉદાસીન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનવાળી અને ચિન્તામગ્ન થઈ ગઈ.

તે સમયે કૃષ્ણ વાસુદેવ સ્નાન કરીને યાવત્ બધા પ્રકારના વસ્ત્રાભૂષણોથી વિભૂષિત થઈને દેવકી દેવીને પગે લાગવા ઉતાવળથી આવે છે. તે કૃષ્ણ વાસુદેવ દેવકી દેવીને જુએ છે. જોઈને દેવકી દેવીને ચરણ-વંદન કરે છે. - હે માતા ! પહેલાં તો આપ મને જોઈને હર્ષિત થતા હતા. પરંતુ હે માતા ! આજે એવું શું કારણ છે કે જેથી આપ ઉદાસીન યાવત્ ચિંતામગ્ન છો ? ત્યારે દેવકી દેવીએ કૃષ્ણ વાસુદેવને કહ્યું-હે પુત્ર ! મેં એક સરખા યાવત્ નળકુબેર જેવા સાત પુત્રોને જન્મ આપ્યો. પરંતુ મે એક પણ બાળક ના શૈશવનો અનુભવ કર્યો નથી. હે પુત્ર ! તુ પણ છ છ મહિના પછી મારી પાસે પાય વંદનને માટે ઉતવાળથી આવે છે અને જલદીથી ચાલ્યો જાય છે. તેથી હું આર્તધ્યાન કરું છું. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે દેવકી દેવીને આ પ્રમાણે કહ્યું : હે માતા ! આપ ઉદાસીન ન થાઓ. યાવત્ આર્તધ્યાન ન કરો. મારે નાનો સહોદર ભાઈ થાય તેવો હું પ્રયત્ન કરીશ. આ પ્રમાણે કહીને દેવકી દેવીને ઈષ્ટ પ્રવચનોથી આશ્વાસન આપી ત્યાંથી તે ચાલ્યા ગયા અને જ્યાં પૌષધશાળા હતી ત્યાં પહોંચ્યાં.નીજેમ અભયકુમાર અઠ્ઠમ તપ કરે છે. પરંતુ કૃષ્ણ વાસુદેવના અઠ્ઠમમાં આ વિશેષતા છે. કૃષ્ણે હરિણગમૈષી દેવને લક્ષ કરીને અઠ્ઠમ કર્યો. યાવત્ હરિણગમૈષી દેવ આરાધનાથી પ્રસન્ન થઈને શ્રીકૃષ્ણ પાસે આવ્યો. ત્યારે શ્રીકૃષ્ણ હાથ જોડીને આ પ્રમાણે બોલ્યા : દેવાનુપ્રિય ! મારી ઈચ્છા છે કે આપ મને નાનો સહોદર ભાઈ આપો.

ત્યારે હરિણગમૈષી દેવે કૃષ્ણવાસુદેવને આ પ્રમાણે કહ્યું-દેવાનુપ્રિય ! દેવલોકથી ચ્યવીને તમારો સહોદર નાનો ભાઈ જન્મ લેશે. પરંતુ તે બાલ્યાવસ્થા ઉલ્લંઘીને યાવત્ યુવાવસ્થામાં આવીને યાવત્ દીક્ષિત થઈ જશે. દેવે કૃષ્ણવાસુદેવને બે વાર ત્રણ વાર આ પ્રમાણે કહ્યું. એમ કહીને જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં પાછો ચાલ્યો ગયો. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ પૌષધશાળામાંથી બહાર નીકળે છે. ત્યાંથી નીકળી જ્યાં દેવકી દેવી હતા ત્યાં આવે છે. ત્યાં આવીને દેવકી દેવીના ચરણોમાં વંદન કરીને આ પ્રમાણે કહે છે : 'હે માતા ! મારે સહોદર નાનો ભાઈ જન્મશે' આમ કહીને દેવકી દેવીને તે ઈષ્ટ વચનો દ્વારા યાવત્ આશ્વાસન આપે છે. ત્યાર પછી એકદા માતા દેવકી દેવી પોતાના શયનાગારમાં ઘણી કોમળ અને સુખદ શય્યા પર સૂતા હતા. ત્યારે તેણે સ્વપ્નમાં સિંહને જોયો. સ્વપ્ન જોયા પછી તે ઊઠી ગઈ. તેણે સ્વપ્નનો બધો વૃત્તાન્ત પોતાના પતિદેવને કહ્યો. મહારાજા વસુદેવે સ્વપ્નપાઠકોને બોલાવી તેઓને સ્વપ્નનું ફળ પૂછ્યું. સ્વપ્ન-પાઠકોએ સ્વપ્નનું ફળ એક સુયોગ્ય પુણ્યાત્મા પુત્રની પ્રાપ્તિ થશે એમ બતાવ્યું. માતા દેવકી સ્વપ્નપાઠકો પાસેથી સ્વપ્નનું ફળ સાંભળી ઘણી પ્રસન્ન થઈ. યથાસમયે ગર્ભને ધારણ કરી તે ગર્ભનું યોગ્ય રીતે પાલન કરવા લાગી. ત્યાર પછી નવ માસ પૂર્ણ થવા પર માતા દેવકીએ જાત કુસુમ સમાન, રક્ત બંધુ જીવક સમાન, વીરવહૂટી સમાન, લાખના રંગ જેવા, વિકસીત પારિજાત પુષ્પ જેવા, પ્રાતઃકાલીન સૂર્યની લાલિમા સમાન કાન્તિવાળા, બધાના નેત્રોને આનંદ આપનાર, સુકુમાર અંગોવાળા યાવત્ સ્વરૂપવાન, હાથીના તાળવાની જેવા રક્તવર્ણ એવા કોમળ પુત્રને જન્મ આપ્યો. પુત્રનો જન્મસંસ્કાર મેઘકુમારની જેમ જાણવો. નામ સંસ્કાર કરતા સમયે કહેવામાં આવ્યું કે અમારો આ બાળક હાથીના તાળવાની સમાન રક્ત વર્ણવાળો છે તથા કોમળ અંગવાળો છે. તેથી આ

જૈન સાઈટ JAINSITE

બાળકનું નામ ગજસુકુમાર રાખવું જોઈએ. બાકીનું વર્ણન મેઘકુમારની જેમ જાણવું. યાવત્ તે ભોગ ભોગવવામાં સમર્થ થઈ ગયો.

તે દ્વારિકા નગરીમાં સોમિલ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે ધનવાન હતો. ઋગ્વેદ આદિ વેદોમાં તથા વેદાંગોમાં પારંગત હતો. સોમિલ બ્રાહ્મણની સોમશ્રી નામની ધર્મપત્ની હતી, તે કોમળ હતી, તે સોમિલની પુત્રી અને સોમશ્રી બ્રાહ્મણની આત્મજા-સોમા નામની પુત્રી હતી, તે સુકુમારી હતી, સ્વરૂપવતી હતી, લાવણ્ય સૌન્દર્ય ની દૃષ્ટિથી તેમાં કોઈ દોષ ન હતો તેથી તે ઉત્તમ અને ઉત્તમ શરીરવાળી હતી. કોઈ સમયે સોમા બાલિકાએ સ્નાન કર્યું, આભૂષણોથી વિભૂષિત થઈ. કુબ્જાદાસી યાવત્ બીજી ઘણી દાસીઓથી ઘેરાઈને પોતાના ઘેરેથી નીકળી. નીકળીને રાજમાર્ગ ઉપર આવી અને રાજમાર્ગમાં સોનાના દડાથી રમવા લાગી. તે કાળે અને તે સમયે અર્હત અરિષ્ટનેમિ પધાર્યા. તેમનાં દર્શન કરવા પરિષદ નીકળી. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ આ વૃત્તાન્તને જાણી સ્નાન કરે છે. આભૂષણોથી અંલકૃત થઈ રાજકુમાર ગજસુકુમારને સાથે લઈ હાથીની અંબાડી ઉપર બેસે છે, તેઓએ કોરંટવૃક્ષના ફૂલોથી યુક્ત છત્ર ધારણ કર્યું હતું. સુંદર શ્વેત ચામર તેની ઉપર ઢોળાઈ રહ્યા હતા. દ્વારિકા નગરીની વચોવચથી અરિહંત અરિષ્ટનેમિ ભગવાનના ચરણ-વંદન કરવા જઈ રહ્યા હતા. ત્યાં તે સોમા બાલિકાને જુએ છે. જોઈને સોમા બાલિકાના રૂપથી, યૌવનથી, લાવણ્યથી વિસ્મય પામ્યા. ત્યાર પછી કૃષ્ણ મહારાજ પોતાના કૌટુમ્બિક પુરુષો- કર્મચારીઓને બોલાવે છે. બોલાવીને કહે છે કે હે દેવાનુપ્રિયો ! તમે સોમિલ બ્રાહ્મણ પાસે જાઓ અને સોમા બાલિકાની યાચના કરો અને લઈ કન્યાઓના અંતઃપુરમાં રાખો. પછી આ બાલિકા રાજકુમાર ગજસુકુમારની પત્ની થશે.

જૈન સાઈટ JAINSITE .com

પછી કૃષ્ણ વાસુદેવ દ્વારિકા નગરીના મધ્ય ભાગમાંથી નીકળે છે. નીકળીને જ્યાં સહસ્રામ્રવન નામનું ઉદ્યાન હતું ત્યાં જઈ યાવત્ ઉપાસના કરવા લાગ્યા. પછી અરિહંત અરિષ્ટનેમિ ભગવાને કૃષ્ણ વાસુદેવને ગજસુકુમારને અને આવેલા અન્ય જનસમૂહને ધર્મકથા સંભળાવી. પછી શ્રીકૃષ્ણ પાછા ગયા. પછી તે રાજકુમાર ગજસુકુમાર અરિહંત અરિષ્ટનેમિ ભગવાનનો ધર્મોપદેશ સાંભળીને કહે છે હું પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઈચ્છું છું, માટે માતા-પિતાને પૂછીને આપની સેવામાં આવીશ ઈત્યાદિ વર્ણન જેમ મેઘકુમારનું છે તેમ અહીં જાણવું. પરંતુ અહીં પત્ની પાસે અનુમતિ માંગવાની વાત ન કહેવી. હે પુત્ર ! તું અવિવાહિત છો. તેથી વિવાહિત થાય. યાવત્ કુલની વૃદ્ધિ કરી અર્થાત્ સંતાન થાય ત્યાર પછી દીક્ષા ગ્રહણ કરજે. ગજસુકુમાર દીક્ષા લેવા ઈચ્છે છે, આ સમાચાર જ્યારે શ્રી કૃષ્ણ વાસુદેવને મળ્યા ત્યારે તે ગજસુકુમારની પાસે આવે છે. આવીને તેને ભેટે છે. ખોળામાં બેસાડે છે અને આ પ્રમાણે કહે છે. તું મારો સહોદર નાનો ભાઈ છે તેથી હે દેવાનુપ્રિય ! હમણાં અરિહંત અરિષ્ટનેમિ ભગવાન પાસે મુંડિત થઈને યાવત્ દીક્ષિત થવાનો વિચાર છોડી દે. હું તને મોટા સમારોહ સાથે દ્વારિકા નગરીનો રાજા બનાવીશ.

કૃષ્ણ વાસુદેવના આ પ્રમાણે કહેવા પર ગજસુકુમાર મૌન રહે છે. તત્પશ્ચાત વિચાર કરીને કૃષ્ણ વાસુદેવને તથા માતા-પિતાને ગજસુકુમાર બીજીવાર અને ત્રીજી વારઆપ્રમાણેકહેવાલાગ્યા.દેવાનુપ્રિયો!મનુષ્ય જીવિનસંબંધી કામભોગોના આધાર રૂપઆશરીરકફમલ-મૂત્રઆદિનું ઘર છે. યાવત્ એક દિવસ તો તે છોડવું જ પડશે. માટે

દેવાનુપ્રિયો ! હું ઈચ્છું છું કે આપ આજ્ઞા આપો કૃષ્ણ વાસુદેવ તેમજ માતા પિતા જ્યારે ગજસુકુમારને અનુકૂળ પ્રલોભનોથી તથા પ્રતિકૂળ કથનોથી સમજાવવામાં સમર્થ ન થયા ત્યારે તેઓ નિરાશ થઈને આ પ્રમાણે કહેવા લાગ્યા- હે પુત્રો ! અમે તારી એક જ દિવસની રાજ્યશ્રીને જોવા ઈચ્છીએ છીએ. ત્યારે ગજસુકુમાર મૌન રહ્યા. એક દિવસ માટે તેમનો રાજ્યાભિષેક થયો.ગજસુકુમાર રાજા થઈ ગયાં.પૂછવામાંઆવ્યુંશી આજ્ઞા આપો છો ? ત્યારે રાજા ગજસુકુમારે સંયમના ઉપકરણો મંગાવવાની આજ્ઞા આપી. ઉપરકરણો આપી ગયા અને મહાબલ કુમારની જેમ દીક્ષા થઈ ગઈ. તે ઈરિયા સમિતિ આદિનુંપાલનકરવાલાગ્યા.યાવત્‌જિતેન્દ્રિય થઈ શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવા લાગ્યાં.

તે ગજસુકુમારે જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે સાંજના સમયે જ્યાં અરિહંત અરિષ્ટનેમિ હતા ત્યાં જાય છે. જઈને અરિષ્ટનેમિ ભગવાનને પ્રદક્ષિણા કરી. પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર પૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા. ભગવન્‌ ! આપશ્રીની આજ્ઞા પ્રાપ્ત કરીને મહાકાલ સ્મશાનમાં એક રાત્રિની એવી મહાપ્રતિમાં અંગીકાર કરવા ઈચ્છું છું ભગવને કહ્યું :- હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો. ત્યાર પછી ગજસુ કુમાર અણગાર અરિહંત અરિષ્ટનેમિ દ્વારા આજ્ઞા પ્રાપ્ત થવા પર અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને વંદન નમસ્કાર કરે છે. સહસ્રાભ્રવન નામના ઉદ્યાનમાંથી નીકળે છે. નીકળીને જ્યાં મહાકાલ સ્મશાન હતું ત્યાં આવે છે. આવીને શુદ્ધ ભૂમિ તથા મલમૂત્રની નિવૃત્તિ માટે યોગ્ય ભૂમિ જોઈ શરીરને થોડું નમાવીને બંને પગોને સંકુચિત કરીને એક રાત્રિની મહાપ્રતિમાની આરાધના કરવાનો આરંભ કરી દીધો.

આ બાજુ સોમિલ બ્રાહ્મણ પહેલેથી જ હવન માટે સમિધા- સૂકા લાકડાં લાવવા માટે દ્વારિકા નગરીની બહાર ગયો હતો. તે લાકડાં, દાભ, કુશ, પાંદડા લઈને જ્યારે પાછો ફર્યો ત્યારે સાંજ પડી ગઈ હતી. લોકોની અવર-જવર ઘણી થોડી થઈ ગઈ હતી. ત્યારે મહાકાલ સ્મશાન પાસેથી જતાં તેણે ગજસુકુમાર મુનિને જોતા જ તેના હૃદયમાં વેર જાગૃત થયું અને અત્યંત ક્રોધિત થઈને તેણે કહ્યું- અરે ! આ તો અનિચ્છનીય મૃત્યુની ઈચ્છા કરનાર પુણ્ય અને લજ્જાથી રહિત તે જ ગજસુકુમાર છે, જેણે નિર્દોષ અને જે જાતિ આદિથી બહિષ્કૃત થઈ નથી તેવી સન્માનિત અને વિવાહ યોગ્ય મારી પુત્રી સોમશ્રી ભાર્યાની આત્મજા સોમાને છોડીને મુંડિત અને દીક્ષિત થઈ ગયા છે. તેથી મારે ગજસુકુમારના વેરનો બદલો લેવો જોઈએ. આ પ્રમાણે વિચાર કરે છે. વિચાર કરીને ચારે બાજુ જુએ છે. ચારે બાજુ જોઈને ભીની માટી લે છે. લઈને જ્યાં ગજસુકુમાર મુનિ હતા ત્યાં આવે છે. આવીને ગજસુકુમાર મુનિના મસ્તક પર માટીની પાળ બાંધે છે. તેમાં બળતી ચિત્તામાં ખીલેલા પલાશના ફૂલોના રંગ સમાન લાલ લાલ ખદિરના અંગારાને ઠીકરાથી લે છે. લઈને ગજસુકુમાર મુનિના મસ્તક પર નાખે છે. ત્યાર પછી તે ભયભીત થઈને જલદી ત્યાંથી ભાગી જાય છે.

તે ધગધગતા અંગારાના કારણે ગજસુકુમાર મુનિના શરીરમાં અત્યંત તીવ્ર યાવત્‌ અસહ્ય વેદના થવા લાગી. ત્યાર પછી તે અણગાર ગજસુકુમાર સોમિલ બ્રાહ્મણ પર મનથી પણ કોઈ પણ જાતનો દ્વેષ કર્યા વગર તે ભયંકર વેદનાને સહન કરવા લાગ્યા. આ પ્રમાણે મહાન વેદનાને સહન કરનાર તે ગજસુકુમાર મુનિના શુભ પરિ ણામ અને પ્રશસ્ત અધ્યવસાય-ના કારણે, આત્મિક ગુણોના ઘાતક જ્ઞાનાવરણીયાદિ કર્મમલને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નષ્ટ કરનાર અપૂર્વકરણમાં પ્રવેશ કર્યા પછી તેઓને અનંત અનુત્તર યાવત્ શ્રેષ્ઠ કેવળ જ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થઈ ગયા. તે સિદ્ધ, કૃતકૃત્ય, સર્વ દુઃખોથી રહિત યાવત્ મુક્ત થઈ ગયા. ત્યાર પછી ત્યાં સમીપવર્તી દેવતાઓએ "ચારિ ત્રની સમ્યક આરાધના કરી છે" એ પ્રમાણે કહીને દિવ્ય સુગંધીત ગંધોદકની વર્ષા કરી. પંચવર્ણ પુષ્પોની વર્ષા કરી. વસ્ત્રોની વર્ષા કરી. દિવ્ય ગીતો તથા મૃદંગોના સ્વરોથી આકાશ ગૂંજી ઉઠ્યું.

દીક્ષાના બીજા દિવસે પ્રભાત થવા પર યાવત્ સૂર્યોદય થવા પર કૃષ્ણ વાસુદેવે સ્નાન કર્યું. વસ્ત્રાલંકારથી શરીરને વિભૂષિત કર્યું. હાથીના ઉત્તમ સ્કંધ પર બેઠા. કોરંટ નામના ફૂલોની માળાથી યુક્ત છત્રને ધારણ કર્યું. શ્રેષ્ઠ શ્વેત ચામર ઢોળાવા લાગ્યા. મહાન યોદ્ધાઓના વિશાળ સમુદાયથી ઘેરાયેલ દ્વારિકાનગરીની મધ્યમાંથી થઈને જ્યાં અરિહંત અરિષ્ટનેમિ ભગવાન હતા ત્યાં જવાનો નિશ્ચય કર્યો. જઈ રહ્યા હતા ત્યાં તેણે એક વૃદ્ધ પુરુષને જોયો. વૃદ્ધાવસ્થાને કારણે તેનું શરીર જર્જરિત થઈ ગયું હતું તે વૃદ્ધ ગલીમાં પડેલ ઈંટોના મોટા ઢગલામાંથી એક એક ઈંટ ઉપાડી ઘરમાં મૂકી રહ્યો હતો. કૃષ્ણ વાસુદેવને તે વૃદ્ધને જોઈ તેના પર ઘણી દયા આવી. કૃષ્ણ વાસુદેવ તે પુરુષની અનુકંપા માટે હાથીના શ્રેષ્ઠ કાંધા પર બેઠા બેઠા જ ગલીમાંથી એક ઈંટને લે છે. લઈને ઘરમાં મૂકે છે. કૃષ્ણ વાસુદેવે એક ઈંટ લીધી તેથી સેંકડો પુરુષોએ તે ઈંટોના મોટા ઢગલાને ગલીમાંથી લઈ ઘરમાં રાખી દીધો.

ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવ દ્વારિકા નગરીની વચ્ચોવચ્ચથી આગળ ચાલ્યા જ્યાં ભગવાન અરિષ્ટનેમિ બિરાજમાન હતા ત્યાં આવ્યાં. મહારાજા કૃષ્ણ વાસુદેવે ત્રણવાર ભગવાનને પ્રદક્ષિણા કરી. વંદન-નમસ્કાર કર્યા. ત્યાર પછી ગજસુકુમારને ત્યાં ન જોતાં અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને વંદન-નમસ્કાર કરી પૂછવા લાગ્યા. હે ભગવન્ ! મારો સહોદર નાનો ભાઈ ગજસુકુમાર મુનિ ક્યાં છે ? હું તેને વંદન-નમસ્કાર કરવા ઈચ્છું છું. અરિહંત અરિષ્ટનેમિ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહે છે :- હે કૃષ્ણ ! ગજસુકુમાર મુનિએ પોતાનું મોક્ષપ્રાપ્તિરૂપ પ્રયોજન સિદ્ધ કરી લીધું છે. ભગવન્ ! કેવી રીતે ત્યારે અરિહંત અરિષ્ટનેમિ ભગવાને કૃષ્ણ વાસુદેવને સર્વ વૃતાંત કહ્યો

ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવે અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને આ પ્રમાણે કહ્યું :- ભંતે ! મૃત્યુનો અભિલાષી તથા લજ્જારહિત તે પુરુષ કોણ છે, જેણે મારા સહોદર નાનાભાઈ ગજસુકુમારને અકાલે જ જીવનથી રહિત કરી દીધો ? ત્યારે અરિહંત અરિષ્ટ નેમિ ભગવાને કહ્યું :- હે કૃષ્ણ ! તે પુરુષ ઉપર ક્રોધ ન કરો. આમ કરીને તે પુરુષે ગજસુ કુમાર મુનિને સહાયતા કરી છે. ભગવન્ ! તે પુરુષે મુનિ ગજસુકુમારને કેવી રીતે સહાયતા કરી ? અરિહંત અરિષ્ટનેમિ ભગવાને કહ્યું :- તમે હમણાં મને ચરણ-વંદન કરવા આવતા હતા ત્યારે દ્વારિકા નગરીમા એક વૃદ્ધ પુરુષને ઈંટો ઉપાડતો જોયો. યાવત્ ઈંટો તેના ઘરમાં તમે મૂકી. હે કૃષ્ણ જેવી રીતે તમે તે પુરુષને સહાયતા આપી છે. બસ એવી જ રીતે હે કૃષ્ણ ! તે પુરૂષે અણગાર ગજસુકુમારનાં લાખો જન્મના સંચિત કરેલા કર્મોની ઉદીરણા કરવાથી ઘણા કર્મોની નિર્જરા માટે સહાયતા કરી છે. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે અરિષ્ટનેમિને આ પ્રમાણે કહ્યું- હે ભગવન્ ! તે પુરુષને હું કેવી રીતે જાણી શકીશ ! ત્યારે અરિહંત અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને કહ્યું- હે કૃષ્ણ ! દ્વારિકા નગરીમાં તમને પ્રવેશ કરતાં જોઈને જે પુરુષ ઊભો ઊભો જ આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પામશે. આ જ તે પુરુષ છે, તમે તેમ સમજજો. ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવ અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને વંદન-નમસ્કાર કરે છે અને જ્યાં પ્રધાન હસ્તીરત્ન હતો ત્યાં આવે છે. આવીને હાથી પર સવાર થઈને દ્વારિકા નગરી જવા રવાના થયા.

આ બાજુ તે સોમિલ બ્રાહ્મણ બીજે દિવસે સૂર્યોદય થવા પર હૃદયમાં આ પ્રમાણે વિચાર આવ્યો-સૂર્યોદય થવા પર કૃષ્ણ વાસુદેવ અરિહંત અરિષ્ટનેમિ ભગવાનના ચરણોમાં વંદન નમસ્કાર કરવા ગયા છે અને અરિહંત ભગવાન આ ગજસુકુમાર મુનિ નો મરણવૃત્તાંત જાણે છે. અરિહંત ભગવાને આ વૃત્તાંત કોઈ દેવતાદિ પાસેથી સાં ભળ્યો હશે. કૃષ્ણ વાસુદેવને કહ્યો હશે. તેથી કૃષ્ણ વાસુદેવ કોણ જાણે કેવા ભયંકર મરણથી મને મારશે. આમ વિચારી તે ભયભીત થયો. તે પોતાના ઘેરથી નીકળે છે. બહાર નીકળીને દ્વારિકા નગરીમાં પ્રવેશ કરતાં કૃષ્ણ વાસુદેવ તેની અત્યંત નજીક ઓચિંતા આવી ગયાં. ત્યાર પછી તે સોમિલ બ્રાહ્મણ કૃષ્ણ વાસુદેવને અચાનક પોતાની સામે જોઈને ડરી ગયો, ગભરાઈ ગયો અને ઊભા ઊભા જ આયુષ્ય કર્મની સ્થિતિનો ક્ષય કરીને મૃત્યુ પામ્યો. ભૂમિ પર બધા અંગોથી ધસ એવા શબ્દ સાથે પડી ગયો. ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવે સોમિલ બ્રાહ્મણને જોયો. જોઈને કહ્યું. હે દેવાનુપ્રિયો ! આ સામે ધરતી પર પડેલ વ્યક્તિ મૃત્યુને ઈચ્છનાર યાવત્ પુણ્ય અને લજ્જાથી રહિત સોમિલ બ્રાહ્મણ છે. જેણે મારા સહોદર નાનાભાઈ ગજસુકુમાર મુનિને અકાલમાં જ જીવનથી રહિત કરેલ છે. એમ કહીને સોમિલ બ્રાહ્મણને ચાંડાલો દ્વારા પગમાં દોરડું બંધાવીને ઘસડીને નગરીની બહાર ફેંકાવી દે છે. ભૂમિને પાણીથી શુદ્ધ કરાવે છે. શુદ્ધ કરાવીને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવે છે અને પોતાના ભવનમાં પ્રવેશ કરે છે.

**વર્ગઃ૩-અધ્યયનઃ૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૩-અધ્યયનઃ૯-થી૧૩

[૧૪] હે જંબૂ ! તે કાળે તે સમયે દ્વારિકા નગરીમાં જેમ પ્રથમ અધ્યયનમાં વર્ણન કરેલ છે તેમ યાવત્ કૃષ્ણ વાસુદેવ રાજ્ય કરતા હતા. તે નગરીમાં બલદેવ નામના રાજા હતા. ધારિણી નામની રાણી હતી. તે ધારિણી દેવીએ સ્વપ્નમાં સિંહ જોયો. જેવી રીતે ગૌતમ કુમારનો જન્મ થયો હતો તેવી જ રીતે તેને એક કુમાર થયો. તેમાં અંતર માત્ર એટલું જ કે તેનું નામ "સુમુખકુમાર" હતું. સુમુખ કુમારનાં વિવાહ પચાસ કન્યાઓ સાથે કરવામાં આવ્યા. તેમજ પચાસ-પચાસ વસ્તુઓ દહેજમાં આપવામાં આવી. સુમુખ કુમારે પછી દીક્ષા ગ્રહણ કરી. મુનિ થયા પછી તે ચૌદ પૂર્વોનું અધ્યયન કરે છે. ૨૦ વર્ષ સુધી દીક્ષાનું પાલન કરે છે. અંતે શત્રુંજય પર્વત પર સિદ્ધ થાય છે. જેવી રીતે સુમુખ કુમારના જીવનનો ઉલ્લખ કર્યો છે, તેવી રીતે દ્વિમુખી (દુર્મુખ) અને કૂપદારક આ બે રાજુકમારોના વિષયમાં પણ જાણવું. સુમુખ દ્વિમુખ અને કૂપદારક આ ત્રણે રાજા બલદે-વના પુત્ર અને માતા ધારિણીના આત્મજ હતા. તેની જેમ જ દારૂક કુમારનું વર્ણન પણ જાણવું. અંતર માત્ર એટલું છે કે તેના પિતાનું નામ વસુદેવ અને માતાનું નામ ધારિણી હતું. દારૂકકુમારનાં ભાઈ અનાધૃષ્ટિકુમારનું વર્ણન પણ એમ જ જાણવું.

**વર્ગઃ૩-અધ્યયનઃ૯ થી ૧૩ મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**વર્ગઃ૩-ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

卐 વર્ગ:૪ 卐 અધ્યયન:૧-૧૦

[૧૫-૧૬] હે ભગવન્ ! તેઓએ ચોથા વર્ગનો શો અર્થ પ્રતિપાદન કર્યો છે ? જંબૂ ! મહાવીર સ્વામીએ ચોથા વર્ગના દશ અધ્યયનો કહ્યા છે. તે આ પ્રમાણે- જાલિ, મયાલિ, પયાલિ, પુરુષસેન, વારિસેણ , પ્રદ્યુમ્ન, શામ્બ, અનિરુદ્ધ, સત્યનેમિ અને દૃઢનેમિ.

[૧૭] હે જંબૂ ! તે કાળે તે સમયે દ્વારિકા નામની નગરી હતી. તે નગરીમાં જેવી રીતે પ્રથમ અધ્યયનમાં કહેવાયું છે તેવી રીતે કૃષ્ણ વાસુદેવ શાસન કરતા થકા યાવત્ વિચરતા હતા. -તે દ્વારિકા નગરીમાં વસુદેવ રાજા હતા. તેની ધારિણી નામની રાણી હતી. પુત્ર જન્મ્યો આ બાળકનું નામ "જાલિકુમાર" રાખવામાં આવ્યું, તેના પચાસ રાજ કન્યાઓ સાથે લગ્ન કરવામાં આવ્યા. તેને પચાસ પ્રકારનો દહેજ દેવામાં આવ્યો. તેણે અરિહંત અરિષ્ટનેમિ ભગવાન પાસે દીક્ષા લીધી અને બાર અંગોનું અધ્યયન કર્યું. સોળ વર્ષ સુધી દીક્ષા પાળી. યાવત્ શત્રુંજ્ય પર્વત પર સિદ્ધપદને પામ્યા. તેવી જ રીતે મયાલિકુમાર, ઉવયાલિકુમાર, પુરુષસેનકુમાર, વારિ સેણકુમારનું વૃત્તાન્ત સમજી લેવો. પ્રદ્યુમ્નકુમારનું જીવન પણ એવું જ છે. અંતર એટલું છે કે તેના પિતા કૃષ્ણ હતા. માતા રુક્ષ્મણી હતા. એવી રીત શામ્બ કુમારનું જીવન પણ સમજી લેવું. તેમની માતાનું નામ જામ્બવતી હતું. એવી રીતે અનિરુદ્ધ રાજકુમારનું જીવન પણ જાણી લેવું. તેમાં એ વિશેષતા છે કે તેના પિતા પ્રદ્યુમ્ન હતા. માતાનું નામ વૈદર્ભી હતું. તે જ પ્રમાણે સત્ય નેમિનું વર્ણન છે. તેમાં વિશેષતા એ છે કે તેના પિતા સમુદ્રવિજય હતા. અને માતાનું નામ શિવા હતું. તેજ પ્રમાણે દૃઢનેમિનું વર્ણન જાણવું.

**વર્ગ:૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

卐 વર્ગ:૫ 卐

અધ્યયન:૧

[૧૮-૧૯] જંબૂ ! શ્રમણ યાવત્ મોક્ષપ્રાપ્ત ભગવાન મહાવીર સ્વામીએ અંતગડ સૂત્રના પાંચમાં વર્ગના ૧૦ અધ્યનનો પ્રરૂપેલ છે. તે આ પ્રમાણે છે. પદ્માવતી દેવી, ગૌરી ગાન્ધારી લક્ષ્મણા સુસીમા જામ્બવતી સત્યભામા રૂક્ષ્મણી મૂલશ્રી મૂલદત્તા

[૨૦] હે જંબૂ ! તે કાળે અને તે સમયે દ્વારિકા નગરી હતી. જેવી રીતે પ્રથમ અધ્યયનમાં વર્ણન કર્યુ છે. યાવત્ તે જ રીતે કૃષ્ણ વાસુદેવ ત્યાં રાજ્ય કરતા હતા. તે કૃષ્ણ વાસુદેવને પદ્માવતી નામની રાણી હતી. તે કાલે તે સમયે અર્હત અરિષ્ટનેમિ પધાર્યા યાવત્ વિચ રવા લાગ્યા. કૃષ્ણ વાસુદેવ દ્વારિકાથી નીકળી પ્રભુના ચરણ-વંદન કરવા ગયા. યાવત્ ભગવાનની ઉપાસના કરવા લાગ્યા. ત્યાર પછી તે પદ્માવતીદેવી આ વૃત્તાન્તને જાણી ઘણી પ્રસન્ન થઈ. દેવકી દેવી ની જેમ પદ્માવતીદેવી પણ ગયા અને ભગ વાનની ઉપાસના કરવા લાગ્યા. ત્યાર પછી અર્હત અરિષ્ટનેમિ ભગવાન કૃષ્ણ વાસુ દેવને, પદ્માવતી દેવીને અને અન્ય સમૂહને ધર્મકથા સંભળાવે છે. જનતા પાછી જાય છે.

ત્યાર પછી કૃષ્ણવાસુદેવ અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને વંદન-નમસ્કાર કરે છે અને કહે છે- ભંતે ! નવ યોજન વિસ્તૃત અને બાર યોજન લાંબી યાવત્ સાક્ષાત્ દેવલોક જેવી આ દ્વારિકા નગરીનો વિનાશ ક્યાં નિમિત્તથી થશે ? અર્હત અરિષ્ટનેમિએ વાસુ

દેવ કૃષ્ણને કહ્યું :- આ દ્વારિકા નગરી નો વિનાશ સુરા, અગ્નિ અને દ્વૈપાયન ઋષિના કારણે થશે. કૃષ્ણ વાસુદેવ અર્હંત અરિષ્ટનેમિ પાસેથી આ ઉત્તર સાંભળી વિચારમાં પડી ગયા. તેના હૃદયમાં આવો સંકલ્પ ઉત્પન્ન થયો કે-જાલિકુમાર આદિ હશે ધન્ય છે. કારણ કે તેઓ સુવર્ણ આદિ યાવત્ પોતાનાં ધનને છોડી, પોતાનાં ભાઈઓ તેમજ યાચકોને વહેંચી, અરિહંત ભગવાન અરિષ્ટનેમિ પાસે મુંડિત યાવત્ દીક્ષિત થયા છે. હું અધન્ય છું, પુણ્યહીન છું અને રાજ્યમાં યાવત્ અંતઃપુરમાં મનુષ્યજીવન સંબંધી કામ ભોગોમાં આસક્ત છું. હું અરિહંત અરિષ્ટનેમિ ભગવાન પાસે દીક્ષિત થવા માટે સમર્થ નથી. આ પ્રમાણે કૃષ્ણને વિચારમગ્ન જોઈ અરિહંત અરિષ્ટનેમિ ભગવાને કહ્યું :- હે કૃષ્ણ ! તમને હમણાં એ વિચાર આવ્યો છે કે તે જાલિકુમાર આદિ ધન્ય છે, યાવત્ જેઓ એ દીક્ષા ગ્રહણ કરી છે અને હું અધન્ય છું કેમકે હું દીક્ષા ગ્રહણ કરી શકતો નથી. કૃષ્ણ ! આ વાત સાચી છે ? કૃષ્ણ-હા. આ વાત સત્ય છે. હે કૃષ્ણ ! ભૂતકાળમાં એમ બન્યું નથી. વર્તમાનમાં બનવાનું નથી અને ભવિષ્યમાં બનશે નહિ કે કોઈ વાસુદેવ રાજ્યપાટ છોડીને સાધુ બને.

કૃષ્ણ-ભગવન્!ભૂત યાવત્ ત્રણેકાળમાંકોઈપણવાસુદેવ કેમ દીક્ષિત ન થઈ શકે ?

કૃષ્ણ બધા વાસુદેવોએ નિયાણા કરેલ હોય છે તેથી. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે અરિહંત અરિષ્ટનેમિ ભગ વાનને કહ્યું:- હે ભગવન્ ! હું અહીંથી મૃત્યું પામીને-કાળ કરીને ત્યાં જઈશ ? ક્યાં ઉત્પન્ન થઈશ ? અરિહંત અરષ્ટનેમિ ભગવાને કૃષ્ણ વાસુદેવને કહ્યું-અગ્નિકુમાર દેવરૂપ દ્વૈપાયન ઋષિના ક્રોધરૂપ અગ્નિથી દ્વારકા નગરી ભસ્મ થશે. તેથી માતા-પિતા અને પોતાના સંબંધિઓનો વિયોગ થવા પર રામ બલદેવ ની સાથે, દક્ષિણ સમુદ્રના કિનારા તરફ યુધિષ્ઠિર વિગેરે પાંડુ રાજાના પાંચ પુત્રો પાસે પાંડુ મથુર તરફ જતાં, કોશામ્બી વૃક્ષોનાં વનમાં મોટા વડલાનાં ઝાડ નીચે, પૃથ્વી શિલા ઉપર, પીળા વસ્ત્રોથી આચ્છાદિત શરીરવાળા તમે જરાકુમાર દ્વારા ધનુષ્યથી તીક્ષ્ણ બાણથી ડાબો પગ વિંધાઈ જવાનાં કારણે મૃત્યુનાં સમયે કાળ કરશો અને ભયં કર ત્રીજી વાલુકા પ્રભા પૃથ્વીમાં નારકરૂપે ઉત્પન્ન થશો.

કૃષ્ણ વાસુદેવ અરિહંત અરિષ્ટનેમિ ભગવાન પાસેથી આ વાત સાંભળી તેના પર વિચાર કરી નિરાશ થઈ ગયા. યાવત્ ચિન્તામાં ડૂબી ગયા "અરિહંત અરિષ્ટનેમિએ કહ્યું:- હે દેવાનુપ્રિય ! તમે નિરાશ ન થાવો યાવત્ આર્તધ્યાન ન કરો. તેમ ભયંકર ત્રીજા નરકથી નીકળી અંતર વગર આ જંબૂદ્વીપમાં આવેલા ભારત્ત વર્ષમાં આવતી ઉતત્સ પિંણીકાળમાં, પુંડ્ર નામના જનપદના શતદ્વાર નામના નગરમાં બારમાં અમમ નામના તીર્થંકર થશો, ઘણા વર્ષો સુધી કેવળી દશામાં રહી તમે સિદ્ધિ પ્રાપ્ત કરશો, જ્ઞાન દ્વારા સમસ્ત પદાર્થોને જાણશો, સંપૂર્ણ કર્મોથી મુક્ત થશો, સમસ્ત કર્મજન્ય સંતાપોથી મુક્ત થઈ જશો, જન્મમરણજન્ય સમસ્ત દુઃખોનો અંત કરશો. અરિહંત અરિષ્ટનેમિ ભગવાન પાસેથી આ વાત સાંભળી અને હૃદયંગમ કરી કૃષ્ણ વાસુદેવ અત્યંત પ્રસન્ન થયા.તેની ભુજાઓ ફરકવા લાગી.જોરથી અવાજ કરવા લાગ્યા, અવાજ કરીને મલ્લકની જેમ ત્રણવાર પૃથ્વી પર પગ પછાડ્યા-ઉછાળ્યા, સિંહની જેમ ગર્જના કરી, ગર્જના કરીને શ્રીકૃષ્ણ અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને વંદના-નમસ્કાર કરે છે. પાછા દ્વારકા આવી ઉત્તમ સિંહા સન ઉપર પૂર્વ દિશા તરફ મુખ રાખીને આસીન થાય છે અને રાજસેવકોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોલાવે છે. તેઓને આ પ્રમાણે કહે છે :-

હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને દ્વારિકા નગરીના જ્યાં ત્રિક-યાવત્ અનેક રસ્તાઓ જ્યાં મળતાં હોય ત્યાં ઘોષણાપૂર્વક કહો-"હે દેવાનુપ્રિયો ! નવ યોજન પહોળી યાવત્ દેવલોક જેવી દ્વારિકા નગરીનો વિનાશ સુરા અગ્નિ અને દ્વૈપાયન ઋષિના કારણે થશે. તેથી હે દેવાનુપ્રિયો ! દ્વારિકા નગરીના કોઈ પણ રાજા હોય અથવા યુવરાજ હોય, ઈશ્વર કે ઐશ્વર્યવાન હોય, તલવર હોય, માંડિલક હોય, કૌટુમ્બિક કુટુંબોનું પાનલ કરવા વાળા, ઈભ્ય હોય, મહારાણી હોય, કુમારી હોય કે કુમાર હોય, જે અરિહંત અરિષ્ટનેમિ પાસે મુંડિત થઈ પ્રવ્રજિત થવાની ભાવના રાખતા હોય તે બધાને કૃષ્ણ વાસુદેવ આજ્ઞા આપે છે. તેની પાછળ જે કોઈ નિરાશ્રિત હશે તેને માટે કૃષ્ણ વાસુદેવે યથાયોગ્ય આજીવિકાનો પ્રબંધ કરશે. કૃષ્ણ વાસુદેવ દીક્ષા લેનારનો મહાન ઋદ્ધિસત્કારપૂર્વક નિષ્ક્રિમણ-દીક્ષા મહોત્સવ ઊજવશે. આ પ્રમાણે બે ત્રણ ઘોષણા કરો.

ત્યાર પછી તે પદ્માવતી દેવી અર્હત અરિષ્ટનેમિ પાસે ધર્મકથા સાંભળી તેને હૃદયંગમ કરી આનંદવિભોર બની ગઈ. સંતુષ્ટ થઈ યાવત્ પ્રસન્ન થઈ. અરિહંત અરિષ્ટ નેમિ ભગવાનને વંદના-નમસ્કાર કરે છે. - હે ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચન અર્થાત્ આપની વાણી પર હું શ્રદ્ધા રાખું છું. આપ જે કહો છો તે સત્ય છે. દેવાનુપ્રિય ! હું કૃષ્ણવાસુદેવને પૂછું છું. ત્યાર પછી આપની પાસે મુંડિત થઈ યાવત્ દીક્ષા ગ્રહણ કરીશ. -દેવાનુપ્રિયે ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો તેમાં વિલંબ ન કરો. ત્યાર પછી તે પદ્માવતીદેવી ધાર્મિક શ્રેષ્ઠ રથપર આરૂઢ થાય છે. આરૂઢ થઈ આવી, દ્વારિકા નગરી કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં આવે છે. આવીને બે હાથ જોડીને આ પ્રમાણે કહે છે. હે દેવાનુપ્રિય ! જો આપ આજ્ઞા આપો તો અરિહંત અરિષ્ટનેમિ ભગવાન પાસે મુંડિત થઈને યાવત્ દીક્ષા ગ્રહણ કરું. કૃષ્ણ-જેમ તમને સુખ ઊપજે તેમ કરો.

જૈનમ્ જયતિ શાસનમ્

ત્યારપછી કૃષ્ણ વાસુદેવ કૌટુમ્બિક પુરુષોરાજસેવકોને બોલાવે છે અને બોલાવીને આ પ્રમાણે આજ્ઞા આપે છે-દેવાનુપ્રિયો ! પદ્માવતી દેવીના વિશાળ દીક્ષા મહોત્સવની જલદી તૈયારી કરો ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવ પદ્માવતી દેવીને સ્નાનપટ્ટપર બેસાડે છે. એકસો આઠ સોનાના કળશોથી દીક્ષા-મહોત્સવ સંબંધી સ્નાન કરાવે છે. સ્નાન કરાવીને બધા પ્રકારના આભૂષણોથી આભૂષિત કરે છે. તેમ કરીને પુરુષ સહસ્રવાહિની પાલખીમાં બેસાડે છે. દ્વારિકા નગરીની વચોવચ થઈને તે નીકળે છે. નીકળીને જ્યાં રૈવતક પર્વત હતો, જ્યાં સહસ્રાભ્રવન નામનો બાગ હતો, ત્યાં આવે છે ત્યાં આવીને પાલખીને ઉતારે છે. પદ્માવતીદેવી પાલખીમાંથી ઊતરે છે. ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવ પદ્માવતી દેવીને પોતાની કરીને જ્યાં અરિહંત અરિષ્ટનેમિ ભગવાન બિરાજમાન હતા ત્યાં આવે છે. આવીને અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને ડાબી બાજુથી જમણી બાજુ સુધીની પ્રદક્ષિણા કરે છે. પ્રદક્ષિણા કરીને વંનદ-નમસ્કાર કરે છે. ભગવન્ ! આ પદ્માવતી નામની દેવી મારી પટ્ટરાણી છે, મારા માટે તે ઈષ્ટ છે, કાન્ત છે, પ્રિય છે, મનોજ્ઞ છે, મણામ છે યાવત્ ઉદંબર પુષ્પની સમાન તેનું નામ સાંભળવું પણ કઠિન છે. ત્યાં તેને જોવાની તો વાત જ ક્યાં ? હે દેવાનુપ્રિય ! તે પદ્માવતી દેવીને શિષ્યાના રૂપમાં આપને ભિક્ષા આપું છું. આપ શિષ્યારૂપ આ ભિક્ષાનો સ્વીકાર કરો. ભગવાને કહ્યું-હે કૃષ્ણ ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી તે પદ્માવતીદેવી ઈશાનખૂણામાં જાય છે. જઈને પોતાની મેળે જ નાના-મોટા બધા આભૂષણોને ઉતારે છે. ઉતારીને પોતાની મેળે જ પંચમુષ્ટિ લોચ કરે છે. લોચ કરીને જ્યાં અરિહંત અરિષ્ટનેમિ ભગવાન હતા ત્યાં આવે છે. ત્યાં આવીને અરિહંત અરિષ્ટનેમિ ભગવાન વંદન-નમસ્કાર કરે છે, :- ભંતે ! આ જગત્ જરા અને મરણાદિ દુઃખરૂપ અગ્નિથી બળી રહ્યું છે યાવત્ હું આપની પાસે દીક્ષા અંગીકાર કરવા ઈચ્છું છું. આપ મને ધર્મનો ઉપદેશ સંભળાવો. ત્યાર પછી ભગવાન અરિહંત અરિષ્ટ નેમિ સ્વયં પદ્માવતી દેવીને દીક્ષિત કરે છે, તે પોતે ભાવથી મુંડિત કરે છે. તેને ભગવાન પોતે યક્ષિણી આર્યાજીને શિષ્યારૂપમાં સોંપે છે. ત્યાર પછી યક્ષિણી સાધ્વી પદ્માવતી દેવીને પોતાના હાથે દીક્ષિત કરે છે. અને સંયમ આરાધનામાં પ્રયત્નશીલ રહેવાની શિક્ષા આપે છે- ત્યાર પછી તે પદ્માવતીદેવી સંયમસાધનામાં યત્નશીલ બને છે. આ પ્રમાણે પદ્માતીદેવી આર્યા- બની ગયા. ઈર્યાસમિતિ, ભાષાસ મિતિ આદિનું પાલન કરીને જિતેન્દ્રિય તેમજ બ્રહ્મચારિણી બની ગઈ. પદ્માવતી સાધ્વીએ યક્ષિણી સાધ્વી પાસે રહી સામાયિક-આચારાંગ આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. છઠ્ઠ-અઠ્ઠમ આદિ અનેક પ્રકારના તપથી પોતાના આત્માને ભાવિત કરતી થકી તે વિચરવા લાગી. આ પ્રમાણે પદ્માવતી આર્યા સમ્પૂર્ણ વીસ વર્ષ સુધી શ્રામ ણ્યપર્યાય-સંયમ પાળીને એક માસનો સંથારો કરીને આત્માને આરાધિત કરીને સાઠ ભક્તને અનશન વ્રત દ્વારા છેદે છે. તે છેદીને જે ઉદ્દેશથી નગ્નભાવ-ધારણ કરેલ યાવત્ તે ઉદ્દેશને સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાનથી બધા પદાર્થોને જાણે છે, સંપૂર્ણ કર્મથી રહિત થાય છે, સકલ કર્મજન્ય સંતાપોથી મુક્ત થાય છે, બધા દુઃખોનો અંત કરે છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**વર્ગઃ૫-અધ્યયનઃ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૧ અધ્યયનઃ૨થી ૮

[૨૧] તે કાળે અને તે સમયે દ્વારિકાનગરી હતી. ત્યાં રૈવતકપર્વત હતો. નંદનવન ઉદ્યાન હતું. ત્યાં દ્વારિકા નગરીમાં કૃષ્ણ વાસુદેવને ગૌરીદેવી નામની રાણી હતી.એક વાર અર્હત્ અરિષ્ટનેમિ ભગવાન દ્વારિકા નગરીમાં પધાર્યા. કૃષ્ણ વાસુદેવ તેમના દર્શન કરવા માટે નીકળ્યા. મહારાણી પદ્માવતીની જેમ ગૌરીદેવી પણ ભગવાનના દર્શન કરવા ગઈ. ભગવાને ધર્મકથા સંભળાવી. ધર્મકથા સાંભળી જનતા ચાલી ગઈ. કૃષ્ણ વાસુદેવ પણ ચાલ્યા ગયા. ત્યાર પછી જેવી રીતે પદ્માવતી રાણી દીક્ષિત થયા હતા તેમ ગૌરીદેવી પણ દીક્ષિત થયા યાવત્ સિદ્ધ પદને પ્રાપ્ત કર્યું. ગૌરી દેવીની જેમ ગાંધારીદેવી, લક્ષ્મણાદેવી, જાંબવતીદેવી, સત્યભામાદેવી, રુક્ષ્મણીદેવી આદિ પદ્માવતી સહિત આ આઠેના જીવનચરિત પદ્માવતી દેવીની સમાન છે.

**વર્ગઃ૫-અધ્યયન-૨થી ૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૫-અધ્યયનઃ૯-૧૦

[૨૨] તે કાળે અને તે સમયે દ્વારિકા નગરીના રૈવતક નામના પર્વત પર નંદનવન નામનું ઉદ્યાન હતું. ત્યાં કૃષ્ણ વાસુદેવ રાજા હતા. દ્વારિકા નગરીના રાજા કૃષ્ણ વાસુ દેવના પુત્ર, જાંબવતી દેવીના આત્મજ, શાંબ નામના કુમાર હતા. પરિપૂર્ણ પંચેન્દ્રિયથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંપન્ન સુંદર હતા. તે શાંબ કુમારને મૂલશ્રી નામની ભાર્યા હતી. એકદા અરિહંત અરિષ્ટ નેમિભગવાનત્યાંપધાર્યા. કૃષ્ણ વાસુદેવ ભગવાનના દર્શન કરવા નગરમાંથી નીકળ્યા. જેવી રીતે પદ્માવત્તી દર્શન કરવા ગયા હતા તેમ મૂલશ્રીદેવી પણ દર્શન કરવા ગયા. એટલી જ વિશેષતા છે કે તેઓએ કહ્યું-ભગવન્ ! હું કૃષ્ણ વાસુદેવને પૂછી દીક્ષા અંગીકાર કરીશ. યાવત્ તે સિદ્ધ થયા. એ જ પ્રમાણે મૂલદત્તાનું વર્ણન પણ સમજવું.

**વર્ગઃ૫-અધ્યયનઃ૯-૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**વર્ગઃ૫-ગુર્જરછાયાપૂર્ણ**

## 卐 વર્ગઃ૬ 卐

### અધ્યયનઃ૧-૨

[૨૩] ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીરે સ્વામીએ અંતગડદશાંગના છટ્ઠા વર્ગનો શો અર્થ પ્રતિપાદન કરેલ છે ? જંબૂ ! અંતગડ દશાંગના છટ્ઠા વર્ગના ૧૬ અધ્યયનો પ્રરૂપ્યા છે

[૨૪-૨૫]મંકાતિ, કિંકર્મા, મુદ્ગરપાણિ કાશ્યપ, ક્ષેમક ધૃતિધર કૈલાશ હરિ ચંદન, વારત્ત, સુદર્શન, પૂર્ણભદ્ર સુમનભદ્ર સુપ્રતિષ્ઠ, મેઘ, અતિમુક્ત, અલક્ષ.

[૨૬] હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નામનું નગર હતું ત્યાં ગુણ શીલક નામનું ઉદ્યાન હતું. ત્યાં શ્રેણિક રાજા હતા. તે નગરમાં મંકાતિ નામના સમૃદ્ધ ગાથાપતિ રહેતા હતા. તે સમ્પન્ન યાવત્ સન્માનિત ગણાતા હતા. તે કાળે અને તે સમયે ધર્મતીર્થની આદિ કરનાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગુણશીલક નામના ઉદ્યાન માં પધાર્યા યાવત્ વિહરવા લાગ્યા. જનતા ભગવાનના દર્શન કરવા માટે નીકળી. ત્યાર પછી તે મંકાતિ નામના ગાથાપતિએ ભગવાન પધાર્યા છે, તે વાત જાણી અને તે ભગવતી સૂત્રમાં વર્ણિત ગંગદત્તની જેમ દર્શન કરવા ગયા. વૈરાગ્યભાવ જાગૃત થતાં તેણે પોતાના પુત્રને ઘરનો નાયક બનાવી, પુરુષસહસ્રવાહિની એવી પાલખીમાં બેસી દીક્ષા માટે નગર માંથી નીકળ્યા. તે સંયમી બન્યા. ઈર્યાસમિતિ આદિનું પાલન કરતા યાવત્ જિતેન્દ્રિય અને બ્રહ્મચારી બન્યા. ત્યાર પછી મંકાતિ મુનિએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના તથારૂપ-શાસ્ત્રોક્ત મર્યાદાનાં પાલન કરનારા સ્થવિરો- પાસે આચારાંગ આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. ભગવતી સૂત્રમાં વર્ણિત સ્કન્દક મુનિની જેમ ગુણરત્ન સંવત્સર તપની આરાધના કરી. સોળ વર્ષ સુધી દીક્ષા પર્યાયનું પાલન કરીને અંતમાં સ્કન્દક મુનિની જેમ વિપુલ નામના પર્વત પર સિદ્ધપદને પ્રાપ્ત કર્યું. જંબૂ ! શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીએ છટ્ઠા વર્ગના પ્રથમ અધ્યયનનો આ અર્થ પ્રરૂપેલ છે. -બીજું અધ્યયન-પ્રથમ માફક જાણવું-કિંકર્મમુનિ મંકાતિમુનિ વત થયા.

**વર્ગઃ૬-અધ્યયનઃ૧-૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

### વર્ગ-૬-અધ્યયનઃ૩

[૨૭]જંબૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહનગર હતું. તેની બહાર ગુણશીલકઉદ્યાન હતું. ત્યાં મહારાજા શ્રેણિક રાજ્ય કરતા હતા. ચેલણારાણી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજગૃહ નગરમાં અર્જુન નામનો એક માળી રહેતો હતો. તે ઘણો જ ધનવાન હતો. તેની ઘણી પ્રતિષ્ઠા હતી. તેની પત્નીનું નામ બંધુમતી હતું, બંધુમતીના હાથ-પગ ઘણાં કોમળ હતા. રાજગૃહ નગરની બહાર અર્જુન માળીનું એક પુષ્પોનુ વિશાળ ઉદ્યાન હતું. વૃક્ષોની કૃષ્ણપ્રભાથી તે લીલુંછમ હતું. તેમાં પાંચ વર્ણના પુષ્પ ખીલતાં હતા. તેને જોઈ હૃદયમાં અત્યંત પ્રસન્નતા થતી હતી. તેને એકવાર જોવા છતાં પણ દર્શકોની આંખ તેને જોઈ થાકતી ન હતી.પુષ્પોદ્યાનની પાસે મુદ્ગરપાણિ નામના યક્ષનું એક મંદિર હતું. અર્જુનમાળી દાદા વડદાદા અને પિતાના કુળપરંપરાથી ચાલ્યું આવતું હતું. તે મંદિર પ્રાચીન દિવ્ય અને સત્ય પ્રભાવવાળું હતું. તે મંદિરમાં મુદ્ગરપાણિ નામક યક્ષની એક મૂર્તિ હતી. તે મૂર્તિના હાથમાં એક હજાર પલ થી બનેલું લોઢાનું એક મુદગર હતું. અર્જુનમાળી બાલ્યાવસ્થાથી મુદગર પાણિ યક્ષનો ભક્ત હતો. તે દરરોજ વાંસની બનેલ ટોપલીઓ લઈ રાજગૃહ નગરમાંથી નીકળતો અને પોતાનાં પુષ્પોદ્યાનમાં જતો. ત્યાં ફૂલોને ચૂંટીને એક ઢગલો કરતો. તે ઢગલામાં જે ફૂલ વધારે ખીલેલા હોય તેમજ શ્રેષ્ઠ હોય તેને લેતો અને મુદ્ગરપાણિના મંદિરમાં જઈ મુદ્ગરપાણિ યક્ષની મોટાઅને યોગ્ય ફૂલોથી પૂજા કરતો હતો અને ભૂમિ પર ગોઠણો અને પગ ટેકવીને, મસ્તક નમાવીને, પ્રણામ કરતો હતો. ત્યાર પછી રાજમાર્ગ પર જઈ આજીવિકા મેળવતો હતો.

રાજગૃહ નગરમાં લલિત નામની એક મિત્રમંડળી રહેતી હતી. તેની આર્થિક પરિસ્થિતિ ઘણી સારી હતી. એકવાર રાજગૃહ નગરમાં એક પ્રમોદ મહોત્સવની ઘોષણા થઈ આ ઉત્સવ હોવાથી કાલે ઘણાં ફૂલો જોશે. એમ વિચારી પોતાની પત્ની બંધુમતી સાથે અનેક ટોપલીઓ લઈ અર્જુનમાળી વહેલા સવારમાં જ પોતાના ઘરેથી નીકળ્યો.રાજગૃહનગરનીવચ્ચોવચ્ચથઈ પોતાના પુષ્પોદ્યાનમાં પહોંચ્યો. અને પોતાની પત્ની બંધુમતીની સાથે પુષ્પો ચયન કરવા લાગ્યો. આ બાજુ તે લલિતા ગોષ્ઠી મિત્ર મંડળનાં છ સાથીદારો મુદ્ગરપાણિ યક્ષના મંદિરમાં આવ્યા અને યથેચ્છ ક્રીડા કરવા લાગ્યા. ત્યાર પછી પોતાની પત્ની બંધુમતીથી સાથે અર્જુનમાળીએ પુષ્પો એકઠાં કર્યા, તેમાં જે પુષ્પો ઉત્તમ અને શ્રેષ્ઠ હતા, તે લઈને તે મુદ્ગરપાણિ યક્ષના મંદિર તરફ ગયો. બંધુમતી પત્નીની સાથે અર્જુનમાળીને આવતો જોઈ મિત્રમંડળના સાથીદારો પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા.

મિત્રો ! અર્જુનમાળીને અવકોટક-બંધનથી બાંધીને તેની બંધુમતી પત્નીની સાથે યથેચ્છ ભોગ ભોગવવા જોઈએ. બધા મિત્રોએ આ વાતનો સ્વીકાર કર્યો અને તે બધા યક્ષમંદિરના દરવાજાની પાછળ છૂપાઈને નિશ્ચલ નિષ્પન્દ અને મૌનભાવથી ઊભા રહ્યા. અર્જુન માળીએ બંધુમતી પત્ની સાથે યક્ષમંદિરમાં પ્રવેશ કર્યો, યક્ષમૂર્તિના દર્શન થતાં જ તેને પ્રણામ કરીને પુષ્પો દ્વારા તેમની પૂજા કરવા લાગ્યા. પૂજા પૂરી થવા પર ગોઠણો અને પગ ટેકવી તેઓએ યક્ષને નમસ્કાર કર્યા, ત્યારે તે છ એ પુરુષો ઘણી ઝડપથી દરવાજાની પાછળથી નીકળ્યા અને અર્જુનમાળીને પકડીને અવકોટક બંધનથી બાંધી દીધો. પછી બંધુમતી માલણ સાથે વિપુલ ભોગ ભોગવવા લાગ્યા. પોતાની પત્ની બંધુમતીની આ દશા જોઈ અર્જુનમાળીના મનમાં આ સંકલ્પ ઉત્પન્ન થયો-હું બાળ પણથી જ મુદગર પાણિ યક્ષને ભગવાન માનું છું. પ્રતિદિન તેની પૂજા કરું છું. ત્યાર પછી જ પુષ્પોનો વિક્રય કરી મારી આજીવિકા મેળવું છું. મુદગરપાણિ યક્ષ જો અહીંયા સમી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પમાં હોત તો શું તે મને આવી આપત્તિમાં ફસાયેલ જોઈ શકત ? તેથી એમ લાગે છે કે મુદ્દગરપાણિ યક્ષ અહીં વિદ્યમાન નથી. તેથી સ્પષ્ટ જ આ માત્ર લાકડું છે.

ત્યાર પછી તે મુદ્દગરપાણિ યક્ષે અર્જુનમાળીના આવા આત્મગત વિચારને યાવત્ જાણીને તેના શરીરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને તડ તડ બંધનોને તોડી નાખે છે. હજાર પલથી બનાવેલ તે લોઢાના મુદ્દગરને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને તે છ પુરુષો અને સાતમી સ્ત્રીને મારી નાખે છે. ત્યાર પછી મુદ્દગરપાણિ યક્ષના પ્રવેશથી પરવશ બનેલ અર્જુનમાળી પ્રતિદિન છ પુરુષો અને સાતમી સ્ત્રીને મારતો રાજ ગૃહ નગરની બહાર ચારે બાજુ ભટકવા લાગ્યો. રાજગૃહનગરનાં માર્ગ પર લોકો પરસ્પર કહેવા લાગ્યો :- હે ભદ્રપુરુષો ! અર્જુનમાળીમાં મુદ્દગરપાણિ યક્ષનો પ્રવેશ થયો છે. તે રાજગૃહ નગરની બહાર છ પુરુષો અને એક સ્ત્રી એમ સાત જીવોને મારતો ફરી રહ્યો છે. ત્યાર પછી શ્રેણીક રાજાને આ વાતની જાણ થાય છે. તેથી તે રાજસેવકોને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છેઃ- હે ભદ્રપુરુષો ! અર્જુનમાળી યાવત્ પ્રતિદિન સાત મનુષ્યોને માર તો ભ્રમણ કરી રહ્યો છે. તેથી લાકડી, તૃણ, પાણી, ફૂલ તેમજ ફળો લેવા માટે તમારા માંથી કોઈએ સ્વેચ્છાએ બહાર જવાનું નથી. બહાર જવાથી તમારા શરીરની હાનિ ન થઈ જાય. આ પ્રમાણે કહીને બેવાર ત્રણવાર ઘોષણા કરીને જલદી મને તેની સૂચાના આપો.

રાજગૃહ નગરમાં સુદર્શન નામના શેઠ રહેતા હતા. તે ઘણાં સમ્પન્ન, તેજસ્વી અને અજેય હતા. તે સુદર્શન શેઠ શ્રમણોપાસક હતા. તેમજ જીવ અને અજીવના જ્ઞાતા પણ હતા. તે શ્રાવકધર્મની મર્યાદાનું પાલન કરતા રહેતા હતા. તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર તે નગરમાં પધાર્યા. ગુણશિલક નામના ઉદ્યાનમાં વિહરવા લાગ્યા.નગરની બહાર ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. જેના નામ ગોત્રનું શ્રવણ કરવાથી પણ મહાફલની પ્રાપ્તિ થાય છે, તો તેના દર્શન કરવાથી તેમજ તેના દ્વારા પ્રરૂપિત ધર્મનો વિપુલ અર્થ ગ્રહણ કરવાથી જે લાભ થાય તેનું તો પૂછવું જ શું ? આ પ્રમાણે અનેક પુરુષોની પાસેથી ભગવાનના આગમનનો વૃત્તાન્ત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને તે સુદર્શન શેઠના મનમાં આધ્યાત્મિક ચિન્તન મનોગત તેમજ પ્રાર્થિતરૂપ સંકલ્પ ઉત્પન્ન થયો કે હું જાઉં અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરું. તે આ પ્રમાણે વિચાર કરે છે. વિચાર કરીને જ્યાં માતા-પિતા હતા ત્યાં જાય છે. ત્યાં જઈને બે હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહેવા લાગ્યાઃ- શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે, તેથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર યાવત્ પર્યુપાસના કરવા માટે હું જાઉં છું.

ત્યારે સુદર્શન શેઠને તેના માતા-પિતાએ આ પ્રમાણે કહ્યુંઃ-હે પુત્ર ! અર્જુનમાળી યાવત્ લોકોની ઘાત કરતો ફરી રહ્યો છે. તેથી હે પુત્ર ! તમે જો ત્યાં જાશો તો તમારા શરીરને આપત્તિ થશે. તેથી તમે અહીંયા બેસીને જ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદના-નમસ્કાર કરી લ્યો. માતા-પિતાનો ઉત્તર સાંભળી સુદર્શન શેઠે માતાપિતાને આ પ્રમાણે કહ્યુંઃ- હે માતા-પિતા ! અહિંયા પધારેલ આ નગરમાં બિરાજમાન થયેલ અહીંયા સમવસૃત સ્વામીને શું હું અહીંયા ઘરમાં બેઠા બેઠા જ વંદન કરું ? નમસ્કાર કરું ? આપની આજ્ઞા પ્રાપ્ત થવા પર હું ત્યાં જઈને જ ભગવાન મહાવીર સ્વામીને વંદન કરીશ. યાવત્ તેમની પર્યુપાસના કરીશ. ત્યાર પછી માતા-પિતા જ્યારે તે સુદર્શન શેઠને અનેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વચનોથી યાવત્ વિશિષ્ટ વચનોથી સમજાવવામાં સમર્થ થયા નહીં ત્યારે બોલ્યા હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો. ત્યાર પછી સુદર્શન શેઠે માતા પિતાની આજ્ઞા મેળવીને સ્નાન કર્યું. શુદ્ધ વસ્ત્રોને ધારણ કર્યા. યાવત્ અનેક પ્રકારના આભૂષણોથી શરીરને અલંકૃત કરીને પોતાના ઘરેથી નીકળ્યા. ઘેરથી નીકળીને પગપાળા મુદ્દગરપાણિ યક્ષના મંદિરની પાસે, જ્યાં ગુણશિલક ઉદ્યાન હતું. જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી હતા, ત્યાં જવા માટે પ્રસ્થાન કર્યું.

ત્યાર પછી તે મુદ્દગરપાણિ યક્ષ શ્રમણોપાસક સુદર્શનને, અતિ દૂરથી પણ નહિ અને અતિ નજીકથી પણ નહીં એ પ્રમાણે, આવી રહ્યો જોઈને અતિશય ક્રોધાયમાન થયો, રોષવાળો થયો, અતિશય કોપથી ભીષણ બન્યો. ક્રોધની જ્વાલાઓથી જલતા અથવા દાંત કચકચાવતાં તેણે હજાર પલનો બનેલ લોઢાનાં મુદ્દગરને ઉછાળ્યો. ઉછાળીને જ્યાં શ્રમણોપાસક સુદર્શન શેઠ હતા ત્યાં જવાનો નિશ્ચય કર્યો. સુદર્શન શેઠ મુદ્દગરપાણિ યક્ષને પોતાની તરફ આવતો જુએ છે. તેને જોઈને તે જરાય ભયભીત થયા નહી. તે ભયરહિત, ત્રાસરહિત, ઉદ્વિગ્નતા રહિત, ક્ષોભરહિત, સ્થિર, અસંભ્રાન્ત રહ્યા ને વસ્ત્રના અગ્રભાગથી ભૂમિને શુદ્ધ કરે છે અને બંને હાથ જોડી આ પ્રમાણે બોલે છે. અરિહંત યાવત્ મોક્ષને પ્રાપ્ત થયેલા ભગવાનને તેમજ મોક્ષને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને નમસ્કાર હો. મેં પહેલાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે જીવનપર્યન્તને માટે સ્થૂલ પ્રાણાતિપાત, યાવત્ અપરિગ્રહ અણુવ્રત ગ્રહણ કરેલ છે તેથી આજે પણ તેમની જ સાક્ષીથી સર્વવિધ પ્રાણાતિપાત, યાવત્ પરિગ્રહનો જીવનપર્યન્ત ત્યાગ કરું છું, તેમજ યાવતજીવન સર્વ પ્રકારના ક્રોધનો યાવત્ મિથ્યાદર્શન શલ્યનો ત્યાગ કરું છું. તેમજ જીવપર્યન્ત ચારે પ્રકારના આહારનો પણ ત્યાગ કરું છું. જો હું આ ઉપસર્ગથી મુક્ત થઈશ તો પારણું કરીશ અને જો આ ઉપસર્ગથી મુક્ત ન થાઉં તો જીવનપર્યન્ત મારી પ્રતિજ્ઞા રહેશે. આ પ્રમાણે કહીને સુદર્શન શેઠ સાગાર પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે.

ત્યાર પછી તે મુદ્દગરપાણિ યક્ષ હજાર પલનું બનેલ લોહમય મુદ્દગરને ઉછાળતો ઉછાળતો જ્યાં શ્રમણોપાસક સુદર્શન શેઠ હતા ત્યાં આવે છે પરંતુ શ્રમણોપાસક સુદર્શન શેઠના તેજના કારણે તે આક્રમણ કરવામાં સમર્થ થઈ શક્યો નહી. ત્યારે શ્રમણોપાસક સુદર્શન શેઠની ચારેય બાજુએ ફરવા લાગ્યો.આક્રમણ કરી શક્યો નહિ. ત્યાર પછી તે શ્રમણોપાસક સુદર્શને અનિમેષ દૃષ્ટિએ ઘણી વાર સુધી જોવે છે. જોઈને અર્જુન માળીના શરીરને છોડી દેય છે. પછી હજાર પલથી બનેલ લોઢાના મુદ્દગરને લઈને જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં ચાલ્યો ગયો. ત્યાર પછી તે અર્જુન માળી મુદ્દગર પાણિ યક્ષથી મુક્ત થવા પર "ધસ" અંગોથી ભૂમિતલ પર પડી ગયો. ત્યારે શ્રમણોપાસક સુદર્શન શેઠને જણાયું કે વિઘ્ન દૂર થઈ ગયું છે. એમ જાણી તે પોતાની પ્રતિજ્ઞાનું પારણું કરે છે.

અર્જુન માલી અંતર્મુહૂર્ત પછી-સ્વસ્થ થઈને ઊઠે છે અને ઊઠીને શ્રમણોપાસક સુદર્શનને આ પ્રમાણે કહે છે:::- હે દેવાનુપ્રિય ! આપ કોણ છો ? અને ક્યાં જઈ રહ્યા છો ? ત્યારે શ્રમણોપાસક સુદર્શને અર્જુનમાળીને આ પ્રમાણે કહ્યું:- હે દેવાનુ પ્રિય ! હું જીવ અને અજીવનો જ્ઞાતા શ્રમણોપાસક સુદર્શન છું અને ગુણશિલક ઉદ્યાનમાં ભગવાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરવા તેમજ તેમની પર્યુપાસના માટે જાઉં છું. ત્યારે અર્જુનમાળીએ કહ્યું-હું પણ આપની સાથે યાવત્ પર્યુપાસના કરવા માટે આવવા ઈચ્છું છું. સુદર્શન શેઠે કહ્યુંઃ જેમ તમને સુખ ઊપજે તેમ કરો. ત્યાર પછી તે શ્રમણોપાસક સુદર્શન શેઠ અર્જુનમાળીને પોતાની સાથે લઈ ગુણશિલક નામના ઉદ્યાનમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા ત્યાં આવે છે. આવીને અર્જુનમાળી સાથે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને યાવત્ વંદન-નમસ્કાર કર્યા પછી તેનુ પર્યુપાસના કરે છે. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી શ્રમણોપાસક સુદર્શન શેઠને અને અર્જુનમાળીને તેમજ પરિષદને ધર્મદેશના સંભળાવે છે.

ત્યાર પછી અર્જુનમાળી શ્રમણ ભગવાન મહાવીરસ્વામી પાસેથી ધર્મ સાંભળીને અને હૃદયંગમ કરીને અત્યંત હર્ષિત થયો, સંતુષ્ટ થયો અને કહેવા લાગ્યો, ભંતે ! હું નિર્ગ્રન્થ પ્રવચન પર શ્રદ્ધા કરું છું, રુચિ કરું છું, પ્રતીતિ કરું છું. તેની આરાધના માટે ઉપસ્થિત થાઉં છું. ભગવાને કહ્યું-હે દેવાનુપ્રિય! જેમ તમારા આત્માને સુખ ઊપજે તેમ કરો. ભગવાનની અનુમતિ મેળવી અર્જુન માળી ઉત્તર-પૂર્વ દિશામાં એટલે ઈશાન ખૂણામાં જાય છે અને ત્યાં જઈ પોતાની મેળે જ પંચમુષ્ટિ લોચ કરીને યાવત્ સાધુ બનીને વિચરે છે. અર્જુનમુનિએ જે દિવસે દીક્ષિત થયા હતા તે જ દિવસથી શ્રમણ ભગવાન મહા વીર સ્વામીને વંદના-નમસ્કાર કરીને આ અભિગ્રહ ગ્રહણ કર્યો હતો કે-ભગવન્ ! આજ થી લઈ જીવનપર્યન્ત નિરન્તર ષષ્ઠ-ભક્તની તપસ્યા કરીને આત્માને ભાવિત કરતો થકો જીવન વ્યતીત કરીશ. અર્જુન મુનિ પારણા ના દિવસે પહેલા પહોરે સ્વાધ્યાય, બીજા પહોરે ધ્યાન કરે છે ગૌતમ સ્વામી પેઠે ભ્રમણ કરે છે.

રાજગૃહ નગરમાં ગોચરી માટે ભ્રમણ કરતા અર્જુન મુનિને જોઈને ઘણી સ્ત્રીઓ, અનેક પુરુષો તથા બાળકો, વૃદ્ધો તેમજ યુવકો આ પ્રમાણે કહેવા લાગ્યાઃ- આણે મારા પિતાને મારી નાખ્યા હતા. કોઈક કહેવા લાગ્યા-આણે મારી માતાને મારી નાંખી હતી, એવી જ રીતે મારી બહેન, સ્ત્રી, પુત્ર, પુત્રી અને મારી પુત્રવધૂને મારી નાંખ્યા હતા, આણે મારા બીજા સ્વજનોને, સગા સંબંધી ઓને, ભાગીદારોને તેમજ દાસ-દાસીઓની ઘાત કરેલ છે. આ પ્રમાણે બોલતાં તેમાંથી કેટલાંક તેને કડવા વચનો કહી ફટકારે છે, અવહેલના કરે છે. નિંદા કરે છે. દુર્વચન કહીને તેને ક્રોધિત કરવાનો પ્રયત્ન કરે છે, તેના દોષો બતાવે છે, તેનો તિરસ્કાર કરે છે. લાઠી ઈંટ આદિથી મારે છે. ત્યારે ઘણી સ્ત્રીઓ, પુરુષો, બાળકો, વૃદ્ધો તથા યુવકો દ્વારા આક્રોશિત થયેલ યાવત્ તાડિત થયેલ અર્જુન મુનિ તેઓ ઉપર મનથી પણ દ્વેષ કરતા ન હતા. સહન કરે છે, ખમે છે, ક્ષમા કરતા, સહન કરતા, નિર્જરાની ભાવનાથી સહન કરતા હતા.

અન્નાદિ પ્રાપ્ત નહિ થવા છતાં પણ અર્જુનમુનિ મનમાં દીનતાં ઉત્પન્ન ન થવા દેતા, નારાજ થતા નહિ, ક્રોધ કરતા નહિ, અંતઃકરણને નિર્મળ રાખતા, નિરાશ થતા નહિ અને થાક્યા વિના સમાધિ ભાવથી ગોચરી માટે ભ્રમણ કરતા હતા. આ રીતે ભ્રમણ કરીને તે રાજગૃહ નગરમાંથીનીકળેછે.નીકળીને જ્યાં ગુણશીલક નામનું ઉદ્યાન હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા, ત્યાં આવ્યા. જેવી રીતે ગૌતમ સ્વામી યાવત્ ભગવાનને આહાર બતાવે છે. બતાવીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસેથી આજ્ઞા મેળવી, મૂર્ચ્છાભાવથી રહિત, ગૃદ્ધિરહિત, ભોજનમાં રાગ રહિત, આસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્તિથી રહિત, જેમ સર્પ બીલમાં પ્રવેશ કરે છે, તેમ સ્વયં આહાર કરે છે. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી એક દિવસ રાજગૃહ નગરથી વિહાર કરીને બહાર જનપદ-દેશાન્તરમાં વિચરી રહ્યા હતા. તે અર્જુન મુનિ પ્રધાન, વિશાળ, ભગવાન મહાવીર પાસેથી ગૃહીત, ઉત્કૃષ્ટ ભાવનાપૂર્વક સ્વીકારેલ મહાન પ્રભાવશાળી તપકર્મથી પોતાના આત્માને ભાવિત કરતા થકી પૂરા છ મહિના સુધી શ્રમણ પર્યાયનું પાલન કરે છે. અર્ધમાસિક સંલેખના થી પોતાના આત્માને ભાવિત કરે છે. ત્રીસ ભક્તને અનશન દ્વારા છોડે છે. અન્તમાં જે પ્રયોજન માટે સાધુજીવન અંગીકાર કર્યું હતું, યાવત્ તે પ્રયોજનને સિદ્ધ કરીને સિદ્ધિગતિ પ્રાપ્ત કરે છે.

**વર્ગઃ ૬-અધ્યયનઃ ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૬-અધ્યયન-૪થી ૧૪

[૨૮] તે કાળે અને તે સમયે રાજગૃહ નગર હતું, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા, શ્યય ગાથાપતિ હતો. મંકાતિની જેમ સોળવર્ષ સંયમ પાળી યાવત્ વિપૂલાચલ ઉપર સિદ્ધ થયા.

[૨૯]એ પ્રમાણે ક્ષેમક ગાથાપતિ પણ જાણવા. વિશેષમાં એ કે નગરી નું નામ કાંકદી હતું.

[૩૦]એ પ્રમાણે ધૃતિધર ગાથાપતિ જાણવા નગરી કાકંદી હતી.

[૩૧]એ પ્રમાણે કૈલાશ ગાથાપતિ પણ જાણવા. વિશેષ એકે નગરી સાકેત હતી. બાર વર્ષ સંયમ પર્યાય પાળી વિપુલાચલે સિદ્ધ થયા

[૩૨] કૈલાસગાથાપતિ પ્રમાણે હરિચંદન ગાથાપતિ પણ જાણવા.

[૩૩]એ પ્રમાણે વારત્તક ગાથાપતિ પણ જાણવા. વિશેષ એકે નગરી રાજગૃહ હતી.

[૩૪]એ પ્રમાણે સુદર્શન ગાથાપતિ પણ જાણવા. વિશેષ એકે વાણિજયગ્રામ નગર હતું. દૂતિપલાશ ચૈત્ય હતું, પાંચવર્ષનો પર્યાય પાળી સિદ્ધ થયા.

[૩૫] સુદશર્શની જેમ જ પૂર્ણભદ્ર ગાથપતિ જાણવા.

[૩૬]એ પ્રમાણે સુમનભદ્ર ગાથાપતિ પણ જાણવા. વિશેષ એ કેનગરી શ્રાવસ્તી અને દીક્ષા પર્યાય ઘણાં વર્ષ પાળેલ.

[૩૭]સુમનભદ્રની જેમ સુપ્રતિષ્ઠિત ગાથાપતિ પણ જાણવા. અંતર એકે સંયમ પયાર્ય ૨૭- વર્ષનો હતો.

[૩૮]એ પ્રમાણે મેઘ ગાથાપતિ જાણવા. વિશેષ એકે રાજગૃહ નગર હતું, ઘણાં વર્ષનો સંયમ પર્યાય હતો

(આ સર્વે ગાથાપતિ વિપુલાચલ પર્વતે સિદ્ધ થયા)

**વર્ગ-૬- અધ્યયન ૪થી ૧૪ ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## વર્ગ-૬-અધ્યયનઃ૧૫

[૩૯]તે કાળે અને તે સમયે પોલાસપુર નગરે શ્રીવન ઉધાન હતું. વિજય રાજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. શ્રી પટ્ટરાણી હતી. તે વિજય રાજાના પુત્ર, શ્રીદેવીના આત્મજ અતિમુક્ત નામના કુમાર હતાં. તે સુકુમાર હાથ-પગવાલા અને સર્વાંગ સુંદર હતાં. તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર યાવત્ શ્રીવન નામના ઉદ્યાનમાં વિચરી રહ્યા હતા. તે કાળે અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી-શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર પોલાસપુર નગરમાં સામાન્ય તેમજ મધ્ય ઘરોમાં ગોચરી માટે ભ્રમણ કરી રહ્યા હતા. આ તરફ અતિમુક્ત-કુમાર સ્નાન કરીને યાવત્ સર્વ પ્રકારના આભૂષણોથી વિભૂષિત થઈને ઘણાં છોકરા, છોકરીઓ, નાનાં બાળકો, નાની બાલિકાઓ, અવિવાહિત કુમારો અને અવિવાહિત કુમારિકાઓથી, ઘેરાયેલો-તેઓની સાથે પોતાના ઘરેથી નીકળે છે. નીકળીને ઈન્દ્રસ્થાન હતું ત્યાં જાય છે. ત્યાં બધાં સાથે ક્રીડા કરવા લાગ્યો.

ભગવાન ગૌતમ સ્વામી પોલાસપુર નગરના ઉચ્ચ, નીચ અને મધ્યમ ઘરોમાં ગોચરી માટે ભ્રમણ કરતા થકા ઈન્દ્રસ્થાનની કંઈક પાસેથી નીકળ્યા ત્યારે કંઈક સમીપથી જતાં તેઓને અતિમુક્તિકુમારે જોયાં. જોતાંજ તે ભગવાન ગૌતમસ્વામીની પાસે આવ્યા ભગવન્ ! આપ કોણ છો ? અને શા માટે ફરી રહ્યા છો ? ત્યારે ભગવાન ગૌતમ સ્વામીએ અતિ મુક્તકુમારને આ પ્રમાણે કહ્યું:-હે દેવાનુપ્રિય ! અમે શ્રમણ નિર્ગ્રન્થ છીએ. ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓના પાલક યાવત્ બ્રહ્મચારી છીએ. ઉચ્ચ, નીચ યાવત્ મધ્યમ ઘરોમાં ભિક્ષા માટે ભ્રમણ કરીએ છીએ. ત્યારે અતિમુક્ત કુમારે ભગવાન ગૌતમ સ્વા મીને આ પ્રમાણે કહ્યું-આપ આવો, હું આપને ભિક્ષા અપાવું. એમ કહી ભગવાન ગૌતમની આંગળી પકડે છે. આંગળી પકડીને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવી પહોંચ્યા. ત્યારે શ્રીદેવી ભગવાન ગૌતમને આવતા જુએ છે જોઈને અત્યંત હર્ષિત અને સંતુષ્ટ થઈ. યાવત્ આસન ઉપરથી ઊઠી- ઊઠીને જ્યાં ભગવાન ગૌતમ હતા ત્યાં આવે છે. પ્રદક્ષિણા કરે છે. વંદના નમસ્કાર કરે છે. આદિ વિપુલ અન્ન, -ચાર પ્રકારનાં આહારથી પ્રતિ લાભિત કરે છે.

ત્યાર પછી ભગવાન ગૌતમ સ્વામીને અતિમુક્તકુમારે આ પ્રમાણે પ્રશ્ન કર્યો-હે ભગવન્ ! આપ ક્યાં રહો છો ? હે દેવાનુપ્રિય ! મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, ધર્મતીર્થની સ્થાપના કરનાર, યાવત્ મોક્ષ પ્રાપ્તિની કામના રાખવાવાળા ભગવાન મહાવીર આ પોલાસપુર નગરની બહાર શ્રીવન ઉદ્યાનમાં સાધુવૃત્તિને અનુકૂળ આશ્રયનો સ્વીકાર કરીને સંયમથી યાવત્ પો તાનાં આત્માને ભાવિત કરતા થકા વિચરી રહ્યા છે. ત્યાં જ અમે રહ્યા છીએ- હે ભગવન્ ! હું આપની સાથે શ્રમણ ભગવાન મહાવીરના ચરણ-વંદન માટે આવું ? ગૌતમ-હે દેવાનુપ્રય ! જેમ તમારા આત્માને સુખ ઊપજે તેમ કરો. અતિમુક્ત ત્યાં આવીને સ્વામીને પ્રદક્ષિણા કરે છે. વંદના કરે છે. નમસ્કાર કરે છે. યાવત્ ભગવાનની પર્યુપાસના કરે છે. ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને આહાર બતાવ્યો. બતાવીને સંયમ તથા તપથી પોતાનાં આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએઅતિમુક્તકુમારને તેમજ પરિષદને ધર્મ કથા સંભળાવી. અતિમુક્તકુમાર, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની ધર્મ કથા સાંભળીને અને તેને હૃદયંગમ કરીને અત્યંત પ્રસન્ન અને સંતુષ્ટ થયા. ભગવન્ ! હું માતાપિતાને પૂછીને આપની પાસે દીક્ષિત થવા ઈચ્છું છું. ભગવાને કહ્યું:- દેવાનુપ્રિય !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમ તમને સુખ ઊપજે તેમ કરો પરંતુ વિલંબ ન કરો. ત્યાર પછી અતિમુક્તકુમાર જ્યાં પોતાના માતા-પિતા હતાં ત્યાં આવ્યા. યાવત્ તેઓને પોતાને દીક્ષિત થવું છે તે વાત કહી. આ સાંભળી માતા-પિતા અતિમુક્તકુમારને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ- હે પુત્ર ! તું હજુ બાળક છો હે પુત્ર ! તું અણસમજૂ છો. તું ધર્મના સંબંધમાં શું સમજે ? ત્યારે અતિમુક્તકુમારે માતા-પિતાને આ પ્રમાણે કહ્યુંઃ-હે માતા-પિતા ! હું જે જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતો તે જાણું છું.માતા-પિતાએ કહ્યુંઃ- હે પુત્ર ! તું શું કહેવા માંગે છે ? હું જાણું છું કે જે જન્મે છે તે અવશ્ય મૃત્યુ પામે છે, પરંતુ હું એ નથી જાણતો કે ક્યારે, કયા સમયે, ક્યા સ્થાનપર કેવી રીતે, કેટલા સમય પછી તે મૃત્યુ પામશે ? હે માતા-પિતા ! હું એ નથી જાણતો કે કર્મ બંધનના ક્યા કારણોથી જીવ નરકગતિમાં, તિર્યંચ યોનિમાં, મનુષ્યયોનિમાં તથા દેવયોનિમાં ઉત્પન્ન થાય છે. પરંતુ હું એ જાણું છું કે જીવ પોતાના કર્મોના કારણે નરકાદિ ગતિઓમાં ઉત્પન્ન થાય છે.

હે માતા-પિતા ! આપની અનુમતિ પ્રાપ્ત થઈ જાય તો યાવત્ દીક્ષા અંગીકાર કરવા ઈચ્છું છું. જ્યારે માતા-પિતા તે અતિમુક્તકુમારને અનેક અનુકૂળ પ્રતિકૂળ આદિ વચનો દ્વારા સંયમ લેવાના વિચારથી રોકાવામાં સમર્થ ન થાય ત્યારે નિરાશ થઈને માતા-પિતાએ અતિમુક્તકુમારને કહ્યુંઃ-જો તારી દીક્ષા લેવાની ઈચ્છા છે તો હે પુત્ર ! અમે એક દિવસની તારી રાજ્યશ્રીને-જોવાની ઈચ્છા રાખીએ છીએ. ત્યારે અતિમુક્ત કુમાર માતાપિતાના વચનોનો સ્વીકાર કરીને મૌન થઈ ગયા. ત્યાર પછી રાજ્યાભિષેક અને નિષ્ક્રમણ આદિનો શેષ વૃત્તાન્ત મહાબલકુમાર જેમ સમ જવો. યાવત્ વિપુલ ગિરિ ઉપર નિર્વાણપદ પામ્યા.

**વર્ગઃ ૬ અધ્યયનઃ૧૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગઃ ૬-અધ્યયન-૧૬

[૪૦]તે કાળે અને તે સમયે વારાણસી નગરી કામ મહાવન ચૈત્ય.અલક્ષ રાજા હતા. તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી યાવત્ વારાણસી નગરીમાં પધાર્યા. નગરવાસીઓ નીકળ્યા. ત્યાર પછી અલક્ષ રાજા ભગવાનના પદાર્પણનો વૃત્તાન્ત સાંભળીને પ્રસન્ન તેમજ સંતુષ્ટ થયો. રાજાની જેમ કૂણિક અલક્ષ રાજા પણ ગયા. વંદન-નમસ્કાર કરીને ભગવાનની પર્યુપાસના કરવા લાગ્યા. ભગવાને બધાને ધર્મો પદેશ સંભળાવ્યો. ત્યાર પછી અલક્ષ રાજા શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની મુખાર વિન્દથી ઉપદેશ સાંભળીને, ઉદાયન રાજા ની જેમ દીક્ષિત થયા. વિશેષતા એ છે કે અલક્ષ રાજાએ દીક્ષિત થયા પહેલાં પોતાના મોટા પુત્રને રાજસિંહાસન પર બેસાડીને રાજ્ય સત્તા તેને સોંપી દીધી. ત્યાર પછી સ્થવિર સંતો પાસે અગિયાર અંગોનું અધ્યયન કર્યું. ઘણાં વર્ષો સુધી શ્રમણપર્યાયનું પાલન કરી વિપુલાચલ પર સિદ્ધ થયા. આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ યાવત્ ભગવાન મહાવીર સ્વામીએ છઠ્ઠા વર્ગનો આ અર્થ પ્રરૂપેલ છે.

**વર્ગઃ ૬-અધ્યયનઃ૧૬ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**વર્ગઃ ૬-ગુર્જરછાયાપૂર્ણ**

卐 વર્ગઃ૭ 卐 અધ્યયનઃ૧-૧૩

[૪૧-૪૩] સાતમા વર્ગમાં ૧૩ અધ્યયનો પ્રરૂપ્યા છે. નંદા નંદાવતી નંદોત્તરા નંદશ્રેણિકા મરૂતા સુમરૂતા મહામરૂતા મરૂત દેવી ભદ્રા સુભદ્ર સુજાતા સુમનાતિકા ભૂતદત્તા. આ બધા શ્રેણિક મહારાજાની રાણી ઓમાં નામ છે.

[૪૪] જંબૂ ! તે કાળે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતા. નંદા રાણી હતી. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. નગરવાસીઓ નીકળ્યા. તે નંદાદેવી આ વૃત્તાન્તને જાણી પ્રસન્ન તેમજ સંતુષ્ટ થઈ. તેણે સેવક પુરુષોને બોલાવ્યા. પદ્માવતી રાણીની જેમ દીક્ષિત થઈ. અગિયાર અંગોનું અધ્યયન કર્યું. વીસ વર્ષ સુધી સંયમનું પાલન કર્યું. યાવત્ સિદ્ધ થયા.

[૪૫]આ જ પ્રમાણેબીજી બધી દેવીઓનું જીવન નંદાદેવીની જેમ જ જાણવું

વર્ગઃ૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ

卐 વર્ગઃ૮ 卐 અધ્યયનઃ૧-કાલી

[૪૬]હે જંબૂ ! આ પ્રમાણે શ્રમણ યાવત્ મોક્ષપ્રાપ્ત ભગવાન મહા વીર સ્વામીએ આઠમાં અંગ અંતગડદશાંગના આઠમાં વર્ગના દશ અધ્યયનો પ્રતિ પાદન કરેલ છે.

[૪૭]કાલીદેવી, સુકાલીદેવી, મહાકાલીદેવી, કૃષ્ણાદેવી, સુકૃષ્ણાદેવી, મહા કૃષ્ણાદેવી, વીરકૃષ્ણાદેવી, રામકૃષ્ણદેવી, પિતૃસેનકૃષ્ણાદેવી, અને મહાસેનકૃષ્ણાદેવી.

[૪૮] જંબૂ ! તે કાળ અને તે સમયમાં ચંપા નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું. ત્યાં કૂણિક રાજા હતા. કોણિક રાજાની નાની માતા, કાલી નામક દેવી (રાણી) હતી. નંદા દેવીની જેમ કાલીદેવી દીક્ષિત થયા. સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. ઘણી છઠ્ઠ અઠ્ઠમ આદિ તપશ્ચર્યાથી પોતાના આત્માને ભાવિત કરતી વિચારવા લાગી.

ત્યાર પછી કોઈ એક દિવસે કાલી આર્યા સાધ્વી જ્યાં આર્યા ચંદનબાલા હતા, ત્યાં આવ્યા અને આવીને આ પ્રમાણે કહેવા લાગ્યા-આર્યે ! આપ જો આજ્ઞા આપો તો રત્નાવલી તપની આરાધના કરવાની મારી ઈચ્છા છે. દેવાનુપ્રિયે ! જેમ તમારા આત્મા ને સુખ ઉપજે તેમ કરો. તેમાં વિલંબ ન કરો. ત્યાર પછી તે રત્નાવલી નામક તપને અંગીકાર કરીને વિચરવા લાગી. રત્નાવલી તપ આ પ્રમાણે કરાય છે- એક ઉપ- વાસ કરે પારણામાં મનોવાંછિત દૂધ, ઘી, આદિ બધા રસોનું સેવન કરી શકે. એ પ્રમાણે એક છઠ્ઠ કરી પારણું કરે, પછી એક અઠ્ઠમ કરી પૂર્વવત્ પારણું કરે, ત્યાર પછી આઠ છઠ્ઠ કરી પૂર્વવત્ પારણુ કરે, એક ઉપવાસ અને પારણું, બે ઉપવાસ અને પારણું, ત્રણ અને પૂર્વવત્ પારણું, ઉપવાસ પછી અનુક્રમથી ચાર-પાંચ-છ-સાત-આઠ-નવ-દસ- અગિયાર- બાર તેર-ચૌદ-પંદર અને સોળ ઉપવાસ કરે. આ બધા ઉપાવાસોની વચ્ચેના પારણામાં ઈચ્છા પ્રમાણે બધા રસોનું સેવન કરાય. પછી ૩૪ છઠ્ઠ કરે તેની ઉપર ૧૬ ઉપવાસ કરે. પછીપંદર-ચૌદ-તેર-બાર-અગિયાર-દસ-નવ-આઠ-સાત-છ-પાંચ-ચાર-ત્રણ-બે-એક આ પ્રમાણે ઊતરતા ક્રમથી ઉપવાસ કરે પછી પાછા આઠ છઠ્ઠ કરે પછી એક અઠ્ઠમ કરે આ બધા ઉપવાસોના મધ્યમાં કરાતાં પારણામાં પૂર્વની જેમ મનોવાંછિત ઘી, દૂધ, તેલાદિ બધા રસોનું સેવન કરી શકાય. ઉપર જે ઉપવાસોનો ક્રમ બતાવ્યો છે તે બધા ઉપવાસો મળી રત્નાવલી તપની પહેલી પરિપાટી થાય છે. તેની આરાધના એક વર્ષ, ત્રણ મહિના અને ૨૨ દિવસમાં આગમાનુસાર પૂર્ણ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક પરિપાટી પૂર્ણ થયા પછી તે કાલી આર્યાએ રત્નાવલી તપની બીજી પરિપાટી આ પ્રમાણે શરૂ કરી. પ્રથમ એક ઉપવાસ કર્યો. વિગય છોડીને પારણું કર્યું. પછી છટ્ઠ કર્યો ઈત્યાદિ પ્રથમ પરિપાટીની જેમ સમજવું,

બીજી પરિપાટીની આરાધના કર્યા પછી આર્યા કાલીદેવીએ રત્નાવલી તપની ત્રીજી પરિપાટીની આરાધના શરૂ કરી. પહેલી પરિપાટીની જેમ એક ઉપવાસ કર્યો. તેનું પારણું કર્યું. પારણામાં અલેપકૃત આહાર કરે છે.

રત્નાવલી તપની ત્રીજી પરિપાટીની આરાધના પછી આર્યા કાલીદેવીએ ચોથી પરિપાટીની આરાધના શરૂ કરી. આ પરિપાટીની તપસ્યાનું વર્ણન પ્રથમ પરિપાટી પ્રમાણે જાણવું. તેમાં અંતર એટલું જ કે પારણું આયંબિલ તપથી કરાય છે.

[૫૦]મહાસતી કાલીદેવીએ જ્યારે પાંચ વર્ષ, બે મસા, અટ્ઠાવીસ દિવસમાં, રત્નાવલી તપની આરાધના પૂર્ણ કરી, ત્યારે તે મહાસતી ચંદનાદેવી પાસે આવ્યા. વંદના-નમસ્કાર કર્યા. ત્યાર પછી અનેક ચતુર્થભક્ત વ્રત, છટ્ઠ, અટ્ઠમ, ચૌલુ, પાંચ આદિ ઉપવાસની તપસ્યાથી પોતાના આત્માને ભાવિત કરતી થકી વિચરવા લાગી. ત્યાર પછી તે આર્યા કાલીદેવીની ઉગ્ર યાવત્ કઠોર તપશ્ચર્યાની આરાધનાના કારણે યાવત્ નસો દેખાવા લાગી. હાડપિંજર જેવા થઈ ગયા. જેવી રીતે કોલસાથી ભરેલી ગાડી ચાલે ત્યારે અવાજ થાય છે તેવી રીતે કાલી સાધ્વીના શરીરનાં હાડકાનો પણ તે જ્યારે બેસતી, ઊઠતી, ચાલતી ત્યારે કડ કડ અવાજ થતો હતો. છતાં પણ રાખથી ઢંકાયેલ હવનની અગ્નિ સમાન તપશ્ચર્યાના તેજથી તે અત્યંત દેદીપ્યમાન -તેજોમય દેખાતા હતા. કોઈ એકવાર અર્ધરાત્રિના સમયે કાલીનામક સાધ્વીને વિચાર ઉત્પન્ન થયો. તે ભગવતી સૂત્રમાં વર્ણિત સ્કન્દક મુનિની જેમ ચિંતન કરવા લાગી કે મારું શરીર તપસ્યાના કારણે અત્યંત દુર્બલ થઈ ગયું છે છતાં પણ હજું ઉત્થાન કર્મ-બલ વીર્ય પુરુષકાર પરાક્રમ શ્રદ્ધા ધૃતિ અને સંવેગ વિદ્યમાન છે. તેથી મારે માટે એ જ યોગ્ય છે કે હું કાલે સૂર્યોદય થતાં જ આર્યા ચંદના મહાસતીજીની અનુમતિ મેળવીને સંલેખના તપની આરાધના કરી, ભક્તપાન ત્યાગ કરું અને જીવન મરણની આકાંક્ષા રાખ્યા વિના જીવન વ્યતીત કરું.

હે સાધ્વીજી, જો આપ અનુમતિ આપો તો સંલેખના અન્ન જલનો ત્યાગ કરી મૃત્યુની આકાંક્ષા કર્યા વિના જીવન વ્યતીત કરું, આવી મારી ઈચ્છા છે. હે દેવાનુપ્રિયે ! જેમ તમારા આત્માને સુખ ઊપજે તેમ કરો. તેમાં વિલંબ ન કરો. કાલી સાધ્વીજીએ સંલેખના અંગીકાર કરીને અન્ન-જલનો ત્યાગ કર્યો અને મૃત્યુની આકાંક્ષા કર્યા વિના રહેવા લાગી. કાલી આર્યાજીએ, આર્યા ચંદના સાધ્વીજી પાસે સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. પૂરા આઠ„વર્ષ સુધી સંયમનું પાલન કર્યું. એક માસનો સંથારો કરી પોતાના આત્માને આરાધિત કરીને અનશનથી સાઠ ભક્ત નો ત્યાગ કરીને જે ઉદ્દેશ્યથી નગ્નભાવ અંગીકાર કરેલું હતું, યાવત્ તેની સિદ્ધિ કરીને અંતિમ શ્વાસોચ્છ વાસ સાથે સિદ્ધપદ પ્રાપ્ત કર્યું.

**વર્ગઃ૮-અધ્યયનઃ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**વર્ગ-૮-અધ્યયનઃ ૨ સુકાલી**

[૫૧] તે કાળે અને તે સમયે નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું. કૂણિક રાજા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રેણિક રાજાની ધર્મપત્ની તથા કૂણિક રાજાની લઘુમાતા સુકાલી નામની દેવી હતી. કાલીદેવી ની જેમ સુકાલીદેવી પણ દિક્ષિત થયા. યાવત્ આત્માને ભાવિત કરતી થકી વિચરતી હતી. ત્યાર પછી તે આર્યા સુકાલીદેવી કોઈ સમયે જ્યાં આર્યા ચંદના સાધ્વી હતા ત્યાં આવ્યા. યાવત્ વંદન-નમસ્કાર કરી કહેવા લાગ્યા-હે આર્યે ! આપ જો અનુમતિ આપો તો કનકાવલી તપકર્મ અંગીકાર કરીને વિચરવા ઈચ્છું છું. ચંદનાજીએ કહ્યું- જેમ તમને સુખ ઊપજે તેમ કરો. રત્નાવલી તપમાં ત્રણે સ્થાનોમાં આઠ છઠ્ઠ કરાય છે. પરંતુ કનકાવલી તપના ત્રણે સ્થાનોમાં સુકાલી દેવીએ આઠ અઠ્ઠમ કર્યા. કનકાવલી તપની ચાર પરિપાટી છે. એક પરિપાટીમાં એક વર્ષ પાંચ મહિના, બાર દિવસ લાગે છે બાકીનું બધું વર્ણન રત્નાવલી તપની જેમ જાણવું જોઈએ. આર્યા સુકાલીદેવીએ નવ વર્ષ સંયમનું પાલન કર્યું અને અંત સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધ થયા.

**વર્ગઃ૮-અધ્યયનઃ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૮- અધ્યયન-૩-મહાકાલી

[૫૨]મહાકાલી દેવીનું વર્ણન પણ સમજવું. તેમાં અંતર માત્ર એટલુ છે કે મહાકાલી દેવી "ક્ષુલ્લક સિંહનિષ્ક્રીડિત" તપને ધારણ કરીને વિચરતા હતા. તે તપની વિધિ આ પ્રમાણે છે. પહેલાં ચઉત્થભક્ત કરે છે, એક ઉપવાસ કરીને દૂધ, ઘી આદિ બધા ઈષ્ટ પદાર્થોથી પારણું કરે છે. પછી છઠ્ઠ કરે, પારણું કરીને એક ઉપવાસ કરે, પારણું કરીને અઠમ કરે, પારણું કરીને છઠ કરે. પારણું કરે. ચાર ઉપવાસ કરે, પારણું કરે, પછી ત્રણ ઉપવાસ કરે, પારણું કરે, પાંચ ઉપવાસ કરે, પારણું કરી પુનઃ ચાર ઉપવાસ કરે, પારણા પછી છ ઉપવાસ કરે, પાંચ કરે, સાત ઉપવાસ કરે, છ ઉપવાસ કરે, આઠ, સાત, નવ ઉપવાસ કરે, આઠ કરે, ફરી નવ કરે, સાત કરે, આઠ ઉપવાસ કરે, છ ઉપવાસ કરે, સાત કરે, પાંચ, છ, ચાર, પાંચ, ત્રણ, ચાર, બે, ત્રણ, એક ઉપવાસ, બે અને એક ઉપવાસ કરે, આ બધા ઉપવાસોના પારણામાં મહાકાલી આર્યાએ દૂધ ઘી આદિ ઈષ્ટ પદાર્થો વાપર્યા. આ એક પરિપાટી છે. એની જેમજ બીજી, ત્રીજી અને ચોથી પરિપાટી સમજી લેવી. પ્રથમ પરિપાટીમાં છ મહિના અને સાત દિવસ લાગે છે અને ચારે પરિપાટી ઓમાં બે વર્ષ ૨૮ દિવસ લાગે છે. લઘુસિંહ નિષ્ક્રીડિત તપની આરાધના કરીને મહાકાલી આર્યાએ બીજી અનેક તપસ્યાઓ કરી મધ્યરાત્રિમાં સંલેખનાનો સંકલ્પ કર્યો અને આર્યા ચંદનાજી પાસેથીઅનુમતિ મેળવી સંથારો કર્યો અને સિદ્ધ થયા.

**વર્ગઃ૮-અધ્યયનઃ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૮-અધ્યયનઃ૪-કૃષ્ણા

[૫૩]એજ પ્રમાણે કૃષ્ણાદેવીના જીવનનું વર્ણન પણ સમજી લેવું અંતર માત્ર એટલું છે કે મહાકાલીએ લઘુસિંહ નિષ્ક્રીડિત તપની આરાધના કરી હતી. પરંતુ કૃષ્ણાદેવીએ મહા સિંહનિષ્ક્રીડિત તપની આરાધના કરી. લઘુમાં એક ઉપવાસથી લઈને નવ સુધી આગળ વધે. પરંતુ મહામાં એક ઉપવાસથી લઈને સોળ ઉપવાસ સુધી આગળ વધે. પછી સોળથી નીચે ઊતરે, ૧૬-૧૫-૧૪-૧૩ એ પ્રમાણે ક્રમથી ઊતરે, મહાસિંહનિષ્ક્રીડિત તપની પરિપાટીનો કાળ એક વર્ષ, છ મહિના અને ૧૮ દિવસ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર પરિપાટીઓનો સમય છ વર્ષ બે મહિના અને ૧૨ દિવસ છે બાકીનું વર્ણન જેમ કાલીદેવીનું છે તે પ્રમાણે સમજી લેવું. અંતે કૃષ્ણદેવીએ સંલેખનાની આરાધના કરીને સિદ્ધપદ પ્રાપ્ત કર્યું.

**વર્ગઃ૮-અધ્યયનઃ૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૮-અધ્યયનઃ૫-સુકૃષ્ણા

[૫૪]એજ પ્રમાણે સુકૃષ્ણાદેવીનું જીવન પણ સમજી લેવું જોઈએ. તેમાં વિશે-ષતા એટલી છે કે સુકૃષ્ણા દેવીએ "સપ્ત સપ્તમિકા" નામક ભિક્ષુ પ્રતિમાની આરાધના કરી હતી. તે આ પ્રમાણે -પહેલા અઠવાડિયામાં એક દત્તિ ભોજનની અને એક દત્તિ પાણી ગ્રહણ કરાય. બીજા સપ્તાહમાં બે દત્તિ ત્રીજા માં ત્રણ-ત્રણ અને ચોથામાં ચાર ચાર દત્તિ. પાંચમાં માં પાંચ-પાંચ દત્તિ, છઠ્ઠામાં છ-છ દત્તિઓ અને સાતમાં સાત-સાત દત્તિઓ ભોજન અને પાણીની લેવાય છે. આ પ્રમાણે આ "સપ્તસપ્તમિકા" નામની ભિક્ષુપ્રતિમાની આરાધનામાં ૪૯ દિવસ અને રાત લાગે છે. આમાં ૧૯૬ ભિક્ષાઓ ગ્રહણ કરાય છે. મહાસતી સુકૃષ્ણાએ સૂત્રોક્ત વિધિ પ્રમાણે "સપ્તસપ્તમિકા" ભિક્ષુ પ્રતિમાની આરાધના કરી. પછી તે આર્યા ચંદનાજી પાસે આવે છે. વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે-

હે આર્યે ! જો આપ અનુમતિ આપો તો હું "અષ્ટઅષ્ટમિકા" નામની ભિક્ષુ પ્રતિમાની આરાધના કરવા ઈચ્છું છું. આર્યા ચંદનાજીએ કહ્યું-ભદ્રે ! જેમ તમને સુખ ઊપરે તેમ કરો. વિલંબ ન કરો.આર્યા સુકૃષ્ણા દેવી અષ્ટઅષ્ટમિકા નામની ભિક્ષુ પ્રતિમાને ધારણ કરીને સમય વીતાવવા લાગી. -પહેલા આઠ દિવસોમાં એક દત્તિ ભોજનની અને એક પાણીની ગ્રહણ કરી. બીજા આઠ દિવસોમાં બે-બે દિત્ત ભોજન પાણીની ગ્રહણ કરી. આ પ્રમાણે ક્રમથી આઠમામાં આઠ-આઠ, ભોજન-પાણીની દત્તિઓ ગ્રહણ કરી, આ અષ્ટમઅષ્ટમિકા ભિક્ષુપ્રતિમાની આરાધનામાં ૬૪ દિવસ લાગ્યા અને ૨૮૮ ભિક્ષાઓ ગ્રહણ કરી. આ ભિક્ષુપ્રતિમાની સૂત્રોક્ત આરાધના કરીને સુકૃષ્ણાએ "નવનવમિકા" નામની ભિક્ષુ પ્રતિમા શરૂ કરી.

તેમાં પ્રથમ નવ દિવસોમાં દરરોજ એક દત્તિ ભોજનની અને પાણીની ગ્રહણ કરી. આ પ્રમાણે ક્રમથી બીજા નવ દિવસોમાં બે-બે દત્તિ ભોનજ-પાણીની લીધી, ત્રીજામાં ત્રણ-ત્રણ, ચોથા નવ દિવસોમાં ચાર-ચાર, આ પ્રમાણે અનુક્રમે નવમા નવ દિવસોમાં નવ-નવ દત્તિઓ ભોજન-પાણીની ગ્રહણ કરી. આ નવનવમિકા ભિક્ષુ-પ્રતિમા ૮૧ દિવસમાં પૂર્ણ થાય. તેમાં ૪૦૫ ભિક્ષાઓ ગ્રહણ કરે. સૂત્રોક્તવિધિ અનુ સાર નવ નવમિકા ભિક્ષુ-પ્રતિમાની આરાધના કરીને સુકૃષ્ણા દેવીએ "દશ દશમિકા" નામની ભિક્ષુ-પ્રતિમાની આરાધના શરૂ કરી. તેમાં પહેલા દશ દિવસોમાં એક દત્તિ ભોજનની અને એક દત્તિ પાણીની ગ્રહણ કરે, આ પ્રમાણે દત્તિ વધારતાં દશમા દશકમાં દશ-દશ દત્તિઓ ભોજન અને પાણીની ગ્રહણ કરાય છે. દશ દશમિકા ભિક્ષુપ્રતિમામાં ૧૦૦ રાત્રિ-દિવસ લાગે છે. આમાં ૫૫૦ ભિક્ષાઓ અને ૧૧૦૦ દત્તિઓ ગ્રહણ કરાય છે. સુકૃષ્ણાએ ચતુર્થ ભક્ત, ષષ્ટભક્ત, અષ્ટમ ભક્તિથી લઈ યાવત્ ૧૫ દિવસના અને એક મહિનાના ઉપવાસ કર્યા. તે સિવાય બીજી અનેક પ્રકારની તપસ્યાથી આર્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુકૃષ્ણા દેવી અત્યંત દુર્બળ થઈ ગયા. અંતમાં સંલેખના કરીને સિદ્ધપદને પામી ગયા.

**વર્ગઃ૮-અધ્યયનઃ૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૮-અધ્યયનઃ ૬-મહાકૃષ્ણા

[૫૫]એ જ પ્રમાણે મહાકૃષ્ણાનું જીવન પણ સમજી લેવું. તેમાં અંતર માત્ર એટલું છે કે મહાકૃષ્ણા દેવીએ લઘુ-સર્વતોભદ્ર પ્રતિમા નામક તપશ્ચર્યાની આરાધના કરી. તે આ પ્રમાણે સર્વ પ્રથમ ઉપવાસ કર્યો, પારણું કર્યું. છટ્ઠ કર્યો, પારણું કર્યું. અઠ્ઠમ કર્યો, પારણું કરી, ચાર ઉપવાસ કર્યા, પારણું કરી, પાંચ ઉપવાસ કર્યા. પારણું કરી અઠ્ઠમ કરે છે. પારણું કરીને ચાર ઉપવાસ પારણું કરીને પાંચ ઉપવાસ પારણું કરીને એક ઉપવાસ પારણું કરીને છટ્ઠ પારણું કરી પાંચ ઉપવાસ પારણું કરીને એક ઉપ વાસ પારણું કરીને છટ્ઠ પારણું કરીને અઠ્ઠમ પારણું કરીને ચાર ઉપવાસ પારણું કરીને પાંચ ઉપવાસ પારણું કરીને એક ઉપવાસ પારણું કરીને ચાર ઉપવાસ પારણું કરીને એક ઉપવાસ પારણું કરીને છટ્ઠ પારણ કરીને અઠ્ઠમ પારણું કરે છે. આ પ્રમાણે ક્ષુલ્લક સર્વતોભદ્ર નામના તપની પ્રથમ પરિપાટીની ત્રણ માસ અને દશ દિવસોમાં યાવત્‌ આરાધના કરે છે. પ્રથમ પરિપાટીના બધા પારણામાં યથેચ્છ દૂધ ઘી આદિનું સેવન કરે છે. પછી બીજી પરિપાટી શરૂ કરી. બીજી પરિપાટીનાં પારણામાં દૂધ ઘી આદિ વિકૃતિનું સેવન કરાતું નથી. જેવી રીતે રત્નાવલી તપની ચાર પરિપાટીઓ બતા વેલ છે તેવી રીતે "લઘુ સર્વતોભદ્ર" તપની પણ ચાર પરિપાટીઓ સમજવી.. આ તપની ચારે પરિપાટીઓનો કાળ એક વર્ષ, એક માસ, તેમજ દશ દિવસ છે. મહાકૃષ્ણાદેવી અંતમાં સંથારો કરી સિદ્ધ થયા.

**વર્ગઃ૮-અધ્યયનઃ ૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ૭-વીર કૃષ્ણા

[૫૬]એ પમાણે વીરકૃષ્ણ દેવી જાણવા.અંતર માત્ર એટલું છે કે તેણે 'મહા સર્વતોભદ્ર' તપની આરાધના કરી હતી. મહા સર્વતોભદ્ર તપમાં સાત લતાઓ છે પહેલી લતા::- ચતુર્થભક્ત, ષષ્ઠભક્ત, અષ્ટમભક્ત, દશમભક્ત દ્વાદશ ભક્ત, ચતુર્દશ ભક્ત ષોડશ ભક્ત સાત ઉપવાસ. આ ઉપવાસોના પારણા સર્વકામગુણિત હોય છે. બીજી લતા::-ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, છ ઉપવાસ, સાત ઉપવાસ, અને એક ઉપવાસ. ત્યાર પછી છટ્ઠ ભક્ત અને અઠ્ઠમ ભક્ત કરવામાં આવે છે. ત્રીજી લતા::- સાત ઉપવાસ, એક, બે, ત્રણ, ચાર , પાંચ , છ, કરવામાં આવે છે. ચોથી લતા::- ત્રણ ઉપવાસ, ચાર, પાંચ, છ ,સાત, એક, બે, કરાય છે. પાંચમી લતા :- છ ઉપવાસ, સાત, એક, બે, ત્રણ, ચાર, પાંચ ઉપવાસ, આ પ્રમાણે અનુક્રમથી તપસ્યા કરાય છે. છટ્ઠી લતા:: બે , ત્રણ, ચાર, પાંચ, છ, સાત , એક ઉપવાસ કરવામાં આવે છે. સાતમી લતા:: પાંચ ઉપવાસ, છ, સાત, એક, બે, ત્રણ, અને ચાર ઉપવાસ કરાય છે આ બધા ઉપવાસોનાં પારણામાં દૂધ, ઘી, વિગયોનું સેવન કરે છે. આ સાત લતાઓ મળી એક પરિપાટી બને છે. એક પરિપાટીમાં ૮ મહિના અને પાંચ દિવસ લાગે છે. ચાર પરિપાટીઓનો સમય બે વર્ષ ૮ મહિના અને વીસ દિવસ થાય છે. અંતે તેઓ સંથારો કરીને સિદ્ધ પદ પ્રાપ્ત કરે છે.

**વર્ગઃ૮-અધ્યયનઃ૭ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વર્ગ-૮-અધ્યયનઃ૮-રામકૃષ્ણા

[૫૭]એ પ્રમાણે રામકૃષ્ણાદેવી જાણવા. અંતર માત્ર એટલું છે કે પણ રામકૃષ્ણ દેવીએ 'ભદ્રોત્તર પ્રતિમા' નામક તપની આરાધના કરી. આ તપમાં પાંચ લતા છે, તે આ પ્રમાણે- પ્રથમ લતા- પાંચ ઉપવાસ, છ, સાત, આઠ, અને નવ ઉપવાસ. બીજી લતા-સાત ઉપવાસ, આઠ- નવ-પાંચ અને છ ઉપવાસ. ત્રીજી લતા-નવ ઉપવાસ, પાંચ-છ-સાત અને આઠ ઉપવાસ. ચોથી લતા-છ ઉપવાસ, સાત-આઠ-નવ-અને પાંચ ઉપવાસ. પાંચમી લતા-આઠ ઉપવાસ, નવ-પાંચ-છ-અને સાત ઉપવાસ. અનુક્રમથી કરવામાં આવતા આ ઉપવા સોનાં પારણામાં દૂધ, ઘી આદિ યથેચ્છ પદાર્થોનું સેવન કરાય છે. આ પાંચ લતાઓ મળી એક પરિપાટી થાય છે. એક પરિપાટમાં છ મહિના અને વીસ દિવસ લાગે છે. ચારેય પરિપાટીઓનો સમય બે વર્ષ, બે મહિના અને વીસ દિવસ થાય છે.અંતે સંલેખના કરી સિદ્ધપદ પ્રાપ્ત કર્યું.

**વર્ગઃ૮-અધ્યયનઃ૭ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૮-અધ્યયનઃ૯-પિતૃસેનકૃષ્ણા

[૫૮]એ પ્રમાણે પિતૃસેન કૃષ્ણા જાણવા.અંતર માત્ર એટલું છે પિતૃસેનકૃષ્ણા દેવીએ મુક્તાવલી તપી આરાધના કરી. તે આ પ્રમાણે-એક , બે, એક, ત્રણ , એક, ચાર , એક , પાંચ, આ પ્રમાણે અનુ ક્રમથી વધતા ૧૬ ઉપવાસ કરે છે વચ્ચે વચ્ચે ચતુર્થભક્ત કરવામાં આવે છે અને ત્યાર પછી ક્રમથી નીચે ઊતરે છે. જેમકે-સોળ ઉપવાસ, એક ઉપવાસ, પંદર ઉપવાસ, એક ઉપવાસ,અંતે એક ઉપવાસ કરે છે. આ મુક્તાવલીતપની પ્રથમ પરિપાટી છે. પ્રથમ પરિપાટીમાં બધા ઉપવાસોનાં પારણામાં દૂધ ઘી આદિ યથેચ્છ પદાર્થોનું સેવન કરાય. પ્રથમ પરિપાટીમાં અગિયાર મહિના, પંદર દિવસ લાગે છે. મુક્તાવલી તપની ચારે પરિપાટીઓનો કાળ ત્રણ વર્ષ, દશ મહિના છે. પિતૃસેનકૃષ્ણાદેવીની બાકીની તપસ્યા, કાલીદેવી પ્રમાણે જાણવી. અંતમાં તેણે સમસ્ત કર્મોનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કર્યો.

**વર્ગઃ૮-અધ્યયનઃ૯ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ૧૦-મહાસેનકૃષ્ણા

[૫૯]તે જ પ્રમાણે મહાસેનકૃષ્ણાનું જીવન પણ જાણવું. તેમાં અંતર માત્ર એટલું છે કે મહાસેનકૃષ્ણાએ "આયંબિલ વર્ધમાન" નામના તપની આરાધના કહી હતી. તે આ પ્રમાણે- પહેલાં આયંબિલ કર્યા પછી એક ઉપવાસ કર્યો. તત્પશ્ચાત્ બે આયંબિલ, એક ઉપવાસ. આ પ્રમાણે વધતા વધતા અંતમાં ૧૦૦ આયં બિલ અને એક ઉપવાસ કરે છે. ત્યાર પછી તે મહાસેનકૃષ્ણાદેવી આયંબિલ વર્ધમાન તપના ચૌદ વર્ષ, ત્રણ મહિના અને વીસ દિવસ-રાત્રિઓ સુધી સૂત્રોક્ત વિધિ પ્રમાણે યાવત્ કાયાદ્વારા સમ્યકરૂપે આરાધના કરીને જ્યાં આર્યા ચંદનાદેવી હતા ત્યાં આવે છે. વંદન-નમસ્કાર કરે છે. ત્યાર પછી અનેક ઉપવાસ, છઠ્ઠ આદિ તપસ્યા દ્વારા પોતાના આત્માને ભાવિત કરતા થકા સંયમજીવન વ્યતીત કરવા લાગ્યા. સિદ્ધ અને બુદ્ધપદ પ્રાપ્ત કર્યું. આઠમાં વર્ગમાં કાલી આદિ જે દસ આર્યાઓનું અને અંતે વર્ણન કર્યુ છે, તે દસે શ્રેણિક મહારાજાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાણીઓ હતી. તે બધાની દીક્ષાપર્યાય આ પ્રમાણે હતી.

[૬૦]કાલીદેવી આઠવર્ષ. સુકાલીદેવી નવવર્ષ. મહાકાલીદેવી દસવર્ષ. કૃષ્ણા દેવી અગિયાર વર્ષ. સુકૃષ્ણાદેવી બાર વર્ષ મહાકૃષ્ણાદેવી તેર. વીરકૃષ્ણાદેવી ચૌદ. રામકૃષ્ણાદેવી પંદર. પિતૃસેનકૃષ્ણાદેવી સોળ. મહાસેનકૃષ્ણા દેવી સત્તર .

[૬૧]હે જંબૂ ! ધર્મતીર્થની આદિ કરનાર શ્રમણ યાવત્ નિર્વાણ પ્રાપ્ત ભગવાન મહાવીર સ્વામીએ આઠમાં અંગ અંતગડદશાંગનો આ અર્થ પ્રતિપાદન કર્યો છે.

[૬૨]અંતકૃદ્દશાંગનો એક શ્રુતસ્કંધ છે. તેમાં આઠ વર્ગ છે. તેનો આઠ દિવસ માં ઉપદેશ અપાય છે. પ્રથમ તથા બીજા વર્ગમાં દસ-દસ ઉદ્દેશકો ત્રીજા વર્ગમાં તેર ઉદ્દેશકો, ચોથામાં અને પાંચમામાં દસ-દસ ઉદ્દેશકો, છઠ્ઠામાં સોળ ઉદ્દેશકો, સાતમામાં તેર ઉદ્દેશકો, અને આઠમામામાં દશ ઉદ્દેશકો છે. જે વિષયોની આ અંતગડસૂત્રમાં વ્યાખ્યા કરી નથી તે જ્ઞાતાધર્મકથા સૂત્ર પ્રમાણે જાણી લેવી જોઈએ.

**વર્ગઃ૮-અધ્યયનઃ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**વર્ગઃ૮-ગુર્જરછાયાપૂર્ણ**

| ૮ | અંતગડદસાઓ-ગુર્જરછાયાપૂર્ણ |
|---|---|
| | આઠમું અંગસૂત્ર-ગુર્જરછાયાપૂર્ણ |

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૯ અનુત્તરોવવાઈય દસાઓ

નવમું અંગસૂત્ર-ગુર્જરછાયા

## વર્ગ-૧

### -: અધ્યયન-૧-૧૦:-

[૧]તે કાળે અને તે સમયેમાં રાજગૃહ નામનું નગર હતું તે નગરમાં શ્રેણિક રાજા હતા. તેમને ચેલણા નામની રાણી હતી. ગુણશીલ નામનું ઉદ્યાન હતું. તે કાળે અને તે સમયમાં રાજગૃહમાં આર્યસુધર્માસ્વામી પધાર્યા.પરિષદઆવી.ધર્મદિશના સાંભળીને પરિષદ્ પાછી ફરી. આર્ય જંબૂસ્વામી શ્રી સુધર્માસ્વામીને વંદન-નમસ્કાર કરીને પૂછવા લાગ્યા-અહો ભગવન્ ! શ્રમણ યાવત્ મોક્ષને પ્રાપ્ત થયેલ ભગવાન મહાવીર સ્વામીએ આઠમાં અંગ અતકૃતદશાંગ સૂત્રનો આ પ્રમાણે અર્થ કહેલ છે, તો નવમાં અંગ અનુત્ત-રોવવાઈયદશાંગનો શું અર્થ કહેલ છે ? ત્યારે તે સુધર્માસ્વામી જંબૂ સ્વામીને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે જંબૂ ! નવમાં અંગ અનુતરોવવાઈયદશાંગ સૂત્રના ત્રણ વર્ગ કહેલ છે. હે ભન્તે ! અનુત્તરોવ વાઈયદશાંગ સૂત્રના પ્રથમ વર્ગના કેટલા અધ્યયનો પ્રરૂપ્યાં છે ? પ્રથમ વર્ગના દશ અધ્યયનો પ્રરૂપેલા છે, તો આ પ્રમાણે જાલિ મયાલિ, ઉવયાલિ, પુરુષસેન, વારિષેણ, દીર્ઘદાન્ત, લષ્ટદાંત, વેહલ્લ, વેહાયસ,અભય કુમાર.પ્રથમ અધ્ય-યનનો ભગવાને શો અર્થ પ્રરૂપ્યો છે ?

હે-જંબૂ ! તે કાળે અને તે સમયમાં રાજગૃહ નગર હતું. તે નગર ધન-વૈભવ ભવન અને જનસમૂહથી સંપન્ન હતું. ગુણશીલ ઉદ્યાન હતું. ત્યાં શ્રેણિક રાજા હતા. ધારિણી રાણી હતી. એકદા ધારિણી દેવીએ સ્વપ્નમાં સિંહને જોયો. સ્વપ્ન જોઈને જાગ્રત થાય છે યાવત્ જાલિકુમારનો જન્મ થાય છે. મેઘકુમારની જેમ જાલિકુમારનું વર્ણન સમજવું. જાલિકુમારના આઠ કન્યાઓથી સાથે લગ્ન થાય છે યાવત્ સુખનો અનુભવ કરતો વિચરે છે. સ્વામી સમોસર્યા શ્રેણિક નીકળ્યા મેઘકુમારની જેમ જાલીકુમાર નીકળ્યા દીક્ષા લીધી. અગ્યાર અંગનો અભ્યાસ કરે છે. સ્કન્ધક મુનિની જેમ ગુણરત્ન તપોકર્મ આદરે છે વગેરે સર્વે સંદક મુનિની માફક જાણવું. પ્રભાત પછી ભગવાનને પૂછીને સ્થવિર સાધુઓની સાથે વિપુલ પર્વત ઉપર ચડે છે. સંલેખના કરે છે. વિશેષ એકે સોળ વર્ષની શ્રામણ્યપર્યાયને પાળીને અને કાળના અવસરે કાળ કરીને ઉપર ચન્દ્રમાં, સૂર્ય આદિ તથા સૌધર્મ, ઈશાન, સનકુમાર, માહેન્દ્ર ઈત્યાદિ બાર દેવલોક અને નવ ગ્રૈવે-યકથી પણ ઉપર જઈને વિજય નામક અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી સ્થવિર ભગવંતોએ જાલિ અણગારને કાળને પ્રાપ્ત થયેલા જાણીને પરિનિર્વાણવર્ત્તી કાયોત્સર્ગ કર્યો અને તે જાલિ અણ ગારના ધર્મોપકરણ પાત્ર વસ્ત્રાદિ ગ્રહણ કરીને પર્વત ઉપરથી નીચે ઊતર્યા. ઊતરીને જ્યાં ભગવાન બિરાજમાન હતા ત્યાં ગયા અને ઉપકરણો સુપ્રત કરતા કહ્યું-જાલિ અણગારના ઉપકરણો આ રહ્યા. ત્યાર બાદ શ્રી ગૌતમસ્વામી પૂછે છે-ભગવન્ ! તે અંતેવાસી પ્રકૃતિથી ભદ્ર જાલિઅણગાર કાળના અવસરે કાળ કરીને ક્યાં ગયા ? ક્યાં ઉત્પન્ન થયા ? હે ગૌતમ ! વિજય વિમાનમાં ઉત્પન્ન થયા છે. ગૌતમ ! અહો ભગવન્ ! જાલિદેવતાની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! તેમની સ્થિતિ બત્રીશ સાગરોપમની છે. જાલિદેવ દેવલોકથી આયુષ્ય, ભવ અને સ્થિતિનો ક્ષય કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી દીક્ષા ગ્રહણ કરી સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, સર્વ દુઃખોનો અંત કરશે.

[૨]એ જ પ્રમાણે શેષ નવકુમારના અધિકારો જાણવા. પરન્તુ તેમાં આટલી વિશેષતા છે. સાતકુમાર ધારિણીરાણીના પુત્રો હતા અને વિહલ્લકુમાર તથા વેહાયસ-કુમાર ચેલણા રાણીના પુત્રો હતા. આદિના પાંચ અણગારોએ સોળ-સોળ વર્ષ. ત્રણ કુમારોએ બાર-બાર વર્ષ સુધી અને બેએ પાંચ-પાંચ વર્ષ સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કર્યું. પ્રથમના પાંચનો અનુક્રમથી વિજય, વૈજ્યંત, જ્યંત, અપરાજિત, અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા, બીજા સર્વાર્થસિદ્ધ, ચાર ઉલટા ક્રમે અપરાજિત, જ્યંત, વિજ્યંત, અનેઅભયકુમારવિજયવિમાનમાંઉત્પન્નથયા.શેષ વૃત્તાંત પૂર્વવત્ જાણી લેવો જોઈએ.

**વર્ગઃ૧ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## ॐ વર્ગઃ૨ ॐ અધ્યયન-૧-૧૩

[૩-૫]હે ભગવન્ ! અનુત્તરોવવાઈયદશાંગના બીજા વર્ગનો શ્રમણ યાવત્ મોક્ષ ને પ્રાપ્ત ભગવન્તે શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! વવાઈયદશાંગના બીજા વર્ગના તેર અધ્યય નો પ્રરૂપેલા છે. દીર્ઘસેન, મહાસેન, લષ્ટદન્ત, ગૂઢદન્ત, શુદ્ધદન્ત, હલ્લ, દ્રુમ, દ્રુમસેન, મહાદ્રુમસેન, સિંહ, સિંહસેન, મહાસિંહસેન, અને પુણ્યસેનકુમાર.

[૬]હે ભગવન્ ! બીજા વર્ગના પ્રથમ અધ્યયનનો શું અર્થ શ્રમણ ભગવાન મહા-વીર સ્વામીએ કહ્યો છે ? હે જંબૂ ! ખરેખર તે કાળ અને તે સમયમાં રાજગૃહનગર હતું. ગુણશીલ ચૈત્ય હતું. ત્યાં શ્રેણિક રાજા હતા. ધારિણી રાણી હતા. તે ધારિણી દેવી એકદા સિંહનું સ્વપ્ન જોવે છે. જાલિકુમારની જેમ જન્મ, બાલ્યાવસ્થા, બહોંતેર કળામાં નિપુણતા આદિ જાણવું. વિશેષ એ કે એનું નામ દીર્ઘસેન રાખવામાં આવ્યું હતું જાલિ-કુમારની જેમ દીર્ઘસેન પણ સિદ્ધિ પ્રાપ્ત કરશે અને સમસ્ત દુઃખોનો અંત કરશે. દીર્ઘ-સેનની જેમજ શેષ રાજકુમારોના વિષયમાં જાણવું. બધાનું રાજગૃહ નગર હતું. શ્રેણિક રાજા પિતા હતા, ધારિણી દેવી માતા હતી, સોળ-સોળ વર્ષ સુધી શ્રામણ્ય પર્યાયનું પાનલ કર્યું. એક મહિનાની સંલેખના કરી અનેઅનુક્રમથી તેઓમાંથી બે વિજય, બે વૈજ્યંત, બે જ્યંત, બે અપરાજિત, શેષ મહાસેન આદિ પાંચ સર્વાર્થ-સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહમાં જશે અને મોક્ષ પામશે.

**વર્ગઃ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

卐 વર્ગઃ૩ 卐 અધ્યયનઃ૧-ધન્ય

[૭-૯] તો ભગવન્ ! શ્રમણ ભગવાન યાવત્ મોક્ષને પ્રાપ્ત થયેલા મહાવીર સ્વામીએ ત્રીજા વર્ગનો શો અર્થ વર્ણવ્યો છે ? હે જંબૂ ! અનુત્તરોવ વાઈયદશાંગના ત્રીજા વર્ગના દસ અધ્યયનો પ્રરૂપ્યા છે ધન્ય, સુનક્ષત્ર, ઋષદાસ, પેલ્લક, રામપુત્ર, ચંદ્ર, પૃષ્ટિમાતૃકા, પેઢાલ, પોટિલ્લ, વિહલ્લકુમાર.

[૧૦]હે ભગવન્ ! શ્રમણ ભગવાને ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?-શું ભાવ વર્ણવેલ છે ? હે જંબૂ ! તે કાળે અને તે સમયે કાકંદી નગરી હતી. તે નગરી જન, ધન અને ભવનોથી સમૃદ્ધ હતી. સહસ્રામ્રવન ઉદ્યાન હતું. તે ઉદ્યાન સર્વ ઋતુ ઓના પુષ્પ, ફળ આદિથી સમૃદ્ધિ હતું. ત્યાં જિતશત્રુ રાજા હતો. ભદ્રાસાર્થ વાહિની રહેતી હતી. તે સાર્થવાહિની સમૃદ્ધ યાવત્ કોઈથી પરા ભવ પામનારી ન હતી. તે ભદ્ર સાર્થવાહિનીનો ધન્ના નામક પુત્ર હતો. તે પુત્ર સમસ્ત અંગોપાંગોથી પરિપૂર્ણ યાવત્ સુંદર રૂપવાળો હતો. તે બાળક પાંચ ધાવમાતાથી ઘેરાયેલો રહેતો. મહા બલકુમારનો વૃત્તાન્ત પ્રમાણે અહીં પણ સમજવું. યાવત્ બહોંત્તેર કળાઓનું ધન્નાએ અધ્યયન કર્યું. ત્યાર બાદ તે બાળક ધીરે ધીરે ભોગ ભોગવવા સમર્થ થઈ ગયો.

ત્યાર બાદ ભદ્રા સાર્થવાહિનીએ ધન્નાકુમારને બાલભાવથી મુક્ત અને સર્વ ભોગોને ભોગવવા સમર્થ થયેલ જાણીને બત્રીશ ઊંચા અને શ્રેષ્ઠ મહેલ કરાવ્યાં. તેમની મધ્યમાં અનેક સેંકડો સ્તમ્ભથી યુક્ત પ્રધાનભવન કરાવ્યું યાવત્ બત્રીસ ઉત્તમ શ્રેષ્ઠી ઓની કન્યાઓ સાથે એક જ દિવસમાં પાણિગ્રહણ કરાવ્યું, કરાવીને બત્રીસે બત્રીસ કન્યાઓને દાસ-દાસી, ધન-ધાન્ય આદિ દહેજ આવે છે. યાવત્ ધન્નાકુમાર ઉપર મહેલમાં વાદ્યોના નાદ સાથે મનુષ્ય સંબંધી સુખ ભોગવતો થકો વિચરે છે. તે કાળમાં અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સહસ્રામ્રવન ઉદ્યાનમાં પધાર્યા. પરિષદ્ દર્શન માટે નીકળી. કોણિક રાજાની જેમ જિતશત્રુરાજા પણ ભગવાનની દેશના સાંભળવા માટે નીકળ્યાં. ત્યાર બાદ તે ધન્ના કુમારે ભગવાનના આગમનના સમાચાર લોકોના મહાશબ્દો દ્વારા જાણ્યા. જમાલિકુમારની જેમ ધન્નાકુમાર પણ જાય છે. વિશે ષતા એટલી કે તે પગે ચાલીને જાય છે. ધર્મકથા સાંભળી પરિષદ્ સહિત રાજા સ્વસ્થાને ગયા. ધન્નાકુમાર ધર્મકથા સાંભળીને વૈરાગ્યવાન્ થયા. યાવત્ કહેવા લાગ્યા. હે ભગવન્ ! હું મારી માતા ભદ્રા સાર્થવાહિની ને પૂછીને આપની પાસે દીક્ષા લેવા ઈચ્છું છું. યાવત્ જમાલીની જેમ ધન્નાકુમાર પોતાની માતાને પૂછે છે. પૂછતાં જ માતાભદ્રા મૂર્ચ્છિત થઈ જાય છે. મુર્ચ્છા દૂર થવા પર માતા આ પ્રમાણે કહે છે- મહાબલ કુમારને માતા પિતાની સાથે વાત મુજબ અહીં પણ જાણવું. યાવત્ માતા પુત્રને ઘેર રાખવામાં સમર્થ ન થઈ ત્યારે, જે પ્રમાણે થાવચ્ચા પુત્રની માતાએ કૃષ્ણ મહારાજાને દીક્ષા વિષયક પૂછ્યું હતું તે જ પ્રમાણે ભદ્રા સાર્થવાહિનીએ જિતશત્રુ રાજાને દીક્ષા માટે કહ્યું, અને છત્ર ચામરની યાચના કરી. જિતશત્રુ રાજાએ થાવચ્ચા પુત્રની જેમ દીક્ષામહોત્સવ કર્યો, ધન્ના કુમાર દીક્ષિત થયા. અણગાર બની ઈર્યા સમિતિથી યુક્ત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી બની વિચરવા લાગ્યા.

ત્યાર પછી ધન્ના અણગારે જે દિવસે દીક્ષા ગ્રહણ કરી તે જ દિવસે શ્રમણ ભગ વાન મહાવીરને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું-હે ભગવન્ ! જો આપની અનુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મતિ પ્રાપ્ત થાય તો હું જીવનપર્યંત નિરંતર છઠ્ઠ-છઠ્ઠ કરી, છઠ્ઠના પારણે આયમ્બિલ કરવા અને તપકર્મથી આત્માને ભાવિત કરતા વિચરવા ઈચ્છું છું. છઠ્ઠ-છઠ્ઠ પારણામાં આયમ્બિલમાં લુખો સૂકો આહાર ગ્રહણ કરવો કલ્પે. તે પણ ભોજનથી લિપ્ત હાથથી દીધેલ જ આહાર કલ્પે તે પણ ઘરના પ્રત્યેક સભ્યોના જમ્યા બાદ વધેલો, નાંખી દેવો જેવો આહાર લેવો મને કલ્પે અને તેમાં પણ તેવો આહાર કલ્પે જેને અનેક શ્રમણો, બ્રાહ્મણો, કૃપણો, અતિથિઓ અને ભિક્ષાચરો પણ ગ્રહણ કરવાની ઈચ્છા ન કરે એવો તુચ્છ આહાર ગ્રહણ કરવો મને કલ્પે. આ પ્રમાણે ધન્ના અણગારે પોતાની ઈચ્છા ભગવાન પાસે વ્યક્ત કરી ત્યારે ભગવાન કહે છે- અહો દેવાનુપ્રિય ! તમોને સુખ ઊપજે તેમ કરો પણ પ્રમાદ ન કરો. ત્યાર બાદ ધન્ના અણગાર શ્રમણ ભગવાન મહાવીરની અનુમતિ પ્રાપ્ત કરી હર્ષિત થયા, સંતુષ્ટ થયા યાવત્ નિરંતર આજીવન છઠ્ઠ-છઠ્ઠ કરતાં થકા અને તપ કર્મ વડે આત્માને ભાવિત કરતા થકા વિચરવા લાગ્યા.

ધન્ના અણગાર પ્રથમ છઠ્ઠના પારણાના દિવસે પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરે છે. બીજે પ્રહોરે ધ્યાન ધરે છે અને ત્રીજી પોરસીએ ગૌતમસ્વામીની જેમ ગોચરી માટે ભગવાનને પૂછે છે. પૂછીને કાકંદી નગરમાં આવે છે. ત્યાં આવીને ઊંચ, નીચ અને મધ્યમ કુલોમાં ભિક્ષાર્થે પરિભ્રમણ કરે છે. લુખો સૂકો યાવત્ અન્ય કોઈ જેને ન ઈચ્છે તેવા આહાર માટે પરિભ્રમણ કરે છે. ભિક્ષા માટે અટન કરતાં ધન્ન અણગારે પોતાની ઉદ્યમવાળી ઉત્કૃષ્ટ યત્નાવાળી, એષણાના કારણે ક્યારેક આહાર મળે તો પાણી ન મળતું અને પાણી મળતું તો આહાર ન મળતો. એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ધન્ના અણગાર દીન થતા નહિ, ઉદાસ થતા નહિ, ચિત્તમાં કાલુષ્ય ઉત્પન્ન થવા દેવા નહિ. દીનપણથી રહિત, વિમનસ્કતા રહિત, આ કુળતા વ્યાકુળતા રહિત, નિરંતર સમાધિમાં લીન રહેતા તે અણગાર પ્રાપ્ત યોગમાં યતના કરનાર, અપ્રાપ્ત યોગ માટે ઉદ્યમ કરનાર, મન અને ઈન્દ્રિયોનો સંયમ કરનાર હતા. જેટલું પર્યાપ્ત હોય તેટલું જ ભિક્ષાવૃત્તિથી પ્રાપ્ત કરે છે. પ્રાપ્ત કરીને કાકંદી નગરી માંથી નીકળે છે. નીકળીને જ્યાં ભગવાન છે ત્યાં આવે છે. યાવત્ ગૌતમ સ્વામીની જેમ ગોચરી દેખાડે છે.

ત્યાર બાદ તે ધન્ના અણગાર ભગવાન મહાવીર સ્વામીની આજ્ઞા પ્રાપ્ત થવા પર મૂર્ચ્છાથી રહિત, રાગદ્વેષથી રહિત, જેવી રીતે સર્પ બીલમાં પ્રવેશ કરે તે પ્રમાણે મમત્વ રહિત આહાર કરે છે. આહાર કરીને સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતા થકા વિચરે છે. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર અન્યદા કોઈ સમયે કાકંદી નગરીના સહસ્રાભ્રવન ઉદ્યાનમાંથી નીકળે છે. નીકળીને જનપદોમાં વિચરવા લાગે છે. ત્યાર પછી તે ધન્ના અણગારને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના તથારૂપ સ્થવિર ભગ વંતો પાસેથી સામાયિકથી લઈ અગિયાર અંગોનું અધ્યયન કરે છે. ત્યાર પછી તે ધન્ના અણગાર એવી ઉદાર-પ્રધાન તપશ્ચર્યાના કારણે સ્કન્ધક અણગારની જેમ સૂકાઈ ગયા-કૃશ થઈ ગયા પણ ઉદાર તપની તેજથી હવનની અગ્નિની સમાન દેદીપ્યમાન થઈ ગયા

ધન્ના અણગારના પગ તપના પ્રભાવથી એવા થઈ ગયા હતા જાણે કે વૃક્ષની છાલ હોય, લાકડાની પાવડી હોય અથવા જીર્ણ થયેલ ઉપાનહ હોય, એ પ્રમાણે ધન્ના અણ ગારના પગ સૂકાઈ ગયા હાડકાથી, ચામડીથી અને નસોથી ઓળખાઈ શકતા હતા, પરન્તુ લોહી કે માંસથી ઓળખાઈ શકતા ન હતા.ધન્ના અણગારના પગની આંગળીઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપ જનિત રૂપ લાવણ્યથી એવી જણાતી હતી કે તુવેરની શીંગ, મગની શીંગ કોમળ હોય ત્યારે જ તોડીને તડકામાં રાખવામાં આવી હોય અને કરમાઈ ગઈ હોય તેવા પ્રકારે તેમના પગની આંગળીઓ સુકાઈ ગઈ હતી યાવત્ લોહી માંસ રહિત બની ગઈ હતી. તે ધન્ના અણગારની જંઘાઓ એવી થઈ ગઈ હતી જાણે કે કાગની જંઘા હોય, કંક પક્ષીની જંઘા હોય, ઢંક પક્ષીની જંઘા હોય યાવત્ લોહી અને માંસરહિત થઈ ગઈ હતી. ધન્ના અણગારના પગના જાનું એવા થઈ ગયા હતા કે જાણે કાગની ઘૂંટણ, મોરની ઢીંચણ, ઢંક પક્ષીના ઢીંચણ ન હોય ! યાવત્ લોહી અને માંસ રહ્યો ન હતા. તે ધન્ના અણગારના ઉચ્ચભાગ એવા થઈ ગયા હતા જાણે કે પ્રિયંગુ વૃક્ષની શાખાને, બોરડીના વૃક્ષની શાખાને, સાંગરી વૃક્ષની શાખાને તે કોમળ હોય ત્યારે જ કાપી નાખવામાં આવેલ હોય અને તડકામાં સૂકવવામાં આવેલ હોય અને સૂકાઈ જવાથી કૃશ થઈ ગયા હોય ધન્ના અણગારની કમરનો ભાગ ઊંટના પગ જેવો, વૃદ્ધ બળદના પગ જેવો, ભેંસના પગ જેવો યાવત્ લોહી અને માંસથી રહિત થઈ ગયો હતો. ધન્ના અણગારનો ઉદરનો ભાગ એવો થઈ ગયો હતો જેમ સૂકાઈ ગયેલા ચામડીની મશક હોય, ચણાદિ ભૂંજવાનું ભાજન હોય અથવા કાષ્ટની કથરોટ હોય. ધન્ના અણગારની પાંસળીયો તપરૂપ લાવણ્યથી એવી બની ગઈ હતી કે વાંસનો કરંડીયો હોય, વાંસની ટોપલી અને, વાંસના પાસા હોય, વાંસનો સુંડલો હોય ધન્ના અણગારની પીઠનો ભાગ તરરૂપ લાવણ્યથી એવો બની ગયો હતો જાણે કે વાંસની પટી હોય, સૂકાયેલ ભૃત્તાહારવાળા પાનની પંક્તિ હોય.

ધન્ના અણગારનું વક્ષઃસ્થળ એવું બની ગયું હતું જાણે કે વાંસની ચટાઈ હોય, વાંસનો પંખો હોય, તાડનો પંખો ધન્ના અણગારની બાહુ એવી બની ગઈ હતી જાણે કે શમીવૃક્ષની શીંગ, હાંભાની શીંગ, અગથીયાની શીંગ હોય. ધન્ના અણગારના હાથ એવા બની ગયા હતા જાણે કે સૂકાયેલું છાણું હોય, સૂકાયેલ વટવૃક્ષના પાન હોય, પલાશના સૂકાયેલા પાન હોય યાવત્ તે લોહી અને માંસથી રહિત બની ગયા.

ધન્ના અણગારના હાથની આંગળીઓ એવી બની ગઈ હતી જાણે કે તુવેરની શીંગને, મગની શીંગને, અડદની શીંગને, તે જ્યારે કોમલ હોય ત્યારે જ કાપીને તડકે સૂકવવામાં આવે અને જેમ કરમાઈ જાય. ધન્ના અણગારની ગરદન એવી થઈ ગઈ હતી જાણે કે માટીના નાના ઘડાની ડોક હોય કુંડિકાની ડોક હોય, ઊંચી ગરદનવાળા ભજન હોય યાવત્ લોહી અને માંસથી રહિત બની ગઈ હતી.

ધન્ના અણગારની દાઢી એવી થઈ ગઈ હતી જાણે કે સૂકાયેલું તુંબફળ હોય, બહુક નામક વનસ્પતિનું ફળ હોય અથવા આમ્બાની ગોઠલી ધન્ના અણગારના હોઠ એવા બની ગયા હતા જાણે કે સૂકાયેલ જલોક હોય, શ્લેષની ગુટિકા હોય અથવા અલક્તક ની ગુટિકા હોય ધન્ના અણગારની જીભ વટવૃક્ષના પાન જેવી પલાશ ના પાન જેવી અને સાગના પાન જેવી બની ગઈ હતી. ધન્ના અણગારની નાસિકા એવી બની ગઈ હતી જાણે કે કેરીની ફાંક હોય. અંબાડગની ફાંક હોય, બીજોરાની ચીર હોય. ધન્ના અણગારની આંખો એવી બની ગઈ હતી જાણે કે વીણાનું છિદ્ર હોય, વદ્ધીસકનામક વાદ્યનું છિદ્ર હોય અથવા જાણે કે પ્રાતઃકાળના તારા હોય ધન્ના આણગારના કાન એવા થઈ ગયા હતા જાણે કે મૂળાની છાલ હોય, ચીભડાની છાલ હોય, અથવા કારેલાની છાલ હોય, ધન્ના અણગારનું શીર્ષ એવું બની ગયું હતું જાણે કે કોમળ તુમ્બડાનું ફળ કોમળ બટાટા હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અથવા કોમળ સિસ્તાલક હોય તેને કાપી તાપમાં સૂકવ્યા હોય અને કરમાઈ જાય એવું તેનું મસ્તક થઈ ગયું હતું, તે સૂકાઈ ગયું હતું, રુક્ષ થઈ ગયું હતું, માંસરહિત થઈ ગયું હતું, તે હાડકાં ચામડી અને નાસિકા જાલથી જ ઓળખી શકાતું હતું, પરંતુ તે સર્વેમાં લોહી માંસ ન મળતા ન હતાં.

આ પ્રમાણે સર્વ અંગોપાંગના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એટલી કે ઉદર, કાન, જીભ અને હોઠ આટલાં અંગોમાં હાડકા નથી હોતા. ઉપરોક્ત અંગો ચામડી અને નાસાજાલથી જ ઓળખાતા હતા, આ પ્રમાણે કહેવું. ધન્ના અણગાર માંસ આદિના અભાવથી સૂકાઈ ગયેલા અને ભૂખને કારણે રૂક્ષ બની ગયેલા પગ, જાંઘ અને ઉદરના કારણે, માંસ ક્ષીણ થઈ જવાથી પ્રાન્ત ભાગમાં ઉન્નત બનેલા અસ્થિઓના કારણે પીઠ સાથે મળી ગયેલા ઉદર ભાગના કારણે, માંસહીન થઈ જવાથી દેખાતા પાર્શ્વ અસ્થિ ઓના કારણે, દોરામાં પરોવેલ માળાના પારાની જેમ અલગ અગલ ગણી શકાતી પાંસળીઓના કારણે, ગંગાના તરંગો સમાન વક્ષઃસ્થળ રૂપી કટક ભાગ દેખાતો હોવાથી, સૂકાયેલા સર્પ જેવી ભૂજાઓના કારણે, શિથિલ લગામ જેવા હાથોના કમ્પાય માન અગ્રભાગથી, કમ્પરોગથી પીડિત પુરુષ સમાન કમ્પાયમાન શિર રૂપી ધરીથી, કરમાયેલા મુખવાળા હોવાથી, ઓષ્ઠ ક્ષીણ થઈ જવાથી તે અત્યંત દુર્બળ થઈ ગયા હતા. તેમનો અગ્રભાગ સૂકાયેલા થોરના હાથા જેવો લાગતો હતો. તે ચાલે ત્યારે તેમનું શરીર કમ્પતું હતું. તેમની આંખો ઊંડી ઊતરી ગઈ હતી. ધન્ના અણગારનું શરીર અત્યન્ત દુર્બલ થઈ ગયું હતું. ધન્ના અણગાર આત્મબળથી જ ચાલતા હતા. આત્માની શક્તિથી જ ઊભા રહેતા હતા. 'બોલીશ' આમ વિચાર કરવા માત્રથી ભાષા બોલાવા પહેલાં અને બોલ્યા બાદ તે શ્રાન્ત થઈ જતાં હતા. ઊઠવા બેસવાથી તેમના શરીરમાંથી 'કરડ-કરડ' અવાજ આવતો હતો જેવી રીતે કોલસાની ભરેલી સગડીનો 'ખડ-ખડ' અવાજ હોય તેવી રીતે શરીરના હાડકાનો અવાજ આવતો હતો. ઈત્યાદિ જેવી રીતે ભગવતી સૂત્રમાં સ્કંધકનું વર્ણન કરેલ છે તેમ ધન્નામુનિનું વર્ણન જાણવું. આમ શરીરથી કૃશ હોવા છતાં પણ ધન્ય મુનિ ઢાંકેલી અગ્નિની જેમ દીપ્ત થઈ રહેલા હતા.

[૧૧]તે કાળે અને તે સમયમાં રાજગૃહ નગર હતું. ગુણશીલ ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતા. ભગવંત મહાવીર પધાર્યા. પરિષદ્ અને રાજા શ્રેણિક ધર્મદેશના સાંભળવા આવ્યા. ધર્મકથા સાંભળી પરિષદ્ પાછી ફરી. ત્યાર બાદ તે શ્રેણિક રાજા ધર્મદેશના સાંભળીને હર્ષિત થયા અને સંતોષ પામ્યા. સ્વામીને વંદન નમસ્કાર કરે છે. પૂછે છે અહો ભગવન્ ! આ ઈન્દ્રભૂતિ પ્રમુખ ચઉદ હજાર સાધુઓમાં દુષ્કરમાં દુષ્કર ક્રિયા કરનાર કોણ અણગાર છે ? મહા નિર્જરા કરનાર કોણ છે ? ત્યારે ભગવાને કહ્યું. હે શ્રેણિક ! ધન્ના અણગાર મહા દુષ્કર તપ કરનાર અને મહા નિર્જરા કરનાર છે.

ત્યારે શ્રેણિક રાજાએ ફરી પૂછ્યું- ક્યા કારણથી એમ કહો છો ? હે શ્રેણિક ! તે કાળ અને તે સમયમાં કાકંદી નામની નગરી હતી. ત્યાં ભદ્રાસાર્થવાહિનીનો પુત્ર ધન્ના કુમાર બત્રીસ સ્ત્રીઓની સાથે મહેલોમાં મનુષ્ય સંબંધી ભોગોને ભોગવી રહ્યો હતો. ત્યાં અન્યદા કોઈ સમયે હું અનુક્રમથી ચાલતો થકો ગ્રામાનુગ્રામ વિચરતો કાકંદી નગરીના સહસ્રાભ્રવનમાં ગયો સાધુયોગ્ય અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતો વિચરવા લાગ્યો. પરિષદ્ દર્શન કરવા માટે આવી. ધન્ય પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શન માટે આવ્યો. યાવત્ દીક્ષા ધારણ કરી યાવત્ સર્પ જેમ બિલમાં પ્રવેશ કરે તેમ પારણાના દિવસે આહાર કરે છે. અહીંયા પૂર્વવત્ સંપૂર્ણ શરીરનું વર્ણન ભગવાને શ્રેણિક સામે કર્યું. યાવત્ તપ તેજથી શોભતા વિચરે છે. એટલા માટે ધન્ના અણ ગાર દુષ્કર તપ કરનાર અને મહાનિર્જરા કરનાર છે. શ્રેણિક ઉક્ત કથન સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થયા જ્યાં ધન્ના અણગાર બિરાજતાં હતાં ત્યાં આવે છે, આવીને ધન્ના અણગારને વંદન-નમસ્કાર કરે છે. અહો દેવાનુપ્રિય ! આપ ધન્ય છો, આપ પુણ્યશાળી છો. હે દેવાનુપ્રિય ! તમો કૃતાર્થ છો, કૃતલક્ષણી છો, અહો દેવાનુપ્રિય ! તમોએ મનુષ્ય જન્મનું અને જીવનનું સુફલ સારી રીતે પ્રાપ્ત કરેલ છે. આ પ્રમાણે કહીને વંદન-નમસ્કાર કરે છે.

[૧૨]ત્યાર બાદ ધન્ના અણગારને અન્યદા કોઈ સમયે અર્ધ રાત્રિ વ્યતીત થવા પર ધર્મજાગરણ કરતાં આવા પ્રાકરનો અધ્યવસાય મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો- ખરેખર આ ઉદાર તપના કારણે આ શરીર શુષ્ક થઈ ગયું છે, યાવત્ સ્કન્ધકમુનિને જેવો વિચાર ઉત્પન્ન થયો હતો તેવો વિચાર થાય છે, યાવત્ તે ભગવાનને પૂછીને સ્થવિર સાધુઓની સાથે વિપુલ પર્વત ઉપર ચડીને એક માસની સંલેખના અંગીકાર કરે છે. નવ માસનો સંયમ પાળી યાવત્ કાળના અવસરે કાળ કરી, સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ પણે ઉત્પન્ન થયા છે. ધન્ના અણગાર કાળધર્મ પામ્યા, ત્યાર પછી સ્થવિર અણગારો પર્વત ઉપરથી નીચે ઉતર્યા યાવત્ ધન્ના અણગારના ભંડોપકરણ ભગવાનને સોંપે છે. ધન્ના અણગાર કાળના સમયે કાળ કરીને યાવત્ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા છે. ગૌતમ સ્વામી ફરી પૂછે છે-ભગવન્ ! ધન્ના દેવની કેટલા કાળની સ્થિતિ છે ? ભગવાને કહ્યું-ગૌતમ ! તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે. હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સંયમને ધારણ કરી યાવત્ સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરશે, યાવત્ સર્વ દુઃખનો અંત કરશે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

**વર્ગઃ૩-અધ્યયનઃ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## વર્ગ-૩-અધ્યયનઃ૨-૧૦

[૧૩] તે કાળ અને તે સમયમાં કાકંદી નગરીમાં ભદ્રાસાર્થવાહિની રહેતી હતી. તેને સુનક્ષત્ર નામનો પુત્ર હતો. તે સમસ્ત અંગોપાંગોથી પરિપૂર્ણ યાવત્ સુંદર રૂપવાન હતો. તે પાંચ ધાવમાતાથી વૃદ્ધિ પામતો હતો. ધન્ય કુમારની જેમજ બત્રીસ સ્ત્રીઓની સાથે ઉત્તમ મહેલમાં મનુષ્ય સંબંધી સુખોને ભોગવતો રહેતો હતો. તે કાળે અને તે સમયે ભગવાન પધાર્યા. ધન્ય કુમારની જેમ સુનક્ષત્રે પણ દીક્ષા ગ્રહણ કરી. જેમ થાવચ્ચાપુત્રનો દીક્ષા મહોત્સવ ઊજવાયો તેમ સુનક્ષત્રનો પણ દીક્ષિત થયા ત્યાર પછી તે સુનક્ષત્ર અણગારે જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસથી ધન્યમુનિની જેમ અભિગ્રહ ધારણ કર્યો, તેમજ બિલમાં જેમ સર્પ પ્રવેશ કરે તે પ્રમાણે અનાસક્ત ભાવે તે પ્રમાણે આહાર કરતા તપથી આત્માને ભાવિત કરતાં વિચરે છે.

ત્યાર બાદ શ્રમણ ભગવાન બહાર જનપદોમાં વિચરવા લાગ્યા અને સુનક્ષત્ર અણગારે અગિયાર અંગોનું અધ્યયન કર્યું અને તપ તથા સંયમથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. ત્યાર પછી તે સુનક્ષત્ર અણગાર ઉદાર-પ્રધાન તપ કરીને જેમ સ્કન્ધક કૃશકાય થયા હતા તેમ સુનક્ષત્ર મુનિ પણ થઈ ગયા. તે કાળ અને તે સમયમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજગૃહનગરીમાં ગુણશીલ ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતા. ત્યાં ભગવાન પધાર્યા. પરિષદ નીકળી. રાજા પણ નીકળ્યા. ધર્મકથા સાંભલી રાજા પાછા ફર્યા અને પરિષદ પણ પાછી ફરી. ત્યાર પછી તે સુનક્ષત્ર અણગારને કોઈ વખતે ધર્મજાગરણ જાગતાં એવા પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો. યાવત્ તે સંલેખના અંગીકાર કરે છે. તે ઘણા વર્ષ સુધી દીક્ષા પર્યાયનું પાલન કરી કાળ સમયે કાળ કરે છે. તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીસ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયા છે. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં દીક્ષા ગ્રહણ કરી સિધ્ધ થશે, યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

હે જંમ્બૂ! જેવી રીતે સુનક્ષત્ર અણગારનું કથન કરવામાં આવ્યું તે પ્રમાણે શેષ આઠેયનું કહેવું. વિશેષતા આ પ્રમાણે છે- અનુક્રમથી બે રાજગૃહે બે સાકેતમાં બે વાણીજ્યગ્રામમાં નવમાં હસ્તિનાપુરમાં અને દસમાં રાજગૃહ નગરમાં ઉત્પન્ન થયા. આ નવની માતા ભદ્રા હતી. નવેયને બત્રીસ સ્ત્રીઓ હતી. નવનો દીક્ષામહોત્સવ થાવચ્ચા પુત્રની સમાન થયો. વેહલ કુમારની દીક્ષાનો ઉત્સવ તેમના પિતાએ કર્યો. ધન્ના અણગારની નવમાસની દીક્ષા પર્યાય, વેહલ કુમારની છમાસ, બાકી શેષનો ઘણા વર્ષનો દીક્ષા પર્યાય, સર્વની એક માસની સંલેખના, સર્વ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. સર્વ મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે. આ પ્રમાણે દસે અધ્યયન સંપૂર્ણ થયા. સુધર્મા સ્વામી કહે છે-હે જમ્બૂ ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિકદશાના ત્રણ વર્ગનો આ અર્થ કહ્યો છે.

[અનુત્તરોપપાતિકદશાનો એક જ શ્રુતસ્કંધ છે. તેમાં ત્રણ વર્ગ છે. ત્રણ દિવસ માં એમનો ઉપદેશ કરાય છે. પ્રથમ વર્ગના દશ બીજા વર્ગના તેર, ત્રીજા વર્ગના દશ અધ્યયનો છે, સર્વ મળીને તેત્રીસ અધ્યયન છે.]

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**વર્ગઃ૩-અધ્યયનઃ૨-૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**વર્ગઃ૩-ગુર્જરછાયાપૂર્ણ**

## ૯ અનુત્તરોવવાઈયદસાઓ-ગુર્જરછાયાપૂર્ણ

### નવમું અંગસૂત્ર-ગુર્જરછાયાપૂર્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૧૦ પણ્હા વાગરણં

નવમું અંગસૂત્ર-ગુર્જરછાયા

## -: અધ્યયન-૧ આસ્રવદ્વાર-૧ :-

[૧]હે જંબૂ ! તે કાળે અને તે સમયે ચંપા નામક એક નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય વનખંડ-અશોક વૃક્ષ હતું. તે ચંપા નગરીમાં કોણિક રાજા હતો તેને ધારિણી દેવી નામે રાણી હતી. તે કાળે-તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીરના અંતેવાસી આર્ય સુધર્મા નામે શિષ્ય હતાં. તે જાતિ સંપન્ન, કુળસંપન્ન, બળસંપન્ન, રૂપસંપન્ન, વિનયસંપન્ન, જ્ઞાન દર્શન--ચારિત્રસંપન્ન,લજ્જાસંપન્ન, લાઘવતાસંપન્ન, ઓજસ્વી-તેજસ્વી-વર્ચસ્વી, યશસ્વી, ક્રોધ- માન- લોભને જીતેલા, નિદ્રા-ઈંદ્રિયપરિષહને જીતેલા, જીવિત-મરણ અને ભયથી મૂકાયેલા, તપ-ગુણ-કરણ-ચરણ- નિશ્ચય પ્રધાન, આર્જવ- માર્દવલાઘ- વ-ક્ષમા પ્રધાન, ગુપ્તિમુક્તિ-મંત્ર-બ્રહ્મચર્ય-વેદપ્રધાન, નય-નિયમ-સત્ય-શૌચ પ્રધાન, જ્ઞાનદર્શન-ચારિત્ર પ્રધાન, ચૌદપૂર્વી, ચાર જ્ઞાન યુક્ત, પાંચસો સાધુ સાથે પરીવરેલા, પૂર્વોનૂપૂર્વી વિચરતા એક ગામથી બીજે ગામ જતાં જે આ ચંપા નગરી ત્યાં પધાર્યા. યાવત્ યથાપ્રતિ રૂપ અવગ્રહને અવગ્રાહીને, સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરી વિહરતા હતા.

પર્ષદા નીકળી, ધર્મ કથન કર્યું, જે દિશાથી પર્ષદા આવી હતી તે દિશામાં પાછી ગઈ. તે કાળે અને તે સમયે આર્ય સુધર્મા સ્થવિરના અંતેવાસી આર્ય જંબૂ નામના અણ ગાર કે જે કાશ્યપ ગોત્રના હતા, આર્ય સુધર્મા સ્થવિરની બહુ દૂર નહીં- બહુ નજીક નહી તે રીતે રહીને સંયમતપ વડે પોતાના આત્માને ભાવિત કરીને વિચરતા હતા.

શ્રદ્ધા-સંશય-કુતૂહલપૂર્વક આર્ય જંબૂએ ઉઠીને જ્યાં આર્યસુધર્મા સ્થવિર હતા ત્યાં આવ્યા, પ્રદક્ષિણાપૂર્વક વંદન-નમસ્કાર કર્યા, અતિ દૂર નહીં-અતિ નીકટ નહીં એ રીતે વિનયપૂર્વક અંજલી કરી-કહ્યું. હે ભગવન્ ! શ્રમણ ભગવંત મહાવીરે-યાવત્-અનુત્તરોવવાઈયદસા નામક નવમાં અંગનો જે પ્રમાણે અર્થ પ્રરૂપિત કર્યો છે તે પ્રમાણે દશમાં અંગ સૂત્ર "પણ્હા વાગરણ-નો શો અર્થ પ્રરૂપેલ છે ?

હે જંબૂ ! ભગવંતે દશમાં અંગ સૂત્ર પ્રશ્ન વ્યાકરણના બે શ્રુતસ્કંધ પ્રરૂપેલા છે. આશ્રવદ્વાર અને સંવરદ્વાર. હે ભગવન્ ! પહેલાં શ્રુત સ્કંધના કેટલા અધ્યયનો કહ્યા છે? હે જંબૂ ! પાંચ અધ્યયનો કહ્યા છે. બીજા ના પણ તે જ રીતે પાંચ અધ્યયનોકહ્યા છે.

[૨]પ્રવચનના સારભૂત આશ્રવ અને સંવરના નિશ્ચિત અર્થને હું કહું છું. જે પૂર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહર્ષિઓ એ મોક્ષના પ્રયોજનભૂત તે અર્થને સુંદર રીતે કહ્યો છે તે રીતે હું કહું છું.

[૩]જિનેશ્વર દેવે આશ્રવના પાંચ ભેદો કહ્યા છે. હિંસા, મૃષા, અદત્ત, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ.

[૪]હિંસારૂપ પ્રથમ આસ્રવદ્વારનું સ્વરૂપ, હિંસાના પર્યાય નામો, હિંસાના કારણો તેના ફળ-પરીણામ, પ્રાણ વધ કરનારનું સ્વરૂપ વર્ણવેલ છે તે તું સાંભળ

[૫]શ્રી જિનેશ્વરદેવે એ પ્રાણાવધને હંમેશાં,પાપકારી ચંડ- રૌદ્ર-ક્ષુદ્ર,- સાહસિક અનાર્ય-નિર્ધૃણ-નિઃશંસ-પ્રતિભય,- અતિભય- બીહામણો, ત્રાસના સ્થાનરુપ, અન્યાય કારી, ઉદ્વેગકારી, અપેક્ષારહિત, નિધર્મ- નિપિપાસા, નિષ્કરુણ નરકમાં લઈ જવાવાળો, મોહ તથા મહાભયનો કરણહાર, અને મરણ વૈમનસ્યકારક કહ્યો છે અને તે પહેલું અધર્મદ્વાર છે.

[૬]હવે હિંસાનાં ગુણનિષ્પન્ન એવાં ૩૦ નામ કહે છેઃઃ પ્રાણવધ, શરીરથી જીવનું ઉન્મૂલન કરવું તે,અવિસંભ, હિંસા-વિહિંસા અકૃત્ય, ઘાત કરવો તે, મારવું તે, વધ કરવો તે, ઉપદ્રવ કરવો-નિપાતના, આરંભ-સમારંભ કરવો, આયુષ્ય કર્મને ઉપદ્રવ કરવો ભેદ કરવા, આયુષ્યને ગાળવું, આયુષ્યને સંવર્ત કરવું, સંકોચાવવા, મૃત્યું કરવું, અસં-યમ કરવો, જીવની સેનાનું મર્દન કરવું, શ્વાસથી જીવનો અંત કરવો, પરભવમાં ગમન કરાવવું, દુર્ગતિમાં પાડવું, પાપરુપ કોપ કરવો, પાપકાર્યમાં આસક્ત થવું, શરીરનું છેદન, જીવિતવ્યનો અંત કરવો, ભય કરવો, ઋણ વધારવું, વજ્ર, પરિતાપ દુઃખરુપ આસ્રવ, પ્રાણ કાઢવા, નિયતતા , લોપન , ઉત્તમ ગુણની વિરાધના, એ રીતે સમુચ્ચયે ત્રીસ નામ કહેલાં છે અને કટુ ફળદાયી છે.

[૭]હવે કેટલાક પાપીઓ ઉપર કહ્યા સિવાયની બીજી રીતે પણ હિંસા કરે છે, તે કહે છે. અસંયતિ, અવિરતિ, અનુપશાન્ત પરિણામવાળા અને દુષ્ટ યોગને ધારણ કર-નાર પ્રાણવધ કરે છે. એ પ્રાણવધ ભયંકર, બહુવિધ-અનેક પ્રકારનો છે, હિંસા કરના-રાઓ અન્ય જીવોને દુઃખ ઉપજાવવામાં તત્પર રહે છે અને તેઓ નીચે જંણાવેલ ત્રસ--સ્થાવર જીવોની ઉપર દ્વેષ રાખવાની બુદ્ધિવાળા હોય છે.

**જલચરઃ-** મત્સ્ય, મોટાં મત્સ્ય, તિમિંગલ જાતિનાં વગેરે અનેક પ્રકારનાં મત્સ્ય, વિવિધ પ્રકારના દેડકાં, બે પ્રકારના કાચબા, વિશિષ્ટ નકચક નામના મત્સ્યો બે પ્રકારના મગર, મુસંઢ વિગેરે વિવિધ પ્રકારના ગ્રાહ, દિલિ, વેઢક, મંડુક, સીમાકર, પુલક એ પાંચ પ્રકારના ગ્રાહ, સુસુમાર એ વિગેરે અનેક જાતનાં જલચર. **સ્થલચરઃ-** મૃગ, રુરુ જાતિનો મૃગ, અષ્ટાપદ, ચમરી ગાય, સાવર, ગાડર, સસલાં, વન ચર પ્રાણી, ગોધા, રોહિત, ઘોડા, હાથી,ગધેડા, ઉંટ, કરભ, ખડ્ગ, **વાંદરા,** રોઝ નહાર, શિયાળ, નાનાં ભુંડ, બિલાડાં, મોટા સુઅર, શ્રીકંદલક, આવર્ત, લોમડી, બે ખરીવાળા પશું,એક જાતિનાં હરણ, પાડા, વાઘ,બકરા,ચિત્રા, કુતરા,તરસ,રીંછ,અચ્છ,મલ્લુક મૃગવિશેષ શાર્દુલ,સિંહ, ચિલ્લાર, વગેરે ચતુષ્પદ જાનવરો. **ઉરપરિસર્પઃ-** અજગર, ફેણ વિનાનો સર્પ, દૃષ્ટિવિષ સર્પ, મકુ-લોક સર્પ, કાકોદર, દર્ભકર, ફણધર, અસાલીયો સર્પ, મહોરગ, ઈત્યાદિ ઉરપરિસર્પ. **ભુજપરિસર્પઃ-** છીરલ, સંરંગ, સેહ, સેલ્લગ, ઉંદર, નોળીયો, કાચીંજો, કાંટાવાળો શેળો. ખીસકોલી, ચાતુષ્પદ, ગરોળી, એ ભુજપરિસર્પ

**ખેચરઃ-**હંસ, બગલા, બતક, સારસ, આડા પંખી, સેંતીકાપંખી, કુલલ, બંજુલ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પારાપત્ત, કીવ, પીપી શબ્દ બોલનાર, શ્વેત હંસ, પગ અને મ્હોં કાળાં હોય તેવા હંસ ભાસ કુલીકોસ ક્રૌંચ, દગતુંડ, ઢેલ, સુઘરી, કપીલ પીંગળાક્ષક, કારંડવ, ચક્રવાક, ઉકકોસ, ગરુડ, પંગુલ પોપટ, કળાવાળો મોર, કાબરી, નંદમાણકર નંદીમુખ કોરંગ, ભીંગારક, કોણાલય, જીવજીવક, તેતર વર્તકા, લાવો, કપીંજલ, હોલા, કાગ, પારેવા, ચિડી ઢંક, કુકડા, મેસર, નાચનારા મોર, ચકોર, હયપુંડરીક, કરંકરક, સીંચાપ્પા, કાગડા, વિહંગ, મેણાસી, ચાસ વડવાગોળ, ચામાચીડીયાં, વિતતપંખી, એ વગેરે ખેચર

જલચર, સ્થલચર, ખેચર અને પંચેન્દ્રિય પશુના સમૂહને હણે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોને હણે વિવિધ પ્રકારના જીવો જેમને પોતાનું જીવિત વહાલું છે અને મરણનાં દુઃખથી ત્રાસે છે. એ બિચારા રાંક જીવોને ક્રૂર કર્મી હણે છે.

તેઓ એ પ્રાણીઓને જે જે કારણે કરીને હણે છે, તે કારણો નીચે મુજબ છે : ચાંમડાં, ચરબી, માંસ, મેદ લોહી, જમણા પાસની ગાંઠ, ફેફસાં, મગજ, હૃદયનું માંસ, આંતરડાં, પિત્ત, ફેફસાં દાંત, હાડકાં, હાડકાંનીઅંદરની મજ્જા, નખ, આંખ, કાન, નાક, નાડી, શીંગડાં, દાઢ, પાંખ, વિષ, હાથીદાંત, અને વાળને માટે પંચેન્દ્રિય જીવને હણે છે. ભ્રમર મધુકર વગેરે ચૌરેન્દ્રિય જીવના સમૂહના મધુરા રસમાં ગૃદ્ધ થએલા ચૌરેન્દ્રિય જીવોને હણે છે. તેવીજ રીતે શરીરના રક્ષણને અર્થે, ઉંઘને અર્થે રાંક તેન્દ્રિય જીવો ને હણે છે. વસ્ત્રને અર્થે કીડા વગેરેને,ઘરને અર્થે બેઈન્દ્રિય જીવો સાથેની માટીને, તેમજ વિભૂષ-ણને અર્થે બેઈન્દ્રિય જીવોને, એ રીતે અનેક કારણોને માટે અજ્ઞાની જીવો બેઈન્દ્રિયાદિ ત્રસ જીવોને હણે છે.

એ સિવાય એકેન્દ્રિયને આશ્રયે રહેલા ત્રસ જીવોને તથા ત્રસ જીવોને આશ્રયે રહેલા એકેન્દ્રિય જીવોને પણ તેઓ અનેક કારણને લીધે હણે છે. તે બિચારા એકેન્દ્રિય જીવો રક્ષણરહિત છે, શરણરહિત છે, અનાથ છે, બાંધવાદિરહિત છે, કર્મરુપી સાંક ળથી બંધાયેલા છે, અકુશલ પરિણામવાળા છે, મંદબુદ્ધિ લોકો જેમને જાણતા નથી એવા છે. એ જીવો પૃથ્વીકાયના જીવો છે તથા પૃથ્વી કાયને આશ્રયે રહેલા જીવો છે; પાણીના જીવો છે તથા પાણીને આશ્રયે રહેલા જીવો છે. અગ્નિ ના જીવો છે; વાયુના જીવો છે; તૃણ-વનસ્પતિના જીવો છે તથા તેને આશ્રયે રહેલા જીવો છે. તે જીવો એકેન્દ્રિયપણે ઉત્પન્ન થાય છે અને તેમનો આહાર પણ એકેન્દ્રિયનો છે. એવા ત્રસને તેઓ હણે છે. ત્રસ જીવો એકેન્દ્રિયાદિનો જે આહાર કરે છે તેના સરખાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, રુપ અને સ્વભાવ પરિણમે છે. બે આંખે દેખાય નહિ તેવા તથા આંખે દેખાય તેવા ત્રસકાયના અસંખ્યાત જીવો છે. તેમજ સ્થાવર, સૂક્ષ્મ, બાદર, પ્રત્યેક, સાધારણ અને અનંત કાયા-દિક જીવોને તેઓ હણે છે. આ સ્થાવર જીવો વિવેક રહિત, સુખદુઃખના જાણવાવાળા છે. આ પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોને તે લોકો હણે છે.

ખેતી, વાવ, ક્યારા, કૂવા, તળાવ, માટીખાણ, ખાઈ, વાડી, કીડાનાં સ્થાન, પગલાં, ગઢ, બારણાં, કોઠા, માર્ગ, તથા પગથીયાં, મહેલો, તેના બાગો, ભવન, ગૃહ, ઘાસના કુબા, પર્વત ઉપરનાં ગૃહ, હાટ, પ્રતિમાનું સ્થાનક, દેવમંદિર, ચિત્રસભા, પરબ, દેવનાં સ્થાનક, તાપસાદિકનાં સ્થાનક, ભોંયરાં અને માંડવા, તેમજ વાસણ, ઘરનાં રાચર ચીલાં, એ વગેરે અનેક પ્રકારનાં કારણો એ મંદ બુદ્ધિવાળાઓ પૃથ્વીકાયની હિંસા કરે છે. સ્નાન, પાન, ભોજન, વસ્ત્ર ધોવાં, શૌચ આદિને કારણે મંદ બુદ્ધિવાળાઓ અપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયની હિંસા કરે છે. રાંધવું, રંધાવવું, અગ્નિ સળગાવવા, દીવો વગેરે કરવા, ઈત્યાદિ કારણે અગ્નિકાયની હિંસા કરે છે. ઝાટકવું, વીંજણો વીંજવો, બેપડો મોરપીચ્છ ફેરવવી, મુખે ઉચ્ચાર કરવો, તાલોટા વગાડવા સાગપત્ર ફરકાવવું, વસ્ત્ર આદિના વાયુ ઢોળવો ઈત્યાદિથી વાયુકાયની હિંસા કરે છે. ઘર, હથી યાર, અન્ન, શય્યા, આસન પાટિયું, સાંબેલું, ખાંડણીઓ, વીણા પટહ અતોધ વહાણસ વાહન, મંડપ, નાના પ્રકારનાં ભવન, તોરણ, કાષ્ટ-પાષાણનાં દહેરાં, જાળી, અર્ધ ચંદ્રાકાર પગથીયા, બારસાખ ચંદ્રશાળા, વેદિકા, નીસરણી, હોડી, નગારી, ખુંટા, પરબ- આશ્રમ, સુગંધદાયક પદાર્થ પુષ્પમાળા, અંગવિલેપનના પદાર્થો, વસ્ત્રો, ધુસરું, હળ, પાત્ર, રથ, પાલખી, ગાડાં, યાન, ગઢના કોઠા, ગઠની અંદરનો માર્ગ, બારણાં, પોળ, આગળો, રહેંટ, શુળી, લાકડી, મુસુંઢિ હથી યાર ઈત્યાદિ ઘણાં કારણોને માટે ઉપર જણાવ્યા તે તથા બીજાં સત્વવાળાં તથા સત્વ વિનાનાં વૃક્ષોના સમૂહ ઈત્યાદિ વનસ્પતિકાયની હિંસા અતિમૂઢ અને દારુણ મતિવાળા ઓ ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોકવડે, વેદને માટે, જીવિતને અર્થે, કામભોગને અર્થે, ધનને અર્થે અને ધર્મ નિમિત્તે કરે છે. વળી તેઓ સ્વવશ રહેલાને, પરવશરહેલાને,પોતાનેઅર્થે,પરનેઅર્થે,ત્રસ પ્રાણીઅનેસ્થાવરએકેન્દ્રિયાદિકને હણેછે.

તે મંદ બુદ્ધિવાળાઓ સ્વવશપણે તેમ પરવશપણે અને બેઉ પ્રકારે હિંસા કરે છે. તેઓ પોતાને અર્થે. પરને અર્થે અને બેઉને અર્થે હિંસા કરે છે. તેઓ હાસ્યપૂર્વક, વૈરપૂર્વક અને રતિ ઉપજાવવા અર્થે, તેમજ એ ત્રણને અર્થે, હિંસા કરે છે. તેઓ ક્રોધ કરીને, લોભે કરીને અને અજ્ઞાનપણે કરીને તેમજ એ ત્રણે કરીને હિંસા કરે છે. ધનોપાર્જનને અર્થે. ધર્મ નિમિત્તે, કામ-ભોગને અર્થે, તેમજ એ ત્રણેને અર્થે તેઓ હિંસા કરે છે.

[૮]આ બધી હિંસા કોણ કરે ? સુઅરનો શિકારી કરમચ્છીમાર પારધી વાગરો ચત્તી, બાંધવા ઉપાયો કરનાર ત્રાપા પર બેસીને જાળ નાંખનાર બાજ પક્ષી, લોહનાં સાધનો, ડાભના પાસલા, કુંડી, બકર વગેરે શિકારનાં સાધનો, અને પાપી સેવકોને પણ તે ચાંડાલો પોતાના હાથમાં રાખે છે. વનચરવ્યાઘ્ર મધ એકઠું કરનારા, બાળ હત્યારા, મૃગોના પોષક, સરોવર-દ્રવ-નદી-તળાવ-નાનું તળાવ વગેરેને ગાળનારા, તેને વિશેષ ઉંડાં કરનારા, પ્રવાહને બાંધનારા, પાણીને વહેવડાવી નાંખનારા, કાળકૂટ જોર અને સામાન્ય વિષ આપી હિંસા કરનારા, ઘાસ તથા ખેતર વગડાને અગ્નિ લગાડી નિર્દયતાથી બાળનારા, અને ક્રૂર કર્મ કરનારા, મ્લેચ્છ જાતિના લોકો :

આ મ્લેચ્છ જાતિના લોકો ક્યા ક્યા દેશના વાસી છે ? સકક, યવન, સંવર, બર્બશ, કાય, મુરડ, ઉડ, ભડગ દેષ ભિત્તિય, એકુણીક, કુલાક્ષ, ગોડ, સિંહલ, પારસ, કોંચ, અંધ, દ્રવિડ, ચિલ્લલ , પુર્લિદ, આરોસ, ડોંબે, પોક્કણ, ગંધહારક, બહલીક, જલ, રોમ, મોસ, બકુશ, મલય, ચુંબુક ચુલિક, કોંકણકે, મેદ, પલ્લવ, માળવ, મગર, આભાષિક અનક્ષ ચીન,હલાસિક,ખસ,ખાસિક નેધર, મહારાષ્ટ્ર, મુષ્ટિક, આરબ, ડોવિલક, કુહણ, કેકય, હુણ, રુકડ, મરુગ અને ચિલાક : એ દેશના વાસીઓ પાપમતિ છે. તેઓ જલચર, સ્થળચર, નખવાળાં પ્રાણીઓ, સર્પાદિ, ખેચર સાળસા જેવા મુખવાળાં પંખીઓ, સંજ્ઞી પ્રાણીઓ, અસંજ્ઞી પ્રાણીઓ, પર્યાપ્તા જીવો વગેરેની અશુભ લેશ્યા અને દુષ્ટ પરિણામે કરીને હિંસા કરે છે. એ પ્રાણીહિંસા કરનારાઓ હિંસા કરવાને સામા ચાલીને જાય છે. તેઓ પાપ ઉપર રુચિવાળા, પ્રાણવધ કરીને આનંદ માનનારા જીવહિંસાને અનુષ્ઠાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માનનારા અને પ્રાણીહિંસાની કથા વાર્તા સાંભળવામાં સંતોષ ધરાવનારા હોય છે. તે પાપનાં ફળ તેમાં આનંદ માનનારને બહુ પ્રકારે ભોગવવાં પડે છે. અજ્ઞાનપણે એ કરેલાં પાપોનાં ફળ નરકાદિનાં દુઃખ કારક અને ભયંકર હોય છે. ઘણા કાળ સુધી અવિશ્રાન્ત પણે અનેક પ્રકારથી નરક અને તિર્યંચની ગતિમાં વેદનાનો અનુભવ એ પાપો કરાવે છે. આયુષ્ય પુરું થયે એ જીવો ઘણાં અશુભ કર્મોને યોગે નરકમાં ઉત્પન્ન થાય છે.

એ નરક કેવી છે ? તેને વજ્રમય ભીંતો છે, તે અતિ પહોળી છે, સાંધા વિનાની છે, દ્વાર વિનાની છે, કઠોર ભૂમિમાં તળીયાં છે, તેનો સ્પર્શ કર્કશ છે, ઉંચી-નીચી વિષમ ભૂમિ છે. એ નરકગૃહ બંધીખાનાં જેવા છે. તે અત્યંત ઉષ્ણ, હંમેશા, તપ્ત, દુર્ગંધી, ઉદ્વેગજનક ને ભયંકર દેખાવવાળાં છે. તે નરકગૃહો શીતળતામાં હીમનાં પડલાં જેવાં છે કાન્તિએ કાળાં છે, ભયંકર છે, ઉંડાં છે, રોમાંચકારક છે, અરમણીય છે. અનિવાર્ય રોગ અને જરાથી પીડાયેલા નારકી જીવોનું એ નિવાસસ્થાન છે. ત્યાં હંમેશ તિમિસ્ર ગુફા જેવો અંધકાર વ્યાપેલો છે, ત્યાં પરસ્પર ભય રહેલો છે. ત્યાં ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, તારા વગેરે નથી. આ નરકગૃહો મેદ, ચરબી, માંસ પરુ, લોહીથી મિશ્રિત અને દુર્ગંધમય, ચીકણા તથા સડી ગએલા કાદવથી વ્યાપ્ત છે. ત્યાં ખેરનાં લાકડાંના જેવો જાજ્વલ્યમાન અને રાખથી ઢંકાયેલા જેવો અગ્નિ છે. એ નરકગૃહોનો સ્પર્શ તલવાર, છરો, કરવતની ધાર જેવો તીક્ષ્ણ, વીંછીના આંકડાના ડંખ જેવો અતિ દુઃખકર છે. એવા નરકમાં જીવ રક્ષણ વિનાનો, શરણ વિનાનો, કડવાં દુઃખે કરી પીડા પામતો, પૂર્વે બાંધેલાં કર્મોવાળો હોઈ વેદના ભોગવ્યા કરે છે. નરકમાં પરમાધામી દેવો વ્યાપી રહેલા છે. નારકી જીવોને અંતર્મુહૂર્તમાં વૈક્રિય-લબ્ધિ વડે કરી બેડોળ, બીહામણું અને હાડકાં-નસો-નખ-રોમથી રહિત શરીર પ્રાપ્ત થાય છે. ત્યાર પછી પાંચ પર્યાય અને પાંચ ઈન્દ્રિય પરિપૂર્ણ વિકસે છે અને તે વડે અશુભ વેદનાઓ ભોગવે છે. તે વેદના અત્યંત આકરી, પ્રબળ, સર્વશરીર વ્યાપી, છેવટ સુધી રહેનારી હોય છે. વળી તે વેદના તીવ્ર, કર્કશ, પ્રચંડ, બીહામણી, અને દારુણ. લોહીની મોટી હાંડલીમાં રાધવું, સેકવું, તાવડીમાં તળવું, ભઠ્ઠીમાં ભુંજવું, લોઢાની તડાઈમાં ઉકાળવું, બલિદાન દેવું ખાંડવું, શાલ્મલી વૃક્ષના તીક્ષ્ણ લોહકંટકલ જેવા કાંટા ઉપર રગદોળવું, ફાડવું, વિદારવું, માથાને પાછળ નીચું નમાવી બાંધવું, લાકડીથી ફટકા મારવા, ગળામાં બળાત્કારે ફાંસી નાંખીને હિંચોળવું, શૂળની અણી ધોંચવી, આજ્ઞા કરીને ઠગવું, ભોંડા પાડવું, અપમાન કરવું, ગુન્હો બતાવીને વધભૂમિમાં લઈ જવું, વધ્ય જીવને માટીમાં દાટવો.

એ પ્રમાણેનાં કષ્ટોથી પૂર્વે કરેલાં કર્મોનાં સંચયથી નારકી જીવો પીડાય છે. નરક ક્ષેત્રોનો અગ્નિ દાવાનળ સરખો એને અતિ દુઃખકારી, ભયકારી, અશાતાકારી શારીરિક અને માનસિક એવી બે પ્રકારની વેદના એ જીવો ભોગવે છે, અને એ વેદનાને એ પાપીઓ ઘણા પલ્યોપમ અને સાગરોપમના આયુષ્ય સુધી દયાજનક રીતે સહન કરે છે. પરમાધામી જ્યારે નારકીને ત્રાસ ઉપજાવે છે, ત્યારે નારકીઓ ભયભીત સ્વરે. આક્રન્દ કરતાં કહે છે.

“હે અત્યંત શક્તિમાન, હે સ્વામી, હે ભાઈ, હે બાપ, હે તાત, હે શત્રુજિત્ત ! મને છોડો, હું મરું છું, હું દુર્બલ છં, વ્યાધિપીડિત છું !” એમ બોલતો તે જીવ દયારહિત પરમાધામી તરફ દૃષ્ટિ કરે છે કે રખે મને મારશે ! તે કહે છે “મને કૃપા કરીને મુહૂર્તમાત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્વાસોશ્વાસ લેવા દો અને મારા પર રોષ ન કરો ! હું ક્ષણ માત્ર વિસામો લઈ શકું તે માટે મારું ગળાનું બંધન છોડો, નહિતર હું મરી જઈશ. મને બહુ તરસ લાગી છે, માટે મને પાણી પીવા આપો. તે વખતે પરમાધામી તે નારકીને કોમળ આમંત્રણ વડે "શીતળ અને નિર્મળ પાણી તું પી" એમ કહે છે કે અને તને પકડીને પરમાધામી કથીરનો રસ કળશ માંથી રેડે છે; તે પાણી દેખીને નારકી ધ્રુજી ઉઠે છે અને આંસુ ગાળતાં કરુણાજનક સ્વરે કહે છે કે "મારી તરસ હવે છીપાઈ ગઈ છે, મારે હવે પાણી પીવું નથી" એમ બોલતાં નારકીઓ દિશાઓમાં દૃષ્ટિ કરતા, રક્ષણરહિત, શરણરહિત, અનાથ, અબાંધવ, સ્વજ નાદિથી રહિતપણે ભય પામેલા મૃગોની પેઠે ઉતાવળા અને ભયથી ઉદ્વિગ્ન થઈ નાસે છે, તે નાસી જતા નારકીને નિર્દય પરમાધામીઓ બળાત્કારે પકડીને તેમનું મ્હોં લોહદંડ વડે ખુલ્લું કરીને કડકડતાં કથીરના રસને તેમાં રેડે છે. કોઈ પરમાધામીઓ તેમને દાઝતા જોઈને હસે છે. તે વખતે નારકીઓ પ્રલાપ કરે છે, ભયકારી અશુભ શબ્દ ઉચ્ચારે છે. રૌદ્ર શબ્દ કરે છે, કરુણ વચનો બોલે છે. પારેવાની પેઠે ગદ્ગદ્ સ્વરે કરે છે. એ રીતે પ્રલાપ કરતા, વિલાપ કરતા, દયામણે શબ્દે આક્રંદ કરતા ત્યારે શબ્દો ઉચ્ચારે છે. કોપતા પરમાધામીઓ અવ્યક્ત ગર્જના કરીને તેને પકડે છે, બળ વાપરે છે. પ્રહાર કરે છે, છેદે છે, ભેદે છે, ભોંય પછાડે છે, આંખના ડોળા કાઢે છે, હાથ આદિ અંગ કાપે છે, છેદે છે, મારે છે, ગળું પકડી બહાર કાઢે છે, પાછો ધકકેલે છે, અને કહે છે "પાપી ! તારા પૂર્વનાં પાપકર્મને અને દુષ્કૃત્યોને સંભાર." એવા શબ્દોથી જેવી રીતે નગરમાં આગ લાગવાથી કોલાહલ ને લોકોને ત્રાસ ઉપજે તેવી રીતે નરકમાં પડઘા પડે છે. નરકમાં પરમાધામી ઓથી પીડા પામી રહેલા નારકીઓ અનિષ્ટ શબ્દો ઉચ્ચાર્યા કરે છે. એટલે પરમાધામી ઓ તેમની તલવારની ધાર સરખાં પાંદડાંના વનમાં, દર્ભના વનમાં, અણ ઘડ- પત્થરના રણમાં અણીદાર શૂળોના જંગલમાં, ખારથી ભરેલી વાવમાં, ઉકળેલાં કથીરરસની વેતરણી નદીમાં, કદંબપુષ્પ સરખી ચળકતી રેતીમાં, પ્રજ્વલિત ગુફાકંદરામાં ફેંકે છે. તેથી તેઓ મહાપીડા પામેછે. અતિ તપ્ત કાંટાવાળા ધૂસરા સહિત રથે નારકીઓને જોડીને તપાવેલ લોહમાર્ગ ઉપર પરાણે પરમાધામીઓ ચલાવે છે અને ઉપરથી નાના પ્રકારનાં શસ્ત્રે કરીને તેમને માર મારે છે.

તે શસ્ત્રો કેવા છે ? મુદ્દગર, મુસુંઢિ કરવત, ત્રિશુળ, હળ, ગદા, મુશલ, ચક્ર, ભાલો, બાણ, શૂળી, લાકડી, છરો, નાળ, ચામડામાં મઢેલા પત્થર, મુદ્દગરાકાર, મુષ્ઠિ, તલવાર, ખેડગ તીર,લોહનું બાણ, કળગ કાતરણી, વાંસલો, પરશું અણીદાર ટંક, એવાં. અતિ તીક્ષ્ણ, નિર્મલ, ચકચકાટ કરતાં અનેક પ્રકાર નાં ભયંકર શસ્ત્રો વિક્રેય બનાવીને સજ્જ કરીને પૂર્વ ભવના વૈરભાવથી નારકીઓ અંદરોઅંદર મહાન વેદના ઉપજાવે છે. સામા થઈને બીજાને મારે છે. મુદ્દગરના પ્રહારે એક બીજાને ચૂર્ણ કરેલ છે, મુસુંઢિએ કરીને ભાંગે છે, દેહને કચડી નાંખે છે, યંત્રે કરીને પીલે છે, તરફડતાં દેહને હથીયારે કરીને કાપે છે. ચામડી ઉતરડી નાંખે છે, કાન-હોઠ-નાક હાથ-પગ છેદી નાંખે છે, વાંસલેથી અંગ-ઉપાંગને છેદે છે, કડકડતા ઉના ક્ષાર સિંચીને ગાત્રને બાળે છે, ભાલાની અણીઓ ભોંકીને શરીરને જર્જરિત કરે છે, ભોંય ઉપર પાડીને રગદોળે છે, વળી નરકમાં નહાર, કૂતરા, શીયાળ, બિલાંડાં, અષ્ટાપદ, ચિત્તા, વાઘ, સિંહ એવા મન્દોન્મત્ત જાનવરો જે સદા ભોજનરહિત હોઈ ક્ષુધાથી પીડા ઈને અતિ ઘોર અને બીહામણા શબ્દો કરે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમનાં રુપ અત્યંત બીહામણાં છે, તેઓ નારકીને પગ વચ્ચે ઘાલીને પોતાની આકરી દાઢથી તીવ્ર રીતે ડંખે છે, ખેંચે છે, તીવ્ર નખે કરીને તેમને ફાડે છે, અને તેમનાં દેહને વિદારીને દિશા-દિશામાં ફેંકી દે છે; તેથી તેમનાં અંગના સાંધા ઢીલા થઈ જાય છે અને અંગોપાંગ વ્યાકુળ થઈ જાય છે. તે નારકીના શરીરને કંક, કૂરસ ગીધ, ઘોર અને મોટાં કાગડા જેવા પંખીઓનો સમૂહ પોતાના કર્કશ, નિશ્ચલ અને આકરાનખે કરીને ચુંટે છે અને લોહમય ચાંચે કરીને તેમને પકડે છે. એ પંખીઓ પાંખે કરીને મારે છે અને તીવ્ર નખે કરીને જીભ તથા આંખ ખેંચી કાઢે છે, નિર્દયપણે ત્વચાને ઉતરડી નાંખે છે એટલે એ નારકીઓ આક્રંદ કરતા ઉંચે ઉછળે છે, નીચા પડે છે, અને ચારે બાજુએ પરિભ્રમણ કરે છે. પૂર્વ કર્મના ઉદયથી તેઓ પશ્ચાતાપ કરે છે. બળે છે, અને પોતાને નિંદે છે. પૂર્વે કરેલાં કર્મોને અને પાપોને અનુસરતાં ચીકણાં દુઃખ તે તે નરકમાં ભોગવીને પછી નારકીનાં આયુષ્યો પૂરાં થતાં તેઓમાંના ઘણા તિર્યંચની ગતિમાં ઉત્પન્ન થાય છે. તે ગતિમાં પણ એ જીવો દારુણ દુઃખ ભોગવે છે. તે ગતિમાં જન્મ, મરણ, જરા વ્યાધિ એ બધાં રેંટની ગતિની માફક ભોગવવાં પડે છે. જલચર સ્થલચર અને ખેચરની ગતિમાં ઉપજીને માંહોમાંહે વિનાશ અને પ્રપંચ આદરે છે. દુઃખી થાય છે.

આ દુઃખો કેવાં છે ? ટાઢ, તાપ, તરસ અને ભૂખની વેદના વેઠવી; સુશ્રૂષાથી રહિતપણે વનમાં જન્મ પામવો; સદાયે ભય તથા ઉદ્વેગમાં વસવું; ભયે કરીને જાગવું; વધનું-બંધનનું-પ્રહારનું દુઃખ વેઠવું, ખાડામાં પડવું, હાડકાં ભાંગવાં; નાક વિંધાવવું, પ્રહારે કરી દુઃખ પામવું, કાન વગેરે અંગોપાંગ છેદાવવાં,માર ખાઈને કામ કરવું, ચાબુક-અંકુશ-આર વગેરેને શરીરમાં ભોંકાવવાં,પરાણે શીખવું, માતાપિતાનો વિયોગ સહેવો; કાન-નાકના છિદ્ર વાટે રાશ-દોરડા વડે બંધાવું; હણાવું; ગળું આમળવાથી મરણ પામવું; ગલ અને જાળે કરી પાણીમાંથી બહાર નીકળવું,પોંકની પેરે સેકાવું, છેદાવું, બંધનમાં રહેવું, પાંજરામાં પુરાવું, પોતાના ટોળમાંથી વિખૂટા પડવું, દોરાવવું, દોરડા વડે ગળે બંધાવું, વાડામાં ઘણાં પશુંઓ સાથે પુરાવું, કાદવ-પાણીમાં ખૂચવું, ઉંડા ખાડામાં નંખાઈને ગાત્રભંગ વેઠવો, નીચે પછડાવું, બળવું. ઈત્યાદિ સેંકડો દુઃખોથી તે પાપી જીવને સંતપ્ત થવું પડે છે. નરકમાં જે કર્મના ફળ દુઃખ રુપે ભોગવ્યા છે તે પૂરાં નહિ થયાં હોવાથી તે જીવોને તિર્યંચ પંચેન્દ્રિયમાં આવાં દુઃખો ભોગવવાં પડે છે. પ્રમાદ અને રાગદ્વેષે કરીને જે હિંસાદિ પાપકર્મો ઉપાજર્યાં છે તેથી અતિ અશાતામય અને કઠોર એવાં આ દુઃખો જીવોને ભોગવવાં પડે છે.

ચતુરેંદ્રિયમાં ભ્રમર, મચ્છર, માખી ઈત્યાદિની ગતિમાં ઉપજેલાં અનેક પ્રકારના જીવો જેમની જાતિ નવ લાખ કુળકોડીની છે તે જન્મ-મરણના અનુબંધને ભોગવતાં સંખ્યાતા કાળ સુધી પરિભ્રમણ કરે છે અને નરકના જેવાં તીવ્ર દુઃખો ભોગવે છે. સ્પર્શ, જીભ, નાક અને આંખ એ ચાર ઈંદ્રિયો સહિત એ જીવો ઉપર જણાવ્યાં તે પ્રકારનાં દુઃખો ભોગવે છે. તેવીજ રીતે ત્રિઈંદ્રિયમાં કંથવા, કીડી, ઉધેઈ આદિ આઠ લાખ, કુળકોડી છે. તેમાં જન્મ-મરણનો અનુભવ કરતાં સંખ્યાતા કાળ સુધી પરિભ્રમણ કરતાં નરકનાં સમાન તીવ્ર દુઃખો સ્પર્શ, જીભ અને નાકવાળાં એ ત્રિઈન્દ્રિય જીવો ભોગવે છે. સ્પર્શ અને જીભ એ બે ઈંદ્રિયવાળા જીવો, જળો, અળશીયાં, કરમીયાં, કોડીનો જીવ ઈત્યા દિના સાત લાખ કુળ કોડી છે. તે જન્મ મરણનાં તીવ્ર દુઃખો સંખ્યાત કાળ સુધી ભોગવતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિભ્રમણ કરે છે. એકેંદ્રિયપણે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક શરીરધારી, સાધારણ શરીરધારીમાં જીવો જન્મમરણનાં દુઃખો ભોગવે છે. તેમાં પ્રત્યેક શરીરી જીવ સંખ્યાતા કાળ સુધી અને સાધારણ શરીરી જીવ અનંત કાળ સધી અનિષ્ટ દુઃખો અનુભવે છે. એકેંદ્રિયપણે ઉત્કૃષ્ટ ઉત્પત્તિ વારંવાર વૃક્ષસમૂહને વિષે છે. જમીન ખોદાતા પૃથ્વીકાયમાં જીવને દુઃખ ભોગવવાં પડે છે. પાણીમાં રહેલાં એકેંદ્રિયપણે જીવોને મર્દાવું, ઉલેચાવું અને રુંધાવું પડે છે. અગ્નિ અને વાયુકાયમાં જીવોને પરસ્પર એક બીજા સાથે અથડાવું, હણાવું, મરાવું અને પરસ્પર પરિતાપના વેઠવી પડે છે. આવા એકેંદ્રિયાદિકને વાંચ્છના વિના, નિરર્થકપણે, પોતે નહિ ઉત્પન્ન કરેલાં એવાં દુઃખો પરને અર્થે ભોગવવાં પડે છે. ઔષધો-આહાર આદિને માટે એકેંદ્રિય જીવોને મનુષ્યો ખાંડે છે, છાલ ઉતારે છે, રાંધે છે, ચૂર્ણ કરે છે, દળે છે, કૂટે છે, સેકે છે, ગાળે છે, ચોળે છે, સેડવે છે, વિભાગ કરે છે, ભાંગે છે, છેદે છે, છોલે છે, ચુંટે છે, ઝૂડે છે, બાળે છે; ઈત્યાદિ રીતે એકેંદ્રિયપણે જીવો દુઃખોને ભવપરંપરામાં અવિચ્છિન્ન પણે અનુભવતાં ભયાનક સંસારમાં પરિભ્રમણ કરે છે. પ્રાણાતિપાત કરનાર પાપી જીવો એકેંદ્રિયપણે અનંત કાળ સુધી દુઃખ ભોગવીને મનુષ્યપણું પામે તેમજ નરકાદિમાં નીકળીને મનુષ્યપણું પામે, તોપણ તેઓ બાપડા પુણ્યરહિત હોઈને વિકૃત અંગો અને વિકલ રુપને પામે છે. તેઓ કુબડા, વાંકા શરીરવાળા, ઠીંગણા, બહેરા, કાળા,કોઢવાળા, પાંગળા, ગાત્ર રહિત, મૂંગા, બોબડા, આંધળા, એક આંખવાળા, રોગ-વ્યાધિથી પીડાતા, અલ્પાયુષી, શસ્ત્રથી વિનાશ પામતા, મૂર્ખ, કુલક્ષણા, દુબળા, કુરુપ, રાંક, હલકા કુળના, બળ સત્વથી હીન, સુખરહિત, અશુભ દુઃખ ભોગવાનારા મનુષ્યપણે ઉત્પન્ન થાય છે. નરકમાં ભોગવતાં બાકી રહેલાં કર્મો ભોગવવા નારકી તીર્યંચ અને ભુંડા માણસના અવતાર પણે પરિભ્રમણ કરતાં અનંત દુઃખને એ પાપ કરનારાઓ પામે છે. એ પ્રમાણે હિંસા કરનારાઓ આ લોક અને પરલોકમાં હિંસાના ફળ-વિપાકને ભોગવે છે. એ ફળવિપાકમાં અલ્પ સુખ, બહુ દુઃખ રહેલું છે. જેનો કર્મ રુપ મેલ બહુ ચીકણો છે, દારુણ છે, કર્કશ છે, આકરો છે, હજારો વર્ષ સુધી ન છૂટે તેવો છે, તેને તે કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી અને તે સિવાય મુક્તિ પણ નથી.

આ પ્રમાણે જ્ઞાતકુલનંદન મહાત્મા જેણે રાગદ્વેષને જીત્યા છે. જેનું "વીર" એવું શ્રેષ્ઠ નામ છે, તેમણે પ્રાણવધનો ફળવિપાક કહ્યો છે. એ પ્રાણવધ પાપકારી, પ્રચંડ, રુદ્ર-ક્ષુદ્ર જનોએ આચરેલો, અનાર્યોએ કરેલો, દયારહિત, ઘાતકી, મહાભયકારી, બીકના કારણરુપ, ભીષણ, ત્રાસકારકસ અન્યાયકારક, ઉદ્વેગકારક, જીવરક્ષાની અપેક્ષા રહિત, ધર્મરહિત, સ્નેહરહિત કરુણારહિત, જલ્દીથી નરકમાં લઈ જનાર, મોહના મહા ભયનો પ્રવર્તનકાર અને મરણથી દીનતા લાવનાર છે. એ રીતે પહલું અધર્મદ્વાર પૂરું .

**અધ્યયનઃ૧ આસવદ્વાર-૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ૨ આશ્રવદ્વાર-૨

[૯] હવે (અધર્મ) આસવ દ્વારનું બીજું અધ્યયન કહીશ. મૃષાવાદ ગુણગૌરવ રહિત છે, ચપળ, પુરુષ બોલે છે, ભયકારક છે, દુઃખકારક છે. અપયશકારક છે, વૈર કારક છે, રાગદ્વેષ એવાં લક્ષણવાળો મનઃક્લેશ ઉપજાવે છે, શુભ ફળથી રહિત માયા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અવિશ્વાસનો અત્યન્ત વ્યાપાર છે, નીચ જનોથી સેવાય છે, સૂગરહિત છે. વિશ્વાસ વિનાશક છે, સારા સાધુએ નિંદવાવલાયક છે, પરપીડાકારક છે, ઉત્કૃષ્ટ કૃષ્ણ લેશ્યાથી યુક્ત છે, દુર્ગતિમાં લઈ જનાર છે, સંસાર વધારનાર છે, વારંવાર જન્મ કરાવનાર છે, ઘણા કાળથી પરિચિત છે, સાથે ચાલ્યું આવે છે, અને અંતે દુઃખ ઉપજા વનાર છે.

[૧૦]બીજા અધર્મદ્વારમાં મૃષાવાદનાં ત્રીસ ગુણનિષ્પન્ન નામ નીચે મુજબ કહ્યાં છે::-જુઠ્ઠું, માયાવી શબ્દો, અનાર્યવચન, કપટયુક્ત જુઠ્ઠું. ન હોય તે વાત કહેવી તે. ઓછું અધિક અને નિરર્થક બોલવું તે. મિથ્યા પ્રલાપ. વિદ્વેષયુક્ત નિંદા. વક્ર વચન. માયા-પાપવાળું વચન. ઠગાઈભર્યું વચન. "મિથ્યા કહ્યું" એવું કહ્યા છતાં પાછળથી તેવુંજ કરવું તે. અવિશ્વાસુ વચન. પોતાના દોષ અને પારકા ગુણને ઢાંકનારું કથન.ન્યાયથી ઉપરવટ વચન. આર્તધ્યાન.આળ મૂકવું.મલિન વચન.વાંકુંબોલવું.વનના જેવું ગહન વચન. મર્મ-યુક્ત વચન. ગૂઢાચારવાળું વચન. માયાપૂર્વક ગોપ વેલું વચન. અપ્રતીતિજનક વચન. અસમ્યક્ આચારયુક્ત વચન. ખોટી પ્રતિજ્ઞા. સત્ય વચન પ્રત્યે શત્રુતાભર્યું કથન. અવ હેલનાવાળાં શબ્દો. માયાએ કરી અશુદ્ધ વચન. વસ્તુના સદ્ભાવને ઢાંકનારું કથન.

[૧૧] મૃષાવચન કોણ બોલે છે. તે વિષે ત્રીજો દ્વાર કહે છે. પાપી, અસંયત, અવિરતિ (પાપથી નિવર્ત્યા નથી તેઓ) કપટી, કુટિલ, દારુણ સ્વભાવવાળા, ચપળ ક્ષણે ક્ષણે નવા ભાવવાળા, ક્રોધી, લોભી, બીજાને ભય ઉપજાવનારા મશ્કરીખોર સાખીયા, ચોર, માંગણહારા, માંડવીયા, જીતેલા જુગારી, ગીરો રાખનાર, માયાવી, ખોટા વેશ ધારી, વાણિજ્ય કાર, ખોટું તોળનારા, ખોટું માપનારા, ખોટા સીક્કા ચલાવી આજીવિકા ચલાવનારા, વણકર-સોની-છીપા-બંધારા વગેરે, ઠગારા, હેરું મુખ કોટવાળ, જાર કર્મને કરનારા, દુષ્ટ વચન બોલનારા, ચાડીયા, ઋણને નાક બૂલ કરનારા, પહેલું વચન બોલવામાં ચતુર સાહસિક માણસો, તોછડા માણસો, અસત્ય હેતુવાળા, ઋદ્ધિ વગેરેના ગર્વવાળા, અસત્યને સત્ય તરીકે સ્થાપનારા, અહંકારી, અનિગ્રહી, નિરંકુશ, સ્વચ્છંદી, જેમ-તેમ બોલી નાંખનારા, એ બધા જૂંઠું બોલનારા હોય છે. જેઓ જુઠથી નિવર્ત્યા નથી તેઓ પણ મૃષાવાદી છે.

તે ઉપરાંત નાસ્તિકવાદી તથા લોકસ્વરુપને વિપરીત કહેનારાઓ છે, કે જેઓ એમ કહે અને સાંભળે છે કે-જીવો અજીવ નહિ, જન્મ-જાતિ નથી. ઈહલોક-પરલોક નથી, અને જીવને પુણ્ય કે પાપ કાંઈ લાગતાં નથી અને તેનાં ફળરુપે સુખ-દુઃખ પણ નથી, પંચ મહાભૂત એકઠાં થવાથીજ માત્ર શરીર ઉત્પન્ન થયું છે અને તે માત્ર વાયુંના યોગથી સહિત છે. કેટલાકો પાંચ સ્કંધને જીવ કહે છે. કેટલાક મનનેજ જીવ કહે છે. કેટલાક શ્વાસોછ્વાસને જીવ કહે છે કેટલાકો કહે છે કે આ શરીરજ માત્ર આદિ અને અંત છે આ ભવ છે જે એકજ ભવ છે, કેટલાક મૃષાવાદી કહે છે કે દાન, વ્રત, પૌષધ, તપ, સંયમ, બ્રહ્મચર્ય આદિનું ફળ કલ્યાણકારક છે એવું કાંઈ નથી, વળી તેઓ કહે છે, હિંસા, જૂઠ, ચોરી, પરદારાસેવન, પરિગ્રહ એ પાપકર્મો નથી; તેમજ નરક-તિર્યંચ-મનુષ્યની યોનિ માં ઉત્પન્ન થવાપણું નથી અને દેવલોકમાં કે સિદ્ધગતિમાં જવાપણું નથી; મા-બાપ પણ નથી, ઉદ્યમ કરવાપણું નથી; પ્રત્યાખ્યાનની જરુર નથી; કાળ નથી કે મૃત્યુ પણ નથી;

તેવીજ રીતે અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ પણ નથી, કોઈ ઋષિ-મુનિ પણ નથી; થોડું કે ઝાઝું ધર્મ-અધર્મનું ફળ પણ નથી; ઈંદ્રિયોને અનુકૂલ સર્વ પ્રકારના વિષયો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોગવવાની ક્રિયામાં કાંઈ પાપ નથી કે અક્રિયામાં નિર્જરા નથી. એ પ્રમાણે નાસ્તિકો, કહે છે. કુદર્શનીઓ અને અસદ્ભાવવાદીઓ અને મૂઢ લોકો બીજું એવું પણ કહે છે કે આ જગત ઈંડામાંથી પોતાની મેળે જન્મ્યું છે. એ પ્રમાણે તેઓ અસત્ય પ્રરુપણા કરે છે. વળી કેટલાકો ઈશ્વરને જગત્કર્તા કહે છે, કેટલાકો આ જગતને વિષ્ણુમય માને છે. કેટલાકો પંચભૂતમાંથી આ જગત્ પોતાની મેળે બન્યું છે એમ માને છે. આત્મા વ્યાપી રહેલો છે, તે સુકૃત-દુષ્કૃતનો કર્તા નથી પણ ભોક્તા છે; ઈંદ્રિયોજ સર્વથા સુકૃત-દુષ્કૃતના કારણરુપ છે; સર્વ પ્રકારે નિત્ય, ક્રિયારહિત, ગુણ રહિત અને કર્મબંધનના લેપરહિત એવો જગતમાં એકજ આત્મા છે. વળી કેટલાક એવો મૃષાવાદ કરે છે કે જે કાંઈ આ મનુષ્યલોકમાં સુકૃત-દુષ્કૃતનાં ફળ દેખાય છે સ્વાભાવિક રીતે જન્મે છે અથવા દેવ પ્રભાવથી ઉત્પન્ન થાય છે, પરન્તુ પ્રાણીએ પોતે કરેલા ઉદ્યમનું ફળ એ નથી. એ પ્રમાણે ભવિતવ્યતાવાદીઓ પરમાર્થના સ્વરુપનું લક્ષણવિ ધાન કરે છે. ઋદ્ધિગારવ, રસ ગારવ અને શાતાગા રવમાં તત્પર એવા ઘણા લોકો જેઓ ધર્મક્રિયા કરવામાં આળસુ છે તેઓ ધર્મની વિચારણામાં મૃષા બોલે છે, બીજા લોકો અધર્મ અંગીકાર કરતાં રાજ્યની વિરુદ્ધ જૂઠાં આળ ચડાવે છે અને ચોરી નહિ કરનારને ચોર કહે છે; સમભાવી અને સરલ માણસને કજીયાખોર કહે છે; સુશીલવંત માણસને દુઃશીલવંત વિનયવંતને દુર્વિનીત કહે છે. બીજા દુષ્ટ મનુષ્યોકહે છે કે "એ તો પોતાના મિત્રની સ્ત્રીનું સેવન કરે છે." કેટલાકો બીજાઓને ધર્મભ્રષ્ટ વિશ્વાસઘાતી પાપકર્મી લોક વિરુદ્ધ કર્મ કરનારા, અગમ્ય એવી સ્ત્રીઓ સાથે દુષ્ટાચાર સેવનાર, દુરાત્મા, બહુપાતકી કહે છે, અને એ રીતે ભલા પુરુષોને મત્સરધારી મનુષ્યો અવગુણયુક્ત કહે છે. એવાં જૂંઠાં વચન બોલ વામાં હોશિયાર અને બીજાને દોષિત ઠરાવવામાં આસક્ત મનુષ્યો જેઓ અણવિચાર્યા વચનો બોલે છે અને જેઓનું મુખ તેમના શત્રુરુપ છે તેઓ પોતાના આત્માને અક્ષય દુઃખનાં બીજાં એવાં કર્મોના બંધને કરીને વીંટે છે. વળી એવા લોકો પારકી થાપણ પચાવી પાડવા જુઠું બોલે છે, પારકા ધનને વિષે આસક્ત હોઈ લોભને વશ વર્તતા બીજાઓ ઉપર અછતા દોષોનું આરોપણ કરે છે, જૂઠી સાક્ષી પૂરે છે, ધનને અર્થે કન્યાને અર્થે ભૂમિને અર્થે, તેમજ ચૌપદાદિ-જાનવરોને અર્થે જૂઠું બોલનારાઓ અધોગતિને પામે છે.

બીજાઓ પણજૂઠુ બોલે છે. કેટલાંકો જાતિ- કુલ-શીલ વિષે કપટપૂર્વક જૂઠું બોલે છે. ચપળ મનુષ્ય આઘું પાછું બોલે છે, ચાડી કરે છે, પરમ અર્થરુપ મુક્તિનાં ઘાતક એવાં વચન બોલે છે. કેટલાકો અછતું, દ્વેષયુક્ત અનર્થકારી, પાપકર્મના મૂલરુપ વચન, અસમ્યક્ પ્રકારે દેખેલું અને અસમ્યક્ પ્રકારે સાંભળેલું હોય એવું અવિચાર્યુ નિર્લજ્જ વ લોકનિંદ્ય અત્યંત વધ-બંધન અને પરિતાપ ઉત્પન્ન થાય તેવાં, વચન, જરા-મરણ-દુઃખ-શોકના કારણરુપ વચન અને અશુદ્ધ પરિણામે મલીને એવા વચન બોલે છે. વળી ખોટા અભિપ્રાયમાં પ્રવર્તનારા, અછતા ગુણને બોલનારા, છતા ગુણને ઉડાડી મૂકનારા, હિંસા વડે જીવનો નાશ થાય તેવું વચન બોલનારા મૃષાવાદયુક્ત વચન બોલનારા, સાવદ્ય અકુશલ અને સાધુજનોથી નિંદાયેલું વચન બોલનારા અને અધર્મજનક બોલ નારાઓ પણ મૃષાવાદી છે. તે ઉપ રાંત પુણ્ય-પાપના અજાણ. અધિકરણથી થતી ક્રિયા ના પ્રવર્તક, પોતાનો અને પરનો અનર્થ તથા વિનાશના કરનારા એ બધા મૃષાવાદી છે.

કેટલાકો ભેંસો, ડુક્કરો, વગેરેના ઘાતકોને ખબર આપે છે; તેમજ સસલાં,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જંગલી પશુઓ, રોજ વગેરેની ખબર વાઘરીઓને આપે છે; તે ઉપરાંત પારધીને તેતર, બટેરા,લાવા,કપિંજલ,કબૂતર વગેરે પક્ષીઓની જાણ કરે છે, વળી માછીમારને માછલાં, મગર અને કાચબા વગેરેની ખબર આપે છે; શંખ, કોડા વગેરેની ખબર ધીવરને આપે છે; અજગર, ફેણરહિત સર્પ, મંડલીક સર્પ, ફેણધર, સર્પ મુકુલીન સર્પ વગેરેની ખબર ગારુડીને આપે છે; ઘો શેળો, સલ્લક, કાકીંડા વગેરેની ખબર તેના પકડનારને આપે છે; હાથી-વાનરનાં ટોળાંની ખબર તેને પાશમાં બાંધ નારને આપે છે; પોપટ, મોર, મેના, કોયલ, હંસનાં ટોળાં, સારસ વગેરેની ખબર તેમને પકડીને પીંજરે પૂરનારાને આપે છે; વધ, બંધન અને પીડા ઉપજાવવાની રીત નગરના કોટવાલ વગેરેને બતાવે છે; ધન-ધાન્ય તથા ગાય વગેરે પશુંઓની ખબર ચોરને આપે છે; ગામ, નગર, પટ્ટણ વગેરેની ખબર હેરુંને આપે છે; માર્ગને અન્તે અથવા માર્ગમાં મુસાફરોને લૂંટવાને માટે લૂંટારા-ઓને ખબર આપે છે; ચોરી કરનાર વિષેની ખબર કોટવાલને આપે છે; પશુના કાન કાપવા, ખસ્સી કરવી, ગાય વાયુ પૂરવો, દોહવું, પોષવું, વાછરડાંને બીજી ગાય સાથે હેળવવાં, બળદ વગેરેને ગાડે જોડવા, ઈત્યાદિ પ્રકારની રીત ગોવા ળીયા વગેરેને આપે છે; ધાતુ, મળસીલ, પ્રવાલ, રત્નાદિનાં ઉત્પત્તિસ્થાનની ખબર ખાણ ગાળનારને આપે છે; ફળ-ફુલ વગેરે નીપજાવવાનો વિધિ માળીને કહે છે; બહુમૂલ્ય મધ નીપજાવવાનાં સ્થાનની ખબર ભીલ લોકોને આપે છે; જૂદા જૂદા પ્રકારનો અનિષ્ટ ઉપદેશ આપવો, જેવો કે યંત્રોનો ઉપયોગ વિષપ્રયોગ ક્ષોભાવવું મંત્રો તથા જડીબુટ્ટી બતાવવા, ચોરી-પરદા રાગમન-વગેરે બહુ પાપકર્મની રીતિ શીખવવી,બળને તોડવા સમજાવવું, ગામ ભાંગવાં-વન બાળવાં-તળાવ ફાડવાં-વગેરે દુષ્કર્મો શીખવવાં, કોઈની સારી બુદ્ધિનો નાશ કરતાં શીખવવું; આ પ્રમાણે ઉપદેશ આપ નારાઓનું કાર્ય ભય, મરણ, ક્લેશાદિ દોષને ઉપજાવનાર છે, મનના ભાવને ક્લેશયુક્ત અને મલીન કરનાર છે. એવા પ્રકારનાં ઉપદેશવચનો પ્રાણીનો ઘાત તથા પરંપરાએ વિનાશ કરાવવાવાળાં છે અને પાપની ઉદીરણા કરનારાં છે. અણવિચાર્યું બોલ્યા કરે તે મૃષાવાદ છે. વળી ઉપદેશ આપવો કે ઉંટ, બળદ, રોજ વગેરે જનાવરોને દમો ઘોડા, હાથી, બકરાં, કુકડાને ભાડે ફેરવો, વેચો, વેચાતા લ્યો રાંધો, સગાંસંબંધીઓને તે આપો, મદિરાદિ પાઓ, દાસ-દાસી ચાકર, ભાગીદાર, શિષ્ય ખેપીયા, કામગરા, કિંકર, એવા બધા સ્વજનપરિજનો કેમ નવરા બેઠા છે, તમારી સ્ત્રી કેમ નવરી બેઠી છે ગહન વન, વૃક્ષને કાપી નાંખીને તેનાં યંત્ર, વાસણ, અને બીજાં બહુવિધ સાધનો બનાવો; શેરડીને કાપીને પીલાવો, તલને પીલાવો, ઘરને અર્થે ઈંટો પડાવો, ખેતર ખેડો અને ખેડાવો, જંગલમાં ગામ, નગર, ગામડાં વાસ વગેરે વસાવો; ઘણી વિશાળ સીમામાં ફળ-ફુલ, કંદ, મૂળાદિ, પાકી નીકળ્યા છે માટે તે સગાં-સંબંધીઓને માટે લઈ લો અને સંગ્રહ કરો; ડાંગર, ચોખા, જવ વગેરે લણાવો, ખંડાવો, ઉપણાવો અને જલ્દી કોઠારમાં ભરો; નાનાં-મોટાં વહાણોના સાથને હણો-લુંટો, ઘોર જંગલમાં જાઓ; લડાઈ ચલાવો, બાળકને ગાડાં વગેરે હાંકતાં શીખવી, મુંડન-વિવાહ યજ્ઞાદિ અમુક દિવસે કરો કારણ કે તે દિવસે સારો છે, કારણ- મુહૂર્ત- નક્ષત્ર-તિથિ સારાં છે; આજે સ્નાન કરો, આનંદપૂર્વક ખાઓ-પીઓ, મંત્ર-મૂલાદિથી સંસ્કારિત કરેલા જળવડે સ્નાન કરો, શાન્તિ-કર્મ કરો, સૂર્ય-ચંદ્રના ગ્રહણનાં ફળ તથા માઠાં સ્વપ્ના દિનાં ફળ આવાં છે એમ કહે, સગાં-વહાલાં માટે, પોતાના જીવનની રક્ષા માટે ભોગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંડિકાદિ દેવ-દેવીઓને ચડાવો, કષ્ટ નિવારવા નિમિત્તે વિવિધ પ્રકારની ઔષધીઓ, મદિરા, માંસ ભક્ષ્યાન્નપાન, પુષ્પમાળા, ચંદનાદિનો લેપ દેવોને ધરો, ઉજ્જવલ દીવો કરો, સુગંધી ધૂપ સળગાવો, ફૂલ-ફળથી સંપૂર્ણ એવી દેવતાની પૂજા કરો, અને એમ બહુવિધ હિંસાથી વિઘ્નો ટાળો; વિપરીત પ્રકારના ઉત્પાતો, ભુંડાં સ્વપ્નો માઠાં શકુન, ગ્રહની માઠી ચાલ, અમંગલ નિમિત્તના દોષ એ બધું નિવારવા માટે અમુક પ્રકારના હિંસક અનુષ્ઠાન કરો; અમુકની આજિવીકા કાપી નાંખો, અને કશું પણ દાન આપશો નહિ, ભલે માર્યો, ભલે છેદ્યો, ભલે ભેદ્યો; આ પ્રમાણે પાપકારી ઉપદેશ કરનારાઓ મન-વચન-કાયાએ કરી મૃષાવાદનું પાપ કરે છે. મૃષાવાદીઓ બોલવા વિષે અવિવેકવાળાં, અનાર્ય, ખોટાં શાસ્ત્રોવાળાં, ખોટાં ધર્મમાં તત્પર, મિથ્યા કથાઓમાં રસ મેળવનારા હોય છે અને તેઓ ખોટું બોલી તથા બહુ પ્રકારે ખોટાં કામ કરી સંતોષ માનનારા હોય છે.

[૧૨]તેમજ તેઓ મૃષાવાદનાં માઠાં ફળને નહિ જાણતા મહાભયને, અવિરત વેદનાને, ઘણા કાળ સુધી બહું દુઃખે કરીને યુક્ત એવી નરક- તિર્યંચની ગતિની વેદનાને વધારે છે. વળી તેઓ એવાં દુઃખો ભોગવતાં થકા પુનઃ પુનઃ ભવના અન્ધકારમાં ભમે છે. ભયંકર દુર્ગતિમાં ઉપજીને તેઓ મનુષ્યભવમાં કેવી સ્થિતિને પામે છે ? દીર્ઘ સમયની દરિદ્રતા, પરવશતા, લક્ષ્મી અને ભોગથી રહિતતા, અસૌખ્ય (મિત્રરહિતતા) શરીરનું રોગીપણું, કુરુપતા, વિરુપતા, કર્કશતા, આનંદરહિતતા, છિદ્રયુક્ત શરીર, કાન્તિરહિત દેહ,અવ્યક્તભાષા,સંસ્કાર સન્માનરહિતતા,ચેતનરહિતતા, દુર્ભગતા અનિષ્ટતા, અસુંદરતા, ધીમો ફાટેલોસ્વર વિહિંસા મૂર્ખતા, બહેરાપણું, મૂંગાપણું, અળખામણી ભાષા, વિકૃત ઈંદ્રિયો, નીચ જાતિનું સેવન, લોકનિંદા, સેવકપણું, હલકા લોકોનું દાસત્વ, દુર્બુદ્ધિ, લોકશાસ્ત્ર વેદશાસ્ત્ર-અધ્યાત્મશાસ્ત્રની સમજણથી રહિતપણું, ધર્મબુદ્ધિથી રહિતતાઃ: આ બધુંય પૂર્વ ભવમાં કરેલા મૃષાવાદમાં કર્મરુપી અગ્નિથી દાઝેલા મનુષ્ય પામે છે. ખોટું બોલનારા પાપી જનો અપમાન, નિંદા, ચાડી, મિત્રભેદ અને માતા- પિતા-બાંધવ-સ્વજન-મિત્ર ઈત્યાદિ તરફના અનેક પ્રકાર નાં દૂષણને પામે છે. આ દૂષણ મનને અણગમતાં, દુઃખકારક, જીવતાં સુધી ન ઉતરે તેવાં હોય છે. અનિષ્ટ-કઠોર-આકરાં વચનો સાંભળવાં, તર્જના- નિર્ભર્ત્સના થવી, દીન વદન, કંગાલ મન, હલકું ભોજન, હલકાં વસ્ત્ર, કુવાસ ઈત્યાદિ વડે ક્લેશ પામતાં એ પાપી જનોને સુખ કે શાન્તિ પ્રાપ્ત થતાં નથી, એવાં અત્યંત વિપુલ દુઃખો એ મૃષાવાદી સેંકડો રીતે ભોગવે છે. મૃષાવાદનો ફળ-વિપાક આ લોકમાં અને પર લોકમાં અલ્પ સુખ, બહુ દુઃખ, મહા ભય, બહુ કર્મરુપી મેલને ઉપજાવે છે અને તે કર્મના ફળ આકરાં, રૌદ્ર, કઠોર, અશાતાજનક, હજારો વર્ષે પણ ભોગવ્યા સિવાય ન છૂટે તેવાં છે.

એ પ્રમાણે શ્રી મહાવીર ભગવાન બીજા અધ્યયનને વિષે મૃષાવાદના ફળ-વિપાકને કહે છે. મૃષાવાદ તોછડો છે, ભયંકર, દુઃખકર, યાવત્ દુઃખે કરી અન્ત પામી શકાય તેવો છે. એ પ્રમાણે બીજું અધર્મદ્વાર સમાપ્ત થયું.

**અધ્યયનઃ૨-આસ્રવદ્વાર-૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૩-આસ્રવદ્વાર-૩

[૧૩] હે જંબૂ ! હવે હું અદત્તાદાન વિષે ત્રીજું અધ્યયન કહીશ. અદત્ત એટલે નહિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપેલી એવી વસ્તુનું હરણ કરવું. તે ચિત્તનો સંતાપ-મરણ-ભય-ત્રાસ ઉપજાવનારું પરધનને વિષે ગૃદ્ધપણું ઉપજાવનારું, લોભનું મૂળ, અર્ધ રાત્રિએ પર્વતાદિ વિષે સંતાવું પડે તેવું છે. જેમની તૃષ્ણા છેદાઈ નથી તેઓને તે અધોગતિના પંથની યાત્રા કરાવનારું, અપકીર્તિ કરનારું અને અનાર્યનું આચરણ છે. છિદ્રને તથા અવસરને જોનારો, કષ્ટ તથા રાજા તરફનાં ઉપદ્રવને નોતરનારો, પ્રમાદવંત-એવા લોકોને ઠગનારો, વ્યગ્ર કરનારો, માનનારો અને અનુપશાંત સ્વભાવવાળો, એવા માણસને ચોર માનવો. દયારહિત, રાજપુરુષોથી અટકાવાયેલું, સાધુજનોથી સદાનિંદિત, પ્રિય જન, મિત્રજન વચ્ચે ભેદ અપ્રીતિને કરનારું, રાગદ્વેષને પુષ્ટ કરનારું, ઘણા લોકોને વિષે મારામારી, રાજ્યો વચ્ચેનો કલહ, ક્લેશ, કંકાસ, હિંસા ઈત્યાદિને કરાવનારું, દુર્ગતિમાં પાડનારું, જન્મ-મરણને વધારનારું, ઘણા કાળનું સેવેલું, હંમેશા સાથે ચાલ્યું આવનારું અને દુઃખે અંત પામી શકાય તેવું એ અદત્તાદાન છે.

[૧૪]એ અદત્તાદાનનાં ગુણનિષ્પન્ન ત્રીસ નામ છેઃ- ચોરવું, પારકા ધનને હરવું, નહિ આપેલી વસ્તુ લેવી, ક્રૂર કાર્ય કરવું, પારકા દ્રવ્યનો લાભ લેવો. અસંયમ, પરધનમાં ગૃદ્ધ થવું, લોલુપી થવું, તસ્કરપણું, અપહરણ કરવું, હાથચાલાકી કરવી, પાપકર્મ કરવું, ચૌર્ય ભાવ, હરવું અને ધનની હાનિ કરવી, પરધનને લેવું, પરધનને છીનવી લેવું, અપ્રતીતિજનક કાર્ય, પરને પીડાજનક કાર્ય, પરધન લેવા માટેનો ઉદ્યમ, સંતાડવું, વિશેષ પ્રકારે કરીને છુપાવવું, કૂડા તોલ, કુળને કલંક લગાડવું, પરદ્રવ્યના અભિલાષ કરવા, દીનતા દર્શાવવી, વિનાશકારક વ્યસન, પરધનની અભિલાષા અને મેળવેલા ધન માટેની મૂર્છા, પામેલા ધનની તૃષ્ણા અને નહિ પામેલા ધનની વાંચ્છના, કર્મને ઢાંકવા માટે માયા કપટ, પારકી નજર ચુકાવીને ચોરી કરવી;

[૧૫]હવે ત્રીજા દ્વારમાં ચોરીનું કર્મ કરે છે તે દર્શાવે છેઃ- ચોર, તસ્કર, પરદ્રવ્ય હારક, ચોરીનાં ધંધાદારીઓ, ચોરી કરવામાં હિંમતબાજ, તુચ્છ આત્મા, અતિ અસં-તોષવાળા, લોભગ્રસ્ત, વચનના આડંબરથી બીજાને ઠગનાર,માયા-પ્રપંચકારક, પરધ-નને વિષે આસક્ત, સામે થઈને મારનાર, કરજ લઈને ન ચૂકવનાર, બોલ્યું નહિ પાળ નારા, રાજાએ દેશનિકાલ કરેલા, જ્ઞાતિ બહાર કરેલા, જંગલને બાળનાર, ગ્રામઘાતક, નગરના ઘાતક, પંથના ઘાતક, છાની રીતે ગામ બાળનાર, તીર્થ જતા જાત્રાળુઓને મારનારા, હાથચાલાકી કરનારા બીજાને છેતરીને ચોરી કરનારા, જુગારી, માંડવીના રખવાળ, સ્ત્રી ચોર, પુરુષ ચોર, ખાતર પાડનાર, ગંઠીછોડા, મારીને ધન હરનારા ઠગારા, હઠ કરીને ધન લેનારા, બહુ માર મારીને લુંટાનારા, છૂપા ચોર, ગાયો ચોરનારા, ઘોડા ચોરનારા, દાસી ચોરનારા, એકલા ચોરી કરનારા, ચોરો વડે લુંટાવનારા, ચોરને ભોજનાદિ, આપે-ચોરની પાછળ છાના રહેનારાઓ, ઘાત કરનારા, વિશ્વાસનાં વચન બોલી ધન લેનારા, બીજાને મોહ પમાડવા વિશ્વાસનાં વચન બોલનારા, રાજનિગ્રહથી લુંટનારા અનેક પ્રકારનાં વળી પારકા દ્રવ્યને વિષે જેઓ અવિરતિ છે અને જેઓ મોટા લશ્કર અને પરિગ્રહવાળા ઘણા રાજાઓ પારકા ધનને વિષે આસક્ત હોય, પોતાના દ્રવ્યને વિષે અસંતુષ્ટ રહી, બીજા રાજાઓના દેશનો વિનાશ કરે છે, તેઓ પારકા ધનને વિષે લોભાઈને ચતુરંગી સેના સહિત અને નિશ્ચયવાળા-યુદ્ધમાં શ્રદ્ધાવાળા પ્રધાન સુભટો સહિત, "હું પહેલો લડવા જઉં" એવા અહંકાર સહિત એવા સૈન્યો વડે સહિત

JAINSITE .com

વ્યૂહોમાં સૈન્યથી સ્થાપના કરે છે અને સામાના લશ્કરને પોતાના લશ્કરથી ઘેરી લે છે તથા હારેલાના ધનને હરી લે છે. બીજા યોદ્ધાઓ રણભૂમિને મોખરે પોતાની મેળે જઈને સંગ્રામમાં પ્રવેશ કરે છે તેઓ કવચ આદિને સજ્જ કરે છે, તૈયાર થાય છે, માથે વસ્ત્રની સખત પટ ભીડીને, હાથમાં શસ્ત્રો તથા તલવાર ધારણ કરીને, દેહ ઉપર લોહમય બખ્તર પહેરે છે, ચામડાંના કવચથી શરીરને ઢાંકે છે, કાંટાવાળું કવચ પહેરે છે, તીરનાં ભાથાં છાતી ઉપર ગળા સાથે બાંધે છે. રણમાં જવા માટે પોતાના હાથે શસ્ત્રાસ્ત્રોની વિશેષ રચના કરે છે, કઠોર ધનુષ્યને હર્ષપૂર્વક હાથમાં ધારણ કરે છે, અતિ તીખાં બાણનો વરસાદ વરસાવે છે, વરસાદની ધારાની પેઠે બાણોની પ્રચંડ વૃષ્ટિથી છવાયેલા માર્ગમાં પ્રવેશ કરે છે. તેમાં યોદ્ધાઓ ડાબે હાથે ઢાલ લઈને, મ્યાનમાંથી બળહળતી તલવારો બહાર કાઢીને પ્રહાર કરવા પ્રવૃત્ત થાય છે. ભાલા, બાણ, ચક્ર, ગદા, કોહાડા, મૂશળ, હળ, ત્રિશૂલ, લાકડી, ભીંડીમાલ મોટા ભાલા, પટ્ટીશ, ચામડે વીંટેલો પત્થર, ઘણ, મુઠ્ઠી પ્રમાણ પાષાણ, મુદ્દગર, ભોગલ, ગોફણના ગોળા, ટક્કર, ભાથાં, કુવેણી ઈત્યાદિ ઝળહળતાં શસ્ત્રો શત્રુ પ્રત્યે તેઓ ફેંકે છે ત્યારે આકાશ વીજળીના પ્રકાશની પેઠે કાન્તિમાન બને છે. વળી રણભૂમિને વિષે શંખ, ભેરી, દુંદુભિ, તૂરીના સ્પષ્ટ ધ્વનિથી અને પડહ વાગવાથી જે ગંભીર શબ્દો થાય છે તેથી શૂરાઓ હર્ષિત થાય છે અને એ ભયંકર અવાજથી કાયરો બીએ છે. હાથી, ઘોડા, રથ, સુભટ ઉતાવળે ચાલવાથી જે રજ પડે છે તેનાથી છવાયેલા અત્યંત અંધકારથી કાયર જનોનાં નેત્ર અને હૃદય આકુળવ્યાકુળ બની જાય છે. શિથિલપણે કરીને ચંચળ એવા શિખરવાળા મુકુટો, કિરિટો કુંડલો, નક્ષત્રમાળાથી શોભતા અને વિજયધ્વજ, વૈજયન્તી પતાકા, વીંજાતા ચામર તથા છત્રોવાળા પણ ગહન અંધકારમાં ડૂબી જાય છે. ઘોડાનો હણહણાટ, હાથીનો ગુલગુલાટ, રથનો ઘણઘણાટ, પાયદલ લશ્કરનો “હર-હર” એવો ધ્વનિ, ખભા ઉપર ભુજાઓ થાપોટી, સિંહના જેવો નાદ, દાંત પીસીને કરેલો સીત્કાર, દીન સ્વરે, કંઠમાંથી કાઢેલો ધ્વનિ, મેઘના જેવી રૌદ્ર ગર્જના, એકી સાથે હસવાનો તેમજ રોષનો થતો કકળાટ, એવા પ્રકારનો કોલાહલ યુદ્ધભૂમિમાં થઈ રહે છે. અતિ ક્રોધથી સુભટોનાં વદન રૌદ્ર- બની જાય છે, તેઓ દાંતે કરીને નીચેના હોઠને કરડે છે, અને દૃઢ પ્રહાર કરવાને તેમના હાથ સાવધાન બને છે. અતિ ક્રોધવશતાથી તેમનાં ફાટેલાં નેત્રો અત્યંત લાલ બની જાય છે. વૈરદૃષ્ટિથી અને ક્રોધની ચેષ્ટાથી તેમને કપાળમાં ત્રિવળી પડે છે અને ભ્રકુટી વાંકી બની જાય છે. શત્રુને મારવાના અધ્યવસાયે કરી હજાર-હજાર મનુષ્યનું બળ-પરાક્રમ તે સુભટોના શરીરમાં સ્ફુરાયમાન થાય છે. વેગવાન ઘોડાઓ જોતર્યા છે એવા રથ ઉપર બેસીને દોડતા યોદ્ધાઓ આવીને દક્ષતાપૂર્વક પ્રહાર કરીને જીતે છે, આયુધ, ઢાલ અને બખ્તરથી સજ્જ થયેલા ગર્વિષ્ટ તથા પ્રપંચી યોદ્ધાઓ વૈરીના હાથીઓને મારવા અથવા હાથ કરવા ઈચ્છતા સામસામા લડી પડે છે અને યુદ્ધકળાનો ગર્વ ધરાવનારાઓ મ્યાનમાથી તલ્વાર કાઢીને ક્રોધપૂર્વક શિઘ્ર ગતિથી મોખરે આવી પ્રહાર કરી વૈરીના હાથોની સુંઢને તથા વૈરીના હાથીને છેદે છે. વહેતા રુધિરથી રણભૂમિના માર્ગો પર ચીકણો કાદવ થઈ રહ્યો છે; જેને પાસામાં વાગેલા ઘાથી રુધિર સ્રવે છે અને આંતરડાં બહાર નીકળી ગયા છે એવા યોદ્ધાઓ વિકળ બનીને તરફડે છે, ને કેટલાક મર્મસ્થાને વાગેલા સખ્ત ઘાથી મૂર્છિત થઈને ભૂમિપર રોકાય છે અને નિશ્ચેષ્ટ પડ્યા રહે છે. રણભૂમિમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરુણાજનક વિલાપના સ્વરો સંભળાય છે. મસ્તક વિનાનાં ધડો નીચે રહેલાં છે, લોલુપી ગીધનાં ટોળાં ભમતાં હોવાથી ગાઢ અંધકાર છવાઈ રહ્યો છે; પૃથ્વીને કંપિત કરનારા દેવો રાજાઓ પ્રત્યક્ષ શ્મશાન જેવા અત્યંત ભયંકર બીહામણાં અને કષ્ટે કરી પ્રવેશ કરી શકાય તેવા સંગ્રામના ગહન સ્થાનમાં પારકા ધનની વાંચ્છના કરીને પ્રવેશ કરે છે.

બીજા પગપાળા, ચોરના ટોળાને પ્રવર્તાવનાર સેનાપતી, અટવીના વિષમ પ્રદેશ માં રહેનારા, સેંકડો પ્રકારના ચિન્હપટ બાંધનારાઓ ધનના લોભથી પારકા દેશને હણે છે. ધનને માટે લુબ્ધ થયેલા સમુદ્રોચોરો રત્નાકર સમુદ્રમાં આકુળવ્યાકુળ થયેલું વહાણ ડોલે છે તથા તેમાંના મુસાફરો ભયથી કકળાટ કરે છે. વિપુલ વાયુના વેગથી ઉછળતા સમુદ્રનાં પાણીના ફીણથી અંધકાર છવાઈ ગયો છે. પાણીનાં મોજા ત્વરિત ગતિએ સર્વ દિશાએથી આવીને વાયુથી ક્ષુબ્ધ થતાં કાંઠાની સાથે અથડાય છે. જેમાં પાણીના મોટા વમળ પડે છે, ઉંડા પેસે છે, ઉંચા ઉછળે છે અને નીચે પડે છે, જે એટલી ઉતાવળી ગતિએ જાય છે કે અતિ કઠોર સ્પર્શથી અથડાઈ એ પ્રચંડ વ્યાકુળ થયેલા પાણીના ભાગ થઈ જાય છે; તેવા તરંગ અને કલ્લોલથી વ્યાપ્ત સમુદ્રમાં મોટા મગર મચ્છ, કાચબા, મહોરગ, જળચર પ્રાણી ઈત્યાદિ માંહોમાંહે પ્રહાર કરવાને ઘસે છે અને તેવા અસંખ્ય ભયંકર જળચરો ભયંકર શબ્દ કરીને ઘણો ભય ઉપજાવે છે. ઉપદ્રવના ઠામરુપ, ત્રાસ ઉપજાવ નાર, આકાશની પેઠે પાર ન પમાય તેવો, આલંબનરહિત, ઉત્પાતથી ઉત્પન્ન થયેલા પવનના યોગથી અત્યંત વેગવાળાં તથાં ઉપરાઉપરી ઉછળતાં તરંગોથી યુક્ત, ગર્વ યુક્ત, અતિ વેગવાળો, દૃષ્ટિમાર્ગને આચ્છાદતો, કોઈ સ્થળે ગંભીર, કોઈ સ્થળે વિસ્તીર્ણ, ગાજતો ગુંજારવ કરતો, કડાકા કરતો, લાંબા કાળ સુધી દૂરથી સંભળાતો એવો ગંભીર ઘુઘવાટ કરતો સમુદ્ર છે અને તેમાં મુસાફરી કરનારાઓના માર્ગમાં કોપિત થયેલા, યક્ષ, રાક્ષસ, કુષ્માંડ, પિશાચ વગેરે હજારો ઉપસર્ગો તથા ઉત્પાત ઉત્પન્ન ખરે છે, તે વ્યંતર દેવોને શાન્ત કરવાને માટે વહાણવટીઓ બલિદાન, હોમ, ધૂપ, રુધિરનું બલિ દાન, પૂજન-અર્ચન વગેરે કરવામાં યત્નશીલ રહે છે. સમુદ્રનો અંત બહુ દુષ્કર છે. દુઃખે સેવાય તેવો, જેમાં પ્રવેશવું દુષ્કર છે તેવાં, દુઃખે ઉતરી શકાય તેવો, અને ખારા પાણીથી ભરેલો એવા સમુદ્રમાં ઉંચા કરેલા કાળા સઢવાળા, ઉતાવળે ચાલે તેવા, વહાણમાં બેસીને, દૂર દૂર જઈને પરદ્રવ્યને હરનારા, અનુકંપા રહિત તથા પરલોકનાં ભયથી રહિત ચોર લોકો વહાણવટીઓના વહાણને ભાંગે છે અને તેમને લૂંટે છે. ગામ, આગર, નગર, ઈત્યાદિમાં રહેતા ધનિક લોકોને ચોર લોકો હણે છે. કઠણ હૈયાના અને નિર્લજ્જ ચોર લોકો બીજાઓને લૂંટે છે અને ગાયોને ઉપાડી જાય છે. એ દારુણ ગતિ વાળાઓ અને દયારહિત ચોરો પોતાનાઓને પણ હણે છે, ઘર ફોડીને ખાતર પાડે છે, ઘરમાં રાખેલું દાટેલું ધન-ધાન્ય-દ્રવ્ય ચોરી જાય છે. વળી તેવા નિર્દય ચોરો દેશના લોકોને મારે છે-કૂટે છે. પારકું દ્રવ્ય હરવાની આખડી વિનાના અને અણદીધું દ્રવ્ય લેવાની મતિવાળા લોકો પરદ્રવ્યની શોધ કરવાને કાળે અને અકાળે ઠેર ઠેર ભટકે છે. ચિતા ઓમાં બળતા રુધિ રાદિથી ભરેલાં મડદાંને કાઢીને, રુધિરથી ખરડેલાં મુખવાળી ડાકણો તે મુડદાંને ખાય છે તથા તેમાંનું લોહી પીએ છે, એવા ભયંકર શ્મશાનમાં પિશાચો અપ્રકટ રહીને કહકહાટ કરે છે તથા અટ્ટહાસ્ય કરે છે, એ પ્રકારે શ્મશાનમાં, વનમાં, સૂના ઘરમાં, પત્થરની ખાણોમાં, માર્ગની વચમાં આવતા હાટાદિમાં, પર્વતની ગુફામાં, સિંહાદિ હિંસક જાનવ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોના નિવાસવાળાં વિષમ સ્થાનોમાં, ક્લેશ પામતા, ટાઢતાપથી સુકાયેલા શરીરવાળા તથા કાંતિરહિત બનેલા ચોર લોકો નરક-તિર્યંચના ભવમાં ભોગવવાં પડતાં દુઃખોની પરંપરાને પાપકર્મોને એકઠાં કરે છે.

મિષ્ટ ભોજન અને પાણી જેને દુર્લભ છે અને જે ભુખ તથા તરસથી દુઃખ પામે છે. તે ચોર માંસ, કંદ મૂળ અને જે કાંઈ મળે તેનો આહાર કરી લે છે અને ઉદ્વિગ્ન તથા ભયથી ધડકતાં તથા આશ્રયરહિત સ્થિતિમાં વનમાં વાસ કરી રહે છે. વન સેંકડો સર્પોથી વ્યાપ્ત હોઈને ભયની આશંકાવાળા તથા અપયશકારી ભયંકર ચોર લોકો ગુપ્ત મંત્રણા કરે છે. ઘણાં લોકો ના કાર્યકરવામાં વિઘ્ન ઉત્પન્ન કરવામાં, મદમત્ત-પ્રમાદી-એવા નાં છિદ્ર જોઈ અવસરે હણનારા અને કષ્ટ તથા ઉત્સવને સમયે ચોરી કરવાની બુદ્ધિ વાળા ચોર લોકો, નહોરવાળાં જાનવરોની પેઠે લોહીની અભિલાષા રાખતા ભમ્યા કરે છે. રાજાની મર્યાદાને લોપનારા, સારા માણસોથી નિંદાયેલા, પોતનાં કર્મો કરીને પાપ કર્મના કરનારા, અશુભ પરિણામવાળા,દુઃખભોગવનારા,હંમેશા,અસામાધિયુક્તતથામેલા મનવાળા, ઈહલોકમાં ક્લેશને પાપનારા તથા પરદ્રવ્યને હરનારા મનુષ્યો સેંકડો દુઃખોને પામે છે.

[૧૬]કેટલાકો પારકા દ્રવ્યને શોધતાં રાજપુરુષોથી પકડાય છે ત્યારે તેમને માર પડે છે, બંધાય છે, અટકમાં રખાય છે, તુરત નગરમાં ફેરવાય છે અને તેને કોટવાળને સોંપવામાં આવે છે. નિર્દય કોટવાળ કઠોર વચને તેની તર્જના કરે છે, તેનું ગળું પકડીને ફેંકે છે; અને એવી રીતે દીન બની ગએલાઓને કેદખાનામાં દાખલ કરવામાં આવે છે, જે કેદખાનું નરક સરખું છે. ત્યાં પણ રખેવાળના પ્રહારો, અગ્નિના ડામ, તિરસ્કાર, કડવાં વચન, ભયંકર ધમકી ઈત્યાદિથી લાચાર થવું પડે છે. પહેરવાનાં વસ્ત્રો મેલાં અને કકડે કકડે સાંધીને બનાવેલાં મળે છે, અને કોટવાળને લાંચ આપીને પણ તેની પાસેથી વસ્ત્રાદિની વધુ સગવડ તે કેદમાં પુરાયેલાઓ માંગે છે. કોટવાળના પહેરેગીરો તેમને નાના પ્રકારના બંધને બાંધે છે. લાકડાની હેડ, લાખંડની બેડી વાળની રાશ-ચામડાનું દોરડું, લોહની સાંકળ, પગની ડામણ, ઈત્યાદિ અનેક પ્રકારનાં દુઃખ ઉપજાવનારાં બંધને કરીને તેમને કોટવાળાના પહેરેગીરો માત્ર સંકોડાવીને અને અંગોપાંગ મરડીને બાંધે છે. એ મંદપુણ્ય જીવોને કાષ્ટયંત્રમાં, કમાડ વચ્ચે અને લોહપિંજરમાં ધાલી મારે છે, ભોંયરામાં પૂરે છે, અંધારા કૂવામાં ઉતારે છે, થાંભલા સાથે બાંધે છે, ઉંધે માથે બાંધે છે, એ પ્રકારે પીડા ઉપજાવતાં તેમને મારે છે. વળી તેમની ગરદન મરડીને નીચે વાળીને માથાને છાતી સાથે બાંધે છે, તેમને ધૂળમાં દાટે છે, તેમનાં ફડકતા અને નીસાસાં નાંખતા હૃદયને-ભીંસીને બાંધે છે, તેમના માથાને ચામડાથી વીંટે છે, તેમની જાંઘને ચીરે છે, કાષ્ટયંત્રે કરીને તેમના ઘુંટણને બાંધે છે. તપાવેલ લોહના સળીયાથી ડામ દે છે, સોય ધોંચે છે, લાકડાની પેઠે છોલે છે, એ પ્રમાણે તેમને પીડા ઉપજાવે છે, એમ સેંકડો પ્રકારનાં કષ્ટો તેમને પમાડવામાં આવે છે. છાતી ઉપર મોટું લાકડું મૂકીને તેમને કષ્ટ આપવામાં આવે છે, વળી તેમને ગળે બાંધે છે, લોહના દંડ વડે છાતી, પેટ, ગુદા, પુંઠ ઉપર પ્રહાર કરીને તેમને પાડે છે, અંગોપાંગને ભાગી નાંખે છે, ઉપરીના હુકમથી કેટલાંક સેવકો નિરપરાધીને પણ શત્રુભાવથી જમની પેઠે પીડે છે. તે મંદભાગી અદત્તનું હરણ કરનારાઓને ચામડાના દોરડાથી મારે છે, લોહના સળીયાથી મારે છે, નાના-મોટા ચામડાના ચાબૂકથી મારે છે, નેતરની સોટીથી મારે છે : એ પ્રકારે સેંકડો પ્રહારથી અંગોપાંગે માર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સહન કરતા બાપડાઓ લબડી ગએલી ચામડીવાળા અને ઘાથી પીડા પામતા છતાં ચોરીના પાપને છોડતા નથી, બહુવિધ વેદના એ પાપી જનો પામે છે. એ રીતે મોકળી ઈંદ્રિયોવાળા, વિષયાસક્ત, અતિ મોહમુગ્ધ, પરધનમાં લુબ્ધ, સ્પર્શેન્દ્રિયના વિષયમાં અને સ્ત્રીમાં તીવ્ર આસક્તિવાળા, સ્ત્રીના રુપ- શબ્દ- રસ- ગંધમાં મનોવાંછનાવાળા, ભોગની તૃષાવાળા અને ધન હરવામાં આનંદ માનનારા, એ બધા ચોરી કરવાના ફળના અજાણ માણસોને રાજાના સેવકોની પાસે લઈ જઈને તેમને સોંપવામાં આવે છે.

તે રાજસેવકો કેવા છે ? વધશાસ્ત્રના પાઠક, અન્યાયના વ્યસની, તેવાં કર્મો કરનારા, લાંચ લેનારા, કૂડ-કપટ કરનારા વેશ-ભાષા બદલો કરનારા, માયા-કપટથી ઠગવામાં સાવધાન, અનેક પ્રકારે અસત્ય બોલનારા, પરલોકના વિચારથી વિમુખ, નરકગતિએ જનારા એ રાજકિંકરોની આજ્ઞાથી ચોર લોકોના દુષ્ટાચરણથી સજા તુરત નગરમાં જાહેર કરવામાં આવે છે. નગરમાં જે માર્ગ હોય છે, તેની વચ્ચે નેતરનો સોટો, લાકડી, કાષ્ટદંડ, ડાંગ, દંડકો, મુઠી, લાત, પગની પાની, ઘુંટણ કોણી વગેરેના પ્રહારે કરી ચોરના ગાત્રો ભાંગવામાં મર્દવામાં આવે છે. કરુણાજનક સ્થિતિમાં આવી પડે છે, તૃષાથી કંઠ-તાળવું અને જીભ સુકાઈ જવાથી પાણીની યાચના કરે છે. જીવવાની આશા નાશ પામે છે. ત્યારે તે ચોર લોકોને કોઈ પાણી પાવા આવે તો રાજપુરુષો તેમને પાણી પાતાં અટકાવે છે. કઠીન બંધને બાંધેલા, ક્રૂર રીતે પકડી રાખેલા, નાસી ન જાય તે માટે હાથે બાંધેલા, ટૂંકું કપડું પહેરાવેલા, મારી નાંખવા માટેના નિશ્ચય રુપે કંઠમાં રાતાં કરેણ નાં ફૂલની માળા દોરડાની પેઠે પહેરાવેલા, મરણના ભયથી શરીરે પરસેવાથી રેબજેબ બનેલા ધૂળથી ભરેલા દેખાતા કેશવાળા જીવવાની આશાથી રહિત બનેલા, વિકલપણે ડોલતાં, હણવાને માટે લઈ જવામાં આવતાં હોવા છતાં પ્રાણ-શ્વાસોચ્છવાસ ઉપર પ્રીતિવાળા તે ચોર લોકોને તલ-તલ જેવા છેદ કરવામાં આવે છે, તેથી વહેતા લોહીથી તેમનું શરીર ખરડાય છે, તેમના માંસના નાના-કકડા કરી મને ખવડાવે છે, પાપી જનો ચામડાના થેલામાં પત્થર ભરી તેમને મારે છે, તેમને નગરની વચમાં ફેરવવામાં આવે છે. તે રાંક-દીન ચોર લોકોના વિના શનો નિવારનાર કોઈ નથી, તેઓ શરણરહિત છે, અનાથ છે, બંધવરહિત છે, સ્વજનોથી ત્યજાયેલા છે, તેમને વધસ્થાને પહોંચાડે છે, શૂળીએ ચડાવે છે, દેહને વિદારે છે, તેમનાં અંગોપાંગને કાપે છે, વૃક્ષની ડાળે બાંધે છે, ત્યારે તેઓ દીન વચને વિલાપ કરે છે. વળી કેટલાક ચોરોનાં ચાર અંગ બાંધીને તેમને પર્વતની ટોચ પરથી નીચે ગબડાવે છે. ત્યારે તેઓ બહુ ઉંચેથી પડવાથી વિષમ પત્થર સાથે કુટાય છે. બીજાઓને હાથીના પગ હેઠળ મર્દવામાં આવે છે. વળી પાપી અધિકારી જનો, કેટલાકને બુઠ્ઠા કોહાડે કરી કરી મારે છે, કેટલાકના કાન-હોઠ-નાક કાપે છે, કેટલાકની આંખો-દાંત-વૃષણ-જીભને છેદે છે, કેટલાકને દેશપાર કરવામાં આવે છે, કેટલાકને મૃત્યુ સુધી બાંધી મૂકવામાં આવે છે. કેટલાક પરદ્રવ્ય હરણમાં લુબ્ધ લોકોને હાથ પગમાં બેડી પહેરાવીને કારાગૃહમાં પૂરી રાખવામાં આવે છે. પરદ્રવ્યહારી જનોને તેમનાં સ્વજનો ત્યજી દે છે, મિત્રો તેમનો તિરસ્કાર કરે છે, તેઓ નિરાશ બની જાય છે, અનેક લોકોના ધિક્કારના શબ્દોથી લજવાય છે, છતાં તે નિર્લજ્જ બની ગયા હોય છે. ક્ષુધાથી પીડાતા, તાપ-તાઢની આકરી વેદના સહન કરતા, વિરુપ મુખવાળા, કાન્તિ હીન શરીરવાળા, મેલથી ભરેલા દેહ વાળા, દુબળા, ગ્લાનિ પામતા, ખોંખો કરતા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુષ્ટાદિ વ્યાધિ પામતા, ઉદરરોગથી પી ડાતા ગાત્રોવાળા, નખ, કેશ, દાઢી-મૂછ-રોમાદિ જેના વધેલા છે તેવા, પોતાના મળ -મૂત્રમાં રગદોળાતા ચોર લોકો ત્યાં જ કારાગૃહમાં જ મૃત્યુને નહિ ઈચ્છતા છતાં મરણ પામે છે. કેટલાંકના દેહમાં કીડા પડે છે. લોકો તેમને અનિષ્ટ વચને કરી શ્રાપ દે છે. અને "સારું થયું, ભલે એ પાપી મૂઓ," એમ બોલીને કેટલાક લોકો હર્ષિત થાય છે.

વળી મુઆ પછી ઘણા વખત સુધી તેમનાં સ્વજનોને પણ તેઓ લજ્જાના કારણ રુપ બને છે. મરણ પામ્યા પછી તેઓ પરલોકમાં નરકને વિષે ઉપજે છે. અણગમતા નરકમાં બળતા અંગારાની ઉષ્ણ અને અતિશય શીત વેદના વગેરે સતત કષ્ટો અશાતા વેદનીય કર્મોદય આવવાને લીધે તેઓ સહન કરે છે તે નરકથી નીકળીને વળી પાછા તીર્યંચ યોનિમાં ઉપજે છે અને ત્યાં પણ નરકના જેવી વેદનાઓ ભોગવે છે. પછી અનંત કાળે તે જીવો મોટે કષ્ટે કરી મનુષ્યભવ પામે છે, મનુષ્યપણે પણ તે જીવો અનાર્ય દેશમાં હલકાં કુળમાં ઉપજે છે અને જો આર્ય દેશમાં ઉપજે છે તો લોકબાહ્ય, ડહાપણરહિત અને કામભોગને વિષે સદા અતૃપ્ત એવા ઉપજે છે અને ત્યાં પણ નરકનાં આવર્તન બાંધે છે, ભવપ્રપંચે કરી જન્મ-મરણના ફેરા કરે, ધર્મશાસ્ત્રના જ્ઞાનથી રહિત, અનાર્ય, ક્રૂર કર્મના કરનારા અને મિથ્યાત્વશાસ્ત્રના મતના આદરનારા બને. તેઓ એકાંત હિંસાની રુચિ વાળા કરોળી યાની જાળની પેઠે કર્મના આવરણથી વીંટાઈને દુઃખ ભોગવે. એવી રીતે સંસારની પરિધિમાં તેઓ પરિભ્રમણ કરે છે. એ સંસારસમુદ્રમાં જન્મ-જરા-મરણરુપી ગંભીરપણું છે, દુઃખે કરીને પ્રક્ષુબ્ધ એવું ઘણું જળ છે, સંયોગ વિયોગરુપી મોજાં ઉછળે છે, ચિંતાના પ્રસંગો ચોમેર પ્રસરી રહેલા છે, વધ-બંધનરુપી મોટા કલ્લોલ વિસ્તરી રહ્યા છે, કરુણાજનક શબ્દ-વિલાપ અને લોભ નો કલકલ ધ્વનિ અતિશય સંભળાઈ રહ્યો છે, અપમાનરુપ ફીણ ઉડી રહ્યું છે; તીવ્ર નિંદા, ઘણા રોગોની નિરંતર વેદના, પરા ભવ તથ પતન, નિષ્ઠુર વચન નિર્ભર્ત્સના, એ બધાને ઉપજાવનાર કઠોર કર્મરુપી પાષાણે કરીને જેને વિષે તરંગો ચાલી રહેલા છે; સદા મરણભયરુપી પાણીની સપાટી જેમાં રહેલી છે, ચાર કષાયરુપી પાતાળકલશોથી વ્યાપ્ત, લાખો ભવરુપી પાણીના સમૂહનો જ્યાં ત્યાં અંત નથી, જે ઉદ્વેગકારક છે, જેનો પાર પામી શકાતો નથી, આશા-પિપાસારુપ જે સમુદ્રનું તળીયું છે, જેમાં કામ, રાગ દ્વેષ, બંધન, અનેક પ્રકારની ચિત્તની ચિંતા ઈત્યાદિરુપ પાણીનાં રજકણ ઉડે છે, તે રજકણથી જ્યાં અંધકાર છવાયો છે, જ્યાં મોહનાં આવર્તન અને કામભોગ મંડલાકરે ભમે છે, વળી જે સમુદ્રમા ઉંચે આવી નીચે પડતા અને આમ દોડતા પાઠીન જેવા પાણીના જીવોની પેઠે ગર્ભવાસમાં ઉંચે-નીચે પડવાપણું રહેલું છે, જ્યાં કષ્ટપીડિત મનુષ્યના રુદનરુપ પ્રચંડ વાયુવડે મેલા સંકલ્પ રુપી તરંગો રહ્યા છે, પ્રમાદરુપી રૌદ્ર અને ક્ષુદ્ર હિંસક પ્રાણીઓથી ઉપદ્રવ પામીને ઉઠતા એવા મત્સ્યરુપી મનુષ્યોના સમૂહો જેમાં આવી રહેલા છે, જેમાંના મત્સ્યરુપી મનુષ્યો અતિ રૌદ્ર છે, ઘણા અપયશથી યુક્ત છે, જેમાં અજ્ઞાનમાં ભમતાં અને દક્ષ મત્સ્યો રહેલાં છે, અનુપશાંત ઈંદ્રિયોવાળાં મોટા મગરની ત્વરિત ચેષ્ટાએ કરીને જે સમુદ્ર ક્ષોભ પામી રહેલા છે, જેમાં સંતાપરુપ વડવાગ્નિ નિત્ય અતિ ચપલ-ચંચળ રીતે સળગી રહ્યો છે, અત્રાણ અને અશરણ મનુષ્યો કે જેમને પૂર્વે કર્મના સંચયથી પાપો ઉદય આવ્યા છે તેઓના સેંકડો દુઃખોના વિકાસરુપી વમળ તે સમુદ્રના જળમાં ઘૂમી રહ્યા છે,

જૈન સાઈટ JAINSITE.com જૈન ધર્મ ... જાણકારી

અરતિ-રતિ-ભય-વિષાદ-શોક મિથ્યાત્વરુપી પર્વતોથી તે સાંકડો છે, કર્મબંધન રુપી તેનાં અનાદિ સંતાનો છે, ચાર ગતિમાં જવું એ તેનાં ચક્રવત્ પરિવર્ત છે અને વિસ્તીર્ણ જળની વેલ છે; આઠ પ્રકારનાં અશુભ કર્મના સમૂહે કરીને ઘણો ભાર થઈ જતાં વિષમ પાણીનો સમૂહ પ્રાણીઓને ડુબાવીને ઉંચા-નીચા પછાડે છે એવં દુર્લભ તેનું તળીયું છે; ચાર ગતિરુપ, મોટો અને અનંત એવો વિસ્તીર્ણ સંસારરુપ સમુદ્ર છે; જેમને સંયમની સ્થિતિ નથી, તેમને એ સમુદ્રમાં કશું અવલંબન નથી, કશો આધાર નથી, ચોરાશી લાખ-જીવયોનિનું ઉત્પત્તિનું ગહન સ્થાનક છે. ત્યાં અજ્ઞાનરુપી અંધકાર છે, અનંતકાળ સુધી નિત્ય ત્રાસ પામતા અને ભય અને સંજ્ઞાથી યુક્ત જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે.

ઉદ્વેગવંત નિવાસસ્થાનમાં જ્યાં જ્યાં જીવો આયુષ્ય બાંધે ત્યાં ત્યાં તે પાપકર્મી જીવોને તેમના ભાઈઓ, સ્વજનો, મિત્રો છોડી દે છે, અળખામણા હોઈને તેમનું વચન કોઈ માને નહિ, રહેવાનું સ્થાન-આસન-શય્યા-ભોજન ખરાબ હોય છે, શરીરનું સંહનન પ્રમાણ, સંસ્થાન અને રુપ કુત્સિત હોય છે; તેઓમાં બહુ ક્રોધ, માન, માયા, લોભ અને મોહ હોય છે; ધર્મસંજ્ઞા અને સમ્યક્ત્વથી ભ્રષ્ટ હોય છે; દારિદ્રય અને ઉપદ્રવથી પીડાય છે; આજીવિકાના સાધનથી રહિત રાંક, અને પારકા ભોજનને શોધનારા હોય છે; તેઓ દુઃખે કરી આહાર મેળવી શકે છે; અરસ અને વિરસ અલ્પ ભોજન મળવાથી પેટ પણ પૂરું ભરાય નહિ; તેઓ દીનતા અને શોકથી દાઝતાં દુઃખને ભોગવે છે; તેઓ સત્વથી રહિત, સહાયથી રહિત, શિલ્પ-ચિત્રાદિ કલા-સમયશાસ્ત્રના જ્ઞાનથી રહિત હોય છે અને પશું સરખા જન્મેલા હોય છે; લોકો વડે નિંદનીય હોય છે અને તેમનો મોહ, મનોરથ તથા અભિલાષા ઘણા હોય છે પણ તે નિષ્ફળ જાય છે; તે આશાપાશથી બંધાયેલા પ્રાણીઓ જગતમાં મુખ્ય મનાતી ધનપ્રાપ્તિ અને કામભોગની પ્રાપ્તિ મેળવવાને બહુ ઉદ્યમ કરે છે, પરન્તુ તેમાં નિષ્ફળ થાય છે; રોજ રોજ ઉદ્યમ કરવા છતાં મહાક્લેશે કરીને ધાન્યનો થોડો પણ સંગ્રહ કરી શકતા નથી; હમેશાં ઉપભોગથી રહિત, કામ-ભોગથી અને સર્વ સુખથી રહિત હોય છે; તે બાપડાઓ પરવશે-ઈચ્છા વિના દુઃખો ભોગવે છે, સુખ તથા નિવૃત્તિને પામતા નથી અને અત્યંત સેંકડો પ્રકારનાં દુઃખથી દાઝે છે. પરદ્રવ્ય હરણથી જેઓ નથી નિવર્ત્યા, તેઓ અદત્તાદાનનો ફળવિપાક આ લોક અને પરલોકમાં અલ્પ સુખ અને બહુ દુઃખ રુપે ભોગવે છે, તે મહા ભયનું કારણ છે, કર્મરુપી મેલને ગાઢ રીતે ઉત્પન્ન કરે છે. તે રૌદ્ર, કઠોર, અશાતાનું કારણ છે અને હજારો વર્ષે પણ ભોગવ્યા સિવાય ન છૂટે તેવું કર્મ છે. તે ભોગવ્યેજ છૂટકો થાય છે.

**અધ્યયનઃ૩-આસ્રવદ્વારઃ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ૪-આસ્રવદ્વારઃ૪

[૧૭] હે જંબૂ ! હવે હું આશ્રવદ્વારનું ચોથું અધ્યયન અબ્રહ્મચર્ય વિષે કહીશ. એ અ- બ્રહ્મચર્ય દેવતા, મનુષ્ય અને અસુર એ બધા લોકને વિષે પ્રાર્થનીય- છે, ભારે કીચ્ચડ રુપ છે, પાતળા કાદવ રુપ છે, પાશરુપ છે, માછલાં પકડવાની જાળ જેવું છે, સ્ત્રી-પુરુષ-નપુંસકના લક્ષણ રુપ છે, તપ-સંયમ-બ્રહ્મચર્યમાં વિઘ્ન કરનાર છે, ચારિત્રનો વિનાશ કરનાર છે, ઘણા પ્રમાદનું કારણભૂત છે, કાયર અને ખરાબ માણસો તેનું સેવન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે છે, સારા મનુષ્યોએ વર્જવા યોગ્ય છે, દેવલોક-નરકલોક-મનુષ્યલોક ત્રણે લોકમાં તેનું સ્થાન છે, જરા- મરણ- -રોગ-શોકને વધારનાર છે, વધ-બંધન-વિધાતા છતાં તેની લાલસા શાન્ત થતી નથી, દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના કારણરુપ છે. લાંબા કાળથી પરિચિત્ છે.પરંપારાથી ચાલ્યું આવે છેઅનેદુઃખે કરીનેઅંત પામીશકાય તેવુંછે.

[૧૮]અબ્રહ્મચર્યનાં ગુણનિષ્પન્ન ત્રીસ નામો કહ્યાં છે. અબ્રહ્મચર્ય, મૈથુન, ચરંત, સંસર્ગી-અવકાર્યનું સેવન, સંકલ્પનો હેતું, બાધાનો હેતું, દર્પ્પકારી મોહ હેતુ, સંક્ષોભ ઉપજાવનાર, અનિગ્રહ-ક્લેશનો હેતું, ગુણઘાતનો હેતું, ગુણની વિરાધનાનો હેતું, વિભ્રમનો હેતું, અધર્મ શીલનું વિનાશક, કામગુણ શોધનાર, કામસેવા, સ્નેહ ચિંતાનો હેતું, કામભોગમાં મરણ નીપજાવનાર, વેરનો હેતું, છાનું કર્તવ્ય, છુપાવવાયોગ્ય, ઘણાને મનમાન્યું, બ્રહ્મચર્યનું ઘાતક, ગુણનું ઘાતક, ચારિત્ર્યની વિરાધના કરનાર, કામાસક્તિ, કંદર્પના ગુણકાર્ય રુપ.

[૧૯]હવે બ્રહ્મચર્યને કોણ સેવે છે, તે કહે છેઃઃ-વૈમાનિક ભુવનપતિઓ- વાણ-વ્યંતર-જ્યોતિષી, વૈમાનિક, મનુષ્યગણ, તિર્યંચ મોહથી આસક્ત ચિત્તવાળા થાય છે, કામ ભોગના તૃષ્ણાતુર છે, બળવાન અને મોટી વિષયતૃષ્ણાથી પીડિત થયા છે, વિષયથી ગુંથાઈ ગયા છે, અતિ મુર્ચ્છિત થયા છે. અબ્રહ્મચર્યમાં ખુંચેલા છે, અજ્ઞાન ભાવે કરીને યુક્ત છે, દર્શન અને ચારિત્ર મોહનીય કર્મરુપી પિંજરમાં પુરાયા છે. તેઓ અન્યોન્ય કામભોગનું સેવન કરે છે. ભુવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ, વૈમાનિક દેવતાઓ, તીર્યંચ અને મનુષ્ય કામભોગમાં આસક્તિથી ચિત્ર-વિચિત્ર ક્રીડા કરે છે. વળી દેવ તથા રાજાઓને પૂજનિક એવો ચક્રવર્તી પણ અબ્રહ્મચર્યને સેવે છે. પર્વતો, નગર, વણિકવાસ, જનપદ પુર, જળ -સ્થળના પંથ, માટીનાં કોટવાળાં ગામ, ગામડાં, મંડપ સંવાહ પાટણ, એવાં હજારો સ્થાનો આવી રહેલાં છે. એવી પરચક્રના ભયથી રહિત પૃથ્વીને એક છત્રે સાગરસહિત ભોગવતો ચક્રવર્તી નગરમાં સિંહ જેવો, મનુષ્યો માં ઈંદ્ર જેવો, નરવૃષભ જેવો, સમર્થ છે. અતિશય રાજતેજ અને લક્ષ્મીએ કરી દેદીપ્ય માન છે. સૌમ્ય છે અને રાજવંશમાં તિલક સમાન છે. વળી તેના શરીર ઉપર વિધવિધ પ્રકારનાં મંગલ ચિન્હો-લક્ષણો હોય છે. જેવાં કે, સૂર્ય, ચંદ્ર, શંખ, ઉત્તમ ચક્ર. સાથીયો. ધ્વજા.જવ. મત્સ્ય, કૂર્મકાચબો. રથ. ભગ. ભવન. વિમાન. અશ્વ. તોરણ. ગોપુર. મણિ. રત્ન. નંદાવર્ત. મૂશળ. હળ. સુંદર કલ્પવૃક્ષ. મૃગપતિ. ભદ્રાસન. સુરુચિ સ્તૂપ, સુંદર મુકુટ. મુક્તાવલિ. કુંડલ. હાથી. સુંદર વૃષભ. દ્વીપ. મેરુ પર્વત. ગરુડ. પર્ણ- ઈંદ્રસ્થંભ, દર્પણ. અષ્ટાપદ-ધનુષ્ય. બાણ. નક્ષત્ર. મેઘ. સ્ત્રીની કટિમેખલા. વીણા. ધોસરું. છત્ર. માળા. દામણી. કમંડલ. કમળ. ઘંટા. સુંદર વહાણ. સોમ. સમુદ્ર. કુમુદનું વન. મગર. હાર. ઘાઘરો. ઝાં ઝર. પર્વત. નગર.વજ્ર.કિન્નર.મોર. રાજહંસ. સારસ. ચકોર. ચક્ર વાકનું પૃથ્વી. ખડ્ગ. અંકુશ. નિર્મલ કળશ. ભૃંદાક શરાવલાનો સંપુટ ઈત્યાદિ જૂદાં જૂદાં પ્રશસ્ત પુરુષલક્ષણોને ધારણ કરનારા એ ચક્રવર્તી હોય છે. બત્રીસ હજાર રાજાઓ તેમની પાછળ પાછળ ચાલતા હોય છે. ચોસઠ હજાર સુંદર યુવતીઓનાં તે નયનાભિરામ છે-તે સ્ત્રીઓની કાન્તિ લાલ છે, કમળના ગર્ભ સરખો તેમનો ગૌર દેહ છે, કોરંડ પુષ્પની માળા ગળે ધારણ કરે છે. ચંપાના ફૂલ અને કસોટીના પત્થર ઉપર તપાવેલા સોનાની રેખા કરી જેવો તેમના શરીરનો વર્ણ છે, સર્વ અવયવો સુઘટિત હોવથી તેમનાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંગ સુંદર હોય છે. મોંઘા અને મોટાં નગરમાં ઉપજતાં વિધવિધ રંગરાગ એ ચક્રવર્તી ભોગવે છે. મૃગચર્મને કેળવીને બનાવેલાં અને વૃક્ષની છાલનું સૂતર બનાવી તેમાંથી વણેલાં વસ્ત્રો પહેરે છે. કમર પર કટિસૂત્ર પહેરીને અંગને શણગારે છે. વળી તેઓ અંગને મધુર સુગંધો કસ્તુરી ઈત્યાદિનાં ચૂર્ણોથી સુવાસિત કરે છે. મસ્તક ઉપર સુંદર સુગંધી પુષ્પોનો શણગાર કરે છે. નિપુણ કારીગરોએ તૈયાર કરેલા અલંકારો જેવાં કે કુશદાયિની માળા, કંકણ, બાહુબંધ, બેરખા, ઈત્યાદિ શરીરે ધારણ ખરે છે, કંઠમાં એકાવલિ હાર પહેરીને છાતીને શોભાવે છે, બેઉ પાસે લટકતા ઉત્તરીયા વસ્ત્રને સુંદર રીતે ધારણ કરે છે, સુવર્ણની પીળા રંગની વીંટીથી આંગળીને શોભાવે છે; તેઓ તેજે કરીને સૂર્યની પેઠે દેદીપ્યમાન દેખાય છે. શરદના નવા મેઘના જેવો મધુર, ગંભીર અને સ્નિગ્ધ તેમનો શબ્દ હોય છે. ૧૪ રત્નોના તેઓ સ્વામી છે, નવે નિધિના ધણી છે, તેમના ભંડારો ભરેલા છે, ચારે દિશાના અંતવિભાગ છે. જ્યાં તે જાય ત્યાં ચાર પ્રકારની સેના તેમની પાછળ જાય છે. તેમનું પુષ્કળ લશ્કર છે. શરદ્ઋતુના પૂર્ણ ચંદ્ર જેવું સૌમ્ય તેમનું વદન છે. તેઓ શૂરા છે, ત્રિલોકમાં તેમનો પ્રભાવ વ્યાપેલો છે, સુવિ ખ્યાત છે, સમસ્ત ભારતના અધિપતિ નરેંદ્ર છે. રાજવીઓમાં જે સિંહ જેવા છે, તે ચક્રવર્તીઓ પૂર્વે કરેલા તપના પ્રભાવે કરીને સંચિત કરેલું સુખ હજારો વર્ષના આયુષ્ય સુધી હજારો સ્ત્રીઓની સાથે ભોગવતા, અનુપમ શબ્દ-સ્પર્શ-રસ-રુપ અને ગંધનો ઉપભોગ કરતાં છતાં કામ ભોગમાં અતૃપ્ત રહ્યાં થકા મૃત્યુને પામે છે.

વળી બળદેવ અને વાસુદેવ પણ મરણ પામે છે. તેવો પ્રવર પુરુષ છે, મોટા બળ-પરાક્રમવાળા છે, મોટા ધનુષ્યનો ટંકાર કરનારા છે, મહા સત્સાહસના સાગર છે, પ્રતિસ્પર્ધીથી જીતી ન શકાય તેવા છે, ધનુર્ધર છે, પુરુષોમાં વૃષભ સમાન છે, એ રામ (બળદેવ) અને કેશવ (વાસુદેવ) એ બે ભાઈ પરિવાર સહિત છે. વાસુદેવ, સમુદ્રવિજય આદિ દશ દશાઈ હૃદયના વલ્લભ છે; પ્રદ્યુમ્નકુમાર, આદિ યાદવોના સાડા ત્રણ કરોડ કુમારોના હૃદયના વલ્લભ છે, તથા દેવી રોહિણી અને દેવી દેવકીના હૃદયને આનંદનો ભાવ ઉત્પન્ન કરનારા છે. સોળ હજાર પ્રધાન રાજાઓ તેમની પાછળ પાછળ હીંડે છે. સોળ હજાર દેવીઓનાં નયન-હૃદયને વહાલા લાગે છે. નાના પ્રકારના મણિ, સુવર્ણ, રત્ન, મોતી, પ્રવાલ, ધન, ધાન્ય વગેરે ઋદ્ધિના સંગ્રહથી તેમના કોષાગાર ભરેલા છે. હજારો ઘોડા, હાથી, રથના સ્વામી છે. હજારો ગામ, આગર, આદિ ભયવર્જિત હોઈને સુખસમાધિ અને આનંદ ભોગવતાં વિવિધ લોકોથી ભરેલી પૃથ્વી, સરોવર, આદિથી નેત્રને આનંદ આપે છે. એવા અર્ધ ભરતના તે સ્વામી છે. વળી છ પ્રકારની ઋતુઓના ગુણકર્મથી તે યુક્ત છે. એવા અર્ધ ભરતના સ્વામી. ધૈર્યવત, કીર્તિવંત પુરુષ છે, અચ્છિન્ન બળશાળી છે, અતિ બલવંત છે, કોઈથી હણાય નહિ તેવા છે, અપરાજિત છે, શત્રુનું મર્દન કરનાર છે, હજાર વેરીના માનનું મથન કરનાર છે, મત્સરરહિત છે, ચપળતારહિત છે, અચંડ-છે. મૃદુ-બોલનારા છે, હસમુખા છે, ગંભીર-મધુર વચન ઉચ્ચારનારા છે, જે આવે તેની પ્રત્યે વાત્સલ્યભાવ ધરનારા છે, શરણે આવેલાંને રાખ-નારા છે, સામુદ્રિક લક્ષણવ્યંજનાદિ ગુણથી સહિત છે, માનોન્માન પ્રમાણ સર્વાવયવે સુંદર દેહ છે, ચંદ્રની પેઠે સૌમ્ય આકાર છે, કમનીય-મનોહર છે, પ્રિયંકર દર્શન છે, કાર્યને વિષે ઉદ્યમી છે, દુઃસાધ્યના સાધક છે, આજ્ઞા પ્રમાણે સૈન્યાદિને પ્રવર્તાવનાર છે, ગંભીર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શનવાળા છે, તાલવૃક્ષના ચિહ્નથી અંકિત ધ્વજા (બળદેવની) અને ગરુડ પક્ષીના ચિહ્નથી અંકિત ધ્વજા (વાસુ દેવની) ને ફરકાવનારા છે, અતિબળવંત છે, ગર્જના કર નારા છે. અભિમાનવાળા છે, મૌષ્ટિક મલ્લકને ચૂર્ણ કરનારા (બળદેવ) છે, ચાણુર મલ્લને ચૂર્ણ કરનારા (વાસુદેવ) છે, રિષ્ટ નૃષભના ઘાતક છે, કેસરી સિંહના મુખને વિદારનારા છે, અતિ દર્પવાન નાગના દર્પનું મથન કરનારા છે, અમલ અને અર્જુન નામનાં વૃક્ષોને ભાંગનારા છે, મહાશકુનિ અને પૂતના વિદ્યાધરીના વૈરી છે, કંસના મારનાર છે, જરાસંઘના માનનું મર્દન કરનાર છે, ઘણી શલાકાએ કરી સહિત વિરાજ માન છે, ચંદ્રમંડલ સરખી કાન્તિવાળા છે, સૂર્યના કિરણકવચથી પ્રસરતા તેજે કરીને જાજ્વલ્ય માન એવા અનેક દંડોવાળા છત્રે કરીને વિરાજમાન છે; વળી મોટા પર્વતોની ગુફાઓની વિચરતી નીરોગી ગાયોની પૂંઠે નીપજતા અને નિર્મળ સફેદ વિકસેલા કમળ જેવા ઉજળા ચામરોથી વિરાજમાન છે; એ ચામરો રજતગિરિના શિખર જેવા વિમળ છે, ચંદ્રના કિરણ સરખા ઉજળા છે, સ્વચ્છ ચાંદી જેવા નિર્મળ છે; પવનથી હાલતાં ચંચળ પાણીમાં નાચતાં મોજાંએ કરી ક્ષીરોદક સાગરમાં જે કલ્લોલ પ્રસરી રહે છે તેના જેવાં ચંચળ એ ચામર વીંજાઈ રહે છે; નાના પ્રકારનાં મણિરત્ન, મૂલ્યવાન અને તપાવેલા સુવર્ણથી નીપજાવેલા વિચિત્ર દંડથી એ ચામરો શોભે છે; એવા પ્રકારના લાલિત્યે કરીને યુક્ત ચામરો રાજાની લક્ષ્મીના સમુદાયને પ્રકાશિત કરે છે; મોટાં નગરોમાં નીપજતાં અને સમૃદ્ધ રાજાઓવડે સેવાતા સુગંધી દ્રવ્યો જેવા દસ પ્રકારના ધૂપથી સુવાસિત તેમના સ્થાન મઘમઘાટ કરી રહે છે; તેમની બેઉ પાસે ચામરોના સુખકારી શીતળ વાયુથી તેમનાં અંગ વીંઝાઈ રહે છે; તેઓ અજિત છે, અજિત રથવાળા છે, હાથમાં હળ-મુશળ-બાળને ધારણ કરનાર (બળદેવ) છે; શંખ, ચક્ર, ગદા, ત્રિશૂળ, નંદનક ખડ ગને (વાસુદેવ) ધારણ કરે છે; સુંદર, ઉજ્જવલ, ઉત્તમ, વિમળ કૌસ્તુભમણિ હૃદયને વિષે ધારણ કરે છે, મસ્તકપર મુકુટને ધારણ કરે છે. વળી કુંડલે કરી શોભાયમાન તેમના વદન છે, સફેદ જેવાં તેમનાં નેત્ર છે, તેમનાં વક્ષસ્થળ શોભે છે, શ્રીવચ્છરુપી રુંડું જેમનું લાંછન છે; તેવા તેઓ અતિ યશસ્વી છે. જૂદાં જૂદાં એકસો ને આઠ પ્રશસ્ત સુંદર લક્ષણો થી વિરાજિત તેમનાં અંગોપાંગ શોભે છે; મત્ત ઐરાવત હાથીની લીલાયુક્ત ગતિના જેવી તેમની વિલસિત; કટિસૂત્ર સાથે નીલાં (બળદેવ) અને પીળા (વાસુદેવ) વસ્ત્રો તેઓ પહેરે છે; અને તેજે કરી દીપ્તિમાન છે. નરમાં સિંહ જેવું તેમનું બળ છે અને સિંહ જેવી તેમની ગતિ છે; એવા તેઓ પણ અસ્ત પામ્યા. મોટા રાજાઓમાં સિંહ સમાન સૌમ્ય, દ્વારામતી નગરીના પૂર્ણ ચંદ્ર પૂર્વકૃત તપના પ્રભાવે કરીને સંચેલાં સુખો અનેક શત વર્ષોના આયુષ્ય સુધી સ્ત્રીઓ સાથે ભોગવતાં, સકળ દેશના પ્રધાન સુખોએ વિલ સતાં છતાં, અનુપમ શબ્દ-સ્પર્શ-રસ-રુપ-ગંધને અનુભોગતાં, તેઓ પણ કામભોગને વિષે અતૃપ્ત રહ્યા થકા મરમધર્મને પામે છે .

વળી મંડલીક રાજા સેનાવાળો છે, અંતઃપુરવાળો છે, પરિષદા-પરિવારવાળો છે, પુરોહિત સહિત છે, તેના અમાત્ય, દંડનાયક, સેનાપતિ મંત્રણા વિષે અને નીતિ વિષે કુશળ છે, તેના ભંડારમાં ભરેલો છે; તેઓ વિપુલ રાજ્ય લક્ષ્મીને ભોગવતાં, અહંકારે ગજતાં અને બળે કરીને મત્ત છતાં કામભોગમાં અતૃપ્ત રહીને મરણ ધર્મને પામે છે. પુનઃ ઉત્તરકુરુ-દેવકુરુનાં વનવિવરોમાં જે પગે ચાલતાં મનુષ્યના સમૂહ છે, તેઓ ભોગે કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તમ છે, ભોગનાં લક્ષણ ભોગની રેષાઓને ધારણ કરનારા છે, ભોગે કરીને શોભાય માન છે, પ્રશસ્ત -સૌમ્ય-પ્રતિપૂર્ણ રુપે કરીને દર્શન કરવા યોગ્ય છે, સુઘટિત અવયવોએ કરીને સુંદર અંગવાળા છે, લાલા કમળપત્ર જેવાં મનોહર તેમનાં હાથપગનાં તળીયાં છે, રુડા આકારના કાચબા જેવાં તેમના સુંદર ચરણ છે, સુસંહત તેમની આંગળીઓ છે, ઉંચા-પાતળા-લાલ અને સ્નિગ્ધ તેમનાં નખ છે, સુઘટિત સુશ્લિષ્ઠ અને માંસલ તેમની પગની ઘુંટીઓ છે, મૃગલીની જંઘા ઉપર જેમ કુરુવિંદનાં તૃણના જેવા આવર્તક જેવી જંઘા છે, દાબડાના ઢાંકણાના જેવા સ્વભાવે કરીને માંસલ તેમના ઘુંટણ છે, ઉત્તમ મત્ત હાથીના જેવી વિલાસયુક્ત હીંડવાની ગતિ છે, સુંદર ઘોડાના સરખું તેમનું ગુહ્યાંગ છે, જાતવંત ઘોડાના જેવો તેમનો મળરહિત દેહ છે વર્તુલાકારે તેમની કમર છે; ગંગાના આવર્તન પેઠે, દક્ષિણા વર્તની પેઠે, તરંગભંગની પેઠે, સૂર્યકિરણથી જાગૃત થઈને વિક સિત થયેલા કમલની પેઠે ગંભીર તથા વિકટ તેમની નાભિ છે; એકઠી બાંધેલી ત્રગડી જેવો, મુશળ જેવો, દર્પણ જેવા નિર્મળ કરેલા સુંદર સોના બનાવેલી તલવારની મૂઠના જેવો અને વજ્રના જેવો પાતળો તેમનો શરીરનો મધ્યભાગ છે; સરલ, સુપ્રમાણયુક્ત અવિરલ, સ્વાભાવિક સુક્ષ્મ, કાળી, સ્નિગ્ધ-તેજવંત, શોભાયુક્ત, મનોહર, સુકુમાર, અને સુકો મળ એવી તેમની રોજરાજિ છે; મત્સ્ય અને પંખી જેવી સુંદર અને માંસલ તેમની કુક્ષી- જઠર દેશ; મત્સ્યના જેવું તેમનું ઉદર છે; નીચાં- નીચાં નમતાં, સંગત- સુંદર, સુપ્રમાણયુક્ત -રમણીય તેમનાં પાસાં છે, કનકના સરખી તેમની કાન્તી છે; નિર્મળ, રુડો અને રોગરહિત તેમનો દેહ છે; સોનાની શિલાના તળીયા જેવી, પ્રશસ્ત, અવિષમ, સમાંસલ, વિસ્તીર્ણ અને પહોળી તેમની છાતી છે; ધૂસરા સરખા, માંસલ, રમણીય અને મોટા હાથના પોંચા છે; સુસંસ્થિત, સુશ્લિષ્ઠ, વિશિષ્ટ મનોજ્ઞ, સુનિશ્ચિત-શુભ પુદ્ગલ યુક્ત, વિશાળ, દૃઢ ને સુબદ્ધ અસ્થિ ના સંધી છે; મોટા નગરની ભોગળ સરખી વર્તુલા કાર તેમની ભુજાઓ છે; રમણીય અને ગોળ અર્ગલા જેવા દીર્ઘ તેમનાં બાહુ છે; લાલ હથેળીવાળા મૃદુ, માંસલ, શુભ લક્ષણયુક્ત, પ્રશસ્ત, અછિદ્ર- -અવિરલ આંગળીઓથી યુક્ત તેમના હાથ છે; પુષ્ટ, સુંદર અને કોમળ તેમની આંગ ળીઓ છે; લાલ, પાતળા, પ્રકારની રેખાઓ છે; સૂર્ય-ચંદ્ર-શંખ-ચક્ર દક્ષિણાવર્ત સાથીઓ એમ જૂદી જૂદી સુંદર હાથ માંહેનીરેખાઓછે;મહીષ,શકરવરાહ,સિંહ,શાર્દૂલ,વૃષભ,હાથી સમાન વિસ્તીર્ણ તેમનો સ્કંધપ્રદેશ છે; ચાર આંગળ પ્રમાણની શંખના સરખી તેમની ગ્રીવા ડોક છે; યથાવસ્થિત શોભાયુક્ત મૂછ છે; માંસલ, રુડી, પ્રશસ્ત સિંહ સરખી વિસ્તીર્ણ હડપચી છે. પાકં બીંબફળ જેવા લાલ નીચેલા હોઠ છે; ધોળી, ચંદ્રમાના ટુકડા જેવી સફેદ, નિર્મલ શંખ જેવી, ગાયના દૂધ જેવી, સમુદ્રફીણ જેવી, કુંદનાં પુષ્પ જેવી, પાણીનાં ટીંપા જેવી, કમળ જેવી ધોળી દાંતની હાર છે; અગ્નિથી તપાવેલા નિર્મલ ઉના સુવર્ણના જેવું લાલ તેમનું તાળવું અને જીભ છે; ગરુડની ચાંચ જેવી લાંબી, સરલ અને ઉંચી તેમની નાસિકા છે; ખીલેલા પુંડરીક-કમળ સરખાં તેમનાં નયન છે; વિકસેલી, સફેદ, પાંપળ સહિત તેમની આંખો છે; થોડા નમાવેલા ધનુષ્ય સરખી, મનોહર વાદ ળાની રેખા જેવી કાળી, સંસ્થિત, એકસરખી, લાંબી, સુદંર તેમની ભમરો છે; સુંદર આકારવાળા તેમના કાન છે; પુષ્ટ અને માંસલ ગાલનો પ્રદેશ છે, તાજા ઉગેલા બાલચંદ્રના આકારનું તેમનું સ્નાયું કરી સહિત, ઉન્નત,શિકર સહિત ઘરના જેવું વર્તુલાકારે તેમનું મસ્તક છે;અગ્નિમાં તપા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેલા નિર્મળ સુવર્ણ જેવો લાલ કેશનો અંતભાગ તથા મસ્તકની ચામડી છે; શાલ્મલી વૃક્ષના અત્યંત પુષ્ટ-કઠીને અને વિદારેલા ફળના જેવા મૃદુ, વિશદ, પ્રશસ્ત, સૂક્ષ્મ, લક્ષણવંત, સુગંધયુક્ત, સુંદર, ભૂજમોચક રત્ન જેવા ભમરા જેવા, નીલ રત્ન જેવાં, કાજળ જેવાં, હર્ષિત ભ્રમરના સમૂહ જેવા, સ્નિગ્ધ, સમૂહરુપે અવિખર્યા, વાંકા વળેલાં, સુનિષ્પન્ન, સુવિભક્ત અને એક બીજાની સાથે સુસંગત એવાં તેમનાં અંગો લક્ષણ અને વ્યંજન ગુણે કરીને યુક્ત છે; પ્રશસ્ત બત્રીસ લક્ષણ ધારણ કરનારા છે; હંસના જેવો,ક્રોંચ પક્ષી ના જેવો, દુંદુભિના જેવો, સિંહના જેવો, મેઘના જેવો, મનુષ્યના સમૂહના સ્વર જેવો તેમનો સ્વર છે; સુસ્વરયુક્ત તેમનો ધ્વનિ છે; વજ્રઋષભનારાચ સંહનનને ધારણ કરનારા છે; સમચુરસ્ર સંસ્થાને કરી સંસ્થિત છે; કાન્તિમાન તથા ઉદ્યોતવંત તેમનાં અંગોપાંગ છે; રોગરહિત તેમાના શરીરની ત્વચા છે; કંક પક્ષીના જેવી તેમની ગુદા છે; પારેવાની પેઠે તેમને આહાર પચે છે શકુનિ પક્ષીના જેવાં તેમની ગુદાનાં પાસાં છે, જે મલવિસર્જન કરતાં ખરડાય નહિ; કમળ સરખો તેમના શ્વાસનો ગંધ છે; સુગંધી વદન છે; મનોહર તેમનાં શરીરમાંના વાયુનો વેગ છે; ગૌરવર્ણીય, સતેજ અને કાળો તેમના શરીરને અનુરુપ કુક્ષીપ્રદેશ છે; અમૃતરસ સરખાં ફળનો આહાર કરનારા છે; ત્રણ ગાઉં ઉંચાં તેમનાં શરીર છે; ત્રણ પલ્યોપમની તેમની સ્થિતિ છે; ત્રણ પલ્યોપમનું ઉત્કૃષ્ટ તેમનું આયુષ્ય છે; તેવા એ જુગલીયા પણ કામભોગથી અતૃપ્ત રહ્યા થકા મરણધર્મને પામે છે.

તેમની સ્ત્રી પણ સૌમ્યાકૃતિવાળી અને સુનિષ્પન્ન સર્વાંગે કરી સુંદર હોય છે; પ્રધાન સ્ત્રીઓના ગુણે કરીને યુક્ત હોય છે; અતિ કમનીય, વિશિષ્ય પ્રમાણ યુક્ત, સુંવાળા, સુકુમાર, કાચબાના આકારના સુંદર ચરણો તેમને હોય છે; સરલ, મૃદુ, પુષ્ટ અને અવિરલ તેમની આંગળીઓ હોય છે; ઉંચા, સુખદાયી, પાતળી, રાતા, સુનિર્મિત અને અદૃશ્યમાન એવા તેમના પગના ઘુંટણ છે; માંસલ, પ્રશસ્ત અને સુબદ્ધ -સ્નાયુ યુક્ત તેમના સંધિ છે; કેળના સ્થંભથી અધિક આકારવાળા, વ્રણરહિત, સુકુમાર, મૃદુ, કોમળ, અવિરલ,એકસરખા, લક્ષણયુક્ત, વર્તુલાકાર, માંસલ, પરસ્પર સરખા એવા તેમના સાથળ છે; અષ્ટાપદ તરંગના પાટલામાંની રેખાઓ જેવી રેખાઓથી યુક્ત, પ્રશસ્ત, વિસ્તીર્ણ, પહોળી તેમની કટી- કમર છે; વદનની લંબાઈના પ્રમાણથી બમણો વિશાળ; માંસલ, દૃઢ, એવો તેમની કટીનો પૂર્વ ભાગ છે; વજ્રના જેવું વિરાજિત, પ્રશસ્ત લક્ષણયુક્ત, કૃશ તેમનું ઉદર-પેટ છે; કૃશ તેમનો મધ્યભાગ છે; સરલ, પ્રમાણોપેત, જાતવંત-સ્વાભાવિક, પાતળી, અખંડ, સતેજ, શોભાયુક્ત, મનોહર, સુકુમાર, મૃદુ અને જૂજવી તેમની રોમરાજી છે; ગંગાના આવર્તની પેઠે, તરંગભ્રમની પેઠે સૂર્યનાં કિરણથી જાગૃત થઈ વિકાસ પામેલા કમળની પેઠે ગંભીર અને વિકટ તેમની નાભી છે; નીચાં નમતાં, અંતરરહિત, સુંદર, નિર્માળ ગુણોપેત, સુપરિમાણયુક્ત, માંસલ ને રમણીય તેમના પાસાં છે; પુંઠના અસ્થિ અદૃશ્યમાન છે; સોના સમાન કાન્તિમાન, નિર્મળ, સુજાત, રોગરહિત, તેમની ગાત્રયષ્ટી છે; સોનાના કળશના જેવા પ્રમાણયુક્ત, એક સરખા, સુલક્ષણયુક્ત, મનોહર શિખર યુક્ત, સમશ્રોણીયુક્ત, એવા બે વર્તુલાકાર તેમનાં સ્તન છે; સર્પની પેઠે અનુક્રમવાળા કોમળ, ગાયનાં પૂછડાની પેઠે ગોળ, એક સરખા, મધ્યભાગે, વિરલ, નમેલા, રમણીય અને લલિત તેમના બાહું છે; તાંબા જેવા લાલ નખ છે; હાથના અગ્ર ભાગ માંસલ છે; કોમળ અને પુષ્ટ આંગળીઓ છે; હાથમાંની



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રેખાઓ સતેજ છે; પુષ્ટ અને ઉંચી કાખ તથા બસ્તીપ્રદેશ છે; પરિપૂર્ણ પુષ્ટ ગાલ છે; ચાર આંગળના માપની, શંખને આકારે, રેખા સહિત તેમની ગ્રીવા-ડોક છે; માંસલ તથા રુડા આકારની તેમની હડપચી છે; દાડમનાં ફુલ સમાન રાતો, પુષ્ટ, જરા લાંબો, આકુંચિત એવા સુંદર નીચેનો હોઠ છે; નિર્મલ તેમના દાંત છે લાલ કમળ અને લાલ પદ્મપત્ર સમાન સુકોમળ તેમનું તાળવું અને જીભ છે; કરેણની કળી સરખી વાંકી, ઉંચી અને સરળ તેમની નાસિકા છે; સુલક્ષણયુક્ત, પ્રશસ્ત, નિર્મળ, મનોહર, તેમનાં નયનો છે; થોડા નમાવેલા ધનુષ્ય સરખી, મનોહર, કાળી વાદળની રેખાસમી, એક સરખી, પાતળી, કાળી અને સતેજ તેમની ભ્રમરો છે; સુંદર આકારવાળા, પ્રમાણયુક્ત અને રુડા તેમના કાન છે; પુષ્ટ અને સુંવાળા તેમના ગાલ છે; ચાર આંગલ જેટલું વિશાળ તેમનું લલાટ છે; કાર્તિક માસની પૂર્ણિમાના ચંદ્રનું સરખું નિર્મળ, પરિપૂર્ણ ચંદ્રમાં જેવું તેમનું વદન છે; છત્ર સરખું મસ્તક છે; અત્યંત કાળા અને સતેજ તથા લાંબ તેમના મસ્તકના કેશ છે; બત્રીશ લક્ષણ તેઓ શરીર પર ધારણ કરે છે; હંસ સરખી તેમની ગતિ છે; કોયલના જેવી મધુર તેમની વાણી છે; સર્વ જનને કમનીય અને વલ્લભ-પ્રિય છે; ચામડીની કરચલી, સફેદ કેશ, વ્યંગ દુષ્ટ વર્ણ, વ્યાધિ, દુર્ભાગ્ય, શોક ઈત્યાદિથી તેઓ રહિત છે; ઉંચપણે પુરુષથી થોડી ઓછી ઉંચી છે; શૃંગાર રસના આગાર રુપ સુંદર તેમનો વેશ છે; સુંદર સ્તન, જઘન, વદન, હાથ, પગ, નેત્ર, લાવણ્ય, રુપ, યૌવન એ ગુણે કરીને સહિત છે; નંદન વનના વિવર માં એ અપ્સરાની જેમ પરિભ્રમણ કરે છે; ઉત્તરકુરુને વિષે મનુષ્ય રુપે અપ્સરા સરખી, આશ્ચર્ય ઉપજાવનારી, દેખવાયોગ્ય ત્રણ પલ્યોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાળીને પણ કામ ભોગને વિષે અતૃપ્ત રહી થકી મૃત્યુધર્મને પામે છે.

[૨૧]મૈથુનસંજ્ઞામાં ગૃદ્ધ અને મોહ-અજ્ઞાનથી ભરેલા તેઓ વિષરુપી વિષની ઉદીરણા કરતા એક બીજાને શસ્ત્રે કરીને હણે છે. વળી, કેટલાકો પરસ્ત્રીની સાથે પ્રવર્તતા બીજાઓથી હણાય છે. વાત જાહેર થતાં તેઓના ધનનો અને સ્વજનાદિકનો નાશ થાય છે પરસ્ત્રી થકી જેઓ નિવર્ત્યા નથી, મૈથુનસંજ્ઞામાં ગૃદ્ધ છે, મોહે ભરેલા છે, તેવા અશ્વ, હાથી, ગોધા, મહીષ, મૃગો, કામવ્યાકુળતાથી પરસ્પર મારામારી કરે છે, તેમજ કામી મનુષ્યો, વાંદરા અને પક્ષીમાં માંહોમાંહે વિરોધ કરે છે, મિત્ર હોય તે વેરી થાય છે. પરદારાગામી મનુષ્યો સિદ્ધાન્તના અર્થને, ધર્મને, સમાચારીને કશા લેખામાં ગણતા નથી. ધર્મના ગુણને વિષે રક્ત એવો બ્રહ્મચારી પરદારાના સેવનથી ક્ષણમાત્રમાં ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. તેથી અપયશ, અપકીર્તિ, વ્યાધિને વધારે છે, અને બેઉ લોકમાં દુરારાધક થાય છે. પરદારાથી જેઓ નિવર્ત્યા નથી તેમાંનાં કોઈ પરદારાને શોધતાં પકડાય છે, હણાય અને બેડીમાં રુંધાય છે, એ પ્રમાણે અત્યંત મોહ-મુગ્ધતા રુપ સંજ્ઞા મૈથુનનું કારણ છે અને તેથી પરાભવેલા જીવો દુર્ગતિને પામે છે. વળી જૂદાં જૂદાં શાસ્ત્રોને વિષે પણ સાંભળવામાં આવ્યું છે કે પૂર્વે (તેજકારણથી) લોકોનો ક્ષય કરનારાં યુદ્ધો થયાં છે. સીતા, દ્રૌપદી, રુક્મિણી, ઈત્યાદિ અનેક સ્ત્રીઓને અર્થે સંગ્રા મો થયેલાં સંભળાય છે. એ પ્રમાણે થયેલાં યુદ્ધો અધર્મોનાં-વિષયનાં મૂળ છે. અબ્રહ્મ ચર્યને સેવનારા ઈહલોકથી અને પરલોકને વિષે પણ નષ્ટ થાય છે. મહામોહરુપી અંધકારને વિષે અને ઘોર જીવસ્થાનને વિષે પડીને તેઓ નષ્ટ થાય છે, ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, સાધારણ-અનંતકાય, પ્રત્યેક વનસ્પતિમાં તેઓ ઉપજે; વળી અંડજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતેજ જરાયુંજ રસજ સંસ્વેદજ સંમૂર્છિત ઉદ્‌ભિજ્જ તથા નારકી દેવતામાં તેઓ ઉપજે. ચારે ગતિમાં જરા, મરણ, રોગ, શોક આદિએ કરી શોકભર્યા સંસારમાં ઘણા પલ્યોપમ સાગરપમ સુધી, અનાદિ-અનંત અને દીર્ઘ કાળવાળી એવી ચાર ગતિરુપ સંસાર અટવીમાં એ મોહને વશ પડેલાં જીવો વારંવાર પરિભ્રમણ કરે છે.

અબ્રહ્મચર્યનો ફળવિપાક એવા પ્રકારનો છે. અબ્રહ્મચર્ય ઈહલોકમાં અને પરલોકમાં અલ્પ સુખ આપનારું અને બહું દુઃખ આપનારું છે, મહા ભયરુપ છે, ઘણા કર્મ રુપી મેલથી આકરું છે, દારુણ-કર્કશ-અશાતા ઉપજાવનારું છે, હજારો વર્ષે પણ અણભોગવ્યે ન છૂટે તેવુ છે.

**અધ્યયનઃ૪-આસવદ્વારઃ૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ૫-આસવદ્વારઃ૫

[૨૧]હે જંબૂ ! હવે હું આસ્રવદ્વારનું પાંચમું અધ્યયન પરિગ્રહ વિષે નિશ્ચયે કરીને જેમ છે તેમ કહું છું તે સાંભળ. વિવિધ પ્રકારનાં મણિ, સુવર્ણ, રત્ન, મૂલ્યવાન, પરિમલ સુગંધ; પુત્ર- સ્ત્રી આદિ પરિવાર, દાસીઓ, દાસ ચાકર, પ્રેષ્ય ઘોડા, હાથી, ગાય, ભેંસ, ઉંટ, ગધેડાં, બકરાં, શિબિકા ગાડાં, રથ, યાન યુગ્મ સ્પંદન પલંગાદિ શયન, ધન, ધાન્ય, પાણી, ભોજન, વસ્ત્ર, ગંધ માલા, વાસણ, ભવન ઈત્યાદિ વિધવિધ વસ્તુઓને રાજા ભોગવે છે. તેમજ બહુવિધ ભરતક્ષેત્ર છે તેમાં અનેક પર્વતો, નગર, આદિ હજારો સ્થાનો આવેલાં છે. એવા ભરતક્ષેત્રને તેમજ ભયરહિત પૃથ્વીને, એક છત્રે, સાગર સહિત ભોગવતા છતાં રાજાની તૃષ્ણા અપરિમિત અને અનંત રહે છે. તેમની સાથે મોટી ને મોટી ઈચ્છારુપે પરિગ્રહનું વૃક્ષ વધવા લાગે છે. એ વૃક્ષના નરકરુપ જાડાં મૂળ છે. લોભ, સંગ્રામ અને કષાય રુપ મોટું થડ છે, સેંકડો ચિંતારુપે અંતરરહિત વિસ્તીર્ણ શાખાઓ છે. ગર્વરુપે વિસ્તાર વંત ઉપલી અને મધ્ય ભાગની પ્રતિશાખાઓ છે, માયા-કપટરુપ છાલ, પાંદડાં અને નાની ટીશીઓ છે, કામ-ભોગરુપ પુષ્પ-ફળ છે, શરીરનો ખેદ, મનનો ખેદ, કલહ, એ વડે કંપતો તેનો શિખરનો ભાગ છે; એવા પરિગ્રહ રુપી વૃક્ષને રાજા પૂજે છે, જે નિર્લોભતારુપ માર્ગ છે તે માર્ગની અર્ગલારુપ એ પરિગ્રહ વૃક્ષ છે.

[૨૨]એ પરિગ્રહનાં ગુણનિષ્પન્ન ૩૦ નામો આ પ્રમાણે છેઃ-પરિગ્રહ, સંચય ચય ઉપચય નિધાન સંભાર સંકર આદર પીંડો બનાવવો, દ્રવ્યસાર મહેચ્છા, પ્રતિબંધ લોભસ્વભાવ, મોટી ચાયના, ઉપકરણ સંરક્ષણ ભારનું કારણ, અનર્થનું ઉત્પાદન, કલેશ નો કરંડિયો, ધન ધાન્યાનો વિસ્તાર, અનર્થનું કારણ, સંસ્તવ મનનું અગોપન, શરીરનો આયાસ અવિયોગ અમુક્તિ તૃષ્ણા, અનર્થકધનાદિનો આસંગ,અસંતુષ્ટ વૃત્તિ.

[૨૩]પરિગ્રહ કરનારાઓ મમત્વ મૂર્ચ્છાથી ગ્રસ્ત અને લોભગ્રસ્ત હોય છે. ભવનપતિ આદિ વિમાનવાસી દેવો પણ પરિગ્રહની રુચિવાળા અને વિવિધ પ્રકારના પરિગ્રહ કરવાની બુદ્ધિવાળા હોય છે. દેવતાઓ જેવા કે અસુરકુમાર, વ્યંતરો આ દેવો મહા ઋદ્ધિવંત છે, ઉત્તમ છે; એ ચારે પ્રકારના દેવતાઓ પરિષદ સહિત છે, પણ તેઓ મમતા કરે છે. હવે તેમના પરિગ્રહની વસ્તુઓ કહે છે; ભવન, વાહન, યાન આસન, નાના પ્રકારનાં વસ્ત્ર, ભૂષણ, ઉત્તમ હથિયારો, નાના પ્રકારનાં પાંચ વર્ણનાં મણિરત્નોનો દિવ્ય સંચય, વિવિધ પાત્રો, સ્વેચ્છાએ કરીને નાના પ્રકારના રુપ વિકુર્વે તેવી અપ્સરાઓનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમૂહ દ્વીપ, સમુદ્ર, દિશાઓ, વિદિશાઓ, ચૈત્યો વનખંડો, પર્વત; ગામ, આદિ ઘણા પદાર્થોનો પરિગ્રહ રાખતાં, ભારે વિસ્તીર્ણ દ્રવ્યનું મમત્વ રાખતા, દેવ-દેવીઓ અને ઈંદ્રો પણ તૃપ્તિ કે તુષ્ટિ પામતા નથી. તેઓની બુદ્ધિ અત્યંત લોભે કરીને પરાભવેલી છે. વળી હિમવંત ઈક્ષુકાર, વૃત્ત પર્વત, કુંડલ, પર્વત, રુચક, માનુષોત્તર પર્વત, કાલોદધિ, લવણ સમુદ્ર, ગંગાદિક નદી, પદ્મ આદિ દ્રહ, રતિકર પર્વત, અંજનક પર્વત દધિમુખ પર્વત, અવપાત પર્વત ઉત્પાત પર્વત કાંચનગિરિ, વિચિત્ર પર્વદ, જમક પર્વત, શિખરી પર્વત, ઈત્યાદિ પર્વતોના કૂટને વિષે વસતા દેવો પરિગ્રહ ધારતા છતાં તૃપ્તિ પામતા નથી, તેવીજ રીતે વર્ષધર પર્વતના દેવ અને અકર્મભૂમિના દેવ પણ તૃપ્તિ પામતા નથી. વળી કર્મભૂમિમાં જે જે દેશ રુપ વિભાગો છે તેમાં જે મનુષ્યો, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, માંડલિક રાજા, યુવરાજ, પટ્ટબંધ, સેનાપતિ, ઈબ્ભ પુરોહિત, કુમાર, દંડનાયક, માંડલિક સાર્થવાહ, કૌટુંબિક અમાત્ય, ઈત્યાદિ બીજા જે અનેક મનુષ્યો વસે છે તે બધા પરિગ્રહને કરનારા છે. એ પરિગ્રહ અંતરહિત છે, શરણરહિત છે. દુઃખભર્યા અંતવાળો છે, અધ્રુવ છે, અનિત્ય છે, અશાશ્વત છે, પાપકર્મના મૂળરુપ છે, નહિ કરવાયોગ્ય છે, વિનાશના મૂળ રુપ છે, અત્યંત વધ-બંધ-ક્લેશના કારણરુપ છે, અનંત સંક્લેશના કારણ રુપ છે; ધન-ધાન્ય-રત્નાદિનો સમૂહ કરતા છતાં લોભથી ગ્રસ્ત થયેલાઓ સંસારમાં પરિભ્રમણ કરે છે. એ સંસાર સર્વ દુઃખોના નિવાસસ્થાન રુપ છે.

પરિગ્રહ સેવવાને અર્થે ઘણા મનુષ્યો સેંકડો પ્રકારનાં શિલ્પની કળાઓ શીખે છે; સ્ત્રીઓની રતિની ઉપજાવનારી શીખે; સેવાને અર્થે શિલ્પકળા, તલ્વારની કળા, લેખન કળા, ખેતીની કળા, વ્યાપારની કળા, વ્યવહાર શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ખડ્ગા દિની મૂઠ પકડવાની કળા, વિધવિધ મંત્રપ્રયોગ અને બીજા અનેક પ્રકારના કળાવિદ્યા વગેરે-પરિગ્રહ કરવાના કારણરુપ ધંધા સુધી તેઓ કર્યા કરે છે. વળી એ મંદ બુદ્ધિના મનુષ્યો પરિગ્રહ સેવવાને અર્થે પ્રાણીઓનો વધ કરે છે. જૂઠું બોલે છે, માયા-પ્રપંચ કરે છે, સારી વસ્તુમાં નઠારી વસ્તુ મેળવીને આપે છે, પારકા દ્રવ્યને લેવાનો લોભ કરે છે, પોતાની અને પારકાની સ્ત્રીના સેવનથી શરીર અને મનનો ખેદ પ્રાપ્ત કરે છે, કલહ, ભાંડણ, વૈર, અપમાન અને કદર્થના પામે છે. ઈચ્છા અને મહેચ્છા રુપી સેંકડો તૃષાઓએ કરીને તપસ્યા કરીને તરસ્યા, તૃષ્ણાએ કરી લોભગ્રસ્ત અને આત્માના અનિગ્રહવાળા મનુષ્યો નિંદનીય ક્રોધ, માન, માયા અને લોભ કરે છે. વળી પરિગ્રહથીજ નિશ્ચયે શલ્ય, દંડ, ગર્વ, કષાય, સંજ્ઞા કામગુણ. આસ્રવકર્મ, ઈંદ્રિયવિકાર, લેશ્યા, સ્વજન સંયોગની મમતા, સચિત્ત-અચિત્ત દ્રવ્યનું મિશ્રણ, ઈત્યાદિ પ્રાપ્ત ઈચ્છા ઉપજે છે.

[૨૪]તીર્થંકર ભગવાને કહ્યું છે કે દેવતા, મનુષ્ય અને અસુરાદિ લોકમાં લોભથી ઉપજેલા પરિગ્રહ જેવો બીજો કોઈ ગ્રહ નથી, પાશ નથી, પ્રતિબંધ નથી, સર્વલોકમાં સર્વ જીવોને પરિગ્રહ વળગેલો છે. પરિગ્રહથી ગ્રસેલા જીવો પરલોકમાં નષ્ટ થાય છે અને અજ્ઞાનરુપી અંધકારમાં મગ્ન થાય છે. મહામોહનીયથી મૂર્છિત થયેલી મતિવાલા એ જીવો લોભને વશ થઈ રહેવાથી મહા અજ્ઞાનના અંધકાર રુપ એવા જીવ-નિકાયમાં દીર્ઘકાળ સુધી પરિભ્રમણ કરે છે. એવા પરિગ્રહનો ફળવિ પાક આ લોકમાં અને પરલોકમાં અલ્પ સુખ અને બહુ દુઃખ રુપ છે. તે મહાભયનું કારણ છે. કર્મરુપી રજને ગાઢ રીતે ઉત્પન્ન કરે છે; તે દારુણ છે, કઠોર છે, અશાતાકારક છે અને હજારો વર્ષ સુધી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોગવ્યા સિવાય ન છુટા તેવું કર્મ છે.

[૨૫-૨૯]એ પ્રમાણે આસ્રવો કર્મરુપી રજથી જીવને મલિન કરે છે અને સમયે સમયે જીવને ચાર ગતિના કારણ રુપ સંસારમાં રખડાવે છે. તે અનંત અધર્મયુક્ત અને અકૃતપુણ્ય જીવો ધર્મને સાંભળતા નથી અને સાંભળીને પ્રમાદ કરે છે, તેઓ સર્વ ગતિમાં ભટકે છે. બહુ પ્રકારે ઉપદેશ પામ્યા છતાં મિથ્યાદૃષ્ટિ અને બુદ્ધિહીન અને નિકાચિત કર્મથી બંધાયેલા મનુષ્યો ધર્મને સાંભળ્યા છતાં આચરે નહિ. સર્વ દુઃખોનો અંત લાવનારાં, ગુણમાં મધુર એવા જિનવચન રુપી ઔષધ આપ્યા છતાં જેઓ તે પીવાને ઈચ્છતા નથી તેઓ શું કરી શકવાના છે ? જેઓ પાંચ આસ્રવ છાંડીને પાંચ સંવરને ભાવપૂર્વક પામે છે, તેઓ કર્મરુપી રજથી મુક્ત થઈને સિદ્ધિને પામે છે.

**અધ્યયનઃ૫-આસ્રવદ્વાર-૫ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**આશ્રવદ્વાર-ગુર્જરછાયાપૂર્ણ**

## 卐 સંવરદ્વાર 卐

### અધ્યયનઃ૬-સંવરદ્વારઃ૧

[૩૦]હે જંબૂ ! સર્વ દુઃખોના ક્ષયને માટે જે રીતે ભગવંતે કહ્યા છે તે રીતે હું પાંચ સંવરદ્વારને અર્થાત્ આશ્રય-નિરોધ દ્વારોને અનુક્રમે કહીશ.

[૩૧]પહેલું અહિંસા, બીજું સત્ય, ત્રીજું દત્તાનુંગ્રહણ (આજ્ઞા આપેલી વસ્તુજ લેવી) ચોથું બ્રહ્મચર્ય અને પાંચમું અપરિગ્રહત્વ.

[૩૨]પાંચ સંવર દ્વારોમાં પહેલું અહિંસા (સંવરદ્વાર) ત્રસ અને સ્થાવર જીવોને કલ્યાણકારી એવી આ અહિંસાને ભાવના સહિત તેના ગુણોના પરિચયપૂર્વક કહીશ.

[૩૩]હે સુવ્રતધારી જંબૂ ! જે સંવરો કહેવાયા છે તે સંવર આ પ્રકારે મહાવ્રત રૂપ છે લોકહિતને માટે શ્રેષ્ઠ વ્રત સ્વરૂપ છે. શ્રુતમાં તેને સાગર સમાન કહ્યા છે. તપ-સંયમ-મહાવ્રત રૂપ છે. શ્રેષ્ઠ શીલ-ગુણરૂપ પણ છે, સત્ય અને આર્જવતા રૂપ છે. ચાર ગતિનું વર્જન થાય છે. સર્વે જિનેશ્વરોએ તે ઉપદેશેલ છે. કર્મ રજના વિદારક છે. સેંકડો ભવોનો નાશક છે. સેંકડો દુઃખોનો સંવરવડે મોક્ષ-છુટકારો થાય છે સેંકડો સુખોનો પ્રવર્તક છે. કાપુરુષો વડે ધારણ કરવાને અશક્ય અને સત્પુરુષો વડે સેવન-આચરણ કરવા યોગ્ય છે. નિર્વાણ ગમન કે સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર છે. તેવા પ્રકારના આ પાંચ સંવર દ્વારો છે. તેમાં પહેલું "અહિંસા" છે.

આ અહિંસા દેવ મનુષ્ય અને અસુર લોક ને માટે દ્વીપ સમાન છે. જીવોને માટે રક્ષણ-શરણ-ગતિ-પ્રતિષ્ઠા રૂપ છે. આ અહિંસાના નિર્વાણ. નિવૃત્તિ, સમાધિ, શાંતિ કીર્તિ, રતી, વિરતી, શ્રુતાંગ, તૃપ્તિ, દયા, વિમુક્તિ શાન્તિ સમ્યક્ આરાધના, મહતી, બોધી, ધૃતિ, સમૃદ્ધિ, ઋદ્ધિ, વૃદ્ધિ, સ્થિતિ, પુષ્ટિ, નંદા, ભદ્રા, વિશુદ્ધિ, લબ્ધિ, વિશિષ્ટ દૃષ્ટિ કલ્યાણ, મંગલ, પ્રમોદ, વિભૂતી, રક્ષા, સિદ્ધિ-આવાસ. અનાસ્રવ, કેવલીનું સ્થાન, શિવ, સમિતિ, શીલ, સંયમ, શીલગૃહ, સંવર, ગુપ્તી, અધ્યવસાય, ઉશ્રય, યજ્ઞ આયતન,જયણા,અપ્રમાદ,આશ્વાસ,વિશ્વાસ, અભય,સર્વજીવોની લક્ષ્મીનાઅનાઘાત, ચોક્ષા, પવિત્ર, શુચિ, પૂજા, વિમલા, પ્રકાશરૂપ નિર્મલતર વગેરે સાઈઠ નામો કહ્યા છે.

જૈન સાઈટ JAINSITE

[૩૪]આ તે અહિંસા ભગવતીના પર્યાયવાચી અર્થાત્ તે-તે ધર્મની અપેક્ષાએ છે. જે ભવભીત થયેલા પ્રાણીને માટે શરણરૂપ, પક્ષીઓ માટે આકાશરૂપ, તૃષાતુર માટે પાણીસમાન, ક્ષુધાતુરમાટે ભોજન, સમુદ્ર મધ્યે વહાણ, ચતુષ્પદ-પ્રાણી માટે વિશ્રામ, રોગીને માટે ઔષધિ, અટવી મધ્યે સાર્થરૂપ એવી આ અહિંસા આ બધી ઉપમા કરતા પણ અધિક્તર છે. આ જે અહિંસા છે તે પૃથ્વિ-જલ-અગ્નિ-પવન- વનસ્પતિ- બીજ-હરિતકાય-જળચર-સ્થળચર-ખેચર-ત્રસ-સ્થાવર- સર્વે ભૂતો-જીવોને કલ્યાણકારી છે.

આ પૂર્વોક્ત ભગવતી અહિંસા છે તે અપરિમિત જ્ઞાન-દર્શનના ધારક શીલ ગુણ-વિનય-તપ-સંયમ ધારક નાયક-તીર્થંકર-સર્વજગવત્સલ-ત્રિલોક પૂજ્ય- જિનચંદ્ર--ભગવંતોએ પોતાના જ્ઞાનથી સારી રીતે જોયેલી-જાણેલી વિશિષ્ટ અવધિજ્ઞાની દ્વારા કહેવાયેલી, ઋજુમતિ મનઃ પર્યવજ્ઞાની થકી પ્રત્યક્ષ જોવાયેલ, વિપુલમતિ મનઃ પર્યવ જ્ઞાનીથી વિદિત, પૂર્વધરોથી ભણાયેલી-વૈક્રિય લબ્ધિધારીથી પાલિત, મતિ-શ્રુત-મન પર્યવ અને કેવળજ્ઞાની દ્વારા સેવાયેલી આમર્શોલબ્ધિ જળોષધિશ્લેષ્મૌષધિ- વિપ્રુડૌ-ષધિ-સર્વોષધિ આદિ લબ્ધિ જેને પ્રાપ્ત થઈ છે તે તથા બીજ બુદ્ધિ-કોષ્ઠ બુદ્ધિ- પદાનુ સારી લબ્ધિ-સંવિગ્ન શ્રોતલબ્ધિ જેમને પ્રાપ્ત થઈ છે તેના વડે સેવાયેલ, શ્રુતધર- મન-વચનકાય-બળવાળા, જ્ઞાન-દર્શન ચારિત્ર બળવાળા, ક્ષીરાસ્રવ- મધ્વાશ્રય સર્પિ-રાસ્રવ-અક્ષિણમહાનસી-ચારણ-વિદ્યાધર આદિ લબ્ધિવાન્ થકી સેવાયેલ એક- બે-ત્રણ-ચાર યાવત્ છ માસી પર્યંતના તપસ્વી તથા ઉત્ક્ષિપ્ત-નિક્ષિપ્ત-અંત પ્રાંત રૂક્ષ સમુદાન. અન્ન ગ્લાટમાન એવા ભિક્ષાચર થકી સેવાયેલી છે, સંસૃષ્ટ-તજ્જાત ઉપનિ હિતક-શુદ્ધૈષણિક-સંખ્યાદત્તિક દૃષ્ટિલાભિક અદૃષ્ટિલાભિક- પૃષ્ઠિ- લાભિક-આદિ અભિગ્રહ ધારી દ્વારા સેવાયેલ છે.

વળી આઅહિંસા-આયંબિલ-પુરિમડ્ઢ-એકાસણું-નિવિ-ભિન્નપિંડ પાતિક પરિ મિતપિંડપાતિક -અંતાહારક -પંતાહારક- અરસાહારક-વિરસાહારક-રૂક્ષાહારક- તુચ્છા હારક અંતજીવી યાવત્ તુચ્છ જીવી, ઉપશાંત જીવી, પ્રશાંત જીવી, વિવિક્ત જીવી. અક્ષીર મધુસર્પિષ્ઠ અને સમદ્યમાંસાશિક એ સર્વે દ્વારા સેવાયેલી છે. સ્થાના તિક-પ્રતિમાસ્થાયિક-સ્થાનોત્કરિક- વીરાસનિક નૈષધિક દંડાયતિક લંગડશાયિક એક-પાર્શ્વક આતાપક-અપ્રાવૃત્ત-અનિષ્ઠીત-અકંડૂક-ધૃત કેશ શ્મશ્રુ લોમ નખવાળા સર્વગાત્ર પ્રતિકર્મ વિમુક્ત-સમીચીન એવા અનેક શ્રુતધર ભગવંતોએ આ અહિંસાનું સેવન કરેલું છે. શ્રુતજ્ઞાન વિદિતબુદ્ધિ-ધીરમતિ બુદ્ધિ-ઉગ્ર તેજોલેશ્યાવાળા-નિશ્ચય વસ્તુ નિર્ણય કરવામાં અને ધ્યાનમાં લીન-અણુબદ્ધ ધર્મધ્યાની પાંચ મહાવ્રતોથી યુક્ત-સમિતિ વડે સમિત-પાપ શાંત છકાય જીવ રક્ષક-નિત્યઅપ્રમત-એવા એવા પ્રકારના ગુણોથી યુક્ત એવા ગુણવાન પુરુષોએ તેનું અનુપાલન કર્યું છે.

આ અહિંસાના પાલકે શું કરવું જોઈએ તે જણાવે છે. પૃથિવી- જલ- અગ્નિ-વાયુ-વનસ્પતિ-ત્રસ-સ્થાવર એ સર્વ જીવોના દયારૂપ પ્રયોજનને માટે શુદ્ધ- નિર્દોષ આહાર આદીની ગવેષણા કરવી જોઈએ. સાધુઓ એ તે આહાર અકૃત અકારિત -અનિમંત્રીત-ઔદ્દેસિક દોષ રહિત-સક્રિત-નવકોટી વડે પરિશુદ્ધ શંક્તિ આદિ દશ દોષથી રહિત-ઉદ્દગમ ઉત્પાદન અને એષણા શુદ્ધ-જીવરહિત એવો પ્રાસુક આહાર સાધુએ લેવો જોઈએ. આસને બેસીને કથા કરતાં એવા તેમને કોઈ લાવીને આપે તો પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન કલ્પે, ચિકિત્સા-મંત્ર-વનૌષધિ. આહાર પણ ન કલ્પે. લક્ષણ ઉત્પાત જ્યોતિષ નિમિત્ત સ્વપ્ન ફળ.- કામ કથાદિ- કુતૂહલ પ્રેરકા દિ રીતે ભિક્ષા લેવી સાધુને ન કલ્પે.

એ જ રીતે દંભવૃત્તિ-સંરક્ષણ-શાસન પ્રયોગ પ્રશંસા-બહુમાન આપીને પૂજા કરીને-હિલના-નિંદના ગર્હા-તજના તાડના-ભય બતાવીને-અભિમાન ક્રોધં-યાચક વૃત્તિ-આદિથી ગોચરીની ગવેષણા કરવી જોઈએ નહીં. તેમજ મિત્રતા પ્રાર્થના સેવના દ્વારા ગોચરીની ગવેષણા કરવી નહી. પરંતુ અજ્ઞાન-અગૃદ્ધ અદ્વિષ્ટ અદીન -માનસિક વિકાર રહિત-અકરુણ-અવિષાદ-તનાવ ત્યાગીને-સંયમમાં ઉદ્યમી રહીને ચારિત્ર વિનય યુક્ત-સમાધિગુણ યુક્ત. એવા થઈને ભિક્ષાની ગવેષણા-શોધ કરે.

આ પ્રવચન જગતના છકાયના જીવોની રક્ષા રૂપ દયાના નિમિત્તે ભગવંતે કહેલ છે. તે જીવોને હિતકર્તા, પરભવમાં શુભ ફળદાયી, ભાવિમાં કલ્યાણકારી, શુદ્ધ, ન્યાય યુક્ત, અકુટિલ, અનુત્તમ, સર્વ દુઃખોનું ઉપદામન કરનાર છે.

[૩૫]આ પ્રથમ વ્રતની પાંચ ભાવનાઓ છે. તેના વડે પ્રાણાતિપાત વિરમણ વ્રતની સારી રીતે રક્ષા થાય છે. -૧-કલેશ ન થાય તે રીતે જયણાપૂર્વક ગમન કરવું તે આ રીતે- યુગપ્રમાણે ભૂમિનું અવલોકન કરતાં દૃષ્ટિ વડે કીડા, પતંગીયા ત્રસ સ્થાવર જીવોની દયાપૂર્વક, પુષ્પ ફળ-છાલ-પ્રવાલ-કંદ-મૂળ-પાણી-માટી-બીજ-હરિતકાય ને પરિવર્જીને-નિત્ય ઈર્યાસમિતિપૂર્વક અવજ્ઞા નિંદા- ગર્હા હિંસા છેદન ભેદન -વધને યોગ્ય બનતા નથી. તેમજ કોઈપણ પ્રકારના ભય અને દુઃખને પ્રાપ્ત કરવા યોગ્ય બનતા નથી. આ પ્રકારે ઈર્યાસમિતિના યોગથી આત્મા ભાવિતાત્મા બને છે. મલિનતા રહિત-અસંકલિષ્ટ-અક્ષત ચારિત્ર ભાવનાથી સાધુ અહિંસક અને સંયમી થાય છે.

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

બીજી મનોગુપ્તિ ભાવના-અશુભ મનથી જીવ પાપનું ઉપાર્જન કરે છે. તે અધર્મ-રૂપ છે. દારુણ છે, નૃશંસ છે, વધ-બંધન અને ક્લેશના કારણભૂત છે, મરણ ભય-પરિકલેશ દેનાર છે, તેથી કોઈપણ કાળે સહેજ પણ પાપકારી મનથી અશુભ વિચા રણા ન કરવી અને મન સમિતિ વડે અંતરાત્માને ભાવિત કરવો. તે ભાવિતાત્મા અશ બલ-અસંકિલિષ્ટ-વિશુદ્ધ ચારિત્ર ભાવથી સાધુ અહિંસક અને સંયમી બને છે.

ત્રીજી વનચસમિતિભાવના-સાવદ્ય વાણીથી પાપનો બંધ થાય છે. પાપકારી વચન ન બોલવા એ રીતે વચનસમિતિ ભાવિતાત્મા થાય છે. નિર્મળ-અસંક્લિષ્ટ અને વિશુદ્ધ ચારિત્રભાવથી સાધુ અહિંસક અને સંયમી બને છે.

ચોથી આહાર એષણામાં શુદ્ધ-નિર્દોષ-ગવેષણા કરવી. અજ્ઞાન અગૃદ્ધ અદુષ્ટ અદિન-અવિમન અકરુણ અવિષાદ-અપરિતંત જોગી યાવત્ ભિક્ષાચર્યામાં નિર્દોષ ગ્રહણ કરનાર, ગુરુજન પાસે આવીને ગમનાગમન અતિચારની આલોચના કરે, પ્રતિ ક્રમણ કરે, ગુરુજનના ઉપદેશ પૂર્વક નિરતિચાર અને અપ્રમત્ત બની ફરી અનેષણા પદને પ્રતિક્રમી સુખ પૂર્વક બેસે મુહૂર્ત માત્ર ધ્યાન-શુભ યોગ-જ્ઞાન-સ્વાધ્યાયમાં મનને ગોપ વીને ધર્મમય બની. મનને વિકાર રહિત રાખી. શુભ-વિગ્રહ રહિત-સમાધિ અને શ્રદ્ધા સંવેગ નિર્જરા યુક્ત મનવાળો બને, પ્રવચન વત્સલતાથી ભાવિત મનવાળો થઈ પોતાના સ્થાનેથી ઉઠીને પર્યાયક્રમે સાધુઓને ભાવથી નિમંત્રણ કરે અને ગુરુ આજ્ઞા પ્રાપ્ત થતા આસને બેસી મસ્તકથી આરંભી હાથ સુધીની સમગ્ર કાયાની પ્રમાર્જના કરી આહારના વિષયમાં અમૂર્છિત-અગૃદ્ધિત-અગર્હિત-અનાબદ્ધ લોલુપતારહિત- કલેશ રહિત લોભ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહિત અનાત્માર્થી બને અને આહાર કરતી વેળાએ સુર-સુર કે ચવડ-ચવડ ન કરે.બહુ જલ્દીથી કે બહુ ધીમેથી ન ખાય.જમીન ઉપર દાણાનવેરે,મોટાપાત્રમાં જયણા પૂર્વક સાવધાની રાખીને-સંયોજનાદિ દોષ રહિત બનીને રાગ કે દ્વેષ રહિત પણે ફક્ત ઉદર પૂર્તિ અર્થે-સંયમયાત્રાના નિર્વાહને માટે-પ્રાણ ધારણ કરવા -સંયતમુનિ જયણા પૂર્વક અને સમભાવથી આહાર કરે. આહાર સમિતિ યોગથી ભાવિત આત્મા થાય છે. નિર્મળ અસંક્લિષ્ટ-વિશુદ્ધ ચારિત્રભાવનાથી અહિંસક-સંયતના એવા સુસાધુ બની જાય છે.

પાંચમી આદાન-નિક્ષેપ સમિતિ ભાવના-પાટ-બાજોઠ શય્યા સંથારો વસ્ત્ર પાત્ર-કંબલ-દંડ-રજોહરણ-મુહપત્તિ-પાદપ્રૌંછનક આ બધા સંયમના પોષણ માટેના ઉપકરણો છે. તેથી તેના દ્વારા પવન, આતપ, તડકો, દંશ, મશક અને શીતથી રક્ષણ પામવાને માટે મુનિએ રાગદ્વેષરહિત તેને ધારણ કરવા જોઈએ. તેનું હંમેશા પડિલેહણ-પ્રસ્ફોટ-પ્રમાર્જન રાત-દિવસ અપ્રમત્ત પણે સમયાનુસાર નિરીક્ષણ અને નિક્ષેપ કરવા જોઈએ. ભાજન-ઉપકરણ-ઉપધિની લે-મૂકમાં જયણા તે આ આદાન ખંડ નિક્ષેપણ સમિતિ તેના યોગથી અંતરાત્મા ભાવિત થાય છે. નિર્મળ-અસંકિલિષ્ટ અને વિશુદ્ધ ચારિત્ર ભાવનાથી અહિંસક અને સંયત એવા સુસાધુ બને છે.

આ પ્રમાણે આ સંવરના દ્વારનો સમ્યક્ સંવરથી સુપ્રણિધાન થાય છે. આ પાંચ કારણ વડે મન-વચન-કાયા સારી રીતે સુરક્ષિત કરી નિત્ય-આજીવન આ અહિંસા દ્વારનું ધૃત્તિ અને મતિ પૂર્વક પરિપાલન કરવું. આ અહિંસારૂપ સંવર યોગ અનાશ્રય -અકલુષ-અચ્છિદ્ર-અપરિશ્રાવી-અસંક્લિષ્ટ અને શુદ્ધ છે. સર્વ જિનેશ્વરોએ માન્ય કરેલ છે. ઉક્ત પ્રથમ દ્વારની સારી રીતે સ્પર્શના પાલના શોધના તરણા કીર્તના -આરાધના-આજ્ઞાની અનુપાલના કરવી એમ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે કહેલ છે તે પ્રસિદ્ધ છે-સિદ્ધ છે-સિદ્ધ થયેલાના ઉત્તમ અનુશાસન રૂપ છે. પરમાત્માએ કહેલ છે-ઉપદેશેલ છે-પ્રશંસેલ છે- એ પ્રમાણે આ પહેલું સંવર દ્વાર પૂર્ણ થયું.

**અધ્યયનઃ૬-સંવરદ્વાર-૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ૭-સંવરદ્વારઃ૨

[૩૬]હે જંબૂ ! બીજુ સંવર દ્વાર તે સત્યવચન. તે શુદ્ધ છે, પવિત્ર છે, કલ્યાણકારી છે,સુમત- સુભાષિત- સુવ્રત-સુકથિત-સુદૃષ્ટિ- સુપ્રતિષ્ઠિત-સુપ્રસિદ્ધય શવાળું સુસંયમિત છે. દેવ-ચક્રવર્તી પ્રવર સુવિહિત જનમાન્ય-શ્રેષ્ઠ ક્રિયાશાળી સાધુના ધર્માનુષ્ઠાન રૂપ, તપ નિયમોથી પરિગૃહિત સદ્ગતિના પથનું દેશક, લોકોત્તમ એવું આ વચન છે. વિદ્યા ધરોની આકાશ ગામીની વિદ્યાનું સાધક, સ્વર્ગનો માર્ગ અને સિદ્ધિના પથનું પ્રદર્શક છે, અવિતથ એવું તે સત્ય ઋજુક, અકુટીલ, ભૂતાર્થ, અર્થ વિશુદ્ધ, સમસ્ત જીવાદિનું પ્રકાશક, પ્રતિપાદક છે, અવિરુદ્ધ રૂપે પોતાના સ્વરૂપનું પ્રતિપાદક, મધુર, પ્રત્યક્ષ દેવ જેવું છે. આ જે સત્યવચન છે તે આશ્ચર્યકારી, સમુદ્રમધ્યે પણ નૌકાને ડૂબતી બચાવનારું, પાણીના વમળમાં ફસાયેલ મનુષ્યને બચાવ નારું, અગ્નિની જ્વાળામાં પણ સત્ય વાદીને ન બાળનારું, ઉકાળેલ તેલ કે લાલચોળ લોઢાના સ્પર્શને પણ દૂર કરનારું, તેવા ઉષ્ણ પદાર્થ હાથમાં લે તો પણ ન દઝાડનારું, પર્વત ઉપરથી ફેંકવામાં આવે તો પણ તેના પ્રભાવે બચાવનારું એવું આ સત્યવચન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રીતે જે સત્યવાદી મનુષ્યો હોય છે. તે તલવારો વચ્ચે ઘેરાઈ જાય તો પણ અક્ષત શરીર રહે છે. વધ-બંધન-અપરાધ આરોપ-ઘોર શત્રુતા એ બધામાંથી બચી જાય છે. શત્રુઓથી ઘેરાઈ જાય તો પણ તેની વચ્ચેથી અક્ષત શરીરે બહાર આવે છે. સત્ય વચનમાં લીન રહેનારનું દેવો પણ રક્ષણ કરે છે. આ સત્યને તીર્થંકર ભગવંતે બીજા મહાવ્રતરૂપે ભાખેલ છે. ચૌદપૂર્વી-દશપૂર્વીએ પ્રાભૃત રૂપે અને મહર્ષિઓએ સિદ્ધાંત રૂપે સ્વીકારેલ છે. ઈન્દ્ર-ચક્રવર્તી માટે તે ઉપાદેય કહ્યું છે. વૈમાનિકો માટે સાધનાનો વિષય છે, આ સત્ય મહાન અર્થવાળું છે. મંત્ર-ઔષધિ અને વિદ્યાનું સાધન છે. ચારણગણો અને શ્રમણોને વિદ્યા સિદ્ધ થાય છે, આ સત્ય મનુષ્ય માટે વંદનીય છે. અસુરો માટે પૂજનીય છે અનેક ધર્મોના અનુયાયીએ સ્વીકારેલ છે. લોકમાં સાર ભૂત છે. સમુદ્રકરતાં પણ વધું ગંભીર છે. મેરુપર્વત કરતા પણ વધુ સ્થિર છે. ચંદ્ર મંડલ કરતા વધુ સૌમ્ય છે. સૂર્ય મંડલ કરતા વધુ દીપ્ત છે. શરદઋતુના આકાશ કરતા વધું નિર્મળ છે. ગંધમાદન પર્વત કરતાં વધું સુગંધિત છે. આ લોકમાં જે કોઈ મંત્ર-યોગ-વિદ્યાના સંયોગ છે. શસ્ત્રઆદિ શિક્ષા છે. આગમ છે તે બધું આ સત્યને આધારે રહેલું છે.

સત્ય હોવા છતાં સંયમમાં અવરોધકારક સત્ય ન બોલવું તેમજ જે સત્ય બોલવાથી હિંસા કે સાવદ્ય-વાણી બને તેવું સત્ય ન બોલવું, ભેદ વિકથાકારક-અર્થવાદ-કલહકારક- અન્યાયી- અપવાદ કે વિવાદ સંયુક્ત વિડંબનાકારી-આવેશ કે ધૃષ્ટતા પ્રધાન-નિર્લજ્જ-લોક ગર્હણીય-દુર્દષ્ટ, દુઃશ્રુત, અસમ્યક્, આત્મ પ્રશંસા- પર નિંદા, યુક્ત એવું સત્ય બોલવું ન જોઈએ. તમે મેધાવી નથી.-ધન્ય નથી-ધર્મ પ્રિય નથી-કુલીન નથી - દાતા નથી- પરાક્રમી નથી- પંડિત નથી- બહુશ્રુત નથી-તપસ્વી નથી- સંશય રહિત મનવાળા નથી-આવા આવા વચનો કોઈને કહેવા જોઈએ નહીં વળી તમારો માતૃ પક્ષ સારો નથી-પિતૃપક્ષ સારો નથી-સુંદર નથી- રોગીષ્ટ છો એવા વચનો ન કહેવા.

જે વચન દ્રવ્યથી- પર્યાયથી- ગુણથી- કર્મ અર્થાત્ વ્યાપારથી બહુ વિધ શિલ્પથી-નામ, આખ્યાન, નિપાત, ઉપસર્ગ, તદ્ધિત, સમાસ, સંધિ, પદ, હેતુ, યોગ, ઉણાદિ, પ્રત્યય, ક્રિયા. વિધાન, ધાતુ, સ્વર, વિભક્તિ, વર્ણએ સર્વેથી યુક્ત ત્રિકાળ વિષયક તેમજ જનપદ સત્ય આદિ દશ પ્રકારના સત્યથી યુક્ત વચન બોલવા જોઈએ. તે સત્ય તે જ પ્રકારે કાર્યમાં પરિણમતું હોવું જોઈએ. ભાષા પ્રાકૃત -સંસ્કૃત આદિ બાર પ્રકારે છે અને વચન પણ એક -દ્વિ-બહુ આદિ સોળ પ્રકારે હોય છે. એ પ્રમાણએ અરહંતની આજ્ઞા છે. જે વચન સુવિચારીત છે એવા વચન સાધુએ અવસરે બોલવા જોઈએ.

[૩૭]આ પ્રવચનની અસત્ય-પિશુન-કઠોર-આકરા-કડવા કે ચપળ વચનથી મુનિ જનોની રક્ષા થાય તે માટે ભગવંતે સારી રીતે કહેલ છે. અસદભૂત અર્થને કહેનાર વચન અસત્ય, પરદોષ સૂચક તે પિશુન, અન્યના મર્મને ઉઘાડા પાડનારું તે પુરુષ, ઉદ્વેગ જનક તે કરુક, વણ વિચાર્યે બોલાયેલ તે ચપળ વચન કહેવાય. આ પ્રવચન આત્માને માટે હિતકારી, શુભ ફળદાયી, ભવિષ્યમાં કલ્યાણકારી. શુદ્ધ, ન્યાયપૂર્ણ, અકુટીલ, અનુત્તર, સર્વ દુઃખ-પાપનું ઉપશમક છે.

આ સત્ય વચન અર્થાત્ બીજા મૃષાવાદ વિરમણ વ્રતની રક્ષાર્થે પાંચ ભાવના ઓ કહી છે. તેમાં પહેલી અનુવિચિંત્ય સમિતિ ભાવના- પ્રસ્તુત સંવર અધ્યયનને સાંભળીને, સારી રીતે જાણીને વેગયુક્ત, ત્વરાયુક્ત, ચપળ, કડવા, કઠોર, અવિચારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજાને પીડાજનક, સાવદ્ય, વચન બોલવા જોઈએ નહીં જે વચન સત્ય હોય, હિતકારી -મિત-ગ્રાહ્ય-શુદ્ધ-સંગત-સ્પષ્ટ સમીક્ષિત-એવા વચનો જ અવસરે બોલવા. એ પ્રકારે અનુવિચિન્ત્ય સમિતિના યોગથી ભાવિત બનેલો આત્મા સારી રીતે જયણા યુક્ત હાથ, નેત્ર અને મુખવાળો થઈને સમર્થ બને છે. સત્ય અને ઋજુતાથી યુક્ત બને છે.

બીજી ભાવના ક્રોધને ન સેવવો તે-ક્રોધી પુરુષ રૌદ્રરૂપવાળો થાય છે, તે જૂઠું-કઠોર-અસત્ય-પિશુન આકરા વચનો બોલી નાંખે છે, કલહ-વેર-વિગ્રહ કે એ ત્રણે કરી નાંખે છે, સત્ય-શીલ-વિનય એ ત્રણેને હણે છે. અપ્રિય-દ્વેષપાત્ર અને અનાદરણીય એ ત્રણેનું સ્થાન બને છે. એ જ પ્રકારે આવા પ્રકારના બીજાં પણ અસત્ય વચનો ક્રોધાગ્નિયુક્ત મનુષ્ય બોલી જાય છે માટે સંયમીએ ક્રોધ ન કરવો. ક્ષમાથી ભાવિત આત્મા સંયમ હાથ-પગ-નયન-વદન વાળો થઈ સત્યમાં પરાક્રમી બને છે અને સત્ય આર્જવતાથી યુક્ત બને છે.

ત્રીજી ભાવના લોભ નિગ્રહ-લોભના સેવનથી લુબ્ધ બની અસત્ય બોલી જાય છે. ક્ષેત્ર-કે વસ્તુ નિમિત્તે, કીર્તિ કે લાભને માટે, ઋદ્ધિકે સુખને માટે, આહારકે પાણી માટે, પાટ કે પાટલા માટે, શય્યા કે સંથારા માટે, વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદપ્રોંછનક ને માટે, શીષ્ય કે શીષ્યને માટે લુબ્ધ બની ને તે ચંચળચિત્ત મૃષાવાદ કરી શકે છે. આ રીતે આવા અન્ય કારણોથી પણ તે લોભી ચંચળ ચિત્ત બની અસત્ય બોલે છે. આ રીતે નિર્લોભતા-સંતોષ યુક્ત ત્રીજી ભાવનાથી ભાવિત તે જીવાત્મા પોતાના હાથ પગ નયન-વદનને સંયમિત કરી અન્યવ્રત પાલનમાં પરાક્રમી બને છે અને સત્ય તથા આર્જવ ધર્મથી યુક્ત બને છે.

ચોથી ધૈર્યભાવના-ભય ન પામવો તે. બીકણ પાસે ભય આવે છે. ભયથી તે એકલો પડી જાય છે, તેને ભૂત પકડે છે. બીજાને પણ તે ભયભીત કરે છે. તપ સંયમનો ત્યાગ કરે છે. તે કાર્યને પુરું કરી શકતો નથી, સત્પુરુષ સેવિત માર્ગે ચાલી શકતો નથી, માટે કોઈ પણ પ્રકારના ભયથી- વ્યાધિ- રોગથી- વૃદ્ધાવસ્થાથી- કે મૃત્યુથી અથવા તેવા પ્રકાના અન્ય કોઈ પણ ભયથી ડરવું નહી. આ પ્રકારે ધૈર્યથી ભાવિત જીવ પોતાના હાથ-પગ-નયન-વદનની પ્રવૃત્તિને સંયમિત કરી વ્રત આરાધના માટે પરાક્રમી બને છે.

પાંચમી મૌન ભાવના-હાસ્ય સેવન ન કરવું. હસતો હાસ્ય કરતો જીવ અસત્ય અને અસદ્ભુત વચનો બોલે છે. અન્યના અપમાનનું કારણ બને છે. અન્યના દુષણોનું કથન પ્રિય લાગે છે. પરપીડાદાયી બને છે. ચારિત્રનો લોપ થાય છે. અન્યોન્યના મળવાથી આ પ્રવૃત્તિ થાય છે. પરદારા રમણ અને અન્યોન્ય નિંદાની પ્રવૃત્તિને વેગ મળે છે. આવા જીવો જો દેવ ગતિમાં ઉત્પન્ન થાય તો પણ કાંદર્પિક કે આભિયોગિક દેવ બને છે. આસુરિક કે કિલ્બિષિક દેવ પણું પામે છે. માટે હાસ્યનું સેવન ન કરવું. પણ મૌન વડે ભાવિત થઈતે જીવાત્મા પોતાના હાથ-પગ-નયન-વદન ને સંયમિત કરી પરાક્રમ શાળી બની સત્ય અને આર્જવથી યુક્ત થાય છે.

આ પ્રમાણે આ સત્ય વચન સંવરદ્વાર સમ્યક્ પ્રકારે આચરણીય અને સુપ્રણિહીત છે. તેથી આ પાંચ ભાવના વડે, મન-વચન-કાયાના યોગોને સુરક્ષિત કરી હંમેશા-જીવન પર્યન્ત આ સત્યવચન યોગ ધૃતિ અને મતિ પૂર્વક પાલન કરવા યોગ્ય છે. કારણકે આ સત્ય મહાવ્રત અનાશ્રવ રૂપ-યાવત્ મંગળમય છે.

**અધ્યયનઃ૭-સંવર દ્વારની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અધ્યયનઃ૮-સંવરદ્વારઃ૩

[૩૮] હે જંબૂ ! દત્તાનુસાર સંવર નામક આ ત્રીજું અધ્યયન છે. તે દાતા દ્વારા અપાયેલ વસ્તુનું જ ગ્રહણ કરવા રૂપ મહાવ્રત કહેલ છે. તે ગુણનું પણ કારણ છે. આ વ્રત આરાધનાથી જીવ પારકાના દ્રવ્યને ગ્રહણ કરવાની પ્રવૃત્તિથી વિરક્ત બને છે. અપરિમિત અને અનંત દ્રવ્ય પ્રાપ્તિની જે લાલસા થકી કલુષિત બનેલ મન-વનચ-ની દોષ પ્રવૃત્તિનું નિયંત્રણ થાય છે. તે માટેની હાથ-પગની પ્રવૃત્તિ અટકે છે. આ અદત્તાદાન વિરમણ સંવરથી બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ દૂર થાય છે. તે સમસ્ત ધર્મોનું પ્રકર્ષ પર્યન્ત છે. ઉપાદેય છે. નિરાશ્રવ-નિર્ભય લોભરહિત છે. ઉત્તમ એવા જિનેશ્વર પ્રબળ પુરુષ તથા સુવિહિત સાધુજનને માન્ય છે. પરમ સાધુ જનો માટે તે આચરણીય છે.

આ ત્રીજા સંવરદ્વાર માટે સાધુજનો એ ગામ આકર નગર નિગમ આદિ સ્થાનો માં કોઈ પણ વસ્તુ મણિમુક્તાદિ કોઈની પડી ગઈ હોય-ભૂલાઈ ગઈ હોય-શોધવા છતાં ન જડી હોય તેને લેવાનું કે બીજાને લેવાનું કહેવું ન કલ્પે. હિરણ્ય-સુવર્ણની સાધુને ઈચ્છા હોતી નથી. માટી ને સુવર્ણમાં સમાન દૃષ્ટિ હોય છે. અપરિગ્રહી હોય છે. જે કોઈ પણ દ્રવ્ય ખડા-ખેતર-જંગલ ગમે ત્યાં પડેલું હોય, પુષ્પ-ફળ-છાલ-કુપણ-કંદ-મૂળ-તૃણ-કાષ્ઠ કે કંકર રૂપે હોય તે બધી વસ્તુ થોડી કે વધારે નાની કે મોટી માલિકની અનુજ્ઞા સિવાય- ન કલ્પે. તેના માલિકની આજ્ઞાપૂર્વક જ ગ્રહણ કરવ. જે પોતાનો વિશ્વાસ ન કરતો હોય તેના ઘરે સાધુએ કદી જવું નહીં તેના આહાર-પાણી લેવા નહીં, તેના પીઠ-ફલક શય્યા સંથારો વસ્ત્ર-પાત્ર-કંબલ-દંડ-રજોહરણ-નિષદ્યા-ચોલપટ્ટો મુહપત્તિ-પાદપ્રોંછનક આદિ તથા ભાજન-પાત્રા-ઉપકરણ-ઉપધિ આદિ લેવા નહીં બીજાના દોષ પ્રગટ ન કરવા, નિંદા ન કરવી. બાળગ્લાન માટે લેવાયેલ આહાર ગ્રહણ ન કરવો. બીજાના સુકૃતનો નાશ થાય તેવા વચનો ન બોલાવા, દાનમાં અંતરાય થાય તેવા વચન ન બોલવા. ચાડી કે ઈર્ષ્યાનો ત્યાગ કરવો.

જે મુનિ એષણાની વિશુદ્ધિથી પ્રાપ્ત પીઠ-ફલક-દંડ આદિ ઉપકરણ-ઉપધિ પ્રાપ્ત કરીને તેનો વિભાગ કરતા નથી તે વ્રત આરાધી શકતા નથી. તેનામાં બીજા માટેની સંગ્રહ રુચિ હોતી નથી. એ જ રીતે તે તપનો-વચનનો-રૂપનો-આચારનો-ભાવનો ચોર હોય છે. મોટેથી બોલનાર, ઝઘડાખોર, કલહકારી, વેર વધારનાર, વિકથાકારી, સમા ધિકારી, સદા અપ્રમાણભોજી, અનતાનુંબદ્ધ વૈરી, નિત્યરોષી થાય છે તેવો સાધુ આ સંવર દ્વારની આરાધના કરી શકતો નથી.

ઉપધિ-વસ્ત્ર- પાત્ર આહાર આદિના દાનમાં કુશળ, અત્યંત બાળ દુર્બળ ગ્લાન વૃદ્ધ-ક્ષપક પ્રવર્તક- આચાર્ય-ઉપાધ્યાય-શૈક્ષ સાધર્મિક-તપસ્વી-કુળ ગણ સંઘ એ સર્વે થી સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિના અર્થી-નિર્જરાર્થી-આકાંક્ષારહિત આચાર્યાદિ દેશની અનેક પ્રકારે વૈયાવચ્ચ કરે તે આ મહાવ્રત પાળી શકે છે.

જિનપ્રતિમા જેનું પ્રયોજન છે એવા સાધુ અપ્રીતિવાળા ઘરોથી પીઠ-ફલક-શય્યા આદિ લેતા નથી. બીજાની નીંદા કરતા નથી, દોષો જોતા નથી, બીજાના નિમિત્તે લાવેલ ગ્રહણ કરતા નથી, બીજાના પરિણામને વિકૃત કરતા નથી, દાન કે વૈયાવચ્ચ કરીને પસ્તાવો કરતા નથી, સંવિભાગ શીલ અને સંગ્રહશીલ હોય છે. એવા સાધુ આ વ્રતની આરાધના કરી શકે છે. પૂર્વે આ પ્રવચન ભગવંતો દ્વારા સારી રીતે કહેવાયેલ છે. આત્મ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિતકર...યાવત્...સર્વ દુ:ખો-પાપોનું ઉપશમનકારક છે.

ત્રીજા અદત્તાદાન વિરમણ વ્રતની આ પાંચ ભાવનાઓ છે. જે આ વ્રતની રક્ષાને માટે કહેવાયેલ છે. તેમાં પહેલી ભાવના છે. “વિવિક્ત વસતિ વાસ”-સાધુઓએ દેવકુળ સભા-પાણી શાળા-પરિવ્રાજક ગૃહ-વૃક્ષની નીચે- બગીચા, ગુફા- ખાણ- ગિરિગુફા- લુહારશાળા- કોઢ- બાગ- રથશાળા- ગૃહોપકરણ શાળા- મંડપ- શૂન્યગૃહ- સ્મશાન- પાષાણ ઘર હાટ કે તેવા પ્રકારના અન્ય સ્થાનોમાં નિવાસ કરવો. પરંતુ આ સ્થાન પાણી, માટી બીજ, હરિત, ત્રસ-પ્રાણથી રહિત, ગૃહસ્થો માટે બનાયેલ, નિર્દોષ, પ્રાસુક, સ્ત્રી પશું-પંડકથી રહિત, પ્રશસ્ત, એવા ઉપાશ્રયમાં સાધુઓ એ રહેવું જોઈએ પણ આધા કર્મની બહુલતા, અંદર અને બહાર પાણી છાંટેલ હોય, સમર્જિત, જાળા ઉતારેલ, લીંપેલ, છિદ્ર પૂરિત, અગ્નિ આદિથી યુક્ત સ્થાનોમાં રહેવું નહીં. કેમકે તે અસંયમ કારણ છે. આવા પ્રકારનો ઉપાશ્રય સાધુને માટે વર્જનીય છે. આ ભાવનાથી ભાવિત જીવાત્મા સદા અધિકરણ આદિ કરવા-કરાવવા રૂપ પાપકર્મથી મુક્ત થાય છે. દાતાની અનુજ્ઞા અને તીર્થંકરની અનુજ્ઞાવાળી વસતિને ગ્રહણ કરવાની રૂચિવાળો અદત્ત-અનનુજ્ઞાન વસતિનો પરિભોગ બને છે.

બીજી ભાવના-અનુજ્ઞાન સંસ્તારક ગ્રહણ-બગીચા,ઉદ્યાન, વન, જંગલના એક ભાગમાં રહીને જે કોઈઃ કોઈપણ પ્રકારના ઘાસ-કાષ્ઠ-કંકર આદિમાંથી બનાવેલ શય્યાને ઉપયોગમાં લે તેને માલિકની રજા સિવાય લેવી ન કલ્પે. તેની મંજૂરી પછી જ કલ્પે..આ પ્રમાણે અવગ્રહ સમિતિના યોગથી ભાવિત થયેલ જીવ સાવદ્ય અનુષ્ઠાનથી નિવૃત્ત થાય છે અને અનુજ્ઞાન સંથારારૂપ બીજી ભાવના સાધ્ય બને છે.

ત્રીજી ભાવના-શય્યા પરિકર્મ વર્જન-પીઠ-ફલકશય્યા આદિને માટે વૃક્ષોનું છેદન-ભેદન કરવું કરાવવું નહીં. જે સ્થાનમાં રહે તે જ વસતિમાંથી શય્યાદિની ગવેષણા કરવી. વિષમ ભૂમિને સમ ન કરવી. વાયુવાળા કે રહિત સ્થાનની અપેક્ષા ન રાખે, ડાંસ મચ્છરથી ક્ષોભ ન પામે, તેના નિવારણ માટે ધુંવાડો ન કરાવે આ રીતે તે સંયમ બહુલ સંવર બહુલ-સંવૃત્ત બહુલ-સમાધિ બહુલ બનેલ સાધુ ધીર અને ક્ષોભરહિત બને, સતત આત્માવલંબન ધ્યાન યુક્ત તે સમિતિ પાલન પૂર્વક ધર્માચરણ કરે છે. શય્યા સમિતિના યોગથી ભાવિત આત્મા નિત્ય અધિકરણ-સાવદ્ય અનુષ્ઠાનથી નિવૃત્ત થાય છે અને દત્તાનુજ્ઞાન અવગ્રહ રૂચિવાળો થાય છે.

ચોથી ભાવના-અનુજ્ઞાત ભોજન પાન- સાધારણ પિંડપાત પ્રાપ્ત થાય ત્યારે તેનાં ઉપયોગમાં સંયમ રાખવો. સમિતિ પૂર્વક વાપરવું. શાક-દાળની અધિકતાવાળું ભોજન ન કરવું. ઉતાવળથી.ત્વરાથી-ચપળતાથી-અપ્રતિલેખિત પાત્રમાં, પરપીડાકર એવાં સચિત્ત, ભોજનનો પરિભોગ ન કરવો. પણ જેમ તે ત્રીજું વ્રત નષ્ટ ન થાય, તે રીતે સાધારણ આહારની પ્રાપ્તિ થતા પૂર્ણરૂપે અદતાદાન વિરમણવ્રતનું નિયમન થઈ શકે તે.પ્રકારે સમ્યક્ પ્રવૃત્તિના યોગથી ભોજન કરતા તે ભાવિતાત્મા અનનુજ્ઞાન ભોજન રૂપ સાવદ્ય કર્માનુષ્ઠાનથી મુક્ત થાય છે અને દત્તાનું જ્ઞાત અવગ્રહમાં રૂચિવાળો થાય છે.

પાંચમી ભાવના- વિનય- સાધર્મિક પ્રત્યે વિનય કરવો, ઉપકાર કરવામાં અને પારણામાં વિનય ન કરવો. વાચના અને પરાવર્તનામાં વંદન આદિ વિનય દર્શાવવા. દાનમાં આવેલ વસ્તુના વિતરણમાં, ગમનાગમનમાં કે તે પ્રકારે અન્ય અનેક કારણોમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિનય ભાવ સેવવો. કેમકે વિનય એ તપ છે. તપ પણ ધર્મ છે. તે માટે ગુરુ તથા તપસ્વી નો વિનય કરવો. આ રીતે ભાવિત આત્મા અવિનય રૂપ સાવદ્ય અનુષ્ઠાનથી નિવૃત્તિ થાય છે. દત્તાનું જ્ઞાન અવગ્રહમાં રૂચિવાળો થાય છે.

આ રીતે આ ત્રીજું સંવરદ્વારને સારી રીતે પાલન કરતા સુપ્રણિહિત મન વચન કાયાના યોગથી આ પાંચ ભાવનાનું નિત્ય-આમરણાંત આરાધન કરવું. તે અનાસ્રવ... યાવત્...મંગલમય છે ત્રીજું સંવર દ્વાર પુરૂં થયું. તેમ હું કહું છું.

**અધ્યયનઃ૮-સંવરદ્વારઃ૩ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ૯-સંવરદ્વારઃ૪

[૩૯]હે જંબૂ ! હવે હું બ્રહ્મચર્ય નામક ચોથા સંવર દ્વારને કહીશ. ઉત્તમ તપ નિયમ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વિનયનું મૂળ છે. યમ-નિયમ-ગુણ પ્રધાનયુક્ત છે, હિમાલયની જેમ મહાન અને તેજસ્વી છે. પ્રશસ્ત- ગંભીર અને સ્થિરતા ગુણ વાળું છે આ બ્રહ્મચર્ય સરળ સાધુજન આચરિત છે. મોક્ષનો માર્ગ અને વિશુદ્ધિ સિદ્ધિ ગતિનો નિવાસ છે. શાશ્વત-અવ્યાબાધ અપુનર્ભવ રૂપ-પ્રશસ્ત છે કલ્યાણ કારી સૌમ્ય અચળ અક્ષય સુખને દેનારું છે. યતિજનોથી સંરક્ષિત છે. સુંદર આચારવાળું છે. તીર્થંકર પરમાત્મા થકી. સારી રીતે પ્રતિપાદીત છે. મહાપુરુષ-ધીર-શૂર-ધાર્મિક-ધીમાન્ પુરુ ષોને માટે સદા વિશુદ્ધ છે. ભવ્ય પુરુષો દ્વારા આચરીત. નિઃશંકીત નિર્ભય શુભ ખેદ રહિત- નિરુપલેપ સમાધિગૃહ અવિચલિત છે. આ બ્રહ્મચર્ય તપ અને સંયમના મૂળ ધન સમાન છે. પાંચ મહાવ્રતોની વચ્ચે સુરક્ષિત, સમિતિ અને ગુપ્તિથી ગુપ્ત, ધ્યાન રૂપી મજબૂત કમાડોથી રક્ષિત અધ્યાત્મરૂપી અર્ગલાવાળું અને તેનું સેવન કરનારના દુર્ગતિમાર્ગને રોકનારું છે. સદ્ગતિના માર્ગને દર્શાવતું, કમળોથી યુક્ત સરોવર અને તળાવના પાળા જેવું. મોટા ગાડાની ધરી સમાન, ક્ષાન્ત્યાદિ ગુણોના તુંબ સમાન, મોટા વૃક્ષની શાખા સમાન આશ્રય આપનારું, માહાનગરના કિલ્લા સમાન, રજ્જુબદ્ધ ઈંદ્રધ્વજ સમ શોભતું, વિશુદ્ધ એવા અનેક ગુણોથી શોભતું, સારી રીતે ગ્રથિત છે.

આ બ્રહ્મચર્યની વિરાધના થતાં સર્વે વિનય-શીલ-તપ-નિયમ-ગુણસમૂહ અચા નક ફૂટેલા ઘડાની જેમ વિનષ્ટ થાય છે. અસ્તવ્યસ્ત-ચૂરેચૂરા-વિદારીત-ખંડિત અધો નિયતિત થઈ જાય છે. તે બ્રહ્મચર્ય ઐશ્વર્યશાળી છે. ગ્રહગણ-નક્ષત્ર-તારામાં શોભતા ચંદ્રની જેમ શોભે છે મણિ-મોતી આદિના ઉત્પત્તિ સ્થાનમાં જેમ સમુદ્ર શ્રેષ્ઠ છે. તેમ વ્રતોમાં આ વ્રત શ્રેષ્ઠ છે. મણીમાં વૈડૂર્ય, આભૂષણોમાં મુગટ, વસ્ત્રમાં ક્ષૌમ યુગલ, પુષ્પોમાં અરવિંદ, ચંદનમાં ગોશીર્ષ ચંદન, ઔષધિ ઉત્પત્તિ સ્થાનમાં હિમા લય, નદીમાં શીતોદા, સમુદ્રમાં સ્વભૂરમણ, માંડલિક પર્વતોમાં રૂચકવર, હાથીમાં ઐરાવત, મૃગોની વચ્ચે સિંહ, સુવર્ણકુમારમાં વેણુદેવ, કલ્પોમાં બ્રહ્મલોક, સભાઓમાં સુધર્મા-સભા, આયુષ્યમાં અનુત્તરવાસીદેવ, દાનોમાં અભય દાન. કંબલોમાં રક્તકંબલ, સંઘ-યણોમાં વજ્રઋષભ, સંસ્થાનોમાં સમચતુરસ્ર, ધ્યાન માં શુક્લ ધ્યાન, જ્ઞાનમાં કેવળ જ્ઞાન, લેશ્યામાં શુક્લ લેશ્યા, મુનિઓમાં તિર્થંકર, વાસક્ષેત્રોમાં મહાવિદેહ, પર્વતોમાં મેરું,વનોમાં નંદનવન, વૃક્ષોમાં જંબૂ, અને રાજાઓમાં સેનાથી યુક્ત રાજા જેમ સર્વ શ્રેષ્ઠ છે તેમ બ્રહ્મચર્યને વ્રતોમાં શ્રેષ્ઠ વ્રત કહ્યું છે.

જૈન સાઈટ JAINSITE જૈન આગમ સાહિત્ય અને સાધના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે બ્રહ્મચર્યના સેવનથી આ પ્રવજ્યા આરાધિત થાય છે. સત્ય-શીલ-તપ વિનય સંયમ-ક્ષમા-ગુપ્તિ-મુક્તિ- આલોક-પરલોક યશ-કીર્તિ આદિ આરાધિત થાય છે. તેથી સર્વથા વિશુદ્ધ એવા નિશ્ચલ ભાવથી આ બ્રહ્મચર્ય વ્રતનું જાવજજીવ પાલન કરવું. કઠોર તપ દ્વારા શરીરનું લોહી સુકાઈને શ્વેત હાડકાં દેખાયા ત્યાં સુધી પણ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ સુધી આ વ્રતનું પાલન કરવું એમ ભગવંતે આ વ્રતનું કથન કર્યું છે.

[૪૦-૪૩]આ બ્રહ્મચર્યવ્રત પાંચ મહાવ્રત રૂપ સુવ્રતોનું મૂળ કારણ છે, નિર્મળ સાધુ દ્વારા સુચરિત છે, વેર વિરોધનો અંત લાવનાર છે, મહાસાગરમાં નૌકા સમાન છે, તિર્થંકરો થકી તે માટે સુંદર માર્ગ દર્શાવાયો છે, તેના પ્રભાવે નરક-તિર્યંચ ગતિ અટકે છે, સર્વ પવિત્ર અને સારભૂત છે મોક્ષ અને અનુત્તર વિમાનનું દ્વાર ઉઘાડી દે છે. દેવો અને નરેન્દ્રો પણ જેને નમસ્કાર કરે છે, ત્રણે લોકમાં ઉત્તમ મંગળ છે. દુર્ધર છે, ગુણનાયક છે, અનુપમ છે, મોક્ષમાર્ગના શિરોભૂષણ રૂપ છે. સુચરિત એવા આ બ્રહ્મચર્યથી મુનુષ્ય આત્મજ્ઞાન તત્પર બને છે.સુશ્રમણ સુસાધુ-સુઋષિ-સુમુનિ-સુસંપન્ન અને તે જ સાચો ભિક્ષુ છે જે શુદ્ધ બ્રહ્મચર્યને પાળે છે.

આ પ્રમાણે સ્વચ્છંદાચારીનો આચાર રતિ-રાગ-દ્વેષ-મોહ-આદિની વૃદ્ધિ કર નાર,અસાર-પ્રમાદ દોષ-પાર્શ્વસ્થ શીલકરણછે.આ પાર્શ્વસ્થાઆદિ શરીરને અભ્યંગન કરે છે. વારંવાર બગલ-માથું-હાથ-પગ આદિને ધુએ છે. શરીરને દબાવેછે. શરીરની સ્વચ્છતા-પરિમર્દન-અનુલેપન લેપન સુગંધન ધૂપન શૃંગારન આદિ કરે છે. મશ્કરી અશિષ્ટ વચન બોલાવા-નાટક ગીતગાન-અન્ય પણ શૃંગાર આદિ કરે છે. એક માત્ર બ્રહ્મચર્યના ઘાતથી આ બધાં દુષણો આવે છે.

જે બ્રહ્મચર્ય મહાવ્રત પાલન કરનાર સંયમીજન છે. તેણે સર્વ કાળને માટે આ બધાંનો ત્યાગ કરવો. તપ-નિયમ-શીલ વડે પોતાના આત્માને સદા ભાવિત કરવો. તે સાધુ જીવન પર્યંત સ્નાન ન કરે, દાંત સાફ ન કરે, પરસેવો ન લુંછે, મેલ દૂર ન કરે, મૌન રાખે, લોચ કરે, ક્રોધ અને ઈંદ્રિયનિગ્રહ કરે, પરિષહો સહે, અલ્પ ઉપધિ રાખે, કઠણ શય્યા રાખે, જમીન ઉપર બેસે, ભિક્ષાચરી કરે, માન-અપમાન, લાભાલાભમાં સમ વૃત્તિ રાખે નિંદા કે ઉપદ્રવમાં ઉદ્વિગ્ન ન બને, અભિગ્રહ-તપ-મૂળગુણ અને અભ્યુત્થાના દિમાં વિનયવાન્ બને. આત્માને વિશુદ્ધ કરે જેથી બ્રહ્મચર્ય સુસ્થિર બને.

આ પ્રવચન બ્રહ્મચર્ય વિરમણની રક્ષા માટે ભગવંતે કહેલ છે. આત્મ હિતકર છે. પરલોકમાં શુભ ફળ દેનારું છે. ભાવિમાં કલ્યાણકારી છે. યાવત્ સર્વ દુઃખ વિનાશક છે.

આ બ્રહ્મચર્યવ્રતની પાંચ ભાવના આ પ્રમાણે છે. જેના વડે આ વ્રતની સારી રીતે રક્ષા થાય છે. પહેલી ભાવના-સ્ત્રી, પશું, પંડગના વસવાટથી યુક્ત વસતિનો ત્યાગ-શયન,આસન, ઘર, દ્વાર, આંગણું, ખુલ્લી જગ્યા, ઝરુખો, શાળા કે તેવી ઊંચી જગ્યાં જ્યાંથી મંડનઘર-સ્નાન ઘર આદિ જોઈ શકાય અને ત્યાં સ્ત્રીઓ હોયતો તેવી વસ્તીનો ત્યાગ કરે. વેશ્યા નિમિત્તે બનેલ સ્થાન જ્યાંથી તે સ્ત્રીઓ મોહ-દોષ રતિ-રાગને વધાર નારી કથાઓ કહેતી હોય તેવા સ્થાનનો ત્યાગ કરે. અન્ય પણ આવા સ્થાનો છોડી દે. વિશેષથી કહીએ તો જ્યાં જ્યાં સાધુઓને મનોવિભ્રમ કે બ્રહ્મચર્ય ભંગની શક્યતા જણાય, આર્ત્ત-રૌદ્ર ધ્યાન થાય. તે-તે સ્થાનોને વર્જવા સાધુ સાવદ્ય વસતિ-વાસથી સદા ડરતો હોય તેથી નિર્દોષ સ્થાનમાં વસે, આ રીતે સ્ત્રી-પશું-પડંગથી રહિત સ્થાનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસતો પોતાના આત્માને ભાવિત કરી મુનિ બ્રહ્મચર્યમાં દૃઢ વ્રતવાળા બને જિતેન્દ્રિય બની બ્રહ્મચર્ય સમાધિ સ્થાનથી યુક્ત બને.

બીજી સ્ત્રી કથા વિરતિ નામક ભાવના-સ્ત્રીઓ મધ્યે વિચિત્ર કે વિલાસયુક્ત કથા ન કરે, લૌકિક શૃંગાર પ્રધાન-મોહ જનની-નવદંપતિના વિવાહ આદિ સંબંધિત સ્ત્રીના સુભગ-દુર્ભગપણાની, સ્ત્રીઓની ૬૪ કળાની, દેશ-જાતિ-કુળ-રૂપ-પરિજન આદિ સંબંધિ. આદિ કથા ન કરે, એ પ્રમાણે સ્ત્રી કથા વિરતિરૂપે સમિતિના યોગથી ભાવિત જીવ બ્રહ્મચર્યમાં આસક્ત બની પોતાના આત્માને વિરતિ ધર્મમાં દૃઢ કરે.

ત્રીજી-સ્ત્રી રૂપનું નિરીક્ષણ ન કરવાની ભાવના સ્ત્રીઓના હાસ્ય, બોલ, હાવ ભાવ, ચિંતવન, ચાલ, ઈશારા, ક્રીડા આદિનું નિરીક્ષણ ન કરે. એજ રીતે તેમના નૃત્ય ગાન-વીણાવાદન-શરીર બંધારણ-વર્ણ-અલંકાર-કામોત્તેજક ગુપ્ત અંગો કે તેવી પાપ કર્મ રૂપ અન્ય વાતોનું કે જે વાત તપ-સંયમ-બ્રહ્મચર્યની ઘાતક હોય તેને ચક્ષુવડે-રાગ વડે નિરીક્ષણ ન કરે. મન-વચનથી પ્રાર્થના ન કરે, એ પ્રમાણે સ્ત્રી-રૂપ વિરતિ સમિતિના યોગથી ભાવિત આત્મા જિતેન્દ્રિય અને બ્રહ્મચર્ય ગુપ્ત બને છે.

ચોથી પૂર્વરત ક્રીડાનું સ્મરણ ન કરવું-ભાવના. ગૃહસ્થાવસ્થામાં-પૂર્વાવસ્થામાં કરેલ કામ ક્રીડાનું સ્મરણ કરવું નહીં, કન્યાદાન, વિદાય કે ચૂડાકર્મ પ્રસંગે, મદન ત્રયો દશી દિવસે, યજ્ઞ કે ઉત્સવોમાં સુસજ્જિત સ્ત્રીના હાવ-ભાવ-ચેષ્ટા-વિલાસ અનુ કૂળ રાગાદિ ન જુએ, પૂર્વે ભોગવેલ ભોગો, જેનાથી મન લલચાય તેવા ધૂપ-ગંધ આદિ પદા ર્થો, વિલાસ વર્ધક વાદ્ય-ગીત આદિ તથા એવા બીજા પ્રકારના સંયમ ઘાતી કાર્યો જુએ નહીં યાદ કરે નહીં એ રીતે પૂર્વ ક્રીડાઓમાં વિરતિ રૂપ ભાવથી સંયમિત થયેલો આત્મા મૈથુનક્રિયાથી વિરક્ત બને છે અને જીતેન્દ્રિય બની બ્રહ્મચર્ય સમાધિથી યુક્ત બને છે.

પાંચમી પ્રણીત ભોજન ત્યાગ-ભાવના-સાધુ સ્નિગ્ધ રસયુક્ત આહાર ન કરે. સંયમી સુસાધુ દુધ-દહીં, ઘી આદિ નવે વિગઈનો ત્યાગ કરે. દર્પકારક ભોજન ન કરે, વારંવાર ન ખાય, દાળ-શાક યુક્ત ભોજન વધુ પ્રમાણમાં ન કરે, અપરિ મિત ભોજન ન કરે. સંયમ યાત્રા નિર્વાહ માટે જ ભોજન કરે. જેથી ધાતુના વિશેષ સંગ્ર હને કારણે ધર્મમાં આવતી માનસિક અસ્થિરતા અટકે. પ્રણિતાહાર વિરતિ રૂપ સમિ તિના યોગથી ભાવિક થયેલ આત્મા મૈથુનથી વિરક્ત થઈ યાવત્ બ્રહ્મચર્ય સમાધિને પામે છે.

આ પ્રકારે ચોથું બ્રહ્મચર્ય નામક સંવર દ્વારનું સારી રીતે પાલન કરવાથી સુપ્રણિહિત થાય છે, આ પાંચ ભાવના વડે સુરક્ષિત મન વચન કાયાથી બ્રહ્મચર્ય રૂપ યોગ, ચિત્ત સ્થૈર્ય, નવા કર્મોનો અના સવ થાય છે....યાવત્ ....સર્વ મંગલ થાય છે.

**અધ્યયનઃ૯-સંવરદ્વારઃ૪ ની મુનિ દીપરત્નસાગરે ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ૧૦-સંવરદ્વારઃ૫

[૪૪]હે જંબૂ ! જે પરિગ્રહમાં આસક્ત ચિત્તવાળા હોય તેવા શ્રમણ આરંભ -પરિગ્રહથી વિરત અને ક્રોધ-માન-માયા-લોભથી વિરત હોય છે. એક અસંયમ, બે રાગ -દ્વેષ, ત્રણ દંડ-ત્રણ ગૌરવ-ત્રણ ગુપ્તિ-ત્રણ વિરાધના, ચાર કષાય-ચાર ધ્યાન- ચાર સંજ્ઞા, ચાર વિકથા, પાંચ ક્રિયા- સમિતિ- મહાવ્રત, છ જીવનિકાય- લેશ્યા, સાત ભય, આઠમદ, નવ બ્રહ્મચર્ય ગુપ્તિ, દશવિધ-શ્રમણધર્મ, શ્રાવક પ્રતિભા, ભિક્ષુ પ્રતિમા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્રિયાસ્થાન, ભૂતગામ, પરમાધામી- ગાથા અધ્યયન, અસંયમ, અબ્રહ્મચર્ય, જ્ઞાત અધ્યયન,અસમાધિ સ્થાન,શબળ દોષ, પરિષહ, સૂયગડાંગ અધ્યયન, દેવ, ભાવના, ઉદ્દેસા. અણગારગુણ, આચારપ્રકલ્પ, પાપશ્રુત અધ્યયન મોહનીય સ્થાન, સિદ્ધનાગુણ, યોગ સંગ્રહ, આશાતના એ અંગે અસંયમાદિ સ્થાનોમાં તથા વિરતિ પ્રણિધાનમાં ભગવંત દ્વારા અવિરતિ કથિત તેવાજ અન્ય પ્રકારના અનેક પદાર્થમાં અથવા જિન કથિત અવિતથ નશ્વર, પદાર્થમાં શંકાદિ દૂર કરીને જે શ્રમણ નિદાન રહિત, ગારવરહિત, લોભ રહિત, મૂઢતા રહિત થઈને મન-વચન-કાયાથી ગુપ્ત બનીને(જિનેન્દ્રના શાસનનું શ્રદ્ધાન કરે છે તે જ સાચો શ્રમણ છે.

[૪૫]અપરિગ્રહ સંવરને વૃક્ષની ઉપમા- પરિગ્રહથી નિવૃત્તિ લેવી એજ આ વૃક્ષના અનેક ભેદ રૂપ છે. સમ્યગ્ દર્શન આ વૃક્ષનું મૂળ છે. ધૈર્ય તેનું કંદ છે, વિનય તેની વેદિકા છે. ત્રિલોક વ્યાપી યશ તેનું થડ છે. પાંચ મહાવ્રત રુપ શાખા છે, ભાવના રૂપ છાલ છે. ધર્મ ધ્યાનાદિ શુભ પ્રવૃત્તિ તેના પાંદડા છે, અનેક ગુણ રૂપી પુષ્પો છે. શીલ રૂપ સુગંધ છે. મોક્ષ સુખ બીજ છે. તે મેરુ પર્વતની ટોચ સમાન છે. એ રીતે આ સંવરરૂપ ઈષ્ટ વૃક્ષ છે. આ પ્રકારે પાંચમું સંવરદ્વાર છે.

જે સાધુ આ સંવર દ્વારને આરાધે છે. તે નગર.....યાવત્.......આશ્રમમાં પડેલી કે રહેલી કોઈપણ વસ્તુ કે જે નાની કે મોટી, મૂલ્યવાળી કે વગરની હોય ત્રસ કે સ્થાવર હોય તેને મનથી પણ ગ્રહણ ન કરે. જે સાધુ અપરિગ્રહી છે તે હિરણ્ય-સુવર્ણ ક્ષેત્ર વસ્તુ દાસી-દાસ-નોકર-દૂત-ગવેલક-વાહન છત્ર-કોઠી પણ રાખી શકતા નથી, જોડા પેહણ પંખો-ધાતુપાત્ર- મણીપાત્ર પશુંના શીંગડાનું પાત્ર- પત્થર કે કાચનું પાત્ર. ચર્મપાત્ર તે બીજાના ચિત્તની ઉત્સુકતા વધારનાર હોવાથી કે મૂર્ચ્છા ઉત્પન્ન કરનાર હોય ન રાખે. પુષ્પ-ફળ-કંદ મૂળ-ધાન્યાદિનો મન-વચન-કાયાથી સંગ્રહ ન કરે.કેમકે અપરિમિત જ્ઞાન દર્શન ધર, શીલ-ગુણ-વિનય-તપ-સંયમ નાયક એવા તીર્થંકર, સમસ્ત જગતનાં જીવો પ્રત્યે કરુણાશીલ, ત્રિલોક માન્ય જનવરોએ તે સર્વ પુષ્પાદિને જીવોના ઉત્પત્તિ સ્થાન રૂપ કહ્યા છે. તેનો ધ્વંસ સાધુને ન કલ્પે માટે સાધું તેનું વર્જન કરે.

બીજી પણ અકલ્પનીય વસ્તુ કહે છે- અડદ મગ આદિ અન્ન, સાથવો, બોર ચૂર્ણ, ભૂંજેલા ધાન્ય, ખાંડેલાતલ, દાળ પુરી, વેઢમી, ગુંજા, ગોળ, શ્રીખંડ, વડા, લાડુ, દૂધ, ઘી, માખણ, ખાંડ, મિશ્રી, આદિ પદાર્થોની સંનિધિ કરવી સાધુને ન કલ્પે. જે આહાર ઉદ્દિષ્ટ હોય, નિમિત્તે થયેલ હોય, સ્થાપના કરેલી હોય, મિશ્રદોષ વાળો હોય, ખરીદેલ કે ઉછીનો લાવેલ હોય. દાન પુન અર્થે બનાવેલો હોય, અન્ય બ્રાહ્મણ આદિ માટે બનાવાયો હોય, પશ્ચાત્ કે પુરાકર્મવાળો હોય, નિત્યખંડ હોય અતિરિક્ત હોય, મૌખર્યથી પ્રાપ્ત હોય. સ્વયં લીધેલો હોય, આહૃત હોય, માટીથી લેપકૃત પાત્રનો લેપ બોલીને આપેલો હોય, આચ્છેદ્ય હોય, તિથિ-યજ્ઞ-મહોત્સવ આદિ માટેનો હોય, સંસ્થાપિત હોય તો આવો આહાર હિંસાદિ દોષ યુક્ત હોવાથી સાધુને ન કલ્પે.

સાધુને કેવો આહાર કલ્પે- જે આહાર પિંડૈષણા અધ્યયન અનુસાર શુદ્ધ હોય, ક્રીત-હિંસા-પોતા વડે રંધાવાયો ન હોય, શંકાદિ દશ દોષ વિમુક્ત હોય. ઉદ્દગમ ઉત્પાદન દોષ રહિત હોય.અચિત્ત-નિર્દોષ-સંયોજના દોષોથી રહિત,અંગાર-ધૂમદોષ રહિત અને છ કારણે લેવાયેલ હોય, છકાય જીવનું રક્ષણ થયું હોય અને પ્રાણધારણાર્થે ગ્રહણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાયો હોય તેનાથી ભિક્ષાવૃત્તિ કરવી કલ્પે. સુવિહિત શ્રમણોએ અનેક પ્રકારના વાત પિત્ત આદિ રોગ ઉત્પન્ન થયા રહોય. અતિશય કષ્ટ કે દુઃખ હોય, પ્રતિક્ષણ અસમાધિ જનક હોય. એવા રોગાતંકમાં હોય કે જેના સ્વરૂપ વિપાક અશુભજ હોય. અતિ ભયંકર હોય, જીવિતના નાશની સંભાવના હોય, શરીરમાં સંતાપ વધતો જતો હોય. તેવા સમયે અન્યના નિમિત્તે થયેલ ઔષધ આદિ પણ તે પરિગ્રહ વિરક્ત સાધુને રાખવા ન કલ્પે.

પાત્રધારી એવા ને સુવિહિત શ્રમણ જે કોઈ પાત્ર ઉપકરણ, ઉપધિ, વસ્ત્ર, પાત્રબંધન, પાત્ર કેશરિકા, પાત્ર સ્થાપનક, પડલાં, રજસ્રાણ, ગુચ્છા, ત્રણ વસ્ત્ર (બે સુતરાઉ અને એક ઉની) રજોહરણ, ચોલપટ્ટો, મુહપતી, આદિ ઉપકરણો રાખે તે પણ સંયમની રક્ષા માટે જ રાખે. તથા વાયુ-ડાંસ-આદિ પરિષહો સામે રક્ષણ માટે રાખે આ ધર્મોપગરણ પણ રાગદ્વેષ રહિત ધારણ ન કરે. પડિલેહણ પ્રમાર્જન કર્યા પછી પણ રાત્રે કે દિવસે તેને અપ્રમત્ત પણે અને જયણાપૂર્વક મૂકે અથવા લે.

આ પ્રકારે સાધુ ધર્મલીન બની સંગ્રહથી વિમુક્ત થાય, આસક્તિ રહિત,, નિષ્પ રિગ્રહી, નિર્મમત્વ, સ્નેહ બંધનથી મુક્ત, સર્વ પાપ વિરત, વાંસ અને ચંદનમાં સમાન દૃષ્ટિવાળા માટી-સોનામાં સમદૃષ્ટિ વાળા બને. તેના પાપ, રાગદ્વેષનું શમન થઈ જાય. પાંચ સમિતિ પરાયણ થઈને સમ્યક્ દૃષ્ટિવાળા બને, સમસ્ત જીવ પરત્વે સમભાવી બને, તે શ્રમણ શ્રુતનો ધારક બનીને વક્રતા રહિત સંયત અને સુસાધુ બને છે. સમસ્તજીવોનો રક્ષક, સર્વ જગવત્સલ, સત્યવાદી. સંસારના અંતમાં સ્થિત, સંસાર સમુચ્છિન્ન, મરણ નો પારગામી, સંશય નિવારક, આઠપ્રવચન માતાના બળથી આઠ કર્મોની ગ્રંથી છોડાવ નાર, આઠ મદ વિનાશક, સ્વસિદ્ધાંતમાં પૂર્ણ, સુખ-દુઃખમાં સમભાવી, અભ્યં તર-બાહ્ય તપ-ઉધાનમાં સદા તત્પર, દાંત આત્મહિત પરાયણ ઈર્યા આદિ સમિતિથી યુક્ત મન વચન-કાયગુપ્તિ ગુપ્ત, ગુપ્ત ઈન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, ત્યાગી, લજ્જાવાન્, ધન્ય, તપસ્વી, ક્ષમાગુણી, જિતેન્દ્રિય, શુદ્ધ,નિદાનરહિત, અબહિર્લેશ્યા, મમતા રહિત, અકિંચન, ગ્રંથી રહિત, નિરુપલેપ, નિર્મળ કાંસા જેવા જળ રહિત, શંખ જેવા સફેદ, વિગત રાગ દ્વેષ મોહવાળા-કાચબા જેવા ઈન્દ્રિયગુપ્ત, સુવર્ણ સમ શુદ્ધ કમળ પત્ર જેવા અલિપ્ત, ચંદ્ર સમ સૌમ્ય, સૂર્ય સમ દીપ્ત, ગિરિ સમ અચળ, સાગર જેવા અથોભ, પૃથ્વિ જેવા સહનશીલ, તપથી દેદીપ્યમાન-જ્ઞાન રૂપી તેજથી ચમકતા, ચંદનના જેવા શીતળ, સમભાવી. નિર્મળ શુદ્ધસ્વરૂપી, હાથી જેવા સમર્થ, વૃષભ જેવા ભારવાહક, સિંહ જેવા દુર્ધર, શરદઋતુ સમ સ્વચ્છ, ભારંડપક્ષી જેવી અપ્રમત્ત ગેંડાના શિંગડા જેવા એકાકી, ઠુંઠા જેવા ઉર્ધ્વકાય, શારીરિક સંસ્કાર રહિત, વાયુરહિત સ્થાનના દીવા જેવા નિષ્પ્રકંપ, અસ્ત્રા જેવા ધાર-વાળા,મોક્ષલીન દૃષ્ટિવાળા, પક્ષી જેવા મુક્ત, સર્પની જેમ બીજાના બનાવેલા ઘરમાં વસ નાર, અપ્રતિબંધવિહારી, અપ્રતિહત ગતિવાળા, ગામે એક રાત્રી અને નગરે પાંચ રાત્રિ રોકાનાર, જિતેન્દ્રિય, નિર્ભય, વિદ્વાન, સચિત્ત-અચિત્ત દ્રવ્યોમાં મમત્વ રહિત, સંગ્રહથી વિરક્ત મુક્ત, ગારવ રહિત, જીવન-મરણ આશંસા રહિત, ધીર નિરતિચાર ચારિત્ર ધર, સંયમને કાયાથી સ્પર્શના, અધ્યાત્મલીન, ઉપશાંત, સમાધિભાવ રહિત, ધર્મનું પાલન કરનારા હોય છે.

આ અપરિગ્રહ નામના પાંચમાં સંવર દ્વારનું પ્રવચન પરિગ્રહ વિરમણ વ્રતની રક્ષાને માટે ભગવંતે કહેલ છે. તે આત્માને હિતકર છે....યાવત્....સર્વ દુઃખ વિનાશક



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આ અંતિમ સંવરદ્વાર પાંચ ભાવના આ પ્રમાણે છે.

પ્રથમ-નિસ્પૃહતા ભાવના-શ્રોત્રેન્દ્રિય વડે મધુર શબ્દોમાં આસક્ત ન થવું. મૃદંગ-આદિ....વાજિંત્ર, નટ-નાટક-યુદ્ધનાં વાજિંત્રો, મધુર સ્વરયુક્ત ગીતો, ઘુંઘરા.... આદિ આભુષણોના અવાજો, તરુણીઓના મનોહર-કામવર્ધક સ્વરો, કે તેવા અન્ય મધુર શબ્દોમાં આસક્તિ, રાગ, વૃદ્ધિ ભાવ ન કરવો, મોહ ન પામવો. લલચાવું નહીં. પ્રસન્ન ન થવું. હસવું નહીં તે મનોજ્ઞ શબ્દાદિને યાદ ન કરવા. તેમજ અમનોજ્ઞ શબ્દો પ્રત્યે તિરસ્કાર ન કરવો. આક્રોશ, કઠોરવચન, નિંદા......આદિ શબ્દો સાંભળીને રોષ ન કરવો. તે શ્રમણનું કર્તવ્ય છે. તેની અવજ્ઞા, નિંદા, છેદન ભેદન વધ દુગંછાવૃત્તિ આદિ ન કરવા. આ રીતે શ્રોત્રેન્દ્રિયનો નિગ્રહ કરનાર મુનિ મનોજ્ઞ અમનોજ્ઞ શબ્દોમાં રાગદ્વેષની પરિણતિ રહિત થાય છે. સાધુ ગુપ્તિ વડે ગુપ્ત બની. સંવરયુક્ત બની, શ્રોત્રેન્દ્રિય વશ કરીને ચારિત્રરૂપ ધર્મનું પાલન કરે છે.

બીજી-ચક્ષુઈન્દ્રિય સંવર ભાવના-ચક્ષુઈન્દ્રિય વડે મનોજ્ઞ-અમનોજ્ઞ રૂપમાં સમ ભાવી બને. સચિત્ત-અચિત્ત-મિશ્ર મનોજ્ઞ રૂપ જોઈને આસક્ત ન થાય, ચિત્ર કર્મ. લેપકર્મ, પત્થર કર્મ, દંતકર્મ, પંચવર્ણથી આકર્ષક કે ભિન્ન ભિન્ન રીતે સજાવેલ, ગૂંથીને બનાવેલ માળા આદિ વનખંડ, ગામ નગર આદિ, જળાશયો, પુષ્પો, પક્ષી યુગલો, મંડપ-ભવન-ઉદ્યા આદિ નર-નારી સમૂહ, અલંકાર આદિ નર-નર્તક આદિ, રૂપોને વિશે આસક્ત ન થાય, રાગ ન કરે. મોહ ન પામે...યાવત્...ધ્યાન ન પરોવે. એ જ રીતે અમનોજ્ઞ રૂપોને વિશે ચક્ષુઈન્દ્રિયથી દ્વેષ ન કરે. રોગીષ્ટ, વક્ર શરીરી, વિકલાંગ, અંધ, શલ્યવાળા, આદિ અમનોજ્ઞ રૂપ ને જોઈને રોસ ન કરે, નિંદા ન કરે....યાવત્.....દુગંછા ન કરે. આ રીતે ચક્ષુઈન્દ્રિયનો નિગ્રહ કરી ભાવિત બનેલો આત્મા મનવચકાયગુપ્તિથી ગુપ્ત બની....યાવત્..... ચારિત્ર ધર્મનો પાલક બને છે.

ત્રીજી ઘ્રાણેન્દ્રિય સંવર ભાવના- જળચર, સ્થળચર, આદિ પુષ્પ વગેરે ચંદનાદિ વૃક્ષ વગેરે, કેસર આદિ પદાર્થ વગેરે સુંઘીને ઋતુ અનુકૂળ સુગંધમાં તે-તે મનોજ્ઞ ગંધને વિશે આસક્ત ન થાય.....યાવત્ .....હાસ્ય ન કરે એ જ પ્રમાણે અમનોજ્ઞ ગંધ ને વિશે રોસ ન કરે જેમકે મૃતક શરીરો, અન્ય પણ તેવા પ્રકારની કોઈ દુર્ગંધો માં રોષ ન કરવો. અવજ્ઞા ન કરવી....યાવત્----જુગુપ્સા ન કરવી. એ રીતે મનોજ્ઞ કે ઘ્રાણેન્દ્રિય વિષયક.

ચોથી-જિહ્વેન્દ્રિય સંવર ભાવના-સાધુએ જીભથી મનોજ્ઞ-અમનોજ્ઞ વિષયમાં સમભાવી રહેવું. ઘી-તેલ આદિ વાળા પકવાન, અનેક પ્રકારના સ્વાદિષ્ટ પીણા, લવણ આદિ મિશ્રિત શાક કે વડા વગેરે, અનેક પ્રકારના મિષ્ટ અને ઈષ્ટ પદાર્થો, મનોહર વર્ણ આદિવાળા મનોજ્ઞ સ્વાદ યુક્ત આહારને વિશે આસક્ત ન થાય..... યાવત્......હર્ષ ન કરે તે જ રીતે અમનોજ્ઞ પદાર્થો જેવા કે ઠંડા-રૂક્ષ-અરસ વિરસ દુર્ગંધવાળા અમનોહર વર્ણાદિ યુક્ત પદાર્થોને વિશે રોસ નકરે....યાવત્.......દુગંછા ન કરે.

પાચંમી સ્પર્શેન્દ્રિય સંવર ભાવના-મનોજ્ઞ કે અમનોજ્ઞ સ્પર્શ રાગ દ્વેષ ન કરવો. જેમ કે ઈષ્ટ એવા શીત-ઉષ્ણ-સ્નિગ્ધ- વગેરે સ્પર્શને વિશે કે તેવા મનોજ્ઞ અન્ય કોઈપણ સ્પર્શને વિશે સાધુ આસક્ત ન થાય.....યાવત્....હર્ષ ન કરે. તેમજ અમનોજ્ઞ એવા પ્રહાર-બંધન છેદન-ભેદન આદિ સ્પર્શોને વિશે કે તેવા અમનોજ્ઞ શીત-ઉષ્ણ આદિ કોઈ પણ પ્રકારના સ્પર્શને વિશે રોષ ન પામે......યાવત્ જુગુપ્સા ન કરે. આ રીતે સ્પર્શે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઈન્દ્રિયના સંવર દ્વારા....યાવત્......ચારિત્ર ધર્મમાં સ્થિર થાય.

આ પ્રમાણે અપિરગ્રહ સંવર દ્વારનું સારી રીતે સેવન થતાં સુરક્ષિત થઈને.... યાવત્.....શુદ્ધ બને છે એ પ્રમાણે આ પાંચમું સંવર દ્વાર પૂર્ણ થયું. તેમ હું કહું છું.

**અધ્યયન:૧૦-સંવત્સર:૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

[૪૬]આપાંચે મહાવ્રત અર્હત્ શાસનમાં સેંકડો હેતુથી વિસ્તાર પૂર્વક કહેવાયા છે. તે સંવર સંક્ષેપમાં પાંચ છે. વિસ્તારમાં પાંચપાંચ ભાવના સહિત પચીશ છે. સમિતિ-સહિત-સંવૃત્ત-સદા પોતાના તત્વાર્થ શ્રદ્ધાન રુપ દર્શનને વિશુદ્ધ રાખે છે એ પૂર્વોક્ત સંવરના પાલનથી અંતિમ શરીરી થવાય છે.

**સંવરદ્વાર ગુર્જરછાયાપૂર્ણ**

[૪૭]પ્રશ્નવ્યાકરણનો એક શ્રુતસ્કંધ-દશ અધ્યયન છે. ઉદ્દેસ આદિવિભાગ રહિત છે. દશ દિવસોમાં તેનો ઉદ્દેસ કરાય છે. એકાંતર શુદ્ધ આહારાદિ વડે આયંબિલથી થાય છે બાકી આચારાંગ મુજબ જાણવું.

| ૧૦ | પણ્હાવાગરણં-ગુર્જરછાયાપૂર્ણ |
| --- | --- |
| | દશમું અંગસૂત્ર-ગુર્જરછાયાપૂર્ણ |

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૧૧ વિવાગસૂયં

અંગસૂત્રઃ૧૧-ગુર્જરછાયા

卐 શ્રુતસ્કન્ધ-૧ 卐

## -: અધ્યયન-૧-મૃગાપુત્ર :-

[૧] તે કાળ અને તે સમયમાં ચમ્પા નામની નગરી હતી. ઈશાન ખૂણામાં પૂર્ણભદ્ર નામનું એક ચૈત્ય-હતું. તે કાળ અને તે સમયમાં શ્રવણ ભગવાન મહાવીર સ્વામીના, શિષ્ય, ચૌદ પૂર્વના જ્ઞાતા, ચાર જ્ઞાનના ધારક, જાતિસમ્પન્ન કુળસમ્પન્ન પાંચસો અણગારોથી ઘેરાયેલા સુધર્મા નામના અણગાર પૂર્ણભદ્ર ચૈત્યમાં વિરાજમાનછે. ધર્મકથા સાંભળવા માટે પર્ષદા નિકળી. ધર્મકથા સાંભળીને, પાછી ચાલી ગઈ. તે કાળ અને તે સમયમાં આર્ય સુધર્માસ્વામીના શિષ્ય, જેમનું શરીર સાત હાથનું છે અને જે ગૌતમ સ્વામીની જેમ મુનિવૃત્તિનું પાલન કરનાર તથા ધ્યાનરૂપ કોષ્ઠને પ્રાપ્ત થઈ રહ્યા છે; તે આર્ય જમ્બૂ નામના અણગાર વિરાજમાન હતા. ત્યાર પછી શ્રદ્ધાસમ્પન્ન આર્ય શ્રી જમ્બૂસ્વામી, શ્રી સુધર્માસ્વામીના ચરણોમાં ઉપસ્થિત થયા, પ્રદક્ષિણા કર્યા બાદ વંદન અને નમસ્કાર કરીને તેમની સેવા કરતા થકા આ પ્રમાણે બોલ્યા :-

[૨-૩] હે ભગવન્ ! મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ 'વિપાક સૂત્ર' નામક અગિયારમા અંગનો શું અર્થ ફરમાવ્યો છે ? હે જમ્બૂ ! વિપાકસૂત્ર નામક અગિયારમા અંગના બે શ્રુત સ્કંધો પ્રતિપાદિત કર્યા છે. જેમકે - દુઃખવિપાક અને સુખવિપાક. હે ભગવાન્ ! દુઃખ વિપાક નામક પ્રથમ શ્રુતસ્કંધમાં શ્રમણ ભગવાન્ મહાવીર કેટલા અધ્યયનો કહ્યા છે ? પ્રથમ શ્રુતસ્કંધના દશ અધ્યયનો પ્રતિપાદિત કર્યા છે. જેમકે મૃગાપુત્ર, ઉજ્ઝિતક, અભગ્ન, શકટ, બૃહસ્પતિ, નન્દી, ઉમ્બર, શૌરિદત્ત, દેવદત્તા અને અંજૂ.

[૪] હે ભગવાન્ ! યાવત્ પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ? હે જમ્બૂ ! તે કાળ અને તે સમયમાં મૃગાગ્રામ નામનું એક નગર હતું. ઈશાન ખૂણામાં સમ્પૂર્ણ ઋતુઓમાં થનાર ફળ-પુષ્પાદિથી યુક્ત 'ચંદનપાદપ' નામક એક રમણીય ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં સુધર્મ યક્ષનું યક્ષાયતન હતું. તે મૃગાગ્રામ નગરમાં વિજય નામક ક્ષત્રિય રાજા હતો. મૃગા નામની રાણી હતી, કે જે સર્વાંગસુકુમારી તથા રૂપ-લાવણ્યથી યુક્ત હતી. તેમને મૃગાદેવીનો આત્મજ મૃગાપુત્ર નામનો એક બાળક હતો. તે જન્મકાળથી જ આંધળો, મૂંગો, બહેરો, પંગુ, હુંડ અને વાતરોગી હતો. તેના હાથ, પગ, કાન, નેત્ર અને નાસિક પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન હતી. માત્ર તે અંગો પાંગોનો આકાર જ હતો અને તે આકાર પણ ઉચિત સ્વરૂપવાળો ન હતો. મૃગાદેવી ગુપ્ત ભૂમિગૃહમાં ગુપ્તરૂપથી આહારાદિ દ્વારા તે મૃગાપુત્ર બાળકનું પાલન-પોષણ કરતી રહી હતી.

[૫] તે મૃગાગ્રામ નામક નગરમાં એક જન્માન્ધ પુરુષ રહેતો હતો. આંખોવાળો એક પુરુષ તેની લાકડી પકડીને તેને ચલાવતો હતો. તેના માથાના વાળ અત્યન્ત વિખરાયેલા હતા, એવા તે જન્માન્ધ પુરુષ મૃગાગ્રામના પ્રત્યેક ઘરમાં ભિક્ષાવૃત્તિથી પોતાની આજીવિકા ચલાવી રહ્યા હતો. તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીર નગરની બહાર ચંદનપાદપ ઉદ્યાનમાં પધાર્યા. પર્ષદા નીકળી વિજય રાજા પણ મહારાજ કુણિકની જેમ ભગવાનના ચરણોમાં ઉપસ્થિત થઈને તેમની પર્યુપાસના કરવા લાગ્યો. નગરના કોલાહલમય વાતાવરણને જાણીને તે જન્માન્ધ પુરુષ, તે પુરુષને કહેવા લાગ્યો - હે દેવાનુપ્રિય ! શું આજે મૃગાગ્રામમાં ઈન્દ્ર આદિનો મહોત્સવ છે ? જેના કારણે જનતા નગરથી બહાર જઈ રહી છે ? તે પુરુષે કહ્યું - હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા છે, ત્યાં આ જનતા જઈ રહી છે. ત્યારે તે અન્ધ પુરુષે તે પુરુષને કહ્યુ-ચાલો, આપણે પણ જઈએ. જઈને ભગવાનની પર્યુપાસના કરીએ. ત્યાર પછી તે પુરુષ શ્રમણ ભગવાન્ મહાવીર બિરાજ માન હતા ત્યાં આવ્યો. આવીને તે જન્માન્ધ પુરુષે ભગવાન્‌ને પ્રદક્ષિણા કરીને વન્દના અને નમસ્કાર કર્યા. ત્યાર બાદ શ્રમણ ભગવાન્ મહાવીરે વિજયરાજાને અને પરિષદ્‌ને ધર્મોપદેશ આપ્યો. ભગવાન્‌ની કથાને સાંભળી રાજા વિજ્ય તથા પરિષદ્ ચાલી ગઈ.

[૬] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પ્રધાનશિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર પણ ત્યાં બિરાજમાન હતા. ભગવાન્ ગૌતમસ્વામીએ અંધ પુરુષને જોયો, જોઈને શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીને કહ્યું - હે ભદન્ત ! શું એવો કોઈ પુરૂષ પણ છે કે જે જન્માન્ધ તથા જન્માન્ધ રૂપ હોય ? ભગવાને ફર માવ્યું -હા, ગૌતમ ! છે. આ મૃગાગ્રામ નગરમાં વિજ્ય રાજાનો પુત્ર અને મૃગાદેવીનો આત્મજ મૃગાપુત્ર નામનો એક બાળક છે, જે જન્મકાળથી અન્ધ અને જન્માન્ધ રૂપ છે. તેના હાથ, પગ, આંખ આદિ અંગોપાંગ પણ નથી માત્ર તેઅંગોપાંગોનો એક આકારજ છે. હે ભગવાન્ ! આપની આજ્ઞાથી હું મૃગાપુત્રને જોવા ઈચ્છું છું. તેના ઉત્તરમાં ભગવાને કહ્યું - ગૌતમ ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો.

હવે શ્રમણ ભગવાન મહાવીર દ્વારા આજ્ઞા પ્રાપ્ત કરીને પ્રસન્ન થયેલા ગૌતમ સ્વામી ભગવાનની પાસેથી મૃગાપુત્રને જોવા માટે ચાલ્યા. ઈર્યાસમિતિનું યથાવિધિ પાલન કરતા થકા ભગવાન ગૌતમસ્વામીએ મૃગાદેવીનું ઘર હતું, તેઓ ત્યાં પહોંચી ગયા. ત્યાર બાદ મૃગાદેવીએ ગૌતમ સ્વામીને આવતા જોયા, જોઈને પ્રસન્ન થઈ અને નતમસ્તક થઈને તેમને આ પ્રમાણે કહ્યું - હે દેવાનુંપ્રિય ! આપના આગમનનું શું પ્રયોજન છે ? હે દેવાનુપ્રિય ! હું તમારા પુત્રને જોવા માટે આવ્યો છું. ત્યારે મૃગાદેવીએ મૃગાપુત્ર પછી ઉત્પન્ન થયેલા ચાર પુત્રોને વસ્ત્રાભૂષણાદિથી અલંકૃત કરીને ભગવાન્ ગૌતમના ચરણોમાં માથું નમા વીને કહ્યું - હે ભગવાન્ ! આ મારા પુત્રો છે, આપ જોઈ લો. આ સાંભળી ભગવાન્ ગૌતમે મૃગાદેવીને કહ્યું - દેવાનુપ્રિયે ! પરન્તુ તમારા જ્યેષ્ઠ પુત્ર મૃગાપુત્રને, જે જન્માન્ધ અને જન્માન્ધરૂપ છે, તથા જેને તમે એકાન્ત ભૂમિગૃહમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખ્યો છે, તેમજ જેનું તમે ગુપ્ત રીતે સાવધાનીપૂર્વક ખાનપાનાદિ દ્વારા પાલણ-પોષણ કરી રહ્યા છો, તેને જોવા માટે હું અહીં આવ્યો છું. આ સાંભળી મૃગા દેવીએ ગૌતમને કહ્યું- ભગવાન ! તે એવા જ્ઞાની અને તપસ્વી કોણ છે, જેમણે મારી આ રહસ્ય પૂર્ણ વાર્તા આપને કહી ? હે ભદ્રે ! આ બાળકનો વૃત્તાન્ત મારા ધર્માચાર્ય શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીએ મને કહ્યો હતો, તેથી હું જાણું છું.

જે સમયે મૃગાદેવી ભગવાન્ ગૌતમની સાથે વાતચીત કરી રહી હતી, તે જ સમયે મૃગાપુત્ર બાળકના ભોજનનો સમય થઇ ગયો હતો. ત્યારે મૃગાદેવીએ ભગવાન ગૌતમ સ્વામીને કહ્યું - ભગવાન્ ! આપ અહીં ઉભા રહો, હું મૃગાપુત્ર બાળકને બતાવું છું. એટલું કહીને જે જગ્યાએ ભોજનાલય હતું, ત્યાં આવે છે, આવીને પ્રથમ વસ્ત્રપરિવર્તન કરે છે તથા તેમાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ અધિક પ્રમાણમાં ભરે છે, ત્યાર પછી તે લાકડાની ગાડીને ખેંચતી ખેંચતી જ્યાં ભગવાન્ ગૌતમ સ્વામી હતા, ત્યાં આવે છે, આવીને તેણેએ ભગવાન્ ગૌતમસ્વામીને કહ્યું - ભગવાન્ આપ મારી પાછળ આવો, હું મૃગાપુત્ર બાળકને બતાવું છું.

ત્યાર બાદ તે મૃગાદેવી લાકડાની ગાડીને ખેંચતી ખેંચતી જ્યાં ભૂમિગૃહ હતું, ત્યાં આવી. આવીને ચાર પુટવાળા વસ્ત્રથી પોતાના મુખને બાંધતી ભગ વાન્ ગૌતમને કહેવા લાગી - ભગવાન્ ! આપ પણ મુખના વસ્ત્રથી આપના મુખને બાંધી લો, ગૌતમે મુખના વસ્ત્રથી પોતાના મુખને બાંધી લીધું. ત્યારબાદ મૃગાદેવીએ પાછળ મોઢું કરીને જ્યારે તે ભૂમિગૃહનું દ્વાર ખોલ્યું ત્યારે તેમાંથી દુર્ગન્ધ આવવા લાગી. તે દુર્ગંધમૃત સર્પ આદિ પ્રાણિઓની દુર્ગન્ધ સમાન જ નહીં પરન્તુ તેથી પણ વધારે ખરાબ હતી. ત્યાર પછી તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમના ગન્ધથી આક ર્ષએલા તથા તેમાં મૂર્ચ્છિત થયેલા તે મૃગાપુત્રે તે આહાર કર્યો અને જઠરાગ્નિથી પચાવેલો તે આહાર તરત જ પરુ અને રુધિરના રૂપમાં પરિણત થઇ ગયો અને સાથે જ મૃગાપુત્ર બાળકે પરૂઆદિમાં પરિવર્તિત તે આહારની ઊલટી કરી અને તત્કાળ તે તે વમેલા પરુ અને રુધિરને પણ તે ચાટવા લાગ્યો. તે મૃગાપુત્ર બાળકને જોઇને ભગવાન્ ગૌતમના ચિત્તમાં અનેક પ્રકારના સંકલ્પ, વિચાર અને કલ્પનાઓ ઉત્પન્ન થવા લાગી. તેમણે વિચાર્યું કે આ બાળક પૂર્વ જન્મોના દુશ્ચીર્ણ દુષ્પ્રતિક્રાન્ત અને અશુભ કર્મોના પાપ રૂપ ફળનો ભોગવી રહ્યો છે. નરક તથા નારકી મેં જોયા નથી, પણ આ બાળક નરક સમાન વેદનાઓનો અનુભવ કરતો થકો પ્રત્યક્ષ જણાય છે. આમ વિચાર કરી ભગવાન્ ગૌતમે તેના ઘરેથી પ્રસ્થાન કર્યું. શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીની જમણી બાજુથી પ્રદક્ષિણા કરીને તેમને વન્દના તથા નમસ્કાર કર્યા, કહ્યું :- ભગવાન્ ! આપશ્રીની આજ્ઞા પ્રાપ્ત કરી હું મૃગાપુત્ર ને જોવા ગયા યાવત્ પરુ, શોણિતનો આહાર કરતા થકા મૃગા પુત્રની દશાને જોઇને જોઇને મારા ચિત્તમાં આ વિચાર ઉત્પન્ન થયો કે - અહો હો ! આ બાળક મહાપાપ રૂપ કર્મોના ફળને ભોગવતો કેટલુંનિકૃષ્ટ જીવન વિતાવી રહ્યોછે.ભદન્ત!તે બાળક પૂર્વ ભવમાં કોણ હતો ? ઈત્યાદિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને કહ્યું - ગૌતમ ! તે કાળ અને તે સમયમાં આ જમ્બૂદ્વીપ નામના દ્વીપમાં ભારતનાવર્ષમાં શતદ્વાર નામનું એક સમૃદ્ધિશાળી નગર હતું. ત્યાંના લોકો ઘણી નિર્ભયતાથી જીવન વિતાવી રહ્યા હતા. આનન્દનો ત્યાં સર્વતોમુખી પ્રસાર હતો. તે નગરમાં ધનપતિ નામનો એક રાજા રાજ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતો હતો. તે નગરથી કાંઈક દૂર દક્ષિણ અને પૂર્વ દિશાની વચ્ચે વિજયવર્ધમાન નામનું એક ખેટ હતું તે ઋદ્ધિ સમૃદ્ધિ આદિથી પરિપૂર્ણ હતું. તે વિજય વર્ધમાન ખેટની અધીન તામાં પાંચસો ગામો હતાં. તેમાં 'એકાદિ' નામનો એક રાષ્ટ્રકૂટ-પ્રતિનિધિ - હતો, કે જે મહાઅધર્મી અને દુષ્પ્રત્યાનન્દી -પરમ અસન્તોષી, સાધુજન નવિદ્વેષી અથવા દુષ્કૃત કરવામાંજ સદા આનન્દ માનવા વાળો હતો. તે એકાદિ વિજયવર્ધમાન ખેટના પાંચસો ગામોનું આધિપત્ય, શાસન અને પાલન કરતો થકો જીવન વ્યતીત કરી રહ્યો હતો.

ત્યાર પછી તે એકાદિ નામનો રાષ્ટ્રકૂટ વિજયવર્ધમાન ખેટના પાંચસો ગામોને, કરમહેસૂલોથી, કર-સમૂહોથી, ખેડૂત આદિનો આપેલા ધાન્ય આદિના દ્વિગુણ આદિને ગ્રહણ કરવાથી, અધિક વ્યાજથી, લાંચથી તિરસ્કાર કરીને, હત્યા આદિનો અપરાધ લગાવી ગ્રામજનો પાસેથી ધન લેવાથી, ધન માટે કોઈને યન્ત્રણા આપવાથી, ચોરો આ-દિના પોષણથી, ગામ આદિને બાળવાથી અને પથિકોનો ઘાત કરવાથી, લોકોને પોતા ના આચારથી ભ્રષ્ટ કરતો તથા જનતાને દુઃખિત, તિરસ્કૃત, તાડિત અને નિર્ધન કરતો જીવન વ્યતીત કરી રહ્યો હતો. ત્યાર પછી રાષ્ટ્રકૂટ એકાદિ વિજયવર્ધમાન ખેટના અનેક રાજા, માંડલિક, ઈશ્વર, યુવરાજ, તલવર, રાજાના કૃપાપાત્ર અથવા જેઓએ રાજા તરફથી ઉચ્ચ આસન પ્રાપ્ત કર્યું હોય એવા નાગરિક લોકો તથા માંડલિક - મંડલના અધિપતિઓ, કૌટુમ્બિક-કુટુમ્બોના સ્વામી, શ્રેષ્ઠી અને સાર્થવાહ - સાર્થ નાયક તથા અન્ય અનેક ગ્રામીણ પુરુષોના કાર્યોમાં, કાર ણોમાં, ગુપ્ત મંત્રણાઓ, નિશ્ચયો અને વિવાહ સમ્બન્ધી નિર્ણયો અથવા વ્યાવહારિક વાતોમાં સાંભળતો થકો પણ એમ કહે છે કે મેં સાંભળ્યું નથી, જોયું નથી, હું બોલ્યો નથી, મેં ગ્રહણ કર્યું નથી અને મેં જાણ્યું નથી અને તેથી વિપરીત નહિ જોયેલો, નહિ બોલેલા, નહિ ગ્રહણ કરેલા અને નહિ જાણેલા વિષયોના સમ્બન્ધમાં કહે છે કે - મેં જોયુ છે ઈત્યાદિ આ પ્રકારના વચનામય વ્યવહારને તેણે પોતાનું કર્તવ્ય સમજી લીધું હતું. માયાચાર કરવો તે જ તેના જીવનનું પ્રધાન કાર્ય હતું અને પ્રજાને વ્યાકુળ કરવી તે જ તેનું વિજ્ઞાન હતું. તદુપરાન્ત તેના મતમાં મનનું ધાર્યું કરવું એજ એક સર્વોત્તમ આચરણ હતું. તે એકાદિ રાષ્ટ્રકૂટ કલુષ-દુઃખના હેતુભૂત અત્યન્ત મલીન પાપકર્મોનું, ઉપાર્જ ન કરતો થકો જીવન વ્યતીત કરી રહ્યો હતો. ત્યાર પછી કોઈ વખતે તેના શરીરમાં એક સાથે સોળ પ્રકારનાં રોગાતંક -

[૮] શ્વાસ, કાસ, જવર, દાહ, કુક્ષિશૂળ, ભગન્દર, અર્શ, અજીર્ણ, દ્દષ્ટિશૂળ, મસ્તકશૂળ, અરુચિ, અક્ષિવેદના, કર્ણવેદના, કુંડ-ખુજલી ઉદરરોગ અને કુષ્ઠોરોગ.

[૯] તે એકાદિ રાષ્ટ્રકૂટ સોળ રોગાતંકોથી અત્યન્ત દુઃખી થઈ કૌટુમ્બિક પુરુષો - સેવેકોને બોલાવે છે, બોલાવીને તેને એમ કહે છે કે - હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિજયવર્ધમાન ખેટના શ્રૃંગાટક આદિ માર્ગો પર જઈને ઘણા ઉંચા - સ્વરથી આ રીતે ઘોષણા કરો કે - હે મહાનુભાવો ! એકાદિ રાષ્ટ્રકૂટના શરીરમાં ૧૬ ભયં કર રોગો ઉત્પન્ન થયા છે, જો કોઈ વૈદ્ય, વૈદ્યપુત્ર, જ્ઞાયક અથવા જ્ઞાયકપુત્ર, ચિકિત્સક યા ચિકિત્સકપુત્ર કોઇ એક રોગાતંકને પણ ઉપશાન્ત કરશે તેને એકાદિ રાષ્ટ્રકૂટ ઘણું ધન આપશે.

ત્યાર પછી વિજયવર્ધમાન ખેટમાં આવા પ્રકારની ઉદ્દઘોષણા સાંભળીને અનેક વૈદ્ય આદિ. હાથમાં શસ્ત્રોની પેટીઓ લઈને પોતપોતાના ઘરોમાંથી નીકળી પડે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકાદિ રાષ્ટ્રકૂટના શરીરનો સ્પર્શ કરે છે. શરીર સમ્બન્ધી ચર્ચા કર્યા પછી રોગોનું નિદાન પૂછે છે. પછી તે ૧૬ રોગાતંકોમાંથી કોઈ એક જ રોગાતંકને ઉપશાન્ત કરવા માટે અનેક અભ્યં ગનો, ઉદ્વર્તનો, સ્નેહપાનો, વમનો, વિરેચનો, સેચનો અથવા સ્વેદન, અવદાહન, અવસ્નાન, અનુવાસન, વસ્તિકર્મ, નિરૂહ, શિરાવેધ, તક્ષણ, પ્રતક્ષણ, શિરો બસ્તિ, તર્પણ તથા પુટપાક, ત્વચા, મૂળ, કંદ, પત્ર, પુષ્પ, ફળ અને બીજ તેમજ કરીઆતું આદિના ઉપયોગથી તથા ગુટિકા, ઔષધ, ભેષજ આદિના પ્રયોગથી પ્રયત્ન કરે, પરન્તુ એક રોગને પણ ઉપશાન્ત કરવામાં સમર્થ ન થઈ શક્યા. ત્યાર તે વૈદ્ય વૈદ્યપુત્રાદિ શ્રાન્ત, ખિન્ન અને હતાશ થઈને જ્યાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા.

ત્યાર બાદ તે એકાદિ રાષ્ટ્રકૂટ વૈદ્યો આદિ દ્વારા પ્રત્યાખ્યાત તથા સેવકોથી પરિ ત્યક્ત થવા પર ઔષધ અને ભેષજથી ઉદાસીન થઈ ગયો. સોળ રોગાતંકોથી ઘેરાયેલો રાજ્ય અને રાષ્ટ્રનું આસ્વાદન, પ્રાર્થના, ઈચ્છા અને અભિલાષા કરતો તે એકાદિ મનોવ્ય થાથી વ્યથિત, શારીરિક પીડાથી પીડિત અને ઈન્દ્રિયોને વશ હોવાથી પરતંત્ર- થઈને ૨૫૦ વર્ષના પૂર્ણ આયુષ્યને ભોગવીને કાળ કરીને આ રત્નપ્રભા નરકમાં ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિવાળા નરકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો. ત્યાર બાદ તે એકાદિનો જીવ ભવસ્થિતિ પૂરી થવા પર નરકમાંથી નિક ળતાં જ આ પુત્રરૂપે ઉત્પન્ન થયો. ત્યાર બાદ તે મૃગાદેવીના શરીરમાં ઉજ્જવલ યાવત્ ઉત્કટ અને જાજ્વલ્યમાન વેદના ઉત્પન્ન થઈ. તીવ્રતર વેદનાનો પ્રાદુર્ભાવ થયો. જ્યારથી મૃગાપુત્ર નામાનો બાળક મૃગાદેવીના ઉદરમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયો ત્યારથી લઈને તે મૃગાદેવી વિજય ક્ષત્રિયને અનિષ્ટ, અમ નોહર, અપ્રિય, અસુન્દર, મનને ન ગમે તેવી લાગવા લાગી. તત્પશ્ચાત્ કોઈ સમયે મધ્ય રાત્રિમાં કુટુમ્બ-ચિન્તાથી જાગતી તે મૃગા દેવીના હૃદયમાં આવો સંકલ્પ ઉત્પન્ન થયો કે હું પહેલાં તો વિજય નરેશને પ્રિય,ચિન્ત નીય, વિશ્વાસપાત્ર અને સન્માનનીય હતી પરન્તુ જ્યારથી મારા ઉદરમાં આ ગર્ભસ્થ જીવ ગર્ભ રૂપે આવ્યો છે ત્યારથી વિજય નરેશને હું અનિષ્ટ યાવત્ અપ્રિય લાગવા લાગી છું. અત્યારે તો વિજય નરેશ મારા નામ તથા ગોત્રનું પણ સ્મરણ કરવા ઈચ્છતા નથી, તો પછી દર્શન અને ભોગવિલાસની તો આશા જ શું છે ? તેથી મારા માટે એ જ ઉપયુક્ત અને કલ્યાણકારી છે કે હું આ ગર્ભને અનેક પ્રકારની શાતના, યાતના, ગાલના અને મારણ દ્વારા પાડી દઉં. વિચાર કરીને ગર્ભ-પાતમાં કારણ ભૂત ખારી, કડવી અને કસાયેલી ઔષધિઓનું ભક્ષણ તથા પાન કરતી થકી તે ગર્ભને પાડી દેવા ઈચ્છે છે, પરન્તુ તે ગર્ભ ઉક્ત ઉપાયોથી પણ નષ્ટ ન થયો. જ્યારે તે મૃગાવતી દેવી આ પૂર્વોક્ત ઉપાયોથી તે ગર્ભને નષ્ટ ન કરી શકી ત્યારે શરીરથી શ્રાન્ત, મનથી ખિન્ન થતી ઈચ્છા ન હોવા છતાં વિવશતાને કારણે અત્યન્ત દુઃખ સાથે તે ગર્ભને ધારણ કરવા લાગી. ગર્ભમાં રહેલા તે બાળકના શરીરમાં અન્દર તથા બહાર વહેનારી આઠ નાડીઓમાંથી પરૂ અને લોહી વહેતું હતું. આ સોળ નાડીઓમાંથી બબ્બે નાડીઓ કાનના છિદ્રોમાં, એ રીતે બબ્બે નેત્ર વિવરોમાં બબ્બે નાસિક વિવરો અને બબ્બે ધમની ઓ પર વારંવાર પરૂ અને લોહીનો સ્રાવ કર્યા કરતી હતી. ગર્ભમાંજ તે બાળકના શરીરમાં અગ્નિક-ભસ્મક નામનો રોગ ઉત્પન્ન થઈ ગયો હતો, જેના કારણે તે બાળક જે કાંઈ ખાતો તે તરત જ નષ્ટ થઈ જતું હતું. તે ખાધેલો આહાર તરત જ પરૂ અને લોહીના રૂપમાં પરિણત થઈ જતું હતું. ત્યારબાદ તે પરુ અને લોહીને પણ ખાઈ જતો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર બાદ લગભગ નવ માસ પૂર્ણ થવા પર મૃગાદેવીએ જન્માન્ધ યાવત્ અવયવોના આકારમાત્ર રાખનાર બાળકને જન્મ આપ્યો.

હુંડ તથા આંધળા તે બાળકને જોઈને ભયભીત, ત્રસ્ત, વ્યાકુળ તથા ભયથી કાંપતી મૃગાદેવીએ ધાયમાતાને બોલાવીને કહ્યું કે - દેવાનુપ્રિયે ! તમે જોઓ, આ બાળકને લઈ જઈને એકાન્તમાં કોઈ કૂડા-કચરાના ઢગલા પર ફેંકી આવો. ત્યારબાદ તે ધાયમાતા મૃગાદેવીના આ કથનને 'તથાસ્તુ' - ઘણું સારું, કહીને સ્વીકૃત કરતી જ્યાં વિજય નરેશ હતા ત્યાં આવી અને હાથ જોડીને સર્વ વૃત્તાંત કહ્યો તે ધાયમાતા પાસેથી આ સમ્પૂર્ણ વૃત્તાન્ત સાંભળીને વ્યાકુળ થયેલો વિજય નરેશ જ્યાં બેઠો હતો ત્યાંથી ઊઠયો અને મૃગાદેવી પાસે આવ્યો, આવીને તેને આ પ્રમાણે કહ્યું - હે ભદ્રે ! આ તમારો પ્રથમ ગર્ભ છે, જો તમે તેને કોઈ એકાન્ત સ્થાનમાં - અર્થાત્ - કૂડા-કચરાના ઢગલા (ઉકરડા) પર ફેકાવી દેશો તો તમારી પ્રજા સ્થિર નહીં રહે. તેથી ફેંકવાને બદલે તમે આ બાળકને ભોંયરામાં રાખીને છૂપી રીતે ભક્તપાનાદિ દ્વારા પાલનપોષણ કરો. એમ કરવાથી તમારી ભાવી પ્રજા ચિરસ્થાયી રહેશે. ત્યારબાદ મૃગાદેવીએ વિજય નરેશના આ કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો - હે ગૌતમ ! આ રીતે મૃગાપુત્ર પોતે કરેલા પૂર્વના પાપકર્મોનું પ્રત્યક્ષ ફળ ભોગવતો સમય વિતાવી રહ્યો છે.

[૧૦]- હે ભગવાન્ ! તે બાળક અહીંથી કાળ કરીને કયાં જશે અને કયાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! આ મૃગાપુત્ર બત્રીસ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને કાળમાસમાં કાળ કરીને આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્દર ભારત વર્ષના વૈતાઢ્ય પર્વતની તળેટીમાં સિંહરૂપે સિંહકુળમાં જન્મ લેશે તે ત્યાં મહાઅધર્મી અને સાહસિક બનીને વધારેમાં વધારે પાપકર્મોનું ઉપાર્જન કરશે, પછી તે કાળ કરીને આ રત્નપ્રભા નામક એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પહેલા નરકમાં ઉત્પન્ન થશે. પછી તે ત્યાંથી નીકળીને સીધો સરીસૂપોમાં ઉત્પન્ન થશે. ત્યાંથી કાળ કરીને ત્રણ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળી બીજી નરકભૂમિમાં ઉત્પન્ન થશે.ત્યાંથી પક્ષી યોનિમાં ઉત્પન્ન થશે. ત્યાં કાળ કરીને સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાલી ત્રીજી નરકભૂમિમાં ત્યાંથી નીકળીને સિંહની યોનિમાં પછી કાળ કરીને ચોથી નરકભૂમિમાં ત્યાંથી નીકળીને સર્પ ત્યાંથી પાંચમી નરકભૂમિમાં ત્યાંથી નીકળીને સ્રી થશે કાળ કરીને છઠ્ઠી નરકભૂમિમાં ત્યાંથી નીકળીને મનુષ્ય બનશે અને કાળ કરીને સાતમી નરકભૂમિમાં ત્યાંથી નીકળીને જલચર પંચેન્દ્રિય તિર્યંચોમાં મત્સ્ય, કાચબો, ગ્રાહ, મગર અને સુંસુમાર આદિ જલચર પંચેન્દ્રિય જાતિના જે કુલકોટિઓની સંખ્યા સાડાબાર લાખ છે, તેના એક એક યોનિભેદમાં લાખો વાર જન્મ મરણ કરતો એમાં જ વારંવાર ઉત્પન્ન થશે, તત્પશ્ચાત્ ત્યાંથી નીકળીને ચતુષ્પદોમાં - ઉરઃપરિસર્પ, ભુજ પરિસર્પ - તથા ખેચર જીવોમાં તેમ જ ચતુરિન્દ્રિય, ત્રીન્દ્રિય અને દ્વીન્દ્રિય પ્રાણીઓ તથા વનસ્પતિમાં રહેલો કડવા વૃક્ષો અને કડવા દૂધવાળા વૃક્ષોમાં વાયુ, તેજ, જલ અને પૃથ્વીકાયમાં લાખો વાર ઉત્પન્ન થશે. ત્યાર બાદ ત્યાંથી નીકળીને તે સુપ્રતિષ્ઠપુર નામના નગરમાં બળદ રૂપે ઉત્પન્ન થશે.

જ્યારે તે બાળકપણાને છોડીને યુવાવસ્થામાં આવશે ત્યારે ગંગા નામની મહાનદીના કિનારાની માટીને ખોદતાં નદીનો કિનારો પડી જવાથી પીડિત થતો મૃત્યુનો પ્રાપ્ત થશે, મૃત્યુને પ્રાપ્ત થયા પછી તે ત્યાંજ સુપ્રતિષ્ઠપુર નામના નગરમાં કોઈ શેઠને ઘરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં બાળપણને છોડીને યુવાવસ્થાને પ્રાપ્ત કર્યા બાદ તે કોઇ સ્થવિર સાધુઓની પાસે ધર્મ સાંભળશે, સાંભળીને મનન કરશે, ત્યાર પછી મુંડિત થઇને અગારવૃત્તિનો ત્યાગ કરી અણગાર ધર્મને પ્રાપ્ત કરશે. તે અણગાર ઈર્યા સમિતિ યુક્ત યાવત્ બ્રહ્મચારી થશે. ત્યાં ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને આલોચના અને પ્રતિક્રમણથી આત્મશુદ્ધિ કરતો સમાધિભાવને પ્રાપ્ત કરીને કાળ કરીને સૌધર્મ નામક પ્રથમ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાર પછી દેવભવની સ્થિતિ પૂર્ણ થઇ જવા પર ત્યાંથી આવીને મહાવિદેહ ક્ષેત્રમાં સમ્પન્ન કાળમાં ઉત્પન્ન થશે. ત્યાં તેનો કલાભ્યાસ, પ્રવ્રજ્યાગ્રહણ યાવત્ મોક્ષગમન ઈત્યાદિ બધો વૃત્તાન્ત 'દૃઢ પ્રતિજ્ઞ'ની જેમ જાણી લેવો.

**અધ્યયન : ૧ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન : ૨ - ઉજ્ઝિતક

[૧૧] ભગવન્ ! વિપાકશ્રુતના દ્વિતીય અધ્યયનનો મોક્ષસંપ્રાપ્ત શ્રમણ ભગવાન્ મહાવીરે શું અર્થ કહ્યો છે ? હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં વાણિજગ્રામ નગર હતું. તે નગરમાં ઈશાન ખૂણામાં દુતિપલાશ ચૈત્ય હતું. તે ઉદ્યાનમાં 'સુધર્મ' નામના યક્ષનું એક યક્ષાયતન હતું. મિત્ર રાજા અને તેની શ્રી નામની રાણી હતી. તથા તે નગરમાં અન્યૂન પંચેન્દ્રિય શરીરયુક્ત યાવત્ રૂપવતી, ૭૨ કળાઓમાં પ્રવીણ, ગણિ કાના ૬૪ ગુણોથી યુક્ત, ૨૯ પ્રકારના વિષયોના ગુણોમાં રમણ કરનારી, ૩૧ પ્રકારના રતિ ગુણોમાં પ્રધાન ૩૨ પ્રકારના પુરુષ સમ્બન્ધી ઉપચારોમાં નિપુણ કામધ્વજા નામની વેશ્યા હતી. તેના પ્રસુપ્ત નવ અંગો જાગૃત હતા. તે ૧૮ દેશી ભાષાઓમાં વિશારદ હતી. તે સુન્દર વેષભૂષા અને શ્રૃંગાર રસનું ઘર બનેલી હતી, તેમ જ ગતિ, રતિ અને ગાન્ધર્વ, નાટય તથા નૃત્ય કળામાં પ્રવીણ, સુન્દર ગમન કરનારી, કુચાદિત સૌન્દર્યથી સુશોભિત, ગતિ, નૃત્ય આદિ કળાઓથી હજાર મુદ્રા પરિમિત શુલ્ક કમાનારી, જેના વિલાસ-ભવન ઉપર ઊંચી ધ્વજા લહેરાઇ રહી હતી, તેને રાજા તરફથી છત્ર, ચામર અને બાલવ્યજન મળ્યા હતા અને જે કર્ણીરથમાં ગમનાગમન કર્યા કરતી હતી, તે કામધ્વજા નામની ગણિકા હજારો ગણિકાઓ પર આધિપત્ય કરી ત્યાં રહી હતી.

[૧૨] તે વાણિજગ્રામ નગરમાં વિજય મિત્ર નામનો એક ધનવાન્ સાર્થવાહ નિવાસ કરતો હતો.તે વિજય મિત્રને સર્વાંગ સંપન્ન સુભદ્રાનામની પત્ની હતી.તે વિજય મિત્રનો પુત્ર અને સુભદ્રાનો આત્મજ ઉજ્ઝિતક નામનો એક સર્વાંગ સંપન્ન અને રૂપવાન બાળક હતો. તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી વાણિજ ગ્રામ નગરમાં પધાર્યા. પર્ષદા નીકળી અને ત્યાંનો રાજા પણ કોણિક નરેશની માફક ચાલ્યો. ભગવાને બધાને ધર્મનો ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને જનતા અને રાજા બન્ને પાછા ચાલ્યા ગયા. તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પ્રધાન શિષ્ય ઈન્દ્રભૂતિ નામના અણગાર ભિક્ષા માટે વાણિજગ્રામનગરમાં ગયા. ઊંચ નીચ બધા ઘરોમાં ભિક્ષા માટે ભ્રમણ કરતા રાજમાર્ગ પર પધાર્યા. ત્યાં રાજમાર્ગ પર તેમણે અનેક હાથીઓ જોયો કે જે યુદ્ધને માટે તૈયાર હતા. તે હાથીઓને કવચ પહેરાવ્યો હતા અને તે શરીર રક્ષક, ઉપકરણ, ઝૂલ આદિથી યુક્ત હતા, તેઓના પેટ દૃઢ બંધનથી બાંધેલા હતા. તેમના ઝૂલાની બન્ને બાજુ મોટા મોટા ઘંટા લટકી રહ્યા હતા, તેમજ તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મણિઓ અને રત્નોથી જડેલા, ગ્રૈવેયક પહેરેલા હતા તથા અન્ય કવચાદિ સામગ્રીથી યુક્ત હતા. તે ધ્વજા, પતાકા તથા પંચવિધ શિરોભૂષણોથી વિભૂ ષિત હતા તેમ જ તેઓના પર આયુધ અને પ્રહરણાદિ ધારણ કરનાર મહાવત સવાર થઈ રહ્યા હતા.

શ્રી ગૌતમ સ્વામીએ ત્યા અનેક અશ્વોને પણ જોયા, તે યુદ્ધને માટે તૈયાર હતા તથા તેમને કવચ પહેરાવેલો હતા. તેઓના શરીર પર ઝૂલ પડેલી હતી, મુખમાં લગામ દીધેલી હતી અને તે ક્રોધથી હોઠોને ચાવી રહ્યા હતા અને ચામર તથા સ્થાસકથી તેમનો કટિ ભાગ વિભૂષિત થઈ રહ્યો હતો. તેના પર બેઠેલો ઘોડે સવારો આયુધ અને પ્રહરણાદિથી યુક્ત હતા. આ રીતે ગૌતમએ ત્યાં ઘણાં પુરુષોને પણ જોયા જેઓએ દઢ બંધનોથી બાંધેલા અને લોહમય કસૂલકાદિથી યુક્ત કવચો શરીર પર ધારણ કરેલા હતા. તેમની ભુજામાં શરાસન પટ્ટી બાંધેલી હતી. ગળામાં આભૂષણ ધારણ કરેલા હતા અને તેમના શરીર પર વિશિષ્ટ પ્રકારની નિશાની વાળી પટ્ટી લાગેલી હતી તથા આયુધ અને પ્રહરણાદિ ધારણ કરેલા હતા. તે પુરુષોની વચ્ચે ભગવાન્ ગૌતમે એક બીજા માણસને જોયો, જેના ગળા અને હાથોને વાળીને પૃષ્ઠ ભાગ સાથે બન્ને હાથોને દોરડાથી બાંધવામાં આવ્યા હતા, તેના કાન અને નાક કાપેલા હતા. તેનું શરીર ઘીથી ચીકણું કરવામાં આવ્યું હતું, તથા તે વધ્ય- પુરુષના પહેરવાના બે વસ્ત્રોથી યુક્ત હતો. તેના ગળામાં કંઠસૂત્રની સમાન લાલ પુષ્પોની માળા હતી અને તેનું શરીર ગેરુના ચૂર્ણથી પોતેલું હતું. જે ભયથી ત્રાસ પામેલો તથા પ્રાણ ધારણ કરી રાખવાનો ઈચ્છુક હતો, તેના શરીરને તલ તલ જેટલા ટુકડા કરીને કાપી રહ્યા હતા અને શરીરના નાના નાના માંસના ટુકડા કાગડા આદિ પક્ષીઓના લક્ષ્ય થઈ રહ્યો હતા. એવો તે પાપી પુરુષ સેંકડો પત્થરો તથા ચાબૂકોથી મરાઈ રહ્યો હતો અને અનેક સ્ત્રી પુરુષોથી ઘેરાયેલો, પ્રત્યેક ચોરા આદિ - પર તેની ઉદ્ઘોષણા કરવામાં આવતી હતી. હે મહાનુભાવો ! "ઉજ્ઝિતક બાળક પ્રત્યે કોઈ રાજા કે રાજપુત્રો કોઈ અપરાધ નથી કર્યો પરંતુ આ તેના પોતાના જ કર્મોનો દોષ છે, જેના કારણે આ ખરાબ અવસ્થાને પ્રાપ્ત થઈ રહ્યો છે."

[૧૩] ત્યારબાદ તે પુરુષને જોઈને ભગવાન્ ગૌતમના મનમાં એવો વિચાર, કલ્પના કે સંકલ્પ ઉત્પન્ન થયો કે અહો ! આ પુરુષ કેવી નરક-સમાન વેદનાનો અનુભવ કરી રહ્યો છે ! તત્પશ્ચાત્ વાણિજગ્રામ નગરમાં ઊંચ, નીચ અને મધ્યમ કોટિના ઘરોમાં ભિક્ષા લઈને ભગવાન્ મહાવીર સ્વામીની પાસે આવ્યા અને તેમને લાવેલી ભિક્ષા બતાવી, ત્યાર બાદ ભગવાનને વન્દના, નમસ્કાર કરીને સર્વ વાત કહી. ભદન્ત ! તે પુરૂષ પૂર્વભવમાં કોણ હતો ? - ગૌતમ ! તે પુરુષના પૂર્વભવનો વૃત્તાન્ત આ પ્રમાણે છે- તે કાળ અને તે સમયમાં આ જંબુદ્વીપ નામાના દ્વીપમાં ભારત વર્ષમાં હસ્તિનાપુર નામનું એક સમૃદ્ધિશાળી નગર હતું. તે નગરમાં સુનન્દ નામનો રાજા હતો. તે મહાહિમવન્ત પર્વત સમાન પુરુષોમાં મહાન્ હતો. તે હસ્તિ નાપુર નગરના લગભગ મધ્ય પ્રદેશમાં સેંકડો સ્તમ્ભોથી બનાવે પ્રાસાદિક,દર્શનીય,અભિરૂપ,અને પ્રતિરૂપએકમહાન ગોમંડપ હતો. ત્યાં નગરમાં સનાથ અને અનાથ પશુ સુખપૂર્વક રહેતા હતા. તેમને ત્યાં ઘાસ પાણી પર્યાપ્ત હતા તે ભય અને ઉપસર્ગ આદિથી રહિત થઈને ઘૂમતા. તે હસ્તિનાપુર નગરમાં મહાન અધર્મી યાવત્ મહામહેનતે પ્રસન્ન થનાર ભીમ નામનો એક કૂટગ્રાહ રહેતો હતો. તેની ઉત્પલા નામની સ્ત્રી હતી, કે જે સમ્પૂર્ણ પંચેન્દ્રિય યુક્ત શરીરવાળી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૪] કો'ક વખતે ઉત્પલા ગર્ભવતી થઇ. લગભગ ત્રણ માસ પછી તેને આ પ્રકારનો દોહદ ઉત્પન્ન થયો - ધન્ય છે તે માતાઓ યાવત્ તેઓએ જ પોતાનું જન્મ તથા જીવનને સારી રીતે સફળ કર્યુ છે જે અનેક અથવા યા સનાથ નાગરિક પશુઓ યાવત્ બળદોનો ઉધસ્, સ્તન્, વૃષણ, અંડકોશ, પુંછ, કકુદ, સ્કંધ, કર્ણ, નેત્ર, નાસિકા, જીભ, હોઠ તથા ગોદડીને કાપીને અને શૂલમાં લઇ અગ્નિમાં પકા વેલ, તળેલા, ભૂંજેલા, સૂકા યેલા અને લવણ સંસ્કૃત માંસની સાથે સુરા, મધુ, મેરક, સીધુ અને પ્રસન્ના આ મદ્યોનું સામાન્ય અને વિશેષ રૂપથી આસ્વા દન, વિસ્વાદન, પરિભાજન તથા પરિભોગ કરતી પોતાના દોહદને પૂર્ણ કરે છે. હું પણ એ રીતે મારા દોહદને પૂર્ણ કરું ! આ વિચાર પછી તે દોહદ પૂર્ણ ન થવાથી તે ઉત્પલા નામની કૂટગ્રાહની સ્ત્રી સુકાઇ ગઇ, ભૂખી થઇ, માંસ રહિત એટલે કે હાડપિંજર જેવી થઇ ગઇ, શરીર શિથિલ થઇ ગયું, કાન્તિ રહિત થઇ ગઇ. દીન તથા ચિન્તાતુર મુખવાળી થઇ ગઇ. મોઢું પીળું પડી ગયું, આંખ અને મોઢું મુરજાઇ ગયા. યથોચિત ઉપભોગ ન કરતી, હાથથી ચોળેલી પુષ્પ માળાની જેમ મ્લાન થયેલી, ઉત્સાહરહિત યાવત્ આર્ત્તધ્યાનગ્રસ્ત થઇને ચિન્તાતુર રહેવા લાગી. કોઇ વખતે ભીમ નામનો કૂટગ્રાહ જ્યાં ઉત્પલા કૂટગ્રાહિણી હતી ત્યાં આવ્યો અને આવીને તેને યાવત્ ચિન્તાગ્રસ્ત ઉત્પલાને જોઇ ત્યારે તે કહેવા લાગ્યો કે - હે ભદ્રે ! તમે આ રીતે શુષ્ક, નિર્માંસ યાવત્ હતોત્સાહ થઇને કેમ ચિન્તામાં ડૂબેલા છો ? ત્યાર બાદ ઉત્પલા પત્નીએ તેને દોહદની વાત કરી. ત્યારે કૂટગ્રાહ ભીમે પોતાની ઉત્પલા ભાર્યાને કહ્યું - હે ભદ્રે ! તું ચિન્તા ન કર, હું એવું કાંઇક કરીશ કે જેનાથી તારા આ દોહદની પૂર્તિ થઇ જશે.

ત્યાર બાદ ભીમ કૂટગ્રાહ અર્ધરાત્રિના સમયે એકલો જ લોખંડના કુસૂલક આદિ થી યુક્ત કવચને ધારણ કરીને આયુધ અને પ્રહરણ લઇને ઘરેથી નીકળ્યો અને ગૌશાળા હતી ત્યાં આવ્યો, આવીને અનેક નાગરિક પશુઓ યાવત્ બળદોમાંથી કોઇકના ઉધસ્, યાવત્ કોઇકની સાસ્ના અને કોઇકના અન્ય અન્ય અંગોપાંગો કાપે છે, કાપીને પોતાના ઘરે આવે છે. અને આવીને તે પોતાની પત્ની ઉત્પલાને આપે છે. ત્યાર પછી તે ઉત્પલા તે અનેકવિધશલ્ય, પ્રોતાદિ ગોમાંસ સાથે મદિરા આદિનું આસ્વાદન, પ્રસ્વાદન કરતી પોતાના દોહદની પૂર્તિ કરે છે. આ રીતે તેનો દોહદ પૂર્ણ થયો. તે સમ્માનિત દોહદવાળી, વિનીત દોહદવાળી, નિવૃત્ત દોહદવાળી થઇ અને તે ઉત્પલા કૂટગ્રાહિણી ગર્ભને સુખ પૂર્વક ધારણા કરવા લાગી. ત્યારપછી નવ માસ પૂર્ણ થઇ જવા પર બાળકને જન્મ આપ્યો. જન્મતાવેંતજ તે બાળકે કર્ણકટુ તેમજ ચીત્કાર પૂર્ણ ભયંકર શબ્દ કર્યો. તેની એવી ચીસ સાંભળીને અને હૃદય માં અવધારણા કરીને હસ્તિનાપુર નગરમાં નાગરિક પશુ યાવત્ બળદાદિ ભયભીત થઇ ગયા અને ઉદ્વેગને પ્રાપ્ત કરીને ચારે તરફ ભાગવા લાગ્યા. ત્યાર બાદ તે બાળકના માતાપિતાએ આ વૃતાંત અનુસાર બાળકનું નામ "ગોત્રાસ" પાડ્યું. ત્યાર બાદ ગોત્રાસ બાળકે બાલપણને છોડીને યુવાસ્થામાં પ્રવેશ કર્યો અને તે યુવક થઇ ગયો.

કોઇ સમયે ભીમ કૂટગ્રાહનું મરણ થઇ ગયું, ત્યારે તે ગોત્રાસે પોતાના મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબન્ધી અને પરિજ નોથી ઘેરાઇને રૂદન, આક્રંદન અને વિલાપ કરતાં કૂટગ્રાહનો દાહ સંસ્કાર કર્યો અને કેટલીક લૌકિક મૃતક ક્રિયાઓ પણ કરી. ત્યાર પછી સુનન્દ રાજાએ ગોત્રસ બાળકને પોતે જ કૂટગ્રાહના પદ પર નિયુક્ત કર્યો. અધર્મી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ દુષ્પ્રત્યાનંદી. તે ગોત્રાસ દરરોજ અર્ધ રાત્રિના સમયે સૈનિકની જેમ તૈયાર થઈને કવચ પહેરીને, તેમ જ અસ્ત્ર-શસ્ત્રોને ધારણ કરીને પોતાના ઘરેથી નીકળે છે, નીકળીને ગોમંડપ જાય છે અને ત્યાં અનેક ગાય આદિ નાગરિક પશુઓના અંગોપાંગોને કાપીને પોતાના ઘરમાં આવી જાય છે, આવીને તે ગાય આદિ પશુઓના પકાવેલા માંસ સાથે મદિરા આદિનું આસ્વાદન કરતો જીવન વ્યતીત કરે છે. ત્યાર પછી તે ગોત્રાસ કૂટગ્રાહ આવા પ્રકારના કર્મોવાળા, આવા પ્રકારના કાર્યોમાં પ્રધાનતા રાખવાવાળો, પાપરૂપ વિદ્યાને જાણનારો તથા પ્રકારના પાપકર્મોનું ઉપાર્જન કરીને પાંચસો વર્ષના પરમ આયુષ્યને ભોગવીને, ચિન્તાઓ અને દુઃખોથી પીડિત થતો કાળ માસમાં કાળ કરીને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપની સ્થિતિવાળા બીજા નકરમાં નારક રૂપે ઉત્પન્ન થયો.

[૧૫] તે કૂટગ્રાહ ગોત્રાસનો જીવ બીજી નરકમાંથી નીકળીને સીધો આ વાણિજ ગ્રામ નગરમાં વિજ્ય મિત્ર સાર્થવાહની સુભદ્રા નામની પત્નીનાં ઉદરમાં પુત્રરૂપે આવ્યો. નવ માસ પૂર્ણ થવા પર સુભદ્રા સાર્થવાહિનીએ એકાન્તમાં કચરો નાખ વાની જગ્યાએ ફેંકાવી દીધો અને પાછો તેને ઉઠાવી લીધો, ઉઠાવીને ક્રમથી સંરક્ષણ અને સંગોપન કરતી તેને મોટો કરવા લાગી. ત્યાર બાદ તે બાળકના માતાપિતાએ મહાન્ ઋદ્ધિસત્કાર અને આડંબર સાથે કુળ મર્યાદા પ્રમાણે પુત્રજન્મ યોગ્ય વધામણી રૂપે પુત્રજન્મ-મહોત્સવ કર્યો. તે બાળકના માતા-પિતાએ બારમા દિવસે ગુણ નિષ્પન્ન નામકરણ આ પ્રમાણે કર્યું, કેમકે અમારો આ બાળક જન્મતાં જ અશુચિ પ્રદેશમાં ત્યાગી દેવાયો હતો, તેથી તેનું નામ "ઉજ્ઝિતક કુમાર" રાખવામાં આવે છે.

ત્યારબાદ તે ઉજ્ઝિતકુમાર આ પાંચ ધાવમાતાઓથી યુક્ત દઢ પ્રતિજ્ઞ કુમારની જેમ યાવત્ નિર્વાત અને નિર્વ્યાઘાત પર્વતની કંદરામાં રહેલા ચમ્પક વૃક્ષની જેમ સુખ પૂર્વક મોટો થવા લાગ્યો. તદનન્તર કોઈ વખતે વિજયમિત્ર સાર્થવાહે ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ, રૂપ ચાર પ્રકારની પણ્ય વસ્તુઓને લઈને લવણ સમુદ્રમાં વહાણપર વિપત્તિ આવવાથી વિજયમિત્રની ઉક્ત ચારે પ્રકારની મહામૂલ્ય વાળી વસ્ત્ર, આભૂષણ આદિ વસ્તુઓ પાણીમાં ડુબી ગઈ અને તે પોતે પણ ત્રાણરહિત તેમજ શરણરહિત થઈ જવાથી મૃત્યુ મામ્યો. ત્યાર બાદ ઈશ્વર, તલવર, આદિ પણ વિજયમિત્રના મૃત્યુના સમાચાર સાંભળી, પોતાના હાથે લીધેલી થાપણ અને તેથી અતિરિક્ત બહુમૂલ્ય વસ્ત્ર, આભૂષણ આદિ લઈને એકાન્તસ્થાનમાં ચાલ્યા ગયા. જ્યારે સુભદ્રા સાર્થવાહિનીએ લવણ સમુદ્રમાં સંકટ આવી પડવાથી કરિયાણું પાણીમાં ડુબી જવાની સાથોસાથ વિજ્ય મિત્રના મૃત્યુના મહાન્ શોકથી વ્યાપ્ત થઈ અને કુહાડાથી કાપેલી ચમ્પકવૃક્ષથી શાખાની જેમ ધડામ કરતી પૃથ્વી તળ પર પડી ગઈ. ત્યારબાદ થોડા સમય પછી તે સુભદ્રા સ્વસ્થ થઈ તથા અનેક મિત્ર, જ્ઞાતિ યાવત્ સમ્બન્ધીજનો સાથે રુદન, કંદન તથા વિલાપ કરતી વિજયમિત્રની લૌકિક મૃતકક્રિયા કરવામાં તત્પર થઈ. ત્યાર પછી તે સુભદ્રા સાર્થવા હિની પણ મરણ પામી.

[૧૬] ત્યારબાદ નગરપુરુષોએ સુભદ્રાના મૃત્યુના સમાચાર સાંભળીને ઉજ્ઝિ તક કુમારને દુરાચારી હોવાથી ઘરમાંથી કાઢી મૂક્યો અને તેનું ઘર બીજા કોઈને આપી દીધું. પોતાના ઘરેથી કાઢી મૂકવાથી ઉજ્જિતઝતક કુમાર વાણિજગ્રામ નગરના માર્ગો પર તથા જુગારગૃહો, વેશ્યાગૃહો અને મદિરાપાનના સ્થાનોમાં સુખપૂર્વક પરિભ્રમણ કરવા

લાગ્યો. રોકટોક વિનાનો, સ્વચ્છંદ મતિવાળો તેમજ નિરંકુશ થતો તે ચોરી, જુગાર, વેશ્યાગમન અને પરસ્રી ગમનમાં આસક્ત થઈ ગયો. કોઈ વખતે કામધ્વજા નામની વેશ્યા સાથે સ્નેહ સમ્બન્ધ સ્થાપિત થઈ જવાના કારણે તે મનુષ્ય સમ્બન્ધી પ્રધાન કામ ભોગોનો ઉપભોગ કરતો સમય વ્યતીત કરવા લાગ્યો. ત્યારબાદ વિજયમિત્ર રાજાની 'શ્રી' રાણીને યોનિશૂળ રોગ ઉત્પન્ન થયો, તેથી વિજયમિત્ર રાજા રાણી સાથે મનુષ્ય સમ્બન્ધી પ્રધાન કામભોગોનું સેવન કરવામાં સમર્થ ન રહ્યો. ત્યારે કોઈ સમયે વિજય મિત્ર રાજાએ ઉજ્ઝિતક કુમારને કામધ્વજા ગણિકાના સ્થાનમાંથી કાઢી મૂક્યો અને કામધ્વજા વેશ્યાને પોતાના અન્તઃપુરમાં રાખી અને તેની સાથે મનુષ્ય સમ્બન્ધી પ્રધાન વિષયભોગોનું સેવન કરવા લાગ્યો.

કામધ્વજામાં મૂર્છિત, તેના ધ્યાનમાં જ પાગલ બનેલો, તેની આકાંક્ષા રાખ નારો, તેના સ્નેહપાશમાં જોડાયેલો બીજા કોઈ પણ સ્થાને સ્મરણ, પ્રેમ અને માનસિક શાન્તિ પ્રાપ્ત ન કરી શકયો, તેનું ચિત્ત તે વેશ્યામાં જ પરોવાયેલું રહ્યાં કરતું. તત્સમ્બન્ધી કામભોગોમાં પ્રયત્નશીલ, તેને મેળવવા માટે આતુર રહેતો. તેના મન, વચન અને શરીર એ બધાં તેને માટે અર્પણ થઈ રહ્યા હતાં. તે વેશ્યાની જ ભાવનાથી ભાવિત રહેતો તે કુમાર તે કામધ્વજા વેશ્યાના અંતર છિદ્ર અને વિવર એવા સમયની ગવેષણા કરતો જીવન વિતાવવા લાગ્યો. તત્પશ્ચાત્ અવસર પ્રાપ્ત કરીને ગુપ્ત રીતે તેના ઘરમાં પ્રવેશ કર્યો અને તે કામધ્વજા વેશ્યાની સાથે મનુષ્ય સમ્બન્ધી પ્રધાન વિષયભોગોનો ઉપયોગ કરતો સમય વ્યતીત કરવા લાગ્યો. અહિ તે વિજયમિત્ર રાજા સ્નાન યાવત્ દુષ્ટ સ્વપ્નનોનાં ફળને નષ્ટ કરવા માટે પ્રાયશ્ચિતરૂપે મસ્તક પર તિલક તેમજ અન્ય માંગો લિકો કરીને, સમ્પૂર્ણ અલંકારોથી વિભૂષિત થઈને, મનુષ્યોથી ઘેરાઈને તે કામ ધ્વજા વેશ્યાને ઘરે ગયો. ત્યાં તેણે કામધ્વજા વેશ્યા સાથે મનુષ્ય સમ્બન્ધી વિષયભો ગોનો ઉપભોગ કરતાં ઉજ્ઝિતક કુમારને જોયો. જોતાં જ તે ક્રોધથી લાલપીળો થઈ ગયો અને કપાળમાં ત્રણ રેખાઓ વાળી ભ્રૂકુટિ ચઢાવીને પોતા નાઅનુચર પુરુષોદ્વારા ઉજ્ઝિ તક કુમારને પકડાવી લીધો, પકડાવીને લાકડી મુક્કા, ઢીંચણ અને કોણીના પ્રહારોથી તેના શરીરને ભાંગી નાંખ્યું, ચૂરેચૂરા કરી નાખ્યું, મથી નાખ્યું અને અવકોટક બન્ધથી બાંધ્યો અને બાંધીને પૂર્વોક્ત રીતથી વધ કરવાની આજ્ઞા આપી.

[૧૭] આ વૃત્તાન્ત સાંભળી ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો - હે ભગવન્ત ! ઉજ્ઝિત કકુમાર અહીંથી કાળમાસમાં કાળ કરીને કયાં જશે અને કયાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! ઉજ્ઝિતકકુમાર ૨૫ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને આજે જ દિવસના ચોથો પહોરમાં શૂળી દ્વારા ભેદને પ્રાપ્ત થતો રત્નપ્રભા નામની પ્રથમ નરક ભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને સીધો આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્તગર્ત ભારતવર્ષના વૈતાઢ્ય પર્વતની તળેટીમાં વાંદરાઓના કુળમાં વાંદરા રૂપે ઉત્પન્ન થશે. ત્યાં બાળપ-ણાને ઓળંગીને યુવાવસ્થાને પ્રાપ્ત થતાં પશુસમ્બન્ધી ભોગો માં આસક્ત, આકાંક્ષા વાળો, ભોગોના સ્નેહપાશમાં જકડાયેલો, ભોગોસમ્બન્ધી આસક્તિમાં બંધાયેલો, તેના સેવનમાં ક્ષણે-ક્ષણે ભાવિત અંતઃકરણવાળો થઈને તે વાંદરાઓના બચ્ચાઓનું અવહનન કર્યા કરશે. એવા કર્મોમાં તલ્લીન થયેલો આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્ત ર્ગત ભારતવર્ષના ઈન્દ્રપુર નામ ના નગરમાં ગણિકાના ઘરમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માતાપિતા ઉત્પન્ન થયેલા તે બાળ કને નપુંસક કરીને નપુંસક કર્મ શિખડાવશે. બાર દિવસ વ્યતીત થઈ જવા પર તેના માતા પિતા તેનું નામ "પ્રિયસેન" એવું રાખશે. બાળપણાને છોડીને યુવાવસ્થાને પ્રાપ્ત થયેલો, વિશેષ જ્ઞાન ધરાવવાવાળો તેમજ બુદ્ધિ આદિથી પરિપકવ અવસ્થાને પામેલો તે પ્રિય સેન નપુંસક રૂપે, યૌવન અને લાવણ્ય દ્વારા ઉત્તમ અને ઉત્કૃષ્ટ શરીરવાળો થશે.

ત્યારબાદ તે પ્રિયસેન નપુંસક ઈન્દ્રપુર નગરના રાજા, ઈશ્વર યાવત્ બીજા મનુષ્યો ને અનેક પ્રકારના વિદ્યા પ્રયોગોથી, મંત્રો દ્વારા, મન્ત્રેલી ભસ્મ આદિના યોગથી બધાને વશીભૂત કરીને મનુષ્ય સમ્બન્ધી પ્રધાનભોગોનો ઉપભોગ કરતો સમય વ્યતીત કરશે. તે પ્રિયસેન નપુસંક આ પાપપૂર્ણ કાર્યોને જ પોતાનું કર્તવ્ય, મુખ્ય લક્ષ્ય તથા વિજ્ઞાન તેમજ સર્વોત્તમ આચરણ બનાવશે. આ ખરાબ પ્રવૃત્તિઓ દ્વારા તે અત્યધિક પાપ કર્મોનું ઉપાર્જન કરીને ૧૨૧ વર્ષના પરમ આયુષ્યને ઉપભોગ કરીને રત્નપ્રભા. નામની પ્રથમ નરકભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને સર્પ નોળિઓ આદિ પ્રાણિ ઓની યોનિમાં જન્મ લેશે. ત્યાંથી તેનું સંસાર ભ્રમણ જે રીતે પ્રથમ અધ્યયનમાં મૃગા પુત્રનું વર્ણન કરવામાં આવ્યું છે, તે રીતે થશે. ત્યાર પછી તે સીધો આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્તર્ગત ભારતવર્ષની ચમ્પા નામની નગરીમાં પાડા રૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે કોઈ સમયે મિત્રમંડળી દ્વારા મારવામાં આવશે અને તે જ ચમ્પાન ગરીના શ્રેષ્ઠિ કુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે.ત્યાંબાળપણનેછોડીને યૌવનાવસ્થાનેપ્રાપ્તથતાંતે વિશિષ્ટ સંયમી સ્થવિરો પાસે શંકા, કાંક્ષા આદિ દોષોથી રહિત બોધિલાભને પ્રાપ્ત કરીને અણ ગાર ધર્મને ગ્રહણ કરશે, ત્યાંથી કાળ માસમાં કાળ કરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોક માં દેવરૂપે ઉત્પન્ન થશે. બાકી બધું જે રીતે મૃગાપુત્રના સમ્બન્ધમાં કહ્યું છે, તેમ સમજવું.

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**અધ્યયન : ૨ -ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન : ૩-અભગ્નસેન

[૧૮] હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં પુરિમતાલ નામનું એક નગર હતું. તે નગરના ઈશાન ખૂણામાં અમોઘદર્શી નામનું એક ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં અમોઘદર્શી નામના યક્ષનું આયતન હતું. મહાબલ નામનો રાજા રાજ્ય કરતો હતો. નગરના ઈશાન ખૂણામાં જનપદની સીમાના અંતે રહેલ જંગલમાં શાલાટવી નામની એક ચોર પલ્લી હતી, તે પર્વતની ભયાનક ગુફાઓના કિનારા પર બનાવેલી હતી, વાંસ ની બનાવેલી વાડ રૂપ કિલ્લાથી ઘેરાયેલી હતી. પોતાના અવકવોથી કપાયેલા પર્વતના ઊંચાનીચા ખાડા રૂપ ખાઈવાળી હતી. તેની અન્દર પાણીનો પૂરતો પ્રબન્ધ હતો અને તેની બહાર દૂર-દૂર સુધી પાણી મળતું ન હતું. તેની અન્દર અનેકાનેક ગુપ્ત ચોર દરવાજા ઓ હતા અને તે ચોરપલ્લીમાં પરિચિત વ્યક્તિઓનો જ પ્રવેશ અને નિર્ગમન થઈ શકતો હતો. ચોરોની શોધ કરનાર અથવા ચોરોદ્વારા હરાયેલા ધનને પાછું લાવવામાં પ્રયત્નશીલ એવા ઘણાં મનુષ્યો પણ તેમાં પ્રવેશ કરી શકતા ન હતા. તે શાલાટવી નામની ચોર પલ્લીમાં વિજય નામનો ચોરોનો સેનાપતિ રહેતો હતો. તે મહાઅધર્મી હતો યાવત્ તેના હાથ લોહીથી ખરડાયેલા રહેતા હતા. તેનું નામ અનેક નગરોમાં પ્રસિદ્ધ હતું. તે શુરવીર, દૃઢ પ્રહાર કરનાર, સાહસિક, શબ્દવેધી, શબ્દના આધારે બાણ માર નાર અને તલવાર

તથા લાઠીનો પ્રહાર કરવામાં પ્રધાન યોદ્ધો હતો. તે પાંચસો ચોરોનું આધિપત્ય, સ્વામીત્વ યાવત્ સેનાપતિત્વ કરતો જીવન વ્યતીત કરી રહ્યો હતો.

[૧૯] તે વિજય નામનો ચોર સેનાપતિ અનેક ચોર, પરસ્ત્રીલંપટ, ખિસ્સા-કાતરુ, ખાતર પાડી ચોરી કરનાર જુગારી, ધૂતારા તથા બીજા ઘણાં હાથ આદિ કપાયેલા, નાકથી રહિત અને તિરસ્કૃત થયેલા મનુષ્યોનો આશ્રયદાતા હતો. તે વિજયચોર સેનાપતિ અનેક ગામોનો નાશ, નગરોનો નાશ, ગાયોનું અપહરણ, કેદીઓનું ગ્રહણ, મુસાફરોના ધનાદિનું અપહરણ તથા ખાઇ તોડીને ચોરી કરવી આદિ થી પીડિત, તર્જિત તાડિત ધન અને ધાન્યથી રહિત કરતો મહાબલ રાજાના કરને વારંવાર પોતે ગ્રહણ કરીને સમય વ્યતીત કરી રહ્યો હતો. તે વિજયચોર સેનાપતિની સ્કંદશ્રી નામની સુન્દરી પત્ની હતી તથા વિજયચોર સેનાપતિનો પુત્ર બાળક હતો. તે સંપૂર્ણ અવયવો વાળો તેમજ નિર્દોષ પાંચ ઇન્દ્રિયોથી યુક્ત, સુદૃઢ બાન્ધાયુક્ત શરીરવાળો, વિશિષ્ટ પ્રકારના જ્ઞાનનો ધરાવનારો અને બુદ્ધિ આદિની પરિકવતાથી યુક્ત તેમજ યુવાવસ્થાને પ્રાપ્ત થયેલો હતો. તે કાળ અને તે સમયમાં પુરિમતાલ નગરમાં અમોઘદર્શી ઉદ્યાનમાં શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ નીકળી તથા રાજા પણ ચાલ્યો. ભગવાને ધર્મની પ્રરૂપણા કરી, ધર્મોપદેશ સાંભળીને રાજા તથા પરિષદ્ પાછી ગઇ.

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમ સ્વામી યાવત્ રાજમાર્ગમાં પધાર્યા. ત્યાં તેઓએ અનેક હાથીઓ, ઘોડા તથા સૈનિકોની જેમ શસ્ત્રોથી સુસજ્જિત તેમજ કવચ ધારણ કરેલા અનેક પુરુષોને જોયા. તે પુરુષોની વચ્ચે અવકોટક બંધનથી બદ્ધ એવા તે પુરુષને રાજપુરુષોએ ચાર રસ્તાપર બેસાડી દીધો. બેસાડીને તેના પિતાના આઠ ભાઈઓને તેની સામે મારી નાખ્યા. મારીને પછી કોયડાના પ્રહારથી મારમારીને કરુણ વિલાપ કરતા તે પુરુષને તેઓએ તલતલ જેવડા ટુકડા કરીને મારેલા પુરુષોનું માંસ ખવડાવ્યું. રૂધિરનું પાન કરાવ્યું. ત્યાર પછી રાજાના પુરુષોએ તે પુરુષને બીજા ચત્ત્વર પર આઠ કાકીને ત્રીજા ચત્ત્વર પર આઠ મહાપિતાઓને, ચોથા ચત્ત્વર પર આઠ મહામાતાઓ ને, પાંચમા ચત્ત્વર પર પુત્રોને, છઠ્ઠા ચત્ત્વર પર પુત્રવધુઓને, સાતમા ચત્ત્વર પર જમાઇઓને, આઠમા ચત્ત્વર પર પુત્રીઓને, નવમાં ચત્ત્વર પર પૌત્રો તથા દોહિત્રીઓને, દશમા ચત્ત્વર પર પૌત્રીઓ તથા દોહિત્રીઓને, અગિયારમા ચત્ત્વર પર પૌત્રિઓ અને દોહિત્રીઓના પતિઓને, બારમા ચત્ત્વર પર પૌત્રો અને દોહિત્રોની પત્નીઓને, તેરમા ચત્ત્વર પર ફૂવાઓને, ચૌદમા ચત્ત્વર પર ફૈઈબાઓને, પંદરમા ચત્ત્વર પર માસાઓને, સોળમાં ચત્ત્વર પર માસીઓને, સત્તરમાં ચત્ત્વર પર મામીઓને, અઢારમાં ચત્ત્વર પર બાકી રહેલા મિત્રો, સ્વજનો, જ્ઞાતિજનો, નિજકો, સંબંધીઓ અને નોકરવર્ગને તે પુરુષની સામે માર્યા. તેને ચાબુકના પ્રહારોથી તાડિત કરતા તે રાજપુરુષો દયનીય દશાને પ્રાપ્ત થયેલા તે પુરુષને, તેના શરીરમાંથી કાઢેલા માંસના ટુકડા ખવડાવે છે અને લોહીનું પાન કરાવે છે.

[૨૦] ત્યાર બાદ ભગવાન્ ગૌતમના હૃદયમાં તે પુરુષને જોઇને વિચાર ઉત્પન્ન થયો યાવત્ તેઓ નગર બહાર નીકળ્યાં અને ભગવાન પાસે આવીને નિવેદન કર્યું યાવત્ ભગવન્ ! તે પુરુષ પૂર્વભવમાં કોણ હતો હે ગૌતમ ! તે કાળ તથા તે સમયમાં આ જમ્બૂદ્વીપની અન્તર્ગત ભારતવર્ષમાં પુરિમતાલ નામનું એક વિશાળ, ભવનાદિથી યુક્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વચક્ર અને પરચક્રના ભયથી રહિત તેમજ સમૃદ્ધિશાળી નગર હતું. તે પુરિમતાલ નગરમાં ઉદય નામનો રાજા રાજ્ય કરતો હતો. નિર્ણય નામનો એક ઈંડાનો વ્યાપારી નિવાસ કરતો હતો. તે ધનવાન, પરાભવ નહિ પામનાર, અધર્મી યાવત્ પરમ અસંતોષી હતો. નિર્ણય નામના ઈંડાના વેપારીના રૂપિયા, પૈસા અને ભોજનના રૂપમાં વેતન ગ્રહણ કરનાર અનેક પુરૂષો હંમેશા કોદાળા તથા વાંસના ટોપલાઓ લઈને પુરિમતાલ નગરની ચારે તરફ અનેક કાગડીઓના ઘુવડીના કબૂતરીના ટીટોડીના બગલીઓના મોરનીના મુર્ગીના તથા બીજા પણ અનેક જલચર, સ્થલચર અને ખેચર આદિ જંતુઓના ઈંડાઓને લઇ વાંસના ટોપલાઓમાં ભરતા હતા, ભરીને તે ઈંડાઓથી ભરેલા ટોપલાઓ દઈ દેતા હતા.

ત્યારબાદ તે નિર્ણય નામના ઈંડાના વેપારીના અનેક વેતનભોગી પુરૂષો ઘણાં કાગડી યાવત્ મુર્ગીઓના તે ઈંડાઓને તવા-ઉપર, કડાઈઓ ઉપર, હાંડામાં,અને અંગારા પર તળતા હતા, ભૂંજતા અને પકવતાં હતા. આજિવિકા ચલાવતાં સમય પસાર કરી રહ્યા હતા. તે વેપારી પોતે પણ કાગડી યાવત્ મુર્ગીના પકાવેલા, તળેલા અને ભૂંજેલા ઈંડાઓ સાથે સુરા આદિ પાંચ પ્રકારની મદિરાઓનું આસ્વાદનાદિ કરતો જીવન વ્યતીત કરી રહ્યો હતો. ઈંડાનો વેપારી આ પ્રકારના પાપકાર્યોને કરનાર, આ પ્રકારના કર્મોમાં પ્રધાનતા રાખનાર, આવા કર્મોનું જ્ઞાન ધરા વનાર અને આ જ કર્મોને પોતાનું આચરણ બનાવીને ઘણાં ઘણાં પાપ કર્મોને ઉપાર્જિત કરીને એક હજાર વર્ષના પરમ આયુષ્યને ભોગવીને ત્રીજી નરક ભૂમિમાં ઉત્કૃષ્ટ સાત સાગરોપમની સ્થિતિ વાળો નરકમાં નારકરૂપે ઉત્પન્ન થયો..

[૨૧] તે વેપારી નરકમાંથી નીકળીને આ શાલાટવી નામની ચોરપલ્લીમાં વિજય ચોરસેનાપતિની સ્કંદશ્રી પત્નીના ઉદરમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. લગભગ ત્રણ માસ પૂર્ણ થવા પર સ્કંદશ્રીને આ દોહદ ઉત્પન્ન થયો - તે માતાઓ ધન્ય છે જેઓ અનેક મિત્રોની, જ્ઞાતિની, નિજક જનોની, સંબંધીઓની અને નોકરવર્ગની સ્રીઓ તથા ચોરોની પત્નીઓથી પરિવૃત્ત થઈને સ્નાન યાવત્ અનિષ્ટજનક સ્વપ્નને નિષ્ફળ કરવા માટે પ્રાયશ્ચિત્તરૂપે તિલક તેમજ માંગલિક કરીને સર્વપ્રકારના અલંકારોથી વિભૂષિત થઈ, ઘણાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પદાર્થો તથા સુરા, મધુ, મેરક, જાતિ અને પ્રસન્ના મદિરાઓનું આસ્વાદન, વિસ્વાદન, પરિભાજન અને પરિભોગ કરતી સમય વ્યતીત કરે છે. તથા ભોજન કર્યા પછી જે પુરુષનો વેષ ધારણ કરીને દૃઢ બંધનોથી બાંધેલા અને લોખંડના બખ્તરને ધારણ કરે છે, યાવત્ આયુધ અને પ્રહરણોથી સજ્જ થાય છે તથા જે ડાબા હાથમાં ધારણ કરલી ઢાલોથી, મ્યાનમાંથી બહાર કાઢેલી તલવારોથી, ખભા પર રાખેલા ભાથાથી, પ્રત્યંચા ચઢાવેલ ધનુષ્યોથી, સારી રીતે ફેંકવામાં આવતા બાણોથી, ઊંચા કરેલ શસ્ત્ર વિશેષોથી ચાલતી જંઘા ઘંટીઓ દ્વારા તથા શીઘ્ર વગાડવામાં આવતા વાજિંત્રોથી અત્યન્ત ઉત્કૃષ્ટ આનન્દમય મહાધ્વનિથી, સમુદ્રની ધ્વનિની જેમ આકા શને શબ્દાયમાન કરતી શાલાટવી ચોરપલ્લીની ચારે તરફ ભ્રમણ કરીને દોહદને પૂર્ણ કરે છે. પણ દોહદ પૂર્ણ ન થવાથી તે ઉદાસ યાવત્ ચિન્તાતુર થઈ.

ત્યારબાદ વિજય ચોર સેનાપતિએ ચિન્તાગ્રસ્ત સ્કંદશ્રીને જોઇને આ રીતે કહ્યું - હે દેવાનુપ્રિયે ! તું ઉદાસ થઇ આર્ત્તધ્યાન કેમ કરી રહી છો ? સ્કંદશ્રીએ વિજયના આ


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશ્નના ઉત્તરમાં કહ્યું - હે દેવાનુપ્રિય ! મને ગર્ભધારણ કર્યાને ત્રણ મહિના પૂર્ણ થઇ ચૂક્યા છે, હવે મને આ દોહદ ઉત્પન્ન થયો છે, તે પૂર્ણ નહિ થવાથી કર્ત્તવ્ય અને અકર્ત્તવ્યના વિવેકથી રહિત થયેલી હું યાવત્ આર્ત્તધ્યાન કરી રહી છું. ત્યારે વિજયચોર સેનાપતિએ પોતાની સ્કંદશ્રી પત્નીનું આ કથન સાંભળી અને તેના પર વિચાર કરીને સ્કંદશ્રીને આ પ્રમાણે કહ્યું - દેવાનુપ્રિયે ! તું આ દોહદને તારી ઇચ્છા પ્રમાણે પૂર્ણ કરી શકે છે અને તેના માટે કાંઇ ચિન્તા ન કર. પતિના આ વચનને સાંભળીને સ્કંદશ્રીને ઘણી પ્રસન્નતા થઇ, યાવત્ પોતાના દાહદને પૂર્ણ કરવાલાગી. ત્યાર પછી તે ગર્ભને સુખપૂર્વક ધારણ કરવા લાગી. ત્યાર બાદ તે ચોર સેનાપત્ની સ્કંદશ્રીએ નવ માસ પૂર્ણ થવા પર પુત્રને જન્મ આપ્યો. વિજય નામના ચોર સેનાપતિએ તે બાળકનો દશ દિવસ સુધી ખૂબ જ ધામધૂમ સાથે કુળ પરમ્પરા પ્રમાણે જન્મોત્સવ મનાવ્યો. યાવત્ તેમને કહેવા લાગ્યો - દેવાનુપ્રિયો ! જે વખતે તેની માતાએ એક દોહદ ઉત્પન્ન થયો હતો દોહદ અભગ્ન રખાવ્યો હતો તેથી આ બાળકનું "અભગ્નસેન" આ નામ રાખવામાં આવે છે. પછી અભગ્નસેન બાળક યાવત્ મોટો થવા લાગ્યો.

[૨૨] ત્યાર બાદ કુમાર અભગ્નસેન બાળપણને લાંઘીને યુવાવસ્થામાં પ્રવેશ્યો તથા આઠ કુમારિકાઓ સાથે તેના લગ્ન કરવામાં આવ્યા. તે લગ્નમાં આઠ પ્રકારનો દહેજ મળ્યો અને તે મહેલોમાં રહીને આનન્દપૂર્વક તેનો ઉપભોગ કરવા લાગ્યો. કોઇ વખતે તે વિજયચોર સેનાપતિ મૃત્યુ પામ્યો. ત્યારે કુમાર અભગ્નસેન પાંચસો ચોરો સાથે રડતાં, આક્રંદન કરતાં અને વિલાપ કરતાં કરતાં અત્યંત વૈભવ તેમ જ સત્કાર સાથે વિજયસેના પતિના શબને અન્ત્ય કર્મ માટે સ્મશાન ભૂમિમાં પહોંચાડે છે અને લૌકિક મૃતકાર્ય કાર્યો કરે છે. થોડા સમય પછી અભગ્નસેનનો શોક ઓછો થયો. ત્યાર પછી પાંચસો ચોરોએ મોટા ઉત્સવ સાથે અભગ્નસેનનો શાલાટવી નામની ચોર પલ્લીમાં ચોર સેનાપતિની પદવી આપી. ચોર સેનાપતિના પદ પર નિયુક્ત થયેલો અભગ્નસેન અધર્મનું આચરણ કરતો યાવત્ તે પ્રાન્તના રાજ્યને આપવા લાયક કરને પણ પોતે ગ્રહણ કરવા લાગ્યો.

ત્યારબાદ અભગ્નસેન નામના ચોરસેનાપતિએ ઘણાં ગામોનો વિનાશ કર્યો તેથી ત્રાસ પામેલા તે દેશના લોકોએ એક બીજાને બોલાવીને આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો ! ચોર સેનાપતિ અભગ્નસેન પુરિમતાલ નગરના ઉત્તર પ્રદેશનાં ઘણાં ગામડાં ઓને વિનાશ કરીને ત્યાંના લોકોને ધનધાન્યાદિથી રહિત કરી રહ્યો છે. તેથી, હે ભદ્ર પુરુષો ! પુરિમતાલ નગરના મહાબલ રાજાને આ વાતથી સારી રીતે વાકેફ કરવો,

ત્યાર બાદ મહામૂલ્ય, મહાન્ પુરુષોને યોગ્ય અને રાજાને યોગ્ય ભેટ લઇને મહાબલ રાજા સામે આ વાતનું નિવેદન કર્યું - સ્વામિન્ ! અમે ઇચ્છીએ છીએ કે અમે આપની ભુજાઓની છાયાથી રક્ષણ પ્રાપ્ત કરી ભય અને ઉદ્વેગરહિત થઇને સુખપૂર્વક વસીએ. આ રીતે વિનંતી કરીને તે પ્રાન્તીય પુરુષો રાજાને હાથ જોડી તેના પગોમાં પડયા.

મહાબલ રાજાને પોતાની પાસે ઉપસ્થિત થયેલા તે દેશવાસી પુરુષોની પાસેથી ઉપરોક્ત વૃત્તાન્ત સાંભળીને ક્રોધથી ધમધમી ઊઠયા અને ક્રોધાતુર બની જેમતેમ બોલતા, દાંત પીસતા, કપાળ પર ત્રણ રેખાને ધારણ કરતા દંડ કોટવાળને બોલાવે છે અને બોલાવીને કહે છે કે - હે દેવાનુપ્રિય ! તમે જાઓ અને જઇને શાલાટવી ચોર પલ્લીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નષ્ટ કરી દો, લૂંટી લ્યો અને લૂંટીને તેના ચોર સેનાપતિ અભગ્નસેનને જીવતાં જ પકડીને મારી સામે ઉપસ્થિત કરો. કોટવાળ મહાબલ રાજાની આ આજ્ઞાને લોખંડને કુસૂલક આદિથી મુક્ત કવચને ધારણ કરનારા અનેક પુરુષોને સાથે લઈને હાથમાં ઢાલ બાંધેલા યાવત્ ક્ષિપ્રતૂર્ય વગાડવાથી અને મહાન્ ઉત્કૃષ્ટ આનન્દમય મહાધ્વનિ સિંહનાદ આદિ શબ્દોદ્વારા સમુદ્રની મધ્યમાંથી નીકળીને શાલા ટવી ચોરપલ્લી તરફ ગયો. ત્યાર પછી અભગ્નસેન ચોરસેનાપતિના ગુપ્તચર પુરુષોને આ સારીએ વાતનો પત્તો લાગી ગયો, તેથી તે શાલાટવી ચોરપલ્લીમાં જ્યાં અભગ્ન સેન ચોરસેનાપતિ હતો ત્યાં ગયા. બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરી અભગ્નસેનને સમાચાર આપ્યા અભગ્નસેનને જીવતો.

ત્યાર બાદ અભગ્નસેન ચોર સેનાપતિએ પોતાના ગુપ્તચરોની વાત સાંભળી તથા વિચાર કરીને પાંચસો ચોરોને બોલાવીને આ પ્રમાણે કહ્યું - હે દેવાનુપ્રિયો ! તે કોટવાળ ચોરપલ્લી સુધી પહોંચે તે પહેલાંજ તેને રસ્તામાં રોકી દેવા જોઈએ તે જ આપણે માટે યોગ્ય લાગે છે. અભગ્નસેનની આ વાતને ચોરોએ “એમ જ થવું જોઈએ” એમ કહીને સ્વીકારી, ત્યાર પછી અભગ્નસેન સેનાપતિએ પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિય વસ્તુઓને તૈયાર કરાવી તથા પાંચસો ચોરો સાથે, સ્નાનાદિથી તિવૃત્ત થઈ, ખરાબ સ્વપ્નાદિના ફળને નિષ્ફળ બનાવવા માટે મસ્તક પર તિલક તથા અન્ય માંગ લિકો કરીને, ભોજનશાળામાં તે મદિરાઓનું રુચિ અનુસાર આસ્વાદન, વિસ્વા દન, આદિ કરવાનું શરૂ કર્યું. ભોજન બાદ ઉચિત સ્થાન પર આવીને આચમન કર્યું અને મુખના લેપાદિને દૂર કરીને પાંચસો ચોરો સાથે ભીના ચામડા પર આરોહણ કર્યું ત્યાર બાદ દૃઢ બંધનોથી બાંધેલા અને લોખંડના કુસૂલક આદિથી યુક્ત કવચને ધારણ કરીને યાવત્ અસ્ત્ર-શસ્ત્રોથી સુસજ્જિત થઈને, હાથમાં ઢાલ લઈને યાવત્ મહાન્ ઉત્કૃષ્ટ અને સિંહનાદ આદિના શબ્દો દ્વારા આકાશને ગુંજાયમાન કરતા અભગ્નસેને શાલાટવી ચોર પલ્લીથી દિવસના ચોથા પ્રહરમાં પ્રસ્થાન કર્યું અને ખાદ્ય પદાર્થોને સાથે લઈને વિષમ અને ગાઢ વનમાં રહીને તે, કોટવાળની પ્રતીક્ષા કરવા લાગ્યો.

ત્યારબાદ તે કોટવાળ જ્યાં અભગ્નસેન ચોર સેનાપતિ હતો, ત્યાં આવે છે, આવીને તેની સાથે યુદ્ધમાં જોડાઈ જાય છે પરન્તુ અભગ્નસેન ચોર સેનાપતિ દ્વારા મર્દન અને પ્રતિષેધ થવા પર તેજહીન, બળહીન, વીર્યહીન, તેમજ પુરુષાર્થ અને પરાક્રમથી રહિત થયેલો તે કોટવાળ શત્રુસેનાને પરાજિત કરવી અશક્ય સમજીને પાછો પુરિમ તાલ નગરમાં મહાબળ રાજા પાસે જાય છે અને બન્ને હાથ જોડી મસ્તક પર અંજલિ કરી આ પ્રમાણે કહે છે - સ્વામિન્ ! અભગ્નસેન ચોર સેનાપતિ ઊંચા,નીચા,દુર્ગમ અને ગહન વનમાં પર્યાપ્ત ખાદ્ય તથા પેય સામગ્રી સાથે રહેલો છે, તેથી મોટા અશ્વબળ, ગજબળ, યોદ્ધાઓના બળ અને રથબળ, અરે ! શું નિવેદન કરું ! ચતુરંગિણી સેનાના બળથી પણ તે સામેના યુદ્ધમાં જીવતો પકડી શકાશે નહીં. તે સામ નીતિ - ભેદ-નીતિથી, ઉપપ્રદાન નીતિથી-અથવા વિશ્વાસુ બનાવીને પકડી શકાશે. જ્યારે કોટવાળે આ પ્રમાણે કહ્યું ત્યારે મહાબળ રાજા અભગ્નસેનના જે આભ્યન્તર જનો હતા અને જે અંગ -રક્ષકોને તે મસ્તકના કવચ સમાન માનતો હતો તેમનો તથા મિત્ર તથા મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી અને નોકર વર્ગને ધન, સુવર્ણ, રત્ન અને ઉત્તમ સારભૂત દ્રવ્યો તથા રૂપિયા, પૈસાવડે તેનાથી જુદા કરવાનો પ્રયત્ન કરે છે અને અભગ્નસેન ચોર સેનાપતિને પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વારંવાર મહાન્ પ્રયોજન વાળી, મહામૂલી, મહાન્ પુરુષોને યોગ્ય અને રાજાને યોગ્ય ભેટો મોકલે છે, મોકલીને તે અભગ્નસેન ચોર સેનાપતિને વિશ્વાસુ બનાવે છે.

[૨૩] ત્યાર બાદ મહાબલ રાજાએ પુરિમતાલ નગરમાં પ્રશસ્ત તેમજ વિશાળ અને પ્રાસાદીય દર્શનીય અને પ્રતિરૂપ-તેવી, સેંકડો સ્તમ્ભવાળી એક કુટાકારશાલા બનાવડાવી. પછી મહાબલ રાજાએ તેના નિમિત્તે ઉત્શૂલ્ક યાવત્ દશ દિવસના ઉત્સવ ની ઉદ્‌ઘોષણા કરાવી અને કૌટુમ્બિક પુરુષોને બોલાવીને કહ્યું - હે દેવાનુપ્રિયો ! તમે શાલાટવી ચોરપલ્લીમાં જાઓ, ત્યાં અભગ્નસેન ચોર સેનાપતિને બે હાથ જોડી મસ્તક પર અંજલિ કરી આ પ્રમાણે નિવેદન કરો - હે દેવાનુપ્રિય ! પુરિમતાલ નગરમાં મહાબલ રાજાએ ઉત્શૂલ્ક યાવત્ દશ દિવસના ઉત્સવ વિશેષની ઉદ્‌ઘોષણા કરાવી છે, તો આપને માટે પુષ્કળ અશનાદિક અને પુષ્પ, વસ્ત્ર, માળા તથા અલંકાર અહીં જ ઉપસ્થિત કરીએ કે આપ સ્વયં ત્યાં પધારશો ?

ત્યાર બાદ તે કૌટુંબિક પુરુષો અભગ્નસેન ચોર સેનાપતિને બે હાથ જોડી, મસ્તક પર અંજલિ કરી તે સર્વે નિવેદન કર્યું - ત્યારે અભગ્નસેન ચોર સેનાપતિએ તે કૌટુંબિક પુરુષોને ઉત્તરમાં આ પ્રમાણે કહ્યું - હે ભદ્ર પુરુષો ! હું પોતે જ પુરિમતાલ નગરમાં આવીશ. ત્યાર બાદ અભગ્નસેને તે કોટુંબિક પુરુષોનો ઉચિત સત્કાર કરીને તેમને વિદાય કર્યો. ત્યાર બાદ મિત્રો આદિથી ઘેરાયેલો તે અભગ્નસેન ચોર સેનાપતિ સ્નાનાદિથી નિવૃત્ત થઈ, યાવત્ જ્યાં મહાબલ રાજા હતો ત્યાં આવ્યો, આવીને બે હાથ જોડી, મસ્તક પર અંજલિ કરી મહાબલ રાજાને જય, વિજય શબ્દોથી વધામણી આપે છે. વધામણી દઈને મહાર્થ, મહાર્હ યાવત્ રાજાને યોગ્ય ભેટ અર્પણ કરે છે. ત્યાર બાદ મહાબલ રાજા અભગ્નસેને આપેલી તે ભેટને સ્વીકારીને તેને સત્કાર, સમ્માનપૂર્વક પોતાની પાસેથી વિદાય કરીને તેને રહેવા માટે કૂટાકારશાળામાં સ્થાન આપે છે. ત્યાર બાદ અભગ્નસેન ચોર સેનાપતિ મહાબલ રાજા દ્વારા સત્કારપૂર્વક જુદા પડીને કૂટાકાર શાળામાં જાય છે અને ત્યાં નિવાસ કરે છે.

અહીં મહાબલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું કે - તમે લોકો પુષ્કળ અશનાદિક સામગ્રી તૈયાર કરાવો અને તે અશનાદિક સામગ્રી પાંચ પ્રકારની મદિરા ઓ, તેમજ અનેક પ્રકારના પુષ્પો, માળાઓ અને અલંકારો કૂટાકારશાળામાં અભગ્ન સેન ચોર સેનાપતિની સેવામાં પહોંચાડવાની છે. અભગ્નસેન ચોર સેનાપતિ સ્નાનાદિથી નિવૃત્ત થઇ, સમસ્ત આભૂષણો પહેરીને પોતાને ઘણાં મિત્રો અને જ્ઞાતિજનો સાથે તે વિપુલ અશનાદિક તથા પાંચ પ્રકારની મદિરા આદિનું સારી રીતે આસ્વાદન, વિસ્વાદન આદિ કરતો પ્રમત્ત થઈને વિચરવા લાગ્યો. ત્યારબાદ અભગ્નસેનને સત્કાર પૂર્વક કૂટાકારશાળામાં રોક્યા બાદ મહાબલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું - હે ભદ્ર પુરુષો ! તમે લોકો જાઓ, જઈને, પુરિમતાલ નગરના દરવાજાઓ બંધ કરી દો અને ચોરપલ્લીના ચોર સેનાપતિને જીવતો જ પકડી લ્યો અને પકડીને મારી સામે તેને ઉપસ્થિત કરો. ત્યાર બાદ તે કૌટુંબિક પુરુષોએ ચોર સેનાપતિને જીવતો જ પકડીને મહાબલ રાજાની સામે ઉપસ્થિત કર્યો. મહાબલ રાજાએ અભગ્નસૈન ચોર સેના પતિને પૂર્વવત્ મારવામાં આવે એવી આજ્ઞા આપી.

હે ગૌતમ ! આ રીતે તે ચોરસેનાપતિ અભગ્નસેન પૂર્વોપાર્જિત પુરાતન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાપકર્મોના વિપાકોદયથી નરક તુલ્ય વેદનાનો પ્રયત્ક્ષ અનુભવ કરતો સમય વીતાવી રહ્યો છે. ભગવન્ત!ચોરસેનાપતિ અભગ્નસેન કાળ માસે કાળ કરીને ક્યાં જશે ગૌતમ ! ૨૭ વર્ષની પરમ આયુષ્યને ભોગવીને આજે જ દિવસનો ત્રીજો ભાગબાકી રહેશે, ત્યારે શૂળી પર ચઢાવ વાથી કાળ કરીને રત્નપ્રભા નામની પ્રથમ નરક ભૂમિમાં નારકરૂપે એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થશે. સંસારભ્રમણ પ્રથમ અધ્યયનમાં કહેલા મૃગાપુત્રના સંસાર ભ્રમણની સમાન સમજી લેવો, ત્યાંથી નીકળીને વારાણસી નગરી માં ડુક્કર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં ડુક્કરના શિકારીઓ દ્વારા મરાઈને તે જ બનારસ નગરી ના શ્રેષ્ઠિ કુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં બાળપણનો ત્યાગ કરી યુવાવસ્થાને પ્રાપ્ત થતો, યાવત્ નિર્વાણપદને પ્રાપ્ત કરશે; જન્મ મરણનો અન્ત કરશે.

**અધ્યયન : ૩ ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન : ૪ શકટકુમાર

[૨૪] જંબૂ ! તે કાળ અને તે સમયમાં 'સોહંજની' નામની સુન્દર ભવનાદિથી સુશોભિત, ધન્ય ધાન્યથી પરિપૂર્ણ તથા સ્વ-પરચક્રના ભયથી રહિત એક નગરી હતી. ઈશાન ખૂણામાં 'દેવરમણ' ઉદ્યાન હતું, તે ઉદ્યાનમાં અમોઘ યક્ષનું એક યક્ષાયતન હતું, તે ઘણું જૂનું હતું. તે નગરીમાં મહાચન્દ્ર રાજા રાજ્ય કરતો હતો, તે હિમાલયાદિ પર્વતોની સમાન બીજા રાજાઓની અપેક્ષાએ મહાન તથા પ્રતાપી હતો. તે મહાચન્દ્ર રાજાને સુષેણ એક મંત્રી હતો, જે સામનીતિ, ભેદનીતિ અને દંડનીતિના પ્રયોગને અને ન્યાયની વિધિઓને જાણનાર તથા નિગ્રહમાં ખૂબ જ કુશળ હતો. સુદર્શના વેશ્યા રહેતી હતી, તેના વૈભવનું વર્ણન કામધ્વજા વેશ્યાના વર્ણન સમાન જાણી લેવું.

તે સોહંજની નગરીમાં સુભદ્ર નામનો એક સાર્થવાહ રહેતો હતો. તે સાર્થવાહ સમૃદ્ધયાવત્ કોઈથી પરાભવ ન પામનાર એવો હતો. તે સાર્થવાહની 'ભદ્રા' નામની અન્યૂન તેમજ નિર્દોષ પાંચ ઈન્દ્રિયોથી યુક્ત શરીરવાળી પત્ની હતી. સુભદ્ર સાર્થવાહનો પુત્ર અને ભદ્રા માતાનો આત્મજ 'શકટ' નામનો એક બાળક હતો, તે પણ અન્યૂન તેમજ નિર્દોષ પંચેન્દ્રિયવાળા શરીરથી યુક્ત હતો. તે કાળ અને તે સમયમાં સાહંજની નગરીની બહાર દેવરમણ ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. જનતા અને રાજા નીકળ્યા. ભગવાને તેમને ધર્મ દેશના આપી, ત્યાર બાદ ધર્મનું શ્રવણ કરી જનતા અને રાજા પાછા ચાલ્યા ગયા. ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જયેષ્ઠ શિષ્ય ગૌતમ સ્વામી યાવત્ રાજમાર્ગમાં પધાર્યા, ત્યાં તેમણે હાથીઓ, ઘોડાઓ અને પુરુષોને જોયા. તે પુરુષોની વચ્ચે અવકોટક બંધનથી યુક્ત, કાન અને નાક કાપેલા, ઉદઘોષણા યુક્ત સ્ત્રી સહિત એક પુરુષને જોયો. જોઈને ગૌતમ સ્વામીએ પૂર્વવત્ વિચાર કર્યો અને ભગવાન પાસે આવીને નિવેદન કર્યું.

હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં આ જંબૂદ્વીપના ભારતવર્ષ નામક ક્ષેત્રમાં છગલપુર નામનું એક નગર હતું. ત્યાં સિંહગિરી નામનો રાજા રાજ્ય કરતો હતો, 'છણિક' નામનો એક છાગલિક હતો, કે જે ધનાઢ્ય, અધર્મી યાવત્ બીજાઓને કષ્ટ આપવામાં આનન્દ માનનારો હતો. તે છણિક છાગ લિકની અનેક બકરીઓ, બકરાં ઓ, ભેડો, ગવયો, બળદો, સસલાઓ, વસકો, ડુક્કરો, સિંહો, હરણો, મયૂરો અને ભેંસો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સો, સો અને હજાર-હજાર વાડાઓમાં બાંધેલા રહેતા હતા. ત્યાં જેમને વેતનના રૂપમાં પૈસા, રૂપિયા અને ભોજન આપવામાં આવતું હતું તેવા પુરષો અનેક બકરા આદિ તથા મહિષાદિ પશુઓનું સંરક્ષણ અને સંગોપન કરતા હતા. છણ્ણિક છાગલિકના રૂપિયા અનેભોજન લઈને કામ કરનારપણ અનેક નોકરો સેંકડો તથા હજારો બકરા યાવત્ ભેંસો ને મારીને તેના માંસનેછરીથી કાપીને છણ્ણિકને હંમેશા આપતા તથા તેના અનેક નોકરો તે માંસને તવા ઉપર,કડાઇ ઓ, હાંડામાં ભજનિકોમાં અને અંગારા ઉપર તળતા, ભૂંજતા અને શૂળ દ્વારા પકાવતા તે માંસને રાજમાર્ગમાં વેંચીને આજીવિકા ચલાવતા હતા. છણ્ણિક છાગલિક પોતે પણ તળેલા, ભૂંજેલા અને શૂળ દ્વારા પકાવેલા તે માંસની સાથે સુરા આદિ પાંચ પ્રકારની મદિરાનું આસ્વાદનાદિ કરતો જીવન વ્યતીત કરી રહ્યો હતો.

તેણે બકરા આદિ પશુઓના માંસને ખાવુ અને મદિરાઓ પીવી તે પોતાનું કર્તવ્ય બનાવી લીધું હતું અને પાપપૂર્ણ પ્રવૃત્તિઓમાં તે હંમેશા તત્પર રહેતો હતો. આ પ્રવૃત્તિઓ જ તેના જીવનનું વિશિષ્ટ જ્ઞાન બનેલી હતી અને આવા જ પાપપૂર્ણ કૃત્યોને તેણે પોતાનું સર્વોત્તમ આચરણ બનાવી રાખ્યું હતું. ત્યાર પછી એવા કલેશજનક અને મલીનરૂપ અત્યન્ત નિકાચિત પાપકર્મોનું ઉપાર્જન કરીને સાતસો વર્ષના પૂર્ણ આયુષ્યને ભોગવીને કાળમાસમાં કાળ કરીને ચોથી નરકમાં ઉત્કૃષ્ટ ૧૦ સાગરોપમની સ્થિતિ વાળા નારકિઓમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

[૨૫] સુભદ્ર સાર્થવાહની ભદ્રા નામની પત્ની જાતનિન્દુકા હતી. આ બાજુ છણ્ણિક છાગલિકનો જીવ ચોથી નરકમાંથી નીકળીને સીધો આ જ સોહંજની નગરીમાં સુભદ્ર સાર્થવાહની ભદ્રા નામની પત્નીના ગર્ભમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. જ્યારે ભદ્રા સાર્થવાહિનીને ગર્ભને ધારણ કરતાં ત્રણ માસ વ્યતીત થઇ ગયા ત્યાર પછી આ પ્રમાણે દોહદ ઉત્પન્ન થયો - તે માતાઓ ખરેખર ધન્ય છે, યાવત્ જીવન અને જન્મ સફળ છે, જેઓ નગરના ગૌ આદિ પશુઓના, જળચર, સ્થળચર અને ખેચર આદિ પ્રાણીઓના, પક્ષીઓના તળેલા, અગ્નિમાં પકાવેલા અને શૂળ પર રાખી પકાવેલા માંસનો તથા સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ તથા પ્રસન્ના નામક મદિરાઓનું આસ્વાદન, પરિભોગ અને વિભાજન કરીને પોતાનો દોહદ પૂર્ણ કરે છે. પણ તે દોહદ પૂર્ણ નહિ થવાથી તે ભદ્રા સાર્થવાહિની સુકાવા લાગી ભૂખી એવં ચિન્તાગ્રસ્ત રહેવા લાગી.

ત્યારે સુભદ્ર સાર્થવાહે પોતાની ભાર્યા ભદ્રાને ચિન્તિત જોઇને કહ્યું - દેવાનુપ્રિયે ! શા કારણે તું ચિન્તાગ્રસ્ત રહ્યાં કરે છે ? ત્યારે ભદ્રા સાર્થવાહિનીએ સુભદ્ર સાર્થવાહને કહ્યું - દેવાનુંપ્રિય ! મારા ગર્ભના ત્રણ માસ થઇ ગયા છે અને દોહદની પૂર્તિ નહિ થવાથી હું ચિન્તિત છું. ત્યારે સુભદ્ર સાર્થવાહે ભદ્રાભર્યાની વાત સાંભળી અને સમજીને કહ્યું - દેવાનુપ્રિયે ! આપણાં પૂર્વકૃત પાપના પ્રભાવથી કોઇ અધર્મી યાવત્ બીજાને દુઃખ આપ વામાં આનન્દ માનનાર જીવ તારા ગર્ભમાં આવ્યો છે, આ કારણથી તને આવો દોહદ ઉત્પન્ન થયો છે. એ જીવનું ભલું થાઓ ! પછી કોઇ ઉપાયથી તે દોહદ પૂર્ણ કર્યો, ત્યાર પછી ભદ્રા સાર્થવાહિની સુખે સુખે તે ગર્ભને વહન કરવા લાગી. લગભગ નવ માસ પૂરા થયા ત્યારે સુભદ્રા સાર્થવાહિનીએ બાળકને જન્મ આપ્યો. ઉત્પન્ન થતાં જ માતાપિતા તે બાળકને શકટ-નીચે સ્થાપિત કરે છે અને પાછો ઉઠાવી લે છે, તેનું યથાવિધિ સંર ક્ષણ, સંગોપન અને સંવર્ધન કરે છે.ઉજ્ઝિત કુમારની જેમ ઉત્પન્ન થતાં જ 'અમારા આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાળકને શકટ નીચે સ્થાપિત કરવામાં આવ્યું હતું તેથી આનુ નામ 'શકટ કુમાર' પાડ વામાં આવે છે. તેનું બાકીનું જીવન ઉજ્ઝિતક કુમારની સમાન જ જાણી લેવું જોઈએ. જ્યારે સુભદ્ર સાર્થવાહ લવણ સમુદ્રમાં મૃત્યુ પામ્યો તેમજ શકટની માતા ભદ્રા પણ મરણ પામી ત્યાર તે શકટ કુમારને રાજપુરુષો દ્વારા ઘરેથી કાઢી મૂકવામાં આવ્યો.

પોતાના ઘરેથી જ્યારે શકટ કુમારને કાઢી મૂકવામાં આવ્યો ત્યારે તે સોહંજની નગરીના ત્રિકોણ માર્ગ આદિ સ્થાનોમાં ભટકતો, જુગારીઓના અડ્ડામાં અને શરાબ ખાનામાં રહેતો હતો. કોઈ વખતે સુદર્શનાગણિકા સાથે તેની ગાઢ પ્રીતિ થઈ ગઈ અને તે, તે ગણિકાને ત્યાં રહીને યથેષ્ટ કામભોગોનો ઉપભોગ કરતો આનંદપૂર્વક સમય વ્યતીત કરે છે. ત્યાર બાદ મહારાજ સિંહગિરિનો મંત્રી સુષેણ કોઈ વખતે તે શકટકુમારને સુદર્શના વેશ્યાના ઘરેથી કાઢી મુકાવે છે અને સુદર્શના પોતાના ઘરમાં રાખી લે છે. ઘરમાં સ્ત્રી તરીકે રાખેલી સુદર્શના સાથે મનુષ્યસંબંધી વિશિષ્ટ કામભોગોનો ઈચ્છા મુજબ ઉપભોગ કરતો તે સમય વ્યતીત કરે છે. સુદર્શનાના ઘરેથી મંત્રી દ્વારા કાઢી મુકવવાથી તે શકટકુમાર બીજી કોઈ પણ જગ્યાએ સ્મૃતિ, રતિ અને ધૃતિ પામતો ન હતો તેથી કોઈ વખતે તે ગુપ્તરૂપે સુદર્શનાના ઘરે પહોંચી ગયો અને ત્યાં તેની સાથે ઈચ્છા મુજબ કામભોગોનો ઉપયોગ કરતો સમય વીતાવવા લાગ્યો.

આ બાજુ એક દિવસે સુષેણ મંત્રી સુદર્શનાના ઘરે આવ્યો, આવીને સુદર્શ નાની સાથે ઈચ્છા મુજબ કામભોગોનો ઉપભોગ કરતાં શકટકુમારને જોયો, જોઈને તે ક્રોધથી રાતોપીળો થઈ, યાવત્ શકટ કુમારને પોતાના પુરુષોદ્વારા પકડાવીને તેને લાકડીથી યાવત્ મથિત કરીને અવકોટક બંધનથી જકડાવી દે છે. ત્યાર બાદ તેને મહારાજ મહા ચન્દ્રની પાસે લઈ જઈને મહાચન્દ્ર રાજાને બે હાથ જોડી, મસ્તક પર અંજલિ કરી પ્રણામ કરે છે, અને આ પ્રમાણે કહે છે : - હે સ્વામિન્ ! આ શકટકુમારે મારા અન્તઃપુરમાં પ્રવેશ કરવાનો અપરાધ કર્યો છે. દેવાનુપ્રિય ! તમે જ તેને દંડ આપો. ત્યાર બાદ મહારાજ મહા ચન્દ્રની આજ્ઞા મેળવીને સુષેણ મંત્રીએ "શકટકુમાર અને સુદર્શના વેશ્યાને પૂર્વોક્ત રીતે મારો" એવી આજ્ઞા રાજપુરુષોને કરી. આ રીતે હે ગૌતમ ! શકટકુમાર બાળક પોતાના પૂર્વોપાર્જિત જૂના તથા દુશ્ચીર્ણ પાપકર્મોના ફળનો પ્રયત્ક્ષ અનુભવ કરી રહ્યો છે.

[૨૬] ભગવાન્ ! શકટકુમાર અહીંથી કાળ કરીને ક્યાં જશે ? ગૌતમ ! શકટકુર મારને, જ્યારે તે ૫૭ વર્ષની આયુને ભોગવીને આજે જ દિવસનો ત્રીજો ભાગ બાકી રહેશે, ત્યારે એક મહાન્ લોહમય તપેલી અગ્નિ સમાન દેદીપ્યમાન સ્ત્રી પ્રતિમા સાથે આલિંગન કરાવ વામાં આવશે અને મૃત્યુ સમયે કાળ કરીને રત્નપ્રભા નામની પહેલી નરકભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને સીધો રાજગૃહનગમાં ચાંડાલ કુળમાં યુગલ રૂપે ઉત્પન્ન થશે. તે યુગલના માતાપિતા બારમે દિવસે તેમનામાંથી બાળકનું નામ 'શકટ કુમાર' અને કન્યાનું નામ 'સુદર્શના' રાખશે. શકટ કુમાર બાળપણ નો ત્યાગ કરીને યૌવનને પ્રાપ્ત થશે. સુદર્શના કુમારી પણ બાળપણથી નીકળીને વિશિષ્ટ જ્ઞાન અને બુદ્ધિ આદિની પરિપકવતાને પ્રાપ્ત કરતી યુવાવસ્થામાં આવશે. તે રૂપમાં, યૌવન માં અને લાવણ્યમાં આવશે તેમ જ ઉત્કૃષ્ટ શરીરવાળી થશે. ત્યારે સુદર્શના કુમારીના રૂપ, યૌવનમાં પાગલ બનેલો, તેની ઈચ્છા રાખનાર, તેના સ્નેહ જાળમાં જકડાયેલો અને તેની જ એક માત્ર લગનમાં આસક્ત રહેનારો તે શકટ કુમાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની બહેન સુદર્શના સાથે મનુષ્યસંબન્ધી પ્રધાન કામભોગનું સેવન કરતો જીવન વ્યતીત કરશે.

ત્યાર બાદ કોઈ વખતે તે શકટ કુમાર પોતાની મેળેજ કૂટગ્રાહિત્ત્વને પ્રાપ્ત કરીને સમય વ્યતીત કરશે. ત્યારે કૂટગ્રહ બનેલો તે શકટ મહાઅધર્મી યાવત્ દુષ્પ્રત્યાનન્દ થશે અને આવા કર્મો કરનાર, તેવા કાર્યોને જ મુખ્યરૂપે માનનાર અને તેનાજ જ્ઞાનવાળો તેમજ આજ પાપ કર્મોને પોતાનું સર્વોત્તમ આચરણ માનતો, અધર્મ પ્રધાન કૃત્યોથી તે ઘણાં પાપ કર્મોને ઉપા ર્જિત કરીને મૃત્ય સમયે કાળ કરીને રત્નપ્રભા નામની પહેલી નરકભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થશે. તેનું સંસારભ્રમણ પૂર્વવત્ જાણી લેવું ત્યાંથી નીકળીને તે સીધો વારાણસી નગરીમાં મત્સ્યરૂપે જન્મ લેશે.ત્યાં માછીમાર દ્વારા વધને પ્રાપ્ત થયેલો તે ફરી તે જ વારણસી નગરીમાં એક શ્રેષ્ઠિકુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે સમ્યકત્વને તથા સાધુધર્મને પ્રાપ્ત કરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવતા બનશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાં સાધુવૃત્તિનું સમ્યક્રૂપે પાલન કરીને સિદ્ધિ પ્રાપ્ત કરશે, કેવળજ્ઞાનથી સમસ્ત પદાર્થોને જાણશે સમ્પૂર્ણ કર્મોથી રહિત થઈ જશે અને સર્વ દુઃખોનો અન્ત કરશે.

**અધ્યયન : ૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન : ૫ - બૃહસ્પતિદત્ત

[૨૭] હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં કૌશાંબી નામની ઋદ્ધ-ભવનાદિકથી યુક્ત, સ્તિમિત-સ્વ ચક્ર, પરચક્રના ભયથી રહિત અને સમૃદ્ધિથી પરિપૂર્ણ નગરી હતી. તેની બહાર ચંદ્રાવતરણનું ઉદ્યાન હતું. તેમાં શ્વેતભદ્રયક્ષનું યક્ષાયતન હતું. તે કૌશાંબી નગરીમાં શતાનીક નામનો પ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તેની મૃગાવતીરાણી હતી. ઉદયન નામનો એક કુમાર હતો, તે સર્વેન્દ્રિય સમ્પન્ન તેમજ યુવરાજ હતો. તે ઉદયન કુમારની પદ્માવતી નામની એક રાણી હતી. તે શતાનીકનો સોમદત્ત નામનો એક પુરો હિત હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આદિ નો સંપૂર્ણ જ્ઞાતા હતો. સોમદત્ત પુરોહિતની વસુદત્તા નામની પત્ની હતી તથા સોમ દત્તનો પુત્ર અને વસુદત્તા નો આત્મજ બૃહસ્પતિદત્ત નામનો એક સર્વાંગસંપન્ન અને રૂપવાન બાળક હતો.

તે કાળ અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કૌશાંબી નગરીની બહાર સ્થિત ચન્દ્રાવતરણ ઉદ્યાનમાં પધાર્યા. તે સમયે ભગવન્ ગૌતમ સ્વામી પૂર્વવત્ કૌશાંબી નગરીમાં ભિક્ષા માટે ગયા અને રાજમાર્ગમાં પધાર્યા. ત્યાં હાથીઓ, ઘોડાઓ અને પુરુષોને તથા તે પુરુષોની વચ્ચે એક વધ્ય પુરુષને પણ જોયો, તેને જોઈને મનમાં ચિન્તન કરવા લાગ્યા અને પાછા આવીને ભગવાનને તેના પૂર્વભવ વિષે પૂછવા લાગ્યા, હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં આ જમ્બૂદ્વીપમાં સ્થિત ભારતવર્ષ નામક ક્ષેત્રમાં સર્વતોભદ્ર નામનું ઋદ્ધ, સ્તિમિત અને સમૃદ્ધ નગર હતું. જિતુશત્રુ રાજાનો મહેશ્વરદત્ત નામનો એક પુરોહિત હતો, જે ચારેય વેદોનો સંપૂર્ણ જ્ઞાતા હતો. મહેશ્વરદત્તપુરોહિત જિતશત્રુ રાજાના રાજ્ય અને બળની વૃદ્ધિ માટે પ્રતિદિન એક બ્રાહ્મણ બાળક, એક ક્ષત્રિય બાળક, એક વૈશ્ય બાળક અને એક શુદ્ર બાળકને પકડાવી લેતો હતો અને પકડા-વીને જીવતાં જ તેમના હૃદયોના માંસપિંડોને કાઢી લેતો હતો, કાઢીને જિતશત્રુ રાજાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિમિત્તે શાન્તિહોમ કર્યા કરતો હતો.

આ સિવાય તે પુરોહિત આઠમ અને ચૌદશના દિવસે બબ્બે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર બાળકો, વર્ષમાં સોળ સોળ બાળકોના હૃદયના માંસપિંડોથી શાન્તિ હોમ કરતો તથા જ્યારે જ્યારે જિતશત્રુ રાજાનું કોઇ બીજા શત્રુ રાજા સાથે યુદ્ધ થતું ત્યારે ત્યારે તે મહેશ્વરદત્ત પુરોહિત ૧૦૮ બ્રાહ્મણ બાળકો, ૧૦૮ ક્ષત્રિય બાળકો, ૧૦૮ વૈશ્ય બાળકો અને ૧૦૮ શૂદ્ર બાળકોને પોતાના માણસો દ્વારા પકડાવીને તેમની જીવિતાવસ્થામાં જ હૃદયના માંસપિંડોને કઢાવીને જિતુશત્રુ રાજા માટે શાન્તિ હોમ કરતો. તેના પ્રભાવથી જિતશત્રુ રાજા તરત જ શત્રુનો નાશ કરી દેતો યા તેને ભગાડી મૂકતો.

[૨૮] ત્યાર બાદ આવા પ્રકારનાં કર્મોનું અનુષ્ઠાન કરનાર, આ કર્મોમાં પ્રધાન, આ કર્મોની જ વિદ્યા જાણનાર અને આ પાપ કર્મોને જ પોતાનું સર્વોત્તમ આચરણ બનાવનાર તે મહેશ્વરદત્ત પુરોહિત અનેક પ્રકારના પાપકર્મોનો સંગ્રહ કરીને ત્રણ હજાર વર્ષનું આયુષ્ય ભોગવીને પાંચમી નરકભૂમિમાં ઉત્પન્ન થયો, ત્યાં તેની સ્થિતિ ૧૭ સાગરોપમની હતી. ત્યાર બાદ મહેશ્વરદત્ત પુરોહિતનો પાપિષ્ઠ જીવ તે પાંચમી નરકભૂમિમાંથી નીકળીને સીધો આ કૌશાંબી નગરીમાં સોમદત્ત પુરોહિતની વસુદત્તા નામની પત્નીનાં ઉદરમાં ગર્ભરૂપે આવ્યો. ઉત્પન્ન થયેલા તે બાળકના માતાપિતાએ જન્મથી બારમા દિવસે બૃહસ્પતિદત્ત નામ રાખ્યું. પછી તે બાળક યાવત્ યુવાવસ્થાને પ્રાપ્ત થયો. પરિપક્વ વિજ્ઞાનને ઉપલબ્ધ કરેલા તે ઉદય કુમારનો બાળપણથી જ મિત્ર થઇ ગયો કેમ કે તે બન્ને એક સાથે ઉત્પન્ન થયા હતા, એક સાથે મોટા થયા હતા અને એક સાથે જ રમ્યા હતા.

ત્યાર બાદ કોઇ વખતે મહારાજા શતાનીકનું મૃત્યુ થયું ત્યારે ઉદયનકુમારે ઘણા રાજાઓ, રાજકુમારો યાવત્ સાર્થવાહ આદિની સાથે રુદન કરતાં, આક્રંદન તથા વિલાપ કરતાં શતાનીક રાજાનું ઘણાં ભભકા સાથે નિસ્સરણ તથા મૃતક સંબંધી સમ્પૂર્ણ લૌકિક કૃત્યો કર્યા. ત્યારબાદ તે રાજા, રાજકુમાર યાવત્ સાર્થવાહ આદિ લોકોએ મળીને મોટા સમારોહ સાથે ઉદયનકુમારનો રાજ્યાભિષેક કર્યો, ત્યારથી ઉદયનકુમાર રાજા બની ગયો. બૃહસ્પતિદત્ત બાળક ઉદયન રાજાનો પુરોહિત બન્યો અને પુરોહિત સંબંધી કામકાજ કરતો તે સર્વ સ્થાનો, સર્વ ભુમિકાઓ તથા અન્તઃપુરમાં ઇચ્છાનુસાર, કોઇ પણ જાતની રોક ટોક વિના ગમના ગમન કરવા લાગ્યો. ત્યાર બાદ તે બૃહસ્પતિદત્ત પુરોહિતનો, કોઇ વખતે પદ્માવતી રાણી સાથે અનુચિત સંબંધ પણ થઇ ગયો. તદ્નુસાર પદ્માવતી રાણી સાથે તે ઉદાર, ઇચ્છા મુજબ, મનુષ્ય સંબંધી કામભોગોનું સેવન કરતો સમય વીતાવવા લાગ્યો.

આ બાજુ ઉદયન રાજા સ્નાનાદિથી નિવૃત્ત થઇને અને સમસ્ત આભૂષણોથી અલંકૃત થઇને જ્યાં પદ્માવતી રાણી હતી ત્યાં આવ્યો, આવીને તેણે પદ્માવતી રાણી સાથે કામભોગોનું સેવન કરતાં બૃહસ્પતિદત્ત પુરોહિતને જોયો, જોતાં જ તે ક્રોધથી ધમધમી ઊઠયો અને કપાળ પર ત્રણ રેખાવાળી ભ્રૂકુટિ ચઢાવીને બૃહસ્પતિદત્ત પુરોહિતને માણસો દ્વારા પકડાવીને, આ રીતે તેનો વધ કરવાની રાજપુરુષોને આજ્ઞા આપી. હે ભદન્ત ! બૃહસ્પતિદત્ત પુરોહિત અહીંથી કાળ કરીને કયાં જશે અને કયાં ઉત્પન્ન થશે ? ભગવાને કહ્યું - ગૌતમ ! બૃહસ્પતિદત્ત પુરોહિત ૬૪ વર્ષના આયુષ્યને ભોગવીને આજે જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિવસનો ત્રીજો ભાગ બાકી રહેશે ત્યારે શૂળી પર ચઢાવ વાથી કાળ માસમાં કાળ કરીને રત્નપ્રભા નામક પ્રથમ નરક ભૂમિમાં ઉત્પન્ન થશે, તેમજ પ્રથમ અધ્યયનમાં કહેલા મૃગાપુત્રના સંસાર ભ્રમણની જેમ સંસાર ભ્રમણ કરશે. ત્યાંથી નીકળીને હસ્તિનાપુર નગરમાં મૃગરૂપે જન્મ લેશે. ત્યાં જાળમાં ફસાવીને મારનાર શિકારીઓ દ્વારા મારી નાખવા પર તે આ હસ્તિનાપુર નગરમાં શ્રેષ્ઠ કુળમાં પુત્રરૂપે જન્મ ધારણ કરશે. ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે અને કાળ કરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યવીને મહાવિ દેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં અણગાર વૃત્તિને ધારણ કરીને સંયમા રાધના દ્વારા કર્મોનો ક્ષય કરીને સિદ્ધિપદને પ્રાપ્ત કરશે. મોક્ષે જશે.

**અધ્યયન : ૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ ૬ નંદિસેણ

[૨૯] હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં મથુરા નગરી હતી. ત્યાં ભંડીર ઉદ્યાન હતું, તેમાં સુદર્શન યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં શ્રીદાસ રાજા રાજ્ય કરતો હતો, તેની બંધુશ્રી રાણી હતી. તેમનો સર્વાંગ સંપૂર્ણ અને પરમ સુન્દર યુવરાજ પદથી અલંકૃત નન્દિવર્ધન નામનો પુત્ર હતો. શ્રીદાસ રાજાને સામ, ભેદ, દંડ અને દાનનીતિમાં નિપુણ સુબંધુ મંત્રી હતો. તે મંત્રીનો બહુમિત્રી પુત્ર નામનો એક બાળક હતો, જે સર્વાંગ સંપન્ન અને રૂપવાન હતો તથા તે શ્રીદાસ રાજાને ચિત્ર નામનો, અલંકારી નાઈ-હતો. તે રાજાનું અનેક પ્રકારે અલંકારિક કર્મ કરતો હતો. તે રાજાજ્ઞાથી સર્વસ્થાનોમાં, સર્વભૂમિકાઓ તથા અન્તઃપુરમાંપ્રતિબંધરહિત ગમનાગમનકરતો હતો.તેકાળઅનેતેસમયમાં શ્રમણ ભગવાનમહાવીર પધાર્યા, પરિષદ્ અને રાજા નીકળ્યાં યાવત્ પાછા ચાલ્યા ગયા.

તે સમયે ભગવાનમહાવીરસ્વામીના પ્રધાન શિષ્ય ગૌતમસ્વામી ભિક્ષાર્થે ગમન કરતાં યાવત્ રાજમાર્ગમાં પધાર્યા. ત્યાં તેમણે હાથીઓ, ઘોડાઓ અને પુરુષોને જોયા તથા તે પુરુષોની વચ્ચે રહેલા યાવત્ નરનારીઓથી ઘેરાયેલા એક પુરુષને પણ જોયો. રાજપુરુષો તેને ચત્વર - અગ્નિની સમાન તપેલા લોહમય સિંહાસન પર બેસાડે છે, બેસાડીને કોઈ જસતના રસથી ભરેલા, કોઈ સીસાના રસથી ભરેલા અને કોઈ કળકળ શબ્દ કરતા ગરમ પાણીથી ભરેલા અને ક્ષારયુક્ત તેલથી પૂર્ણ, અગ્નિની સમાન તપેલા લોખંડના ઘડાઓથી અભિષેક કરી રહ્યાછે. ત્યાર બાદ તેને લોખંડની સાણસીથી પકડીને અગ્નિની સમાન તપેલા લોખંડનો અઢારસરો હાર, નવસરો હાર તથા મુકુટ પહેરાવે છે. આ જોઈને ગૌતમસ્વામીને પૂર્વવત્ વિચાર ઉત્પન્ન થયો.

હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં સ્થિત ભારત વર્ષ ક્ષેત્રમાં સિંહાપુર નગર હતું. ત્યાં સિંહરથ રાજા રાજ્ય કરતો હતો. તેને દુર્યોધન નામનો એક કારાગૃહ રક્ષક - જેલર હતો, જે અધર્મો યાવત્ મુશ્કેલીઓથી પ્રસન્ન થનાર હતો. તેને ત્યાં અનેક પ્રકારની લોહમય કુંડીઓ હતી જેમાંથી કેટલીક પિગા ળેલા ગરમ તામ્રથી પૂર્ણ હતી, કેટલીક જસતના ગરમ રસથી પરિપૂર્ણ હતી, સીસાથી પરિપૂર્ણ હતી, કેટલીક ચૂનામિશ્રિત ઊકાળેલા જળથી ભરેલી અને કેટલીક ક્ષારયુક્ત તેલથી ભરેલી હતી કે જે અગ્નિ પર જ મૂકેલી રહેતી હતી. દુર્યોધન નામના તે જેલર પાસે અનેક ઊંટોના પૃષ્ઠભાગ સમાન મોટા મોટા અનેક મટકા હતાં. તેમાંથી કેટ લાંક ઘોડાના મૂત્રથી ભરેલા

હતાં, હાથીના મૂત્રથી ભરેલા હતાં, કેટલાંક ઊંટના મૂત્રથી ભરેલા હતાં, કેટલાંક ગાયોના મૂત્રથી ભરેલા હતાં, કેટલાંક ભેંસોના મૂત્રથી, કેટલાંક બકરાંઓના મૂત્રથી તો કેટલાંક ઘેટાંના મૂત્રથી ભરેલા હતા.

તે દુર્યોધન નામના જેલર પાસે અનેક હસ્તાંદુકો, પાદાન્દુકો, કાષ્ઠની બેડી, લોખંડની બેડી અને લોખંડની સાંકળના ઢગલાઓ રહેતા હતા, અને દુર્યોધન જેલરની પાસે અનેક ચાબુકો, ચિંચાની ચાબુકો, આંબલીની ચાબુકો કોમળ ચામડાની ચાબુકો તથા સામાન્ય ચાબુકો અને વૃક્ષથી છાલથી બનાવેલ ચાબુકોના, અનેક શિલાઓ, લાકડીઓ, મુદગરો અને નંગરો, અનેક પ્રકારની ચામડાની રસ્સીઓ, ઝાડની છાલથી બનાવેલ રસ્સી, વાળની રસ્સીઓ અને સૂતરની રસ્સીઓના, તલવાર, આરા, અસ્તરા અને કદંબચીરપત્ર નામના શસ્ત્ર વિશેષના, અનેક પ્રકારની લોખંડની ખીલીઓ, વાંસની શલાકાઓ, ચામડાના પટ્ટાઓ અને ચલપટ્ટ, અનેક પ્રકારની સોયો, ડુંભાણાઓ લોહમય શલાકાઓ અને નાના મુદ્દગરોના, અનેક પ્રકારના શસ્ત્રો, નાના છરાઓ, કુહાડાઓ, નખ છેદકો અને ડાભોના પુંજ અને નિકરો પણ રાખેલા હતા.

ત્યાર બાદ તે દુર્યોધન નામઓ જેલર સિંહસ્થ રાજાના અનેક ચોર, પારદારિક, રાજાપકારી, ઋણધારક, બાળઘાતી, વિશ્વાસઘાતી, જુગારી અને ધૂર્ત પુરુષોને રાજ પુરુષોને દ્વારા પકડાવીને ઊંધે માથે પાડે છે. પાડીને લોખંડના દંડથી મુખને ખોલે છે. મુખ ખોલીને કેટલાંકને જસત,ચૂના આદિથી મિશ્રિત જલ અથવા કલકલ શબ્દ કરતું અત્યન્ત ઉષ્ણ જળ અને ક્ષારયુક્ત તેલ પીવડાવે છે તથા કેટલાંકને તેનાથી નવડાવે છે તથા કેટલાંકને ઊંધે માથે પાડીને ઘોડાનું, હાથીનું યાવત્ ઘેટાનું મૂત્ર પીવડાવે છે. ઊલટી કરાવે કેટલાંકના શરીરને સંકોચે છે અને મરડે છે. કેટલાંકને સાંકળોથી બાંધે છે, કેટલાંકના હાથ કાપે છે, યાવત્ શસ્ત્રોથી શરીરના અવયવોને કાપે છે, કેટલાંકને વાંસથી સોટીઓથી યાવત્ વૃક્ષના છાલની ચાબુકોદ્વારા મરાવે છે. કેટલાંકને ઊંધે માથે પાડીને તેના વક્ષઃસ્થલ પર શિલા અને લાકડાં ગોઠવીને રાજપુરુષો દ્વારા તે શિલા તથા લાકડાંનું કંપન કરાવે છે, કેટલાંકના હાથો અને પગો, તંત્રિઓથી, બંધાવીને કૂવામાં ઊંધો લટકાવે છે, લટકાવીને ગોથા ખવડાવે છે તથા કેટલાકનું અસિપત્ર યાવત્ કદંબચીરપત્રોથી છેદન કરાવે છે અને તેના પર ક્ષારયુક્ત તેલનો માલિસ કરાવે છે. કેટલાંકના મસ્તકમાં, કંઠ મણિઓમાં કોણિઓમાં, ઘૂંટણોમાં તથા ગુલ્ફોમાં લોઢાના ખીલાઓ તથા વાંસની શલાકાઓ ઠોકાવે છે તથા વીંછીના કાંટાને શરીરમાં પ્રવેશ કરાવે છે. કેટલાંક ની હાથની આંગળીઓ અને પગની આંગળીઓમાં મુદગરો દ્વારા સોયો અને ડુભાણા ઓ થી શરીર છોલાવે અને મૂળસહિત કુશાઓ, મૂળરહિત કુશાઓ તથા ભીના ચામડા દ્વારા બંધાવી દે છે, ત્યાર બાદ તડકામાં ઊભા રાખીને તે સૂકાઇ જવા પર તડતડ શબ્દપૂર્વક તેનું ઉત્પાટન કરાવે છે. આ રીતે તે દુર્યોધન નામનો જેલર આવી નિર્દયતાપૂર્ણ પ્રવૃત્તિઓને જે પોતાનું કાર્ય બનાવતો, એમાં જ પ્રધાનતા માનતો, એ પ્રવૃત્તિઓને જ પોતાનુ જ્ઞાન બનાવતો તથા આ જ દુષ્ટ વૃત્તિઓને પોતાનું સર્વોત્તમ આચરણ બનાવતો અત્યન્ત પાપકર્મોનું ઉપાર્જન કરીને ૩૧૦૦ વર્ષના પરમ આયુષ્યને ભોગવીને કાળ માસમાં કાળ કરીને છઠ્ઠી નરકભૂમિમાં ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૩૦] ત્યાર બાદ તે દુર્યોધન જેલરનો જીવ નરકભૂમિથી નીકળીને એ જ મથુરા નગરીમાં શ્રીદામ રાજાની બંધુશ્રી રાણીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. ત્યારબાદ લગભગ નવ માસ પરિપૂર્ણ થવા પર બંધુશ્રીએ બાળકને જન્મ આપ્યો. બારમે દિવસે માતાપિતાઓએ તે બાળકનું નામ 'નન્દિષેણ' રાખ્યું યાવત્ યુવરાજ પદ આપ્યું. ત્યાર બાદ રાજ્ય અને અતઃપુરમાં અત્યન્ત આસક્ત એવો તે નન્દિષેણકુમાર શ્રીદામ રાજાને મારીને તેના સ્થાને પર પોતે આવીને મન્ત્રી આદિની સાથે રાજ્યલક્ષ્મીને વધારવાની તથા પાલન કરવાની ઈચ્છા કરવા લાગ્યો. તે માટે તે નન્દિષેણ કુમાર મહારાજા શ્રીદામ ના અનેક આન્તરિક છિદ્રો જોવા લાગ્યો અને વિરહની પ્રતીક્ષા કરતો સમય વ્યતીત કરવા લાગ્યો.

ત્યાર બાદ તે શ્રીદામ રાજાના વધનો પ્રસંગ પ્રાપ્ત ન થવાથી કુમાર નન્દિષેણે કોઈ વખતે ચિત્ર નામના નાઈ - હજામને બોલાવીને કહ્યું કે - હે દેવાનુપ્રિય ! તું શ્રીદાસ રાજાના સર્વ સ્થાનો, સર્વ ભૂમિકાઓ જાણી છે તથા અન્તઃપુરમાં સર્વત્ર સ્વેચ્છાપૂર્વક આવી જઈ શકે છે, અને શ્રીદામ રાજાનું વારંવાર અલંકાર કર્મ કરે છે, તેથી હે દેવાનુપ્રિય ! જ્યારે તું રાજાના અલંકાર કર્મ કરતો હો તે સમયે રાજાની ગરદનમાં અસ્તરો ખુંચાડી દે તો હું તને અર્ધું રાજ્ય આપી દઈશ. ત્યારબાદ તું અમારી સાથે ઉત્તમ કામભોગોનો ભોગ કરતો આનંદપૂર્વક સમય વ્યતીત કરજે ત્યારબાદ મિત્ર નામના નાઈએ કુમાર નન્દિષેણના ઉક્ત વચનને સ્વીકારી લીધું. પરંતુ થોડા સમય પછી તેના મનમાં એ વિચાર ઉત્પન્ન થયો કે જો કોઈપણ રીતે આ વાતનો પત્તો શ્રીદામ રાજાને મળીજાય તો ન જાણે તે મને કેવા કુમોતથી મારે ? આ વિચાર આવતાં જ તે ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન તેમજ સંજાતભય થઈ ગયો અને તત્કાળ જ જ્યાં શ્રીદામ રાજા હતા, ત્યાં આવ્યો. કહેલા લાગ્યો - હે સ્વામી ! ખરેખર, નન્દિષેણ કુમાર રાજ્યમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને અધ્યુપપન્ન થઈને આપનો વધ કરવાનું ઈચ્છી રહ્યો છે. તે આપને મારીને પોતે જ રાજ્ય લક્ષ્મીને વધારવાની અને ભોગવવાની ઉત્કટ અભિલાષા સેવી રહ્યો છે. શ્રીદામ રાજા એ ચિત્ર પાસેથી આ વાતને સાંભળીને તેનાપર વિચાર કર્યો અને અત્યંત ક્રોધમાં આવી ને નન્દિષેણને પોતાના અનુચરો દ્વારા પકડાવીને આ પ્રમાણે તેને મારવામાં આવે એવો આદેશ રાજ્યપુરુષોને કર્યો.

હે ગૌતમ ! આ નન્દિષેણ પુત્ર આ રીતે પોતે કરેલા અશુભ કર્મોના ફળને ભોગવી રહ્યો છે. હે ભગવન્ ! નન્દિષેણ કુમાર અહીંથી મૃત્યુ સમયે કાળ કરીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! તે નન્દિષેણ કુમાર ૬૦ વર્ષની પરમ આયુને ભોગવીને મૃત્યુ સમયે કાળ કરીને રત્નપ્રભા નામની નરકભૂમિમાં ઉત્પન્ન થશે. તેનું શેષસંસાર ભ્રમણ પૂર્વવત્ સમજી લેવું, પૃથ્વીકાયમાંથી નીકળીને હસ્તિનાપુર નગરમાં મત્સ્યરૂપે ઉત્પન્ન થશે, ત્યાં માછીમારો દ્વારા વધને પ્રાપ્ત થતાં ફરી તે જ હસ્તિનાપુર નગરમાં એ શ્રેષ્ઠિકુળમાં ઉત્પન્ન થશે. ત્યાં તે સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે, ત્યાંથી સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાં ચારિત્ર ગ્રહણ કરશે અને ચારિત્રનું યથાવિધિ પાલન કરીને તેના પ્રભાવથી સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે અને પરમ નિર્વાણ પદને પ્રાપ્ત કરીને સર્વ પ્રકારના દુઃખોનો અન્ત કરશે.

**અધ્યયનઃ ૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ ૭ -ઉદુમ્બરદત્ત

[૩૧] હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં 'પાટલિખંડ' નામનું એક નગર હતું, તે નગરમાં મહારાજા સિદ્ધાર્થ રાજ્ય કરતા હતા. પાટલિખંડ નગરમાં સાગરદત્ત નામનો એક ધનાઢ્ય સાર્થવાહ રહેતો હતો, તેને નગરનો ઘણો પ્રતિ ષ્ઠિત વ્યક્તિ માનવામાં આવતો હતો. તેની ગંગારદત્ત નામની પત્ની હતી. તેને સંપૂર્ણ અને નિર્દોષ પાંચઈન્દ્રિયોથી યુક્ત શરીરવાળો 'ઉદુમ્બરદત્ત' નામનો એક પુત્ર હતો. તે કાળ અને તે સયમમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વનખંડ ઉદ્યાનમાં પધાર્યા. તે કાળ અને સમયમાં ભગવાન ગૌતમ સ્વામી છઠના પારણાના નિમિત્તે ભિક્ષા માટે પાટલિખંડ નગરમાં ગયા. તેઓએ પાટલિખંડ નગરમાં પૂર્વ દિશા તરફના દરવાજાથી પ્રવેશ કર્યો, ત્યાં એક પુરુષને જોયો, તે પુરુષ ખુજલી ના રોગવાળો હતો. તે કોઢના રોગવાળો, પેટ એક દમ મોટું હતું, જલોદર, ભગંદર અને હરસના રોગવાળો હતો. તેને કાસ, શ્વાસ અને સોજા ના રોગ પણ હતાં, તેનું મોઢું સોજેલું હતું, હાથો અને પગો ફુલેલા હતાં, હાથ અને પગની આંગળીઓ સડી ગઈ હતી, નાક અને કાન પણ સડી ગયા હતાં. રસી અને પરુથી તેનું શરીર કચકચતું હતું અને તે કૃમિઓથી અત્યંત વેદના પામી રહ્યો હતો, અને જેમાંથી લોહી અને પરુ વહી રહ્યા છે તેવા ગુમડાથઈ તે યુક્ત હતો. તેના કાન અને નાક પર થયેલા ફોડાઓમાંથી લોહી વગેરે વહેવાથી કાન, નાક સડી ગયા હતા. વારંવાર પરુના, લોહીના અને કૃમિના કોગિળાઓનું વમન કરતો હતો. તે કષ્ટપૂર્ણ, દયાજનક તેમજ દીનતામય શબ્દો બોલી રહ્યો હતો. તેની આગળ અને પાછળ માખીઓનાં ટોળેટોળા બણબણ કરી રહ્યાં હતાં, ભયંકર વેદનાથી તેનું માથું ફાટી જતું હતું. ફાટેલા શણના ટૂકડા ઓઢેલા હતા. ભિક્ષાનું પાત્ર તથા પાણી માટેનું પાત્ર હાથમાં લઈને ઘરે ઘરે ભિક્ષાવૃત્તિ કરી, ભીખ માંગી તે પોતાની આજીવિકા ચલાવી રહ્યો હતો.. ત્યારે ભગવાન ગૌતમ સ્વામી ઊંચ, નીચ અને મધ્યમ ઘરોમાં ભિક્ષા માટે ભ્રમણ કરતાં આવશ્કયતા પ્રમાણે ભિક્ષા લઈને પાટલિષંડ નગર માંથી નીકળી જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા ત્યાં આવ્યા, આવીને ભોજન પાણી સમ્બન્ધી આલોચના કરી લાવેલા આ હાર - પાણી ભગવાનને બતાવ્યા, બતાવીને તેમની આજ્ઞા મળી જવા પર બિલમાં પ્રવેશ કરતા સર્પની જેમ ચાવ્યા વિના આહાર કર્યો અને સંયમ તથા તપથી પોતાના આત્માને ભાવિત કરતા સમય વ્યતીત કરવા લાગ્યા.

તત્પશ્ચાત્ ભગવાન ગૌતમ સ્વામીએ બીજીવાર છઠના પારણાના નિમિત્તે પહેલા પહોરમાં સ્વાધ્યાય અને બીજા પહોરમાં ધ્યાન કરી ત્રીજા પહોરમાં યાવત્ ભિક્ષા માટે ગમન કરતા પાટલિષંડ નગરમાં દક્ષિણ દિશાના દરવાજાથી પ્રવેશ કર્યો. ત્યાં પણ તેમણે ખુજલી આદિ રોગોથી યુક્ત તે જ પુરુષને જોયો અને તેઓ ભિક્ષા લઈને પાછા આવ્યા. બાકીનું સર્વ વર્ણન પૂર્વની જેમ જાણવું, ત્યારબાદ ભગવાન ગૌતમ સ્વામીએ ત્રીજીવાર છઠના પારણાના નિમિત્તે તે જ નગરના પશ્ચિમ દિશાના દરવાજાથી નગરમાં પ્રવેશ કર્યો તો ત્યાં પણ તેઓએ તે જ પુરુષને જોયો. એ જ રીતે ચોથીવાર છઠના પારણા માટે પાટલિષંડના ઉત્તર દિશાના દરવાજાથી તેમણે નજરમાં પ્રવેશ કર્યો, ત્યારે પણ તેઓએ તે જ પુરુષને જોયો, જોઈને તેના મનમાં વિચાર આવ્યો કે, અહો ! આ પુરુષ પૂર્વકૃત અશુભ કર્મોના કડવા ફળને ભોગવતો કેવું દુઃખપૂર્ણ જીવન વ્યતીત કરી રહ્યો છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ પાછા આવીને તેમણે ભગવાનને સર્વ વૃત્તાંત કહ્યાં હે ભગવન્ ! તે પુરુષ પૂર્વ ભવમાં કોણ હતો ? જે આવા પ્રકારના ભીષણ રોગોથી પીડિત થઈ જીવન વીતાવી રહ્યો છે. હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં આ જંબૂદ્વીપના ભારતવર્ષ નામના ક્ષેત્રમાં 'વિજયપુર' નામનું એક ધન, જન-ભવન આદિથી સમૃદ્ધ નગર હતું. તેમાં 'કનકરથ' નામનો રાજા રાજ્ય કરતો હતો. તે કનકરથ રાજાને આયુર્વેદના આઠે અંગોનો જ્ઞાતા, ધન્વન્તરિ નામનો એક વૈદ્ય હતો. આયુર્વેદ સંબંધી આઠ અંગોના નામ નીચે પ્રમાણે છે કૌમારભૃત્ય, શાલાક્ય, શલ્યાહસ્ત, કાયચિકિત્સા, જાંગુલ, ભૂતવિદ્યા, રસાયણ અને વાજીકરણ, તે વૈદ્ય શુભહસ્ત અને લઘુહસ્ત હતો. તે વૈદ્ય વિજયપુર નગરમાં મહારાજ કનકરથના અન્તઃપુરમાં નિવાસ કરનારી રાણીઓ અને દાસીદાસજનો તથા બીજા ઘણાં દુર્બળ, ગ્લાન, વ્યાધિત, બાધિત, રોગીજનો તેમજ સનાથો, અનાથો તથા શ્રમણો, બ્રાહ્મણો, ભિક્ષુકો, કાપાલિકો તેમજ આતુરોની ચિકિત્સા કરતો હતો. તેમાંથી કેટલાંકને તો મત્સ્ય-માંસદિનો ઉપદેશ કરતો અને કેટલાંકને ગ્રાહના માંસનો કેટલાંકને મગરના માંસનો અને કેટલાંકને સુંસુંકુમાર ના માંસનો અને કેટલાંકને બકરાના માંસનો ઉપદેશ આપતો; આ રીતે ભેડ, ગવય, ડુક્કર, મૃગ, સસલા, ગાયો અને ભેંસોનું માંસ ખાવાનું કહેતો. કેટલાંકને તેતર, બટેરા, લાવરી, કબૂતર, કુકડા અને મોરનું માંસ ખાવાનું કહેતો. આ જ પ્રમાણે બીજા ઘણાં જલચર, સ્થલચર અને ખેચર આદિ જીવોનું માંસ ખાવાનું કહેતો અને પોતે પણ તે મત્સ્ય માંસ ખાવાનું યાવત્ મયૂરરસ યાવત્ ઘણાં જલચર,સ્થલચરઅને ખેચર જીવોના માંસથી તથા મત્સ્યરસ યાવત્ મયૂરરસ સાથે પકાવેલ, તળેલા અને ભૂંજેલા માંસ સાથે છ પ્રકારની સુરાઆદિ મદિરાઓનું આસ્વાદન, વિસ્વાદન આદિ કરતો સમય વ્યતીત કરતો હતો.

આ પાતકમય કર્મમાં નિપુણ, પ્રધાન તથા તે ક્રિયાઓને જ પોતાનું જ્ઞાન, વિજ્ઞાન તેમજ સર્વોત્તમ આચરણ માનતો તે ધન્વન્તરિ નામનો વૈદ્ય અત્યંત પાપકર્મોનું ઉપાર્જન કરીને બત્રીસસો વર્ષના પરમ આયુષ્યને ભોગવીને કાળ માસમાં કાળ કરીને છઠ્ઠી નરક ભૂમિમાં ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિવાળા નારકોમાં નારક રૂપે ઉત્પન્ન થયો. તે સમયે સાગરદત્તની ગંગદત્તા નામની પત્ની, જે જાતનિન્દુ હતી. કોઈ એક વખતે મધ્ય રાત્રિએ કુટુમ્બ સંબંધી ચિન્તાથી જાગતી તે ગંગાદત્તા સાર્થવાહિનીના મનમાં જે વિચાર ઉત્પન્ન થયો, હું ઘણાં લાંબા સમયથી સાગરદત્ત સાર્થવાહની સાથે ઉદાર પ્રધાન કામભોગોનો ઉપભોગ કરી રહી છું, પરંતુ મેં આજ સુધીમાં એક પણ જીવતા રહેનાર બાળકને અથવા બાલિકાને જન્મ આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું નથી, તેથી તે માતાએ ધન્ય છે તથા તે માતાઓ કૃતાર્થ તેમજ કૃત પુણ્ય છે, તેમજ તેઓએ જ મનુષ્ય સંબંધી જન્મ અને જીવનને સફળ બનાવ્યું છે. જેમની કુક્ષિથી ઉત્પન્ન થયેલ જે પોતાના સ્તનોના દૂધમાં લુબ્ધ, મધુર આલાપ કરનાર, સ્ખલિત વચન વાળી, સ્તન મૂળથી કક્ષપ્રદેશ સુધી અભિસરણશીલ તથા અત્યંત સરળ એવા બાળ કોને કમળ સમાન કોમળ હાથોથી પકડીને પોતાનાં ખોળામાં સ્થાપિત કરે છે અને જે બાળકો વારંવાર સુમધુર, કોમળ, વચનો પોતાની માતાને સંભળાવે છે, તે માતાઓને હું ધન્ય માનું છું.

હું અધન્યા, અપુણ્યા, અકૃતપુણ્યા છું, કારણ કે હું આ પૂર્વોક્ત બાલસુલભ એવી ચેષ્ટાઓમાંથી એકને પણ પ્રાપ્ત કરી શકી નથી. હવે મારે માટે એ જ હિતકારક છે કે, કાલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાતઃકાળે સૂર્યોદય થતાં જ સાગરદત્ત સાર્થવાહને પૂછીને વિવિધ પ્રકારના પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકાર લઈને મિત્રો, જ્ઞાતિજનો, નિજકો, સ્વજનો, સંબંધીજનો અને પરિજનોની ઘણી સ્ત્રીઓ સાથે પાટલિષંડ નગરમાંથી નીકળીને બહાર ઉદ્યાનમાં જ્યાં ઉમ્બરદત્તનું યક્ષાયતન છે ત્યાં જાઉં અને ઉમ્બરદત્ત યક્ષની મહાર્હ પુષ્પાર્ચના કરીને અને તેના ચરણોમાં નતમસ્તક થઈને આ પ્રમાણે પ્રાર્થના કરું - હે દેવાનુપ્રિય ! જો હું હવે જીવિત રહેનાર બાળક યા બાલિકાને જન્મ આપું તો હુ આપના યાગ- દાન- ભાગ- અને અક્ષયનિધિ -વૃદ્ધિ કરીશ. આ રીતે ઈચ્છિત વસ્તુઓ મેળવવા માટે પ્રાર્થના કરવાનો તેણે નિશ્ચય કર્યો, નિશ્ચય કર્યા બાદ પ્રાતઃકાળ સૂર્યોદય થવાપર જ્યાં સાગરદત્ત સાર્થવાહ હતો, ત્યાં આવી. આવીને સારગદત્ત સાર્થવાહને આ પ્રમાણે કહેવા લાગી- હે દેવાનુ પ્રિય ! મેં તમારી સાથે મનુષ્ય સંબંધી સાંસારિક સુખોનો સંપૂર્ણ ઉપભોગ કરતાં આ જ સુધીમાં એકપણ જીવતા રહેનાર બાળક યા બાલિકાને પ્રાપ્ત કર્યા નથી, તેથી હું ઈચ્છું છું કે જો આપ આજ્ઞા આપો તો હું મારા મિત્રો, જ્ઞાતિજનો, નિજકજનો, સ્વજનો, સંબંધી ઓ અને પરિજનોની સ્ત્રીઓ સાથે પાટલિષંડ મહાર્હ પૂજા - અર્ચના કરીને પુત્ર પ્રાપ્તિ માટે તેની માનતા માનું ? તેના જવાબના સાગરદત્ત સાર્થવાહે પોતાની ગંગાદત્તા નામની પત્નીને કહ્યું - હે દેવાનુપ્રિયે ! મારી પણ એ જ ઈચ્છા છે.

ત્યારે સારગદત્ત સાર્થવાહની આજ્ઞા મળી જવાથી તે ગંગાદત્તા વિવિધપ્રકારના પુષ્પ અને વસ્ત્રાદિ રૂપ પૂજા સામગ્રી લઈને મિત્રાદિની સ્ત્રીઓ સાથે પોતાના ઘેરથી નીકળી અને પાટલિષંડ નગરની મધ્યમાં થઈને એક પુષ્કરિણી પાસે જઈ પહોંચી, ત્યાં પુષ્કરિણીના કિનારે પુષ્પો, વસ્ત્રો, ગંધો, માળાઓ અને અલંકારોને રાખીને તેણે તલાવડીમાં પ્રવેશ કર્યો. ત્યાં જલસ્નાન અને જલક્રીડા કરીને કૌતુકમંગલ કરીને એક ભીનું વસ્ત્ર અને સાડી ધારણ કરીને તલાવડીમાંથી બહાર આવી. બહાર આવી, પેલી પુષ્પાદિ પૂજા - સામગ્રીને લઈને ઉમ્બરદત્ત યક્ષના યક્ષાયતન પાસે પહોંચી અને ત્યાં પણ તેણે યક્ષને નમસ્કાર કર્યા, ત્યાર બાદ મયૂરપીંછ લઈને તેના વડે યક્ષપ્રતિમાનું પ્રમાર્જન કર્યું, ત્યાર બાદ જલધારાથી યક્ષ પ્રતિમાને સ્નાન કરાવ્યું, ત્યાર બાદ ભગવા રંગથી રંગેલા, સુગન્ધિત તેમજ સુકોમળ વસ્ત્રથી તેના શરીરને લૂંછયું. લૂંછીને શ્વેત વસ્ત્રો પહેરાવ્યાં, વસ્ત્રો પહેરાવીને મહાર્હ પુષ્પારોહણ, વસ્ત્રારોહણ, ગંધારોહણ, માલ્યરોહણ અને ચૂર્ણા રોહણ કર્યું. ત્યાર બાદ ધૂપ કર્યો, ધૂપ કરીને યક્ષની સામે ગોઠણ ટેકવીને પગો માં પડી, આ પ્રમાણે નિવેદન કરવા લાગી. હે દેવાનુપ્રિય ! જો હું એક પણ જીવિત રહેનાર પુત્ર યા પુત્રીને જન્મ આપું તો યાવત્ પૂર્વવત્ યાચના કરે છે.

ત્યાર બાદ તે ધન્વન્તરિ વૈદ્યનો જીવ નરકભૂમિમાંથી નીકળીને આ જંબૂદ્વીપના ભારતવર્ષ નામના ક્ષેત્રનાં પાટલિષંડ નગરામાં ગંગદત્તાની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. લગભગ ત્રણ મહિના પૂર્ણ થઈ જવા પર ગંગદત્તાને નીચે પ્રમાણે દોહદ ઉત્પન્ન થયો. ધન્ય છે, તે માતાઓ યાવત્ તેમણે જ જીવનના ફળને પ્રાપ્ત કર્યું છે, જે મહાન્ અશનાદિક તૈયાર કરાવે છે અને અનેક મિત્ર, જ્ઞાતિ આદિની સ્ત્રીઓથી યુક્ત થઈને વિપુલ ખાદ્ય સામગ્રી તથા સુરા આદિં મદિરાઓ સાથે લઈને પાટલિષંડ નગરની મધ્ય માંથી નીકળીને તલાવડી પર જાય છે. ત્યાં તલાવ ડીમાં પ્રવેશ કરી જલ સ્નાન તેમજ અશુભ સ્વપ્નાદિના ફળને નિષ્ફળ બનાવવા માટે મસ્તક પર તિલક તેમજ બીજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માંગલિકો કરીને તે વિપુલ ખાદ્ય સામગ્રીનું મિત્ર, જ્ઞાતિજન આદિની સ્ત્રીઓ સાથે આસ્વાદનાદિ કરતી, તે પોતાના દોહદને પૂર્ણ કરે છે. આ રીતે વિચાર કરીને પ્રાતઃ કાળમાં તેજથી દેદીપ્યમાન પાસે આવી, આવીને સારગ દત્તને આ પ્રમાણે કહેવા લાગી - હે દેવાનુપ્રિય ! માતાઓ ધન્ય છે, યાવત્ - જે પોતાના દોહદને પૂર્ણ કરે છે. સાગરદત્ત સાર્થવાહની આજ્ઞા મેળવીને ગંગદત્તા પર્યાપ્ત માત્રામાં અશનાદિક ચાર પ્રકારના આહારની તૈયારી કરાવે છે અને તૈયાર કરાવેલ આહાર તેમજ છ પ્રકારની સુરા આદિ પદાર્થ તથા પુષ્પ વિગેરે પૂજાની ઘણી સામગ્રી લઈને મિત્ર, જ્ઞાતિજન આદિની સ્ત્રીઓને તથા બીજી સ્ત્રીઓને સાથે લઈને તે પુષ્કરિણી પાસે આવે છે, યાવત્ તેમાં સ્નાન તેમજ અશુભ સ્વપ્નાદિનાં ફળને નષ્ટ કરવા માટે મસ્તક પર તિલક તેમજ માંગલિક અનુષ્ઠાન કરીને પુષ્કરિણીથી બહાર આવે છે. તે સમયે સાથે આવેલી મહિલાઓ પણ ગંગાદત્તા શેઠાણીને માળાઓ અને અલંકારોથી વિભૂષિત કરે છે. ત્યાર બાદ તે મિત્રાદિની સ્ત્રીઓ અને બીજી નગરની સ્ત્રીઓ સાથે તે વિપુલ અશનાદિક તથા છ પ્રકારની સુરા આદિનું આસ્વાદનાદિ કરતી ગંગાદત્ત પોતાના દોહદને પૂર્ણ કરે છે.

ત્યારબાદ પૂર્ણ, સમ્માનિત, વિનીત, વ્યુચ્છિન્ન અને સંપન્ન દોહદવાળી તે ગંગા દત્તા તે ગર્ભને સુખપૂર્વક ધારણ કરતી આનંદપૂર્વક સમય વ્યતીત કરવા લાગી. ત્યાર બાદ લગભગ નવ માસ પૂર્ણ થઈ જવા પર ગંગાદત્તાએ એક બાળકને જન્મ આપ્યો. માતાપિતાએ કુળ પરમ્પરાનુસાર એના નામનો ઉત્સવ મનાવ્યો. તેનું 'ઉંબરદત્ત' એવું નામ રાખ્યું, ઉંબરદત્ત જ્યારે યુવાન થયો ત્યારે વિજયમિત્રની જેમ સારગદત્ત સાર્થવાહ સમુદ્રમાં વહાણ ડૂબી જવાના કારણે કાળધર્મ પામ્યો તથા ગંગદત્તા પણ પતિના વિયોગજન્ય અત્યંત અસહય દુઃખથી દુઃખી થઈ અને કાળધર્મને પ્રાપ્ત થઈ. ઉજ્ઝિતક કુમારની જેમ ઉંબરદત્ત કુમારને પણ ઘરથી બહાર કાઢી મૂકવામાં આવ્યો. ત્યાર બાદ કોઈ વખતે ઉંબરદત્તના શરીરમાં એક સાથે જ સોળ પ્રકારનો રોગો ઉત્પન્ન થયા, યાવત્ હાથ આદિ સડી જવાથી દુઃખપૂર્વક જીવન વ્યતીત કરવા લાગ્યો.

ત્યારબાદ ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને પૂછયું- ભગવન્ ! આ ઉંબરદત્ત બાળક અહીંથી મૃત્યુના સમયમાં મૃત્યુ પામીને કયાં જશે અને કયાં ઉત્પન્ન થશે ? ભગવાને કહ્યું - હે ગૌતમ ! ઉંબરદત્ત બાળક ૭૨ વર્ષના પરમ આયુષ્યને ભોગ વીને કાળ માસમાં કાળ કરીને રત્નપ્રભા નામની નરકભૂમિમાં નારકીરૂપે ઉત્પન્ન થશે. તે પૂર્વવત્ સંસારભ્રમણ કરતો યાવત્ પૃથ્વીકાયમાં લાખોવાર ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને હસ્તિનાપુર નગરમાં કુકડારૂપે ઉત્પન્ન થશે. ત્યાં જન્મતાં જ ગોષ્ટિકો દુરા ચારી લોકોવડે વધને પ્રાપ્ત થતો તે હસ્તિનાપુરમાં એક શ્રેષ્ઠિકુળમાં ઉત્પન્ન થશે. ત્યાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે, ત્યાંથી મરીને સૌધર્મ નામક પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાં અણગાર ધર્મને પ્રાપ્ત કરીને વિધિ પૂર્વક સંયમની આરાધનાથી કર્મોનો ક્ષય કરીને મોક્ષને પ્રાપ્ત કરશે. કેવળજ્ઞાનદ્વારા સમસ્ત પદાર્થોને જાણશે, સમસ્ત કર્મોથી રહિત થઈ જશે, સકલકર્મજન્ય સંતાપથી વિમુક્ત થશે અને બધા દુઃખોનો અંત કરી દેશે.

**અધ્યયનઃ ૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ ૮ શૌર્યદત્ત

[૩૨] હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં શૌરિકપુર નામનું એક નગર હતું. ત્યાં શૌરિકાવતંકસ નામનું ઉધાન હતું, તેમાં શૌરિક નામના યક્ષનું યક્ષાયતન હતું. ત્યાંના રાજાનું નામ પણ શૌરિકદત્ત હતું. શૌરિકપુર નગરની બહાર ઈશાન ખૂણામાં એક માચ્છીમારોનો મહોલ્લો હતો. ત્યાં સમુદ્રદત્ત નામનો એક માચ્છી માર નિવાસ કરતો હતો. તે અધર્મી યાવત્ દુષ્પ્રત્યાનન્દ હતો, તેની સમુદ્રદત્તા નામની પરિપૂર્ણ તેમજ પાંચે ઈન્દ્રિયોથી યુક્ત શરીરવાળી સ્રી હતી તથા તેમનો શૌરિકદત્ત નામનો એક સર્વાંગ સંપૂર્ણ તેમજ પરમ સુન્દર બાળક હતો. તે કાળ અને તે સમયમાં શૌરિકાવતંસક નામના ઉધાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. યાવત્ પરિષદ અને રાજા ધર્મ દેશના સાંભળી પાછા ચાલ્યા ગયા. તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમ સ્વામી યાવત્ શૌરિકપુર નગરમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ ઘરોમાં ભિક્ષા માટે ભ્રમણ કરતા પર્યાપ્ત આહાર લઈને નગરની બહાર નીકળ્યા તથા માછી મારેના મહોલ્લા પાસે નીકળતા તેમણે અત્યંત વિશાળ મનુષ્ય સમુદાયની વચ્ચે સુકાઈ ગયેલ શરીરવાળો, ભૂખ્યો, માંસરહિત, જેની ચામડી હાડકાંને ચોંટેલી હતી, ઊઠતી અને બેસતી વખતે જેના હાડકાંઓ ખખડતા હતા, જેણે લીલા રંગનું ધોતીયું પહેરેલ હતું તેમજ ગળામાં મત્સ્યકંટક લાગવાથી જે દુઃખમય, કરુણાજનક અને દીનતાપૂર્ણ વચન બોલી રહ્યો હતો, એવા એક પુરુષને જોયો. તે પરુ અને લોહીના કોગળાઓ અને કૃમિના કોગળાઓનું વમન કરી રહ્યો હતો. તેને જોઈને તેમના વિચાર ઉત્પન્ન થયો. અહો ! આ પુરુષ પૂર્વકૃત યાવત્ કર્મોથી નરકસમાન વેદનાનો અનુભવ કરતો સમય વીતાવી રહ્યો છે, ઈત્યાદિ વિચાર કરીને અણગાર ગૌતમ, ભગવાન મહાવીર સ્વામી પાસે ગયા અને તે પુરુષના પૂર્વભવ વિષે પૂછવા લાગ્યા.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં નન્દિપુર નામનું એક પ્રસિદ્ધ નગર હતું. ત્યાંના રાજાનું નામ 'મિત્ર' હતું. તે રાજાનો શ્રીક નામનો એક અત્યંત અધર્મી યાવત્ મુશ્કેલીથી પ્રસન્ન કરી શકાય એવો એક રસોઈયો હતો. તેને રૂપિયા, પૈસા અને ધન્યાદિ રૂપે પગાર ગ્રહણ કરનારા અનેક માછીમારો, જાળમાં પશુઓને ફસાવનારા, તેમજ પક્ષીઓનો વધ કરનાર અનેક નોકરો હતા, જેઓ હમેશાં કોમળ ચામડીવાળા મત્સ્યો અથવા નાના મત્સ્યો યાવત્ પતાકાતિપતાકા નામક મત્સ્ય વિશેષો તથા બકરાઓ યાવત્ ભેંસો તેમજ તેતર યાવત્ મયૂરાદિ પ્રાણીઓને મારીને શ્રીક રસોઈયાને લાવી આપતા હતા. તેને ત્યાં પાંજરાઓમાં અનેક તેતર યાવત્ મયૂરાદિ પક્ષીઓ પૂરેલા રહેતા હતા. શ્રીક રસોઈયાના બીજા અનેક રૂપિયા પૈસા અને ધાન્યાદિ રૂપે પગાર લઈને કામ કરનાર પુરુષો તેતર યાવત્ મયૂરાદિ પક્ષીઓને પાંખરહિત કરીને લાવી આપતા હતા. ત્યાર બાદ તે શ્રીક રસોઈયો અનેક જલચર, સ્થલચર ખેચર જીવોનાં માંસના છરીથી સૂક્ષ્મ, ગોળકાર, મોટા, નાના અનેક પ્રકારના ટુકડા કરતો હતો. તે ટુકડાઓમાંથી કેટલાંકને બરફમાં પકાવતો હતો, કેટલાંકને જુદા રાખી દેતો, જેથી તે ટુકડાઓ સ્વતઃ પાકી જતા હતા. કેટલાંકને તડકાથી અને કેટલાંકને હવા દ્વારા પકાવતો હતો, કેટલાંકને કાળા અને કેટલાંકને લાલ રંગના કરતો હતો, અને તે તે ટુકડાઓને છાશથી, આંબળાના રસથી, દાડમના રસથી, કોઠાના રસથી તથા અન્ય મત્સ્યરસોથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યુક્ત કરતો હતો. ત્યારબાદ તે માંસના ટુકડા ઓમાંથી કેટલાંકને તેલથી તળતો, કેટલાંક ને અગ્નિપર ભૂજતો અને કેટલાંકને શૂળથી પકાવતો. આ રીતે મત્સ્ય માંસના રસોને, મૃગ માંસના રસોને, તેતર માંસના રસોને યાવત્ મયૂરાને માંસના રસોને તથા બીજા ઘણાં લીલાશાક તે તૈયાર કરતો હતો, તૈયાર કરીને મહારાજ મિત્રના ભોજન મંડપમાં લઈ જઈને મહારાજ પાસે હાજર કરતો તથા તે શ્રીક રસોઈયો પોતે પણ પૂર્વોક્ત કોમળ ચામડીવાળા મત્સ્યાદિ સમસ્ત જીવોના માંસ, રસ, લીલાશાક, કે જે શૂળથી પકાવેલા, તળેલા, ભૂજેલા થતા, તેની સાથે છ પ્રકાર ની સુરા આદિ મદિરાઓનું આસ્વાદનાદિ કરતો સમય વ્યતીત કરી રહ્યો હતો. ત્યાર બાદ આ કર્મોનેજ કરનાર, આ કર્મોને જ પ્રધાન માનનાર તે શ્રીક રસોઈયો ઘણાં પાપ કર્મોનું ઉપાર્જન કરીને તેત્રીશસો વર્ષના પરમ આયુષ્યને ભોગવીને કાળ માસમાં કાળ કરીને છઠ્ઠીનરકભૂમિમાં ઉત્પન્ન થયો. તે મચ્છીમારની સમુદ્રદત્તા પત્ની જાત નિન્દુકા હતી, ગંગદત્તાની જેમ વિચાર કરીને, પતિને પૂછીને, માનતાઓ માનીને તથા દોહદની પૂર્તિ કરીને સમુદ્રદત્તા બાળકને જન્મ આપે છે. શૌરિકદત્ત યક્ષની માનતા માનવાથી બાળક પ્રાપ્ત થયો હોવાથી માતપિતાએ તેનું નામ 'શૌરિકદત્ત' રાખ્યું. યુવાવસ્થાને પ્રાપ્ત થયો. ત્યાર બાદ કોઈ વખતે સમુદ્રદત્ત કાળધર્મ પામ્યો, ત્યારે રૂદન, આક્રંદન અને વિલાપ કરતા શૌરિકદત્ત બાળકે અનેક મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીજનો તેમજ નોકરો સાથે સ્મશાન યાત્રા કાઢી અને દાહકર્મ તેજમ બીજી લૌકિક મૃતક્રિયાઓ કરી. કાલાન્તરમાં તે શૌરિકદત્ત પોતે માછીમારોનો નેતા બની ગયો. તે મહા અધર્મી, પાપી યાવત્ તેને પ્રસન્ન કરવો બહુ મુશ્કેલ હતો. તેણે રૂપિયા, પૈસા અને ભોજનાદિ રૂપ વેતન લઈને કામ કરનાર અનેક પગારદાર માણસો રાખ્યા હતા, કે જેઓ નાની નૌકાઓ દ્વારા યમુના નદીમાં પ્રવેશ કરીને સરોવરનું પાણી ઉલેચી નાખી, દરિયોના પાણીમાં વારંવાર પરિભ્રમણ કરીને, થોરનું દૂધ નાખી પાણીને વિકૃત કરીને, વૃક્ષની શાખાઓથી તળાવના પાણીને ડોળીને, તળાવનું પાણી નાલિકાથી બહાર કાઢીને, તળાવના પાણીને વિશેષરૂપે પ્રવાહિત કરીને પ્રપંબુલ, જંભા , ગલ, ફૂટપાશ, વલ્કબંધ, સૂત્રબંધ અને પાશબંધ વિગેરે માછલા પકડ વાના સાધ નોથી અનેક જાતિના કોમળ મત્સ્યો યાવત્ પતાકાતિપતાકા નામના મત્સ્યો ને પકડે છે અને પકડીને તેનાથી નૌકા ભરેછે, ભરીને નદીના કિનારા પર લાવે છે. લાવીને બહાર એક જગ્યા પર તેનો ઢગલો કરે છે, ત્યાર બાદ તેને ત્યાં તડકા માં સૂકાવવા માટે રાખે છે. આ રીતે રૂપિયા, પૈસા અને ધાન્યાદિ લઈને કામ કરનાર તેના બીજા પગાર દાર પુરુષો તડકામાં સૂકાયેલા તે મત્સ્યોના માંસને શૂળમાં પરોવીને પકાવતા, તળતા અને ભૂંજતાઅનેતેનેરાજમાર્ગમાં વેચવામાટેરાખીનેતેનાદ્વારાજઆજીવિકાકરતા સમય વ્યતીત કરી રહ્યાહતા.તદુપરાંત શૌરિકદત્ત પોતે પણ તે શૂળથી પકાવેલ,ભૂંજેલ અને તળેલ મત્સ્યના માંસ સાથે વિવિધ પ્રકારની સુરાઓનું સેવન કરતો સમય વીતાવવા લાગ્યો.

તદન્તર કોઈ વખતે શૂળ દ્વારા પકાવેલા, તળેલા અને ભૂંજેલા મત્સ્ય માંસોનો આ હાર કરતા તે શૌરિકદત્ત માછીમારના ગળામાં માછલીનો કાંટો લાગી ગયો, તેના કારણે તે મહાન વેદનાનો અનુભવ કરવા લાગ્યો. ત્યારે અત્યંત દુખી થયેલા શૌરિકદત્તે પોતાના અનુચરો નોકરોને બોલાવીને આ વાત જાહેર કરાવી તે સાંભળીને ઘણાં વૈદ્યો અને વૈદ્યપુત્રાદિકો શૌરિકદત્તના ઘરે આવ્યા, આવીને ઔત્પાત્તિકી આદિ બુદ્ધિઓ

જૈન સાઈટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વારા સારી રીતે નિદાનને જાણતા તે વૈદ્યો વમન, છર્દન તથા અવપીડન અને કવલ ગ્રાહથી શલ્ય નો ઉદ્ધાર કરવા માટે, શૌરિકદત્ત માછીમારના ગળામાંથી મત્સ્યના કાંટા ને કાઢવાની ઈચ્છા કરે છે. પરન્તુ તેમાં તેઓ સફળ ન થઈ શકયા અને નીકળતા પરુ તથા લોહીને બંધ પણ તેઓ કરી ન શકયા. ત્યારે તેઓ શ્રાન્ત, તાન્ત અને પરિતાન્ત થઈને પોતપોતાના સ્થાને ગયા.

ત્યારે વૈદ્યોનો ઈલાજ સફળ નહિ થવાથી નિરાશ થયેલો તે શૌરિકદત્ત મહાન વેદનાને ભોગવતો સુકાઈ ગયો, યાવત્ હાડપિંજર માત્ર બાકી રહી ગયું. તે દુઃખપૂર્વક સમય વ્યતીત કરવા લાગ્યો. હે ગૌતમ ! આ રીતે તે શૌરિકદત્ત પૂર્વકૃત યાવત્ અશુભ કર્મોનો ફળને ભોગવી રહ્યો છે. ભંતે ! શૌરિકદત્ત માછીમાર અહીંથી કાલમાસે કાળ કરીને કયાં જશે અને કયાં ઉત્પન્ન થશે ? આ પ્રશ્નના ઉત્તરમાં પ્રભુ મહાવીર બોલ્યા. હે ગૌતમ ! ૭૦ વર્ષના પરમ આયુષ્યને ભોગવીને કાલમામમાં કાળ કરીને રત્નપ્રભા નામની પહેલી નકરભૂમિમાં ઉત્પન્ન થશે. તેનું બાકીનું સંસાર-ભ્રમણ પૂર્વવત્ જ જાણવું જોઈએ, યાવત્ તે પૃથ્વીકાયમાં લાખોવાર ઉત્પન્ન થશે. ત્યાંથી હસ્તિનાપુરમાં મત્સ્ય બનશે, ત્યાં માછ મારો દ્વારા વધને પ્રાપ્ત થઈ, ત્યાં જ હસ્તિપુરમાં એક શ્રેષ્ઠીકુળમાં જન્મ લેશે, ત્યાં તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે. ત્યાંથી મરણ પામીને સૌધર્મ નામના દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી આવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મશે અને ત્યાં ચારિત્ર ગ્રહણ કરીને, તેની સિદ્ધપદને પ્રાપ્ત કરશે.

**અધ્યયનઃ૯ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયનઃ૯-દેવદત્તા

[૩૩] હે - જંબૂ ! તે કાળ અને તે સમયમાં રોહીતક નામનું ઋદ્ધ, સ્તિમિત અને સમૃદ્ધ નગર હતું. ત્યાં પૃથિવીઅવતંસક નામનું એક ઉદ્યાન હતું, તેમાં ધરણ નામના યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં વૈશ્રમણ દત્ત નામના રાજાનું રાજ્ય હતું. તેને શ્રી નામની રાણી હતી. તેને યુવરાજ પદથી અલંકૃત પુષ્પનંદી નામનો કુમાર હતો. તે નગરમાં દત્ત નામનો એક ગાથાપતિ રહેતો હતો, જે ધનવાન યાવત્ પોતાની જ્ઞાતિમાં ઘણો સન્માનનીય હતો, તેને કૃષ્ણશ્રી નામની પત્ની હતી. તેને સંપૂર્ણ તેમજ નિર્દોષ, પાંચ ઈન્દ્રિયોથી યુક્ત ઉત્તમ શરીરવાળી દેવદત્તા નામની એક બાલિકા હતી. તે કાળ અને તે સમયમાં પૃથિવીઅવતંસક નામના ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા, તે વખતે ભગવાનના જયેષ્ઠ શિષ્ય ગૌતમ સ્વામી છઠ્ઠના પારણા માટે ભિક્ષાર્થે ગયા, યાવત્ રાજમાર્ગમાં પધાર્યા, ત્યાં તેઓ હાથીઓ, અશ્વો અને પુરુષોને જુએ છે. તેમની વચ્ચે તેમણે અવકોટક બંધનથી બાંધેલી, કાન, નાક કાપેલી, યાવત્ શૂળી વડે ભેદન કરાતી એક સ્રીને જોઈ, જોઈને તેમના મનમાં પહેલાની જેમ વિચાર ઉત્પન્ન થયો, યાવત્ પહેલાની જેમ ભિક્ષા લઈને નગરમાંથી નીકળ્યા અને ભગવાનની પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યા - હે ભદન્ત ! આ સ્રી પૂર્વભવમાં કોણ હતી ?

હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં જંબુદ્વીપના ભારત વર્ષમાં સુપ્રતિષ્ઠ નામનું એક ઋદ્ધ, સ્તિમિત અને સમૃદ્ધ નગર હતું. ત્યાં મહારાજ મહા સેન રાજ્ય કરતા હતા. તેના અન્તઃપુરમાં ધારિણી વિગેરે એક હજાર રાણીઓ હતી. મહારાજ મહાસેનનો પુત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને મહારાણી ધારિણી દેવીનો આત્મજ સિંહસેન નામનો રાજકુમાર હતો, જે સંપૂર્ણ, તેમજ નિર્દોષ પાંચ ઈન્દ્રિયોથી યુક્ત શરીરવાળો તથા યુવ રાજ પદથી અલંકૃત હતો. સિંહસેન રાજકુમારના માતા પિતાએ કોઈ વખતે અત્યંત વિશાળ પાંચસો ઉત્તમ મહેલો બનાવડાવ્યા. ત્યાર બાદ, કોઈ સમયે તેમણે સિંહસેન રાજકુમારના શ્યામા વિગેરે પાંચ સો સુંદર રાજકન્યાઓ સાથે લગ્ન કરી દીધા. ત્યા બાદ રાજકુમાર સિંહસેન શ્યામા વિગેરે તે પાંચસો રાજકન્યાઓસાથેમહેલોમાંરમણકરતોઆનંદપૂર્વક સમય વીતાવવા લાગ્યો. ત્યાર બાદ કોઈ વખતે મહારાજ મહાસેનનું મૃત્યુ થઈ ગયું, રુદન, આક્રંદન અને વિલાપ કરતાં રાજકુમારે તેનું નિસ્સરણ કાર્ય કર્યું, સિંહસેન રાજ સિંહાસન પર આરૂઢ થઈ રાજપદથી વિભૂષિત થઈને હિમવન્તાદિ પર્વતો જેવી શોભા પ્રાપ્ત કરવા લાગ્યો.

સિંહસેન શ્યામા રાણીમાં મૂર્ચ્છિત - તેના ધ્યાનમાં જ પાગલ, ગૃદ્ધ - તેની જ આકાંક્ષાવાળો, ગ્રથિત - તેના સ્નેહજાળમાં બંધાયેલા અને અધ્યુપ પન્ન-તેમાં જ આ સક્ત થઈ ગયો. તે બીજી રાણીઓનો ન તો આદર કરતો હતો અને ન તેમનું ધ્યાન પણ રાખતો હતો, તે ૪૯૯ રાણીઓની ૪૯૯ માતાઓએ જ્યારે આ વાત જાણી ત્યારે તે સર્વેએ મળીને નિશ્ચય કર્યો કે આપણે માટે એ જ ઉચિત છે કે, આપણે શ્યામા રાણીને અગ્નિ પ્રયોગ, વિષ પ્રયોગ અથવા શસ્ત્ર પ્રયોગથી જીવન રહિત કરી નાખીએ. આ પ્રમાણે વિચાર કર્યા પછી તેઓ શ્યામા રાણીના અંતર, છિદ્ર તથા વિરહની રાહ જોવા લાગી. આ બાજુ શ્યામા રાણીને પણ આ ષડ્યંત્રની ખબર પડી ગઈ. તે શ્યામા ભય ભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન અને ભયવિહ્વલ થઈ ગઈ, તથા જ્યાં કોપ ભવન હતું ત્યાં આવી અને ઉદાસીન મનવાળી થઈને બેઠી, યાવત્ વિચાર કરવા લાગી.

તત્પશ્ચાત્ સિંહસેન રાજાએ આ વૃત્તાન્ત જાણી કોપભવનમાં આવીને શ્યામાને ઉદાસીન જોઈને આ પ્રમાણે કહ્યું - હે દેવાનુપ્રિયે ! તુ આ પ્રમાણે નિરાશ અને ચિન્તિત કેમ છે ? મહારાજ સિંહસેનનું આ કથન સાંભળી શ્યામા અત્યંત ક્રોધ યુક્ત થઈ, પ્રબળ વચ નોથી રાજાને સર્વ વાત જણાવી ત્યારે રાજાએ કહ્યું-દેવાનુપ્રિયે ! તું આ પ્રમાણે હતોત્સાહ થઈને આર્ત્તધ્યાન ન કર, હું એવો ઉપાય કરીશ કે જેથી તારા શરીરને કોઈનાથી કોઈ પ્રકારની બાધા-પ્રબાધા થઈ શકશે નહીં. આ રીતે શ્યામાદેવીને ઈષ્ટ આદિ વચનો દ્વારા સાંત્વના દઈને મહારાજ સિંહસેન ત્યાંથી ચાલ્યા ગયા, જઈને તેમણે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા બોલાવીને તેમને કહ્યું કે - તમે લોકો અહીંથી જાઓ અને જઈને સુપ્રતિષ્ઠિત નગરની બહાર એક મોટી કૂટાકારશાળા બનાવ ડાવો, જે સેંકડો સ્તંભોથી યુક્ત, પ્રાસા દીય, દર્શનીય અભિરૂપ હો,

ત્યારપછી કોઈ વખતે સિંહસેન રાજાએ પોતાની ૪૯૯ રાણીઓની ૪૯૯ માતા ઓને આમંત્રણ આપ્યું. સિંહસેન રાજા દ્વારા આમંત્રિત થયેલી તેઓ વસ્ત્રો તેમજ આભૂ ષણોથી સુસજ્જિત થઈ સુપ્રતિષ્ઠિત નગરમાં મહારાજ સિંહસેનની પાસે આવી. મહા રાજ સિંહસેન તે રાણીઓની માતાઓને રહેવા માટે કૂટાગાર શાળામાં ઉતારો આપ્યો. તત્પશ્ચાત્ સિંહસેન રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું - હે ભદ્ર પુરુષો ! તમે લોકો વિપુલ અશનાદિક તથા અનેક પ્રકારના પુષ્પો, વસ્ત્રો, ગંધો-સુગંધિત પદાર્થો, માળાઓ તથા અલંકારોને કૂટાગાર શાળામાં પહોંચાડો. ત્યારબાદ સર્વપ્રકાર નાં અલં-કારોથી વિભૂષિત તે ૪૯૯ રાણીઓની માતાઓએ તે વિપુલ અશનાદિક તથા સુરા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિ સામગ્રીનું આસ્વાદનાદિ કર્યું, યથારુચિ ઉપભોગ કર્યો. ગંધર્વોએ તેમની પ્રશં સાના ગીતો ગાયા, ગાયકો તથા નર્તકોએ સંગીત અને નૃત્ય દ્વારા સ્વાગત કર્યું. આમ આનંદપૂર્વક તેઓ વિચરવા લાગી. તત્પશ્ચાત્ અર્ધરાત્રિના સમયે અનેક પુરુષો થી ઘેરા યેલ મહારાજ સિંહસેન જ્યાં કૂટાકાર શાળા હતી, ત્યાં આવ્યા, આવીને કૂટાકાર શાળા ના બધા દરવાજાઓ બંધ કરાવી દીધા અને તેની ચારે બાજુ આગ લગાવી દીધી. સિંહસેન દ્વારા જલાવેલી, ત્રાણ અને શરણથી રહિત, એવી તે ૪૯૯ રાણીઓની માતા ઓ રુદન, આક્રંદન અને વિલાપ કરતી કાળધર્મ પામી.

ત્યાર બાદ એતત્કર્મો,એતદ્વિધ,એતત્પ્રધાનઅનેતત્સમાચારવાળો થતો તે સિંહ સેન રાજા અત્યધિક પાપ કર્મોનં ઉપાર્જન કરીને ૩૪૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી કાળમાસમાં કાળ કરી છઠ્ઠી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિવાળા નારકી ઓમાં નારકરૂપે ઉત્પન્ન થયો. ત્યારબાદ તે સિંહસેનનો જીવ છઠ્ઠી નરકભૂમિમાંથી નીકળીને રોહીતક નગરમાં દત્ત સાર્થવાહની 'કૃષ્ણશ્રી' નામની પત્નીના ઉદરમાં પુત્રી રૂપે ઉત્પન્ન થયો, ત્યારે તે કૃષ્ણશ્રીએ લગભગ નવ માસ પરિપૂર્ણ થવા પર એક કન્યાને જન્મ આપ્યો, જે અત્યંત કોમળ હાથપગવાળી, યાવત્ પરમ સુન્દરી હતી. ત્યારબાદ તે કન્યાના માતાપિતાએ બારમે દિવસે ઘણું અશનાદિ તૈયાર કરાવ્યું, યાવત્ મિત્ર, જ્ઞાતિ આદિને નિમંત્રિત કરીને તથા બધાને ભોજનાદિથી નિવૃત્ત થવા પર કન્યાનો નામકરણ સંસ્કાર કરતાં કહ્યું કે એનું નામ 'દેવદત્તા' રાખવામાં આવે છે.

પછી તે દેવદત્તા બાલ્યાવસ્થાથી મુકત થઈને, યાવત્ યૌવન, રૂપ અને લાવણ્યથી અત્યંત ઉત્તમ તેમજ ઉત્કૃષ્ટ શરીરવાળી થઈ. થોડા સમય પછી દેવદત્તા કોઈ દિવસે સ્નાન કરીને યાવત્ સમસ્ત આભૂષણોથી વિભૂષિત થયેલી ઘણી કુબ્જા આદિ દાસીઓ સાથે પોતાના મકાનમાં ઉપરના ઝરૂખામાં સોનાના દડાથી રમતી હતી. તે સમયે સ્નાનાદિથી નિવૃત્ત યાવત્ વિભૂષિત મહારાજ વૈશ્રમણ ઘોડા ઉપર સવાર થઈને અનેક અનુચરો સાથે અશ્વક્રીડા માટે રાજમહેલમાંથી નીકળીને શેઠ દત્તના ઘર પાસેથી થઈને જઈ રહ્યા હતા, ત્યારે યાવત્ વૈશ્રમણ મહારાજાએ દેવદત્તા કન્યાને ઉપર સોનાના દડાથી રમતી જોઈ, જોઈને કન્યાના રૂપ, યૌવન અને લાવણ્યથી વિસ્મિત થઈને રાજપુરુષોને બોલાવીને કહ્યું કે - દેવાનુપ્રિયે ! આ કન્યા કોની છે ? તથા એનું નામ શું છે ? ત્યારે રાજ પુરુષો હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહેવા લાગ્યા - હે સ્વામિન્ ! આ કન્યા દત્ત સાર્થવાહની પુત્રી અને કૃષ્ણથી શેઠાણીની આત્મજા છે. એનું નામ દેવદત્તા છે.

ત્યાર બાદ મહારાજ વૈશ્રમણ દત્તે અશ્વક્રીડા કરીને પાછા આવી પોતાના અંતરંગ પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું - હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને જઈને દત્ત શેઠની પુત્રી અને કૃષ્ણશ્રીની આત્મજા દેવદત્તા નામની કન્યાને યુવરાજ પુષ્પનન્દીને માટે પત્નીરૂપે માગો. જો તે રાજ્ય દઈને પણ મેળવી શકાય તો પણ લેવી જોઈએ. મહારાજ વૈશ્રમણની આ આજ્ઞાને સન્માનપૂર્વક સ્વીકાર કરીને તે લોકો સ્નાનાદિ કરી અને શુદ્ધ તથા સભામાં પ્રવેશ કરવા યોગ્ય ઉત્તમ વસ્ત્રો પહેરીને જ્યાં દત્ત સાર્થવાહનું ઘર હતું ત્યાં ગયાં. દત્ત શેઠ પણ તેમને આવતા જોઈ અત્યંત પ્રસન્નતા પ્રકટ કરતા આસન પરથી ઊઠીને તેમના સત્કાર માટે સાત-આઠ પગલા આગળ ગયો અને તેમનું સ્વાગત કરીને આસન પર બેસવાની પ્રાર્થના કરી ત્યાર બાદ ગતિજન્ય થાક દૂર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થવાથી સ્વસ્થ અને માનસિક ક્ષોભ ન રહેવાના કારણે વિશેષ રૂપે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરતા તેમજ સુખપૂર્વક ઉત્તમ આસનો પર અવસ્થિત થઈ જવાપર તે ઘરે આવેલા સજ્જનોને દત્ત શેઠ વિનમ્ર શબ્દોથી નિવેદન કરતો આ પ્રમાણે બોલ્યો- મહાનુભાવો ! આપની અહીં પધરામણી કયા કારણથી થઈ છે ? હું આપના આગમનું કારણ જાણવા ઈચ્છું છું. દત્ત સાર્થવાહે આ પ્રમાણે કહ્યું ત્યારે તે રાજપુરુષોએ આવવાનું કારણ કહ્યું.

તે અંતરંગ પુરુષોનું આ કથન સાંભળી દત્ત શેઠ બોલ્યા-મહાનુભાવો ! મારા માટે આજ મોટી ભેટ છે કે મહારાજ વૈશ્રમણ દત્ત મારી આ બાલિકાને ગ્રહણ કરીને મારાં ઉપર અનુગ્રહ કરી રહ્યો છે. ત્યાર બાદ દત્ત શેઠે તે બધાનો પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલા અને અલંકારાદિથી યથોચિત સત્કાર કર્યો અને તેમને સન્માનપૂર્વક વિસર્જિત કર્યા. ત્યાર બાદ તં અંતરંગ પુરુષો મહારાજ વૈશ્રમણ પાસે આવ્યા અને તેમણે તેને સમગ્ર વૃત્તાન્ત કહી સંભળાવ્યો. ત્યાર પછી કોઈ સમયે દત્ત ગાથાપતિ શુભતિથિ, કરણ, દિવસ, નક્ષત્ર અને મુહૂર્તમાં વિપુલ અશનાદિક સામગ્રી તૈયાર કરાવીને મિત્ર, જ્ઞાતિ, સ્વજન, અને સંબંધી આદિને આમંત્રિત કરીને સ્નાન યાવત્ દુષ્ટ સ્વપ્નાદિના ફળને વિનષ્ટ કરવા માટે મસ્તક પર તિલક અને અન્ય માંગલિક કાર્યો કરીને, સુખપ્રદ આસન પર સ્થિતિ થઈને, તે વિપુલ અશનાદિક સામગ્રીનું મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધી તેમજ પરિજનો સાથે આસ્વાદન વિસ્વાદન કર્યો પછી ઉચિત સ્થાન પર બેસીને આચાન્ત, પરમશુચિ ભૂત, અને મોક્ષ, થઈને, મિત્ર, જ્ઞાતિજન આદિનો વિપુલ પુષ્પ, વસ્ત્ર, ગન્ધ, માલા અને અલંકારથી સત્કાર કરે છે, સન્માન કરે છે, ત્યાર બાદ સ્નાન કરાવીને યાવત્ શારીરિક વિભૂષાથી વિભૂષિત કરેલી કુમારી દેવ દત્તાને સહસ્ર પુરુષવાહિની શિબિકામાં બેસા ડીને અનેક મિત્રો, જ્ઞાતિજનો નજિજનો, સ્વજનો, સંબંધીજનો અને પરિજનોથી ઘેરા યેલો સર્વઋદ્ધિ, યાવત્ વાજિંત્રાદિના શબ્દો સાથે રોહીતક નગરની મધ્યમાંથી થઈને દત્ત શેઠ, જ્યાં મહારાજ વૈશ્રમણનું ઘર હતું અને જ્યાં મહારાજ વૈશ્રમણ દત્ત વિરાજમાન હતા, ત્યાં આવ્યો, આવીને તેણે મહારાજને બન્ને હાથ જોડી મસ્તક પર અંજલિ કરીને મહારાજનો જય હો, વિજય હો, આ શબ્દોથી વધામણી આપી, વધામણી આપ્યા પછી કુમારી દેવદત્તાને રાજાને સામે ઉપસ્થિત કરી.

મહારાજ વૈશ્રમણ, પોતાના સામે ઉપસ્થિત કરવામાં આવેલી કુમારી દેવદત્તાને જોઈને અત્યંત હર્ષિત અને સંતુષ્ટ થયા. વિપુલ અશનાદિક તૈયાર કરાવીને મિત્રો, જ્ઞાતિ જનો, નિજજનો, સંબંધીજનો તથા પરિજનોને આમંત્રિત કરીને તેમને ભોજનાદિ કરા વીને તથા તેમનો વસ્ત્ર, ગંધ અને માલા, અલંકાર આદિથી સત્કાર અને સન્માન કર્યાં. સત્કાર સન્માન કર્યાં પછી કુમાર પુષ્પનન્દી અને કુમારી દેવદત્તાને બાજોઠ પર બેસા ડીને ચાંદી અને સોનાના કળશોથી સ્નાન કરાવે છે. ત્યાર બાદ તેમને સુંદર વેષભૂષાથી સુસજ્જિત કરીને હવન કરાવે છે. હવન કર્યા બાદ કુમાર પુષ્પનંદીને કુમારી દેવદત્તાનું પાણિગ્રહણ કરાવે છે. ત્યારબાદ તે વૈશ્રમણદત્ત રાજા, કુમાર પુષ્પનંદી અને દેવદત્તાના, સંપૂર્ણ ઋદ્ધિ યાવત્ મહાન્ વાદ્યધ્વનિ અને ઋદ્ધિ સમુદાય તથા સન્માન સમુદાય સાથે લગ્ન કરાવે છે. દેવદત્તાના માતાપિતા તથા તેમની સાથે આવેલા બીજા મિત્રજનો આદિને, પણ વિપુલ અશનાદિક તથા વસ્ત્ર, ગંધ, માલા અને અલંકારોથીસત્કાર કરે છે, સન્માન કરે છે રાજકુમાર પુષ્પનંદી શ્રેષ્ઠીપુત્રી દેવદત્તાની સાથે ઉત્તમ મહેલમાં વિવિધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારના વાદ્ય અને જેમાં મૃદંગ વાગી રહ્યા છે તેવા ૩૨ પ્રકારના નાટકોદ્વારા પ્રશંસિત થતા યાવત્ આનન્દપૂર્વક સમયવીતાવવા લાગ્યા.

મહારાજ વૈશ્રમણદત્ત કાળધર્મ પામી ગયા. તેમના મૃત્યુ પર શોકગ્રસ્ત પુષ્પ નંદીએ ઘણા મોટા સમારોહ સાથે તેમનું નિસ્સરણ કર્યું યાવત્ મૃતક કર્મ કરીને પ્રજાના અનુરોધથી (આગ્રહથી) રાજ્યસિંહાસન ઉપર આરૂઢ થયો, ત્યારથી તે યુવરાજ મટીને રાજા થયો. રાજા થઈ ગયા પછી પુષ્પનંદી પોતાની માતા શ્રીદેવીની નિરંતર ભક્તિ કરવા લાગ્યો. તે હંમેશા માતા પાસે જઈને તેના ચરણોમાં પ્રમાણ કરતો, ત્યાર બાદ શતપાક અને સહસ્રપાક તેલોના માલિશથી અસ્થિ, માંસ, ત્વચા અને રુંવાડાને સુખ કારી એવી ચાર પ્રકારની સંવાહનક્રિયાથી શરીરને શાતા પહોંચાડતો, પછી સુગંધિત ચૂર્ણથી શરીરનું ઉબટન કરીને ગરમ, ઠંડા અને સુગંધિત પાણીથી સ્નાન કરાવતો, ત્યાર બાદ વિપુલ અશના દિનું ભોજન કરાવતો, ભોજન કરાવ્યા પછી જ્યારે તે શ્રી દેવી સુખાસન પર બિરાજમાન થઈ જતી ત્યારે તે પોતે સ્નાન કરતો, પછી મનુષ્ય સંબંધી ભોગોનો ઉપયોગ કરતો સયમ વ્યતીત કરતો. ત્યાર બાદ કોઈ વખતે મધ્ય રાત્રિમાં કુટુંબ સંબંધી ચિંતાઓથી વ્યગ્ર થયેલી દેવદત્તા જાગતી હતી, તે વખતે તેના હૃદયમાં એવો સંકલ્પ થયો કે મહારાજ પુષ્પનંદી નિરંતર શ્રી દેવીની સેવામાંજ લીન રહે છે. તેથી આ અવક્ષેપથી હુ મહારાજ પુષ્પનંદી સાથે મનુષ્ય સંબંધી ઉદાર વિષય ભોગોનો ઉપભોગ કરી શકતી નથી, અર્થાત્ તેઓ નિરંતર શ્રીદેવીની ભક્તિમાં જ લાગેલા રહે વાથી મને તેમની સાથે ભોગોપભોગનો પૂરતો સમય મળતો નથી, તેથી મારા માટે હવે એ જ યોગ્ય છે કે, અગ્નિ, શસ્ત્ર અથવા વિષના પ્રયોગથી શ્રીદેવીનો પ્રાણાન્ત કરીને મહા રાજ પુષ્પનંદી સાથે મનુષ્ય સંબંધી ઉદાર વિષયભોગોનો ઈચ્છા મુજબ ઉપભોગ કરું, એવો વિચાર કરીને તે શ્રીદેવીને મારવા માટે કોઈ અંતર, છિદ્ર જોવા લાગી અને વિરહની પ્રતીક્ષામાં સાવધાન રહેવા લાગી.

ત્યાર બાદ કોઈ વખતે શ્રીદેવી સ્નાન કરીને એકાન્તમાં શય્યા ઉપર સુખપૂર્વક સૂતેલી હતી, આ બાજુ દેવી દેવદત્તાએ એકાન્તમાં સૂતેલી શ્રીદેવીને જોઈ અને ચારે તરફ નજર ફેરવીને જ્યાં રસોડું હતું ત્યાં આવી, આવીને એક લોખંડના સળિયાને અગ્નિમાં તપાવ્યો. જ્યારે તે સળિયો અગ્નિ જેવો અને કેસૂડાંના ફૂલ જેવો લાલ થઈ ગયો ત્યારે તેને સાણસીથી પકડીને જ્યાં શ્રીદેવી હતી ત્યાં આવી. તે તપાવેલા લોઢાના સળિયાને શ્રીદે-વીના અપાન ભાગમાં ગુહ્યસ્થાનમાં ખુંચાડી દીધો. તે સળિયો ખુંચાડવાથી મોટી ચીસ પાડીને આક્રંદન કરતી શ્રીદેવી મૃત્યુ પામી. ત્યારબાદ તે ભયાનક ચીત્કારના શબ્દ સાંભળીને શ્રીદેવીના દાસદાસીઓ ત્યાં દોડી આવ્યા. આવતાં જ તેમણે ત્યાંથી દેવ દત્તાને જતી જોઈ અને જ્યારે તે દાસીઓ શ્રીદેવી પાસે ગઈ તો તેમણે શ્રીદેવીને પ્રાણ રહિત, ચેષ્ટાશૂન્ય અને જીવનરહિત થયેલી જોઈ. ત્યારે શ્રીદેવીને મરેલી જોઈને તેઓ એકદમ રાડો પાડવા લાગી. હાય ! હાય ! મહાન અનર્થ થઈ ગયો, એમ કહીને રોતી, ચિલ્લાતી અને વિલાપ કરતી તેઓ મહારાજ પુષ્પનંદી પાસે આવી અને આવીને તેને આ પ્રમાણે કહેવા લાગી - હે સ્વામિન્ ! મહાન અનર્થ થઈ ગયો, દેવી દેવદત્તાએ શ્રીદે-વીને જીવનરહિત કરી દીધી- મારી નાખી.

ત્યાર બાદ રાજા પુષ્પનંદી તે દાસીઓ પાસેથી વૃત્તાન્ત સાંભળીને અને તેનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિચાર કરીને મહાન માતૃ શોકથી આક્રાન્ત થઇ ગયો. કુહાડાથી કાપેલા ચંપક વૃક્ષથી જેમ ધબ દઇને નીચે ભૂમિ પર સંપૂર્ણ અંગોથી પડી ગયો. ત્યાર બાદ થોડા સમય પછી તે પુષ્પનંદી રાજા હોશમાં આવ્યો, ત્યારે રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહ આ બધા સાથે અને મિત્રો, જ્ઞાતિજનો, નિજજનો, સ્વજનો, સંબંધીજનો અને પરિજનો સાથેરુદન, આક્રંદન અને વિલાપ કરતો મહાન ઋદ્ધિ તેમજ સત્કાર સમુદાયથી તે શ્રીદેવીની સ્મશાનયાત્રા કાઢી. ત્યાર બાદ અત્યંત ક્રોધથી લાલપીળો થઇને તેણે, તે દેવદત્તા દેવીને, રાજપુરુષો દ્વારા પકડાવીને ઉપરોક્ત વિધિથી દેવદત્તાને મારી નાખવાની આજ્ઞા આપી. આ રીતે હે ગૌતમ ! દેવદત્તા દેવી પૂર્વકૃત પાપકર્મોનું ફળ ભોગવતી વિચરી રહી છે. હે ભગવન્ત ! દેવદત્તા દેવી અહિંથી કાલ માસમાં કાળ કરીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ? ભગ વન્તે કહ્યું-હે ગૌતમ ! દેવદત્તા દેવી ૮૦ વર્ષનું પરમ આયુષ્ય ભોગ વીને કાલ માસમાં કાળ કરીને રત્નપ્રભા નામની નરકભૂમિમાં ઉત્પન્ન થશે, બાકીનું સંસારભ્રમણ પૂર્વવત્ કરતી થકી યાવત્ વનસ્પ તિમાં લીંબડા આદિ કડવા વૃક્ષોમાં તથા કડવા દૂધ વાળા અર્ક આદિના છોડોમાં લાખો વાર ઉત્પન્ન થશે.ત્યાંથી અંતર રહિત નીકળીને ગંગપુર નગર-માં હંસ રૂપે ઉત્પન્ન થશે, ત્યાં પારધી દ્વારા વધ કરવા પર, તે હંસ ગંગ પુરનગરમાં શ્રેષ્ઠી કુળમાં પુત્રરૂપે જન્મ લેશે, ત્યાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરી પ્રથમ દેવલોક માં ઉત્પન્ન થશે, ત્યાં ચારિત્ર ગ્રહણ કરી સિદ્ધિ પ્રાપ્ત કરશે, કેવળજ્ઞાન દ્વારા સમસ્ત પદાર્થોને જાણશે, સંપૂર્ણ કર્મોથી મુક્ત થઇ સમસ્ત કર્મજન્ય સંતાપથી રહિત થઇ સર્વ દુઃખોને અંતર કરશે.

**અધ્યયનઃ૯-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયનઃ૧૦ અંજૂશ્રી

[૩૪] હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં વર્ધમાનપુર નામનું એક નગર હતું. ત્યાં વિજયવર્ધમાન નામનું ઉદ્યાન હતું. તેમાં મણિભદ્ર નામના યક્ષનું યક્ષાયતન હતું. વિજય મિત્ર ત્યાંના રાજા હતા. ત્યાં ધનદેવ નામનો સાર્થવાહ રહેતો હતો, જે બહુ જ ધનવાન્ અને નગરપ્રતિષ્ઠિત હતો, તેની પ્રિયંગૂ નામની પત્ની હતી તથા તેની સર્વોત્કૃષ્ટ શરીર વાળી અંજૂ નામની બાલિકા હતી. વિજય વર્ધમાન ઉદ્યાનમાં કોઇ વખતે શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી પધાર્યા, યાવત્ પરિષદ્ ધર્મ દેશના સાંભળીને પાછી ચાલી ગઇ. તે વખતે ભગવાનના જ્યેષ્ઠ શિષ્ય યાવત્ ભિક્ષા માટે ભ્રમણ કરતા, વિજયમિત્ર રાજાના ઘરની અશોક વાટિકાની નજીક જતાં તેઆએ, એક દુબળા શરીરવાળી, ભૂખી, માંસ રહિત શરીરવાળી, જેના હાડકાં ખખડી રહ્યાં હતાં તેવી, જેની ચામડી હાડકાં સાથે ચોંટી ગઇ છે તેવી, જેના હાડ ચામજ બાકી રહ્યાં છે તેવી, નીલા રંગની સાડી પહેરેલી, તેમજ કષ્ટમય, કરુણાજનક અને દીનતાપૂર્ણ વચન બોલતી એક સ્રીને જોઇ, જોઇને વિચાર કરવા લાગ્યા. બાકી સર્વ વૃત્તાન્ત પુર્વવત્ જાણવો.

હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં આ જંબૂદ્વીપના ભારત વર્ષમાં ઈન્દ્રપુર નામનું એક સુપ્રસિદ્ધ નગર હતું ત્યાં ઈન્દ્રદત્ત નામનો રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં 'પૃથ્વીશ્રી' નામની એક વેશ્યા રહેતી હતી. ઈન્દ્રપુર નગરમાં તે ગણિકા અનેક ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ આદિ લોકોને ચૂર્ણાદિના પ્રયોગથી વશમાં કરીને મનુષ્ય સંબંધી ઉદારમનોજ્ઞ કામભો ગોનો ઈચ્છા પ્રમાણે ઉપભોગ કરતી આનંદપૂર્વક સમય

વીતાવી રહી હતી. ત્યાર બાદ એ તત્કર્મા, તત્પ્રધાના તદ્વિધા તથા તત્સમાચાર તે પૃથ્વી શ્રી વેશ્યા અત્યંત નિકાચિત પાપ કર્મોનું ઉપાર્જન કરીને ૩૫૦૦ વર્ષના પરમ આયુષ્યને ભોગવીને કાળ માસમાં કાલ કરીને છઠ્ઠી નરક ભૂમિની ૨૨ સાગરોપમની સ્થિતિવાળા નારકોમાં નારકરૂપે ઉત્પન્ન થઇ. ત્યાંથી નીકળીને તે આજ વર્ધમાનપુર નગરના ધનદેવ નામના સાર્થવાહની પ્રિયંગૂ નામની પત્નીના ઉદરમાં કન્યારૂપે ઉત્પન્ન થઇ. તે પ્રિયંગૂએ નવમાસ પૂર્ણ થવા પર કન્યાને જન્મ આપ્યો અને તેનું નામ 'અંજૂશ્રી' રાખ્યું. તેનું બાકીનું વર્ણન દેવદત્તાની જેમ જાણવું.મહારાજ વિજયમિત્રે અશ્વક્રીડા કરવા માટે જતા વૈશ્રમણ દત્તની જેમજ અંજૂશ્રીને જોઇ અને તેતલિની જેમ તેને પોતાને માટે માગી, યાવત્ તે અંજૂશ્રી સાથે લગ્ન કર્યા.

કોઇ અન્ય સમયે અંજૂશ્રીના શરીરમાં યોનિશૂળ નામના રોગનો પ્રાદુર્ભાવ થયો. આ જોઇને વિજય રાજાએ કૌટુંબિક પુરુષોને આ વાત જાહેર કરવા કહ્યું. આ ઉદ્ઘોષણા સાંભળીને નગરના ઘણાં અનુભવી વૈદ્યો, વૈદ્યપુત્રો આદિ રાજા વિજયમિત્ર પાસે આવ્યા. રાજાની આજ્ઞાથી તેઓ અંજૂશ્રી પાસે ઉપસ્થિત થયા અને અંજૂશ્રી પાસે આવીને ઔત્પાત્તિકી આદિ બુદ્ધિઓ દ્વારા નિદાનાદિથી રોગનો નિર્ણય કરતા વિવિધ પ્રકારના આનુભવિક પ્રયોગો દ્વારા દેવી અંજૂશ્રીના યોનિશૂળને ઉપશાન્ત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ તેમના પ્રયોગોથી દેવી અજૂશ્રીના યોનિશૂળનું શમન કરવામાં નિષ્ફળ ગયા ત્યારે ખિન્ન, શ્રાન્ત અને હતોત્સાહ થઇને જ્યાંથી આવ્યા હતાં ત્યાં ચાલ્યા ગયા. ત્યાર બાદ દેવી અંજૂશ્રી તે શલ્યજન્ય વેદનાથી દુઃખી થતી સુકાવા લાગી, ભૂખી રહેવા લાગી અને માંસરહિત શરીરવાળી થઇને કષ્ટપૂર્ણ, કરુણાજનક અને દીનતાપૂર્ણ શબ્દોમાં વિલાપ કરતી જીવન વ્યતીત કરવા લાગી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

હે ભગવન્ ! અંજૂદેવી અહીંથી કાલ માસમાં કાળ કરીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! અંજૂદેવી ૯૦ વર્ષના પરમ આયુષ્યને ભોગવીને કાલે માસમાં કાળ કરીને રત્નપ્રભા નામની પૃથ્વીમાં નારકરૂપે ઉત્પન્ન થશે. તેનું બાકીનું સંસાર-ભ્રમણ પ્રથમ અધ્યયનની જેમ જાણવું, યાવત્ વનસ્પતિમાં લીંબડા આદિ કડવાં વૃક્ષો તથા કડવા દૂધવાળા અર્ક આદિના છોડોમાં લાખો વાર ઉત્પન્ન થશે. ત્યાંની ભવસ્થિ-તિને પૂર્ણ કરીને તે સર્વતોભદ્ર નામના નગરમાં મોર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે મોર, પારધી દ્વારા મરાઇ જવાપર તે જ સર્વતોભદ્ર નગરના એક પ્રસિદ્ધ શ્રેષ્ઠીકુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે.ત્યાં બાળપણને છોડી,યૌવનાવસ્થાને તેમજવિજ્ઞાનનીપરિપકવઅવસ્થાને પામતો તે તથારૂપ સ્થવિરો પાસે સમ્યકૃત્વને પ્રાપ્ત કરશે. ત્યાર બાદ દીક્ષા ગ્રહણ કરીને, મૃત્યુ પછી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થશે. મહાવિદેહ ક્ષેત્રમાં તે ઉત્તમ કુળમાં જન્મ ધારણ કરશે, જેવી રીતે પહેલાઅધ્યયનમાં વર્ણન કર્યું છે તેમ,યાવત્સર્વદુખોથીરહિત થઈ જશે.

**અધ્યયન : ૧૦-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**શ્રુતસ્કંધ :- ૧ - ગુર્જરછાયાપૂર્ણ**

## 卐 શ્રુતસ્કંધ : ૨ 卐

### અધ્યયન : ૧ - સુબાહુકુમાર

[૩૫] તે કાળ અને તે સમયમાં રાજગૃહમાં નામનું નગર હતું. તે નગર ઋદ્ધિ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમૃદ્ધિથી યુક્ત હતું. ત્યાં ગુણશીલ નામનું ચૈત્ય હતું. ત્યાં કોઈ વખતે સુધર્માસ્વામી પધાર્યા, જંબૂસ્વામીએ યાવત્ તેમની પર્યુપાસના કરી, આ પ્રમાણે કહ્યું ભગવન્ત ! શ્રમણ ભગવન્ત મહાવીર સ્વામી યાવતા મોક્ષને પ્રાપ્ત થયા છે, તેમણે દુઃખવિપાકનો આ અર્થ પ્રતિપાદન કર્યો છે તો ભગવન્ત ! યાવત્ મોક્ષને સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહા વીર સ્વામીએ સુખવિપાકનો શું અર્થ પ્રતિપાદિત કર્યો છે ? હે જંબૂ ! સુખવિપાકના દશ અધ્યયનનો આ પ્રમાણે પ્રતિપાદન કર્યા છે.

[૩૬] સુબાહુકુમાર, ભદ્રનંદી, સુજાત, સુવાસવ, જિનદાસ, ધનપતિ, મહાબલ, ભદ્રનંદી, મહાચંદ્ર અને વરદત્ત.

[૩૭] હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં ભવનોથી યુક્ત, સ્વચક્ર અને પરચક્રના ભયથી રહિત અને ધન- ધાન્ય થી પરિપૂર્ણ હસ્તિશીર્ષ નામનું નગર હતું. તેની બહાર ઉત્તર અને પૂર્વ દિશાની મધ્યમાં સર્વઋતુઓમાં ઉત્પન્ન થનારા ફળફૂલો આદિથી યુક્ત પુષ્પ કરંડક નામનું ઘણું જ રમણીય ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં કૃતવનમાલપ્રિય નામના યક્ષનું એક ઘણું જ સુંદર યક્ષાયતન હતું તે નગરમાં અદીનશત્રુ નામનો રાજા રાજ્ય કરતો હતો, અદીનશત્રુ નરેશના અંતઃપુરમાં ધારિણી પ્રમુખ એક હજાર રાણીઓ હતી. એક વખત રાજ્યોચિત વાસભવનમાં સૂતેલી ધારિણીદેવીએ સ્વપ્નમાં સિંહને જોયો, ત્યાર પછી જન્મ આદિનો સંપૂર્ણ વૃત્તાન્ત મેઘકુમારના જન્મ આદિની જેમ જાણી લેવો જોઈએ. યાવત્ સુબાહુકુમાર સાંસારિક કામભોગોના ઉપભોગોમાં સર્વથા સમર્થ થઈ ગયો, માતા પિતાએ સર્વોત્તમ પાંચસો મોટા ઊંચા મહેલો અને તેની વચ્ચે એક ઘણા વિશાળ ભવનનું નિર્માણ કરાવ્યું, મહાબલ રાજાની જેમ સુબાહુકુમારનો વિવાહ પણ કરવામાં આવ્યો. અને તે જ રીતે પૃથક્-પૃથક્ પાંચસો પ્રીતિદાન - આપવામાં આવ્યા. ત્યાર પછી તે સુબાહુકુમાર તે વિશાળ ભવનમાં નાટ્યાદિથી ઉપગોપ માન થતો તે દેવીઓ સાથે મનુષ્યોચિત મનોજ્ઞ વિષય ભોગોનો યથેષ્ટ ઉપભોગ કરવા લાગ્યો.

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કોઈ વખતે હસ્તિશીર્ષ નગરમાં પધાર્યા. પરિષદ્ નગરમાંથી નીકળી. રાજા કૂણિકની જેમ મહારાજ અદીન શત્રુ પણ નગરમાંથી ચાલ્યા તથા જમાલિની જેમ સુબાહુકુમારે પણ ભગવાનના દર્શન માટે રથદ્વારા પ્રસ્થાન કર્યું. યાવત્ ભગવાન્ ધર્મનું નિરૂપણ કર્યું. પરિષદ્ અને રાજા ધર્મકથા સાંભળીને ચાલ્યા ગયા. ત્યાર પછી ભગવાન્ મહાવીર સ્વામી પાસે ધર્મકથાનું શ્રમણ તથા મનન કરીને અત્યંત પસન્ન થયેલ સુબાહુકુમાર ઊઠીને શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીને વન્દન નમસ્કાર કરીને કહેવા લાગ્યા. ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું. યાવત્ જેવી રીતે આપના શ્રી ચરણોમાં અનેક રાજા, ઈશ્વર યાવત્ સાર્થ વાહ આદિ ઉપસ્થિત થઈને, મુંડિત થઈને તથા ગૃહસ્થાવસ્થાથી નીકળીને અણગાર ધર્મ માં દીક્ષિત થયા છે; તેવી રીતે હું પાંચ મહાવ્રતોને તો અંગીકાર કરવામાં સમર્થ નથી તેથી હું પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતોનું જેમાં વિધાન છે. તેવા બાર પ્રકારના ગૃહસ્થ ધર્મને આપની પાસેથી અંગીકાર કરવા ઈચ્છું છું. ત્યારે ભગવાને કહ્યું. સુબહુકુમાર ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો, પરંતુ શુભ કાર્યમાં વાર ન લગાડો .

એમ કહેવા પર સુબાહુકુમારે શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી પાસેથી પાંચ અણુવ્રત સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારના ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો, તે કાળ અને તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમયમાં ભગ વાનના જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમ અણગાર યાવત આ રીતે કહેવા લાગ્યા. અહો ભંતે ! સુબાહુકુમાર બાળક ઘણો જ ઈષ્ટ, ઈષ્ટ રૂપ, કાન્ત, કાન્ત રૂપ, પ્રિય, પ્રિયરૂપ, મનોજ્ઞ, મનોજ્ઞારૂપ,મનામ,મનામરૂપ, સૌમ્ય, સુભગ, પ્રિયદર્શન અને સુરૂપ-સુન્દર રૂપ વાળો છે. ભગવન્ ! આ સુબાહુકુમાર સાધુજનોને પણ ઈષ્ટ, ઈષ્ટરૂપ, યાવત્ સુરૂપ લાગે છે. ભદન્ત ! સુબાહુકુમારે એવી અપૂર્વ માનનીય ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી, ઉપલબ્ધ કરી ? અને કેવી રીતે તેની સન્મુખ ઉપસ્થિત થઈ ? એ પૂર્વભવમાં કોણ હતો ? હે ગૌતમ ! તે કાળ અને તે સમયમાં આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં અન્તર્ગત ભારતવર્ષમાં હસ્તિનાપુર નામનું એક ઋદ્ધ, સ્તિમિત તથા સમૃદ્ધ નગર હતું, ત્યાં સુમુખ નામનો એક ધનાઢ્ય, પ્રભાવશાળી અને કોઈથી પણ પરાભવ ન પામનાર એક ગાથાપતિ રહેતો હતો, જે, યાવત્ નગરનો મુખી માનવામાં આવતો હતો.

તે કાળે અને તે સયમે જાતિ સંપન્ન યાવત્ પાંચસો શ્રમણોથી પરિવૃત્ત ધર્મઘોષ નામના સ્થાવિર ક્રમપૂર્વક ચાલતા અને ગ્રામાનું ગ્રામ વિચરતાં હસ્તિનાપુર નગરના સહસ્રામ્ર નામના ઉધાનમાં પધાર્યા. ત્યાં યથાપ્રતિ રૂપ અવગ્રહ ને ગ્રહણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા થકા વિહરવા લાગ્યા. તે કાળ અને તે સમયે શ્રી ધર્મઘોષ સ્થવિરના અન્તેવાસી ઉગ્ર તપસ્વી યાવત્ તેજોલેશ્યાને સંક્ષિપ્ત કરી ધારણ કરનાર સુદત્ત નામના અણગાર માસખમણ તપ કરતા વિચરી રહ્યા હતા, પુનિત સાધુ જીવન વ્યતીત કરી રહ્યા હતા. ત્યાર પછી સુદત્ત અણગાર જે માસખમણ ના પારણે પહેલા પહોર સ્વાધ્યાય કરતા હતા, બીજે પહોરે ધ્યાન કરતા હતા અને ત્રીજે પહોરે, જેવી રીતે ગૌતમ સ્વામી પ્રભુવીરને પૂછતા હતા તેવી રીતે જ તે સુદત્ત અણગારે પણ શ્રી ધર્મઘોષ સ્થવિરની અનુમતિ મેળવીને યાવત્ ભિક્ષાને માટે ભ્રમણ કરતા સુમુખ ગાથાપતિના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાર પછી સુમુખ ગાથાપતિએ આવી રહેલા સુદત્ત અણગારને જોયા, જોઈને અત્યંત પ્રસન્ન ચિત્તથી આસન પરથી ઊઠયો , ઊઠીને બાજોઠથી નીચે ઉતાર્યો, ઊતરીને પાદુકાનો ત્યાગ કરીને એકશાટિક ઉત્તરાસંગ દ્વારા સુદત્ત અણગારના સ્વાગત માટે સાત આઠ પગલા સામે ગયો, સામે જઈને, વન્દના-નમસ્કાર કરીને, જ્યાં રસોઈ ઘર હતું, ત્યાં ગયો, સુદત્ત અણગારને વિપુલ અશનાદિ આપ્યા. આપતી વખતે પણ પ્રસન્ન થયો અને આપ્યા પછી પણ પ્રસન્ન થયો.

ત્યાર પછી દ્રવ્યતા શુદ્ધિથી દાયકા શુદ્ધિથી, પ્રતિગ્રાહકની શુદ્ધિથી તથા મન, વચન અને કાયરૂપ ત્રિકર ણની શુદ્ધિના કારણે તે સુમુખ ગૃહપતિ દ્વારા સુદત્ત અણ ગારને પ્રતિલાભિત કરવા પર તેણે સંસારને પરિત્ત કર્યો અને મનુષ્ય આયુષ્યનો બંધ કર્યો તથા તેના ઘરમાં પાંચ દિવ્ય પ્રગટ થયા તે આ પ્રમાણે સુવર્ણ વૃષ્ટિ, પાંચ વર્ણના ફૂલોની વૃષ્ટિ, વસ્રોની વૃષ્ટિ, દેવદુંદુભિઓ અને આકાશમાં 'અહોદાનં, અહોદાન' ની ઉદ્‌ઘોષણા. હસ્તિનાપુરનાં ત્રિપથ યાવત્ સામાન્ય માર્ગોમાં અનેક મનુષ્યો એકત્રિત થઈને પરસ્પર એક બીજાને કહેતા હતા - હે દેવાનુપ્રિયો ! ધન્ય છે, સુમુખ ગાથાપતિ ! તે સુમુખ ગાથાપતિ સેંકડો વર્ષોનું આયુષ્ય ભોગવીને કાળ માસ માં કાળ કરીને આ હસ્તિ શીર્ષ નગરમાં મહારાજા અદીનશત્રુની ધારિણી દેવીની કુક્ષિ માં ગર્ભરૂપમાં ઉત્પન્ન થયો. ત્યારે ધારિણીદેવી પોતાની શય્યા ઉપર કંઈક સૂતેલી અને કંઈક જાગતી હતી અને આ અર્ધ નિદ્રિતાવસ્થામાં તેણે સ્વપ્નમાં સિંહને જોયો. બાકીનું વર્ણન પૂર્વવત્ જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ-ભગવન્ ! સુબાહુકુમાર આપશ્રીના ચરણોમાં મુંડિત થઈને ગૃહસ્થા વાસનો ત્યાગ કરીને અણગાર ધર્મને અંગીકાર કરવામાં સમર્થ છે ? હા ગૌતમ ! છે, શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીએ કોઈ અન્ય સમયે હસ્તિશીર્ષ નગરના પુષ્પકરંડક ઉદ્યાનમાં રહેલા કૃતવનમાલનામક યક્ષાયતનથી વિહાર કરીને અન્ય દેશોમાં ભ્રમણ કરવાનું શરૂ કર્યું. અહીં સુબાહુકુમાર, જે શ્રમણોપાસક - થઈ ગયો હતો અને જીવાજી વાદિ પદાર્થોનો જાણકાર થઇ ગયો હતો, તે આહારાદિના દાન દ્વારા અપૂર્વ લાભ પ્રાપ્ત કરતો સમય વીતવવા લાગ્યો. કોઇ વખતે તે સુબાહુ કુમાર ચતુર્દશી, અષ્ટમી, અમા વસ્યા અને પૂર્ણિમાના દિવસોમાંથી કોઇ એક દિવસે પૌષધશાળામાં જઈને, ત્યાંનું પ્રમા-ર્જન કરીને ઉચ્ચાર અને શ્રમવણ ભૂમિનું નિરીક્ષણ કર્યા બાદ ત્યાં કુશનું આસન બીછાવીને તેના પર આરૂઢ થઈને અષ્ટમ ભક્તને ગ્રહણ કરે છે પૌષધશાળામાં પૌષધ રક્ત થઈને યથાવિધિ તેનું પાલન કરતો થકો વિહરવા લાગ્યો.

ત્યાર પછી મધ્યરાત્રિમાં ધર્મજાગરણ માટે જાગતા થકા સુબાહુકુમારના મનમાં આવો સંકલ્પ ઊઠયો કે - તે ગ્રામ, નગર, આકર, જનપદ અને સન્નિવેશાદિ ધન્ય છે. જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી વિચરે છે. તે રાજા, ઈશ્વર આદિ પણ ધન્ય છે, જે શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીની પાસે મુંડિત થઈને દીક્ષિત થાય છે તથા તે રાજા, ઈશ્વરાદિપણ ધન્ય છે, જે શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષારૂપ ગૃહસ્થ ધર્મને અંગીકાર કરે છે. વળી તે રાજા, ઈશ્વરાદિ પણ ધન્ય છે. જે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે ધર્મદેશના સાંભળે છે, તે જો શ્રમણ ભગવાન્ મહાવીર યાવત્ ગમન કરતા થકા અહીં પધારે તો હું શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી પાસે મુંડિત થઈને દીક્ષા અંગીકાર કરી લઉં. ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી સુબાહુકુમારના ઉક્ત પ્રકારના સંકલ્પને જાણીને ક્રમશઃ ગ્રામનુગ્રામ વિચરતાં થકા હસ્તિશીર્ષ નગરના પુષ્પકરંડક ઉદ્યાનમાં રહેલા કૃતવનમાલપ્રિય નામક યક્ષના યક્ષાયતનમાં પધાર્યા અને સાધુવૃત્તિને અનુકૂળ સ્થાને ગ્રહણ કરીને ત્યાં સ્થિરતા કરી. ત્યાર બાદ પરિષદ્ અને રાજા નગરથી નીકળ્યાં, સુબાહુકુમારે પણ પહેલાની જેમ મહાન્ સમારોહ સાથે ભગવાનના દર્શન માટે પ્રસ્થાન કર્યું. ભગવાને ધર્મની પ્રરૂપણા કરી, પરિષદ્ તથા રાજા ધર્મ-દેશના સાંભળીને પાછા ચાલ્યા ગયા.

સુબાહુકુમાર ભગવાન્‌ની પાસે ધર્મશ્રમણ કરીને તેનું મનન કરતો થકો પ્રસન્ન ચિત્તથી મેઘકુમારની જેમ માતાપિતાની અનુમતિ પ્રાપ્ત કરે છે. તેમનું નિષ્ક્રમણ, અભિષેક પણ મેઘકુમારની જેમજ થયું, યાવત્ સુબાહુકુમાર અણગાર ઈર્યાસમિતિના પાલક અને બ્રહ્મચારી બની ગયા. ત્યાર બાદ તે સુબાહુકુમાર અણગાર શ્રમણ ભગ વાન્ મહાવીર સ્વામીના તથારૂપ સ્થવિરોની પાસે સામાયિકાદિ અગિયાર અંગોનું અધ્યયન કરવા લાગ્યા, તથા ઉપવાસ આદિ અનેક પ્રકારના તપોના અનુષ્ઠાનથી આત્માને ભાવિત કરતા થકા ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું યથાવિધિ પાલન કરીને એક માસની સંલેખનાથી પોતાને આરાધિત કરીને સાઠ ભક્તોનું છેદન કરી, આલો-ચના અન પ્રતિક્રમણ કરીને આત્મશુદ્ધિ દ્વારા સમાધિ પ્રાપ્ત કરીને કાલ માસમાં કાળ કરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

ત્યાર પછી તે સુબાહુકુમારનો જીવ સૌધર્મ દેવલોકથી આયુષ્ય, ભવ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિતિનો ક્ષય થવા પર દેવ શરીરને છોડીને વ્યવધાન રહિત મનુષ્યશરીરને પ્રાપ્ત કરશે. ત્યાં શંકા, આકાંક્ષા આદિ દોષોથી રહિત સમ્યકત્ત્વને પ્રાપ્ત કરીને તથા રૂપે સ્થ વિરોની પાસે મુંડિત થઈને યાવત્ દીક્ષિત થઈ જશે. ત્યાં અનેક વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને આલોચના તથા પ્રતિક્રમણ કરીને, સમાધિસ્થ થઈને મૃત્યુ પ્રાપ્ત કરીને સાનુત્કુમાર નામક ત્રીજા દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મનુષ્ય ભવને ધારણ કરીને અણગાર ધર્મનું આરાધના કરી શરીરાન્ત થવા પર મહાશુક્ર નામક સાતમા દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંની ભવસ્થિતિને પૂર્ણ કરીને પછી મનુષ્યભવને પ્રાપ્ત થઈ, દીક્ષાવ્રતનું પાલન કરીને મૃત્યુ પછી આરણ નામના અગિયારમાં દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને ફરી મનુષ્ય ભવને પ્રાપ્ત કરશે અને શ્રમણ ધર્મનું પાલન કરીને મૃત્યુ પછી "સર્વાર્થ સિદ્ધ" નામક વિમાનમાં ઉત્પન્ન થશે અને ત્યાંથી ચ્ય વીને સુબાહુકુમાર નો તે જીવ વ્યવધાન રહિત મહાવિદેહ-ક્ષેત્રમાં કોઈ ધનિક કુળમાં ઉત્પન્ન થશે. ત્યાં દ્દઢ પ્રતિજ્ઞાની જેમ ચારિત્ર ગ્રહણ કરી, સિદ્ધ પદને પ્રાપ્ત કરશે.

**અધ્યયન : ૧-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન-૨ -ભદ્રનંદી

[૩૮] જંબૂ ! તે કાળે અને તે સમયે, ઋષભપુર નામનું નગર હતું, ત્યાં સ્તૂપ કરંડક નામનું ઉદ્યાન હતું અને તે ઉદ્યાનમાં ધન્ય નામનાં યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં ધનપતિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની સરસ્વતીદેવી નામની રાણી હતી. મહા રાણીએ સ્વપ્ન જોયું, પતિને કહેવું, સમય આવવા પર બાળકનો જન્મ થવો અને બાળકનું બાલ્યાવસ્થામાં કળાઓ શીખીને યૌવન પ્રાપ્ત કરવું, ત્યાર પછી વિવાહ થવો, તથા રાજભવનમાં ઈચ્છાનુસાર ભોગોનો ઉપભોગ આદિ સર્વ બાબતો સુબાહુકુમારની જેમ જાણવી જોઈએ. તેમાં આ વિશેષતા છે કે બાળકનું નામ ભન્દ્રનન્દી હતું. તેનો શ્રીદેવી પ્રમુખ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે વિવાહ થયો. ત્યાર પછી મહાવીર સ્વામી પધાર્યા ભદ્રનન્દીનો શ્રાવકધર્મ સ્વીકાર્યો અને ગૌત સ્વામીએ તેનો પૂર્વભવ સંબંધી પ્રશ્નો કર્યા ત્યારે ભગવાને આ પ્રમાણે કહ્યું. મહાવિદેહ ક્ષેત્રની અંદર પુંડરિકિણી નામની નગરીમાં આ ભદ્રનન્દીનો જીવ વિજય નામનો કુમાર હતો, તેમણે યુગબાહુ તીર્થંકરને પ્રતિલા ભિત કર્યા, તેનાથી મનુષ્ય આયુનો બંધ કર્યો અને અહીં ભદ્રનન્દીના રૂપમાં ઉત્પન્ન થયો. શેષ વર્ણન સુબાહુકુમારની જેમજ જાણી લેવુ જોઈએ.

**અધ્યયન : ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન : ૩ -સુજાત કુમાર

[૩૯] હે જંબૂ ! વીરપુર નામક નગર હતું, ત્યાં મનોરમ નામનું ઉદ્યાન હતું. ત્યાં મહારાજા વીરકૃષ્ણમિત્ર રાજ્ય કરતા હતા. તેમની રાણી શ્રીદેવી હતી અને સુજાત નામનો કુમાર હતો. બલશ્રી પ્રમુખ પાંચસો રાજ્યકન્યાઓ સાથે સુજાત કુમારનું પાણિગ્રહણ થયું. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા, સુજાત કુમારે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. ભગવાન ગૌતમ સ્વામીએ તેનો પૂર્વભવ મહાવીર સ્વામીને પૂછયો, પછી ઉત્તરમાં ભગવાને પ્રતિપાદન કર્યું કે ઈક્ષુસાર નગર હતું. ત્યાં ઋષભદત્ત ગાથાપતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિવાસ કરતા હતા. તેમણે પુષ્પદત્ત અણગારને પ્રતિલાભિત કર્યા આહાર દાન દીધું પછી મનુષ્ય આયુષ્ય બાંધ્યું. આયુષ્યપૂર્ણ થવા પર અહીં સુજાતકુમારના રૂપમાં વીરપુર નામના નગરમાં ઉત્પન્ન થયા યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં ચારિત્ર ગ્રહણ કરી, સિદ્ધ થશે.

**અધ્યયન : ૩ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન : ૪ - સુવાસવકુમાર

[૪૦] જંબૂ ! વિજયપુર નામનું એક નગર હતું, ત્યાં નન્દનવન ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં અશોક નામના યક્ષનું યક્ષાયતન હતું. ત્યાંના રાજાનું નામ વાસવદત્ત હતું. તેની કૃષ્ણાદેવી નામની રાણી હતી અને સુવાસવ નામનો રાજકુમાર હતો. તેનો ભદ્રા પ્રમુખ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે વિવાહ થયો. ભગવાન્ મહાવીર સ્વામી પધાર્યા ત્યારે સુવાસવકુમારે તેમની પાસે શ્રાવકધર્મ સ્વીકાર કર્યો પછી ગૌતમ સ્વામીએ તેના પૂર્વભવનો વૃત્તાન્ત પૂછયો, પ્રભુએ કહ્યું - ગૌતમ ! કોશાંબી નગરી હતી ત્યાં ધનપાલ નામનો રાજા હતો, તેણે વૈશ્રમણભદ્ર નામના અણગારને આહાર આપ્યો મનુષ્ય-આયુનો બંધ કર્યો. તે અહીં સુવાસવકુમારના રૂપમાં ઉત્પન્ન થયો, યાવત્ મુનિવૃત્તિને ધારણ કરીને સિદ્ધ ગતિને પ્રાપ્ત થયો.

**અધ્યયન : ૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન : ૫ - જિનદાસ કુમાર

[૪૦] જંબૂ ! સૌગન્ધિકા નામની નગરી હતી. ત્યાં નીલાશોક નામનું ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં સુકાલ નામક યક્ષ નું યક્ષાયતન હતું. નગરીમાં મહારાજ અપ્રતિહત રાજ્ય કરતા હતા તેમની સુકુષ્ણા નામની રાણી હતી. પુત્રનું નામ મહાચન્દ્ર કુમાર હતું. તેની અર્હદત્તા નામની પત્ની હતી, તેનો જિનદાસ નામનો એક પુત્ર હતો. તે સમયે તીર્થંકર ભગવાન્ મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. જિનદાસ ભગવાન્ પાસે પાંચ અણુવ્રતાદિ રૂપ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો. ગણધરદેવ શ્રી ગૌતમ સ્વામીએ ભગવાન્‌ને તેનો પૂર્વભવ પૂછયો અને ભગવાન્ મહા વીર આ પ્રમાણે પ્રતિપાદન કરવા લાગ્યા. ગૌતમ ! માધ્યમિકા નામની નગરી હતી. મહારાજ મેઘરથ ત્યાંના રાજા હતા. સુધર્મઅણગારને મહારાજ મેઘરથે આહાર આપ્યો. તેનાથી મનુષ્ય આયુનો બંધ કર્યો અને અહીં જન્મ લઈને યાવત્ આ જ ભવમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

**અધ્યયન : ૫ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન : ૬ - વૈશ્રમણ કુમાર

[૪૧] હે જંબૂ ! કનકપુર નામનું નગર હતું ત્યાં શ્વેતાશોક નામનું ઉદ્યાન હતું અને તેમાં વીરભદ્ર નામના યક્ષનું મન્દિર હતું. ત્યાં મહારાજ પ્રિયચંદ્રનું રાજ્ય હતું. તેની રાણીનું નામ સુભદ્રાદેવી હતું. યુવરાજ પદ પર અલંકૃત કુમારનું નામ વૈશ્રમણ હતું. તેમનો શ્રીદેવી પ્રમુખ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે વિવાહ થયો. ભગવાનમહાવીર સ્વામી પધાર્યા. યુવરાજના પુત્ર ધનપતિ કુમારે ભગવાન પાસે શ્રાવકના વ્રતોને ગ્રહણ કર્યા. ગૌતમ દ્વારા પૂર્વભવની પૃચ્છા. ધનપતિકુમાર પૂર્વભવમાં મણિપદા નગરીનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા હતો. તેનું નામ મિત્ર હતું. તેમણે સંભૂતવિજય નામના મુનિરાજને આહારથી પ્રતિલાભિત કર્યા. યાવત્ આજ જન્મમાં તે સિદ્ધ ગતિને પ્રાપ્ત થયા.

**અધ્યયનઃ ૬ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## અધ્યયન : ૭ મહાબલકુમાર

[૪૨] જંબૂ ! મહાપુર નામક નગર હતું. તેમાં રકતપાલ યક્ષનું વિશાળ યક્ષાયતન હતું. નગરમાં મહારાજ બલનું રાજ્ય હતું. તેની રાણીનું નામ સુભદ્રાદેવી હતું. તેને મહાબલ નામનો રાજકુમાર હતો. તેનું રક્તવતી પ્રમુખ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ કરવામાં આવ્યું. ભગવાન્ મહાવીર સ્વામી પધાર્યા. ત્યાર પછી મહાબલ રાજકુમારે ભગવાન પાસેથી શ્રાવક ધર્મને ગ્રહણ કર્યો. ગણધરદેવે તેનો પૂર્વભવ પૂછ્યો, કે-ગૌતમ ! મણિપુર નામનું એક નગર હતું ત્યાં નાગદત્ત નામના અણગારને નિર્મળ ભાવનાઓ સાથે શુદ્ધ આહાર દ્વારા પ્રતિલાભિત કર્યા. મનુષ્ય આયુષ્યનો બંધ કરીને તે અહીં મહાબલરૂપે ઉત્પન્ન થયો ત્યાર પછી તેણે સાધુ ધર્મમાં દીક્ષિત થઈને યાવત્ સિદ્ધપદ મોક્ષને પ્રાપ્ત કર્યો.

**અધ્યયન-૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયન-૮-ભદ્રનંદી

[૪૪] જંબૂ ! સુઘોષ નામનું નગર હતું ત્યાં દેવરમણ નામનું ઉદ્યાન હતું. નગરમાં અર્જુન નામના યક્ષનું યક્ષાયતન હતું. નગરમાં અર્જુન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની રક્તવવતી નામની રાણી અને ભદ્રનન્દી નામનો કુમાર હતો. તેનું શ્રીદેવી વિગેરે ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ થયું. ભગવાન્ મહાવીર સ્વામી પધાર્યા. ભદ્રનંદીએ ભગવાન્ પાસેથી શ્રાવકધર્મ સ્વીકાર કર્યો. ગણધરદેવ ગૌતમસ્વામીએ પૂર્વભવ પૂછ્યો ગૌતમ ! મહાઘોષ નામનું નગર હતું, ત્યાં ધર્મઘોષ ગાથાપતિ રહેતો હતો, તેણે ધર્મસિંહ નામના અણગારને શુદ્ધ આહારથી પ્રતિલાભિત કર્યા અને મનુષ્ય આયુષ્યનો બંધ કરીને તે અહીં ઉત્પન્ન થયો, યાવત્ તેણે સિદ્ધગતિને ઉપલબ્ધ કરી.

**અધ્યયન-૮ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## અધ્યયનઃ૯-મહાચંદ્ર

[૪૫] જંબૂ ! ચંપા નામની નગરી હતી, ત્યાં પૂર્ણભદ્ર નામનું ઉદ્યાન હતું. તેમાં પૂર્ણચંદ્ર યક્ષનું આયતન હતું. ત્યાંના રાજાનું નામ દત્ત હતું અને રાણીનું નામ દત્તવતી હતું. તેમનો યુવરાજપદથી અલંકૃત મહાચન્દ્ર નામનો કુમાર હતો. તેના શ્રીકાન્તા પ્રમુખ ૫૦૦ રાજકન્યાઓ સાથે વિવાહ થયો હતો. એક દિવસ પૂર્ણભદ્ર ઉદ્યાનમાં ભગવાન્ મહાવીર સ્વામી પધાર્યા. મહાચન્દ્રે તેમની પાસે શ્રાવકના બાર વ્રતો ગ્રહણ કર્યા. ગૌતમ સ્વામીએ પૂર્વભવ વિષે પૃચ્છા કરી. ભગવાન્ મહાવીરે ઉત્તર દેતાં કહ્યું કે-ચિકિત્સિકા નામની નગરી હતી. મહારાજ જિતશત્રુ ત્યાંનો રાજા હતો. તેણે ધર્મવીર્ય અણગારને પ્રતિલાભિત કર્યા, યાવત્ સિદ્ધપદ-મોક્ષપદને પ્રાપ્ત કર્યું.

**અધ્યયન-૯-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જર છાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અધ્યયન: ૧૦-વરદત્ત

[૪૬] જંબૂ ! તે કાળે અને તે સમયે સાકેત નામનું સુપ્રસિદ્ધ નગર હતું. ત્યાં ઉત્તરકુરુ નામનું ઉદ્યાન હતું. તેમાં 'પર્શ્વમૃગ' નામના યક્ષનું યક્ષાયતન હતું. સાકેત નગરમાં મહારાજ મિત્રનન્દીનું રાજ્ય હતું. તેની રાણીનું નામ શ્રીકાન્તા અને પુત્રનું નામ વરદત્ત હતુ. વરદત્ત કુમારનો વીરસેના પ્રમુખ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે વિવાહ થયો હતો. ત્યાર પછી કોઇ સમયે ઉત્તરકુરુ ઉદ્યાનમાં ભગવાન્ મહાવીર સ્વામીનું આગમન થયું. વરદત્તે ભગવાન્ પાસેથી શ્રાવક ધર્મને ગ્રહણ કર્યો. ગણધરદેવ દ્વારા પૂછવા પર ભગ વાન્ મહાવીરે વરદત્તના પૂર્વભવનું વર્ણન કરતાં કહ્યું કે-હે ગૌતમ ! શતદ્વાર નામનું નગર હતું તેમાં વિમલવાહન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેણે ધર્મરુચિ નામના અણ ગારને આહારાદિના દાનથી પ્રતિલાભિત કર્યા તથા મનુષ્ય આ યુષ્યને બાંધ્યું. ત્યાંની ભવસ્થિતિને પૂર્ણ કરીને તે આ સાકેત નગરમાં મહારાજ મિત્ર નંદીની રાણી શ્રીકાન્તાના ઉદરથી વરદત્તના રૂપમાં ઉત્પન્ન થયો. બાકીનો વૃત્તાન્ત સુબાહુ કુમારની જેમ સમજવો વરદત્ત કુમારનો જીવ સ્વર્ગીય તથા માનવીય અનેક ભવ ધારણ કરતો થકો, અંતમાં સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેમાં ઉત્પન્ન થઇ દઢ પ્રતિજ્ઞની જેમ યાવત્ સિદ્ધ ગતિને પ્રાપ્ત કરશે. જંબૂ સ્વામી-ભગવાન્ ! આપે સુખવિપાકનું જેવું કથન કર્યું છે, તે તેમજ છે, તેમજ છે.

**અધ્યયન: ૧૦-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

[૪૭] વિપાક સૂત્રના બે શ્રુત સ્કંધો છે. તે આ પ્રમાણે-દુઃખ વિપાક અને સુખ વિપાક. દુઃખ વિપાકના એક સરખા દશ અધ્યયનો છે, કે, જે દસ દિવસમાં પ્રતિપાદિત કરવામાં આવે છે. આ રીત સુખવિપાકના વિષયમાં પણ જાણવું. શેષ વર્ણન આચારાંગ સૂત્રની જેમ સમજી લેવું જોઇએ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**શ્રુતસ્કંધ-૨ - ગુર્જરછાયા પૂર્ણ**

| ૧૧ | વિવાગસુયં-ગુર્જરછાયાપૂર્ણ |
|---|---|
| | અંગસૂત્ર-૧૧-ગુર્જરછાયાપૂર્ણ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નમો નમો નિમ્મલ દંસણસ્સ
પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૧૨ ઉવવાઈયં

## ઉપાંગસૂત્ર-૧-ગુર્જરછાયા

[૧] તે કાળે અને તે સમયમાં ચંપા નામની નગરી હતી. તે ભવનાદિથી યુક્ત, સ્વચક્ર-પરચક્રના ભયથી રહિત અને ધનધાન્યથી પરિપૂર્ણ હતી. તે નગરીના નાગ રિકો પ્રસન્ન હતા તથા બીજા દેશમાંથી ત્યાં આવેલા લોકો પણ આનંદ અનુભવ કરતા હતાં. આ નગરી મનુષ્યોથી વ્યાપ્ત હતી. ત્યાંની ભૂમિ સારી રીતે ખેડાયેલી હતી. મનોજ્ઞ હતી તેમ જ ખેતરની માટી તેમાં ખેડીને લીસી કરવામાં આવી હતી. ગામો એટલાં બધા નજીક હતા કે જેથી એક ગામના કુકડાનો અવાજ બીજા ગામમાં જતો. તે નગરી શેરડી, જવ અને ચોખાથી યુક્ત હતી. ત્યાં ગાય ભેંસ તથા ઘેટાંઓ ઘણાં હતાં. સુંદર આકાર વાળાં ચૈત્યો હતાં. યુવતી-નર્તકીઓના અનેક ભવનો હતાં. તે નગરી સકુશળ હતી, ઉપ દ્રવથી રહિત હતી. ત્યાં ભિક્ષા સહેલાઈથી પ્રાપ્ત થતી હતી. લોકો વિશ્વાસપૂર્વક તથા સુખે રહેતા. અનેક પ્રકારના કુટુંબોથી તે નગરી વ્યાપ્ત હતી. નટ, નૃત્ય કરનાર, દોરડા પર નાચનાર, મલ્લ, મુષ્ટિ પ્રહાર કરનાર, બહુરુપી- કથા કર નાર, તરનાર, રાસ લેનાર, શુભાશુભ શુકુનને કહેનારા, વાંસપર નાચનારા, સુંદર ચિત્રો દેખાડનારા, તૂણા નામના વાદ્યને વગાડનારા, વીણાવાદકો, તાલ આપી લોકોને ખુશ કરનારાઓથી એ નગરી શૂન્ય ન હતી. આરામ,ઉદ્યાન,કૂવા,તળાવ, વાવ, વગેરે થી તે યુક્ત હતી, નંદનવન સમાન શોભિત હતી. નગરીની ચારે બાજુ ગોળાકાર ઊંડી ખાઈ હતી. તે ખાઈ વિસ્તારવાળી તળિયું ન દેખાય એવી ગહરી હતી. ઉપર પહોળી, નીચે સાંકડી હતી. તેની ચારે બાજુ કોટ હતો. તે ચક્ર, ગદા, મુસુંઢી, અવરોધ-શતઘ્ની, દૃઢ, સરખા પ્રમાણના દરવાજાવાળી તે નગરી હતી. તેથી તેમાં શત્રુઓને પ્રવેશ કરવો મુશ્કેલ હતો. તે નગરીનો કિલ્લો વાંકા વળેલા ધનુષ્યથી પણ વધારે વાંકો હતો. વાનરના મસ્તક સમાન ગોળાકાર રચના વાળા, સુંદર, તેનાં કાંગરાં હતાં. કોટ ઉપર અગાસીઓ હતી. જ્યાં દરવાજો હતો ત્યાં આઠ હાથ પ્રમાણ પહોળા રસ્તા હતા. મુખ્ય દરવાજા હતા. તેના ઉપર તોરણો હતા. જુદા જુદા માર્ગો હતા. નિપુણ શિલ્પી દ્વારા બનાવેલ આગળિયો તથા-ભોગળો હતી. બજારો, દુકાનો અને વ્યાપારીઓથી યુક્ત હતી. કુંભકારાદિથી યુક્ત હતી તેથી લોકો સુખમય હતા. ત્રિકોણાકાર માર્ગ, ત્રણ રસ્તા, ચાર રસ્તા, અનેક માર્ગો જ્યાં મળે છે તેવા સ્થાનોમાં ક્રય-વિક્રય માટે અનેક દુકાનો હતી. તે દુકાનો અનેક પ્રકારની વસ્તુઓથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શોભિત તથા રમ્ય હતી. તે નગરીના રાજમાર્ગ રાજાના ગમન, આગમનથી સદા વ્યાપ્ત હતા. ત્યાંના રસ્તા અનેક અશ્વો, મદોન્મત્ત હાથીઓ, રથોના સમૂહો, શિબિકાઓ અને મિયાનાથી વ્યાપ્ત હતા તથા શકટાદિથી અને ઘોડાબળદોથી યુક્ત હતા. ત્યાંનાં જલાશયો નવીન કમળોથી યુક્ત હતા. ત્યાંના મકાનો ચૂનાથી ધોળાએલા હોવાના કારણે સુંદર લાગતા હતા. તે નગરીની શોભા અનિમેષ દૃષ્ટિથી જોવા લાયક હતી. ચિત્તને પ્રસન્ન કરનારી હતી-મનને રૂચે તેવા રૂપવાળી હતી.

[૨] તે ચંપાનગરીની બહાર, ઉત્તર-પૂર્વ દિશાની વચ્ચે પૂર્ણભદ્ર નામનું એક ચૈત્ય હતું. તે પ્રાચીન હતું. પ્રસિદ્ધ હતું-જાણીતું હતું, બહુ ગવાયેલું હતું. છત્ર, ધ્વજાથી યુક્ત, ઘંટાવાળું, પતાકાથી શોભિત,મોરના પીંછાના ગુચ્છાથી યુક્ત હતું. ત્યાં વેદિકા બનાવવામાં આવી હતી. તેની ભૂમિ છાણથી લીપવામાં આવતી. તેની ભીંત તેથી ચમકતી હતી. ભીંતમાં ગોરોચન અને સરસ રક્ત ચંદનના થાપા લગાવવામાં આવ્યા હતા. દરેક દ્વાર પર ચંદનવાળા ઘટ હતા તેમજ સારી રીતે કરેલા સુંદર તોરણ દરવાજા પર શોભતાં હતાં. નીચે અટકતી તેમજ ઉપર સ્પર્શતી, વિસ્તૃત ગોળ લટકતી પુષ્પમાળાઓનો સમૂહ તેની ભીંત ઉપર હતો. પાંચ વર્ણના પુષ્પોના સમૂહોથી અનેક પ્રકારની રચનાઓ કરવામાં આવી હતી. ત્યાંનું વાતાવરણ મઘમ ઘાયમાન હતું. સુગંધ ના અતિશયથી ગંધ દ્રવ્યની ગુટિકા સમાન હતું. નટ, નૃત્યકાર, દોરડાપર નાચનાર, મલ્લ, મુષ્ઠિ પ્રહાર કરનાર, વિદૂષક, તરનાર, કથા કહેનારા, રાસ લેનાર, ભવિષ્ય કહેનાર, વાંસની ટોચ પર નાચનાર, ચિત્રપટ બતાવનાર, વીણા વગાડનાર, તંબૂરા વગાડનાર, સેવકો અને સ્તુતિ પાઠકોથી તે ચૈત્ય વ્યાપ્ત હતું. ઘણાં નગરજનો તથા બીજા દેશના માણસોમાં તેની પ્રસિદ્ધિ થઈ હતી. ઘણાં લોકો ત્યાં આહુતિ આપતાં. ત્યાંના લોકો તેને દક્ષિણાપાત્ર, વંદનીય, નમસ્કરણીય, અર્ચનીય, પૂજનીય, સત્કરણીય અને સમ્માનનીય માનતા હતા. તથા કલ્યાણ, મંગલ, દેવરુપ, ચૈત્યરુપ, વિનયથી ઉપાસનીય માનતા હતા. દિવ્ય અને સત્ય માનતા, સફળ સેવારુપ માનતા હતા. દેવની પાસે ઉપહારરુપ પ્રાસાદ રાખેલો નજરે પડતો હતો. યજ્ઞમાં હજારો માણસો દાન આપતા. ઘણાં લોકો આવી પૂર્ણભદ્ર ચૈત્યમાં પૂજા કરતાં.

[૩] તે પૂર્ણભદ્ર ચૈત્ય એક વિશાળ વનખંડથી સમસ્ત દિશાઓ તેમજ વિદિશાઓમાં ઘેરાયેલ હતું. તે વનખંડ કાળો, કાળી પ્રભા વાળો, નીલ, નીલપ્રભાવાળો, લીલો લીલીપ્રભાવાળો, શીત સ્પર્શવાળો, શીતપ્રભા વાળો, સ્નિગ્ધ, સ્નિગ્ધપ્રભાવાળો, તીવ્ર, તીવ્રપ્રભાવાળો, કાળો, યાવત્ લીલી છાયાવાળો, ઠંડો, ઠંડી છાયાવાળો સ્નિગ્ધ, સ્નિગ્ધ છાયાવાળો, તીવ્ર, તીવ્રછાયાવાળો હતો. તે વન રમ્ય હતું તેથી એમ જણાતું કે એ મહામેઘોનો એક મોટો સમુદાય જ છે.

આ વનખંડમાં વૃક્ષો જમીનની અંદર ઊંડા ફેલાયેલાં મૂળયુક્ત હતાં, તેમજ કંદ યુક્ત, સ્કંધયુક્ત, ત્વચાયુક્ત હતાં, શાખાઓથી વિશિષ્ટ હતાં, કૂંપળોથી યુક્ત હતાં, પાંદડાંઓથી ભરેલાં હતાં, ફૂલોથી શોભતાં હતાં, બીજોથી ભરપૂર હતાં. છત્રી જેવાં રમ્ય ગોળ આકારવાળા હતાં. એમનું થડ એક હતું અનેક શાખા-પ્રશાખા યુક્ત હતાં. અનેક પુરુષો ખૂબ પહોળા કરેલા હાથોથી પણ તેમનાં વિશાળ તેમજ વર્તુળાકાર થડને બાથ ભીડી શકતા નહોતા. પાંદડાં દૂર દૂર નહોતાં, બિલકુલ નજદીક ચોંટેલાં જેવાં હતાં. એ

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૃક્ષોમાં જેટલાં પાંદડાં લાગેલાં હતાં તે બધાં અધોમુખ હતાં. આ પાંદડાં લાગેલાં હતાં તે અધાં અધોમુખ હતાં. આ પાંદડાં અતિવૃષ્ટિ આદિ વિપત્તિઓથી રહિત હતાં, જૂનાં પાન, ખરી પડ્યાં હતાં અને તેના સ્થાને નૂતન લીલાં ચમકદાર પાન આવી ગયાં હતા. તેથી અંધકાર જેવું સદા વ્યાપ્ત હતું. એનાં જે પાન તેમજ પલ્લવ હતાં તે નવીન ઉગવાના કારણથી નવીન તરુણતાસંપન્ન હતાં. કોમળ, ઉજ્જવળ, ચલાયમાન એવી એની કૂંપળો હતી. પ્રવાલ અત્યંત કોમળ હતાં. શ્રેષ્ઠ અંકુરોથી વૃક્ષનો ઉપરનો ભાગ સુશોભિત હતો. એ વૃક્ષો હમેશાં સર્વઋતુઓનાં પુષ્પોથી ખીલેલાં રહેતાં હતાં. હમેશાં એ વૃક્ષો ઉપર મયૂરો રહેતાં હતાં, નિત્ય પલ્લવિત, નિત્ય ગુચ્છાથી યુક્ત, હમેશાં એ વૃક્ષો જોડે જોડે પંક્તિબદ્ધ આજુબાજમાં ઊભાં હતાં. હમેશાં નમેલા કુસુમિત, મયૂરિત, પલ્લવિત, સ્તબકવાન, ગુચ્છાવાળા,ગુલ્મિત, ગુચ્છિત, યમલિત, યુગલિત, વિનમિત, પ્રણમિત થઈ જુદાં જુદાં પિંડરૂપ મંજરીના શિરોભૂષ ણોથી સદા યુક્ત હતાં. તે વૃક્ષો પોપટ મયૂર, મેના, કોયલ, કોભગક, ભૃંગારક, કોંડલક, ચકોર; નંદીમુખ, તેતર, બટેર, કારંડક, ચક્ર વાક, કલહંસ બતક, સારસ અનેક પક્ષીઓનાં યુગલના દીર્ઘ તથા મધુર સ્વરવાળી વાણીથી યુક્ત હતાં. તેથી મનોહર લાગતાં હતા. મદથી ઉન્મત્ત ભ્રમર-ભ્રમરીઓનો સમૂહ પુષ્પોના રસને પીવા માટે લોલુપ બૂની ગણગણાટ કરી રહ્યા હતા. અંદરના ભાગ માં પુષ્પ તેમજ ફળથી તથા બહારના ભાગમાં પાનથી આ વૃક્ષો વ્યાપ્ત હતા. મીઠા ફળ વાળાં હતાં. રોગરહિત અને કાંટારહિત હતાં. અનેક પ્રકારના ગુચ્છા, ગુલ્મોથી શોભિત હોવાના કારણે રમ્ય શોભતાં હતાં. શુભ ધ્વજાવાળાં હતાં વાવ, પુષ્કરિણી, દીર્ઘિકાઓ હતી. તેના ઉપર સારી રીતે બનાવેલ સુંદર ઝરુખા હતા. પુદ્ગલોના સમૂહરુપથી દૂર દૂર સુધીફેલાઈજનારી સુંદર સુંગધ આવતી હતી.આ વૃક્ષો મહાન ગંધની પરંપરાને છોડતા હતા. અનેક પ્રકારના ગુચ્છા અનેગુલ્મોથી બનેલા મંડપ, ઘર, સુંદરમાર્ગ, પતાકાઓથી સુશો ભિત હતા. વૃક્ષોની નીચે અનેક રથ, યાન, બગી, શિબિકાદિ મૂકવામાં આવતી. સુરમ્ય, પ્રાસાદિક, દર્શનીય, અભિરુપ-હતા,

[૪] તે વનખંડની મધ્યમાં એક વિશાળ અશોક વૃક્ષ હતું. તે વૃક્ષની નીચેનો ભાગ કુશ તેમજ અન્ય તૃણાદિકથી રહિત હતો. મૂળ, કંદવાળો યાવત્ તેની નીચે રથાદિને છોડવામાં આવતા, સુરમ્ય, પ્રાસાદિક, દર્શનીય, અભિરુપ, પ્રતિરુપ હતું. તે અશોકવૃક્ષ તિલક, બકુલ, લકુચ, છત્રોપ, શિરીષ, સપ્તવર્ણ, દધિવર્ણ, લોધ્ર, ધવ, ચંદન, અર્જુન, નીપ, કુટજ, કદમ્બ, સવ્ય, ફણસ, દાડમ, શાલ, તાલ, તમાલ, પ્રિંય, પ્રિયંગુ, પુરોપત્ર, પીપલ, નંદિ આ સર્વ વૃક્ષોથી સર્વ દિશા ઓમાં અને વિદિશાઓમાં ઘેરાયેલ હતું.

તે તિલક, બકુલ, લકુચ યાવત્ નંદિવૃક્ષોનો નીચેનો ભાગ કુસ તથા અન્ય ઘાસા દિથી રહિત હતો. મૂળ કંદવાળા હતા. સુરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, અભિરુપ, પ્રતિરુપ હતાં. તે તિલક યાવત્ નંદિવૃક્ષો પણ અન્ય અનેક પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા, આમ્ર લતા, વનલતા, વાસંતિલતા, અતિમુક્તતકલતા, કુંદલતા, શ્યામલતા ઓથી સમસ્ત દિશા અને વિદિશાઓમાં ઘેરાયેલાં હતાં. તે પદ્મલતાઓ નિત્ય પુષ્પોથી યુક્ત હતી. તેથી તે પ્રાસાદિક, દર્શનીય, અભિરુપ, પ્રતિરુપ હતી.

[૫] તે અશોકવૃક્ષની નીચે સ્કંધ-થડથી જરા દૂર નીચેના ભાગમાં એક વિશાળ પૃથ્વીશિલાપટ્ટ હતો. તે લંબાઈ. પહોળાઈ, ઉંચાઈમાં સરખો હતો. આંજણ, મેઘ, તલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાર, નીલકમળ, બળદેવના વસ્ત્ર, આકાશ, કેશ, કાજળની ડબ્બી, ખંજનપક્ષી, ભેંસા દિના શીંગડા, નીલવર્ણના રત્ન, જાંબૂ, બીયક નામે વૃક્ષ વિશેષ, શણના ફૂલ, નીલ કમળ ના પાંદડાઓનો સમૂહ, અળસીના પુષ્પ સમાન તેની કાળી પ્રભા હતી. પન્ના મસાર-આંખની કીકી સમાન, સજલ મેઘ સમાન શ્યામ હતો. તેના આઠ ખૂણા હતા. તેના તળિયાનો ભાગ દર્પણ જેવો ચમકતો સુરમ્ય હતો. -વરુ, બળદ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, મૃગ, અષ્ટાપદ, ચમર, હાથી, વનલતા તેમજ પદ્મલતાના ચિત્રોથી સુંદર હતો. તેનો સ્પર્શ ચર્મમય વસ્ત્ર, રૂ, બૂર, માખણ, આકડાના રૂ સમાન કોમળ હતો. સિંહાસન જેવો તેનો આકાર હતો. યાવત્ પ્રતિરુપ હતો.

[૬] તે ચંપાનગરીમાં કૂણિક નામે રાજા હતો. તે મહાહિમવંત પર્વત, મહામલય પર્વત, મેરુ પર્વત, મહેન્દ્ર પર્વત જેવો હતો. અત્યંત વિશુદ્ધ, પ્રાચીન રાજકુળ વંશમાં ઉત્પન્ન થયો હતો. અખંડિત રાજચિહ્નોથી તેના અંગોપાંગ સુશોભિત હતા. અનેક લોકો દ્વારા તે બહુમાન, સત્કાર પામતો હતો. સર્વ ગુણોથી સમૃદ્ધ હતો. પ્રસન્નચિત્ત, ક્ષત્રિય હતો. પિતા, પિતામહાદિ રાજાઓ વડે તેનો રાજ્યાભિષેક થયો હતો. માતા, પિતાનો વિનય કરનાર હતો. દયાળુ હતો, કુળમર્યાદાનું પાલન કરનાર, પ્રાપ્ત વસ્તુનું પાલન કરનાર, તેમજ તેને ધારણ કરનાર, મનુષ્યોમાં ઈન્દ્ર સમાન, જનપદનો પિતા, પાલક, પુરોહિત હતો. માર્ગદર્શક, અદ્ભુત કાર્ય કરનાર, મનુષ્યોમાં શ્રેષ્ઠ, પુરુષોમાં શ્રેષ્ઠ, પુરુષોમાં સિંહ, પુરુષોમાં વાઘ, પુરુષોમાં આશીવિષ સર્પ, પુરુષોમાં કમળ, પુરુષો માં ઉત્તમ ગંધ હસ્તી સમાન હતો. સમૃદ્ધ, દર્પવાળો, પ્રખ્યાત હતો. તેના વિશાળ મોટા, મોટા ભવન હતા. અનેક પ્રકારની શય્યા, આસન, યાન, વાહનો તેમની પાસે હતા. કોઠા રમાં ઘણું ધાન્ય હતું. પુષ્કળ સોનું તથા ચાંદી હતી. ધનલાભના વ્યાપાર માં તેઓ હંમેશ ઉદ્યમશીલ રહેતા હતાં. તેમના રસોડામાં ભોજન કર્યા બાદ પણ ઘણું ભોજન વધતું. જેથી ગરીબોનું પોષણ થતું હતું. તેની સેવા માટે ઘણાં દાસ, દાસી રહેતા હતા, તેમની પશુશાળામાં ગાય, ભેંસ ઘેટાં, પુષ્કળ પ્રમાણમાં હતા. યંત્ર, કોશ, કોઠાર, શસ્ત્રાગાર પરિપૂર્ણ હતા. ઘણું સૈન્ય હતું. શત્રુઓ બળહીન હતા. તેમનું રાજ્ય કંટક રહિત હતું. તેમનું રાજ્ય નિષ્કંટક થયું હતું. એ પ્રકારે જ તેનું રાજ્ય ઉપહતશત્રુ, નિહતશત્રુ, મથિતશત્રુ, ઉદ્ધૃતશત્રુ, નિર્જિતશત્રુ તેમ જ પરાજિતશત્રુ હતું. એથી તે દુર્ભિક્ષ, મારિ, અને ભયથી મુક્ત, ક્ષેમ કલ્યાણમય, સુભિક્ષયુક્ત અને વિઘ્નથી રહિત રાજ્યનું શાસન કરતા રહેતા હતા.

[૭] તે કોણિક રાજાને ધારિણી નામની રાણી હતી. તેણી સુકોમળ હાથ, પગ વાળી હતી. તેનું શરીર લક્ષણોથી અહીન, સ્વરૂપથી પરિપૂર્ણ પાંચેય ઈન્દ્રિયોથી યુક્ત હતું. સ્વસ્તિક આદિ લક્ષણ, ચિહ્નતલાદિ, તથા ગુણોથી સુસંપન્ન હતી માન, ઉન્માન, પ્રમાણથી પરિપૂર્ણ હતી. સર્વાંગ સુંદરી હતી. ચંદ્રસમાન સૌમ્ય આકૃતિથી મનોહર હતી. તેનું દર્શન પ્રિય લાગતું હતું. તે સુરૂપા હતી. તેનો કટિપ્રદેશ મુટ્ઠીમાં સમાઈ શકે તેવો પતલો હતો, પ્રશસ્ત હતો તથા ઉદર ત્રિવલી યુક્ત હતું. ગાલપર જે પત્રાવલી બનાવી હતી તે કુંડલોથી ઘસાતી હતી. સૌમ્યમુખ ચંદ્રિકાથી શોભતા ચંદ્રમા સમાન નિર્મળ હતું. તેનો વેષ જાણે શણ ગારનું ઘર હતું; તેની ચાલ હાથી સમાન હતી. હસવું સુંદર હતું. ભાષા કોયલ જેવી હતી. તેની ચેષ્ટાઓ અને વિલાસ મનોહર હતા. પરસ્પર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંભાષણ સુંદર હતું. નિપુણ, સદ્વ્યવહારોમાં કુશળ હતી. સુંદર સ્તન, જંઘા, વદન, હાથ, પગ, નયનવાળી હતી. લાવણ્ય હતું, તેમ જ વિલાસ મનોહર હતો.યાવત્ પ્રતિરુપ હતી. કોણિકરાજા, સાથે અનુરક્ત હતી, અવિરક્તહતી. ઈષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ એ પાંચ ઈન્દ્રિઓના મનુષ્યોચિત કામભોગોનો અનુભવ કરતી સમય વ્યતીત કરતી હતી.

[૮] તે કોણિક રાજાને ત્યાં એક એવો પુરુષ હતો કે જેને મોટી આજીવિકા મળતી હતી. તે ભગવાનની દિવસસંબંધી પ્રવૃત્તિનું વૃત્તાન્ત રાજાને કહેતો. તે પુરુષના હાથ નીચે બીજા ઘણાં પુરુષો હતા. તેઓને સુવર્ણમુદ્રાદિ ભૃતિ તેમજ અન્નાદિ ખોરાકનું વેતન આપવામાં આવતું. તેઓને ભગવાનની પ્રવૃત્તિને કહેવા માટે રાખ્યા હતા.

[૯] તે કાળ અને તે સમયમાં ભંભસારના પુત્ર કોણિક રાજા બહારની સભામાં અનેક ગણનાયક, દંડનાયક, માંડલિક રાજાઓ, ઈશ્વરો, તલવરો, માડમ્બિક, કૌટુમ્બિક, મંત્રી, મહામંત્રી, ગણક, દ્વારપાળ, અમાત્ય, ચેટ-દાસ, અંગમર્દકો નાગરિક પુરુષો, પૌર વણિકજનો, શ્રેષ્ઠિઓ, સેનાપતિઓ, સાર્થવાહ, દૂત, સંધિપાલોથી ઘેરાઈને બેઠા હતા.

[૧૦] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર શ્રુતધર્મની આદિકર નારા, તીર્થની સ્થાપના કરનારા સ્વયંબોધ પામેલા, પુરુષોમાં ઉત્તમ, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ કમળ સમાન, પુરુષોમાં ગંધહસ્તી સમાન, લોકમાં ઉત્તમ, લોકો ના નાથ, લોકોનું હિત કરનારા, લોકના દીપકસમાન, લોકને પ્રકાશિત કરનારા, અભય દાતા, ચક્ષુદાતા, શરણદાતાજીવોની દયા રાખનારા, સમકિતરુપી બોધને આપનારા, ધર્મના દાતા, ધર્મના ઉપદેશક, ધર્મના નાયક, ધર્મના સારથી, ચારગતિનો અંત કરનાર એવા શ્રેષ્ઠ ધર્મના ચક્રવર્તી, દ્વીપ, ત્રાણરુપ છે. શરણસ્વરુપ છે. પ્રતિષ્ઠા પામેલા છે. અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન, દર્શનના ધારક, છદ્મથી નિવૃત્ત જિન, જીતાવનાર, પોતે તર્યા છે, બીજાને તારનાર, બોધ પામેલ, બીજાને બોધ પમાડનાર, કર્મથી મુક્ત, બીજાને મુક્ત કરનાર, સર્વદ્રવ્ય અને સર્વ પર્યાયને જાણનાર, સર્વદર્શી, કલ્યાણમય, અચલ, આધિ વ્યાધિથી રહિત, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાવૃત્તિસ્વરુપ સિદ્ધિગતિ અરિહંત, જિન કેવળી સાત હાથ ઉંચા, સમચતુરસ્રસંસ્થાનવાળા,વજ્રઋષભ નારાચ સંહનન વાળા, શરીરમાં અનુકૂળવાયુના વેગથી સમન્વિત, કંક પક્ષીની સમાન ગુદાશયવાળા, કબૂતરની સમાન જઠરાગ્નિવાળા, શકુનિ પક્ષીની સમાન મળના સંસ ર્ગથી રહિત ગુદા શયવાળા, તેમજ સુંદર પીઠ, પડખાં અને જંઘાવાળા, પદ્મ તથા નીલ કમળની સમાન સુગંધિત ઉચ્છ્વાસ વાયુથી સુરભિત મુખવાળા, કાંતિયુક્ત શરીર વાળા રોગરહિત, ઉત્તમ, પ્રશસ્ત, શ્વેત અનુપમ માંસવાળા, પસીનારૂપ જલ્લ મેલ, દુષ્ટ, મસા, તલાદિરૂપ કલંક સ્વેદ-પ્રસ્વેદ તથા રજ એ દોષોથી રહિત નિર્મળ શરીરવાળા, કાંતિથી ચમકતા અંગોપાંગવાળા,અત્યંત સઘન શુભલક્ષણ યુક્ત, ઊંચા કૂટાકારની સમાન તથા નિર્માણ નામકર્મથી સુરચિત એવા મસ્તકવાળા, સેમરવૃક્ષ ના ફળમાં રહેલી રુની સમાન કોમળ, નિર્મળ પ્રશસ્ત, સૂક્ષ્મ-પાતળા, લક્ષણયુક્ત, સુગંધિત, સુંદર, નીલરત્ન સમાન, ભ્રમર ની સમાન, નીલગુલિકાની સમાન, કાજળ જેવા કાળા મત્ત થયેલા ભ્રમરોના સમૂહ જેવા, સ્નિગ્ધ, સમૂહમાં, સઘન, વાંકડિયા દક્ષિણ તરફ વળાંક લેતા કેશયુક્ત ભગવાન હતા. ભગવાનના મસ્તકની ત્વચા દાડમના પુષ્પ જેવી લાલ, તપેલા સુવર્ણજેવી નિર્મળ, સ્નિગ્ધ હતી. છત્રસમાન ગોળાકાર મસ્તકવાળા ઘા રહિત, વિષમતા રહિત, સુંદર,

શુદ્ધ-અર્ધચન્દ્ર સમાન લલાટવાળા, પ્રતિપૂર્ણ ચંદ્રમાની સમાન સૌમ્ય મુખવાળા, પ્રમાણ યુક્ત કાનવાળા, ભરાવદાર સુંદર ગાલવાળા, નમેલ ધનુષ્ય સમાન સુંદર તથા કાળા વાદળા જેવી કાળી, પાતળી, સ્નિગ્ધ ભ્રમરોવાળા, ખીલેલા શ્વેતકમળના જેવા નેત્ર વાળા, વિકસેલા શ્વેત કમળના પાંદડા સમાન પાંપણવાળા, ગરુડપક્ષીની સમાન લાંબા સરળ, ઊંચા નાક વાળા, સંસ્કારિત વિદ્રુમ તથા અતિશય લાલ કુંદુરુના ફળ જેવા અધ રોષ્ઠવાળાશ્વેત ચંદ્રખંડના જેવી વિમલ તથા નિર્મળ શંખ, ગાયના દૂધના ફીણ સમાન, શ્વેતપુષ્પ, પાણીના ટીપાં સમાન તથા મૃણાલના જેવી સફેદ દાંતની પંક્તિવાળા, અગ્નિ માં પહેલા ધોઈ પછી તપાવેલ સુવર્ણની સમાન અત્યંત લાલ તાળવું તથા જીભ વાળા, વધવાના સ્વભાવથીરહિત, વિભાજિત થયેલ, શોભાસંપન્ન દાઢી તથા મૂછવાળા, પુષ્ટ, સુંદર આકારવાળી, પ્રશસ્ત, વાઘ જેવી વિપુલ દાઢીવાળા, ચાર આંગુલ પ્રમાણ શંખ જેવી શ્રેષ્ઠ ગરદનવાળા, શ્રેષ્ઠ પાડા, વરાહ, સિંહ, વાઘ, બળદ, શ્રેષ્ઠ હાથીની સમાન પૂર્ણ, વિસ્તૃત ખાંધવાળા, ધોસર જેવી પુષ્ટ બનાવેલ, જાડી, પુષ્ટ સારી રીતે સ્થિત, સારી રીતે બનાવેલ પ્રધાન, સઘન મજબૂત, સુસંબદ્ધ હાડકાના જોડાણવળી, નગરના આગ ળીયા સમાન ગોળ ભુજાવાળા, સર્પરાજના વિશાળ દેહ સમાન લાંબા બાહુવાળા, લાલ તળવાળી તથા ભરાઉદાર,કોમળ,માંસલ, શુભ પ્રશસ્ત લક્ષણો ચિહ્નોથી યુક્ત, આંગળી પાસેના છિદ્રોથી રહિત એવા હાથવાળા, પુષ્ટ કોમળ શ્રેષ્ઠ આંગળીઓવાળા, થોડા લાલ, પાતળા, શુદ્ધ, સુંદર તેમ જ ચિકણા નખવાળા, હાથમાં ચંદ્રરેખા, સૂર્યરેખા, શંખ રેખા, દક્ષિણાવર્ત સ્વસ્તિક રેખા, ચંદ્ર, સૂર્ય, શંખ, ચક્ર હાથથી યુક્ત, સુવર્ણની શિલા સમાન દેદીપ્યમાન, પ્રશસ્ત- પુષ્ટ, વિશાળ તેમ જ પહોળા વક્ષસ્થળવાળા હતા. તેના ઉપર શ્રીવત્સનું ચિહ્ન હતું. માંસલતાને કારણે પાંસળીઓ ન દેખાય તેવા તથા સુવર્ણ સમાન નિર્મળ થયેલ, રોગાદિથી રહિત એવા દેહધારી પ્રભુ હતા. જેમાં પૂરા એક હજાર આઠ ઉત્તમ પુરુષોના લક્ષણ હતા. ક્રમથી નમેલ, પ્રમાણોચિત, સુંદર, શોભન, સમુચિત પ્રમાણવાળા પુષ્ટ, રમ્ય પડખાવાળા, સીધી પરસ્પર મળેલી, ઉત્તમ, પાતળી, કાળી, સ્નિગ્ધ, ગ્રહણીય, લાવણ્યયુક્ત, રમણીય, રોમરાજિવાળા, મત્સ્ય તેમ જ પક્ષીના જેવી પુષ્ટ બગલવાળા,માછલીના જેવા સુંદર ઉદરવાળા, પવિત્ર ઇન્દ્રિયોવાળા, ગંભીર નાભિ વાળા હતા. તે નાભિ પ્રદક્ષિણાવર્ત ભુંગર, ચંદની સમાન ગોળ, મધ્યાહ્નના સૂર્યના કિર-ણોથી વિકસિત પદ્મ સમાન ગંભીર તેમ જ વિશાળ હતો. તેઓ નો કટિપ્રદેશ ત્રિપાઈના -સાંબેલાના દર્પણદંડ સુવર્ણના ખડ્ગની મુઠ્ઠી અને વજ્રના મધ્યભાગ જેવો પાતળો હતો, તે કટિપ્રદેશ રોગાદિથી રહિત હોવાથી પ્રસન્ન શ્રેષ્ઠ અશ્વ તથા સિંહની સમાન ગોળ હતો. ઘોડાના ગુહ્યપ્રદેશ સમાન નિરૂપલેપ હતો, શ્રેષ્ઠ હાથીના સમાન પરાક્રમી તથા તેના સમાન સુંદર ચાલ હતી. હાથીની સૂંઢ સમાન જંઘાવાળા, ગુપ્ત ઢાંકણ વાળા ઘુંટણો હતા. હરણ તથા કુરુવિંદ-દોરીના વળની સમાન ગોળ, ક્રમથી પાતળી એવી પિંડીવાળા શોભાયમાન આકારવાળા, સુગંઠિત, વિશિષ્ટ, ગૂઢ- માંસલ હોવાથી દેખાય નહિ તેવા ગોઠણવાળા, સારી રીતે સ્થિર એવા કાચબાની સમાન પગવાળા, અનુક્રમથી ઉચિત આકારવાળી, પરસ્પરમાં મળેલી એવી આંગળી ઓ હતી. સમુન્નત, પાતળા, લાલ તેમજ સ્નિગ્ધ નખ હતા. લાલ કમળના દલ સમાન કોમળ, સુકુમાર લાલવર્ણના ચરણોનાં તળિયાં હતાં. પર્વત, નગર, મગર, સાગર, ચક્ર એ શુભ ચિહ્નોથી યુક્ત સ્વસ્તિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાદિ તથા મંગલાદિ ચિહ્નોથી સુશોભિત ચરણવાળા, અસાધારણ રૂપવાળા, ધૂમ્રરહિત અગ્નિ તથા વીજળી જેવા ચમકતા તથા મધ્યાહ્નના સૂર્ય સમાન તેજવાળા. તે આસ્રવ રહિત, મમત્વરહિત, પરિગ્રહરહિત, ભવપંરપરાનો છેદ કરી નાખનાર, નિર્લેપ, પ્રેમ-રાગ, દ્વેષ અને મોહથી રહિત, નિર્ગ્રન્થપ્રવચનના ઉપદેશક, સાર્થના નાયક, પ્રતિષ્ઠાપક શ્રમણોના સ્વામી,શ્રમણવૃન્દના -વધારનાર, ચોત્રીશ અતિશયોથી યુક્ત, પાંત્રીશ ગુણોથી યુક્ત ભગવાન હતા. આકાશમાં રહેલ ચક્રથી, આકાશમાં રહેલ છત્રથી, આકાશગત તેમજ પાદપીઠ સહિત સિંહાસનથી, અતિશયમહિમાથી આગળ ચાલનાર ધર્મધ્વજાથી યુક્ત. ૧૪ હજાર શ્રમણો, ૩૬ હજાર સાધ્વીઓના પરિવારથી યુક્ત ભગવાન મહાવીર ક્રમશઃ વિચરતા, એક ગામથી બીજા ગામમાં પધારતા, સુખપૂર્વક વિચરતા, ચંપા નગરીની બહાર નગરની સમીપના ગામમાં પધાર્યા

[૧૧] ત્યારે ભગવાનના સમાચાર લઈ જવા માટે નિમાયેલા તે પુરુષે આ વાત જાણી. તેથી તેના મનમાં અત્યંત હર્ષ અને સંતોષ થયો. અતિ આનંદિત થયો. મનમાં પ્રીતિ થઈ. હર્ષના આવેશથી તેનું હૃદય ઉછળવા લાગ્યું, સ્નાન કર્યું, કુળદેવીનું પૂજન કર્યું અથવા પશુ, પક્ષી આદિને અન્ન આપ્યું. દોષના નિવારણ માટે મષી-તિલકાદિ કર્યા. અક્ષતાદિને ધારણ કર્યા. શુદ્ધ, મંગલ, શ્રેષ્ઠ વસ્ત્રોને પહેર્યાં, અલ્પ, પરંતુ કિંમતી આભૂષણો શરીર પર ધારણ કર્યા. પછી પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને ચંપા નગરીના મધ્યમાં થઈનેજ્યાંકોણિક રાજાનોમહેલ હતો,જ્યાં બહારની સભા હતી અને જેમાં ભંભાસારના પુત્ર કોણિક રાજા બેઠા હતા ત્યાં ગયો. ત્યાં જઈને બંને હાથ જોડી મસ્તકને આવર્તન કરીઅંજલિકરીજયવિજયશબ્દો દ્વારા વધાવ્યા.વધાવીને આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિય ! જેનાં દર્શનની ઈચ્છા કરો છો, જેના દર્શનની સ્પૃહા રાખો છો, પ્રાર્થના કરો છો, અભિલાષા કરો છો,જેના નામ અને ગોત્રને સાંભળીને આપનું હૃદય હર્ષિત, સંતુષ્ટ થાય છે તે શ્રમણ ભગવાન મહાવીર ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ચંપાનગરીની સમીપ પધાર્યા છે.હું આપને આ પ્રિય આત્મહિતકારી સમાચાર નવેદન કરું છું.આપનું પ્રિય થાઓ.

[૧૨] ત્યાર પછી ભંભસારપુત્ર કોણિક રાજાએ તે સંદેશવાહકની પાસેથી આ અર્થ સાંભળીને હૃદયમાં સારી રીતે ધારણ કરીને હર્ષિત સંતુષ્ટિત યાવત્ આનંદિત થયા. વરસાદની ધારાથી સીંચાયેલા કદંબના સુગંધિત ફૂલો ખીલી ઉઠે તેમ આ વાત સાંભળી રાજાના રોમેરોમ આનંદથી પુલકિત થઈ ગયા. નેત્રકમળ તથા મુખકમળ વિકસીત થયા. અપાર હર્ષના કારણે કંપાયમાન થતાં શ્રેષ્ઠ કડાં બાહુરક્ષક ભૂષણ, બાજુ બંધ, મુગટ, બંને કુંડલ તથા હારથી સુશોભિત વક્ષઃસ્થલ હતું તે સર્વ આભૂષણો કંપિત થયા. એવા રાજા ઘણા આદરથી જલદી ચંચળ થઈ સિંહાસન ઉપરથી ઉઠ્યા, ઉઠીને પાદપીઠ પર પગ રાખીને નીચે ઉતર્યા. નીચે ઉતરીને શ્રેષ્ઠ વૈડૂર્ય, રિષ્ટ તેમજ અંજન નામના રત્નોથી જડિત,ચમકતી,મણિ રત્નથી શોભીત એવી પાદુકાને પગમાંથી ઉતારી નાખી. ઉતારીને પાંચ રાજચિહ્નોનો ત્યાગ કર્યો. તે આ પ્રમાણે-તલવાર, છત્ર, મુકુટ, પાદુકા, ચામર. પાછી ફાટ્યા તથા સીવ્યાવિનાના એક ઉત્તરીય વસ્ત્રને ધારણ કર્યું. ધારણ કરીને અંજલિપુટ કરીને જે દિશામાં ભગવાન બિરાજમાન હતા તે તરફ સન્મુખ થઈ સાત આઠ પગલા આગળ ગયા, ડાબો ઢીંચણ ઉપર રાખ્યો, જમણો ઢીંચણ જમીન પર રાખ્યો અને ત્રણવાર પોતાના મસ્તકને જમીન પર નમાવ્યું. નમાવ્યા પછી થોડા નમ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયા, કંકણ અને કડાં ભુજરક્ષક અલંકારથી સ્તંભિત હાથને ઉંચા કર્યા. ઉંચા કરીને મસ્તક ઉપર અંજલિપુટ રાખી આ પ્રમાણે કહ્યું-

અરિહંત ભગવંતોને નમસ્કાર હો, શ્રુત, ચારિત્રરુપ ધર્મની પ્રરુપણા કરનાર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોમાં ઉત્તમ, પુરુષોમાં સિંહસમાન, યાવત્ -લોકાગ્રે સ્થિત એવા સિદ્ધ પ્રભુને નમસ્કાર હો. શ્રમણ ભગવાન મહાવીરને મારા નમસ્કાર હો. જે આદિકર, તીર્થંકર યાવત્ મોક્ષને પ્રાપ્ત કરનાર છે. મારા ધર્માચાર્ય, ધર્મના ઉપદેશક, એવા પ્રભુને હું વંદન કરું છું ત્યાં રહેલ પ્રભુ અહિ રહેલ મને જુએ આ પ્રકારે કહીને વંદન, નમસ્કાર કર્યા. પોતાના સિંહાસન ઉપર પાછા જઈને પૂર્વ તરફ મુખ કરી બેસી ગયા. તે સંદેશાવાહકને પ્રીતિદાનમાં એક લાખ ૮ મુદ્રાઓ આપી દઈને તેનો ખૂબ સત્કાર કર્યો. સન્માન કર્યું. સત્કાર, સન્માન કરીને આ પ્રકારે કહ્યું- હે દેવાનુપ્રિય ! જ્યારે શ્રમણ ભગ વાન મહાવીર વિહાર કરતાં કરતાં અહીં પધારે, અહીં ચંપાનગરીની બહાર પૂર્ણભદ્ર ઉધાનમાં યથાપ્રતિરુપ વસ્તીની આજ્ઞા ગ્રહણ કરીને, અરિહંત, જિન, કેવળી જે શ્રમણ ગણથી ઘેરાયેલા, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા જ્યારે વિચરે ત્યારે તમે મને આ સમાચાર આપજો,

[૧૩] ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર બીજે દિવસે પ્રભાત થયું અને વિકસીત કમળ પત્રો અને ચિત્રમૃગના નેત્રો વિકસીત થયા અને શ્વેત આભા પ્રગટ થઈ. તથા લાલ અશોક, કેશુડાંના પુષ્પ, પોપટની ચાંચ, ચણોઠીના અર્ધા ભાગ જેવો લાલ તથા સરોવરમાં કમળોના સમૂહને ખીલવનાર સૂર્યનો ઉદય થયો ત્યાર પછી સૂર્ય તેજથી જ્વાજલ્યમાન થઈ ગયો. ત્યારે જ્યાં ચંપાનગરી હતી, પૂર્ણભદ્ર ઉધાન હતું, જ્યાં વનખંડ હતું, જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતું, જ્યાં પૃથ્વીશિલાપટ્ટ હતો, ત્યાં પધાર્યા. યથાપ્રતિરુપ આજ્ઞા ગ્રહણ કરીને શ્રેષ્ઠ અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટકની ઉપર પૂર્વદિશા તરફ મુખ રાખીને પલ્યંક આસનથી વિરાજિત થયા. શ્રમણગણોથી વીંટળાયેલા અરિહંત જિન, કેવળી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

[૧૪] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી ઘણા શ્રમણ ભગવંતો હતા. તેમાં કેટલાક ઉગ્રવંશના, ભોગવંશના, રાજન્યવંશના, જ્ઞાતવંશ, ઈક્ષ્વાકુવંશ, કૌરવવંશ, કુરુવંશ, ક્ષત્રિયવંશના હતા. સામાન્ય વીર- યોદ્ધા-સેનાપતિ, શ્રેષ્ઠી, ઈભ્યો પ્રવ્રજિત થયા હતા. બીજા પણ ઘણા પ્રવ્રજિત થયા હતા. જેઓ ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, ઉત્તમ રુપ, વિનય, જ્ઞાન, વર્ણ-કાંતિ, લાવણ્ય, પરાક્રમ, શ્રેષ્ઠ સૌભાગ્ય તથા ઉત્તમ દીપ્તિવાળા હતા. ઘણાં ધન-ધાન્યનાં સમૂહ તથા દાસ-દાસી આદિથી ઘેરાયેલા, રાજાના ગુણોથી અધિક ગુણવાળા, ઈચ્છિત ભોગોને ભોગવનારા, સુખેથી જેનું લાલન -પાલન થયું હતું, તેઓ કિંપાક ફળની સમાન વિષયસુખોને જાણીને, પાણી ના પરપોટા સમાન, કુશાગ્ર પર રહેલા જલબિંદુ સમાન ચંચળ જીવનને જાણીને, તેમ જ આ સર્વ અધ્રુવ છે એમ વિચારી વસ્ત્ર ઉપર લાગેલ ધૂળની જેમ ખંખેરી નાખી ચાંદીને છોડી, સુવર્ણનો ત્યાગ કરી, ધન તેમ જ ધાન્ય, સૈન્ય, રથાદિક વાહન, ભંડાર, કોષ્ઠા ગાર, રાજ્યનો, દેશનો, પુરનો, અંતઃપુરનો ત્યાગ કરીને, વિપુલ ધન, સુવર્ણ, રત્ન, મણિ, મોતી, શંખ, શિલાપ્રવાલ, રક્તરતન આદિ જેમાં સાર છે તેવા મુખ્ય ધનને છોડીને, ગુપ્ત દ્રવ્ય હતું તેને પણ દાનમાં આપી કુટુંબીઓમાં વિભાજન કરીને મુંડિત થયા. કેટલાક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંદર દિવસની દીક્ષાવાળા, કેટલાક ૧ માસની તેમ જ બે માસ, ૩ માસ, યાવત્ ૧૧ માસની પ્રવ્રજ્યવાળા હતા. કેટલાંક ૧ વર્ષની, ૨ વર્ષની, ૩ વર્ષની કેટલાક અનેક વર્ષની પ્રવ્રજ્યાવાળા હતા. તેઓ સંયમથી અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

[૧૫] તે કાળ અને તે સયયમાં શ્રમણ ભગવાન મહાવીરના અનેક શિષ્યો હતાં. તેઓ નિર્ગ્રંથ ભગવંતો હતા. તેમાંથી કેટલાક વિશિષ્ટમતિજ્ઞાની હતા. યાવત્ કેવળ જ્ઞાની હતા. કેટલાક મનબળવાળા, યાવત્ કાયબળવાળા હતા. કેટલાક જ્ઞાનબળ, દર્શન બળ, ચારિત્રબળવાન હતા. કેટલાક મનથી શાપ તથા અનુગ્રહ કરવામાં સમર્થ હતા. કેટલાંક શ્લેષ્મઔષધિ જલ્લૌષધિ વિપ્રુડૌષધિ-આમર્ષૌષધિ સર્વૌષધ લબ્ધિવાળા કેટલાંક કોષ્ઠબુદ્ધિવાળા,બીજ બુદ્ધિવાળા, પાટબુદ્ધિવાળા, કેટલાંક પદાનુસારી, કેટલાંક એક સર્વઇન્દ્રયોના વિષયને ગ્રહણ કરનારા, કેટલાક ક્ષીરાસ્રવ, મધાસ્રવ, ઘીઆસ્રવ વાળા હતા. કેટલાંક અક્ષીણ મહાનસિક લબ્ધિવાળા હતા એટલે તેમજ કેટલાંક ઋજુ મતિ કેટલાંક વિપુલમતિ મન પર્યાયજ્ઞાન વાળા હતા. કેટલાંક વૈક્રિયલબ્ધિવાળા ધારક હતા.વિદ્યાચારણ,જંઘાચારણ વિદ્યાધર, અકાશગામી હતા. કનકાવલી એકાવલી લઘુ સિંહનિષ્ક્રીડિત મહાસિંહનિષ્ક્રીડિત ભદ્રપ્રતિમા, મહાભદ્રપ્રતિમા સર્વતોભદ્ર- પ્રતિમા અને આયંબિલ-વર્દ્ધમાન તપ કરનારા, એક માસિક ભિક્ષુપ્રતિમાના ધારક, તેમજ બે ત્રણ યાવત્ ૭ માસ પ્રમાણ ભિક્ષુપ્રતિમાના ધારક હતા. પ્રથમ સાત દિવસ રાત્રીની ભિક્ષુપ્રતિ માના, યાવત્ ત્રીજી સાત દિવસરાતની ભિક્ષુપ્રતિમાના, સાત સાત દિવસ જેમાં છે તેવી ૪૯ દિવસની આઠ આઠ દિવસ જેમાં છે તેવી નવ, નવ દિવસ જેમાં છે તેવી દશ, દશ દિવસ જેમાં છે તેવી પ્રતિમાના ધારક. ક્ષુલ્લકમોકપ્ર, મહામોક , યવમધ્યચંદ્ર, વજ્રમધ્યચંદ્ર, વિવેક, કાયોત્સર્ગ, ઉપધાન પ્રતિમા,અને પ્રતિસંલીન, પ્રતિમાના ધારક હતા. તે સર્વ મુનિઓ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચારતા હતા.

[૧૬] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરના શિષ્યો અનેક સ્થવિર ભગવંતો હતા જે જાતિસંપન્ન- કુલસંપન્ન- બલ,- રુપ, વિનય, જ્ઞાનસંપન્ન, વિશિષ્ટ દર્શનવાળા, લજ્જા યુક્ત, દ્રવ્ય અને ભાવ લાઘવવાળા, ઓજસ્વી, તેજસ્વી વર્ચસ્વી - યશસ્વી, જેમણે, ક્રોધ માન માયા અને લોભ જીત્યો છે, જિતેન્દ્રિય, નિદ્રાજીત, પરીષહ જીત, જીવવાની આશા તેમજ મરણના ભયથી સર્વથા મુક્ત, વ્રતપ્રધાન, ગુણપ્રધાન, ક્રિયાઓમાં પ્રધાન, ગુણોથી પ્રધાન, નિગ્રહ પ્રધાન, સંયમક્રિયામાં પ્રધાન, સરલતા પ્રધાન, માર્દવ પ્રધાન, લાઘવપ્રધાન, ક્ષમાપ્રધાન, વિદ્યાપ્રધાન, મંત્રોમાં પ્રધાન, શાસ્ત્રો માં જ્ઞાનમાં પ્રધાન, બ્રહ્મચર્ય પ્રધાન, નયપ્રધાન, નિયમ પ્રધાન, સત્યપ્રધાન, શુદ્ધિમાં પ્રધાન, ગૌરવર્ણ ઉત્તમ કીર્તિસંપન્ન ઉત્તમ બુદ્ધિ સંપન્ન હતા. લજ્જા અને તપથી જિતેન્દ્રિય હતા, અકલુષિત હૃદયવાળા હતા, નિદાન રહિત, વિષયોમાં ઉત્સુકતા રહિત, બાહ્યલેશ્યાથી રહિત અપ્રતિલેશ્ય સંયમમાં રત હતા, ઇન્દ્રિયોનું દમન કરનાર હતા. તે સાધુઓ આ નિર્ગ્રંથપ્રવચનને આગળ રાખીને વિચરતા હતા.

તે ભગવાન મહાવીરના શિષ્યો સ્વસિદ્ધાન્તને જાણનારા હતા. પરસિદ્ધાન્તને જાણનારા હતા. સ્વ-પર સિદ્ધાન્તરુપી કમળવનથી પૂર્ણ પરિચિત હતા. એકધારા પ્રશ્નો પૂછવામાં આવે તેના જવાબ આપનારા હતા. રત્નના કરંડિઆ સમાન સમ્યગ્જ્ઞા નાદિ ગુણોથી યુક્ત હતા. કુત્રિકાપણ જેવા હતા પરવાદીને જીતનારા, શાસ્ત્રોના ધારક, ચૌદ

પૂર્વી, દ્વાદ શાંગના જ્ઞાતા, ચૌદપૂર્વ સહિત દ્વાદશાંગના જ્ઞાતા, સર્વ અક્ષરનાસન્નિ પાતને જાણ નારા ભાષાના જ્ઞાતા, જિનની સમાન યથાર્થ પ્રરુ પણા કરનારા હતા તેઓ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

[૧૭] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી ઘણાં અણગાર ભગવંતો ઈર્યાસમિતિવાળા, યાવત્ પરિષ્ઠાપન રૂપ સમિતિવાળા, મનો ગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિવાન હતા, ગુપ્તેન્દ્રિય ગુપ્તબ્રહ્મચારી મમત્વ રહિત, પરિ ગ્રહ રહિત, ક્રોધ માન માયા લોભ રહિત, બહારથી શાંત, અંદરથી શાંત, બહાર અંતર બંનેથી શાંતઃ કર્મકૃત વિકારથી રહિત, આસ્રવ રહિત, ગ્રંથિરહિત, સંસાર સ્રોતથી અલગ રહેનારા નિર્લેપ, શંખની જેમ રાગાદિથી રહિત, જીવની જેમ અપ્રતિહત ગતિ વાળા હતા, શુદ્ધ કરેલા સુવર્ણની સમાન નિર્મળ, દર્પણની જેમ પ્રગટ ભાવવાળા, કાચ બાની સમાન ગુપ્તેન્દ્રિય, કમળપત્રની સમાન નિર્લેપ, આકાશની સમાન નિરાલંબન, પવનની સમાન ઘરથી રહિત, ચંદ્ર જેવા સૌમ્ય, સૂર્ય સમાન તેજસ્વી, સાગર જેવા ગંભીર, પક્ષીની સમાન સર્વથી વિમુક્ત, મેરુ પર્વત સમાન અકંપ, શરદ ઋતુના જલની જેમ નિર્મળ હૃદયવાળા, ગેંડાના શીંગડાની સમાન એક સ્વરૂપ, ભારંડપક્ષીની જેમ અપ્રમત્ત, હાથીની સમાન શૂરવીર, વૃષભની સમાન બલિષ્ઠ, સિંહ જેવા દુર્ધર્ષ પૃથ્વીની સમાન સર્વ સહા તપ અને સંયમના તેજથી દેદીપ્યમાન હતા.

ભગવાન મહાવીરના સમીપમાં રહેનારા, સ્થવિર ભગવંતોને કોઈ પણ વિષય માં પ્રતિબંધ ન હતો. તે પ્રતિબંધ ચાર પ્રકારે છે. -દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી. દ્રવ્યથી સચિત્ત અચિત્ત સચિત્તાચિત્ત ક્ષેત્રથી ગામ, નગર, જંગલ, ખેતર, ખળા, ઘર, આંગણા કાળથી સમય, આવલિકા, આનપ્રાણ, સ્તોક લવ મુહૂર્ત, અહોરાત્રિ, પક્ષ, માસ, અયન તેમજ બીજા પણ સંવત્સરાદિ રૂપ ભાવની અપેક્ષાએ-ક્રોધ, માન, માયા, લોભ, ભયમાં તથા હાસ્યમાં મુનિઓને કોઈપણ જાતનો પ્રતિબંધ ન હતો.

તે ભગવાન મહાવીરના શિષ્યો ગ્રીષ્મકાળ તેમજ શીત કાળના આઠ મહિનામાં ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ રહેતા, કુહાડા ચંદન સમાન મુનિજનો અપકારી અને ઉપકારી બંને પ્રત્યે સમાન દૃષ્ટિવાળા હતા. પત્થર અને સુવર્ણને સમાન ગણનારા, સુખ અનેદુઃખમાં સમાન પરિણામવાળા,આ લોક તથા પરલોકની આસક્તિ થી રહિત, ભવ સંસારને તરવાવાળા, સંયમઆરાધનામાં તત્પર હતા.

[૧૮] તે ભગવાનના શિષ્યો આ પ્રકારે વિહાર કરતા હતા. આ પ્રમાણે આભ્યંતર તેમજ બાહ્ય તપમાં તત્પર રહેતા હતા.

[૧૯] બાહ્ય તપ શું છે ? તે આ પ્રમાણે છે-અનશન, અવમોદરિકા, ભિક્ષાચરિકા, રસપરિત્યાગ, કાયકલેશ અને પ્રતિસંલીનતા. અનશન તપ શું છે ? અનશન બે પ્રકારે છે,-ઈત્વરિક અને યાવત્થિક. ઈત્વરિક તપ શું છે ? ઈત્વરિક તપ અનેક પ્રકારનું છે. ચતુર્થભક્ત-ષષ્ઠ-ભક્ત-અષ્ટમ-ભક્ત - દશમ - ભક્ત - દ્વાદશ - ભક્ત - ચતુર્દશ ભક્ત ષોડશ ભક્ત-અર્ધમાસિક-ભક્ત- એક માસિક ભક્ત- દ્વિમાસિક ભક્ત, યાવત્ છ માસિક ભક્ત, આ સર્વ ઈત્વરિક તપ છે. યાવત્કથિક તપ કેટલા પ્રકારના છે ? યાવત્ક થિત તપ બે પ્રકારે છે.-પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન. પાદપોપગમન શું છે ? પાદપોપગમન બે પ્રકારે છે, -વ્યાઘાત અને નિર્વ્યાઘાત ભક્તપ્રત્યાખ્યાન શું છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભક્તપ્રત્યાખ્યાન બેપ્રકારે છે.-વ્યાઘાત,નિર્વ્યાઘાત.આમા નિયમ પ્રમાણે વૈયાવૃત્યાદિ કરાય છે.

અવમોદરિકા શું છે ? અવમોદરિકા બે પ્રકારે છે.દ્રવ્યાવમોદરિકા અને ભાવાવ-મોદરિકા. દ્રવ્યાવમોદરિકા શું છે ? દ્રવ્યાવમોદરિકા બે પ્રકારે છે. ઉપકરણ દ્રવ્યાવમોદ રિકા અને ભક્તપાન દ્રવ્યાવમોદરિકા. ઉપકરણ દ્રવ્યાવ મોદરિકાત્રણ પ્રકારે છે. એક વસ્ત્ર, એક પાત્ર અને ત્યકતો પકરણ-ભક્તપાન દ્રવ્યાવમોદરિકા શુ છે ? કુકડીના ઈંડા પ્રમાણ આઠ કવલ આહાર કરે તે અલ્પાહાર, ૧૨ કવલનો આહાર લે તે અપાર્દ્ધ,૧૬ કવલનો આહાર લે તે દ્વિભાગ પ્રાપ્ત ૨૪ કવલ આહાર લે તે પ્રાપ્ત ઉણોદરી છે. ૩૧ કવલ આહાર લે તે કંઈક ન્યૂન ઉણોદરી છે. ૩૨ કવલ આહારમાંથી જે શ્રમણ નિર્ગ્રંથ એક કવલ પણ આહાર ઓછો કરે તો તે પ્રકામભોજી નથી. ભાવ ઉણોદરી શું છે ? -ક્રોધ રહિત, માન રહિત, માયારહિત લોભરહિત, ઓછું બોલવું, કલહથી રહિત, પરસ્પર ભેદ ઉત્પન્ન કરાવનાર વચનથી રહિત, આ ભાવ ઉણોદરી છે.

ભિક્ષાચર્યા શું છે ? ભિક્ષાચર્યા અનેક પ્રકારે છે. તે દ્રવ્યનો ક્ષેત્રનો કાલનો અભિ ગ્રહ કરી વિચરે, ભાવથી અને ઉત્ક્ષિપ્તચરક નિક્ષિપ્તચરક ઉત્ક્ષિપ્તનિક્ષિપ્ત ચરક વર્ત્યમાન ચરક- સંહ્રિયમાન ચરક ઉપનીતચરક-અપનીતચરક- ઉપનીત-અપનીત ચરક- સંસૃષ્ટ ચરક-અસંસૃષ્ટચરક-તજ્જાતસંસૃષ્ટચરક-અજ્ઞાત ચરક-મૌનચરક- દૃષ્ટ લાભિક- અદૃષ્ટલાભિક -પૃષ્ટલાભિક - અપૃષ્ટલાભિક - ભિક્ષાલાભિક -અભિલાભિક -અન્નગ્લાયક- ઔપનિહિતક પરિમિતપિંડપાતિક - શુદ્ધૈષણિક - સંખ્યાદત્તિક - આવી પ્રતિજ્ઞાઓ તે ભિક્ષાચર્યા છે.

રસપરિત્યાગ શું છે ? - નિર્વિકૃતિક પ્રણીતરસ આચામ્લ - આયામસિકથભોજી અરસાહા વિરસાહાર - અંતાહાર - પ્રાન્તાહાર રૂક્ષાહાર, તુચ્છાહાર - આ રસ પરિત્યાગ તપ છે.

કાયકલેશ તપ શું છે ? કાયકલેશ તપ અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે- સ્થાન સ્થિતિક ઉત્કુટુકાસનિક- પ્રતિમાસ્થાયી, વીરાસનિક, નૈષધિક, દંડાયતિક, લકુટશાયી-આતાવક-અપ્રાવૃતક-અનિષ્ઠી વક-સર્વગાત્ર પરિકમ વિભૂષાથી વિપ્રમુક્ત. આ કાય કલેશ તપ છે.

પ્રતિસંલીનતા શું છે ? ઈન્દ્રિયોને ગોપવી રાખવી, કષાય પ્રતિસંલીનતા યોગપ્રતિ સંલીનતા, વિવિક્ત શયના સેવનતા પ્રતિસંલીનતા. ઈન્દ્રિય પ્રતિસંલીનતા કેટલાં પ્રકારે છે ? ઈન્દ્રિય પ્રતિસંલીનના પાંચ પ્રકારે છે તે આ પ્રમાણે-શ્રોત્રેન્દ્રિયના વિષયમાં પ્રવૃત્તિ કરવાથી રોકવી, યાવત્ સ્પર્શ ઈન્દ્રિયના વિષયમાં પ્રવૃત્તિ રોકવી આ ઈન્દ્રિયપ્રતિ સંલીનતા છે. કષાયપ્રતિસંલીનતા શું છે ? કષાયપ્રતિસંલીનતા ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે-ક્રોધનો ઉદય થતાં જ તેનો નિરોધ કરવો - યાવત્ લોભના ઉદયનો નિરોધ કરવો. યોગપ્રતિસંલીનતાશું છે ? યોગપ્રતિસંલીનતા ત્રણ પ્રકારે છે, તે આ પ્રમાણે-મન યોગ પ્રતિસંલીનતા, વચન યોગપ્રતિસંલીનતા, કાયયોગપ્રતિસંલીનતા. મનયોગ પ્રતિસંલી-નતા શું છે ? અકુશલ - અશુભ મનનો નિરોધ કરવો અને શુભ મનમાં પ્રવર્તન થવું તે મનયોગ પ્રતિસંલીનતા. વચનયોગપ્રતિસંલીનતા શું છે ? અકુશળ-અશુભ વાણીનો નિરોધ કરવો અને શુભ વાણીમાં પ્રવૃત્ત થવું તે વચનયોગ પ્રતિસંલીનતા છે. કાયયોગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિસંલીનતા શું છે ? કાચબાની જેમ હાથ, પગ, ઈન્દ્રિયોને સારી રીતે ગોપવી રાખવા તે કાયયોગ પ્રતિસંલીનતા છે. વિવિક્ત શયનાસનનું સેવન શું છે ? દોષરહિત આસન તેમજ શયનનું સેવન કરવું

[૨૦] આભ્યંતર તપ શું છે ? આભ્યંતર તપ છ પ્રકારે છે : પ્રાયશ્ચિત્ત વિનય વૈયાવૃત્ય સ્વાધ્યાય ધ્યાન વ્યુત્સર્ગ.

પ્રાયશ્ચિત્ત શું છે ? પ્રાયશ્ચિત્ત દશ પ્રકારે છે. - આલોચના યોગ્ય પ્રતિક્રમણ યોગ્ય તદુભયયોગ્ય- વિવેક યોગ્ય-વ્યુત્સર્ગ. તપશ્ચર્યા યોગ્ય- છેદાર્હ- મૂલાર્હ-જે પ્રાયશ્ચિત્ત ફરી દીક્ષા આપવા યોગ્ય હોય. અનવસ્થાપ્યાર્હ-પારાંચિકાર્હ-

વિનય તપનું સ્વરૂપ શું છે ? વિનય સાત પ્રકારે છે : જ્ઞાન-વિનય દર્શન-વિનય ચારિત્ર-વિનય મન-વિનય વચન-વિનય કાય-વિનય લોકોપચાર-વિનય જ્ઞાન-વિનય શું છે ? જ્ઞાન-વિનય પાંચ પ્રકારે છે : આભિનિબોધિક જ્ઞાન-વિનય યાવત્ કેવલજ્ઞાન વિનય. દર્શન-વિનય શું છે ? દર્શન વિનય બે પ્રકારે છે. તે આ પ્રમાણે : શુશ્રૂષા-વિનય અનત્યાશાતના-વિનય. શુશ્રૂષા -વિનય શું છે ? શુશ્રૂષા-વિનય અનેક પ્રકારે છે, તે આ પ્રમાણે ગુરૂ જનોના આવવા પર ઉભા થવું ગુરુ જ્યાં બેસવા ઈચ્છે ત્યાં આસન લઈને હાજર રહેવું ગુરુ આવે તો આસન પ્રદાન કરવું ગુરુ આદિનો વંદનાદિ દ્વારા સત્કાર કરવો આહાર, વસ્ત્રાદિ પ્રશસ્ત વસ્તુઓથી સન્માન કરવું યથાવિધિ વંદના કરવી ગુરુ સામે હાથ જોડવા ગુરુ આદિ પધારતા હોય ત્યારે સામે જવું બેઠા હોય ત્યારે તેમના અનુકૂળ સેવા કરવી ગુરુ જતાં હોય ત્યારે તેમની પાછળ ચાલવું તે શુશ્રૂષ-વિનય છે. અનત્યાશાતના-વિનય શું છે ? અનત્યાશાતના વિનય ૪૫ પ્રકારે છે. તે આ પ્રમાણે અરિહંત ભગવાનનો અવર્ણવાદ ન બોલવો અરિહંત દ્વારા પ્રરુપિત ધર્મનો અવર્ણવાદ ન બોલવો આચાર્યનો, ઉપાધ્યાયનો, સ્થવિરોનો, ગણનો, કૂળનો, ક્રિયાવાદીનો એક સમાચારીવાળાનો, આભિનિબોધિકજ્ઞાનનો, શ્રુતજ્ઞાનનો, અવધિજ્ઞાનનો, મનઃપર્યવ જ્ઞાનનો, કેવલજ્ઞાનનો અવર્ણવાદ ન બોલવો. તેમજ આ ૧૫નું ભક્તિપૂર્વક બહુમાન કરવું એટલે ત્રીસ પ્રકાર થયા અને તેમજ એ ૧૫ના ગુણોનું કીર્તન કરવું આ પ્રકારે અનત્ય કીર્તન કરવું ચારિત્રવિનય કેટલાં પ્રકારે છે ? ચારિત્રવિનય પાંચ પ્રકારે છે,- સામાયિક ચારિત્રનો વિનય છેદોપસ્થાપનીયચારિત્રનો વિનય પરિહારવિશુદ્ધ ચારિત્રનો વિનય સૂક્ષ્મસંપરાયચારિત્રનો વિનય યથાખ્યાતચારિત્રનો વિનય. મનવિનય શું છે ? મનવિનય બે પ્રકારે છે. તે આ પ્રમાણે પ્રશસ્ત મનનો વિનય અને અપ્રશસ્ત મનનો વિનય. અપ્રશસ્ત મનનો વિનય શું છે ? અપ્રશસ્તમનોવિનય-જે મન સાવધ, સક્રિય- કર્કશતા સહિત- કટુક- નિષ્ઠુર, કઠોર, આસ્રવકારી, છેદકારી, ભેદક, સંતાપજનક, ઉપદ્રવ કરનાર, પ્રાણીઓનો ઘાત કરનાર હોય તે અપ્રશસ્તમન. એવા મનને અસંયમ ક્રિયાઓમાં પ્રવૃત્ત ન કરવું. તે પ્રશસ્ત મનનો વિનય શું છે ? અપ્રશસ્ત મનના જે વિશેષણો છે તેમનું પ્રશસ્ત રૂપમાં પરિવર્તન કરવાથી પ્રશસ્ત મન. તેનો વિનય તે આ જ પ્રકારે વચનનો વિનય પણ પ્રશસ્ત અને અપ્રશસ્તના ભેદથી બે પ્રકારે છે. કાયવિનય શું છે ? કાયવિનય બે પ્રકારે છે. તે આ પ્રમાણે-પ્રશસ્તકાય વિનય અને અપ્રશસ્તકાય વિનય. અપ્રશસ્તકાય વિનય શું છે ? અપ્રશસ્તકાયવિનય સાત પ્રકારે છે. ઉપયોગ રહિત ગમન, ઊભા રહેવું,બેસવું,પડખા ફેરવવા, ઉલ્લંઘન કરવું- વારંવાર ઉલ્લંઘન

જૈન આગમ સાઇટ JAINSITE

કરવું, ઉપયોગ વિના બધી ઈન્દ્રિયોની તેમજ કાયયોગની પ્રવૃત્તિ કરવી. પ્રશસ્ત કાય વિનય શું છે ? પ્રશસ્તકાય વિનય આ જ રીતે છે. લોકો પચાર વિનય શું છે ? લોકોપચાર વિનય સાત પ્રકારે છે. -ગુરુની પાસે રહેવાનો સ્વભાવ હોય, ગુરુ આદિની આજ્ઞાને અનુકૂળ પોતાની પ્રવૃત્તિ રાખવી, વિદ્યાદિની પ્રાપ્તિ માટે આહારાદિ લાવી આપવા. કરેલા ઉપકારને ધ્યાનમાં રાખીને પ્રત્યુપકાર કરવાની ભાવનાથી પ્રીતિયુક્ત વ્યવહાર કરવો, -દેશકાળના અનુસારે પ્રવૃત્તિ કરવી. બધા કાર્યોમાં અનુકૂળતા રાખવી,

વૈયાવૃત્ય તપ શું છે ? વૈયાવૃત્ય તપ દશ પ્રકારે છે. તે આ પ્રમાણે- આચાર્યની, ઉપાધ્યાયની, શૈક્ષ,ગ્લાન,- તપસ્વીની, સ્થવિર,- સાધર્મિકની , કુળ, ગણ,-અને સંઘની વૈયાવૃત્ય છે.

સ્વાધ્યાય તપ શું છે ? સ્વાધ્યાય તપ પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે- વાચના પૃચ્છના પરિવર્તના અનુપ્રેક્ષા ધર્મકથા તે સ્વાધ્યાય તપ છે.

ધ્યાન શું છે ? ધ્યાન ચાર પ્રકારે છે. - આર્તધ્યાન. રૌદ્રધ્યાન ધર્મધ્યાન શુકલ ધ્યાન. આર્તધ્યાન ચાર પ્રકારે છે; અનિષ્ટ સંયોગજન્ય, ઈષ્ટસંયોગજન્ય, વેદનાજન્ય, સેવન કરેલ કામભોગોની પ્રાપ્તિ થતાં તેમનો ક્યારેય પણ વિયોગ ન થાય એવો વિચાર કરવો. આર્તધ્યાનના ચાર લક્ષણો છે, તે આ પ્રમાણે : ક્રન્દન-શોચન - તેપન,- વિલપન - રૌદ્રધ્યાન ચાર પ્રકાર છે, હિંસાનુબંધી મૃષાનુબંધી સ્તેન્યાનુબંધી - સંરક્ષાનુબંધી રૌદ્રધ્યાનના ચાર લક્ષણ કહ્યા છે,- ઉષન્નદોષ,-બિંહુદોષ અજ્ઞાનદોષ,-આમરણાન્ત દોષ- ધર્મધ્યાન ચાર પ્રકારે છે અને તે દરેકના ચાર ચાર ભેદ છે. તે આ પ્રમાણે - આજ્ઞાવિચય અપાયવિચય વિપાક વિચય સંસ્થાન વિચય. ધર્મધ્યાનના ચાર લક્ષણો છે. તે આ પ્રમાણે- આજ્ઞારુચિ નિસર્ગરુચિ ઉપદેશરુચિ સૂત્રરુચિ. ધર્મધ્યાનના આલંબના ચાર છે, તે આ પ્રમાણે વાચના પૃચ્છના પરિયટ્ટણા ધર્મકથા. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે, તે આ પ્રમાણે - અનિત્યાનુપ્રેક્ષા અશરણાનુ પ્રેક્ષા એકત્વાનુપ્રેક્ષા સંસારાનુપ્રેક્ષા. શુકલધ્યાન ચાર પ્રકારે છે,- પૃથકત્વવિતર્ક સવિચાર, એકત્વવિતર્ક અવિચાર, સૂક્ષ્મ ક્રિયાપ્રતિ પાતિ, સમુચ્છિન્નક્રિયાનિવૃત્તિ. શુકલધ્યાનના ચાર લક્ષણ છે, - વિવેક, વ્યુત્સર્ગ વ્યથ,- અસંમોહ,-શુકલ ધ્યાનના ચાર આલંબન છે, તે આ પ્રમાણે છે- ક્ષમા, મુત્તિ, આર્જવ, માર્દવ - શુકલ ધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે, અપાયાનુપ્રેક્ષા, અશુભાનુ પ્રેક્ષા,અનંતવર્ત્તિતાનુપ્રેક્ષા,વિપરિણામાનુપ્રેક્ષા.વ્યુત્સર્ગ તે શુંછે ? વ્યુત્સર્ગ તપ બે પ્રકારે છે, - દ્રવ્યવ્યુત્સર્ગ અને ભાવવ્યુત્સર્ગ. દ્રવ્યવ્યુત્સર્ગ કેટલા પ્રકારે છે ? દ્રવ્ય વ્યુત્સર્ગ ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે- શરીરવ્યુત્સર્ગ, ગણ વ્યુત્સર્ગ, ઉપધિવ્યુત્સર્ગ, ભક્તપાનવ્યુત્સર્ગ. આ દ્રવ્યવ્યુત્સર્ગ ત્રણ પ્રકારે છે,- કષાયવ્યુત્સર્ગ, સંસારવ્યુત્સર્ગ, કર્મવ્યુત્સર્ગ. કષાયવ્યુત્સર્ગ શું છે ? કષાય વ્યુત્સર્ગ ચાર પ્રકારે છે. ક્રોધકષાય વ્યુત્સર્ગ, યાવત્ લોભ કષાય વ્યુત્સર્ગ. સંસારવ્યુત્સર્ગ શું છે ? સંસારવ્યુત્સર્ગ ચાર પ્રકારે છે, નૈરયિક સંસારવ્યુત્સર્ગ, તિર્યંચ સંસાર વ્યુત્સર્ગ, મનુષ્ય સંસારવ્યુત્સર્ગ, દેવ સંસાર વ્યુત્સર્ગ. કર્મવ્યુત્સર્ગ શું છે ? કર્મવ્યુત્સર્ગ આઠ પ્રકારે છે, તે આ પ્રમાણે - જ્ઞાનાવરણીય કર્મવ્યુત્સર્ગ, દર્શનાવરણીય કર્મવ્યુત્સર્ગ, વેદનીય કર્મવ્યુત્સર્ગ, મોહનીયકર્મવ્યુત્સર્ગ, આયુકર્મવ્યુત્સર્ગ, નામકર્મવ્યુત્સર્ગ, ગોત્રકર્મવ્યુત્સર્ગ, અંતરાય કર્મવ્યુત્સર્ગ.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૨૧] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરના ઘણાં અણગાર ભગવંતો હતા. તેમાં કેટલાંક આચારાંગ સૂત્રના ધારક હતા યાવત્ વિપાક સૂત્રના ધારક હતા. તે ઉદ્યાનમાં ભિન્ન સ્થાનમાં ગચ્છ ગચ્છના રૂપમાં વિભક્ત થઈને, ગચ્છના એક એક ભાગમાં, કેટલાક વાચના આપતા હતા, કેટલાક પૂછતા હતા.કેટલાક અનુ પ્રેક્ષા - કરતા હતા, કેટલાંક આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની અને નિવેદની એ પ્રકારે અનેક પ્રકારની કથાઓ કરતા હતા. કેટલાક ઘૂંટણો ઊંચા રાખી, માથું નીચે રાખી ધ્યાન રૂપી કોઠામાં સ્થિત હતા. આ પ્રમાણે સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

તે સંસારના ભયથી દ્વિગ્ન હતા. સંસારભીરુ હતા, જન્મ, જરા, મરણ એ જેના સાધન છે તેમજ પ્રગાઢ દુઃખ જ જેમાં વિસ્તારથી ઉછળતા પાણીની જેમ ભરેલ છે તથા સંયોગ, વિયોગની જેમ લહેરો છે, ચિંતા જેનો વિસ્તાર છે, વધ તેમજ બંધન જેમાં મોટા મોજાં છે, કરુણારસજનક વિલાપ વચન તેમજ લોભથી ઉત્પન્ન થયેલ આક્રોશ વચન આ બે જેના મોટા કલકલાટ ધ્વનિઓ છે, અપમાન જેમાં ફીણના ઢગલારૂપ છે, દુઃસહ નિંદા, નિરંતર થતી રોગવેદના, પરાભવ, વિનિપાત, વિનાશ નિષ્ઠુર વચન, અપમાનના વચન તેમજ કઠોર ઉદયવાળા સંચિત જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો એ જ જેમાં ખડકો છે તેની સાથે ભટકાવાથી અનેક પ્રકારનાં આધિ, વ્યાધિરૂપ મોજાં ઉત્પન્ન થાય છે અને તેનાથી ચલાયમાન અવશ્યંભાવીમૃત્યુભય જેમાં પાણીની સપાટીનોભાગ છે. એવો આ સંસાર સાગર છે. કષાયરૂપ પાતાળ કળશોથી વ્યાપ્ત છે. લાખો ભવરૂપ જ જેમાં પાણીનો સંચય છે. મહાભયંકર છે. અપરિમિત તીવ્રાભિલાષા છે. તે વાયુના ઝપાટાથી ઊડતાં જલકણો છે તેનાથી આ સંસારસમુદ્ર અંધકારથી ભરેલ જેવો થઈ ગયો છે. આશા તેમજ તૃષ્ણા રૂપ પ્રચુર ફીણથી તે સફેદ થઈ ગયો છે. મોહરૂપી મહા આવર્ત્તમાં ભોગરૂપ જલ ચક્રની જેમ ઘૂમી રહ્યું છે, તેમાં પ્રમાદાદિ ક્રોધિ તેમજ અતિ દુષ્ટ સ્વભાવવાળા હિંસક જીવ છે. તેનાથી આઘાત પામી સમસ્ત સંસારી જીવોનો સમૂહ આમતેમ ભાગતો, ફરે છે. તે જીવોનો ભયંકર આક્રંદ નનો મહાભીષમ પડઘો આ સંસાર સમુદ્રમાં પડે છે તથા અજ્ઞાન જ ઘૂમતાં માછલાં તેમજ જલજંતુ વિશેષ છે. અનુપશાંત ઈન્દ્રિયો તેમાં વિકરાળ મગર છે. આ મહામ ગરોની ચંચળ ચેષ્ટાઓથી તેમાં અજ્ઞાનીઓના સમૂહરૂપ જલસમૂહ ક્ષુબ્ધ થઈ રહ્યો છે, નાચી રહ્યો છે. અરતિ, ભય, વિષાદ, શોક તથા મિથ્યાત્વ રૂપી પર્વતથી અત્યંત વિકટ છે. અનાદિકાળથી, બંધનાવસ્થાથી આવતા કર્મ અને તેનાથી ઉત્પન્ન થએલ રાગાદિ પરિણામ તે ચીકણા કાદવ છે. જેને તરવો મુશ્કેલ છે. દેવ, મનુષ્ય, તિર્યંચ તથા નરક ગતિમાં નિરંતર પરિભ્રમણ તે તેની વાંકી થતી વિશાળ વેલા છે. ચાર ગતિરૂપ, ચાર વિભાગથી વિભક્ત છે. વિશાળ છે. જેનો પાર પામવો મુશ્કેલ છે, વિકરાળ છે, જેના દર્શનામાત્રથી ભય ઉત્પન્ન થાય છે, એવો આ સંસાર સમુદ્રછે. તેને ધૈર્યરૂપી દોરડાંના બંધનથી જે દૃઢ છે, અત્યંત વેગવાળી છે, જેમાં સંવર તથા વૈરાગ્યરૂપી એક ઊંચો કૂપક સ્તંભ છે, જ્ઞાનરૂપી સફેદ વસ્ત્ર જેમાં સઢ છે, વિશુદ્ધ સમ્યકત્વ જેનો સુકાની છે, પ્રશસ્ત ધ્યાનરૂપ, તપરૂપ વાયુથી પ્રેરિત થઈ જે આગળ વધે છે આવા પ્રકારના સંયમરૂપી નાવથી પાર કરે છે તે મુનિઓ શીલરથને ધારણ કરનારા છે. ઉદ્યમ, વ્યવસાય આ બંનેથી ગ્રહણ કરેલ નિર્જરા, યતના, ઉપયોગ, જ્ઞાન દર્શન તેમજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારિત્ર વિશુદ્ધ શ્રેષ્ઠ ભાર જેમાં ભરેલો છે તેવા મુનિ સંસારસમુદ્રનો પાર પામે છે. જિનવરના વચન દ્વારા બતાવેલ જે સંયમમાર્ગ તેનાથી કપટાદિથી રહિત થઈ સિદ્ધિરૂપ નગરના સન્મુખ થાય છે. એવા શ્રેષ્ઠ શ્રમણો સાર્થવાહ છે. આ સાધુઓ ગામની અંદર એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ નિવાસ કરતા હતા. જિતેન્દ્રિય હતા. નિર્ભય હતા. સચિત્ત, અચિત્ત અને સચિત્તાચિત્ત દ્રવ્યોમાં વૈરાગ્યવાન હતા. સંયમી, હિંસાદિથી નિવૃત્ત અને લોભથી રહિત હતા. લાઘવ ગુણસંપન્ન હતા; અભિલાષાથી રહિત હતા. મોક્ષસાધક હતા, વિનીત થઈ ધર્મની આરાધના કરતા હતા.

[૨૨] તે કાળ અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરની પાસે અનેક અસુર કુમાર દેવો પ્રગટ થયા. તેઓ કાળા મહાનીલમણિ, ગુલિકા, ભેંસના શિંગડા સમાન, અળશીના ફૂલની સમાન કાંતિવાળા હતા. વિકસેલા શતપત્ર ના સમાન નેત્રની પાંપણો હતી, નેત્રો નિર્મળ કંઈક શ્વેત તથા ત્રાંબાની સમાન જરા લાલ હતા. ગરુડની જેવી લાંબી, સરળ તથા ઊંચી નાસિકા હતી. પુષ્ટ શિલાપ્રવાલવિદ્રુમ અને અતિશય લાલ ચણોઠીના જેવા હોઠ હતા. સફેદ ચંદ્રના ટૂકડાની સમાન અતિ ઉજ્જવલ, શંખ, ગોક્ષીર, ફીણ, જલકણ તથા કમળની દાંડી સમાન શ્વેત દાંતની પંક્તિઓ હતી. અગ્નિમાં તપાવેલ, સાફ કરેલ, ધોયેલ, તપેલા સુવર્ણની સમાન લાલ તલભાગવાળા તેમના તાળવા અને જીભ હતા. આંજણ, મેઘ સમાન કાળા, રુચક મણિ સમાન સ્નિગ્ધ કેશ હતા. ડાબા કાનમાં કુંડલ હતા. ભીના ચંદનથી તેમના આખા શરીર પર લેપ કરવામાં આવ્યો હતો. કંઈક શ્વેત તથા સિલીન્ધ્ર પુષ્પના પ્રકાશ જેવા, અત્યંત સૂક્ષ્મ-પતલા, દોષરહિત એવા શ્રેષ્ઠ વસ્ત્રોને ધારણ કર્યા હતા. યૌવન અવસ્થાને પ્રાપ્ત હતા. તેમની ભુજાઓ, બાહુના આભરણ, ભુજબંધક એ ઉત્તમ આભૂષણોથી તથા નિર્મળ મણિરત્નોથી મંડિત હતી. હાથની દશે આંગળીઓ મુદ્રિકાઓથી મંડિત હતી. ચૂડામણિ ચિહ્ન ધારક હતા, સુંદર હતા, મહાન ઋદ્ધિવાળા; મહાન દ્યુતિવાળા, વિશેષ શક્તિસંપન્ન, મહાન યશવાળા, વિશિષ્ટ પ્રકાર ના સુખના ભોક્તા, અચિન્ત્ય પ્રભાવના ધારક હતા. વક્ષસ્થળ હારથી શોભાયમાન હતું, કટક તથા ભુજબંધનથી તેમની ભુજાઓ સજ્જિત હતી. બાજુબંધ, કુંડલથી જેના ગાલ ઘર્ષિત થતા હતા તેમજ બીજા વિશિષ્ટ કર્ણના આભૂષણોને ધારણ કર્યા હતા. વિચિત્ર માળાઓને ધારણ કરી હતી. મસ્તક મુકુટોથી શોભી રહ્યા હતા. કલ્યાણકારી તથા વિશેષ કીંમત વસ્ત્રો ધારણ કર્યા હતાં. શ્રેષ્ઠમાળાને ધારણ કરી હતી તથા વિલેપનથી શરીર સજ્જિત હતાં. તેમના શરીર આભાવાળા હતા, જે વનમાળા ધારણ કરી હતી તે લાંબી લટકતી હતી. દિવ્યવર્ણ, દિવ્ય ગંધ, દિવ્ય રૂપ, તેમજ દિવ્ય સ્પર્શ, દિવ્ય સંહનન, સંસ્થાન વાળા તથા દિવ્ય ઋદ્ધિ, દ્યુતિ, પ્રભા, છાયા, શરીર પરના રત્નાદિના દિવ્ય તેજવાળા, ક્રાંતિવાળા અને દિવ્ય લેશ્યાવાળા હતા. દશે દિશાઓને પ્રકાશિત કરતા શ્રમણ ભગવાન મહાવીરની પાસે વારંવાર આવી, બહુ ભક્તિપૂર્વક વંદન નમસ્કાર કરીને પોતપોતાના નામ તેમજ ગોત્ર કહ્યાં. ન અતિ દૂર કે ન અતિ નજીક એ રીતે સામે બેસી, સાંભળવાની ઈચ્છાવાળા તે દેવો નમસ્કાર કરતા વિનયપૂર્વક હાથ જોડી સેવા કરવા લાગ્યા.

[૨૩] તે કાળ અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરની પાસે અનેક અસુરેન્દ્રોને છોડી ને નાગ, સુપર્ણ, વિદ્યુત, અગ્નિ, ક્ષય, ઉદધિ, દિશા, પવન, સ્તનીત ક્ષારો

જૈન સાઈટ JAINSITE

બીજા ભવનવાસી દેવો પ્રગટ થયા. આ દેવોના મુકુટમાં ક્રમથી આ પ્રમાણે ચિહ્ન હતા નાગની ફણા, ગરુડ, વજ્ર, પૂર્ણકલશ, સિંહ, અશ્વ, હાથી, મગર, સ્વસ્તિક. આ ચિહ્નો મુકુટમાં હોય છે. તે દેવો વિચિત્ર રૂપવાળા અને સુંદર રૂપવાળા, મહાન્ ઋદ્ધિથી યુક્ત હતા. શેષ સર્વ વર્ણન અસુરકુમારની જેમ સમજવું

[૨૪] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરની પાસે ઘણા વ્યન્તર દેવો આવ્યા. પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ. બધા દેવો પ્રશસ્ત નાટકીય ગાનમાં તેમજ નાટ્ય વર્જિત ગાનવિદ્યામાં પ્રેમ રાખવાવાળા હોય છે. આણપન્ને, પાણપન્ને, ઋષિવાદિક, ભૂતવાદિક, કન્દિત, મહાકન્દિત, કૂષ્માંડ, પતંગદેવ તે ચંચળ ચિત્તવાળા તેમજ ક્રીડા અને પરિહાસપ્રિય હોય છે. હસવું અને બોલવું એ બે જેને વિશેષ પ્રિય છે. ગીત અને નૃત્યુમાં રતિ રાખનારા છે. વનમાળા, પુષ્પથી બનાવેલ અલંકાર, મુકુટ, કુંડલ, તેમજ ઈચ્છાનુસાર ઉત્પન્ન કરેલ બીજા આભૂષણો એ જ તેમના સુંદર આભૂષણો છે. સર્વઋતુઓના સુંદર પુષ્પોદ્વારા બનાવેલી લાંબી, સુંદર વિકસિત, ચિત્ર, વિચિત્ર વનમાળાઓથી તેમનું વક્ષસ્થળ શોભાયમાન હતું. ઈચ્છાનુસાર ગમન કરતા. ઈચ્છાનુ સાર રૂપ ધારણ કરતા, અનેક પ્રકારના રંગવાળા તથા ચિત્રવિચિત્ર પ્રભાવાળા એવા ચમકદાર વસ્ત્રો તેઓ પહેરે છે. અનેક દેશોનો પોશાક પહેરે છે. પ્રમુદિતોના જે કન્દર્પપ્રધાન કલહ તેમજ ક્રીડા થાય છે. તેમાંથી ઉત્પન્ન થયેલ જે કોલાહલ તે તેમને અધિક પ્રિય છે. હાંસી, મજાક કરવામાં બહુજ ચતુર હોય છે. અનેક મણિરત્ન જે વિવિધ પ્રકારે યથાસ્થાન ધારણ કરેલ છે તેઓના વિચિત્ર ચિહ્ન છે. સુંદર રૂપવાળા, મહાઋદ્ધિવાળા યાવત્ ભગવાન મહાવીરની સેવા કરવા લાગ્યા.

[૨૫] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરની પાસે જ્યોતિષી દેવો પ્રગટ થયા. બૃહસ્પતિ, ચંદ્ર, સૂર્ય, શુક્ર, શનૈશ્ચર, રાહુ, ધૂમકેતુ, બુધ અને અંગારક તે દેવો તપેલા સુવર્ણની સમાન લાલ વર્ણવાળા હતા. ગ્રહો અને જ્યોતિષી દેવો પોત પોતાના માંડલામાં વિચરનાર હતા. કેતુ હંમેશા ગતિ વિશિષ્ટ છે ૨૮ પ્રકારના નક્ષત્ર જાતિના દેવો છે. તારાઓ અનેક પ્રકારના આકારવાળા તથા પાંચ વર્ણવાળા છે. સ્થિર લેશ્યાવાળા છે. સંચરણશીલ છે. નિરંતર ગમન કરવાનો તેમનો સ્વભાવ છે. પ્રત્યેકનો મુકુટો પોતપોતાના નામોથી યુક્ત તેમજ સ્પષ્ટ ચિહ્નવાળા છે. મહાઋદ્ધિના ધારક છે. યાવત્ ભગવાન મહાવીરની સેવા કરવા લાગ્યા.

[૨૬] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરની પાસે વૈમાનિક દેવો પ્રગટ થયા. સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત દેવો છે. અતિ હર્ષને પ્રાપ્ત હતા. તે દેવો જિનેશ્વરના દર્શન માટે ઉત્સુકતાપૂર્વક આવ્યા અને તેઓ અતિ આનંદિત થયા. તે દેવો પોતપોતાના પાલક, પુષ્પક, સૌમનસ, શ્રીવત્સ, નંદ્યાવર્ત, કામગમ, પ્રતિગમ, મનોગમ, વિમલ, સર્વતોભદ્ર - એ નામવાળા વિમાનોથી તથા બીજા પણ દેવ પોતપોતાનાં વિમાનો દ્વારા આવ્યા. તેમને મુકુટોના વિસ્તીર્ણ ભાગોમાં ક્રમશઃ મૃગ, મહિષ, વરાહ, બકરા, દેડકો, અશ્વ, ગજપતિ, સર્પ, તલવાર, વૃષભનું ચિહ્ન હતું. પ્રશસ્ત કેસવિન્યાસ અને મુકુટ શિથિલ થઈ ગયા હતા. કુંડલોના પ્રકાશથી તેમના મુખમંડલ પ્રકાશિત થઈ રહ્યા હતા. તેમની કાંતિ લાલ હતી. તેમના શરીર કમળની કેશરાલ જેવા ગૌરવર્ણના હતા. તેમના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરના ગંધ, વર્ણ, સ્પર્શ શુભ હતા. ઉત્તમ વૈક્રિય શરીરવાળા હતા. વિવિધ પ્રકારના વસ્ત્રો તથા સુગંધિત માળા ધારણ કરી હતી. મહર્દ્ધિક હતા. મહાદ્યુતિધારી હતા. યાવત્ અંજલિપૂર્વક પ્રભુની સેવા કરવા લાગ્યા.

[૨૭] તે સમયે ચંપાનગરીમાં ત્રણકોણવાળા, યાવત્ રાજ માર્ગ પર મહાન શબ્દોના અવાજ આવવા લાગ્યા. લોકોનું ટોળું એકત્ર થયું. અવ્યક્ત ધ્વનિ થવા લાગ્યો. ક્યાંક સ્પષ્ટધ્વનિ સંભળાવા લાગ્યો. લોકોના એક પછી એક ટોળા આવવા લાગ્યા, સામાન્ય રૂપે જનસમુદાય એકત્રિત થયો, મનુષ્યો એક બીજા સાથે અથડાવા લાગ્યા, અનેક મનુષ્યો પરસ્પરમાં એક બીજાને આ પ્રમાણે કહેવા લાગ્યા, બોલવા લાગ્યા, પ્રરૂપણા કરવા લાગ્યા- હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવાન મહાવીર ધર્મની આદિ કરનાર, તીર્થંકર, સ્વયં સંબુદ્ધ, પુરુષોત્તમ યાવત્ મોક્ષ પ્રાપ્ત કરનાર પૂર્વાનુપૂર્વે ગ્રામાનુ ગ્રામ વિચરતા આજે અહીં પધાર્યા છે, પ્રાપ્ત થયા છે, સમોસર્યા છે. આ ચંપાનગરીની બહાર પૂર્ણભદ્ર ઉદ્યાનમાં યથારૂપ આજ્ઞાને લઈ, સંયમ તેમજ તપથી આત્માને ભાવિત કરતાં વિચરે છે. હે દેવાનુપ્રિય ! તથારૂપ અરિહંત ભગવંતના નામ તેમજ ગોત્રના શ્રવણથી પણ મહાફળ પ્રાપ્ત થાય છે, તો પછી તેમના સમીપ જવાથી, વંદન કરવાથી, પ્રશ્ન પૂછવાથી, પર્યુપાસના કરવાથી જીવોને કયા અનુપમ ફળની પ્રાપ્તિ ન થઈ શકે ? ભગવાનના એક આર્ય ધર્મના વચનને સાંભળવાથી જીવ મહાફળના ભાગી થાય છે તો પછી તેમના દ્વારા કહેવામાં આવતા વિપુલ અર્થોનું ગ્રહણ કરવાથી જે ફળ થાય તે વિષયમાં તો કહેવાનું જ શું ? માટે હે દેવાનુપ્રિય ! તેમની પાસે જઈએ, શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરીએ, નમસ્કાર કરીએ, સત્કાર કરીએ, સન્માન કરીએ, કલ્યાણ સ્વરૂપ, દેવસ્વરૂપ, કેવળજ્ઞાન સ્વરૂપ એવા ભગવાનની વિનયપૂર્વક સેવા કરીએ. 'એ વંદન તથા નમસ્કાર આ ભવ તથા પરભવમાં જીવને માટે હિતકારી છે, સુખ માટે, મોક્ષ માટે તથા જન્મ-જન્માન્તરમાં સુખ દેવા માટે થશે. આ પ્રકારે વિચારીને ઘણા ઉગ્રવંશીય લોકો ભોગવંશના લોકો રાજન્ય વંશજ ક્ષત્રિય, બ્રાહ્મણ, ભટ યોદ્ધા મલ્લ લિચ્છવી રાજા, ઈશ્વર તલવર- માંડલિક કૌટુમ્બિક, ઈભ્ય શ્રેષ્ઠી- સાર્થવાહ આમાંથી કેટલાંક વંદન કરવા, કેટલાંક પૂજન માટે એવી રીતે સત્કાર કરવા, સન્માન કરવા, દર્શન કરવા, કુતૂહલ માટે, કેટલાંક પદાર્થોના સ્વરૂપનો નિશ્ચય કરવા, પહેલાં જે સાંભળ્યું નથી તે સાંભળશું -તે માટે તથા જે સાંભળ્યું છે તેને શંકારહિત કરીશું એ પ્રકારની ભાવનાથી કેટલાંક નવ તત્ત્વ રૂપ ભાવોને, જીવ આદિના સ્વરૂપનાં સાધક હેતુઓને, કારણોને અથવા બીજા દ્વારા પૂછાતા અર્થના ઉત્તર રૂપ વ્યાકરણને પૂછશું. કેટલાંક સર્વવિરત થવા કેટલાંક ગૃહસ્થધર્મનો સ્વીકાર કરશું એ ભાવનાથી, કેટલાંક આ અમારો કુલાચાર છે એ માન્યતાથી સ્નાન કરી, કુલ દેવીની પૂજા કરી, દુઃસ્વપ્નાદિ નિવારણ માટે મસી તિલક આદિ ધારણ કરી, મસ્તક તેમજ કંઠમાં માલાઓ ધારણ કરી, મણિજડિત સુવર્ણના આભૂષણો પહેર્યા. ૧૮ સરનો હાર, ૯ સરનો અર્ધ હાર, ૩ સરનો હાર તેમ જ લાંબા લટકતા કટિસૂત્રને ધારણ કર્યા. શ્રેષ્ઠ વસ્ત્રો પહેર્યા. શરીર ઉપર ચંદન લગાવ્યું. કેટલાંક ઘોડા ઉપર સવાર થયા, કેટલાંક હાથી પર આરુઢ થયા, કેટલાંક રથ ઉપર બેઠા, કેટલાંક પાલખીમાં ચઢ્યા, કેટલાંક પુરુષોના ટોળાં સાથે પગે ચાલતા નીકળ્યાં; મહાન અતિશય આનંદજનિત શબ્દથી, સિંહનાદથી, વ્યક્ત ધ્વનિથી તથા અવ્યક્ત ધ્વનિથી, ક્ષુભિત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થએલા મહાસમુદ્રના જેવા ધ્વનિ કરતાં ચંપા નગરીના મધ્યમાર્ગથી નીકળ્યા. નીકળીને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું. ત્યાં પહોંચ્યાં. પહોંચીને શ્રમણ ભગવાન મહાવીરથી બહુ દૂર નહિ તેમ નજીક નહીં એ રીતે તીર્થંકરોના અતિશય સ્વરૂપ છત્ર આદિને જોયા. એ જોઈને પોતપોતાના યાન, વાહનોને ત્યાં રોકી દીધા, યાન, વાહનોને રોકીને તેમાંથી નીચે ઉતર્યા. ઉતરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતાં ત્યાં પહોંચ્યા. ત્યાં જઈને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી. પ્રદક્ષિણા કરીને વંદન, નમસ્કાર કર્યા. વિનયપૂર્વક હાથ જોડીને સેવા કરવા લાગ્યા.

[૨૮] ત્યાર પછી ભગવાનના વિહારાદિના સમાચાર લાવવા માટે જેને નિયુક્ત કરેલ છે તે માણસ આ કથાથી પરિચિત થઈને હર્ષિત થયો, સંતુષ્ટ થયો. યાવત્ આનંદિત થયો, સ્નાન કર્યું યાવત્ અલ્પ અને મહાકિંમતી આભૂષણોથી શરીરને શણગાર્યું પછી પોતાના ઘરેથી નીકળ્યો. નીકળીને ચંપાનગરીની મધ્ય-મધ્યમાં થઈને જ્યાં બહારની ઉપસ્થાન શાલા હતી ત્યાં ગયો. કૂણિક યાવત્ બેઠા. બેસીને પ્રવૃત્તિવાદકને ૧૨ા લાખ સિક્કાઓનું પ્રીતિદાન આપ્યું. સત્કાર કર્યો સન્માન કર્યું

[૨૯] ત્યાર પછી ભંભાસારના પુત્ર તે કૂણિક રાજાએ -સેનાપતિને બોલાવ્યો. બોલાવીને આ પ્રકારે કહ્યું, 'હે દેવાનુપ્રિય ! શીઘ્રજ તમે પટ્ટહસ્તિ રત્ન ને સજ્જિત કરો. સાથે ઘોડા, હાથી, રથ તેમજ ઉત્તમ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાને પણ સજ્જિત કરો તથા સુભદ્રા પ્રમુખ દેવીઓના માટે બાહ્ય ઉપસ્થાનશાળામાં અલગ અલગ, ચાલવામાં સારા, બળદો આદિ યુક્ત ધાર્મિક રથોને સજ્જિત કરીને લઈ આવો. ચંપા નગરીની અંદર તેમજ બહાર થોડા પાણી નો છંટકાવ કરી ને રસ્તાઓને સાફસૂફ કરાવો માર્ગમાં આજુબાજુ મંચ ઉપર મંચ ગોઠવાવી દો. અનેક રંગોની ઉંચી ઉંચી ધ્વજાઓ, પતાકાઓ નગરમાં લગાવો. છાણથી જમીન ને લીંપાવો અને ભીંતોને ખડીથી ધોળાવો. ગોશીર્ષ-ચંદન તેમજ સરસ રક્તચંદનથી સમસ્ત નગરને સુગંધિત બનાવો એ કાર્ય કરો તથા બીજા પાસે કરાવો. કરીને તેમજ કરાવીને મારી આજ્ઞા પાછી આપો

[૩૦] ત્યાર પછી તે સેનાપતિ રાજાવડે આ પ્રમાણે આજ્ઞાપિત થતાં હર્ષિત, સંતુષ્ટ થયો યાવત્ અંતઃકરણમાં પ્રફુલ્લિત થયો. હાથ જોડીને મસ્તક ઉપર અંજલિરૂપે તેમને સ્થાપિત કરી પછી તે આ પ્રકારે બોલ્યો - હે સ્વામિન્ ! આપની આજ્ઞા પ્રમાણે કરીશ. હાથીઓના અધિકારીને બોલાવ્યો. બોલાવીને રાજાની ઉક્ત સૂચના આપી.

ત્યાર પછી તે હાથીઓના અધિકારી સેનાપતિએ આ વાત સાંભળીને આજ્ઞામાં વચનને વિનયપૂર્વક સ્વીકાર્યા સ્વીકારીને નિપુણ શિલ્પશિક્ષકના ઉપદેશથીપોતાની મતિથી વિવિધ પ્રકારે હાથીઓ શણગાર્યા. ઝૂલો વગેરે સજાવી. પેટ અથવા છાતી ઉપર મજબૂત કવચ કસીને બાંધ્યું. ગળામાં આભૂષણો પહેરાવવામાં આવ્યા. બીજા અંગો તથા ઉપાંગોમાં સુંદર સુંદર આભૂષણો પહેરાવ્યાં. આથી સ્વાભાવિક તેજ સંપન્ન તે ગજરાજ વધારે તેજસ્વી થયો. કર્ણપૂર કાનમાં પહેરાવ્યાં, ઝૂલ પીઠથી નીચે સુધી લટકી રહી હતી. મદ ઝરવાના કારણે ભમરા ઓનો સમૂહ તેની આસાપાસ ફરતો હતો, પીઠ પર ઝૂલ હતી. તે ઝૂલ પર નાનું ઢાંકેલું વસ્ત્ર હતું તે સુંદર વિવિધ પ્રકારના ચિત્રોથી યુક્ત હતું. શ્રેષ્ઠ પ્રહરણ શસ્ત્ર અને કવચથી સુસજ્જિત આ હાથી જાણે યુદ્ધને માટે સજાવ્યો હોય તેવો લાગતો હતો. છત્રસહિત ધ્વજાસહિત, ઘંટાસહિત હતો. પાંચ વર્ણની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુષ્પમાળા પહેરાવવાથી સુંદર લાગતો હતો.વિજળી જેવાં આભૂષણો ચમકતા હતા. તે કાળા મેઘ જેવો હતો. હાથી ચાલતો હતો ત્યારે જાણે પર્વત ચાલતો હોય તેવું લાગતું હતું. ગુલ ગુલ અવાજ કરતો હતો. તેની ગતિ મન તથા પવનના વેગને પણ જીતે તેવી હતી. જોવા માં ભયંકર હતો.આ પ્રમાણે તે પટ્ટહસ્તિને નિપુણ પુરુષોએ સજાવ્યો હતો. સજાવીને અશ્વ, હાથી, રથ તેમજ શ્રેષ્ઠ સુભટોથી યુક્ત ચતુરંગિણી સેના તૈયાર કરાવી. કરાવીને જ્યાં બલવાહક - હતા ત્યાં ગયા. ત્યાં જઈને નિવેદન કર્યું કે આપની આજ્ઞા પ્રમાણે સર્વ કાર્ય કર્યું છે.

ત્યાર પછી તે સેનાપતિએ યાનશાલાના અધિકારીને બોલાવ્યો. બોલાવીને આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિય ! તમે જલ્દી સુભદ્રા આદિ દેવીઓ માટે બહારની ઉપસ્થાન શાલામાં એક એક રાણીને બેસવા અલગ અલગ યાત્રાને યોગ્ય તેમજ બળદથી યુક્ત રથાદિ વાહનોને હાજર કરો. ત્યાર પછી તે યાનશાળાના અધિકારીએ સેનાપતિની વાતને સાંભળી. આજ્ઞાવચનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો. રથાદિ વાહનોને સારી રીતે જોયાં. સાફ કર્યાં. એક જગ્યાએ એકઠાં કર્યાં. બહાર કાઢીને તેમના ઉપરના વસ્ત્રો દૂર કરીને તે બધાં યાનોને શણગારીને શ્રેષ્ઠ ઉપકરણોથી મંડિત કર્યા. તે વાહનશાલાની અંદર દાખલ થયા. દાખલ થઈને રથાદિ વાહનોને જોયાં. યાવત્ શણગારીને શ્રેષ્ઠ ઉપકરણોથી મંડિત કર્યાં. મંડિત કરીને વાહનોના બળદોને રથોમાં જોડાવ્યાં. જોડાવીને ચાબુકો તેમજ ચલાવનારાને એક સાથે ભેગા કર્યાં. તે બધા યાન ઉપર ચઢી ગયા ત્યારે યાનોને રાજમાર્ગ ઉપર હાજર કર્યા. પછી તે યાનશાળાના અધિકારી સેનાપતિ પાસે નિવેદન કર્યુ પહોંચીને

ત્યાર પછી તે સેનાપતિએ નગરની રક્ષા કરવાવાળા કોટવાલને બોલાવ્યો. બોલાવીને આ પ્રમાણે કહ્યું, કે-હે દેવાનુપ્રિય ! તમે જલદી ચંપાનગરીની અંદર તથા બહાર સફાઈ કરાવો, પાણી છંટાવો યાવત્ સુગંધિત કરો. ત્યાર પછી નગરરક્ષકે સેનાપતિના આ આદેશને સાંભળીને આજ્ઞાનાં વચનોનો વિનયપૂર્વક ત્યાર પછી તે સેનાપતિએ ભંભાસારના પુત્ર કૂણિક રાજાના આભિષેક્ય પટ્ટ હાથીરત્નને શણગારેલો જોયો. અશ્વ, હાથી યાવત્ ચતુરંગિણી સેનાને પણ પાસે જ જોઈ. સુભદ્રા પ્રમુખ દેવીઓને માટે આવેલા રથોને પણ જોયા. યાવત્ ચંપા નગરીને સુગંધિતકરેલી જોઇ. જોઈને તે બહુ હર્ષિત થયો. સંતુષ્ટ થયો, આનંદિત ચિત્તવાળો થયો, પ્રિય મનવાળો થયો યાવત્ વિકસિત હૃદયવાળો થયો અને જ્યાં રાજા ભંભાસારના પુત્ર કૂણિક રાજા હતા ત્યાં ગયો. જઈને હાથ જોડી યાવત્ આ પ્રકારે બોલ્યો : હે દેવાનુપ્રિય ! હવે આપ શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરવા માટે પધારો.

[૩૧] ત્યાર પછી ભંભાસારપુત્ર કૂણિક રાજા સેનાપતિની વાત સાંભળીને, વિચારીને હર્ષિત થયો. સંતુષ્ટ થયો યાવત્ વિકસિત હૃદયવાળો થયો અને વ્યાયામ શાળામાં પ્રવેશ કર્યો. શારીરિક કસરત કરી. અંગોપાંગને વાળ્યાં. મલ્લયુદ્ધ કર્યું. મુદ્દ્ગરો ફેરવ્યાં. આ બધાથી થાક્યા. ત્યાર પછી રસ રુધિરાદિ ને સમતાકારી, બલ કારી, કામતોત્તેજક, માંસવર્ધક અને સર્વ ઇન્દ્રિયોને તેમજ સમ્પૂર્ણ શરીરને માટે આનંદ દાયક એવા શતપાક, સહસ્રપાક નામના તેલથી, ઉબટનથી ખૂબ માલિશ કરાવી, તૈલચર્મથી માલિશ કરનારા પુરુષો કે જેમના હાથ પગના તળિયા બહુ સુકુમાર અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોમળ હતા. મર્દન કરવાની કળામાં નિપુણ, દક્ષ, વિશેષ કુશળ, નવી નવી મર્દન કરવાની કળાના આવિષ્કારક સંપૂર્ણ અંગમ ર્દનની ક્રિયાને જાણનાર હતા. તૈલમર્દન, અંગ સંવાહન તેમજ ઉવટન કરવાથી જે શરીરસ્વાસ્થ્ય કાંતિ આદિ ગુણો થાય છે આવી કલાના જાણકાર હતા. તેઓએ હાડકામાં માંસમાં ચામડીમાં રોમેરોમમાં સુખકારી માલિશથી રાજાની માલિશ કરી, માલિશ કર્યા પછી ખેદ અને પરિશ્રમથી મુક્ત થઈ વ્યાયામ શાળામાંથી રાજા બહાર નીકળ્યા. બહાર નીકળીને જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવ્યા.મોતિવાળા ગોખલાઓથી યુક્તઅતિસુંદર વિવિધ પ્રકારના મણિઓથી જડિત આંગણાવાળા મનોહર સ્નાનમંડપમાં રાખેલા અનેક મણિ તથા રત્નોથી રચિત એવા સ્નાન કરવાના બાજોઠ પર સુખેથી બેઠા. બેસીને શુદ્ધજળથી, ગંધ મિશ્રિત પુષ્પમિશ્રિત સુખદાયી જળથી વારંવાર આનંદકારી ને અતિ શ્રેષ્ઠ સ્નાનની વિધિથી સ્નાન કર્યું. અનેક પ્રકારના કૌતુકો  કર્યા. સુવાળાં સુગંધિત કષાય-લાલ રંગના ટુવાલથી શરીરને લૂછ્યું-પછી સંપૂર્ણ શરીર પર સુગંધિત ગોશીર્ષ ચંદનનો લેપ કર્યો. પછી કીડા કે ઉંદર આદિથી નહિ કપાયેલાં અને બહુમૂલ્ય વસ્ત્રો ધારણ કર્યા. પવિત્ર પુષ્પમાળા ધારણ કરી. શુદ્ધ સુગંધિત દ્રવ્યનું વિલેપન કર્યું. મણિ જડિત સુવર્ણ આભૂષણો પહેર્યા. અઢાર સરનો, નવસરનો, ત્રણ સરનો હાર પહેર્યો. લાંબો લટકતો કંદોરો કમ્મરમાં ધારણ કર્યો તેથી શોભામાં સુંદરતાની વૃદ્ધિ થઈ. ગળાનું આભૂષણ ધારણ કર્યું. આંગળીઓમાં વીંટીઓ પહેરી બન્ને હાથમાં શ્રેષ્ઠ કડાં પહેર્યા અને બાહુમાં ભુજબંધ બાંધ્યા તેથી ભુજા સ્તંભિત થઈ ગઈ હતી. આ પ્રમાણે તેના શરીરની શોભા સુંદર થઈ ગઈ. મુદ્રિકાયુક્ત આંગળીઓ પીળી ઝાંઈથી ચમકવા લાગી. કુંડલોથી મુખ ચમકવા લાગ્યું. મુકુટથી મસ્તક શોભવા લાગ્યું. ઢંકાયેલ વક્ષસ્થલ મનોહર દેખાવા લાગ્યું. ઘણાં લાંબા વસ્ત્રનું ઉત્તરીય ધારણ કર્યું હતું. શ્રેષ્ઠ શિલ્પી દ્વારા બનાવેલ, બહુમૂલ્ય, વિવિધ પ્રકારના મણિ, સુવર્ણ અને રત્નોથી કુશળતાપૂર્વક બનાવેલ, સારી રીતે જોડેલ-વીરવલયને ધારણ કર્યા. વધારે શું કહેવું ? કલ્પવૃક્ષની સમાન અલંકૃત અને વિભૂષિતથઈ, કોરંટ પુષ્પોની માળાથી યુક્ત છત્ર ધારણ કરાયેલ તેમજ બંને બાજુએ ચાર ચામર ઢોળાઈ રહ્યા છે. તેવા તે રાજા સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યા. તેમને જોતાં જ મંગલ જયધ્વનિ કરી અનેક ગણનાયક, યાવત્ સંધિપાલોથી ઘેરાયેલા તે રાજા સફેદ, મહામેઘના આવરણથી મુક્ત, ગ્રહગણોની વચ્ચે રહેલ તથા દેદીપ્યમાન નક્ષત્ર તેમજ તારાગણોની વચ્ચે સુશોભિત ચંદ્રમા જેવા, જેનું દર્શન પ્રિય છે એવા તે રાજા જ્યાં બહારની ઉપસ્થાન શાલા હતી અને જ્યાં આભિષેક્ય શ્રેષ્ઠ હાથી હતો ત્યાં આવ્યા. આવીને અંજનગિરિના શિખરની સમાન ગજપતિ ઉપર નરપતિ આરૂઢ થયા.

ત્યાર પછી ભંભસારપુત્ર કૂણિક રાજા આભિષેક્ય શ્રેષ્ઠ હાથી ઉપર આરૂઢ થઈ જતાં જ સર્વથી પહેલા તેની આગળ આ આઠ માંગલિક ક્રમશઃ ચાલ્યાં, તે આ પ્રમાણે : સ્વસ્તિક શ્રીવત્સ નન્દ્યાવર્ત વર્ધમાનક ભદ્રાસન કલશ મત્સ્ય અને દર્પણ, ત્યાર પછી કેટલાક લોકો જલથી પરિપૂર્ણ કલશ તથા ઝારી લઈ આગળ આગળ ચાલવા લાગ્યા. કેટલાક ચામર સહિત સુંદર છત્ર પતાકાઓને લઈ ચાલ્યા. અને કેટલાક તો રાજાની દૃષ્ટિ પડી શકે તેવી રીતે જોવામાં સુંદર ઉંચી આકાશને અડકતી એવી વિજયધ્વજાઓ ફરકાવતા ચાલવા લાગ્યા. ત્યાર પછી કેટલાક વૈડુર્યમણિની પ્રભાથી પ્રકાશિત દંડ વાળા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લટકતી કોરંટમાળાથી શોભતા, ચંદ્રમંડલ સમાન તથા ઉપર ઉઘાડેલાં છત્ર લઈને ચાલ્યા તો કેટલાક નોકર અને સૈનિક લોક સિંહાસનને તથા પાદુકા સહિત મણિરત્નોના પાદ પીઠને લઈને આગળ ચાલતા હતા. ત્યાર પછી અનેક લાઠીધારીઓ, અનેક ભાલા ધારી, ધનુર્ધારી, ચામરધારી, પાશધારી પુસ્તકધારી, ઢાલને ધારણ કરનારા, પીઢ ને ધારણ કરનારા, વીણાધારી, ચામડાના તેલ પાત્રને ધારણ કરનારા, પાનદાનીને ધારણ કરનારા, અનુક્રમથી આગળ ચાલવા લાગ્યા. ત્યાર પછી અનેક દંડી, મુંડી, શિખાધારી, જટાધારી, પીંછાધારી, વિદૂષકો, ડુગડુગી વગાડનારા, પ્રિય વચન બોલનારા, વાદ વિવાદ કરનારા, કામકથા કરનારા, હાંસી મજાક કરનારા, કુતૂહલ કરનારા, ખેલ તમાશા કરનારા, મૃદંગાદિક વગાડનારા, ગાયન ગાનારા, હસનારા, નાચનારા, ભાષણ કરનારા, ભૂત ભવિષ્યને કહેનારા, આત્મરક્ષક, રાજાના દર્શન કરનાર તથા જય જય શબ્દ કરનારા એ બધા આગળ આગળ યથાક્રમથી ચાલવા લાગ્યા. ત્યારપછી ઉત્તમ જાતિના વેગવાળા યુવાન અશ્વો ચાલવા લાગ્યા. તે હરિમેલા- તેમજ મલ્લિકાના પુષ્પ જેવી આંખોવાળા હતા. પોપટની ચાંચ જેમ વાંકા પગ ઉપાડીને વિલાસ કરતા ચાલવાના કારણે ઘણાં સુંદર લાગતા હતા. ચાલવામાં વિજળીને જેમ ચંચળ હતા, ખડગાદિને લાંઘવું, કૂદવું, દોડવું, નીચું માથું રાખી દોડનાર, ત્રણ પગે ઊભા રહેનાર, વેગથી યુક્ત અને શિક્ષિત હતા. તેમના ગળામાં ડોલતાં બહુજ સુંદર આભૂષણ હતાં. મુખનું આભૂષણ, લાંબા ગુચ્છ મસ્તકની ઉપર કલગીની જેમ લગાવેલ હતા. સ્થાસક- તથા અહિલાણ- મુખબંધન વિશેષ એ બધાથી તે શોભિત હતા. ચામર સમૂહથી તેમનો કમ્મરનો ભાગ અલંકૃત હતો. તે અશ્વોને શ્રેષ્ઠ, તરુણ નોકરોએ પકડ્યા હતા. આવા ૧૦૮ અશ્વો ક્રમથી આગળ આગળ ચાલવા લાગ્યા. ત્યારપછી ૧૦૮ હાથી ક્રમથી રવાના થયા. તેઓ અલ્પદાંત વાળા, થોડા મદવાળા હતા, થોડાક ઊંચા હતા, પીઠનો ભાગ વધારે પહોળો ન હતો. દાંત બહુ સફેદ હતા. દાંત ઉપર સોનાની ખોળ ચઢાવેલી હતી. સુવર્ણ તથા મણિરત્નોથી વિભૂષિત હતા. તેમના પર શ્રેષ્ઠ પુરુષો બેઠા હતા. ત્યાર પછી ૧૦૮ રથો છત્રવાળા, ધ્વજાવાળા, ઘંટવાળા, પતાકાવાળા, તોરણ બાંધેલા, નંદિઘોષ વાળા ઘુઘરીઓ યુક્ત જાળીઓવાળા, હિમવંત ગિરિ ઉપર ઉત્પન્ન થએલા વિવિધ પ્રકારના તિનિશ જાતિના લાકડાં ઉપર સુવર્ણ જડેલ હતું પૈડાં ઉપર મજબૂત લોખંડના પટ્ટા ચડાવેલ હતા. બહુ મજબૂત તેમજ ગોળ આકારના ધોંસરાવાળા, ઉત્તમ જાતિના ઘોડાવાળા, અશ્વ સંચાલન ક્રિયામાં વિશેષ નિપુણ એવા સારથિવાળા, ૩૨ તોરણથી મંડિત, કવચ અને ટોપાથી યુક્ત ધનુષ, બાણ, હથિયાર યુદ્ધને યોગ્ય એવા ૧૦૮ રથો આગળ ક્રમથી ચાલવા લાગ્યા. ત્યાર પછી તલવાર, શક્તિ ભાલા, તોમર અસ્ત્ર-વિશેષ, શૂલ, લાકડીઓ, ભિંદિપાલ-ગોફણ અને ધનુષ એ જેના હાથોમાં છે એવા પદાતિસૈન્ય અનુક્રમથી ચાલવા લાગ્યા.

ત્યાર પછી કૂણિક રાજા જેનું વક્ષસ્થળ હારોથી વ્યાપ્ત, સુરચિત અને પ્રીતિપદ હતું, મુખ કુંડળોથી દ્યુતિયુક્ત હતું, મુકુટથી મસ્તક સુશોભિત હતું, મનુષ્યોમાં સિંહ સમાન, મનુષ્યોના સ્વામી, મનુષ્યોમાં ઈન્દ્ર, પુરુષોમાં વૃષભ રાજાઓના નાયક ચક્ર વર્તીની સમાન હતા, રાજતેજથી અધિક દેદીપ્યમાન હતા તે હાથી ઉપર બેઠા ત્યારે કોરંટ પુષ્પોની માળાઓથી યુક્ત છત્ર ધારણ કર્યું અને તેમના ઉપર સફેદ ચામર ઢોળવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગ્યાં, તેથી રાજા કુબેરની સમાન દેખાવા લાગ્યા. ઈન્દ્રના જેવી ઋદ્ધિની કારણે વિખ્યાત કીર્તિવાળા તેઓ ઘોડા, હાથી, રથ અને શ્રેષ્ઠ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાથી યુક્ત થઈ જ્યાં પૂર્ણભદ્ર ઉદ્યાન હતું તે તરફ ચાલ્યા. તે રાજા સમસ્ત રાજ્ય ઋદ્ધિથી સર્વદ્યુતિથી, સર્વ સેનાથી, સમસ્ત પરિજનોથી, સર્વ આદરથી, સમસ્ત ઐશ્વર્ય થી, સર્વ વસ્ત્રાભરણોની શોભાથી, સર્વ સંયમ થી, સર્વ પ્રકારના પુષ્પો, ગંધ, માળા, અલંકારોથી, સર્વ પ્રકારના વાજિંત્રોના મધુર ધ્વનિથી તથા પોતાની વિશિષ્ટ ઋદ્ધિથી, મહાન દ્યુતિથી, મહાન સેનાથી, મહાન સમુદાયથી અને એક સાથે વાગતા અનેક વાજિંત્રોના ધ્વનિથી તથા શંખ, પણવ, પટહ, ભેરી, ઝલ્લરી, ખરમુખી, હુડુક્ક, મુરજ, મૃદંગ, તેમજ દુંદુભિના નિર્ઘોષની પ્રતિધ્વનિથી શોભતા ચંપા નગરીની મધ્ય-મધ્યમાં થઈનેચાલ્યા.

[૩૨] ત્યાર પછી તે કૂણિક રાજાના ચંપાનગરીના મધ્યભાગમાંથી નીકળતી વખતે અનેક ધનાર્થિઓએ અનેક કામાર્થિઓએ, લાભાર્થિઓએ હાંસી, મજાક કરના રાઓએ,કાપાલિકોએ,રાજકરથી પીડિતોએ, શંખ વગાડનારાઓએ, ચક્રધારીઓએ, ખેડૂતોએ, શુભાશીર્વાદ દેનારાઓએ, વર્ધમાન-સ્કંધ પર પુરૂષોને બેસાડનારા ઓએ, બિરુદાવેલી બોલાવનારા -ભાટ-ચારણ અને છાત્રગણોએ પોતપોતાની ભાષાનુસાર ઈષ્ટ, સુંદર, પ્રિય, મનોજ્ઞ, હૃદયાહ્લાદક, મનોભિરામ તેમજ હૃદયંગમ વચનો દ્વારા જય, વિજયાદિ સેંકડો માંગલિક શબ્દોથી સારી રીતે અભિનંદન તેમજ સ્તુતિ કરતાં આ પ્રકારે કહેવાનું શરૂ કર્યું. હે નન્દ ! તમારો જય હો, હે ભદ્ર ! તમારો જય હો, જય હો. તમારું કલ્યાણ થાવ ! નહિ જીતાયેલાને જીતો, જીત્યા હોય તેમનું પાલન કરો. જીતેલા પ્રદેશમાં નિવાસ કરો. દેવોમાં ઈન્દ્રની જેમ, અસુરોમાં ચમરેન્દ્રની જેમ, નાગકુમારોમાં ધરણેન્દ્રની જેમ, તારાઓમાં ચન્દ્રની જેમ, મનુષ્યોમાં ભરતની જેમ આપ ઘણા વરસો સુધી, સેંકડો વરસો સુધી-ઘણાં હજાર વરસો સુધી દોષરહિત સપરિવાર, આનંદ તથા સંતોષપૂર્વક અખંડ આયુ ભોગવો. ઈષ્ટજનોથી ઘેરાયેલ, ચંપાનગરીના તથા બીજા ઘણાં ગામોના આકર- નગરોના, ખેટોના- કર્બટોના દ્રોણમુખોના મંડળોના પત્ત-નોના-આશ્રમોના, નિગમોના-સંનિવેશના- આધિપત્યને,-અગ્રેસરત્વને, સ્વામીત્વને, પોષકત્વને, નાયકત્વને, સેનાપતિઓના આજ્ઞા પ્રદત્વરૂપ અધિકારને કરાવતા અને પાળતા થકા તેમજ સદા વ્યવધાન રહિત નિરંતર નાટક, ગીત તેમજ ચતુર પુરુષો દ્વારા વગાડવામાં આવતા વાજિંત્ર, તંત્રી- તલતાલ- તૌર્યિકબીજા વાજિંત્રોના સમૂહ, ઘન મૃદંગોના,શબ્દો દ્વારા આનંદિત થતાં વિપુલ ભોગોપભોગોને ભોગવતા આપનો સમય નિર્વિઘ્ને વ્યતીત કરો.

ત્યાર પછી ભંભસારના પુત્ર રાજા કૂણિક હજારો આંખો દ્વારા વારંવાર જોવાતા હતા, હજારો હૃદય દ્વારા વારંવાર અભિનંદિત થતા હતા. લોકોના હજારો મનોરથરૂપી માલાઓ દ્વારા સ્પર્શાતા હતા સુંદર અને ઉદાર વચનોથી વારંવાર સ્તુત થતા, દેહની દીપ્તિ તેમજ દિવ્ય સૌભાગ્યાદિક ગુણોથી વારંવાર પ્રાર્થિત થતા, હજારો નર- નારી ઓની હજારો અંજલિરૂપ માળાઓ રચાઈ હતી તેનો સ્વીકાર કરતાં અત્યંત મધુર સ્વરથી તે લોકો દ્વારા સત્કાર, સન્માનનું અનુમોદન કરતાં ચંપા નગરીની વચ્ચેના માર્ગમાં થઈ હજારો મહેલોની હાર પસાર કરતા તે નીકળ્યા. નીકળીને જ્યાં પૂર્ણભદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્યાન હતું ત્યાં આવ્યા. આવીને શ્રમણભગવાન મહાવીરથી બહુ દૂર નહિ તેમ બહુ સમીપ નહિ એ રીતે તીર્થંકરોના અતિશય રૂપ છત્રાદિને જોયાં. જોઇને આભિષેક્ય હસ્તિ-રત્નને ઊભો રખાવ્યો. નીચે ઉતર્યા. નીચે ઉતરીને પાંચ રાજચિહ્નોનો ત્યાગ કર્યો. તે આ પ્રમાણે - તલવાર, છત્ર, મુકુટ, પગરખા, ચામર. પછી જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા. આવતાં તેઓએ પાંચ પ્રકારના અભિગમન - સત્કાર વિશેષથી યુક્ત થઈને પ્રભુની સન્મુખ પહોંચ્યા. પાંચ અભિગમ આ પ્રમાણે છે- સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરવો, અચિત્ત દ્રવ્યોનો ત્યાગ ન કરવો, અખંડ વસ્ત્રનું ઉત્તરાસંગ કરવું, ભગવાન દેખાતા હાથ જોડવા, મનને એકાગ્ર કરવું. આ પાંચ અભિગમનથી યુક્ત થઈ ભગવાનને પ્રદક્ષિણા કરીને વંદન, નમસ્કાર કર્યા. ઉપાસના કરી. ત્રિવિધ ઉપાસના આ પ્રકારે છે- કાયાથી, વચનથી અને મનથી. કાયિક ઉપાસના આ પ્રમાણે કરી-હાથ, પગ સંકુચિત કરીને ધર્મ સાંભળવાની ઇચ્છા કરવા લાગ્યા.વચનથી ઉપાસના આ પ્રમાણે કરી- આપ જેમ કહો છો હે ભગવન્ ! તે તેમજ છે. હે ભગવન્ ! એ એમજ છે. હે ભગવન્ ! તે સત્ય છે હે ભગવન્ ! તે શંકાથી રહિત છે. હે ભગવન્ ! આપના વચન અમને ઇષ્ટ છે, હે ભગવન્ ! આપના વચન અમને અભીષ્ટ છે. આ પ્રમાણે અનુકૂળ આચરણ કરતાં તેમની ઉપાસના કરવા લાગ્યા. માનસિક ઉપાસના આ પ્રમાણે કરી-મહાવૈરાગ્યને ઉત્પન્ન કરી તીવ્ર ધર્માનુરાગથી રક્ત બની ઉપાસના કરવા લાગ્યા.

[૩૩] ત્યાર પછી તે સુભદ્રા પ્રમુખ દેવીઓ પણ અન્તપુરમાં સ્નાન કરીને યાવત્ કૌતુક તથા બલિકર્મથી નિવૃત્ત થઇને, સર્વ અલંકારોને ધારણ કરીને અને કુબડી દાસીઓથી, કિરાતીઓથી- વટલીઓ, બર્બરદેશની, બકુશદેશની, યુનાન દેશની, પહ્લ વદેશની ઈસિન દેશની, ચારુકિનિક દેશની, લાસક દેશની, લકુશદેશની સિંહલ દેશની, દ્રવિડદેશની, અરબદેશની, પારસદેશની, પક્કણદેશની, બહલ દેશની, મુરુંડ દેશની, આ અનેક દેશની દાસીઓ વિદેશી વેષભૂષાથી સજ્જિત હતી. અભિપ્રાય અનુરૂપ ચેષ્ટાને, ચિન્તિતને (મનોગત ભાવને), પ્રાર્થિતને અભિલાષાને જાણવામાં નિપુણ હતી. પોતપોતાના દેશની રીત પ્રમાણે વેષને ધારણ કર્યો હતો તથા બીજી દાસીઓના સમૂહથી તથા વર્ષધર - કંચુકીઓથી તથા બીજા પણ પ્રામાણિક રક્ષકોથી વીંટળાયેલી અન્તઃપુરથી નીકળી, જુદા જુદા રથો જે પહેલાંથી તૈયાર રાખવામાં આવ્યા હતા તેમજ બળદોથી યુક્ત હતાં તેમાં બેઠી. બેસીને પોત પોતાના પરિવારની સાથે ઘેરાઇને બધી દેવીઓ ચંપાનગરીની મધ્યમાંથી થઈને નીકળી, નીકળીને જે તરફ પૂર્ણભદ્ર ચૈત્ય હતું તે તરફ આવી આવીને શ્રમણ ભગવાન મહાવીરના તીર્થંકરોના અતિશય સ્વરૂપ છત્રા દિને બહુ દૂર કે બહુ નજીક નહિ એ રીતે જોયા. જોઇને પોતપોતાના રથો રોકી દીધા, યાનોમાંથી નીચે ઉતરી, ઉતરીને અનેક કુબ્જાદિક દાસીઓના પરિવાર સહિત જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવી. આવીને શ્રમણ ભગવાન મહાવીરની પાસે જવા માટે પાંચ પ્રકારના અભિગ મોને ધારણ કર્યા. વંદન નમસ્કાર કરીને પછી કૂણિક રાજાને આગળ કરીને વિનયપૂર્વક હાથ જોડીને ભગવાનની સેવા કરવા લાગી.

[૩૪] ત્યાર પછી શ્રમણ ભગવાન ભગવાન મહાવીરે ભંભસાર પુત્ર રાજા કૂણિકને તથા સુભદ્રા પ્રમુખ રાણીઓને તથા બહુ મોટી સભાને, ઋષિઓની સભાને, મુનિઓની સભાને, યતિઓની સભાને, દેવોની સભાને, અનેક સો સંખ્યાવાળી, સેંક-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ડોના સમૂહવાળી, અનેક શત સમૂહ યુક્ત પરિવારવાળી સભાને અરિહંત પ્રભુએ ધર્મનો ઉપદેશ અર્ધમાગધી ભાષામાં આપ્યો. ભગવાન મહાવીર અપ્રતિબદ્ધ બલ શાળી, પ્રશસ્ત બળવાન, અપરિમિત બલ, વીર્ય, તેજ, માહાત્મ્ય તેમજ કાંતિથી યુક્ત હતા. તેમનો સ્વર શરદકાલીન નવીન મેઘની ગર્જના જેવો મધુર તેમજ ગંભીર હતો. ક્રૌંચ પક્ષીના જેવો મીઠો તેમજ દુંદુભિના જેવો હતો. વક્ષસ્થળ વિસ્તીર્ણ હોવાથી વિસ્તાર પામેલા, કંઠમાં ગોળ રૂપે સ્થિત, મસ્તકમાં, વ્યાપ્ત, વ્યક્ત, વર્ણ પદની વિકલ તાથી રહિત, સકલભાષામય, સ્વર તેમજ માલકોશ નામના ગેયરાગથી યુક્ત, સર્વ ભાષામાં પરિણમવાના સ્વભાવવાળી વાણીથી જે એક યોજન સુધી દૂર જાય તે અર્ધ માગધી ભાષા હતી. તે ભાષાદ્વારા સમસ્ત આર્ય, અનાર્યોને ગ્લાનિ વિના ઉપદેશ આપ્યો.-લોક છે. અલોક છે, આ રીતે જીવ છે. અજીવ છે. બંધ, મોક્ષ, નિર્જરા છે. અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ છે. નરક સ્થાન છે, નારકી છે. તિર્યંચયોનિના જીવ છે, માતા છે, પિતા છે. અતીન્દ્રિય પદાર્થને જોનાર ઋષિઓ છે. દેવ છે. દેવલોક છે. સિદ્ધિ છે. સિદ્ધ છે. પરિનિર્વાણ છે. સંતાપોથી રહિત એવો જીવ છે. પ્રાણાતિપાત છે. યાવત્ મિથ્યા દર્શન છે. પ્રાણાતિપાતથી વિરમણ છે. યાવત્ મિથ્યાદર્શનશલ્યથી વિર-મણ છે. અસ્તિ નાસ્તિ સારા કાર્યો સારા ફળને આપે છે. ખરાબ કાર્યો ખરાબ ફળને આપે છે. સારા કૃત્યોથી પુણ્ય શુભાશુભ કર્મોથી બંધાયેલ જીવ દુઃખ પ્રાપ્ત કરે છે, ભગવાને ધર્મનો ઉપદેશ આ પ્રમાણે આપ્યો. આ પ્રત્યક્ષ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય છે. અનુત્તર છે. કેવળજ્ઞાની દ્વારા પ્રણીત છે. શુદ્ધ છે. સર્વદા પરિપૂર્ણ છે. ન્યાય અનુગત છે-શલ્યનું છેદન કરવામાં સમર્થ છે. સિદ્ધિનો માર્ગ છે, મુક્તિનો માર્ગ છે, નિર્વાણનો -માર્ગ છે, અવિતથ- અવિચ્છિન્ન, સર્વ દુઃખોના અભાવનો માર્ગ છે, આ માર્ગની આરાધ નાથી જીવો સિદ્ધ થાય છે, મુક્ત થાય છે. સર્વ દુઃખોનો અંત કરે છે. યાવત્ મહાસૌખ્ય, લાંબાકાળ સુધી જેમાં સ્થિતિ છે એવા અનુત્તર વૈમાનાદિક દેવલોકમાં ઉત્પન્ન, થાય છે. તે દેવ ત્યાં મહર્દ્ધિક યાવત્ અનેક સાગરોપમની સ્થિતિ વાળા થાય છે. તેમનું વક્ષસ્થળ હારમાલાઓથી સુશોભિત રહે છે યાવત્ પ્રકાશિત થાય છે. ઈચ્છા પ્રમાણે ગમન કરે છે અથવા ઈન્દ્ર સામાનિકાદિ ભેદ જ્યાં હોય તે કલ્પ તેમાં ઉત્પન્ન થાય તે કલ્પોપગ બને છે, ગતિ કલ્યાણકારી ઉત્તમ હોય છે, સ્થિતિ કલ્યાણકારી છે, ભવિષ્યમાં કલ્યાણ પ્રાપ્ત કરનાર છે. યાવત્ અસાધારણ રૂપવાળા હોય છે.

આ ચાર કારણોથી જીવ નરકને યોગ્ય કર્મ કરે છે. તે આ પ્રમાણે-મહા આરંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિય જીવોનો વધ કરવો, માંસનો આહાર કરવો. આ જ રીતે ચાર કારણોથી જીવ તિર્યંચગતિમાં જાય છે.-માયાચાર કરવો અસત્ય ભાષણ કરવું, સરળ હૃદયની પાસે કોઈ ચતુર પુરુષની હાજરી હય તો થોડા સમય માટે પોતાની કપટવૃત્તિને રોકી રાખવી, બીજાને ઠગવા. મનુષ્યગતિમાં જીવ ચાર કારણોથી જાય છે.-પ્રકૃતિથી ભદ્ર, પ્રકૃતિથી વિનીત, દયાળુ, મત્સર રહિત ચાર કારણોથી દેવગતિમાં જાય છે. સરાગ સંયમ, સંયમાસંયમ, અકામ નિર્જરા, બાલતપ.

[૩૫-૩૯] જીવ જે પ્રકારે નરકોમાં જાય છે અને ત્યાં જેવા નારકી થાય છે તેમજ તેમને જે વેદના હોય તે બતાવ્યું તિર્યંચગતિમાં જે શારીરિક અને માનસિક દુઃખો હોય છે તે કહ્યું. મનુષ્યનું જીવન અનિત્ય છે, વ્યાધિ, જરા, મરણ અને વેદનાની તેમાં અધિકતા

જૈન સાઈટ JAINSITE .com જૈનમ જયતિ શાસનમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. દેવલોકમાં દેવતા ને દેવસંબંધી અનેક ઋદ્ધિ તેમજ દેવસુખની પ્રાપ્તિ થાય છે. આ રીતે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિનું કથન કર્યું તેની સાથે સિદ્ધ, સિદ્ધક્ષેત્ર, ષડ્જીવનિ કાયનું કથન કર્યું. જીવ જે પ્રકારે કર્મોથી બંધાય છે, જે પ્રકારે છૂટે છે તથા જે પ્રકારે સંકલેશને પામે છે અને અપ્રતિબદ્ધ થઈ કોઈક સમસ્ત દુઃખનો અંત કરે છે તે સમજાવ્યું. આર્ત્તધ્યાનથી પીડાતા જીવ દુઃખસાગરને પ્રાપ્ત કરે છે અને કોઈ જીવ વૈરાગ્યને પ્રાપ્ત કરી કર્મરાશિનો નાશ કરે છે તે કહ્યું.

[૪૦] જીવ રાગથી ઉપાર્જિત કર્મોના પાપમય ફલ પ્રાપ્ત કરે છે અને કર્મોનો નાશ કરી સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી સિદ્ધાલયમાં પહોંચે છે તે કહ્યું.

તે ધર્મ બે પ્રકારે કહ્યો છે. અગારધર્મ અને અણગારધર્મ. અણગારધર્મ તે જીવ પાલન કરે છે જે સર્વ પ્રકારે મુંડિત થઇ ઘરનો ત્યાગ કરી સાધુની પ્રવ્રજ્યાનો સ્વીકાર કરીને અણગાર બને છે. સર્વ પ્રાણાતિપાતથી વિરમણ, યાવત્ પરિગ્રહથી વિરમણ અને રાત્રિ ભોજનથી વિરમણ વ્રતનો સ્વીકાર કરે છે. હે આયુષ્યમાન્ ! આ અણગાર સામાયિકનું પ્રતિપાદન કર્યું. આ ધર્મને પાળવામાં ઉપસ્થિત નિર્ગ્રન્થ હોય કે નિર્ગ્રન્થી-હોય, જો તેનું પાલન કરતાં હોય તો તે ભગવાનની આજ્ઞાના આરાધક છે. આગાર ધર્મ ૧૨ પ્રકારે કહ્યો છે. તે આ પ્રમાણે પાંચ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત. પાંચ અણુવ્રત તે આ પ્રમાણે- સ્થૂલ પ્રાણાતિપાતથી વિરમણ થવું. યાવત્ ઈચ્છાનું પ્રમાણ કરવું. ત્રણ ગુણવ્રત આ પ્રમાણે છે-અનર્થદંડ વિરમણ વ્રત, દિગ્વ્રત, ઉપભોગપરિભોગપરિમાણ વ્રત. ચાર શિક્ષાવ્રત આ પ્રમાણે છે- સામાયિક, દેશાવકાશિક, પૌષધોપવાસ, અતિથિસંવિભાગ વ્રત. અંતમાં ધારણ કરાય અને જે મરણથી નજીક હોય ત્યારે કષાય અને કાયાને કૃશ કરી પ્રીતિ પૂર્વક જેની આરાધના કરાય તે સંલેખના વ્રત. આ પ્રકારે હે આયુષ્યમાન્ ! આગારસામાયિકધર્મ કહ્યો છે. આ ધર્મની શિક્ષામાં ઉપસ્થિત શ્રાવક હોય કે શ્રાવિકા હોય તે ભગવાનની આજ્ઞાના આરાધક છે.

[૪૧] ત્યાર પછી અતિવિશાલ મનુષ્યોની સભા શ્રમણ ભગવાન મહાવીરની પાસે ધર્મની દેશના સાંભળીને, હૃદયમાં ધારણ કરીને બહુજ હર્ષિત તેમજ સંતુષ્ટ થઈ યાવત્ આનંદિત થઈ પછી પોતપોતાના આસનથી ઉઠી, ઉઠીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર વંદન નમસ્કાર કર્યા. કેટલાક માણસો મુંડિત થઈને અગારમાંથી અણગાર થયા કેટલાકે ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો. બાકીની પરિષદે શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કરીને કહ્યું- હે ભગવન્ત ! આપે નિર્ગ્રંથ પ્રવચન સારૂં કહ્યું. તેની સારી રીતે પ્રરૂપણા કરી. સારી રીતે પદાર્થોના સ્વરૂપને પ્રકટ કર્યો. શિષ્યો સારી રીતે સમજી શકે તેમ કહ્યું, સારી રીતે તત્ત્વનું કથન કર્યું. હે ભગવન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન સર્વોત્કૃષ્ટ છે ધર્મનો ઉપદેશ કરતા સમયે આપે ઉપશમ ભાવનો ઉપદેશ આપ્યો. ઉપશમના ઉપદેશ સમયે વિવેકનો ઉપદેશ કર્યો છે. વિવેકનું કથન કરતા પ્રાણાતિપાતાદિથી વિરક્ત થવાનો ઉપદેશ આપ્યો છે. વિરમણનો ઉપદેશ આપતા પાપરૂપ કર્મને નહિ કરવાનો ઉપદેશ આપ્યો છે. આપનાથી ભિન્ન બીજા કોઈ શ્રમણ કે બ્રાહ્મણ આ પ્રકારના ઉપદેશ આપી શકતા નથી. તો પછી આનાથી ઉત્કૃષ્ટ ધર્મનો ઉપદેશ કેમ આપી શકે ? આ પ્રમાણે કહી પાછા ફર્યા.

[૪૨] ત્યાર પછી ભંભસાર પુત્ર કૂણિક રાજા શ્રમણ ભગવાન મહાવીરની પાસે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મને સાંભળીને, ધારણ કરીને હર્ષિત થયો, સંતુષ્ટ થયો યાવત્ આનંદિત થયો. સ્વસ્થાનેથી ઉઠ્યો. ઉઠીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું-હે ભગવન્ત ! આ નિર્ગ્રંથ પ્રવચન સર્વોત્કૃષ્ટ છે યાવત્ તેનાથી ઉત્કૃષ્ટ બીજું શું હોય શકે ? આ પ્રમાણે કથન કરી પાછા ગયા.

[૪૩] ત્યાર પછી સુભદ્રા પ્રમુખ દેવીઓ પણ શ્રમણ ભગવાન મહાવીરની પાસે ધર્મશ્રવણ કરીને અવધારણ કરીને હર્ષિત થઈ, સંતુષ્ટ થઈ, યાવત્ આનંદિત હૃદયવાળી થઈ પોતાના સ્થાનેથી ઉઠી, ઉઠીને શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર વંદન, નમસ્કાર કરીને યાવત્ પાછા ગયા

[૪૪] તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરના સૌથી મોટા શિષ્ય ગૌતમ ગોત્રી, સમચતુરસ્ર સંસ્થાન સંપન્ન, સાત હાથની અવગાહનાવાળા, વજ્રઋષભનારાચ સંહનનધારી, શુદ્ધ સુવર્ણની કસ પર ઘસેલી રેખા જેવા તથા કમળની કેસર જેવા ગૌરવરણી ઈન્દ્રભૂતિનામનાઅનગાર હતા.તે ઉગ્ર તપસ્વી હતા.તેમનું તપ અગ્નિ જેવું જાજ્વલ્યમાન હતું. વિધિપૂર્વક તપ કરતા હતા. ઘોર તપસ્વી હતા. ઘોરગુણવાળા હતા ઘોર બ્રહ્મચર્યવાસી હતા, શરીરના સંસ્કારોને છોડી દીધા હતા. વિપુલ તેજોલેશ્યાને સંક્ષિપ્ત કરીને રાખી હતી. આવા ગૌતમ ગણધર શ્રમણ ભગવાન મહાવીરથી બહુ દૂર કે બહુ નજીક નહિ એ રીતે ઘુંટણો ઉંચા કરીને અને શિર નમાવીને ધ્યાન રૂપી કોષ્ઠમાં બિરાજમાન હતા. સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરતા હતા.

ત્યાર પછી તે ભગવાન ગૌતમ કે જેના ચિત્તમાં તત્ત્વનો નિર્ણય કરવાની ઈચ્છા થઈ છે, સંશય ઉત્પન્ન થયો છે, ભગવાન મારા સંશયનો ઉત્તર ન જાણે કેવીરીતેઆપશે ? એવી જેની ઉત્કંઠા થઈ છે, એવા ગૌતમ સ્વામી ઉત્થાન શક્તિથી પોતાના સ્થાનથી ઉઠ્યા. ઉઠીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા. આવીને વંદન, નમસ્કાર કર્યા. પ્રભુની સામે ન બહુ દૂર કે ન બહુ નજીક એ રીતે સાંભળવાની ઈચ્છાથી બેઠા. પછી વિનયથી હાથ જોડી પર્યુપાસના કરતાં આ પ્રમાણે બોલ્યા.

હે ભગવાન ! જે જીવ અસંયમી, અવિરતિ, વર્તમાન તથા ભવિષ્યના પાપકર્મોના દ્વારને પ્રત્યાખ્યાનથી અટકાવેલ નથી, ક્રિયાથી જે યુક્ત છે, અસંવૃત, એકાંત આત્માને દુઃખી કરનાર, એકાંત મિથ્યાદૃષ્ટિ, મિથ્યાત્વની નિદ્રામાં સૂતેલ જીવ પાપકર્મનો બંધ કરે કે નહિ ? ભગવાને કહ્યું - હા ગૌતમ ! તે બંધ કરે છે. હે ભગવન્ ! અસંયમી યાવત્ એકાંત સુપ્ત જીવ મોહનીય કર્મનો બંધ કરે છે ? હા ગૌતમ ! બંધ કરે છે. હે ભગવન્ત ! મોહનીય કર્મનો અનુભવ કરનાર જીવ શું મોહનીય કર્મનો બંધ કરે છે ? અથવા વેદનીય કર્મનો બંધ કરે છે ? હે ગૌતમ ! મોહનીય કર્મનો પણ બંધ કરે છે અને વેદનીય કર્મનો પણ બંધ કરે છે. કેવળ સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનમાં ચરમ મોહનીય કર્મનું વેદન કરતા સમયે વેદનીય કર્મને જ બાંધે છે પરંતુ મોહનીય કર્મને બાંધતા નથી. હે ભગવન્ત ! અસંયમી યાવત્ એકાંત સુપ્ત મિથ્યાદૃષ્ટિ ત્રસ જીવોની હિંસામાં રત રહેનારા જીવ કાલ સમયે કાળ કરીને શું નારકીઓમાં ઉત્પન્ન થાય છે ? હા ગૌતમ ! ઉત્પન્ન થાય છે.

હે ભગવન્ત ! અસંયમી, અવિરતિ, પાપકર્મોને જેણે પ્રત્યાખ્યાનથી અટકાવ્યા નથી એવો જીવ આ મનુષ્યલોકમાંથી મરીને પરલોકમાં દેવભવમાં જાય છે?હા ગૌતમ ! કેટલાંક જીવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. કેટલાંક જીવ દેવલોકમાં ઉત્પન્ન થતા નથી. હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવન્ત ! આપ ક્યા કારણથી એમ કહો છો હે ગૌતમ ! જે જીવ ગામ, ખાણ, નગર, યાવત્ સન્નિવેશમાં અકામ-ઇચ્છા વિના તરસને સહવાથી, અનિચ્છાએ ક્ષુધા, અનિચ્છાએ બ્રહ્મચર્યપાલન, અનિચ્છાએ સ્નાનત્યાગ, ઠંડી, તાપ, ડંસ, મસગ, પસીનો, મેલ, ઉપરનો મેલ, કાદવને દૂર નહિ કરવાથી તે પરિતાપને થોડા વખત માટે સહન કરે અથવા લાંબા કાળ સુધી સહન કરે અને પોતાના આત્માને કલેશિત કરે છે તે કલેશને પામીને કાળ માસે કાળ કરીને કોઇ એક વ્યંતર દેવના દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાં તેની ગતિ, તેની સ્થિતિ, તેમજ ઉત્પાત થાય છે. હે ભગવન્ત ! તે દેવોની કેટલા કાળની સ્થિતિ હોય છે ? હે ગૌતમ ! દશ હજાર વર્ષની હે પ્રભુ ! ત્યાં તે દેવોનાં પરિવારાદિ ઋદ્ધિઓ, શારીરિક કાંતિ, યશ, બલ, વીર્ય, પુરુષાકાર, પરાક્રમ આ બધું હોય કે નહિ ? હા, છે ભગવન્ત ! તે દેવો પરલોકના આરાધક છે કે નહિ ? આ અર્થ સમર્થ નથી

જે આ જીવ ગામ, આકર, યાવત્ સન્નિવેશમાં મનુષ્ય પર્યાયમાં ઉત્પન્ન થાય છે અને પછી હાથબેડી, પગબેડી, હડબેડી, જેલમાં પૂરી દેવામાં આવે, હાથ કાપી નાંખવામાં આવે, પગ છેદવામાં આવે, કાન છેદી નાખે, નાક છેદી નખાય હોઠ છેદાય, જીભ છેદાય, શિર છેદાય, મુખ છેદાય, પેટનો ભાગ છેદાય, ડાબા કંધાથી લઇને જમણી બગલના નીચેના ભાગ સહિત મસ્તક છેદી નખાય, હૃદય કાઢી લેવાય, આંખો કાઢી નખાય, અંડકોષ કાઢી નખાય, ગર્દન તોડી નખાય, ચોખાની જેમ કણ-કણ કરીને ખાય, શરીરમાંથી માંસ કાપી કાપીને ખવડાવાય, દોરડાથી બાંધી કૂવામાં લટકાવવામાં આવે, ઝાડની ડાળીએ બાંધી લટકાવવામાં આવે, ચંદનની જેમ ઘસી નાખવામાં આવે, દહીંની જેમ મંથન કરવામાં આવે બે ફાડા કરવામાં આવે, યંત્રમાં પીલવામાં આવે, શૂળી પર ચડાવી દેવામાં આવે શૂળથી ફાડવામાં આવે, ક્ષારમાં નાખી દેવામાં આવે, વધસ્થાનમાં રખાય, લિંગ કાપી નખાય અથવા સિંહની પૂંછડી સાથે બાંધી ઘસડવામાં આવે, દાવાગ્નિમાં બાળી નખાય, કાદવમાં નાખી દેવાય, કાદવમાં ખુંચાડી દેવામાં આવે, સંયમથી ભ્રષ્ટ થતાં મૃત્યુ પામે. ઇન્દ્રિયના વશવર્તી થઇ પ્રાણનો ત્યાગ કરે, નિદાન કરી મૃત્યુ પામે, શલ્ય રાખી મૃત્યુ પામે, પહાડ ઉપરથી પડી, ઝાડ પરથી પડી, મરૂસ્થલમાં પડી, પર્વત પરથી કૂદી, વૃક્ષ ઉપરથી ઝંપાપાત કરી, મરૂસ્થલમાં રસ્તો ભૂલી જવાથી, જલમાં ડૂબી, અગ્નિમાં પ્રવેશી, વિષભક્ષણથી, શસ્ત્રોના ઘાતથી, વૃક્ષો પર લટકી, વિષભક્ષણથી, શસ્ત્રોના ઘાતથી, વૃક્ષો પર લટકી, ગીધાદિ દ્વારા ખવાયેલ હાથીના હાડપિંજરમાં પ્રવેશી મૃત્યુ પામે, જંગલમાં મરણ પામે, દુર્ભિક્ષથી મૃત્યુ પામે અને આ મૃત્યુ સમયે જેના પરિણામ સંકિલષ્ટ ન હોય એવો જીવ કોઇ એક વ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં તેની ગતિ, તેની સ્થિતિ, તેમનો ઉપપાત કહેવામાં આવ્યો છે. હે ભગવંત ! ત્યાં તે જીવોની સ્થિતિ કેટલા કાળની છે ? હે ગૌતમ ! તે જીવોની સ્થિતિ ૧૨ હજાર વર્ષની છે. હે ભગવંત ! ત્યાં તે દેવોમાં ઋદ્ધિ, ધુતિ, કીર્તિ, બળ, વીર્ય, તેમજ પરાક્રમ છે કે નહિ ? હા છે. હે ભગવંત ! આ દેવ પરલોકના આરાધક હોય છે કે નહિ ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી.

જે જીવ ગામ, આકર યાવત્ સન્નિવેશમાં મનુષ્ય થાય છે જે પ્રકૃતિથી ભદ્ર હોય, સ્વભાવથી ઉપશાંત હોય, સ્વભાવથી જ જેના ક્રોધ, માન, માયા, લોભ પાતળા છે, મૃદુ અને માર્દવતાથી જે યુક્ત છે, ગુરુની આજ્ઞા અનુસાર વર્તનાર છે, અત્યંત વિનીત છે,

માતા પિતાની જે સેવા કરે છે, માતાપિતાના વચનોનું જે ઉલ્લંઘન કરતા નથી, અલ્પ ઈચ્છા યુક્ત છે, અલ્પારંભી, એવા જીવો ઘણાં વર્ષો સુધી આયુષ્યનું પાલન કરે છે. કાલમાસે કાલ કરીને કોઈ એક વ્યંતર દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. બાકીની સર્વ વિગત ઉપર પ્રમાણે સમજવી. વિશેષતા એ છે કે ત્યાં તેમની સ્થિતિ ૧૪ હજાર વર્ષની હોય છે. જે જીવ ગામ, આકરાદિ યાવત્ સંનિવેશમાં સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે. તેમાં કોઈ અંતઃપુરની રાણીઓ હોય છે. જેના પતિ પ્રવાસમાં ગયા છે તેવી હોય, વિધવા હોય, ત્યકતા હોય, માતા પિતાથી ભાઈથી પિતાના વંશજો સાસરા પક્ષના લોકો દ્વારા રક્ષિત હોય, નખ, કેશ, તેમજ બગલના વાળ વધી ગયા છે તેવી સ્ત્રી, કોઈ એવી છે કે જેણે ધૂપ, પુષ્પ, ગંધ, માલારૂપ અલંકારોનો ત્યાગ કર્યો છે. સ્નાન ન કરવાથી પસીનાથી યુક્ત હોય, મેલયુક્ત હોય, કાદવથી કલેશ પામેલ હોય, દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મીઠું, મધ, મદ્ય, માંસ વર્જિત આહાર કરે, અલ્પ ઈચ્છાવાન્ હોય, અલ્પારંભી, અલ્પપરિગ્રહી, અલ્પઆરંભ, પરિગ્રહથી પોતાની આજીવિકા ચલાવે, અનિચ્છાએ બ્રહ્મચર્યનું પાલન કરતી, પતિને શૈયાનું ઉલ્લંઘન નહિ કરનાર આવી સ્ત્રીઓ આ પ્રકારની પ્રવૃત્તિ કરતા ઘણાં વર્ષોનું આયુ ભોગવે છે. બાકીનું ઉપરની જેમ યાવત્ કાલ કરીને ૬૪ હજાર વર્ષની સ્થિતિવાળા વ્યંતર દેવ બને છે.

જે જીવ ગામ, આકર યાવત્ સન્નિવેશમાં મનુષ્ય થાય છે. જેવા કે-કોઈ બે દ્રવ્ય કોઈ ત્રણ દ્રવ્ય, સાત દ્રવ્ય, ૧૧ દ્રવ્યને ધારણ કરે, કોઈ બળદને આગળ કરી ક્રીડા બતાવી જીવન નિર્વાહ કરે, કોઈ ગોવતી હોય, કોઈ ગૃહસ્થધર્મી હોય. કોઈ ધર્મચિંતક, વૈનયિક, અક્રિયાવાદી હોય, વૃદ્ધ શ્રાવક બ્રાહ્મણહોય તેઓને આ નવ વિગય ખાવા યોગ્ય નથી હોતા. તે આ પ્રમાણે-દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ, મદ્ય, માંસ. એક સરસવના તેલનો ત્યાગ હોતો નથી. આ મનુષ્યો અલ્પ ઈચ્છાવાળા હોય, બાકી પૂર્વવત્ તે ૮૪ હજાર વર્ષની સ્થિતિવાળા વ્યંતર દેવ થાય છે.

જે આ જીવો કે જે ગંગાના તટ પર વસનાર વાનપ્રસ્થ તાપસો હોય છે જેવા કે-અગ્નિહોત્રિક, વસ્ત્રધારક, ભૂમિ પર શૈય્યા કરનાર, યજ્ઞકારક, શ્રાદ્ધ કરનાર, થાળીમાં ભોજન કરનાર, કુંડિકાધારી, ફલભોજી, પાણીની ઉપર તરી સ્નાન કરનાર, માટી આદિથી અંગને ઘસી સ્નાન કરનાર, ગંગાના દક્ષિણ તટ પર વસનાર, ગંગાના ઉત્તર તટ પર વસનાર, શંખ વગાડી ભોજન કરનાર, કાંઠા ઉપર બેસી અવાજ કરી ભોજન કરનાર, મૃગનું માંસ ખાનાર, હાથીને મારી તેનાં માંસનું ભોજન કરનાર, દંડાને ઊંચો કરી ફરનારા, દિશાઓમાં પાણી છાંટનારા, વૃક્ષની છાલ પહેરનારા, ભોંયરામાં રહેનારા, જલમાં ઊભા રહેનારા, વૃક્ષની નીચે વસનારા, માત્ર પાણીનો આહાર કરનારા, વાયુભક્ષી, સેવાળભક્ષી, મૂળભક્ષી, કંદભક્ષી, ત્વક્-છાલનો આહાર કરનારા, પાનનો આહાર કરનારા, પુષ્પોનો આહાર કરનારા, બીજનો આહાર કરનારા, કંદ, મૂળ, છાલ, પાન, પુષ્પ, ફળ જે પોતાની મેળે નીચે પડેલા છે તેનો આહાર કરનારા, જલનો અભિષેક કરવાથી જેનાં શરીર કઠણ થઈ ગયા છે તેવા, આતાપનથી પંચાગ્નિ તપથી તપથી અંગારા સમાન તેમજ પાત્રમાં ભુંજેલ ચણાદિની સમાન જેના શરીર થઈ ગયા છે એવા તાપસો ઘણાં વર્ષો સુધી વામનપ્રસ્થ તાપસની પર્યાયનું પાલન કરતાં કરતાં કાલ માસે કાલ કરીને ઉત્કૃષ્ટથી જ્યોતિષી દેવોમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની સ્થિતિ ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હજાર વર્ષ અધિક એક પલ્યોપમની હોય છે. હે ભગવન્ ! તે આરાધક હોય છે કે નહિ ? આ અર્થ સમર્થ નથી તે ગામ યાવત્ સન્નિવેશમાં પ્રવ્રજિત શ્રમણ થાય છે જેવા કે - હાસ્યાકારક, કુચેષ્ટા કરનાર, વાચાળ, ગીતયુક્ત ક્રીડાને વધારે પસંદ કરનાર, નૃત્ય કરવાના સ્વભાવવાળા. આ સર્વ આ પ્રકારે આચરણ કરતાં ઘણાં ઘણાં વર્ષો સુધી શ્રમણ પર્યાયને પાળે છે. તે પાળીને તે સ્થાનની આલોચના કર્યા વિના કાલ માસે કાલ કરીને ઉત્કૃષ્ટ સૌધર્મ કલ્પમાં હાસ્યક્રીડા કારક દેવ છે તેમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની ગતિ આદિ પૂર્વવત્ છે. સ્થિતિ ૧ લાખ વર્ષ અધિક એક પલ્યોપમની હોય છે. તેઓ પરલોકના આરાધક નથી.

જે ગામ યાવત્ સન્નિવેશમાં પરિવ્રાજક રહે છે જેવા કે-સાંખ્ય, યોગનું પાલન કરનારા, કાપિલ-નિરીશ્વર સાંખ્યાવાદી, ભાર્ગવ, હંસ, પરમહંસ, બહૂદક, કુટીચર, કૃષ્ણ અથવા નારાયણના ભક્ત. તેમાં આઠ એ બ્રાહ્મણ જાતિના પરિવ્રાજક થાય છે.

[૪૫-૪૮] કર્ણ, કરકંડ, અંબડ, પારાસર, કૃષ્ણ, દ્વૈપાયન, દેવગુપ્ત તેમજ નારદ. આ આઠ ક્ષત્રિય જાતિના પરિવ્રાજક હોય છે, તે આ પ્રમાણે-શીલઘી, શશીધર, નગ્નક, ભગ્નક, વિદેહ, રાજા, રામ તથા બલ. તે પરિવ્રાજકો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વ વેદ, ઈતિહાસ, નિઘંટુ; આ છ શાસ્ત્રોનાં તથા તેમજ બીજા જેટલાં અંગ અને ઉપાંગ છે તેમનાં રહસ્ય સહિત યાદ કરાવનારા, જાણનારા, ધારણાવાળા, છ અંગના જ્ઞાતા, કવિપશાસ્ત્રના જ્ઞાતા, ગણિત, શિક્ષા સ્વરૂપને નિરૂપણ કરનાર શાસ્ત્રમાં, કલ્પમાં, વ્યાકરણમાં, છંદશાસ્ત્રમાં, નિરુક્તશાસ્ત્રમાં, જ્યોતિષશાસ્ત્રમાં અને બીજા અનેક બ્રાહ્મણ શાસ્ત્રોમાં તેઓ પારંગત હોય છે. આ પરિવ્રાજક દાનધર્મ શૌચધર્મ, તીર્થ અભિષેકની પ્રરૂપણા કરતા સમજાવતા યુક્તિપૂર્વક પ્રરૂપણા કરતા વિચરતા રહે છે. તેઓ કહે છે કે જે કાંઇ અપવિત્ર છે તે પાણીથી અથવા માટીથી ધોવામાં આવે તો પવિત્ર થઈ જાય છે. આ પ્રમાણે આપણે ચોક્ખા છીએ અને આપણા આચાર વિચાર પણ પવિત્ર છે. આત્માને પવિત્ર કરીને વિઘ્ન વિના અમે સ્વર્ગમાં જશું.

આ પરિવ્રાજકોને આટલી વાતો કલ્પતી નથી. તેઓને કૂવામાં, તળાવમાં, નદીમાં, વાવમાં, પુષ્કરિણીમાં, દીર્ઘિકામાં, ગુંજાલિકા માં સરોવરમાં, સમુદ્ર માં પ્રવેશ કરવાનો નિષેધ છે. એવી જ રીતે ગાડું યાવત્ નાની શિબિકામાં ચઢી જવાનો નિષેધ છે. તે પરિવ્રાજ કોને ઘોડા, હાથી, ઊંટ, બળદ, ભેંસ, તેમજ ગર્દભ ઉપર સવાર થઈ જવાનો નિષેધ છે. તે પરિવ્રાજકોને નાટક જોવા યાવત્ માગધના ખેલ, તમાસા જોવા કલ્પે નહીં. લીલી વનસ્પતિનો સ્પર્શ કરવો, સંઘર્ષણ કરવું, ઘસવી, અવરોધ કરવો, ઊંચી કરવી, મરડવી, કલ્પે નહિ. સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા, રાજકથા, ચોરકથા, જનપદકથા, કરવી પરિવ્રાજકોને કલ્પતી નથી. લોખંડનું પાત્ર, કાંસાનું પાત્ર, જસતનું પાત્ર, સીસાનું પાત્ર, ચાંદીનું પાત્ર, સુવર્ણનું પાત્ર, તથા બીજા અન્ય બહુમૂલ્ય પાત્ર રાખવા તે પરિવ્રાજકોને કલ્પતા નથી. તુંબડાના, કાષ્ઠના અને માટીના પાત્ર જ રાખવા કલ્પે છે. લોખંડના બંધવાળા યાવત્ બહુમૂલ્ય ધાતુના બંધનથી યુક્ત પાત્ર રાખવા કલ્પે નહિ. તે પરિવ્રાજ કોને અનેક પ્રકારના રંગથી રંગાએલાં વસ્ત્રો ધારણ કરવા કલ્પે નહિ માત્ર ગેરુ રંગથી રંગેલ વસ્ત્રો કલ્પે. તે પરિવ્રાજકોને હાર, અર્ધહાર, એકાવલિ, મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિ, મુરવી, કંઠમુરવી, પ્રાલંબ, ત્રણસરનો હાર, કટિસૂત્ર, દશ મુદ્રિકાઓ, કટક,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાજુબંધ, અંગદ, કેયૂર, કુંડલ, મુકુટ, ચડામણિ પહેરવું કલ્પે નહિ. તે પરિવ્રાજકોને ગુંથીને બનાવેલ, વેષ્ટિત, સંચા પર પૂરીને બનાવેલી, તેમજ આ ચાર પ્રકારની માળા ધારણ કરવી કલ્પે નહિ. ફક્ત પુષ્પનું એક કર્ણફૂલ કલ્પનીય છે. તે પરિવ્રાજકોને અગર, ચંદન, કંકુથી ગાત્ર પર લેપ કરવો કલ્પે નહિ. એક માત્ર ગંગાની માટીનો લેપ કરવો કલ્પે છે.

તે પરિવ્રાજકોને મગધ દેશમાં પ્રચલિત પ્રસ્થ પ્રમાણ માત્ર જલ ગ્રહણ કરવું કલ્પે છે. તે જળ વહેતુ જોઈએ. તે જલ સ્વચ્છ હોય, ધૂળ-કાદવથી રહિત હોય, અતિ નિર્મળ હોય તો તે ગ્રાહ્ય છે. તે પણ દાતા દ્વારા અપાએલું ગ્રહણ કરે તે જલ પણ કેવળ પીવાના ઉપયોગમાં જ લે પણ તે પરિવ્રાજકોને મગધદેશીય આઢક પ્રમાણ જલ જ હાથ, પગ, ભોજનપાત્ર, ચમચા ધોવા માટે ગ્રાહ્ય છે. તે પણ વહેતુ હોવું જોઈએ. વહેતું ન હોય તે ગ્રાહ્ય નથી યાવત્ અદત્ત ગ્રાહ્ય નથી. આ જલ પીવા તથા સ્નાન માટે ઉપયોગમાં ન લેવાય. તે પરિવ્રાજકો આ પ્રકારના આચારનું પાલન કરતાં ઘણાં વર્ષોએ જ પર્યાયમાં વ્યતીત કરી કાલમાસે કાળ કરીને વધારેમાં વધારે બ્રહ્મલોક નામના દેવલોકમાં દેવ પર્યાયે ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની ગતિ તેમજ સ્થિતિ ૧૦ સાગરોપમની છે. તેઓ આરાધક નથી.

[૪૯] તે કાળ અને તે સમયમાં અંબડ નામના પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો ગ્રીષ્મ કાળમાં જેઠ માસમાં ગંગા નદીના બંને તટ ઉપર થઈને કાંપિલ્યપુર નગરથી પુરિમતાલ નગરી તરફ જવા માટે નીકળ્યા. ત્યાર પછી તે પરિવ્રાજકો ચાલતાં ચાલતાં એક અટવીમાં આવ્યા જે ગામથી બહુ દૂર હતી. ત્યાં મનુષ્યોનું આવાગમન ન હતું, લાંબા માર્ગવાળી હતી અથવા તેના રસ્તા બહુ વિકટ હતા. તેઓ થોડું ચાલ્યા ત્યાં તેમની પાસે પહેલાનું જે પાણી હતું તે પીતાં પીતાં પુરૂં થઈ ગયું. પછી તે પરિવ્રાજકો કે જેમની પાસે પાણી સમાપ્ત થઈ ગયું હતું તેઓ તરસથી અત્યંત વ્યાકુલ થઈ ગયા. પાણીને આપનાર દાતા જોવામાં નહિ આવવાથી પરસ્પર એક બીજાને બોલાવવા લાગ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું-

હે દેવાનુપ્રિયો ! એ વાત બરાબર છે કે આપણે આ અગમ્ય યાવત્ વિકટ અટવીનો થોડો માર્ગ કાપ્યો ત્યાં આપણી પાસે જે પાણી હતું તે સમાપ્ત થઈ ગયું. હવે હે દેવાનુપ્રિયો ! આપણે આ અગમ્ય યાવત્ વિકટ અટવીમાં પાણીના દાતાની સર્વ પ્રકારે સર્વ બાજુ ગવેષણા કરીએ. શોધ કરતાં કોઈ દાતા ન મળ્યો ત્યારે બીજીવાર પરસ્પર એક બીજાને બોલા વીને આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિયો ! આપણને અદત્ત જલ ગ્રહણ કરવું કલ્પે નહીં, અનુમોદના આપવી કલ્પે નહિ કારણકે એમ કરવાથી આપણી તપશ્ચર્યાનો લોપ થઈ જાય. માટે હે દેવાનુપ્રિયો ! આપણે ત્રિદંડ, કમંડલુ, રુદ્રાક્ષની માળા, કરોટિકા- બેસવાના પાટલા, ત્રિપાઈ, અંકુશિકા, કેશરિકા- તાંબાની મુદ્રિકા, હાથમાં ધારણ કરવાની રુદ્રાક્ષમાળા, છત્ર, જોડા, કાષ્ઠની પાદુકા તેમજ ગેરૂ રંગથી રંગેલા વસ્ત્રો આ સર્વને એક સ્થાનમાં રાખીને મહાનદી ગંગામાં અવગાહન કરીને તેની રેતી ઉપર સંથારા બિછાવીએ તેના ઉપર ભક્તપાનના પ્રત્યાખ્યાનના કરીને પાદપોપગમન સંથારો કરીને, મરણની ઈચ્છાથી રહિત થઈને, સંલેખના પૂર્વક મૃત્યુને સ્વીકારીએ. આ પ્રમાણે કહીને એક બીજાએ તે વાતનો સ્વીકાર કર્યો. સ્વીકાર કર્યા પછી ત્રિદંડ યાવત્ સર્વ વસ્તુઓ એક સ્થાનમાં ત્યાગી દીધી. ત્યાગીને મહાનદી ગંગામાં પ્રવેશ કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રવેશ કરીને રેતીનો સંથારા બિછાવ્યો.પૂર્વદિશા તરફ મુખ રાખી પલ્યંક આસનથી બેઠા. બંને હાથ જોડી મસ્તક ઉપર રાખી આ પ્રમાણે કહેવા લાગ્યા-

મુક્તિને પ્રાપ્ત થયેલા શ્રી અરંહત પ્રભુને નમસ્કાર હો. શ્રમણ ભગવાન મહાવીર કે જે મુક્તિ પ્રાપ્ત કરવાની કામનાવાળા છે તેમને નમસ્કાર હો. ધર્મના ઉપદેશક ધર્માચાર્ય એવા અમારા ગુરુ અમ્બડ પરિવ્રાજકને નમસ્કાર હો. પહેલા અમે અમ્બડપરિવ્રાજક પાસે સ્થૂલ પ્રાણાતિપાતનું યાવજ્જીવન પ્રત્યાખ્યાન કર્યુ છે.યાવત્ સ્થૂલ પરિગ્રહનો પણ યાવજ્જીવન ત્યાગ કર્યો છે. હવે આ સમયે અમે બધા શ્રમણ ભગવાન મહાવીરની પાસે સર્વ પ્રાણાતિપાતના જીવન પર્યંત પ્રત્યાખ્યાન કરીએ છીએ. યાવત્ સર્વ પરિગ્રહના જીવન પર્યંત પ્રત્યાખ્યાન કરીએ છીએ. સમસ્ત ક્રોધ, યાવત્ મિથ્યા દર્શન શલ્ય તેમજ અકરણીય યોગના જીવન પર્યંત પ્રત્યાખ્યાન કરીએ છીએ. સમસ્ત અશન-અન્ન, પાન-પાણી, ખાદ્ય સ્વાદ્ય-ચારે પ્રકારનાં આહારના યાવત્જીવન પ્રત્યાખ્યાન કરીએ છીએ. જે આ શરીર કે જે ઈષ્ટ, સુંદર, પ્રિય, મનોજ્ઞ, અત્યંત પ્રિય, સ્થિરતા યુક્ત, અતિશય પ્રીતિનું સ્થાન, સંમત-શારીરિક કાર્યો માટે સંમત, બહુમત-ઘણાંઓની વચ્ચે ઈષ્ટ, અનુમત પ્રેમના સ્થાન ભૂત, રત્નના કરંડીયા સમાન છે તેને ઠંડી ન લાગે, ગરમી ન લાગે, ભૂખ ન લાગે, તરસ ન લાગે, સર્પ ડંશ ન આપે, ચોર ઉપદ્રવ ન કરે, ડાંસ મચ્છર ન કરડે, વાત, પિત્ત, કફ સંબંધી સન્નિપાતાદિ વિવિધ પ્રકારના રોગો, આતંક -પ્રાણહરણ કરનાર રોગ, પરીષહ, ઉપસર્ગ સ્પર્શ ન કરે આ પ્રકારે પાલન કર્યુ છે તેને છેલ્લા ઉચ્છ્વાસ નિશ્વાસ સુધી છોડું છું. આવી રીતે કરીને સંલેખનામાં- કષાય અને શરીર ને કૃશ કરીને પ્રીતિ પૂર્વક તે બધા ભક્ત તેમજ પાનના પ્રત્યાખ્યાન કરીને પાદપોપગમન સંથારો કરે છે. મરણની ઈચ્છા નહીં કરતાં તેમાં સ્થિર થયા. અતિચારોની આલોચના કરી પછી તેનાથી નિવૃત્ત થયા. સમાધિ પ્રાપ્ત કરીને કાલ માસે કાલ કરીને બ્રહ્મલોક નામના દેવલોકમાં દેવ પર્યાયે ઉત્પન્ન થયા. ત્યાં તેમની ગતિ, સ્થિતિ ૧૦ સાગરોપમની છે. તેઓ પરલોકના આરાધક છે.

[૫૦] હે ભગવન્ ! ઘણા લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે, આ પ્રમાણે જણાવે છે, આ પ્રમાણે પ્રરૂપિત કરે છે કે- અમ્બડ પરિવ્રાજક કંપિલપુર નગરમાં સો ઘરમાં આહાર કરે છે, સો ઘરોમાં નિવાસ કરે છે. તો હે પૂજ્ય ! આ વાત કેવી છે ? હે ગૌતમ ! તે વાત સાચી છે. હે ગૌતમ ! હું પણ તે જ વાત કહું છું. યાવત્ પ્રરૂપિત કરું છું કે હે પૂજ્ય ! આપ એ ક્યા હેતુથી કહો છો ? કે હે ગૌતમ ! તે પ્રકૃતિથી ભદ્ર છે યાવત્ વિનીત છે. નિરંતર છઠ, છઠની તપશ્ચર્યા કરે છે તેમજ હાથને ઉંચા કરીને સૂર્યની સન્મુખ આતાપના યોગ્ય ભૂમિમાં આતાપના લે છે. અંબડ પરિવ્રાજકને શુભ પરિણામથી, પ્રશસ્ત અધ્યવસાયથી, પ્રશસ્ત લેશ્યાથી, વિશેષ શુદ્ધિથી, કોઈ એક સમયે તદાવરણીય કર્મના ક્ષયોપશમથી ઈહા -અવાયરૂપ જ્ઞાન, નિશ્ચય, કરવાથી વીર્યલબ્ધિ, વૈક્રિયલબ્ધિ તથા અવધિજ્ઞાનલબ્ધિ ઉત્પન્ન થઈ. ત્યાર પછી તે અમ્બડ પરિવ્રાજક ઉત્પન્ન થયેલ વીર્યલબ્ધિ, વૈક્રિયલબ્ધિ અને અવધિલબ્ધિથી લોકોને આશ્ચર્ય પમાડવા કંપિલપુરનગરમાં સો ઘરોમાં યાવત્ વિશ્રામ કરે છે. હે પૂજ્ય ! અંબડ પરિવ્રાજક આપની પાસે મુંડિત થઈ આગારમાંથી અણગાર અવસ્થાને ધારણ કરવા સમર્થ છે કે નહિ ?

હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. અંબડ પરિવ્રાજક શ્રમણોપાસક થઈને જીવ,

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અજીવાદિનો જ્ઞાતા થઈ પોતાના આત્માને ભાવિત કરતો વિચરે છે. વિશેષ તો એ છે કે જેવો સ્ફટિક રાશિસમા નિર્મલા છે તેથી તેઓ માટે દરેકના દ્વાર હંમેશ ખુલ્લા રહે છે. તેમજ વિશ્વાસપાત્ર હોવાથી અંતઃપુરમાં પણ રોક ટોક વિના પ્રવેશ કરી શકે છે. આવા છે તે અંબડ પરિવ્રાજક. આ અમ્બડ પરિવ્રાજકે સ્થૂલ પ્રાણાતિપાતનો યાવત્ સ્થૂલ પરિગ્રહનો પણ યાવજ્જીવન ત્યાગ કર્યો છે. પરંતુ મૈથુનનો સર્વથા યાવજ્જીવન ત્યાગ કર્યો છે. અંબડ પરિવ્રાજકને વિહાર કરતાં માર્ગમાં અકસ્માત્ ગાડાનું પૈડું ડૂબે એટલું પાણી ઉતરવું કલ્પે નહિ. પરંતુ બીજો માર્ગ ન જ હોય તો જઈ શકે છે. આ અમ્બડ પરિવ્રાજકને ગાડાદિમાં બેસવું કલ્પતું નથી. માત્ર તેને ગંગાની માટીનો લેપ કલ્પે છે. અમ્બડ પરિવ્રાજકને આધાકર્મિ, ઔદેશિક, મિશ્રજાત, અધ્યવપૂરિત-પૂતિકર્મ ક્રીતકૃત પ્રામિત્ય- અનિસૃષ્ટ-અભ્યહૃત- સ્થાપિત - રચિત કાન્તારભક્ત- દુર્ભિક્ષભક્ત- પ્રાહુણક ભક્ત-કલ્પતો નથી તેમજ પીવું પણ કલ્પતું નથી. અમ્બડ પરિવ્રાજકને મૂળ કંદ યાવત્ બીજ વસ્તુઓનું ભોજન કરવું કે પીવું કલ્પતું નથી.

અમ્બડ પરિવ્રાજકને ચારેય પ્રકારના અનર્થદંડોનો યાવજ્જીવન ત્યાગ હોય છે. તે આ પ્રમાણે-અપધ્યાનાચરિત, પ્રમાદચરિત, હિંસાપ્રદાન- તેમજ પાપકર્મોનો ઉપદેશ આપવો. અમ્બડ પરિવ્રાજકને મગધદેશ પ્રસિદ્ધ અર્ધ આઢક પ્રમાણ જળ ગ્રહણ કરવું કલ્પે છે તે વહેતું હોવું જોઈએ. તે પણ કચરાથી રહિત નિર્મળ યાવત્ ગળેલ હોવું જોઈએ. તે પણ કોઈએ આપ્યું હોય તો કલ્પે આપ્યા વિનાનું કલ્પતું નથી. આ પાણી હાથ, પગ, ભોજન પાત્ર, ચમચા ધોવા માટે તથા પીવા માટે કલ્પે છે પણ સ્નાન માટે નહિ. આ અંબડ પરિવ્રા જકને મગધદેશ પ્રસિદ્ધ આઢક પ્રમાણ જલ ગ્રહણ કરવું કલ્પે છે. તે પણ વહેતું યાવત્ આપેલું ન હોય તે કલ્પે નહિ. આ જલ સ્નાન માટે કલ્પે છે પરંતુ હાથ, પગ, ભોજન, પાત્ર, ચમચા ધોવા માટે કલ્પે નહિ. તેમજ પીવામાં પણ કલ્પે નહિ.

અમ્બડને બીજા યૂથવાળા-તીર્થંકરસંઘની અપેક્ષા શાક્ય ભિક્ષુઓના સંઘ, અન્ય યૂથના દેવ, અર્હત પ્રભુ સિવાય બીજા દેવ, અન્ય યૂથ દ્વારા ગ્રહણ કરાયેલ ચૈત્ય ને વંદન કરવા, નમસ્કાર કરવા યાવત્ પર્યુપાસના કરવી કલ્પતી નથી. અરિહંત ચૈત્ય નમસ્કારાદિ યોગ્ય છે. બીજા નહિ. હે પૂજ્ય ! અમ્બડ પરિવ્રાજક કાલ માસે કાળ કરીને જ્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! અમ્બડ પરિવ્રાજક અને પ્રકારના શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસથી પોતાના આત્માને ભાવિત કરતાં અનેક વર્ષો સુધી શ્રમણોપાસકના પર્યાયનું પાલન કરશે. પાલન કરીને એક માસની સંલેખના કરી સાઠ ભક્તનું અનશન છેદન કરીને પાપકર્મોની આલોચના તથા પ્રતિ-ક્રમણ કરીને સમાધિને પ્રાપ્ત કરશે. કાલ માસે કાલ કરીને બ્રહ્મલોક નામના દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાં અંબડ દેવની ૧૦ સાગરોપમની સ્થિતિ થશે.

હે પૂજ્ય ! તે અંબડદેવ દેવલોકથી આયુનો ક્ષય, ભવનો ક્ષય, સ્થિતિનો ક્ષય થવા પર ત્યાંથી ચ્યવીને પછી ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં જે સમૃદ્ધ કુળ છે જે વિશાળ અને વિપુલ ભવનોના અધિપતિ છે, જેની પાસે અનેક પ્રકારના શયન, આસન, વાહન છે, ઘણાં ધનના સ્વામી છે, સુવર્ણ-ચાંદી છે. આદાન-પ્રદાનનું કાર્ય થાય છે. ઘણાં પ્રમાણમાં ભોજન બનાવી યાચકાદિને આપવામાં આવે છે, અનેક દાસી, દાસ, ગાય, ભેંસ, ઘેટાંઓથી ભરપુર છે અને જે કોઈથી પરાભવ પામતા નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવા કુળમાં અંબડ દેવ પુરુષરૂપે ઉત્પન્ન થશે.

ગર્ભમાં નવ માસ અને સાડા સાત દિવસ-રાત વીત્યા પછી સુકોમળ હાથ, પગવાળો યાવત્ ચંદ્રમા જેવો સૌમ્ય આકારવાળો, સુંદર, પ્રિયદર્શની સુંદર રૂપયુક્ત પુત્ર ઉત્પન્ન થશે. આ બાળકના માતાપિતા તેમની સ્થિતિ અનુસાર પહેલા દિવસે પુત્રજન્મ મહોત્સવ મનાવશે. બીજે દિવસે ચંદ્ર-સૂર્ય દર્શન કરાવશે. છઠ્ઠા દિવસે જાગરણ કરશે. અગ્યારમા દિવસે જન્મ અશુચિ સમાપ્ત થઈ ગયા પછી બારમો દિવસ થતાં માતાપિતા તેના ગુણ અનુસાર સાર્થક નામ રાખશે-અમારો આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારથી અમારી ધર્મમાં દૃઢ શ્રદ્ધા થઈ છે તેથી અમારા આ બાળકનું નામ દૃઢપ્રતિજ્ઞ હો. આઠ વર્ષથી કંઈક અધિક ઉંમરનો જાણશે ત્યારે તેને શુભતિથિ, શુભકરણ, શુભદિવસ, શુભ નક્ષત્ર તેમજ શુભ મુહૂર્તમાં કલાચાર્યની પાસે લઈ જશે.

ત્યાર પછી તે કલાચાર્ય તે દૃઢપ્રતિજ્ઞકુમારને લેખનાદિથી લઈને પક્ષીના શબ્દાદિ જાણવાની ૭૨ કળાઓ, જેમાં ગણિતની પ્રધાનતા છે તે સૂત્ર રૂપે, અર્થ રૂપે, તથા પ્રયોગ થી પ્રાપ્ત કરાવશે, શીખવાડશે. તે કળાઓ આ પ્રમાણે છે- લેખ લખવાની, ગણિતની, રૂપની, નૃત્યની, ગાવાની, વીણાદિ વગાડવાની, સ્વરોની, મૃદંગ વગાડવાની, સમતાલ ની, જુગાર રમવાની, લોકો સાથે પ્રતિવાદ કરવાની, પાસા ફેંકવાની, ચોપાટ રમવાની, આશુકવિ થવાની, માટીમાંથી અનેક પાત્રો બનાવવાની, અન્નવિધિ, પીવાના પદાર્થની વિધિ, આભરણ બનાવવાની વિધિ, પ્રહેલિકાની વિધિ, માગધી ભાષામાં કવિતા બનાવવાની, સંસ્કૃત સિવાયની ભાષામાં ગાથા બનાવવાની, ગીતિકા છંદમાં કાવ્ય બનાવવાની, શ્લોક, ચાંદી બનાવવાની, સુવર્ણ નિર્માણની, ગંધ દ્રવ્યની, ચૂર્ણ બનાવ વાની, યુવતીના રૂપની શોભા વધારવાની, સ્ત્રીલક્ષણ પુરુષલક્ષણ, અશ્વલક્ષણ, ગજ લક્ષણ, ગાયના લક્ષણ, કુકડાના લક્ષણ જાણવાની, ચક્રરત્નના ગુણ, દોષ જાણવાની છત્રના લક્ષણ, ઢાલના લક્ષણ, દંડના લક્ષણ, તલવારના લક્ષણ, મણિના લક્ષણ, કાકણી રત્નના લક્ષણ જાણવાની, વાસ્તુ શાસ્ત્રની સેના પરિમાણ જાણવાની, નગરનું પરિમાણ જાણવાની, જ્યોતિશ્ચક્ર, ઈષ્ટાનિષ્ટ ફળ જનક શાંતિકર્માદિ ક્રિયા, સૈન્યની રચના, વ્યૂહની રચના, ચક્રવ્યૂહની, ગરૂડવ્યૂહની, શકટવ્યૂહની રચનાની કળા સંગ્રામની, મલ્લ યુદ્ધ ખડગ યુદ્ધ, મુષ્ટિ યુદ્ધ, બાહુયુદ્ધ, લતા યુદ્ધ, ઈષુશાસ્ત્રની, છરા યુદ્ધ, ધનુર્વેદની, રજત સિદ્ધિની સુવર્ણ સિદ્ધિની, દોરાથી રમવાની, દોરડા પર રમવાની ધુતવિશેષ રમવાની, પત્ર કાપવાની, કટની સજીવ કરણ નિર્જીવ કરવાની, પક્ષીઓના શબ્દ સમજવાની. આ ૭૨ કળાઓ પુરુષની છે. કળાઓ પ્રાપ્ત કરાવશે,

ત્યારે પછી દૃઢપ્રતિજ્ઞ કુમારના માતાપિતા તે કલાચાર્યને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, ગંધ, માલા તથા અલંકારો આપી સત્કાર કરશે. સન્માન કરીને વિપુલ રૂપમાં જીવિકાને યોગ્ય પ્રીતિદાન આપશે. આપીને તેમનું વિસર્જન કરશે. ત્યારપછી દૃઢપ્રતિજ્ઞ કુમાર ૭૨ કળાઓમાં પંડિત તેમજ તેના સુપ્ત નવ અંગો જાગૃત થશેઅઢાર દેશની ભાષાનો જ્ઞાતા થશે, ગીતમાં, ગાંધર્વવિદ્યામાં, નૃત્યકાળમાં કુશળ થશે. અશ્વયોધીગજયોધી, રથયોધી, બાહુયોધી થશે. અતિશૂરવીર તથા વિકાળ રાત્રિ માં પણ આવવા જવામાં ભય વગરનો થશે આ તથા ભોગ ભોગવવામાં સમર્થ થશે.

ત્યારે દૃઢપ્રતિજ્ઞ બાળક તે અન્નાદિ વિપુલ ભોગોમાં યાવત્ શયનાદિમાં આસ-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કિત રાખશે નહિ.અનુરક્ત થશે નહિ.ગૃદ્ધ થશે નહિ.મૂર્ચ્છિત થશે નહિ,અને તેમાં એકાગ્રમન પણ કરશે નહિ. જેમ કે લાલકમળ, પદ્મકમળ, પુષ્પ, નલિનકમળવિશેષ, સુભગ કમળ, સુગંધ કમળ શ્વેત કમળ,મહાપુંડરિક કમળ, શતપત્ર કમળ,સહસ્રપત્ર કમળ, લક્ષ પત્ર કમળ, કાદવમાં ઉત્પન્ન થાય છે, જળમાં વધે છે તો પણ કાદવથી લિપ્ત થતાં નથી. જલથી લિપ્ત થતાં નથી. તેવીજ રીતે દૃઢપ્રતિજ્ઞ કુમાર કામોથી ઉત્પન્ન થશે, ભોગોથી વૃદ્ધિ પામશે તો પણ કામરજથી લેપાશે નહિ. ભોગરજથી લેપાશે નહિ. તેવીજ રીતે મિત્ર, જ્ઞાતિ-સજાતીય, નિજક-ભાઈ આદિ, સ્વજન-મામાદિ, સંબંધીશ્વસુરાદિ તેમજ પરિજન-નોકરાદિમાં પણ મોહ પામશે નહિ. તે કુમાર તથારૂપ સમ્યગ્જ્ઞાનાદિથી યુક્ત સ્થવિરોની પાસે કેવલી પ્રરૂપિત ધર્મને પ્રાપ્ત કરશે. અણગાર ભગવન્ત થશે તે ઈર્યા સમિતિ યાવત્ ગુપ્તબ્રહ્મચારી થશે. તે દૃઢપ્રતિજ્ઞ મુનિ આ પ્રકારના આચારનું પાલન કરતાં અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, આવરણરહિત, સર્વપદાર્થગ્રાહી, પ્રતિપૂર્ણ કેવળ જ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરશે. ત્યાર પછી તે દૃઢપ્રતિજ્ઞ કેવલી ઘણા વર્ષો સુધી કેવળ પર્યાયનું પાલન કરશે. પાલન કરીને એક માસની સંલેખનાથી આત્માને સેવીને સાઠ ભક્તોને અનશનથી છેદન કરી જેના નિમિત્તે નગ્નભાવ, મુંડભાવ, સ્નાન ત્યાગ, દાંતોનું પ્રક્ષાલન ન કરવું, કેશલોચન, બ્રહ્મચર્યનું પાલન, છત્રધારણ ન કરવું, જોડા ન પહેરવા, વાહન પર ન બેસવું, ભૂમિ ઉપર શયન, પાટિયાં પર સૂવું, સાધારણ લાકડાં પર સુવું, જાના ઘરે ભિક્ષા માટે જવું, માન, અપમાનમાં સમભાવ રાખવો. એ સર્વ કરવામાં આવે છે, જેના નિમિત્તે બીજાએ કરેલી અવજ્ઞા- લોકો સમક્ષ પોતાની માર્મિક વાતો પ્રકાશિત થાય, નિંદા- ગર્હા- તર્જના-તિરસ્કાર પામવો, બાવીસ પરીષહ, ઉપસર્ગો સહન કરાય છે. દૃઢ પ્રતિજ્ઞ કેવલી આત્માના અર્થને આરાધિત કરીને છેલ્લા ઉચ્છ્વાસ, નિઃશ્વાસોથી કૃત કૃત્ય થઈ જશે. કર્મોથી મુક્ત થશે. સંતાપનો અભાવ થવાથી શીતલી ભૂત થશે. સમસ્ત શારીરિક માનસિક દુઃખોનો અંત કરશે.

[૫૧] તેઓ કે જે ગામ આકર યાવત્ સન્નિવેશમાં પ્રવ્રજિત સાધુ હોય જેવા કે આચાર્યના ઉપાધ્યાયના કુલના ગણના વિરોધી, આચાર્ય તેમજ ઉપાધ્યાયના અપયશ કારક, અવર્ણવાદ કરનાર,અનેક અસત્ દોષોને પ્રગટ કરનાર મિથ્યા આગ્રહથી પોતાને, બીજાને, સ્વપર બંનેને ઉન્માર્ગ માં જોડનાર, પાપમાં નિયોજિત કરતા પોતાના આચારનું પાલન કરતાં ઘણાં વર્ષો સુધી વિચરે છે. તે સ્થાનથી આલોચના, પ્રતિક્રમણ ન કરતાં કાલ માસે કાલ કરીને ઉત્કૃષ્ટ લાન્તક દેવલોકમાં કિલ્વિષિક દેવોમાં કિલ્વિષિક દેવ થાય છે. ત્યાં તેમની ગતિ હોય છે. સ્થિતિ ૧૩ સાગરોપમની હોય છે. તે અનારાધક હોય છે જે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિને પ્રાપ્ત થએલા જીવો છે જેવા કે-જલચર, સ્થળચર, ખેચર તેમાં કેટલાંક જીવો કે જેઓને શુભ પરિણામોથી, પ્રશસ્ત અધ્યવસાયોથી, વિશુદ્ધ લેશ્યા ઓથી તદાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી ઈહા, વ્યૂહ, માર્ગણ, ગવેષણ કરતાં કરતાં પૂર્વના સંજ્ઞી ભવોનું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

ત્યારે જાતિસ્મરણ જ્ઞાન યુક્ત તે જીવ પોતે જ પાંચ અણુવ્રત સ્વીકારે છે. સ્વીકારીને ઘણાં પ્રકારના શીલવ્રત, ગુણવ્રત વેરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસથી આત્માને ભાવિત કરતાં કરતાં અનેક વર્ષો સુધી આયુષ્ય પાળે છે. આયુ પાળીને ભક્ત પ્રત્યાખ્યાન કરે છે. અનશનથી અનેક ભક્તોનું છેદન કરે છે. છેદન કરીને આલોચના,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિક્રમણ કરીને સમાધિને પ્રાપ્ત થાય છે. કાલ માસે કાળ કરીને ઉત્કૃષ્ટ સહસ્રાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની ગતિ છે. ત્યાં ૧૮ સાગરોપમની સ્થિતિ ને પ્રાપ્ત કરે છે. તે પરલોકના આરાધક છે. શેષ સર્વ પૂર્વવત્.

તેઓ કે જે ગામ, આકર યાવત્ સન્નિવેશમાં ગોશાલક મતાનુયાયી હોય છે જેવા કે બે ઘરોનું અંતર રાખી જે ભિક્ષા લે છે. ત્રણ ઘરોનું અંતર રાખી, સાત ઘરોનું અંતર રાખી ભિક્ષા લે છે. કમળના નાળની ભિક્ષા કરે છે. ઘણાં ઘરોમાંથી ભિક્ષા લે છે. વિજળી ચમકે ત્યારે ભિક્ષા ન લે. માટીની કોઠી આદિમાં પ્રવિષ્ટ થઈ તપશ્ચર્યા કરે તે. આ પ્રકારનું આચરણ કરતાં ઘણાં વર્ષો સુધી તે પર્યાયને પાળી કાળ માસે કાળ કરીને ઉત્કૃષ્ટ અચ્યુત દેવલોકમાં દેવ પર્યાયે ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની ગતિ હોય છે. સ્થિતિ બાવીસ સાગરોપમની હોય છે. તેઓ આરાધક નથી. શેષ સર્વ પૂર્વવત્ત

જેઓ ગામ, આકર યાવત્ સન્નિવેશમાં પ્રવ્રજિત શ્રમણ થાય છે તે આ પ્રમાણે- પોતાના ગૌરવને બતાવનાર, પરની નિંદા કરનાર, ભસ્મ આપનાર, વાંરવાર કૌતુક કરનાર, આ પ્રકારે આચરણ કરતાં ઘણાં વર્ષો સુધી શ્રમણ પર્યાયને પાળે છે. પાળીને તે સ્થાનની આલોચના તેમજ પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટ અચ્યુત દેવલોકમાં આભિયોગિક દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં તેની ગતિ હોય છે. ૨૨ સાગ રોપમની સ્થિતિ હોય છે. પરલોકના આરાધક નથી. બાકી પૂર્વવત્. જેઓ ગામ, આકર યાવત્ સન્નિવેશમાં નિહ્નવ હોય છે તે આ પ્રમાણે-બહુરત-અનેક સમયો માં કાર્ય થાય છે. જીવપ્રદેશિકજીવ એક ચરમ પ્રદેશ સ્વરૂપ જ છે. અવ્યક્તિક સમસ્ત જગત સાધુ આદિના વિષયમાં અવ્યક્ત છે. સામુચ્છેદિક- દ્વૈક્રિય- ત્રૈરાશિક અબદ્ધિક-આ સાત નિહ્નવ છે. તેમાં કેવળ ચર્યાદિક્રિયા તથા લિંગ-રજોહરણાદિની અપેક્ષાએ સમાનતા છે. તે મિથ્યાદૃષ્ટિ છે. તેઓ અનેક પ્રકારના અસદ્‌ભાવોની ઉદ્‌ભાવનાથી તથા મિથ્યા આગ્રહથી પોતાને, બીજાને, સ્વ-પર બંનેને ઉન્માર્ગમાં જોડે છે તેમ જ પાપકર્મનું ઉપાર્જન કરતાં વિચરે છે. ઘણાં વર્ષો સુધી શ્રમણ પર્યાયનું પાલન કરે છે. પાલન કરીને કાલ માસે કાળ કરીને ઉત્કૃષ્ટ ઉપરની ગ્રૈવેયકમાં દેવ પર્યાયે ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની ગતિ છે. તેમજ સ્થિતિ ૩૧ સાગરોપમની છે. તેઓ પરલોકના આરાધક નથી, શેષ સર્વ પૂર્વવત્.

જે ગામ, આકર યાવત્ સન્નિવેશમાં મનુષ્યો રહે છે. જેવા કે અલ્પારંભી, અલ્પપરિગ્રહી, ધાર્મિક, ધર્માનુગ-ધર્મ જેને ઈષ્ટ છે, ધર્મ કહેનારા, ધર્મને ઉપાદેયરૂપે માનનારા, ધર્મનું સેવન કરવામાં અધિક અનુરાગ સંપન્ન, ધર્મ જેમનો ઉત્તમ આચાર છે સુવ્રતી તેઓ સાધુ પાસેથી પ્રત્યા ખ્યાન લઈને કેવળ એક સ્થૂલ પ્રાણાતિપાતથી જીવન પર્યંત નિવૃત્ત રહે છે પરંતુ સૂક્ષ્મ પ્રાણાતિપાતથી વિરક્ત નથી થતા. એજ પ્રમાણે યાવત્ પરિગ્રહ સુધી જાણવું. એજ પ્રમાણે ક્રોધ, યાવત્ મિથ્યાદર્શન શલ્યથી જીવન પર્યંત વિરત રહ્યા છે પરંતુ સૂક્ષ્મ ક્રોધાદિથી વિરક્ત નથી. તેમજ અમુક આરંભ, સમારંભથી જીવન પર્યંત વિરક્ત રહે છે. સૂક્ષ્મ આરંભ સમારંભથી વિરક્ત નથી રહેતા. કોઈ એવા છે કે જેઓ કરવા કરાવવાથી જીવનપર્યંત વિરત છે. કોઈ કરવા-કરાવવાથી વિરત નથી. કોઈ પચન, પાચન ક્રિયાથી જીવનપર્યંત વિરત છે કોઈ પચન પાચનાદિથી વિરત નથી. કોઈ છેદન, પીટવું, તર્જન, તાડન, વધ, બંધ, પરિકલેશથી જીવનપર્યંત વિરત છે. પણ કોઈ એ ક્રિયાથી વિરત નથી. કોઈ સ્નાન, મર્દન, અંગરાગ, વિલેપન, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગંધ, માળા, અલંકા રથી જીવનપર્યંત નિવૃત્ત છે. કોઈ સ્નાનાદિથી નિવૃત્ત નથી. એજ પ્રકારે બીજા પણ જેટલાં સાવદ્યયોગયુક્ત અને માયાજનિત તથા જીવોના પ્રાણોને પરિતાપ આપનાર વ્યાપાર છે તેનાથી કેટલાંક અંશે જીવનપર્યંત વિરત થયા છે કેટલાંક અંશે વિરત થયા નથી.

જે આ પ્રમાણે શ્રમણોપાસક છે-જીવ, અજીવના યથાર્થ જ્ઞાતા હોય, પુણ્ય, પાપ ને જેણે સારી રીતે સમજેલ છે. આસ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ, મોક્ષના સ્વરૂપને જાણનાર, દેવ, અસુરકુમાર, નાગકુમાર, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ તેમજ મહોરગાદિ દેવોથી પણ નિર્ગ્રંથ પ્રવચનથી જરા પણ ચલાયમાન થઈ શકે નહિ. આ નિર્ગ્રંથ પ્રવચનમાં જેમની શ્રદ્ધા નિઃશંકિત છે, અભિલાષા રહિત છે, ગુણથી ભરપુર છે. ફળમાં જેની અસંદિગ્ધ શ્રદ્ધા છે, લબ્ધાર્થ છે, ગૃહીતાર્થ છે, પૂછાયેલ છે, ચારે બાજુથી સારી રીતે ગ્રહણ કરાયેલ છે, વિશેષ નિર્ણાયક છે, જેની નસેનસમાં પ્રવચન પ્રતિ અનુરાગ છે એવા શ્રાવકો કહે છે કે હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન જ મોક્ષનું કારણ છે. માટે એ જ પરમાર્થ છે. શેષ અનર્થનાં કારણ છે. તેઓના ઘરના આગળીયા ખુલ્લા હોય છે, જેમના દ્વારો ખુલ્લા છે. રાજાના અંતઃપુરમાં જવા આવવામાં કોઈ અટકાવી શકતા નથી, ઘણાં પ્રકારના શીલ, વ્રત, ગુણ, વેરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપ વાસથી આત્માને ભાવિત કરતા વિચરે છે તથા ચતુર્દશી, આઠમ, અમાવસ્યા, પૂર્ણિ માના દિવસે પૌષધ કરે છે. સારી રીતે પાલન કરે છે. શ્રમણ નિર્ગ્રંથોને અસન, પાન, ખાદ્ય, સ્વાદિમ આ ચાર પ્રકારનાઆહારથીતેમજવસ્ત્ર,પાત્ર,કંબલ,રજોહરણ, ઔષધ, ભેષજ તેમજ પાઢિયારી વસ્તુ જેવી કે તાજોઠ, પાટ, શય્યા, સંસ્તારકાદિથી મુનિઓને પ્રતિલાભિત કરતા વિચરે છે. વિચરતા અંતે ભક્તપ્રત્યાખ્યાન કરે છે. તે અનેક ભક્તોનું અનશન દ્વારા છેદન કરે છે. છેદન કરીને આલોચના પ્રતિક્રમણ કરી સમાધિને પ્રાપ્ત થઈ કાલ માસે કાળ કરીને ઉત્કૃષ્ટ અચ્યુત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં તેની ગતિ છે. સ્થિતિ ૨૨ સાગરોપમની છે. તેઓ આરાધક છે,

તેઓ કે જે ગામ, આકર યાવત્ સન્નિવેશમાં મનુષ્યો થાય તેમાં કેટલાંક સાધુઓ હોય છે જે આરંભથી રહિત છે. પરિગ્રહથી રહિત છે. ધાર્મિક છે યાવત્ ધર્મથી આજી વિકા ચલાવનાર છે. સુશીલ, સુવ્રતી, ધર્મધ્યાનથી ચિત્તને આનંદિત રાખનાર, સર્વ પ્રકારના પ્રાણિતાપથી વિરક્ત છે યાવત્ સમસ્ત પરિગ્રહથી વિરક્ત છે. સમસ્ત ક્રોધ, માન, માયા, લોભ યાવત્ મિથ્યાદર્શન શલ્યથી વિરક્ત છે. સર્વ આરંભ સમારંભથી વિરક્ત છે. સર્વ કરવા તથા કરાવવાથી વિરક્ત છે. સર્વ પ્રકારની પચન, પાચનક્રિયાથી વિરક્ત છે. સમસ્ત પ્રકારના કુટ્ટણ, પિટ્ટણ, તર્જન, તાડન, વધ, બંધ, પરિકલેશથી વિર ક્ત છે. સંપૂર્ણ સ્નાન, મર્દન, અંગરાગ, વિલેપન, શબ્દ, સ્પર્શ, રસ, ગંધ, માલા, અલંકાર થી રહિત છે. તેમજ આ પ્રકારના બીજા પણ સાવદ્યયોગવાળા, માયાજનિત કાર્યો છે કે જેમાં પ્રાણીઓને પરિતાપ ભોગવવો પડે છે તે સર્વ કાર્યોથી વિરક્ત હોય છે.

તે અણગાર ઈર્યાસમિતિ, ભાષા સમિતિ યાવત્ નિર્ગ્રંથપ્રવચનને આગળ કરીને જ વિચરે છે. તે અણગાર ભગવંત આ પ્રકારના આચારથી વિચરતા તેમાંથી કેટલાંક ભગવાનોને અનંત યાવત્ કેવળ જ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન્ન થાય છે. તેઓ તે કેવળ પર્યાયનું ઘણાં વર્ષો સુધી પાલન કરે છે. પાલન કરીને ભક્તપ્રત્યાખ્યાન કરે છે. અનેક

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

ભક્તોનું અનશન દ્વારા છેદન કરે છે. જેના માટે નગ્નભાવ ધારણ કરાય છે યાવત્ સમસ્ત દુઃખોનો અંત કરે છે. આ સાધુઓમાંથી કોઈને કેવળજ્ઞાન, કેવળ દર્શનની ઉત્પત્તિ થતી નથી તે ઘણાં વર્ષો સુધી છદ્મસ્થ પર્યાયનું પાલન કરે છે. ભક્તપ્રત્યાખ્યાન કરે છે. ઘણાં ભક્તોનું અનશન દ્વારા છેદન કરે છે. છેદન કરીને જેના માટે નગ્નભાવ યાવત્ પ્રયોજનની સિદ્ધિ કરે છે. છેલ્લા ઉચ્છ્વાસ નિઃશ્વાસોમાં અંતર હિત, અનુપમ, વ્યાઘાત રહિત, નિરાવરણ, સકલ, સંપૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થાય છે, ત્યાર પછી સિદ્ધ થાય છે યાવત્ સમસ્ત દુઃખોનો અંત કરે છે.

તેમાં કેટલાંકને તે ભવમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી તેવા એક ભવાવતારી સંયમી પૂર્વકર્મ બાકી રહેવાના કારણે કાલમાસે કાળ કરીને ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધ મહા વિમાનમાં દેવ પર્યાયે ઉત્પન્ન થાય છે. જે ગામ, આકર યાવત્ સન્નિવેશમાં મનુષ્યો રહે છે. જેવા કે-સમસ્ત વિષયોથી વિરક્ત, સર્વરાગથી રહિત, સર્વસંગથી રહિત, સર્વસ્નેહથી રહિત, અક્રોધી, નિષ્ક્રોધી, ક્ષીણક્રોધી, તેવીજ રીતે અમાની માયા અને લોભમાં પણ સમજવું. આવા જીવો અનુક્રમથી આઠ કર્મોની પ્રકૃતિઓનો સર્વથા નાશ કરી લોકાગ્રે સ્થિત થાય છે.

[પ૨] હે ભગવન્ ! ભાવિતાત્મા અણગાર કેવલીસમુદ્ઘાત દ્વારા આત્મ પ્રદેશોને શરીરમાંથી બહાર કાઢી શું સમસ્ત લોકને સ્પર્શ કરી રહે છે ? હા રહે છે. હે ભગવન્ત ! તેમના નિર્જરાના પુદ્ગલો સમસ્ત લોકને સ્પર્શે છે ? હા ! સ્પર્શે છે. હે પૂજ્ય ! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરાના પુદ્ગલોને કંઈ વર્ણથી, ગંધથી ગંધને રસથી રસને, સ્પર્શથી સ્પર્શને જાણે છે ? કે જુએ છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

હે ગૌતમ ! આ જંબૂદ્વીપ સમસ્ત દ્વીપ અને સમુદ્રોની વચ્ચે છે. સર્વથી નાનો છે. ગોળાકારે છે. પુડલાના આકાર જેવો રથના પૈડાં જેવો કમળની કર્ણિકા જેવો પૂર્ણ ચંદ્રમાં જેવો ગોળ છે. તે એક લાખ યોજનની લંબાઈ, પહોળાઈવાળો છે. ૩ લાખ, ૧૬ હજાર, ૨૨૭ યોજન ૩ કોશ ૧૨૮ ધનુષ અને ૧૩॥ આંગુલથી થોડીક વધારે તેટલી તેની પરિધિ છે. મહા ઋદ્ધિધારી, મહા તેજસ્વી, મા બલિષ્ઠ, મહાયશસ્વી, મહાસૌખ્યવાળા, અત્યંત પ્રભાવશાળી એવા કોઈ દેવ એક ગંધની પેટીને ગ્રહણ કરે. ગ્રહણ કરીને ત્યાં જ ઉઘાડે, ઉઘાડીને સમસ્ત જંબૂદ્વીપની ત્રણ ચપટી વગાડવા જેટલા કાળમાં ૨૧ વાર પ્રદક્ષિણા કરે અને પાછા જલદી આવી જાય. ભગવાન પૂછે છે, કે હે ગૌતમ!સમસ્ત જંબૂદ્વીપ શું તે સુગંધિતપુદ્ગલોથી સ્પૃષ્ટ થાયછે ? હે પૂજ્ય ! હા થાય છે.

હે ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય તે સુગંધિત પુદ્ગલોનો વર્ણથી વર્ણ યાવત્ જાણી શકે છે ? જોઈ શકે છે ? ભગવન્ત ! એ અર્થ સમર્થ નથી. તેવી જ રીતે હે ગૌતમ ! કહ્યું છે કે- છદ્મસ્થ નિર્જરાના પુદ્ગલોનો વર્ણથી વર્ણ જાણી શકતા નથી, જોઇ શકતા નથી. તે પુદ્ગલો સૂક્ષ્મ છે તેથી હે, આયુષ્મન્ શ્રમણ ! સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત તે પુદ્ગલો જાણી શકાતા નથી. હે ભગવન્ત ! કેવલી ક્યાઃ કારણથી સમુદ્ઘાત કરે છે ? શા માટે સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે ? હે ગૌતમ ! કેવલીઓનાં ચાર કર્મ બાકી રહે છે. તે આ પ્રમાણે -વેદનીય, આયુ, નામ અને ગોત્ર. વેદનીય કર્મની સ્થિતિ સૌથી વધારે હોય અને આયુ કર્મ સર્વથી થોડું હોય તો આ વિષમતાને સમાન કરવા માટે પ્રદેશબંધ અનુભાગ બંધથી સમાન કરે છે. તે માટે સમુદ્ઘાત કરે છે.હે પૂજ્ય !શું બધા કેવલી સમુદ્ઘાત કરે છે ? આ અર્થ સમર્થ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૫૩] સમુદ્ઘાત કર્યા વિના અનંત કેવલી જિન જન્મ, જરા, મરણથી રહિત થઈને શ્રેષ્ઠ સિદ્ધ ગતિને પ્રાપ્ત થયા છે.

[૫૪] હે ભગવન્ત ! આવર્જીકરણ કેટલાં સમયમાં થાય છે ? અસં ખ્યાત સમયના અન્તર્મુહૂર્તમાં હે ભગવન્ત ! કેવલી સમુદ્ઘાતના કેટલાં સમયો કહ્યા છે ? હે ગૌતમ ! આઠ સમય છે. તે આ પ્રમાણે : પ્રથમ સમયમાં દંડ કરે છે, બીજા સમયમાં કપાટ કરે છે. ત્રીજા સમયમાં મન્થાન કરે છે. ચોથા સમયમાં લોકપૂરણ કરે છે, પાચમા સમયમાં અંતરાલમાં રહેલા આત્મપ્રદેશોનો ઉપસંહાર કરે છે, છઠ્ઠા સમયમાં મન્થાન રૂપે સ્થિત આત્મપ્રદેશોને સંકોચે છે. સાતમા સમયમાં કપાટાકારને સંકોચે છે, આઠમા સમયમાં દંડાકારને સંકુચિત કરે છે. ત્યારપછી શરીરસ્થ થઈ જાય છે. હે પૂજ્ય ! સમુદ્ઘાતમાં સ્થિત આત્મા શું મનોયોગને જોડે છે ? વચન યોગને પ્રયુક્ત કરે છે ? કાયયોગને પ્રયુક્ત કરે છે ? હે ગૌતમ ! ફકત કાયયોગ જોડે છે.

હે પ્રભુ ! કાયયોગને જોડે છે તો શું ઔદારિક કાયયોગને જોડે છે ? ઔદારિક મિશ્ર કાયયોગને જોડે છે ? વૈક્રિય શરીર કાયયોગને જોડે છે ? વૈક્રિય મિશ્ર કાયયોગને જોડે છે ? આહારક શરીર કાયયોગને જોડે છે ? આહારકમિશ્ર કાયયોગને જોડે છે ? કાર્મણ કાયયોગને જોડે છે ? હે ગૌતમ ! ઔદારિક શરીર કાયયોગને જોડે છે, ઔદારિક મિશ્ર કાયયોગને જોડે છે, અને કાર્મણ કાયયોગને જોડે છે. પ્રથમ અને આઠમા સમયમાં ઔદારિક શરીર કાયયોગ હોય છે. બીજા, છઠ્ઠા, સાતમાં સમયમાં ઔદારિકમિશ્ર શરીર કાયયોગ હોય છે, ત્રીજા, ચોથા, પાંચમાં સમયમાં કાર્મણ શરીર કાયયોગ હોય છે. હે પૂજ્ય ! સમુદ્ઘાત અવસ્થા માં કેવલી સિદ્ધ, બુદ્ધ, મુક્ત તેમજ પરિનિવૃત્ત થઈને શું સમસ્ત દુઃખોનો અંત કરે છે ? આ અર્થ સમર્થ નથી. પરંતુ સમુદ્ઘાત કર્યા પછી ત્યાંથી નિવૃત્ત થઈ પોતાના શરીરમાં આવે છે. પછી મનોયોગ પણ પ્રવર્તાવે છે, વચનયોગ પ્રવર્તાવે છે, કાયયોગ પણ પ્રવર્તાવે છે.

હે ભગવંત ! મનોયોગ પ્રવર્તાવે છે તો શું સત્યમનોયોગ પ્રયુક્ત કરે છે ? અસત્યમનોયોગ પ્રયુક્ત કરે છે ? મિશ્રમનોયોગ પ્રયુક્ત કરે છે ? કે અસત્યમૃષા મનોયોગ પ્રયુક્ત કરે છે ? હે ગૌતમ ! સત્ય મનોયોગ પ્રયુક્ત કરે છે, અસત્યામૃષામનો યોગ પ્રયુક્ત કરે છે. હે ભગવન્ ! વચનયોગ પ્રવર્તાવે છે તો શું સત્યવચન યોગ પ્રવર્તાવે છે ? યાવત્ અસત્યા મૃષા વચનયોગને પ્રવર્તાવે છે ? હે ગૌતમ ! સત્યવચનયોગને પ્રવર્તવે છે, અસત્યામૃષાવચન યોગને પ્રવર્તાવે છે. કાય યોગ પ્રવર્તાવતા તે આવે છે, જાય છે, બેસે છે, સુવે છે, ઉલ્લંઘન કરે છે, ઉત્ક્ષેપણ કરે છે, પ્રક્ષેપણ કરે છે, તિર્છું ગમન કરે છે. પછી પ્રતિહારી પીઠ, ફલક, શય્યા, સંથારાને પાછા આપે છે.

[૫૫] હે પૂજ્ય ! તેવા કેવલી સયોગી અવસ્થામાં રહેતા સિદ્ધ યાવત્ દુઃખોનો અંત કરે છે ? આ અર્થ સમર્થ નથી. તે સયોગી કેવલી પહેલા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત કના જઘન્ય મનોયોગથી પણ અસંખ્યાત ગુણહીન પ્રથમ મનોયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી પર્યાપ્ત બેઇન્દ્રિય જીવના જઘન્ય વચન યોગની નીચેના અસંખ્યાત ગુણહીન બીજા વચનયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી સૂક્ષ્મ અપર્યાપ્ત પનક જીવના જઘન્યથી નીચેના અસંખ્યાત ગુણહીન ત્રીજા કાયયોગનો નિરોધ કરે છે.

આ પ્રકારના ઉપાયથી તે પ્રથમ મનોયોગનો નિરોધ કરે છે. તેનો નિરોધ થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયા પછી વચન યોગનો નિરોધ કરે છે, વચન યોગનો નિરોધ થયા પછી કાયયોગનો નિરોધ કરે છે. સમસ્ત યોગોનો નિરોધ કર્યા પછી અયોગી અવસ્થાને પ્રાપ્ત થયા પછી પાંચ હ્રસ્વ અક્ષરોના ઉચ્ચારણ કાલ પ્રમાણ અસંખ્યાત સમયના અન્તર્મુહૂર્તમાં શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થાય છે. શૈલેશી અવસ્થાની પહેલા જે કર્મોની ગુણશ્રેણી રચી હતી તેને શૈલેશી કાળમાં નષ્ટ કરતાં અસંખ્યાત ગુણશ્રેણિ દ્વારા અનંત કર્મના અંશોનો ક્ષય કરે છે. વેદનીય, આયુ, નામ, ગોત્ર એ ચાર કર્માંશોનો એક સાથે ક્ષય કરે છે. ક્ષય કર્યા પછી ઔદારિક, તૈજસ, કાર્મણ એ શરીરનો સર્વથા ત્યાગ કરી દે છે. ત્યાગ કરીને ઋજુશ્રેણિને પ્રાપ્ત કરી અંતરાલ પ્રદેશોને સ્પર્શ કર્યા વિના એક સમયમાં વિગ્રહ રહિત ગતિથી સાકારોપયોગમાં સિદ્ધ ગતિમાં બીરાજમાન થાય છે. તે જીવો ત્યાં સિદ્ધ થાય છે. તેઓ સાદિ અનંત, નિશ્ચલ, બધ્યમાન કર્મોથી રહિત, નિર્મળ-પૂર્વબદ્ધકર્મોથી મુક્ત, અજ્ઞાનરૂપ અંધકારથી રહિત, વિશદ્ધ, ભવિષ્યમાં શાશ્વત સિદ્ધાવસ્થાથી યુક્ત રહે છે. હે ભગવન્ત ! તેઓ સાદિ અપર્યવસિત છે એમ આપ શા કારણથી કહો છો ? હે ગૌતમ ! જેમ અગ્નિથી બળેલ બીજથી ફરી અંકુર ઉત્પન્ન થતો નથી તેવીજ રીતે સિદ્ધ ભગવાનને કર્મરૂપી બીજ બળી જવાથી ફરીને જન્મની ઉત્પત્તિ થતી નથી. તેથી

હે ભગવન્ત ! જીવ સિદ્ધ થતાં કયા સંહનનથી સિદ્ધ થાય છે ?હે ગૌતમ! વજ્રઋષભનારાચ સંહનનથી હે પૂજ્ય ! સિદ્ધ થતાં જીવો કયા સંસ્થાનથી સિદ્ધ થાય છે ? કોઈ પણ સંસ્થાનથી હે પૂજ્ય ! સિદ્ધ થતાં જીવો કેટલી અવગાહનાથી સિદ્ધ થાય છે ? હે ગૌતમ ! ઓછામાં ઓછી સાત હાથની અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની હે પૂજ્ય ! સિદ્ધ થતાં જીવો કેટલા આયુષ્યમાં સિદ્ધ થાય છે ? હે ગૌતમ ! જઘન્ય આઠ વર્ષથી વધારે અને ઉત્કૃષ્ટ પૂર્વક્રોડની આયુષ્યવાળા

હે પૂજ્ય ! શું સિદ્ધ ભગવંતો રત્નપ્રભા પૃથ્વીની નીચે રહે છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે પૂજ્ય ! શું સિદ્ધ ભગવાન સૌધર્મકલ્પની નીચે રહે છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે પૂજ્ય ! શું સિદ્ધ ભગવન્ ઈષત્પ્રાગભાર પૃથ્વીની નીચે રહે છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે પૂજ્ય ! સિદ્ધો ક્યાં રહે છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ઘણાં સુંદર રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તેમજ તારાઓનાં ભવનોથી ઘણા યોજન, ઘણાં સેંકડો યોજન, ઘણાં હજાર યોજન, ઘણાં લાખો યોજન, ઘણાં કરોડો યોજન તેમજ અનેક કોટાકોટી યોજન ઉપર જતાં સૌધર્મ, યાવત્ અચ્યુત, ગ્રૈવેયક વિમાનોને પાર કર્યા પછી યાવત્ સર્વાર્થસિદ્ધ મહાવિમાનના શિખરના અગ્રભાગથી ૧૨ યોજન ઉપર જતા ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી છે. તે ૪૫ યોજનની લાંબી પહોળી, ૧ કરોડ ૪૨ લાખ ૩૦ હજાર ૨૪૯ યોજનથી કંઈક વધારે પરિધિવાળી છે.

આ ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી વચ્ચોવચ આઠ યોજન જાડી છે. તે મધ્ય ભાગથી ક્રમશઃ ધીમે ધીમે ઓછી થતાં સર્વ ચરમ પ્રદેશોમાં માખીની પાંખથી પણ વધારે પાતળી છે. તે અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી પાતળી છે. - આ ઈષત્પ્રાગભાર પૃથ્વીના ૧૨ નામો છે. તે આ પ્રમાણે-ઈષત્, ઈષત્પ્રાગ્ભારા, તનુ, તનુતનુ, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય, લોકાગ્ર, લોકાગ્રસ્તુપિકા, લોકાગ્રપતિબોધના, સર્વ પ્રાણ-ભૂત-જીવ સત્ત્વ સુખાવહા. ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી શંખના તળિયા જેવી ઉજ્જવલ, નિર્મળ શ્વેત પુષ્પ સમાન, કમળની મૃણાલ જેવી, પાણીના બિંદુ જેવી, બરફ જેવી, ગાયના દૂધ જેવી, હાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવી શ્વેત છે. શીર પર ઓઢેલા છત્ર સમાન તેનો આકાર છે. સંપૂર્ણ શ્વેત સુવર્ણ સમાન છે, સ્વચ્છ છે, ચીકણી, ઘૂંટેલ વસ્ત્રની જેવી ચીકણી, સાણ પરઘસાયેલા પથ્થર જેવી, કોમળ શાણથી ઘસેલા પત્થર જેવી ચીકણી, નિર્મળ, કાદવથી રહિત, આવરણ રહિત, કિરણો જેમાથી નીકળે છે. શોભાસંપન્ન છે તે પ્રાસાદિક, દર્શનીય છે

શ્વેતઈષત્પ્રાગ્ભારા પૃથ્વી ઉપર ૧ યોજનમાં લોકનો અંત છે. તે યોજન પ્રમાણ લોકનો છેલ્લા ગાઉના ૬ઠ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતો સાદિ અનંતકાળ સુધી સ્થિત રહે છે. અનેક જન્મ, જરા, મરણની વેદનાથી જે વારંવાર જન્મ લેવો, ગર્ભમાં વાસ કરવો આદિ દુઃખોથી યુક્ત સંસારના પ્રપંચથી રહિત શાશ્વત બિરાજે છે.

[૫૬-૬૦] હે પૂજ્ય ! સિદ્ધ ભગવંતો કયા સ્થાને અટક્યા છે ? ક્યાં પ્રતિષ્ઠિત થયા છે ? આ શરીરને છોડીને ક્યાં જઈને સિદ્ધ થાય છે ? સિદ્ધ ભગવાન લોકના અગ્રભાગમાં રહે છે. લોકના અગ્રભાગમાં તેમની સ્થિતિ છે. આ મનુષ્યલોકમાં શરીરનો ત્યાગ કરીને ત્યાં જઈને સિદ્ધ થાય છે. શરીરનો ત્યાગ કરતા સમયે અહિં જે સંસ્થાન હોય છે તે સિદ્ધનું સંસ્થાન છે. ત્યાં પ્રદેશઘન રૂપે થાય છે. કે અંતિમ સમયમાં જેવું સંસ્થાન હોય તેમાંથી ત્રીજો ભાગ ન્યૂન અવગાહના સિદ્ધોની હોય છે. ૩૩૩ ધનુષ્ય તથા એક ધનુષનો ત્રીજો ભાગ આ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના છે.

[૬૧-૬૫] ચાર હાથ અને ૧ હાથનો ત્રીજો ભાગ સિદ્ધોની મધ્યમ અવગાહના જાણવી જોઈએ. હાથથી થોડી વધારે એ સિદ્ધોની જઘન્ય અવગાહના જાણવી જોઈએ. સિદ્ધ પોતાની અવગાહનાથી અંતિમ શરીરના ત્રીજા ભાગને ઓછો કરી જેનો આકાર કહી શકાય નહિ તેવા આકારમાં સ્થિત છે જે જરા, મરણથી મુક્ત છે. જે ક્ષેત્રમાં સિદ્ધો બીરાજે છે તે જ ક્ષેત્રમાં અનંત સિદ્ધો બિરાજે છે. તેમના ભવનો ક્ષય થઈ ગયો છે. તેઓ એકબીજામાં વ્યાપીને રહેલા છે. એક સિદ્ધ નિયમથી આત્માના અસંખ્યાત પ્રદેશો દ્વારા અનંત સિદ્ધોનો સ્પર્શ કરે છે. તે બધા અસંખ્યાત પ્રદેશોથી સંસ્થિત છે. દેશથી સ્પર્શાયેલા અસંખ્યાત ગુણા સિદ્ધો છે.

[૬૬-૭૦] અશરીરી, ઘનરૂપ, કેવળજ્ઞાન કેવળદર્શનથી યુક્ત સાકાર ઉપયોગથી યુક્ત તથા નિરાકારોપયોગથી ઉપયુક્ત છે. આ સિદ્ધોના લક્ષણો છે. કેવળજ્ઞાનોપયોગથી યુક્ત ભગવાન સર્વ વસ્તુના અનંતગુણ અને અનંત પર્યાયને જાણે છે અને અનંત કેવળદૃષ્ટિથી સર્વ પ્રકારે જુએ છે. સિદ્ધોને જે બાધારહિત સુખ પ્રાપ્ત થયું છે તે સુખ મનુષ્યને કે સર્વ દેવોને હોતું નથી. દેવોનું સર્વકાળનું જે સુખ છે તેને અનંતગણું કરવામાં આવે તો પણ તે મુક્તિના સુખની બરાબર ન થઈ શકે. તે અનંત વર્ગોથી વર્ગિત કરવામાં આવે પણ મુક્તિ સુખની બરાબર ન થઇ શકે. સિદ્ધ ભગવાનના સુખની જે રાશિ છે તેને સર્વ કાળના સમયોથી જો ગુણવામાં આવે અને તે રાશિને અનંતવર્ગથી ભાગવામાં આવે તો પણ સર્વ આકાશમાં સમાઇ શકે નહિ.

[૭૧-૭૫] જેમ કોઇ મ્લેચ્છ ઘણાં પ્રકારના નગર ગુણોને જાણતો થકો પણ તેનું વર્ણન કરી શકતો નથી કારણ કે ત્યાં ઉપમાનો અભાવ છે. આ રીતે સિદ્ધોનું સુખ છે જે અનુપમ છે. તેની કોઈ ઉપમા નથી. કંઈક વિશેષતાથી સિદ્ધોના સુખની ઉપમા આપી સમજાવે છે. જેમ કોઇ પુરુષ સર્વ કામગુણોથી યુક્ત ભોજન ભોગવી તૃષા તથા ક્ષુધાથી રહિત થઇ અમૃતપાનની તૃપ્તિની સમાન સુખી થાય છે. તેમ સર્વકાલ તૃપ્ત થયેલા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્વાણને પ્રાપ્ત થયેલા સિદ્ધો અતુલ, અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરી મુક્તિસ્થાનમાં સદા સુખી રહે છે. કૃતકૃત્ય હોવાથી સિદ્ધ, લોકાલોકના જ્ઞાતા હોવાના કારણે બુદ્ધ, સંસારના પારગામી, શ્રેષ્ઠથી શ્રેષ્ઠ સ્થાનને પ્રાપ્ત કરવાથી પરંપરાગત, કર્મ કવચથી રહિત હોવાના કારણે અજર, અમર, અસંગી બન્યા છે.

[૭૬-૭૭] તે સિદ્ધ સર્વ દુઃખોનું અતિક્રમણ કર્યું છે. જન્મ, જરા, મરણના બંધનથી મુક્ત થવાના કારણે શાશ્વત, અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે. અતુલ સુખ-સાગરમાં મગ્ન, અવ્યાબાધિત, અનુપમ સ્થાનને પ્રાપ્ત કરેલ સિદ્ધો સર્વકાળ અનંતકાળ સુધી સુખી રહે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

| ૧૨ | ઉવવાઈયં - ગુર્જરછાયાપૂર્ણ |
| --- | --- |
| | ઉવંગ - ૧ - ગુર્જરછાયા પૂર્ણ |

જૈન સાઈટ JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૧૩ રાયપ્પસેણિયં

## ઉવંગસૂત્ર-૨-ગુર્જરછાયા

[અરિહંતોને નમસ્કાર થાઓ, સિદ્ધોને નમસ્કાર થાઓ, આચાર્યોને નમસ્કાર થાઓ, ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ, લોકમાં રહેલ સર્વ સાધુને નમસ્કાર થાઓ.]

[૧] તે કાલે તે સમય આમલકપ્પા નામે નગરી હતી. એ આમલકપ્પા નગરીમાં ધન અને ધાન્ય વગેરેની વિભૂતિ પરિપૂર્ણ હતી, યાવત્ દર્શનીય, મનોહર, પ્રાસાદિક અને અસાધારણ સૌંદર્ય યાવત્ વાળી હતી.

[૨]એવી એ આમલકપ્પા નગરીથી બહાર ઈશાન ખૂણામાં અંબસાલવણ નામનું એક ચૈત્ય હતું. એ ચૈત્ય ઘણા લાંબા કાળનું પુરાણું, યાવત્ એ વનખંડ જોતાં જાણે કે મેઘનો સમૂહ જ ન હોય એવો ભાસ જોનારને થતો હતો.

[૩]ચૈત્યની ચારે બાજુ પથરાએલા એ પહોળા વનખંડમાં વચ્ચોવચ્ચ એક મોટું ઉંચું અશોકનું વૃક્ષ હતું, આંખને ઠારે એવું, પ્રસન્નતા પમાડનારું ઘણું સુશોભિત હતું.

[૪] એ નગરીમાં રાજા શ્રેણિક અને રાણી ધારિણીનું રાજ્ય હતું. શ્રમણભગવંત મહાવીર સમોસર્યા - પર્ષદા નીકળી યાવત્ રાજા એ પરિઉપાસના કરે આ સર્વે વાત ઉવવાઈ સૂત્ર અનુસાર જાણવી.

[૫] જે સમયે શ્રમણ ભગવાન મહાવીર આમલકપ્પા નગરીની બહાર આવેલા અંબસાલવણ ચૈત્યના સમવસરણ માં બિરાજતા હતા તે કાલે તે સમયે સૌધર્મકલ્પમાં સૂર્યાભવિમાનમાં સુધર્મા નામની સભામાં સૂર્યાભસિંહાસન ઉપર બેઠેલા સૂર્યાભદેવ પોતાના વિપુલ અવધિવડે સમગ્ર જંબૂદ્વીપ તરફ નજર નાંખી તેને બરાબર નિરખી રહ્યો હતો.એ સૂર્યાભદેવના પરિવારમાં ચાર હજાર સામાનિક દેવો, પોતપોતાના પરિવારથી વિંટળાએલી તેની ચાર પટ્ટરાણીઓ, ત્રણ સભાઓ, સાત સેનાઓ, સાત સેનાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો અને સૂર્યાભવિમાનમાં રહેનારા બીજા પણ ઘણા દેવો અને દેવીઓ હતાં. સૂર્યાભસિંહાસના ઉપર બેઠેલો તે સપરિવાર સૂર્યાભદેવ - નાટ્ય, ગીત, વાદ્ય, તંત્રી, તલ, તાલ, બીજાં વિવિધ વાજાંઓ અને વાદનકળામાં દક્ષ પુરુષ જેને વગાડે છે એવો મેઘની પેઠે ગાજતો, મૃદંગ-આદિ બધાંમાંથી નીકળતા મધુર સ્વરો સાંભળતો સાંભળતો દિવ્ય ભોગોને ભોગવતો રહેતો હતો.

સૂર્યાભદેવે સમગ્ર જંબૂદ્વીપને નિરખતાં નિરખતાં ભારતવર્ષમાં આમલકપ્પા નગરીની બહાર અંબસાલવણ ચૈત્યમાં આવી રહેલા અને યોગ્ય અવગ્રહપૂર્વક સંયમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન મહાવીરને જોયા. ભગવાનનું દર્શન કરીને તે સૂર્યાભદેવ હર્ષવાળો, તોષવાળો અને આનંદિત ચિત્તવાળો થયો તથા ભગવાન તરફ એના મનમાં પ્રીતિ થઈ-પરમ સૌમનસ્ય થયું, હર્ષના આવેગથી તેનું હૃદય ધબકવા લાગ્યું, એનાં કમળ જેવાં ઉત્તમ નેત્રો ખીલી ઉઠ્યાં, આનંદના વેગથી એનાં ઉત્તમ કડાં બેરખાં કેયૂર મુગટ બન્ને કુંડલો અને સુંદર હારથી સુશોભિત છાતી-એ બધું ચલાયમાન-થઈ ગયું. નીચે સુધી લટકતા પ્રલંબને અને કંપાયમાન થએલાં બીજાં આભૂષણોને ધારણ કરતો તે સૂર્યાભદેવ ભગવાન મહાવીરને જોતાંજ સંભ્રમ સાથે ત્વરા અને ચપળતાપૂર્વક સિંહાસનથી ઊભો થઈ ગયો, પછી તેણે પાદપીઠ ઉપર ચડી પાદુકાઓ મોજડીઓ-કાઢી નાખી અને તીર્થંકરની સામે સાત આઠ પગલાં જઈ ડાબો ઘુંટણ ઉંચો કરી જમણો ઘુંટણ ધરણી ઉપર ઢાળી મસ્તકને ત્રણ વાર ધરણી ઉપર નમાવયું, પછી જરાક માથાને ઉંચું કરી કડાં અને બેરખાંથી સ્તબ્ધ થએલી ભુજાઓને ભેગી કરી, દશે નખ એક બીજાને અડે એ રીતે બન્ને હથેળીઓ સાથે રાખી શિરસાવર્ત પૂર્વક મસ્તકે અંજલિ જોડી તે આ પ્રમાણે બોલ્યો :

અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ, ધર્મના આદિકર, તિર્થંકર સ્વયં સંબુદ્ધ, પુરુષોમાં ઉત્તમ પુરિસસીહ પુરિષવરપુંડરિક, પુરુષોમાં ગંધહસ્તિ લોકમાં ઉત્તમ, લોકનાથ, લોક હિતવાળા, લોકમાં પ્રદીપ, લોકમાં પ્રદ્યોત કરનાર. અભય-ચક્ષુ- માર્ગ-જીવ-શરણ-બોધિ અને ધર્મને દેનારા, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મવરચાઉરંતચકવર્તી, અપ્રતિહત ઉત્તમ જ્ઞાનદર્શન ધારક, છદ્મસ્થપણું ચાલ્યુગણું છે તેવા જિન, તરનાર, તારનાર, બોધ પામેલા બોધ પમાડનારા મુકત થયેલા, મુકત કરનારા, સર્વજ્ઞ સર્વદર્શી, કલ્યાણ, અચલ, અરુજ અનંત અક્ષય અવ્યાબાધ જેને ફરી જન્મ લેવાનો નથી તેવા સિદ્ધિ ગતિ ને પામેલા શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર થાઓ, અહીં રહેલો હું ત્યાં રહેલા શ્રમણ ભગવાન મહાવીરને વાંદુ છું, ત્યાં રહેલા શ્રમણ ભગવાન મહાવીર અહીં રહેલા મને જુએ છે : એમ કરીને તે સૂર્યાભદેવ ભગવાનને વાંદી નમી પાછો પૂર્વાભિમુખ થઈ સિંહાસન ઉપર બેસી ગયો.

[૬]ત્યારપછી તે સૂર્યાભદેવના આત્મામાં ચિંતન રૂપ, અભિલાષરુપ આ આ પ્રકારનો મનોગત સંકલ્પ-વિચાર-ઉત્પન્ન થયો "યોગ્ય અવગ્રહપૂર્વક સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન્ મહાવીર જંબૂદ્વીપના ભારતવર્ષમાં આમલ કપ્પા નગરીની બહાર અંબસાલવણ ચૈત્યમાં આવીને વિહરે છે તે મારે માટે શ્રેયરુપ છે. "તેવા પ્રકારના અરહંત ભગવંતોનાં માત્ર નામ ગોત્ર કાને પડે તોપણ તે મહાફલરુપ છે, તો પછી તેમની સામે જવાનો, તેમને વાંદવાનો, નમસ્કાર કરવાનો, તેમની પાસેથી કેટલાક ખુલાસા પૂછવાનો અને તેમની ઉપાસના કરવાનો પ્રસંગ મળે તો તો કહેવું જ શું ? 'આર્ય પુરુષનું માત્ર એક ધાર્મિક સુવચન કાને પડે તોપણ તે મહાફલરુપ છે, તો પછી તેમની પાસેથી વિપુલ અર્થ-મેળવવાનો પ્રસંગ સાંપડે તો તો કહેવું જ શું ?

"તો હું શ્રમણભગવાન મહાવીરને વાંદવા,નમવા,તેમનો સત્કાર કરવા, સન્માન કરવા તથા તે કલ્યાણરુપ, મંગળરુપ, ચૈત્યરુપ અને દેવરુપ શ્રમણ ભગવાન મહા વીરની પર્યુપાસના કરવા જાઉં."શ્રમણ ભગવાન મહાવીરની એ પર્યુપાસના મારે માટે-જન્મજન્માંતરમાં હિતકર, સુખકર, ક્ષેમકર, કલ્યાણકર નીવડવાની છે અને નીવડશે" :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ તે સૂર્યાભદેવ વિચાર કરે છે. એ પ્રમાણે ગંભીરપણે વિચારીને તેણે પોતાના આભિયોગિક દેવોને બોલાવી તેમને આ પ્રમાણે કહ્યું :

[૭]"હે દેવાનુપ્રિયો ! એમ છે કે, યોગ્ય અવગ્રહને ગ્રહણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન મહાવીર જંબૂદ્વીપના ભારતવર્ષમાં આમલ-કપ્પા નગરીની બહાર અંબસાલવણ ચૈત્યમાં આવીને વિહરે છે. તો હે દેવાનુપ્રિયો ! તમે ત્યાં જાઓ અને અંબસાલવણ ચૈત્યમાં બિરાજતા શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદ-ક્ષિણા કરી તેમને વાંદો, નમો અને પછી તમારાં નામ અને ગોત્રો તેમને કહી સંભળાવો, તથા શ્રમણ ભગવાન મહાવીરના ઊતારાની આસપાસ ચારે બાજુ યોજન-પ્રમાણ જમીનમાં અપવિત્ર, સડેલાં, દુર્ગંધી તણખલાં, લાકડાં, પાંદડાં કે કચરો વગેરે જે કાંઈ પડ્યું હોય તેને ત્યાંથી ઉઠાવી દૂર કરો અને એ જમીનને તદ્દન ચોકખી કરો. વળી, તેટલી જમીન ઉપર સુગંધી પાણીનો છંટકાવ એવી રીતે કરો જેથી ત્યાંની ઉડતી બધી ધૂળ બેસી જાય, બહુ પાણીપાણી ન થાય અને વધારે કિચ્ચડ પણ ન થાય. પછી, જેની રજ જરા પણ ઉડતી નથી એવી જમીન ઉપર જલજ અને સ્થલજ એવાં પાંચ પ્રકારનાં સુગંધી પુષ્પોનો વરસાદ એવી રીતે વરસાવો કે ત્યાં બધાં પુષ્પો ચત્તાંજ પડે, તેમનાં ડિંટિયાં નીચે રહે અને એ પુષ્પો બધે જમીનથી ઉંચે એક એક-જાનુ-હાથ-સુધી ઉપરાઉપર ખીચો ખીચ રહે. આ ઉપરાંત તે જમીનને કાળો અગરૂ, ઉત્તમ કિનરૂ અને તુરુક્કના સુગંધી ધૂપથી મઘમઘિત કરો અને એ રીતે એ ભૂમિને સર્વ પ્રકારે દિવ્ય કરો- જ્યાં ઉત્તમ દેવ આવી શકે એવી સુંદરમાં સુંદર, સુંગધીમાં સુગંધી અને પવિત્ર બનાવો-આમ કરી કરા-વીને પછી મને શીઘ્ર સમાચાર પણ આપો."

[૮] આભિયોગિક દેવોએ 'શ્રીમાન દેવ જે કહે છે તે બરાબર છે' એમ કહી સૂયાભદેવની એ આજ્ઞાને તે સહર્ષ વિનયપૂર્વક હાથ જોડીને સ્વીકારી અને પછી તેઓ ઈશાનકોણ તરફ જવા નીકળ્યા. ઈશાનકોણ તરફ જઈ વૈક્રિયસમુદ્ઘાત વડે તેમણે સંખ્યેય યોજન લાંબો દંડ કાઢ્યો અર્થાત્ એ દ્વારા તે દેવોએ રત્ન, વજ્ર, વૈડુર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ,પુદ્ગલ, સૌગંધિક, જ્યોતિરસ, અંજનપુલક, અંજન, રજત, જાત રુપ, અંક, સ્ફટિક અને રિષ્ટનાં મોટાં-જાડાં પુદ્ગલો દૂર કરી સૂક્ષ્મ પુદ્ગલો લીધાં. પછી ફરી પણ વૈક્રિયસમુદ્ઘાત કરી તેમણે પોતાનાં ઉત્તર વૈક્રિયરુપો બનાવ્યાં. આ રીતે તેઓ--પોતાનાં રુપોને બનાવી ઘણી જ ત્વરાવાળી, વિશેષ વેગ વાળી, અતિશય શીઘ્ર તાવાળી, વધુમાં વધુ ચપલતાવાળી, પ્રચંડ દિવ્ય ગતિથી તીરછી દિશામાં જવા ઉપડ્યા. અસંખ્ય દ્વીપ અને સમુદ્રોની વચ્ચોવચ્ચ થતા તેઓ જંબૂદ્વીપના ભારતવર્ષમાં આવી પહોંચ્યા.પછી ત્યાં આમલકપ્પા નગરીની બહાર જે તરફ અંબસા લવણ ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજ્યા હતા તે તરફ જઈ તે આભિયોગિક દેવોએ ભગવાન મહાવીરની ફરતી ત્રણ પ્રદક્ષિણા કરી, તેમને વાંદ્યા, નમસ્કાર કર્યો અને પછી તેઓ આ પ્રમાણે બોલ્યા : "હે ભગવાન ! અમે સૂર્યાભદેવના આભિયોગિક દેવો છીએ, આપ દેવાનુપ્રિયને વાંદીએ છીએ, નમીએ છીએ, સત્કારીએ છીએ, સન્માનીએ છીએ અને કલ્યાણરુપ, મંગળરુપ, દેવરુપ અને ચૈત્યરુપ એવા આપ દેવાનુપ્રિયની પર્યુપાસના કરીએ છીએ."

[૯] 'હે દેવો' એમ કહીને શ્રમણ ભગવાન મહાવીરે તે દેવોને આ પ્રમાણે કહ્યું : "હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવો ! એ પુરાતન છે, હે દેવો ! એ કૃત્યરૂપ છે, હે દેવો ! એ કરણીયરૂપ છે, હે દેવો ! એ આચીર્ણ છે, અને હે દેવો ! એ સંમત મનાએલું છે કે ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક દેવો અરહંત ભગવંતોને વાંદે છે, નમે છે અને તેમ કરી પોતપોતાનાં નામ-ગોત્રો કહી સંભળાવે છે. એ પુરાતન પદ્ધતિ છે અને તે સમ્મત થએલી છે."

[૧૦] ત્યારપછી, શ્રમણ ભગવાન મહાવીરે જેમને ઉક્ત રીતે કહેલું છે એવા તે આભિયોગિક દેવો હર્ષિત થયા અને યાવત્ પ્રફુલ્લ હૃદયવાળા થયા. તેમણે શ્રમણ ભગવાનને વાંદી નમી ઉત્તરપૂર્વના ખૂણા તરફ જઈ વૈક્રિસમુદ્ઘાત કર્યો, તે દ્વારા સંખ્યેય યોજન લાંબો દંડ કાઢ્યો અર્થાત્ એ સમુદ્ઘાતદ્વારા તે દેવોએ મોટાં- જાડાં - પુદ્ગલોને દૂર કરી સૂક્ષ્મ પુદ્ગલો લીધાં. પછી ફરી પણ વૈક્રિયસમુદ્ઘાત કરી તે દેવોએ સંવર્તક વાયુની રચના કરી અને તે વાયુદ્વારા શ્રમણ ભગવાન મહાવીરનો જે સ્થળે ઊતારો હતો તે સ્થળની આસપાસ ચારે બાજુ એક યોજના સુધીમાં જે કાંઈ અપવિત્ર- સડેલાં, દુર્ગંધી તણખલાં, લાકડાં, પાંદડાં કે કચરો વગેરે પડ્યું હતું તે બધું ત્યાંથી ઉઠાવી દૂર કરી યોજન પ્રમાણ ભૂમંડલને સ્વચ્છ કર્યું. વળી, ફરીવાર વૈક્રિયસમુદ્ઘાત કરી તે દ્વારા તે દેવોએ પાણીભરેલાં વાદળની રચના કરી. જેમ કોઈ કુશળ છંટારો પાણીભરેલા મોટા ઘડાદ્વારા કોઈ બગીચાને છાંટે અને તેને શાંતરજ-શીતળ કરે તેમ તે દેવોએ એ પાણી ભરેલાં વાદળદ્વારા એ સ્વચ્છ કરેલ ભૂમંડળ ઉપર સુગંધી પાણી વરસાવી-છાંટી ત્યાં ઉડતી ધૂળને બેસાડી દીધી-તેને શાંતરજ-શીતળ બનાવી દીધું. પાણીને વરસાવતો મેઘ જેમ ગાજે છે અને વીજળીથી ઝબકે છે તેમ તે દેવોએ રચેલું એ પાણીભરેલું વાદળ પણ પાણીને વરસાવતું ગાજતું હતું અને વીજળીથી ચમકતું હતું. વળી, ત્રીજી વાર વૈક્રિય સમુદ્ઘાત કરી તે દ્વારા તે દેવોએ ફૂલભરેલાં વાદળની રચના કરી. જેમ કોઈ માળીનો કુશળ યુવાન પુત્ર ફૂલભરેલી ચંગેરીઓદ્વારા રાજસભાને પુષ્પોથી મધમધિત કરી દે તેમ તે દેવોએ મેઘની પેઠે ગાજતા અને વીજળીથી ઝબકતા એ ફૂલભરેલાં વાદળદ્વારા પાણીથી સુગંધિત કરેલી એ ભૂમિ ઉપર પાંચ પ્રકારનાં પુષ્પોને વરસાવી તેને ચારે બાજુથી મ્હેક કરી મૂકી અને જમીનથી ઉંચે એકએક જાનુ- સુધી ઉપરા ઉપર પુષ્પોથી ખીચોખીચ ભરી દીધી. તે પુષ્પો પણ તેમણે એવી રીતે વરસાવ્યાં કે દરેક પુષ્પનું ડિંટિયું નીચું રહે અને કળીઓવાળો ભાગ ઉપર રહે.

ત્યારપછી, પુષ્પોથી મધમધતા એ ભૂમંડળને કેમ જાણે સુગંધનો મહાસાગર ન બનાવવો હોય તેમ એ દેવોએ ત્યાં ચારે બાજુ ઉત્તમ કાળો અગર, ઉત્તમ કિનરૂ અને તુરુક્કનો સુગંધી ધૂપ મૂકી તેને ઘણું જ સુગંધિત કરી મૂક્યું અને એવી રીતે કરી તે સ્થળે દેવો પણ આવી શકે એવું તેને આકર્ષક બનાવી દીધું. હવે આ બધું ભૂમિશુદ્ધિને લગતું કામ પતાવી તે દેવો શ્રમણ ભગવાન મહાવીર તરફ આવ્યા, ત્યાં આવી તેમને વાંદી નમી ત્યાંથી પોતાના સ્થાન ભણી જવા નીકળ્યા. જે જાતની વેગવતી પ્રચંડ ગતિથી તેઓ આવ્યા હતા તેજ ગતિદ્વારા જતા તેઓ સૌધર્મકલ્પને સત્વર પહોંચી ગયા. ત્યાં જે તરફ સૂર્યાભનામનું વિમાન હતું અને સુધર્મા સભામાં જે તરફ સૂર્યાભદેવ બિરાજેલો હતો ત્યાં જઈ તેમણે સૂર્યાભદેવ તરફ વિનયપૂર્વક હાથ જોડી માથું નમાવી 'સૂર્યાભદેવનો જય થાઓ-વિજય થાઓ' એવો પ્રઘોષ કર્યો અને તેમણે તેને જણાવ્યું કે "હે મહારાજ ! આપે અમને ભગવાન મહાવીરના ઊતારાની આસપાસના ભૂમંડળને શુદ્ધ અને સુગંધિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાની જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે અમે બધું કરી આવ્યા છીએ

[૧૧]ત્યારપછી તે સૂર્યાભદેવ, એ અભિયોગિક દેવો પાસેથી તેમણે કહેલી ઉક્ત હકીકતને સાંભળીને-અવધારીને હર્ષિત થયો, તુષ્ટ થયો યાવત્ પ્રફુલ્લ હૃદયવાળો થયો. ત્યારબાદ તેણે પોતાના સેનાપતિ દેવને બોલાવીને આ પ્રમાણે કહ્યું : "હે દેવાનુપ્રિય ! સૂર્યાભવિમાનમાં આવેલી સુધર્મા સભામાં એક મોટી સારા રણકારવાળી ઘંટા ટાંગેલી છે, જેનો ઘેરાવો યોજનપ્રમાણ છે અને જે મેઘની પેઠે ગંભીર અને મધુર રણકો કરે છે તે ઘંટાને તું શીઘ્ર ઉલાળતો ઉલાળતો-ઉંચા ઘોષથી ઉદ્‌ઘોષણ કરતો કરતો આ હકીકતને જાહેર કર : હે દેવો ! સૂર્યાભવિમાનમાં રહેનારા પ્રત્યેક દેવદેવીઓને સૂર્યાભદેવ આજ્ઞા કરે છે કે હે દેવો ! જંબૂદ્વીપના ભારતવર્ષમાં આવેલી આમલકપ્પા નગરીના અંબસાલ વણ ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીર સમોસર્યા છે, તેને વાંદવા માટે સૂર્યાભદેવ જનાર છે તો હે દેવાનુપ્રિયો ! તમે પણ તમારી સર્વ શોભા-ઋદ્ધિ-સમૃદ્ધિ સાથે અને પોતપોતાના પરિવાર સાથે સંપરિવૃત થઈ પોતપોતાનાં યાન વિમાન ઉપર ચડી તેની સાથે જવા તૈયાર થાઓ : આ માટે વિલંબ ન કરતાં તમે બધાં સૂર્યાભદેવની સમક્ષ હાજર થઈ જાઓ."

[૧૨]એ પ્રકારની આજ્ઞા કરવાની સૂર્યાભદેવની સૂચના સાંભળીને તે સેના-પતિદેવ હર્ષિત થયો અને તે -આજ્ઞા કરવાની સૂચનાને તેણે વિનયપૂર્વક સ્વીકારી. પછી તે સેનાપતિદેવ સૂર્યાભવિમાનમાં આવેલી સુધર્મા સભામાં આવ્યો અને જ્યાં તે મોટી સારા રણકારાવાળી અને વગાડતાંજ મેઘની પેઠે ગાજતી એવી યોજનપ્રમાણ ઘેરાવા વાળી ઘંટા ટાંગેલી છે ત્યાં જઈ તેણે તેને ત્રણ વાર ઉલાળી. એ ઘંટાને ત્રણ વાર ઉલાળતાંજ સૂર્યાભવિમાનમાં એક મોટો જબરદસ્ત અવાજ થયો, તે અવાજ થતાંજ તે વિમાનમાં રહેલા બધા મહેલો અવાજના પડછંદાથી ગાજી ઉઠ્યા.

એ મહેલોમાં રહેનારા દેવો અને દેવીઓ પરસ્પર ક્રીડામાં મશગુલ હતાં, રતિમાં આસક્ત હતાં અને અનેક પ્રકારના વિલાસોમાં તલ્લીન હતાં; તે બધાં એ ઘંટાનો અવાજ સાંભળી એકકાન થઈ ગયાં, ઘંટાનો અવાજ સાંભળી તે બધાંને કુતૂહલ થયું. ઘંટાનો અવાજ શાંત થયા પછી તે દેવો અને દેવીઓએ 'સૌએ ભગવાન મહાવીરને વાંદવા માટે જનારા સૂર્યાભદેવ સાથે જવા તૈયાર થવું અને બરાબર વખતસર પોતપોતાનાં વાહન--યાનો સાથે સૂર્યાભદેવની સમક્ષ હાજર થવું' એવી એ સેનાપતિદેવે સૂચવેલી સૂર્યાભદેવની આજ્ઞાને ધ્યાનપૂર્વક સાંભળી.

[૧૩]સેનાપતિદેવે સંભળાવેલી સૂર્યાભદેવની આજ્ઞાને સાંભળીને એ બધાં દેવો અને દેવીઓ હર્ષિત થયાં. એમાંનાં કેટલાંકને તો ભગવાન મહાવીરને વાંદવાની વૃત્તિ થઈ આવી, કેટલાંક તો ભગવાન મહાવીરને પૂજવા માટે ઉત્સુક થઈ ગયાં, કેટલાંકને ભગવાન તરફ સત્કારનો ભાવ ઊપજ્યો, કેટલાંક ભગવંત તરફ સન્માનવૃત્તિવાળાં થયાં, કેટલાંક માત્ર કુતૂહળ વૃત્તિથી જ ભગવાનની પાસે જવાને તૈયાર થવા લાગ્યાં, કેટલાંકને એમ થયું કે ભગવાન પાસે જશું તો જેવું આજસુધી નથી સાંભળ્યું તેવુંનવું સાંભળશું; કેટલાંક એવું વિચારવા લાગ્યાં કે ભગવાન પાસે જશું તો અર્થોને, હેતુઓને, પ્રશ્નોને, કારણોને અને વ્યાકરણોને પૂછવાનો પ્રસંગ મળશે. બીજાં કેટલાંક માત્ર સૂર્યાભ દેવની આજ્ઞાની ખાતર જ તૈયાર થવા માંડ્યાં, કેટલાંક વળી પરસ્પરના અનુરાગથી ભગવાન પાસે જવાની તૈયારી કરવા લાગ્યાં, કેટલાંક જિનભક્તિના રાગને લીધે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલાંક ભગવાન પાસે જવાનો પોતાનો ધર્મ છે, આચાર છે, એમ સમજીને સજ્જ થવા લાગ્યાં. આ પ્રમાણે અનેક પ્રકારની વૃત્તિથી ઉત્સાહિત થએલાં તે દેવો અને દેવીઓ પોતપોતાની ઋદ્ધિ સમૃદ્ધિ અને પરિવાર સાથે તૈયાર થઈ પોતપોતાના યાન વિમાન સજ્જ કરી બરાબર વખતસર સૂર્યાભદેવની સમક્ષ હાજર થયાં.

[૧૪]પોતે કરેલી સૂચના પ્રમાણે બરાબર વખતસર હાજર થએલાં તે દેવો અને દેવીઓને જોઈને સૂર્યાભદેવ ખુશખુશ થઈ ગયો. પછી તેણે પોતાના આભિયોગિક દેવોને બોલાવીને આ પ્રમાણે કહ્યું : "હે દેવાનુપ્રિયો ! લાખ યોજનના વિસ્તારવાળું એક મોટું યાન વિમાન તમે જલદી તયાર કરો. એ મોટા વિસ્તારવાળા યાનમાં સેંકડો સ્તંભો ગોઠવવાના છે, એમાં જાત જાતના હાવભાવવાળી અનેક પૂતળીઓ જડવાની છે, જ્યાં ત્યાં શોભે એ રીતે વરુ, વૃષભ-બળદ, ઘોડા, મનુષ્ય,મગર, પક્ષી, સર્પ કે વાઘ, કિન્નર, શરભ, ચમરી ગાય, હાથી, વનવેલો અને કમળવેલો એ બધું ચીતરવાનું છે, થાંભલાઓ ઉપર વજ્રની વેદિકાઓ બનાવવાની છે, વિદ્યાધર અને વિદ્યાધરીનું જોડલું જેમાં ફરતું દેખાય એવાં અનેક યંત્રો તે વિમાનમાં ગોઠવવાનાં છે, હજારો કિરણોથી સૂર્યની પેઠે ઝગારા મારે એવું હજારો રુપકોથી યુક્ત એવું તે વિમાન રચવાનું છે, અને જોનારની આંખને શીતળ કરે એવું, અડકનારના હાથે સુખ ઉપજાવનારું, દેદીપ્યમાન, સુંદર, દેખાવડું, ટાંગેલી અનેક ઘંટડીઓના મધુર રણકારાવાળું, દિવ્ય પ્રભાવવાળું અને વેગવાળી ગતિ વાળું એવું એ યાન વિમાન શીઘ્ર તૈયાર કરવાનું છે. હે દેવો ! તેવા તે યાન વિમાનને તૈયાર કરીને તમે મને જલદી સમાચાર આપો."

[૧૫]આભિયોગિક દેવોને સૂર્યાભદેવે પૂર્વોક્ત પ્રકારનું યાન વિમાન બનાવવાની આજ્ઞા કરી તેથી તેઓ ખુશ થયા અને એ આજ્ઞાને તેમણે વિનયપૂર્વક માથે ચડાવી. પછી તેઓ ઉત્તરપૂર્વના ખૂણા તરફ ગયા, ત્યાં જઈને તેમણે વૈક્રિયસમુદ્ઘાત કર્યો અને તે દ્વારા સંખ્યેય યોજના લાંબો દંડ કાઢ્યો, જાડાં પુદ્ગલોને મૂકી સૂક્ષ્મ પુદ્ગલોને લીધાં, વળી, ફરીવાર પણ વૈક્રિયસમુદ્ઘાત કર્યો અને પછી તે આભિયોગિક દેવો દિવ્ય એવા તે વિમાન બનાવવાની પ્રવૃત્તિમાં લાગી પડ્યા. તે દેવોએ એ દિવ્ય યાન વિમાનની ત્રણ બાજુઓ ત્રણ મોટાં સુંદર સોપાન ગોઠવ્યાં : એક સોપાન પૂર્વમાં, બીજું દક્ષિણમાં અને ત્રીજું ઉત્તરમાં. તે સોપાનોની ભોંય વજ્રમય બનાવી તેનાં પ્રતિષ્ઠાનો રિષ્ટરત્નોનાં બનાવ્યાં, ટેકા માટે મૂકેલા સ્તંભો વૈડુર્યરત્નમાંથી ઘડ્યા, સોપાનોનાં પાટિયાં સોનારુપામય રચ્યાં, કઠેડામાં આવેલી સૂઈઓ લોહિતાક્ષરત્નોમાંથી નીપજાવી સાંધાના ભાગો વજ્રથી જડ્યા, અવલંબનોને અનેક પ્રકારનાં મણિઓમાંથી બનાવ્યાં, અવલંબન બાહુઓને-સોપાનોની બન્ને બાજુની કઠેડાવાળી ભીંતોને પણ મણિઓ માંથી જ રચ્યાં. આ પ્રકારે તે દેવોએ યાન વિમાનની ત્રણ બાજુએ મૂકેલાં સોપાનો અતિ આકર્ષક, જોનારના ચિત્તને પ્રસાદ ઉપજાવે એવાં અને ઘણાં મનોહર બનાવ્યાં.

તે ત્રણે સુંદર સોપાનોની આગળ સુંદર તોરણો બાંધ્યાં. તે તોરણો પણ ચંદ્રકાંત અને સૂર્યકાંત વગેરે અનેક મણિઓથી ભરેલાં હતાં, મણિમય સ્તંભો ઉપર ગોઠવેલાં હોવાથી નિશ્ચલ હતાં, તેમાં વિવિધ પ્રકારનાં મોતીઓ મૂકીને અનેક પ્રકારની ભાતો પાડેલી હતી, હાથી, ઘોડા, મગર, પક્ષી, વનવેલો અને કમળવેલો વગેરે અનેક પ્રકારનાં ચિત્રો એ તોરણોમાં કોરેલાં હતાં, ફરતી પૂતળી જેવાં યંત્રો પણ એમાં ભરેલાં હતાં અથવા

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોઠવેલાં હતાં, એ બધાં તોરણો ખૂબ પ્રકાશમાન હતાં, જોનારની આંખને અડકનારના હાથને સુખ ઉપજાવે એવાં પ્રાસાદિક હતાં.વળી, તે તોરણોની ઉપર તે આભિયોગિક દેવો એ સાથીઓ,શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કલશ, મત્સ્ય-માછલી અને દર્પણ એ આઠ આઠ મંગલો ગોઠવ્યાં, ઉપરાંત વજ્રમાંથી બનાવેલાં ડાંડીવાળાં કાળાં ચામર, ધોળાં ચામર વગેરે અનેક રંગનાં ચામરોની ધજાઓ પણ તે તોરણો ઉપર લટકાવેલી હતી. વળી, તે તોરણો ઉપર, છત્ર ઉપર છત્ર હોય તે ઘાટે અનેક છત્રો, એ પ્રમાણે અનેકઘંટડીઓ,પતાકાઓ,સર્વરત્નમયઉત્પલના,કુમુદના,નલિનના,સો- પાંખડીવાળા કમળના અને હજાર પાંખડીવાળા કમળના અનેક ગુચ્છાઓ ગોઠવેલા હતા.

હવે તેઆભિયોગિક દેવો, એ સોપાનો અને તેને લગતી બીજી બધી સુંદર રચના પૂરી કરી તે દિવ્યયાન વિમાનની અંદરના ભૂમિભાગને સુંદરમાં સુંદર રીતે સજાવવાની પ્રવૃત્તિમાં લાગી ગયા. તે દિવ્ય યાન વિમાનની અંદરનો ભૂમિભાગ, તે દેવોએ સર્વ પ્રકારે અત્યંત સમ બનાવ્યો હતો. જેમ ઢોલનો ઉપરનો ભાગ, મૃદંગનો ઉપરનો ભાગ, સરોવરનો ઉપરતળનો ભાગ, હાથની હથેળીનો ભાગ, ચંદ્રના મંડળનો ભાગ, સૂર્યના મંડળનો ભાગ, આરીસાનો ઉપરનો ભાગ જેવો સર્વ પ્રકારે સરખો હોય છે-ક્યાંય ઊંચો નીચો નથી હોતો, એ પ્રકારે તે વિમાનની અંદરનો ભૂભાગ સર્વ પ્રકારે સમ કરેલો હતો. વળી, જેમ ઘેટાનું, બળદનું વરાહનું, સિંહનું, વાઘનું, હરણનું, બકરાનું અને દીપડાનું ચામડું સર્વ બાજુઓથી શંકુ શંકુ જેવડા ખીલાઓ ભરાવી ખેંચતાં જેવું એકસરખું થઈ જાય છે તેવો તે વિમાનનો અંદરનો ભૂભાગ સમ બનાવેલો હતો. તે ભૂભાગમાં, કાળા, નીલા, રાતા,પીળા અને ધોળા એવા અનેક મણિઓ જડેલાહતા.તેમાંના કેટલાક આવર્ત વાળા, પ્રત્યાવર્તવાળા, શ્રેણિ અને પ્રશ્રેણિવાળા હતા, કેટલાક વળી સ્વસ્તિક જેવા, પુષ્પ માણવ જેવા, શરાવસંપુટ જેવા હતા. તે મણિઓમાં બીજા કેટલાક માછલાનાં ઈંડા જેવા અને મગરનાં ઈંડાં જેવા જણાતા હતા. કેટલાક મણિઓમાં ફૂલવેલ, કમળપત્ર, સમુદ્ર તરંગ, વાસંતીલતા, કમળવેલ વગેરે જેવાં ઘણાં બીજાં સુંદર ચિત્રો કોરલાં હોય એમ દેખાતું હતું. તે ભૂભાગમાં જડેલા બધા મણિઓ ભારે ચકચકાટવાળા, અનેક કિરણો વાળા, ઉત્કટ પ્રભાવાળા અને તેજના અંબારથી ભરેલા હતા. એ મણિઓમાં જે કાળા મણિ હતા તે મેઘ જેવા, આંજણ જેવા, દીવાની મેશ જેવા, કાજળ જેલા, પાડાના શિંગડા જેવા, પાડાના શિંગડામાંથી બનાવેલી ગોળી જેવા, ભમરા જેવા, ભમરાની હાર જેવા, ભમરાની પાંખના સારાભાગ જેવા, જાંબૂડા જેવા, કાગડાના નાના બચ્ચા જેવા, કોયલ જેવા, હાથીના બચ્ચા જેવા, કાળા સાપ જેવા, કાળા બકુલ જેવા, શરદ ઋતુના વાદળા જેવા, કાળા અશોક જેવા, કાળી કણેર જેવા અને કાળા બપોરીયા જેવા કાળા હતા. શું તે કાળા મણિઓ એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર કાળા હતા ? એ અર્થ સમર્થ નથી અર્થાત્ એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે કાળા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઈષ્ટતર, સરસ, મનોહર, અને મનોજ્ઞ કાળા વર્ણવાળા હતા. એ મણિ ઓમાં જે નીલા મણિ હતા તે ભૃંગ જેવા, ભૃંગની પાંખ જેવા, પોપટ જેવા, પોપટની પાંખ જેવા, ચાષ પક્ષી. જેવા, ચાષના પીંછા જેવા, ગળી જેવા, ગળીના અંદરના ભાગ જેવા, ગળીની ગોળી જેવા, બળદેવે પહેરેલા લીલા કપડા જેવા, મોરની ડોક જેવા, અળસીના ફૂલ જેવા, બાણના ફૂલ જેવા, અંજનકેશીના ફૂલ જેવા, લીલા કમળ જેવા, લીલા અશોક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવા, લીલા બપોરીયા જેવા, અને લીલી કણેર જેવા લીલા હતા. શું તે મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવાજ ખરેખર લીલા હતા ? એ અર્થ સમર્થ નથી એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે લીલા મણિઓ તોતે બધી ઉપમાઓ કરતાં કયાંય વધારે ઈષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ લીલા વર્ણવાળા હતા.

એ મણિઓમાં જે રાતા મણિ હતા તે ઘેટાના લોહી જેવા, સસલાના લોહી જેવા, માણસના લોહી જેવા, વરાહના લોહી જેવા, પાડાના લોહી જેવા, નાના ઈંદ્રગોપ જેવા, ઉગતા સૂર્ય જેવા, સંધ્યાના લાલ રંગ જેવા, ચણોઠીના અડધા-લાલ ભાગ જેવા, જાસુદના ફૂલ જેવા, કેસુડાના ફૂલ જેવા, પારિજાતકના ફૂલ જેલા, ઉંચા હિંગળોક જેવા, પરવાળા જેવા, પરવાળાના અંકુર જેવા, લોહિતાક્ષમણિ જેવા, લાખના રસ જેવા, કૃમિના રંગથી રંગેલા કામળા જેવા, ચીણાના લોટના ઢગલા જેવા, રાતા કમળ જેવા, રાતા અશોક જેવા, રાતી કણેર જેવા અને રાતા બપોરીયા જેવા રાતા હતા. શું તે રાતા મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર રાતા હતા ? એ અર્થ સમર્થ નથી એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે રાતા મણિઓ તોતે બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઈષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ રાતા વર્ણવાળા હતા. એ મણિઓમાં જે પીળા મણિ હતા તે સોનાચંપા જેવા, સોનાચંપાની છાલ જેવા, સોનાચંપાના અંદરના ભાગ જેવા, હળદર જેવા, હળદરની અંદરના ભાગ જેવા, હળદરની ગોળી જેવા, હરતાળ જેવા, હરતાળની અંદરના ભાગ જેવા, ઉત્તમ સોના જેવા, ઉત્તમ સોનાની રેખા જેવા, વાસુદેવે પહેરેલા પીળા કપડા જેવા, અલ્લકીના ફૂલ જેવા, ચંપાના ફૂલ જેવા, કોળાના ફૂલ જેવા, સુહિરણ્યના ફૂલ જેવા, પીળા અશોક જેવા, પીળી કણેર જેલા અને પીળા બપોરીયા જેવા પીળા હતા. શું તે પીળા મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવાજ ખરેખર પીળા હતા ? એ અર્થ સમર્થ નથી એ તો માત્ર ઉપમાઓ છે પણ તે પીળા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં કયાંય વધારે ઈષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ પીળા વર્ણવાળા હતા.

એ મણિઓમાં જે ધોળા મણિ હતા તે અંક રત્ન જેવા, શંખ જેવા, ચંદ્ર જેવા, કુંદના ફૂલ જેવા, શુદ્ધ દાંત જેવા, કમળ ઉપરના પાણીના મોતીયા જેવા, શુદ્ધ પાણીના બિંદુ જેવા, દહીં જેવા, કપૂર જેવા, ગાયના દૂધ જેવા, હંસોની શ્રેણિ જેવા, કૌંચોની શ્રેણિ જેવા, હારોની શ્રેણિ જેવા, ચંદ્રોની શ્રેણિ જેવા, શરદ્ઋતુના મેઘ જેવા, ધમેલા અને ચોકખા કરેલા રુપાના પતરા જેવા, ચોખાના લોટના ઢગલા જેવા, કુંદના ફૂલના ઢગલા જેવા, કુમુદના ઢગલા જેવા, વાલની સૂકી શિંગો જેવા, મોર-પીછની વચ્ચે આવેલા ચંદ્રક જેવા, બિસતંતુ જેવા, મૃણાલિકા જેવા, હાથીદાંત જેવા, લવંગના ફૂલ જેવા, પુંડરીક કમળ જેવા, ધોળા અશોક જેવા, ધોળી કણેર જેવા અને ધોળા બપોરીયા જેવા ઊજળા હતા. શું તે ધોળા મણિઓ એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર ઉજળા હતા ? એ અર્થ સમર્થ નથી એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે ધોળા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં કયાંય વધારે ઈષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ ધોળા વર્ણવાળા હતા. એ દિવ્ય યાન વિમાનની અંદરના ભૂભાગમાં અનેક રંગવાળા ચકચકિત જે મણિઓ જડેલા હતા તે માત્ર દેખાવમાં સુંદર હતા એટલું જ નહિ પણ સુગંધી પણ હતા. એ મણિઓમાંથી એવી સરસ સુગંધ ફેલાતી કે જાણે એ ભૂભાગમાં કોષ્ઠોનાં, તગરનાં, એલાનાં, સુગંધી ચૂઆનાં, ચંપાનાં, દમણાનાં, કુંકુમનાં, ચંદનનાં, સુગંધી વાળાનાં, મરવાનાં, જાઈનાં,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૂઈનાં, મલ્લિકાનાં, સ્નાનમલ્લિકાનાં, કેતકીનાં, પાટલનાં, નવમાલિકાનાં, અગરનાં, લવંગનાં, કપૂરનાં, વાસકપૂરનાં પુટો-પડિઆએ-અનુકૂળ હવામાં ચારે બાજુ ગંધ ફેલાય એ રીતે ખુલ્લાં પડેલાં ન હોય, અથવા ત્યાં એ સુગંધી દ્રવ્યોમાંનાં ખાંડવા જેવાં દ્રવ્યો ખંડાતાં ન હોય, વેરાતાં ન હોય, એક વાસણમાંથી કાઢી બીજા વાસણમાં ભરાતાં ન હોય, એ જાતની ઉદાર, મનોજ્ઞ, મનહર અને ઘ્રાણને તથા મનને શાંતિ આપનારી સુગંધ એ ભૂભાગમાંથી ચારે બાજુ વરસ્યા કરે છે - ઝર્યા કરે છે. શું તે સુગંધી મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર સુગંધી હતા ? એ અર્થ સમર્થ નથી એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે સુગંધી મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં કયાંય વધારે ઈષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ સુગંધવાળા હતા.

તે મણિઓનો રંગ અને ગંધ જેવો ઉત્તમ હતો તેવો જ તેમનો સ્પર્શ પણ ઉત્તમોત્તમ હતો. કેમ જાણે ત્યાં જમીન ઉપર કોમળ ચામડું જ ન પાથર્યું હોય, રુજ ન ભરેલું હોય માખણ જ ન લગાડેલું હોય, હંસગર્ભના રુથી ભરેલી એવી તળાઈઓ જ ન પાથરેલી હોય, સરસડાંનાં ફૂલોના જાણે ઢગલા જ ન કર્યા હોય અને કોમળ કમળોનાં પાંદડાં ન વેરેલાં હોય, એવો તે મણિઓનો કોમળ-કોમળતર સ્પર્શ હતો. શું કોમળ સ્પર્શવાળા તે મણિઓ એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર કોમળ હતા ? એ અર્થ સમર્થ નથી એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે કોમળ મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં કયાંય વધારે ઈષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ કોમળ સ્પર્શવાળા હતા. ત્યારપછી તે આભિયોગિક દેવોએ પૂર્વવર્ણિત દિવ્ય યાન વિમાનની અંદર બરાબર વચ્ચેના ભાગમાં એક મોટા પ્રેક્ષાગૃહમંડની રચના કરી. એ દેવોએ એ મંડપને અનેક સ્તંભો ઉપર ઊભો કર્યો, ઉંચી વેદિકાઓ તોરણો અને સુંદર પૂતળીઓથી સુશોભિત બનાવ્યો. એમાં રમણીય ઘાટવાળાં વિમળ અને પ્રશસ્ત વૈડુર્યરત્નો જડયાં, તે મંડપના જુદા જુદા ભાગોમાં બીજા પણ અનેક પ્રકારના મણિઓ જડી તેને વિશેષ ચળકતો બનાવ્યો, તેમાં પૂર્વોક્ત બળદ, ઘોડો, હાથી, મગર, નર, વનવેલ વગેરેનાં ચિત્રો કોર્યાં સુવર્ણમય અને રત્ન મય અનેક સ્તૂપો ઊભા કર્યા, અનેક પ્રકારની પંચરંગી ઘંટડીઓ તથા પતાકાઓથી તેના શિખરને શણગાર્યું, એ મંડપ એટલો બધો ચકચકતો હતો કે જોનારને તે જાણે હલતો હોય તેવો ચપલ જણાતો, એમાંથી કિરણોની ધારા છૂટતી હોય એમ લાગતું, તેના- મંડપના -બધા ભાગો લીંપીગુંપીને ચકચકતા અને સુંવાળા કરેલા હતા, મંડપમાં બહાર અને અંદર રક્તચંદન વગેરે અનેક સુગંધી દ્રવ્યોના થાપા મારેલા હતા, જ્યાં ત્યાં ચંદનના કલશો ગોઠવેલા હતા, બારણાના ટોડલાઓ ચંદનના કલશોથી શોભાયમાન એવાં તોરણોથી સુશોભિત કરેલા હતા, જ્યાં ત્યાં લાંબી લાંબી સુગંધી માળાઓ લટકાવેલી હતી, પંચરંગી પુષ્પોના તો ઢગે ઢગ ભરેલા હતા, અગર વગેરેના પૂર્વોક્ત સુગંધી ધૂપોથી એ મંડપ મઘમઘી રહ્યો હતો, જાણે કે સુગંધોનો કોઈ ખાસ ઓરડો ન હોય ? મંડપમાં ચારે તરફ વાજાંઓવાગીરહ્યાંહતાંઅનેઅપ્સરાઓનાંટોળેટોળાંઆમથીતેમ ફરતાં જણાતાં હતાં.

એ આભિયોગિક દેવોએએ પ્રેક્ષાગૃહમંડપને હમણાં કહ્યો એવો સુંદર, પ્રસન્નતાવર્ધક, દર્શનીય-અને અનુપમ બનાવ્યો હતો. તે મંડપની અંદરની ભૂમી વિમાનની ભોં જેવી તદ્દન લીસી-બનાવી હતી અને તેમાં સુગંધી, સરસ સ્પર્શવાળા અને રંગબેરંગી મણિઓ પણ તેવાજ જડેલા હતા, જેમાં પદ્મલતાઓ ભરેલી છે એવો એક મોટો સારામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારો ચંદરવો તે મંડપમાં બાંધેલો હતો. તે મંડપના એ લીસા ભૂભાગની વચ્ચોવચ્ચ તે દેવોએ એક મોટો વજ્રમય અખાડો બનાવ્યો, એ અખાડાની વચ્ચોવચ્ચ, આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી એક મોટી સ્વચ્છ, સુંવાળી, મણિમય મણિપીઠિકા બનાવી. તે મણિપીઠિકા ઉપર એક મોટું સિંહાસન સ્થાપિત કર્યું. સિંહાસન ઉપરના ચાકળા સુવર્ણમય તાર ઝીક અને સતારાથી ઝગ ઝગતા હતા; સિંહો રત્નના, પાયા સોનાના, પાયાના કાંગરા અનેક પ્રકારના મણિ ઓના, ગાત્રો જાંબૂનદનાં, સાંધા ઓ વજ્રના અને સિંહાસનમાં ઘોડો, હાથી, મગર વગેરે પૂર્વોક્ત અનેક ચિત્રો કરેલાં હતાં. સિંહાસન આગળનું પાદપીઠ મણિમય અને રત્નમય હતું, તે પાદપીઠ ઉપરનું પગ રાખવાનું મસૂરિયું સુંવાળા અસ્તરથી ઢાંકેલું હતું અને તે મસૂરિયાની લટકતી ઝાલર કોમળ કેસરતંતુ જેવી જણાતી હતી. સિંહાસન ઉપર રજ ન પડે માટે તેને સારા શીવેલા રજસ્ત્રાણથી ઢાંકેલું હતું, ચોકખા કપાસમાંથી બનેલું ચોકખું સૂતરાઉકપડું તે રજસ્ત્રાણ ઉપર ગોઠવેલું હતું અને તે આખા સિંહાસન ઉપર એક રાતું વસ્ત્ર ઢાંકેલું હતું : એ રીતે રમ્ય, સુંવાળું અને સર્વ પ્રકારે પ્રાસાદિક બનાવેલું હતું.

એ સુંદર સિંહાસનના ઉપરના ભાગમાં શંખ, કુંદ, જલબિંદુ અને સમુદ્રનાં ફીણ જેવું ધોળું, તેમાં ભરેલાં રત્નોથી ઝગમગતું, ઝીણું અને સુંદર એક મોટું વિજયદૂષ્ય બાંધેલું હતું. એ વિજયદૂષ્યની બરોબર વચ્ચોવચ્ચ એક મોટો વજ્રમય અંકુશ-ટાંગેલો હતો. એ સળીયામાં ઘડા જેવડું એક મોટું મુક્તાદામ-લટકાવેલું હતું અને તે મોતીના ઝૂમખાની ચારે બાજુ અધઘડા જેવડાં બીજાં ચાર મોતીદામ પરોવેલાં હતાં. આ રીતે એ સિંહાસનના ઉપરના ભાગમાં બાંધેલા વિજય દૂષ્યમાં એક મોટું મોતીનું ઝુમ્મર શોભતું હતું. એ ઝુમ્મરનાં મોતીઓ સોનાની પાંદડી વાળાં બીજાં અનેક લંબૂસગોથી શોભતાં હતાં તેમજ અનેકવિધ મણિઓ, જાતજાતના હારો, અર્ધહારો અને રત્નોથી ચમકતાં હતાં. હવે જ્યારે પૂર્વનો, પશ્ચિમનો, દક્ષિણનો કે ઉત્તરનો વાયુ ચાલતો ત્યારે એ મોતીઓ ધીરે ધીરે હલતાં હતાં. હલતાં હલતાં તેઓ જ્યારે એક બીજા સાથે અફળાતાં ત્યારે તેમાંથી કાનને મધુર લાગે તેવું અને મનને પરમ શાંતિ પમાડે તેવું ઉદાર-મનોહર ગુંજન નીકળતું હતું. એ સુંદર દિવ્ય ગુંજનથી સિંહાસનની ચારે બાજુ ગુંજાયમાન થઈ રહેતી હતી. તે સિંહાસનની આસપાસ વાયવ્ય ખૂણામાં, ઉત્તરમાં અને ઈશાન ખૂણામાં સૂર્યા ભદેવના ચાર હજાર સામાનિક દેવોને બેસવા માટે એક એક હજાર-કુલ ચાર હજાર બીજાં સુંદર ભદ્રાસનો એ આભિયોગિક દેવોએ માંડી દીધાં. સૂર્યાભદેવની ચાર પટ્ટરા ણીઓ અને તેના પરિવારને બેસવા માટે પૂર્વના ભાગમાં ચાર હજાર ભદ્રાસનો ગોઠવાઈ ગયાં. સૂર્યાભદેવની અંતરંગ સભાના આઠ હજાર સભ્યોને બેસવા માટે અગ્નિ ખૂણામાં આઠ હજાર ભદ્રાસનો નંખાઈ ગયાં. એજ પ્રમાણે વચલી સભાના દસ હજાર સભ્યોને બેસવા માટે દસ હજાર ભદ્રાસનો દક્ષિણના ભાગમાં, બાહ્ય સભાના બાર હજાર સભ્યોને માટે બાર હજાર ભદ્રાસનો નૈઋત્ય ખૂણામાં અને સાત સેનાપતિ ઓને માટે સાત ભદ્રાસનો પશ્ચિમના ભાગમાં હારબંધ નાખવામાં આવ્યાં.

આ ઉપરાંત સૂર્યાભદેવની ચોકી કરનારા અંગરક્ષક દેવો માટે એ સિંહાસનની પૂર્વમાં ચાર હજાર, દક્ષિણમાં ચાર હજાર, પશ્ચિમમાં ચાર હજાર અને ઉત્તરમાં ચાર હજાર એમ કુલ બીજાં સોળ હજાર ભદ્રાસનો ગોઠવવામાં આવ્યાં. હવે આ રીતે તે યાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિમાન પૂર્ણપણે તૈયાર થઈ ગયું. જેમ તાજો ઉગેલો હેમંત ઋતુનો બાળસૂર્ય, અંધારી રાતે સળગાવેલી ખેરના અંગારા, જપાકુસુમનું વન, કેસુડાંનું વન વા પારિજાતકનું વન રાતું ચોળ જેવું લાગે તેમ તે દિવ્ય યાન વિમાન રાતું ચોળ ચકચકતું હતું. શું તે યાન વિમાન, એને બાળસૂર્ય વગેરેની આપેલી ઉપમાઓ જેવું જ ખરેખર લાલચોળ હતું ? એ અર્થ સમર્થ નથી એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે યાન વિમાન તો એ બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઈષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ લાલ વર્ણવાળું હતું. તેનો ગંધ અને સ્પર્શ પણ પૂર્વોક્ત મણિઓની પેઠે ઘણો સુગંધી અને અતિશય સુંવાળો હતો. એ આભિયોગિક દેવોએ પોતાના સ્વામી સૂર્યાભ દેવની આજ્ઞા પ્રમાણે પૂર્વે વર્ણવેલું એવું સુંદર દિવ્યયાન વિમાન સજધજ કર્યું અને એની પૂર્ણહુતિના સમાચાર તેમણે વિનયપૂર્વક સૂર્યાભદેવને જણાવી તેની આજ્ઞા તેને પાછી સોંપી.

[૧૬]પોતાની ધારણા પ્રમાણે એ દિવ્ય યાન વિમાનની તૈયારીના સમાચાર જાણી સૂર્યાભદેવને આનંદ થયો. હવે તેણે પોતાના રુપને જિનેંદ્ર પાસે જવા જેવું યોગ્ય કર્યું. મોટા પરિવારવાળા પોતાની ચાર પટ્ટરાણી અને ગાંધર્વોનું તથા નાટકી યાઓનું મોટું લશ્કર એ બધા સાથે એ સૂર્યાભદેવે તે દિવ્ય યાન વિમાનની પ્રદક્ષિણા કરી અને પછી પૂર્વ દિશાના સોપાનદ્વારા તે, એ યાન વિમાન ઉપર ચડી તેમાં ગોઠવેલા મુખ્ય સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈને બેઠો. પછી તેના ચાર હજાર સામાનિક દેવો, એ યાન વિમાનની પ્રદક્ષિણા કરી ઉત્તર દિશાના સોપાનદ્વારા એના ઉપર ચડયા અને પૂર્વે ગોઠલેલાં પોતપોતાનાં આસનો ઉપર બેઠા. તથા બીજા દેવો અને દેવીઓ પણ યાન વિમાનની પ્રદક્ષિણાપૂર્વક દક્ષિણ દિશાના સોપાનદ્વારા વિમાન ઉપર ચડી પોતપોતાનાં જુદાં જુદાં આસનો ઉપર ગોઠવાઈ ગયાં.

એ યાન વિમાનની સવારીમાં સૌથી પ્રથમ આગળ અષ્ટમંડળ- અનુક્રમે ગોઠવાએલાં હતાં. તેમાં પહેલો સ્વસ્તિક, બીજો શ્રીવત્સ, ત્રીજો નંદાવર્ત, ચોથું અર્ધ માનક, પાંચમું ભદ્રાસન, છટ્ઠો કળશ, સાતમું મત્સ્યયુગલ અને આઠમું દર્પણ-એવી ગોઠવણી હતી. ત્યારપછી પૂર્ણ કલશ, ભૃંગાર, દિવ્ય છત્ર અને ચામરો ચાલતાં હતાં. આ સાથે ગગનતલનો સ્પર્શ કરતી, અતિશય સુંદર અને વાયુથી ફરફરતી એક મોટી ઊંચી વિજય વૈજયંતી નામની પતાકા ચાલતી હતી. ત્યારપછી વૈડુર્યના ચકચકતા દાંડા વાળું, માળા ઓથી સુશોભિત, ચંદ્ર જેવું ઉજ્જવળ-ધોળું ઉંચું છત્ર ચાલતું હતું. પછી જેના ઉપર પાવડીઓની સુંદર જોડી અને પાદપીઠ મૂકેલાં છે એવું, મણિ અને રત્નની કારી ગરીથી આશ્ચર્ય પમાડનારું ઉત્તમ સિંહાસન અનેક દાસ દેવોના ખભા ઉપર ચાલતું હતું. ત્યારબાદ વજ્રમાંથી બનાવેલો,પચરંગી નાની નાની હજારો ધજાઓથી શોભતો, છત્રાકારે ગોઠવાએલી વિજયવૈજયંતી પતાકાથી યુક્ત, અતિશય ઉંચો- હજાર યોજન ઉંચો માટે જ આકાશને અડકતો મોટામાં મોટો ઈંદ્રધ્વજ ચાલતો હતો. એની પછવાડે સુંદર વેષભૂષાવાળા, સજધજ થએલા, સર્વ પ્રકારના અલંકારોથી વિશેષ દેખાવડા લાગતા પાંચ સેનાધિપતિઓ તેમના મોટા સુભટસમુદાય સાથે બેઠેલા હતા. એમની પાછળ પોતપોતાનાં ટોળાં સાથે, પોતપોતાના નેજા સાથે, પોતાપોતાની વિશિષ્ટ વેષભૂષા સાથે એ આભિયોગિક દેવો અને તેમની દેવીઓ ગોઠવાએલી હતી. ત્યારબાદ છેક છેલ્લે -તે સૂર્યાભવિમાનમાં રહેનારાં બીજા દેવો અને દેવીઓ પોત પોતાની સર્વ પ્રકારની ઋદ્ધિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધિ, દ્યુતિ બળ, વેષભૂષા અને પરિવાર સાથે એ યાન વિમાનની સવારીમાં જોડાયેલાં હતાં : આ રીતે વિમાનના સ્વામી સૂર્યાભદેવની આગળ પાછળ અને બન્ને બાજુએ અનેક દેવ દેવીઓ ગોઠવાએલાં હતાં અને એ યાન વિમાન એ બધાંને ઉપાડી વેગબંધ ગાજતું ગતિ કરતું હતું.

[૧૭] એ રીતે સજધજ થએલો સૂર્યાભદેવ, પોતાના એ દિવ્ય ઠાઠમાઠને બતાવતો બતાવતો સૌધર્મકલ્પની વચ્ચે થઈને નીકળ્યો, અને સૌધર્મકલ્પથી ઉત્તરમાં આવેલા નીચે આવવાના-નિર્યાણમાર્ગ તરફ તેણે પોતાના એ યાન વિમાનને હંકાર્યું. તે એ નિર્યાણમાર્ગને પહોંચતાં લાખ યોજનની વેગવાળી ગતિથી ઝપાટાબંધ ભારતવર્ષ તરફ આવવા લાગ્યો. આ તરફ આવતાં આવતાં તેને અસંખ્ય દ્વીપો અને સમુદ્રો ઉલ્લંઘવા પડયા. એ રીતે વેગબંધ ગતિ કરતો એ સૂર્યાભદેવ નંદીશ્વર દ્વીપ સુધી આવી પહોંચ્યો અને ત્યાં અગ્નિકોણમાં આવેલા રતિકર પર્વત પાસે આવી લાગ્યો. આ રતિકર પર્વત પાસે આવીને એ સૂર્યાભદેવે પૂર્વે વર્ણવેલી પોતાની દેવમાયા સંકેલી લીધી અને જંબૂદ્વીપના ભારતવર્ષમાં પહોંચવા જેવી સાધારણ વ્યવસ્થા કરી લીધી. હવે તે, રતિકર પર્વતથી જંબૂદ્વીપ ભણી આવવાના માર્ગે પોતાના યાન વિમાનને હંકારવા લાગ્યો અને તુરતમાંજ ભારતવર્ષમાં પહોંચ્યો. ત્યાં પહોંચી તેણે આમલકપ્પાનો રસ્તો લીધો અને ઝપાટામાંજ આમલકપ્પાના અંબસાલવણ ચૈત્યમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર ઊતર્યા છે ત્યાં આવી લાગ્યો. ત્યાં આવતાંજ તેણે એ દિવ્ય યાન વિમાન સાથે શ્રમણભગવાનમહાવીરની ત્રણ પ્રદક્ષિણા કરીઅને ભગવાનથી ઉત્તર પૂર્વના ભાગમાં-તેણે એ યાનવિમાનને ધરતીથી ચાર આંગળ અધર રાખી ઊભું રાખ્યું. મોટા પરિવારવાળી પોતાની ચાર પટ્ટરાણીઓ, ગાંધર્વોનું અને નાટકીયા ઓનું ટોળું એ બધા સાથે એ સૂર્યાભદેવ એ યાન વિમાન ઉપરથી ઊતરી નીચે આવ્યો. ત્યારબાદ સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવો અને એ યાન વિમાનમાં આવેલા બીજા બધા દેવો અને દેવીઓ ક્રમશઃ નીચે આવ્યાં. એવા મોટા પરિવારથી વીંટાએલો સૂર્યાભદેવ, પોતાની સર્વ પ્રકારની દિવ્ય ઋદ્ધિ સાથે, દેવવાદ્યોના મધુર ઘોષ સાથે ચાલતો ચાલતો શ્રમણ ભગવાન મહાવીર તરફ આવ્યો, ત્રણ પ્રદક્ષિણા કરી, વાંદી, નમી તેમને વિનયનમ્ર રીતે કહેવા લાગ્યો :

[૧૮] "હે ભગવન્ ! હું સૂર્યાભદેવ મારા સકલ પરિવાર સમેત, આપ દેવાનુપ્રિયને વંદન કરું છું, નમન કરું છું અને આપની પર્યુપાસના કરું છું." શ્રમણ ભગવાન મહાવીરે સૂર્યાભદેવને આ પ્રમાણે કહ્યું : "હે સૂર્યાભ ! એ પુરાતન છે, હે સૂર્યાભ ! એ જીત છે, હે સૂર્યાભ ! એ કૃત્ય છે, હે સૂર્યાભ ! એ કરણીય છે, હે સૂર્યાભ ! એ આચરાએલું છે અને હે સૂર્યાભ ! એ સંમત થએલું છે કે 'ભવનપતિના, વાનવ્યંતરના, જ્યોતિષિકના અને વૈમાનિક વર્ગના દેવો અરહંત ભગવંતોને વાંદે છે, નમે છે, અને પછી પોતપોતાનાં નામ ગોત્રો કહે છે,' તો હે સૂર્યાભદેવ ! તું જે કરે છે તે પુરાતન છે સંમત થએલું છે."

[૧૯]શ્રમણ ભગવાન મહાવીરનું કથન સાંભળી સૂર્યાભદેવ બહુ હર્ષિત થયો, પ્રફુલ્લ થયો અને ઘણોજ સંતુષ્ટ થયો; પછી તેમને વાંદી નમી તેમનાથી બહુ નજીક નહિ, તેમ બહુ દૂર નહિ, એવી રીતે બેસી તે સૂર્યાભદેવ તેમની શુશ્રુષા કરતો સામો રહી વિનય પૂર્વક હાથ જોડી શ્રમણ ભગવાન મહાવીરની પર્યુપાસના કરવા લાગ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૨૦] તે વખતે શ્રમણ ભગવાન મહાવીરે પોતાના દર્શનાર્થે આવેલા સૂર્યાભ દેવને, આમલકપ્પાના રાજા રાણીને તથા આમલકપ્પામાંથી આવેલી મોટી જનસભાને ધર્મદેશના સંભળાવી. દેશના સાંભળી જનતા તો પોતપોતાને સ્થાને ચાલી ગઈ.

[૨૧]દેશના સાંભળીને પ્રસાદ પામેલા અને આલ્હાદિત હૃદયવાળા સૂર્યાભદેવે ઊભા થઈને પ્રણામપૂર્વક શ્રમણ ભગવાન મહાવીરને આ પ્રમાણે પૂછ્યું : હે ભગવન્ ! શું સૂર્યાભદેવ ભવસિદ્ધિક-ભવ્ય છે કે અભવસિદ્ધિક-અભવ્ય છે ? સમ્યગ્દષ્ટિવાળો છે કે મિથ્યા દષ્ટિવાળો છે ? સંસારમાં પરિમિતપણે ભમનારો છે કે અનંત કાળ સુધી ભમ નારો છે ? બોધિની પ્રાપ્તિ થવી તેને સુલભ છે કે દુર્લભ છે ? શું તે આરાધક છે કે વિરાધક છે ? તે ચરમ શરીરી છે કે અચરમ શરીરી છે ? 'હે સૂર્યાભ !' એમ કહીને શ્રમણ ભગવાન મહાવીરે તેને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો :- હે સૂર્યાભ ! તું ભવ્ય છો, સમ્યગ્દષ્ટિ વાળો છો, સંસારમાં પરિમિતપણે ભમનારો છો, તને બોધિની પ્રાપ્તિ થવી સુલભ છે, તું આરાધક છો અને તું ચરમ શરીર છો.

[૨૨] ભગવાને આપેલો ઉત્તર સાંભળીને સૂર્યાભદેવનું ચિત્ત આનંદિત થયું અને પરમ સૌમનસ્યયુક્ત થયું. ભગવાનનો ઉત્તર સાંભળ્યા પછી એ સૂર્યાભદેવે ભગવાનને વાંદી નમી આ પ્રમાણે વિનંતી કરી : "હે ભગવન્ ! તમે બધું જાણો છો અને જુઓ છો, સર્વ કાળના બનાવોને જાણો છો અને જુઓ છો, સર્વ ભાવોને તમે જાણો છો અને જુઓ છો; મારી દિવ્ય ઋદ્ધિસિદ્ધિને, મેં પ્રાપ્ત કરેલી દિવ્ય દેવદ્યુતિને અને દિવ્ય દેવાનુભાવને પણ પહેલાં અને પછી તમે જાણો છો અને જુઓ છો; તો હે ભગવન્ ! આપ દેવાનુપ્રિય તરફની મારી ભક્તિને લીધે હું એવી ઈચ્છા કરું છું કે મારી દિવ્ય ઋદ્ધિસિદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવપ્રભાવ તથા બત્રીશ પ્રકારની દિવ્ય નાટ્યકળા આ ગૌતમ વગેરે શ્રમણનિર્ગ્રંથોને દેખાડું."

જૈનમ્ જયતિ શાસનમ્

[૨૩]શ્રમણ ભગવાન મહાવીરે સૂર્યાભદેવની ઉપર્યુક્ત વિનંતીને આદર ન આપ્યો, અનુમતિ ન આપી અને તે તરફ મૌન રાખ્યું. ત્યારપછી બીજીવાર, ત્રીજીવાર પણ સૂર્યાભદેવે એવી જ વિનંતી કરી અને તેના ઉત્તરમાં ભગવાન મહાવીરે તેનો આદર ન કરતાં માત્ર મૌન જ ધરી રાખ્યું. છેવટે તે સૂર્યાભદેવ, શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા દઈ, વાંદી નમી ઉત્તર પૂર્વની દિશા તરફ ગયો. ઈશાન ખૂણામાં જઈ તેણે વૈક્રિય સમુદ્ઘાત કર્યો, તે દ્વારા તેણે સંખ્યેય યોજન સુધીના લાંબા દંડને બહાર કાઢ્યો, જાડાં મોટાં પુદ્ગલો તજી દીધાં અને જોઈએ તેવાં યથાસૂક્ષ્મ પુદ્ગલોનો સંચય કર્યો, વળી, બીજીવાર વૈક્રિયસમુદ્ઘાત કરી તેણે નરઘાના ઉપરના ભાગ જેવો સર્વ પ્રકારે સર્વ બાજુથી એકસરખો એવો એક ભૂભાગ સર્જ્યો, તેમાં રુપ, રસ,ગંધ અને સ્પર્શથી સુશોભિત પૂર્વે વર્ણવેલા એવા અનેક મણિઓ જડી દીધા, સર્વ બાજુથી એકસરખા ભૂમંડળમાં વચ્ચોવચ્ચ તેણે એક પ્રેક્ષાગૃહ રચ્યું-નાટક-શાળા ખડી કરી. એ નાટકશાળા, તેમાં બાંધેલો ઉલ્લોચચંદરવો, અખાડો અને મણિની પેઢલી તથા મણિની એ પેઢલી ઉપર સિંહાસન, છત્ર વગેરે જે આગળ વર્ણવાઈ ગયું છે તે બધું બરાબર ગોઠવી દીધું.

ત્યારપછી એ સૂર્યાભદેવ શ્રમણ ભગવાન મહાવીરના દેખતાં તેમને પ્રણામ કરે છે અને 'ભગવાન મને અનુજ્ઞા આપો' એમ કહી પોતે બાંધેલી નાટકશાળામાં તેમની-તીર્થંકરની-સામે ઉત્તમ સિંહાસનમાં બેસે છે. ત્યારબાદ બેસતાં વેંત તેણે અનેક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારનાં મણિમય કનકમય રત્નમય વિમલ અને ચકચકતાં કડાં પોંચી બેરખાં વગેરે આભૂષણોથી દીપતો ઊજળો પુષ્ટ અને લાંબો એવો પોતાનો જમણો હાથ પસાર્યો. એના એ જમણા હાથમાંથી સરખાં વય લાવણ્યરુપ અને યૌવનવંતા, સરખાં નાટકીય ઉપકરણો અને વસ્ત્ર-ભૂષણોથી સજેલા, ખભાની બન્ને બાજુમાં ઉત્તરીય વસ્ત્રથી યુક્ત ડોકમાં કોટિયું અને શરીરે કંચુક પહેરેલા, ટીલાં અને છોગાં લગાવેલા, ચિત્ર વિચિત્ર પટ્ટાવાળાં અને ફુદડી ફરતાં જેના છેડા ફેણ જેવા ઉંચા થાય એવી છે-કોરે-મૂકેલી ઝાલર વાળાં રંગબેરંગી નાટકીય પરિધાન પહેરેલા, છાતી અને કંઠમાં પડેલા એકાવળ હારોથી શોભાયમાન અને નાચ કરવાની પૂરી તૈયારીવાળા એકસો ને આઠ દેવકુમારો નીકળ્યા. એજ પ્રમાણે સૂર્યાભદેવે પસારેલા ડાબા હાથમાંથી ચંદ્રમુખી, ચંદ્રાર્ધસમાન લલાટપટ્ટ વાળી, ખરતા તારાની જેમ ચમકતી આકૃતિ વેશ અને ચારુ શૃંગારથી શોભતી, હસવે બોલવે ચાલવે વિવિધવિલાસે લલિત સંલાપે અને યોગ્ય ઉપચારે કુશળ, હાથમાં વાજાંવાળી, નાચ કરવાની પૂરી તૈયારીવાળી અને બરાબર એ દેવ કુમારોની જોડીરુપ એવી એકસો ને આઠ દેવકુમારીઓ નીકળી.

પછી એ સૂર્યાભદેવે શંખો રણશિંગાં શંખલીઓ, ખરમુખીઓ પેયાઓ પીરપી રિકાઓ પણવો-પટહો- ઢક્કાઓ-મોટી ઢક્ક ઓ-ભેરીઓ, ઝાલરો, દુંદુભીઓ, સાંકડ મુખીઓ મોટામાદળો મૃદંગો નંદી મૃદંગો આલિંગો, કુસ્તુંબો, વીણાઓ, ભમરીવાળી વીણાઓ છ ભમરીવાળી વીણાઓ, સાત તારની વીણાઓ,બબ્બીસો, સુઘોષા ઘંટાઓ નંદીઘોષા ઘંટાઓ સો તારની મોટી વીણાઓ કાચબી વીણાઓ ચિત્રવીણાઓ, આમો દો, ઝાંઝો નકુલો, તૂણો, તુંબડાવાળી વીણાઓ, મુકુંદો, હુડુક્કો વિચિક્કીઓ કરટીઓ ડિંડિમો કિણિતો કડવાંઓ દર્દરો દર્દરિકાઓ કુસ્તુંબુરુઓ કલશીઓ કલશો તાલો કાંસાના તાલો રિંગિરિસિકો અંગરિકાઓ શિશુમારિકાઓ વાંસના પાવાઓ બાલી ઓ વેણુઓવાંસળીઓ પરિલ્લીઓ અને બદ્ધકો એમ ઓગણપચાસે જાતનાં એકસો ને આઠ આઠ વાજાંઓ બનાવ્યાં અને એકસો ને આઠ આઠ તે દરેક વાજાંને વગાડનારા બનાવ્યા. પછી એ સૂર્યાભદેવે પોતાના હાથમાંથી સરજેલા તે દેવકુમારો અને દેવ કુમારીઓને બોલાવીને કહ્યું કે -

"હે દેવાનુપ્રિયો ! તમે શ્રમણ ભગવાન મહાવીર પાસે જાઓ અને તેમને ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન-નમન કરીએ ગૌતમ વગેરે શ્રમણનિર્ગ્રંથોને તે દિવ્ય દેવઋદ્ધિ દિવ્ય દેવાનુભાવવાળું બત્રીશ પ્રકારનું નાટક ભજવી બતાવો."

[૨૪] સૂર્યાભદેવની આજ્ઞા થતાં જ તેને માથે ચઢાવી હૃષ્ટતુષ્ટ થએલાં એ દેવકુમારો અને દેવકુમારીઓ શ્રમણ ભગવાન મહાવીર તરફ જઈ તેમને વાંદી-નમી જે તરફ ગૌતમાદિક શ્રમણનિર્ગ્રંથો હતા તે તરફ વળ્યાં અને એક સાથે જ એક હારમાં ઊભા રહ્યાં, સાથે જ નીચે નમ્યાં, વળી પાછું સાથેજ તેઓ પોતાનાં માથાં ઉંચાં કરી ટટ્ટાર ઊભા રહ્યાં. એજ પ્રમાણે સહિતપણે અને સંગતપણે નીચે નમ્યાં અને પાછાં ટટ્ટાર ઊભા રહ્યાં, પછી સાથે જ ટટ્ટાર ઊભા રહી ફેલાઈ ગયાં અને પોતપોતાનાં નાચગા નનાં ઉપકરણો હાથપગમાં બરાબર ગોઠવી રાખી એક સાથે જ વગાડવા લાગ્યાં, નાચવા લાગ્યાં અને ગાવા લાગ્યાં. તેમનું સંગીત ઉપરથી શરૂ થતાં ઉઠાવમાં ધીરું મંદ મંદ, મૂર્ધામાં આવતાં તારસ્વરવાળું અને પછી કંઠમાં આવતાં વિશેષ તારસ્વરવાળું, એમ ત્રિવિધ હતું. જ્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ બધાં ગાતાં હતાં ત્યારે તેનો મધુર પડછંદો નાટકશાળામાં આખાય પ્રેક્ષાગૃહવાળા મંડપમાં પડતો હતો. જે જાતના રાગનું ગાણું હતું તેને જ અનુકૂળ એમનું સંગીત હતું. ગાનારઓનાં ઉર મૂર્ધા અને કંઠ એ ત્રણે સ્થાનો અને એ સ્થાનોનાં કરણો વિશુદ્ધ હતાં. વળી, ગુંજતો વાંસનો પાવો અને વીણાના સ્વર સાથે ભળતું, એક બીજાની વાગતી હથેળીના અવાજને અનુસરતું, એક બીજાની વાગતી હથેળીના અવાજને અનુસરતું, મુરજ અને કાંસીઓના ઝણઝણાટના તથા નાચનારાઓના પગના ઠમકાના તાલને બરાબર મળતું, વીણાના લયને બરાબર બંધબેસતું અને શરૂઆતથી જે તાનમાં પાવો વગેરે વાગતાં હતાં તેને અનુરુપ એવું એમનું સંગીત કોયલના ટહુકાજેવું મધુરું હતું. વળી, એ સર્વ પ્રકારે સમ, સલલિત-કાનને કોમળ, મનોહર, મૃદુપદસંચારી, શ્રોતાઓને રતિકર, છેવટમાં પણ સુરસ એવું તે નાચનારાઓનું નાચસજ્જ વિશિષ્ટિ પ્રકારનું ઉત્તમોત્તમ સંગીત હતું.

જ્યારે એ મધુરું મધુરું સંગીત ચાલતું હતું ત્યારે શંખ રણશિંગું શંખલી ખરમુખી પેયા અને પીરી પીરિકાને વગાડનારા તે દેવો તેમને ધમતા, પણવ પટહ ઉપર આઘાત કરતા, ભંભા મોટી ડાકોને અફળાવતા, ભેરી ઝાલર દુંદુભીઓ ઉપર તાડન કરતા, મુરજ મૃદંગ નંદીમૃદંગોનો આલાપ લેતા, આલિંગ કુસ્તુંબ ગોમુખી માદળ ઉપર ઉત્તાડન કરતા, વીણા વિપંચી વલ્લકીઓને મૂર્છાવતા, સો તારની મોટી વીણા કાચબી વીણા ચિત્ર વીણાને કૂટતા, બદ્વીસ સુઘોષા નંદીઘોષાનું સારણ કરતા, ભ્રામરી ષડ્ભ્રામરી પરિવાદનીનું સ્ફોટન કરતા, તૂણ તુંબવીણાને છબછબતા, આમોદ ઝાંઝ કુંભ નકુલોનું આમોટન કરતા-પરસ્પર અફળાવતા,મૃદંગ હુડુક્કી વિચિક્કીઓને છેડતા, કરટી ડિંડમ કિણિત કડવાંને બજાવતા, દર્દરક દર્દરિકાઓ કુસ્તુંબુરુ કલશીઓ મડ્ડુઓ ઉપર અતિ શય તાડન કરતા, તલ તાલ કાંસાના તાલો ઉપર થોડું થોડું તાડન કરતા-પરસ્પર ઘસતા, રિંગિરિકા લત્તિકા મકરિકા શિશુમારિકાનું ઘટ્ટન કરતા અને બંસી વેણુ બાલી પરિલ્લી તથા બદ્ધકોને ફૂંકતા હતા. એ રીતે એ ગીત નૃત્ય અને વાદ્ય દિવ્ય મનોજ્ઞ મનહર અને શૃંગારરસથી તરબોળ બન્યાં હતાં, અદ્ભુત થયાં હતાં, બધાનાં ચિત્તનાં આક્ષેપક નીવ ડ્યાં હતાં. એ સંગીતને સાંભળનારા અને નૃત્યને જોનારા દ્વારા ઉછળતા વાહવાહ ના કોલાહલથી એ નાટકશાળા ગાજી રહી હતી. એમ એ દેવોની દિવ્ય રમત પ્રવૃત્ત થયેલી હતી. એ રમતમાં મસ્ત બનેલા તે દેવકુમારો અને દેવકુમારીઓએ શ્રમણ ભગવાન મહાવીરની સામે સ્વસ્તિક શ્રીવત્સ નંદાવર્ત વર્ધમાનક ભદ્રાસન કલશ મત્સ્ય અને દર્પણના દિવ્ય અભિનયો કરીએ મંગળરુપ પ્રથમ નાટક ભજવી દેખાડ્યું હતું.

વળી, એ દેવકુમારો અને દેવકુમારીઓ બીજું નાટક ભજવી બતાવવા પૂર્વે જણા વેલી રીતે એકસાથે એક હારમાં ભેગાં થઈ ગાવા નાચવા અને વાજાં વગાડવા લાગ્યાં તથા એ અદ્ભુત દેવરમતમાં મશ્ગુલ બની ગયાં. આ બીજા નાટકમાં તેમણે શ્રમણ ભગવાન મહાવીરની સામે આવર્ત પ્રત્યાવર્ત શ્રેણિ પ્રશ્રેણિ સ્વસ્તિક પૂસમાણગ વર્ધમાનક મત્સ્યાંડક જાર માર પુષ્પાવલી પદ્મપત્ર સાગરતરંગ વસંતીલતા અને પદ્મલ તાના અભિનયો કરી દેખાડી બીજું નાટક પૂરું કર્યું. પછી ત્રીજું નાટક ભજવી બતાવવા ભેગાં થયેલાં તે દેવકુમારો અને દેવકુમારીઓએ શ્રમણ ભગવાન મહાવીરની સામે ઈહા મૃગ બળદ ઘોડો માનવ મગર વિહગ-પક્ષી વ્યાલ કિન્નર રુરુ શરભ ચમર કુંજર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વનલતા અને પદ્મલતાના અભિનયો કરી દેખાડ્યા. ચોથું નાટક દેખાડતાં તે દેવકુમારો અને દેવકુમારીઓએ શ્રમણ ભગવાન મહાવીરની સામે એકશ્ચક્રદ્વિઘાચક એકતશ્ચક વાલ દ્વિઘાચક્રવાલ એમ ચક્રાર્ધ અને ચકવાલનો અભિનય ભજવી બતાવ્યો. પાંચમું નાટક ભજવતાં તેમણે આવલિકાઓનો અભિનય કર્યો. એમાં એમણે ચંદ્રાવલિકા વલયાવલિકા હંસાવલિકા સૂર્યાવલિકા એકાવલિકા તારાવલિકા મુક્તાવલિકા કનકાવ લિકા અને રત્નાવલિકાઓના દેખાવો કરી બતાવ્યા. છઠ્ઠું નાટક શરૂ કરતાં તેમણે ઉદ્ગગમનોના એટલે ચંદ્ર ઊગવાનાં અને સૂર્ય ઊગવાનાં દશ્યો ખડાં કર્યાં. સાતમા નાટકમાં આગમનના અર્થાત્ ચંદ્રના આગમનના અને સૂર્યના આગમનના દેખાવો કરી બતાવવામાં આવ્યા. આઠમા નાટકમાં તેઓએ આવરણના-ચંદ્રના અને સૂર્યના આવર ણના દેખાવો કરી દેખાડ્યા. નવમા નાટકમાં અસ્તમનના દેખાવો આવ્યા એટલે જ્યારે ચંદ્ર અને સૂર્ય આથમી જાય છે ત્યારે જગતમાં અને આકાશમાં જે જે ઘટનાઓબને છે તે બધી નજરોનજર ખડી કરવામાં આવી. દસમું નાટક ચંદ્રમંડલ સૂર્યમંડલ નાગમંડલ યક્ષ મંડલ ભૂતમંડલ રાક્ષસમંડલ અને ગાંધર્વમંડલનાઅભિનયોમાંપૂરું થયું. એમાં ચંદ્ર સૂર્ય નાગ યક્ષ ભૂત રાક્ષસ અને ગાંધર્વ સંબંધી મંડલોના ભાવો ભજવી બતાવ્યા. અગ્યારમું નાટક દ્રુતવિલંબિત અભિનયને લગતું હતું, તેમાં વૃષભની અને સિંહની લલિત ગતિ, ઘોડાની અને ગજની વિલંબિત ગતિ, મત્ત ઘોડો અને મત્ત હાથીની વિલસિત ગતિ કરી બતાવવામાં આવી. બારમા નાટકમાં સાગર અને નગરના આકારોને અભિનયમાં કરી બતાવ્યા. તેરમું દિવ્ય નાટક નંદા અને ચંપાના અભિનયને લગતું હતું. ચૌદમા નાટકમાં મત્સ્યાંડ મકરાંડ જાર મારની આકૃતિઓના અભિનયો હતા.

પંદરમા નાટકમાં ક ખ ગ ઘ અને ઙ ના ઘાટના અભિનયો કરી બતાવ્યા. પછીનાં ચાર નાટકો અનુક્રમે ચ છ જ ઝ ઞ ના, ટ ઠ ડ ઢ ણ ના, ત થ દ ધ ન ના, અને પ ફ બ ભ મ ના ઘાટના અભિનયોને લગતાં હતાં. વીસમું નાટક અશોક આંબો જાંબુડો અને કોસંબના પલ્લવ સંબંધી અભિનયોને લગતું હતું. ૨૧મું નાટક લતાના દેખાવો કરવાને માટે હતું. તેમાં પદ્મ નાગ અશોક ચંપો આમ્ર વન વાસંતી કુંદ અતિમુક્તક અને શ્યામની વેલડી ઓના અભિનયો હતા.પછી અનુક્રમે ૨૨ દ્રુત ૨૩ વિલંબીત ૨૪-દ્રુત વિલંબિત ૨૫-અંચિત ૨૬-રિભિત ૨૭-અંચિતરિભિત ૨૮ આર ભટ ૨૯ ભસોલ અને ૩૦ આરભટ ભસોલના અભિનયોને લગતાં નવ નાટકો કરી બતાવ્યાં. ૩૧ મા નાટકમાં ઉત્પાત નિપાત સંકુચિત પ્રસારિત રચારઈય ભ્રાંત અને સંભ્રાંતની ક્રિયાઓને લગતા અભિનયો દેખાડવામાં આવ્યા. ૩૨ દેવરમણમાં એક સાથે એક હારમાં ભેગાં થએલાં દેવરમણમાં તલ્લીન બનેલાં દેવકુમારો અને દેવકુમારી ઓએ શ્રમણ ભગવાન મહાવીરના પૂર્વભવ સંબંધી ચરિત્રને લગતા બનાવોના અભિનયો ભજવી બતાવ્યા અને પછી તેમનાજ વર્તમાન જીવનસંબંધી પણ જે મોટા બનાવો બન્યા હતા તે દરેકને અભિનયોમાં કરી દેખાડ્યા-તેમાં તેમનું ચ્યવન, ગર્ભસં હરણ, જન્મસમયનાબનાવો, અભિષેકનોપ્રસંગ, બાલકક્રીડા, યૌવનદશા, કામ ભોગની લીલા, નિષ્ક્રમણનો પ્રસંગ, તપશ્ચરણની અવ સ્થા, જ્ઞાની થયાની પરિ સ્થિતિ, તીર્થપ્રવર્તનની ઘટનાને લગતા અભિનયો હતા અને પછી છેલ્લા અભિનયમાં ભગવાન મહાવીરના નિર્વાણનું ચિત્ર પણ ઊતારવામાં આવ્યું હતું. આમ એ ચરમ છેલ્લું-બત્રીશમું નાટક પૂરું થયું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાટકોમાં તે દેવકુમારો અને દેવકુમારીઓએ ઢોલ વગેરે પહોળાં, વીણા વીગેરે તાંતવાળાં,ઝાંઝવગેરેનક્કરઅનેશંખવગેરેપોલાંએમચારજાતનાંવાજાંવગાડેલાંઉત્ક્ષિપ્ત પાદ વૃદ્ધ મંદ અને રોચિત એમચારપ્રકારે નૃત્ય કરેલું. દાર્ષ્ટાંતિકપ્રાત્યંતિક સામાન્ય તોપનિપાતનિક અને લોકમધ્યાવસાનિક એમ ચાર જાતના અભિનયો ભજવી બતાવેલા.હવે તેદેવકુમારઅને દેવકુમારીઓ ગૌતમાદિક શ્રમણ નિર્ગંથોને એ બત્રીશે પ્રકારનું દિવ્ય નાટક દેખાડી તથા શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા દઈ તેમને વાંદી નમી જે તરફ પોતાનો અધિપતિ સૂર્યાભદેવ હતો તે તરફ ગયાં અને હાથ જોડી પોતાના એ અધિપતિને જય વિજયથી વધાવી તેઓએ જણાવ્યું કે આપે કરેલી આજ્ઞા પ્રમાણે અમેશ્રમણભગવાન મહાવીર પાસે જઈ બત્રીશે પ્રકારનું એ દિવ્ય નાટક દેખાડી આવ્યાં.

[૨૫]ત્યારબાદ એ સૂર્યાભદેવ પોતાની તે દિવ્ય દેવમાયાને સંકેલી લઈ એક ક્ષણમાં હતો તેવો એકાકી બની ગયો. પછી તે શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા દઈ વાંદી નમી પોતાના પૂર્વોક્ત પરિવાર સાથે એ દિવ્ય યાન વિમાન ઉપર ચડી જ્યાંથી આવ્યો હતો ત્યાંજ પાછો ચાલ્યો ગયો.

[૨૬] એના ગયા પછી ભગવાન મહાવીરને વાંદી નમીને નમ્રપણે ગૌતમ આ પ્રમાણે બોલ્યા : —હે ભગવન્ ! તે સૂર્યાભદેવની એ દિવ્ય દેવમાયા, એ દિવ્ય દેવદ્યુતિ, એ દિવ્ય દેવાનુભાવ કયાં ગયો ? કયાં સમાઈ ગયો ? —હે ગૌતમ ! સૂર્યાભદેવે સર્જેલી એ દેવમાયા તેના શરીરમાં ગઈ, —હે ભગવન્ તે કયા કારણથી એમ બન્યું ? - હે ગૌતમ ! બહાર અને અંદર છાણ વગેરેથી લીંપેલી ગુંપેલી ફરતી વંડીવાળી બંધ બારણાવાળી ઉંડી અને પવન ન ભરાય એવી જેમ કોઈ એક મોટી શિખરબંધી શાળા હોય.એ શાળાની પાસે માણસોનું એક મોટું ટોળું ઊભું હોય અને એ વખતે એ ટોળું આકાશમાં એક મોટું પાણીભર્યું વાદળું જૂએ તથા એ વાદળું હમણાં જ વરસશે એમ જો ટોળાને લાગે તો જેમ એ ટોળું પાસેની એ શાળામાં પેસી જાય, તેમ એ દેવમાયા સૂર્યાભના શરીરમાં સમાઈ ગઈ અથવા એ શાળા બહાર ઊભેલું ટોળું પોતાની સામે ચડી આવતા વંટોળિયાને જૂએ તોપણ જેમ એ પાસેની શાળામાં પેસી જાય, તેમ એ દેવમાયા સૂર્યાભના શરીરમાં સમાઈ ગઈ એમ મેં કહ્યું છે. વળી, ગૌતમે પૂછ્યું કે -

[૨૭]હે– ભગવન્ ! સૂર્યાભદેવનું સૂર્યાભવિમાન કયાં જણાવેલું છે ? -હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતથી દક્ષિણે આ રત્નપ્રભા ૧૦૧ નામની પૃથ્વી છે, તેના રમણીય સમતલ ભૂભાગથી ઉંચે ચંદ્ર સૂર્ય ગ્રહગણ નક્ષત્ર અને તારકાઓ આવેલાં છે, ત્યાંથી આગળ ઘણાં યોજનો સેંકડો યોજનો હજારો યોજનો લાખો યોજનો કરોડો યોજનો અને લાખકરોડો યોજનો ઉંચે ઉંચે દૂર જઈએ ત્યારે ત્યાં સૌધર્મકલ્પ નામનો કલ્પ જણાવેલો છે, એ કલ્પ પૂર્વ પશ્ચિમ લાંબો, ઉત્તર દક્ષિણ પહોળો, આકારે અર્ધચંદ્રસમાન સંસ્થિત છે, કિરણોના પ્રકાશથી ઝગઝગતો છે, તેની લંબાઈ પહોળાઈ અસંખ્ય કોટાનુકોટિ યોજન છે અને તેનો ઘેરાવો પણ તેટલોજ છે. એ સૌધર્મકલ્પમાં સૌધર્મ દેવોમાં બત્રીશ લાખ વિમાનાવાસો હોય છે એમ કહ્યું છે. એ બધા વિમાનાવાસો સર્વરત્નમય દર્શનીય અને અસાધારણ સુંદરતાવાળા છે. તે વિમાનોની વચ્ચોવચ્ચ પાંચ અવતંસકો જણાવેલા છે : અશોક અવતંસક, સપ્તપર્ણ અવતંસક, ચંપક અવતંસક, ચૂતક અવતંસક અને વચ્ચે સૌધર્માવતંસક. એ પાંચે અવતંસકો પણ સર્વરત્નમય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુંદરતમ છે. એમાંના તે સૌધર્માવતંસક મહાવિમાનથી પૂર્વે તીરછું અસંખ્ય લાખ યોજન આગળ વધીએ ત્યારે ત્યાં સૂર્યાભદેવનું સૂર્યાભ નામનું વિમાન જણાવેલું છે. એ વિમાનની લંબાઈ પહોળાઈ સાડાબાર લાખ યોજન છે અને ઘેરાવો ઓગણચાળીશ લાખ બાવન હજાર આઠ સો અડતાલીશ યોજન છે.

સૂર્યાભદેવનો એ વિમાનની ફરતો ચારે બાજુ એક મોટો પ્રાકાર-ગઢ છે. એ ગઢ ત્રણસે યોજનની ઉંચાઈએ છે. મૂળમાં તેની પહોળાઈ સો યોજન, વચ્ચે પચાસ યોજન અને છેક ઉપર પચીસ યોજન છે અર્થાત્ એ ગઢ મૂળમાં પહોળો વચ્ચે સાંકડો અને છેક ઉપર વધારે પાતળો છે. ગઢનો આકાર ગાયના પૂંછડા જેવો છે અને તે આખોય ગઢ સર્વકનકમય અચ્છો મનોહર છે. એ ગઢનાં કાંગરાં અનેક પ્રકારના કાળા નીલા લાલ પીળા અને ધોળા એમ પાંચે રંગોથી શોભિતાં છે. તે એક એક કાંગરું લંબાઈમાં એક યોજન, પહોળાઈમાં અરધું યોજન, અને યોજન ઉંચાઈમાં છે. તે બધાં કાંગરાં સર્વ પ્રકારનાં રત્નોમાંથી બનાવેલાં છે-બહુ રમણીય છે. સૂર્યાભદેવના તે વિમાનની એક એક બાજુએ હજાર હજાર બારણાં હોય છે એમ કહેલું છે અર્થાત્ તે વિમાનને પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ એમ ચારે બાજુનાં મળીને ચાર હજાર બારણાં હોય છે. એક એક બારણું ઉંચાઈએ પાંચસો યોજન છે, પહોળાઈએ અને પ્રવેશે અઢીસો યોજન છે. તે બધાં બારણાં ધોળાં છે, તેમની ઉપરનાં શિખરો સોનાનાં છે, એ શિખરોમાં વૃષભ મગર વિહગ માનવ કુંજર કિન્નર પદ્મલતા વગેરેનાં ચિત્રો કોરેલાં, એમના સ્તંભ ઉપરની વેદિકાઓ વજ્રમય-એ બધાં હજારો કિરણોથી ઝળહળે છે, એવાં એ આંખને ઠારે એવાં સુખસ્પર્શવાળા છે. તે દરેક બારણાની નેમો વજ્રમય, મૂળ પાયા રિષ્ટરત્નના, થાંભલીઓ વૈડુર્યની અને તેનું તળ પંચરંગી ઉત્તમ મણિઓમાંથી બનેલું છે. ડેલીઓ હંસગર્ભ રત્નની, ઈંદ્રકીલો ગોમેદના, બારસાખો લોહિતાક્ષરત્નની, ઓતરંગો જ્યોતિરસ રત્નના,સૂઈઓ-ખીલીઓ-લોહિતાક્ષરત્નની, સાંધાઓ વજ્રના, ખીલી ઓની ટોપીઓ વિવિધ મણિમય, આગળિયો અને તેનું અટકણ વજ્રનું, આવર્તનપીઠ રજતનું, બારણાનાં ઉત્તર પડખાં અંક રત્નનાં : એવી એ બારણાંઓની શોભાવાળી રચના છે. તેનાં કમાડ લગાર પણ આંતરા વિનાનાં ચપોચપ ભીડાય તેવાં મજબૂત છે. બારણાંની ભીંતોમાં બન્ને પડખે એકસો અડસઠ ભીંતગોળીઓ છે અને તેટલીજ ગોમાણસીઓ છે. વિવિધ મણિરત્નોથી રમતી પૂતળીઓ બારણાંઓમાં ખોરેલી છે. તેનો માઢ વજ્રનો અને માઢનું શિખર રુપાનું છે. બારણાના ઉપલા ભાગો સુવર્ણમય, મણિમય જાળીવાળા ગોખલાઓ, પડખાં અને પડખાંની બાજુઓ અંકરત્નમય અને વાંસડાઓ ખપાટો તથા નળિયાં જ્યોતિરસરત્નમય છે. તેની પાટીઓ રુપાની, નળિયાંનાં ઢાંકણ સુવર્ણમય અને ટાટીઓ વજ્રમય છે. એ જાતનાં તે બારણાં શંખના ઉપલા ભાગ જેવાં અને રુપાના ઢગલા જેવાં ધોળાં લાગે છે. તે બારણાંઓ ઉપર અનેક પ્રકારનાં તિલકો-ટીલાં અને અર્ધ ચંદ્રો કોરેલાં છે, મણિની માળાઓ ટાંગેલી છે, બારણાં બહાર અને અંદર સુંવાળાં છે, તેના ઉપરની રંગની ભૂકી સોનાની વેળુમય છે : એવાં એ બારણાં સુંદર, સારા સ્પર્શ વાળાં, રુડી શોભાવાળાં, પ્રસન્નતા પમાડે તેવાં દર્શનીય અને અસાધારણ રમણીય છે.

[૨૮] એ બારણાંની બન્ને બાજુની બેઠકોમાં કમળ ઉપર કોરેલા એવા ચંદનના સોળ સોળ કળશોની હારો, તેઓમાં સુગંધી પાણી ભરેલાં, તેમના કાંઠાઓમાં રાતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂતર નાંખેલાં અને તેનાં ઢાંકણાં પદ્મોત્પલનાં-એવા એ સર્વરત્નમય ઘડાઓ, હે દીર્ઘ જીવી શ્રમણ ! ઈન્દ્રકુંભની જેવા વિશેષ રમણીય જણાવેલા છે. વળી, તે બારણાંઓની બન્ને બાજુની બેઠકોમાં સોળ સોળ નાગદંતોની- હારી આવેલી છે. તે દરેક નાગદંતો ઉપર નાની નાની ઝણઝણતી ઘંટડીઓ લટકેલી, એઓ ભીંતમાં બરાબર બેઠેલા, એમનો આગલો ભાગ ભીંતથી સારી રીતે બહાર પડતો- એવા એ સાપના અડધા ભાગ જેવા દેખાતા વજ્રમય સીધા લાંબા નાગદંતો, મોટા મોટા ગજદંતના આકાર જેવા સુંવાળા અને શોભાજનક છે. વળી, એ નાગદંતોમાં કાળા, નીલા, રાતા, પીળા અને ધોળા સૂતરથી પરોવેલી લાંબી લાંબી માળાઓ લટકાવેલી, એ માળાઓના લંબૂસકો- સોનાનાં, એ ફૂમ તાંની અડખેપડખે જડેલી સોનાના પતરાની પાંદડીઓ છે; જ્યારે દક્ષિણનો ઉત્તરનો પૂર્વનો અને પશ્ચિમનો મંદ મંદ પવન વાય ત્યારે તે ધીરે ધીરે હલતી હલતી પાંદડીઓ માંથી કાન અને મનને શાંતિ આપે એલું મધુરું સંગીત નીકળે છે. વળી, હે આયુષ્યમન્ શ્રમણ ! એ નાગદંતોની ઉપર બીજા સોળ સોળ નાગદંતોની હારો આવેલી છે, તેઓ પણ ગજદંતના આકાર જેવા સુંવાળા અતિરમણીય છે. ઉપરના આ નાગદંતનોમાં રજતમય શિંકાં ટાંગેલાં છે, એ દરેક શિંકામાં વૈડર્યની ધૂપઘડીઓ મૂકેલી છે, એ ધૂપઘડીઓમાં ઉત્તમ કાળો અગર કિનરુ અને તુરુષ્કનો સુગંધી ધૂપ મઘમઘી રહ્યો છે, એવી એ સુગંધી વાટ જેવી મઘમઘતી ધૂપઘડીઓમાંથી નીકળતી મનોહારી સુગંધ ઘ્રાણ અને મનને શાંતિ આપતી તે પ્રદેશમાં ચારે કોર ફેલાતી રહે છે.

[૨૯]વળી, એ બારણાંઓની બન્ને પડખેની બેઠકોમાં સોળ સોળ પૂતળીઓની હારો જણાવેલી છે. તે પૂતળીઓ વિવિધ પ્રકારની લીલાઓવાળી, સુપ્રતિષ્ઠિત, સારી રીતે શણગારેલી, રંગબેરંગી વસ્ત્ર પહેરેલી અને અનેક જાતની માળાઓ વડે શોભાય માન છે. એમનો કટિભાગ મૂઠીમાં આવી જાય એવો પાતળો, અંબોડો ઉંડો અને કઠણ પીવર-ભરાવદાર-છાતી, આંખના ખૂણા રાતા, વાળા કાળા કોમળ અને શોભનિક છે. અશોક વૃક્ષ ઉપર તેની ડાળને ડાબે હાથે પકડીને એ પૂતળીઓ ઊભેલી છે. જાણે દેવોનાં મનને હરી ન લેતી હોય, એક બીજા સામું જોતી એ, જાણે પરસ્પર ખીજતી ન હોય, એવી જણાય છે. એ બધી બનેલી છે તો -માટીમાંથી-પણ નિત્ય રહેનારી છે. એમનું મુખ ચંદ્ર જેવું લલાટ ચંદ્રાર્ઘ જેવું અને દેખાવ ચંદ્ર જેવો સૌમ્ય છે. ખરતા તારાની જેમ એ બધી ઝગમગ્યા કરે છેં, મેઘની વીજળીનો ઝબકારો અને પ્રખર સૂર્યનો ચમકાટ એ કરતાં ય તેઓ વધુ ઝબકે છે-એવી એ પૂતળીઓ શૃંગારે આકારે અને વેશે પ્રસાદ ઉપજાવે એવી દેખાવડી અને મનોહર છે. વળી, એ બારણાંઓની બન્ને બાજુની બેઠકોમાં સર્વરત્નમય સુંદર જાળીવાળાં સોળ સોળ રમણીય સ્થાનો છે. બન્ને પડખેની એ બેઠકોમાં સોળ સોળ ઘંટાની હારો ટાંગેલી જણાવેલી છે. એ ઘંટાઓ સુવર્ણમય, તેમના લોલકો વજ્રમય, ઘંટાનાં બન્ને પડખાં વિવિધ મણિમય, ઘંટાની સાંકળો સોનાની અને દોરીઓ રુપાની છે. તેમનો રણકો મેઘના ગડગડાટ જેવો, સિંહની ત્રાડ જેવો, દુંદુભિના નાદ જેવો, હંસના સ્વર જેવો મંજુ છે : એવા-એ કાન અને મનને ઠારે-તેવા રણકાવડે તે ઘંટાઓની આસ પાસનો પ્રદેશ પણ ગાજતો રહે છે.

વળી, એ, બારણાંઓની બન્ને બાજુની બેઠકોમાં સોળ સોળ વનરાઈઓ છે. એ વનરાઈઓમાં વૃક્ષો વેલો ફણગા અને પાંદડાં મણિમય છે, એમના ઉપર ભમરાઓ

ગુંજતા રહે છેઃ એવી એ વનરાઈઓ ટાઢી હિમ જેવી શીતળ અને પ્રાસાદિક છે. વળી, તે બન્ને પડખેની બેઠકોમાં વજ્રમય સોળ સોળ પ્રકંઠકો-છે. તે દરેકની લંબાઈ પહોળાઈ અઢીસો યોજન અને જાડાઈ સવાસો યોજન છે. તે તે એક એક પ્રકંઠક ઉપર એક એક મોટો ઉંચો મહેલ આવેલો છે, તે દરેક મહેલ અઢીસો યોજન ઉંચો અને સવાસો યોજન પહોળો છે. જાણે પ્રભાના પુંજ ન હોય એવા એ મહેલો વિવિધ મણિઓ અને રત્નોથી ખીચોખીચ જડેલા છે. ઉપરાઉપર છત્રોથી શોભાયમાન વિજય વૈજયંતી પતાકાઓ એ મહેલો ઉપર પવનથી ફરફરતી રહે છે. એના મણિકનકમય શિખરો ઉંચાં આભને અડતાં છે. મહેલોની ભીંતોમાં વચ્ચે વચ્ચે રત્નોવાળાં જાળિયાંઓ મૂકેલાં છે. બારણામાં પેસતાંજ વિકાસમાન પુંડરીક કમળો અને ભીંતોમાં વિધવિધ તિલકો તથા અર્ધ ચંદ્રકો કોરેલા છે. મહેલો અંદર અને બહાર લીસા સોનેરી વેળુથી લીંપેલા સુંદરત્તમ છે. જે પ્રકંઠકો ઉપર તે મહેલો છે તે પ્રકંઠકો પણ છત્રોથી શોભતી ધજાઓથી રમણીય છે. એ મહેલોનાં બારણાંની બન્ને બાજુ સોળ સોળ તોરણો જણાવેલાં છે. એ મણિમય તોરણો મણિમય થાંભલાઓ ઉપર બેસાડેલાં છે, તેમના ઉપર પદ્મ વગેરેના ગુચ્છાઓ ટાંગેલા છે. તે એક એક તોરણની આગળ પૂર્વે વર્ણવેલા એવા નાગદંતો તથા એવી જ બબ્બે પૂતળીઓ ઊભેલી છે. તેજ રીતે દરેક તોરણની આગળ એક એક બાજુ સર્વરત્નમય ઘોડા હાથી માનવ કિંનર કિંપુરુષ મહો રગ ગાંધર્વ અને વૃષભની હારો આવેલી છે, તેજ પ્રકારે નિત્ય પુષ્પવાળી સર્વરત્નમય પદ્મલતા વગેરેની શ્રેણિઓ આવેલી છે. એ રીતે, દિશાસ્વસ્તિક ચંદનકલશ અને મત્તગજના મુખની જેવા ભૃંગારની બે બે હારો ગોઠવેલી છે. વળી, તે તોરણની આગળ બબે બબે આરિસા હોવાનું જણાવેલું છે. એ આરિસાનાં ચોકઠાં સુણર્વમય, મંડળો અંકરત્નમય અને એમાં પડતાં પ્રતિબિંબો નિર્મલાતિનિર્મળ છે.હે દીર્ઘજીવીશ્રમણ!ચંદ્રમંડળજેવાએનિર્મળઆરિસા અર્ધકાયપ્રમાણ જણાવેલા છે.

વળી, એ તોરણોની આગળ વજ્રના બબે થાળો જણાવેલા છે. એ રથના પૈડા જેવા મોટા થાળો જાણે કે ત્રણવાર છડેલા આખા ચોખાથી ભરેલા જ હોય એવા ભાસે છે. વળી, એ તોરણોની આગળ સ્વચ્છ પાણી અને તાજાં લીલાં ફળોથી ભરેલી બે બે પાત્રીઓ મૂકેલી જણાવેલી છે. એ બે બે પાત્રીઓ ગાયને ખાણ આપવાના મોટા ગોળ સુંડલા જેવડી મોટી સર્વરત્નમય અને શોભનાતિશોભન છે. વળી, એ તોરણોની આગળ નાના વિધ ભાંડોથી ભરેલા સર્વરત્નમય બે બે સુપ્રતિષ્ઠકો છે, બે બે પેઢલીઓ છે. એ પેઢલીઓમાં સોનાનાં અને રુપાનાં અનેક પાટિયાંઓ જણાવેલાં છે, એ નાગદંતો ઉપર વજ્રમય શિંકાં છે, એ શિંકાં ઉપર કાળા નીલા રાતા પીળા અને ધોળા સૂતરના પડદાવાળા પવનથી ભરેલા ઘડાઓ છે; એ બધા પવનપૂર્ણ ઘટો વૈડુર્યમય સુંદર છે. વળી, એ તોરણોની આગળ રતનથી ભરેલા બબે કરંડિયાઓ છે. ચક્રવર્તીના રત્નપૂર્ણ કરંડિયાની જેમ એ કરંડિયાઓ પોતાના પ્રકાશથી એ જગ્યાને ચારે બાજુથી ચકચકતી કરી મૂકે છે. વળી, એ તોરણોની આગળ વજ્રમય બબે હયકંઠા ગજકંઠા ગંજકંઠા નરકંઠા કિન્નરકંઠા કિંપુરુષકંઠા મહોરગકંઠા ગાંધર્મકંઠા અને ધર્વકંઠા અને વૃષભકંઠા છે. તેઓમાં સર્વરત્નમય બબ્બે ચંગેરીઓ છે. તેમાં સર્વરત્નમય પુષ્પ માળા ચૂર્ણ વસ્ત્ર આભરણ સરસવ અને પીંછીઓ મૂકેલી છે. વળી, એ તોરણોની આગળ બબ્બે સિંહાસનો અને બબ્બે છત્રો હોવાનું જણાવેલું છે. એ છત્રોના દાંડા વૈડુર્યના, ઝૂલ સોનાની,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંધા વજ્રના, મોતીથી પરોવેલી સોનાની આઠ હજાર સળીઓ અને ચંદન જેવી શીતળ સુગંધી છાયા છે. મંગળરુપ ચિત્રોથી આલેખેલાં ચંદ્રના ઘાટ જેવાં એ સર્વ છત્રો અતિ-શોભનિક છે. વળી, એ તોરણોની આગળ બે બે ચામરોની હયાતી છે. એ ચામરોના હાથા વૈડુર્યના અને એમાં વિવિધ મણિરત્નની કોરણી કોરેલી છે. ક્ષીરસાગરના ફીણ જેવાં પાતળા વાળવાળાં સર્વરત્નમય એ ચામરો બહુ સુશોભિત દેખાય છે. તે તોરણોની આગળ તેલ, કુઠ, પત્ર, ચૂઆ, તગર, એલચી, હરતાળ, હિંગળોક, મણસિલ અને અંજન ના બબે કુડલાઓની અસ્તિછે.એ કુડલા ઓ સર્વરત્નમય અને અનુપમ શોભાવાળા છે.

[૩૦]વળી, એ સૂર્યાભવિમાનના એક એક બારણા ઉપર ચક્રની નીશાનીવાળા એકસો ને આઠ ધ્વજો છે; એ જ પ્રમાણે મૃગ, ગરુડ, છત્ર, પીંછું, પક્ષી, સિંહ, વૃષભ, ચાર દંતો હાથી અને ઉત્તમ નાગની નીશાનીવાળા એકસો ને આઠ આઠ ધ્વજો છે, અર્થાત્ એ પ્રત્યેક બારણા ઉપર એક હજાર અને એંશી ધ્વજો લહેરી રહ્યા છે. એ સૂર્યાભવિમાનમાં ચંદરવાથી સુશોભિત પાંસઠ પાંસઠ ભૌમો છે. એ ભૌમોની બરાબર વચ્ચે એક એક સિંહાસન માંડેલું છે, બાકીના ભૌમો ઉપર એક એક ભદ્રાસન માંડેલુ છે. વિમાનમાં બારણાંઓનાં ઓતરંગો સોળ પ્રકારનાં રત્નો થી ઘડેલાં છે. બારણાંઓ ઉપર ધજા અને છત્રોથી શોભતાં આઠ આઠ મંગલો આવેલાં છે : એ રીતે વિમાનની ચારેબાજુનાં તે બધાં બારણાંઓ એવી ઉત્તમોત્તમ શોભાવાળાં છે. એ સૂર્યાભવિમાનની આસપાસ પાંચસેં પાંચસેં યોજન મૂકીને ચાર દિશામાં ચાર વખંડો આવેલા છે. પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં સાદડવન, પશ્ચિમમાં ચંપકવન અને ઉત્તરમાં ચૂતકવન. એ વનખંડોની લંબાઈ સાડાબાર લાખ યોજનથી કાંઈક વધારે અને પહોળાઈ પાંચસો યોજન છે. તે દરેકની ફરતો એક એક કોટ છે. એમ એ ચારે વનખંડો લીલાછમ જેવા, ટાઢા હિમ જેવા, જોનારની આંખને ઠારે એવા શીતળ છે.

[૩૧]તે વનખંડોનું ભોંતળ તદ્દન સમ-છે, તે ઉપર અનેક પ્રકારના મણિઓ અને તૃણો શોભી રહ્યાં છે, તેમનો સ્પર્શ અને ગંધ મનગમતો આકર્ષક છે. હે ભગવન્ ! પૂર્વ પશ્ચિમ દક્ષિણ અને ઉત્તરના વાયરા વાય છે ત્યારે મંદ મંદ હલતા પરસ્પર અથડાતા એવા તે તૃણોનો અને મણિઓનો કેવો અવાજ થાય છે ? હે ગૌતમ ! એમનો અવાજ શ્રમહર શ્રુતિમધુર અને શ્રુતિને અત્યંત તૃપ્તિ આપનારો થાય છે. છત્ર, ધજા, ઘંટ, પતાકા અને ઉત્તમ તોરણોથી સુશોભિત એક સુંદર રથ હોય, જેની ચારે બાજુ નાની નાની ટોકરીઓ જડેલી હોય, હિમાલયમાં ઉગેલા તિનિશના લાકડામાંથી બનાવેલો હોય, આરા અને ધોંસરું બરાબર બેસાડેલાં હોય, પૈડા ઉપરનો લોઢાનો પાટો મજબૂત હોય, કુલીન ઘોડાની જોડ જોડેલી હોય, હાંકનારો સારથિ અતિકુશળ હોય અને અનેક પ્રકારનાં હથીઆરો કવચો ભાથાંઓ વગેરે યુદ્ધોપકરણોથી જે ભરેલો હોય, એવો એ રથ, મણિઓથી બાંધેલા રાજાના ભવ્ય આંગણામાં વારંવાર ચાલતો હોય, વારંવાર આવતો જતો હોય, ત્યારે તેનો જે મધુરધ્વનિ સંભળાય છે, તેના જેવો તે તૃણોનો અને મણિઓનો ધ્વનિ છે ?

ગૌતમ ! ના, એના જેવો એમનો ધ્વનિ નથી પણ તે કરતાંય વિશેષ મધુર છે. વાદનકુશળ નર કે નારીદ્વારા રાત્રીના છેલ્લે પહોરે વાગતી ચડતી ઉતરતી મૂર્છનાવાળી એવી વૈકાલિક વીણાનો જે મધુર અવાજ સંભળાય છે તેવો અવાજ, તે તૃણોનો અને

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મણિઓનો છે ? ગૌતમ ! ના, એવો પણ નથી-એ કરતાં સવિશેષ મધુર છે. ભદ્રશાળ નંદન સોમનસ કે પાંડકવનમાં અથવા હિમાલય મલય કે મંદક ગિરિની ગુફાઓમાં રહેતા, ગાનતાનની સહેલ કરવા સાથે મળેલા કિન્નરો કિંપુરુષો મહોરગો અને ગાંધર્વોનો જેવો વિશુદ્ધ મધુર ગીતધ્વનિ ગુંજે છે, તેવો ધ્વનિ પરસ્પર અથડાતા એ મણિઓનો અને તૃણોનો છે ? ગૌતમ ! હા, તે મણિઓનો અને તૃણોનો એવો મધુરાતિમધુર ધ્વનિ નીકળે છે.

[૩૨]વળી, એ વનખંડોમાં ઠેકઠેકાણે નાની મોટી નાનામાં નાની અને મોટામાં મોટી એવી અનેક ચોરસ વાવો, ગોળ પુષ્કરિણીઓ, સીધી વહેતી નદીઓ, વાંકી ચુંકી વહેતી નદીઓ અને ફૂલોથી ઢાંકેલાં એવાં હારબંધ આવેલાં અનેક સરોવરો તથા હારબંધ શોભતા અનેક કૂવાઓ આવેલા છે. એ બધાંના કાંઠા રજતમય, કાંઠાના ભાગો ખાડાખડિયા વિનાના એકસરખા છે. એમની અંદરના પાણાઓ વજ્રમય અને વેળુ સુવર્ણ-રજતમય છે. વાવો વગેરે એ બધાં જલાશયો સુંવાળા સોનાના તળિયાવાળાં છે, એમાં ઊતરવાનાં અને નીકળવાનાં સાધનો સારી રીતે ગોઠવાએલાં છે, એમના ઘાટો અનેક પ્રકારના મણિઓથી જડેલા છે. ચાર ખૂણાવાળાં એ જલાશયોમાં પાણી અગાધ અને અતિશીતળ છે. જેમની ઉપર ભમરા ભમરીઓ ગુંજી રહ્યાં છે એવાં ઉત્પલ, કુમુદ, નલિન, સુભગ, સૌગંધિક, પૌંડરીક, સો અને હજાર પાંખડીવાળાં ખીલેલાં કમળોથી અને બિસપત્ર તથા મૃણાલના દંડોથી એ બધાં જલાશયો ઢંકાએલાં છે. જેમની અંદર ભમતા મત્સ્યો અને કાચબાઓ કલ્લોલ કરી રહ્યા છે અને જેમને કાંઠે અનેક પ્રકારનાં પક્ષીઓ વિચરી રહ્યાં છે એવાં એ સ્વસ્છતિસ્વચ્છ જળથી છલકતાં જલાશયો તે વનખંડોમાં શોભી રહ્યાંછે.

એ જલાશયોમાં કેટલાંકમાં આસવ જેવાં પાણી છે, કેટલાંકમાં શેરડીના રસ જેવાં, કેટલાંકમાં ઘી જેવાં કેટલાંકમાં દૂધ જેવાં, કેટલાંકમાં ખારા ઉસ જેવાં અને કેટલાંકમાં સામાન્ય પાણી જેવાં પાણી ભરેલાં છે. તેવા વાવો અને કૂવા વગેરે પ્રત્યેક જલાશયોની ફરતાં ચારે દિશામાં ત્રણ ત્રણ સોપાનો છે, તે સોપાનો ઉપર તોરણો ધજાઓ અને છત્રો છે. તેમાં નાની નાની વાવોની અને કૂવાની હારોમાં વચ્ચેવચ્ચે ઘણા ઉત્પાતપર્વતો નિયતિપર્વતો જગતીપર્વતો દારુપર્વતો છે તથા કોઈ ઊંચા કે નીચા એવા દકમંડપો દકનાલકો અને દકમંચો ઊભા કરેલા છે. વળી ત્યાં મનુષ્યોને હિંચવાલાયક હિંચકા જેવા કેટલાક હિંચકાઓ ગોઠવાએલા છે, તેમ પક્ષીઓને ઝૂલવાલાયક ઝૂલા જેવા કેટલાયે ઝૂલાઓ ઝૂલી રહ્યા છે. એ બધા હિંચકાઓ અને ઝૂલાઓ સર્વરત્નમય હોવાથી અધિકાધિક પ્રકાશમાન અને મનોહર છે. વચ્ચે વચ્ચે આવેલા તે પર્વતો ઉપર અને હિંચકાઓ ઉપર સર્વરત્નમય એવાં અનેક હંસાસનો, ક્રૌંચાસનો, ગરુડાસનો, ઉન્નત ઢળતાં અને લાંબાં આસનો, પક્ષ્યાસનો, ભદ્રાસનો, વૃષભાસનો, સિંહાસનો, પદ્માસનો અને સ્વસ્તિ કાસનો સજાએલાં છે.

વળી, તે વનખંડોમાંસર્વરત્નય ઝળહળાયમાન એવાંઆલિગૃહો, માલિગૃહો, કદલીગૃહો, લતાગૃહો, આસનગૃહો, પ્રેક્ષણગૃહો, મંડનગૃહો, પ્રસાધનગૃહો, ગર્ભગૃહો, મોહર્નગૃહો, શોલાગૃહો, જાળીવાળાંગૃહો, ચિત્રગૃહો, કુસુમગૃહો, ગંધગૃહો, આરિસાભવનો શોશી રહ્યાં છે અને તે પ્રત્યેક ગૃહમાં પૂર્વે કહ્યા પ્રમાણે હંસાસનો વગેરે આરામ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપનારાં આસનો માંડેલાં છે. વળી, તે વનખંડોમાં જ્યાં ત્યાં સર્વરત્નમય એવા ઝળાં ઝળાં થતા જાઈની વેલોના મંડપો, જૂઈની વેલોના મંડપો, મલ્લિકા, નવમાલિકા, વાસંતી, દધિવાસુકા, સૂસલ્લિ-સૂરજમુખી, નાગરવેલ, નાગ, અતિમુક્તક, અપ્ફોયા અને માલુકાની લતાઓના મંડપો ફેલાએલા છે. તે પ્રત્યેક મંડપમાં હંસ અને ગરુડ વગેરેના ઘાટના, ઉંચા ઢળતા અને લાંબા એવા કેટલાય સર્વરત્નમય શિલાપટ્ટકો ઢાળેલા છે. તે બધાય શિલાપટ્ટકો માખણ જેવા સુંવાળા કોમળઅનેદેદીપ્યમાનછે.હે ચિરંજીવ શ્રમણ ! તે સ્થળે અનેક દેવો અને દેવીઓ બેસે છે, સૂએ છે, વિહરે છે, હસે છે, રમે છે, રતિક્રીડા કરે છે અને એ રીતે પોતે પૂર્વે ઉપાર્જેલાં શુભ કલ્યાણમય મંગળરુપ પુણ્ય કર્મોના ફલ વિપાકોને ભોગવતા આનંદપૂર્વક વિચરે છે.

[૩૩] વળી, તે વનખંડોની વચ્ચોવચ્ચ પાંચસેં યોજન ઉંચા અને અઢીસો યોજન પહોળા એવા ચાર મોટા પ્રાસાદો શોભી રહ્યા છે. એ પ્રાસાદોનાં ભોંયતળિયાં તદ્દન સપાટ છે અને તેમાં ચંદરવા સિંહાસનો વગેરે ઉપકરણો યથાસ્થાને ગોઠવાએલાં છે. તેમાંના એક પ્રાસાદમાં અશોકદેવ, બીજામાં સપ્તપર્ણદેવ, ત્રીજામાં ચંપકદેવ અને ચોથામાં ચૂતકદેવ એમ ચાર દેવોનો નિવાસ છે. એ ચારે દેવો મોટી દિવ્ય સમૃદ્ધિવાળા અને પલ્યોપમપ્રમાણ આયુષ્યવાળા છે. જેની આસપાસ ચારે બાજુ એવડો મોટો અને અતિશય સુંદર વનખંડ શોભી રહ્યો છે એવા તે સૂર્યાભનામના દેવવિમાનનો અંદરનો ભૂભાગ તદ્દન સપાટ અને અત્યંત રમણીય છે. ત્યાં પણ ઘણા દેવો અને દેવીઓ ફરે છે, બેસે છે, હસે છે, રતિક્રીડા કરે છે અને આનંદ માણતા વિચરે છે. તે વિમાનના એ ભૂભાગની વચ્ચોવચ્ચ લાખ યોજન લાંબું પહોળું એવું એક મોટું ઉપકારિકાલયન છે; તેનો ઘેરાવો ત્રણ લાખ સોળહજાર બસેં સત્તાવીસ યોજન, ત્રણ કોશ, અઠ્ઠાવીસસેં ધનુષ, તેર આંગળ અને ઉપર ઓછું વધતું અડધું આંગળ છે. એ એવું મોટું લયન આખુંય સુવર્ણમય છે અને અત્યંત મનોહરમાં મનોહર છે.

[૩૪]એ લયનની ચારે બાજુ અડધું યોજન ઊંચી અને પાંચસેં ધનુષ પહોળી એવી એક મોટી પદ્મવરવેદિકા છે અને એટલાજ માપનો એક મોટો વનખંડ તે લયનને ઘેરી રહેલો છે. તે વેદિકાના થાંભલા, પાટિયાં, ખીલીઓ, ખીલીઓની ટોપીઓ, વાંસડા, વાંસડા ઉપરનાં નળિયાં, પાટીઓ, મોભીયાં, ઢાંકણાં અને તેનાં જાળિયાં ગોખલા વગેરે એ બધું વિવિધ રત્નમય મણિમય વજ્રમય અને સુવર્ણરજતમય છે. એનાં કેટલાંક જાળિયાં નાની નાની ટોકરીઓવાળાં, મોતીના પડદાવાળાં અને મોટી મોટી લટકતી માળાવાળાં છે. એ વેદિકામાં જ્યાં ત્યાં સર્વરત્નમય ઘોડાની વૃષભની અને સિંહ વગેરેની જોડો શોભી રહી છે. હે ભંતે ! એ વેદિકાને પદ્મવરવેદિકા કહેવાનું શું કારણ ? ગૌતમ ! એ વેદિકાના થાંભલા, પાટીયાં, ખીલીઓ, ખીલીઓની ટોપીઓ, મોભ અને જાળિયાં વગેરે દરેક ભાગમાં, ચોમાસાના પડતા પાણીને રોકી શકે એવાં છત્રાકાર અનેક પ્રકારનાં સર્વરત્નમય સુંદર ઉત્પલો, કુમુદો, નલિનો, પુંડરીકો વિગેરે નાના પ્રકારનાં ખીલેલાં પદ્મો શોભી રહ્યાંછે, માટે તેને પદ્મવરવેદિકા કહેલી છે.

હે ભગવન્ ! વર્ણવેલી એ પદ્મવરવેદિકા શું શાશ્વત છે કે અશાશ્વત છે ? ગૌતમ ! દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ તો એ વેદિકા શાશ્વત છે, પણ હે ગૌતમ ! તે વેદિકાના વર્ણો, ગંધો, રસો અને સ્પર્શોની દૃષ્ટિએ જોતાં અર્થાત્ વર્ણાદિ પર્યાયોની અપેક્ષાએ તો તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેદિકા અશાશ્વત છે, માટે તેને શાશ્વત પણ કહી છે અને અશાશ્વત પણ કહી છે. હે ભગવન્ ! ઉપર વર્ણવેલી વેદિકા, શું ત્યાં કાયમ રહેવાની છે ? હે ગૌતમ ! એ વેદિકા, ત્યાં કોઈ દિવસ ન હતી, નથી કે નહિ હશે એમ તો ન કહેવાય; પણ એ, ત્યાં હમેશાંને માટે હતી, છે અને હશે એમ કહેવાય; માટે તે ત્યાં ધ્રુવ, શાશ્વત, અવ્યય, નિત્ય અને સદા અવસ્થિત છે એમ માનવું જોઈએ. ઉપકારિકાલયની ફરતો જે વનખંડ વર્ણવેલો છે તેનો ચક્રવાલવિષ્કંભ બે યોજનથી કાંઈક ઓછો છે અને તેનો ઘેરાવો તો તે લયનના જેટલોજ છે. એ વનખંડમાં પણ અનેક દેવો અને દેવીઓ ફરે છે, હસે છે, બેસે છે, સૂએ છે અને રતિક્રીડા કરતાં વિહરે છે. એ લયનની ફરતાં ચારે દિશામાં ચાર ચાર સોપાનો ગોઠવેલાં છે. એ સોપાનો ઉપર તોરણો ધ્વજો અને છત્રો વગેરે ઘણા મનહર પદાર્થો ઝૂલી રહ્યા છે. લયનનું ભોંયતળ, મણિરત્ન અને વજ્ર વગેરે બહુમૂલ્ય ધાતુઓથી બાંધેલું છે અને વળી તે તદ્દન સપાટ અને ચારે બાજુ ઝગારા મારતું શોભી રહ્યું છે.

[૩૫]લયનના તે સમતળ ભૂભાગની વચ્ચોવચ્ચ પાંચસેં યોજન ઉંચો અને અઢીસો યોજન પહોળો એવો એક મોટો મુખ્ય પ્રાસાદ આવેલો છે. તે મુખ્ય પ્રાસાદની ફરતા અને તેના કરતાં ઊંચાઈ અને પહોળાઈમાં અડધા એવા બીજા ચાર પ્રાસાદોની આવી રહેલા છે. વળી, એ આજુબાજુ આવેલા ચાર પ્રાસાદોની આસપાસ તેમને વીંટળાઈને તેમના કરતાં ઉંચાઈએ અને પહોળાઈએ અડધા એવા બીજા ચાર મહાલયો સોહામણા આવેલા છે. વળી, સોહામણા એ ચાર મહાલયોને ઘેરીને ઊભેલા પણ માપમાં તેના કરતાં અડધા એવા બીજા ચાર મહાલયો ત્યાં દીપી રહેલા છે. આ છેલ્લા ચાર મહાલયોની ઊંચાઈ કરા યોજન અને પહોળાઈ એકત્રીશ યોજન ઉપર એક કોશ છે. એ બધાય પ્રાસાદોની અંદર ચંદરવા સિંહાસન વગેરે શોભાનિક ઉપકરણો ગોઠવા એલાં છે અને ઉપર ધજાઓ તોરણો અને આઠઆઠ મંગળો ઝૂલી રહ્યાં છે.

[૩૬] એમ અનેક પ્રાસાદોથી વીંટાએલા તે મૂળ પ્રાસાદથી ઉત્તરપૂર્વમાં એક મોટી સુધર્મા સભા આવેલી છે. એની લંબાઈ સો યોજન, પહોળાઈ પચાસ યોજન અને ઉંચાઈ બહોંતેર યોજન છે. જેમની ઉપર અનેક પ્રકારનાં તોરણો પૂતળીઓ અને અપ્સરા ઓનાં ઝુંડો કોરેલાં છે એવા અનેક મનહર સ્તંભો ઉપર એ સભા રચાએલી છે. એ સભાને પૂર્વમાં દક્ષિણમાં અને ઉત્તરમાં એમ ત્રણ દ્વારો મૂકેલાં છે. તે એક એક દ્વાર સોળ યોજન ઉંચું અને આઠ યોજન પહોળું છે, તેમ તે દરેકનો પ્રવેશમાર્ગ પણ તેટલાજ માપનો છે. એ ત્રણે દ્વારો ધોળાં દૂધ જેવાં, સુવર્ણમય સ્તૂપવાળાં અને ઉપર આઠ આઠ મંગળોથી વિરાજિત છે. તે પ્રત્યેક દ્વારની સામે એક એક મુખ્ય મંડપ છે. એ મંડપની લંબાઈ સો યોજન, પહોળાઈ પચાસ યોજન અને ઉંચાઈ સોળ યોજન કરતાં વધારે છે. એ મંડપને પણ પૂર્વમાં દક્ષિણમાં અને ઉત્તરમાં એમ ત્રણ બારસાખ પાડેલાં છે. તે પ્રત્યેક બારસાખ ઊંચાઈમાં સોળ યોજન, પહોળાઈમાં આઠ યોજન છે અને તે દરેકનો પ્રવેશમાર્ગ પણ તેટલાજ માપનો છે. તે બધાં બારણાંઓ ચંદરવા વગેરેથી સુશોભિત છે અને તેમની ઉપર ધજાઓ અને આઠ આઠ મંગળો છે.

વળી, તે પ્રત્યેક મુખમંડપની સામે તેમની જેવાજ સુંદર પ્રેક્ષાગૃહમંડપો આવેલા છે અને તે એક એક પ્રેક્ષાગૃહમંડપના સમતળ ભૂભાગની વચ્ચે એક મોટો વજ્રમય અખાડો શોભી રહ્યો છે. તે એક એક અખાડાની વચ્ચોવચ્ચ આઠ યોજન લાંબી પહોળી,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર યોજન જાડી અને નાના પ્રકારનાં મણિરત્નોથી બાંધેલી એવી એક મોટી મણિપીઠિકા સોહી રહી છે, એ મણિપીઠિકા ઉપર સિંહાસન વગેરે આરામની સામગ્રી ગોઠવી છે. વળી, જ્યાં પ્રેક્ષાગૃહમંડપો વર્ણવેલા છે ત્યાં તે પ્રત્યેક મંડપની સામે પણ સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી સુંદર મણિપીઠિકાઓ ઢાળેલી છે. તે દરેક પીઠિકાની ઉપર સોળ યોજન લાંબા પહોળા અને તે કરતાં ઉંચાઈમાં કાંઈક વધારે ઉંચા તથા સર્વ પ્રકારનાં રત્નોથી ચણેલા ધોળા શંખ જેવા ઊજળા એવા અનેક સ્તૂપો બાંધેલા છે. એ દરેક સ્તૂપો ઉપર ધજાઓ તોરણો અને આઠ આઠ મંગળો છે.

તથા, એ એક એક સ્તૂપની ફરતી ચારે દિશામાં વળી બીજી મણિપીઠિકાઓ આવેલી છે. તે પીઠિકાઓની લંબાઈ પહોળાઈ આઠ યોજન અને જાડાઈ ચાર યોજન છે. એ પીઠિકાઓ અનેક પ્રકારના મણિઓથી નિર્મેલી અતિશય રમણીય છે, એમની ઉપર અને એ સ્તૂપોની બરાબર સામે ચાર જિનપ્રતિમાઓ બિરાજેલી છે, એ પ્રતિમાઓ જિનની ઊંચાઈએ ઊંચી અને પર્યંકાસને બેઠેલી છે. તેમાંની એક ઋસભની, બીજી વર્ધમાનની, ત્રીજી ચંદ્રાનનની અને ચોથી વારિષેણની [એ ચાર ભગવંતોની શાશ્વત] પ્રતિમા છે. વળી, તે સ્તૂપોની સામે સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી સર્વમણિમય બીજી મણિપીઠિકાઓ નિર્મેલી છે. તે દરેક પીઠિકા ઉપર એક એક ચૈત્યવૃક્ષ આવેલું છે. એ બધાં ચૈત્યવૃક્ષો આઠ યોજન ઊંચાં અને અડધા યોજન ઊંડાં છે. બે યોજનનું તેમનું થડ અડધું યોજન પહોળું છે. થડથી નીકળી ઊંચી ગએલી વચલી શાખા યોજન ઊંચી છે. એમ એ ચૈત્યવૃક્ષોની સર્વાંગ લંબાઈ પહોળાઈ એકંદર સાધિક આઠ યોજન છે. એ વૃક્ષોનાં મૂળ વજ્રમય, શાખા રુપેરી, કંદો રિષ્ટરત્નમય, સ્કંધો વૈડુર્યના, નાની નાની શાખાઓ મણિમય રત્નમય, પાંદડાં વૈડુર્યનાં, ડીંટિયાં સુવર્ણમય, અંકુરાઓ જાંબુનદમય અને ફૂલફલભર વિચિત્ર મણિરત્નમય સુરભિ છે. એ ફળોનો રસ અમૃતસમ મધુરો છે. એ રીતે સરસ છાયા, પ્રભા, શોભા અને પ્રકાશવાળાં એ ચૈત્યવૃક્ષો વિશેષમાં વિશેષ પ્રાસાદિક છે. એ વૃક્ષો ઉપર આઠ આઠ મંગળો ધ્વજો અને છત્રો વગેરે શોભી રહેલાં છે ફરતા શિરીષ વગેરે બીજાં પણ અનેક વૃક્ષો છે.

[૩૭] એ ચૈત્યવૃક્ષોની આગળ આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી સર્વમણિમય વળી બીજી અનેક મણિપીઠિકાઓ આવેલી છે. એ દરેક પીઠિકાઓ ઉપર સાઠ યોજન ઊંચા એક યોજન ઊંડા અને એક યોજન પહોળા એવા વિશિષ્ટ પ્રકારના વજ્રમય અનેક મહેંદ્રધ્વજો ખોડેલા છે, તેમની ઉપર પવનથી ચાલતી નાની નાની અનેક પતાકાઓ, આઠ આઠ મંગળો, ધ્વજો અને છત્રો વગેરે બધું લહેરી રહેલું છે. તે દરેક મહેંદ્રધ્વજોની આગળ સો યોજન લાંબી પચાસ યોજન પહોળી અને દસ યોજન ઉંડી એવી નંદા નામની પુષ્કરિણીઓ આવેલી છે. એનાં પાણી સામાન્ય પાણી જેવાં મીઠા રસવાળાં છે. એ પ્રત્યેક પુષ્કરિણીઓની ચારે તરફ પૂર્વે વર્ણવેલાં પદ્મવરવેદિકાઓ અને વનખંડો આવેલાં છે અને પુષ્કરિણીઓમાં ત્રણ બાજુ સરસ સોપાનો ગોઠવેલાં છે તથા ઉપર બેસાડેલાં તોરણો, ધ્વજો, આઠ આઠ મંગળો અને છત્રો વગેરે તો ત્યાં ઠેકઠેકાણે દીપી રહેલાં છે.

એ સુધર્માસભામાં પૂર્વ અને પશ્ચિમમાં સોળ સોળ હજાર તથા દક્ષિણ અને ઉત્તરમાં આઠ આઠ હજાર પેઢલીઓ બાંધેલી છે. એ પેઢલીઓ ઉપરનાં પાટીયાં સુવર્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રજતમય અને તે ઉપર જડેલા નાગદંતો વજ્રમય છે. તે નાગદંતોમાં કાળા સૂતરની માળાઓ લટકે છે. વળી, એ સુધર્માસભામાં એ પેઢલીઓની જેવી જ અને જે ઉપર સુખે સૂઈ શકાય એવી સુકોમળ સુંદર શય્યાઓ બીછાએલી છે. એવી અડતાળીશ હજાર ગોમાનસીઓ આવેલી છે. તે ગોમાનસીઓની પાસે જ જડેલા નાગદંતોમાં ટાંગેલાં રજતમય શિંકાં ઉપર વૈડુર્યમય ધૂપઘડીઓ મૂકેલી છે અને એ ધૂપઘડીઓમાંથી નીકળતો સુગંધમય કાળા અગરનો ધૂપ ચારે કોર મહેકી રહ્યો છે. સભાની અંદરના ભાગનું ભોંતળ તદ્દન સપાટ અને વિવિધ મણિઓથી બાંધેલું છે અને તે ઉપર સિંહાસન ચંદરવા વગેરે સામગ્રી સરસ રીતે સજેલી છે.

વળી, એ ભોંતળની વચ્ચોવચ્ચ સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી સર્વમણિમય એક મોટી મણિપીઠિકા બાંધેલી છે. તેની ઉપર સાઠ યોજન ઊંચો, યોજન ઉંડો અને યોજન પહોળો તથા અડતાળીશ ખૂણાવાળો, અડતાળીશ ધાર વાળો-અડતાળીશ પાસાવાળો એવો મહેંદ્રધ્વજની જેવો એક મોટો માણવક ચૈત્યસ્તંભ આવેલો છે. એની ઉપર આઠ આઠ મંગળો ધજાઓ અને છત્રો વગેરે ખોડી રાખેલાં છે. એ ચૈત્યસ્તંભની વચ્ચેના છત્રીશ યોજન જેટલા ભાગમાં સોના રુપાનાં પાટીયાં જડેલાં છે. તે પાટીયાં ઉપર બેસાડેલા વજ્રમય નાગદંતોમાં રુપેરી શિંકાં ટાંગી રાખ્યાં છે. તે શિંકાં ઉપર વજ્રમય ગોળ ગોળ દાબડીઓ ગોઠવી રાખેલી છે અને તે દાબડીઓમાં જિનના સકિથઓ-રાખેલાં છે. સૂર્યાભદેવને અને બીજાં પણ અનેક દેવ દેવીઓને જિનના તે સકિથઓ અર્ચનીય છે વંદનીય છે અને પર્યુપાસનીય છે. આઠ મંગળ અને ચામર વગેરેથી સુશોભિત તે માણવક ચૈત્યસ્તંભની પૂર્વે આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી સર્વમણિમય એક મોટી મણિપીઠિકા આવેલી છે અને તેના ઉપર એક મોટું સિંહા સન ઢાળેલું છે. વળી, તે ચૈત્ય સ્તંભની પશ્ચિમે,પૂર્વે આવેલી એવી અને એવડી જ બીજી એક મણિપીઠિકા આવેલી છે, તેના ઉપર એક મોટું અતિશય રમણીય દેવશયનીય ગોઠવેલું છે. એ દેવશયનીયના પડવાયા સોનાના, પાયા મણિના અને પાયાના કાંગરાં સોનાનાં છે. એની ઈંસો અને ઉંપળાં વજ્રનાં, વાણ વિવિધમણિ મય, તળાઈ રુપેરી અને ઓશીકાં સુવર્ણમય છે. તે દેવશયનીય બન્ને બાજુથી ઊંચું અને વચ્ચેથી ઢળતું એવું ગંભીર છે, એ મેલું ન થાય માટે એના ઉપર રાતું વસ્ત્ર ઢાંકેલું છે એ માખણ જેવું સુંવાળું, કોમળ, અતિ સુવાસિત, મનોહર છે.

[૩૮] એની ઉત્તર પૂર્વે આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી સર્વમણિમય એક મોટી મણિપીઠિકા છે. તેની ઉપર સાઠ યોજન ઉંચો એક યોજન પહોળો એવો એક નાનો મહેંદ્રધ્વજ રોપેલો છે, એના ઉપર આઠ આઠ મંગળો અને ધ્વજો વગેરે શોભી રહ્યાં છે. એ નાના મહેંદ્રધ્વજથી પશ્ચિમે ચોપ્પાળ નામનો એક મોટો હથીયારોનો વજ્રમય ભંડાર છે, એમાં રત્નની તલવારો ગદાઓ અને ધનુષ વગેરે અસ્ત્રશસ્ત્રો છે. એ ભંડારમાં સાચવી રાખેલાં સૂર્યાભદેવનાં એ બધાં અસ્ત્રશસ્ત્રો ઊજળાં પાણીવાળાં અણીદાર અને વિશેષ માં વિશેષ તેજવાળાં છે. સુધર્મા સભાની ઉપર આઠ આઠ મંગળો છત્રો અને ધજાઓ વગેરે શોભાજનક પદાર્થો દીપી રહ્યાં છે.

[૩૯]એ સભાની ઉત્તરપૂર્વે સો યોજન લાંબું પચાસ યોજન પહોળું અને બહોંતેર યોજન ઊંચું એવું એક મોટું સિદ્ધાયતન આવેલું છે. એ સિદ્ધાયતનની બધી શોભા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુધર્માસભાની જેવી સમજવાની છે. એ સિદ્ધાયતનની વચ્ચોવચ્ચ સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી એક મોટી મણિ પીઠિકા આવેલી છે. એ પીઠિકાની ઉપર સોળ યોજન લાંબો પહોળો અને તે કરતાં થોડો વધારે ઊંચો એવો સર્વરત્નમય એક મોટો દેવચ્છંદક ગોઠવેલો છે. તેના ઉપર જિનની ઊંચાઈએ ઊંચી એવી એકસો ને આઠ જિનપ્રતિમાઓ બિરાજેલી છે.

એ પ્રતિમાઓના હાથપગનાં તળિયાં તપનીયમય, નખો વચ્ચે લોહિતાક્ષરત્ન જડેલ અંકરત્નના, જાંઘો, જાનુઓ, ઉરુઓ અને દેહલતા કનકમય, નાભી તપનીયમય, રોમરાઈ રિષ્ટરત્નમય, ચુચુકો અને શ્રીવૃક્ષ તપનીયમય, બન્ને ઓષ્ઠો પ્રવાલમય, દાંતો સ્ફટિકમય, જીભ અને તાળવું તપનીયમય, નાસિકા વચ્ચે લોહિતાક્ષરત્ને જડેલ કનકમય, આંખો વચ્ચે લોહિતાક્ષરત્ને જડેલ અંકરત્નમય, કીકીઓ આંખની પાંપણો અને ભવાંઓ રિષ્ટરત્નમય, બન્ને કપોલો કાન અને ભાલપટ્ટ કનકમય, માથાના વાળ ઉગવાની ચામડી તપનીયમય અને માથા ઉપરના વાળ રિષ્ટરત્નમય છે.

તે દરેક જિનપ્રતિમાઓની પાછળ, ધોળાં છત્રો ધરી રાખનારી છત્રધારક પ્રતિમાઓ છે, બન્ને બાજુએ મણિકનકમય ચામરને વીંઝતી ચામરધારક પ્રતિમાઓ છે. વળી તે દરેક જિનપ્રતિમાઓની આગળ સર્વરત્નમય એવી બે બે નાગપ્રતિમાઓ, આવેલી છે. એ ઉપરાંત એકસો આઠ એકસો આઠ ઘંટો, કળશો, ભૃંગારો, આરિસાઓ, થાળો,પાત્રીઓ,સુપ્રતિષ્ઠો,મનોગુલિકાઓ, રત્નકરંડીયાઓ, હયકંઠાઓ, ગજકંઠાઓ અને વૃષભકંઠાઓ વગેરે અનેક પદાર્થો ત્યાં એ પ્રત્યેક જિન પ્રતિમાની આગળ ગોઠવેલા છે. વળી, ફૂલ, માળા, ચૂર્ણ, ગંધ, વસ્ત્ર, આભરણ, સરસવ અને મોરપીંછ વગેરે ઉપકરણોની એકસો આઠ એકસો આઠ ચંગેરીઓ, ત્યાં પ્રતિમાઓ આગળ મૂકી રાખેલી છે. વળી, ફૂલ, માળા, ગંધ અને મોરપીંછ વગેરેનાં તેટલાં જ પટલકો ત્યાં સ્થાપી રાખેલાં છે. એ ઉપરાંત એકસો આઠ એકસો આઠ સિંહાસ નો, છત્રો, ચામરો, તેલના ડબાઓ, કુઠના ડબાઓ, સુગંધી પત્ર, સુગંધી ચૂવા, તગર, એલચી, હરતાળ, હિંગળોક, મણસિલ અને આંજણના ડબાઓ, એબધું ત્યાં યથાક્રમે ગોઠવી રાખેલું છે. એ ડબાઓમાં તેલ વગેરે જે પદાર્થો ભરેલા છે તે અત્યંત નિર્મળ સુગંધી અને ઉત્તમ જાતના છે. વળી, એ સિદ્ધાયતનમાં સુગંધી ધૂપથી મધમધતા એકસો ને આઠ ધૂપધાણાં રાખેલાં છે અને એ આયતનોની ઉપર જડેલા આઠ આઠ મંગળો ધજાઓ અને છત્રો વગેરે એમની શોભામાં વધારો કરી રહ્યાં છે.

[૪૦] તે સિદ્ધાયતનોની ઉત્તરપૂર્વે સુધર્માસભા જેવી એક મોટી ઉપપાતસભા આવેલી છે. એ સભાની ઉત્તરપૂર્વે સો યોજન લાંબો પચાસ યોજન પહોળો અને દસ યોજન ઊંડો એવો એક મોટો સ્વચ્છ પાણીનો ધરો ભરેલો છે. તે ધરાની ઉત્તરપૂર્વે સૂર્યાભદેવની એક મોટી અભિષેકસભા આવેલી છે. એ સભામાં અભિષેક કરવાની બધી સામગ્રી ભરેલી છે. તે અભિષેકસભાની ઉત્તર પૂર્વે સૂર્યાભદેવના અલંકારોથી ભરેલી એવી એક મોટી અલંકારસભા આવેલી છે. એ સભાની ઉત્તરપૂર્વે એક મોટી વ્યવસાયસભાનું સ્થાન આવેલું છે, તેમાં સિંહાસન વગેરે બધાં ઉપકરણો વ્યવસ્થિત રીતે ગોઠવેલાં છે. એ વ્યવસાયસભામાં સૂર્યાભદેવનું એક મોટું પુસ્તકરત્ન મૂકેલું છે. તે પુસ્તકનાં પાનાં રત્નનાં, પાનાં ઉપર રાખવાની કાંબીઓ રિષ્ટરત્નની, પાનામાં પરોવેલો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દોરો તપનીયનો, દોરાની ગાંઠો વિવિધમણિમય, ખડિયો વૈડુર્યનો, ખડિયાનું ઢાકણું રિષ્ટરત્નનું, તેની સાંકળ તપનીયની, શાહી રિષ્ટરત્નની, લેખણ વજ્રની અને અક્ષરો રિષ્ટરત્નમય છે. એવા એ રત્નમય પુસ્તકમાંનું બધું લખાણ ધર્મસંબંધી છે અથવા બીજી રીતે કહીએ તો એ પુસ્તક એક ધાર્મિક શાસ્ત્ર છે. તે વ્યવસાયસભાની ઉત્તરપૂર્વે આગળ વર્ણવેલા ધરા જેવડી લાંબી પહોળી અને ઊંડી એવી એક મોટી નંદાપુષ્કરિણી આવેલી છે. તેની ઉત્તરપૂર્વે આઠ યોજન લાંબું પહોળું અને ચાર યોજન જાડું એવું સર્વરત્નમય અતિશય મનોહર એક મોટું બલિપીઠ આવેલું છે. એ રીતે વર્ણવેલું સૂર્યાભ-દેવનું વસતિસ્થાન વધારેમાં વધારે મનહર અને સર્વ પ્રકારે અતિશય આકર્ષક છે.

[૪૧] તે કાલે તે સમયે તાજા અવતરેલા સૂર્યાભદેવે આહાર શરીર ઈંદ્રિય શ્વાસોચ્છ્વાસ અને ભાષા મનની પર્યાપ્તિદ્વારા શરીરની સર્વાંગપૂર્ણતા મેળવી લીધી. પછી એ દેવ એવા વિચારમાં પડ્યો કે-અહીં આવીને મારું પ્રથમ કર્તવ્ય શું છે ? હવે પછી નિરંતર શું કરવાનું છે ? તત્કાળ અને ભવિષ્યમાં સદાને માટે શ્રેયરુપ એવું શું છે ?

[૪૨] સૂર્યાભદેવ એવો વિચાર કરે છે ત્યાં તુર તજ તેની સામાનિક સભાના દેવો હાથ જોડીને સેવામાં હાજર થયા અને 'જય થાઓ વિજય થાઓ' એમ બોલી સ્વામીને વધાવતા તેની પાસે આવીને કહેવા લાગ્યા : હે દેવાનુપ્રિય ! આપના આ વિમાનમાં એક મોટું સિદ્ધાયતન છે. તેમાં જિનની ઊંચાઈએ ઊંચી એવી એક સોને આઠ જિનપ્રતિમાઓ બિરાજેલી છે. આપની સુધર્મા સભામાં એક મોટો માણવક ચૈત્યસ્તંભ ઊભો કરેલો છે તેમાં ગોઠવી રાખેલા વજ્રમય ગોળ ડબામાં જિનનાં સકિથઓ સ્થાપી રાખેલાં છે. એ, આપને અને અમને બધાને અર્ચનીય વંદનીય ઉપાસનીય છે. તો હે દેવાનુપ્રિય ! એ પ્રતિમાઓની એ સકિથઓની પૂજા વંદના અને પર્યુપાસના એ આપનું પ્રથમ કર્તવ્ય છે અને વળી વર્તમાન અને ભવિષ્યમાં સદાને માટે શ્રેયરુપ એવું પણ એજ કામ છે.

સૂર્યાભદેવ ઉક્ત સૂચન સાંભળી દેવશય્યામાંથી તુરતજ બેઠો થયો, ત્યાંથી ઉપપાતસભાના પૂર્વદ્વારે નીકળી પેલા સ્વચ્છ પાણીથી ભરેલા મોટા ધરા તરફ ગયો. ધરાને અનુપ્રદક્ષિણા કરતો તે તેમાં પૂર્વ દ્વારે પેઠો અને ત્યાં ગોઠવેલ સોપાનદ્વારા તેમાં ઊતર્યો, ત્યાં તેણે જલક્રીડા અને જલનિમજ્જન સારી રીતે કર્યાં, પછી તે ચોકખો અને પરમશુચિભૂત થઈ ધરામાંથી બહાર આવ્યો અને જ્યાં અભિષેકસભા હતી ત્યાં ગયો. અભિષેકસભાને પ્રદક્ષિણા કરતો તે પૂર્વદ્વારે તેમાં પેઠો અને ત્યાં ગોઠવેલા મુખ્ય સિંહાસન ઉપર જઈ ચડી બેઠો. પછી તેની સામાનિક સભાના દેવસભ્યોએ ત્યાંના કર્મ કરરુપ આભિયોગિક દેવોને બોલાવ્યા અને હુકમ આપ્યો કે : હે દેવાનુપ્રિયો ! આપણા સ્વામી આ સૂર્યાભદેવના મહાવિપુલ ઈંદ્રાભિષેકની તૈયારી કરો. ઉક્ત આજ્ઞા સાંભળ-તાંજ તે આભિયોગિક દેવોએ ત્યાંથી ઈશાન ખૂણામાં જઈ એક બે વાર વૈક્રિયસમુદ્ઘાત કરી લીધો અને તે દ્વારા અભિષેકની સામગ્રી માટે એક હજાર આઠ એક હજાર આઠ એવા ઘણા પદાર્થો બનાવી લીધા; જેવા કે – સોનાના, રુપાના, મણિના, સોનામણિના, રુપામણિના અને સોનારુપામણિના કલશો બનાવ્યા, ભૌમેય કલશો ઘડી કાઢ્યા; તેજ પ્રકારે અને તેટલી જ સંખ્યામાં ભૃંગારો, આરિસા,થાળો,પાત્રીઓ,છત્રો,ચામરો, ફૂલની અને મોરપીંછવગેરેની ચંગેરીઓ,તેલના, હિંગળોકના અને આંજણ વગેરેના ડબાઓ અને ધૂપધાણાંઓ એ બધું એક હજાર આઠ એક હજાર આઠની સંખ્યામાં રચી નાખ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ બધી સ્વાભાવિક અને બનાવટી સામગ્રી લઈ તે અભિયોગિક દેવો તિરછા લોક તરફ જવા વેગ વાળી ગતિથી ઝપાટાબંધ ઉપડ્યા. એ બાજુ અસંખ્ય યોજન જતાં જતાં તેઓ ક્ષીરસમુદ્ર પાસે આવી પહોંચ્યા, તેમાંથી ક્ષીરોદક અને ત્યાંના પ્રશસ્ત ઉત્પલ વગેરે કમળો લઈ ત્યાંથી તેઓ પુષ્કરોદક સમુદ્રે જઈ પહોંચ્યા. ત્યાંનાં પવિત્ર પાણી અને પુષ્પાદિક લઈ તે આભિયોગિક દેવો ભરત ઐરવતમાં આવેલાં માગધ, વરદામ અને પ્રભાસ તીર્થો તરફ ઊડ્યા. ત્યાં પહોંચી તીર્થજળ અને તીર્થધૂળ લઈ તેઓ ગંગા સિંધુ રક્તા અને રક્તવતી નદીઓને ઓવારે ઊતર્યા. ત્યાંનાં શુચિ પાણી અને માટી લેતા તેઓ ચુલ્લહિમવંત વગેરે પર્વતો તરફ જઈ ચડ્યા. ત્યાંથી પાણી પુષ્પ અને સર્વ પ્રકારની ઔષધિ સરસવ વગેરે લીધું. ત્યાંથી તેઓ પદ્મપુંડરીકના ધરા તરફ ગયા. ત્યાંનું ચોકખું પાણી વગેરે ભરી ત્યાંથી હિમવંત, ઐરવત, રોહિતા, રોહિતાંશા, સુવર્ણ કૂલા અને રુપ્યકૂલા નદીઓ ભણી તેઓ ઉપડ્યા, પછી સદ્દાવતિ વિયડાવતિ અને વૃત્ત-વૈતાઢ્ય તરફ ગયા. પછી ત્યાંથી મહાહિમવંત રુકિમ વગેરે પર્વતો ભણી ઉડ્યા અને ત્યાંથી મહાપદ્મદ્રહ મહાપુંડરીકદ્રહ તરફ જઈ પછી તેઓ હરિવર્ષ અને રમ્યક ક્ષેત્રની હરિકાંતા અને નારીકાંતા નદીઓ ભણી વળ્યા. ત્યાંથી ગંધાવતી માલવંત અને વૃત્ત-વૈતાઢ્ય તથા નિષધ નીલવંત તિગિચ્છ કેસરિદ્રહ અને મહાવિદેહની સીતા સીતોદા નદીઓ ભણી તેઓ ગયા. પછી ત્યાંથી ચક્રવર્તીના બધા વિજયોએ જઈ અને એ રીતે તે તે બધાં સ્થળોનાં પાણી માટી પુષ્પાદિક લઈ છેક છેલ્લે તેઓ મંદર પર્વતે જઈ પહોંચ્યા. મંદર પર્વતના ભદ્રશાલ નંદન અને સોમનસ વનમાંથી સુંદર ગોશીર્ષચંદન વગેરે સામગ્રી લઈ તેઓ ઝપાટાબંધ પાછા ફર્યા અને ત્વરાવાળી ચાલથી પાછા સૂર્યાભવિ-માનમાં-જ્યાં સિંહાસન ઉપર પોતાનો સ્વામી સૂર્યાભદેવ બેઠેલો છે ત્યાં-જઈ પહોંચ્યા અને પેલા સામાનિક સભાના સભ્યો સમક્ષ ઈંદ્રાભિષેકની સર્વ સામગ્રી જે તેમણે વિવિધ સ્થળેથી આણી હતી તે હાજર કરી દીધી. અભિષેકની સર્વ સામગ્રી આવી પહોંચ્યા પછી સૂર્યાભદેવની સામાનિક સભાના ચાર હજાર દેવસભ્યો, તેની ચાર પટ્ટરાણીઓ, બીજી ત્રણ સભાઓના પોતપોતાના પરિવારવાળા દેવો, સાત સેનાધિ પતિઓ - એ બધાંએ ત્યાં અભિષેકસભામાં આવી તે તે સામગ્રીદ્વારા મોટી ધામ ધૂમથી સૂર્યાભદેવનો ઈંદ્રાભિષેક કર્યો. એ મહાવિપુલ ઈંદ્રાભિષેક ચાલતો હતો ત્યારે કેટલાક દેવોએ સૂર્યાભવિમાનમાં સુગંધી પાણીનો છંટકાવ કર્યો, કેટલાકોએ તે વિમાન ની બધી ધૂળ ઝાડી કાઢી, બીજા કેટલાકોએ એ વિમાન અને તેનાં ભાગોને લિંપીગુંપીને સાફ કર્યા, માંચા ઉપર માંચા ઢાળીને વિમાનને શણગાર્યુ, ઠેકઠેકાણે હારબંધ ધજાપતા કાઓ રોપી, ચંદરવા બાંધ્યા, સુગંધી છાંટણાં છાંટ્યાં, ચંદનના થાપા માર્યા, બારણે બારણે ચંદનના પૂર્ણ કળશો અને તોરણો ટાંગ્યાં, લાંબી લાંબી સુગંધી માળાઓ લટકાવી, સુવાસિત પુષ્પો વેર્યા, સુગંધમય ધૂપો ઉવેખ્યા, સોનું રુપું વજ્ર રત્નમણિ ફૂલ ફળ માળા ચૂર્ણ ગંધ આભરણ અને વસ્ત્ર વગેરેનો વરસાદ વરસાવ્યો, મંગળ વાજાં વાગ્યાં, ઢોલ ધડુકયા, વીણાઓ રણઝણી, ધવળ મંગળ ગવાયાં, વિવિધ પ્રકારનાં અભિ નયોવાળાં નૃત્યો થયાં, નાટકો ભજવાયાં, સોનાં રુપાં રત્નો વગેરે વેંચાયાં, એમ તે તે દેવોએ પોતાના સ્વામીના અભિષેકની ખુશાલીમાં તે વિમાનને અનેક પ્રકારે સુશોભિત કર્યું. વળી, તે પ્રસંગે હર્ષમાં આવી જઈ કોઈ દેવો બુચકારા કરવા લાગ્યા, કોઈ ફૂલ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમાતા નથી, કેટલાકો નાચવા મંડ્યા, તાંડવ કરવા લાગ્યા, હોંકાર કરવા લાગ્યા, બાહુઓ અફળાવવા લાગ્યા, હણહણવા માંડ્યા, હાથીની પેઠે ચીસો પાડવા લાગ્યા; કેટલાકો ઊછળે છે, સિંહનાદ કરે છે, ઊંચે ઊડે છે, નીચે પડે છે, પગ પછાડે છે, ગાજે છે, ઝબકે છે, વરસે છે, પોતપોતાનાં નામો કહી સંભળાવે છે, તેજથી તપે છે; કેટલાકો મોટેથી થૂથૂ કરે છે અને કેટલાકો પોતાના હાથમાં ધૂપધાણાં, કળશો અને કમળો વગેરે રાખી આમતેમ દોડાદોડી કરે છેઃ એ રીતે તે દરેક દેવો પોતાના સ્વામીના અભિષેકની ખુશાલી માણે છે. અભિષેક થઈ રહ્યા બાદ તે દરેક દેવો હાથ જોડીને બોલ્યા કે : હે નંદ ! તારો જય થાઓ, હે ભદ્ર ! તારો જય થાઓ, જે અજિત છે તેને તું જિત અને જે જિત છે તેની તું રક્ષા કર. દેવોમાં જેમ ઈંદ્ર, તારાઓમાં ચંદ્ર, અસુરોમાં અમર, નાગોમાં ધરણ અને મનુષ્યોમાં ભરતની પેઠે તું અમારી વચ્ચે રહે. વળી, ઘણાં પલ્યો પમો, ઘણાં સાગરોપમો, ઘણાં પલ્યોપમો અને સારગરોપમો સુધી અમારા ઉપર અને આ આખા સૂર્યાભવિમાન ઉપર આધિપત્ય ભોગવ અને અમને બધાંને સુરક્ષિત રાખતો તું અહીં આનંદથી વિહર. આમ બોલીને તે બધાં દેવદેવીઓએ જય જય નાદ કર્યો અને એ રીતે સૂર્યાભદેવનો ઈંદ્રાભિષેક પૂરો થયો. અભિષેક પૂરો થતાં તે સૂર્યા ભદેવ, ત્યાંથી પૂર્વને બારણે નીકળી અલંકારસભાને પ્રદક્ષિણા કરતો તેમાં તેજ બારણે પેઠો અને ત્યાંના મુખ્ય સિંહાસને બેઠો.

[૪૩] પછી તેના સામાનિક સભ્યદેવોએ તેની સમક્ષ ત્યાં બધી અલંકાર સામગ્રી ઉપસ્થિત કરી. પહેલાં તો ન્હાએલો હોવાથી તેણે સુકોમળ અંગલૂછણા દ્વારા પોતાનાં અંગો લૂછ્યાં, તેના ઉપર સરસ ગોશીર્ષચંદનનો લેપ કર્યો અને ત્યારબાદ એકજ ફૂંકે ઊડી શકે તેવું ઘોડાની લાળ જેવું નરમ, સુંદર વર્ણ અને અને સ્પર્શવાળું, અને જેને છેડે સોનું જડેલું છે તેવું સ્ફટિક જેવું ઉજળું ધોળું દેવદૂષ્ય યુગલ તેણે પહેર્યું. પછી હાર, અધહાર, એકાવળ, મોતીની માળા, રત્નાવળ, અંગદ, કેયૂર,કડાં, બેરખાં, કણદોરો, દસે આંગળીએ વેઢ વીંટીઓ, છાતી ઉપર દોરો, માદળિયું, કંઠી, ઝૂમણું, કાને કુંડળ અને માથે ચૂડામણિ મુગટ વગેરે આભરણો પહેરી પોતાના દેહને એ સૂર્યાભદેવે સજાવ્યો. ગુંથેલી વીંટેલી ભરેલી અને એક બીજાના નાળથી જોડેલી એવી ચારે પ્રકારની માળાઓથી પોતાને કલ્પવૃક્ષની પેઠે સુશોભિત કરતાં તેણે દિવ્ય પુષ્પ માળ પણ પહેરી.

એ રીતે અલંકૃત થએલો તે સૂર્યાભદેવ, વ્યવસાયસભાને પ્રદક્ષિણા કરતો તેમાં આવ્યો અને ત્યાં સિંહાસનારુઢ થયો. પછી તો તેના સામાનિક સભ્યોએ તેની સમક્ષ ત્યાંના પુસ્તકરત્નને મૂક્યું, તેણે તેને ઉઘાડી વાંચી તેમાંથી ધાર્મિક વ્યવસાયને લગતી સમજુતી મેળવી લીધી. એ ક્રમ પૂરો થયા બાદ તે, ત્યાંથી પૂર્વદ્વારે નીકળી નંદા પુષ્કરિણીએ ગયો. ત્યાં ગોઠવેલા સોપાનદ્વારા પુષ્કરિણીમાં ઊતરી તેણે પોતાના હાથપગ પખાળ્યા, પછી ચોકખો પરમશુચિભૂત થઈ હાથીની મુખાકૃતિની જેવી પાણીથી ભરેલી એક મોટી ધોળી રજતમય ઝારી અને પુષ્કરિણીનાં કમળો વગેરે લઈ ત્યાંથી તે સિદ્ધાયતન તરફ જવા નીકળ્યો.

[૪૪]સિદ્ધાયતનમાં જ્યાં દેવચ્છંદ છે અને જે બાજુએ જિનપ્રતિમાઓ છે તે તરફ જઈ એ સૂર્યાભદેવે તેમને પ્રણામ કર્યા. પછી તેમને મોરપીંછથી પૂંજી, સુગંધી પાણીથી પખાળી, સરસ ગોશીર્ષચંદનનો લેપ કર્યો, સુવાસિત અંગલૂછણાથી તેમને લૂછી અને પછી તે પ્રતિમાઓને અક્ષત એવાં દેવદૂષ્ય યુગલ પહેરાવ્યાં. ત્યારબાદ તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સવસ્ત્ર પ્રતિમાઓ ઉપર ફૂલ, માળા, ગંધ, ચૂર્ણ, વર્ણ, વસ્ત્ર, આભરણ વગેરે ચડાવી તેમને લાંબીલાંબી માળાઓ પહેરાવી અને પાંચે પ્રકારનાં પુષ્પોના પગર ભર્યા. પછી તે જિન પ્રતિમાઓની સન્મુખ રુપેરી અખંડ ચોખાના સ્વસ્તિક દર્પણ વગેરે આઠઆઠ મંગળો આલેખ્યાં, વૈડુર્યમય ધૂપધાણામાં સુગંધી ધૂપ સળગાવી તે પ્રત્યેક પ્રતિમાઓ આગળ ધૂપ કર્યો અને પછી ગંભીર અર્થવાળા મોટા એકસો ને આઠ છંદો બોલી તેમની સ્તુતિ કરી. સાતઆઠ પગલાં પાછો ફર્યો, પછી બેસી, ડાબો પગ ઊંચો રાખી, જમણો પગ જમીન ઉપર મૂકી, માથું ત્રણ વાર નીચું નમાવી, હાથ જોડીને આ પ્રમાણે બોલ્યો : અરિહંત ભગવંતોને નમસ્કાર, યાવત્ અચળ સિદ્ધિને વરેલાઓને નમસ્કાર.

પછી તો એ સિદ્ધાયતનનો વચલો ભાગ, તેની ચારે બાજુનો દ્વારપ્રદેશ, મુખ મંડપો, પ્રેક્ષાગૃહમંડપો, વજ્રમય અખાડો, બધા ચૈત્યસ્તંભો, મણિપીઠિકાઓ ઉપરની જિનપ્રતિમાઓ, બધાં ચૈત્યવૃક્ષો, મહેંદ્રધ્વજો, નંદાપુષ્કરિણીઓ, માણવક ચૈત્યસ્તં-ભોમાં સચવાઈ રહેલાં જિનનાં સક્થિઓ, દેવશય્યાઓ, નાના મહેંદ્રધ્વજો, સુધર્મા સભા, ઉપપાતસભા, અભિષેકસભા, અલંકારસભા અને એ બધી સભાઓનો ચારે બાજુનો પ્રદેશ, તથા એ બધે સ્થળે આવેલી પૂતળીઓ, શાલભંજિકાઓ, દ્વાર ચેટીઓ અને બીજાં બધાં ભવ્ય ઉપકરણો વગેરેને તે સૂર્યાભદેવે મોરપીંછથી પૂંજ્યાં, દિવ્ય પાણીની ધારાઓથી પોંખ્યાં, તેમના ઉપર ગોશીર્ષચંદનો લેપ્યાં-તે વતી થાપા માર્યા અને તેમની સન્મુખ ફૂલના પગર ભર્યા, ધૂપ દીધો અને તે શોભાવર્ધક બધી સામગ્રી ઉપર ફૂલ ચડાવ્યાં, તેમજ માળાઓ, ઘરેણાં અને વસ્ત્રો વગેરે પહેરાવ્યાં અને પોતાની ઋદ્ધિને સૂચવતા તે પ્રત્યેક પદાર્થ તરફ પોતાનો સદ્ભાવ બતાવ્યો.

એમ કરતો કરતો તે, છેક છેલ્લે વ્યવસાયસભામાં આવી પહોંચ્યો. ત્યાં તેણે ત્યાંના પુસ્તકરત્નને મોરપીંછથી પૂંજ્યું, દિવ્ય જળની ધારાથી પોંખ્યું અને ઉત્તમ ગંધ તેમજ માળા વગેરે વડે પૂર્વવત્ તેની અર્ચા કરી તથા ત્યાંની પૂતળીઓ વગેરે તરફ પણ તેણે તેજ રીતે પોતાનો સદ્ભાવ સૂચિત કયો. આ બધું કરીને જ્યારે તે બલિપીઠ પાસે આવી બલિનું વિસર્જન કરે છે ત્યારે તેણે પોતાના આભિયોગિક દેવોને બોલાવી નીચેનો હુકમ કહી સંભળાવ્યો : હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્ર જાઓ અને આ સૂર્યાભવિમાનમાં આવેલા સિંગોડાના ઘાટના માર્ગોમાં ત્રિકોમાં ચતુષ્કોમાં ચત્વરોમાં ચતુર્મુખોમાંઅને મહાપથોમાં તથા પ્રાકાર અટારીઓ દ્વારો ગોપુરો તોરણો આરામો ઉદ્યાનો વનો વનરાજિઓ કાનનો અને વનખંડોમાં અર્થાત્ મારા આ વિમાનમાં વસતાં દેવો અને દેવીઓએ નાને મોટે બધે સ્થળે અર્ચનિકા કરે એવું જાહેર કરો. આભિયોગિક દેવોદ્વારા પોતાના સ્વામી સૂર્યાભદેવ ની ઉપર પ્રમાણેની ઘોષણા સાંભળી ત્યાં વસંતા પ્રત્યેક દેલો અને દેવીઓએ ઉક્ત ઘોષણામાં જણાવ્યા પ્રમાણેનાં તે તે પ્રત્યેક સ્થળની અર્ચનિકા કરી. આ બધું પતી ગયા પછી તે સૂર્યાભદેવ નંદા પુષ્કરિણીએ ગયો, ત્યાં તેણે હાથ પગ પખાળ્યા અને ત્યાંથી, તે ચાર હજાર સામાનિક દેવસભ્યો, ચાર પટ્ટરાણીઓ અને સોળ હજાર આત્મરક્ષક દેવો વગેરે અનેક દેવ દેવીઓ સાથે, મોટા ઠાઠમાઠથી વાજતે ગાજતે વરઘોડો ફરે તેમ ફરતો ફરતો સીધો પોતાની સુધર્માસભા તરફ આવ્યો, ત્યાં પૂર્વદ્વારે પેસી ત્યાંના મુખ્ય સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈને બેઠો.

[૪૫] એ સભામાં તે સૂર્યાભદેવની પશ્ચિમોત્તરે અને ઉત્તરપૂર્વે ઢાળેલાં ચાર

હજાર ભદ્રાસનોમાં સૂર્યાભદેવની સામાનિક સભાના સભ્યદેવો બેઠા, પૂર્વમાં તેની ચાર પટ્ટરાણીઓ, દક્ષિણપૂર્વમાં આંતરસભાના આઠહજારદેવો, દક્ષિણમાં મધ્યમસભાના દસ હજાર દેવો, દક્ષિણપશ્ચિમમાં બાહ્યસભાના બાર હજાર દેવો અને પશ્ચિમે સાત સાત સેનાધિપતિઓ બેઠા. વળી, તે સૂર્યાભદેવની ફરતા ચારે દિશામાં ચાર ચાર હજાર આત્મરક્ષક દેવો બેઠા. એ આત્મરક્ષક દેવોએ બરાબર સજેલાં કવચો પહેરેલાં, ખેંચેલી કામઠીવાળાં ધનુષો હાથમાં ધરી રાખેલાં, પોતપોતાના પહેરવેશો ઉપર ઉત્તમ ચિહ્ન પટ્ટો ભરાવેલા, તેમાંના કેટલાકના હાથમાં નીલાં પીળાં અને રાતાં ફળાં હતાં, કેટલાકના હાથમાં ચાપ, ચારુ, ચર્મ, દંડ, ખડ્ગ અને પાહ વગેરે અસ્ત્રશસ્ત્રો ઝબકી રહેલાં હતાં; પોતાનાસ્વામી સૂર્યાભદેવ તરફ ખૂબ ભક્તિભાવભરી દષ્ટિએ જોતા તથા વિનીત ભાવે કિંકરભૂત થઈને રહેલા અને સમયે સમયે એ સૂર્યાભદેવની રક્ષા માટે સાવધાન રહેતા તે આત્મરક્ષક દેવો ત્યાં તેની ફરતા ચારે દિશામાં તે સૂર્યાભદેવની એ બધી દિવ્ય ઋદ્ધિ છે, દિવ્ય શોભા છે અને દિવ્ય દેવશક્તિ છે.

[૪૬] હે ભગવન્!એ સૂર્યાભદેવની સ્થિતિ કેટલી લાંબી જણાવેલી છે ? -હે ગૌતમ ! એની આવરદા ચાર પલ્યોપમની જણાવેલી છે. હે ભગવન્ ! સૂર્યાભદેવની સામાનિક સભામાં બેસનારા દેવોની સ્થિતિ કેટલી લાંબી જણાવેલી છે? હે ગૌતમ ! તેઓની આવરદા પણ ચાર પલ્યોપમની જણાવેલી છે.

[૪૭]હે ગૌતમ ! તે સૂર્યાભદેવ એ પ્રકારની મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબળ, વિશાળ યશ, અતુલ સુખ અને મહાપ્રભાવવાળો છે. -હે ભગવન્ ! તે પ્રકારની દિવ્ય દેવઋદ્ધિ દેવદ્યુતિ અને દેવપ્રભાવ એ બધું એ સૂર્યાભદેવને કેવી રીતે મળ્યું ? તેણે એ બધું કેવી રીતે પ્રાપ્ત કર્યું ? અને કેવી રીતે એ બધાંનો તે સ્વામી થયો ? એ સૂર્યાભદેવ એના પૂર્વજન્મમાં કોણ હતો ? એનું નામ ગોત્ર શું હતું ? એ કયા ગામ નગર કે સંનિવેશનો નિવાસી હતો ? એણે એવું તે શું આચાર્યુ કે જેથી તે એવો મહાપ્રભાવશાળી દેવ થયો ? અથવા તથાપ્રકારના આર્ય શ્રમણ કે બ્રાહ્મણની પાસેથી તેણે એવું તે ધાર્મિક આર્ય સુવચન શું સાંભળ્યું કે જેથી તે એવો અતુલવૈભવવાળો ઉત્તમ દેવ થયો ?

[૪૮]શ્રમણ ભગવાન મહાવીરે ભગલાન ગૌતમને આમંત્રીને આ પ્રમાણે કહ્યું : હે ગૌતમ ! એમ છે કે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં કેકયિઅર્ધ નામે જનપદ ધન અને ધાન્ય વગેરેની વિભૂતિથી પરિપૂર્ણ હતો. તે દેશમાં સર્વ પ્રકારનાં સુખનું ધામ એવી સેયવિયા નામની નગરી હતી. તે નગરીથી બહાર ઉત્તરપૂર્વના દિગ્ભાગમાં- બધી ઋતુઓમાં ફળોથી લચ્યું રહેતું સુંદર સુગંધી શીતળ છાયાવાળું અને સર્વ પ્રકારે રમ્ય નંદનવન જેવું મિયવણ નામે ઉદ્યાન હતું. તે નગરીનો રાજા મહાહિમવંત જેવો પ્રભાવ-શાળી પયેસી રાજા હતો. એ રાજા અધાર્મિક, અધર્મિષ્ઠ, ધર્મને નહિ અનુસરનારો, અધર્મનેજ જોનારો, અધર્મને ફેલાવનારો હતો. એના શીલ તથા આચારમાં કયાંય ધર્મને નામનું પણ સ્થાન ન હતું.વળી, એ રાજા પોતાની આજીવિકા અધર્મથીજ ચલા-વતો. એના મોઢા માંથી 'હણો' 'છેદો ભેદો' એવીજ ભાષા નીકળતી. એ પ્રકૃતિએ પ્રચંડ ક્રોધી ભયાનક અને અધમ હતો. એના હાથ હમેશાં લોહીથી ખરડાએલા જ રહેતા. એ વિનાવિચાર્યે પ્રવૃત્તિ કરનારો, હલકાઓને ઉત્તેજન આપનારો, લાંચીયો, ઠગારો, કપટી, બગભગત અને અનેક પ્રકારના ફાંસલાઓ રચી સર્વ કોઈને દુઃખ દેનારો હતો. એનામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈ પ્રકારનું વ્રત શીલ ગુણ કે મર્યાદા ન હતાં, કદી પણ એ પ્રત્યાખ્યાન ઉપોસથ કે ઉપવાસ ન કરતો, અનેક મનુષ્યો મૃગ પશુ પક્ષી અને સર્પ વગેરેનો ઘાતક હતો. ટુંકામાં એ રાજા અધર્મનો કેતુ હતો. કદી તે ગુરુજનોનો આદર ન કરતો, વિનય ન કરતો, તેમ કોઈ શ્રમણ કે બ્રાહ્મણમાં તેને લેશ પણ વિશ્વાસ ન હતો. આવો તે ક્રૂર રાજા પોતાના આખા દેશની કરભરવૃત્તિ બરાબર ચલાવી ન શકતો.

[૪૯]એ રાજાને બોલવે ચાલવે હસવે કુશળ અને હાથેપગે સુંવાળી સૂરિયકંતા નામે રાણી હતી. પયેસી રાજામાં અનુરક્ત એ રાણી તેની સાથે અનેક પ્રકારનાં માનવી ભોગોને ભોગવતી રહેતી હતી.

[૫૦]પયેસી રાજાનો મોટો દીકરો સૂરિયકંતા રાણીને પેટે અવતરેલો સૂરિયકંત નામે યુવરાજ કુમાર હતો. એ યુવરાજ, રાજા પયેસીનાં રાજ્ય રાષ્ટ્રબળ વાહન કોશ કોઠાર અંતઃપુર અનેસમગ્ર દેશની પોતાની મેળે સંભાળ કરતો રહેતો હતો.

[૫૧] તે પયેસી રાજાને તેનાથી મોટો, ભાઈ અને મિત્ર જેવો, ચિત્ત નામે એક સારથિ હતો. સંપત્તિવાળો એ કોઈથી ન દબાય એવો હતો. વળી, એ ચિત્ત સારથિ અર્થ શાસ્ત્રમાં સૂચવેલા સામ ભેદ દંડ વગેરે રાજકારણી ઉપાયોમાં કુશળ હતો, હાજર જવાબી,અનુભવી હતો.ઔત્પત્તિકી વૈનયિકી કર્મજ અને પારિણામિક એવી ચારે પ્રકાર ની બુદ્ધિ એનામાં હતી. રાજા પયેસી, તેનાં પોતાનાં અનેક કાર્યોના કારણોના કુટંબોના મંત્રણાઓના છૂપાં કામોના રહસ્યભૂત બનાવોના અનેક જાતના નિર્ણયોના અને એવા બીજા ભેદભરેલા અનેક પ્રકારના રાજકારણોના વ્યવહારોનાં વિધાનોમાં તેની સલાહ લેતો. રાજાને મન એ સારથિ ખળાના વચલા સ્તંભ જેવો હતો અને રાજા એને પ્રમાણ ભૂત, પોતાનો આધાર, આલંબન અને પોતાની આંખ જેવો જ સમજતો હતો. એ સાર થિમાં રાજા પયેસીનો ખૂબ વિશ્વાસ હતો, માટેજ એઅનેક પ્રકારની રાજ ખટપટોમાં એ બીજાં પણ વિવિધ પ્રકારનાં રાજકાર્યોમાં પોતાની સલાહ આપી શકતો. બીજી રીતે કહીએ તો એ સારથિ રાજા પયેસીના સમગ્ર રાજ્યની ધુરાને વહેતો હતો.

[૫૨]જે વખતે રાજા પયેસી સેયવિયા નગરીમાં રાજ્ય કરતો હતો તે વખતે રાજા જિતશત્રુ કુણાલદેશની સાવત્થી નગરીનો રાજા હતો. કુણાલદેશ સમૃદ્ધિવાળો હતો અને સાવત્થી નગરીનો રાજા પણ ઋદ્ધિસિદ્ધિથી ભરેલો હતી. રાજા જિતશત્રુ પયેસી રાજાનો આજ્ઞાધારી ખંડિયો રાજા હતો. એક વખતે રાજા પયેસીએ વિશાળ મહામૂલ્ય એવું રાજાને દેવા જેવું એક મોટું ભેટણું તૈયાર કરાવ્યું. પછી ચિત્ત સારથિને બોલાવીને કહ્યું કે, ચિત્ત ! તું સાવત્થી નગરીએ જા અને ત્યાં જિતશત્રુ રાજાને આ આપણી ભેટ આપી આવ તથા ત્યાંનાં રાજકાર્યો, રાજનીતિઓ અને રાજવ્યવહારો તું જાતે પોતે જ જિતશત્રુ રાજાની સાથે રહીને જોતો-સંભાળતો થોડો વખત ત્યાં રહી પણ આવ. ચિત્ત સારથિ એ ભેટણું લઈ પોતાને ઘેર આવ્યો અને તેણે પોતાના કૌટુંબિક પુરુષોને બોલા વીને કહ્યું કે-હે દેવાનુપ્રિયો ! મારે માટે છત્રીવાળો ચાર ઘંટાવાળો એવો ઘોડા જોડેલો રથ જલદી તૈયાર કરી હાજર કરો. કૌટુંબિક પુરુષોએ રથની તૈયારીમાં લાગ્યા એટલા સમયમાં ચિત્ત સારથિ નાહ્યો, બલિકર્મ કર્યું,બખ્તર પહેર્યું, ભાથું બાંધ્યું, ગળામાં હાર સાથે રાજચિહ્નવાળો પટ્ટો પહેર્યો અને જોઈતાં હથીઆર પડીઆરો પણ બાંધી લીધાં.

પછી પેલું રાજાએ આપેલું ભેટણું લઈ, તૈયાર થઈને આવેલા રથ ઉપર ચિત્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારથિ બેઠો, તેને માથે એકે કોરંટકના ફૂલની માળાવાળું છત્ર ધર્યું અને રથની પાછળ હથીઆરબંધ બીજા અનેક માણસોને પણ તેણે સાથે લીધા. એ રીતે તે સેયવિયા નગરીથી નીકળી કેકયિઅર્ધ દેશની વચ્ચે થતો કુણાલ દેશની સાવત્થી નગરી તરફ જવા લાગ્યે. વચ્ચે વચ્ચે બહુ લાંબા નહિ એવા સુખરુપ શિરામણીવાળા પડાવ કરતો કરતો તે સાવત્થી નગરીએ જઈ પહોંચ્યો. ત્યાં જિતશત્રુ રાજાના ઘરની જે બાજુ બહારની ઉપસ્થાનશાળા હતી ત્યાં જઈ તેણે ઘોડા ઊભા રાખ્યા, રથને સ્થિર કર્યો, પછી રથથી ઊતરી પોતાના રાજાએ આપેલું ભેટણું લઈ જિતશત્રુ રાજાના ઘરમાં અંદરની ઉપસ્થાન શાળામાં ગયો, ત્યાં પહોંચી રાજા જિતશત્રુને પ્રણામ કર્યા, તેને 'જય હો વિજય હો' એમ કહીને વધાવ્યો અને પછી રાજા પયેસીએ મોકલેલું ભેટણું નજર કર્યુ. એ ભેટ સ્વીકારી જિતશત્રુ રાજાએ ચિત્તશત્રુ રાજાએ ચિત્ત સારથિનો સત્કાર કર્યો, સન્માન કર્યું અને તેને ઊતરવામાટે રાજમાર્ગ ઉપરનો એક મોટો આવાસ કાઢી આપ્યો. ચિત્ત સારથિ સાવત્થી નગરીની વચ્ચોવચ્ચ થતો તે આપેલે ઊતારે જઈ પહોંચ્યો, નાહ્યો, બલિકર્મ કર્યું, માંગલિક શુદ્ધ વસ્રો પહેર્યાં, નાનાં પણ મહામૂલ્ય ઘરેણાંથી શરીરને શણગાર્યું. પછી જમી કરીને ચોકખો થઈ સુંદર રીતે ગોઠવેલા સિંહાસન ઉપર આવીને બેઠો એટલે બપોરને વખતે નમતે છાંયે એની સામે ગાંધર્વો મધુર ગીતો ગાવા લાગ્યા અને કુશળ નાચનારાઓ સુંદર નૃત્ય કરવા લાગ્યા. આ રીતે માનવ ભોગ્ય યોગ્ય ઉત્તમ સુખોને ભોગવતો તે ત્યાં સાવત્થી નગરીમાં રહેવાં લાગ્યો.

[૫૩] તે વખતે ત્યાં-સાવત્થી નગરીમાં-પાર્શ્વાપત્ય કેશી નામે કુમારશ્રમણ પણ આવેલા હતા. એ કેશી કુમાર શ્રમણ જાતવાન કુલીન બલિષ્ઠ વિનયી જ્ઞાની સમ્યગ્દ-ર્શની ચારિત્રશીલ લાજવાન નિરભિમાની ઓજસ્વી તેજસ્વી વર્ચસ્વી અને યશસ્વી હતા. એમણે ક્રોધ માન માયા અને લોભ ઉપર જીત મેળવેલી હતી, નિદ્રા ઈંદ્રિયો અને પરીષહો ઉપર કાબૂ કરેલો હતો. એમને જીવનની તૃષ્ણા કે મરણનો ભય નહોતાં. એમના જીવનમાં તપ, ચરણ, કરણ, નિગ્રહ, સરળતા, કોમળતા, ક્ષમા, નિર્લોભતા એ બધા ગુણો મુખ્યરુપે હતા. વળી તે શ્રમણ વિદ્યાવાન માંત્રિક બ્રહ્મચારી અને વેદ તથા નયના જ્ઞાતા હતા. તેમને સત્ય શૌચ વગેરે સદાચારોના નિયમો પ્રિય હતા, તથા તેઓ ચૌદપૂર્વી અને ચાર જ્ઞાનવાળા હતા : એવા તે કેશી કુમારશ્રમણ પોતાના પાંચસેં ભિક્ષુ શિષ્યો સાથે ક્રમે ક્રમે ગામે ગામ ફરતા ફરતા સુખે સુખે વિહરતા શ્રાવસ્તી નગરીની બહાર ઈશાન ખૂણામાં આવેલા કોટ્ઠય ચૈત્યમાં આવીને ઊતર્યા અને ત્યાં યોગ્ય અભિ ગ્રહ ધારણ કરીને સંયમ તથા તપથી આત્માને ભાવિત કરતા રહેવા લાગ્યા.

[૫૪] જે વખતે કેશી કુમારશ્રમણ સાવત્થી નગરીએ આવ્યા તે વખતે તે નગરી માં ઠેર ઠેર-તરભેટામાં ત્રિકમાં ચોકમાં ચચ્ચરમાં ચોકઠામાં રાજમાર્ગમાં અને શેરીએ શેરીએ જ્યાં સાંભળો ત્યાં ઘણા લોકો પરસ્પર એમ કહેતા હતા કે આજે તો પાર્શ્વાપત્ય કેશી કુમારશ્રમણ અહીં આવ્યા છે, તો હે દેવાનુપ્રિયો ! આપણે તેમની પાસે જઈએ, તેમને વાંદીએ, નમીએ, સત્કારીએ અને સન્માનીએ. આમ વિચારીને એ નગરી નો જન સમુદાયમહાજન કોટ્ઠયચૈત્યમાં જ્યાં કેશી કુમારશ્રમણ ઊતર્યા હતા ત્યાં તેમના દર્શ નાર્થે પહોંચ્યું. કેશી કુમારશ્રમણે પોતાની પાસે આવેલા લોકોને તેમને યોગ્ય હિત શિક્ષાઓ કહી સંભળાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વખતે ત્યાંથી પાછા ફરતા લોકોનો ઘોંઘાટ સાંભળીને ચિત્ત સારથિના મનમાં એમ થયું કે -'શું આજે આ નગરીમાં ઈંદ્ર સ્કંદ રુદ્ર મુકુંદ નાગ ભૂત યક્ષ સૂતપ ચૈત્ય વૃક્ષ ગિરિ ગુફા કૂવો નદી સરોવર કે સમુદ્ર સંબંધી કોઈ ઉત્સવ છે કે જેને લઈને આ ઘણા ઉગ્રો ભોગો રાજન્યો ક્ષત્રિયો ઈક્ષ્વાકુઓ જ્ઞાતો કૌરવ્યો બ્રાહ્મણો ભટો યોધો લિચ્છવિઓ મલ્લકિઓ પ્રશાસ્તાઓ ઈભ્યો ઈભ્યપુત્રો અને સેનાપતિઓ વગેરે નાહી ધોઈને આવ જા કરી રહ્યા છે, કેટલાક ઘોડે ચડેલા છે, કેટલાક હાથીએ બેઠેલા છે અને કેટલાક ટોળે વળીને પગે ચાલતા આવજા કરે છે લોકોની એ દોડધામવાળી આવજાનું કારણ જાણતા ચિત્ત સારથિએ પોતાના કંચુકી પુરુષને તપાસ કરવા મોકલ્યો, તેણે બરાબર તપાસ કરી ખરા સમાચાર મળતાં જ આવીને ચિત્ત સારથિને વિનયપૂર્વક જણાવ્યું કે - હે દેવાનુપ્રિય ! આજે આ નગરીમાં કોઈ ઈંદ્ર કે સાગર વગેરેનો ઉત્સવ નથી પણ પાર્શ્વાપત્ય કેશી કુમારશ્રમણ આ નગરીના કોષ્ઠક નામના ચૈત્યમાં આવીને ઊતરેલા છે અને તેમના દર્શનાર્થે જવા માટે આ બધી દોડધામ ઘોંઘાટ થઈ રહ્યાં છે. પોતાના સંદેશવાહકે કહેલી એ હકીકત સાંભળીને ચિત્ત સારથિ ખુશ થયો અને તેને પણ કેશી શ્રમણ પાસે જવાનું મન થયું, એથી તેણે કૌટુંબિક પુરુષોને બોલાવીને અશ્વરથ જલદી તૈયાર કરી લાવવાનો આદેશ કર્યો. બલિકર્મ કર્યું, મંગલમય શુદ્ધ વસ્ત્રો પહેર્યાં, એક જણે એના ઉપર છત્ર ધર્યું અને એ રીતે તે, રથમાં બેસી મોટા સમુદાય સાથે કેશી કુમારશ્રમણના ઊતારા ભણી જવા નીકળ્યો. તેમની પાસે પહોંચતાં જ ઘોડાઓ ઊભા રાખ્યા, રથને થંભાવી દીધો અને પોતે રથથી ઊતરી કેશી કુમારશ્રમણની ત્રણ પ્રદક્ષિણા કરી, તેમને વાંદી નમી હાથ જોડી વિનય-પૂર્વક સેવા કરતો તેમની સામે બેઠો. કેશી કુમારશ્રમણે ચિત્ત સારથિને અને તેની સાથેની મોટા જનતાને ચતુર્યામ ધર્મનો ઉપદેશ કર્યો એટલે કે સર્વ પ્રકારની હિંસાથી વિરામ કરવો, સર્વ પ્રકારના અસત્યથી વિરામ કરવો, સર્વ પ્રકારની ચોરીથી વિરામ કરવો અને સર્વ પ્રકારના બહિર્દ્ધાદાનથી વિરામ કરવો. કેશી કુમારશ્રમણે કહેલી આ હિતશિક્ષાઓ સાંભળીને ચિત્ત સારથિ પ્રમુદિત થયો અને શ્રમણને ત્રણ પ્રદક્ષિણા દઈ હાથ જોડીઆ પ્રમાણે બોલ્યોઃહે ભગવન્ ! તમે કહેલા નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, વિશ્વાસ ધરું છું, હે ભગવન્ ! તેઓએ જણાવેલું નિર્ગ્રંથ પ્રવચન મને રુચે છે, તે પ્રમાણેના પાલન માટે ઊજમાળ થઉં છું અને હે ભગવન્ ! જેવું તમે કહેલું છે તેવું તે, મને સાચું લાગે છે. તમારી પાસે આ ઘણા ઉગ્રો ભોગો અને ઈભ્યો વગેરેએ પોતાનું પુષ્કળ સોનું રુપું ધન ધાન્ય બળ વાહન ભંડાર કોઠાર અને વિશાળ અંતઃપુર એ બધાંનો પરિત્યાગ કરીને અને એ બધું ધન જનતામાં વહેંચી દઈને મુંડ થઈ ગૃહવાસ છોડી અણગારપણું સ્વીકાર્યું છે પણ હું તેમ કરવા સમર્થ નથી. હું તો આપ દેવાનુપ્રિયની પાસે પાંચ અણુવ્રતવાળો અને સાત શિક્ષા વ્રતવાળો એમ બાર પ્રકારનો ગૃહિધર્મ સ્વીકારવા શક્તિમાન છું. કેશી કુમાર શ્રમણ બોલ્યા : હે દેવાનુપ્રિય ! તને સુખ થાય તેમ કર, તેમાં વિઘ્ન ન કર. પછી કેશી કુમારશ્રમણ પાસે ચિત્ત સારથિએ પૂર્વે જણાવેલો ગૃહિધર્મ સ્વીકાર્યો અને તેમને વાંદી નમીને પાછો એ સારથિ પોતાને ઊતારે આવી પહોંચ્યો.

[૫૫]હવે તે ચિત્ત સારથિ શ્રમણોપાસક થયો. જીવ અજીવ પુણ્ય પાપ આસ્રવ સંવર નિર્જરા ક્રિયા અધિકરણ બંધ અને મોક્ષના સ્વરુપને તે બરાબર સમજવા લાગ્યો. નિર્ગ્રંથ પ્રવચનમાં તેને હવે એવી દઢ શ્રદ્ધા થઈ કે તે પ્રવચનથી કોઈ દેવ અસુર નાગ સુવર્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યક્ષ રાક્ષસ કિન્નર કિંપુરુષ ગરુડ ગાંધર્વ કે મહોરગ વગેરે દેવગણો તેને ચળાવી શકે નહિ. નિર્ગ્રંથ પ્રવચન તરફની તેની બધી શંકાઓ ટળી ગઈ, બધી કાંક્ષાઓ શમી ગઈ અને બધી વિચિકિત્સાઓ ઓસરી ગઈ. તે એ પ્રવચનના મર્મને બરાબર સમજ્યો અને જેમ અસ્થિ મજ્જા પરસ્પર ઓતપ્રોત થઈ રહેલાં છે તેવીજ ઓતપ્રોતતા એ પ્રવચનમાં તેને થઇ ગઈ. હવે તે એમ માનવા લાગ્યો કે આ નિર્ગ્રંથ પ્રવચન પરમાર્થરુપ છે અને બાકી બધું અનર્થરુપ છે. પ્રવચનની આવી આસ્થાને લીધે હવે તે અતિશય દાનશાલી થયો એટલે હવે તેણે પોતાના ઘરના આગળિયા ઉંચા કરી લીધા તેનું શીલ એટલું બધું પવિત્ર બન્યું કે હવે તે કોઈના ઘરમાં કે અંતઃપુરમાં પ્રવેશતો તોપણ લેશમાત્ર અપ્રીતિકર નહોતો લાગતો. ચૌદશ આઠમ અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસોમાં તે પૂરેપૂરો ઉપોસથ પાળતો, નિર્ગ્રંથ શ્રમણોને નિર્દોષ ખાનપાન ખાદિમ સ્વાદિમ પીઠ પાટીયાં શય્યા સંથારો વસ્ત્ર પાત્ર કામળ પગપૂંછણું અને ઓસડવેસડ આપતો હતો તથા શીલ વ્રત ગુણ વિરમણ પ્રત્યાખ્યાન અને પોસથોપવાસ દ્વારા પોતાના આત્માને ભાવિત કરતો અને સાવત્થી નગરીમાં જે જે રાજકાર્યો અને રાજવ્યવહારો હતા તે બધાંને જિતશત્રુ રાજાને સાથે રાખીને તે પોતેજ સંભાળતો રહેવા લાગ્યો.

[૫૬]આમ કેટલાક દિવસો વીત્યા પછી કોઈ એક દિવસે રાજા જિતશત્રુએ એક મહામૂલ્ય ભેટણું તૈયાર કરાવ્યું. પછી ચિત્ત સારથિને બોલાવીને રાજાએ કહ્યું કે-હેચિત્ત ! તું સેયવિયા નગરીએ જા અને હું આ જે નજરાણું આપું છું તે રાજા પયેસીને નજર કર તથા મારી વતી એમને વિનંતી કરજે કે તેમણે જે મારે યોગ્ય સંદેશો કહી મોકલાવ્યો છે તે મારે મન સાચો અને અસંદિગ્ધ છે. આમ સૂચના આપીને રાજાએ વિશેષ આદરપૂર્વક ચિત્ત સારથિને વિદાય આપી. ચિત્ત સારથિ પણ એ ભેટણું લઈ પોતાને ઉતારે આવી, જવાની તૈયાર કરવા લાગ્યો. જતાં પહેલાં તે નાહી ધોઈ શુદ્ધ વસ્ત્રો પહેરી કેશી કુમારશ્રમણ પાસે ગયો. શ્રમણે સારથિને ધર્મોપદેશ કર્યો. ધર્મોપદેશ સાંભળી સારથિ પ્રસન્ન થયો. ઉઠતાં તેણે શ્રમણને વિનંતિ કરી કે – હે ભગવન્ ! રાજા જિતશત્રુની વિદાય લઈ આજે હું સેયવિયા નગરી ભણી રવાના થઉં છું, તો હે ભગવન્ ! તમે કોઈ વાર સેયવિયા નગરી જરૂર પધારજો. સેયવિયા નગરી પ્રાસાદિક છે, દર્શનીય છે અને બધી રીતે રમણીય છે, માટે જરૂર તમે ત્યાં પધારવા કૃપા કરશો.

[૫૭] ચિત્ત સારથિના આ કથનનો કેશી શ્રમણે આદર ન કર્યો, ધ્યાન ન આપ્યું, પણ માત્ર મૌનજ ધરી રાખ્યું. છતાં ચિત્ત સારથિએ તો બીજીવાર અને ત્રીજીવાર પણ સેયવિયા નગરી આવવાનો આગ્રહ કર્યા કર્યો. જ્યારે બે ત્રણવાર સારથિએ આગ્રહભરી વિનંતિ કરી ત્યારે કેશી કુમારશ્રમણ સારથિ પ્રતિ બોલ્યા કે - હે ચિત્ત ! જેમ કોઈ એક લીલોછમ ઠંડી છાયાવાળો મોટો વનખંડ હોય, તો હે ચિત્ત ! તે વનખંડ, મનુષ્ય પશુ પક્ષી અને સર્પો વગેરેને રહેવાલાયક ખરો ? ચિત્ત બોલ્યો-હા જરૂર-એ રહેવાલાયક ખરો. શ્રમણ બોલ્યા-પણ હે ચિત્ત ! એ વનખંડમાં અનેક પ્રાણીઓનું લોહી પીનાર ભીલુંગા નામના પાપશકુનો રહેતા હોય તો એ વનખંડ શું રહેવાલાયક ખરો ? ચિત્ત બોલ્યો - એમ હોય તો એ સારો વનખંડ પણ ઉપસર્ગ દેનારો હોવાથી રહેવાલાયક ન ગણાય. શ્રમણ બોલ્યા-એજ પ્રમાણે, હે ચિત્ત ! તારી સેયવિયા નગરી પણ ભલે ઘણી સારી હોય, છતાં તેનો અધાર્મિક રાજા પયેસી પ્રજાનો કારભાર સારી રીતે ન ચલાવ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નારો હોવાથી હું ત્યાં કેવી રીતે આવી શકું ?

પછી ચિત્ત સારથિએ કેશી કુમારશ્રમણને એમ કહ્યું કે-હે ભગવન્ ! તમારે રાજા પયેસી સાથે શું કરવું છે ? સેયવિયા નગરીમાં સાર્થવાહ વગેરે બીજા ઘણા લોકો છે, જેઓ આપ દેવાનુપ્રિયને વાંદશે નમશે અને આપની સેવામાં રહેશે. તેમ જ એ લોકો આપને ખાનપાન ખાદિમ સ્વાદિમ પ્રતિલાભશે તથા પીઠ ફલક શય્યા સંસ્તારક વગેરે દ્વારા પણ આપને ઉપનિમંત્રિત કરશે. સારથિનું આ કથન સાંભળી કેશી કુમાર બોલ્યા-ચિત્ત ! ત્યારે વળી કોઈ વખતે તારી સેયવિયા નગરીએ પણ આવીશું. પછી સારથિ કેશી શ્રમણને વાંદી નમી ત્યાંથી પોતાના ઊતારા તરફ જવા માટે પાછો ફર્યો. ઊતારે આવી ઘોડે જોડેલા ચાર ઘંટાવાળા રથમાં બેસી સેયવિયા નગરીથી જે રીતે આવ્યો હતો તે રીતે કુણાલદેશની વચમાં થતો પાછો ત્યાં જવા નીકળ્યો.

[૫૮]કેકયિઅર્ધ દેશની સેયવિયા નગરીમાં આવતાંજ ચિત્ત સારથિએ ત્યાંના મિયવણ ઉદ્યાનના રખેવાળોને બોલાવી સૂચના કરી કે-હે દેવાનુપ્રિયો ! પાર્શ્વપિત્ય કેશી કુમાર શ્રમણ ક્રમે ક્રમે ગામેગામ ફરતા ફરતા અહીં આવવાના છે, તો તેઓ અહીં આવે ત્યારે, દેવાનુપ્રિયો ! તમે તેમને વાંદજો, નમજો, તેમને રહેવાયોગ્ય સ્થળમાં રહેવાની અનુજ્ઞા આપજો અને પીઠ ફલક શય્યા સંસ્તારક લઈ જવા નિમંત્રણ કરજો. તે રખે-વાળોએ ચિત્ત સારથિનું ઉક્ત કથન માથે ચઢાવ્યું અને તેઓ કેશી કુમારના આગમ નની રાહ જોવા લાગ્યા. મિયાવણના રખેવાળોને પૂર્વોક્ત ભલામણ કરી ચિત્ત સારથિ સેય-વિયા નગરીએ આવી પહોંચ્યો. નગરીની વચ્ચોવચ્ચ થતો તે, પયેસી રાજાના ઘરમાં બહારની ઉપસ્થાનશાળા તરફ ગયો. ત્યાં પહોંચી તેણે ઘોડાઓને થંભાવી રથ ઊભો રાખ્યો, રથથી ઊતરી રાજા જિતશત્રુએ આપેલું મહામૂલ્ય ભેટણું લઈ તે સારથિ રાજા પયેસી પાસે ગયો, હાથ જોડી રાજા પયેસીને વધાવી તે ભેટણું તેને નજર કર્યું. રાજા પયેસીએ જિનશત્રુની ભેટ સ્વીકારતાં ચિત્ત સારથિનું સન્માન કર્યું, સત્કાર કર્યો અને તેને પોતાને ઘેર જવાની અનુજ્ઞા આપી. રાજા પાસેથી નીકળી રથમાં બેસી સારથિ પોતાને ઘેર આવ્યો, નાહ્યો, બલિકર્મ કર્યું, ખાઈ પીને શુદ્ધ થયો અને પછી પોતાના ઉત્તમ પ્રાસાદમાં સુશોભિત સિંહાસને બેઠો. ત્યાં તેની સામે મૃદંગો વાગવા લાગ્યા, બત્રીશ પ્રકારનાં નાટકો થવા લાગ્યાં અને ઉત્તમ તરુણીઓ નાચવા લાગી : એ રીતે તે, ગાનતાન માં પોતાનો સમય વિતાવતો ઉત્તમ સુખોને ભોગવતો રહેવા લાગ્યો.

[૫૯] હવે અન્ય કોઈ દિવસે કેશી કુમારશ્રમણે માગી આણેલાં પીઠ પાટીયાં શય્યા અને સંથારો પાછાં આપી દીધાં અને પોતે પોતાના પાંચસેં અનગારો સાથે બહાર વિહાર અર્થે નીકળી પડ્યા. સાવત્થી નગરીથી વિહાર કરી ફરતાં ફરતાં તેઓ કેકયિ અર્ધ દેશની સેયવિયા નગરીના મિયવણ ઉદ્યાનમાં આવી પહોંચ્યા અને ત્યાં યથોચિત અવગ્રહ સ્વીકારી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહેવા લાગ્યા. જ્યારે કેશી કુમારશ્રમણ તે ઉદ્યાનમાં આવી પહોંચ્યા ત્યારે તેમનું આગમન થયું જાણી તે ઉદ્યાનપાલકો બહુ ખુશ થયા. તેમની પાસે આવીને તેઓએ કેશી શ્રમણને વાંદ્યા, તેમને યોગ્ય રહેવાના સ્થળમાં રહેવાની અનુમતિ આપી, અને તેમને ઉપયોગમાં લેવા માટે પીઠ પાટીયાં સંથારો વગેરે લઈ જવાને નિમંત્રણ આપ્યું. તે રખેવાળોએ કેશી કુમાર શ્રમણનાં નામ અને ગોત્ર પૂછીને યાદ પણ કરી લીધાં. પછી તેઓ એકાંતમાં ભેગા થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરસ્પર વાતચીત કરવા લાગ્યા કે, હે દેવાનુપ્રિયો ! આપણો ચિત્તસારથિ જેમની વાટ જોતો રહે છે, જેમનું દર્શન ઈચ્છે છે અને જેમનાં નામ ગોત્ર સાંભળતાં પણ એ ખૂબ પ્રસન્ન થાય છે, તે જ આ કેશી કુમારશ્રમણ ગામેગામ ફરતાં ફરતાં અહીં સેયવિયા નગરીમાં આવી ચડ્યા છે; તો હે દેવાનુપ્રિયો ! આપણે જઈએ અને ચિત્તસારથિને તેને અતિપ્રિય લાગે તેવી કેશી કુમારના આગમનની હકીકત જણાવીએ.

એવો વિચાર કરી તે ઉદ્યાનપાલકો ચિત્ત સારથિને ઘેર ગયા, તેને પ્રમાણ પૂર્વક જયવિજયથી વધાવી કહેવા લાગ્યા કે, હે દેવાનુપ્રિય ! તમે જેમની વાટ જોઈ રહ્યા છો તે કેશીકુમારશ્રમણ આપણી સેયવિયા નગરીના મિયવણ ઉદ્યાનમાં આવી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહેવા લાગ્યા છે. ઉક્ત હકીકત સાંભળી ચિત્તસારથિ બહુ ખુશ થયો. પછી તે, આસનથી ઉઠી- ઊભો થઈ પાદપીઠથી નીચે ઊતરી પગમાંથી મોજડીઓ કાઢી નાંખી ખભે ખેસ રાખી હાથ જોડી જે દિશામાં કેહી કુમારશ્રમણ ઊતર્યા હતા તે દિશા તરફ સાતઆઠ પગલાં ગયો અને પ્રણામપૂર્વક તેમની સ્તુતિ કરવાલાગ્યો : નમોઽત્થુણં અરિહંતાણં ભગવંતાણં વગેરે. આ શક્રસ્તવ પૂરું કરતાં છેવટે તે બોલ્યો કે -અહીંના મિયવણ ઉદ્યાનમાં પધારેલા એ મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક કેશી કુમારશ્રમણ ભગવાનને હું વાંદુ છું.

એ રીતે પોતાના ધર્માચાર્યને નમસ્કાર કરી તેમનો આગમન સંદેશો કહેવા આવનાર તે ઉદ્યાનપાલ કોનો સારથિએ સત્કાર કર્યો અને જીવતાં સુધી પહોંચે તેટલું વિશાળ પ્રીતિદાન આપી તેમને વિદાય કર્યા. પછી તેણે કૌટુંબિક પુરુષોને બોલાવીને અશ્વરથ જલદી તૈયાર કરી લાવવાનો આદેશ કર્યો. રથ આવતાં આવતાં તો તે નાહી, બલિકર્મ, કરી, શુદ્ધ વસ્ત્રો પહેરી અને શરીરને શોભાવી તૈયાર થઈ ગયો. પછી રથમાં બેસી મોટા જનસમુદાય સાથે કેશી કુમારશ્રમણ દર્શનાર્થે તે ગયો.

[૬૦]કેશી શ્રમણની ધર્મદેશના સાંભળી હરખાએલો અને તોષ પામેલો સારથી બોલ્યો કે -હે ભગવન્ ! અમારો રાજા પએસી અધાર્મિક છે અને પોતાના દેશનો ય કારભાર બરાબર ચલાવતો નથી, તેમ કોઈ શ્રમણ બ્રાહ્મણ કે ભિક્ષુઓનો આદર કરતો નથી, અને સર્વ કોઈને હેરાન કરે છે. માટે હે દેવાનુપ્રિય ! તમે એ રાજાને ધર્મોપદેશ આપો, તો તેનું ઘણું ભલું થાય, સાથે શ્રમણ બ્રાહ્મણ ભિક્ષુઓ, મનુષ્યો, પશુઓ અને પક્ષીઓનું પણ ઘણું ભલું થાય અને તેમ થતાં તેના આખાય દેશનું પણ ઘણું સારું થાય.

[૬૧]ચિત્તસારથિનું આ કથન સાંભળી કેશી કુમારશ્રમણ બોલ્યા કે-હે ચિત્ત ! જે મનુષ્યો આરામ કે ઉદ્યાનમાં આવેલા શ્રમણ બ્રાહ્મણની સામે જતા નથી, તેમને વાંદતા નમતા કે સત્કારતા નથી, તેમ જ તેમની પર્યુપાસના કરતા નથી અને તેમની પાસે જઈ પોતાના પ્રશ્નોના ખુલાસા પૂછતા નથી, તેઓ કેવળીએ કહેલા ધર્મને સાંભળવાનો લાભ મેળવી શકતા નથી. જે મનુષ્યો ઉપાશ્રયમાં આવેલા શ્રમણ બ્રાહ્મણનો આદર કરતા નથી, તેમની પાસે જઈ કશો ખુલાસો પૂછતા નથી, તેઓ ધર્મ સાંભળવાનો લ્હાવો લઈ શકતા નથી. જે મનુષ્યો ગોચરીએ નીકળેલા શ્રમણ બ્રાહ્મણની ભક્તિ કરતા નથી, તેમજ તેમને વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમ વડે પ્રતિલાભતા નથી તથા તેમને કોઈ પ્રકાર નો ખુલાસો પૂછતા નથી, તેઓ ધર્મને સાંભળવા સમજવાના અધિકારી થઈ શકતા નથી. તેમજ જે મનુષ્યો તેમજ જે મનષ્યો શ્રમણ બ્રાહ્મણની પાસે જવા છતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની જાતને હાથ કપડું કે છત્રીવડે ઢાંકી રાખે છે - છુપાવી રાખે છે કશો ખુલાસો પૂછવા આગળ આવતા નથી, તેઓય ધર્મને સાંભળવાનો લાભ ખોઈ બેસે છે. પણ હે ચિત્ત ! જે મનુષ્યો આરામ ઉદ્યાન કે ઉપાશ્રયમાં આવેલા શ્રમણ બ્રાહ્મણનો આદર કરે છે, ગોચરીએ આવેલા તેમને વિપુલ દાન આપે છે અને તેમની પાસે જતાં પોતાની જાતને ન છુપાવતાં જ્યાં જ્યાં પ્રસંગ મળે ત્યાં ત્યાં સર્વ ખુલાસા પૂછી લે છે, તેઓ જ ધર્મને સાંભળવાનો સમજવાનો કે મેળવવાનો લાભ મેળવી શકે છે. તો હે ચિત્ત ! તારા રાજા પએસીને અમે ધર્મ કેવી રીતે કહી શકીએ, કેમકે તે અમારી પાસે આવતો નથી તેમજ અમારી સામું પણ જોતો નથી. પછી સારથિ બોલ્યો : હે ભગવન્ ! કોઈ એક વખતે મારી પાસે કંબોજ દેશમાંથી ચાર ઘોડાઓની ભેટ આવેલી છે, એ મેં ન રાખતાં રાજાને ત્યાં મોકલી આપી છે, તો એ ઘોડાઓના બહાનાથી રાજા પએસીને હું આપ દેવાનુપ્રિયની પાસે લાવી શકીશ; માટે હે દેવાનુપ્રિય!તે સમયે તમે રાજા પએસીને ધર્મકથા કહેતાં લેશ પણ ગ્લાન થશો નહિ. તમે તમારે રાજા પએસીને ખૂબ છૂટથી ધર્મ કહેજો-લેશ પણ અચકાશો નહિ. પછી કેશી કુમારશ્રમણ બોલ્યા : હે ચિત્ત ! તે પ્રસંગે વાત . ત્યારબાદ ચિત્તસારથિ પોતાના ધર્માચાર્ય કેશી કુમારશ્રમણને વાંદી નમી રથમાં બેસી પોતાને આવાસે જઈ પહોંચ્યો.

[૬૨]હવે એક દિવસે પ્રભાતના પહોરે નિયમ ધારી અને આવશ્યક કરી સૂર્ય ઉગતાં જ ચિત્તસારથિ પોતાને ઘેરથી રાજા પએસીને ઘેર ગયો. રાજાને નમસ્કાર કરી જય-વિજયથી વધાવી તે બોલ્યો : હે દેવાનુપ્રિય ! આપને મેં કેળવેલા ચાર ઘોડાની ભેટ મોકલેલી છે, તો હે સ્વામી ! ચાલો અને એ ઘોડાઓની ચેષ્ટા જુઓ, અર્થાત્ એમનાં ચાલ સ્વભાવ વગેરેની પરખ કરો. રાજાએ સારથિને કહ્યું : ચિત્ત ! તું જા અને પારખ વાના તે ચારે ઘોડાઓ જોડેલો અશ્વરથ જલદી તૈયાર કરી અહીં હંકારી લાવ. અશ્વરથ આવી પહોંચતાં શરીરને સજધજ કરીને રાજા રથમાં બેસી સેયવિયા નગરીની વચ્ચો વચ્ચ થોક ઘોડાને ખેલવતો ખેલવતો બહાર નીકળ્યો. એમ જતાં જતાં ચિત્ત સારથિ તે રથને અનેક યોજનો સુધી ખેંચી ગયો. રાજા પએસી, ગરમી, તરસ, રથનો વાયરો-ઊની લૂ કે ઉડતી ધૂળથી કંટાળી થાકી ગયોઅનેબોલ્યોઃ ચિત્ત ! મારું શરીર થાકી ગયું છે માટે હવે રથને તું પાછો વાળ.

સારથિ રથને પાછો વાળી મિયવણ ઉદ્યાન તરફ હંકારી ગયો. ઉદ્યાન પાસે પહોંચતાં તેણે રાજાને કહ્યું : સ્વામી ! આ મિયવણ ઉદ્યાન છે. અહીં ઘોડાઓને સારી રીતે થાક ખવડાવીએ અને તેમનો બધો શ્રમ આપણે દૂર કરી નાખીએ. રાજાએ 'હા' પાડતાં તે ઉદ્યાનમાં કેશી કુમારશ્રમણના ઊતારાની પાસે જઈ ચિત્તે ઘોડાઓને રોકી રાખ્યા, રથને સ્થિર કર્યો અને ઘોડાઓને છોડી નાખી તેમનો શ્રમ દૂર થાય તેવી પ્રવૃત્તિ શરુ કરી. રાજા પણ રથથી નીચે ઊતરી સારથિની એ પ્રવૃત્તિમાં જોડાયો અને ઘોડા ઓને ધીમે ધીમે ફેરવવા લાગ્યો. એમ કરતાં કરતાં, મિયવણમાં મળેલી મોટી સભામાં વચ્ચે બેસી મોટા અવાજે કહેતા કુમારશ્રમણને રાજાઓ જોયા. જોતાંજ તેને વિચાર આવ્યો કે 'જડ લોકો જ જડની ઉપાસના કરે છે, મુંડ લોકોજ મુંડની પૂજા કરે છે, મૂઢ લોકોજ મૂઢનો આશ્રય ખોળે છે, અપંડિત લોકોજ અપંડિતનો આદર કરે છે અજ્ઞાની લોકોજ અજ્ઞાનીનું બહુ માન કરે છે,' તો આ વળી કોણ જડ મૂઢ મુંડ અપંડિત અને આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાની પુરુષ છે જે શરમાળ અને શરીરે હૃષ્ટપુષ્ટ દેખાવડો લાગે છે ? એ શું ખાય છે ? શું પીયે છે ? એવું તે શું ખાધા પીધાથી એનું શરીર આવું તગમગી રહ્યું છે ? અને વળી એ શું દે છે જેને લીધે આવડી મોટી માનવમેદનીની વચ્ચે બેઠો બેઠો તે મોટા બરાડા પાડે છે ? આમ વિચાર આવતાં જ રાજાએ સારથિને કહ્યું : ચિત્ત ! જો તો ખરો, આ લોકો કેવા જડ છે જે પેલા મોટા જડની સેવા કરે છે અને એ મોટો જાડો જડ તેઓની સામે કેવા મોટા બરાડા પાડીને કોણ જાણે શુંય સમજાવે છે ! ગમ્મત તો એ છે કે આવા નફકરા અને જામી ગએલા જડ લોકોને લીધે આપણે આપણી પોતાની પણ ઉદ્યાનભૂમિમાં સારી રીતે હરી ફરી શકતા નથી. માત્ર વિસામો અને શાંતિ મેળવવા માટે તો અહીં આવ્યા અને અહીં તો માથાના વાળ ઉંચા થઈ જાય એવા બરાડા કાને અથડાયા કરે છે.

રાજાને કહ્યું : હે સ્વામી ! એ કેશી નામે કુમારશ્રમણ પાર્શ્વાપત્ય છે, જાતિવંત છે, ચાર જ્ઞાનના ધારક છે, એમને પરમાવધિજ્ઞાન થએલું છે અને તેઓ અન્નજીવી ૧૩૬ છે. રાજા બોલ્યો : ચિત્ત ! તું શું કહે છે ? શું એ પુરુષને પરમાવધિ જ્ઞાન છે ? શું એ અન્નજીવી છે ? સારથિ બોલ્યો : હા, સ્વામી ! એમજ છે. રાજા : ચિત્ત ! ત્યારે શું એ પુરુષ અભિગમનીય છે ? ચિત્ત : હા, સ્વામી ! એ શ્રમણ અભિગમનીય છે. રાજા : ત્યારે તો ચિત્ત ! આપણે તેની સામે જઈએ.

[૬૩] આમ વાતચીત કરી એ બન્ને જણ સાથે, કેશી કુમારની સામે જઈને તેમની પાસે બેઠા. રાજા : હે ભંતે ! શું તમે પરમાવધિ જ્ઞાન ધરાવો છો ? શું તમે અન્નજીવી છો ? શ્રમણે રાજાને કહ્યું : હે પએસી ! ગામે ગામ ફરતા કોઈ અંગવાણિયા શંખવાણિયા કે દંતવાણિયા દાણમાંથી છટકી જવા માટે કોઈને ખરો રસ્તો પૂછતા નથી પણ આડે અવળે માર્ગે ચાલે છે, તેમ વિનયના માર્ગથી છટકી જવાને લીધે તને પણ સારી રીતે પૂછતાં આવડતું નથી. પએસી ! મને જોઈને તને એવો વિચાર થયેલો ખરો કે આ જડ લોકો પેલા મોટા જડની ઉપાસના કરે છે અને આ મારા ઉદ્યાનમાં પણ બરાડા પાડી મને ય સુખે રહેવા દેતા નથી ?

[૬૪] રાજા : હા, એ વાત ખરી, પણ હે ભંતે ! એ તમે જાણ્યું શાથી ? તમને એવું તે કેવુંક જ્ઞાન કે દર્શન થએલું છે જેથી મારો મનનો સંકલ્પ પણ તમે જાણી લીધો ? કેશી શ્રમણ બોલ્યા : અમારા શ્રમણ નિર્ગ્રંથોના શાસ્ત્રોમાં કહેલું છે કે જ્ઞાનના પાંચ પ્રકાર છે : આભિનિબોધિકજ્ઞાન શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. તેમાં અવગ્રહ ઈહા અવાય અને ધારણા એમ ચાર પ્રકારનું પહેલું જ્ઞાન છે. અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એવા બે પ્રકાર બીજા જ્ઞાનના છે. ત્રીજું જ્ઞાન, ભવપ્રત્યય અને ક્ષાયોપશમિક એમ બે ભેદવાળું છે અને ચોથા જ્ઞાનના ઋજુમતિ તથા વિપુલમતિ એવા બે ભેદ છે. હે પએસી ! જણાવેલાં પાંચ જ્ઞાનોમાં પહેલાંનાં ચારે જ્ઞાન તો મને થએલાં છે, ફક્ત એક પાંચમું કેવળજ્ઞાન છે તે મને થએલું નથી. એ પાંચમું જ્ઞાન તો અરિહંત ભગવંતોને હોય છે. હે પએસી ! હું છદ્મસ્થ છું અને એ ચાર જ્ઞાનોદ્વારા તારા મનના સંકલ્પને પણ જાણી શકું છું-જોઈ શકું છું.

[૬૫]પછી રાજાએ કેશી શ્રમણને કહ્યું: હે ભંતે ! અહીં હું આપની પાસે બેસું કેશી કુમારશ્રમણ બોલ્યા : આ ઉદ્યાનભૂમિ તારી પોતાની છે તેથી અહીં બેસવું કે ન બેસવું એ તારી વૃત્તિની વાત છે પછી તો ચિત્તસારથિ અને રાજા પએસી એ બન્ને જણા કેશી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમારશ્રમણની પાસે સાથે બેઠા. રાજાએ શ્રમણને પૂછ્યું : હે ભંતે ! તમારા શ્રમણ નિર્ગ્રંથોમાં એવી સમજ છે, એવી પ્રતિજ્ઞા છે, એવી દૃષ્ટિ છે, એવી રુચિ છે, એવો હેતુ છે, એવો ઉપદેશ છે, એવો સંકલ્પ છે, એવી તુલા છે, એવું માન છે, એવું પ્રમાણ છે અને એવું સમોસરણ છે કે-જીવ જુદો છે અને શરીર જુદું છે, પણ જે જીવ છે તેજ શરીર છે એવી સમજ નથી. કુમારશ્રમણ બોલ્યા : હા, પએસી ! અમારી સમજમાં જીવ જુદો છે અને શરીર જુદું છે એમ છે પણ જે જીવ છે તેજ શરીર છે એવી અમારી સમજ નથી.

રાજા બોલ્યો : જીવ અને શરીર બન્ને જુદાં જુદાં જ હોય અને જે જીવ છે તેજ શરીર છે એમ ન હોય તો, હે ભંતે ! તમે સાંભળો કે - એક મારો દાદો હતો જે આ જ મોટો અધાર્મિક રાજા હતો, તે પોતાના દેશની પણ ઠીક સાર સંભાળ ન કરતો અને ઘણાંય પાપકર્મોમાંજ રાચ્યો રહેતો. તમારા કહેવા પ્રમાણે તો એ પાપી મારો દાદો કાળ આવતાં મરણ પામી કોઈ એક નરકમાં નૈરયિક થયો હોવો જોઈએ. હે ભંતે ! કેમ ખરૂં ને ? વળી, એ મારા દાદાનો હું વહાલો પૌત્ર છું, તેને મારા પર ઘણું હેત હતું, હું તેનો વિશેષ લાડીલો-હતો, તેનું હૃદય મને જોઈને વિશેષ આનંદ પામતું. વધારે શું, પણ મારું નામ સાંભળીને પણ તેઓ પોતાનું અહોભાગ્ય માનતા. હવે, હે ભંતે ! તમારા કહેવા પ્રમાણે જીવ અને શરીર જુદાં જુદાં હોય તો મારા દાદા નરકમાં ગયા હોવા જોઈએ. વળી, મારા દાદાને મારા ઉપર ઘણું હેત હતું તેથી તેમણે અહીં મારી પાસે આવીને એમ જણાવવું જોઈએ કે "હે પૌત્ર ! હું તારો દાદો હતો પણ અધાર્મિક હોવાને કારણે મેં ઘણાં પાપો આચરેલાં, તેથી હું નરકમાં પડ્યો છું. માટે, હે પૌત્ર ! તું લેશ પણ પાપ ન આચરજે અને પ્રામાણિક પણે દેશનો કારભાર કરજે. પાપકર્મમાં પડીશ તો મારી પેઠે નરકમાં જઈશ-નરકની યાતનાઓ બહુ ભયંકર છે, માટે ભૂલથી પણ સહેજેય પાપાચરણ ન સેવીશ." હે ભંતે ! મારો દાદો મારી પાસે આવીને ઉક્ત રીતે કહે, તો જીવ અને શરીર જુદાં જુદાં છે એવી મારી શ્રદ્ધા થાય, પણ અત્યારસુધીમાં મારો દાદો અહીં મારી પાસે આવીને એવું કશુંય કહેલું નથી, તેથી હું એમ સમજું છું કે તેમનો જીવ અને શરીર એ બન્ને સાથેજ નાશ પામી ગયાં છે અર્થાત્ મારા દાદાના દેહને દેન દેતાંની સાથે તેમનો જીવ પણ અહીં બળી ગયો છે તો પરલોકમાં જાય જ કોણ ? અને એમ છે માટે તે અહીં આવી પણ ક્યાંથી શકે ?અને આમ છે માટે જીવ અને શરીર બન્ને એકજ છે-જે જીવ છે તેજ શરીર છે-એ મારી પ્રતિમા સુપ્રતિષ્ઠિત છે. કેશી કુમારશ્રમણ બોલ્યા : હે પએસી ! તારે સૂર્યકાંતા નામે રાણી છે. હવે તું એમ સમજ કે એ રુડી રુપાળી તારી રાણી કોઈ રુડા રુપાળા પરપુરુષ સાથે માનવીય કામસુખોને અનુભવતી હોય એમ તું જો, તો એ કામુક પુરુષનો તું શું દંડ કરે ? હે ! ભંતે ! હું એ પુરુષનો હાથ કાપી નાખું, પગ છેદી નાખું, એને શૂળીએ ચઢાવી દઉં અથવા એકજ ઘાએ તેનો પ્રાણ લઉં. હે પએસી ! તે કામુક પુરુષ કદાચ તને એમ કહે કે-હે સ્વામી ! તમે એક ઘડીક થોભી જાઓ, મારા મિત્રો જ્ઞાતિજનો સંબંધી જનો અને પરિવારના લોકોને હું એમ કહી આવું કે-હે દેવાનુપ્રિયો ! કામવૃત્તિને વશ થઈ હું સૂર્યકાંતાના સંગમાં પડ્યો તેથી મરણની આ સખ્ત સજા પામ્યો છું, માટે હે દેવાનુપ્રિયો ! તમે ભૂલથી પણ એવા પાપાચરણમાં ન પડશો, પડશો તો મારી પેઠે ફાંસીની સજા પામશો. હે પએસી ! એ પુરુષનું કાકલુદીથી ભરેલું આવું ગળગળું વચન સાંભળીને તું તે કામુકને સજા કરતાં ઘડીક પણ થોભી જઈશ ખરો ? હે ભંતે ! એમ તો નજ બને. એ કામુક મારો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપરાધી છે માટે લેશ પણ ઢીલ કર્યા વિના હું તેને સીધોજ ફાંસીએ ચઢાવી દઉં.

એજ પ્રમાણે, હે પએસી ! નરકમાં પડેલો તારો દાદો પરતંત્રપણે જે દુઃખો ભોગવી રહ્યો છે તે તને-વહાલા પૌત્રને કહેવા ન આવી શકે. મનુષ્યલોકમાં જઈને પાપકર્મનાં માઠાં ફળોની સૂચના કરી આવવાની એની તો ઘણીય ઈચ્છા હોય, પણ તે પેલા અપરાધી પુરુષની પેઠે ત્યાંથી છૂટોજ થઈ શકતો નથી. નરકમાં તાજોજ આવેલો અપરાધી-નારકી, મનુષ્યલોકમાં આવવાને તો ઈચ્છે છે, પણ ચાર કારણોને લીધે તે અહીં આવી શકતો નથી. નરકની ભયંકર વેદનાનો અનુભવ તેને અત્યંત વિહ્વલ કરી નાખે છે અને તેથી તે કિંકર્તવ્યમૂઢ બની જાય છે, એ પ્રથમ કારણ છે. નરકના કઠોર સંત્રીઓ એ નારકીને ઘડી-ભર પણ છૂટો રાખતા નથી અને તેને વારંવાર સતાવ્યા કરે છે, એ બીજું કારણ છે. તાજા નારકીનું નારક વેદનીય કર્મ પૂરું ભોગવાઈ રહેલું નથી હોતું, એ ત્રીજું કારણ છે, અને ચોથું કારણ તેનું નરકનું આવખું પૂરું થએલું નથી હોતું, એ છે, અર્થાત્ એ બધા પ્રતિ-બંધોને લીધે અહીં આવી શકતો નથી.

માટે, હે પએસી ! 'શરીર સાથેજ જીવ અહીં બળી જાય છે અને તેથી મરેલો માણસ ફરી અહીં નથી આવી શકતો તેનું કારણ તેની પરતંત્રતાજ છે, નહિ કે તે નથી. માટે, હે પએસી ! તું એમ સમજ કે-જીવ જુદો છે અને શરીર જુદું છે- કોઈ કાળે તે બન્ને એક છે એવું નથી.

[૬૬] પએસી બોલ્યો : હે ભંતે ! મારી માન્યતાને દઢીભૂત કરનારો આ એક બીજો દાખલો સાંભળો – અહીં- આજ નગરીમાં મારી એક દાદી રહેતી હતી, જે મોટી ધાર્મિક શ્રમણોપાસિકા હતી, વળી એ જીવ અજીવ પુણ્ય પાપ આસ્રવ સંવર વગેરે તત્ત્વોની જાણકાર હતી અને તપ તથા સંયમવડે પોતાના આત્માને વાસિત કરતી બહુ પુણ્ય ઉપાર્જન કરતી હતી. તમારા કહેવા પ્રમાણે તો, કાળ આવતાં મરણ પામી, એ કોઈ એક સ્વર્ગમાં દેવ થએલી હોવી જોઈએ. હે ભંતે ! કેમ ખરૂંને ? વળી, એ મારી દાદીનો હું વહાલો પૌત્ર છું. હવે એ મારી દાદી, તમારા કહેવા પ્રમાણે દેવ થઈ હોય તો તેણીએ અહીં મારી પાસે આવીને એવું કહેલું જોઈએ કે-હું તારી દાદી હતી અને ધાર્મિક હોવાને લીધે બહુ પુણ્યોપાર્જન કરી સ્વર્ગમાં દેવ થઈ છું, માટે હે પૌત્ર ! તું પણ ધાર્મિક થજે અને દેશનો કારભાર પ્રામાણિકપણે કરજે. દાનાદિક વડે પુણ્ય ઉપાર્જન કરીશ તો મારી પેઠે સ્વર્ગનાં સુખો અનુભવીશ. હે ભંતે ! મારી દાદી મારી પાસે આવીને એ પ્રમાણે કહે તો જીવ અને શરીર જુદાં જુદાં છે એવી મારી ખાત્રી થાય. પણ મર્યાને લાંબો વખત થયો છતાં અત્યારસુધીમાં મારી દાદીએ અહીં મારી પાસે આવીને એવું કશું ય સૂચવેલું નથી, તેથી જીવ અને શરીર એ બન્ને એક જ છે પણ જુદાં જુદાં નથી એ મારી ખાત્રી પાકી થાય છે. કેશી કુમારશ્રમણ બોલ્યા : હે પએસી ! તું એમ સમજ કે, દેવમંદિરમાં જવા માટે તું નાહેલો છે, ભીનાં કપડાં પહેરેલાં છે, તારા હાથમાં કળશ અને ધૂપની કડછી રહી ગઈ છે અને દેવમંદિરમાં પેસવાને તું પગલાં જ ઉપાડે છે, એવામાં પાયખાનામાં બેઠેલો કોઈ પુરુષ તને એમ કહે કે-હે સ્વામી ! તમે અહીં પાયખાનામાં આવો, બેસો, ઊભા રહો અને થોડીવાર લાંબું શરીર કરો; તો હે પએસી ! તું એ વાતને કાને ધર ખરો ? પએસી બોલ્યો : હે ભંતે ! હું એવું કશું કાને ન ધરું. હે ભંતે ! પાયખાનું તો ભારે ગંદુ છે, એવી ગંદી જગ્યામાં હું શી રીતે જઈ શકું ? કેશી કુમારશ્રમણ બોલ્યા : એજ પ્રમાણે, હે પએસી ! સ્વર્ગમાં દેવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થએલી તારી દાદી અહીં આવી તને પોતાનાં સુખો કહેવાને ઈચ્છે, તો પણ આવી શકે નહિ. સ્વર્ગમાં તાજો ઉત્પન્ન થએલો દેવ, મનુષ્યલોકમાં આવવાને તો ઈચ્છે છે, પણ ચાર કારણોને લીધે તે અહીં આવી શકતો નથી. એ દેવ, સ્વર્ગના દિવ્ય કામ ભોગોમાં ખૂબ મશગુલ બની જાય છે અને માનવીસુખોમાં તેની રુચિ રહેતી નથી, એ પહેલું કારણ છે. એ દેવનો મનુષ્ય સાથેનો પ્રેમસંબંધ તૂટી ગએલો હોય છે અને સ્વર્ગનાં દેવદેવીઓ સાથેનો નવો પ્રેમ સંબંધ તેમાં સંક્રમેલો હોય છે, એ બીજું કારણ છે. દિવ્ય કામસુખો ભોગવવાની લાલચ માં પડેલો એ દેવ, હમણાં જઉં, હમણાં જઉં' એમ વિચારે તો છે, પણ તેના આવતાં આવતાં તો મનુષ્યલોકનાં તેનાં અલ્પાયુષી સંબંધીઓ મરી ગયેલાં હોય છે, કારણકે દેવની ઘડી એટલે આપણાં હજારો વર્ષ અર્થાત્ એની એક ઘડીમાં તો આપણી કેટલીએ પેઢીઓ બદલાઈ જાય છે, એટલે ઘડી પછીય દેવનું આવવું કલ્પી લઈએ તોપણ એ એના ખરા સંબંધીઓને મળી શકતો નથી, એ ત્રીજું કારણ છે. ચોથું કારણ મનુષ્ય લોકની માથું ફાડી નાખે એવી ભયંકર ગંદકી છે. એ ગંદકી ઉંચે પણ ચારસો પાંચસો યોજન સુધી ફેલાય છે અને એ એવી તીવ્ર હોય છે કે દેવ એને સહી શકતો નથી. દેવ એની પોતાની ઈચ્છા હોવા છતાં ઉપરનાં ચાર કારણોને લીધે અહીં આવી શકતો નથી. માટે, હે પએસી ! 'શરીર સાથે જ જીવ અહીં બળી જાય છે, એથી મરેલો માણસ ફરી અહીં કયાંથી આવી શકે ?' એવી તારી સમજ બરાબર નથી. મરીને સ્વર્ગમાં ગએલો પ્રાણી અહીં નથી આવી શકતો તેનું કારણ સ્વર્ગના મોજશોખો તરફ તેની વિશેષતમ અભિરુચિ છે, નહિ કે તે નથી જ, તેથી હે પએસી ! તું એમ સમજ કે જીવ જુદો છે અને શરીર જુદું છે, પણ તે બન્ને એક નથી.

[૬૭] વળી ફરીને પએસી બોલ્યો : હે ભંતે ! જીવ અને શરીર જુદાં જુદાં નથી તે માટે આ એક જુદો પુરાવો ધ્યાનપૂર્વક સાંભળો : હે ભંતે ! તમે એમ સમજો કે કોઈ એક દિવસે મારી બહારની ઉપસ્થાનશાળામાં મારા મંત્રી વગેરે પરિવારથી ઘેરાએલો હું રાજસિંહાસનમાં બેઠો હોઉં, તે વખતે મારા કોટવાળો કોઈ એક ચોરને પકડી લાવે, હું તે ચોરને જીવતો ને જીવતો લોઢાની કુંભીમાં પૂરી દઉં, તેના ઉપર લોઢાનું ઢાંકણું સજ્જડ ઢાંકી દઉં, તેને લોઢા સીસાના રસથી રેવરાવી દઉં અને તેના ઉપર મારા વિશ્વાસુ સૈનિકોની ચોકી મૂકી તે લોહકુંભીની સાચવણ કરાવું. પછી વખત જતાં હું પોતે જાતે તે કુંભીને ખોલાવું તો તેમાં પેલા પૂરેલા પુરુષને મરેલો જોઉં છું. જીવ અને શરીર જુદાં જુદાં હોય તો એ પુરુષનો જીવ કુંભીમાંથી બહાર શી રીતે જાય ? કુંભીને કયાંય રાઈ જેટલું પણ કણું નથી, જેથી જીવને બહાર જવાનો માર્ગ મળી શકે. કુંભી કયાંય જરા પણ કાણી હોત તો એમ માની પણ શકાત કે જીવ બહાર નીકળી ગયો છે અને તેથી એમ પણ થાત કે શરીર અને જીવ જુદાં જુદાં છે, પણ આ કુંભી તો કયાંય કાણી જ નથી એટલે જીવ જુદો હોય તો એમાંથી નીકળી શી રીતે શકે ? માટે જીવ અને શરીર બન્ને એક છે અને શરીર અક્રિય થતાં જીવ પણ અક્રિય થાય છે, એ મારું ધારવું બરાબર છે.

કેશી કુમારશ્રમણ બોલ્યા :- હે પએસી ! તું એમ સમજ, જે ચારે કોર લીંપેલી હોય, જેનાં બારણાં સજ્જડ વાસેલાં હોય અને જેમાં જરાય હવા પણ ન પેસી શકે એવી તે ઉંડી હોય, તેમાં કોઈ પુરુષ ભેરી અને એને વગાડવાનો દંડો લઈને પેસે, પેસીને એનાં બારણાં સજ્જડ રીતે બંધ કરે, પછી તે, ઓરડીની વચ્ચોવચ્ચ બેસીને મોટા મોટા અવાજથી એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભેરીને વગાડે તો હે પએસી ! ભેરીનો અવાજ બહાર નીકળે ખરો ? હાં, ભંતે ! નીકળે. હે પએસી ! એ ઓરડીમાં કયાંય એક પણ કાણું છે ખરું ? ના ભંતે, એ ઓરડીમાં કયાંય પણ કાણું નથી. પણ અવાજ બહાર નીકળી શકે છે, તેમ વગર કાણાની કુંભીમાંથી જીવ બહાર નીકળી શકે છે, અર્થાત્ પૃથવીને શિલાને કે પર્વતને ભેદીને સોંસરું જવાનું સામર્થ્ય જીવમાં છે, માટે તેને ગમે ત્યાં પૂરાવામાં આવે તોપણ તે બહાર નીકળી જ જવાનો. એથી તું એમ સમજ કે જીવ અને શરીર જુદાં જુદાં છે પણ એ બન્ને એક નથી.

વળી, પએસી બોલ્યો :- હે ભંતે ! જીવ અને શરીર જુદાં જુદાં નથી પણ એક જ છે એવી મારી ધારણાને ટેકો આપતો આ વળી એક દાખલો સાંભળો : મારા કોટવાળોએ પકડી આણેલા ચોરને હું જીવથી મારી નાખું, પછી તે મારી નાખેલા ચોરને લોઢાની કુંભીમાં પૂરી દઉં, તેના ઉપર મજબૂત ઢાંકણું બેસારી, તેને રેવરાવી અને પાકી ચોકી બેસાડી દઉં; પછી વખત જતાં તે લોઢાની કુંભી ઉઘાડી જોઉં છું તો તેને કીડાઓથી ખદબદતી કુંભી જેવી જોઉં છું. એ કુંભીમાં કયાંય રાઈ જેટલુંય કાણું નથી, છતાં એમાં એટલા બધા કીડા કયાંથી પેસી ગયા ? હું તો એમ સમજું છું કે શરીર અને જીવ એકજ છે, માટે શરીરમાંથી જ એ બધા નીપજ્યા હોવા જોઈએ. શરીર અને જીવ જુદા જુદાં હોય તો એ કુંભીમાં મેં જોએલા એ જીવો બહારથી શી રીતે આવી શકે ?

કેશી કુમાર બોલ્યા :– હે પએસી ! તેં પહેલાં કોઈવાર ધમેલું લોઢું જોએલું છે ખરું ? કે તેં જાતે કોઈવાર લોઢું ધમાવેલું ખરૂં ? ભંતે ! હા, ધમેલું લોઢું મેં જોએલું છે અને તેને ધમાવેલું પણ છે. પએસી ! એવું એ લોઢું અગ્નિમય લાલચોળ થઈ ગએલું હોય છે, એ વાત ખરીને ? હા, ભંતે ! એ વાત ખરી છે. તો હે પએસી ! એ નક્કર લોઢામાં તે અગ્નિ શી રીતે પેઠો ? રાઈ જેટલુંય કાણું લોઢાને નથી, છતાં તેમાં અગ્નિ પેસી શકે છે, તેમ જીવ પણ સર્વત્ર અનિરુદ્ધ ગતિ શક્તિવાળો છે. તે પૃથ્વીને અને શિલા વગેરેને ભેદીને પણ ગમે ત્યાં પેસી શકે છે. હે પએસી ! બરાબર સજ્જડ બંધ કરેલી એ કુંભીમાં પણ તેં જે જીવો જોયા છે તે બધાય તેમાં બહારથી પેઠેલા છે, માટે તું એમ માન કે શરીર અને જીવ જુદાં જુદાં છે પણ એક નથી.

[૬૮] રાજા પએસી બોલ્યો :- હે ભંતે ! કોઈ એક બાણાવલી તરુણ પુરુષ તરુણ હોય ત્યારે એક સાથે પાંચ બાણોને ફેંકી શકવા જેટલો કુશળ હોય. પણ તે જ પુરુષ જ્યારે મંદ જ્ઞાનવાળો બાળક હતો ત્યારે એવી કુશળતા ધરાવી શકતો હોત તો હું એમ માનત કે જીવ જુદો છે અને શરીર જુદુ છે. પરંતુ મંદ જ્ઞાનવાળો એ બાળક એવી કુશળતા બતાવી શકતો નથી, માટે જીવ અને શરીર એક છે એ મારી કલ્પના સુસંગત છે.

કેશી કુમાર બોલ્યા :– હે પએસી ! કોઈ એક બાણાવલી તરુણ પુરુષ, નવું ધનુષ નવી દોરી અને નવું બાણ એ વડે એક સાથે પાંચ બાણોને ફેંકી શકવા જેટલી કુશળતા ધરાવી શકે છે, પણ તે જ પુરુષ પાસે જૂનું ખવાઈ ગએવું ધનુષ તેવી જ દોરી અને તેવુંજ બૂઠું ફળું હોય, તો તે એક સાથે પાંચ ફળાંને ફેંકી શકે ખરો ? ભંતે ! ન ફેંકી શકે. હે પએસી ! તરુણ પુરુષ શક્તિશાળી તો છે, પરંતુ ઉપકરણોની ન્યૂનતા -ને લીધે તે પોતાની શક્તિ બતાવી શકતો નથી, તેમ મંદ જ્ઞાનવાળા બાળકમાં આવડત રુપ ઉપકરણની ખામી છે, માટે તે એ અવસ્થામાં એક સાથે પાંચ બાણને ફેંકી શકતો નથી. હા, તે જ મંદ જ્ઞાનવાળો. બાળક જ્યારે તરુણ થઈ આવડતરુપ ઉપકરણ મેળવે છે, ત્યારે તેમાં એવી શક્તિ ખીલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉઠે છે, પણ તેથી તું એમ ન માન કે શરીર અને જીવ બન્ને એક છે. પએસી ! એ બન્ને તો જુદાં જુદાં છે.

[૬૯] પએસી બોલ્યો :- હે ભંતે ! જેમ કોઈ તરુણ પુરુષ, લોઢાના સીસાના કે જસતના મોટા ભારાને ઉપાડવા સમર્થ છે, તેમ તે જ તરુણ પુરુષ જ્યારે ડોસો થાય અર્થાત્ ચામડી બધી લબડી ગએલી, ગાત્ર તમામ ઢીલાં, દાંતો બધા ખરી ગએલા અને ચાલતાં લાકડીનો ટેકો લીધેલો એવો ઘરડો થાય, ત્યારે એવા મોટા ભારને ઉપાડી શકતો દેખાતો નથી. હે ભંતે ! તરુણ મટી એવો એ ડોસો થએલો પુરુષ, એવા મોટા ભારને પણ ઉપાડી શકતો દેખાય, તો હું એમ માનું કે જીવ જુદો છે અને શરીર જુદું છે, અન્યથા મારી માન્યતા જ બરાબર છે. કેશી કુમાર બોલ્યો :– હે પએસી ! એવડો મોટો ભાર તો કોઈ હટ્ટોકટ્ટો પુરુષ જ ઉપાડી શકે. વળી, એવા હટ્ટાકટ્ટા તરુણ પુરુષની પાસે ભાર ઉપાડવાનાં સાધનો બરાબર ન હોય તો એ પણ એવા ભારને ન ઉપાડી શકે. ધાર કે, કોઈ હટ્ટો-કટ્ટો તરુણ પુરુષ તો છે, પણ તેની પાસે ભાર ઉંચકવાની જે કાવડ છે, તે પાતળી અને ધુણે ખાધેલી છે, કાવડનાં શિકાં દોરડાં અને વાંસની સળીઓ એ બધુંય એવું સડેલું છે, આમ હોવાથી એવો બળવાન પુરુષ પણ એ ભારને ન ઉઠાવી શકે અર્થાત્ ભાર ઉપાડવામાં સુદૃઢ શરીર ઉપરાંત બીજી પણ કળવકળ હોવી જોઈએ અને ઉપકરણો પણ પૂરતાં હોવાં જોઈએ. તરુણ મટી પેલા ડોસા થએલા પુરુષ પાસે એ બધું હોત, તો એ પણ એવો ભાર જરૂર ઉપાડી શકત; માટે તારે એમ માનવું જોઈએ કે શરીર અને જીવ જુદાં જુદાં છે પણ તે બન્ને એક નથી.

[૭૦] પએસી બોલ્યો :- હે ભંતે ! મેં એક જીવતો ચોર તોળ્યો, પછી તેને જીવથી મારી નાખી ફરીવાર તોળ્યો. જીવતાં તેનું જે વજન હતું તેજ વજન તેના મડાનું હતું-એ બન્ને વજનમાં લેશ પણ ફરક ન હતો. જીવ અને શરીર જુદાં જુદાં હોય અને જીવ શરીરમાંથી નીકળી જતો હોય, તો મડાનું વજન ઘટવું જોઈએ. હે ભંતે ! એ બન્ને સ્થિતિમાં વજનનો જરાય ફરક જણાતો નથી, માટે હું એમ માનું છું કે જીવ અને શરીર એક જ છે પણ જુદાં જુદાં નથી.

કેશી કુમાર બોલ્યા :- હે પએસી ! પહેલાં કોઈવાર તેં ચામડાની મસકમાં પવન ભરેલો છે ખરો ? ભરાવેલો છે ખરો? ચામડાની ખાલી મસક અને પવનભરેલી મસક એ બન્નેના વજનમાં કાંઈ ફેર પડે છે ખરો ? ના, ભંતે ! ફેર તો નથી પડતો. પએસી ! ખાલી અને પવનભરેલી મસકના વજનમાં ફેર ન પડતો હોય તો જીવતાનું અને મુડદાનું વજન ફરક વિનાનું જ હોય ને ? જીવ ભારે નથી તેમ હળવો ય નથી, તેથી જીવ નીકળી જતાં મુડદાનું વજન ઘટે એમ ન બને, એટલે એક સરખા વજનનો લીધે તું એમ માનતો હો કે જીવ અને શરીર બન્ને એક જ છે, તે જરા ય સંગત નથી.

[૭૧] પએસી બોલ્યો : - હે ભંતે ! કોઈ વાર એક ચોરને મારી પાસે લાવવામાં આવ્યો, 'તેમાં જીવ છે કે નહિ' એ જાણવા મેં તેને ચારે બાજુ તપાસ્યો, પણ જીવ તો કયાંય દીઠામાં ન આવ્યો. પછી મેં તેના બે ઊભા કટકા કરી તેને ફરીવાર જોયો, છતાંય જીવ તો ન જ દેખાયો. પછી તો થઈ શકે તેટલા તેના નાના નાના કટકા કરી તેને વારંવાર તપાસી જોયો, છતાંય તેમાં કયાંય જીવનું નિશાન પણ ન જણાયું. મોટ હું કહું છું કે જીવ અને શરીર એક છે પણ જુદાં જુદાં નથી. કેશી કુમારમુનિ બોલ્યા : હે પએસી ! પેલા કઠીયારા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાંય તું વિશેષ મૂઢ જણાય છે. હે ભંતે ! એ કઠીયારો વળી કોણ હતો ? પએસી ! અગ્નિ અને અગ્નિ રાખવાનું ઠામ સાથે લઈ કેટલાક વનજીવી લોકો વનની શોધ માટે નીકળી પડ્યા. ચાલતાં ચાલતાં તેઓ જેમાં ઘણાં લાકડાં છે એવી એક મોટી અટવી પાસે આવી પહોંચ્યા. એવામાં તેમાંના કોઈએ પોતાના સાથના માણસને કહ્યું કે, હે દેવાનુપ્રિય ! અમે લાકડાઓની ભરેલી આ અટવીમાં જઈએ છીએ. તું આ અગ્નિ અને અગ્નિનું ઠામ લઈ જા અને અમારા માટે ખાવાનું રાંધી રાખજે. કદાચ કોઈ કારણથી આ અગ્નિ ઓલવાઈ જાય તો તું લાકડામાંથી અગ્નિ લઈને અમારું ખાવાનું રાંધી રાખજે. તેમના ગયા બાદ થોડી વારે રાંધવાની શરુઆત કરવા જતાં પેલા સાથીઓ અગ્નિને ઓલવાઈ ગયેલો દીઠો એથી તેણે પોતાના સાથીની ભલામણ પ્રમાણે લાકડામાંથી અગ્નિ મેળવવા લાકડું હાથમાં લઈ ચારે બાજુ તપાસી જોયું પણ તેમાં તેને તે કયાંય ન કળાયો. પછી તો તેણે હાથમાં કુહાડો લઈ લાકડું ચીરી નાખ્યું છતાં તેમાંય અગ્નિ ન દીઠો. છેવટે તેણે થઈ શકે તેટલા તેના નાના નાના કટકા કરી તે દરેકને તપાસી જોયા, છતાંય તેમાં એકેમાં અગ્નિનું નિશાન પણ ન ભાળ્યું. આખરે થાકી કંટાળી તે બિચારો ચિંતાતુર થઈ લમણે હાથ દઈને બેઠો અને 'હજુ સુધી હું રાંધી ન શકયો' એ બાબત અફસોસ કરવા લાગ્યો. એટલામાં જે સાથીઓ લાકડાના ભારા લેવા ગએલા હતા તે બધા પાછા ફર્યા અને આ બિચારાને ચિંતાતુર થએલો દીઠો. તેઓએ પૂછયું: હે દેવાનુપ્રિય ! તું ઉદાસ કેમ બેઠો છે ? હજુ સુધી તેં અમારા સારુ ખાવાનું નથી રાંધ્યું ? તેણે જણાવ્યું કે, હે ભાઈઓ ! તમારા ગયા બાદ થોડીવારમાં જ તમોએ આપેલો એ અગ્નિ તો ઓલવાઈ ગયો. પછી હું તમારા કહેવા પ્રમાણે લાકડામાંથી અગ્નિ મેળવવા લાકડાને તપાસવા લાગ્યો. લાકડાને ચીરી, તેના નાના નાના કટકા કરી તપાસી જોયું, તો તેમાં અગ્નિ તો કયાંય ન જોવામાં આવ્યો. તેથી અગ્નિ વિના હું રાંધું શી રીતે ? એ માટેજ આમ અફસોસમાં પડ્યો છું. પછી તેઓમાંના જ કોઈ દક્ષ પુરુષે સાથેના બીજા બધા ભાઈઓને કહ્યું કે, તમે બધા નાહી ધોઈને બલિકર્મ કરી તૈયાર થઈને આવો, હું હમણાં જ રસોઈ બનાવી નાખું છું. પછી એ દક્ષ પુરુષે કુહાડો લઈ લાકડામાંથી ઘસણિયું શર બનાવ્યું અને એ શરને અરણી સાથે ઘસી અગ્નિ ઉપજાવી અગ્નિને સંધૂકીને તે બધા ઓની રસોઈ કરી નાંખી. એટલામાં નહાવા ધોવા ગએલા બધા સાથીઓ આવી પહોંચ્યા. સૌ સાથે જમી કરીને ચોકખા થઈ ભેળા મળીને વાતો કરવા બેઠા. રસોઈની વાત નીકળતાં પેલા દક્ષ પુરુષે પેલા ઉદાસ થયેલા સાથીને કહ્યું કે, હે દેવાનુપ્રિય ! અગ્નિને શોધવા માટે તેં લાકડાં ફાડી ફાડીને જોવાનો પ્રયાસકર્યો તેથી એમ જણાય છે કે, તું જડ છે, મૂઢ છે અને તદ્દન અજ્ઞાન છે.

[૭૨]હે પએસી ! એ અગ્નિશોધક કઠીયારાની પેઠે તેં પણ જીવને શોધવા માટે શરીરને ચીરી ચીરીને જોવાનું પાણી વલોવ્યું, તેથી તું પણ એના કરતાં કાંઈ ઓછો મૂઢ નથી. પએસી બોલ્યો :- હે ભંતે ! તમારા જેવા જ્ઞાની બુદ્ધ મહામતિ વિજ્ઞાની અને વિનીત પુરુષ આવી મોટી સભા વચ્ચે મારા પર આક્રોશ કરે, ખીજાઈ જાય, અને મારી નિર્ભર્ત્સના કરે એ શું ઠીક કહેવાય ? કેશી શ્રમણ બોલ્યા :- પએસી ! તને ખબર છે કે ક્ષત્રિપર્ષદા ગૃહપતિ પર્ષદા, બ્રાહ્મણ પર્ષદા, ઋષિ પર્ષદા એમ ચાર પ્રકારની પર્ષદાઓ છે. એ ચારે પર્ષદાઓની દંડનીતિને પણ તું કયાં નથી જાણતો ? ક્ષત્રિયપર્ષદાનો

જૈન સાઈટ JAINSITE જૈનઆગમ શાસ્ત્રાદિ સંગ્રહ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપરાધ કરનાર કાંતો પોતાના હાથ પગ ગુમાવે, માથું ગુમાવે અને કાંતો જીવથી જાય. ગૃહપતિપર્ષદાના અપરાધીને બંધાઈને આગમાં સળગી જવું પડે. બ્રાહ્મણપર્ષદાનો અપરાધી અનિષ્ટ ઉપાલંભપૂર્વક કુંડીના કે શુનકના નિશાનથી અંકિત થાય કે નિર્વાસિત થાય-ઋષિપર્ષદાનો અપરાધ કરનાર, અતિઅનિષ્ટ નહિ એવી વાણીવડે ઉપાલંભ પામે. હે પએસી ! ઉક્ત દંડનીતિથી તું પરિચિત છે, છતાંય તું મારી પ્રતિકૂળ વર્ત્યા કરે છે, વિપરીત રહ્યા કરે છે, માટે જ તારે 'તું મૂઢતર છે' એવી હળવી પણ મારી આક્રોશવાણી સાંભળવી પડે છે.

પએસી બોલ્યો :- હે ભંતે ! મને એમ થએલું કે હું જેમ જેમ આપની પ્રતિકૂળ વર્તીશ- વિપરીત વર્તીશ, તેમ તેમ તત્ત્વને વિશેષ જાણીશ, જ્ઞાનને પામીશ, કરણ અને દર્શનને અધિક સમજી શકીશ, તેથી જ હું અત્યારસુધી આપની પ્રતિકૂળ વર્ત્યો છું અને વિપરીત બોલ્યો છું. કેશી મુનિ બોલ્યા :– હે પએસી ! તું જાણેજ છે કે વ્યવહારકોના ચાર પ્રકાર કહેલા છે. કેટલાકો દે તો છે પણ મીઠી વાણી નથી બોલી શકતા. કેટલાકો વાણીને મીઠી રાખે છે પણ કશુંય દેતા નથી. કેટલાકો કશુંય દેતા નથી તેમ વાણી પણ મીઠી નથી રાખતાં. અને કેટલાકો દે છે અને સાથે વાણી પણ મધુરી બોલે છે. હે પએસી ! આ ચાર વ્યવહારકોમાં જે દેતો નથી અને વાણીયે મીઠી નથી બોલતો, તે તદ્દન અવ્યહારી છે અને બાકીના ત્રણે વ્યવહારના જાણકાર છે. હે પએસી ! એ રીતે તું પણ વ્યહારી છે. કાંઈ અવ્યવહારી નથી.

[૭૩]પએસી બોલ્યો :- હે ભંતે ! તમે દક્ષ છો, બુદ્ધ છો, વિજ્ઞાની છો, તો જેમ કોઈ આમળાને હથેળીમાં બતાવે, તેમ તમે મને જીવને ન બતાવી શકો ? રાજા પએસીએ એ પ્રશ્ન કર્યો તેટલામાં તેની પાસેજ જોરથી વાયુ વાવા લાગ્યો, તેથી તૃણ અને વનસ્પતિઓ બધું હાલવા લાગ્યું, કંપવા લાગ્યું, પરસ્પર અથડાવા લાગ્યું અને નવા નવા આકારે ઊડવા લાગ્યું. તે વખતે લાગ જોઈને કેશી મુનિએ રાજા પએસીને કહ્યું કે-હે પએસી ! જે આ તૃણો અને વનસ્પતિઓ કંપે છે તે તો તું જુએ છે ને ? તો શું એને કોઈ દેવ હલાવે છે ? દાનવ, નાગ, કિન્નર, કિંપુરુષ, મહોરગ કે ગાંધર્વ હલાવે છે ? પએસી બોલ્યો :- હે ભંતે ! એ તૃણ વગેરેને તો વાયુજ હલાવે છે, પણ કોઈ દેવ દાનવ કે કિન્નર હલાવતો નથી. – હે પએસી ! કામ,રાગ મોહ, વેદ, લેશ્યા અને શરીરને ધારણ કરનારા એ વાયુને તું જોઈ શકે છે ? પએસી –ના, ભંતે ! હું તેને જોઈ શકતો નથી. કેશી –રુપધારી, દેહધારી, મોહી અને રાગી એવા વાયુને પણ તું જોઈ શકતો નથી, તો ઈંદ્રિયાતીત એવા જીવને હું તને શી રીતે બતાવી શકું ? પએસી ! ખરી વાત તો એમ છે કે, જે મનુષ્ય રાગદ્વેષથી પર છે, તે ધર્માસ્તિ કાય અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય અશરીરીજીવ પરમાણુપુદ્ગલ શબ્દ ગંધ વાયુ એ આઠ પદાર્થોને સારી રીતે જાણી શકે છે -સમજી શકે છે અને 'આ જિન થશે કે નહિ' 'આ બધાં દુઃખોનો નાશ કરશે કે નહિ ?' એ બે હકીકતોને પણ તેજ જાણી શકે છે. અર્થાત્ વીતરાગ મનુષ્ય એ દસ બાબતોને સારી રીતે જાણી શકે છે; માટે હે પએસી ! તું એમ સમજ કે જીવ અને શરીર જુદાં જુદાં છે પણ એક નથી.

[૭૪] પએસી બોલ્યો :-હે ભંતે ! હાથીનો અને કંથવાનો જીવ એક સરખો છે ? હે પએસી ! હા, તે બન્નેના જીવ એક સરખા છે. હે ભંતે ! હાથી કરતાં તો કંથવો અલ્પ કર્મવાળો અલ્પ ક્રિયાવાળો અને અલ્પ આસ્રવવાળો છે તથા કંથવાના આહાર, નિહાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્વાસોચ્છ્વાસ, બળ, વીર્ય અને ધ્રુતિ વગેરે પણ અલ્પ છે, અને એથી ઉલટું, એ બધું કંથવા કરતાં હાથીમાં વધારે છે; આમ હાથીમાં અને કંથવામાં આસમાન જમીન જેટલો ચોકખો ભેદ જણાય છે છતાંય હે ભંતે ! તમે એમ કેમ કહો છો કે હાથીનો અને કંથવાનો જીવ એક સરખો છે ? કેશી કુમાર બોલ્યા :- હે પએસી ! તું એમ ધાર કે ઘુમ્મટદાર અને શિખરાકાર એક મોટી ઓરડી હોય, તેમાં કોઈ પુરુષ દીવો લઈને પેસે અને પછી એ તો ઓરડીનાં બધા બારી બારણાં બરાબર બંધ કરી દે અને એનાં બધાં છિદ્રો છાંદી દે, તો એ દીપકનો પ્રકાશ, એ આખીએ ઓરડીને અજવાળશે પણ બહારના ભાગને નહિ અજવાળે; કેમ ખરૂંને ? એ રીતે, એ દીપક ઉપર કોઈ મોટો થાળ ઢાંકે અથવા મોટું ડાલું ઢાંકે, તો તે દીપકનો પ્રકાશ તે તે ઢાંકણના અંદરના ભાગને પ્રકાશશે પણ બહાર નહિ પ્રકાશે, અર્થાત્‌ બધે દીપક તો એકજ છે પણ તે મોટા ઢાંકણ નીચે હોય તો વધારે ભાગમાં પ્રકાશે છે અને નાના ઢાંકણ નીચે હોય તો ઓછા ભાગને પ્રકાશે છે તેમ આ જીવ પણ જેવડા-મોટા કે નાના-શરીરને મેળવે છે, તેવડા શરીરના બધા ભાગોને પોતાના અસંખ્ય આત્મપ્રદેશોદ્વારા સચિત્ત કરી શકે છે, પછી ભલેને શરીર મોટામાં મોટું હોય કે નાનામાં નાનું હોય; માટે હે પએસી ! તું એમ સમજ કે હાથીનો અને કંથવાનો જીવ એક સરખો છે અને તું એમ પણ માન કે જીવ અને શરીર જુદાં છે પણ એક નથી.

[૭૫]રાજા બોલ્યોઃ- હે ભંતે ! 'જીવ અને શરીર એક છે ' એવું હું કાંઈ એકલોજ માનતો નથી, પણ મારા દાદા અને મારા પિતા પણ એમજ સમજતા આવ્યા છે, એટલે મારી એ સમજ કુલપરંપરાની સમજ છે, બહુપુરુષપરંપરાથી ચાલી આવેલી છે, તો હે ભંતે ! મારા કુલની એ દષ્ટિને હું શી રીતે છોડી શકું ? કેશી શ્રમણ બોલ્યા :- હે પએસી ! તારી એ સમજને તું નહિ બદલાવીશ, તો પેલા લોઢાનો ભારો નહિ છોડનારા કદાગ્રહી પુરુષની પેઠે તારે પસ્તાવું પડશે.

રાજા બોલ્યો :- ભંતે ! લોઢાનો ભારો નહિ છોડનારો કદાગ્રહી પુરુષ વળી કોણ હતો અને તેને પસ્તાવું કેમ પડયું ? કેશી કુમાર બોલ્યા :-પએસી ! કેટલાક ધનાર્થી લોકો વિપુલ કરીયાણાં ભરીને અને સાથે ઘણું બધું ભાતું લઈને, જ્યાં કોઈ આવેલું નહિ એવી એક મોટી લાંબી અટવીમાં જઈ ચડ્યા. ત્યાં કોઈ એક સ્થળે પહોંચતાં તેમણે જેમાં ઘણું લોઢું દટાએલું છે એવી એક મોટી લોઢાની ખાણ જોઈ. ખાણને જોતાંજ ખુશીમાં આવી જઈ તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે આ લોઢું આપણને વિશેષ ઉપયોગી છે, માટે તેને ભારા બાંધી લઈ જવું સારું છે. એમ વિચારી તેઓ લોઢાના ભારા બાંધી તેમને ઉંચકી એજ અટવીમાં આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં, જેમાં ઘણું સીસું ભરેલું છે એવી એક મોટી સીસાની ખાણ તેમના જોવામાં આવી. થોડાક પણ સીસાના બદલામાં લોઢું ઘણું મળે છે, માટે લોઢા કરતાં સીસાને બહુમૂલ્ય સમજી તેઓએ લોઢાના ભારાને પડતા મૂકી સીસાના ભારા બાંધવાનો વિચાર કર્યો અને એના ભારા બાંધ્યા પણ ખરા. પરંતુ તેઓમાના એક સાથીએ સીસાને બહુમૂલ્ય સમજવા છતાં લોઢાના ભારાને પડતો મૂકી સીસાનો ભારો ન જ બાંધ્યો. એ બાબત તેને બીજા સાથીઓએ ઘણું ઘણું સમજાવ્યું તોય તે એકનો બે ન થયો. ઉલટું તેણે એમ કહ્યું કે, હે દેવાનુપ્રિયો ! લોઢાનો આ ભારો હું ઘણા દૂરથી ઉપાડી લાવ્યો છું અને તેને ઘણો મજબૂત બાંધેલો છે, માટે એને મૂકીને સીસાનો ભારો બાંધવાનું મારું મન નથી. પછી તો તેઓ બધા સીસાના ભારાને ઉંચકી એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અટવીમાં વળી આગળ વધ્યા. આગળ ચાલતાં ચાલતાં તેઓએ તાંબાની, રુપાની, સોનાની, રત્નની અને વજ્રની મોટી મોટી ખાણો જોઈ. એઓએ તો જેમ જેમ બહૂમૂલ્ય વસ્તુઓ મળતી ગઈ, તેમ તેમ ઓછી કીંમતવાળી વસ્તુઓ છોડી દીધી અને આખરે તેઓએ વજ્રના ભારા બાંધી તેમને ઉંચકી પોતાના દેશમાં પોતપોતાના નગર ભણી જવાને પ્રયાણ કર્યું. નગરમાં પહોંચી, ભારે ભારે આણેલાં વજ્રોને વેચી, તેઓ બધા ન્યાલ ન્યાલ થઈ ગયા. તેઓએ આઠ તળવાળા મોટા મોટા મહાલયો બંધાવ્યા, ઘણાં દાસ દાસીઓ ગાયો અને ઘેટાં વગેરેને આંગણે વસાવ્યાં અને એ મહાલયોમાં બિરાજી તેઓ તરુણીઓથી ભજવાતાં બત્રીશ પ્રકારનાં નાટકો, તેમનાં ગાન નાચ જોતાં જોતાં આનંદપૂર્વક રહેવા લાગ્યા.ત્યારે પેલો લોઢાના ભારાને ઉંચકી લાવનાર સાથી લોઢું વેચી ઘણું ઓછું કમાયો અને તેમના એ સાથીઓનો વૈભવ જોઈ પોતાની જાતને નિંદવા લાગ્યો : હું કેવો હીનપુણ્ય છું, કેવાં માઠાં લક્ષણવાળો છું, મેં સાથીઓનું કહેવું છેવટસુધી કાને નજ ધર્યું અને એક મારા દુરાગ્રહમાંજ તણાયો. તેમનું કહેવું માન્યું હોત તો આજે હું પણ એમના જેવોજ વૈભવ માણત. હે પએસી ! તું પણ તારો દુરાગ્રહ ન છોડીશ, તો એ લોઢાના ભારાળાળા દુરાગ્રહીની પેઠે તારેય પસ્તાવું પડશે અને દીનહીન થવું પડશે.

[૭૬] કેશી કુમારનું એ કથન સાંભળી આખરે રાજા પએસીને ભાન આવ્યું અને તેણે કેશી કુમારને વંદન કરીને કહ્યું કે, હે ભંતે ! મારે જરાય પસ્તાવું પડે એવું તો હું નહિ કરું. મારો પૂર્વગ્રહ છોડીને આપની પાસે હું કેવળીભાષિત ધર્મને સાંભળવાની- સમજવાની ઈચ્છા રાખું છું, માટે હવે મારે પેલા લોઢાવાળાની પેઠે પસ્તાવાનું કયાં રહ્યું ? કેશી શ્રમણ બોલ્યો :-હે દેવાનુપ્રિય ! સુખ થાય તેમ કર, પણ સારા કામમાં પ્રતિબંધ ન આવવા દે. રાજાની જિજ્ઞાસાવૃત્તિ જોઈ કેશી શ્રમણે જેમ ચિત્ત સારથિને ધર્મકથા કહી સંભળાવી ગૃહિધર્મ સમજાવ્યો હતો, તેમ રાજા પએસીને પણ તેમણે ધર્મકથા કહી ગૃહિધર્મની સમજણ આપી અને રાજાએ ગૃહિધર્મ સ્વીકારી પોતાની સેયવિયા નગરી પાછો ગયો.

[૭૭] શ્રમણ બોલ્યા : પએસી ! કલાચાર્ય, શિલ્પાચાર્ય અને ત્રીજા ધર્માચાર્ય એ ત્રણ આચાર્યોના વિભાગને તું જાણે છે અને એ ત્રણેની વિનયપ્રતિપત્તિ કેવી કેવી કર વાની હોય છે, તેની પણ તને ખબર છે. પએસી બોલ્યો :-- હે ભંતે ! હા, એ બધું હું બરાબર જાણું છું. કલાચાર્ય અને શિલ્પાચાર્યનું તલાદિકથી મર્દન કરવું, તેમને ન્હવરાવવા, તેમની પાસે પુષ્પાદિકની સુવાસ ફેલાવવી, વસ્રો અને ઘરેણાં ગાંઠાં આપી સારી રીતે શણ ગારવા, આદરપૂર્વક જમાડવા, મોટું પ્રીતિદાન આપવું અને તેમને એવી વૃત્તિ બાંધી આપવી કે જે તેમના પુત્રોના પુત્રો સુધી પહોંચ્યા કરે. અને ધર્માચાર્યને જોતાં તેમને વંદન કરવું, સત્કાર કરવો, દેવતાના ચૈત્યની પેઠે તે મંગળમય આચાર્યની ઉપાસના કરવી તથા તેમને ખાનપાન ખાદિમ સ્વાદિમ વગેરે નિર્દોષ પદાર્થો દ્વારા પ્રતિલાભવા અને પીઠ પાટિયાં શય્યા સંથારો વગેરે લઈ જવા નિમંત્રિત કરવા. હે પએસી ! તું એમ સમજે છે ત્યારે અત્યારસુધી મારી સામે તેં જે પ્રતિકૂળ વર્તન ચલાવ્યું છે તેની માફી માગ્યા વિના નગરી ભણી જવાને આટલો બધો ઉતાવળો કેમ થયો છે ?

હે ભંતે ! અત્યારસુધી હું આપની પ્રતિકૂળ વર્ત્યો છું એ ખરું, પણ એ વિષે મેં એવો વિચાર કર્યો છે કે આવતી કાલે પ્રભાતનો પહોર થતાંજ મારા બધા પરિવાર સાથે અહીં આવી આપને વંદન માફી માગું, આમ કહી રાજા પએસી પોતાને સ્થાને પહોંચી ગયો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને સવાર થતાં જ એ રાજા રાજા કોણિકની પેઠે મોટા આડંબર સાથે પાંચ અભિગમ પૂર્વક કેશી શ્રમણ પાસે આવ્યો અને તેમને વાંદી નમી પોતાની અવિનય સંબંધી વિશેષ નમ્રતાપૂર્વક ક્ષમા માગી.

કેશી શ્રમણે એ રાજા પએસીને તેની રાણી સૂર્યકાંતાને તથા તેની સાથેની મોટી સભાને ધર્મદેશના કહી સંભળાવી. ધર્મદેશના સાંભળી પોતાને સ્થાને જવાની ત્વરા વાળા રાજાને કેશી કુમારે કહ્યું :- હે પએસી ! વનખંડ, નૃત્યશાળા, શેરડીનો વાઢ અને ખોળનો વાડો પહેલાં પહેલાં તો રમણીય લાગે છે પણ પછી અરમણીય થઈ જાય છે, તેમ તું પહેલાં રમણીય થઈ પછી અરમણીય ન થતો. પએસી બોલ્યો :- હે ભંતે ! વનખંડ, નૃત્યશાળા, શેરડીનો વાઢ અને ખોળનો વાડો એ પહેલાં પહેલાં તો રમણીય લાગે છે અને પછી અરમણીય થઈ જાય છે, તે વળી કેમ ? કેશી બોલ્યા :- પએસી ! સાંભળ. વનખંડ જ્યાંસુધી પત્રવાળા ફૂલવાળો ફળવાળો અને ઘટાદાર છાયાવાળો લીલોછમ હોય છે ત્યાં સુધી રમણીય લાગે છે અને જ્યારે તેનાં પાંદડાં ખરી પડે છે, ફૂલો કરમાઈ જાય છે, ફળો નથી હોતાં, તેમ તે સૂકો ખંખ થઈ જાય છે, ત્યારે બીહામણો લાગે છે. નૃત્યશાળામાં જ્યારે નાચ ચાલતો હોય, ગાણાં ગવાતાં હોય, વાજાં વાગતાં હોય અને લોકો હસતા રમતા હોય ત્યારે તે રમણીય લાગે છે અને જ્યારે નાચ બંધ હોય, ગાણાં ન ચાલતાં હોય, વાજાં ન વાગતાં હોય અને તેમાં એક પણ માણસ ન ફરકતું હોય, ત્યારે તે સૂનકાર સ્થાન જેવી બીહામણી જણાય છે શેરડીના વાઢમાં ચિંચોડા ચાલતા હોય, શેરડી પીલાતી હોય, લોકો તેનો રસ પીતા હોય, કોઈ તેને લેતા હોય કે દેતા હોય, ત્યારે તે વાઢ ભર્યો ભર્યો- રમણીય લાગે છે, પણ જ્યારે તેમાં ચિંચોડા બંધ હોય, શેરડી ન પીલાતી હોય, એક ચકલું ય ન ફરકતું હોય, ત્યારે તે ખાવા ધાય છે - અળખામણો દીસે છે. ખોળના વાડામાં જ્યારે ઘાણીઓ ચાલતી હોય, તલ પીલાતા હોય, લોકો ભેગા થઈને સાની ખાતા હોય, એક બીજા પરસ્પર સાનીને લેતા દેતા હોય, ત્યારે તે રમણીય જણાય છે, પણ જ્યારે ઘાણીઓ જ બંધ હોય, કોઈની અવરજવર ન હોય, ત્યારે તે અરમણીય ભાસે છે. તેમ હે પએસી ! તું પહેલાં રમણીય થઈને પછી પાછળથી અરમણીય ન થતો.

રાજા પએસી બોલ્યો :- હે ભંતે ! તમે જણાવેલાં ઉદાહરણોની પેઠે હું પહેલાં રમણીય થઈ પછી અરમણીય નહિ થઉં. મેં તો એવો વિચાર કર્યો છે કે હાલ મારા તાબામાં સેયવિયા પ્રમુખ જે સાત હજાર ગામો છે તેના ચાર ભાગ પાડું : એક ભાગ રાજ્યની વ્યવસ્થા અને રક્ષણ માટે બલવાહનને સોંપું, એક ભાગ કોઠાર માટે રાખું, એક ભાગ અંતઃપુરની રક્ષા તથા નિર્વાહ માટે દઉં અને એક ભાગની પેદાશમાંથી એક મોટી કૂટાગારશાળા બનાવું, તેમાં અનેક પુરુષોને પગારદાર, ભાડે રોકી ખાન પાન ખાદિમ સ્વદિમ તૈયાર કરાવું અને એ બધું અનેક શ્રમણ, બ્રાહ્મણ, ભિક્ષુ તથા પ્રવાસી વટેમાર્ગુઓ વગેરેમાં વહેંચાવું, તથા હું શીલ વ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યા ખ્યાન અને પોષધોપવાસદ્વારા જીવનયાપન કરતો રહું. હે ભંતે ! મારી આ ધારણા છે.

[૭૯]એમ કહી તે રાજા પોતાના પરિવાર સાથે કેશી મુનિને વાંદી નમી પોતાને સ્થાનકે ચાલ્યો ગયો. નગરીમાં આવી રાજાએ જે ધારણા કેશી મુનિને નિવેદી હતી, તે પ્રમાણે બધી વ્યવસ્થા કરી દીધી અને પોતે પણ તે રીતે આચરવા લાગ્યો.

[૮૦] હવે તો રાજા પએસી શ્રમણોપાસક થયો, જીવ અજીવ વગેરે તત્ત્વોનું તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાન થયું, એ પ્રવૃત્તિ સર્વની જેમ ઓછી બને અને સંવરમાં જેમ અધિક રહેવાય તેમ તે વર્તવા લાગ્યો, એટલે રાજ્ય, રાષ્ટ્ર, બળ, વાહન, ભંડાર, કોઠાર, ગામ નગર અને અંતઃપુર તરફ તેનું ધ્યાન આપોઆપ ઓછું રહેવા લાગ્યું.

[૮૧] જ્યારથી રાજા પએસીનું ધ્યાન રાજ્યકારભાર અને વિષયોપભોગો તરફ ઓછું રહેવા લાગ્યું-ઓસરવા લાગ્યું, ત્યારથી તેની રસીલી રાણી સૂર્યકાંતાને એવો વિચાર થયો કે હવે કોઈ શસ્ત્રપ્રયોગ, અગ્નિપ્રયોગ, મંત્રપ્રયોગ કે વિષપ્રયોગદ્વારા રાજા પએસીને ઠેકાણે કરવો જોઈએ, મારે વિવિધ વિષયોપભોગોમાં રસ લેતાં લેતાં રાજ્યશ્રીને સંભાળતા રહેવું જોઈએ. તેણીએ આ પોતાનો સંકલ્પ રાજકુમાર સૂર્યકાંતને સૂચવ્યો અને રાજાને મારી નાખી તેને રાજ્યસિંહાસન આપવાનું જણાવ્યું. રાજકુમાર સૂર્યકાંત પોતાની માતાના તેવા ક્રૂર વિચારમાં સંમત ન થયો અને તે બાબત કશો ઉત્તર ન આપતાં મૌન જ રહ્યો. પોતાના એ વિચારમાં રાજકુમારની અસંમતિ જાણી તેણીને એમ થયું કે રખેને રાજકુમાર તેના આ રહસ્યનો ભેદ ફોડી નાખે અને રાજાને બધું કહી દે. આમ વિચારી તેણી રાજા પએસીને મારવાનો લાગ શોધવા લાગી, તેનાં છિદ્રો જોવા લાગી અને હવે તેને શીઘ્ર મારી નાખવાની બાબતમાં સાવધાન રહેવા લાગી.

એકવાર લાગ મળતાં જ તેણીએ રાજા પએસીના ખાનપાનમાં, તેને પહેરવાનાં વસ્ત્રોમાં, સુંઘવાની માળાઓમાં અને તેના શણગારનાં ઘરેણાંઓમાં વિષ ભેળવ્યું. નાહી ધોઈ બલિકર્મ કરી જેવો રાજા રસવતી શાળામાં જમવા આવ્યો, તેવું જ તેને તેણીએ વિષમય ભોજન પીરસ્યું, વિષમય વસ્ત્રો પહેરાવ્યાં, વિષમય માળાઓ આપી અને વિષમય શણગાર સજાવ્યો. એમ થતાં રાજા પએસીના શરીરમાં તીવ્ર વસમી વેદના ઊપજી અને વિષમ પિત્તજ્વરનું જોર વ્યાપતાં, નહિ સહી શકાય તેવી ભારે બળ-તરા થવા લાગી. રાજા તો સમજી ગયો કે પોતે રાણીના કાવતરાથી ઠગાયો છે, છતાં તેણે રાણી ઉપર લેશ પણ રોષ ન આણતાં પોષધશાળા તરફ જવાનો મનસુબો કર્યો. ત્યાં જઈ તેને પૂંજી પ્રમાર્જી તથા શૌચની અને લઘુશંકાની જગ્યાને તપાસી પછી તે પૂર્વાભિમુખ થઈ ડાભના સંથારામાં પલ્યંકાસને સ્થિર બેઠો અને હાથ જોડી માથું નમાવી આ પ્રમાણે બોલ્યો : અરહંત ભગવંતોને નમસ્કાર. મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક કેશી કુમાર શ્રમણને નમસ્કાર. અહીં રહી તેમને વંદન કરતા મને ભગવંત કેશી કુમારજી જુઓ, હું તેમને વારંવાર વાંદુ છું- નમું છું.

મેં પહેલાં એ મારા ધર્માચાર્ય પાસેથી સ્થૂલ પ્રાણાતિપાત વગેરેના ત્યાગથી પ્રતિજ્ઞાઓ લીધી હતી અને હમણાં પણ તેમની જ સાક્ષીમાં સર્વ પ્રકારના પ્રાણતિપાત વગેરેના ત્યાગનો નિયમ લઉં છું, નહિ કરવા જેવું બધું કાર્ય તજી દઉં છું અને જીવતાંસુધી ચારે પ્રકારના આહારનો પણ પરિત્યાગ કરું છું. વળી, આ શરીર જે મને અત્યંત વહાલું છે તેને પણ છેલ્લા શ્વાસોચ્છ્વાસ ચાલતાં સુધી વોસરાવી દઉં છું. એમ કરીને તે રાજાએ પોતાના સારાં નરસાં બધાં કાર્યોની આલોચના કરી, પ્રતિક્રમણ કરી અને તેણે કાલ માસે મરણ આવતાં સમાધિપૂર્વક કાળ કરી સૌધર્મકલ્પના સૂર્યાભવિમાનમાં સૂર્યાભ દેવરુપે અવતાર મેળવ્યો. તે ત્યાં હમણાં તાજો ઉત્પન્ન થયેલો સૂર્યાભદેવ પાંચ પ્રકારની પર્યાપ્તિઓદ્વારા શરીરાદિકની પૂર્ણતા મેળવે છે, તો હે ગૌતમ ! આ સૂર્યાભદેવે એ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવશક્તિ અને દિવ્ય દેવપ્રભાવ એ રીતે મેળવેલાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૮૨]હે ભગવન્!સૂર્યાભદેવની જીવનસ્થિતિ કેટલાકાળસુધીનીજણાવેલીછે ?હે ગૌતમ ! તેની આયુષ્યમર્યાદા ચાર પલ્યોપમની કહેલી છે. હે ભગવન્ ! તે સૂર્યાભદેવ આયુષ્ય પૂરું થતાં ત્યાંથી કયાં જવાનો-કયાં જન્મ લેવાનો ? હે ગૌતમ ! સૂર્યાભદેવ, તેનો દેવત્વકાળ પૂરો થતાં મહાવિદેહવર્ષમાં જન્મ લેવાનો. મહાવિદેહવર્ષમાં જે કુળો આઢ્ય છે, દીપ્ત છે, લેવડદેવડના વ્યાપારમાં કુશળ છે, જેમની પાસે ભવન, શયન, આસન, યાન, વાહન, ધન, સોનું અને રુપું વિશેષ છે, ખાનપાનની સગવડ અધિકાધિક છે, દાસ દાસીઓ ગાય અને ઘેટાં ઘણાં છે, એવા પ્રસિદ્ધ અને કોઈથી પરાભવ ન પામનારાં કુળોમાં તે સૂર્યાભદેવ પુત્રપણે અવતરશે.એ પુત્રપણે ગર્ભમાં આવતાં જ તેનાં માતા પિતાની ધર્મમાં દઢતા થશે. પૂરા નવ માસ અને સાડા સાત દિવસ જતાં તે બાળકનો ત્યાં જન્મ થયા પછી પહેલે દિવસે તેનાં માતાપિતા બાળકના જન્મનો ઉત્સવ કરશે, ત્રીજે દિવસે સૂર્ય-ચંદ્રનાં દર્શન કરશે, છઠ્ઠે દિવસે ધર્મ જાગરણ ઊજવશે, એમ અગ્યાર દિવસ વીતી જતાં અને બારમો દિવસ આવતાં બાળકના જન્મનું સૂતક કાઢી નાખશે, પછી બધે લીંપગુંપણ કરી ભોજનની વિપુલ સામગ્રી તૈયાર કરાવશે અને પોતાનાં સગાં સંબંધી મિત્ર જ્ઞાતિજન સ્વજન પરિજન વગેરેને આમંત્રી ન્હાઈ ધોઈ બલિકર્મ કરી બધાં સાથે બેસીને ભોજનમંડપમાં ભોજન કરશે. પછી તે પુત્રનાં માતાપિતા, વસ્ત્ર ગંધ માલા અને અલંકારવડે આમંત્રિત જનોનો સત્કાર કરશે, સન્માન કરશે અને તેઓની સમક્ષ એમ કહેશે કે આ બાળક તેની માતાની કુક્ષિમાં આવ્યો ત્યારથી અમે ધર્મમાં દઢ પ્રતિજ્ઞાવાળાં થયાં છીએ, માટે અમે તેનું 'દઢપ્રતિજ્ઞ' એવું યથાર્થ નામ પાડીશું. એ પ્રકારે નામસંસ્કાર થયા બાદ સમય આવતાં બાળકનાં માતાપિતા તેના પ્રજેમનક પ્રતિવર્ધાપનક પ્રચંક્રમણ કર્ણવેધ સંવત્સરપ્રતિ લેખ અને ચૂલોપનયન વગેરે બધા સંસ્કારો કરશે.

[૮૩]તેઓ પોતાના પુત્રના લાલનપાલન માટે પાંચ ધાત્રીઓની યોજના કરશે : એક બાળકને ધવરાવનારી, બીજી ન્હવાડવનારી, ત્રીજી શણગારનારી, ચોથી ખોળા માં લઈ ફરનારી અને પાંચમી રમાડનારી. એ ઉપરાંત ત્યાં ઘરકામ માટે રોકવામાં આવેલી, પોતપોતાના દેશનો પોષાક પહેરનારી, ઈંગિત ચિંતિત અને પ્રાર્થિતને સમજ નારી, એવી દેશવિદેશની બીજી પણ અનેક કુશળ દાસીઓ દ્વારા અને અંતઃપુરના રક્ષણ માટે યોજાએલા વર્ષધરો કંચુકીઓ તથા મહત્તરો દ્વારા તે બાળકનું ઘણી સારી રીતે લાલન પાલન થશે; કોઈ તે બાળકને હાથોહાથ ફેરવશે, કોઈ તેની પાસે નાચશે, કોઈ તેનાં ગીત ગાશે, કોઈ તેને બચી લેશે, એ પ્રકારે અનેક રીતે લાલિત પાલિત થતો તે બાળક ચંપાના છોડની જેમ સુખે સુખે દિનદિન વૃદ્ધિ પામશે.

[૮૪]પુત્રને નવમું વરસ બેસતાં તેનાં માતાપિતા, નવરાવી બલિકર્મ કરાવી સારી રીતે શણગારી શુભ મુહૂર્તમાં મોટા ઉત્સવ સાથે કલાચાર્ય પાસે કલાઓ શીખવા મોકલશે. કલાચાર્ય બહોંતેર કળાઓને પ્રયોગ સાથે શીખવાડી માતાપિતા પાસે તે પુત્રનું ઉપનયન કરશે. દઢપ્રતિજ્ઞનો કલાઓ સંબંધી અભ્યાસ જોઈ માતાપિતા કલા-ચાર્ય ઉપર ખુશ થશે અને વિશિષ્ટ ખાનપાન વસ્ત્ર ગંધ માલા અલંકારોવડે કલાચાર્યનો સત્કાર કરશે તથા જીવનપર્યંત ચાલે તેવું વિપુલ પ્રીતિદાન દઈ તેમને વિસર્જિત કરશે. બહોંતેર કલાનિપું, અઢાર દેશીભાષાવિશારદ, ગીતનૃત્યરસિક, નાટ્યકળાકોવિદ, એવો દઢપ્રતિજ્ઞ યૌવનમાં આવતાં તેનાં માતાપિતા તેને ભોગસમર્થ જાણી એમ કહેશે કે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ચિરંજીવ ! તું યુવાન થયો છે માટે હવે તું કામભોગોની આ વિપુલ સામગ્રીને ભોગવ. દઢપ્રતિજ્ઞ પોતાનાં માતાપિતાને વિનયપૂર્વક જણાવશે કે, હે માતાપિતા ! ભોગોની એ સામગ્રીમાં મને જરાય રસ નથી. જેમ કમળ પંકમાં પેદા થાય છે અને પાણીથી વધે છે, છતાં પંક કે પાણીથી લેપાતું નથી, તેમ કામોમાં પેદા થએલો અને ભોગોમાં વધેલો એ દઢપ્રતિજ્ઞ તે કામભોગોથી જરા પણ લેપાશે નહિ. પણ તથારુપ ઉત્તમ સ્થવિરો પાસેથી બોધિજ્ઞાનને મેળવશે અને અગારને ત્યજી મુંડ થઈ અનગાર ધર્મનો સ્વીકાર કરશે. પછી તો તે પૂર્ણ અહિંસા સત્ય ત્યાગ તપ અને સદ્વર્તનના તેજથી ચમકશે અને છેવટે ઉત્તમોત્તમ જ્ઞાન દર્શન ચારિત્ર આર્જવ માર્દવ લઘુતા ક્ષમા નિર્લોભતા વગેરે ગુણોથી અધિકાધિક દીપતો તે, અનુત્તર અનંત નિરા વરણ નિર્વ્યાઘાત એવા કેવળજ્ઞાન અને કેવળ-દર્શનને પામશે. તે દઢપ્રતિજ્ઞ અર્હન્ જિન ભગવાન કેવળી કહેવાશે અને જેમાં દેવો મનુષ્યો તથા અસુરો રહે છે એવા સમસ્ત લોકના પર્યાયને જાણશે, અર્થાત્ તે, પ્રાણીમાત્રનાં આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, તર્ક, ક્રિયા, મનોભાવ વગેરેને જાણશે, તેમનું પ્રકટ કર્મ કે ગુપ્ત કર્મ એ બધું કંળી શકશે, તેમનું ખાધેલું પીધેલું અને ભોગવેલું સમજી શકશે. એવો તે દઢપ્રતિજ્ઞ અર્હન્ સર્વ લોકના સર્વ જીવોના સર્વ ભાવોને જાણતા જોતા પૃથ્વીતળ ઉપર વિહરશે.

એ પ્રકારે બહુ વર્ષ વિહરતા તે પોતાના આયુષ્યનો અંત નિકટવર્તી જાણી ઘણા દિવસોનું અનશન લેશે અને જે સાધ્યની સિદ્ધિ માટે નગ્નભાવ, મુંડભાવ, કેશલોચ, બ્રહ્મચર્યધારણ, અસ્નાન, અદંતધાવન, અણુવહાણગ, ભૂમિશય્યા, કાષ્ટાસનનો આશ્રય, ભિક્ષામાટે પરગૃહપ્રવેશ, માનાપમાનસહન, લોકનિંદા વગેરે ઘણું આકરું કષ્ટ સહવું પડે છે તથા ન ખમી શકાય તેવા જાત જાતના બાવીશ પરીષહો ખમવા પડે છે, તે સાધ્યની સિદ્ધિ મેળવશે, અર્થાત્ તે સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે અને સર્વ દુઃખોના અંતને કરશે-પરિનિર્વાણ પામશે.

[૮૫]હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી ભગવાન ગૌતમ, શ્રમણ ભગવાન મહાવીરને વાંદી, નમી, સંયમ અને તપવડે આત્માને વાસિત કરતા વિહરે છે.

**મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

| ૧૩ | રાયપ્પસેણિયં ગુર્જરછાયાપૂર્ણ |
|---|---|
| | ઉપાંગઃ૨-ગુર્જરછાયાપૂર્ણ |

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ नमो अभिनव नाणस्स

આ આગમ સંપુટના મુખ્ય દ્રવ્યસહાયક

સ્વનામ ધન્યાસાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજીના શિષ્યા

તપસ્વી સા. સમજ્ઞાશ્રીજીના ભદ્રતપ નિમિત્તે

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘ, તુલસીશ્યામ

નવા વાડજ - અમદાવાદ

આગમ દીપ પ્રકાશન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com